

# પુરુષાર્થસિદ્ધિ-ઉપાય પ્રવચન

## (ભાગ-૩)



*Shree Kundkund-Kahan Parmarthik Trust*

**:** 302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website:** www.vitragvani.com **Email:** vitragva@vsnl.com

**"Purusharthsiddhi Upay Pravachan Part-3"** has been published by us & the PDF version of the same has been put on our website www.vitragvani.com

We have taken due care, while preparing the same. However, if you find any typographical error, you may kindly inform us on info@vitragvani.com

**By " Shree Kundkund-Kahan Parmarthik Trust,**
**(Shree Shantilal Ratilal Shah-Parivar, Mumbai)**

www.vitragvani.com

ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नम

# પુરુષાર્થ સિદ્ધિઉપાય પ્રવચન

## ભાગ-૩

અધ્યાત્મયુગપુરુષ
**પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**
પુરુષાર્થસિદ્ધિ-ઉપાય શાસ્ત્ર ઉપરના
સમ્યક્ચારિત્ર અધિકાર ઉપરના
૨૯ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, નવયુગ સી.એચ.એસ. લિ.
વિ. એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૭
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com




| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૨ | ૨૫૩૮ | ૨૦૬૮ | ૨૦૧૨ |

**પ્રકાશન**

**તા.૨૩-૪-૨૦૧૨, વૈશાખ સુદ ૨,**
**પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૩ મી જન્મજયંતિ પ્રસંગે**

**ISBN NO. 978-93-81057-02-5**

પ્રત : ૧૫૦૦
વેચાણ કિંમત : ૨૦/–

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,** સોનગઢ

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, નવયુગ સી.એચ.એસ. લિ.
વિ. એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૭.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
વિમલાંચલ, હરિનગર, અલીગઢ (યુ.પી.)
ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/૧૧/૧૨

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**મો. : ૯૭૨૫૨૫૧૧૩૧**

**મુદ્રક :**
**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
**રાજકોટ–૩૬૦૦૦૧**
**મો. ૯૮૨૫૦૭૫૦૬૧**

# પ્રસ્તાવના

આજથી ૯૦૦ વર્ષ પહેલા થયેલા ભાવલિંગી સંત દિગંબર આચાર્ય શ્રી અમૃતચંદ્રાચાર્યે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યના હૃદયમાં રહેલા મર્મને ટીકા કરીને ખોલી ભવ્ય જીવોના કલ્યાણ અર્થે મહાન અદ્વિતીય ઉપકાર કર્યો છે. અમૃતચંદ્રાચાર્યદેવે સ્વતંત્ર શાસ્ત્રોની રચના પણ કરી છે, જેમાં પુરુષાર્થસિદ્ધિ–ઉપાય નામના ગ્રંથનો પણ સમાવેશ થાય છે. આ ગ્રંથનું બીજુ નામ 'જિનપ્રવચનરહસ્ય કોષ' પણ છે અને આની ટીકા આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ કરી છે, જેમણે મૂળ ઢુંઢારી ભાષામાં ગ્રંથની ટીકા કરી છે. પંડિતજીએ આચાર્યના ભાવોને અત્યંત સુંદર તથા ભાવવાહી સરળ શૈલીમાં ખોલ્યા છે. આમ આભના થોભ જેવા આચાર્યોએ અનુભવને લેખનીમાં ઉતારીને મોક્ષમાર્ગને અખંડ રાખ્યો છે.

આચાર્યોના હૃદયના ભાવોને વર્તમાન કાળમાં જો કોઈએ ખોલીને સ્પષ્ટ કર્યા હોય તો તે છે ભવ્યજીવોના તારણહાર દિવ્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વભાવી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. આ કાળના એક આશ્ચર્ય સમાન પૂજ્ય ગુરુદેવે સ્વયંના અનુભવના બળ વડે શાસ્ત્રોમાં રહેલા ગંભીર અને ઊંડા ભાવોને ખોલ્યા અને ભવ્ય જીવોને પીરસ્યા. આ કાળમાં તેઓશ્રીનો અલૌકિક સાતિશય ઉપકાર ભરતક્ષેત્રના જીવો પર વર્તી રહ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ઇસવી સન્ ૧૯૬૬-૬૭ માં પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ઉપર ભાવવાહી પ્રવચનો કર્યા છે. આ ગ્રંથ ત્રણ અધિકારમાં વહેંચાયેલો છે. મુખ્યત્વે શ્રાવકોના આચાર સબંધીત વર્ણન આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. તેમ છતાં ચારિત્રની સ્થિરતા પ્રાપ્ત જ્ઞાની ધર્માત્માને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ આ ચારિત્રદશા પ્રાપ્ત હોય છે. આ વસ્તુસ્થિતિનો ક્રમ આચાર્ય ભગવાને ગ્રંથરચનામાં કર્યો છે, જે તેમની લેખની ઉપરથી સ્પષ્ટ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વગર કોઈ ચારિત્ર અંગીકાર કરે તો તે ક્રમઉલ્લંઘનરૂપ દોષ છે, જેનાથી કોઈ કાળે પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી. અતઃ આચાર્ય ભગવાને પ્રથમ અધિકારમાં સમ્યગ્દર્શનનું વર્ણન કર્યું, દ્વિતીય અધિકારમાં સમ્યગ્જ્ઞાનનું વર્ણન કર્યા બાદ સમ્યક્ચારિત્રનું વર્ણન કરેલ છે. આ બધી વાતની સ્પષ્ટતા પૂજ્ય ગુરુદેવશ્રીએ સરળ ભાષામાં પ્રવચનોમાં કરી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ગ્રંથ ઉપર કુલ ૮૯ પ્રવચનો થયા છે. આ પ્રવચનો અક્ષરશઃ ઉતારી તેને પ્રકાશિત કરવાનો નિર્ણય શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ દ્વારા લેવામાં આવ્યો છે. આ પ્રવચનોને કુલ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવાની યોજના

છે. અતઃ તૃતીય ભાગમાં કુલ ૨૯ પ્રવચનોનો સમાવેશ કર્યો છે. આ ભાગમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અધિકારના પ્રવચનો લેવામાં આવ્યા છે. શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ દ્વારા પ્રકાશિત થયેલ આ પ્રવચનોનો લાભ બધા જ મુમુક્ષુ ભાઈ-બહેનો લે તેવી ભાવના છે.

પ્રસ્તુત પ્રવચનોને કોમ્પ્યુટરમાં સાંભળીને શ્રી નિલેશભાઈ જૈન - ભાવનગર દ્વારા કમ્પોઝ કરવામાં આવેલ છે, ત્યારબાદ શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા ફરીથી આ પ્રવચનો સાંભળીને તપાસવામાં આવ્યા છે. પ્રવચનોને ઉતારતી વખતે તથા તપાસતી વખતે બનતી કાળજી રાખવામાં આવેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો તથા વચનોનો પ્રવાહ જળવાઈ રહે તેની ચીવટ રાખવામાં આવેલ છે તેમ છતાં પાઠકવર્ગને કોઈપણ પ્રકારની ક્ષતિ દૃષ્ટિગોચર થાય તો જણાવવા વિનંતી છે.

અંતતઃ વીરમાર્ગ પ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન ચરણોમાં મસ્તક નમાવી તેમ જ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને મસ્તક નમાવી વિરામ પામીએ છીએ. તેઓશ્રીના આશીર્વચનથી પ્રત્યેક જીવો કલ્યાણને પ્રાપ્ત કરે એ જ ભાવના.

લિ.

ટ્રસ્ટીગણ,

શ્રી કુંદકુંદકહાન–પારમાર્થિક ટ્રસ્ટ,

મુંબઈ.

## અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંક્ષિપ્ત જીવન પરિચય)

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોનો જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણુ, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે :

**'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'**

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસુમદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય છે ને ? જો કે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે – **'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'**

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે –

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ એક શેઠ દ્વારા મહારાજશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદગાર નીકળે છે – **'શેઠ ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'** એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભુલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગ પ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક– એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : **'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.'** સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઇન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન **'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'**નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ઇ.સ. ૧૯૬૦ થી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી **'આત્મધર્મ'** નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ **'આત્મધર્મ'** ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું **'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'** સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યેજ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને

બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫ મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ‘અભિનંદન ગ્રંથ’ આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ. ૧૯૫૭ તથા ઇ. સ. ૧૯૬૭માં–એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૭ અને ઇ. સ. ૧૯૬૭માં – એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થ આત્મજ્ઞ સંતપુરુષ–દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહી દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને

સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરી થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુતધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો !

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૬૧ | ૧૩.૦૭.૧૯૬૭ | ૧૪૯ થી ૧૫૫ | ૦૦૧ |
| ૬૨ | ૧૪.૦૭.૧૯૬૭ | ૧૫૬ થી ૧૬૦ | ૦૨૦ |
| ૬૩ | ૧૪.૦૭.૧૯૬૭ | ૧૬૨ - ૧૬૨ | ૦૪૦ |
| ૬૪ | ૧૭.૦૭.૧૯૬૭ | ૧૬૨ થી ૧૬૭ | ૦૫૬ |
| ૬૫ | ૧૮.૦૭.૧૯૬૭ | ૧૬૭ થી ૧૭૦ | ૦૭૫ |
| ૬૬ | ૧૯.૦૭.૧૯૬૭ | ૧૭૦ - ૧૭૧ | ૦૯૩ |
| ૬૭ | ૨૦.૦૭.૧૯૬૭ | ૧૭૧ થી ૧૭૫ | ૧૧૦ |
| ૬૮ | ૨૨.૦૭.૧૯૬૭ | ૧૭૫ – ૧૭૬ | ૧૨૭ |
| ૬૯ | ૨૩.૦૭.૧૯૬૭ | ૧૭૬ થી ૧૭૮ | ૧૪૧ |
| ૭૦ | ૨૪.૦૭.૧૯૬૭ | ૧૭૮ | ૧૬૧ |
| ૭૧ | ૨૫.૦૭.૧૯૬૭ | ૧૭૮ | ૧૭૬ |
| ૭૨ | ૨૬.૦૭.૧૯૬૭ | ૧૭૯ થી ૧૮૨ | ૧૮૮ |
| ૭૩ | ૨૭.૦૭.૧૯૬૭ | ૧૮૨ થી ૧૮૬ | ૨૦૩ |
| ૭૪ | ૨૮.૦૭.૧૯૬૭ | ૧૮૭ થી ૧૯૨ | ૨૨૨ |
| ૭૫ | ૩૦.૦૭.૧૯૬૭ | ૧૯૩ થી ૧૯૫ | ૨૪૧ |
| ૭૬ | ૩૧.૦૭.૧૯૬૭ | ૧૯૬ થી ૧૯૯ | ૨૫૯ |
| ૭૭ | ૦૧.૦૮.૧૯૬૭ | ૧૯૯ થી ૨૦૧ | ૨૭૭ |
| ૭૮ | ૦૨.૦૮.૧૯૬૭ | ૨૦૧ થી ૨૦૫ | ૨૯૪ |
| ૭૯ | ૦૩.૦૮.૧૯૬૭ | ૨૦૫ | ૩૧૪ |
| ૮૦ | ૦૪.૦૮.૧૯૬૭ | ૨૦૬–૨૦૭ | ૩૩૩ |
| ૮૧ | ૦૫.૦૮.૧૯૬૭ | ૨૦૬ થી ૨૦૯ | ૩૪૮ |

| પ્રવચન ક્રમાંક | તારીખ | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૮૨ | ૦૬.૦૮.૧૯૬૭ | ૨૧૦ – ૨૧૧ | ૩૬૩ |
| ૮૩ | ૦૮.૦૮.૧૯૬૭ | ૨૧૪ થી ૨૧૪ | ૩૮૦ |
| ૮૪ | ૦૯.૦૮.૧૯૬૭ | ૨૧૨ થી ૨૧૫ | ૩૯૫ |
| ૮૫ | ૧૦.૦૮.૧૯૬૭ | ૨૧૫ – ૨૧૬ | ૪૧૨ |
| ૮૬ | ૧૧.૦૮.૧૯૬૭ | ૨૧૬ - ૨૧૭ | ૪૨૬ |
| ૮૭ | ૧૨.૦૮.૧૯૬૭ | ૨૧૮ થી ૨૨૦ | ૪૪૩ |
| ૮૮ | ૧૩.૦૮.૧૯૬૭ | ૨૨૧ થી ૨૨૩ | ૪૬૦ |
| ૮૯ | ૧૫.૦૮.૧૯૬૭ | ૨૨૩ થી ૨૨૬ | ૪૭૬ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

ॐ

શ્રીજિનાય નમઃ

શ્રીમદ્-અમૃતચંદ્રાચાર્ય દેવવિરચિત

# પુરુષાર્થસિદ્ધિ-ઉપાય

આચાર્યકલ્પ શ્રી પં. ટોડરમલ્લજીકૃત ભાષાવચનિકાનો

## ગુજરાતી અનુવાદ

**પ્રવચન નં. ૬૧ ગાથા–૧૪૯ થી ૧૫૫ ગુરૂવાર, અષાઢ સુદ ૬, તા. ૧૩-૦૭-૧૯૬૭**

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. શ્રાવકનું સામાયિકનું સ્વરૂપ. સામાયિક કોને કહેવી? ક્યારે અને કેવી રીતે કરવી? એ આ ચાલે છે. સામાયિક એટલે શું? એમાં સમતાનો લાભ થાય. સમતાનો લાભ એટલે કે વીતરાગતા જેમાંથી પ્રગટે. એટલે કે જેમાં આત્મામાં, પહેલો આત્મા સમસ્વભાવી, જ્ઞાયક અનાકુળ આનંદસ્વરૂપ છે, એવું જ્ઞાન અને દૃષ્ટિ થયા પછી, એમાં ઠરવાની ક્રિયાને સામાયિક કહેવામાં આવે છે. સમતાભાવનો લાભ કીધો ને? આવ્યું છે ને માથે? આત્મસ્વરૂપમાં ગમન સમય જેનું પ્રયોજન છે. જેમાં ગમન કરવું એ ચીજ શું છે? સમજાણું? જેમાં અંતર ગમન કરવું છે, પરિણમન આનંદ જોવે છે આનંદ, ખરેખર તો એ છે. જેને સુખી થવું હોય અને સુખ જેને જોઈતું હોય, એણે શું કરવું એની વ્યાખ્યા છે. સુખ તો આત્મામાં–અંતર આત્મામાં છે. સુખ ક્યાંય પુણ્ય-પાપના વિકલ્પમાં, શરીરમાં, બહારમાં છે નહિ. જેની બુદ્ધિ પુણ્ય-પાપ, એના ફળ, એમાંથી સુખબુદ્ધિ ટળી ગઈ છે અને આત્મામાં આનંદ છે એવી જેની બુદ્ધિ ને રુચિ થઈ છે, એવા જીવોએ સ્વરૂપમાં વધારે આનંદને અનુભવવા માટે સામાયિક કરવી એમ કહેવામાં આવે છે. કહો, 'સેઠી'!

મુમુક્ષુ :– એવું આમાં ક્યાં લખ્યું છે?

ઉત્તર :– આ નથી લખ્યું? આ સમતા શું કીધું આ? એ 'દેવાનુપ્રિયા'! આ સમ, સમતા

www.vitragvani.com



ગમન શું લખ્યું? આત્માના સ્વરૂપમાં ગમન, તો આત્માનું સ્વરૂપ શું? સમજાણું કાંઈ?

આ આત્મા જે છે, એનું સ્વરૂપ શું કે જેમાં ગમન કરવું, પરિણમન કરવું છે ને, ઓલી કોર આવ્યું, જુઓને! સામાયિકની વ્યાખ્યા. આત્મા, આ આત્મા છે, જુઓ! ૧૪૮નો ભાવાર્થ. ૧૪૮. સામાયિક લોકો કહે છે એને સામાયિકની ખબર પણ નથી કે, સામાયિક કોને કહેવી. આ તો આત્મા આનંદસ્વરૂપ, સમતાસ્વરૂપ, વીતરાગસ્વરૂપ છે એટલે કે જ્ઞાયકસ્વરૂપ છે એવી પ્રથમ દૃષ્ટિ થઈ છે, અનુભવ થયો છે, શ્રદ્ધા થઈ છે, હવે એના અંતરમાં આનંદને વિશેષ અનુભવવા માટે સામાયિકનો આનંદનો અજમાઈશનો એક પ્રયોગ છે. સમજાણું કાંઈ? એનું નામ સામાયિક. જેમાંથી આત્મામાં સુખ છે, શાંતિ છે, એવું ભાન થયું છે. હવે એ શાંતિને પ્રગટ કરવાનો અખતરો, અજમાઈશ, તેને દિન દિન પ્રત્યેની સામાયિક કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? એ કહે છે.

**ભાવાર્થ :– 'ગૃહસ્થ શ્રાવક...'** ભાવાર્થ છે ને? ૧૪૯ ગાથા. ગૃહસ્થ એટલે ઘરમાં રહેલો શ્રાવક **'ગૃહસ્થપણાના અનેક કાર્યોમાં સંલગ્ન રહે છે.'** એને રાગાદિના પરિણામ, દ્વેષાદિના પરિણામ વિશેષ રહ્યા કરે છે. **'તેથી તેને માટે આલંબનરૂપ પ્રભાત અને સંધ્યાના બન્ને સમય આચાર્યોએ નિયમિત કર્યા છે.'** આલંબન એટલે નિમિત્તભૂત. સવાર અને સાંજ. **'આમ તો સામાયિક ગમે ત્યારે કરવામાં આવે તેનાથી આત્માનું કલ્યાણ જ છે,...'** વસ્તુસ્વરૂપ આત્મા, જેના સ્વરૂપમાં જ આનંદ અને જ્ઞાન ભર્યા છે. પોતે વસ્તુ છે કે નહિ? વસ્તુની દૃષ્ટિ નથી, એથી એ વર્તમાન રાગાદિની દૃષ્ટિમાં સુખ છે એમ માને છે. કહો, સમજાણું? વસ્તુની દૃષ્ટિ નથી એટલે રાગ પુણ્ય-પાપમાં સુખ છે, એના ફળમાં સુખ છે, જાવાં નાખે છે, એ મિથ્યાદૃષ્ટિ પરમાં સુખ માને છે. કહો, સમજાણું? એવું જે માને એને સામાયિક હોય શકે નહિ.

મુમુક્ષુ :– પ્રયોગ તો હોય શકે ને?

ઉત્તર :– એને ક્યાંથી પ્રયોગ પણ? વસ્તુ જ્યાં દૃષ્ટિમાં આવી નથી એને પ્રયોગ ક્યાંથી? શેમાં કરે? સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગ માર્ગ. આહાહા..!

વસ્તુ પોતે, ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ અને એકલો અતીન્દ્રિય જ્ઞાનનો રસકંદ છે. વસ્તુ છે કે નહિ? આત્મા પદાર્થ છે કે નહિ? અને કાયમી છે કે નહિ? કાયમી છે કે નહિ? નિત્ય છે. તો તેની વસ્તુમાં આનંદ અને જ્ઞાન, શાંતિ એટલે ચારિત્ર, આનંદ એટલે સુખ, એવું એનામાં પરિપૂર્ણ, આખી વસ્તુ અસંખ્યપ્રદેશમાં પરિપૂર્ણ પડ્યું છે. એવી જેને પ્રથમ દૃષ્ટિ થઈ છે કે સુખ તો મારામાં જ છે. સમજાણું? 'સેઠી'! પુણ્ય-પાપના ભાવમાં પણ સુખ નથી, તેના બંધનમાં સુખ નથી, તેના ફળમાં સુખ નથી. છ ખંડના રાજ ચક્રવર્તીના હોય તો પણ સમકિતી ધર્મીજીવને એમાં સુખ ભાસતું નથી. સમજાણું કાંઈ?

કહે છે, કે આત્માના ભાન સહિત સ્વરૂપમાં એકાગ્ર થવાનો ગમે ત્યારે આત્માનો

www.vitragvani.com



પ્રયોગ કરે તો કરી શકે સામાયિક, એમ કહે છે. સવાર, સાંજ જ કરવી એવું કાંઈ નહિ. **'નુકસાન કદીપણ નથી.'** સ્વરૂપનો અંદર પ્રયોગ કરીને ધ્યાન કરે, આનંદનો સ્વાદ લે, ગમે ત્યારે બેસે, અંતર સ્વરૂપના... સમજાણું? સ્વભાવના બાગમાં ગમે ત્યારે રમવા જાય, એમ કહે છે. આહાહા..! ભગવાનઆત્મા, જેના નજર કરે નિધાન પડે, એની સ્થિરતા દ્વારા આનંદ આવે. એવો જે આત્મા, એની જેને નજર પહેલી પડી છે, નજરમાં એ આત્મા આવ્યો છે, કે આ આત્મા આનંદ અને જ્ઞાન છે. સમજાણું? 'દીપચંદજી'! આ મિથ્યાદૃષ્ટિ સામાયિક કરે તો શું થાય? શું સામાયિક ક્યાં હતો મિથ્યાદૃષ્ટિને?

મુમુક્ષુ :– આત્મા તો હાથ આવ્યો નથી.

ઉત્તર :– આત્માની તો ખબર નથી. જેમાં રમવું છે, ટકવું છે એ શું ચીજ છે એ તો નજરમાં આવી નથી. સમજાય છે? વસ્તુ અસ્તિ સત્‌રૂપ એમાં અનાદિઅનંત, શાશ્વતવસ્તુ તેમ શાશ્વતજ્ઞાન અને આનંદ અને શાંતિ એમાં છે. અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંત શાંતિ આત્મામાં છે. એવો અંતરદૃષ્ટિથી અનુભવમાં આત્માનો સ્પર્શ થયો છે. એ હવે અંતરમાં વિશેષ સામાયિક એટલે આત્મામાં એકાગ્ર થવાનો પ્રયોગ વિશેષ કરે છે. કહો, સમજાણું આમાં?

અરે..! વીતરાગી સુખ અને વીતરાગી આત્મા પડ્યો રહ્યો ને બાકી રાગમાં સુખ અને રાગની ક્રિયા એ ધર્મ. આમ સલવાઈ ગયો. 'સેઠી'! 'સેઠી'એ પણ અત્યાર સુધી ત્યાં 'જયપુર'માં એ જ કર્યું છે ને? શું કહે છે? નહિ બોલે, સરખો જવાબ નહિ આપે. સરખો જવાબ હોય તો બોલે. મીઠાલાલજી છે ને એ તો. આહાહા..! આત્મા મીઠાલાલ છે, એમ કહે છે. આનંદની મીઠાશનો લાલ એ આત્મા છે. આહાહા..! વસ્તુ તરફ અંતરમાં નજર પડતાં, આ આખું કોઈ ચૈતન્યઘોલન અને આનંદનીમૂર્તિ છે, એમ અંદર પ્રતીત અને ભાન થયા પછી, બે ઘડી, ચાર ઘડી, છ ઘડી આનંદનો વિશેષ સ્વાદ લેવા તેમાં એકાગ્ર થવાનો પ્રયોગ કરે, અજમાઈશ કરે, એને સામાયિક કહે છે. કહો, સમજાણું આમાં? પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકર વીતરાગદેવના માર્ગમાં, આને સામાયિક કહેવામાં આવે છે. કહો, 'માસ્તર'! સામાયિક ને પોષા, સામાયિક ને અપવાસ.

મુમુક્ષુ :– બેના પ્રશ્ન પહેલા કરતા.

ઉત્તર :– બેના પ્રશ્ન પહેલા કરતા. હવે ઠરી ગયા. ઉપવાસ, અપવાસ આ તપ અપવાસ કર્યો હોય ને? આઠમ પાખીનો અપવાસ થાય એ નિર્જરા ખરી કે નહિ? એ પ્રોષધનું આવશે હવે પછી. દરરોજનો પ્રયોગ આ છે અને આઠ આઠ દિ'એ પ્રયોગ કરવો એ પ્રોષધ છે. આઠ આઠ દિ' એ આત્માના આનંદનો પ્રયોગ અંદરમાં (કરવો), અંદર રહેવામાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો એ પ્રોષધ છે, એનું નામ પ્રોષધ. આત્માની શાંતિ અને આનંદનું પોષણ મળે એને પૌષધ કહે છે. એ... 'ન્યાલચંદભાઈ'!

www.vitragvani.com



મુમુક્ષુ :– જ્ઞાનીએ જે આત્મા જોયો છે એવો જ છે ને.

ઉત્તર :– એમ ન ચાલે, ના ના. એમ ચાલે? લે! એ ઠીક કહે છે ન્યાં. એ ન્યાં એવું ચાલે છે. જ્ઞાનીએ જોયો એટલે એને આને ક્યાં ખબર પડી?

મુમુક્ષુ :– જ્ઞાનીએ જોયો એવો જ છે પછી એમાં બીજું શું?

ઉત્તર :– એવો છે પણ પોતાને ભાસ વિના ક્યાંથી આવ્યો? એવો છે એ.

મુમુક્ષુ :– એટલો ભાસ થયો...

ઉત્તર :– એ ભાસ ખોટી વાત છે, તદ્દન વાત સાચી નથી. ભગવાને દીઠો એવો આત્મા છે. પણ દીઠો કેવો છે? તને ભાસ્યા વિના શી રીતે થયું?

મુમુક્ષુ :– ઉપર ઉતારીને

ઉત્તર :– એ તો ઉપર ને? વસ્તુ જ ન રહી. એના જ્ઞાનમાં એ ચીજ આ છે, એમ અંદર ભાસ થવો જોઈએ કે, આ વસ્તુ છે, એમાં એકલા જ્ઞાનનો પુંજ છે આ. જ્ઞાનના ભાનથી આ જ્ઞાનનો પુંજ છે, અને સાથે આનંદના સ્વાદવાળો એટલે આ તો આખી આનંદમય જ વસ્તુ છે. એમ આત્મા અંતર પ્રત્યક્ષ થયા વિના, એ આત્મા આવો છે, એમ ભાસ થાય જ નહિ. ભગવાનને આમ ભાસ્યો છે, એ 'ન્યાલભાઈ' ન્યાંની વાત કરે છે. ન્યાં બહુ આખો દિ' ચાલે ને? ન્યાં એમ ચાલે. જ્ઞાનીએ દીઠો એ આત્મા અમારે માન્ય છે. એવું તો અનંતવાર કર્યું છે, એવું તો. સર્વજ્ઞ ભગવાનના વાડામાં અનંતવાર આવ્યો હતો. ભગવાન કહે એ સાચું, પણ ભગવાન તને અંદર બેઠા વિના સાચું ક્યાંથી આવ્યું? 'સેઠી'! એ તો પરાશ્રયભાવ થયો, સ્વાશ્રયભાવ ન આવ્યો.

કહે છે કે, **'પ્રભાત (સવાર) અને સંધ્યા (સાંજ)ના બન્ને સમય આચાર્યોએ...'** એ કાળને આલંબન નિમિત્તભૂત કહ્યા છે. **'આમ તો સામાયિક ગમે ત્યારે કરવામાં આવે તેનાથી આત્માનું કલ્યાણ જ છે, નુકસાન કદીપણ નથી. તેથી પ્રત્યેક શ્રાવકે બન્ને સમય અથવા ત્રણ સમય...'** બપોરે. **'બે ઘડી, ચાર ઘડી કે છ ઘડી સુધી પાંચે પાપનો તથા આરંભ-પરિગ્રહનો ત્યાગ કરીને...'** વેપાર-બેપારમાં જે વૃત્તિ હોય એને ખસેડીને, એમ કહે છે. **'એકાંત સ્થાનમાં શુદ્ધ મન કરીને...'** ઓહો..હો..! એકાંત સ્થાનમાં પહેલા મનને શુદ્ધ કરીને, જુઓ! સામાયિકની રીત હવે વ્યવહાર, સ્થૂળ વ્યવહારની રીત બતાવે છે. **'પહેલાં પૂર્વ દિશામાં નમસ્કાર કરવા,...'** પૂર્વ દિશા. ભગવાન બિરાજે છે ને મહાવિદેહક્ષેત્રમાં? તીર્થંકરો બિરાજે છે, (ત્યાં) નમસ્કાર કરવો. વ્યવહારની વાત કહે છે, હોં!

**'પછી નવવાર નમસ્કારમંત્રનો જાપ કરવો,...'** એ વિકલ્પની એક વિધિ છે. **'નવવાર નમસ્કારમંત્રનો જાપ કરવો, પછી ત્રણ આવર્તન કરવા અને એક શિરોનતિ કરવી.'** ત્રણ આવર્તન આમ કરીને પછી પગે લાગવું. **'આ રીતે ચારે દિશામાં કરીને ખડ્ગાસન અથવા પદ્માસન કરીને...'** કાં ઊભા ઊભા અને કાં પદ્માસન લગાવી દે અંદરમાં, શરીરનું. **'સામાયિક**

www.vitragvani.com



**કરવું.**' લ્યો! સામાયિક એ રીતે કરવું. વ્યવહારની વિધિ, સ્થૂળ વિધિ બતાવી છે. બાકી તો અંદરમાં સ્વરૂપ તરફનો ઝુકાવ થઈને તેમાં એકાકાર થઈ જવું, નિર્વિકલ્પ શુદ્ધોપયોગની રમણતા (થવી) એને સામાયિક કહે છે. સમજાણું કાંઈ? એ નવકાર ગણ્યા કરે ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... માટે સામાયિક થઈ ગઈ? એ તો વિકલ્પ છે, એ તો આસ્રવ છે. કહો, 'મોહનભાઈ'! ભગવાને કહી એ સામાયિક પણ એણે સાંભળી નથી. કેવી સામાયિક કહેવાય? કરે તો ક્યાંથી? સમજાણું?

કહે છે, **'અને જ્યારે સામાયિક પૂર્ણ થઈ જાય ત્યારે અંતે પણ શરૂઆતની પેઠે નવવાર નમસ્કારમંત્રનો જાપ, ત્રણ ત્રણ આવર્તન, એક એક શિરોનતિ એ જ પ્રમાણે કરવી.'** લ્યો! **'આ જ સામાયિક કરવાની સ્થૂળ વિધિ છે.'** સ્થૂળ વિકલ્પની એક રીતિ છે. **'સામાયિક કરતી વખતે શ્રાવક પણ મુનિસમાન જ છે.'** લ્યો! ધ્યાનમાં હોય, એ વિશેષ કહે છે હવે. ૧૫૦.

## ગાથા-૧૫૦

**सामायिकश्रितानां समस्तसावद्ययोगपरिहारात्।**
**भवति महाव्रतमेषामुदयेऽपि चरित्रमोहस्य।।१५०।।**

**અન્વયાર્થ :– [ एषाम् ] આ [ सामायिकश्रितानां ] સામાયિક દશાને પામેલા શ્રાવકોને [ चरित्रमोहस्य ] ચારિત્રમોહનો [ उदये अपि ] ઉદય હોવા છતાં પણ [ समस्तसावद्ययोगपरिहारात् ] સમસ્ત પાપના યોગના ત્યાગથી [ महाव्रतं ] મહાવ્રત [ भवति ] થાય છે.**

**ટીકા :– 'सामायिकश्रितानां एषां श्रावकानां समस्तसावद्ययोगपरिहारात् चरित्रमोहस्य उदये अपि महाव्रतं भवति।' - અર્થ :– સામાયિક કરનાર શ્રાવકને તે સમયે સમસ્ત પાંચે પાપોનો ત્યાગ હોવાથી પ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહનીય કર્મનો ઉદય હોવા છતાં પણ મહાવ્રત જ છે.**

**ભાવાર્થ :– શ્રાવક જે વખતે સામાયિક કરી રહ્યો છે ત્યારે ખરી રીતે તેની તે વખતની અવસ્થા મુનિ સમાન જ છે. તેના પરિણામોમાં અને મુનિના પરિણામોમાં વિશેષ તફાવત નથી. ભેદ ફક્ત એટલો જ છે કે મુનિ દિગંબર છે અને શ્રાવક વસ્ત્રસહિત છે. મુનિ મહારાજે પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ત્યાગ કરી દીધો છે અને શ્રાવકે હજી સુધી પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ત્યાગ કર્યો નથી. ૧૫૦.**

www.vitragvani.com



**सामायिकश्रितानां समस्तसावद्ययोगपरिहारात्।**
**भवति महाव्रतमेषामुदयेऽपि चरित्रमोहस्य।।१५०।।**

**અન્વયાર્થ :– 'આ સામાયિક દશાને પામેલા શ્રાવકોને...'** આ રીતે આત્માના આનંદના અજમાઈશમાં વિશેષ સ્થિરતા પામેલા શ્રાવકને. **'ચારિત્રમોહનો ઉદય હોવા છતાં...'** ત્રીજી ચોકડી. પ્રત્યાખ્યાન. **'પણ સમસ્ત પાપના યોગના ત્યાગથી મહાવ્રત થાય છે.'** એ અપેક્ષાએ એને મહાવ્રત ઉપચારથી કહેવાય છે. તદ્દન બાહ્યથી પણ વિકલ્પ છૂટી ગયા છે, આરંભ પરિગ્રહમાં એકકોર શાંત બેઠો છે અને પોતાના આત્મામાં આનંદના અનુભવના ઘોલનમાં પડ્યો છે એને કહે છે કે, ભલે એને પ્રત્યાખ્યાનાવરણીનો જરી ઉદય છે, પણ એને મુનિપણું પરમાર્થે નથી, પણ એ પ્રમાણે ઉપચારથી મુનિપણું કહેવામાં આવે છે. સમજાણું?

અર્થ :– **''सामायिकश्रितानां एषां श्रावकानां समस्तसावद्ययोगपरिहारात् चरित्रमोहस्य उदये अपि महाव्रतं भवति।' સામાયિક કરનાર શ્રાવકને...'** શ્રાવક, શ્રાવિકા બન્ને, ગમે તે હોય. આ સામાયિક કરનારનું પદ કેટલું ઊંચું છે! પોતાના સ્વભાવનું જે ભાન અને ભાવ ભાસ્યો છે, એમાં આરુઢ થઈને સ્થિરતા કરવી, એનું નામ સામાયિક કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સ્થિરતા એટલે?

ઉત્તર :– આનંદસ્વરૂપમાં સ્થિરતા. સ્થિરતા હજી પૂછવું પડે છે?

મુમુક્ષુ :– એકાગ્રતા.

ઉત્તર :– આત્મામાં એકાગ્રતા. સ્થિરતા કહો કે એકાગ્રતા કહો કે શુદ્ધઉપયોગ કહો. આત્મામાં આનંદ સ્વરૂપ છે, જ્ઞાન સ્વરૂપ છે, એવું ભાન તો થયું છે. હવે એમાં એકાગ્રતાની બે ઘડી, ચાર ઘડીની સ્થિરતા (કરવી) એને અહીંયાં સામાયિક કહેવામાં આવે છે. લ્યો! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– તો સ્થિરતા કેટલા કેટલા સમયની થઈ?

ઉત્તર :– બે ઘડી, ચાર ઘડી, છ ઘડી. કહ્યું ને. શું કહે છે, જુઓ!

મુમુક્ષુ :– અંતર્મુહૂર્તમાંતો ઉપયોગ ફરે તો...

ઉત્તર :– એ ભલે વિકલ્પ ફરે પણ ત્યાં સ્થિરતા એને કહેવામાં આવે છે. વિકલ્પ ફરે. પણ એમાં ને એના વિચારમાં રહે છે એટલે એને સામાયિક કહેવામાં આવે છે.

કહે છે, **'સામાયિક કરનાર શ્રાવકને તે સમયે સમસ્ત પાંચે પાપોનો ત્યાગ હોવાથી...'** હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસનાનો વિકલ્પ ત્યાં છે નહિ અને **'પ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહનીય કર્મનો ઉદય (છે)...'** ત્રીજી ચોકડીનો. શ્રાવકને બે ચોકડી ટળી. અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની કષાય ટળ્યા એટલી તો સમતા સદાય છે. આ તો વિશેષ સમતાનો પ્રયોગ કરે એટલો પ્રત્યાખ્યાનાવરણીનો રસ ઘટતો જાય છે. છતાં એનો ઉદય છે, **'હોવા**

www.vitragvani.com



**છતાં પણ મહાવ્રત જ છે.**' લ્યો, એને મહાવ્રત કીધું.

'**શ્રાવક જે...**' આ શ્રાવક, આ રીતના શ્રાવક, હોં! આ સંપ્રદાયના માનેલા એ શ્રાવક, શ્રાવક નથી કાંઈ. આ તો દેરાસર જાય અને પૂજા કરે અને ટીલુ લગાડે એ શ્રાવક. કહો, આ અપાસરે જાય અને પથરણું પાથરે અને મુહપતિ બાંધીને બેસે એ શ્રાવક. એ શ્રાવક-બાવક છે નહિ. આત્મામાં અંતર રાગની એકતા તુટી અને સ્વભાવની એકતા કરે અને એની સમતાનો પ્રયોગ અંદર કરે, એવા સમતાવંત શ્રાવકને અહીં શ્રાવક કહેવામાં આવ્યા છે. બહુ વાત અનોખી નાખી છે. આ વસ્તુ જ એ છે, બીજી શું થાય? સમજાણું?

મુનિ સમાન જ છે, જુઓ! '**શ્રાવક જે વખતે સામાયિક કરી રહ્યો છે ત્યારે ખરી રીતે તેની તે વખતની અવસ્થા મુનિ સમાન જ છે. તેના પરિણામોમાં અને મુનિના પરિણામોમાં વિશેષ તફાવત નથી.**' વિશેષ નથી. છે તો ખરો. '**ભેદ ફક્ત એટલો જ છે કે મુનિ દિગંબર છે...**' મુનિ હોય એને તો વસ્ત્ર, પાત્ર હોય શકે નહિ. તદ્દન દિગંબર આમ વનવાસમાં, આનંદમાં રહેતા હોય છે. એને મુનિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? દિગંબર જંગલમાં, વનવાસમાં, આત્માની ગોષ્ઠીમાં પડ્યા હોય છે. કહો, સમજાણું? એને મુનિ, વીતરાગમાર્ગમાં એને મુનિ કહેવામાં આવે છે. '**શ્રાવક વસ્ત્રસહિત છે.**' એટલો ફેર. મુનિ દિગંબર છે, શ્રાવકને વસ્ત્ર છે, એટલો રાગનો ઉદય છે.

'**મુનિ મહારાજે પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ત્યાગ કરી દીધો છે...**' જેને અંતર સાચું મુનિપણું પ્રગટ્યું છે, દિગંબર બાહ્ય થઈ ગયા છે અને અંતરમાં ત્રણકષાયનો નાશ થયો છે—અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણી, પ્રત્યાખ્યાનાવરણી. અને આત્માની એટલી સ્થિરતા હંમેશા ચોવીસે કલાક જેની સ્થિરતા જામી ગઈ છે. વીતરાગતા ત્રણકષાયના અભાવની મુનિને ચોવીસે કલાક ચાલતી હોય છે. આહાહા...! કહો, સમજાણું કાંઈ? એને વીતરાગમાર્ગમાં મુનિ, સાધુ કહેવામાં આવે છે. બીજાને મુનિ અને સાધુ કહેવામાં આવતા નથી.

'**શ્રાવકે હજી સુધી પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ત્યાગ કર્યો નથી.**' લ્યો! એટલો ફેર છે. સમજાણું? ત્રીજા કષાયનો અભાવ થઈને અંતરમાં સ્થિરતા ઉગ્ર થવી જોઈએ, બાહ્યમાં તદ્દન દિગંબરપણું હોય એવી દશા શ્રાવકને છે નહિ. પણ આત્માના અંતરના પ્રયોગથી અજમાઈશ કરીને શાંતિનું વેદન વિશેષ કરે, તો એને એ અપેક્ષાએ મહાવ્રત તેટલા કાળ સુધી, થોડોક એમાં ઉપચારથી, કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? માર્ગ આકરો. જગતને સાંભળ્યો જાય નહિ કેટલાકને. એવી રીતે માનીને બેઠા છે ને કે એને આ માર્ગ, આ સાચો છે અને અત્યાર સુધી માનેલું ખોટું, એ વાત એને અંદર કઠણ પડે. 'સેઠી'! આહાહા...!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૧૫૧

હવે બીજા શિક્ષાવ્રત પ્રોષધોપવાસનું સ્વરૂપ કહે છે :–

सामायिकसंस्कारं प्रतिदिनमारोपितं स्थिरीकर्तुम्।
पक्षार्द्धयोर्द्वयोरपि कर्तव्योऽवश्यमुपवासः।।१५१।।

અન્વયાર્થ :– [ प्रतिदिनं ] દરરોજ [ आरोपितं ] અંગીકાર કરેલ [ सामायिकसंस्कारं ] સામાયિકરૂપ સંસ્કાર [ स्थिरीकर्तुम् ] સ્થિર કરવાને માટે [ द्वयोः ] બન્ને [ पक्षार्द्धयोः ] પક્ષના અર્ધભાગમાં અર્થાત્ અષ્ટમી અને ચતુર્દશીના દિવસે [ उपवासः ] ઉપવાસ [ अवश्यमपि ] અવશ્ય જ [ कर्तव्यः ] કરવો જોઈએ.

ટીકા :– 'प्रतिदिनं आरोपितं सामायिकं संस्कारं स्थिरीकर्तुम् द्वयोरपि पक्षार्द्धयोः अवश्यम् उपवासः कर्तव्यः' - અર્થ :– પ્રતિદિન અંગીકાર કરેલ સામાયિક વ્રતની દઢતા કરવા માટે બન્ને પખવાડિયાના અર્ધા ભાગમાં જે ચૌદસ અને આઠમ છે તેમાં અવશ્ય ઉપવાસ કરવો જોઈએ.

ભાવાર્થ :– આ પ્રોષધ ઉપવાસ દરેક મહિનામાં ચાર વાર કરવામાં આવે છે, અર્થાત્ દરેક ચૌદસ અને આઠમના દિવસે તે કરવામાં આવે છે. તેનાથી સામાયિક કરવાની ભાવના દઢ રહે અર્થાત્ વિષયકષાયોમાંથી ચિત્ત સદા વિરક્ત જ રહે છે તેથી પ્રત્યેક ગૃહસ્થે સામાયિક અવશ્ય કરવું જોઈએ. ૧૫૧.

---

'**હવે બીજા શિક્ષાવ્રત પ્રોષધોપવાસનું સ્વરૂપ કહે છે :–**' લ્યો! શિક્ષાવ્રત બીજું, ભોગોપભોગ પછી ત્રીજું આવશે, વૈયાવૃત્તનું ચોથું આવશે.

सामायिकसंस्कारं प्रतिदिनमारोपितं स्थिरीकर्तुम्।
पक्षार्द्धयोर्द्वयोरपि कर्तव्योऽवश्यमुपवासः।।१५१।।

ભાષા જુઓ! સામાયિકની સાથે પ્રોષધને મેળવે છે. કહો, "**'प्रतिदिनं' દરરોજ અંગીકાર કરેલ સામાયિકરૂપ સંસ્કાર...**' જુઓ! બે ઘડી, ચાર ઘડી, હંમેશા સામાયિકના સંસ્કાર, સ્થિરતા, શાંતિ એને જામી હતી. દરરોજ પ્રયોગ કર્યો હતો. આહાહા..! બે ઘડી, ચાર ઘડી, હંમેશા આત્મામાં નિર્વિકલ્પપણે, શુદ્ધોપયોગપણે રહેવું, એના સંસ્કાર દિન દિન પ્રત્યે બબ્બે ઘડી, ચાર ઘડી કર્યા હતા. એને હવે આઠ મહિનામાં ચાર દિ' વિશેષ પ્રોષધમાં, આત્માને ધ્યાનમાં

રહેવાનો પ્રયોગ વિશેષ કરે છે. કહો, સમજાણું કાંઈ? પેલો બે ઘડી, ચાર ઘડીનો પ્રયોગ હતો, પેલો વિશેષ છે. ઉપવાસના ત્રણ પ્રકાર પાડશે. ચાર પહોરનો, આઠ પહોરનો અને બાર પહોરનો. પણ વજન અહીં છે. **'દરરોજ અંગીકાર કરેલ સામાયિકરૂપ સંસ્કાર...'** જોયું? વજન અહીં છે.

આત્મા... અરે..! આઠ વર્ષની કન્યા સાચી શ્રાવીકા હોય, એને પણ આત્માના આનંદનું ભાન થયેલું હોય, અને એમાં એ સામાયિક વખતે સ્થિરતાના આનંદના વિશેષ સંસ્કાર પાડતી જાય છે. એમ કહે છે. આહાહા..! ક્યાંય સુખબુદ્ધિ હોતી નથી. સંસારમાં પડ્યા દેખાય. રાજ, કુટુંબ, પરિવાર ક્યાંય સુખબુદ્ધિ દેખાતી નથી. બધેથી સુખબુદ્ધિ ઉઠી ગઈ હોય છે. સમ્યગ્દૃષ્ટિને અને સામાયિક કરનારને આત્મા સિવાય બીજે બધેથી હિતબુદ્ધિ કહો કે સુખબુદ્ધિ ઉઠી ગઈ છે. સમજાણું કાંઈ?

એવા **'સામાયિકરૂપ સંસ્કાર સ્થિર કરવાને માટે...'** જુઓ! **'स्थिरीकर्तुम्'** જુઓ! આવ્યું. સ્થિર, સ્થિર આવ્યું અંદર. એકાગ્ર વિશેષ. **'બન્ને પક્ષના અર્ધભાગમાં...'** લ્યો! ઠીક. સ્થિર કરવા માટે, સંસ્કાર વધારે સ્થિર (કરવા) માટે. **'બન્ને પક્ષના અર્ધભાગમાં અર્થાત્ અષ્ટમી અને ચતુર્દશીના દિવસે...'** આઠમ અને ચૌદસ. એક મહિનામાં ચાર વાર આત્માને તદ્દન નિવૃત્ત થઈને પ્રોષધમાં આત્માના આનંદનો પ્રયોગ કરે. એ આખી વિધિ કહેશે, હોં! આહાહા..! કહો, સમજાણું?

મુમુક્ષુ :– બે ઘડી, ચાર ઘડીનો .. કર્યો હોય તેના માટે?

ઉત્તર :– બે ઘડી, ચાર ઘડીનો કર્યો હોય એને આ આઠ દિ' એ હવે વધારે કરવાનો વખત છે, એમ કહે છે. દૃષ્ટિમાં આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે એ ચોવીસે કલાક (રહે છે) અને તેની સ્થિરતાનો બે ઘડી, ચાર ઘડી સામાયિકનો પ્રયોગ (કરે) અને આઠ દિ', પંદર દિ' એમ કરીને આઠ, આઠ દિ' થાય ને પછી? મહિનામાં ચાર દિ' એટલે આઠ આઠ દિ'. આઠ આઠ દિ'એ આઠમ અને ચૌદસ, આઠમ અને ચૌદસ. એમ આત્મામાં વિશેષ નિવૃત્તિ, સ્થિરતા લેવા માટે એ પ્રયોગ છે, અજમાઈશ છે. આહાહા..! આ બે, પાંચ લાખની મૂડીવાળા દસ, દસ લાખના વેપારમાં અજમાઈશ નથી કરતા? અખતરા, મોટા અખતરા કરે છે કે નહિ? હોય મૂડી પાંચ લાખની, વેપાર કરે મોટા મોટા પચ્ચીસ લાખ ને દસ લાખના.

મુમુક્ષુ :– બેંકમાંથી પૈસા લઈને.

ઉત્તર :– બેંકમાંથી (પૈસા લઈને) કરે. આ અજમાઈશ કરે કે, આમાંથી કેટલી લક્ષ્મી મને આત્મ-લક્ષ્મી (પ્રાપ્ત થશે). જે ચીજને મેં જાણી તેમાં સ્થિરતા કેટલે અંશે રાખી શકું છું? એ જાતના સામાયિકના સંસ્કાર જેણે કર્યા છે, એણે આઠ દિ'એ પ્રોષધના સંસ્કાર વિશેષ કરવા. આહાહા..! કહો, સમજાણું કાંઈ? **'ઉપવાસ અવશ્ય જ કરવો જોઈએ.'** લ્યો!

**"प्रतिदिनं आरोपितं सामायिकं संस्कारं स्थिरीकर्तुम् द्वयोरपि पक्षार्द्धयोः अवश्यम्**

www.vitragvani.com



**उपवासः कर्तव्यः' - પ્રતિદિન અંગીકાર કરેલ સામાયિક વ્રતની દઢતા કરવા માટે...'** જોયું? હંમેશા બબ્બે ઘડી, ચાર ઘડી આત્માના અંતર દરબારમાં એકાકાર થઈને જે સંસ્કાર સામાયિકના કર્યા છે. એની **'દઢતા કરવા માટે બન્ને પખવાડિયાના અર્ધા ભાગમાં જે ચૌદસ અને આઠમ છે તેમાં અવશ્ય ઉપવાસ કરવો જોઈએ.'** પાંચમાગુણસ્થાનની દશાનું પ્રોષધનું વર્ણન છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– શ્રાવકને પાંચમું તો હોય ને.

ઉત્તર :– હો, પાંચમું હોય તો જ શ્રાવક કહેવાય, નહિતર શ્રાવક કહેવાય નહિ. શ્રાવકને તો પાંચમું હોય, એમ કહે છે. ભાઈ! પાંચમું હોય તો જ શ્રાવક કહેવાય. આ શ્રાવક કોને કહેવા પણ? અહીં તો કાંઈ ભાન પણ ન મળે જરીએ. આત્મા શું છે? અને એમાં રાગ શું છે? રાગની ક્રિયા કરે, કર્તા છે તો એનું શું પરિણામ આવે? કાંઈ ખબર ન મળે. સમજાણું?

દેહાદિની ક્રિયા ભિન્ન છે, સમયે સમયે આ અવસ્થાઓ થાય છે. એ આત્માથી નહિ, એ તો શરીરની ક્રિયાઓ સ્વતંત્ર પર્યાય થાય છે. આ વસ્તુ તો અજીવ પદાર્થ છે. એની પર્યાય સ્વતંત્ર (થાય છે), હું એને કરી શકતો નથી, મારાથી એ થાય છે એ ચીજ નથી. રાગને કરું એ મારા સ્વરૂપમાં નથી. કારણ કે કરું એવું હોય તો લાભદાયક માન્યું એણે તો. આત્માનું તો રાગરહિત સ્વરૂપ છે. એવી દૃષ્ટિ થયા વિના રાગનો, અસ્થિરતાનો ત્યાગ પણ થઈ શકે નહિ. કહો, સમજાણું આમાં?

**ભાવાર્થ :– 'આ પ્રોષધ ઉપવાસ દરેક મહિનામાં ચાર વાર કરવામાં આવે છે,...'** પેલા ઢસરડા રહી ગયા બહારના, વસ્તુ પડી રહી અંદરની. હંમેશાં પોષા તો કરે. 'ન્યાલચંદભાઈ'!

મુમુક્ષુ :– નબળા પડીને, ઢસરડા કરીને...

ઉત્તર :– ઢસરડા રહ્યા, ઢસરડા. ખોટા. બેસો પ્રોષધ કરીને, કરો સામાયિક. શેની પણ સામાયિક? હજી વસ્તુની ખબર ન મળે. જેમાં ઠરવું છે, જેમાં ટકવું છે, એ ચીજ શું છે? એમાં છે શું? અને કેમ એમાં ટકવું? શું કારણે? સમજાણું કાંઈ? કારણ કે પર્યાયબુદ્ધિ ટળ્યા વિના, પરમાં સુખબુદ્ધિ ટળ્યા વિના વસ્તુબુદ્ધિ થાય નહિ. વસ્તુબુદ્ધિ કહો કે દ્રવ્યબુદ્ધિ કહો કે દ્રવ્યદૃષ્ટિ કહો. સમજાણું કાંઈ? જેને હજી પુણ્ય-પાપના વિકલ્પમાં, પૈસા આદિ મળે એમાં સુખબુદ્ધિની હોંશુ વર્તે છે. સુખબુદ્ધિની હોંશ વર્તે છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. ઉત્સાહ વર્તે છે એની અંદર. આ, આ કર્યું, આ મેળવ્યું, આ લીધું, મને મળ્યું, આ કર્યું. એ તો પરમાં જેની હોંશ વર્તે છે.

મુમુક્ષુ :– શ્રાવકને હોંશ નથી?

ઉત્તર :– શ્રાવકને હોંશ ન હોય, સમકિતીને પરમાં હોંશ ન હોય. આસક્તિ હોય, ઉત્સાહ ન હોય કે, આમાં સુખબુદ્ધિ એવો ભાવ ન હોય. સમજાણું કાંઈ?

શ્રાવક એને કહીએ કે, વિષયની વાસના એને હોય, પણ વાસનામાં સુખબુદ્ધિ ન હોય.

www.vitragvani.com



આહાહા..! સમજાણું કાંઈ? 'ચાખે રસ ક્યું ઘડી છૂટે, સુરીજન સુરીજન સોહી' આત્માનું, અંતર દશાનું ભાન થયું છે. ભાનમાં એ આનંદના પ્રેમમાં એને ક્યાંય પ્રેમ (આવતો નથી). પુણ્ય-પાપ વિકલ્પ કે એના ફળ, દેખાય બહારમાં આમ પ્રેમી જાણે રાણી ઉપર આસક્ત છે, (છતાં) ક્યાંય પ્રેમ ન મળે, રુચિનો પ્રેમ ક્યાંય ન મળે. આહાહા..! સમજાણું?

છતાં છન્નું હજાર સ્ત્રી હોય, લગન કરે, પણ શુભભાવ, અશુભ આવે તેમાં એને રસ નથી, રસ નથી. રોગ, આ રોગ આવ્યો. મારી નીરોગતા દશામાં આ રોગ (છે). જેને છ ખંડના રાજ, છન્નું હજાર પદરાણી જેવી દેવીઓ, ક્યાંય સુખ ન મળે. જ્યાં સુખ ભાસ્યું છે ત્યાંથી હટતું નથી. જેમાં નથી ત્યાં ક્યાંય પ્રેમ લાગતો નથી. કહો, સમજાણું કાંઈ? અહીં તો એક સાધારણ બે રૂપિયા રળતો હોય અને જો તે દિ' દિવસના દસ રૂપિયા આવ્યા. આ..હા..હા..! આભે પાટુ (મારું). આભે પાટુ એટલે કે જાણે...

મુમુક્ષુ :– આભે પાટુ તો ખાલી જાય.

ઉત્તર :– મફતનો હોંશ કરે છે એમ એનો અર્થ. આહાહા..! અરે..! ભગવાન! ભાઈ! તારી લક્ષ્મી તો કેવળજ્ઞાન લક્ષ્મી છે ને અંદરમાં. કેવળજ્ઞાન લક્ષ્મી, અનંતઆનંદ લક્ષ્મી, અનંત શાંતિ–ચારિત્ર વીતરાગતા લક્ષ્મી. એ લક્ષ્મીમાંથી એકાગ્ર થઈને શાંતિ કાઢે તો એ ધર્મીનું સાચું વીર્યની રચનાનું કાર્ય કહેવાય. સમજાણું કાંઈ?

'**દરેક ચૌદસ અને આઠમના દિવસે તે કરવામાં આવે છે. તેનાથી સામાયિક કરવાની ભાવના દઢ રહે...**' એમ. હંમેશા બે ઘડી, ચાર ઘડી કરવાનું મન થયા જ કરે, એમ કહે છે. '**વિષયકષાયોમાંથી ચિત્ત સદા વિરક્ત જ રહે છે તેથી પ્રત્યેક ગૃહસ્થે સામાયિક અવશ્ય કરવું જોઈએ.**' છે તો પ્રોષધની વ્યાખ્યા. સમજાણું? દઢ કરવા માટે.

## ગાથા–૧૫૨

**પ્રોષધોપવાસની વિધિ**

मुक्तसमस्तारम्भः प्रोषधदिनपूर्ववासरस्यार्द्धे ।
उपवासं गृह्णीयान्ममत्वमपहाय देहादौ ।।१५२।।

**અન્વયાર્થ :– [ मुक्तसमस्तारम्भः ] સમસ્ત આરંભથી મુક્ત થઈને [ देहादौ ] શરીરાદિમાં [ ममत्वं ] આત્મબુદ્ધિનો [ अपहाय ] ત્યાગ કરીને [ प्रोषधदिनपूर्ववासरस्यार्द्धे ] ઉપવાસના આગલા દિવસના અર્ધા ભાગમાં [ उपवासं ] ઉપવાસ [ गृह्णीयात् ] અંગીકાર કરવો જોઈએ.**

www.vitragvani.com



ટીકા :– **'प्रोषधदिनपूर्ववासरस्यार्द्धे मुक्तसमस्तारम्भः देहादौ ममत्वं अपहाय उपवासं गृह्णीयात्।' - અર્થ :– ઉપવાસ કરવાના એક દિવસ અગાઉ અર્થાત્ ધારણાના દિવસે સમસ્ત આરંભ છોડીને ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને શરીર વગેરેમાં મમત્વભાવ છોડીને ઉપવાસ ગ્રહણ કરવો.**

ભાવાર્થ :– **જેમ કે આઠમનો ઉપવાસ કરવાનો છે તો સાતમના બાર વાગ્યાથી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને, સમસ્ત આરંભનો ત્યાગ કરતો થકો શરીરાદિથી મોહ છોડીને ઉપવાસ ધારણ કરવો. ૧૫૨.**

---

**'પ્રોષધોપવાસની વિધિ...'** હવે એની વિધિ.

**मुक्तसमस्तारम्भः प्रोषधदिनपूर्ववासरस्यार्द्धे।**
**उपवासं गृह्णीयान्ममत्वमपहाय देहादौ।।१५२।।**

**'मत्वमपहाय'**, હોં! આસક્તિ.

**અન્વયાર્થ :– 'સમસ્ત આરંભથી મુક્ત થઈને...'** બધા વેપાર-ધંધાના વિકલ્પથી મુક્ત થઈ. એ આરંભ ધંધામાં રોકાય નહિ. પાપના ભેંસોના કામ ને ગાયુના કામ ને ઢીંકણાના કામ ને છોકરાના કામ ને બધા પાપના કામ છે. અત્યારે અસ્થિરતાના પાપની વાત છે, હોં! એય..! 'વાસુદેવજી'! કહો, સમજાણું આમાં? **'સમસ્ત આરંભથી મુક્ત થઈને શરીરાદિમાં...'** પણ મમત્વ એટલે આસક્તિ, આસક્તિનો ત્યાગ કરી. સમજાય છે? એ મારું છે એ તો ત્યાગ થઈ ગયો છે પહેલેથી. મારું છે નહિ. પણ આસક્તિ જે અંદર હોય છે એને ઘટાડી. **'ઉપવાસના આગલા દિવસના અર્ધા ભાગમાં...'** આઠમનો જ્યારે પ્રોષધ કરવો હોય તો સાતમના બાર વાગે આરંભનો બધો ત્યાગ કરી નાખે.

મુમુક્ષુ :– બહુ વહેલો.

ઉત્તર :– અર્ધો દિ'. અર્ધો લખ્યો છે, જુઓને! સાતમના બાર વાગ્યાથી બધો ત્યાગ, તે નોમના બાર વાગ્યા સુધી. પ્રોષધની એવી વિધિ છે.

**'ઉપવાસના આગલા દિવસના અર્ધા ભાગમાં...' 'प्रोषधदिनपूर्ववासरस्यार्द्धे' 'ઉપવાસ અંગીકાર કરવો જોઈએ.'** જોયું? સાતમના બાર વાગ્યા પછી આહારનો ત્યાગ કરી દેવો એમ કહે છે. આઠમનો તો ઉપવાસ છે, પણ સાતમના બાર વાગ્યે (આહારનો ત્યાગ કરી દેવો). ઉત્કૃષ્ટ વિધિ એ છે. સમજાણું? આ તો નિરાંતે દુકાન-બુકાનનું કામ કરી લે, ઉઘાડીને પછી આઠ વાગે અપાસરે જાય, પછી એમ કહે લાવો પ્રોષધ કરો હવે. પેલું બધું કામ થઈ ગયું, છોકરાને સોંપી દીધું, હવે કરજે તું, ચાલો. આ તો ભાન વિનાના પોષા એ ખોટા છે. સવારમાં ઉઠી કામ કરે, શાક, બાક બધું કરી લે, છોકરાઓ માટે બધું તૈયાર કરી લે. હવે હું જાવ

www.vitragvani.com



છું, લ્યો! હવે અહીં કામ તમારે કરવાનું નથી, હવે તમારે રાંધીને ખાવાનું. એમ જ છે?

મુમુક્ષુ :– ... એટલો તો લાભ ને?

ઉત્તર :– શું છોડે? પણ વૃદ્ધિ વિના? એને ક્યાં મમતા ક્યાં ઘટાડી? એ તો બધું કર્યું. સવારમાંથી પહેલે ચાર, બે પહોરથી કહે છે. જોયું?

મુમુક્ષુ :– સવારમાં ઉઘરાણીએ જઈ આવે.

ઉત્તર :– ઉઘરાણીએ જઈ આવે.

**'ઉપવાસ કરવાના એક દિવસ અગાઉ અર્થાત્ ધારણના દિવસે...'** એ ધારણાનો દિવસ કહેવાય. પેલો પારણાનો દિવસ કહેવાય. ઉપવાસ ધારવાનો દિવસ એ સાતમ, પારણાનો દિવસ એ નોમ, કરવાનો દિવસ એ આઠમ. પણ એ ધારણા, ન્યાંથી ધારણા કરે. **'સમસ્ત આરંભ છોડીને...'** બધું છોડી શાંત, શાંત. એકાંત મકાનમાં જઈ, પોતાના આત્માને અંતર એકાંતમાં લઈ, ધ્યાન કરે. આહાહા..! **'ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને શરીર વગેરેમાં મમત્વભાવ છોડીને ઉપવાસ ગ્રહણ કરવો.'** લ્યો! સાતમને દિ' અને ચૌદસ ન હોય તો તેરસને દિ' બાર વાગે.

મુમુક્ષુ :– આવું ભાન ન હોય તો...

ઉત્તર :– પણ આ ભાન સહિત આવું કરવું. એમ કહે છે, એમાં શું છે? આત્માના ભાન દૃષ્ટિ, જ્ઞાનનો અનુભવ થઈ અને આ સામાયિક અને પ્રોષધનો પ્રયોગ કરવો, એમ કહે છે. આમાં એકલી બહારની ક્રિયાની વાત છે? આહાહા..! લોકોને (ખબર) મળે નહિ સામાયિક શું? ધર્મ શું? બસ! આ જઈ આવ્યા અને પથરણું પાથરીને બે, ચાર સામાયિક કરી લીધી લ્યો! ધૂળ પણ નથી સામાયિક. મિથ્યાત્વનું પોષણ છે. ધર્મ નથી. શુભ વિકલ્પ કાંઈક હોય એને ધર્મ માન્યો છે અને આત્માનો સ્વભાવ છે, એની સામું જોવાના તો પચ્ચખાણ કર્યા છે. આત્મા સામું જોવાના પચ્ચખાણ. બહાર કરવા, રાગ ને વિકલ્પ મંદ પાડીને આ કરવું. એનો ત્યાગ કર્યો છે–આત્માના સ્વભાવ સન્મુખ જોવાનો ત્યાગ કર્યો છે. રાગની સન્મુખ જોવાનો આદર કર્યો છે. શું કર્યું? સમજાણું કાંઈ? બહુ ચાલી આ તો વાત. આવા પ્રોષધ તો, ભાઈ! માણસો કરી શકે નહિ. કરી શકવાની તો વાત છે. કરી શકશે, કરી શકે છે, થઈ શકે છે. કહે છે, તું વસ્તુને શ્રદ્ધામાં તો લે કે આવું હોય તો જ પ્રોષધ અને સામાયિક કહેવાય, નહિતર પ્રોષધ સામાયિક કહેવાય નહિ. એવી દૃષ્ટિમાં તો વાત લે, શ્રદ્ધામાં તો એ વાત બેસાડ, જ્ઞાનમાં તો એને ઘડ બેસાડ કે સામાયિક અને પ્રોષધ તો આને કહેવામાં આવે છે. આ દુનિયા ઢસરડા કરે છે એને સામાયિક, પોષા કહેતા નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અશુભ તો છૂટે છે.

ઉત્તર :– ના, જરીએ છૂટતું નથી. અશુભ તો પહેલું મિથ્યાત્વ છે. કહો, મિથ્યાત્વનું અશુભ તો છૂટ્યું નથી અને અશુભ છૂટે ક્યાંથી આવ્યું? કહો, મિથ્યાત્વ તો મોટો કષાય

www.vitragvani.com



છે, મોટું પાપ છે. આહાહા..!

**'ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને શરીર વગેરેમાં મમત્વભાવ છોડીને ઉપવાસ ગ્રહણ કરવો.'**

**ભાવાર્થ :– 'જેમ કે આઠમનો ઉપવાસ કરવાનો છે તો સાતમના બાર વાગ્યાથી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને,...'** લ્યો! **'સમસ્ત આરંભનો ત્યાગ કરતો થકો શરીરાદિથી મોહ છોડીને (આસક્તિ) ઉપવાસ ધારણ કરવો.'** લ્યો! આ લોકો પ્રોષધ કરતા ને? આ 'તારાચંદભાઈ વારિયા'. એ વળી વહેલા ચૌદસનું હોય ને? વહેલા આવે ચાર વાગે, ચાર વાગ્યાથી પ્રોષધ કરે. એમ કહે, ઉઠીને તરત જ પોષો કરવો. કંઈ પણ કામ કરવું નહિ, તરત ... એક ફેરી 'તારાચંદભાઈ' (સંવત) ૧૯૭૧માં ન્યાં 'લાઠી' ચોમાસું હતું ત્યાં આવ્યા હતા. બહાર સૂતા હતા. એકદમ ચાર વાગ્યે હું જ્યાં ઉઠ્યો, બીજા સૂતા હતા. એ મારી પાસે આવ્યા. કહે પ્રૌષધ કરાવો. ભાઈ! કેમ અત્યારે? એણે શ્વેતાંબર શાસ્ત્રમાં વાંચ્યું હોય ને કે, ઉઠીને તરત કરવો, કાંઈ કામ કરવું નહિ. આ ૧૯૭૧ની વાત છે, 'તારાચંદભાઈ', હોં! 'વીરજીભાઈ'ના બાપ. બાહ્યની એની ક્રિયા. મહિનામાં પોષા કરતા, હોં! એવું કરે બિચારા. દ્રવ્ય, વસ્તુની ખબર નહિ, તત્ત્વની ખબર નહિ. આ બત્રીસ સુત્રનું ચાલતું, સૂત્ર કહેવાય એ. 'વીરજીભાઈ'ના બાપ. બત્રીસ સૂત્ર એને મોઢે, કંઠસ્થ. ચાલતું સુત્ર. આર્જિકાઓ, સાધુ એની પાસે ભણવા આવે. વસ્તુની કાંઈ જરીએ સાચી ખબર નહિ. એ તો કહેતા કે, આ છ દોષને સાધુએ પ્રત્યેક સો કરોડ કીધા છે. તો બધા સાધુને નાખશો ત્યારે આંકડો ભેગો થાશે. કહો, એનો હિસાબ... એવું કહેતા. કહેતા કે નહિ? ખબર છે ને. વાત બધી થઈ ગયેલી, અમારે તો ન્યાં હતા ને? આમ બહુ નરમ માણસ, હોં! નરમ બહુ. આમ અવસ્થા થઈ ગયેલી, સાધુને ભણાવે પણ આમ એની નરમાશ ઘણી. એ સંપ્રદાયની, આ તો વાત હતી નહિ એટલે શું કરે? માને કે, સાધુ આવા હોય, બસ! પાપ ન કરે, ફલાણું ન કરે. બસ! એ સાધુ, જાવ. એવું જીવન સાદુ.

'વિરજીભાઈ' ખબર છે ચોમાસામાં (સંવત) ૧૯૮૮માં 'ખીમજી'ના ખીમાજી હતા ને. પગે લાગતા કે, મહારાજ! તમે તો પહેલા તરવાના, હોં! મેં કીધું આને તો કાંઈ ખબર નથી. બિચારા અઠ્ઠમ કરે ને એવું કરે. હવે, આત્માના ભાન વિના એવા ઉપવાસ તે ક્યાં માખીના ટાંગે તોળાય એવા છે ન્યાં. લોકોને બાહ્ય પ્રવૃત્તિ અને એમાં રોકાવું અને એમાંથી કાંઈ લાભ થાય, એ વાત એવી ગરી ગઈ છે અંદર. ભણેલાઓને પણ એમાં કાંઈક મીઠાશ હોય.

મુમુક્ષુ :– સરખા ચાલ્યા જતા હતા એમાં ગાંઠ નાખી.

ઉત્તર :– એમ કહે છે, ચાલ્યા જતાં હતા સરખે એમાં વચ્ચે ગાંઠ નાખી. ઊંધે. ઊંધે જતા હતા, ઊંધે. મફતનું બફમમાં (બધું કરતો હતો). આ હવે એને ખબર તો પડે કે, આ સામાયિક, પોષા આપણે કરીએ છીએ એ નહિ. કેમ? 'માસ્તર'! આહાહા..! ૧૫૩.

www.vitragvani.com



## ગાથા–૧૫૩

ઉપવાસના દિવસનું કર્તવ્ય

श्रित्वा विविक्तवसतिं समस्तसावद्ययोगमपनीय।
सर्वेन्द्रियार्थविरतः कायमनोवचनगुप्तिभिस्तिष्ठेत्।।१५३।।

અન્વયાર્થ :– પછી [ विविक्तवसतिं ] નિર્જન [1]વસતિકા-નિવાસસ્થાનમાં [ श्रित्वा ] જઈને [ समस्तसावद्ययोगं ] સમ્પૂર્ણ [2]સાવદ્યયોગનો [ अपनीय ][3] ત્યાગ કરીને [ सर्वेन्द्रियार्थविरतः ] સર્વ ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત થઈ [ कायमनोवचनगुप्तिभिः ] મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ સહિત [ तिष्ठेत् ] સ્થિર થાય.

ટીકા :– 'विविक्त वसतिं श्रित्वा समस्त सावद्ययोगं अपनीय सर्वेन्द्रियार्थविरतः कायमनोवचनगुप्तिभिः तिष्ठेत्' - અર્થ :– જેણે સાતમના દિવસે ઉપવાસ ધારણ કર્યો છે તે શ્રાવક તે જ વખતે એકાંત સ્થાનમાં જઈને હિંસાદિ પાંચે પાપોનો સંકલ્પપૂર્વક ત્યાગ કરીને, પાંચે ઇન્દ્રિયના વિષયોથી વિરક્ત થઈને મન, વચન અને કાયાને વશ રાખે અર્થાત્ ત્રણે ગુપ્તિનું પાલન કરે.

ભાવાર્થ :– ઉપવાસનો બધો સમય ધર્મધ્યાન વગેરેમાં વિતાવવો જોઈએ. એકાંત સ્થાન વિના ધર્મધ્યાન થઈ શકતું નથી. માટે એકાંત સ્થાન ધર્મશાળા, ચૈત્યાલય વગેરેમાં વાસ કરે અને જો મનમાં વિચાર કરે તો ધાર્મિક વાતોનો જ વિચાર કરે, જો વચન બોલે તો ધાર્મિક વાતોનું જ વિવેચન કરે અને જો કાયાની ચેષ્ટા કરે તો પોતાની મર્યાદા પ્રમાણે જ હરેફરે, નિરર્થક હરેફરે નહિ. આ રીતે ત્રણે ગુપ્તિઓનું પાલન કરે. ૧૫૩.

---

'ઉપવાસના દિવસનું કર્તવ્ય...' એ આવ્યું ને?

श्रित्वा विविक्तवसतिं समस्तसावद्ययोगमपनीय।
सर्वेन्द्रियार्थविरतः कायमनोवचनगुप्तिभिस्तिष्ठेत्।।१५३।।

---

૧. પ્રાચીન સમયમાં નગર-ગ્રામોની બહાર ધર્માત્માજન મુનિઓને ઉતરવા માટે-આરામ માટે અથવા સામાયિક આદિ કરવા માટે ઝુંપડી કરાવી દેતા, તેને વસતિકા કહેતા હતા. અનેક નગરોમાં વસતિકાઓ આજ પણ જોવામાં આવે છે. ૨. - અપધ્યાન = માઠુંધ્યાન, અપકથન અને અપચેષ્ટારૂપ પાપસહિત ક્રિયા. ૩. -સમસ્તસાવદ્યયોગનો ત્યાગ = જે સમયે સાવદ્યક્રિયાઓનો ત્યાગ કરે, તે સમયે 'હું સર્વસાવદ્યયોગનો ત્યાગી થાઉં છું એવી પ્રતિજ્ઞા કરે.'

www.vitragvani.com



**'પછી નિર્જન વસતિકા...'** એનો અર્થ કર્યો નીચે. **'પ્રાચીન સમયમાં નગર-ગ્રામોની બહાર ધર્માત્માજન મુનિઓને ઉતરવા માટે...'** એ વાત ખોટી લાગે છે. મુનિઓને ઉતરવા માટે કરે એ ખપે નહિ.

મુમુક્ષુ :– પોતાને માટે.

ઉત્તર :– એ બરાબર છે. **'આરામ માટે અથવા સામાયિક આદિ કરવા માટે ઝુંપડી કરાવી દેતા,...'** બહાર કરતા. ગૃહસ્થો, શ્રાવકો બાગ આદિ એકાંત હોય ત્યાં કરતા. મુનિ માટે કરે નહિ. એવું આમાં કેમ નાખ્યું?

મુમુક્ષુ :– એમાં લખ્યું હશે.

ઉત્તર :– લખ્યું હશે પણ વિચારીને નાખવું જોઈએ કે નહિ? કોણે વાંચ્યું છે કોણે? સમજાણું? ધર્માત્માજન મુનિઓને ઉતરવા માટે, એ વાત ખોટી છે. મુનિ માટે કાંઈ કરી શકાય જ નહિ. મુનિ તો જંગલમાં રહે. વનના વાઘ. એ તો ક્યાંય પડ્યા હોય, બાવળ હેઠે, થડ હેઠે, ખુલ્લા પડ્યા હોય ક્યાંય. એને શું છે? મુનિ તો મોક્ષને સાધવાને તૈયાર થઈ ગયેલા છે, આમ તૈયાર. કેવળ લઉં કે લીધું, કેવળ લઉં કે લીધું એવું હોય.

**'આરામ માટે અથવા સામાયિક આદિ કરવા માટે ઝુંપડી કરાવી દેતા,...'** પોતાને માટે, એમ લ્યો! પાઠમાં આમ છે ખરું ને? **'विविक्त वसतिं' 'તેને વસતિકા કહેતા હતા. અનેક નગરોમાં વસતિકાઓ આજ પણ જોવામાં આવે છે.'** હોય બહારમાં કરેલા. એવી એકાંત ઝુંપડી આદિ જંગલમાં હોય ત્યાં જઈને **'સંપૂર્ણ સાવદ્યયોગનો ત્યાગ કરીને...'** લ્યો! **'સમસ્તસાવદ્યયોગનો ત્યાગ = જે સમયે સાવદ્યક્રિયાઓનો ત્યાગ કરે,...'** નીચે છે. **'તે સમયે 'હું સર્વસાવદ્યયોગનો ત્યાગી થાઉં છું એવી પ્રતિજ્ઞા કરે.'** પ્રતિજ્ઞા કરે. પછી વ્યવહાર નાખ્યો. સાવદ્યયોગનો ત્યાગ કરી કોઈ પ્રકારના પાપના પરિણામ નહિ કરું. વિકલ્પ આવે. સમજાણું? એથી પાપનો ત્યાગ કરે, એમ છે ને?

**'સર્વ ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત થઈ...'** પોતાના આત્માના આનંદમાં પ્રવેશ કરવા, અંતરમાં લીન થવા, આનંદમાં લીન થવાનો આ પ્રોષધ છે. ઉપવાસ ને એ તો ખાવાનો વિકલ્પ ન હોય એટલે એને આનંદમાં અંદર નિવૃત્તિ... નિવૃત્તિ... નિવૃત્તિ માટે સ્થિરતાનો અંતરમાં અખતરો છે. સ્થિરતા કેટલી કરી શકું છું? મુનિપણું પ્રાપ્ત થાય તો સ્થિરતા ઘણી કરવી પડશે. સમજાણું કાંઈ? **'ત્યાગ કરીને સર્વ ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત થઈ મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ સહિત સ્થિર થાય.'** લ્યો! ઠીક. ત્રણે ગુપ્તિ લીધી.

**'विविक्त वसतिं श्रित्वा समस्त सावद्ययोगं अपनीय सर्वेन्द्रियार्थविरतः कायमनोवचनगुप्तिभिः तिष्ठेत्'** લ્યો! છે અંદર, મનો છે અંદર. આમાં પણ છે ને અન્વયાર્થમાં પણ છે. **'कायमनोवचन-गुप्तिभिः'** અન્વયાર્થમાં છે. **'જેણે સાતમના દિવસે ઉપવાસ ધારણ કર્યો છે...'** સાતમના દિવસે બાર વાગે ઉપવાસ ધારણ કર્યો, દિવસે બાર વાગે. **'તે શ્રાવક તે જ વખતે એકાંત સ્થાનમાં**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**જઈને...'** તે જ વખતે. **'હિંસાદિ પાંચે પાપોનો સંકલ્પપૂર્વક ત્યાગ કરીને,...'** કહો, **'પાંચે ઇન્દ્રિયના વિષયોથી વિરક્ત થઈને મન, વચન અને કાયાને વશ રાખે અર્થાત્ ત્રણે ગુપ્તિનું પાલન કરે.'** કહો, જુઓ! સાતમના બાર વાગ્યા પછીથી. ત્યારે આઠમની વિશેષ દશા થાય. એમ પહેલેથી આમ કરે. ઓહો..હો..! અનાહારિક આત્મા છે તો અનાહારિકનો પ્રયોગ કરે છે અંદર. આહાર વિના અને વિકલ્પ વિના કેટલી વાર રહી શકાય છે. સાવદ્યયોગ છે ત્યાં તો.

મુમુક્ષુ :– સાવદ્યયોગનો અર્થ અપધ્યાન માઠું ધ્યાન.

ઉત્તર :– અપધ્યાન... ઠીક.

**ભાવાર્થ :– 'ઉપવાસનો બધો સમય ધર્મધ્યાન વગેરેમાં વિતાવવો જોઈએ. એકાંત સ્થાન વિના ધર્મધ્યાન થઈ શકતું નથી. માટે એકાંત સ્થાન ધર્મશાળા, ચૈત્યાલય...'** મંદિર આદિ હોય **'વગેરેમાં વાસ કરે અને જો મનમાં વિચાર કરે તો ધાર્મિક વાતોનો જ વિચાર કરે,...'** વિકલ્પ આવે તો ધાર્મિક તત્ત્વ ચર્ચાનો જ વિકલ્પ આવે. એમ. બીજા પાપનો નહિ. **'વચન બોલે તો ધાર્મિક વાતોનું જ વિવેચન કરે...'** કહો, પ્રોષધમાં બેઠી બેઠી નવરી પછી વાતું કરે બધી. નવરાશ ઘણી હોય ને બધા સગા-વહાલા ભેગા થયા હોય. એના તો વ્યવહારના પણ ઠેકાણા ન મળે. નિશ્ચય તો નહિ. અહીં તો ધાર્મિક વચન, ધાર્મિક મનના વિચારો. **'જો કાયાની ચેષ્ટા કરે તો પોતાની મર્યાદા પ્રમાણે જ હરેફરે,...'** એટલી જગ્યા હોય ને થોડી, એટલામાં જ હરે ફરે, આઘે બહાર ન જાય. **'આ રીતે ત્રણે ગુપ્તિઓનું પાલન કરે.'** લ્યો!

મુમુક્ષુ :– વ્યવહારગુપ્તિ...

ઉત્તર :– હા. અહીંયાં વ્યવહારની વાત છે ને.

## ગાથા–૧૫૪

**પછી શું કરે તે બતાવે છે :–**

**धर्मध्यानासक्तो वासरमतिवाह्य विहितसान्ध्यविधिम्।**
**शुचिसंस्तरे त्रियामां गमयेत्स्वाध्यायजितनिद्रः।।१५४।।**

**અન્વયાર્થ :– [ विहितसान्ध्यविधिम् ] જેમાં પ્રાતઃકાળ અને સંધ્યાકાળની સામાયિકાદિ ક્રિયા કરીને [ वासरम् ] દિવસ [ धर्मध्यानासक्तः ] ધર્મધ્યાનમાં લીન થઈને [ अतिवाह्य ] વિતાવીને [ स्वाध्यायजितनिद्रः ] પઠન-પાઠનથી નિંદ્રાને જીતીને [ शुचिसंस्तरे ] પવિત્ર પથારી પર [ त्रियामां ] રાત્રિ [ गमयेत् ] પૂર્ણ કરે.**

**ટીકા :– 'धर्मध्यानासक्तो वासरं अतिबाह्य विहित सान्ध्यविधिम् स्वाध्यायजितनिद्र शुचिसंस्तरे त्रियामां गमयेत्।' - અર્થ :– ઉપવાસ સ્વીકારીને શ્રાવક, ધર્મધ્યાનમાં લીન થઈ દિવસ પૂર્ણ કરી સંધ્યા સમયે સામાયિક વગેરે કરીને ત્રણ પહોર સુધી પવિત્ર પથારીમાં યથાશક્તિ સ્વાધ્યાય કરીને રાત્રિ પૂર્ણ કરે.**

**ભાવાર્થ :– આ ઉપવાસ ધારણાનો દિવસ છે તેથી બપોરના બાર વાગ્યાથી સંધ્યાકાળ સુધી ધર્મધ્યાન કરવું, પછી સામાયિક કરવું, પછી સ્વાધ્યાય કરવી, પછી શયન કરવું. યથાશક્તિ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. પછી પ્રાતઃકાળે ચાર વાગ્યે પથારી છોડીને જાગ્રત થઈ જવું. ૧૫૪.**

---

'પછી શું કરે તે બતાવે છે :–'

**धर्मध्यानासक्तो वासरमतिवाह्य विहितसान्ध्यविधिम्।**
**शुचिसंस्तरे त्रियामां गमयेत्स्वाध्यायजितनिद्रः।।१५४।।**

**'જેમાં પ્રાતઃકાળ અને સંધ્યાકાળની સામાયિકાદિ ક્રિયા કરીને...'** બે લીધી છે, આમાં પાઠમાં. પ્રાતઃકાળ સવારમાં અને સાંજે. **'સામાયિકાદિ ક્રિયા કરીને દિવસ ધર્મધ્યાનમાં લીન થઈને...'** લ્યો! **'વિતાવીને પઠન-પાઠનથી નિંદ્રાને જીતીને પવિત્ર પથારી પર રાત્રિ પૂર્ણ કરે.'**

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ થોડું લેશે શયન. થોડું લેશે અંદર. યથાશક્તિ પાઠ જ છે ને. **'स्वाध्यायजितनिद्रः'**. સ્વાધ્યાયમાં જ કાળ ગાળે. એ રાત્રે અને દિવસે સ્વાધ્યાયમાં કાળ ગાળે એમ પાઠમાં તો એવું છે. નિંદ્રા તો ઘણા દિ'થી લે છે. **'ઉપવાસ સ્વીકારીને શ્રાવક, ધર્મધ્યાનમાં લીન થઈ દિવસ પૂર્ણ કરી સંધ્યા સમયે સામાયિક વગેરે કરીને ત્રણ પહોર સુધી પવિત્ર પથારીમાં યથાશક્તિ સ્વાધ્યાય કરીને રાત્રિ પૂર્ણ કરે.'** લ્યો!

**'આ ઉપવાસ ધારણાનો દિવસ છે...'** પહેલાનો. **'તેથી બપોરના બાર વાગ્યાથી સંધ્યાકાળ સુધી ધર્મધ્યાન કરવું, પછી સામાયિક કરવું, પછી સ્વાધ્યાય કરવી,...'** એની વાત લીધી છે. **'પછી શયન કરવું.'** જુઓ! થોડું લીધું. આગલી રાત, આગલી, આગલી. આહા..! એટલે થોડો કરવું એમ. **'યથાશક્તિ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું.'** એ તો વળી એવું નાખ્યું. મનમાં પણ બરાબર પાળવું. એમ. **'પછી પ્રાતઃકાળે ચાર વાગ્યે પથારી છોડીને જાગ્રત થઈ જવું.'** લ્યો! જોયું? ચાર વાગે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા એ. આઠમનો (ઉપવાસ) કરવો છે તો ચાર વાગે ઉઠે.

www.vitragvani.com



## ગાથા–૧૫૫

પછી શું કરવું?

प्रातः प्रोत्थाय ततः कृत्वा तात्कालिकं क्रियाकल्पम्।
निर्वर्तयेद्यथोक्तं जिनपूजां प्रासुकैर्द्रव्यैः।।१५५।।

અન્વયાર્થ :– [ ततः ] પછી [ प्रातः ] સવારમાં [ प्रोत्थाय ] ઊઠીને [ तात्कालिकं ] તે સમયની [ क्रियाकल्पम् ] ક્રિયાઓ [ कृत्वा ] કરીને [ प्रासुकैः ] પ્રાસુક અર્થાત્ જીવરહિત [ द्रव्यैः ] દ્રવ્યોથી [ यथोक्तं ] આર્ષ ગ્રન્થોમાં કહ્યા પ્રમાણે [ जिनपूजां ] જિનેશ્વરદેવની પૂજા [ निर्वर्तयेत् ] કરવી.

ટીકા :– 'ततः प्रातः प्रोत्थाय तात्कालिकं क्रियाकल्पं कृत्वा यथोक्तं प्रासुकैः द्रव्यैः जिनपूजां निर्वर्तयेत्।' - અર્થ :– સૂતા પછી ચાર વાગ્યે બ્રહ્મમુહૂર્તમાં જાગ્રત થઈને સામાયિક અને ભજન-સ્તુતિ વગેરે કરીને શૌચાદિ સ્નાન વગેરે કરી પ્રાસુક આઠ દ્રવ્યોથી ભગવાનની પૂજા કરવી તથા સ્વાધ્યાય વગેરે કરવાં.

ભાવાર્થ :– આચાર્યોનો અભિપ્રાય અહીં પ્રાસુક દ્રવ્યોથી પૂજન કરવાનો છે તેથી જળને લવિંગ દ્વારા પ્રાસુક[૧] બનાવી લેવું જોઈએ અથવા જળ ઉકાળી લેવું જોઈએ અને તે જળથી દ્રવ્યો ધોવા જોઈએ. ભગવાનની પૂજા માટે મોસંબી, નારંગી, સીતાફળ, શેરડી આદિ સચિત્ત વસ્તુઓ ઉપવાસના વ્રતધારીએ કદીપણ ચઢાવવી નહિ. ૧૫૫.

---

'પછી શું કરવું?'

प्रातः प्रोत्थाय ततः कृत्वा तात्कालिकं क्रियाकल्पम्।
निर्वर्तयेद्यथोक्तं जिनपूजां प्रासुकैर्द्रव्यैः।।१५५।।

'પછી સવારમાં ઊઠીને તે સમયની ક્રિયાઓ કરીને...' એમ. સામાયિક આદિ. 'પ્રાસુક

---

૧. પ્રાસુક = જે દ્રવ્ય સુકાયેલું હોય, પાકી ગયેલું હોય, અગ્નિથી તપાવેલું હોય, આમ્લરસ તથા લવણ મિશ્રિત હોય, કોલ્હુ, સંચો, છરી, ઘંટી આદિ યંત્રોથી છિન્નભિન્ન કરેલ હોય તથા સંશોધિત હોય તે બધાં પ્રાસુક = અચિત્ત છે. આ ગાથા સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રન્થની સંસ્કૃત ટીકામાં તથા ગોમ્મટસારની કેશવવર્ણીકૃત સં.ટીકામાં સત્યવચનના ભેદોમાં કહેવામાં આવી છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**અર્થાત્ જીવરહિત દ્રવ્યોથી...**' લ્યો! અચેત દ્રવ્યોથી. '**આર્ષ ગ્રન્થોમાં કહ્યા પ્રમાણે...**' ભગવાનના શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે. એ '**જિનેશ્વરદેવની પૂજા કરવી.**' પ્રોષધને (દિવસે) સવારમાં. પ્રોષધની સવારમાં. જુઓ! 'અમૃતચંદ્રાચાર્ય' મહામુનિ ભાવલિંગી સંત છે. સમજાય છે? એ કહે છે, કે પ્રોષધનો દિવસ હોય એ સવારમાં, અચેત દ્રવ્યથી, સચેત નહિ. એનાથી શાસ્ત્રમાં '**કહ્યા પ્રમાણે જિનેશ્વરદેવની પૂજા કરવી.**' લ્યો! પરમાત્મા વીતરાગદેવની પ્રતિમાના દર્શન કરવા અને પૂજા કરવી. ભાવ આવે છે ને એ જાતનો.

'**સૂતા પછી ચાર વાગ્યે બ્રાહ્મમુહૂર્તમાં જાગ્રત થઈને...**' લ્યો! બ્રહ્મમુહૂર્ત છે ને સવારનું. '**સામાયિક અને ભજન-સ્તુતિ વગેરે કરીને...**' સામાયિક કરે અને કોઈ સ્તુતિ આદિ (કરે). '**શૌચાદિ સ્નાન વગેરે કરી પ્રાસુક આઠ દ્રવ્યોથી ભગવાનની પૂજા કરવી તથા સ્વાધ્યાય વગેરે કરવાં.**' લ્યો!

'**આચાર્યોનો અભિપ્રાય અહીં પ્રાસુક દ્રવ્યોથી પૂજન કરવાનો છે તેથી જળને લવિંગ દ્વારા પ્રાસુક બનાવી લેવું જોઈએ...**' લ્યો! પાણીમાં લવિંગ નાખીને બનાવવું. અચેતને. પ્રોષધનો દિવસ છે ને? સચેતને અડવું નહિ. '**અથવા જળ ઉકાળી લેવું જોઈએ અને તે જળથી દ્રવ્યો ધોવા જોઈએ. ભગવાનની પૂજા માટે મોસંબી, નારંગી, સીતાફળ, શેરડી આદિ સચિત્ત વસ્તુઓ ઉપવાસના વ્રતધારીએ કદીપણ ચઢાવવી નહિ.**' લ્યો! ભગવાનની પૂજા માટે મોસંબી, નારંગી, સીતાફળ કે શેરડી. સચિત્ત વસ્તુ, શેરડીને સચિત્ત કહી જોયું? અચેત લેવા. એમ કે ચોખા હોય કે, એવી ચીજ હોય ને કોઈ એવી. આ પ્રમાણે આઠમને દિવસે સવારે કરવું. સમજાણું? સાતમના બપોરથી સ્વાધ્યાય ધ્યાનમાં વીતાવવો, રાત્રે થોડું શયન કરીને સ્વાધ્યાય કરે અને સવારમાં ઉઠીને ભગવાનની અચેત દ્રવ્યથી પૂજા કરે, પછી વિધિ શું કરે એ કહેવામાં આવશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૬૨ ગાથા–૧૫૬ થી ૧૬૦ શુક્રવાર, અષાઢ સુદ ૭, તા. ૧૪-૦૭-૧૯૬૭**

---

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. આત્મા ચૈતન્યસ્વરૂપ છે, એની મુક્તિના ઉપાયની વ્યાખ્યા છે. આત્મા જે છે એ ચૈતન્ય જ્ઞાન આનંદ આદિ બધું ચૈતન્ય સ્વરૂપ છે ઇ. એની પ્રાપ્તિ થવી, મુક્તિ એટલે એની પર્યાયમાં સિદ્ધિ (થવી) એના ઉપાયની વ્યાખ્યા છે. એમાં બીજા શિક્ષાવ્રતની વ્યાખ્યા ચાલે છે. પહેલું તો આત્માનું જે ઘરમાં સ્થિર થવું છે એ ઘર જોવું જોઈએ. એક માણસ કહે કે, ભાઈ! આ ઘરમાં જજે, બે ઘડી બેસજે. પણ ઘર જોયું ન હોય એ ક્યાં બેસે? એમ સામાયિક અને પોષા કરજે, એમ કીધું. પણ કોને? સમજાણું કાંઈ? સામાયિક અને પ્રોષધ એ ઠરવાનું છે. પણ શેમાં? એ ચીજ જેમાં ઠરવું છે એ જાણ્યું ન હોય એમાં ઠરે ક્યાંથી? પહેલી તો એ આત્મા ચીજ શું છે? શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પૂર્ણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આનંદરૂપ એવો આત્મા એને અંતરદૃષ્ટિ પહેલી સમ્યગ્દર્શન થાય, ત્યારે તેમાં ઠરવાનો પ્રયોગ અને પ્રયત્ન થાય. કહો, સમજાણું કાંઈ?

સામાયિક (એ) હંમેશા ઠરવાનો–અંતર એકાગ્ર થવાનો પ્રયોગ છે. પ્રોષધ છે એ આઠ દિ' એ અંદરમાં ઠરવાનો એક વિશેષ ઉગ્ર પ્રયોગ છે. પણ ઠરવું છે ક્યાં? એ ચીજની ખબર વિના મિથ્યાદૃષ્ટિ સામાયિક કરે તો શું? પ્રશ્ન હતો ને? સામાયિક એટલે શું પણ?

જેમાં સંસાર છે. તો અનાદિ રાગની એકતાબુદ્ધિએ એને વિષમભાવની પ્રાપ્તિ ચાલુ છે, વિષમભાવ. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે અને રાગ, પુણ્ય-પાપ એ વિકાર સ્વભાવ છે. બેને એક માની પરમાં ઠરે વિષમભાવની, વિકારની અને મિથ્યાત્વભાવની પ્રાપ્તિ થાય છે. આ સંસારમાં ધંધો કરે છે ને? ધંધો શું? બહારનો નહિ. 'વજુભાઈ'! બહારનો ધંધો નહિ. અંદરમાં પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ એમાં એકત્વ થઈને એને પુષ્ટિ અને એ મારા છે એમ માનીને રહે છે, એને વિષમભાવ, મિથ્યાત્વભાવ, અરાગભાવથી વિરૂદ્ધભાવ, એની એને પ્રાપ્તિ થાય છે. દુઃખી થવાની પ્રાપ્તિ, એને દુઃખની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું કાંઈ?

હવે જેને સુખી થવું હોય તો કેમ, શું કરવું? એની વ્યાખ્યા છે. એ પહેલી વાત આવી ગઈ છે કે, પહેલો આત્મા આસ્રવ અને કર્મના ભાવ રહિત આત્મા છે. આસ્રવ અને કર્મ સહિત છું એવી એકત્વબુદ્ધિ એ મિથ્યાત્વ છે. અને એ મિથ્યાત્વ વિષમભાવ, વીતરાગભાવથી વિપરીત ભાવ, દુઃખભાવની પ્રાપ્તિનું કારણ છે. કહો, સમજાય છે કે નહિ આમાં? વિકારભાવ અને કર્મભાવ સહિત હું છું, વસ્તુ ભિન્ન નથી પણ એ સહિત છું, એવી માન્યતામાં વિષમભાવની દુઃખની પ્રાપ્તિ છે. ક્ષણે ક્ષણે એ દુઃખની પ્રાપ્તિ કરે છે. વેપાર-ધંધાના કાળમાં કે સૂવાના કાળમાં એ વિષમભાવ(ની પ્રાપ્તિ કરે છે). કારણ કે, પોતાનો સ્વભાવ વિકાર અને કર્મથી ભિન્ન છે એમ ન માનતા સહિત છે (એમ માને છે), એથી એને છૂટું પાડવાનું રહ્યું નહીં, અને એને તો પુષ્ટિ કરવાની રહી. ભારે વાતું. સમજાણું કાંઈ? આ તો આ પ્રોષધ છે ને એટલે આમ આવ્યું, આમ પુષ્ટિ આમ કરે ને કાં આમ કરે.

જેને સુખી થવું છે, દુઃખ ટાળવું છે, એણે આત્મા સુખરૂપ આનંદ છે, એવા બીજા ભાવમાં ક્યાંય સુખ નથી. શુભાશુભરાગ કે ફળ એ બધા કર્મ નિમિત્તની ઉપાધિ, ઉપાધિવાળા છે. એ દુઃખરૂપ છે, એવાથી હું રહિત છું. દુઃખભાવથી હું રહિત છું, એવું જે સ્વરૂપ છે, એવા સ્વરૂપની દુઃખ ભાવના રહિતની, એટલે કે આનંદભાવ સહિતની, અંતરમાં પ્રતીત અને જ્ઞાનના ભાનમાં ઓળખાણ-અનુભવ થાય, ત્યારે એણે જાણ્યું કે, આ આત્મા આનંદનું ઘર છે. કહો, સમજાણું? ત્યારે હવે સ્થિરતા રહેવાને માટે પાત્ર થયો. એમાં સ્થિરતા કરવાને માટે પાત્ર થયો. એ સ્થિરતા દરરોજ બે ઘડી, ચાર ઘડી આત્મામાં અજમાઈશ કરવા, અંતર એકાગ્ર થવા, અખતરો કરવો એનું નામ સામાયિક કહેવામાં આવે છે. કહો, 'સેઠી'! અને એનો વિશેષ અખતરો એ દૃઢતા બે ઘડી, ચાર ઘડી સારી રહે. એને માટે આઠ દિ'એ

www.vitragvani.com



ઘણો કાળ–સોળ પહોર અહીંયા તો કહેશે. સમજાણું કાંઈ? એણે ઉપવાસ કરીને આત્મામાં એકાગ્રતાનો અભ્યાસ કરવો.

આત્મા જેવો જાણ્યો હતો, કે આ આખો સ્વભાવ આનંદ સ્વરૂપ છે, એવો એમાં એકાગ્ર થઈને આત્માની દશામાં શાંતિની, સમભાવની (પુષ્ટિ કરે). શાંતિ કહો કે સમભાવ કહો, પેલું મિથ્યાત્વ વિષમભાવ હતો. એવા સમતાભાવની પુષ્ટિનો બે ઘડી પ્રયોગ કરવો, એ સામાયિક. આઠ દિ'એ આઠ દિ'એ આઠમ, ચૌદસે પ્રયોગ કરવો, એ પ્રોષધ. કહો, સમજાણું? એણે પહેલું જાણી તો લેવું પડશે કે નહિ? મોસમમાં વખત નથી ગાળતા કેટલોક? પંદર દિ', મહિનો, બે મહિના બધું ભૂલી જાય. એકલો ધંધો, ધંધો અને ધંધો. પાપ, પાપ અને પાપ. 'મગનભાઈ'! બે, ત્રણ મહિના એવા હોય ને સરખાયના. આહા..!

અહીં તો કહે છે, જેમાં લાભ ધાર્યો એમાં લાભ લેવાને માટે કાળ ગાળે, થોડો કાઢે, એમ કહે છે. ચોવીસ કલાકમાં બે ઘડી, ચાર ઘડી કાઢી, આત્મા આ છે. આમ અંતર્મુખ, અંતર્મુખ કેટલો રહી શકું છું? વસ્તુ અંતર્મુખ છે એવું ભાન થયું, પણ અંતર્મુખ કેટલો રહી શકું છું, એના પ્રયોગને, અજમાઈશને સામાયિક કહેવામાં આવે છે. એના વિશેષ પ્રયોગ–અજમાઈશને પ્રોષધ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– દરેક સમયે નિર્વિકલ્પ દશા ઉપજે છે?

ઉત્તર :– થાય કે ન થાય એ જુદી વાત. હું તો પ્રયોગ માટે કહું છું. કોઈ વાર થઈ પણ જાય, અને ન પણ થાય. પણ શુદ્ધતા સ્થિર રહે અને વિકલ્પ હોય. વિકલ્પ રહે તો દ્રવ્ય સામાયિક થઈ. સ્થિરતા જેટલી છે, છે એટલી તો એમ ને એમ છે. સ્થિરતા વધે તો નિર્વિકલ્પ થાય. બધામાં થાય એવું કાંઈ નહિ. એ છે પ્રશ્ન. સામાયિક વખતે દરેક સામાયિક વખતે નિર્વિકલ્પ થાય કે નહિ? એ પ્રયોગ કરે અંદરમાં જવામાં, એકાગ્ર થવામાં. સમજાય છે? પછી કોઈ વખતે સ્થિર થાય અને કોઈ વખતે સ્થિર ન થાય પણ એ પ્રયોગ એનો છે. કહો, સમજાણું કાંઈ? એમાં આઠ દિ'નો પ્રયોગ એ છે કે, આઠે... પેલા શું કહેવાય? પ્રોષધ. એ આમ ચોવીસ પહોર કાંઈ નિર્વિકલ્પ રહી શકે છે, એવો પ્રશ્ન નથી. પણ એમાં અંદરમાં વલણને કઈ રીતે હું રાખી શકું છું? કેમ રહી શકે છે? કે નથી રહી શકતું? એના વિશેષ પ્રયોગને પ્રોષધ કહે છે. એની આ વ્યાખ્યા છે.

પ્રોષધના (દિવસે)... કહે છે ને? સવારમાં પૂજા કરવી. કીધું ને? એમાં હેઠે એક કડી રહી ગઈ છે. પ્રોષધ કરનારે પ્રાસુક દ્રવ્યે વીતરાગ પ્રતિમાની પૂજા કરવી. તેમાં નીચે જરીક રહી ગયું હતું કાલે.

**'જે દ્રવ્ય સુકાયેલું હોય, પાકી ગયેલું હોય, અગ્નિથી તપાવેલું હોય, આમ્લરસ તથા લવણ મિશ્રિત હોય,...'** ખાટું અને ખારું નાખીને, એમ કહે છે. **'કોલ્હ, સંચો, છરી, ઘંટી આદિ યંત્રોથી છિન્નભિન્ન કરેલ હોય તથા સંશોધિત હોય તે બધા પ્રાસુક=અચિત્ત છે. આ**

www.vitragvani.com



**ગાથા સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રન્થની સંસ્કૃત ટીકામાં તથા ગોમ્મટસારની કેશવવર્ણીકૃત સં. ટીકામાં સત્યવચનના ભેદોમાં કહેવામાં આવી છે.**' હવે ૧૫૬ ગાથા.

લાભ કેમ લેવો એની વાત છે. વાત તો ઇ લે કે નહિ? આહાહા..! આ તો એવી કરી મુકી સામાયિક, પોષા કે મૂળ વસ્તુ ન મળે. જેમાં ઠરવું એ શું? એની ખબર ન મળે. કરો સામાયિક અને પોષા. જે ઘરે જાવું હોય એ ઘરની ખબર ન મળે (અને કહે) ઘરમાં રહેજો.

મુમુક્ષુ :– ઘરમાં એટલે ક્યાં?

ઉત્તર :– સમતાભાવનો લાભ એવો હતો કે નહિ? સામાયિક–સમ+આય= સમતાનો લાભ. તેનો અર્થ શું? સમતા ક્યાંથી મળે? જ્યાં સમતા પડી છે ત્યાં ઠરવાથી મળે.

મુમુક્ષુ :– પહેલા એવો અર્થ નહોતો.

ઉત્તર :– વાત સાચી. એવી સામાયિકનો અર્થ નહોતો કહે છે. એ... 'ન્યાલચંદભાઈ'! ઊંધે ઊંધા વેતરતા હતા. કરવું હોય પહેરણ અને વેતરે,.. શું કહેવાય? કડીયું, અંગરખું. ભાઈ! કડીયું કહેતા ને પહેલા તો? કડીયું કહેતા. કડીયું કરવું હોય ને વેતરે અંગરખું. વેતરી નાખે આડુ-અવળું તો કટકા મફતના જાય.

એમ આત્મામાં શું ઠરવું છે એ વસ્તુ શું છે? એને દૃષ્ટિ દ્વારા એવી દઢતા અંદરમાં આવે (કે) આ વસ્તુ જ શુદ્ધ ને આનંદ છે. એકલો જ્ઞાન સમુદ્ર, જ્ઞાનનો પુંજ પ્રભુ જ્ઞાન સ્વરૂપ (છે) એવું ભાન થઈને હવે અંતર ઠરવાની કે વેપાર દશા પ્રયોગ કરવો એને અહીંયા પ્રોષધ આઠ દિ' એ કરવાનું કહે છે. ૧૫૬. જુઓ! ઉનાળાના દિ' માં કેટલાક માણસ જાય છે ને? હવા ખાવા નથી જતાં? થાક ખાવા. નવરા હોય ને નવરા? પછી જાય 'આબુ'. એય..! હવા ખાશું અને આમ કરશું ને શું પછી? ગપ્પા-ગોળા મારે. પાપ કર્યા એકલા. નિવૃત્તિના દિવસમાં પાપ કરવા ગયા.

મુમુક્ષુ :– તબિયત સરખી કરે ને.

ઉત્તર :– તબિયત એટલે શું? આત્માની તબિયત કે શરીરની?

મુમુક્ષુ :– શરીરની.

ઉત્તર :– તો શરીર એ ક્યાં એનો આત્મા છે?

મુમુક્ષુ :– તો શેનો છે?

ઉત્તર :– શરીરની પર્યાય સુધરે કે રહે, એ તો એને કારણે શરીરમાં રહ્યું, એમાં આત્માને શું થયું? આત્માની તબિયત તો બગડી. એય..! 'મોહનભાઈ'!

મુમુક્ષુ :– આત્માની તબિયત દેખાતી નથી.

ઉત્તર :– બગડી. શું કહે છે? દેખાતી નથી એ દેખનારો છે કે નહિ? કોણ છે પણ એ? દેખતો નથી એ જાણનાર છે કે નહિ? દેખતો નથી એવો જાણનાર છે કે નહિ? આહાહા..!

દેખાતી નથી, એવો નિર્ણય કરનાર છે કે નહિ? એ જ દેખાય છે. આને ક્યાં જડને ખબર છે કાંઈ હું દેખાવ છું કે નહિ દેખાવ છું? જડને કાંઈ બિચારાને કાંઈ ખબર નથી શરીર અને વાણી, મૂળ તો આ જ આત્મા જ છે જ્યાં ત્યાં. જ્યાં ત્યાં પ્રસિદ્ધપણે આત્મા જ પ્રસિદ્ધિને પામે છે. કે, આ વસ્તુ આવી... આ વસ્તુ આવી... આ વસ્તુ આવી... કહેતા વખતે એનું જ્ઞાન પ્રસિદ્ધ થાય છે કે નહિ? જ્ઞાનની પ્રસિદ્ધિ વિના આ છે, આ છે કહ્યું કોણે?

મુમુક્ષુ :– આ નથી એમ પણ કોણે કહ્યું?

ઉત્તર :– આ નથી એમ કહ્યું એની પ્રસિદ્ધિમાં આત્મા છે. નથી શું? જ્યાં જ્યાં ના પાડે ત્યાં ત્યાં તે છે. 'શ્રીમદ્દે' કહ્યું ને ઇ?

**કરી કલ્પના દઢ કરે, ના ના નાસ્તિ વિચાર,**
**પણ અસ્તિ તે સૂચવે એ જ ખરો નિર્ધાર.**

હું આવો ન હોઉં, હું આવો ન હોઉં, ત્યાં જ એવો છો. આહાહા..! હું આવા જ્ઞાન સ્વરૂપે ન હોઉં, બસ! આ હું આ જ્ઞાનસ્વરૂપે ન હોઉં ત્યાં જ હું જ્ઞાનસ્વરૂપે છું. કોઈ દિ' પણ વાસ્તવિક વિચાર અને નિર્ણય જ કર્યા નથી, એમ ને એમ ચાલ્યો જાય છે આંધળે. સમજાય છે કાંઈ? હોંશું કેટલી કરે, જુઓ! મહિનો, પંદર દિ' બહાર જાય તો આમ સામાન લઈ જાય, 'આબુ'માં જાય તો આમ બધું સરખું. એવી બધી ખુરશી-બુરશી એવી હોય કે, પછી હલકી.. આમ લઈ જાય, એવી લઈ જાય, આમ સંકેલાય એવી. આમ આમ કરીને ઢીકણું... એવું સાંભળ્યું છે, ન્યાં આપણે ક્યાં જોવા ગયા હતા. સમજ્યા ને? એ ન્યાં વળી જાજમો લઈ જાય, ફલાણું લઈ જાય, ઢીંકણું લઈ જાય. પછી એક મહિનો આરામ કરશું. આરામ છે કે હરામ છે? એય..! હરામજાદગીની છે તારી દશા. એ... 'સેઠી'! આત્મારામને હરામમાં નાખે છે, હોં! આહાહા..! ધૂળમાં, શરીરમાં શું છે? રાગ કર્યો એમાં તને આવ્યું શું? નુકસાન... નુકસાન... નુકસાન... ક્ષણે ને પળે ત્યાં. અને એમાં વળી પાંચ, પચ્ચીસ લાખની મૂડી હોય અને એમાં એવા સમજ્યા ને? શિયાળામાં સરખાયના વેપાર થઈ ગયા હોય, પછી ઉનાળે નિરાંતે ફરવાનું. હવે નિરાતનું.

મુમુક્ષુ :– એ તો નિરાંત કરે, ત્યાંથી પણ ..

ઉત્તર :– હોય છે ને?

એક ફેરી કહ્યું હતું ને? અમે માલ લેવા ગયા હતા ન્યાં. અમારે 'મગનભાઈ' કરીને. બહુ રૂપાળો અને પાતળો ચપળ બહુ કહેવાતો. ત્યાં હતા. એને ત્યાં ઉતરેલા. માલ લેવા ગયા. ખાવા બેઠા ત્યાં ઉઠ્યો, પેલો ફોન બહાર પડ્યો હશે. 'મગનભાઈ' કહે શું છે? તે દિ' એ તે માલ લેવા જાય પણ હવે આખો દિ' આ શું છે? પણ આ ખાતો ખરો, ખાવા માટે તો તમે આ રળો છો. 'મગનભાઈ' હતા. પાતળા અહીં રહેતા હતા. દેરાવાસીનો આગ્રહ

www.vitragvani.com



ઘણો. કાંઈ વિચાર નહિ કરતા. પણ એલા આ ખાવા માટે રળો છો, ખાવામાં પણ સખ ન મળે ચાર રોટલીમાં એક રોટલી ખાધી તો એ.. ટેલીફોન આવ્યો, એ.. ટેલીફોન આવ્યો. કારણ કે રસોડામાં ટેલીફોન ન હોય, રસોડામાં ટેલીફોન ન હોય, બહાર હોય એટલે બહાર ઉઠીને જતો હતો.

મુમુક્ષુ :– જમવાની પાસે પડ્યો હોય. હવે તો દુનિયા બહુ આગળ વધી ગઈ.

ઉત્તર :– તે દિ' નહોતું. આ તો (સંવત) ૧૯૬૬-૬૭ની વાત છે. માલ લેવા ગયેલા ત્યાં ઉતર્યા. અમારા ગામના ખરા ને. આ શું પણ શું છે? હોય છે પણ. એટલું તો કરો. થાવું હશે ઇ થાશે ત્યાં. મને કહે, એને આમ ખોટી થાય, ફલાણું ખોટી થાય. વળી બચાવ કરે. આહાહા..! એણે પોતાની સંભાળના (કરી નહિ). ઘંટડી વાગી તારી હવે સંભાળ કર, મનુષ્ય દેહ મળ્યો, ભાઈ! આહા..! ઘંટડી પેલી વાગે ત્યાં જાય. એ આ વાગ્યો મનુષ્યનો ભવ ભાઈ! આંખો વીંચી તે દિ' આ નહિ આવે. આહાહા..! આ સમય મળ્યા એમાંથી લાભ લીધા વિના આંખો વિંચાણી, બાપુ! ક્યાંય ક્યાંય પત્તો નહિ (લાગે). સમજાણું કાંઈ?

ક્યાં ક્યાં જશે? એનો એણે નિર્ણય કર્યો નથી. અનંત અનંત ચોરાશીના અવતાર. એણે જો આ જન્મ-મરણ રહિતની દૃષ્ટિ, આ દેહમાં, આ ભવમાં, પ્રગટ ન કરી, પત્તો નહિ ખાય, ભાઈ! ક્યાં જઈશ? સમજાણું? એવી જેને લગની લાગી અંદર, પેલાને લગની લાગી જો એ કરે. ખાય, પીવે, આમ કરે. શેરડીના સાઠા ખાય અને પછી આમ કરે ને મોસંબીનો (રસ પીવે). ઓહો..! સવારમાં ખાય, બપોરે ખાય, સાંજે કઢી, ખીચડી અને પાપડ. જાણે બસ મજા (પડી ગઈ). હેરાન છો, દુઃખી થયો છે એકલો. એય..! 'મોહનભાઈ'!

મુમુક્ષુ :– કલ્પના કરીને માને.

ઉત્તર :– દુઃખી થયો છે એકલો, હવે સાંભળને? મૂર્ખાય તારી જોને. દુઃખી થા છો (અને માને છે) અમે સુખી છીએ હમણા. મૂર્ખ છો? આહાહા..! અરે..! આવો વખત–કાળ ગુમાવે, આત્માને માટે ન કરે ને અહીં ગુમાવે, મૂર્ખ નહિ તો શું છે એ? 'સેઠી'! આહાહા..! અરે..! બાપુ! આ તો વિજળીને ઝબકારે મોતી પરોવી લ્યો, ભાઈ! આ કાળ અનંત અનંત કાળમાં આ એટલો કાળ... સાંઈઠ, સીત્તેર, એંસી કેટલા કહેવાય? કહે છે કે, એવા આત્માના ભાન કરી અને આવો વખત કાઢજે. ન કાઢે તો શ્રદ્ધામાં તો લેજે કે, કરવા જેવું આ છે, આમાં ઠરવા જેવું છે, આમાં રહેવા જેવું છે. એવી શ્રદ્ધા તો પાકી ઓળખાણ કરીને કર. કહો, 'મોહનભાઈ'! આહાહા..! જુઓ! ૧૫૬.

## ગાથા–૧૫૬

उक्तेन ततो विधिना नीत्वा दिवसं द्वितीयरात्रिं च।
अतिवाहयेत्प्रयत्नादर्धं च तृतीयदिवसस्य।।१५६।।

અન્વયાર્થ :– [ तत् ] ત્યાર પછી [ उक्तेन ] પૂર્વોક્ત [ विधिना ] વિધિથી [ दिवसं ] ઉપવાસનો દિવસ [ च ] અને [ द्वितीयरात्रिं ] બીજી રાત્રિ [ नीत्वा ] વિતાવીને [ च ] પછી [ तृतीयदिवसस्य ] ત્રીજા દિવસનો [ अर्ध ] અર્ધભાગ પણ [ प्रयत्नात् ] અતિશય યત્નાચારપૂર્વક [ अतिवाहयेत् ] વ્યતીત કરવો.

ટીકા :– 'ततः उक्तेन विधिना दिवसं नीत्वा च द्वितीय रात्रिं नीत्वा च तृतीय दिवसस्य अर्द्धं प्रयत्नात् अतिवाहयेत्।' - અર્થ :– પછી જેવી રીતે ધર્મધ્યાનથી પહેલો અર્ધો દિવસ વિતાવ્યો હતો તેવી જ રીતે બીજો દિવસ વિતાવીને, તથા જેવી રીતે સ્વાધ્યાયપૂર્વક પહેલી રાત્રિ વિતાવી હતી તેવી જ રીતે બીજી રાત્રિ વિતાવીને ખૂબ પ્રયત્નપૂર્વક ત્રીજો અર્ધો દિવસ પણ વિતાવવો.

ભાવાર્થ :– જેવી રીતે ધારણાનો દિવસ વિતાવ્યો હતો તેવી જ રીતે પારણાનો દિવસ વિતાવવો. ધારણાથી લઈને પારણા સુધી સોળ પહોર સુધી શ્રાવકે સારી રીતે ધર્મધ્યાનપૂર્વક જ સમય વિતાવવો, ત્યારે જ તેનો ઉપવાસ કરવો સાર્થક છે; કારણ કે વિષય-કષાયોના ત્યાગ માટે જ ઉપવાસ વગેરે કરવામાં આવે છે. ૧૫૬.

---

उक्तेन ततो विधिना नीत्वा दिवसं द्वितीयरात्रिं च।
अतिवाहयेत्प्रयत्नादर्धं च तृतीयदिवसस्य।।१५६।।

એની ટીકા સીધી, લ્યો! સીધી. **'પછી જેવી રીતે ધર્મધ્યાનથી પહેલો અર્ધો દિવસ વિતાવ્યો હતો...'** ટીકા એની. કારણ કે, શબ્દ એ જ છે. જેમકે આઠમનો ઉપવાસ, પ્રોષધ કરવો હોય તો સાતમના બાર વાગ્યાથી નિવૃત્તિ લઈને **'પહેલો અર્ધો દિવસ વિતાવ્યો હતો તેવી જ રીતે બીજો દિવસ વિતાવીને,...'** ઓહો..! રળવાનું ટાંણું છે મારે. કહો, આઠમ આવી તે આત્માના રળવાને કમાણીનો કાળ છે મારે. આહાહા..! સમજાણું કાંઈ? એમ **'વિતાવીને, તથા જેવી રીતે સ્વાધ્યાયપૂર્વક પહેલી રાત્રિ વિતાવી હતી...'** આઠમની પહેલી, સાતમની સાંજે **'તેવી જ રીતે બીજી રાત્રિ વિતાવીને ખૂબ પ્રયત્નપૂર્વક ત્રીજો અર્ધો દિવસ પણ વિતાવવો.'** લ્યો! નોમનો અડધો દિ'. આહાહા..! મોસમને–મોસમને વર્ણન કરે છે, હોં!

www.vitragvani.com



**ભાવાર્થ :– 'જેવી રીતે ધારણાનો દિવસ વિતાવ્યો હતો...'** ધારણા સમજ્યા ને? આઠમનો હોય તો સાતમનો (દિવસ) ધારણા કહેવાય. ચૌદસનો હોય તો તેરસનો દિવસ ધારણાનો કહેવાય ને પાખીનો દિવસ પારણાનો કહેવાય. અત્તરવારણું. આની કોરનું અત્તરવારણું, પેલીકોરનું પારણું. **'પારણાનો દિવસ વિતાવવો. ધારણાથી લઈને પારણા સુધી સોળ પહોર સુધી શ્રાવકે સારી રીતે ધર્મધ્યાનપૂર્વક જ સમય વિતાવવો,...'** આહાહા..! સમજાણું? **'ત્યારે જ તેનો ઉપવાસ કરવો સાર્થક છે; કારણ કે વિષય-કષાયોના ત્યાગ માટે જ ઉપવાસ વગેરે કરવામાં આવે છે.'** ઉપવાસનો અર્થ એ છે. આવે છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. વિષય પર તરફના વિકાર અને કષાય એના ત્યાગ માટે ઉપવાસ છે. એકલી લાંઘણ ઉપવાસ કરીને બેઠો અને વિષય-કષાયનો ત્યાગ નહિ, એને તો લાંઘણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ઉપવાસમાં આત્માની સમતાનો કાંઈ લાભ ન મળે અને એકલો વિષય-કષાયના ભાવમાં રોકાય. ખાધુ નહિ પણ વિષય-કષાયમાં રોકાણો, તો એમાં ક્યાં? શું થયું? એમાં શું કર્યો તેં ઉપવાસ? લાંઘણ કરી.

મુમુક્ષુ :– દ્રવ્ય ઉપવાસ અને ભાવ ઉપવાસ.

ઉત્તર :– દ્રવ્ય ઉપવાસનો અર્થ શું? મિથ્યાદૃષ્ટિ. ખાવા-પીવામાં શું છે? જડની ક્રિયા તો જડની છે. રાગની કાંઈક મંદતા કરી તો એ પુણ્ય બાંધે, એ ખરો ઉપવાસ નહિ, ઉપવાસ સ્વરૂપમાં સમીપ રહે તે ઉપવાસ. આ બધા અપવાસ–માઠાવાસ (છે). જગતને આત્માની મીઠાશ આવવી (કઠણ છે). આ ગળે વળગ્યું છે–શરીર, બાયડી, છોકરા, કુટુંબ, પુણ્ય, પાપ, આબરુ ગળે વળગી છે, ગળે. સમજ્યા ને? મીઠાશ... મીઠાશ... મીઠાશ. એનો આમ હરખ આવે, એની પોરસ ચડે તો આમ અંદરથી રૂંવાટા ઊભા થાય. ઓહો..! સમજાણું?

## ગાથા–૧૫૭

**ઉપવાસ કરવાનું ફળ બતાવે છે :–**

**इति यः षोडशयामान् गमयति परिमुक्तसकलसावद्यः।**
**तस्य तदानीं नियतं पूर्णमहिंसाव्रतं भवति।।१५७।।**

**અન્વયાર્થ :– [ यः ] જે જીવ [ इति ] આ રીતે [ परिमुक्तसकलसावद्यः सन् ] સંપૂર્ણ પાપક્રિયાઓથી રહિત થઈને [ षोडशयामान् ] સોળ પહોર [ गमयति ] વિતાવે છે [ तस्य ] તેને [ तदानीं ] તે વખતે [ नियतं ] નિશ્ચયપૂર્વક [ पूर्णं ] સંપૂર્ણ [ अहिंसाव्रतं ] અહિંસાવ્રત [ भवति ] થાય છે.**

ટીકા :– 'इति (पूर्वोक्तरीत्या) यः (श्रावकः) परिमुक्तसकलसावद्यः षोडशयामान् गमयति, तस्य (श्रावकस्य) तदानीं नियतं पूर्णं अहिंसाव्रतं भवति।' - અર્થ :– જેવી રીતે ઉપવાસની વિધિ બતાવી છે તેવી રીતે જ શ્રાવક સંપૂર્ણ આરંભ-પરિગ્રહનો ત્યાગ કરી સોળ પહોર વિતાવે છે તે શ્રાવકને તે સોળ પહોરમાં નિયમથી પૂર્ણ અહિંસાવ્રતનું પાલન થાય છે.

ભાવાર્થ :– ઉપવાસ ત્રણ પ્રકારે છે :– ઉત્કૃષ્ટ ઉપવાસ સોળ પહોરનો છે, મધ્યમ ઉપવાસ બાર પહોરનો છે, જઘન્ય ઉપવાસ આઠ પહોરનો છે.

જેમ (૧) સાતમને દિવસે બાર વાગ્યે ઉપવાસ ધારણ કર્યો અને નોમને દિવસે બાર વાગ્યે પારણું કર્યું તો સોળ પહોર થયા તે ઉત્કૃષ્ટ ઉપવાસ છે.

(૨) સાતમને દિવસે સંધ્યા સમયે પાંચ વાગ્યે ઉપવાસ ધારણ કર્યો અને નોમને દિવસે સાત વાગ્યે પારણું કરે તો એ બાર પહોરનો મધ્યમ ઉપવાસ છે.

(૩) જઘન્ય ઉપવાસ આઠ પહોરનો છે. અને આઠમને દિવસે સવારમાં આઠ વાગ્યે ધારણ કરવામાં આવે અને નોમને દિવસે સવારે આઠ વાગ્યે પારણું કરવામાં આવે તે આઠ પહોરનો જઘન્ય ઉપવાસ થયો. આ રીતે ઉપવાસનું વર્ણન પૂર્ણ થયું. ૧૫૭.

---

'ઉપવાસ કરવાનું ફળ બતાવે છે :–'

इति यः षोडशयामान् गमयति परिमुक्तसकलसावद्यः।
तस्य तदानीं नियतं पूर्णमहिंसाव्रतं भवति।।१५७।।

ટીકા :– **'જેવી રીતે ઉપવાસની વિધિ બતાવી છે તેવી રીતે જે શ્રાવક સંપૂર્ણ આરંભ-પરિગ્રહનો ત્યાગ કરી...'** લ્યો! બિલકુલ આરંભ, હિંસા કાંઈ ન કરે. **'સોળ પહોર વિતાવે છે...'** લ્યો! સોળ પહોર થયા ને? બે દિવસના, એક રાત્રિના ચાર. છ અને બીજા ચાર, દસ અને બીજા ચાર, ચૌદ અને બીજા બે. સોળ થયા. બે રાત્રિ અને બે દિ' એમ થઈ ગયું ને? અડધું આની કોર ને અડધું પેલી કોર. એટલે બે દિ' થઈ ગયા. બે દિ' થયા ને બે રાત. બે દિ' અને બે રાત. એટલો વખત એણે લેવો. ઓહો..હો..! નવરો કે દિ' છે? ધંધા. પ્રવૃત્તિ આડે અમે નવરા ક્યાં છીએ. મહારાજ! અમારે ઠેકાણે તમે હો તો ખબર પડે. ભારે, ભાઈ! .. કીધું, વાંચો છો કાંઈ? વખત (કાઢો છો)? તે દિ' પૈસા નહોતા બહુ, સાંઈઠ-સીત્તેર લાખ હશે. મેં કીધું, વાંચો છો કાંઈ? મહારાજ! એનો વખત મળે નહિ અમને, એટલી બધી પ્રવૃત્તિ. અમારે ઠેકાણે તમે હો તો તમને ખબર પડે કે, નિવૃત્તિ નહિ લઈ

www.vitragvani.com



શકાય. ભારે, ભાઈ! પાવર ચડી ગયો લાગે છે આને, કીધું. એ... 'મોહનભાઈ'! કામગરા બધા. આહાહા..!

જગતને એવું જાણે કે, અમે આમ બસ! એવા કામ અમારે માથે બોજો છે કે, અમે નિવૃત્તિ બે ઘડી ન લઈ શકીએ. મરવાની ફૂરસદ નથી. મરવા (વખતે) પડ્યો રહીશ ત્યાં, સાંભળને હવે, મફતનો શું...? હુકમ કર્યો હોય કે આ પચાસ હજાર લઈ આવ, ફલાણું લાવજે ત્યાં મને કહેજે ટેલીફોન. ત્યાં તો અહીં ભાઈસા'બ, એ કાંઈક થયું અહીંયા, શું થયું? કાંઈ ખબર નથી. દુઃખાવો ઉપડ્યો એ કહેવાને નવરો ન રહે. જાવ, જય ભગવાન! ઉપડો હવે બીજે. મને કાંઈ થાય છે એટલું કહેવાને નવરો નહિ રહે. સમજાણું? આહાહા..! ભાઈ! કહેવું ક્યાં ભાષા? ફડાક જ્યાં ચક્ર ફરે. અહીં કાંઈક થાય, એમ બોલીને આમ સાદ કરે ત્યાં તો.. જાવ. તંબુ તાણ્યા બીજે, જાવ. આહાહા..! દ્રવ્ય ફરે, ક્ષેત્ર ફરે, કાળ ફરે, ભવ ફરે, ભાવ ફરે બધું ફરી જાય. જાણે એ આત્મા જ ન મળે. આહાહા..! એ ભવ જ ન મળે.

ત્રિકાળ વસ્તુ ભગવાનઆત્મા, એની દૃષ્ટિ કરીને ઠરવાના પ્રયોગ માટે આટલો તો કાળ ગાળજે, કાઢજે ભાઈ! ન કાઢ તો માન્યતામાં તો રાખજે કે આ કાળ કાઢવા જેવો છે. સમજાણું કાંઈ? લ્યો! **'સોળ પહોરમાં નિયમથી પૂર્ણ અહિંસાવ્રતનું પાલન થાય છે.'** કહો, છે ને? **'अहिंसाव्रतं भवति'** રાગ એમાં નથી, રાગ નથી એનું નામ અહિંસા, હોં! પછી કાંઈક ખુલાસો કર્યો છે. આમાં છે, આમાં નથી હોં! આમાં 'મખ્ખનલાલજી'માં.

**'ઉપવાસ ત્રણ પ્રકારે છે :– ઉત્કૃષ્ટ ઉપવાસ સોળ પહોરનો છે,...'** સોળ કીધાને આ? **'મધ્યમ ઉપવાસ બાર પહોરનો છે, જઘન્ય ઉપવાસ આઠ પહોરનો છે.' 'જેમ (૧) સાતમને દિવસે બાર વાગ્યે ઉપવાસ ધારણ કર્યો અને નોમને દિવસે બાર વાગ્યે પારણું કર્યું તો સોળ પહોર થયા તે ઉત્કૃષ્ટ ઉપવાસ છે. (૨) સાતમને દિવસે સંધ્યા સમયે પાંચ વાગ્યે ઉપવાસ ધારણ કર્યો...'** સાંજે વાળુ કરીને કે ખાધા વિના, હોં! બન્ને થાય. **'અને નોમને દિવસે સાત વાગ્યે પારણું કરે તો એ બાર પહોરનો મધ્યમ ઉપવાસ છે.'** બે રાત્રિ ને એક દિવસ. **'(૩) જઘન્ય ઉપવાસ આઠ પહોરનો છે. અને આઠમને દિવસે સવારમાં આઠ વાગ્યે ધારણ કરવામાં આવે અને નોમને દિવસે સવારે આઠ વાગ્યે પારણું કરવામાં આવે તે આઠ પહોરનો જઘન્ય ઉપવાસ થયો.'**

મુમુક્ષુ :– આઠ વાગે ચા-પાણી પીને કરે ને?

ઉત્તર :– આઠ વાગે એમ નહિ, એ લખ્યું છે. સવારથી. ચા-પાણી પીને શું કરે? સવારે કાંઈ ઉઠીને કરે, એમ કહેવું છે એ તો.

મુમુક્ષુ :– સાડા પાંચ વાગે ચા પી લે.

ઉત્તર :– રાત્રે પીવાય નહિ, રાત્રે આહાર હોય? એ તો વાત આવી ગઈ. રાત્રે પાણી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પણ ન હોય, ફૂદા પડે, જીવાત પડે, કીડી-મકોડા, જીવાત ઝીણી, ઝીણા ફૂદડા એવા ઝીણા, એવા ઝીણા હોય, કે પાંખો જ આવે એના પેટમાં અને જરી પેલો ભાગ માંસનો આવે. આ તો આત્માનું હિત કરવાની વાત છે, ભાઈ! આ બહારના ફૂંફાડા મારવા, સમજાણું? બહારના હું...હું... આમ થઈ ગયા અને અમે આમ થઈ ગયા, અમે આમ કર્યાં અને અમે આમ કર્યાં. કીધુંને આ સોળ લાખનો ખર્ચ થયો એ શુભરાગ હોય તો પુણ્ય થાય. એનાથી સંવર-નિર્જરા નહિ એમ કહ્યું. આવો માર્ગ! એ રાગથી ભિન્ન પડીને જેટલી સ્વભાવમાં એકાગ્રતા કરે એટલો લાભ. આ વાત છે, એનું નામ અહિંસા અને વીતરાગ માર્ગ છે.

## ગાથા–૧૫૮

**ઉપવાસમાં વિશેષપણે અહિંસાની પુષ્ટિ :–**

**भोगोपभोगहेतोः स्थावरहिंसा भवेत् किलामीषाम्।**
**भोगोपभोगविरहाद्भवति न लेशोऽपि हिंसायाः।।१५८।।**

**અન્વયાર્થ :– [ किल ] ખરેખર [ अमीषाम् ] આ દેશવ્રતી શ્રાવકને [ भोगोपभोगहेतोः ] ભોગ-ઉપભોગના હેતુથી [ स्थावरहिंसा ] સ્થાવર અર્થાત્ એકેન્દ્રિય જીવોની હિંસા [ भवेत् ] થાય છે પણ [ भोगोपभोगविरहात् ] ભોગ-ઉપભોગના ત્યાગથી [ हिंसायाः ] હિંસા [ लेशः अपि ] લેશ પણ [ न भवति ] થતી નથી.**

**ટીકા :– 'किल अमीषाम् (श्रावकानाम्) भोगोपभोगहेतोः स्थावरहिंसा भवेत् (अतः उपवासे) भोगोपभोगविरहात् हिंसायाः लेशोऽपि न भवति' - અર્થ :– નિશ્ચયથી શ્રાવકોને ભોગ-ઉપભોગના પદાર્થો સંબંધી સ્થાવરહિંસા થાય છે, કેમકે ગૃહસ્થ શ્રાવક ત્રસહિંસાનો તો પૂર્ણ ત્યાગી જ છે. જ્યારે ગૃહસ્થ ઉપવાસમાં સમસ્ત આરંભ-પરિગ્રહ અને પાંચે પાપનો સંપૂર્ણ ત્યાગ કરી દે છે ત્યારે તેને ઉપવાસમાં સ્થાવરહિંસા પણ થતી નથી. આ કારણે પણ તેને અહિંસા મહાવ્રતનું પાલન થાય છે. ૧૫૮.**

---

**'ઉપવાસમાં વિશેષપણે અહિંસાની પુષ્ટિ...'** ૧૫૮. અહિંસામાં નાખ્યું ને પાછું, બધાનું મૂળ તો અહિંસામાં નાખે છે ને?

**भोगोपभोगहेतोः स्थावरहिसा भवेत् किलामीषाम्।**
**भोगोपभोगविरहाद्भवति न लेशोऽपि हिंसायाः।।१५८।।**

**ટીકા :– 'નિશ્ચયથી શ્રાવકોને ભોગ-ઉપભોગના પદાર્થો સંબંધી...'** એની ટીકા.

www.vitragvani.com



**'સ્થાવરહિંસા થાય છે,...'** સંસારના ભોગ-ઉપભોગમાં સ્થાવર હિંસા છે. એકેન્દ્રિય પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. આહાહા..! કહો, ખાવાની ચીજ, પીવાની ચીજમાં મીઠું નાખે, પથ્થરા હોય. ભોગ-ઉપભોગમાં સમજ્યા ને? મકાન ચણાવે. બધા પૃથ્વીના એકેન્દ્રિય જીવ છે. મકાન ચણાવે ને પૃથ્વી નાખે ને પાણીના જીવ નાખે એમાં ગારામાં. ગારાની ભીંત કરે, લ્યોને! પાણી. સચેત એક બિંદુમાં અસંખ્ય જીવ છે. એવા ભોગ-ઉપભોગ. એક વાર ભોગવાય અને વારંવાર ભોગવાય. મકાન આદિ વારંવાર ભોગવાય અને દાળ-ભાત આદિ એકવાર ભોગવાય. એમાં સ્થાવરની હિંસા થાય છે, લ્યો!

**'કેમકે ગૃહસ્થ શ્રાવક ત્રસહિંસાનો તો પૂર્ણ ત્યાગી જ છે.'** જોયું? જેમાં ત્રસ મરે એ તો ત્યાગ છે, આ સિદ્ધિ ત્યાગ, હોં! **'જ્યારે ગૃહસ્થ ઉપવાસમાં સમસ્ત આરંભ-પરિગ્રહ અને પાંચે પાપનો સંપૂર્ણ ત્યાગ કરી દે છે ત્યારે તેને ઉપવાસમાં સ્થાવરહિંસા પણ થતી નથી.'** પેલી ત્રસની હિંસા કરવાનો ભાવ તો છે જ નહિ, ત્યાગ (છે). સ્થાવરહિંસાનો પણ ત્યાગ થયો એમ કરીને **'અહિંસા મહાવ્રતનું પાલન થાય છે.'** લ્યો! સમજાણું? સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને ત્રસને મારવાની વૃત્તિ તો હોય નહિ. કોઈ આરંભ સમારંભ માત્ર થાય પણ સ્થાવર જીવ તો એમાં મરે જ સીધા. એને પણ પ્રોષધ વખતમાં એ હિંસા પણ છૂટીને પોતાના સ્વરૂપમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરે છે એને ત્રસ, સ્થાવર હિંસાનો ત્યાગ થઈને અહિંસા થાય છે. આહાહા..! સમજાણું?

સ્થિરતાની વાત છે ને અત્યારે? આત્મામાં દૃષ્ટિ થયા પછી સ્થિરતા કરે, ત્યારે આ પ્રોષધમાં ત્રસ સ્થાવર હિંસાનો પણ ત્યાં ત્યાગ થઈ જાય (છે) માટે તેને અહિંસા વ્રત સાચું પળે છે. એનું નામ અહિંસાવ્રત છે. આ દુનિયા અહિંસા, અહિંસા કરે છે, મફત સમજ્યા વિના. સમજાણું કાંઈ? એય..! 'વાસુદેવભાઈ'! શું આ અહિંસા શું? ત્રસ બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય તો મરે નહિ, મારવાનો ભાવ જ ન હોય સમ્યગ્દર્શન સહિત. પણ સ્થાવર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ. આ લીલોતરી સમજ્યા ને? પૃથ્વીના જીવ, પાણીના જીવ, એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ. એક પૃથ્વીની આટલી કટકી સંચળની સચેત અસંખ્ય જીવ. અગ્નિની કણીમાં અસંખ્ય જીવ, વાયુમાં અસંખ્ય જીવ, વનસ્પતિમાં અસંખ્ય. બટાટામાં તો અનંત જીવ (છે) એ કહેશે. (એનો) ત્યાગ કહેશે, એ ગાથામાં કહેશે. અનંતકાય તો સદાય માટે ખાય નહિ. સ્થાવરની હિંસા, ત્રસની હિંસા બેનો પ્રોષધમાં ત્યાગ વર્તે છે, માટે તેને અહિંસાવ્રત કહેવામાં આવે છે. આહાહા..! **'આ કારણે પણ તેને અહિંસા મહાવ્રતનું પાલન થાય છે.'** લ્યો! લેશ પણ હિંસા ન કરવી. ૧૫૯.

રૂંવાટે રૂંવાટે જ્યારે આમ ઇયળું પડી હોય અને રૂંવાટે રૂંવાટે આમ ગરમી... ગરમી... ગરમી..., અગ્નિ, અગ્નિ લાગે. એવી ... હોં! અગ્નિ જાણે આખા શરીરમાં તણખા મારે. શું થાય છે કાંઈ ખબર પડતી નથી. શરીરમાં બળું... બળું... થાય છે. અશાતાનો ઉદય

www.vitragvani.com



આવે ને? એક ક્ષણ મારી જાતી નથી. એ દિવસના દિવસ એમાં ગાળવા પડે. રૂંવાટે રૂંવાટે એમ કહે છે એક તસુમાં છન્નું રોગ, શરીરમાં એક તસુમાં, હોં! એવું આખું શરીર રોગથી ભરેલું છે. વેદનાની મૂર્તિ છે શરીર. આત્મા આનંદની મૂર્તિ છે, આ વેદનાની, રોગની મૂર્તિ છે. આહાહા..! એમાં એ રોગ જ્યારે પૂરા ફાટે, પૂરા તો ફાટે શેના? પણ થોડા ઘણા પણ ફાટે, સહ્યા ન જાય, સહ્યા ન જાય. રાડે રાડ (નાખે). ઘરના પંદર માણસ હોય એ નિરાંતે સૂવે ને આ અંદર પીડા (ભોગવે). પછી બીજા ઉપર દ્વેષ કરે. (કોઈ) જાગતા નથી. પણ ક્યાં સુધી માથા ફોડે તારી સાથે? મરવું હોય તો મરશે. અંદરમાં કંટાળો આવે.

એક જણો કહેતો હતો ડોસો. અમારી પાસે તો ઘણા જુવાન માણસ આવે ને? એય..! તમારો પેલો 'મગન', 'મગન' 'તારાચંદભાઈ'નો ને? 'સોમચંદ'નો 'મગન'. બહુ ... ખબર છે? કહે અરે..! છોકરો હવે છૂટી જાય તો સારું. કાકા થાયને એને? તમારા બાપને? 'તારાચંદ ભીમજી' ઘણા વર્ષની વાત છે, હોં! (સંવત) ૧૯૭૮-૭૯ સાલની. બહુ રોગ થઈ ગયો હતો ને કાંઈ? 'મુંબઈ'નું પાણી... જુવાન માણસ, બાય હતી વિધવા, નહિ? પછી ચાલી ગઈ. હવે આ છોકરો છૂટે તો સારું. ઉજાગરા કરવો પડે. હવે ઉજાગરા થાય કેટલા? અને નક્કી થઈ ગયેલું કે, આ બચવાનો નથી. જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી પૈસાનો ખર્ચ અને ઉજાગરા કરવા. ન કરે તો લોકમાં વાંધો ઉઠે. આ તમે કરતા નથી કાંઈ? આ દુઃખી થાય છે, આ કાંઈ વૈદને બોલાવો, કાંઈક આમ કરો. ન કરવું હોય તોપણ કરવું પડે. આ સંસાર તો જુઓ! હોળી ભરી છે એકલી. નક્કી થઈ ગયું કે, આ તો મરવાનો છે. હવે જેટલું તણાશે એટલો ખર્ચ અને ઉજાગરા છે આપણા. અંદરમાં થઈ જાય કે, ભાઈ! ઝટ છૂટે તો સારું. પેલો કહે કે, દીકરો ઝટ જન્મે તો સારું, ત્યારે આ કહે મરે તો સારું. બન્ને રાગ અને દ્વેષ છે. ક્યાંય નથી ન્યાં, અહીં જોને, એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા. આહાહા..! એકલું નિવૃત્ત તત્ત્વ છે. એવા તત્ત્વની ઓળખાણ કરી અને ઠરવાનો પ્રયોગનો કાળ (છે). અહીં પ્રોષધની વાત ચાલે છે ને? સમજાણું કાંઈ? ઉપવાસમાં પણ નિવૃત્તિ માટે ઉપવાસ છે. શુદ્ધોપયોગ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી આવતું? ઉપવાસ આદિ કરે એ જ્ઞાની શુદ્ધોપયોગ વધારવા માટે કરે છે. આવે છે કે નહિ? આવે છે, લખ્યું છે તો ઘણું. આ હવે નક્કી કરવું પડશે રાત્રે. એ રીતે છે એમ બંધ બેસે કે નહિ કે બધું ઉલ્ટું (છે)? કહો, સમજાણું કાંઈ? આહાહા..!

આ તો પોતાના માટે લાભના વખતનો કાળ છે. પણ એવા ટાણે બરાબર ધંધો સારો આવી ગયો હોય તો આઠમને દિ'? કહો, એમાં એવું આવી ગયું કે પાંચ લાખ પેદા થાય. હવે મરી જઈશ, સાંભળને! મુકને પડતો. પેદા થાય કોણે કીધું? આહાહા..! આત્માનો તાર આવે છે કે, બાપા! ઠર ઠર, અંદર ઠર. જો એમાં લાભ છે તને, હોં! એ નવરો થાય નહિ. નવરાશ લઈ અને આ પ્રમાણે અહિંસાને પાળે એને મહાવ્રત કહેવામાં આવે છે.

## ગાથા–૧૫૯

**એ જ રીતે ઉપવાસમાં અહિંસા મહાવ્રતની જેમ બીજાં ચાર મહાવ્રત પણ પળાય છે એ વાત બતાવે છે :-**

**वाग्गुप्तेर्नास्त्यनृतं न समस्तादानविरहतः स्तेयम्।**
**नाब्रह्म मैथुनमुचः सङ्गो नाङ्गेप्यमूर्च्छस्य।।१५९।।**

**અન્વયાર્થ :– અને ઉપવાસધારી પુરુષને [ वाग्गुप्तेः ] વચનગુપ્તિ હોવાથી [ अनृतं ] જૂઠું વચન [ न ] નથી, [ समस्तादानविरहतः ] સંપૂર્ણ અદત્તાદાનના ત્યાગથી [ स्तेयम् ] ચોરી [ न ] નથી, [ मैथुनमुचः ] મૈથુન છોડનારને [ अब्रह्म ] અબ્રહ્મચર્ય [ न ] નથી અને [ अङ्गे ] શરીરમાં [ अमूर्च्छस्य ] નિર્મમત્વ હોવાથી [ सङ्गः ] પરિગ્રહ [ अपि ] પણ [ न ] નથી.**

**ટીકા :– 'वाग्गुप्तेः अनृतं नास्ति, समस्तादानविरहतः स्तेयं नास्ति, मैथुनमुचः अब्रह्म नास्ति, अङ्गे अपि अमूर्च्छस्य सङ्गः नास्ति।' - અર્થ :– ઉપવાસધારી પુરુષને વચનગુપ્તિ પાળવાથી સત્ય મહાવ્રત પળાય છે, દીધા વિનાની સમસ્ત વસ્તુઓનો ત્યાગ હોવાથી અચૌર્ય મહાવ્રત પળાય છે, સંપૂર્ણ મૈથુન કર્મનો ત્યાગ હોવાથી પરિગ્રહત્યાગ મહાવ્રત પળાય છે અને શરીરમાં જ મમત્વપરિણામ ન હોવાથી પરિગ્રહત્યાગ મહાવ્રત પળાય છે. અને શરીરમાં જ મમત્વપરિણામ ન હોવાથી પરિગ્રહ ત્યાગ મહાવ્રત પળાય છે. એ રીતે ચારે મહાવ્રત પાળી શકે છે. ૧૫૯.**

---

**'એ જ રીતે ઉપવાસમાં અહિંસા મહાવ્રતની જેમ બીજા ચાર મહાવ્રત પણ પળાય છે એ વાત બતાવે છે :–'** જુઓ! કારણ કે, તે વખતે વચનગુપ્તિ આદિ છે, એમ કહે છે.

**वाग्गुप्तेर्नास्त्यनृतं न समस्तादानविरहतः स्तेयम्।**
**नाब्रह्म मैथुनमुचः सङ्गो नाङ्गेप्यमूर्च्छस्य।।१५९।।**

લ્યો! **ટીકા :– 'ઉપવાસધારી પુરુષને વચનગુપ્તિ પાળવાથી...'** ત્યાં વચન બોલવાનું હોય નહિ. આત્મામાં અંદર પ્રયોગ કરવાનો (છે). **'સત્ય મહાવ્રત પળાય છે,...'** લ્યો! જોયું? આહાહા..! આઠ આઠ વર્ષના શ્રાવક, હોં! આ પ્રોષધ કરે, આત્મજ્ઞાની લ્યો! ઓહો..હો..! રાજકુમાર હોય, સમ્યગ્દર્શન સહિત શ્રાવકના વ્રત ધાર્યા હોય, એ ધ્યાનમાં પ્રોષધ કરે, આઠમને (ચૌદસને દિ'). ઓહો..હો..! પણ આ રાજ વહિવટ છે ને બધો? મુકને હોળી એની એને ઘરે, અહીં અમારે શાંતિ કરવી એમાં એનું શું કામ છે? સમજાણું કાંઈ? આહાહા..!

www.vitragvani.com



**'મહાવ્રત પળાય છે,...'** જોયું? અસત્યની ભાષા ન મળે. **'દીધા વિનાની સમસ્ત વસ્તુઓનો ત્યાગ હોવાથી અચૌર્ય મહાવ્રત પળાય છે,...'** તે દિ' ક્યાં કોઈનું અન્ન દીધું લેવું છે. અંતરના ઉપવાસમાં આત્માના સમીપનો પ્રયોગ કરે છે, ત્યાં આ છે નહિ. **'સંપૂર્ણ મૈથુન કર્મનો ત્યાગ હોવાથી બ્રહ્મચર્ય મહાવ્રત પળાય છે...'** કહો, સમજાણું? પેલામાં વળી યથાશક્તિ ક્યાંક નાખ્યું હતું, નહિ? વળી અહીં સંપૂર્ણ કહ્યું. પાછો બન્નેનો મેળ થાવો જોઈએ ને? એ ૫૪ ગાથામાં નાખ્યું. **'યથાશક્તિ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. પછી પ્રાતઃકાળે ચાર વાગ્યે પથારી છોડીને જાગ્રત થઈ જવું.'** ૧૫૪ ગાથામાં છેલ્લા શબ્દો હતા. એટલી યથાશક્તિ ન હોય તો મન, વચન, કાયામાં જેમ બને તેમ નિવૃત્તિ લેવી. મનથી પણ એ વિકલ્પ ન આવે, એમ લેવું. સમજાણું કાંઈ? ૧૫૪. પાછળ છે ને? મનથી પણ એમ હોય. પેલા કહે ને? સામાયિક આઠ કોટિએ કરવી, ભાઈ! લ્યો! વળી એ વિચાર આવ્યો. પેલા કહે છ કોટિ. હવે પણ આઠ કોટિ, છ કોટિ... ન્યાં આ કોટિ છૂટે ને આ કોટિ (ન છૂટે), એવો સામાયિક સમતામાં હોય જ નહિ. કહો, એ વિધિ જ ખોટી છે. એય! આ છ કોટિવાળા છે અને આ આઠ કોટિવાળા. છ કોટિ, આઠ કોટિ જ ખોટી છે, અહીં તો કહે છે.

મુમુક્ષુ :– નવ હોય.

ઉત્તર :– નવ જ કોટિ હોય. આમ અંતરમાં એકાગ્ર થવા માટે આટલો ભાગ છૂટો રાખવો છે અને આટલું (રાખવું) એમાં ક્યાં પ્રશ્ન છે? આહા..! સમજાણું? સામાયિકના ઘણા વર્ષ પહેલા વિચાર આવ્યો હતો કે, આ લોકો છ કોટિ, આ કહે આઠ કોટિ. પણ આ છ કોટિ, આઠ કોટિ એટલે શું?

મુમુક્ષુ :– સમતા.

ઉત્તર :– એક મનથી છૂટ રાખી છે પાપની, એમ? તો સમતા ક્યાં આવી અંદર? જ્યાં અંતરમાં પ્રયોગ કરવો છે શાંતિનો એકાગ્રમાં, એમાં વળી કઈ કોટિએ છૂટ રાખીને કરે? જાવજીવનું પચ્ચખાણ કરે એમાં વળી અમુક ભંગ હોય છે. સમજાણું? સામાયિકમાં, પ્રોષધમાં... કહો, એ તો બધો ત્યાગ. આવી ગયું છે ને? મન, વચન, કાયા નથી આવ્યું? મન, વચન, કાયા ત્રણ કોટિએ એ આવી ગયું છે, પહેલા આવી ગયું છે ક્યાંક. નથી આવી ગયું? મન, વચન, કાયા. ૧૫૩ **'कायमनोवचनगुप्तिभिः तिष्ठेत्'** ઉપવાસના દિવસનું કર્તવ્ય બન્યું છે ને? મન, વચન અને કાયા ત્રણે કાઢી નાખ્યા. ત્રણે ગુપ્તિ છે, એમ કહે છે. જ્યાં સુધી મનનો વિકલ્પ રહે તો એટલો એને વ્યવહાર છે પણ એનો પ્રયોગ તો અંદર ઠરવા માટે છે. સમજાણું કાંઈ? ન ઠરી શકે નિર્વિકલ્પમાં, તોપણ એના પ્રયોગમાં રાગ ઘટીને એકાગ્ર જેટલો થાય છે, એટલો એને બહાર શુભભાવ રહે છે.

**'અને શરીરમાં જ મમત્વપરિણામ ન હોવાથી પરિગ્રહત્યાગ મહાવ્રત પળાય છે.'** લ્યો! પ્રોષધ વખતે શરીરની પણ મમત્વ આસક્તિ નથી. આસક્તિની વાત છે ને અહીં? એકત્વબુદ્ધિ

www.vitragvani.com



તો પહેલેથી ત્યાગ થઈ ગયો છે. **'મમત્વપરિણામ ન હોવાથી પરિગ્રહત્યાગ મહાવ્રત પળાય છે.'** આત્માને કમાવાના દિવસની વાત ચાલે છે આ. આહાહા..! આત્મામાં લક્ષ્મીની કમાણી થાય, આત્મ-લક્ષ્મીનો કમાણીનો કાળ, એમાં આમ એણે કરવું એ ચાલે છે. નુકસાનના કાળ તો બધા ચાલ્યા જાય છે. લ્યો! 'ભગવાનભાઈ'! આ સામાયિક અને પોષા ને જુઓને! સાંભળ્યું નહોતું પોષો આવો હશે. અપવાસ કરી નાખે અને બેસે બે જણ વાતું કરવા.

શ્રદ્ધામાં એને એ વાત પહેલી લેવી જોઈએ કે, આત્મા રાગ રહિત (છે) એની દૃષ્ટિ થાય તો એને સમ્યગ્દર્શન કહે (છે) અને તેમાં શાંતિથી વિકલ્પ રહિત ઠરવું એનું નામ ચારિત્ર કહેવામાં આવે છે. ન થઈ શકે તો વિકલ્પ છે એ વ્યવહાર છે, ખરેખર તો પેલું (ઠરવું ઇ) છે. સમજાણું કાંઈ?

## ગાથા–૧૬૦

**હવે અહીં કોઈ શંકા કરે કે જો શ્રાવકને પણ મહાવ્રત છે અને મુનિઓને પણ મહાવ્રત છે તો બન્નેમાં તફાવત શું છે?**

**તો કહે છે :–**

**इत्थमशेषितहिंसाः प्रयाति स महाव्रतित्वमुपचारात्।**
**उदयति चरित्रमोहे लभते तु न संयमस्थानम्।।१६०।।**

**અન્વયાર્થ :– [ इत्थम् ] આ રીતે [ अशेषिताहिंसाः ] સંપૂર્ણ હિંસાઓથી રહિત [ सः ] તે પ્રોષધ ઉપવાસ કરનાર પુરુષ [ उपचारात् ] ઉપચારથી અથવા વ્યવહારનયથી [ महाव्रतित्वं ] મહાવ્રતપણું [ प्रयाति ] પામે છે, [ तु ] પણ [ चरित्रमोहे ] ચારિત્રમોહના [ उदयति ] ઉદયરૂપ હોવાના કારણે [ संयमस्थानम् ] સંયમસ્થાન અર્થાત્ પ્રમત્તાદિ ગુણસ્થાન [ न लभते ] પ્રાપ્ત કરતો નથી.**

**ટીકા :– 'इत्थं अशेषितहिंसाः सः (श्रावकः) उपचारात् महाव्रतित्वं प्रयाति, तु चरित्रमोहे उदयति (सति) संयमस्थानं न लभते।' - અર્થ :– આ રીતે જેને હિંસા બાકી છે એવો શ્રાવક ઉપચારથી મહાવ્રતપણું પામે છે. ખરી રીતે તે મહાવ્રતી નથી, કેમકે પ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહનીય કર્મના ઉદયમાં જોડાવાથી તે શ્રાવક મહાવ્રત સંયમને પ્રાપ્ત થઈ શકતો નથી.**

**ભાવાર્થ :– વાસ્તવમાં જેને પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભનો અભાવ થઈ ગયો છે તે જ મહાવ્રતી સંયમી કહેવાય છે. પણ જેમને તે કષાયોનો અભાવ થયો નથી પણ**

**તેને દ્રવ્યરૂપ પાંચે પાપોનો અભાવ થઈ ગયો હોય તો તેને ઉપચારથી મહાવ્રત છે; ખરી રીતે મહાવ્રત નથી, કેમકે પૂર્ણ સંયમ પ્રમત્ત ગુણસ્થાનમાં જ શરૂ થાય છે અને પ્રમત્ત ગુણસ્થાન પ્રત્યાખ્યાનાવરણ કષાયના અભાવ વિના થતું નથી. આ રીતે પ્રોષધોપવાસનું વર્ણન કર્યું. આ પ્રોષધોપવાસ બધા શ્રાવકોએ કરવો જોઈએ, કેમ કે એમાં પાંચે મહાપાપોનો ત્યાગ થઈ જાય છે અને પાંચે ઇન્દ્રિયોના વિષય તથા કષાયોનું દમન પણ થાય છે. જે ગૃહસ્થ કેવળ માન-મોટાઈ માટે જ ઉપવાસ કરે છે અને પોતાના કષાયોનો ત્યાગ કરતા નથી તેમને ઉપવાસ કરવો એ ન કરવા સમાન જ છે. ૧૬૦.**

---

**'હવે અહીં કોઈ શંકા કરે કે જો શ્રાવકને પણ મહાવ્રત છે અને મુનિઓને પણ મહાવ્રત છે તો બન્નેમાં તફાવત શું છે?'** મુનિઓને મહાવ્રત છે, મહામુનિ છઠ્ઠે ગુણસ્થાને (છે) અને આને (પણ) તમે મહાવ્રત કહો છો. લેશ પણ નથી ને. થોડી પણ હિંસા નથી એમાંથી મહાવ્રત કાઢ્યું છે.

**इत्थमशेषितहिंसः प्रयाति स महाव्रतित्वमुपचारात्।**
**उदयति चरित्रमोहे लभते तु न संयमस्थानम्।।१६०।।**

ટીકા :– **'આ રીતે જેને હિંસા બાકી છે એવો શ્રાવક ઉપચારથી મહાવ્રતપણું પામે છે.'** સમજાણું? હિંસા બાકી છે, એમ લખ્યું છે. એમાં **'આ રીતે સંપૂર્ણ હિંસાઓથી રહિત તે પ્રોષધ ઉપવાસ કરનાર પુરુષ ઉપચારથી અથવા વ્યવહારનયથી મહાવ્રતપણું પામે છે, પણ ચારિત્રમોહના ઉદયરૂપ હોવાના કારણે સંયમસ્થાન અર્થાત્ પ્રમત્તાદિ ગુણસ્થાન પ્રાપ્ત કરતો નથી.'** એમ છે, જુઓને! સમજાણું? પેલું તો એમ લીધું **'अशेषितहिंसाः इत्थम'** એમ છે ને? ઉપલું એમ કર્યું, નીચે આમ કર્યું એમ કહું છું. બેમાં ફેર છે, એમ કહું છું. નહિતર ત્યાં તો એમ છે કે, **'સંપૂર્ણ હિંસાઓથી રહિત...'** **'अशेषितहिंसाः'** એમ જોઈએ. કાંઈ હિંસા રહી નથી. અહીં નીચે કર્યું કે, આ રીતે જેને હિંસા બાકી છે, થોડી રહી છે, થોડો રાગ ચારિત્રમોહનો છે ને? ચારિત્રમોહ છે ને? ત્રીજી ચોકડી. **'એવો શ્રાવકઉપચારથી મહાવ્રતપણું પામે છે.'** લ્યો! ત્રીજી ચોકડી છે ને? નગ્નદિગંબર એને જો ત્રીજી ચોકડી ગઈ હોય તો મુનિ થઈ જાય, ત્રણ કષાયનો ત્યાગ થઈ આત્માના આનંદમાં જુલતો, વસ્ત્રનું પણ નિમિત્ત જેને હોય નહિ. જંગલમાં વનવાસી, વનના હાથી, સંયમી હાથી.

**'ખરી રીતે તે મહાવ્રતી નથી,...'** કારણ કે, એને ત્રીજી ચોકડીનો ઉદય છે. **'કેમકે પ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહનીય કર્મના ઉદયમાં જોડાવાથી તે શ્રાવક મહાવ્રત સંયમને પ્રાપ્ત થઈ શકતો નથી.'** નિવૃત્તિ છે, ઉપચારથી મહાવ્રતી કહેવાય. સમજાણું? ખરેખર છે નહિ. **'વાસ્તવમાં જેને પ્રત્યાખ્યાનાવરણ...'** ત્રીજો કષાય ટળીને સ્વરૂપની સ્થિરતા થઈ છે, એને મહાવ્રતી કહેવામાં આવે છે. જુઓ! આ એમ કીધું છે. તો પેલા એમ લઈ લે કે, આ મહાવ્રત

www.vitragvani.com



છે માટે એને ત્રણ કષાય ટળી ગયા છે.

મુમુક્ષુ :– અવિનાભાવ..

ઉત્તર :– અવિનાભાવ કઈ રીતે? કોને? ત્રણ કષાય ટળ્યા છે એને મહાવ્રતના વિકલ્પ એવા જ હોય છે એવો અવિનાભાવ સંબંધ છે. ત્રણ કષાય ટળી અને સ્વરૂપની સ્થિરતા ઘણી થઈ છે, એને એવા જ મહાવ્રતના વિકલ્પ હોય, એવો અવિનાભાવ સંબંધ છે. પણ મહાવ્રતના વિકલ્પ આ મહાવ્રત છે માટે એને અવિનાભાવ સંબંધે ન્યાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે.

મુમુક્ષુ :– એક તરફી લેવું, બે તરફી લેવું.

ઉત્તર :– બે તરફી પણ હોય એમ લે કે બીજી ઊંધી શી રીતે લે? મહાવ્રત તો ઉપચાર છે, અણઉપચાર તરીકે દર્શન, જ્ઞાન, ચારિત્રની સ્થિરતા થઈ હોય, તો પેલા મહાવ્રતને વ્યવહારચારિત્ર કહેવાય, એ તો પાછળ નિશ્ચયચારિત્ર હોય તો. પણ નિશ્ચયચારિત્ર વિના અંદર દર્શન જ્ઞાનના કારણ વિના એકલા મહાવ્રતના વિકલ્પ વ્યવહારચારિત્ર પણ કહેવામાં આવતું નથી. એ પણ ક્યાં છે મહાવ્રત? વ્યવહારના પણ ઠેકાણા (નથી). ઓહો..હો..!

**ભાવાર્થ :– 'વાસ્તવમાં જેને પ્રત્યાખ્યાનાવરણ...'** એટલે ત્રીજો કષાય. કષાય (નાશ પામ્યો અને) સ્થિરતા એટલી જામી છે મુનિને. આનંદના ક્ષણમાં, સપ્તમ ક્ષણમાં, છઠ્ઠું ક્ષણમાં, સપ્તમ ક્ષણમાં છઠ્ઠું ગુણસ્થાન આવે છે. ક્ષણમાં અતીન્દ્રિય આનંદમાં ગુમ થઈ જાય છે. ક્ષણમાં એવો વિકલ્પ ઉઠે છે. એવી દશાને ભાવલિંગી સંત કહેવામાં આવે છે, એને ત્રીજા કષાયનો નાશ હોય છે. **'પ્રત્યાખ્યાનાવરણ...'** લ્યો! પ્રત્યાખ્યાનનું આવરણ. ભાષા જ ચોખ્ખી એવી છે. પ્રત્યાખ્યાનને આવરણ, પ્રત્યાખ્યાનને આવરણ કરનાર. એ ખસે તો પ્રત્યાખ્યાન થાય. આત્મ પ્રત્યાખ્યાન કરતો નથી માટે એને આ પ્રત્યાખ્યાન આવરણ કહેવામાં આવે છે. સાંભળને! પેલો કહે આમથી લ્યો, પેલો કહે આમથી લ્યો.

સ્વરૂપ ભગવાનઆત્મા, (એમાં) ઠરવું જોઈએ તે ઠરતો નથી માટે તેને ત્રીજી ચોકડી રહી છે. બહારમાં મજા પડે, હોં! આ મજા પડવાનો કાળ પણ એને ગોઠે નહિ. એવું લાગે સાંભળવાની વાત પણ જાણે અંદર શું પણ આ તે? અર..ર..ર..! એકદમ, છોડ, છોડ અને ઠર, ઠર. હવે આમાં ક્યાં અમારે છોડવું? સાંભળ તો ખરો! પણ છોડવા જેવું છે, ઠરવા જેવું છે એવું નક્કી તો કર. જેને ત્રીજો કષાય ટળ્યો છે, તે મહાવ્રત છે એમ કહેવાય.

**'પણ જેમને તે કષાયોનો અભાવ થયો નથી પણ તેને દ્રવ્યરૂપ પાંચે પાપોનો અભાવ થઈ ગયો હોય...'** દ્રવ્યરૂપ, હોં! બહારથી લ્યો એ દ્રવ્યરૂપે આવ્યું, અંદર સ્થિરતા નથી. **'તેને ઉપચારથી મહાવ્રત છે; ખરી રીતે મહાવ્રત નથી,...'** આહાહા..! એ તો અર્જિકાને મહાવ્રત કહેવામાં આવે છે ને? અર્જિકા ઉપચારથી.

સીતાજી, આહાહા..! હજારો રાણીની અગ્રેસર. અગ્નિની પરીક્ષા થઈ, અગ્નિની પરીક્ષા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થઈ. ચાલો હવે ઘરે, 'રામચંદ્રજી' કહે છે. બસ! થઈ 'રામચંદ્રજી', બસ થઈ. તમારા જેવા પુરુષોત્તમ પુરુષને પણ અમારા ભાવનો હૃદયમાં દઢતા છતાં આવી પરીક્ષા લોકલાજ માટે કરી એ સંસાર ન જોઈએ. ('રામચંદ્રજી' કહે છે), પટરાણી ઠરાવું હવે. તમારી પરીક્ષા... એ પટરાણી હવે ગઈ. પાધરા વનમાં ચાલ્યા ગયા. અર્જિકા પાસે. આહાહા..! 'બળદેવ' ત્રણ ખંડનો ધણી 'વાસુદેવ'નો આમ ભક્ત, ભક્ત 'રામચંદ્રજી'નો એ 'લક્ષ્મણ' ભક્ત ત્રણ ખંડનો ધણી. એ 'રામચંદ્ર'ને 'સીતા' (કહે છે), હવે બસ થઈ. અરે..! અમારા ભાવ શું છે તમારા હૃદયમાં હતા. પર પુરુષનો વિકલ્પ અમારા જ્ઞાનમાં, અમારા મનમાં ન હોય, હોં! એ અમને તો છે પણ તમને ખાતરી હતી. અરે..! આવી પરીક્ષાઓ કરાવી અગ્નિની? હાય..હાય..! 'લક્ષ્મણ' તો કહે અરે..! પ્રભુ! બંધ કરો, બંધ કરો. માતાને આ અગ્નિની પરીક્ષા બંધ કરો. નહિ. કરવી પડશે. 'લક્ષ્મણ'! સાંભળ! પરીક્ષા દેવી પડશે નહિતર નહિ અવાય. આહાહા..! સંસારનો રાગ શું કામ કરે છે. મનમાં નક્કી છે કે, એ તો મહાબ્રહ્મચારી છે હોં! લોકમાં, રાજમાં હું છું. 'લક્ષ્મણ' બોલીશ નહિ. હાય..હાય..! અરે..! ધ્રુજે છે 'લક્ષ્મણ' હોં! બિચારો. આ અગ્નિમાં શું થશે? આહાહા..! જ્યાં આમ ભગવાન, ણમો અરિહંતાણં હે અગ્નિ! જો અમે બીજાના વિકલ્પને કર્યા હોય તો શરીરને રાખ કરજે. ધ્યાન રાખજે. આ ધર્મની અને શાસનની આબરુ જાય છે. મારે કાંઈ છે નહિ. યાદ રાખજે, હોં! આ પોકાર કુદરત સામે આમ કરે છે, હોં! આમ કુદરત સામે પોકાર. અમારું બ્રહ્મચર્ય જો પાકુ હોય તો અગ્નિ! ધ્યાન રાખજે, બાળીશ નહિ. શાસનની નિંદા થશે. જુઓને! મેળ ખાય ગયો, ફટ! દેવ આવીને... બસ છે.. બસ છે. સંસાર આ સ્વાર્થ? અમે વનમાં જાશું. આહાહા..! એ ધોળૂં લુગડું એ પહેરે છે અને અર્જિકા પાસે (જાય છે). ઉપચારથી મહાવ્રતી કહેવાય, હોં! સમજાણું?

બસ! વનમાં મશગૂલ છે. એક વાર આહાર માટે ગામમાં આવે. અરે..! રાણીઓને સવાર-સાંજ સાધારણ ખપે નહિ, ઉના ઉના જોઈએ, આ બધું શું મળશે? બધું ટાઢું જ મળે છે. આત્માના આનંદનો તાજો માલ મળે છે. આહાહા..! એ આગળ આ પરિષહ-બરિષહનો ખ્યાલ નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ક્ષણમાં રાણી, ક્ષણમાં આત્માના આનંદનો ધોબી. આહાહા..! કહો, મહાવ્રત આ તો ઉપચાર મહાવ્રત આવ્યું ને? એટલે એને ઉપચાર મહાવ્રત કહેવાય છે એમ કહેવું છે. બાકી અંદરથી ઘણો ત્યાગ છે. ફક્ત કષાયનો ત્રીજો ભાગનો ભાગ ગયો નથી, એથી. બાકી તો મહા અર્જિકા. ઓહો..હો..! મુંડાવી, એક કપડું ધોળુ (રાખ્યું). અરે..! આ જરીના કપડા તમે પહેરતા. સવારમાં કેટલી સુગંધી ઝાડના ફૂલોના ઢગલા ઘરે થતાં, ક્યાં જશો? અમે આનંદમાં જાશું. આહા..હા...! એ ઘરમાં ઠરવા માટેનો એ બધો પ્રયોગ છે. એ શું કહેવાય? ક્ષુલ્લિકા, અર્જિકા, અર્જિકા ને? ક્ષુલ્લિકા નહિ? પછી. જે હોય એ. કહો.

**'પૂર્ણ સંયમ પ્રમત્ત ગુણસ્થાનમાં જ શરૂ થાય છે અને પ્રમત્ત ગુણસ્થાન પ્રત્યાખ્યાનાવરણ**

www.vitragvani.com



કષાયના અભાવ વિના થતું નથી.' એટલે મુનિ. 'આ રીતે પ્રોષધોપવાસનું વર્ણન કર્યું. આ પ્રોષધોપવાસ બધા શ્રાવકોએ કરવો જોઈએ, કેમકે એમાં પાંચે મહાપાપોનો ત્યાગ થઈ જાય છે અને પાંચે ઇન્દ્રિયોના વિષય તથા કષાયોનું દમન પણ થાય છે. જે ગૃહસ્થ કેવળ માન-મોટાઈ માટે જ ઉપવાસ કરે છે અને પોતાના કષાયોનો ત્યાગ કરતા નથી તેમને ઉપવાસ કરવો એ ન કરવા સમાન જ છે.' બીજા શિક્ષાવ્રતની વાત થઈ, ત્રીજાની વાત કરશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૧૬૧

ત્રીજું શિક્ષાવ્રત-ભોગોપભોગપરિમાણ

भोगोपभोगमूला विरताविरतस्य नान्यतो हिंसा।
अधिगम्य वस्तुतत्त्वं स्वशक्तिमपि तावपि त्याज्यौ।।१६१।।

અન્વયાર્થ :– [ विरताविरतस्य ] દેશવ્રતી શ્રાવકને [ भोगोपभोगमूला ] ભોગ અને ઉપભોગના નિમિત્તે થતી [ हिंसा ] હિંસા થાય છે [ अन्यतः न ] અન્ય પ્રકારે થતી નથી, માટે [ तौ ] તે બન્ને અર્થાત્ ભોગ અને ઉપભોગ [ अपि ] પણ [ वस्तुतत्त्वं ] વસ્તુસ્વરૂપ [ अपि ] અને [ स्वशक्तिम् ] પોતાની શક્તિને [ अधिगम्य ] જાણીને અર્થાત્ પોતાની શક્તિ અનુસાર [ त्याज्यौ ] છોડવા યોગ્ય છે.

ટીકા :– 'विरताविरतस्य भोगोपभोगमूला हिंसा भवति। अन्यतः न इति हेतोः भावकेन वस्तुतत्त्वं अधिगम्य तथा स्वशक्तिम् अपि अधिगम्य तौ अपि भोगोपभोगौ अपि त्याज्यौ' - અર્થ :– દેશવ્રત પાળનાર શ્રાવકને ભોગના પદાર્થો સંબંધી અને ઉપભોગના પદાર્થો સંબંધી હિંસા થાય છે, પણ બીજા કોઈ પ્રકારે હિંસા થતી નથી. આ કારણે વસ્તુસ્વરૂપ જાણીને તથા પોતાની શક્તિને પણ જાણીને તે ભોગ અને ઉપભોગને છોડવા.

ભાવાર્થ :– જે એકવાર ભોગવવામાં આવે તેને ભોગ કહે છે. જેમ કે દાળ, ભાત, રોટલી, પુરી, પાણી, દૂધ, દહીં, પેંડા, જલેબી, પુષ્પમાળા વગેરે બધા ભોગ પદાર્થો છે. જે વારંવાર ભોગવવામાં આવે તેને ઉપભોગ કહે છે. જેમ કે કપડાં, વાસણ, ઘર, મકાન, ખેતર, જમીન, ગાય, બળદ વગેરે બધા ઉપભોગ પદાર્થો છે. શ્રાવકને આ પદાર્થોના સંબંધથી હિંસા થાય છે તેથી શ્રાવકોએ આ હિંસાનાં કારણોનો શીઘ્ર ત્યાગ કરવો જોઈએ. ૧૬૧.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**પ્રવચન નં. ૬૩ ગાથા–૧૬૧ થી ૧૬૨ શુક્રવાર, અષાઢ સુદ ૭, તા. ૧૪-૦૭-૧૯૬૭**

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે, એની ૧૬૧ ગાથા.

**'ત્રીજું શિક્ષાવ્રત-ભોગોપભોગોપરિમાણ...'** પ્રથમ તો સમ્યગ્દર્શન પછી કેમ સ્થિરતાનો અંશ આવે એની વાત છે. સમજાણું? એક માણસે હમણા પ્રશ્ન કર્યો હતો, કોઈ આવ્યો હતો, શ્વેતાંબર હશે. એ કહે, આ વિષયની વાસના ઘટતી નથી એનું શું કરવું? હમણા આવ્યા હતા. વ્યાખ્યાનમાં ગયા હતા. પુસ્તકો લઈ ગયા. શ્વેતાંબર હશે. કીધું, પહેલી વાત એ છે, કે પરમાં સુખબુદ્ધિનું ટળવું થાય, તો તેની વાસના ટળે. એટલે કે આત્મામાં આનંદબુદ્ધિ થાય તો વાસના ટળે. એ બિચારા આવ્યા હતા. વ્યાખ્યાન સાંભળ્યું અને કાંઈક પુસ્તકો લઈ ગયા. બહુ સારી વાત કહે, બહુ સારી વાત!

જુઓ, ભાઈ! એમ વાસના ટળે એમ નહિ. આત્મામાં આનંદ છે એવી બુદ્ધિ પાકી થયા વિના, પરમાં સુખબુદ્ધિ ટળે નહિ. આસક્તિ રહે એ (જુદી), અહીં તો હજી સુખબુદ્ધિ છે. 'સેઠી'! આત્મામાં આનંદ છે, એ કોઈ રીતે અનંત પુરુષાર્થથી પણ એણે નક્કી કરવું જોઈએ. એ આનંદ નથી વિષયોમાં. જેમ મડદા પાસે બેઠા હોય અને સુખ ન આવે. સુખ આવે? એ દાખલો યાદ આવી ગયો હતો, પેલા છપ્પનિયાનો. ત્યાં અમારે છપ્પનિયાનું હતું ને? 'ઉમરાળા'માં બહાર નદીમાં નીકળવાનો દરવાજો છે. બહુ પેલા ખાતા ને .... થી ઘઉં આવતા. રાત્રે નીકળવા ન દ્યે. સાંજ પડે થોડું અંજવાળુ હોય તો જોવા નીકળીએ. એક પડ્યું હોય મડદું, એક મરવાની તૈયારી અને એક હજી થોડી વાર હોય, એવા બધા એકસાથે પડ્યા હોય. પેલો મરી ગયો હોય રાત્રે તો જોડે જરી કાંઈક શ્વાસ લેતો હોય. પણ શું કરે? ઊઠી શકે નહિ એવા પાંચ-છ જણ એકસાથે સૂતા હોય. છપ્પનિયામાં રાજ તરફથી ઘઉંની ઘૂઘરી આપતા. ખાઈને, પછી પેટપાણી મોટા પેટ ઠરે અને મરે એક પછી એક. એ મડદા પાસે શું ગોઠતું હશે? અને તે અંધારું. કોઈ માણસ નહિ. નદિનો કાંઠો મસાણનો ને આની કોર મડદાં.

એમ આત્મામાં આનંદ છે અને પરમાં આનંદ નથી. પરમાં મરી ગયેલા મડદાં છે. શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પૈસા એ બધા મડદાં છે, એમાં સુખ નથી. એમ બુદ્ધિ થયા વિના એનું પડખું એ છોડે નહિ. કહો, સમજાણું કાંઈ? આત્મામાં આનંદ છે અને એ સિવાય જેટલા પદાર્થ સ્ત્રી, કુટુંબ, પૈસા, આબરૂ, કીર્તિ, મકાન, મહેલ બધાં મડદાં છે. સુખને માટે મરી ગયેલા છે ઇ. એમાં સુખનું જીવન નથી, સુખની એમાં હયાતી નથી. સુખની હયાતી એમાં નથી તો બધા મડદાં છે. 'વલ્લભદાસભાઈ'! ભારે વાત, ભાઈ! એય..! 'રતિભાઈ'! આ બધા પૈસાવાળા રહ્યા, જુઓને! એને કેટલા લોકો બધા સુખી-સુખી બહુ કહે છે. આહાહા..!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ છપ્પનિયાનું જોયું છે ને એ જ યાદ આવ્યું. પેલાએ કીધું હતું ને? પૂછ્યું કે અમારે શું કરવું? શ્વેતાંબર (છું), અમે દર્શન કરવા આવ્યા, પણ આપનું નામ બહુ સાંભળ્યું તો હું દર્શન કરવા આવ્યો. કોઈક સાધુએ પણ અમને કહ્યું હતું. કોઈ અન્યમતિ બાવો હશે, કોઈક આવી ગયો હશે. કહે ત્યાં જાવ... ત્યાં જાવ. કોઈ એવી ધ્યાનની યુક્તિ છે કે કાંઈક આમ ધ્યાન કરીએ? એવી વાત અહીં નથી, બાપા! એવો કોઈ શબ્દ-બબ્દ આપે તો આમ ધ્યાન કરીએ ને બસ, ધર્મ થઈ જાય. એવી વસ્તુ નથી, ભાઈ! એ બધા ગપ્પા માણસ મારતા હોય ને. કોઈ જાપ કરવાનું કહે તો એ વિકલ્પ છે. પણ વસ્તુ શું છે? આ ચૈતન્ય કોણ છે? સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની...

કાલે બપોરના આવ્યું હતું ને. જુઓ! વારંવાર કહીએ છીએ ને. એવું છે. પેલું આવે છે ને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં? કે કેવળજ્ઞાનીને પણ સાત તત્ત્વની શ્રદ્ધા છે. એ શ્રદ્ધા કાંઈ ગઈ નથી. ત્યારે એનો અર્થ શું થયો? કે કેવળજ્ઞાનીએ પણ આત્મા આનંદસ્વરૂપ છે, રાગરહિત છે એવું એમણે એ વખતે પણ પહેલું માન્યું હતું અને એ વખતે પણ એમ જ છે. સમજાણું? એ તો વળી કાલે ભક્તિમાં યાદ આવ્યું હતું. કે આ ઘણી વાર કહું છું ને? કેવળીએ દીઠેલો આત્મા માને. પણ એ કેવળીએ પોતે જ એમ માન્યું છે. 'શશીભાઈ'!

મુમુક્ષુ :- વર્તમાનમાં એમ માને છે?

ઉત્તર :- વર્તમાનમાં, એ વર્તમાનમાં એમ માને છે. અહીં તો એ કહેવું છે. સર્વજ્ઞ પરમેશ્વર સાતતત્ત્વની શ્રદ્ધામાં... એને સમ્યગ્દર્શન છે કે નહિ? તો સાત તત્ત્વની શ્રદ્ધા સમ્યગ્દર્શન તો નીચે છે એવી ત્યાં છે. એ તો જ્ઞાનની વિશેષતા છે એટલે સ્પષ્ટ છે એટલું. કેવળજ્ઞાની પરમાત્માએ, વીતરાગદેવે પણ પોતાના આત્માની એવી શ્રદ્ધા કરી છે અને અત્યારે છે. એ આત્મા પરિપૂર્ણ આનંદમૂર્તિ છે. આસ્રવ હતો એ એમાં નહોતો. એ અત્યારે સંવર, નિર્જરાપૂર્વક ટાળ્યું છે, એવું એણે ભાન કર્યું છે. સમજાણું કાંઈ? આવે છે એમાં જરી, નહિ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'. સાત તત્ત્વનું ત્યાં ઉતાર્યું છે. સમજાણું?

આ વસ્તુ છે. સર્વજ્ઞ પરમેશ્વર, કેવળજ્ઞાની એ અસંખ્યપ્રદેશી અનંતગુણનોપુંજ, આનંદમૂર્તિ અનંતગુણ સમાજ. અસંખ્યપ્રદેશી અનંતગુણપુંજ. એવો જે આત્મા સર્વજ્ઞ પણ એમ જ પ્રતીતમાં વર્તમાનમાં કેવળજ્ઞાન થયું છતાં શ્રદ્ધામાં એવો જ વર્તે છે. કહો, સમજાણું કાંઈ? એમ સમ્યગ્દષ્ટિને ધર્મમાં... પહેલાં જ ધર્મમાં એને આત્મા, અસંખ્યપ્રદેશી અનંતગુણપુંજ, અને આનંદ એમાં જ છે. બીજે ક્યાંય આનંદ નથી. ઇન્દ્રના ઇન્દ્રાસનમાં નથી. મડદાં, એ બધાં મડદાં છે. મડદા પાસે રહેવું અને સુખે રહેવું. એમ બની શકે? એમાં ચેન નથી કહે છે. આહાહા..! 'શશીભાઈ'! સમ્યગ્દષ્ટિ પોતાના આનંદના જીવન આગળ બીજા બધાને મડદા માને છે કે આ મડદામાં, મડદામાં તો ક્યાંય મારું સુખ છે નહિ. મારું જીવન પરમાં ક્યાંય નથી. આહાહા..! 'વલ્લભદાસભાઈ'!

www.vitragvani.com



મુમુક્ષુ :– ભાવનગર...

ઉત્તર :– આજે 'ભાવનગર' આવ્યું છે ને! કહે છે. ભગવાનઆત્મા પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરે એવો જોયો અને એવો એ વખતે માને છે. આહાહા..!

મુમુક્ષુ :– એને પ્રતીતિ છે ને.

ઉત્તર :– એને પ્રતીતિ ચાલી ગઈ છે? એમાં નથી લખ્યું? પ્રતીતિ અપ્રતીતિ થઈ ગઈ છે? પ્રતીતિ ખોટી માની છે? એ બધા શબ્દો એમાં છે. કહો, સમજાણું? જુઓ! અહીં છે કે ક્યાં છે? ૩૨૩ પાને (નવમો અધિકાર) છે. **'પ્રશ્ન :– છદ્મસ્થને તો પ્રતીતિ–અપ્રતીતિ કહેવી સંભવે છે, તેથી ત્યાં સાત તત્ત્વોની પ્રતીતિને સમ્યક્ત્વનું લક્ષણ કહ્યું તે અમે માન્યું,'** સમજ્યા ને? **'પણ કેવળી–સિદ્ધભગવાનને તો સર્વનું જાણપણું સમાનરૂપ છે.'** સર્વજ્ઞ પરમેશ્વર, એક સેકન્ડના અસંખ્યભાગમાં જેનો જ્ઞાન વિકાસ પૂર્ણ થઈ ગયો. સમજાણું? માનવતાનો વિકાસ નહિ, આ આત્માનો વિકાસ પૂર્ણ થઈ ગયો. આહા..! એવો જે ભગવાન સર્વજ્ઞનો આત્મા, એને સર્વનું જાણપણું સમાન છે. **'તેથી ત્યાં સાત તત્ત્વોની પ્રતીતિ કહેવી સંભવતી નથી અને તેમને સમ્યક્ત્વગુણ તો હોય છે જ, માટે ત્યાં એ લક્ષણનું અવ્યાપ્તિપણું આવ્યું?'**

**'ઉત્તર :– જેમ છદ્મસ્થને શ્રુતજ્ઞાન અનુસાર પ્રતીતિ હોય છે...'** છદ્મસ્થને ભાવશ્રુતજ્ઞાન અનુસાર પ્રતીતિ હોય છે. તેમ કેવળી અને સિદ્ધ ભગવાનને,.. જોયું? બન્નેને. કેવળજ્ઞાન અનુસાર જ પ્રતીતિ હોય છે. ભગવાન કેવળીને અને સિદ્ધ પરમાત્માને પણ કેવળજ્ઞાન અનુસાર જ પ્રતીતિ હોય છે. **'સાત તત્ત્વોનું સ્વરૂપ પહેલા બરાબર નિર્ણીત કર્યું હતું તે જ હવે કેવળજ્ઞાન વડે જાણ્યું એટલે ત્યાં પ્રતીતિમાં પરમ અવગાઢપણું થયું.'** જ્ઞાન નિર્મળ થયું અને પ્રતીતિ પરમ અવગાઢ થઈ. **'તેથી જ ત્યાં પરમ અવગાઢસમ્યક્ત્વ કહ્યું છે. પણ પૂર્વે જે શ્રદ્ધાન કર્યું હતું તેને જો જૂઠ જાણ્યું હોત તો ત્યાં અપ્રતીતિ થાત;...'** એય...! પ્રતીતિ-અપ્રતીતિનો ઉત્તર આપ્યો છે. બહુ વાત કરી છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો 'ટોડરમલ્લજી'એ હજારો શાસ્ત્રોના દોહન ભર્યા છે. હવે એને પણ કેટલાક પોતાના મદ આગળ અપ્રમાણિક ઠરાવે.

**'પરંતુ જેવું સાત તત્ત્વોનું શ્રદ્ધાન છદ્મસ્થને થયું હતું...'** જેવું સાત તત્ત્વોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શનમાં છદ્મસ્થને પૂર્ણ શુદ્ધ અભેદ દષ્ટિ જે થઈ હતી **'તેવું જ કેવળી-સિદ્ધભગવાનને પણ હોય છે,...'** આત્માનું. આપણે અહીં આત્મા લેવો છે. **'માટે જ્ઞાનાદિકની હીનતા-અધિકતા હોવા છતાં પણ તિર્યંચાદિક અને કેવળી-સિદ્ધભગવાનને સમ્યક્ત્વગુણ તો સમાન જ કહ્યો.'** ઢોર-પશુને સમકિત થાય કે નારકીજીવને આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક નિર્વિકલ્પ વસ્તુ (છે), એવી પ્રતીત, શ્રદ્ધા, સાતમી નરકના નારકીને થાય, પશુને થાય, તેવું જ સમકિત સિદ્ધને હોય છે. સમકિતમાં કાંઈ ફેર નથી. આહાહા..! કહો, 'સેઠી'! આ 'મોક્ષમાર્ગ પ્રકાશક'તો તમારે ઘરે (હોય). અગિયાર હજાર છપાણા છે.

જુઓ! **'વળી પૂર્વ અવસ્થામાં તે એમ માનતો હતો કે 'સંવર-નિર્જરાવડે મોક્ષનો ઉપાય**

www.vitragvani.com



**કરવો,' હવે મુક્તઅવસ્થા થતાં એમ માનવા લાગ્યો કે 'સંવર-નિર્જરાવડે મને મુક્તદશા પ્રાપ્ત થઈ.' પહેલા જ્ઞાનની હીનતાથી જીવાદિકના થોડા ભેદો જાણતો હતો અને હવે કેવળજ્ઞાન થતાં તેના સર્વ ભેદો જાણે છે, પરંતુ મૂળભૂત જીવાદિકના સ્વરૂપનું શ્રદ્ધાન જેવું છદ્મસ્થને હોય છે તેવું જ કેવળીને પણ હોય છે.'** જુઓ! કેટલી વાત લીધી છે! એકેએક વાત સંભાળી છે. **'જોકે કેવળી-સિદ્ધભગવાન અન્ય પદાર્થોને પણ પ્રતીતિ સહિત જાણે છે તોપણ તે પદાર્થો પ્રયોજનભૂત નથી...'** ઠીક! **'તેથી સમ્યક્ત્વગુણમાં સાત તત્ત્વોનું શ્રદ્ધાન જ ગ્રહણ કર્યું છે. કેવળી-સિદ્ધ..'** હવે છેલ્લે લે છે, જુઓ!

**'કેવળી–સિદ્ધભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી..'** સર્વજ્ઞ પરમેશ્વર અને સિદ્ધપ્રભુ રાગરૂપે થતા નથી **'અને સંસાર અવસ્થાને ઇચ્છતા નથી તે આ શ્રદ્ધાનું બળ જાણવું.'** ત્યાં સમકિત સિદ્ધ કર્યું. અહીં જેમ શ્રદ્ધાના બળે રાગરૂપે પરિણમવું એવું છે નહિ, એવી ને એવી દશા ત્યાં રહી છે, એમ કહે છે. સમજાણું કાંઈ? કેવળી અને સિદ્ધ ભગવાન બન્ને સંસારને ઇચ્છતા નથી અને રાગાદિરૂપ થતા નથી. શ્રદ્ધા. શુદ્ધ ચૈતન્યમૂર્તિ અભેદ અખંડ એવી પ્રતીત આસ્રવભાવ આદિ મારામાં નથી એવી પ્રતીતિ જ્ઞાનમાં સાથે છે ને? સંવર, નિર્જરા મોક્ષ આદિની એક સમયની પર્યાય છે. એ ત્રિકાળ દ્રવ્યમાં નથી. પર્યાયમાં આખું દ્રવ્ય આવ્યું નથી. એવી જે પ્રતીત થઈ છે એ પ્રતીત પરમ અવગાઢપણે ત્યાં વર્તે છે. પ્રતીત ખોટી થઈ છે એમ છે નહિ. કહો, આખો પેરેગ્રાફ એના માટે લીધો છે.

પછી તો કહ્યું, **'સમ્યગ્દર્શનને તો મોક્ષમાર્ગ કહ્યો હતો, તો મોક્ષમાં તેનો સદ્ભાવ કેવી રીતે કહો છો?'** એ પ્રશ્ન પછી કર્યો છે. ભાઈ! એક શાખાની ઘણી શાખા, પ્રશાખા થાય, શાખા એની એ રહે છે. એક ઝાડમાં એક શાખા થઈ, તો એક શાખાના આશ્રયે ઘણી શાખા થાય. ત્યાં પેલી શાખા વઈ જાય, એવું કાંઈ નથી. એમ આત્મામાં પૂર્ણ શુદ્ધ આનંદસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન થયા, એ શ્રદ્ધા-જ્ઞાન શાખા થઈ. હવે એને આશ્રયે અનેક પ્રકારે જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિની પૂર્ણદશા થઈ. ભલે થઈ, પણ પેલી શાખા તો એમ ને એમ છે. 'શશીભાઈ'! આહાહા..!

અંતરનો અભ્યાસ લોકોને નહિ એટલે બધાને એવું લાગે કે આ શું? વસ્તુ અંતર છે. આત્મકલ્યાણ અંતરમાં છે, બહારથી કાંઈ થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, કો'કનું કલ્યાણ કરવું છે કે આત્માનું કરવું છે? પહેલો પ્રશ્ન એમ કહે છે. 'પંચાધ્યાયી'માં તો કહ્યું, ભાઈ! પહેલું 'આયેયં' આત્મહિત કરવું. પછી વળી વિકલ્પ હોય તો વળી આવે, પરહિતનું થાય. પણ પહેલું આત્મહિત કરવું. એમાં પહેલું-છેલ્લું... એ તો પરનું હિત તો વિકલ્પ આવે અને થવું (હોય તો થાય), તે પણ પરનું થવું હોય તો થાય. કાંઈ તારાથી થતું નથી. શબ્દ તો એમ જ આવે ને? 'પંચાધ્યાયી'માં આવે છે. 'આયેયં કાયયં' પહેલા આત્મહિત કરવું, પછી પરહિત કરવું. એમ આવે, વ્યવહારથી ભાષા એમ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્મહિત કરવાની અહીં વાત છે. આત્મા એ વિકારના પરિણામ અને શરીરની જડ આદિની ક્રિયાઓ, એનાથી રહિત છે. એવો આત્મા અનંતા આનંદસહિત છે એવી પ્રતીતિ થતાં, એને ક્યાંય ઇન્દ્રના ઈન્દ્રાસનમાં કે ચક્રવર્તીની છન્નુ હજાર સ્ત્રી હોય તો પણ ક્યાંય સુખબુદ્ધિ નથી. સુખબુદ્ધિ આખા લોકમાંથી ઊડી ગઈ છે. આહાહા..! રુચિ-રુચિ હોં! આસક્તિ રહે એ જુદી, એ તો રાગ છે. પ્રેમ રસ નથી. રસ નથી. મારો આનંદ મારામાં છે. અરે..! આ આનંદને ચૂકીને, આ જરી રાગ થાય છે તે દુઃખમાં... દુઃખમાં... દુઃખમાં આવું છું એમ માને છે. રોગ. કાલે આવ્યું હતું ને આપણે? રોગ-રોગ માને. રાગને રોગ માને. ધર્મી ભોગના રાગને રોગ માને. મજા ન માને. આહાહા..! મજા માને તો તત્ત્વની દૃષ્ટિ જ વિપરીત થઈ ગઈ. કારણ કે રાગ અને અજીવમાં સુખ નથી. અને સુખ માન્યું તો તત્ત્વની વિપરીત દૃષ્ટિ થઈ. કહો, બરાબર છે, 'સેઠી'!

આત્મામાં શુભ-અશુભરાગ અને શરીર ને આ બધા પદાર્થ, આ સુખ એમાં નથી. છતાં એ સુખ એમાં માન્યું એ તત્ત્વથી વિરુદ્ધ થઈ ગયું, વિપરીત દૃષ્ટિ થઈ. અને મારા સુખ માટે મને બીજા આધારની જરૂર પડે, એ પણ આત્મામાં સ્વતંત્ર સુખ છે, શ્રદ્ધા એને ન રહી. સમજાણું કાંઈ? આ કરવાનું છે, કહે છે. કોણ સેવા-બેવા કરતો હતો? વાત્સલ્ય ન કરો તો લુખ્ખા થઈ જશો, ઢીકણું થઈ જશો. નહિ? એમ કહેતા હતા ને?

મુમુક્ષુ :– .. છોડી દે.

ઉત્તર :– ક્યાંય મગ્ન નથી. પોતાને રાગ છે માટે મફતનો પડ્યો છે. કો'કની સેવા કોણ કરે છે? મફતનો. આહાહા..!

અહીં તો કહે છે, જુઓ! એ શ્લોક છે ને?

**भोगोपभोगमूला विरताविरतस्य नान्यतो हिंसा।**
**अधिगम्य वस्तुतत्त्वं स्वशक्तिमपि तावपि त्याज्यौ।।१६९।।**

**'દેશવ્રતી શ્રાવકને..'** એ આત્માનું ભાન થયેલા એવા ધર્મીએ... એ.. હિન્દી (પુસ્તક) આપજો એમને. જો હિન્દી 'સમયસાર' હોય તો. ભાઈ આવ્યા છે. 'સમયસાર' ક્યાં છે? 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. હિન્દી છે બીજું? હિન્દી હશે, હિન્દી જ છે ને? આ બધા હિન્દી છે.

**'દેશવ્રતી શ્રાવક..'** એમ કહેતાં જ આત્માને શુદ્ધ શ્રદ્ધામાં આનંદમૂર્તિ છે એમ શ્રદ્ધામાં લીધો છે. એટલે પરમા આનંદ છે એ બુદ્ધિ બધી મડદા જેવી થઈ ગઈ છે. હવે આસક્તિ રહી છે. આસક્તિમાં ઘટાડો કરવો અને આત્મામાં સ્થિરતા કરવી એનું નામ વ્રત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ધર્મીને સમ્યગ્દર્શન થવા છતાં, પરપદાર્થ પ્રત્યેમાં સુખબુદ્ધિ... બીજી રીતે કહીએ તો પરપદાર્થને આશ્રયે સંવરબુદ્ધિ, નિર્જરાબુદ્ધિ બધી નીકળી ગઈ છે. સમજાણું કાંઈ? હિતબુદ્ધિ, સુખબુદ્ધિ બધી ગઈ છે. પણ પરપદાર્થ પ્રત્યેની હજી આસક્તિનો ભાવ સમ્યગ્દૃષ્ટિને હોય છે. એ ન હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય. એ આસક્તિનો ઘટાડો

કરવા આત્મામાં સ્થિરતા કરવી અને એમાં જે આવા વ્રતના વિકલ્પો આવે તેને દેશવ્રતી શ્રાવક કહેવામાં આવે છે.

**'દેશવ્રતી શ્રાવકને ભોગ અને ઉપભોગના નિમિત્તે થતી...'** એકવાર ભોગવાય અને વારંવાર ભોગવાય એવી ચીજ. ભોગ એટલે સમજ્યાને? દાળ, ભાત, રોટલી. નીચે ભાવાર્થમાં છે. **'પૂરી, પાણી, દૂધ, દહીં, પેંડા, જલેબી, પુષ્પમાળા...'** એ બધા ભોગ કહેવાય. એ એકવાર ભોગવાય. પછી કાંઈ વારંવાર ભોગવાય? પેંડા એકવાર ખાધા પછી એના એ પેંડા ફરીવાર હોય? દાળ, ભાત, રોટલી. રોટલી એકવાર ખાધી પછી એને ફરીવાર ખાઈ શકો છો? એ એક ભોગ કહેવાય. સમજાણું? પાણી, દૂધ, દહીં, પેંડા, જલેબી. લ્યો. દહીં અને પેંડા બે ભેગા આવ્યા. **'જલેબી, પુષ્પમાળા વગેરે બધા ભોગપદાર્થો છે.'** એય...! જુઓ! અહીં તારા દહીં અને પેંડા બે ભેગું આવ્યું. કેળા, કેળા ખાય છે નહિ? દહીં? શીખંડ-શીખંડ. કહો સમજાણું આમાં?

અને **'વારંવાર ભોગવવામાં આવે તેને ઉપભોગ કહે છે. જેમ કે કપડાં,...'** કપડાં તો વારંવાર ભોગવાય. એનું એ કપડું એકવાર ભોગવીને કાઢી નાખે? **'કપડાં, વાસણ, ઘર, મકાન, ખેતર, જમીન, ગાય, બળદ,...'** સ્ત્રી **'વગેરે બધા ઉપભોગ પદાર્થો છે.'** જે વારંવાર ભોગવવામાં આવે એવી ચીજ એ છે. સમજાણું? એમાં હિંસા થાય છે, કહે છે. આત્માનો અનુભવ ભોગનો છોડી અને જેટલો આસક્તિનો અનુભવ થાય તેટલી હિંસા છે. એમ કહે છે.

મુમુક્ષુ :– કોણ મરી ગયું?

ઉત્તર :– એ આત્માના પ્રાણ મરી ગયા. ભગવાનઆત્મા આનંદ જીવન છે. આનંદ એનું જીવન છે, આનંદ એનો જીવ સ્વભાવ છે, આનંદ એનો પ્રાણ છે. આનંદ આત્માના પ્રાણ છે. આનંદના હોવાવાળી સત્તા, આનંદનું જ્ઞાન અને દર્શન, એવા એ પ્રાણવાળું જીવન છે. એ પ્રાણવાળા જીવનની પહેલી પ્રતીતિ–ભાન કર્યું. પણ પછી જેટલી આસક્તિ થાય, એટલે આનંદપ્રાણ એટલા લુંટાય છે. એનું નામ હિંસા કહેવામાં આવે છે. 'કનુભાઈ'! આતો બધી વ્યાખ્યા પણ જુદી છે. ત્યાં તમે આટલા બે વર્ષ રહ્યા ત્યાં સાંભળી પણ નહી હોય.

મુમુક્ષુ :– ન્યાં છે ક્યાં તો સાંભળે.

ઉત્તર :– પણ વાંચવા નવરા થયા હશે કે નહિ? એમ તમે કાંઈ ન કહ્યું. કીધું કાંઈક બોલશે હમણા.

મુમુક્ષુ :– ...એટલા વર્ષ તો થવા જોઈએ ને.

ઉત્તર :– એમ! વાહ ઠીક! એટલા વર્ષ થાય પછી નવરા થઈશું. હમણા તો નવરાશ નથી એમ કહે છે દલાલ. એ તો જાજા વર્ષ પછી નિવૃત્ત થયા છે ને. તો પછી જુવાન અવસ્થામાં નિવૃત્ત થઈ જાય? પણ જુવાન અને વૃદ્ધ કહેવું કોને? આહાહા..! કયે કાળે દેહ છૂટશે એનો નિર્ણય છે? નિર્ણય લાવ્યો છે? આહાહા..!

www.vitragvani.com



'ધર્મરાજા' પાસે એક માણસ દાન લેવા આવ્યો હતો. આ કથામાં આવે છે ને? આ 'ધર્મરાજા' હતા ને? 'ભીમ'ના ભાઈ. દાન લેવા આવ્યા દાન. 'ધર્મરાજા' કહે આજ નહિ કાલે આવજે. એટલે પછી 'ભીમે' નગારું વગાડ્યું. નગારું વગાડ્યું. ઓહો..! મારા ભાઈને કાલનો ભરોસો તો આવી ગયો લાગે છે. સમજાય છે? આજ નહિ, કાલે આવજે. એટલે કાલ સુધી જીવવાનું નક્કી થઈ ગયું લાગે છે આને. નગારું વગાડ્યું. કેમ? 'ભીમ' આમ કેમ? કે આ દાન દેવાની ના પાડો છો અને કહે છે કે આજ નહિ કાલે. તો કાલે હજી જીવવાનું છે કે નહિ એ નક્કી કર્યું લાગે છે મારા ભાઈએ તો. ખાતરી થઈ લાગે છે કે કાલે (જીવવાનું છે). કાલની એક સમયની કોને ખબર છે? આહાહા..! ક્યાંના ક્યાં દેહ છૂટે છે, જુઓને!

હમણાં કહે છે, 'મહુવા'માં એક છોકરો ઊભો હતો બિચારો. અને ગોળી ત્યાં ગઈ લ્યો. એને મારવું નહોતું. કોઈક સવારમાં કહેતું હતું. આપણને ક્યાં ખબર હોય. વાતો કરે એ સાંભળીએ. પેલામાં નહોતો. છેટે હતો. મારતો હતો પેલો આમ અને ત્યાં (આને ગોળી વાગી). આયુષ્ય પૂર્ણ થાય ત્યારે કેવા નિમિત્તો હોય છે. કુદરત શું ભજે છે! એની પર્યાય... હવે એનું આયુષ્ય પૂરું થયેલું. એ વાગી ગોળી. પેલા હતા ત્યારે વાગ્યું નહિ. આ બિચારો શું કરવા ઊભો હશે? ક્યાંથી આવીને ઊભો હશે? પણ ભાઈ! એની સ્થિતિ જ પૂરી થઈ, બાપુ! નહિતર હોય નહિ. આહાહા..! એક સમયમાં શરીર, કર્મ આખું ફરીને પરમાણુ બીજે જવાના હોય. કોણ રોકે? કોણ કરે? ભાઈ! સમયના ભરોસા શેના? કહો, સમજાણું?

કહે છે, કે ભોગ-ઉપભોગમાં પાપ હિંસા થાય છે. છે ને? જુઓ! અર્થમાં. હિંસા થાય છે. અન્ય પ્રકારે થતી નથી એટલે હિંસાની બીજી કોઈ રીત નથી એમ કહે છે. એકવાર અને વારંવાર ભોગવાય એવી ચીજમાં આસક્તિ થાય છે તે આસક્તિ હિંસા છે. હિંસા બીજી કોઈ રીતે નથી. બીજા જીવ મરે કે ન મરે એની સાથે સંબંધ નથી, એમ કહે છે. જુઓ! **'અન્ય પ્રકારે થતી નથી,...'** **'अन्यतः न'** અસ્તિ-નાસ્તિ અનેકાંત કર્યું. સમજાણું કાંઈ? પોતાના ભગવાનઆત્મા, એના જ્ઞાન, દર્શન, આનંદ અને એનું હોવાપણું. એનું હોવાપણું છે ને? સત્તા ભેગી. એવું આખું હોવાપણું છે. આત્મા જ્ઞાન, દર્શન, આનંદ અને હોવાપણે આખી સત્તા. એમ ચાર પ્રાણ કીધા ને? એટલે એનો અર્થ એ કે જ્ઞાન, દર્શન જે ઉપયોગ છે એની સાથે આનંદનું હોવાપણું છે. એનો અર્થ એ પોતાના પ્રાણ.

એવું જાણવું-દેખવું અને આનંદનું હોવાપણે જે ભાવપ્રાણ છે, એને શ્રદ્ધામાં લીધા કે સુખ બીજે નથી, અહીં છે. પણ છતાં જ્યાં સુધી આસક્તિ રહે છે, શ્રાવકને, સમકિતીને જ્યાં સુધી વીતરાગતા ન હોય તો આસક્તિ (રહે) છે. એ આસક્તિ–ભોગ–એકવાર ભોગવેલ ચીજમાં, દાળ, ભાત, રોટલી, પૂરી વગેરેમાં. ખાવાની લાલસા જે રહે છે, એ જ હિંસા છે.

www.vitragvani.com



આહાહા..! સમજાણું કાંઈ? અને એ વારંવાર ભોગવાય. કોણ? કપડાં, વાસણ, ઘર, મકાન, મોટા-મોટા બંગલા, ખેતર, જમીન. ખેતરમાં બહાર હવા માટે બાંધે છે ને? જમીન મોટી હોય, ગાય, બળદ, સ્ત્રી, હાથી, ઘોડા.

મુમુક્ષુ :– મોટર ન આવી.

ઉત્તર :– એ વખતે મોટર નહિ હોય. મોટર હવે છે. એ મોટર-બોટર વારંવાર ભોગવાય એવી ચીજમાં જે આસક્તિ રહે છે તેને હિંસા કહે છે. સમજાણું કાંઈ? પોતાનું જીવન પરને અવલંબે જેટલી આસક્તિપણે રહે, પરને અવલંબે માને એ તો મિથ્યાત્વરૂપી મોટી હિંસા છે. મારું જીવન પરને અવલંબે છે એ તો માન્યતા જ મિથ્યાત્વની છે, એ તો મોટી હિંસા છે. એ સિવાય પોતાના આનંદ અને જ્ઞાન અને હોવાપણાના પ્રાણમાં, પરની આસક્તિ આ.. આ.. એવી વૃત્તિ જાય છે એ પણ એ પોતાના હોવાપણાના પ્રાણનો અભાવ–એટલો નાશ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'જીવી જાણ્યું નેમિનાથે જીવન' આવે છે ને? પૂજામાં આવે છે. આપણે ભક્તિ કરીએ એમાં. જીવી જાણ્યું એણે. ચાલીસ ધનુષ, નહિ? દસ ધનુષ–ચાલીસ હાથ. આમ રાજકુમાર ચાલી નીકળ્યા. લગનમાં ગયા હતા, હોં! લગનમાં આમ ગયા. સારથી! આ હરણોનો પોકાર શું છે? લગનમાં ગયા. વાસુદેવ, બળદેવ સાથે (છે). વાસુદેવ, બળદેવ સાથે. કૃષ્ણ અને બળદેવ. કરોડો માણસો સાથે. એના રથ અને એના હાથી, એના ઘોડા અને એના શણગારની શું વાત? વાસુદેવનું રાજ. એમાં ભગવાન તીર્થંકરની જાન. શ્રીકૃષ્ણ મોટા. સાથે છે મોટા. ધોળા ને ઉંચા આમ જુએ છે. અરે..! આ સમ્યગ્દૃષ્ટિ. ત્રણ જ્ઞાનના ધણી છે. સારથી! આ કકળાટ શેનો છે? પ્રભુએ હરણ પૂર્યા છે. હરણીયા પૂર્યા છે. શ્રીકૃષ્ણે હરણીયા પૂર્યા છે. આપના લગનમાં માણસોને માટે. અરે..! સારથી! રથ પાછો વાળ. એ દોર પાછો ખેંચ, ભાઈ! આહાહા..! એય..! 'વલ્લભદાસભાઈ'! મને આ હિંસા પાલવતી નથી. ભાવમાં રાગ છે ને એની વાત છે, હોં! અરે..! આ લગનનો રાગ, અરે..! પ્રાણીઓની આ હિંસા! વૈરાગ્ય... વૈરાગ્ય... રોમે-રોમે વૈરાગ્ય. કપડા છે કે નહિ એની ખબર નથી. રોમ-રોમ વૈરાગ્ય. એ કપડા ઉતરવાની તૈયારી થઈ ગઈ. કહો, 'મલૂપચંદભાઈ'! વાસુદેવ અને બળદેવ જેના ભાઈઓ. એને સામગ્રી, સાધનની, સંપદાની, મકાનોની ખામી શું હશે? સમજાય છે? બસ, સારથી!

પેલા મહાત્મ્યનું યાદ આવે છે. તમારા 'વિંછિયા'માં નહિ? એય..! 'પ્રેમચંદભાઈ' તમારા 'વિંછિયા'માં છોકરાઓએ 'નેમિનાથ'નું નહોતું કર્યું? રાત્રે સંવાદ કર્યો હતો. સારથી! પાછો વાળ. આહાહા..! શું છે? એનો અર્થ કે આસક્તિ હવે પાછી વળ. બહારમાં આસક્તિ નથી. મારો સ્વભાવ. જુઓ! ભાન છે. ક્ષાયિક સમકિતી છે. ચોક્કસ થઈ ગયું છે કે આ દેહ મારો છેલ્લો છે. છેલ્લો દેહ છે. અમે આ ભવે હવે મુક્તિએ જવાના છીએ. આ લગનનો પ્રસંગ, આ પ્રાણી અમારા જાન માટે, હરણના (પોકાર) એ અમને શોભે નહિ. આ શણગારમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવા શણગાર ન હોય. ઉતાર. રથ ફેરવ. લઈ જા 'જૂનાગઢ'. આહાહા..! 'જૂનાગઢ' તો હતું ત્યાં. અંદર લઈ ગયા. ગિરનાર. લઈ જા, માથે તળેટીમાં લઈ જા. આહાહા..!

'રાજુલમતી' આમ વાટ જુએ છે. હમણા લગન.. હમણા લગન (આવશે). 'રાજુલમતિ'ને બાયું કહે કે બહેન! જુઓ! આ નેમિનાથ આવે. જુઓ! પેલો ઘોડો. સૌના એવા જુદી જાતના રંગ હોય છે. મોટા એ તો અબજો રૂપિયાના ઘોડા હતા. વાસુદેવના ઘોડા છે ને? એના દરેકની ધજા જુદી હોય, એના પેલા જુદા હોય. એ તો અલૌકિક છે ને. દૈવી પુરુષો છે ને. બધા દૈવી પુરુષો છે. વાસુદેવ, બળદેવ, 'નેમિનાથ' ભગવાન બધા દૈવી પુરુષો. ઉતરી ગયા મનુષ્યપણે. બાકી દેવ જેવા પુરુષો છે. મુક્તિગામી બધા છે. આ જુઓ! પેલો રથ આવે છે ને? હા. એ 'નેમિનાથ'નો છે. આમ રથ જ્યાં પાછો ફરે છે, આહા..! શું થાય છે આ? શું થયું આ? બહેન! કાંઈક થયું લાગે છે. ત્યાં ખબર આપે છે કે રથ પાછો વળ્યો. આણે પછી આસક્તિ ઘટાડી. છોડ. જે રસ્તે ભગવાન 'નેમિનાથ' ગયા તે રસ્તે હું જાઉં છું. વસ્તુનું ભાન તો હતું. આસક્તિ હિંસા છે. અમને હવે એ ન હો. આહાહા..! વૈરાગ્યમાં તરબોળ થઈ ગયેલા. ભાન સહિત, હોં! આ તો સમ્યગ્દર્શન સહિતની વાત ચાલે છે. એય..! એ વિના વૈરાગ્ય સાચો હોઈ શકે નહિ.

પુણ્ય અને પાપના બન્ને વિકલ્પો સરખા બંધના કારણ છે. એવો નિર્ણય કર્યા વિના સાચો વૈરાગી કહેવાતો નથી. એ પુણ્ય-પાપમાં આવી ગયું છે ને? વૈરાગ્ય એને કહીએ કે શુભ અને અશુભ વિકાર, પુણ્ય અને પાપના ભાવ બન્ને હિંસા, બન્ને દુ:ખરૂપ છે. એવું જેણે અંતરમાં સ્વભાવ સન્મુખ થઈને, પરથી ખસી ગયો છે, એને વૈરાગ્ય કહેવામાં આવે છે. આ તો બધા વૈરાગ્ય સ્મશાન અને મોહગર્ભિત વૈરાગ્ય. જરીક મરી ગયું અને આમ દુ:ખ થયું એ કાંઈ વૈરાગ્ય નથી, બાપા!

અહીં કહે છે, ધર્મીજીવોએ તે **'ભોગ અને ઉપભોગના નિમિત્તે થતી હિંસા થાય છે અન્ય પ્રકારે થતી નથી,...'** એટલે? જે પેલો ભોગ-ઉપભોગનો ભાવ છે તે હિંસા છે, એમ. બીજી રીતે હિંસા હોઈ શકતી નથી એમ કહે છે. એ ભાવહિંસા છે. બીજી રીતે હિંસા નથી. પર મરે ન મરે એની સાથે વસ્તુ નથી. સમજાણું કાંઈ? **'માટે તે બન્ને અર્થાત્ ભોગ અને ઉપભોગ પણ વસ્તુસ્વરૂપ અને પોતાની શક્તિને જાણીને...'** જુઓ! બન્ને શબ્દો મુક્યા. વસ્તુસ્વરૂપ એટલે **'વસ્તુતત્ત્વં'** વસ્તુનો ભાવ. એમ. વસ્તુનો ભાવ એટલે આસક્તિ કેવી છે? વસ્તુના સ્વરૂપનું તો ભાન છે. પણ આસક્તિ છે કેવી છે? આમાં કેવું પાપ છે? એવું જાણીને, એમાં સ્વશક્તિ પ્રમાણે એમ પાછું. વસ્તુ સ્વરૂપની ખબર છે, ભાઈ! આ તો વર્તમાનમાં જે રાગાદિભાવ ચાલે છે, એની કેટલી હિંસા છે? શું છે? આ છૂટવાના કેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવ છે એનું એ જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? સ્વશક્તિ (જાણીને), પાછી હઠ નથી. પોતાની શક્તિને જાણીને. શક્તિને જાણે કે આટલો મારામાં રાગનો ત્યાગ થશે, વધારે થશે નહિ.

www.vitragvani.com



સમજાણું કાંઈ? આહાહા..!

જેણે જીવીને જીવન જાણ્યા અને જેણે જીવનમાં કેવળજ્ઞાન મેળવ્યા. આહાહા..! એ જીવનના જીવવાના જીવન. એ જીવનના લ્હાવાના ફળ કેવળજ્ઞાન. સાદિ અનંત અનંત મુક્તિ. 'સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં..' આવે છે ને? 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં. અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' જુઓ! જેણે આત્માના ભાન કરીને આસક્તિનો ઘટાડો કર્યો અને આસક્તિ સર્વથા જેણે છોડી. ઘટાડો કર્યો એ શ્રાવક છે, અભાવ કર્યો તે મુનિ છે. એના ફળમાં સાદિ અનંત સમાધિ સુખ. અનંત દર્શન જ્ઞાન સહિત. કહો, સમજાણું કાંઈ? 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.' આહાહા..! આવી મુનિદશા. આસક્તિ સર્વથા ઘટાડી અને આનંદના જીવનમાં જીવશું. અને એમાં પણ તેના ફળરૂપે સમાધિ અનંત પામશું. એ અવસર કે દિ' આવશે? જુઓ! આ ભાવના ધર્મીની હોય છે. કેટલો પૈસાવાળો થાઉં અને આબરૂ કેટલી મેળવું? કેટલો છોકરાવાળો થાઉં, એવી ભાવના એને હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ જાણીને **'પોતાની શક્તિ અનુસાર છોડવા યોગ્ય છે.'** લ્યો. પોતાની શક્તિનું માપ જોઈને, દેખાદેખી નહિ, હઠયોગે નહિ. પોતાની શક્તિના માપ પ્રમાણે એ ભોગ-ઉપભોગ પદાર્થો પ્રત્યેની આસક્તિ યથાશક્તિ ઘટાડવા યોગ્ય છે.

**ટીકા :– 'દેશવ્રત પાળનાર શ્રાવકને ભોગના પદાર્થો સંબંધી અને ઉપભોગના પદાર્થો સંબંધી હિંસા થાય છે,...'** જુઓ! **'પણ બીજા કોઈ પ્રકારે હિંસા થતી નથી.'** બીજી રીતે એની હિંસા નથી એમ કહે છે. **'આ કારણે વસ્તુસ્વરૂપ જાણીને તથા પોતાની શક્તિને પણ જાણીને...'** એ વખતના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોવે છે ને? **'તે ભોગ અને ઉપભોગને છોડવા જોઈએ.'**

**ભાવાર્થ :– 'જે એકવાર ભોગવવામાં આવે તેને ભોગ કહે છે.'** આ પહેલું કહેવાઈ ગયું. **'દાળ, ભાત, રોટલી, પુરી, પાણી, દૂધ, દહીં, પેંડા, જલેબી,..'** અને કેળા. કેળા એમાં ભેગા લેવાયને? કેળા પણ ફરીને ખવાતા નહિ હોય, નહિ? **'જલેબી, પુષ્પમાળા વગેરે બધા ભોગ પદાર્થો છે. વારંવાર ભોગવવામાં આવે તેને ઉપભોગ કહે છે. જેમ કે કપડાં, વાસણ, ઘર,..'** આ ઇન્ડીપેન એ બધું એમાં આવતું હશે કે નહિ? શાસ્ત્રો, ચશ્મા,.. સમજાણું? **'મકાન, ખેતર, જમીન, ગાય, બળદ,...'** હાથી, ઘોડા, સ્ત્રી, પુત્ર-પુત્રી **'વગેરે બધા ઉપભોગ પદાર્થો છે. શ્રાવકને આ પદાર્થોના સંબંધથી હિંસા થાય છે.'** એ પદાર્થમાં આસક્તિ થાય છે. એટલે સંબંધનો અર્થ એ. આહાહા..! એના પદાર્થના સંબંધથી આ હિંસા થાય છે. અસ્થિરતાનો સંબંધ જેટલો કરે એટલી હિંસા છે. આહાહા..! કેવી હિંસાની વ્યાખ્યા કરી! ઠેઠથી.

મુમુક્ષુ :– પહેલેથી છેલ્લે સુધી એક જ પ્રકાર...

ઉત્તર :– એક પ્રકાર. એમ જ હોય ને.

www.vitragvani.com



**'તેથી શ્રાવકોએ આ હિંસાના કારણોનો શીઘ્ર ત્યાગ કરવો જોઈએ.'** હવે એનામાં મૂળ અનંતકાય ત્યાગની વાત પહેલી લે છે.

## ગાથા-૧૬૨

**एकमपि प्रजिधांसुर्निहन्त्यनन्तान्यतस्ततोऽवश्यम्।**
**करणीयमशेषाणां परिहरणमनन्तकायानाम्।।१६१।।**

**અન્વયાર્થ :– [ ततः ] કારણ કે [ एकम् ] એક સાધારણ શરીરને-કંદમૂળાદિને [ अपि ] પણ [ प्रजिधांसु ] ઘાતવાની ઇચ્છા કરના પુરુષ [ अनन्तानि ] અનંત જીવને [ निहन्ति ] મારે છે, [ अतः ] માટે [ अशेषाणां ] સંપૂર્ણ [ अनन्तकायानां ] અનંતકાયનો [ परिहरणं ] પરિત્યાગ [ अवश्यम् ] અવશ્ય [ करणीयम् ] કરવો જોઈએ.**

**ટીકા :– 'एकं अपि प्रजिधांसुः अतः अनन्तानि निहन्ति ततः अशेषाणां अनन्तकायानां अवश्यं परिहरणं करणीयम्।' - અર્થ :– એક કંદમૂળ સંબંધી જીવને ખાવાની ઇચ્છા કરનાર ગૃહસ્થ તે જીવની સાથે સાથે તેને આશ્રયે રહેતા સાધારણ અનંતા જીવો છે તે બધાયને મારે છે તેથી સાધારણ અનંતકાયવાળી જેટલી વનસ્પતિ છે [1]તે બધીનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.**

**ભાવાર્થ :– વનસ્પતિ સાધારણ અને પ્રત્યેક એમ બે પ્રકારે છે. તેમાં ગૃહસ્થ શ્રાવકે સાધારણ વનસ્પતિનો ત્યાગ તો સર્વથા જ કરવો જોઈએ અને યથાશક્તિ પ્રત્યેક વનસ્પતિનો પણ ત્યાગ કરવો જોઈએ. હવે અહીં પ્રત્યેક અને સાધારણના સર્વ ભેદ-પ્રભેદપૂર્વક સ્પષ્ટ કથન કરે છે.**

**પાંચ સ્થાવરોમાંથી પૃથ્વીકાય, જળકાય, વાયુકાય અને અગ્નિકાય એ ચારમાં તો નિગોદના જીવ રહેતા નથી, કેવળ એક વનસ્પતિમાં જ રહે છે. તેના પ્રત્યેક અને સાધારણ એવા બે ભેદ છે. જે શરીરનો એક જ સ્વામી હોય તેને પ્રત્યેક કહે છે અને જે શરીરના અનંત સ્વામી હોય તેને સાધારણ કહે છે. પ્રત્યેકના પણ બે ભેદ છે. સપ્રતિષ્ઠિત પ્રત્યેક અને અપ્રિતિષ્ઠિત પ્રત્યેક. જે શરીરનો મૂળ સ્વામી એક હોય અને તે શરીરના આશ્રયે અનંતજીવ રહેતા હોય તેને સપ્રતિષ્ઠિત પ્રત્યેક કહે છે. જે શરીરનો મૂળ સ્વામી એક હોય અને તેના આશ્રયે અનંતજીવ ન રહેતા હોય તેને અપ્રતિષ્ઠિત પ્રત્યેક કહે છે.**

**સાધારણ વનસ્પતિનું લક્ષણ :– જેને તોડતાં સમાન ભંગ થાય, જેના પાંદડાંઓમાં જ્યાંસુધી તંતુરેખા અને નસની જાળ નીકળી ન હોય, જેનાં મૂળ, કંદ, કંદમૂળ, છાલ, પાંદડાં,**

www.vitragvani.com



નાની ડાળી, ફૂલ, ફળ અને બીજમાં–તેને તોડતી વખતે-સમાન ભંગ થઈ જાય ત્યાં સુધી તે બધી સાધારણ વનસ્પતિ છે અને જ્યારે તેમનામાં સમાન ભંગ ન થાય ત્યારે તે જ વનસ્પતિ પ્રત્યેક થઈ જાય છે. જોકે સાધારણ વનસ્પતિ અને સપ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિ–એ બન્નેમાં અનંતા જીવ છે તોપણ સાધારણ વનસ્પતિના શરીરમાં જેટલા જીવ છે તે બધા જ તે શરીરના સ્વામી છે અને તે વનસ્પતિને તોડતાં-કાપતાં તે બધા જીવોનો ઘાત થાય છે અને સપ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિમાં એક શરીરમાં સ્વામી તો શરીરનો એક જ છે પણ તે શરીરના આશ્રયે અનંતજીવ છે તે બધા સ્વામી નથી અને તે શરીરના સ્વામીના મરવા-જીવવા સાથે તે બધા જીવોના મરવા-જીવવાનો કોઈ સંબંધ નથી. બસ એ જ બન્નેમાં ભેદ છે. તેથી ગૃહસ્થ શ્રાવકે સાધારણ વનસ્પતિનો સર્વથા જ ત્યાગ કરવો જોઈએ અને સપ્રતિષ્ઠિત પ્રત્યેકનો પણ ત્યાગ કરવો જોઈએ કેમ કે એક સાધારણ વનસ્પતિના એક શરીરમાં અનંતાનંત જીવ રહે છે. તેથી જ્યારે આપણે એક બટેટું ખાઈએ છીએ ત્યારે અનંતાનંત જીવોનો ઘાત કરીએ છીએ.

હવે અહીં એક સાધારણ વનસ્પતિનો વિચાર કરવામાં આવે છે. જેમકે એક બટેટું લ્યો. આ બટેટાના જેટલા પ્રદેશો છે તેનાં કરતાં અસંખ્યાતગુણાં શરીર છે, તે બધાં શરીરના પિંડને 'સ્કંધ' કહીએ છીએ. (જેમ એક આપણું શરીર છે) અને તે એક સ્કંધમાં અસંખ્યાત લોકપ્રમાણ 'અંડર' છે (જેમ આપણા શરીરમાં હાથ, પગ વગેરે ઉપાંગ છે) અને એક અંડરમાં અસંખ્યાત લોકપ્રમાણ 'પુલવી' છે, (જેમ આપણા હાથને આંગળીયો છે) અને એક પુલવીમાં અસંખ્યાત લોકપ્રમાણ 'આવાસ' છે, (જેમ એક આંગળીમાં ત્રણ વેઢા હોય છે) અને એક 'આવાસ'માં અસંખ્યાત લોકપ્રમાણ નિગોદના 'શરીર' છે. (જેમ એક વેઢામાં અનેક રેખાઓ છે) અને એક નિગોદ શરીરમાં અનંતસિદ્ધ (મુક્તાત્મા)ની રાશિથી અનંતગુણા જીવ છે (જેમ કે આંગળીની રેખામાં અસંખ્યાત પ્રદેશ છે) એ રીતે એક બટેટામાં અથવા એક બટેટાના ટુકડામાં અનંતાનંત જીવ રહે છે. તેથી આવી વનસ્પતિઓનો શીઘ્ર ત્યાગ કરવો જોઈએ. ૧૬૨.

एकमपि प्रजिधांसुर्निहन्त्यनन्तान्यतस्ततोऽवश्यम्।
करणीयमशेषाणां परिहरणमनन्तकायानाम्।।१६१।।

૧. તે બધીનો ત્યાગ એટલે તે સંબંધી રાગનો ત્યાગ તે પણ મિથ્યા અભિપ્રાયના ત્યાગરૂપ અને સ્વાશ્રયના ગ્રહણરૂપ સમ્યગ્દર્શન વિના 'યથાર્થ રીતે વ્યવહાર ત્યાગ' એવા નામને પામતો નથી. ધર્મી જીવે ત્રસ અને સ્થાવર જીવના ભેદ જાણવા જોઈએ. બેઇન્દ્રિય આદિથી પંચેન્દ્રિય સુધીના જીવને ત્રસ તથા પૃથિવીકાયિક, જળકાયિક, વાયુકાયિક, અગ્નિકાયિક અને વનસ્પતિકાયિક જીવને સ્થાવર કહે છે.

www.vitragvani.com



**'કારણ કે એક સાધારણ શરીરને-કંદમૂળાદિને પણ ઘાતવાની ઇચ્છા કરનાર..'** એક બટાટું, એક શક્કરકંદ, એક લસણ, એક ડુંગળી, એની એક કટકી, ખાવાના ઇચ્છનારને હિંસા છે. સમજાણું? હમણા આ છોકરાને પૂછ્યું હતું. આપણા વિદ્યાર્થીને. અનંતકાય કોને કહેવાય? એક જણો ન બોલ્યો. નવો છે. 'પમુભાઈ'એ બચાવ કર્યો. 'પમુભાઈ' નથી આવ્યા ને? એ કહે નવો હતો, નવો છે. 'પમુભાઈ' આવ્યા છે ને? વાત સાચી એની. આ નવો છે. 'પમુભાઈ' ઊભા હતા. મારે તો આવ્યું હતું ને? (એટલે પૂછ્યું). આ નવો છે, આ કહેશે. પણ એ બરાબર બોલી ન શક્યો. સમજાણું કાંઈ?

શું કહે છે? **'એક સાધારણ શરીરને-કંદમૂળાદિને પણ ઘાતવાની ઇચ્છા કરનાર પુરુષ અનંતજીવને મારે છે.'** કહો, લસણના ઢોકળા, લસણની કળી તેલમાં, ઘીમાં તળીને ખાય છે ને? બટાટાની પતરી. શું કહેવાય એ? આ બટાટાની કરે. ગોળ-ગોળ ચક્કર કાંઈક ઘીમાં કે તેલમાં તળે છે ને? પતરી-પતરી. ખાવામાં લાગે કેવી અંદર? કહે છે કે જેટલા જીવના સમૂહ ઝાઝા, એટલો અહીંયાં આસક્તિનો ભાવ મારવાનો છે એ બધી હિંસા છે. મીઠાશ-મીઠાશ લાગે. બટાટામાં લાગે. કંદમૂળ, બટાટામાં પણ શરીરના એવા રજકણો છે ને? આત્મા તો ઠીક પણ એક શરીરમાં અનંતાજીવ. એના શરીરના પરમાણુની અંદરમાં મીઠાશ લ્યે. કારેલું ખાય અને શક્કરકંદ (ખાય). એના શરીરના રજકણોમાં... એક શરીરમાં અનંતાજીવ છે. એવા-એવા અસંખ્ય શરીર જ નજરે પડે. એક શરીર તો નજરે પડે નહિ. શક્કરકંદ આટલું હોય. શક્કરકંદ આવે છે ને? આ લોકો ખાતા નથી? શક્કરિયા–શક્કરિયા. તમારે બહુ હોય.

મુમુક્ષુ :– શક્કરકંદ જુદું અને શક્કરિયા જુદાં.

ઉત્તર :– એ શક્કરિયાને શક્કરકંદ કહે છે. પેલાને સુરણકંદ કહે છે. આને શક્કરિયા કહે છે. બહુ ખાય. શિવરાત્રિ હોય તો રોટલો મૂકીને એ ખાય. ઉલટાનું મોટું પાપ. એક શરીરમાં અનંતાજીવ. આહાહા..! કહે છે કે એક કંદમૂળ ખાવાની ઇચ્છા કરનાર. બટાટા, શક્કરકંદ. બટાટા સમજો છો, ભાઈ? આલુ-આલુ. અહીં તો આત્માનું ભાન છે. પણ હવે એ કંદમૂળની આસક્તિનો ભાવ છે એટલી હિંસા તીવ્ર છે. ગૃહસ્થોએ એટલી આસક્તિ તો છોડવી જોઈએ. એક ઇચ્છા ખાતર અનંતાજીવનો સંહાર. કોઈ કહે કે એ તો તેના આયુષ્ય (પ્રમાણે મરે છે). એ કોણ ના પાડે છે, પણ આ તારો ભાવ ઇ છે ને? આહાહા..! સમજાણું કાંઈ? એના સંબંધની વાત છે ને?

**'અનંત જીવને મારે છે.'** જુઓ! મારે છે (એમ કહ્યું). વળી (એક કોર) કહે મારી શકતા નથી. ભાવ છે ને એટલે ત્યાં મરે છે તો મારે છે એમ કહેવામાં આવે છે. ભાઈ! વ્યવહારના કથન એવા હોય છે. આહાહા..! જુઓ! આ હંબક નથી, હોં. લીલ, ફુગમાં એક શરીરમાં અનંતા નિગોદના જીવ છે, ભાઈ! એને આ જ્ઞાનની વિશાળતા એટલી છે

www.vitragvani.com



કે અનંતા જ્ઞેયોને જ્ઞાન જાણે. એટલું તો આત્માના જ્ઞાનની મહત્તા અને મોટપ છે. અનંતા અનંતા એક શરીરમાં જીવ, એવા અસંખ્ય શરીરો, અસંખ્ય શરીર, અસંખ્ય ચોવીસીના સમય જેટલા શરીર. સમજાણું? આખા લોકમાં આકાશના પ્રદેશ છે, એનાથી અસંખ્યગુણા નિગોદ શરીર. તો આટલા પ્રદેશમાં અસંખ્યાતિ ચોવીશીના સમય જેટલા પ્રદેશ છે. એટલો એટલો આખો લોક, એટલા પ્રદેશ, એનાથી અસંખ્યગુણા નિગોદના શરીર. અને એક-એક શરીરમાં સિદ્ધ કરતા અનંતગુણા જીવ. એ અહીંયાં જ્ઞાનની મહત્તા બતાવે છે. તારું જ્ઞાન જ્ઞેય પ્રમાણે અને જ્ઞાન લોકાલોક પ્રમાણે. એ લોકમાં આટલા જીવ આવ્યા ને? આટલા જે જ્ઞેય છે તેટલા પ્રમાણે જ્ઞાન છે. જ્ઞાન એવડું મોટું એને જાણી શકે છે એમ કહે છે. પછી નક્કી કર્યું કે એ જીવ છે. મારે મારવા જોઈએ નહિ. આસક્તિ, રાગ કરવો જોઈએ નહિ. રાગ આસ્રવ છે. કરવા જેવો નથી. સ્વભાવમાં ઠરવા છતાં જે આસ્રવ આવે છે, રાગ થાય છે એ પરની આસક્તિને કારણે થાય છે. સમજાણું કાંઈ?

**'માટે અનંત જીવને મારે છે, માટે સંપૂર્ણ..'** **'અશેષાણાં'** છે ને? **'અનંતકાયનો પરિત્યાગ જરૂર કરવો જોઈએ.'** આહાહા..! જીભની થોડી લોલુપતા અને આસક્તિને કારણે, અનંતા જીવોનો સંહાર છોડી દેવો જોઈએ. સમજાણું કાંઈ? એક રૂવાટું ઊંચું કરે ત્યાં આમ રાડે રાડ નાખે. શરીરે સહન થાય નહિ, મહારાજ! અંદર ગરમી... એવી શરીર ખાણ છે. દૂધને અને રોટલાને ઊલટી બનાવે એવી, વિષ્ટા બનાવે એવો આ એક સંચો છે. કહે છે એવા અનંતાજીવને મારવું અવશ્ય છોડવું જોઈએ.

**'એક કંદમૂળ સંબંધી જીવને ખાવાની ઇચ્છા કરનાર ગૃહસ્થ તે જીવની સાથે સાથે તેને આશ્રયે રહેતા સાધારણ અનંતા જીવો છે તે બધાયને મારે...'** કહો, સમજાણું કાંઈ? **'તેથી સાધારણ અનંતકાયવાળી જેટલી વનસ્પતિ છે તે બધીનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.'** નીચે લખ્યું છે એનું. એકડો છે. **'તે બધીનો ત્યાગ એટલે તે સંબંધીનો રાગ...'** એમ ખુલાસો કર્યો. એ અનંતકાય કંદમૂળાદિને મારવા નહિ. એનો જે રાગ છે તેનો ત્યાગ. તેને ન માર્યા એમ કહેવામાં આવે છે.

**'તે પણ મિથ્યા અભિપ્રાયના ત્યાગરૂપ અને સ્વાશ્રયના ગ્રહણરૂપ સમ્યગ્દર્શન વિના યથાર્થ રીતે વ્યવહાર ત્યાગ એવા નામને પામતો નથી.'** અહીં કેટલાક ખુશ થઈ જાય ને કે અમે આ નથી ખાતા, અમે નથી ખાતા. અમે ત્યાગી છીએ. સમજાણું? **'મિથ્યા અભિપ્રાયના ત્યાગરૂપ અને સ્વાશ્રયના ગ્રહણરૂપ સમ્યગ્દર્શન...'** મિથ્યા અભિપ્રાયનો જેને ત્યાગ નથી અને સમ્યગ્દર્શનનું જેને ગ્રહણ નથી. **'એના વિના 'યથાર્થ રીતે વ્યવહાર ત્યાગ' એવા નામને પામતો નથી.'** સમજાણું કાંઈ? આત્મા અંતર સચ્ચિદાનંદ પ્રભુ! શાશ્વતો. સત્ એટલે શાશ્વત. સચ્ચિદાનંદ શબ્દ છે ને? સત્ એટલે શાશ્વત, જ્ઞાન અને આનંદ. શાશ્વત આનંદ અને જ્ઞાન, શાશ્વત આનંદ, જ્ઞાન, એના ભાન વિના અને મિથ્યા અભિપ્રાયના ત્યાગ વિના પરનો ત્યાગ,

www.vitragvani.com



રાગનો ત્યાગ તે વ્યવહારે પણ ત્યાગ કહી શકાતો નથી. સમજાણું કાંઈ?

**'ધર્મી જીવે ત્રસ અને સ્થાવર જીવના ભેદ જાણવા જોઈએ. બેઇન્દ્રિય આદિથી પંચેન્દ્રિય સુધીના જીવને ત્રસ તથા પૃથિવીકાયિક, જળકાયિક, વાયુકાયિક, અગ્નિકાયિક અને વનસ્પતિકાયિક જીવને સ્થાવર કહે છે.'** પેલાને ત્રસ કહે છે. કહો, સમજાણું?

**'ભાવાર્થ :– વનસ્પતિ સાધારણ અને પ્રત્યેક એમ બે પ્રકારે છે. તેમાં ગૃહસ્થ શ્રાવકે સાધારણ વનસ્પતિનો ત્યાગ તો સર્વથા જ કરવો જોઈએ...'** કંદમૂળ, બટાટા, શક્કરકંદ, લસણ, ડુંગળી એ તો અનંતા... અનંતા... અનંતાજીવ. કેટલા અનંતા! અનંતી ચોવીસીના સમય જેટલા અનંત. સિદ્ધ કરતા અનંતગુણા, લ્યો ને! **'અને યથાશક્તિ પ્રત્યેક વનસ્પતિનો પણ ત્યાગ કરવો જોઈએ.'** બીજી વનસ્પતિ છે, આ જુઓને! કારેલા, ઘીહોંડા. એમાં પણ જીવ છે ને? એમાં એક કટકીમાં અસંખ્યજીવ છે. એમાં એક કટકીમાં અસંખ્યાતાશરીર છે. એક શરીરમાં એક જીવ છે. એવા અસંખ્યજીવ છે. નાગરવેલનું કાચુ પાન, આ કારેલા, ઘીહોંડા, ટીંડોરા, પરવળ, બીજું શું કહેવાય પેલું? કંટોલા. કહો, સમજાણું? ભજિયા કરે છે ને આ શેના? શું કહેવાય? અળવીના નહિ. આ બીજા પાંદડા. કોથમરી, અજમો. પેલા લાલા પાંદડા નથી આવતા? પેલા કરતા. પોઈ પોઈ. પોઈના બહુ કરતા. પોઈના પાંદડા આવે છે. પહેલા પોઈના કરતા. અમને યાદ છે ને નાની ઉંમરનું. અજમાના તો ખબર હતી. પોઈના થાતા. લાલ પોઈ થાય છે. કાપે તો અંદરમાં લાલ હોય, બહાર લીલો હોય. પોઈના પાંદડાના ભજિયા, હોં! પહેલા ગામડામાં બહુ કરતા. મીઠા લાગે ને. પેલા જીવ કેટલા મરી ગયા એની દરકાર નથી. પોઈના કરતા, ખબર છે? પોઈના વેલા થાય છે. એ પાંદડા હોય. કહો, સમજાણું? આના પણ કોઈ કરે છે. આ શું કહેવાય? ગળો. ગળોના પાંદડાના કરે. કડવા અને નીરોગી બહુ હોય ને. ગળો. આ ગળો નથી (થાતો)? તમારે ઢગલો પડ્યો છે અહીં. ઘણા લઈ જાય છે. લીમડા ઉપર ગળો થાય છે. એના પાંદડા. એક પાંદડાની એક કટકી આટલી લ્યો. ઝીણી કૂણી હોય તો તો એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરે અનંતગુણા જીવ. નવા-નવા અંકુરા ફૂટે ત્યારે તો અનંતાજીવ હોય. પછી જ્યારે હળવે-હળવે નરમ પડી જાય તો પ્રત્યેક થઈ જાય અને એના આશ્રયે પછી અનંતા રહે. પેલા તો શરૂઆતમાં એકલા અનંતા હોય. આહાહા..!

ગહન-ગહન ગંભીર વાત છે. વીતરાગની વાત, દ્રવ્યની વાત તો એવી, ક્ષેત્રની એવી, કાળની એવી, જીવ સંખ્યાની એવી, જીવના ગુણોના સંખ્યાની એવી, પર્યાયની એવી. કોઈ-કોઈ વાત જ કોઈ (એવી ગહન છે). આહાહા..! એકલો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... જગતનો એ સ્વભાવ છે કે અનંતાજીવો ત્યાં હોય છે. એને ન મારવા **'અને યથાશક્તિ પ્રત્યેક વનસ્પતિનો પણ ત્યાગ કરવો જોઈએ. હવે અહીં પ્રત્યેક અને સાધારણના સર્વ ભેદ-પ્રભેદપૂર્વક સ્પષ્ટ કથન કરે છે.'**

www.vitragvani.com



**'પાંચ સ્થાવરોમાંથી પૃથ્વીકાય,...'** આ પૃથ્વી હોય છે ને? માટીના જીવ. આ 'જિથરી'ના પથરા. માટી પૃથ્વી એક કણમાં અસંખ્ય જીવ હોય છે. પૃથ્વીકાય એકેન્દ્રિય જીવ છે. સમજાણું? પાણી **'જળકાય,...'** એક પાણીના બિંદુમાં અસંખ્યજીવ છે. અસંખ્ય. એક બિંદુમાં ફોરી હોય ને? ફોરીમાં અસંખ્યજીવ છે. **'વાયુકાય...'** આ વાયરો–પવન. **'અગ્નિકાય...'** એક કણી. દિવાસળી સળગાવે છે ને? એમાં અસંખ્યજીવ છે. **'એ ચારમાં તો નિગોદના જીવ રહેતા નથી,...'** એ ચારમાં નિગોદ નથી. ત્યાં પ્રત્યેક છે. **'કેવળ એક વનસ્પતિમાં જ રહે છે.'** નિગોદ તો એક વનસ્પતિનો જ ભાગ છે.

**'તેના પ્રત્યેક અને સાધારણ એવા બે ભેદ છે.'** વનસ્પતિના. **'જે શરીરનો એક જ સ્વામી હોય તેને પ્રત્યેક કહે છે.'** આ લીમડો, પીપળો, પાંદડા એ એક શરીર. આમ નહિ હોં! એક-એક પાંદડું હોય છે એમાં અસંખ્ય શરીર છે. અને એક-એક શરીરમાં એક જીવ. એ એક શરીરનો એક સ્વામી, એને પ્રત્યેક વનસ્પતિ કહે છે. એમાં પૂર્વના મા-બાપ અને ઘણા દીકરાઓ મરીને બેઠા છે. અનંતાભવ કર્યા એમાં કંઈક ત્યાં અંદર પડ્યા છે. એને શેકીને ખાય એમાં. આહાહા..! બોલતા નથી કે ભાઈ! અમે તમારા દીકરા હતા. આહાહા..!

અનંતભવના પર્યટનના કાળમાં એણે શું ભાવ નથી કર્યા? પરિભ્રમણ. એમાં એવા-એવા સંબંધો અનંતવાર થઈ ગયા છે. જેને સ્ત્રી તરીકે માની હતી તે મા તરીકે થઈ છે. મા તરીકે માની હતી તે સ્ત્રી તરીકે થઈ છે. કોને કહેવું આમાં મા અને કોને કહેવી સ્ત્રી? સમજાણું કાંઈ? એવા મરી મરીને પણ એ વનસ્પતિમાં પડ્યા છે. સમજાણું?

**'એને જે શરીરના અનંતસ્વામી હોય...'** શરીર એક અને સ્વામી અનંત, એને સાધારણ કહે. નિગોદ અથવા સાધારણ. **'પ્રત્યેકના પણ બે ભેદ છે. સપ્રતિષ્ઠિત પ્રત્યેક અને અપ્રતિષ્ઠિત પ્રત્યેક. જે શરીરનો મૂળ સ્વામી એક હોય અને તે શરીરના આશ્રયે અનંત જીવ રહેતા હોય તેને સપ્રતિષ્ઠિત પ્રત્યેક કહે છે.'** આ વનસ્પતિ થાય ને પહેલી, પછી નરમ પડતી જાય તો પ્રત્યેક થતા જાય અને એની સાથે અનંતા ભેગા રહ્યા કરે. **'જે શરીરનો મૂળ સ્વામી એક હોય અને તે શરીરના આશ્રયે અનંત જીવ રહેતા ન હોય તેને અપ્રતિષ્ઠિત પ્રત્યેક કહે છે.'** પ્રત્યેક નામ એક શરીરમાં રહેનારો એક જીવ, એના પણ બે ભેદ. એક શરીરમાં એક જીવ રહેનારો હોય અને એની સાથે બીજા અનંતા પણ હોય. એ અનંતા જીવના મરણ-જીવન સાથે એક જીવને મરણ-જીવનનો સંબંધ નથી. અને એક જીવના મરણ-જીવનની સાથે અનંતાનો સંબંધ નથી. એને સપ્રતિષ્ઠિત કહેવામાં આવે છે. અને નિગોદના તો એક જીવ મરે ત્યાં અનંતા સાથે મરે તેને સાધારણ કહેવામાં આવે છે. કહો, સમજાણું? એની પણ ઓળખાણ કરી, બનતા પ્રયાસે આસક્તિ ઘટાડવી. કેમ કે આસક્તિ તે હિંસા છે. અને દૃષ્ટિના ભાનપૂર્વક આસક્તિ ઘટાડવી, એને અહીંયાં વ્રત કહેવામાં આવે છે. એને અહીંયાં વ્રત કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## પ્રવચન નં. ૬૪ ગાથા–૧૬૨ થી ૧૬૭ સોમવાર, અષાઢ સુદ ૧૧, તા. ૧૭-૦૭-૬૭

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ચાલે છે. શ્રાવકના વ્રતનું સ્વરૂપ શું? એમાં અહીંયાં ભોગ-ઉપભોગ વ્રતનું સ્વરૂપ ચાલે છે. જેને આત્મામાં તદ્દન રાગ અને પરદ્રવ્ય રહિત ભાસ થયો છે, આત્માનો અનુભવ થયો છે. મારામાં તો રાગ અને પરદ્રવ્ય કોઈ દિ' નથી. એવા ભાવવાન જીવને જે આસક્તિ બાકી છે, એ આસક્તિનો ઘટાડો કરવો, એથી બાહ્યની ચીજો એને ઘટે છે, એને ન મારે છે એમ વ્યવહારથી કથન કરવામાં આવે છે.

એકવાર ભોગવાય અને વારંવાર ભોગવાય એ વસ્તુની મર્યાદા છે, પરિમિત મર્યાદા છે. બહુ રાખવાથી આસક્તિ વિશેષ છે. એટલે એનો ઘટાડો કરવો એ વાત ચાલે છે. એમાં અનંતકાયને તો એણે મારવા નહિ. એટલે એ જાતનો રાગ તો એણે છોડવો જોઈએ. અનંતકાય. કંદમૂળ એની વ્યાખ્યા આવી. સ્થાવરની વ્યાખ્યા આવી ગઈ. હવે જુઓ સાધારણ. સાધારણ વનસ્પતિનું લક્ષણ. કે જે છોડવા યોગ્ય ચીજ છે એને પહેલી જાણવી જોઈએ ને? અનંતજીવ જેમાં છે એ શું છે? એ વસ્તુ શું છે એમ એણે જાણવું જોઈએ. જાણીને પછી તે પ્રત્યેનો રાગ અને આસક્તિ છોડવી. એને સમ્યગ્દર્શન સહિતનો ત્યાગ કહેવામાં આવે છે. સમજાણું? સાધારણ અનંતકાયનું લક્ષણ કહે છે.

**'જેને તોડતા સમાન ભંગ થાય,...'** એની ઓળખાણ આપે છે. એ 'ગોમ્મટસાર'માં લખાણ છે. જે કોઈ ચીજને, આમ વનસ્પતિની વાત છે હોં! આમ તોડતા સરખો કટકો થાય. **'જેના પાંદડાઓમાં..'** એના પાંદડા નાના હોય છે. **'જ્યાં સુધી તંતુરેખા...'** ઝીણી રેખા પાંદડામાં નીકળી ન દેખાય, ત્યાં સુધી એમાં અનંતકાય છે. કુણા, ઝીણા પાંદડા. આ પીપળાના, લીમડાના કોઈપણ પાંદડા કુણા-ઝીણા હોય છે, જેમાં તંતુરેખા હોય છે ને? અંદર ઝીણી રેખા (હોય). એ નસની જાળ નીકળી ન હોય ત્યાં સુધી તે પાંદડામાં પણ અનંતજીવ છે.

**'જેના મૂળ,...'** મૂળિયુ, ઊંડું મુળિયું બહુ કુણુ હોય છે. **'કંદ,...'** બહારનું. **'કંદમૂળ, છાલ,...'** એ પણ પહેલી શરૂઆતની છાલ પણ તોડતા વખતે સમાનભંગ થઈ જાય, ત્યાં સુધી એ સાધારણ વનસ્પતિ છે. ઝીણી છાલ, ઘણી પાતળી છાલ હોયને માથે? એવી છાલ હોય કે જેને તોડતા સરખો ભંગ થઈ જાય, છોતા થઈ આડીઅવળી ન તૂટે, એવી છાલમાં પણ અનંતજીવ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'પાંદડાં,...'** એ પાંદડાનું આવી ગયું. **'નાની ડાળી,...'** લીમડામાં, પીપળામાં, આંબામાં નાની ડાળી નીકળે ને? ઝીણી-ઝીણી પહેલી ડાળી (નીકળે) એમાં અનંતકાય છે. આમ તોડતા સરખો ભંગ થઈ જાય. સરખો આમ ફટ તૂટી જાય સરખી. સમજાણું? એમાં અનંત જીવ છે. એને શ્રાવકોએ ભાનસહિત ભૂમિકામાં એ મારવાની આસક્તિ છોડવી. સમજાણું?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'ફૂલ,...'** ફૂલ એવા ઝીણા કૂણા હોય છે. જેમ આ લીમડાના. એ ફૂલ અનંતકાય છે. એક લીમડાનું ફૂલ આટલું રાઈ જેટલો કટકો લ્યો, તેમાં અનંતાજીવ છે. જેના બે ભંગ કરતાં સરખા કટકા થઈ જાય. બીજા પણ એવા બહુ કૂણા ફૂલ હોય છે. આ શું કહેતા'તા પેલું? આ બિહારમાં નહિ? પેલા ફૂલ વીણતા હતા. મહુડાના. મહુડાના-મહુડાના. જ્યારે બહુ કૂણા-ઝીણા હોય ત્યારે અનંતકાય હોય. આ ગરીબ લોકો સવારમાં મહુડા વીણવા જાતા હતા બિચારા. બિહારમાં તો દુકાળ છે ને? ગરીબ માણસ ટોપલા લઈ, આખી સડક ઉપર જે મહુડા હોય એના ફૂલ પડે. એટલા ઝીણા-કૂણા, બહુ કૂણા શરૂઆતના હોય તો અનંત જીવ હોય છે.

**'ફૂલ, ફળ...'** ફળ પણ એવા હોય. અંદર જ્યારે ઝીણા-કૂણા ફળ નીકળે, બહુ જ ઝીણું, એમાં પણ અનંતજીવ છે. **'અને બીજ...'** એનું. બીજ પણ જ્યાં સુધી બહુ કુણું હોય અને ભાંગીને સરખા કટકા થાય, **'તેને તોડતી વખતે સમાન ભંગ થઈ જાય ત્યાં સુધી તે બધી સાધારણ વનસ્પતિ છે.'** આ લક્ષણ શ્વેતાંબરમાં પણ ...માં છે. સમજાણું કાંઈ? આ તો અનંતકાયને ઓળખવાના લક્ષણ બતાવ્યા ને? માથે કીધું ને? લક્ષણ. જેને એની દયા પાળવાના ભાવ છે, હિંસાનો ત્યાગ કરવો છે, એણે એને ઓળખવા જોઈએ. ઓળખ્યા વિના કોના પ્રત્યેનો રાગ છોડશે અને કોના પ્રત્યે રાગ કરશે? એની તો એને ખબર નથી. સમજાણું કાંઈ? **'તે બધી સાધારણ વનસ્પતિ છે.'**

**'અને જ્યારે તેમનામાં સમાન ભંગ ન થાય...'** જરીક આઘુ જાય. થોડું પ્રત્યેક થઈ જાય, પછી આગળ નાનું, ફૂલ, ફળ, પાંદડુ જરી જાડું થઈ જાય **'તે જ વનસ્પતિ પ્રત્યેક થઈ જાય છે. જોકે સાધારણ વનસ્પતિ અને સપ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિ-એ બન્નેમાં અનંતા જીવ છે...'** પહેલી જે સાધારણ કીધી એમાં પણ અનંતા જીવ છે અને શરૂઆતમાં પાંદડા આદી ફૂટતા પહેલી અનંત હોય અને પછી પ્રત્યેક થઈ જાય. પ્રત્યેકને આશ્રયે પણ કેટલાક અનંતા (જીવ) હોય છે.

**'સપ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિ-એ બન્નેમાં અનંતાજીવ છે તોપણ સાધારણ વનસ્પતિના શરીરમાં જેટલા જીવ છે તે બધા જ તે શરીરના સ્વામી છે...'** આ એક એટલો ફેર છે, કહે છે. એક શરીરમાં અનંતાજીવ જે સાધારણ છે એ બધા અનંતાજીવનો એક સ્વામી છે, એક સ્વામી છે. આત્મા શરીરનો સ્વામી હશે ને? આમાં લખ્યું છે શરીરનો સ્વામી. એટલે કે બધાનું શરીર એક છે, એમ. સમજાણું કાંઈ? એક શરીરમાં અનંતા. એક બટાટું હોય, એની આટલી નાની એક કટકી લ્યો, એમાંથી અસંખ્ય શરીર, એમાનું એક શરીર, એમાં અનંતાજીવ, એ બધા અનંતજીવનું એક શરીર ભેગું છે. શ્વાસ ભેગો છે, આહાર ભેગો છે. કહો, સમજાણું? એવા આવા અનંતા અવતાર કર્યા છે એણે. દુનિયા જીવ માને અને પોતે જીવ છું એ બન્નેની બન્નેને ખબર ન મળે. એવી સ્થિતિમાં અનંતવાર ગયો. કહે

www.vitragvani.com



છે, જ્યારે મનુષ્યપણું મળ્યું અને સ્વ-પરનો વિવેક થયો, તો પર પ્રત્યે આવા જીવો અનંતા હોય એને મારવાની વૃત્તિ છોડવી જોઈએ. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અને તે વનસ્પતિને તોડતાં-..'** જુઓ! શરીરમાં જેટલા જીવ તે બધા શરીરના સ્વામી છે. **'અને તે વનસ્પતિને તોડતાં-કાપતાં તે બધા જીવોનો ઘાત થાય છે...'** કારણ કે અનંત છે. આમ તોડતા બધા અનંતા એકસાથે મરે છે. **'સપ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિમાં એક શરીરમાં સ્વામી તો શરીરનો એક જ છે પણ તે શરીરના આશ્રયે અનંતા જીવ છે તે બધા સ્વામી નથી...'** એટલે શરીરની સાથે આયુષ્ય, આહાર એવો સંબંધ નથી. **'અને તે શરીરના સ્વામીના મરવા-જીવવા સાથે તે બધા જીવોના મરવા-જીવવાનો કોઈ સંબંધ નથી.'** બન્ને સ્વતંત્ર છે એમ કહેવું છે. સપ્રતિષ્ઠિતમાં આ સાધારણ જીવ હોય એને આધારે, એ મરે-જીવે અને આ શરીરનો જીવ મરે એની સાથે કાંઈ સંબંધ નથી. બન્ને સ્વતંત્ર છે એમ કહેવું છે. **'બસ એ જ બન્નેમાં ભેદ છે. તેથી ગૃહસ્થ શ્રાવકે સાધારણ વનસ્પતિનો સર્વથા જ ત્યાગ કરવો જોઈએ...'** બટાટા, શક્કરકંદ, લસણ, ડુંગળી એ બધું છોડવું જોઈએ. શું કહેવાય પેલું? સુરણકંદ. સમજાણું? લીલી હળદર, આદુ, લીલા આદુ હોય છે ને? એ બધા અનંતકાય છે. ગાજર, શક્કરિયા. એ ગાજરમાં પણ જ્યાં રગ છે ત્યાં પેલું, પણ રગ વિનાનો એકલો ભાગ છે એ બધો અનંતકાય છે. અનંતકાયનો એકલો રસકંદ છે.

**'અને સપ્રતિષ્ઠિત પ્રત્યેકનો પણ ત્યાગ કરવો જોઈએ...'** જે વનસ્પતિ પ્રત્યેકને આશ્રયે બીજા અનંતા રહ્યા હોય છે એનો પણ ત્યાગ કરવો જોઈએ. કેમ કે **'એક સાધારણ વનસ્પતિના એક શરીરમાં અનંતા-અનંતા જીવ રહે છે. તેથી જ્યારે આપણે એક બટેટું ખાઈએ છીએ ત્યારે અનંતાનંત જીવોનો ઘાત કરીએ છીએ.'** કહો, એક બટાટાની કટકી ખાય, લસણની કટકી ખાય તો અનંતા... અનંતા... અનંતાઅનંત જીવ મરે છે.

મુમુક્ષુ :– બીજા રાંધીને આપે ને ખાય તો?

ઉત્તર :– એ રાંધી ખાય છે પણ રાંધ્યું છે કોને માટે? ભાઈ! હવે સાધુની વાત ન લ્યો. ઘણા સાધુ એમ કહે છે કે કોઈકને માટે રાધ્યું હોય એમાં અમે તો નિર્દોષ છીએ. એટલે અમને ખપે. આ તેરાપંથી છે ને એ ડુંગળી ખાય. ડુંગળીના દડા લઈ આવે. કોઈકે કરેલું છે ને, અમે તો નિર્દોષ છીએ. મધ ખાય. મહાપાપ છે, મહાપાપ. મધના એક બિંદુમાં મહાપાપ. ઔષધમાં પણ મધને અનુપાન તરીકે પણ લેવું ન જોઈએ. સમજાણું?

**'હવે અહીં એક સાધારણ વનસ્પતિનો વિચાર કરવામાં આવે છે. જેમ કે એક બટેટું લ્યો. આ બટેટાના જેટલા પ્રદેશો છે તેના કરતાં અસંખ્યાતગુણા શરીર છે,...'** એમ લાગે ... સમજ્યા ને? જેમ જેટલા આકાશ પ્રદેશ છે એમાં અસંખ્યાતગુણા શરીર છે. જેટલા આકાશના પ્રદેશની સંખ્યા, એના કરતા અસંખ્યગુણા નિગોદના શરીર છે. આટલી એક કટકીમાં અસંખ્યાતા આકાશના પ્રદેશ છે. એ આકાશના પ્રદેશ કરતા અસંખ્યગુણા એમાં શરીર છે.

www.vitragvani.com



ઘણા થઈ ગયા, હોં! અસંખ્ય ચોવીશીના સમય જેટલા તો એમાં આકાશના પ્રદેશ જેટલા. એથી અસંખ્યગુણા નિગોદના શરીર છે. કેટલું સૂક્ષ્મ શરીર! ઓ..હો..! સમજાણું?

**'તે બધા શરીરના પિંડને 'સ્કંધ' કહીએ છીએ.'** તે બધા શરીરના પિંડને સ્કંધ કહે છે. સ્કંધ લીધું હવે. હવે એના બધા ભાગ પાડે છે. **'(જેમ એક આપણું શરીર છે) અને તે એક સ્કંધમાં અસંખ્યાત લોકપ્રમાણ 'અંડર' છે.'** અંડર એનું નામ આપે છે. ઘણા ભાગ. **'(જેમ આપણા શરીરમાં હાથ, પગ વગેરે ઉપાંગ છે)'** એમ. **'એક અંડરમાં અસંખ્યાત લોકપ્રમાણ 'પુલવી' છે, (જેમ આપણા હાથની આંગળીયો છે) અને એક પુલવીમાં અસંખ્યાત લોકપ્રમાણ 'આવાસ' છે,..'** સ્થાન છે. **'(જેમ એક આંગળીમાં ત્રણ વેઢા હોય છે) અને એક 'આવાસ'માં અસંખ્યાત લોકપ્રમાણ નિગોદના 'શરીર' છે. (જેમ એક વેઢામાં અનેક રેખાઓ છે અને એક નિગોદ શરીરમાં અનંત સિદ્ધ (મુક્તાત્મા)ની રાશિથી અનંતગુણા જીવ છે...'** મોટી રાશિ. કહો, સમજાણું કાંઈ?

**'(જેમ એક આંગળીની રેખામાં અસંખ્યાત પ્રદેશ છે) એ રીતે એક...'** અનંતા જીવ એક આટલામાં અનંતા અનંતા જીવોનો ઢગલો પડ્યો છે. બટાટા, શક્કરકંદ, લસણ, ડુંગળી, સમજાણું? આ મૂળા. મૂળા હોય છે ને? મૂળાના કાંદા, એની વચલી પેલી શું કહેવાય? ડાંડલી. વચલી ડાડલી હોય છે ને પાંદડા સિવાયની કૂણી. એક બટક આમ કરે તો સરખી રીતે તૂટે. સમજો છો કે નહિ?

મુમુક્ષુ :– કાંદા અલગ હોય છે.

ઉત્તર :– કાંદા-કાંદા. શું અલગ? એને ખબર નથી. એ મૂળી હોય છે ને મૂળી?

મુમુક્ષુ :– મૂળીની નીચે .. ભાગ છે એ.

ઉત્તર :– એ તો ઠીક. એ તો અનંતકાય છે પણ એની વચ્ચે લીલી-લીલી કૂણી પાંદડા સિવાયની, ડાંડલી જેને કહે છે. ખબર નથી? અહીં તો અમે તો પહેલા જોયેલી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ગાંજા-બાંજા નહિ. એ મૂળીનો વચલો ભાગ નીકળે, બહુ કૂણો નીકળે. પાંદડા આસપાસ હોય. વચલો ભાગ નીકળે એ લીલો, કૂણો આમ સરખી ડાંડલી હોય છે. આ તો બધી ખબર છે ને, એટલી ખબર નથી? અમે તે દિ'નું જાણ્યું છે. હમણા ૫૪ વર્ષથી તો હાથમાં લીધું જ નથી કાંઈ.

મુમુક્ષુ :– કુંપણને.

ઉત્તર :– કુંપળ નહિ. નહિ.. નહિ.. કંઈ સમજ્યા નહિ. એ તો પાંદડા. એ વચમાંથી ઘણી લાંબી નીકળે એ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ .. બોલતા હોય. પણ એ અનંતકાય છે. આહાહા..! પાંદડા નહિ. પાંદડામાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પ્રત્યેક છે. પાંદડા છે એ તો પ્રત્યેક છે. પણ વચમાં એક લીલી ડાંડલી નીકળે છે. એટલી ખબર નથી? આ બધાને શું થયું છે? વચ્ચે ડાંડલી હોય એ સાંભળ્યું નથી? કાંદો હોય એ તો અનંતકાય છે. કાંદામાં પણ કેટલાક પ્રત્યેક હોય છે. રગ હોય છે ને કાંદામાં? કાંદામાં રગ હોય છે. એ રગ છે એ પ્રત્યેક છે. પણ અંદર બીજું છે એ અનંતકાય છે. પણ એના પાંદડાઓ એ પ્રત્યેક છે. પહેલા બહુ ઝીણા હોય. પણ વચમાં એકલી લીલી દાંડલી હોય, તેમાં પાંદડા ન હોય. લીલી દાંડલી કઠણ (હોય છે). સમજાણું કાંઈ? આ તો પહેલા તે દિ' ૫૫-૫૬-૫૭ -૬૦ વર્ષ પહેલા. પછી ખાતું'તું કોણ? કંદમૂળ ખાતા નહોતા. સમજાણું? પછી કંદમૂળ-બંદમૂળ ખાધું નથી. કંદમૂળ નહિ, અથાણું નહિ, રાત્રે આહાર નહિ. ત્રણેમાં દાંડલી થાય છે એ પહેલા જોઈ છે ને? પહેલા એ વખતે ખાધી છે. મૂળા સાથે મીઠી લાગે. તોડે તો સરખા કટકા થઈ જાય. સમજાણું? એમાં અનંતાજીવ છે. ખબર ન મળે એમાં ભાન વિનાના. થઈ રહ્યું. શું આમાં અનંતા ક્યાં છે અને કેમ છે એની ખબર ન મળે. એને હિંસાની ખબર ન મળે, શ્રદ્ધાની ખબર ન મળે, કે આ જીવ અનંતા છે. એટલું આત્મામાં જ્ઞાન કરવાની તાકાત છે. એવા અનંતા જ્ઞાનનો ધણી તે આત્મા છે. એમ છે અહીંયાં. સમજાણું કાંઈ? જૈનને તો પહેલેથી આ ખબર હોય.

મુમુક્ષુ :– આગલા વખતમાં.

ઉત્તર :– આગલા વખતમાં. લ્યો ઠીક! એય..! આવી તો ભાઈ! અમને પહેલેથી નાની ઉંમરમાં ખબર છે. નિશાળે જાતા ત્યારથી ખબર હતી. ૧૦-૧૨-૧૫ વર્ષથી. એય..! સમજાણું કાંઈ? કે આ અનંતકાય કહેવાય, દાંડલી આવી કહેવાય, ફલાણું આ કહેવાય, ઢીકણું આ કહેવાય.

**'(જેમ એક આંગળીની રેખામાં અસંખ્યાત પ્રદેશ છે) એ રીતે એક બટેટામાં અથવા એક બટેટાના ટુકડામાં (રાયજેટલામાં) અનંતાનંત જીવ રહે છે. તેથી આવી વનસ્પતિઓનો શીઘ્ર ત્યાગ કરવો જોઈએ.'** કહો, સમજાણું કાંઈ? એ અનંતાજીવ છે ને! તો એમાં પાછા શરીર જ કોણ જાણે એવા બંધાણા છે. મીઠાશ કાંઈ એના જીવની નથી. એના શરીરનું દળ જ એવું છે, મીઠું લાગે બધાને. બટાટાનું, ફલાણાનું, ઢીકણાનું, શક્કરકંદનું, લસણ, ડુંગળી, લ્યોને. એવા શરીરના પિંડ જ એવા બંધાણા. રજકણની એવી પર્યાય છે એની. લોકો એમ કહે કે ઘણા જીવ, એની બહુ મીઠાશ. જીવની મીઠાશ ક્યાં છે? શરીર તો પેલા ઘણા જીવ છે એના શરીરના બંધારણ જ એવા છે. આહાહા..! સમજાણું?

જેને આત્માનું જીવન સુધારવું છે એમ કહે છે. એને આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાયકમૂર્તિ એમ દૃષ્ટિમાં આવ્યા છતાં, આસક્તિનો ત્યાગ ન થાય ત્યાં સુધી એને જીવનનો સુધારો– સ્થિરતા ન થાય. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો એ વાત ૧૬૨માં કરી.

## ગાથા–૧૬૩

વિશેષપણે બતાવે છે :–

नवनीतं च त्याज्यं योनिस्थानं प्रभूतजीवानाम्।
यद्वापि पिण्डशुद्धौ विरुद्धमभिधीयते किञ्चित्।।१६३।।

અન્વયાર્થ :– [ च ] અને [ प्रभूतजीवानाम् ] ઘણા જીવોના [ योनिस्थानं ] ઉત્પત્તિ સ્થાનરૂપ [ नवनीतं ] નવનીત અર્થાત્ માખણ [ त्याज्यं ] ત્યાગ કરવા યોગ્ય છે. [ वा ] અથવા [ पिण्डशुद्धौ ] આહારની શુદ્ધિમાં [ यत्किञ्चित् ] જે થોડું પણ [ विरुद्धं ] વિરુદ્ધ [ अभिधीयते ] કહેવામાં આવે છે [ तत् ] તે [ अपि ] પણ ત્યાગ કરવા યોગ્ય છે.

ટીકા :– 'च प्रभूत जीवानां योनिस्थानं नवनीतं त्याज्यं वा पिण्डशुद्धो यत्किञ्चित् विरुद्धं अभिधीयते तत् अपि त्याज्यम्' - અર્થ :– ઘણા જીવોને ઊપજવાનું સ્થાન એવું માખણ અને તાજું માખણ તે પણ ત્યાગ કરવા યોગ્ય છે અને આહારશુદ્ધિમાં જે કાંઈ પણ નિષિદ્ધ છે તે બધું જ છોડવું જોઈએ.

ભાવાર્થ :– આચારશાસ્ત્રમાં જે પદાર્થો અભક્ષ્ય અને નિષેધ્ય બતાવ્યા છે તે બધાનો ત્યાગ કરવો જોઈએ. જેમ કે ચામડામાં રાખેલ અથવા ચામડાનો સ્પર્શ થયો હોય તેવું પાણી, નળનું પાણી, ચામડામાં રાખેલ વા ચામડાનો સ્પર્શ થયો હોય તેવાં ઘી, તેલ; ચામડામાં રાખેલ હીંગ વગેરે પણ અશુદ્ધ છે. તેથી તે ખાવા નહિ. ૪૮ મિનિટથી વધારે વખત રહેલું કાચું દૂધ, એક દિવસ ઉપરાંતનું દહીં, બજારનો લોટ, અજાણ્યાં ફળ, રીંગણાં, સડેલું અનાજ, બહુબીજવાળી વસ્તુઓ ખાવી નહિ. મર્યાદા ઉપરાંતનો લોટ ખાવો ન જોઈએ.

બત્રીસ આંગળ લાંબા અને ચોવીસ આંગળ પહોળા બેવડા કરેલા સ્વચ્છ, જાડા કપડાથી પાણી ગાળીને પીવું. તે ગાળેલા કાચા પાણીની મર્યાદા ૪૮ મિનિટની છે. ગાળેલા પાણીમાં જો લવિંગ, એલચી, મરી વગેરેનો ભૂકો કરીને નાખવામાં આવે અને તેનું પ્રમાણ એટલું હોય કે તે પાણીનો રંગ અને સ્વાદ બદલાઈ જાય તો તે પાણીની મર્યાદા છ કલાકની છે અને પાણીને ઉછાળો આવે તેવું ઉકાળવામાં આવે તો તેની મર્યાદા ૨૪ કલાકની છે.[૧] આ રીતે પાણીના ઉપયોગમાં આચરણ કરવું જોઈએ. પાણીનું ગાળણ જ્યાંથી પાણી આવ્યું હોય ત્યાં મોકલવું જોઈએ. આ રીતે શ્રાવકે પોતાના ભોગ-ઉપભોગની સામગ્રીમાં વિવેક રાખીને ત્યાગ અને ગ્રહણ કરવાં જોઈએ. ૧૬૩.

---

૧. ઉકાળેલા પાણીની મર્યાદા પૂરી થયા પછી તે પાણી કોઈ કામમાં ન લેવું તેવી આજ્ઞા છે.

www.vitragvani.com



**नवनीतं च त्याज्यं योनिस्थानं प्रभूतजीवानाम्।**
**यद्वापि पिण्डशुद्धौ विरुद्धमभिधीयते किञ्चित्।।१६३।।**

**'ઘણા જીવોના ઉત્પત્તિસ્થાનરૂપ નવનીત અર્થાત્ માખણ ત્યાગ કરવા યોગ્ય છે.'** તાજું માખણ પણ બહુ આમ ગૃદ્ધિ ઊપજાવે એવું હોય છે. માંસ જેવો દેખાવ લાગે ને. અહીં તો સમ્મુચય માખણનો ત્યાગ જ કરવો. **'અથવા આહારની શુદ્ધિમાં...'** એ માખણ ખાવું નહિ. અહીં તો આઠ-આઠ દિવસના માખણના ઘી કરે. એય..! 'વાસુદેવજી'! તમારે ભેંસો હતી તો શું થતું હશે? એ ન બોલે. આ પહેલા ભેંસો નહોતી? આ રાખતા ને. પહેલા બહુ પાપ કર્યા છે, એણે હોં! એને ક્યાં સંભળાય છે? એને એ કાંઈ ખબર પણ ન મળે. શ્રદ્ધા પણ ન મળે. એ ભેંસો અને છાણ તો બહુ રાખતા. એના પછી માખણ (કરે). એક-બે ઘડી પછી માખણમાં ઘણા અનંતા જીવ થાય. સંમુર્છન, હોં! નિગોદના. બે દિ'નું, ચાર દિ'નું ભેગું કરેલું ઘી એકલું અભક્ષ્ય (છે).

મુમુક્ષુ :– એ તો સોમવારે જ ઘી કરે.

ઉત્તર :– આઠ દિવસના, સોમવારે ઘી કરે. 'હીરાભાઈ'! સાંભળ્યું? શું કીધું આ? તમારા આ 'વાસુદેવ'ને કીધું કે તમે ભેંસો રાખતા હતા ને? ભેંસો-ભેંસો. ત્યારે માખણ-બાખણ કાઢતા હતા ને? કેટલા દિ'એ કાઢતા હતા.

મુમુક્ષુ :– કાઢીને તરત કરી નાખતા, રાખતા નહિ.

ઉત્તર :– અહીં તો કહે છે માખણ રાખીને જેટલા જીવો થાય, એમાં કેટલાક રબારીઓ ને ભરવાડ તો આઠ દિવસે કરે છે. એટલી મહેનત કોણ કરે? એક-એક ભેંસનું થોડું-થોડું દરરોજનું. અગ્નિ-છાણા બાળવા. એકસાથે અગ્નિ અને બધું થઈ જાય. એમ. બાઈડીયુંને બહુ લોભ હોય પાછો.

અહીં તો કહે છે કે **'આહારની શુદ્ધિમાં જે થોડું પણ વિરુદ્ધ કહેવામાં આવે છે તે પણ ત્યાગ કરવા યોગ્ય છે.'** એ બધું અર્થમાં કહેશે, હોં! **'ઘણા જીવોને ઊપજવાનું સ્થાન એવું માખણ અને તાજું માખણ તે પણ ત્યાગ કરવા યોગ્ય છે અને આહારશુદ્ધિમાં જે કાંઈ પણ નિષિદ્ધ છે તે બધું જ છોડવું જોઈએ.'** એનો ખુલાસો આપે છે, હોં! **'આચારશાસ્ત્રમાં જે પદાર્થો અભક્ષ્ય અને નિષેધ્ય બતાવ્યા છે તે બધાનો ત્યાગ કરવો જોઈએ. જેમ કે ચામડામાં રાખેલ અથવા ચામડાનો સ્પર્શ થયો હોય એવું પાણી,...'** લ્યો. આ કૂવામાંથી કોશ દ્વારા કાઢે છે ને? ચામડાની કોશ. ચામડાની કોશ અને બોખ, ચામડાની બોખ હોય છે. બોખ સમજો છો? ડોલ. ચામડાની ડોલ, ચામડાનું શું કહેવાય એ મોટું? કોશ. એ પાણી ન પિવાય એમ કહે છે. બહુ તરસ લાગી હોય ને તરત પાણી નિકળે, લાવો પી લઈએ. રસ્તામાં પીવે, હોં! કૂવામાંથી પાણી નીકળતું હોય.

અમે નાની ઉંમરમાં જાતા ને. 'ઉમરાળા' થી 'ગારિયાધાર' જાવું હોય તો પછી દસ

www.vitragvani.com



વાગ્યે ઢેબરા ખાવા હોય. ઢેબરા સાથે લીધા હોય. કૂવો ચાલતો હોય ત્યાં જઈને પી લઈએ. ઢેબરા ખાઈને એ પાણી પીવે. ત્યાં ક્યાં પાણી સાથે રાખે? બાર ગાવ જાવું હોય. સવારથી નીકળે. તે દિ' ક્યાં રેલ નહોતી. સવારે નીકળે તો સાંજે પહોંચે. અમે તો ઘણીવાર 'ઉમરાળા' થી 'ગારિયાધાર' ગયેલા છીએ. .. વચ્ચે આવે ત્યાં બહાર રહીએ. છાશ-બાશની બહુ જરૂર પડે તો વાણિયાને ત્યાં જઈએ તો બિચારા છાશ આપે. બાર ગાવ ચાલે. એકો હોય, એક બળદ હોય. બે જણા બેઠા હોય. એકો એને કહેવાય ને. એકો એટલે એક બળદ. એમ. એ સવારે ચાલે તો સાંજે પહોંચે. અંધારે હોં! બાર ગાવ ચાલવું એટલે? રસ્તામાં ખાવું હોય ત્યારે પેલાને કહે કે ધ્યાન રાખજો કૂવા જ્યાં આવે ને, દસ, સાડા દસ થવા આવ્યા. ત્યાં પડાવ નાખે. બેસે ખાઈને, ઢેબરા હોય, આથણું હોય. એ પાણી પીવે. આ તો આપણે એ બધું કર્યું છે ને? બધી ખબર છે. 'ઉમરાળા'થી અમારા બહેન અહીં 'ગારિયાધાર' રહેતા ખરા ને. ઘણીવાર જાતા. અને 'ગારિયાધાર' થી 'ઉમરાળા' આવતા. તો પણ બાર કલાક. સમજાણું?

એ **'ચામડામાં રાખેલ અથવા ચામડાનો સ્પર્ષ થયો હોય એવું પાણી,...'** પીવું જોઈએ નહિ. એમાં ચામડાના કંદવર્ણા જીવો ઘણા હોય ને એમાં બધા ભેગા પાણીમાં મરી જાય છે. કહો, આ તમારે નળમાં નાખે છે ને? ચામડાના વાઈસર. વાઈસર એટલે ગુજરાતી શું? પેકિંગ? એ પેકિંગ કરવાનું પેલું. મજબૂત રાખવાનું આમ. એય..! 'દેવાનુપ્રિયા'! શું નામ એનું? તમને આવડે નહિ? વકિલ હોશિયાર છો ને? મજબૂત રાખવાનું હોય ને. એ પીવું ન જોઈએ. જુઓ!

**'નળનું પાણી,...'** જુઓ! આવ્યું આમાં. એમાં નળના પાણી, એમાં ઝીણા-ઝીણા માછલા, ક્યાંક સડો કરીને ક્યાંકથી આવતા હોય. અને નળમાં ચારે બાજુ લીલ-ફૂગ થઈ હોય. લીલ-ફૂગમાં ઝીણી જીવાત થઈ ગઈ હોય. એમાં સોસરું પાણી જીવાત લઈને આવે. ઠેઠ નળથી જુઓને! 'મુંબઈ'માં તો ક્યાંથી પાણી આવે છે જોયું? ઘણા ગાવથી આવે. આવડી મોટી. માણસ ઊભો રહે એવડી કોઠીમાંથી પાણી નીકળે. માણસ આખો ઊભો રહે એવડી મોટી કોઠીમાંથી પાણી ચાલ્યું આવતું હોય.

મુમુક્ષુ :– એ વિના પાણી પૂરું પડે નહિ.

ઉત્તર :– માટે પહેલા તો સાધુઓ મુંબઈ જાતા જ નહિ. સમજાય છે? બધું ભ્રષ્ટાવાળું. સારો શ્રાવક પણ 'મુંબઈ' ન જતો.

મુમુક્ષુ :– હવે મુંબઈ વિના મજા ન આવે.

ઉત્તર :– એવા ભ્રષ્ટાવાળું. એકાંત ન મળે, નિવૃત્તિ ન મળે, જંગલ જાવું હોય તો પાયખાને જાય. બધા ત્રસ મરે. કહો, 'રતિભાઈ'! સાંભળ્યું? પેટ ભરવા માટે આ બધું પાપ કરવું પડે. એકલું પાપ. એવું પાપ હોય નહિ, એમ કહે છે.

www.vitragvani.com



**'ચામડામાં રાખેલ...'** શું? એ પાણી. **'ચામડાનો સ્પર્શ થયો હોય તેવા ઘી,...'**

મુમુક્ષુ :– હવે તો પ્લાસ્ટિકમાં આવે છે.

ઉત્તર :– પ્લાસ્ટિક હશે. પણ પહેલા ચામડામાં આવતું ને? કુડલા કુડલા આવતા. કુડલામાં ઘી આવતું. પાણી પણ એમાં આવતું. આ બધા લોકો પાણી રાખે છે ને? આ પાણીવાળા ગારા કરે. મશકો બધી ચામડાની હોય. એમાં પાણી હોય. આ પાડા પાણી ભરી લાવે છે ને? એ ચામડાના હોય. મારવાડમાં છેટે પાણી હોય, તો એ પાડા ભરી આવે. પખાલ. ચામડાની મોટી પખાલ હોય ને. બે-બે મણ, ત્રણ-ચાર મણની... પાડો ભરી આવે. એમાંથી વાણિયા પાણી લે. એ ન લેવું, અસ્પર્શ છે એમ કહે છે.

મુમુક્ષુ :– આમાં જીવવું કે ન જીવવું?

ઉત્તર :– જીવને જીવનો આહાર, જીવ વિના જીવે નહિ એવો શ્લોક આવે છે. સમજાય છે? જીવને જીવનો આહાર, જીવ વિના જીવ જીવે નહિ. પછી શું? એક શબ્દ પડ્યો રહ્યો. ત્રીજો શબ્દ શું? જીવને જીવનો આહાર, જીવ વિના જીવ નહિ. પળે એટલું પાળવું એ ચોથું પદ છે. ત્રીજું પદ આવડતું નથી? આ તો પહેલા લોકો બહુ બોલતા.

મુમુક્ષુ :– એ જીવો વયા ગયા.

ઉત્તર :– વયા ગયા? જીવને જીવનો આહાર, જીવ વિના જીવે નહિ. એ ત્રીજું પદ રહી ગયું. એય..! 'ભગવાનભાઈ'! આવડતું નથી? ઉત્તમનો આચાર, લ્યો એ શબ્દ આવ્યો. પળે એટલું પાળવું. પણ તમને ત્રીજો બોલ યાદ આવ્યો નહિ ને? એ આવે છે, હોં. અમે તો પહેલેથી ઘણું વીતેલું, જોયેલું અને સાંભળેલું છે. 'જીવને જીવનો આહાર, જીવ વિના જીવ જીવે નહિ, ઉત્તમનો આચાર પળે એટલો પાળવું.' એમ આવે છે. અહીં તો ઘણા નાની ઉંમરમાં ઘણા-ઘણાના સંગ પણ બહુ કરેલા, હોં! વાચેલું પણ ઘણું, સંગ પણ કરેલા. બાવા પણ જોયેલા, ઘણું જોયેલું.

કહે છે કે એવા ચામડામાં રાખેલું ઘી કે ચામડાના સ્પર્શવાળું ઘી. ચામડામાં રાખેલું તેલ કુડલામાં કે એને સ્પર્શેલું તેલ. **'ચામડામાં રાખેલ હીંગ વગેરે પણ અશુદ્ધ છે.'** કહો, સમજાણું કાંઈ? ભાઈ! એને એ જાણવું તો જોશે ને? હિંસા ક્યાં થાય છે? એને હિંસાનો ત્યાગ-રાગ ભાગ. રાગના ત્યાગમાં એ હિંસાનો ત્યાગ કહેવામાં આવે છે. એને જાણવું તો જોઈએ ને. જીવના સ્થાનો. નથી આવતું? 'નિયમસાર'માં આવે છે. મુનિઓએ જીવના સ્થાન, કુળ, યોનિ, જે છે એને જાણવા જોઈએ. ક્યાં-ક્યાં જીવ ઉત્પન્ન થાય છે? કેટલા થાય? કેમ થાય? એ જાણવા જોઈએ.

મુમુક્ષુ :– અહિંસાવ્રતમાં પહેલા..

ઉત્તર :– હા આવે જ ને. 'નિયમસાર'માં આવે છે. આવે જ ને પણ. યથાસ્થાને એ વાત છે. ક્યા જીવની ક્યા ઉત્પત્તિ સ્થાન? કેટલા જીવ ક્યાં રહે? ત્રસ કેવી રીતે ખૂણે-

www.vitragvani.com



ખાંચરે રહે, એવા પ્રકાર એણે પહેલા જાણવા જોઈએ. સમજાણું?

**'તેથી તે ખાવા નહિ. ૪૮ મિનિટથી વધારે વખત રહેલું કાચું દૂધ,...'** દૂધ-દૂધ. ૪૮ મિનિટથી વધારે રાખેલું કાચું દૂધ અભક્ષ્ય થઈ જાય છે. બધું ભારે આકરું પડે આ! **'એક દિવસ ઉપરાંતનું દહીં,...'** એ પણ બધું અભક્ષ્ય છે. સમજાણું? એ ખાવું નહિ. **'બજારનો લોટ...'** બજારના લોટનો ક્યાં મેળ હોય? દસ દિવસનો, પંદર દિવસનો, વીસ દિવસનો. આ ચણાની મોટી કોથળીઓ આવે છે ને? કંદોઈને ત્યાં ચણાના લોટની કોથળી બે મહિનાની હોય, ત્રણ મહિનાની હોય, એમાં ઇયળું પડેલી હોય. એ લોટના ભજિયા કર્યા હોય. એ ભજિયા વાણિયા લઈ આવે. નવરા બેઠા હોયને ત્યારે થોડી અધશેર, પા શેર ફૂલવડી લઈ આવો, જાઓ. સમજાણું કાંઈ? પેલો મેંદો. મેંદો આવે છે ને? પહેલા વાણિયા મેંદો લેતા નહિ. મેંદો ખાય નહિ કંદોઈનો. એવો મેંદો ઝીણો હોય ને એવી જીવાંત હોય.

મુમુક્ષુ :– ઘરે બનાવે.

ઉત્તર :– હા. કંદોઈની દુકાનેથી મેંદો લાવે જ નહિ. મેંદો બે મહિના, છ મહિનાનો પડ્યો હોય. છ-છ મહિના સુધી ગુણો ભરેલી હોય. મીલનો મેંદો. છ-છ મહિના સુધી ભરેલી હોય. એકલી ઈયળો. સમજાણું? સ્વપર વિવેક થયો છે એને પરમાં ક્યાં-ક્યાં હિંસા છે એનું જ્ઞાન કરીને એને બને તેટલી યથાશક્તિ છોડવું જોઈએ. સમજાણું કાંઈ?

**'અજાણ્યાં ફળ,...'** એ અજાણ્યાં ફળ હોય એ ખબર ન હોય કેવા ફળ છે, લ્યો. સમજાણું? આ શું કીધું? આ આઠ ફળ આવે છે ને? ઉંબર. ઉંબરના ફળ એક જગ્યાએ પડ્યા હતા. આપણે 'તળાશ્રી' ગયા હતા ને તે દિ'? (સંવત) ૨૦૧૩ની સાલ. માગશર વદ ૮. કુંદકુંદાચાર્યનો દિવસ હતો ને તો બહાર ગયા હતા. ત્યાં બહાર ગયા હતા ત્યાં એવા ફળ પડેલા. મેં કીધું આ શું હશે? આપણે કોઈ દિ' જોયેલું નહિ. આ ફળ કેવા અહીં પડેલા? ફળ ઘણા પડેલા. માથે ઝાડ. દિશાએ જવાનું હતું જંગલ ત્યાં (હતા). હાથમાં આમ લીધું ત્યાં અર..ર..! એકલી જીવાત હશે અંદર. અજાણ્યા ફળ. એટલી જીવાત. 'તળાશ્રી' નહિ આમ. પાછળ દિશાએ જવાતું હશે. તે દિ' બે-ત્રણવાર જાવું પડ્યું હતું.

**'અજાણ્યા ફળ, રીંગણા,...'** રીંગણા-રીંગણા. રીગણામાં એની ટોપીમાં ઉપર બહુ જીવાત હોય. રીંગણા ઉપર ટોપી હોય ને? શું કહેવાય એ? ડીટડું હોય ને? ડીટડાને ટોપી હોય, ટોપીની અંદર જીવાત બહુ હોય. ઝીણા-ઝીણા કંથવા. ત્રસ મરે, ત્રસ. અને રીંગણામાં તો અંદર પણ ઘણી જીવાત હોય. આ સ્થાનકવાસીમાં રીંગણાના શાકની બહુ છૂટ. અમે પહેલા વહેલા ચૈત્રમાં 'વિછીંયા'માં ગયા. કંઠ તો બહુ સારો હતો. પછી ત્યાંથી બગડી ગયો. ચૈત્ર મહિને 'વિછીંયા'માં ગયેલા. ઊના-ઊના રોટલા, ગોળ અને રીંગણાના શાક અને ચૈત્ર મહિનો. (સંવત) ૧૯૭૫ની સાલ હતી, લ્યો. એમાં પાછું વ્યાખ્યાન વાંચવાનું મારે. કંઠમાં ફેરફાર થઈ ગયો. ઉનાળાનો દિ', બાજરાના રોટલા આવે, રીંગણાના શાક લેતા અને ગોળ.

www.vitragvani.com



'પ્રેમચંદભાઈ'! એ તમારા ગામનું છે એ તમને પણ ખબર ન હોય. ૭૫ની સાલમાં. કહો, સમજાણું કાંઈ?

કહે છે એવા **'રીંગણા, સડેલું અનાજ,...'** સડેલું અનાજ. ઘઉં, બાજરો જેમાં ઈયળું, જીવાત આદિ પડેલી હોય. આ મગ-મગ. મગમાં દાણે-દાણે અંદર મટકું પડેલું હોય. મગના ઝીણા મટકા. મગ સમજો છો? મુંગ. અડે તો એમાં મટકા. પાંચ શેર, દસ શેર .. હોય બાયુને લોભ મટે નહિ. કે લાવ થોડું થોડું ઉડાડીને સાફ કરીને લાવો ખાઈએ. એમાં ઘણા મટકા પડ્યા હોય. મગના શાક આવે, હોં! એમાં અંદર મટકા દેખાય. શરીર હળવા હોય ને એટલે શાક થાય એમાંથી તૂટે. શાકની ઉપર મરેલા મટકા દેખાય. સમજાણું કાંઈ? જુઓ! આવી વાત તો કોઈ વખતે અહીં નીકળે ત્યારે નીકળે. એ કાંઈ અમથી અજાણી નીકળે છે? દ્રવ્યાનુયોગ ચાલતો હોય તો એમાં આ વાત ક્યાં નીકળે? એય...! સમજાણું? શું કીધું?

**'બહુબીજવાળી વસ્તુઓ ખાવી નહિ.'** ઘણા બી... ઘણા બી... એકલા. **'મર્યાદા ઉપરાંતનો લોટ ખાવો ન જોઈએ.'** જુઓ! ત્રસનો ખોરાક જેમાં આવે એ તો માંસ કહેવાય. એનો તો એને વિવેક રાખવો જોઈએ. પછી **'બત્રીસ આંગળ લાંબા અને ચોવીસ આંગળ પહોળા બેવડા કરેલા સ્વચ્છ, જાડા કપડાથી પાણી ગાળીને પીવું.'** એમ કહે છે. એટલા વિશેષણ છે કે એક તો બેવડું કરેલું, બીજું સ્વચ્છ કપડું પાછું. મેલા ઘાણ જેવા હોય તો એ તો ઉલટાની એમાં જીવાત હોય. ત્રીજું જાડું કપડું. પછી બહુ પાતળા હોય અને ડબલ રાખે તો એ નહિ. **'બત્રીસ આંગળ લાંબા અને ચોવીસ આંગળ પહોળા બેવડા કરેલા સ્વચ્છ, જાડા કપડાથી પાણી ગાળીને પીવું.'** ભાઈ!

આ તો વીતરાગનો માર્ગ છે. જેમ બને તેમ પરની આસક્તિ છૂટે, હિંસાથી છૂટવાની વ્યાખ્યા છે. દ્રવ્યહિંસા થતા એને અહીં એને રાગ થાય છે ને એટલો? ભાવહિંસા. ભાવહિંસા છોડવા, દ્રવ્યહિંસા એને છોડવી જોઈએ. આ મૂળ રહી ગયું અને ઉપલી વાત રહી ગઈ એકલી પછી. પણ પાછી આ મૂળ દૃષ્ટિ સહિત પણ આ ભાવ શ્રાવકને આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? આ તો વીતરાગનો માર્ગ કેવળજ્ઞાની પરમાત્માએ કહેલો તત્ત્વનો માર્ગ છે. એને સ્વ-પરના વિવેકકાળમાં પણ આવી હિંસા-અહિંસાનો વિવેક હોવો જોઈએ. સમજાણું કાંઈ?

**'તે ગાળેલા કાચા પાણીની મર્યાદા ૪૮ મિનિટની છે.'** જોયું! કાચું પાણી પણ ૪૮ મિનિટ હોં પાછું. એમ. **'ગાળેલા પાણીમાં જો લવિંગ, એલચી, મરી વગેરેનો ભૂકો કરીને નાખવામાં આવે અને તેનું પ્રમાણ એટલું હોય...'** ભૂકાનું. **'કે તે પાણીનો રંગ અને સ્વાદ બદલાઈ જાય તો તે પાણીની મર્યાદા છ કલાકની છે અને પાણીને ઉછાળો આવે...'** પાણીનો ઉછાળો–ઉભરો આપણે કહે છે. પાણીનો ઉભરો કહે છે ને? પાણીનો આવ્યો. ઉફાળ-ઉફાળ. નીચે અગ્નિ હોય ને ત્યાંથી એવું લાગી જાય કે પાણી આમ ઉપર ઉછળે. **'અને પાણીને ઉછાળો આવે તેવું ઉકાળવામાં આવે તો તેની મર્યાદા ૨૪ કલાકની છે.'** ઊનું પાણી ૨૪

www.vitragvani.com



કલાક પછી ન પીવું. જુઓ નીચે છે. **'ઉકાળેલા પાણીની મર્યાદા પૂરી થાય પછી તે પાણી કોઈ કામમાં ન લેવું તેવી આજ્ઞા છે.'** સમજાણું કાંઈ? આવે તો એમાં બધું આવે. એમ કાંઈ એકલું દર્શનશુદ્ધિ. પણ દર્શનશુદ્ધિ, એને સ્થિરતાના અંશો, આસક્તિનો ત્યાગ, રાગનો ત્યાગ, એના નિમિત્તો કેવા, એમ વાત આવે ને? કહો, સમજાણું કાંઈ? વગર (કારણે) અનંતા-અનંતા જીવના ઘાણ વળે. સમજાણું? ભાવમાં દરકાર ન મળે. એમ કહે છે, ભાઈ! જીવનના સુધારા, બાપુ! રાગને ઘટાડો અને એવા વગર પ્રયોજને અનંતાજીવ આદિ મરી જાય, એમાં તને કાંઈ લાભ નહિ, અને બીજી રીતે ખોરાક ચાલી શકે છે તો આવા અનંતાજીવોને મારવાનો ભાવ હોવો જોઈએ નહિ, એમ કહે છે.

**'આ રીતે પાણીના ઉપયોગમાં આચરણ કરવું જોઈએ. પાણીનું ગાળણ જ્યાંથી પાણી આવ્યું હોય ત્યાં મોકલવું જોઈએ.'** એક કૂવાના પાણીનું ગાળણ બીજા કૂવામાં નાખે તો જીવ મરી જાય.

મુમુક્ષુ :– ડંકીમાંથી પાણી કાઢે એમાં ગાળણ ક્યાં મુકે?

ઉત્તર :– અત્યારે માણસો કૂવાના પાણી પીવે. ડંકીના પીવે નહિ. આ બહાર આચારના કેટલાક છે એ કૂવાનુ પાણી પીવે. ભાઈ! આ તો એવું છે કે જેને જીવનમાં... પેલું 'મુંબઈ' અને બધા પાપના ઘર, ઉપાધિ, મોહપુરી છે. 'શ્રીમદ્દે' કહ્યું છે, મોહમયી નગરી. આહાહા..! આ 'સુમનભાઈ'ને ફરતા ફરતા ત્યાં આવ્યું પાછું. પહેલા ત્યાં હતા, નહિ? (સંવત) ૨૦૧૩માં અમે ત્યાં આવ્યા હતા ત્યારે તમારા ઘરે ઉતર્યા હતા ને. પછી વળી ગયા. 'મદ્રાસ', 'કલકત્તા' ગયા. પાછા ત્યાં આવ્યા. પણ નજીક તો ખરું. શું કહેવાય? 'અમેરીકા'થી નજીક. કહો, સમજાણું?

**'આ રીતે શ્રાવકે પોતાના ભોગ-ઉપભોગની સામગ્રીમાં વિવેક રાખીને ત્યાગ અને ગ્રહણ કરવાં જોઈએ.'** એમ. ત્યાગ-ગ્રહણની વાત છે ને આ તો? વિકલ્પની વાત છે ને? સમજાણું? દૃષ્ટિમાં તો ત્યાગ-ગ્રહણ છે નહિ. પણ જ્યાં સુધી વસ્તુ સ્થિર થઈ નથી ત્યાં સુધી ચારિત્રની અપેક્ષાએ ગ્રહણ-ત્યાગનો વિકલ્પ ત્યાં હોય છે એમ કહે છે. સમજાણું? એ તો આવે છે ને? આમાં પણ હતું ને? 'ટોડરમલજી'માં 'ચરણાનુયોગ'માં નથી આવતું? ચરણાનુયોગમાં નહિ પાછળ, આઠમુંને? શું કહેવાય એ? આઠમું. એમાં બધું આવ્યું છે. ત્યાં કહે છે. આઠમું ને?

મુમુક્ષુ :– આ ચરણાનુયોગમાં પહેલી બે લીટી..

ઉત્તર :– હા એ ચરણાનુયોગની પહેલી બે લીટી છે ને. જુઓ? **'ચરણાનુયોગમાં જેમ જીવોના પોતાના બુદ્ધિગોચર ધર્મનું આચરણ થાય તેવો ઉપદેશ આપ્યો. હવે ધર્મ તો નિશ્ચય મોક્ષમાર્ગ છે તે જ છે. પરંતુ તેના સાધન આદિ છે તે પણ ઉપચારથી ગ્રહણ છે. ત્યાં વ્યવહારનયની પ્રધાનતાથી નાનાપ્રકાર ઉપચાર ધર્મના ભેદ આદિનું આમાં નિરૂપણ કરવામાં આવે છે. કારણ કે નિશ્ચયધર્મમાં તો કાંઈ ગ્રહણ-ત્યાગનો વિકલ્પ નથી.'** આ ઉપર લેવું

www.vitragvani.com



છે અહીં તો. કેમ કે, નિશ્ચયધર્મમાં જ્ઞાતા-દૃષ્ટા ને જેટલો સ્થિર થયો, એમાં તો ગ્રહણ-ત્યાગનો વિકલ્પ નથી. **'તથા નીચલી દશામાં વિકલ્પ છૂટતો નથી. તેથી આ જીવને ધર્મ વિરોધી કાર્ય છોડાવવાનો, ધર્મ સાધનાદિ કાર્યોને ગ્રહણ કરાવવાનો આમાં ઉપદેશ છે.'** એ ઉપદેશ બે પ્રકારે છે. એક વ્યવહાર સહિત ઉપદેશ, એકલો વ્યવહાર. એમ અહીં વાત છે. આ તો જરા ગ્રહણ-ત્યાગનું હતું એટલે એ ઉપર મગજ ચાલી ગયું. ગ્રહણ-ત્યાગ સમજ્યાને ?

## ગાથા-૧૬૪

**વિશેષ કહે છે :–**

**अविरुद्धा अपि भोगा निजशक्तिमपेक्ष्य धीमता त्याज्याः।**
**अत्याज्येष्वपि सीमा कार्यैकदिवानिशोपभोग्यतया।।१६४।।**

**અન્વયાર્થ :– [ धीमता ] બુદ્ધિમાન મનુષ્યે [ निजशक्तिम् ] પોતાની શક્તિ [ अपेक्ष्य ] જોઈને [ अविरुद्धाः ] અવિરુદ્ધ [ भोगाः ] ભોગ [ अपि ] પણ [ त्याज्याः ] છોડી દેવા યોગ્ય છે. અને જે [ अत्याज्येषु ] ઉચિત ભોગ–ઉપભોગોનો ત્યાગ ન થઈ શકે તો તેમાં [ अपि ] પણ [ एकदिवानिशोपभोग्यतया ] એક દિવસ-રાતની ઉપભોગ્યતાથી [ सीमा ] મર્યાદા [ कार्या ] કરવી જોઈએ.**

**ટીકા :– 'धीमता निजशक्तिम् अपेक्ष्य अविरुद्धाः अपि भोगाः त्याज्याः तथा अत्याज्येषु अपि एक दिवानिशोपभोग्यतया सीमा कार्या।' - અર્થ :– બુદ્ધિમાન શ્રાવક પોતાની શક્તિનો વિચાર કરીને ખાવા યોગ્ય પદાર્થો પણ છોડે અને જે સર્વથા છૂટી ન શકે તેમાં એક દિવસ, એક રાત, એક અઠવાડિયું, પખવાડિયું વગેરેની મર્યાદા કરીને ક્રમે ક્રમે છોડે. ૧૬૪.**

---

**'વિશેષ કહે છે.'** ૧૬૪.

**अविरुद्धा अपि भोगा निजशक्तिमपेक्ष्य धीमता त्याज्याः।**
**अत्याज्येष्वपि सीमा कार्यैकदिवानिशोपभोग्यतया।।१६४।।**

જુઓ! નિજશક્તિ... નિજશક્તિ બધે ઠેકાણે મુકે છે, હોં! **'બુદ્ધિમાન મનુષ્યે...' 'धीमता'** જ્ઞાનીએ, ધર્માત્માએ **'પોતાની શક્તિ જોઈને...'** શક્તિ જોઈને. હઠ કરે એમ નહિ. શક્તિના પ્રમાણ જોઈને. **'અવિરુદ્ધ ભોગ..'** જે પોતાને ત્યાગ નથી એવો **'અવિરુદ્ધ ભોગ પણ છોડી દેવા યોગ્ય છે.'** એમાં પણ ઘટાડવું જોઈએ. પેલા બધા તો વિરુદ્ધવાળા છે. આ બધા પાપ અને ફલાણા કીધાં ને? પણ જે એને યોગ્ય છે, આહાર લઈ શકે છે એવા અવિરુદ્ધ ભોગનો

www.vitragvani.com



પણ ઘટાડો કરવો જોઈએ. ભોગ-ઉપભોગ પદાર્થનો ઘટાડો કરવો જોઈએ. સમજાણું કાંઈ?

**'અને જે ઉચિત ભોગ-ઉપભોગોનો ત્યાગ ન થઈ શકે તો તેમાં પણ એક દિવસ-રાતની ઉપભોગ્યતાથી મર્યાદા કરવી જોઈએ.'** એણે મર્યાદા કરવી જોઈએ કે, ભાઈ! એક દિવસ મારે અમુક જ (લેવું) વિશેષ નહિ. એક દિવસ આ વિશેષ નહિ. એમ કરવું. **''धीमता निजशक्तिम् अपेक्ष्य अविरुद्धाः अपि भोगाः त्याज्याः तथा अत्याज्येषु अपि एक दिवानिशोपभोग्यतया सीमा कार्या।'**

**અર્થ :– બુદ્ધિમાન શ્રાવક પોતાની શક્તિનો વિચાર કરીને ખાવા યોગ્ય પદાર્થો પણ...'** પેલા ચામડાને અડેલું ઘી, દૂધ, પાણી, આદિ તો ખાવા યોગ્ય નથી કીધા. પણ ખાવા યોગ્ય પદાર્થ જે છે એ પણ છોડે. **'અને જે સર્વથા છૂટી ન શકે તેમાં એક દિવસ, એક રાત, એક અઠવાડિયું, પખવાડિયું વગેરેની મર્યાદા કરીને પણ ક્રમે ક્રમે છોડે.'** કહો, સમજાણું કાંઈ?

## ગાથા–૧૬૫

હજી વિશેષ કહે છે :–

**पुनरपि पूर्वकृतायां समीक्ष्य तात्कालिकीं निजां शक्तिम्।**
**सीमन्यन्तरसीमा प्रतिदिवसं भवति कर्तव्या।।१६५।।**

**અન્વયાર્થ :– [ पूर्वकृतायां ] પ્રથમ કરેલી [ सीमनि ] મર્યાદામાં [ पुनः ] ફરીથી [ अपि ] પણ [ तात्कालिकी ] તે સમયની અર્થાત્ વર્તમાન સમયની [ निजां ] પોતાની [ शक्तिम् ] શક્તિનો [ समीक्ष्य ] વિચાર કરીને [ प्रतिदिवसं ] દરરોજ [ अन्तरसीमा ] મર્યાદામાં પણ થોડી મર્યાદા [ कर्तव्या भवति ] કરવા યોગ્ય છે.**

**ટીકા :– 'पुनरपि पूर्वकृतायां सीमनि तात्कालिकीं निजां शक्तिम् समीक्ष्य प्रतिदिवसं अन्तर सीमा कर्तव्या भवति।' - અર્થ :– પહેલાં જે એક દિવસ, એક સપ્તાહ ઇત્યાદિ ક્રમે ત્યાગ કર્યો છે તેમાં પણ તે સમયની પોતાની શક્તિ જોઈને ઘડી, કલાક, પહોર વગેરેની થોડી થોડી મર્યાદા કરીને જેટલો ત્યાગ બની શકે તેટલો ત્યાગ કરવો. આ રીતે પોતાના ભોગ-ઉપભોગની સામગ્રીના પદાર્થોની સંખ્યા તથા જેટલા કાળની મર્યાદા ઓછી કરી શકે તેટલી અવશ્ય કરવી. એમાં જ આત્માનું [1]કલ્યાણ છે. ૧૬૫.**

---

૧. [નોંધ :– અહીં ભૂમિકાનુસાર આવો રાગ આવે છે તેનું જ્ઞાન કરાવવા માટે ઉપદેશવચન છે. આત્માનું કલ્યાણ તો અંતરંગમાં નિજ કારણપરમાત્માના આશ્રયે થતી શુદ્ધિ = વીતરાગભાવ છે. ત્યાં અશુભથી બચવા જે શુભરાગ આવે છે તેને ઉપચારથી–વ્યવહારથી ભલો કહેવાની રીત છે.]

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'હજી વિશેષ કહે છે.'

**पुनरपि पूर्वकृतायां समीक्ष्य तात्कालिकीं निजां शक्तिम्।**
**सीमन्यन्तरसीमा प्रतिदिवसं भवति कर्तव्या।।१६५।।**

જુઓ! **'कर्तव्या'** છે ને અહીં તો? કર્તવ્ય છે. શુભ અપેક્ષાએ તો વ્યવહાર કહીને કલ્યાણ છે એમ લખશે. **'પ્રથમ કરેલી મર્યાદામાં...'** પહેલી મર્યાદા કરી હોય ને? જાવજીવની અને આટલી ચીજની. જાવજીવની અને આટલી ચીજની. **'ફરીથી પણ તે સમયની અર્થાત્ વર્તમાન સમયની પોતાની શક્તિનો વિચાર કરીને દરરોજ મર્યાદામાં પણ થોડી મર્યાદા કરવા યોગ્ય છે.'** પંદર દ્રવ્ય રાખ્યા હોય, ફલાણી-ફલાણી ચીજ ખપે એવા, હોં! એમાં પણ હંમેશા થોડો ઘટાડો કરવો જોઈએ.

**'પહેલા જે એક દિવસ, એક સપ્તાહ ઇત્યાદિ ક્રમે ત્યાગ કર્યો છે તેમાં પણ તે સમયની પોતાની શક્તિ જોઈને, ઘડી,...'** એક ઘડી આ ન ખપે. જાવ એક ઘડી સુધી મારે બધો ત્યાગ. એમ **'કલાક, પહોર વગેરેની થોડી થોડી મર્યાદા કરીને જેટલો ત્યાગ બની શકે તેટલો ત્યાગ કરવો. આ રીતે પોતાના ભોગ-ઉપભોગની સામગ્રીના પદાર્થોની સંખ્યા તથા જેટલા કાળની મર્યાદા...'** બે. જોયું ને? પદાર્થોની સંખ્યા અને **'જેટલા કાળની મર્યાદા ઓછી કરી શકે તેટલી અવશ્ય કરવી. એમાં જ આત્માનું...'** વ્યવહારે ભલું કહેવામાં આવે છે. **'કલ્યાણ'** એમ લખ્યું છે ને? નીચે ખુલાસો કરવો પડ્યો.

**'અહીં ભૂમિકા અનુસાર આવો રાગ આવે છે...'** સમ્યગ્દષ્ટિને રાગ તો હોય છે. **'તેનું જ્ઞાન કરાવવા માટે ઉપદેશવચન છે. આત્માનું કલ્યાણ તો અંતરંગમાં નિજ કારણપરમાત્માના આશ્રયે થતી શુદ્ધિ = વીતરાગભાવ છે.'** કલ્યાણ તો આત્મા શુદ્ધ અખંડ આનંદકંદ, એના આશ્રયે જેટલી શુદ્ધિ એટલો વીતરાગભાવ પ્રગટે એટલું જ કલ્યાણ છે. નિશ્ચયથી તો એ જ કલ્યાણ છે, પણ વ્યવહારમાં **'ત્યાં અશુભથી બચવા જે શુભરાગ આવે છે તેને ઉપચારથી–વ્યવહારથી ભલો કહેવાની રીત છે.'** ભલો છે ને. વ્યવહારે તો કહેવું પડે.

ચરણાનુયોગમાં વ્યવહાર કર્તવ્ય છે, વ્યવહાર કરવો જોઈએ, આવો વ્યવહાર સારો છે, આ વ્યવહાર ભલો છે. એમ છે ને? સમજાણું કાંઈ? નિશ્ચયદષ્ટિમાં તો વ્યવહાર કર્તવ્ય જ નથી, કરવા લાયક નથી. આવે છે એ જુદી વાત છે. ભારે ... સમજાણું કાંઈ? **'णियमेय कर्तव्यं'** આવે છે ને? નિશ્ચયથી તો સ્વરૂપ ભગવાનઆત્મા, એની દૃષ્ટિ-જ્ઞાન અને એકાગ્રતા, તે જ નિશ્ચયથી કરવા લાયક કર્તવ્ય છે. પણ વ્યવહારથી આ મર્યાદા, ચાર વ્રતમાં આવા ભાવ હોય છે. તેથી એને વ્યવહારથી કર્તવ્ય છે એમ કહેવામાં આવે છે. વ્યવહાર અને નિશ્ચયના વાક્યો અને એના અર્થો ન સમજે તો ગોટાળો વાળે. જુઓ! વ્યવહાર કરવા લાયક છે અને વ્યવહાર કલ્યાણનું કારણ છે. અશુભથી બચવા એ આવે. હવે બીજા પણ એમ જ શીખ્યા છે. ઉપદેશ આપવા માંડ્યા છે ને. અમે અશુભથી બચવાની આ વાત કરીએ છીએ.

મુમુક્ષુ :— ..

ઉત્તર :– હા, બીજા એમ કહે છે. એણે એમ કીધું હતું. અશુભથી બચવા (માટે કહીએ છીએ). પહેલા બિચારો અશુભથી તો બચે. પણ વાત એ છે કે વાસ્તવિક દૃષ્ટિ વિના અશુભથી બચતો પણ નથી એ. જ્યાં અશુભ મહામિથ્યાત્વ પડ્યું છે,... આહાહા..! આવો માર્ગ!

મુમુક્ષુ :– અણુવ્રત છે એ અણુબોમ્બથી બચવાનો ઉપાય છે?

ઉત્તર :– હા, અણુબોમ્બથી બચવાનો ઉપાય છે. એ કાલે ભાષણ કર્યું હશે. ઠીક છે, સંસાર તો એમ જ ચાલે. લોકોને વિસ્મય થાય કે આમણે ભારે કામ કર્યું. પણ મિથ્યાદૃષ્ટિને અણુવ્રત કેવા? જ્યાં દૃષ્ટિના ભાન નથી એને અણુવ્રત કેવા? વીતરાગમાર્ગમાં આ તો સમ્યગ્દર્શન સહિતની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પાંચમા ગુણસ્થાનની..

ઉત્તર :– હા. પાંચમાંની અને સ્વરૂપની દૃષ્ટિ છે અને એ ઉપરાંત અંશે સ્થિરતા પણ થઈ છે. બીજા કષાયનો અભાવ (થયો છે). એની ભૂમિકામાં આવો રાગ, એમાં એની તીવ્રતા ઘટાડવી અને રાગ મંદ થાય, એની આ વાત ચાલે છે.

મુમુક્ષુ :– એને આગળ કેમ વધવું એની વાત છે.

ઉત્તર :– એની વાત છે. છે ભાઈ! દુનિયા તો અનેક બેરંગી દુનિયા છે. એમ જ સંસાર ચાલે.

## ગાથા–૧૬૬

વિશેષ બતાવે છે :—

**इति यः परिमितभोगैः सन्तुष्टस्त्यजति बहुतरान् भोगान्।**
**बहुतरहिंसाविरहात्तस्याऽहिंसा विशिष्टा स्यात्।।१६६।।**

**અન્વયાર્થ :– [ यः ] જે ગૃહસ્થ [ इति ] આ રીતે [ परिमितभोगैः ] મર્યાદારૂપ ભોગોથી [ सन्तुष्टः ] સંતુષ્ટ થઈને [ बहुतरान् ] ઘણા [ भोगान् ] ભોગોને [ त्यजति ] છોડી દે છે [ तस्य ] તેને [ बहुतरहिंसाविरहात् ] ઘણા હિંસાના ત્યાગથી [ विशिष्टा अहिंसा ] વિશેષ અહિંસાવ્રત [ स्यात् ] થાય છે.**

**ટીકા :– 'यः इति परिमितभोगैः सन्तुष्टः बहुतरात् भोगान् त्यजति तस्य बहुतरहिंसाविरहात् विशिष्टा अहिंसा स्यात्' - અર્થ :– આ રીતે જે શ્રાવક ભોગ-ઉપભોગના પદાર્થોથી સંતુષ્ટ થયો થકો ઘણો ભોગ-ઉપભોગના પદાર્થોને છોડી દે છે તેને ઘણી હિંસા ન થવાના કારણે વિશેષ અહિંસા થાય છે.**

www.vitragvani.com



**ભાવાર્થ :– જે શ્રાવક ભોગ-ઉપભોગના પદાર્થોનો મર્યાદાપૂર્વક ત્યાગ કરતો રહે છે તેને તેટલા જ અંશે સંતોષ પ્રગટ થઈને અહિંસા પ્રગટ થાય છે. તે વસ્તુઓના જીવોની હિંસા નહિ થવાથી દ્રવ્યહિંસા થતી નથી તથા એટલા જ અંશે લોભ કષાયનો ત્યાગ થવાને લીધે ભાવહિંસા પણ થતી નથી. તેથી (અકષાય જ્ઞાતાસ્વરૂપમાં સાવધાન એવા) ત્યાગી મનુષ્યને અવશ્ય જ વિશેષ અહિંસા હોય છે. આ રીતે ભોગ-ઉપભોગપરિમાણ નામના ત્રીજા શિક્ષાવ્રતનું વર્ણન કર્યું. ૧૬૬.**

---

**'વિશેષ બતાવે છે :– '** ૧૬૬.

**इति यः परिमितभोगैः सन्तुष्टस्त्यजति बहुतरान् भोगान्।**
**बहुतरहिंसाविरहात्तस्याऽहिंसा विशिष्टा स्यात्।।१६६।।**

લ્યો! અહીં ઉતાર્યું. **'જે ગૃહસ્થ આ રીતે મર્યાદારૂપ ભોગોથી..'** જેટલી મર્યાદા કરી, થોડો કાળ ને આટલું દ્રવ્ય. **'સંતુષ્ટ થઈને...'** એમાં સંતોષાયેલો. **'ઘણા ભોગોને છોડી દે છે.'** ભોગવવા યોગ્ય ભોગોને પણ રાગ ઘટાડીને છોડે છે. **'ઘણી હિંસાના ત્યાગથી...' 'बहुतरहिंसाविरहात्' 'ઘણી હિંસાના ત્યાગથી વિશેષ અહિંસાવ્રત થાય છે.'** લ્યો! એને રાગની ઘણી મંદતા થતાં ઘણું અહિંસાવ્રત વ્યવહારે થાય અને રાગ તદ્દન ઘટીને જેટલી સ્થિરતા થઈ છે, એ તો મૂળ અહિંસા છે.

**ટીકા :– 'આ રીતે જે શ્રાવક ભોગ-ઉપભોગના પદાર્થોથી...'** એકવાર ભોગવાય તે ભોગ અને વારંવાર ભોગવાય તે ઉપભોગ. **'સંતુષ્ટ થયો થકો ઘણા ભોગ-ઉપભોગના પદાર્થોને છોડી દે છે...'** એકવાર ભોગવાય, વારંવાર ભોગવાય (એને) ઓછા કરી નાખે છે. આસક્તિ ઘટાડે છે. વૃત્તિના વેગને મંદ કરે છે. **'તેને ઘણી હિંસા ન થવાના કારણે...'** ઘણી હિંસા ન થવાના કારણે **'વિશેષ અહિંસા થાય છે.'** સમજાણું?

**ભાવાર્થ :– 'જે શ્રાવક ભોગ-ઉપભોગના પદાર્થોનો મર્યાદાપૂર્વક ત્યાગ કરતો રહે છે...'** ઓહો..! જુઓને! દેહ છૂટતા પછી તો પાણી પણ લેવાશે નહિ. કાંઈ લેશે નહિ. સમજાણું?

મુમુક્ષુ :– ઇચ્છા હોય તો પણ નહિ લેવાય.

ઉત્તર :– ઇચ્છા હોય તો પણ નહિ લેવાય. ઊલટી થશે, નહિ નાખશો, ઉછાળા મારશે, નહિ સહન કરી શકે. પાણી પણ સહન કરી શકે એવું હવે રહ્યું નથી. અંદર તૃષા ઘણી હોય. આહાહા..! સમજાણું? આવી સ્થિતિ ઊભી થાય એ પહેલા એણે આસક્તિ ઘટાડવી જોઈએ એમ કહે છે. સમજાણું કે નહિ?

'સમાધિશતક'માં આવે છે ને? અભ્યાસ કરવો જોઈએ. પહેલેથી એણે રાગ ઘટાડવો જોઈએ. પછી પ્રતિકૂળતાના વખતમાં તારી સહનશિલતા જળવાઈ રહેશે. 'સમાધિશતક'માં આવે છે. સમજાણું કાંઈ? જેણે સહનશિલતાનો અભ્યાસ પાડ્યો નથી, પરનો અભાવ કરીને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કેટલો હું રહી શકું છું? તો એ જ્યારે પ્રસંગ આવશે ત્યારે ભીંસાય જશે. જરીક ઓછું પડશે... ડોક્ટર ના પાડે છે. શું? અનાજ નાડીએ અડાડશો નહિ હવે. હાય.. હાય... એય..! 'પોપટભાઈ'! અનાજ નાડીએ અડાડશો નહિ એમ કહે, હોં! અંદર ફેરફાર છે. પાણી આપજો. મોસંબી આપજો, ફલાણું આપજો. પેલો કહે હાય.. હાય.. હાય. હવે મારે અનાજ નહિ? હા, જાવજીવ નહિ. ડોક્ટર કહે કે હવે સ્થિતિ એવી ગંભીર થઈ ગઈ છે, એને અનાજ અડાડશો નહિ. આહાહા..! એવી વ્યાધિ થાય છે ને કાંઈક? શરીર પીળું થઈ જાય. શું કહે છે? પાંડુ. પાંડુરોગ. એને પાણી આપશો નહિ.

એક જુવાન માણસ હતો. (સંવત) ૧૯૭૬ની સાલમાં ત્યાં જોયો હતો. 'ગોપાણી'નો જમાઈ હતો. જુવાન માણસ હતો. પાણી ન દીધું. બહાનુ કાઢીને, દિશાનુ બહાનુ કાઢીને પાણી તો આવે કે નહિ? તો પી લઈશ. પાણી નહિ... પાણી નહિ.. તો કહે તરત મરી જશે. પાણી આપશો તો તરત મરી જશે. જુવાન શરીર હતું. 'ગોપાણી' 'શિવલાલભાઈ'ના મોટા ભાઈ હતા. આ ૧૯૭૬ની સાલની વાત છે. પહેલા 'ધાંગ્રધા' ગયા હતા. પછી મરી ગયો. આ કહે ડોક્ટરે પાણીની ના પાડી. હાય.. હાય.. પાણીની ના પાડી. આમાં કરવું શું? જુવાન શરીર, જોદ્ધા જેવું. પીળું પચરક થઈ ગયું. છેવટે મારે જંગલ જાવું છે એમ કરીને થોડું પાણી લાવો, પાણા લાવો એમ કરીને પીધું તો મરી ગયો. પાણી પીને મરી ગયો. એ.. 'સેઠી'! આહાહા..! પહેલેથી જો પ્રેક્ટિસ કરી હોય તો એવે કાળે એને સહનશીલતા હોય. હવે પાણી વિના રહી શક્યો ન હોય, અનાજ વિના એક ટંક રહી શક્યો ન હોય, એમાં જ્યારે એવા જોગ બને ત્યારે... થઈ રહ્યું. અરે..! હાય.. હાય.. આક્રંદ–આક્રંદ. સમજાણું કાંઈ ? પહેલેથી રાગનો, આસક્તિનો ઘટાડો કરી, અભ્યાસ કરવો જોઈએ. સંલેખના આવશે, હવે આના પછી આવશે. આ એ જ આવે છે ને?

**'શ્રાવક ભોગ-ઉપભોગના પદાર્થોનો મર્યાદાપૂર્વક ત્યાગ કરતો રહે છે તેને તેટલા જ અંશે સંતોષ પ્રગટ થઈને...'** જુઓ! સંતોષ. **'અહિંસા (અંદર) પ્રગટ થાય છે. તે વસ્તુઓના જીવોની હિંસા નહિ થવાથી દ્રવ્યહિંસા થતી નથી...'** જેટલો અંદર રાગ ઘટાડ્યો છે એટલી ભાવહિંસા ઘટી અને બહાર પણ એટલી દ્રવ્યહિંસા કરતો નથી. **'તથા એટલા જ અંશે લોભકષાયનો ત્યાગ થવાને લીધે...'** જુઓ! આસક્તિમાંથી એટલો લોભ ઘટ્યો ને? **'ભાવહિંસા પણ થતી નથી.'** અહિંસા પ્રગટ થઈ, કીધી. હિંસા થતી નથી.

**'તેથી (અકષાય જ્ઞાતાસ્વરૂપમાં સાવધાન એવા)...'** સમજાણું? **'જ્ઞાતાસ્વરૂપમાં સાવધાન એવા) ત્યાગી મનુષ્યને અવશ્ય જ વિશેષ અહિંસા હોય છે.'** જરૂર વિશેષ અહિંસા હોય છે. **'આ રીતે ભોગ-ઉપભોગપરિમાણ નામના ત્રીજા શિક્ષાવ્રતનું વર્ણન કર્યું.'** પાંચ અણુવ્રતનું, ત્રણ ગુણવ્રતનું અને ત્રણ શિક્ષાવ્રતનું. અગિયારનું થયું. છેલ્લું હવે રહ્યું.

www.vitragvani.com



## ગાથા–૧૬૭

હવે ચોથા વૈયાવૃત્ત (અતિથિસંવિભાગ) નામના શિક્ષાવ્રતનું વર્ણન કરે છે :–

विधिना दातृगुणवता द्रव्यविशेषस्य जातरूपाय।
स्वपरानुग्रहहेतोः कर्तव्योऽवश्यमतिथये भागः ।।१६७।।

અન્વયાર્થ :– [ दातृगुणवता ] દાતાના ગુણવાળા ગૃહસ્થે [ [1]जातरूपाय अतिथये ] દિગંબર મુનિને [ स्वपरानुग्रहहेतोः ] પોતાના અને પરના અનુગ્રહના હેતુથી [ द्रव्यविशेषस्य ] વિશેષ દ્રવ્યનો અર્થાત્ દેવા યોગ્ય વસ્તુનો [ भागः ] ભાગ [ विधिना ] વિધિપૂર્વક [ अवश्यम् ] અવશ્ય જ [ कर्तव्यः ] કર્તવ્ય છે.

ટીકા :– 'विधिना दातृगुणवता द्रव्यविशेषस्य जातरूपाय अतिथये स्वपरानुग्रहहेतोः अवश्यं भागः कर्तव्यः।' - અર્થ :– નવધાભક્તિપૂર્વક તથા દાતારના સાત ગુણ સહિત જે શ્રાવક છે તેણે દાન દેવા યોગ્યવસ્તુનું જે ગુણવાન પાત્ર છે તેમને પોતાના અને પરના ઉપકારના નિમિત્તે અવશ્ય દાન કરવું જોઈએ.

ભાવાર્થ :– શ્રાવક જે ન્યાયપૂર્વક ધન પેદા કરે છે તેણે પોતાના ધનમાંથી થોડુંઘણું ધન ચારે સંઘના દાન નિમિત્તે કાઢવું જોઈએ અને તેનું વિધિપૂર્વક દાન આપવું જોઈએ. તેથી તેના ધનનો સદુપયોગ થઈને કર્મોની નિર્જરા થાય અને ચારે સંઘ પોતાના તપની વૃદ્ધિ કરે. ૧૬૭.

[આવેલા અભ્યાગતને પ્રતિદિન ભોજનાદિકનું દાન કરીને પછી પોતે ભોજન કરે એવું શ્રાવકોનું નિત્યકર્મ છે. તેને અતિથિસંવિભાગ કહે છે.]

---

**'હવે ચોથા વૈયાવૃત્ત (અતિથિસંવિભાગ) નામના શિક્ષાવ્રતનું વર્ણન કરે છે :–'** લ્યો. સંથારાનું પછી આવશે. વૈયાવૃત્ત કહો કે અતિથિસંવિભાગવ્રત કહો. એમ કહે છે. અતિથિ જેની તિથિ નથી એવા સાધુને દેવાનો ભાવ તે બારમું વ્રત છે, કહો, સમજાણું? હંમેશા ખાય છે. ધર્મીની ભાવના એવી હોય છે. ઓ..હો..! ધર્માત્મા અમારે ઘરે ક્યાંથી? અમને કે દિ' એ પાવન કરે! એમ એને ભાવના હોય છે. **'અતિથિસંવિભાગ નામના શિક્ષાવ્રત'**

---

૧. જાતરૂપા = જન્મ્યા પ્રમાણે (નિર્દોષ) જેવા રૂપમાં હતા તેવા અર્થાત્ નગ્ન દિગમ્બર, અથવા ઉત્તમ ગુણો સહિત અતિથિ. અતિથિ = જેમના આગમનની તિથિનો નિયમ નથી.

www.vitragvani.com



**विधिना दातृगुणवता द्रव्यविशेषस्य जातरूपाय।**
**स्वपरानुग्रहहेतोः कर्तव्योऽवश्यमतिथये भागः।।१६७।।**

**'દાતાના ગુણવાળા ગૃહસ્થે...'** એની વ્યાખ્યા આવશે. **'દાતાના ગુણવાળા ગૃહસ્થે...'** **'जातरूपाय'** જન્મ્યા પ્રમાણે જેવા રૂપમાં હતા તેવા, નગ્ન દિગંબર અથવા ઉત્તમ ગુણો સહિત. એમ. **'जातरूपाय'** અતિથિ. અતિથિ એટલે જેમના આગમની તિથિનો નિયમ નથી. એવા **'મુનિને પોતાના અને પરના અનુગ્રહના હેતુથી...'** **स्वपरानुग्रहहेतोः** **'વિશેષ દ્રવ્યનો...'** દ્રવ્યવિશેષ ખાસ દ્રવ્યનો **'દેવા યોગ્ય વસ્તુનો ભાગ...'** ભાગ પાડે ભાગ. અતિથિસંવિભાગ છે ને ? પોતાની ચીજમાંથી કરેલી હોય એમાંથી, થોડો કોઈ લે, મુનિ આવે, પધારે તો ઓ..હો..! ધન્ય ભાગ્ય! સમજાણું? 'ભરત' ચક્રવર્તી પણ એ પોતે વાટ જોતા. છ ખંડનો ધણી આહાર વખતે બહાર આવીને ઊભા રહે. કોઈ મુનિ, કોઈ મુનિ (આવે), એમાં કોઈ ઉપરથી આવી જાય. એવો અધિકાર આવે છે. **'વિધિપૂર્વક અવશ્ય જ કર્તવ્ય છે.'** વિધિપૂર્વક એટલે એને માટે કરેલું નહિ, પોતા માટે કરેલું હોય, એ પણ મુનિને યથાયોગ્ય વિધિથી દેવું, એને અહીંયાં અતિથિસંવિભાગવ્રત કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૬૫ ગાથા–૧૬૭ થી ૧૭૦ મંગળવાર, અષાઢ સુદ ૧૨, તા. ૧૮-૦૭-૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૧૬૭ ગાથા લ્યોને ફરીને. શ્રાવક છે (એ) અતિથિસંવિભાગ વ્રત એવું બારમું વ્રત પાળે એમ કહે છે.

**'વૈયાવૃત્ત..'** કૌંસમાં **'(અતિથિસંવિભાગ) નામના શિક્ષાવ્રતનું વર્ણન કરે છે.'** ત્રણ ગુણ વ્રત અને ચાર શિક્ષાવ્રત અને પાંચ અણુવ્રત, એની આ છેલ્લી વ્યાખ્યા છે.

**विधिना दातृगुणवता द्रव्यविशेषस्य जातरूपाय।**
**स्वपरानुग्रहहेतोः कर्तव्योऽवश्यमतिथये भागः।।१६७।।**

**અન્વયાર્થ :– 'દાતાના ગુણવાળા ગૃહસ્થે...'** છે ને? દાતાના ગુણવાળો ગૃહસ્થ. એટલે સમ્યગ્દૃષ્ટિ તો છે. અહીંયાં એની વાત છે ને? ભાઈ! જેને સમ્યગ્દર્શન એટલે, આત્મા(માં) અંતર્મુખ ઉપયોગે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે. સમજાણું કાંઈ? એને બહિર્મુખમાં બાર વ્રતના વિકલ્પ હોય, એની સ્થિરતા પણ અંતરના ઉપયોગે સ્થિર કરી છે.

આખો વીતરાગનો માર્ગ એવો છે, એ વળી સવારથી અંદરથી શબ્દ ઉઠ્યો હતો, કે અંતર્મુખ થવાનો માર્ગ જ એક વીતરાગનો છે. એ સિવાય, વીતરાગ સિવાય એ વાત બીજે ક્યાંય હોય નહિ. સમજાણું કાંઈ? પછી શબ્દ એ ગોતતો હતો. 'શ્રીમદ્' માંથી નિકળે છે. એમાં આવે છે.

www.vitragvani.com



મુમુક્ષુ :— અંતર્મુખ અવલોકતા વિલય થતાં નહિ વાર.

ઉત્તર :– હા, એ આવે છે. પણ પેલો એક શબ્દ હતો ખરો. પણ આ તો કીધું એનો શબ્દ સવારમાં કહ્યો હતો ને? ક્યાંક આ તો આવ્યું હતું. વાત તો અંદર બીજી આવી હતી.

વીતરાગનું આખું કથન, વસ્તુ અખંડ પૂર્ણ છે, તેના તરફનો ઉપયોગ અંતર્મુખ ઉપયોગ એ એનો માર્ગ છે. સમજાણું? આત્મા અનંતઆનંદ, જ્ઞાન, દર્શન, સ્વભાવ પરિપૂર્ણ (છે) તેનો અંતર્મુખ ઉપયોગ, શ્રદ્ધા–સમ્યગ્દર્શન એ અંતર્મુખ ઉપયોગની પ્રતીત છે, સમ્યક્જ્ઞાન એ અંતર ઉપયોગનું જ્ઞાન છે, ચારિત્ર એ અંતર ઉપયોગની પરિણતિ છે. 'સેઠી'! પછી બાહ્ય વૃત્તિ જેટલી ઊઠે, આ બાર વ્રત અને પંચમહાવ્રત એ બધો બહિર્મુખ વ્યવહાર ભાવ બંધનું કારણ છે. 'દીપચંદજી'! આ તો એક લીધું. એ આવ્યું હતું ખરું. એ શબ્દ આમાં છે કે નહિ એ શોધતો હતો. પણ આમાં ૩૧ મા વર્ષમાં ઘણું કરીને પહેલી લીટી છે.

કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. આ શબ્દો એમણે કોઈ કોઈ વાર નાખ્યા છે પણ,... સમજાણું? કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. પણ તે કાંઈક કોઈક જીવને સમજાય છે. 'પોપટભાઈ'! આત્મા અનંતઆનંદ, અનંતજ્ઞાનની મૂર્તિ, પૂર્ણ વીતરાગસ્વરૂપ આત્મા છે, સમરસસ્વરૂપ (છે). એમાં અંતર્મુખના ઉપયોગથી જ એનો માર્ગ શરૂ થાય છે. ધર્મની શરૂઆત, મધ્ય અને પૂર્ણતા અંતર્મુખ, કેવળ અંતર્મુખ ઉપયોગ. બહારમાં જેટલો વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિની વૃત્તિ ઊઠે છે, એ બધી બંધનું કારણ છે. એ મોક્ષનો માર્ગ નથી. 'સેઠી'! અને તે એક વીતરાગમાં જ હોય, આ સિવાય અન્ય માર્ગમાં (ન હોય.) કારણ કે પરિપૂર્ણ એક આત્મા અખંડાનંદ પૂર્ણ શુદ્ધ વસ્તુ, એમાંથી એમાં ઉપયોગ કરતાં જે પર્યાય પ્રગટ થાય, એટલે પૂર્ણ એ અને એમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન કે સમ્યક્જ્ઞાન આદિ પ્રગટ થાય, એ ચીજ તો સર્વજ્ઞમાં અને એ આત્મામાં આવું હોય ત્યાં જ હોઈ શકે. સમજાણું આમાં?

એકલો આત્મા વસ્તુ એક સમયમાં પૂર્ણ આનંદકંદ, જ્ઞાનમૂર્તિ (છે). એ પૂર્ણ સ્વરૂપ શક્તિનું આખું સત્ત્વ, તે અનંત, એક-એક ગુણ અનંત શક્તિવાન એવા અનંતગુણવાળું તત્ત્વ, એનો અંતર આશ્રય કરવો, એટલે અંતર્મુખ ઉપયોગ કરવો, બસ, એ એક જ વીતરાગનો માર્ગ છે. બહિર્મુખમાં જેટલી વૃત્તિ રહે, આ કરું, મુકું, લઉં, દઉં એ બધી વૃત્તિઓ પુણ્યબંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

કેવળ અંતર્મુખ થવાનો.. આવો શબ્દ આમાંથી નીકળે છે કે નહિ એમ થયું હતું. સવારમાં તો અંદરથી આવ્યું હતું. સમજાણું? ભાઈ! આ એક વીતરાગમાર્ગ જ એવી ચીજ છે કે એ બીજે ક્યાંય હોઈ શકે નહિ. કેમ? કે જે કાંઈ પૂર્ણનિર્દોષતા, પૂર્ણવીતરાગતા, પૂર્ણપવિત્રતા પ્રગટ કરવા માગે છે, અને એનો.. અહીં પૂર્ણતાને લક્ષે શરૂઆતનો પ્રશ્ન થયો હતો. 'શાંતિભાઈ'એ રસ્તામાં કર્યો હતો. આ પૂર્ણતાને લક્ષે શરૂઆત. તે વખતે તો પૂર્ણતાનું લક્ષ

એટલે પૂર્ણદશા પ્રગટ કરવી, તેને લક્ષે શરૂઆત એમ હતું. પણ એ પૂર્ણતાની દશા...

મુમુક્ષુ :– ...

ઉત્તર :— પણ છતાં એ પૂર્ણતાની દશા પ્રગટે એ લક્ષ છે. પણ છતાં એ પૂર્ણતા પ્રગટે ક્યાંથી? પોતે ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ પૂર્ણ છે. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એક સમયમાં સત્ત્વ, તત્ત્વ પૂરો આત્મા, એમાંથી તે દશા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને એમાંથી પૂર્ણતા પ્રગટ થાય. કોઈ નિમિત્તથી અને વ્યવહારથી પ્રગટ (ન) થાય એવું વસ્તુનું સ્વરૂપ જ એવું છે. વીતરાગીઓએ એ જ કહ્યું છે અને વીતરાગનો આશય આખા બાર અંગનો આ છે.

મુમુક્ષુ :– દિવ્યધ્વનિનો એ જ સાર છે.

ઉત્તર :– આખો ભગવાનની વાણીનો, તીર્થંકરદેવનો આશય (આ છે). વસ્તુ પરિપૂર્ણ ચીજ છે. જેની ખાણમાં અનંતઆનંદ, અનંતજ્ઞાન (પરિપૂર્ણ ભર્યાં છે). પેલા છોકરાને પૂછ્યું હતું. હમણાં જરી આવ્યા હતા ને. કીધું, આ જ્ઞાન વળી... શું કહેવાય આ? દાણા રહે એ કોઠી. કોઠીમાં ગોળ રહે, એમ આત્મામાં જ્ઞાન રહેતું હશે ને? આ બધા છોકરાઓ તો મેટ્રીક ભણેલા હતા. કાંઈ ખબર નહિ, એં..એં..એ.. થઈ ગયું.

જેમ કોઠીમાં... કોઠી હોય છે ને કોઠી? માટીની. ડબો લ્યો. એમાં જેમ ગોળ ભરે એમ આત્મામાં જ્ઞાન અને આનંદગુણ હશે ને? કાંઈ સમજ્યા નહિ. સમજાણું નહિ. એ તો સંયોગ છે. આ તો આત્મા પોતે જ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. આત્મામાં રહ્યા છે એમ કહેવું એ તો વ્યવહારનું વચન છે. સમજાણું કાંઈ?

આત્મા અનંત અનંત બેહદ શક્તિ સંપન્ન જ્ઞાનસ્વરૂપઆત્મા, અનંત અનંત બેહદ આનંદસ્વરૂપઆત્મા, અનંત અનંત બેહદસ્વરૂપ બળસ્વરૂપઆત્મા. અનંત અનંત શાંત અરાગી સમરસ સ્વરૂપ આત્મા, એટલે ચારિત્ર. સમજાય છે? એવા એવા અનંત બેહદ સ્વભાવ સ્વરૂપ આત્મા, એ પરિપૂર્ણ વસ્તુ છે અને એ મહાસત્ છે. એનો અંતર ઉપયોગ કર્યે આખા વીતરાગમાર્ગનો અને આખા બાર અંગનો સાર, અંતર્મુખ ઉપયોગે આત્મ કલ્યાણ થાય, એ માર્ગ એક સર્વજ્ઞ વીતરાગમાં જ હોય છે. 'પોપટભાઈ'! સમજાણું કાંઈ? 'સેઠી'! જુઓ! અહીં પણ એ શબ્દ નીકળ્યો છે. 'અંબાલાલ' ઉપર (પત્ર લખ્યો) છે. કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ, અંતર્મુખ થવાનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. એ સિવાય કોઈ ઉપાય હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અંતર્મુખ ...

ઉત્તર :– આ કીધું ને વસ્તુ. વસ્તુ એક સમયમાં શુદ્ધ ધ્રુવ પૂર્ણ છે, એના ઉપર ઉપયોગ કરવો એનું નામ અંતર્મુખ ઉપયોગ. અંતર એટલે અંદર, મુખ એટલે એની સન્મુખ. આહાહા..!

મુમુક્ષુ :– વસ્તુ જ અંતર છે તો અંતર્મુખથી જ થાય ને.

ઉત્તર :– અંતર વસ્તુ પણ એક સમયની પર્યાયમાં વસ્તુ આખી નથી, રાગમાં નથી,

www.vitragvani.com



નિમિત્તમાં નથી. હવે એને કરવું શું? એને ક્યાંથી કરવું છે? નિમિત્તમાં વસ્તુ નથી, રાગમાં નથી, એક સમયની અવસ્થામાં પૂર્ણ વસ્તુ આખી નથી. અને આખીના પૂર્ણમાં નજર નાખ્યા વિના, પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થાય નહિ. કહો, 'ન્યાલચંદભાઈ'! આહાહા..! માર્ગ ભારે પણ જગતને. આ તો પેલા વિચાર બધા કહે ને. આધ્યાત્મિક છે એમ સવારે આવ્યું હતું ને? રાજનીતિક, સામાજિક અને આધ્યાત્મિકનો ઉદ્ધાર કરનાર છે. અરે..! ભગવાન! ભગવાન ! સાંભળ તો ખરો, પ્રભુ! તું શું કહે છે આ? એ ઉપરથી ચાલ્યું હતું. સમજાણું? હવે અધ્યાત્મનું નામ આવે છે બધું. આ માર્ગે રાજનીતિને પણ લાભ થાય, સામાજિકનો પણ સુધારો (થાય), અધ્યાત્મનો ઉદ્ધાર થાય. ઠીક ભાઈ! આહાહા..!

આત્મા અનંતગુણની ખાણ, મહાપદાર્થ, પરમેશ્વર પદાર્થ આત્મા છે. એ વસ્તુ જ પરમેશ્વર આત્મા છે. એની અંતર્મુખ, અંતર્મુખ–સ્વસન્મુખ. અંતર્મુખ કહો, સ્વસન્મુખ કહો, અંતરમાં એકાગ્રતા કહો, એવી સ્થિતિએ વીતરાગતા અને કેવળજ્ઞાન અને મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. એ સિવાય કોઈ બીજો ઉપાય નથી. માર્ગ આ છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :– તો એનો ધર્મનો પ્રચાર ક્યારે કરે?

ઉત્તર :– આ શું કીધું આ? શેની માંડી છે આ? ધર્મ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. એ કેમ પ્રગટ થાય? કે ત્રિકાળી વસ્તુમાં અંતર ઉપયોગ કર્યેથી. આહાહા..! જ્યાં છે ત્યાંથી આવે કે જ્યાં નથી ત્યાંથી આવે છે? એક સેકન્ડના અસંખ્યભાગમાં. પૂર્ણ.. પૂર્ણ... પૂર્ણ વસ્તુ, બેહદ સ્વભાવની મૂર્તિ, એની દૃષ્ટિ કરે કહો કે અંતર્મુખ ઉપયોગ કરે કહો, તે અંતર્મુખ થવાનો ઉપાય એક જ સર્વ દુઃખના ક્ષયનો અને સંસારના અભાવનો ઉપાય છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ અને શ્રાવકને એ દૃષ્ટિ પ્રગટી છે. એની વાત ચાલે છે. શ્રાવક એને કહીએ કે જેને આત્માના અંતર પૂર્ણ વસ્તુ (છે) એના તરફનો ઉપયોગ થઈ અને સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન સ્વરૂપ આચરણની દશા, અંતર્મુખના આશ્રયે પ્રગટ થઈ છે. એને શ્રાવક કહેવામાં આવે છે. આ વાડાના શ્રાવકની વાત નથી, આ તો વસ્તુસ્થિતિની વાત છે. આહાહા..!

પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ શ્રાવક એને કહે છે, કે વસ્તુ પૂર્ણ શુદ્ધ અને આનંદ અને પૂર્ણ સમરસી આત્મા, એના અંતરનો ઉપયોગ કરતા સમ્યગ્દર્શન થાય, અંતર ઉપયોગ કરતાં જ્ઞાન થાય, અંતર એકાગ્ર થતાં ચારિત્ર થાય. બસ, આ એક માર્ગ છે. એવી માર્ગદશા શ્રાવકને પહેલી પ્રગટેલી હોય છે. એને હવે બાર વ્રતમાં અતિથિવ્રતની વ્યાખ્યા ચાલે છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– શ્રાવકનું આચરણ તો બરાબર, શ્રાવકપણું શું છે?

ઉત્તર :– શ્રાવકપણું આ. પહેલું કીધું ઇ. એ તો બધું આવી ગયું છે ને પછી આ વાત ચાલે છે.

**'દાતાના ગુણવાળા ગૃહસ્થે...'** એટલે સમ્યગ્દૃષ્ટિ તો છે. સમ્યક્‌જ્ઞાની, સ્વ સન્મુખની

www.vitragvani.com



દૃષ્ટિ-જ્ઞાન પ્રગટ્યા છે. સ્વરૂપના સ્વસન્મુખનો ઉપયોગ અને આચરણ પણ થોડું પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? એ **'દાતાના ગુણવાળા ગૃહસ્થે...'** એવા સમ્યગ્દૃષ્ટિએ, દાતાના સાત ગુણવાળો હોવો (જોઈએ). એ લખાણ આવશે. અને **'દિગંબર મુનિ...'** **'जातरूपाय'** પોતાથી અધિક સંત દિગંબર છે, જેને અંદરથી આત્માના આનંદનો ઉછાળો માર્યો છે. દિગંબર મુનિ એટલે એકલા વસ્ત્ર કાઢી નાખ્યા અને નગ્ન (થઈ ગયા) એમ નહિ. અંતર અતીન્દ્રિય આનંદની એટલી પ્રગટ દશા થઈ છે, અંતર્મુખ ઉપયોગ દ્વારા જેને અનંત અનંતઆનંદનો અનુભવ જેને પ્રત્યક્ષ સ્વસંવેદનમાં વર્તે છે, એને મુનિ કહેવામાં આવે છે. એ મુનિ બાહ્યમાં નગ્ન હોય છે. સમજાણું કાંઈ? નગ્ન હોય માટે મુનિ છે એમ નહિ. આવા મુનિ હોય એની દશા નગ્ન હોય છે. સમજાણું કાંઈ?

કહે છે, જાતરૂપના બે અર્થ નીચે કર્યા છે. **'જન્મ્યા પ્રમાણે (નિર્દોષ) જેવા રૂપમાં હતા એવા અર્થાત્ નગ્ન દિગંબર...'** એને આપે છે. મહા એક તો સમ્યગ્દૃષ્ટિ પોતે છે અને મહામુનિ. અંતર આનંદ, નિર્વિકલ્પ આનંદનો જેને ઉગ્ર અનુભવ છે. નિર્વિકલ્પ આનંદનો ઉગ્ર અનુભવ છે એને મુનિ કહેવામાં આવે છે. એ મુનિને અહીં જાતરૂપા કીધા છે. એને એકવાર આહાર-પાણી આપે. **'અથવા ઉત્તમ ગુણો સહિત અતિથિ.'** જાતરૂપાય છે ને? ઉત્તમ ગુણો સહિત. **'જેમના આગમનની તિથિનો નિયમ નથી.'** અકસ્માત મુનિ આવી ચડે છે. સંત દિગંબર કોઈને કીધા વિના, આમંત્રણ વિના આવી જાય છે. મહાસંત આત્મધ્યાન આનંદનો કંદ જેને ખીલ્યો છે. અસંખ્ય પ્રદેશે આનંદ આનંદ.. અતીન્દ્રિય, નિર્વિકલ્પ આનંદના ઝરણા વહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવા મુનિને **'પોતાના અને પરના અનુગ્રહના હેતુથી...'** પોતાના લાભ માટે એટલો અશુભભાવ ટળે છે ને? પરના અનુગ્રહ હેતુથી **'વિશેષ દ્રવ્યનો અર્થાત્ દેવા યોગ્ય વસ્તુનો...'** વિશેષ એટલે ખાસ દ્રવ્યો. એને જે યોગ્ય હોય એવા. એટલે વિશેષ દ્રવ્ય કીધું. એનો **'ભાગ વિધિપૂર્વક અવશ્ય જ કર્તવ્ય છે.'** નીચે.

**'ટીકા :– નવધાભક્તિપૂર્વક...'** સમ્યગ્દૃષ્ટિ આત્માના આનંદના વેદન કરનારો, પણ થોડું આનંદનું વેદન છે તે શ્રાવક છે. ઘણું આનંદનું વેદન છે તે મુનિ છે. સમજાય છે કાંઈ? **'નવધાભક્તિપૂર્વક તથા દાતારના સાત ગુણ સહિત જે શ્રાવક છે તેણે દાન દેવા યોગ્ય વસ્તુનું...'** દાન દેવા યોગ્ય વસ્તુ કીધું ને? **'द्रव्यविशेषस्य'** **'જે ગુણવાનપાત્ર છે...'** સામે ગુણવાન પાત્ર છે. આત્માનો સમ્યક્ અનુભવ થયો છે, આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો છે. એના ઉપરાંત ખૂબ અંદરમાં શાંતિ, આનંદની, સ્વસંવેદનની વીતરાગદશા પ્રગટી છે, તેને શ્રાવક આહાર-પાણી ભક્તિ કરીને આપે છે. કહો, સમજાણું કાંઈ? વાત બધી આકરી પડી ગઈ લોકોને.

**'તેમને પોતાના અને પરના ઉપકારના નિમિત્તે અવશ્ય દાન કરવું જોઈએ.'** એવો ભાવ

www.vitragvani.com



શ્રાવકને શુભભાવ (આવે છે). છે શુભ, પુણ્ય. એ કાંઈ સંવર, નિર્જરા નથી. ભાવલિંગી સંતને અને મુનિને આહાર આપે તો પણ સંવર, નિર્જરા નથી. સંવર, નિર્જરા તો અંતર ઉપયોગે જેટલો ભાવ આશ્રય પ્રગટે તેટલી સંવર, નિર્જરા. બહિર્મુખ ઉપયોગ જાય એટલી સંવર, નિર્જરા નથી પણ આસ્રવ છે. કહો, સમજાણું આમાં?

**ભાવાર્થ :– 'શ્રાવક જે ન્યાયપૂર્વક ધન પેદા કરે છે...'** ન્યાયપૂર્વક. અન્યાયપૂર્વક એને હોય નહિ. સમ્યગ્દષ્ટિને ન્યાયપૂર્વક જ લક્ષ્મી આદિ હોય છે. અત્યારે જુઓને બધું સટ્ટા ને શું કહેવાય બધું? કાળા બજાર.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એ તો, ઘણા તો એમ માને છે કે અમે શ્રાવક છીએ, પાંચ-પચાસ લાખ પેદા કરે અને લાખ બે લાખ ખર્ચી નાખે એટલે ધર્મનું બિરૂદ મળી જાય, 'પોપટભાઈ'! જાવ. ધૂળમાં પણ નથી. હવે તારા બે લાખ–પાંચ લાખ અન્યાયથી પેદા કર્યા અને ધર્મદષ્ટિની તો ખબર નથી. શ્રાવક કોને કહેવું, સમ્યગ્દર્શન કોને કહેવું એની તો ખબર નથી. શ્રાવક ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ? હજી તો સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન હોય. સમ્યગ્દર્શન તો ન હોય.

મુમુક્ષુ :– દેવ-ગુરુને માન્યા છે.

ઉત્તર :– ધૂળમાં પણ નથી. દેવ-ગુરુ માન્યે સમ્યગ્દર્શન હોય નહિ. એ તો પરદ્રવ્ય છે. આત્મા અખંડાનંદ સચ્ચિદાનંદ પ્રભુ! અનંતઆનંદની મૂર્તિ આત્મા, એની અંતરમાં પ્રતીત થઈ, ભાન થયું, આનંદના સ્વાદ સહિત પ્રતીત થાય તેને સમ્યગ્દર્શન કહે છે. એ વિના સમ્યગ્દર્શન હોય નહિ. 'દીપચંદજી'! આહાહા..! જગતને સત્ય વાત એવી મુશ્કેલી જેવી પડી ગઈ. લોકોએ બીજો જ રસ્તો આખો (જોડી દીધો). જે માર્ગ જ નથી તે માર્ગને જ માર્ગ મનાવી લીધો છે. માર્ગ તો વીતરાગનો એકલો આત્મદ્રવ્યના સ્વઉપયોગથી થાય છે. સમજાણું કાંઈ?

એવા **'શ્રાવક જે ન્યાયપૂર્વક ધન પેદા કરે છે તેણે પોતાના ધનમાંથી થોડુંઘણું ધન ચારે સંઘના દાન નિમિત્તે કાઢવું જોઈએ...'** સાધુ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા સાચા સમકિતિ હોય, એને માટે કાંઈક ભાગ, લક્ષ્મીમાં દાન શુભભાવથી કાઢવો જોઈએ. **'તેનું વિધિપૂર્વક દાન આપવું જોઈએ.'** પછી આહાર-પાણીને વિધિપૂર્વક (આપવા). મુનિને પૈસા તો ક્યાં ખપે છે. **'તેના ધનનો સદુપયોગ થઈને કર્મોની નિર્જરા થાય...'** નિર્જરા તો કાંઈ એનાથી થતી નથી. પણ તે ક્ષણે આત્માના શુદ્ધ સ્વભાવનો જેટલો આશ્રય વર્તે છે એનાથી નિર્જરા થાય છે. અને આહાર-પાણી દેવાના ભાવ તો એકલા પુણ્યબંધના કારણ છે. પુણ્યભાવ છે, શુભભાવ છે. પરાશ્રય જેટલી વૃત્તિ એ બધી શુભભાવ છે. આ ધર્મના નામે, હોં! બાયડી, છોકરા, કુટુંબને માટે જાય એ બધો પાપભાવ છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'અને ચારે સંઘ પોતાના તપની વૃદ્ધિ કરે.'** એવો આહાર દેવો. એમ કહે છે. નિમિત્તથી વ્યવહારની વાત છે ને. **'[આવેલા અભ્યાગતને પ્રતિદિન ભોજનાદિકનું દાન કરીને પછી પોતે ભોજન કરે એવું શ્રાવકોનું નિત્યકર્મ છે...]'** કર્મ એટલે કાર્ય. **'તેને અતિથિસંવિભાગ કહે છે.]'** લ્યો.

મુમુક્ષુ :– કૌંસમાં નાખ્યું એટલે..

ઉત્તર :– આ બીજેથી નાખ્યું છે. એમાં લખાણ છે.

## ગાથા–૧૬૮

**નવધા ભક્તિનાં નામ :–**

**संग्रहमुच्चस्थानं पादोदकमर्चनं प्रमाणं च।**
**वाक्कायमनः शुद्धिरेषणशुद्धिश्च विधिमाहुः।।१६८।।**

**અન્વયાર્થ :– [ च ] અને [ संग्रहम् ] પ્રતિગ્રહણ, [ उच्चस्थानं ] ઊંચું આસન આપવું, [ पादोदकम् ] પગ ધોવા, [ अर्चनं ] પૂજા કરવી, [ प्रणामं ] નમસ્કાર કરવા, [ वाक्कायमनः शुद्धिः ] મનશુદ્ધિ, વચનશુદ્ધિ અને કાયશુદ્ધિ રાખવી [ च ] અને [ एषणशुद्धिः ] ભોજનશુદ્ધિઃ આ રીતે આચાર્યો [ विधिम् ] નવધાભક્તિરૂપ વિધિ [ आहुः ] કહે છે.**

**ટીકા :– 'संग्रहम्, उच्चस्थानं, पादोदकं, अर्चनं, प्रणामं, वाक्शुद्धिः, कायशुद्धिः, मनशुद्धिः एषणशुद्धिः, इति विधिम् आहुः।' - અર્થ :– ૧– સંગ્રહ એટલે પડગાહન કરવું, મુનિરાજને ખૂબ આદરપૂર્વક ભોજન માટે નિમંત્રણ આપીને ઘરમાં પ્રવેશ કરાવવો, ૨– ઉચ્ચ સ્થાન અર્થાત્ ઘરમાં લઈ જઈને તેમને ઊંચા આસન પર બેસાડવા, ૩– પાદોદક અર્થાત્ તેમના પગ નિર્દોષ જળથી ધોવા, ૪– અર્ચન અર્થાત્ આઠ દ્રવ્યથી તેમની પૂજા કરવી અથવા ફક્ત અર્ઘ ચડાવવો. ૫– પ્રણામ અર્થાત્ પૂજન પછી પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા કરવી, ૬– વાક્શુદ્ધિ અર્થાત્ વિનયપૂર્વક વચન બોલવાં એવી વચનશુદ્ધિ, ૭– કાયશુદ્ધિ અર્થાત્ હાથ અને પોતાનું શરીર શુદ્ધ રાખવું, ૮– મનશુદ્ધિ અર્થાત્ મન શુદ્ધ કરવું જેમ કે દાન દેવામાં પરિણામ સેવા તથા ભક્તિરૂપ રાખવા, ખોટા પરિણામ ન કરવા, ૯– એષણશુદ્ધિ અર્થાત્ આહારની શુદ્ધિ રાખવી, આહારની બધી વસ્તુઓ નિર્દોષ રાખવી. આ રીતે નવ પ્રકારની ભક્તિપૂર્વક જ આહારદાન આપવું જોઈએ, આ નવધાભક્તિ મુનિ મહારાજને માટે જ છે, અન્યને માટે યોગ્યતા પ્રમાણે ઓછીવત્તી છે. ૧૬૮.**

www.vitragvani.com



**'નવધા ભક્તિના નામ :–...'** જુઓ! આ તો સમ્યક્ નિશ્ચયના ભાનસહિત અને નિશ્ચયની પરિણતિવાળો, એવા મુનિને આહાર દેવાની વિધિની વ્યાખ્યા અહીં ચાલે છે. જે મુનિ હજી મુનિ જ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્ય છે એને ધર્મ મનાવે છે, એનાથી ધર્મ થાય (એમ પ્રરૂપે છે) એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અને જે શ્રાવક પણ પોતે એ દયા, દાન, વ્રતના શુભભાવ છે, આસ્રવ છે તે મને ધર્મ થાય એમ માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. એ શ્રાવક છે નહિ. અહીં તો શ્રાવક સમ્યગ્દૃષ્ટિ છે અને સમ્યગ્દૃષ્ટિ ઉપરાંત જેને વિશેષ આનંદની સ્થિરતા પ્રગટી છે, તે શ્રાવક આદિ વિશેષ, તેને એ આહાર-પાણી ભક્તિથી આપે. એ આપવાનો ભાવ તો શુભ છે પણ એ વખતે સ્વાશ્રયપણું સમયે સમયે વધતું જાય છે ને? એને ક્ષણે સ્વઆશ્રયપણું વધે છે એટલી નિર્જરા છે. પેલો ભાવ જે પરલક્ષ ગયો એટલો પુણ્યબંધનું કારણ છે. કહો, સમજાય છે આમાં?

મુમુક્ષુ :– અભ્યાગત એટલે?

ઉત્તર :– અભ્યાગત એટલે, એ સંસ્કૃતવાળા છે, ભાઈ! કરો અભ્યાગતનો અર્થ. અભિ આગત એટલે શું?

મુમુક્ષુ :– ખમાવેલા.

ઉત્તર :– ખમાવેલા.

મુમુક્ષુ :– માગણ આવે એને અભ્યાગત કહે છે.

ઉત્તર :– નહિ, આ તો સહેજે સામા આવ્યા છે, અભિ + આગત. સન્મુખ થઈને આવ્યા છે. અહો..! ધન્ય ભાગ્ય અમારા ઘરે! શ્રાવક હોય, ક્ષુલ્લક હોય, અર્જિકા હોય, છે ને? પણ એ બધા આત્મજ્ઞાની, આત્મદર્શી, આત્માનો અનુભવ કરનારા હોય એને અહીંયાં ક્ષુલ્લક, સાધુ ને શ્રાવક કહેવામાં આવે છે. બાકી વાડાના શ્રાવકને ભગવાન શ્રાવક કહેતા નથી. એ... 'દીપચંદજી'! આહાહા..!

અભ્યાગત એને કહેવાય. પેલા ભિખારી અભ્યાગત નહિ. અભ્યાગત માણસ આવે છે ને. કહે છે ને? અભ્યાગત હોય દરિદ્ર બિચારા ગરીબ માણસ. એને આહાર દે એ અભ્યાગત. આ તો સામા આવ્યા છે. આહાહા..! ધન્ય અવતાર! ધન્ય જીવન એના! જેને વર્તે છે. પોતાના જીવનને પણ જેણે ઉજાળ્યું છે. જીવનને આત્માના અવલંબે જેણે ઉજાળ્યા છે. આહાહા..! અને એ ઉજાળવામાં વિશેષ સ્થિરતા નથી રહી શકતી એટલે આહારને માટે ભૂખ્યા છે તો આવ્યા હોય ભિક્ષા માટે. સામે શ્રાવક પણ સમ્યગ્દૃષ્ટિ, પોતાના સ્વરૂપની દૃષ્ટિનું ભાન છે પણ સ્થિર થઈ શકતો નથી, એટલી બધી એના પુરુષાર્થની ઉગ્રતા નથી એટલે એને આવા બાર વ્રતમાં અતિથિસંવિભાગવ્રત આદિનો ભાવ આવ્યા વિના રહેતો નથી.

**'નવધા ભક્તિના નામ :–'** ૧૬૮ ગાથા.

**संग्रहमुच्चस्थानं पादोदकमर्चनं प्रमाणं च।**

www.vitragvani.com



वाक्कायमनः शुद्धिरेषणशुद्धिश्च विधिमाहुः ।।१६८।।

**'પ્રતિગ્રહણ...'** એનો અર્થ કરશે. નીચે લ્યોને સીધું.

**ટીકા :– 'સંગ્રહ એટલે પડગાહન કરવું,...'** પધારો.. પધારો... પધારો.. સમજાણું કાંઈ? છે ને ટીકા? **'મુનિરાજને ખૂબ આદરપૂર્વક ભોજન માટે નિમંત્રણ આપીને ઘરમાં પ્રવેશ કરાવવો,...'** એનું નામ પડગાહન. પધારો તિષ્ઠ... તિષ્ઠ.. તિષ્ઠ... બહુ આદરપૂર્વક. આનંદપૂર્વક.. જેને આનંદ વર્તે છે. આહાહા..! સમકિતી શ્રાવક છે એને થોડો અતીન્દ્રિય આનંદ વર્તે છે. મુનિ છે એને નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદ વર્તે છે. એક અંદર ઠરી શક્યા નથી. આહારની વૃત્તિ ઊઠી છે. વીતરાગી મહામુનિ છે અંતરદશા. શુદ્ધઉપયોગ જેણે, શુભ ઉપયોગ જેણે અંગીકાર કર્યો છે. શુદ્ધોપયોગ. અઠ્યાવીસ મૂળગુણ આદિ વિકલ્પ છે એ તો શુભભાવ પુણ્ય છે. એવો જેણે ઉપયોગ અંગીકાર કર્યો છે. એ હજી ઠરી શકતા નથી. આહાર લેવા આવે છે, તો એને ખૂબ આદરપૂર્વક (આહાર દે છે). ભિખારીને દેતા આદર ન હોય, એમ કહે છે. એ તો અનુકંપા હોય. ક્ષુધાવંત આદિને દે તો અનુકંપા (છે). અહો..! પધારો પ્રભુ! અમારા અનાજમાંથી કોળિયો મળે, અમારું જીવન સફળ છે, એમ વ્યવહારે કહે છે, સમજાય છે. જુઓ! કર્યું. પછી ?

**'ઉચ્ચસ્થાન અર્થાત્ ઘરમાં લઈ જઈને તેમને ઊંચા આસન પર બેસાડવા, ૩– પાદોદક અર્થાત્ તેમના પગ નિર્દોષ જળથી ધોવા,...'** નિર્દોષ પાદ–ઉદક. **'૪– અર્ચન અર્થાત્ આઠ દ્રવ્યથી તેમની પૂજા કરવી...'** આ બધા બહારના થોથા રહી ગયા. અંદરની વસ્તુ ન મળે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ન મળે. બહારની ક્રિયાના થોથા રહી ગયા. 'સેઠી'! એ પણ સમજવા જેવા.

ક્ષુલ્લકને માટે એને માટે કરેલું ભોજન ખપે નહિ. ઉદ્દેશિક. ક્ષુલ્લક હોય એને. એને માટે ચોકો કરેલો ક્ષુલ્લકને ખપે નહિ. અને આ તો સાધુ એને માટે કરેલા ચોકા કર્યા છે એને માટે લે. એ વ્યવહાર છે નહિ. વ્યવહાર બધો પાપમય વ્યવહાર છે. પુણ્યમય નથી, પાપમય (છે). આ તો ધર્મ સાથેના પુણ્યમયની વાત છે. ક્ષુલ્લક હોય તો ઉદ્દેશિકનો ત્યાગ છે. એને માટે કરેલું હોય છે એનો ત્યાગ (છે). એ પ્રાણ જાય તો પણ ન લે. મુનિને તો એને માટે બનેલું કરે. ચોકા કર્યા હોય તો ખબર છે આ તો મારે માટે કર્યા છે. બે-ચાર ભેગા થઈને સવારથી ઊભા થઈને રાંધે છે.

મુમુક્ષુ :– મંદિરમાં..

ઉત્તર :– મંદિરમાં રાંધે. કૂવાના પાણી કાઢીને, આમ ખેંચીને. તદ્દન પાપ.

અહીં તો કહે છે કે ધર્માત્મા સમ્યક્ આત્માની જેને દૃષ્ટિ આનંદની થઈ છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે એવી જેને દૃષ્ટિ થઈ, સ્થિરતા વિશેષ શ્રાવકને નથી. જેને સ્થિરતા વિશેષ અંદર જામી ગઈ છે, એની **'પૂજા કરવી અથવા ફક્ત અર્ઘ ચડાવવો,...'** લાંબો વખત...

www.vitragvani.com



**'૫– પ્રણામ અર્થાત્ પૂજન પછી પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા કરવી, ૬– વાક્શુદ્ધિ અર્થાત્ વિનયપૂર્વક વચન બોલવાં...'** વિનયપૂર્વક નમ્રતાથી બોલવા. **'૭– કાયશુદ્ધિ અર્થાત્ હાથ અને પોતાનું શરીર શુદ્ધ રાખવું, ૮– મનશુદ્ધિ અર્થાત્ મન શુદ્ધ કરવું જેમ કે દાન દેવામાં પરિણામ સેવા તથા ભક્તિરૂપ રાખવા, ખોટા પરિણામ ન કરવા, ૯– એષણશુદ્ધિ અર્થાત્ આહારની શુદ્ધિ રાખવી,..'** આહાર એને માટે બનેલો હોય નહિ. પોતાના ઘરે બનેલો હોય, એમાં દેવા યોગ્ય હોય, પોતાના માટે ઘરે સહેજે બનેલો હોય, એનું લક્ષ નહિ, એનું ભાન નહિ. પોતાને માટે બનેલો એમાંથી (આપે). ત્યારે બોલેને કે આહારશુદ્ધિ. નહિતર એ તો જૂઠું બોલે છે. આહાર તો એને માટે કર્યો છે અને આહારશુદ્ધિ (બોલે છે), તો પોતે જૂઠું બોલે. પેલો કહે તમારી વાત સાચી. જૂઠાને અનુમોદે. આહારશુદ્ધિ છે નહિ અને આહારશુદ્ધિ બોલે છે. પેલો કહે છે કે આ આહારશુદ્ધિ છે હું લઉં, લાવો. જૂઠાને અનુમોદન આપે છે.

મુમુક્ષુ :– પંચમકાળમાં ચાલતું હશે.

ઉત્તર :– પંચમકાળમાં ચાલે એવા માર્ગ? આ તો વીતરાગનો માર્ગ છે. કેવળજ્ઞાની પરમેશ્વરનો (માર્ગ છે). આ કાંઈ કોઈ આલી-દુઆલી, સાધારણ માને છે એની વાત નથી. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. 'સીમંધર' ભગવાન બિરાજે છે. અનંત તીર્થંકરો એ પ્રમાણે કહેતા આવે છે. 'પોપટભાઈ'! જુઓ! આ શું કહ્યું? જુઓને! એષણશુદ્ધિ શું કીધી?

**'આહારની શુદ્ધિ રાખવી, આહારની બધી વસ્તુ નિર્દોષ રાખવી.'** એને માટે કરેલી એક પણ ચીજ (આપવી નહિ). પાણીનું એક બિંદુ પણ અસંખ્ય જીવ મરે ત્યારે થાય. એક બિંદુ પાણીનું આટલું. જળના અસંખ્ય જીવ. તો એમાંથી દસ શેર, પાંચ શેર એના માટે ઊનું કરે એ તો મહાપાપ છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– છે ક્યાં અત્યારે? આ તો માર્ગની વાત છે. અત્યારે છે ક્યાં ? અત્યારે તો સાધુ પણ ક્યાં છે અને એવા દેનાર પણ ક્યાં છે? આ તો માર્ગ આવો ભગવાનનો છે. આ વીતરાગ પરમેશ્વર કેવળીનો માર્ગ છે. 'દીપચંદજી'! નિર્દોષ આહાર. એના માટે એક પાણીનું બિંદુ ન કરેલું હોય. જળ બિંદુ. પોતાને પીવા માટે પાણી દસ શેર, પાંચ શેર કરેલું હોય એમાંથી (આપે).

મુમુક્ષુ :– પાણી વિના આહાર બને નહિ.

ઉત્તર :– બને નહિ. માટે આહાર એને માટે કર્યો હોય તો પાપ છે. આહાર ઉદ્દેશિક થયો. એ લેવાય નહિ. ... છે ને? માર્ગ તો એવો છે.

મુમુક્ષુ :– આહાર તો નિર્દોષ હોવો જોઈએ ને?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ઉત્તર :– આહાર તો નિર્દોષ હોવો જોઈએ ને. પોતાના ઘરે બનાવેલ હોય, એમાં મુનિ આવી જાય. ભક્તિભાવથી, પ્રેમથી (આપે). મુનિ પણ સાચા મુનિ. જે ઉદ્દેશિક લેતા હોય એ મુનિ સાચા નથી. આ તો માર્ગ છે, વીતરાગનો માર્ગ છે. કોઈ પક્ષનો માર્ગ છે? આહાહા..!

પહેલી તો વર્તમાન દૃષ્ટિની જ હજી ખબર નથી. સમ્યગ્દર્શન શું છે એની ખબર નથી. મૂળ ચીજની ખબર નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, નવતત્ત્વને માનો. એમ છે નહિ. ભગવાન એને સમ્યગ્દર્શન કહેતા નથી. એ તો રાગ છે. એવું તો એવી શ્રદ્ધા કરીને નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. એ સમ્યગ્દર્શન નહિ. સમ્યગ્દર્શન તો આત્મા અખંડ પૂર્ણશુદ્ધચૈતન્ય, એના અંતરમાં ઉપયોગ થઈને, ઘોલન થઈને, એકાગ્ર થઈને જે દૃષ્ટિ પ્રગટે, એને સમ્યગ્દર્શન કહે છે. ચોથું ગુણસ્થાન હજી ન મળે એને પાંચમું અને છઠ્ઠું આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? આહાહા..! અહો..! સ્વસ્વભાવ સન્મુખનો માર્ગ, એક જ વીતરાગે વર્ણવ્યો છે. તેથી નિશ્ચયમોક્ષમાર્ગને માર્ગ કહ્યો છે ને? વ્યવહારને માર્ગ ખરેખર કહ્યો નથી. એનો હેતુ આ છે. સમજાણું કાંઈ ? ભાઈ! મોક્ષના માર્ગ.. આહાહા..!

પરમવસ્તુ, મહા પવિત્રધામ ભગવાનઆત્મા, પરમેશ્વરની મોક્ષપર્યાય કરતા આ મારો પદાર્થ મોટો, મારા માટે મોટો છે. પરમેશ્વરની પર્યાય તો કેવળજ્ઞાનની તો એની રહી, એનામાં. મારે શું? મારો આત્મા તો દેવાધિદેવ મારું તત્ત્વ છે. આહાહા..! પૂર્ણશુદ્ધચૈતન્યદ્રવ્ય આખું, જેમાંથી અનંત કેવળજ્ઞાનનો પ્રવાહ વહે એવું આખું તત્ત્વ, એનો અંતર ઉપયોગ કરીને દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થાય તેને ધર્મ કહે છે. આહાહા..!

આ પેલું આવ્યું એમાંથી મગજ ચાલતું હતું. સવારે ઊઠ્યો ત્યારથી ચાલતું હતું. વહેલું ચાર વાગે. આહાહા..! માર્ગ તો એકલો અંતર્મુખ થવું. જઘન્યથી તે ઉત્કૃષ્ટ. આવો માર્ગ લોકોને અંદર બેસતો નથી. અંદર પ્રયત્ન શું છે તેનું તેને મહાત્મ્ય આવતું નથી. અંદર ચીજ આ મહાપદાર્થ.. મહાપદાર્થ.. શું કહે એને!! આહાહા..! એવો મહા ભગવાન, મહા ચૈતન્યપ્રભુ આત્મા છે. પ્રભુનો પ્રભુ આત્મા છે. પ્રભુ તો એક એનો ગુણ છે. એક ગુણ. આત્મામાં પ્રભુત્વ નામનો તો અનાદિઅનંત એક ગુણ છે અને એ આત્મા પ્રભુનો પ્રભુ છે. એ.. 'સુમનભાઈ'! ત્યાં કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. થોડો નિવૃત્તિ લેવાનો ભાવ થયો. કહો, સમજાણું? ત્યાં પાપ, પાપ અને પાપ બધું ચારે કોર હતું. આવું સાંભળવાનું ત્યાં ક્યાં હતું? અને વાંચે તો એની મેળે તો આ ક્યાં સમજાય એવું છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સત્ સમાગમ વિના (સમજાય નહિ). એ વસ્તુ એવી જ કોઈ છે કે, એના પેટ એટલા ઊંડા છે અને છે સરળ. પણ એટલી વાત આકરી છે કે એને જરી સાંભળવી મુશ્કેલ પડે.

એકલો ભગવાન આખો આમ પરિપૂર્ણ પ્રભુ છે ને! આહાહા..! જ્યાં પરિપૂર્ણતા એક

www.vitragvani.com



સમયમાં શક્તિરૂપ આખું તત્ત્વ છે, પરિપૂર્ણ છે, એક છે, અભેદ છે, અખંડ છે. એમાં ઉપયોગ મૂક્યે જ કલ્યાણનું કારણ છે. બાકી કાંઈ અંશે પણ કલ્યાણનું કારણ બીજેથી છે નહિ. સમજાણું કાંઈ? જે ખાણમાં હોય એ ખોદે, જેની ખાણમાં હોય એમાંથી નીકળે કે જે ખાણમાં ન હોય એમાંથી નીકળે? તો પરમાં છે આત્માની શક્તિ? દેવ-ગુરુ-શાસ્ત્ર અને એમાં (છે)? અહીં પુણ્ય-પાપનો વિકલ્પ રાગ ઊઠે એમાં ખાણ છે? અને એક સમયની પર્યાયમાં પણ ખાણ છે? એક સમયની પર્યાય તો આખી પલટી જાય છે. આખી ખાણ જે અનંતગુણનો પિંડ આત્મા દ્રવ્ય, એનો અંતર્મુખ ઉપયોગ કરીને, એકાગ્ર થઈને અનુભવ કરે, ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! (અંતર્મુખ ઉપયોગ) કરે ત્યારે એને જ્ઞાન થાય છે અને એ સ્વરૂપમાં લીનતા, આનંદનું ભોજન ઉગ્રપણે રમે, કરે એને ચારિત્ર કહે છે. ભગવાન આ સાચું કહે છે. એ સિવાય બધાને સાચું કહેતા નથી. કહો, 'દીપચંદજી'! આ બધું ત્યાં 'સોલાપુર'માં સાંભળ્યું ન હોય.

એષણશુદ્ધિ... આહાહા..! **'આહારની બધી વસ્તુઓ નિર્દોષ રાખવી.'** ભાષા છે ને? એક એક પાણી પણ નિર્દોષ રાખવું જોઈએ. એને માટે એક બિંદુ બનાવે તો દેનાર સદોષ, લેનાર સદોષ. બિંદુ સમજ્યા? જળ. આ તો પાંચ-પાંચ શેર, દસ-દસ શેર. શું કહેવાય પેલા? કમંડળ. એમાં પાણી ઊના કરીને એને માટે કરીને નાખવા એ મહાપાપ છે. લેનારને પાપ અને દેનારને પાપ છે. એ ધર્મ તો નથી પણ પુણ્ય પણ નથી. મિથ્યાત્વનું પાપ છે.

મુમુક્ષુ :– શ્રાવક તો ગરમ પાણી પીતા નથી.

ઉત્તર :– શ્રાવક પીતા નથી પણ એના માટે બનાવે છે. બસ, ઉદ્દેશિક થઈ ગયું. અત્યારે મુનિપણું વ્યવહારે પાળી શકાય એવી સ્થિતિ નથી. એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે જ નહિ. શું થાય? કોને કહે પણ એ વાત? અહીં તો આહારની વિધિ, બધી વસ્તુ નિર્દોષ રાખવી, લ્યો. આ રીતે રાખવી એટલે કરીને નહિ, હોં! એ... 'સેઠી'! 'સેઠી'એ પણ એવા ગોટા વાળ્યા છે બધા. એના ઘરે .. હતું. તમે નહોતા અહીં? હતા એ? તે દિ' હતા ? હા.. હા.. હતા. પેલા આવ્યા હતા ત્યારે. તમારા ઘરે કર્યું હતું. મીઠા માણસ હળવે-હળવે અંદરથી.

**'આ રીતે નવ પ્રકારની ભક્તિપૂર્વક જ આહારદાન આપવું જોઈએ, આ નવધાભક્તિ મુનિ મહારાજને માટે જ છે, અન્યને માટે યોગ્યતા પ્રમાણે ઓછીવત્તી છે.'** પૂરી તો ત્યાં જ છે. મહામુનિ સંત વીતરાગને માટે નવધાભક્તિ હોય છે. બીજાને યોગ્ય થોડી થોડી (હોય), નવધા બધાને માટે ન હોય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૧૬૯

હવે દાતાના સાત ગુણ બતાવે છે :–

एहिकफलानपेक्षा क्षान्तिर्निष्कपटतानसूयत्वम्।
अविषादित्वमुदित्वे निरहङ्कारित्वमिति हि दातृगुणाः।।१६९।।

અન્વયાર્થ :– [ एहिकफलानपेक्षा ] આ લોક સંબંધી ફળની ઇચ્છા ન રાખવી, [ क्षान्तिः ] ક્ષમા અથવા સહનશીલતા, [ निष्कपटता ] નિષ્કપટપણું, [ अनसूयत्वम् ] ઇર્ષારહિતપણું, [ अविषादित्वमुदित्वे ] અખિન્નભાવ, હર્ષભાવ અને [ निरहङ्कारित्वम् ] નિરભિમાનપણું [ इति ] એ રીતે આ સાત [ हि ] નિશ્ચયથી [ दातृगुणाः ] દાતાના ગુણ છે.

ટીકા :– 'हि एहिकफलानपेक्षा, क्षान्तिः, निष्कपटता, अनसूयत्वम्, अविषादित्वम्मुदित्वम्, निरहंकारित्वम् इति सप्त दातृगुणाः सन्ति' - અર્થ :– ૧– ઐહિકફલ-અનપેક્ષા–દાન આપીને આ લોક સંબંધી સારા ભોગોપભોગની સામગ્રીની ઇચ્છા ન કરવી. ૨– ક્ષાન્તિ–દાન આપતી વખતે ક્ષમાભાવ ધારણ કરવો. ૩–નિષ્કપટતા–કપટ ન કરવું તે. બહારમાં ભક્તિ કરે અને અંતરંગમાં પરિણામ ખરાબ રાખે તેમ ન કરવું જોઈએ. ૪– અનસૂયત્વમ્–બીજા દાતા પ્રત્યે દુર્ભાવ ન રાખવો. અર્થાત્ પોતાને ઘેર મુનિ મહારાજનો આહાર ન થવાથી અને બીજાના ઘેર આહાર થવાથી બીજા પ્રત્યે બૂરો ભાવ ન રાખવો. ૫–અવિષાદપણું– વિષાદ ન કરવો તે. અમારે ત્યાં સારી વસ્તુ હતી તે અમે આપી શક્યા નહિ વગેરે પ્રકારે ખિન્નતા કરવી નહિ. ૬– મુદિતપણું – દાન આપીને ખૂબ હર્ષ ન કરે. ૭– નિરહંકારીપણું–અભિમાન ન કરવું તે. અમે મહાન દાની છીએ ઇત્યાદિ મનમાં અભિમાન ન કરવું. આ [૧]સાત ગુણ દાતાના છે. તે પ્રત્યેક દાતામાં અવશ્ય હોવા જોઈએ. આ રીતે નવ પ્રકારની ભક્તિપૂર્વક તથા સાત ગુણ સહિત જે દાતા દાન આપે છે તે દાન ઘણું ફળ આપનાર થાય છે અને જે એ સિવાય દાન આપે છે તે ઘણું ફળ આપનાર થતું નથી. ૧૬૯.

---

૧. રત્નકરણ્ડ શ્રાવકાચાર ગા૦ ૧૩૩માં દાતાના સાત ગુણ–૧ ભક્તિ–ધર્મમાં તત્પર રહી, પાત્રોના ગુણોના સેવનમાં લીન થઈ, પાત્રને અંગીકાર કરે, પ્રમાદરહિત જ્ઞાનસહિત શાન્ત પરિણામી થયો પાત્રની ભક્તિમાં પ્રવર્તે. ૨–તુષ્ટિ–દેવામાં અતિ આસક્ત, પાત્રલાભને પરમ નિધાનનો લાભ માને. ૩–શ્રદ્ધા, ૪–વિજ્ઞાન, ૫–અલોલુપ, ૬–સાત્ત્વિક, ૭–ક્ષમા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'હવે દાતાના સાતગુણ બતાવે છે :–'**

**एहिकफलानपेक्षा क्षान्तिर्निष्कपटतानसूयत्वम्।**
**अविषादित्वमुदित्वे निरहङ्कारित्वमिति हि दातृगुणाः।।१६९।।**

૧૬૯. જાણવું જોઈએ. એ ટીકા લ્યો, ટીકા.

**'ટીકા :– 'हि एहिकफलानपेक्षा, क्षान्तिः, निष्कपटता, अनसूयत्वम्, अविषादित्वम्मुदित्वम्, निरहंकारित्वम् इति सप्त दातृगुणाः सन्ति' - અર્થ :– ૧– ૧– ઐહિકફલ-અનપેક્ષા–દાન આપીને આ લોક સંબંધી સારા ભોગોપભોગની સામગ્રીની ઇચ્છા ન કરવી.'** સમ્યગ્દૃષ્ટિ શ્રાવકે નવધાભક્તિ સહિત, સાત ગુણ સહિત મહામુનિ આદિ ધર્મપાત્ર જીવને આપીને, આ લોકમાં લોકો મને સારા કહેશે. લોકો વાહ..! વાહ..! ભારે પુણ્યશાળી તમે, એવી આશા રાખે નહિ. ભોગઉપભોગની સામગ્રી મુનિને આહારદાન આપશું તો આપણને કાંઈક મળશે, પૈસા મળશે. સમજ્યા ને? આ છોકરા વાંઢા છે તો પરણશે, ફલાણું થાશે, એવી આશા ન હોય.

સમ્યગ્દૃષ્ટિને પુણ્યની આશા નથી તો વળી બીજી આશા ક્યાં રહી? સમ્યગ્દૃષ્ટિને પુણ્યભાવ આવે ખરો, હોય ખરો, પણ એની ભાવના એને ન હોય કે પુણ્ય થાય. એ તો બંધનનું કારણ છે. આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ, એમાં એકાગ્ર કેમ થઈને શુદ્ધતા પ્રગટ કરું, એ સમ્યગ્દૃષ્ટિની ભાવના હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! ચાહે સો એકલો હોય. (લેનાર અને) દેનાર બન્ને પવિત્ર છે. એકની પવિત્રતા થોડી છે અને એકની પવિત્રતા ઘણી છે.

એને આહાર આપીને **'આ લોક સંબંધી સારા ભોગોપભોગની સામગ્રીની ઇચ્છા ન કરવી.'** લોકો સારા કહેશે, કાંઈક પૈસા મળશે, પરલોકમાં કાંઈક ઠીક થશે. આ તો આ લોકમાં પહેલું લીધું. ઠીક. કહો, સમજાણું? ભોગોપભોગ. એકવાર ભોગવે અને વારંવાર ભોગવે. મકાન મળશે, આબરૂ મળશે, કોઈ વળી સારા ભાગીદાર મળશે. કોઈ આપણને જાણશે કે આ..હા..! આ તો મુનિને આહાર દેનારા (છે). એવી આશા રાખવી નહિ.

**'૨– ક્ષાન્તિ–દાન આપતી વખતે ક્ષમાભાવ ધારણ કરવો.'** ક્રોધ ન કરવો. શાંતિ.. શાંતિ રાખવી. એમ કરીને થનગનાટ ન કરે. ક્ષમા રાખે.

**'૩–નિષ્ટકપટતા–કપટ ન કરવું તે. બહારમાં ભક્તિ કરે અને અંતરંગમાં પરિણામ ખરાબ રાખે એમ ન કરવું જોઈએ.'** બહારમાં ભક્તિથી કહે, પધારો, અંદરમાં કપટ રાખે. એ તો પાપભાવ થાય. એવું હોઈ શકે નહિ.

**'૪–અનસૂયત્વમ્– બીજા દાતા પ્રત્યે દુર્ભાવ ન રાખવો. અર્થાત્ પોતાને ઘેર મુનિ મહારાજનો આહાર ન થવાથી અને બીજાના ઘેર આહાર થવાથી બીજા પ્રત્યે બૂરો ભાવ ન રાખવો.'** આ તો નિર્ધન અને એને ત્યાં (ગયા), અને અમે લાખોપતિ અમારે ત્યાં આહાર નથી. એમ કરીને દ્વેષ કરે. એમ દ્વેષ ન કરવો. એને ઘરે થાય તો ભાઈ! પુણ્યવંત પ્રાણી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. એમાં શું છે? એ તો અનુમોદવા જેવું છે. મારે ઘરે થાય કે એને ઘરે થાય. એવો એને વિવેક અને બહુમાનપણું હોય છે. સમજાણું? મારે ત્યાં ન થયું, એને ત્યાં થયું. આહાર ન થવાથી નહિ.

**'૫–અવિષાદપણું — વિષાદ ન કરવો તે. અમારે ત્યાં સારી વસ્તુ હતી તે અમે આપી શક્યા નહિ વગેરે પ્રકારે ખિન્નતા કરવી નહિ.'** મારી ઉતાવળ થઈ ગઈ, પેલી ચીજ સારી હતી એ રહી ગઈ અને બીજી રહી ગઈ. શાંતિ રાખવી, શાંતિ રાખે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો રહી ગયું હોય કોઈ એવું, એમ. ભાઈ! એક જાતનો દેવાનો પ્રસંગ છે. જે ચીજ જવાની હોય એ જાય ને. એ વાત તો એવી છે. દે કોણ અને લે કોણ? ભાવ એનો શુભ હતો. જે વસ્તુ જવાની હોય એ જાય અને ન્યાં પડવાની હોય એ પડે. પુદ્‌ગલના પરમાણુની પર્યાય કોણ કરે? એક પરમાણુ પણ અહીંથી આમ જવો એ કરે કોણ? મૂંઢ માને કે મેં આ આહાર આપ્યો, એ આહાર આપવાની ક્રિયા મેં કરી. આહારના પરમાણુઓને મેં આપ્યા, એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ તો જડનો સ્વામી થયો.

મુમુક્ષુ :– ... દેતો નથી.

ઉત્તર :– .. દેતો નથી પણ આ પરાણે માને છે. પરાણે માને છે ને? પૈસા લ્યો. પૈસાના પૈસા સ્વામી છે. પૈસાના કાંઈ તમે સ્વામી નથી. તો આ કહે અમારા પૈસા છે. તારા ક્યાંથી આવી ગયા? જડના છે ને. પૈસા તો જડ છે.

મુમુક્ષુ :– પૈસામાં કંઈ નામ લખ્યું છે?

ઉત્તર :– પૈસામાં લખ્યું નથી. અજીવનું લક્ષણ છે એનામાં. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અજીવનું લક્ષણ છે. પૈસાનું, નોટનું, સોનાનું, રૂપાનું વર્ણ, ગંધ, રસ, સ્પર્શ લક્ષણ છે. શેઠિયાનું નામ છે આ? આ પૈસાનો છે? પૈસો એનો છે? ધૂળનો? એ.. 'રાજમલજી'! હવે એ વેપાર-બેપાર ધંધા-બંધા કરશે ને?

મુમુક્ષુ :– અધિકાર તો છે.

ઉત્તર :– કોનો અધિકાર છે? પૈસા તમારા છે તો અધિકાર છે? એ તો અજીવતત્ત્વ છે. પહેલેથી શ્રદ્ધામાં સમ્યગ્દર્શનમાં લીધું છે, સમ્યગ્દર્શનમાં લીધું છે કે અજીવતત્ત્વની કોઈપણ ક્રિયા મારી નથી. કેમ કે અજીવ મારામાં નથી અને હું અજીવમાં નથી. હું અજીવમાં નથી તો અજીવની ક્રિયા હઠની, ખાવાની, પીવાની ક્રિયા એ તો મારી છે જ નહિ. એ તો જડની ક્રિયા છે. આહાહા..! ખાવું, પીવું, ઊઠવું, બેસવું, લડવું, ઝઘડવું, બોલવું એ બધી જડની ક્રિયા છે. આત્માની છે? એ તો માટીની, ધૂળની, પુદ્‌ગલની છે. અંદર શુભ પુણ્યનો રાગ થાય, એ રાગ મંદ (થાય) એ જાણે કે આ શુભભાવ છે, બસ એટલું. એ પોતાથી. એ પુણ્યબંધ છે. એને પણ નિશ્ચયથી તો આદર કરતો નથી. સમ્યગ્દૃષ્ટિ પુણ્યને આદર કરતો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

નથી. પુણ્ય વિનાની પવિત્રતાનો આદર કરે છે. આહાહા..!

મુમુક્ષુ :– પુણ્ય એને ઘણું બંધાય અને ઊંચું બંધાય.

ઉત્તર :– એ એને જ ઊંચુ બંધાય. જોતું નથી એને ઊંચું બંધાય, જોવે એને નાનું બંધાય. આહાહા..! કહો, સમજાણું? શું કહે છે?

**'વિષાદ ન કરવો...'** ખિન્નતા ન કરવી. **'૬–મુદિતપણું– દાન આપીને ખૂબ હર્ષ ન કરે.'** ખૂબ હર્ષ ન કરે એમ કહે છે. બહુ આમ. આહાહા..! ફાટી ન જાય એમ કહે છે. બહુ હરખ. ઓ..હો..હો..! શું છે બહું? જે થયું એ તો શુભભાવ હતો ને બની ગયું. બહુ હરખ ન કરે એમ કહે છે. થનગનાટ થઈ જાય. કેટલાકને તો એમ થઈ જાય કે આહાહા..! આમ કર્યું હોય તો. પગ આમ આમ થાય અને આમ આમ થાય. શું કર્યું પણ જાણે? આહા..! અમે તો આમ, અમારા ઘરે. શું છે પણ? એ તો શુભભાવ છે. એમાં કેટલો પ્રમોદ અને કેટલી (મહિમા)... પ્રમોદ ન કરે તો દોષ, પ્રમોદ વિશેષ કરે તો (આમ કહે).

મુમુક્ષુ :– વીતરાગભાવ છે, આમાં રાગની વાત છે.

ઉત્તર :– વાત તો એમ છે એ. કરવો લખ્યો એ બરાબર છે. એ વાત તો એમ જોઈએ. પણ બહુ હરખભાવ પણ ન કરવો. મુદિત હરખભાવ અને વિદ્વાનપણું એ રીતે સાત દાતાના ગુણ. મૂળ તો પ્રમોદ એટલે થોડો હરખ કરવો, પણ બહુ એવો થનગનાટ ન કરવો એ વાત બરાબર છે. કેટલાકને તો આમ સહન ન થાય. માન આપ્યું સહન ન થાય, અપમાન કર્યું સહન ન થાય. જરીક જો વખાણે તો ફૂલીને .. થયું, બસ. ઓહો..હો..! જરીક અપમાન થાય તો હાય.. હાય.. મરી ગયો. 'પોપટભાઈ'! કેટલાકને જીરવવાની શક્તિ ન હોય.

જેને સમ્યગ્દર્શન છે, એને વિકલ્પ આવ્યો છે, એની જેને ગ્રહણબુદ્ધિ નથી, જ્ઞાતાપણે જાણે છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહાર આવે ખરો. એ જાણવા માટે છે, આદરવા માટે, નિશ્ચયથી આદરવા માટે વ્યવહાર હોય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. ઝીણું તત્ત્વ (છે), ભાઈ ! વીતરાગમાર્ગ એવો છે. આ તો વીતરાગતા. જેમાં વીતરાગતા અને નિર્દોષતા ઊભી થાય એ માર્ગ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ કૃષિકારને અનાજ ઉપર દૃષ્ટિ છે. ખડ ઉપર નહિ. ખડ સમજ્યા? ઘાસપૂસ. કૃષિકારને ઘાસપૂસ ઉપર દૃષ્ટિ નથી. અનાજ કેટલું પાક્યું છે એની ઉપર દૃષ્ટિ છે. એમ સમ્યગ્દૃષ્ટિને અંતર શુદ્ધતા ઉપર દૃષ્ટિ છે. પુણ્યના વિકલ્પ એ તો ખડ, ઘાસ છે. હોય છે.

મુમુક્ષુ :– બન્ને સાથે થાય છે.

ઉત્તર :– દૃષ્ટિ સાથે નથી, દૃષ્ટિ એમાં નથી. આહાહા..! રાગ ઉપર દૃષ્ટિ હોય તો પર્યાયબુદ્ધિ થઈ ગઈ. પર્યાયબુદ્ધિ તો મિથ્યાદૃષ્ટિ છે. અગમ પ્યાલા માર્ગના છે, ભાઈ! એને

www.vitragvani.com



પહેલા અંદરમાં બેસાડે તો ખરો. બરાબર ગોઠવીને પછી અંતર જાય તો એને ખબર પડે કે આ માર્ગ આ છે. એ સિવાય બીજો માર્ગ હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? વસ્તુ શું છે એની વાત નહિ. પછી કહે વિકલ્પ ઘટાડો. સમાડો. આમ પણ ક્યાં સમાડે અને ક્યાં જાય? આવા ને આવા. દુનિયાને ખબર ન મળે અને એમ લાગે કે આ પણ એક માર્ગ લાગે છે, હોં!

પૂર્ણ અસ્તિત્વની હયાતીના જોર વિના આ બાજુનો વિકલ્પ ઘટે જ નહિ. સમજાણું કાંઈ? જેમાં વિકલ્પ નથી એવું તત્ત્વ, તેના આશ્રય વિના વિકલ્પ તૂટે જ નહિ. વસ્તુ કેવડી છે, કેવી છે એ મૂળ તો વાત ન મળે. રાગ ઘટાડો, વિકલ્પ ઓછા કરો, પાપ ઓછા કરો. પણ ઓછા કરીને જાવું ક્યાં? ક્યાં દૃષ્ટિ? કોઈ વસ્તુ છે અંદર? એ કાંઈ અમને ખબર નથી. થઈ રહ્યું. એ તો મૂંઢ છે. આત્મા ભગવાન એક સમયમાં પૂર્ણ પવિત્ર નાથ (છે), એની અંતરદૃષ્ટિ રાખીને પછી શુભભાવ હોય એને જાણે. એ દૃષ્ટિ જ જ્યાં નથી અને એકલો શુભભાવનો આદર કરે, એ સંસાર... સંસાર... સંસાર... (છે). આકરી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગની આ. લોકોને તેથી કઠણ પડે છે ને? વ્યવહારથી થાય, આમથી થાય (એમ આવે તો કહે) હા.. આ માર્ગ ખરો.

'**૭– નિરહંકારીપણું – અભિમાન ન કરવું તે. અમે મહાન દાની છીએ...**' સમજાય છે? ઘણાને થઈ જાય. કેટલાકને તો આમ બીજા કરતા કાંઈક વિશેષ જો કહે, અને જો વિશેષ જો એને ઘરે થયું... આહાહા..! ત્યાં તો જાણે શું થઈ ગયું મારા ઘરે! '**આ સાત ગુણ દાતાના છે.**' લ્યો. સમજાણું. '**રત્નકરંડ શ્રાવકાચાર..**' નીચે લખ્યું છે. નીચે નોટ છે. '**ગાથા૦ ૧૩૩માં દાતાના સાત ગુણ–૧– ભક્તિ–ધર્મમાં તત્પર રહી,..**' તત્પર રહી કેમ કહ્યું?

મુમુક્ષુ :– તત્પર રહી, હજી વાક્ય છે.

ઉત્તર :– '**તત્પર રહી,...**' ઠીક. '**પાત્રોના ગુણોના સેવનમાં લીન થઈ, પાત્રને અંગીકાર કરે,...**' આખી ભક્તિની વ્યાખ્યા કરી. '**ધર્મમાં તત્પર રહી,...**' જુઓ! આ ભાષા! તત્પર રહી. આત્માના શુદ્ધસ્વભાવમાં તત્પર રહી, પોતાના ગુણોના સેવનમાં લીન થઈ, '**પાત્રને અંગીકાર કરે, પ્રમાદરહિત જ્ઞાનસહિત શાન્ત પરિણામી થયો...**' પ્રમાદરહિત, જ્ઞાનસહિત શાંત પરિણામી થયો. '**પાત્રની ભક્તિમાં પ્રવર્તે.**' લ્યો, એટલી વ્યાખ્યા એ કરી. ભક્તિની વ્યાખ્યા એટલી મોટી, લાંબી કરી. મેં કીધું આમાં આઠ બોલ આવી જશે.

'**૨–તુષ્ટિ–દેવામાં અતિ આસક્ત, પાત્રલાભને પરમ નિધાનનો લાભ માને.**' લ્યો! પ્રમોદની વ્યાખ્યા.... આહાહા..! મુદિત એ પણ મુદિતનો અર્થ ઠીક છે. '**પાત્રલાભને પરમ નિધાનનો લાભ માને. ૩–શ્રદ્ધા,...**' એને વિશ્વાસ હોય ને. આ મુનિ છે, પાત્ર છે. '**૪–વિજ્ઞાન,...**' વિજ્ઞાન જોઈએ, એ મૂઢ ન હોય. '**૫–અલોલુપ,...**' લોલુપતાવાળો ન હોય. '**૬–સાત્વિક,...**' કૂણો સ્વભાવ હોય, નરમ સ્વભાવ હોય. અને '**૭–ક્ષમા.**' એવા બોલ ત્યાં લીધા.

www.vitragvani.com



**'તે પ્રત્યેક દાતામાં અવશ્ય હોવા જોઈએ.'** સમ્યગ્દર્શનસહિત આવા દાતાના ગુણ એનામાં હોવા જોઈએ. સમજાણું કાંઈ? **'આ રીતે નવ પ્રકારની ભક્તિપૂર્વક તથા સાત ગુણ સહિત જે દાતા દાન આપે છે તે દાન ઘણું ફળ આપનાર થાય છે અને જે એ સિવાય દાન આપે છે તે ઘણું ફળ આપનાર થતું નથી.'** સાધારણ પુણ્ય બાંધે કદાચ. પણ આ તો પવિત્રતા સહિત પુણ્ય બાંધે.

## ગાથા-૧૭૦

કેવી વસ્તુઓનું દાન કરવું જોઈએ એ હવે બતાવે છે :-

रागद्वेषासंयममददुःखभयादिकं न यत्कुरुते।
द्रव्यं तदेव देयं सुतपः स्वाध्याय वृद्धिकरम्।।१७०।।

અન્વયાર્થ :- [ यत् ] જે [ द्रव्यं ] દ્રવ્ય [ रागद्वेषासंयममददुःखभयादिकं ] રાગ, દ્વેષ, અસંયમ, મદ, દુઃખ, ભય આદિ [ न कुरुते ] કરતું નથી અને [ सुतपः स्वाध्यायवृद्धिकरम् ] ઉત્તમ તપ તથા સ્વાધ્યાયની વૃદ્ધિ કરનાર છે [ तत् एव ] તે જ [ देयं ] દેવા યોગ્ય છે.

ટીકા :- 'यत् (वस्तु) रागद्वेष असंयम मद दुःख भयादिकं न कुरुते तत् एव सुतपः स्वाध्यायवृद्धिकरं द्रव्यं देयम्' - અર્થ :- જે વસ્તુ રાગ, દ્વેષ, અસંયમ, મદ, દુઃખ અને ભય ઉત્પત્તિનું કારણ નથી અને જે વસ્તુ તપ અને શાસ્ત્રના સ્વાધ્યાયને વધારનાર છે તેનું જ દાન કરવું જોઈએ.

ભાવાર્થ :- જે દ્રવ્યનું દાન આપવાથી પોતાના કર્મોની નિર્જરા થાય અને પાત્રજીવોને તપ, સ્વાધ્યાય વગેરેની વૃદ્ધિ થાય તેવાં દ્રવ્યોનું જ દાન શ્રાવકે આપવું જોઈએ. જેનાથી આળસ વગેરેની વૃદ્ધિ થાય એવા ગરિષ્ઠ ભોજન વગેરેનું દાન આપવું નહિ. આવું ઉત્કૃષ્ટ દાન ચાર પ્રકારનું છે. ૧-આહારદાન-શરીરની સ્થિરતા માટે આહાર આપવો તે પહેલું દાન છે. ૨-ઔષધદાન-રોગાદિની પીડા દૂર કરવા માટે ઔષધ આપવું તે બીજું દાન છે. ૩-જ્ઞાનદાન-અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનો વિકાસ કરવા માટે શાસ્ત્ર વગેરે આપવાં તે ત્રીજું જ્ઞાનદાન છે. ૪-અભયદાન-જંગલમાં ઝૂંપડી, વસતિકા, ધર્મશાળા વગેરે બંધાવી આપવી. અંધારાવાળા રસ્તામાં પ્રકાશ આદિ થાય તેવી વ્યવસ્થા કરાવી આપવી તે ચોથું અભયદાન છે. આ રીતે આત્મકલ્યાણના નિમિત્તે દાન આપવું તે જ ખરું દાન છે. પણ જે વસ્તુઓનું દાન આપવાથી સંસારના વિષય આદિ અને રાગદ્વેષની વૃદ્ધિ થાય એવું દાન ન આપવું

www.vitragvani.com



**જોઈએ.**

**જેમ કે–પૃથ્વીનું દાન, હાથી, ઘોડા, સોનું, ચાંદી, સ્ત્રી વગેરેનું દાન કરવું તે. જેનાથી રાગદ્વેષની વૃદ્ધિ થાય તેને જ કુદાન કહે છે. આવું દાન કરવાથી હલકી ગતિના બંધ સિવાય બીજું કાંઈ થતું નથી, માટે એવું કુદાન ન કરવું જોઈએ. ૧૭૦.**

---

**'કેવી વસ્તુનું દાન કરવું જોઈએ એ હવે બતાવે છે :–'**

**रागद्वेषासंयममददुः खभयादिकं न यत्कुरुते।**
**द्रव्यं तदेव देयं सुतपः स्वाध्यायवृद्धिकरम्।।१७०।।**

એમ જ હોય ને. અહીં તો વ્યાખ્યા વ્યવહારથી સિદ્ધ શું કરે? જે વસ્તુ એવી દેવી કે જેમાં સામાને રાગ-દ્વેષ ઉત્પન્ન ન થાય. દ્વેષ ન થાય, અસંયમ ન થાય, મદ ન થાય, દુઃખ ન થાય, કરતું નથી એવું. સમજાણું? આ પૈસા આપે, એના મકાન આપે, કહે છે ને જમીન. એમાં શું? એ તો બધું પાપ છે. આ તો **'रागद्वेषासंयममददुःखभयादिकं'** કરતું ન હોય એ. અને એ નકારનું હોય કે હકારનું. **'सुतपः स्वाध्यायवृद्धि करम्' 'ઉત્તમ તપ..'** આત્માનું ધ્યાન આદિ અને **'અને સ્વાધ્યાયની વૃદ્ધિ કરનાર છે.'** લ્યો. જોયું! મુનિને તો ધ્યાન અને સ્વાધ્યાય બે જ હોય છે ને? બે ધ્યાન. અંતર શુદ્ધઉપયોગનું ધ્યાન, આનંદમાં રહેવું એ જ મુનિનો મુખ્ય માર્ગ છે. એમાં ન રહી શકે તો શાસ્ત્રની સ્વાધ્યાય કરે. **'વૃદ્ધિ કરનાર છે તે જ દેવા યોગ્ય છે.'** એવા આહાર અને પાણી એવા દેવા યોગ્ય છે. એમાં કોઈ નુકસાન થાય એવા દેવા યોગ્ય હોય નહિ.

**'જે વસ્તુ રાગ, દ્વેષ, અસંયમ, મદ, દુઃખ અને ભય ઉત્પત્તિનું કારણ નથી અને જે વસ્તુ તપ અને શાસ્ત્રના સ્વાધ્યાયને વધારનાર છે તેનું જ દાન કરવું જોઈએ.'** આ તો નિમિત્તની વ્યાખ્યા છે, હોં! પરપદાર્થ એને કાંઈ વધારે નહિ, પણ એ વધવામાં નિમિત્ત કોણ છે એની વ્યાખ્યા ચાલે છે. વધે છે તો એના સ્વભાવને કારણે વધે છે. એ કાંઈ આહાર-પાણીથી નથી વધતું. પણ વ્યવહારનયના કથનોમાં એવું ત્યાં નિમિત્ત હોય, એને ત્યાં શુદ્ધિની વૃદ્ધિ પોતાને કારણે થતી હોય તો એને એના નિમિત્ત કહેવામાં આવે છે. એનો વિશેષ ભાવાર્થ લેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૬૬ ગાથા–૧૭૦ થી ૧૭૧ બુધવાર, અષાઢ સુદ ૧૩, તા. ૧૯-૦૭-૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' 'અમૃતચંદ્રાચાર્ય મહારાજ' દિગંબર સંત ૯૦૦ વર્ષ પહેલા થયા છે. 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્રોની કેટલાકની ટીકા કરનાર, પોતે આ બનાવ્યું છે. 'તત્ત્વાર્થ સાર'

www.vitragvani.com



બનાવ્યું છે, આ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' (બનાવ્યું છે, એમાં) શ્રાવકનો અધિકાર ચાલે છે. ૧૭૦ મી ગાથા, એનો ભાવાર્થ.

અતિથિસંવિભાગવ્રતની વાત ચાલે છે ને? અતિથિસંવિભાગવ્રતની ચાલે છે. બારમું વ્રત. ધર્મી એને બારમું સંન્યાસવ્રત જે છે, આ અતિથિવ્રત છે, સંન્યાસ પછી આવશે. એને પ્રથમ વસ્તુ આત્મા જે છે, એ કર્મ અને કર્મના નિમિત્તે થતા પુણ્ય-પાપના ભાવ, એનાથી રહિત એક વસ્તુ છું. અસંખ્યપ્રદેશી વસ્તુ છું. ત્રિકાળી અનાદિઅનંત રહેનાર છું અને અનંતગુણવાળો છું. એવું પહેલું જ્ઞાન કરી અને પછી અંતરમાં દ્રવ્ય ઉપર લક્ષ આપતાં (સ્થિરતા પ્રગટે છે). સમજાણું? હું એક આત્મા એક વસ્તુ છું, પ્રદેશ અસંખ્ય છે, ત્રિકાળ રહેનાર છું, અનંત જેના ગુણો છે એવું એક દ્રવ્ય આત્મા, સર્વજ્ઞે કહ્યું છે તે પ્રમાણે નય, નિક્ષેપ આદિથી પહેલા નિર્ણય કર્યો હોય. એવો આત્માનો નિર્ણય થઈને, સ્વસન્મુખની દૃષ્ટિ કરીને જે સમ્યગ્દર્શન થયું હોય, તેને શ્રાવકની પહેલી ભૂમિકા સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કુળમાં જન્મે એટલે ...

ઉત્તર :– કુળમાં કોણ જન્મે છે? જન્મે છે જ ક્યાં? પર્યાયમાં જન્મે છે. પર્યાયમાં ઉત્પન્ન થાય છે. પર્યાયમાં ઉત્પન્ન જ્યાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થયા વિના, એને શ્રાવકની ભૂમિકાને પહેલું યોગ્ય પાત્ર પણ કહેવામાં આવતું નથી. કહો, સમજાણું કાંઈ?

વસ્તુ આત્મા, વસ્તુ એક, પ્રદેશ અસંખ્ય, રહેવું અનંત કાળ, ગુણનો અનંત ભાવનો સમૂહ, એની પર્યાયો અનંત. એવું પહેલું જ્ઞાન સર્વજ્ઞના શાસ્ત્રથી, સત્ સમાગમથી જાણીને પછી વસ્તુના અંતરમાં અભેદ ચૈતન્ય ઉપર દૃષ્ટિ આપતાં, જે સમ્યગ્દર્શન નિર્વિકલ્પ થાય તેને શ્રાવક પહેલાની, પહેલી ભૂમિકા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? પછી સ્વરૂપમાં વિશેષપણે વસ્તુ સ્વભાવનો આશ્રય લઈને સ્થિરતાનો અંશ જે વિશેષ શાંતિનો પ્રગટ્યો છે, એને આ બાર વ્રતના વ્યવહાર વિકલ્પો હોય છે. એનું આ વર્ણન ચાલે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એ વિકલ્પ રહિત છે કે વિકલ્પ સહિત છે?

ઉત્તર :– વિકલ્પ રહિત પણ છે અને વિકલ્પ સહિત પણ છે. બે છે. જેટલો આત્મસ્વભાવને આશ્રયે, સ્વસ્વભાવને આશ્રયે સ્થિરતાનો અંશ થયો તે વિકલ્પ રહિત છે. ખરી દશા એ છે. એમાં આવા વિકલ્પો હોય છે. સમજાય છે કાંઈ? એને વ્યવહાર ચારિત્ર તરીકે અંતરની સ્થિરતાને પ્રસિદ્ધપણે બતાવનાર છે એથી એને વ્યવહારચારિત્ર કહ્યું છે. આ દાન દેવું આદિ એ વિકલ્પ છે, શુભરાગ છે. સમજાણું કાંઈ? બીજાને આહાર દેવાનો ભાવ, આહાર દેવાની ક્રિયા તો સ્વતંત્ર જડની છે. એ આત્મા આહાર આપી શકે કે ખાઈ શકે એ તો વસ્તુમાં છે જ નહિ. એ તો જડના પરમાણુઓ છે. આત્માને આત્માના ભાનસહિત ભાવ થાય, વિશેષ ધર્માત્મા દેખીને આહાર દેવાનો ભાવ, શુભભાવ (આવે) એની આ વાત

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ચાલે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! હજી સંલેખનાનું વ્રત કહેશે, હોં!

**'ભાવાર્થ :– જે દ્રવ્યનું દાન આપવાથી પોતાના કર્મોની નિર્જરા થાય...'** એટલે કાંઈ દાન દેવાથી કર્મની નિર્જરા નથી (થતી). પણ તે કાળે પોતાના શુદ્ધ સ્વરૂપ તરફની એકાગ્રતાનું સ્વદાન આપે છે, એનાથી નિર્જરા છે. એને પરદ્રવ્યના દાનમાં વિકલ્પ વ્યવહારથી કહેવામાં આવે છે (કે) એનાથી નિર્જરા થાય છે. એમ છે. 'સેઠી'! ઔર ફરમાવો એમ કહે છે.

અહીં તો કહે છે, પ્રભુ! આત્મા અનંત અનંત શાંતરસ અને ગુણનો પિંડ પ્રભુ (છે). જેની મતિ-શ્રુત જ્ઞાનની એક સમયની અવસ્થા પણ છ દ્રવ્યને જાણવાની તાકાતવાળી (છે). એવી એવી અનંતી પર્યાયનો તાકાત ગુણ અને અનંતગુણનું રૂપ એવો આત્મા, અંતરમાં જ્યાં વિકલ્પરહિત દૃષ્ટિથી ભાનમાં, પ્રતીતમાં અનુભવમાં આવ્યો, એને જે સ્વઆશ્રય વિશેષ થઈને સ્થિરતાનો અંશ થાય છે તેનાથી નિર્જરા કહેવામાં આવે છે. શું છે? 'સેઠી'!

મુમુક્ષુ :– દાન દેવાથી...

ઉત્તર :– એ દાન દેવામાં આ છે. એ વ્યવહારનયનું વાક્ય છે. એમાંથી નિશ્ચય કાઢવો જોઈએ.

મુમુક્ષુ :– દેવું-લેવું...

ઉત્તર :– દેવું-લેવું કોઈ આત્મા કરી શકતો નથી. એક રજકણ, પોઈન્ટ, એક રજકણ છે તે લઈ શકતો નથી, દઈ શકતો નથી. એ તો સ્વતંત્ર દ્રવ્ય છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ત્યારે શું લેવાય? આહાર લેવાતો હશે આવડો મોટો? આવડો આહાર લેવાય. એ કહ્યું હતું. ક્યાં ગયા તમારા? ગયા 'સુમનભાઈ'? એ 'સુમનભાઈ' અને 'કનુભાઈ' બે 'પાલિતાણા' ગયા હતા. પરમાણુનું ન કરી શકે, સ્કંધનું આત્મા કરી શકે. આહાહા..! કોણ કરે? ભાઈ!

હમણા જ રસ્તામાં વાત થઈ હતી. 'સુદૃષ્ટિ તરંગિણિ' માં આવે છે ને? એક ગિરી ગુફામાં છ મુનિ બેઠા હોય છે. ગુફામાં છ મુનિ. વીતરાગી મુનિ હોય છે. એ બેઠા હોય છે એને પરની કાંઈ નથી અને ઉઠ્યા હોય તો પરની કાંઈ નથી કે આ પાંચ મુનિ સાથે છે ને. ધ્યાનમાંથી નીકળ્યા અને વિકલ્પ આવ્યો કે ઊઠું, તો ચાલ્યા. પેલા પાંચની એને દરકાર, અપેક્ષા નથી. વીતરાગી મુનિ છે ને? મુનિ કોને કહીએ? વીતરાગ દશા... આહાહા..! જેને અંદરમાંથી અતીન્દ્રિય આનંદ ઊછળી ગયો છે, પ્રગટ થઈ ગયો છે. એવા અતીન્દ્રિય આનંદમાં જ્યાં રમણતા ઉગ્ર છે, એને મુનિ કહેવામાં આવે છે. એને તો દુનિયાની કાંઈ પડી નથી. એવા છ મુનિઓ ગુફામાં બેઠા હોય, તો ક્યારે ઊઠશે? કોને લઈને એ કાંઈ છે નહિ. છએ સ્વતંત્ર. ઉઠ્યા તો ઉઠ્યા. બેઠા તો બેઠા, છએ સ્વતંત્ર.

એમ આ ચૌદ બ્રહ્માંડની ગુફામાં છ દ્રવ્યો સ્વતંત્ર છે. વીતરાગભાવમાં જેમ (મુનિ)

www.vitragvani.com



સ્વતંત્ર છે, કોઈની અપેક્ષા નથી. એમ કોઈ દ્રવ્યને, કોઈ દ્રવ્યની પરિણતિમાં, પર્યાયમાં, બદલવામાં અપેક્ષા નથી. આહાહા..! ગુફાનો દાખલો આપ્યો છે.

છ મુનિ બેઠા છે. મુનિ વીતરાગ... આહાહા..! ઉપશમરસમાં ઠરીને ઢીમ થઈ ગયા, ઢીમ–જામી ગયા છે. શાંતિના અંતર શેરડા. અતીન્દ્રિય આનંદના તો આમ ઢગલા અંદર દશામાં સુધારસ અમૃતરસ ઝરે છે. મુનિ કોને કહે? આહાહા..! અમૃતરસ, અતીન્દ્રિય અમૃત રસ, એવી દશાનું જ્યાં રમણ છે, કહે છે કે એ છ મુનિઓ બેઠા છે, કોઈને કોઈની પડી નથી. સમજાણું? આંખ મીંચીને ધ્યાનમાં બેઠા હોય છે. વિકલ્પ ઊઠ્યો તો ચાલી નીકળ્યા. વળી બેઠા તો બેઠા. પણ પોતાને કારણે. પરની અપેક્ષા નથી.

એમ આ ચૌદ બ્રહ્માંડની અંદર ભગવાને છ દ્રવ્ય જાતિએ જોયા. એ દરેક દ્રવ્ય સ્વતંત્ર પોતાથી પરિણમી રહ્યા છે. કોઈની કોઈને અપેક્ષા નથી. અરે..! અપેક્ષા ન હોય તો જૈન ધર્મ તો અપેક્ષિત છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુ પોતે પોતાના કાળે, સ્વકાળે, દરેક આત્મા કે પરમાણુ, પોતાની પર્યાયથી પરિણમી રહ્યા છે. એની પરની સામે મોઢું જોવાની,.. શું કહે છે? તાકવું. બીજાનું મોઢું તાકીને પરિણમે એમ છે નહિ. કોણ નિમિત્તને તાકે?

મુમુક્ષુ :– નિમિત્ત-નૈમિત્તક સંબંધ છે.

ઉત્તર :— કોઈને કાંઈ નથી. નિશ્ચયથી કોઈને કાંઈ છે નહિ.

મુમુક્ષુ :– ... વ્યવહારે..

ઉત્તર :– એ તો વ્યવહારનું જ્ઞાન કોણ નિમિત્ત હતું એનું જ્ઞાન કરવા વાત છે. નિમિત્ત-નિમિત્ત પૃથક્કતાની સિદ્ધતા બતાવે છે. પરાધીનતા બતાવતું નથી. એક રજકણ આ આંખની પાપણ ચાલે એ આત્માથી નહિ. આ આમ હલે એ આત્માથી નહિ. આત્મા માને કે મારાથી હલી તો મૂઢ મિથ્યાદષ્ટિ જીવ છે. એને વીતરાગના તત્ત્વોની શ્રદ્ધાની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? કોને દે-લે?

અહીં તો દેવા-લેવા કાળમાં શ્રાવકના જે પરિણામ વર્તે છે એનું શું સ્વરૂપ એ વર્ણન કરતા દે-લે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ, ભાઈ! આહાહા..! આ શરીરના રજકણમાં રહ્યો આત્મા સ્વતંત્ર પરિણમે છે. કાંઈ લેવા-દેવા (નથી). શરીરની પર્યાયને આત્માને માટે (અપેક્ષા) નથી અને આત્માની પર્યાયની અપેક્ષા શરીરની પર્યાયને નથી.

મુમુક્ષુ :– ક્યારે?

ઉત્તર :– અત્યારે. ક્યારેની વાત શું? અત્યારે.

મુમુક્ષુ :– મુનિ થાય ત્યારે.

ઉત્તર :– મુનિ શું? સદા અજ્ઞાની ન માને તો એમ છે. શરીરના રજકણે રજકણ

www.vitragvani.com



પોતાને કારણે 'ઉત્પાદ-વ્યય-ધ્રુવ-યુક્તમ સત્' તો નવી નવી ઉત્પાદ અવસ્થાના કાર્યને એક એક પરમાણુ કરી રહ્યો છે. કોઈ બીજા પરમાણુની એને અપેક્ષા નથી, આત્માની અપેક્ષા નથી. આત્માને એના પરિણમનની અપેક્ષા નથી. એનું પરિણમન એનામાં, આત્માનું આત્મામાં છે. સમજાણું કાંઈ? કહો, 'પોપટભાઈ'! તમારે છ જણા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ ઠીક. આ તો છ છોકરા, પેલા છ દ્રવ્યની અપેક્ષાએ મગજમાં વાત આવી. કહો, સમજાણું કાંઈ? 'કોના છોરું ને કોના વાછરું, કોના મા ને બાપ? અંતે અંતકાળે જાવું એકલું, છોડીને સકળનો સાથ.' છોડીને જ બેઠો છે, અત્યારે છૂટેલો જ છે, ભાઈ! આહાહા..!

એકલો ભગવાનઆત્મા, કર્મ અને શરીરથી નિરાળું પોતાનું પરિણમન છે. અને આત્માનું અંતર શુદ્ધ સ્વરૂપનું ભાન થયે, રાગથી પણ નિરાળું જેનું પરિણમન છે. અજ્ઞાનીને બધા કર્મના રજકણોની મધ્યમાં રહેલું તત્ત્વ, પોતાના જ પરિણમનથી તે પોતે પરથી પૃથક પરિણમી રહ્યું છે. અને રજકણ આદિ પણ આત્માની અપેક્ષા વિના સ્વતંત્ર પૃથક્ પરિણમી રહ્યા છે. અને આત્માનું શુદ્ધ સ્વરૂપ પવિત્ર, ત્રિકાળી સ્વભાવ, એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું, ત્યારે તો રાગ જે નજીકમાં ઉત્પન્ન થાય છે તે કાળે, એનાથી સ્વતંત્ર પરિણમન શુદ્ધ થાય છે. પેલા તો નજીકમાં આમ હતા. સમજાણું કાંઈ ? 'સેઠી'! શું કહ્યું? બીજી વાર કહ્યું તો વળી એનાથી વધારે ઝીણું નીકળ્યું. એ કાંઈ મેળ છે? શું નીકળે ઇ?

અનાદિથી આત્મા પોતાના અસ્તિત્વમાં જ પરિણમી રહ્યો છે. કોઈના અસ્તિત્વની અપેક્ષા રાખીને પરિણમતો નથી. તેમ બીજા અસ્તિત્વો હોવાવાળા બીજાની અપેક્ષા રાખીને પરિણમતા નથી. એ રીતે અનાદિથી થઈ રહ્યું છે. એટલે અત્યારે પણ શરીર અને કર્મના રજકણો એની પર્યાયપણે પરિણમે છે, આત્માને કારણે નહિ. અને આત્મા પોતાને કારણે પરિણમે છે, પરને કારણે નહિ. એક વાત.

એથી જ તો અહીં હવે શ્રાવકની વાત ચાલે છે. તો શ્રાવકને પહેલું સમ્યગ્દર્શન થયું હોય છે એમાં એ પરથી તો ભિન્ન પરિણમન છે, એમ તો ભાન પહેલું સાધારણ છે. પણ મારો આત્મા શુદ્ધચૈતન્યસ્વરૂપ છે, માટે મારું પરિણમન રાગથી રહિત, અરાગી પરિણમન એ મારું છે. સમજાણું કાંઈ? એને આવો જે રાગ આવે છે, એની વ્યાખ્યાનું સ્વરૂપ બતાવે છે. અરે..! કહો, સમજાણું કાંઈ?

એ દ્રવ્યનું દાન આપવાથી પોતાના કર્મની નિર્જરા (થાય છે). દાન વખતે ગ્રહણ-ત્યાગનો વિકલ્પ છે તે શુભ (છે), એનાથી પુણ્ય બંધાય. પણ તેની પાછળ તે જ સમયે પહેલાં સમય કરતાં શુદ્ધતાનો આશ્રય વિશેષ વર્તે છે, એની નિર્જરા થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ રાગની પાછળ એટલે સ્વરૂપને આશ્રયે સ્થિર થાય તે. રાગ રહી ગયો

www.vitragvani.com



આમ અને સ્થિરતા રહી ગઈ આમ.

**'અને પાત્ર જીવોને તપ, સ્વાધ્યાય વગેરેની વૃદ્ધિ થાય...'** છે. નિમિત્તથી વાત છે ને, આ તો નિમિત્તથી વાત છે. જે એને સ્વાધ્યાય આદિ કરે છે એને આહાર આદિ નિમિત્ત કહેવાય છે. **'તેવાં દ્રવ્યોનું જ દાન શ્રાવકે આપવું જોઈએ. જેનાથી આળસ વગેરેની વૃદ્ધિ થાય એવાં ગરિષ્ઠ ભોજન વગેરેનું દાન આપવું નહિ.'** બહુ તોલદાર, વજનદાર, ઘી, એકલું માખણ અને એકલી કઠણ ચીજ હોય, પચે નહિ એવી, એવું આહારદાન દેવું નહિ. કહો, સમજાણું કાંઈ?

**'આવું ઉત્કૃષ્ટ દાન ચાર પ્રકારનું છે. ૧–આહારદાન–શરીરની સ્થિરતા માટે આહાર આપવો તે પહેલું દાન છે.'** શુભ વિકલ્પ છે તે. એમાં આ નિમિત્ત છે એટલે આહારદાનની વ્યાખ્યા કરી.

**'૨–ઔષધદાન–રોગાદિની પીડા દૂર કરવા માટે ઔષધ આપવું તે બીજું દાન છે.'** એ છે શુભ વિકલ્પ. દાન પરદ્રવ્યના લક્ષે જે ક્રિયા થાય એમાં છે તો વિકલ્પ જ. પણ સ્વભાવનો તે સમયે શુદ્ધતાનો આશ્રય પહેલાં સમય કરતાં વિશેષ આગળ તરફ વધ્યો છે ને? એ અપેક્ષાએ નિર્જરા ગણીને દાનમાં નિર્જરા થાય છે એમ કહેવામાં આવે છે. મોટો ફેર છે. પરને આશ્રયે નિર્જરા થાય નહિ. સમજાણું કાંઈ? તીર્થંકરદેવને આહાર આપનારને નિર્જરા ન હોય. આહાર આપવાની વૃત્તિ નિર્જરાનું કારણ નથી. એ પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ?

જેટલો ભગવાનઆત્મા શુદ્ધજ્ઞાનાનંદસ્ફૂર્તિ પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય જેટલો ઊગ્રપણે થાય, તેટલું તેને શુદ્ધપણું, સંવર, નિર્જરા અને મુક્તિનો ઉપાય થાય. કહો, સમજાણું કાંઈ? કાલે પહેલું કહ્યું હતું ને? કેવળ અંતર્મુખ ઉપયોગ તે સર્વ દુઃખ ક્ષય થવાનું કારણ છે. ત્રણકાળ ત્રણલોકમાં એક જ સિદ્ધાંત છે. ભગવાનઆત્મા પોતાની સ્વરૂપ સંપદાને પોતાના વર્તમાન ઉપયોગરૂપી આચરણ દ્વારા પ્રગટ કરે છે, એ જ અંતર ઉપયોગ તે જ શુદ્ધતાનું કારણ છે. સમજાણું કાંઈ? જેટલો બહિર્ ઉપયોગ જાય (તેટલું) બંધન, બંધન અને બંધન. દાનનો ઉપયોગ પણ પરઉપયોગ છે, સ્વઉપયોગ નથી. સ્વઉપયોગ સ્વઆચરણ નથી. એટલું એ પર આચરણ રાગનું છે. ઓહો..હો..! શું છે?

મુમુક્ષુ :– થોડુંક આકરું પડે છે.

ઉત્તર :— આકરું ક્યાં છે? જે છે એમ છે. આકરું કહો કે હળવું કહો. જેમ છે એમ છે. વસ્તુ તો આમ છે. બીજી રીતે માને તો એના ઘરમાંથી બહાર મિથ્યાત્વમાં ચાલ્યો જશે. સમજાણું કાંઈ? આહાહા..! આગળ સંલેખનામાં કહેશે. સંલેખના પણ કહે છે ને ... પણ સંલેખના પહેલેથી વિચારીને નિર્ણય કરે. મારે મૃત્યુ વખતે સમાધિથી મરવું છે. એવો એક જાતનો નિર્ણય કરે. પહેલેથી, હોં! જે બારવ્રતના વિકલ્પ છે એવું .. અ..હો..! દેહ

છોડવા ટાણે, મારી સમાધિ મને રહે. દેહના એક-એક રજકણ (પલટશે) અને એ સમયને આવવાની હવે વાર નથી. જેને ૫૦-૫૦, ૬૦, ૭૦ નીકળી ગયા એને વાર છે? 'છગનભાઈ'! આહાહા..! કહો, ૭૦-૭૦, ૭૫, ૭૮, ૮૦, ૮૪ નીકળ્યા એને તો હવે એનો ચોથો ભાગ પણ કાઢવાનો નથી. એટલો તો નિર્ણય પછી થોડુંઘણું કહીને એને એટલા કાઢવાના. 'સેઠી'! બરાબર છે? ૮૦નો ચોથો ભાગ પણ હવે તમારે કાઢવાનો નથી.

મુમુક્ષુ :– એ તો રહેવું હોય તો રહે. જાવા દ્યોને એને.

ઉત્તર :– ત્યારે એ કહેવું છે કે અલ્પકાળમાં શરીર છૂટવાનું એને માટે પહેલો સમાધિનો નિર્ણય કરવો જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? સ્વભાવ સન્મુખતાની ઉગ્રતાનો પુરુષાર્થ પહેલેથી તૈયાર જોઈએ. આહાહા..! એ વખતે પછી આંતરડા આમ થાય ને આ થાય. મને સંભળાવો. શું સંભળાવે તને? તરવાનું તો તારે સ્વઆશ્રયે કામ છે. અમે સંભળાવીએ એમાં તને શું? તને તો એ સમયે શુભભાવ થશે.

મુમુક્ષુ :– એ ધ્યાન આપશે તો.

ઉત્તર :– એ લક્ષ કરે તો ને.

મુમુક્ષુ :– ... સાંભળવાનું મળશે.

ઉત્તર :– શરીર ઘડીક આમ મોળું બહુ પડી જાય છે ને? ભાઈ! શરીરની સ્થિતિ (છૂટવાની હોય) એ વખતે આમ તૈયાર, અંદરથી યાદ આવે કે આહા..! આત્મા શાંત, આનંદ સાંભળ્યો હતો ને આપણે? વીતરાગ સ્વરૂપે સાંભળ્યો હતો ને, એને આ વિકલ્પ શું? એમ યાદ આવીને ઠરવું એનું નામ સાંભળ્યું કહેવાય. એ સાંભળ્યાનું ફળ એ છે. કોઈ હાલ નાખે એમ નથી. આખું ચાર મણનું શરીર રજકણે રજકણ પલટશે. પગનો રજકણ કાંઈક, આંખનો રજકણ કાંઈક, નાકનો રજકણ કાંઈક, અહીં સબાકો આવશે, અહીં કાંઈક થશે, આ થશે ને આ થશે. આ તો થાય એને. ન થાય એને સાધારણ થઈને જાય. પણ ફેરફાર તો થશે કે નહિ? આ રજકણમાંથી નીકળવું છે. અહીં ૧૦૦-૧૦૦, ૫૦, ૭૦, ૮૦ વર્ષ આમાં રહ્યો છે. અહીં કાંઈ દેહના કાયમના મુકામ નથી. આહાહા..!

કહે છે, આવા મુનિઓને દેખીને એને પ્રમોદ આવે છે. ઓ..હો..! ધન્ય જીવન આવા ! મારું પણ જીવન ક્યારે (આવું થાય)? શ્રાવક એમ ભાવના ભાવે છે. એથી આહારદાનની વૃત્તિ એને ઉઠે છે. આ મુનિ એટલે અંતર આનંદકંદમાં (ઝુલનારા)! આહાહા..! ધન્ય પરમેશ્વર છે એ તો. મુનિ એટલે પરમેશ્વર. એને ચાર જ્ઞાનના ગણધરદેવ નમસ્કાર કરે. ણમો લોએ સવ્વ સાહુણં. ગણધર મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન 'સીમંધર' પ્રભુના ગણધર છે. જ્યારે શાસ્ત્ર રચે ત્યારે એ પોતે ણમો લોએ સવ્વસાહુણં (ઉચ્ચાર કરે). હે સંતો! તમારા ચરણમાં મારો નમસ્કાર. આહાહા..! એ ગણધરના જેને નમસ્કાર પોગે એ તે મુનિદશા કેવી! બાપા! આહાહા..! એ પરમેશ્વરપદ છે, ભાઈ ! લોકોને ખબર નથી. એકલા લુગડા છોડીને બેસે

www.vitragvani.com



નાગા. એ તો અનંતવાર (કર્યું). આથી તો અનંતવાર ઊંચી નવમી ગ્રૈવેયક ગયો, ત્યારે તો અનંતો ઊંચો શુભભાવ એવો કરેલો કે એના જેવો મિથ્યાદૃષ્ટિને બીજાને શુભભાવ હોય નહિ.

પણ ભગવાનઆત્માની સંભાળ કર્યા વિના, ઉપયોગ અંતરમાં જોડ્યા વિના, ભગવાન આનંદસ્ફૂર્તિ પ્રભુ! એને અંતરમાં ઉપયોગમાં લાવ્યા વિના.. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના જ્ઞાનના વેપારના આચરણમાં ભગવાનને લાવ્યા વિના કે ભગવાનઆત્મામાં ઉપયોગ જોડ્યા વિના ક્યાંય શાંતિ નથી. સમજાણું કાંઈ? ક્યાંય સમાધિ નથી.

આમ સગા-વ્હાલા બધા ઊભા હોય, રોતા હોય, આંખમાંથી આંસુ (ચાલ્યા જતા હોય). અહીં મારું કોઈ નથી, રજકણ નથી. હવે તું રો કે ન રો, અહીં કોણ સામું જોનાર છે? સમજાણું કાંઈ? પણ જેણે એવો અભ્યાસ પહેલેથી કર્યો હશે એને એનું ફળ ત્યાં આવશે. અભ્યાસ જ કર્યા નથી. આ શું છે? છૂટેલું છે અને ક્ષેત્ર અવગાહનતાથી છૂટશે તે વખતની મારી દશા કેવી હશે? સમજાણું કાંઈ? એ પહેલેથી સમ્યગ્દૃષ્ટિ ભાવના ભાવે છે. મારું ક્યારે સમાધિ મરણ થાય? શાંતિ... શાંતિ... શાંતિ...

છ છ ડિગ્રીના તાવ આવ્યા હોય. છ ડિગ્રી. ડિગ્રી કહે છે ને? ભૂલી જાઈએ છીએ પાછું. છ ડિગ્રીનો તાવ, સાત ડિગ્રીનો તાવ, માથે પોતા મૂકો. હવે પોતા-બોતા મૂક્યે ત્યાં ક્યાં પોતું વળે એવું છે? ત્યાં અંદર પોત ક્યાં ખીલે એવું છે? માથુ ફાટી જાય, ભાઈ સાહેબ! પણ આત્માને ફાડને હવે. માથુ ફાટી જાય એ તો એને ઘરે રહ્યું, એ તો જડમાં છે. એ.. 'પોપટભાઈ'! આહાહા..!

જુઓ! અહીં તો શ્રાવક બારમાં વ્રતની અંદરમાં પણ મુનિને આહાર દેવાની ઉલ્લાસમાં વૃત્તિ આવે છે, એ વખતે પોતાના સ્વભાવ તરફની જેટલી સ્થિતિ છે એટલી નિર્જરા છે. બાકી આ વ્યવહાર દાન પુણ્યનું કારણ છે. **'જ્ઞાનદાન–અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનો વિકાસ કરવા માટે...'** પણ એ બધો શુભ વિકલ્પ છે, હોં! શાસ્ત્રદાન આપે કે ઉપદેશ કરે એમાં કાંઈ નિર્જરા, સંવર-ફંવર નથી. આહાહા..!

મુમુક્ષુ :– તો પુણ્યની પરંપરા કારણ...

ઉત્તર :– ના ના પરંપરા કારણ ધૂળમાં પણ નથી. રાગ હોય એ પરંપરા (કારણ) કઈ રીતે થાય? રાગનો અભાવ કરીને દૃષ્ટિમાં પેલો રાગ તો ઝેર છે એમ માન્યું છે. ઝેર પરંપરા અમૃતનું કારણ થાય? એ તો નિમિત્તથી કથન આવ્યું છે. એને વર્તમાન અશુભ છોડ્યું છે, દૃષ્ટિમાં એને હેય જાણે છે, સ્થિરતા કરીને છોડી દેશે. એ માટે પરંપરા એને કહેવામાં આવ્યું. હજી તો રાગથી કાંઈ લાભ માને એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એને પરંપરા ક્યાંથી આવ્યું?

ભગવાનઆત્મા અનંતા ગુણ સમાજ વીતરાગભાવે (પડ્યા છે). કેમ કે એક ગુણ જેવો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વીતરાગ ચારિત્ર સ્વભાવ છે. અંતર કાયમી સ્વભાવ, હોં! એવા અનંતા ગુણને નિમિત્તરૂપે છે એટલે બધા ભાવો વીતરાગભાવે બધા ગુણો છે. એમાં આ વળી વિકલ્પ આવ્યો એને પરંપરાએ લાભ કરશે (એ માન્યતા જ મિથ્યાદષ્ટિથી છે). નિજ ઉપયોગની ઉગ્રતા વિના આત્માને કાંઈ લાભ નથી. પહેલો સમ્યક્‌નો ઉપયોગ જામ્યો છે પણ પછી પણ નિજ ઉપયોગની ઉગ્રતા દ્વારા લાભ છે. કહો, સમજાણું કાંઈ? લાખ વાતની વાત... આવે છે ને? 'છ ઢાળા'માં નથી આવતું? 'છ ઢાળા'માં આવે છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ...' આવે છે ને? એવું કાંઈક આવે છે. ભૂલી ગયા. પછી શું? 'નિજ આતમ ઉર ધ્યાવો.' બધું છોડીને આમ આવો. સમજાણું? એ જ્ઞાનદાન છે.

**'અભયદાન–જંગલમાં ઝૂંપડી, વસતિકા, ધર્મશાળા વગેરે...'** મુનિ માટે બંધાવે નહિ, હોં ! કોઈ ધર્માત્મા હોય, શ્રાવક આદિ હોય કે કોઈ દુઃખી પ્રાણી હોય, જંગલમાં મરવા પડ્યું હોય એવી સ્થિતિ હોય, ત્યાં આગળ ઝૂંપડી, વસતિકા, ધર્મશાળા વગેરે (બનાવે). માણસ કોઈ છેલ્લી સ્થિતિમાં મરવા પડ્યા હોય, તો એને ત્યાંથી ગામમાં લાવવા બે-ચાર, પાંચ ગાવ છેટુ પડે તો એ ઠેકાણે દયાનો ભાવ એવો હોય છે. સમજાણું? **'બંધાવી આપવી. અંધારાવાળા રસ્તામાં પ્રકાશ આદિ થાય તેવી વ્યવસ્થા કરાવી...'** દુઃખી પ્રાણી બિચારા અંધારામાં નીકળી શકે નહિ. તે વખતે એવો અભયદાનનો શુભભાવ આવે. કહો, સમજાણું કાંઈ?

**'આ રીતે આત્મકલ્યાણના નિમિત્તે દાન આપવું તે જ ખરું દાન છે.'** લોભ માટે અને કાંઈ લાભ માટે બહાર મળશે એમ નહિ. એમ કહે છે. **'પણ જે વસ્તુઓનું દાન આપવાથી સંસારના વિષય આદિ અને રાગદ્વેષની વૃદ્ધિ થાય એવું દાન ન આપવું જોઈએ. જેમ કે પૃથ્વીનું દાન, હાથી, ઘોડા, સોનું, ચાંદી, સ્ત્રી વગેરેનું દાન કરવું...'** એ તો પાપ છે. **'જેનાથી રાગદ્વેષની વૃદ્ધિ થાય તેને જ કુદાન કહે છે. આવું દાન કરવાથી હલકી ગતિના બંધ સિવાય બીજું કાંઈ થતું નથી, માટે એવું કુદાન ન કરવું જોઈએ.'** લ્યો!

## ગાથા–૧૭૧

હવે પાત્રોના ભેદ બતાવે છે :–

**पात्रं त्रिभेदमुक्तं संयोगो मोक्षकारणगुणानाम्।**
**अविरतसम्यग्दृष्टिः विरताविरतश्च सकलविरतश्च।।१७१।।**

**અન્વયાર્થ :– [ मोक्षकारणगुणानाम् ] મોક્ષના કારણરૂપ ગુણોનો અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રરૂપ ગુણોનો [ संयोगः ] સંયોગ જેમાં હોય, એવા [ पात्रं ]**

www.vitragvani.com



પાત્ર [ अविरतसम्यग्दृष्टिः ] વ્રતરહિત સમ્યગ્દષ્ટિ [ च ] તથા [ विरताविरतः ] દેશવ્રતી [ च ] અને [ सकलविरतः ] મહાવ્રતી [ त्रिभेदम् ] ત્રણ ભેદરૂપ [ उक्तम् ] કહેલ છે.

ટીકા :– 'मोक्षकारणगुणानां संयोगः पात्रं त्रिभेदं उक्तं सकलविरतः च विरताविरतः च अविरतसम्यग्दृष्टिः च इति' - અર્થ :– મોક્ષના કારણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર-એ ત્રણેનો સંયોગ જેમાં હોય તેને પાત્ર કહે છે. ઉત્તમ, મધ્યમ અને જઘન્યપાત્રના ભેદથી તેના ત્રણ પ્રકાર છે.

ભાવાર્થ :– સમ્યકત્વસહિત મુનિને ઉત્તમપાત્ર, સમ્યક્ત્વસહિત દેશવ્રત પાળનાર શ્રાવકને મધ્યમપાત્ર અને વ્રતરહિત સમ્યક્ત્વસહિત શ્રાવકને જઘન્યપાત્ર કહે છે. જે જીવને સમ્યગ્દર્શન થઈ ગયું છે તે જ પાત્ર કહેવાને યોગ્ય છે. સમ્યગ્દર્શનના અભાવમાં કોઈ પ્રકારની પાત્રતા હોઈ શકતી નથી. તેથી દ્રવ્યલિંગી મુનિ પાત્ર નથી પણ ઉત્તમ કુપાત્ર છે, કેમ કે તેને સમ્યગ્દર્શન નથી. પણ અહીં વિચારવા જેવી વાત એ છે કે પાત્રના ભેદ વ્યવહાર સમ્યગ્દર્શનની અપેક્ષાથી છે કે નિશ્ચય સમ્યગ્દર્શનની અપેક્ષાએ? જો નિશ્ચયસમ્યગ્દર્શનની અપેક્ષાએ માનવામાં આવે તો તો ઉત્તમપાત્રની ઓળખાણ કરવી તે કુપાત્રની બુદ્ધિની બહારની વાત છે અને જો વ્યવહારસમ્યગ્દર્શનની અપેક્ષાએ માનવામાં આવે તો પહેલા ગુણસ્થાનવાળો જીવ પણ વ્યવહારસમ્યગ્દષ્ટિ હોઈ શકે છે અને તે ઉત્તમપાત્રની ગણનામાં આવી શકે છે. તેથી દ્રવ્યલિંગી મુનિ પણ ઉત્તમપાત્ર હોઈ શકે છે અને એ જ ઠીક લાગે છે. કારણ કે પાત્રની ઓળખાણ કરવી એ શ્રાવકનું કામ છે. શ્રાવક જે વાતની જેટલી પરીક્ષા કરી શકે છે તેટલી જ કરશે તેથી દ્રવ્યલિંગીને પણ (વ્યવહાર) પાત્રતા હોઈ શકે છે. માટે વ્યવહારસમ્યગ્દર્શનથી પાત્રોની પરીક્ષા કરીને યથાયોગ્ય વિનય, આદરપૂર્વક દાન દેવું અને તે સિવાય દુઃખી પ્રાણીઓને ભક્તિભાવ વિના કરુણાથી દાન આપવું જોઈએ.

જે દુઃખી નથી, પોતાની આજીવિકા કરવાને સમર્થ છે, વ્યસની અને વ્યભિચારી છે તેમને દાન ન આપવું જોઈએ. તેમને દાન આપવાથી અનેક પાપ ઉત્પન્ન થાય છે, માટે એવા જીવોને દાન નહિ આપવું જોઈએ. ઉત્તમપાત્રને દાન દેવાથી ઉત્તમ ભોગભૂમિ, મધ્યમપાત્રને દાન દેવાથી મધ્યમ ભોગભૂમિ, અને જઘન્ય પાત્રને દાન દેવાથી જઘન્ય ભોગભૂમિ તથા કુપાત્રને દાન દેવાથી કુભોગભૂમિ મળે છે. અપાત્રને દાન આપવાથી નરકાદિ ગતિની પ્રાપ્તિ થાય છે.

જેમ કે રયણસારમાં કહ્યું છે કે :–

सप्पुरिसाणं दाणं कप्पतरूणं फलाण सोहं वा।
लोहीणं दाणं जई विमाण सोहा सव्वस्स जाणेह।।

www.vitragvani.com



**અર્થ :– સત્પુરુષોને દાન દેવાથી કલ્પતરુની જેમ શોભા પણ થાય છે અને મનવાંછિત ફળની પ્રાપ્તિ પણ થાય છે. લોભી, પાપીપુરુષોને દાન આપવાથી મડદાની ઠાઠડીની જેમ શોભા તો થાય પણ દુઃખ પણ થાય છે. જેમ કે મડદાની ઠાઠડી શણગારીને કાઢવાથી લોકમાં કીર્તિ થાય પણ ઘરના સ્વામીને દુઃખ આપનાર બને છે, એવી જ રીતે અપાત્ર વગેરેને દાન આપવાથી સંસારમાં લોકો તો વખાણ કરે છે પણ તેનું ફળ ખરાબ જ થાય છે, સારું થતું નથી. ૧૭૧.**

---

**'હવે પાત્રોના ભેદ બતાવે છે.'** મૂળ પાઠમાં તો અવિરતિને ભેગું નાખ્યું છે પણ અર્થમાં પછી ફેર પાડ્યો છે.

**पात्रं त्रिभेदमुक्तं संयोगो मोक्षकारणगुणानाम्।**
**अविरतसम्यग्दृष्टिः विरताविरतश्च सकलविरतश्च।।१७१।।**

પાત્રો કોને કહે? **'मोक्षकारणगुणानाम्' 'મોક્ષના કારણરૂપ ગુણોનો અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ગુણોનો સંયોગ જેમાં હોય,...'** ત્રણે જેમાં ભેગા હોય. સમ્યગ્દર્શન હોય, સમ્યગ્જ્ઞાન હોય, સમ્યક્ચારિત્ર હોય. આત્મા અખંડાનંદ પ્રભુ પૂર્ણ શુદ્ધ આનંદ, એનું સમ્યગ્દર્શન હોય, એના સન્મુખનો અનુભવ (હોય), એનું જ્ઞાન હોય અને એમાં અંતર ઉપયોગની રમણતા (હોય), એ ત્રણને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો સંયોગ નામ એકતા કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

**'એવા પાત્ર...'** પાઠ તો આમ જ છે ને સીધો. એવા ત્રણના સંયોગવાળા પાત્ર. પછી વળી ખુલાસો કરે કે સમ્યગ્દષ્ટિ... પણ એને પણ ચારિત્ર છે. સ્વરૂપાચરણ ચારિત્ર ચોથા ગુણસ્થાનમાં પણ છે. સમ્યગ્દષ્ટિને જેમ નિર્વિકલ્પ પ્રતીત છે, સ્વસંવેદન જ્ઞાન છે, એમ સ્વરૂપાચરણ ચારિત્રનો અંશ સ્વરૂપાચરણનો (પણ છે). દેશસંયમ ચારિત્ર ને એ નહિ. સ્વરૂપના આશ્રયે અનંતાનુબંધીનો કષાય ટળ્યો છે, એટલી દૃષ્ટિ અને એટલી સ્થિરતાનો અંશ સાથે હોય છે. સમજાણું કાંઈ? અનંતાનુબંધી કષાય ચારિત્રમોહની પ્રકૃતિ છે. આત્માનો જ્યાં શ્રદ્ધા-અનુભવ થયો, ત્યારે દર્શન પ્રતીત થઈ કે આ પૂર્ણ નિર્વિકલ્પ છે. પણ પાછો સ્થિરતાનો અંશ થયો ને ભેગો? વિષેશપણે ઠર્યો ને? જેટલો ઠર્યો છે એ સ્વરૂપાચરણ ચારિત્ર નામનો અંશ, દેશસંયમ અને સર્વસંયમ ચોથે ગુણસ્થાને નથી. સ્વરૂપાચરણ ચારિત્ર અનંતાનુબંધીનો અભાવ થઈને ચોથા ગુણસ્થાને હોય છે. 'સેઠી'!

મુમુક્ષુ :– સ્વરૂપાચરણ ચારિત્ર જે છે, એ ...

ઉત્તર :– આ કીધું ને સ્વરૂપમાં સ્થિરતા. જુઓ! પહેલી અનાદિકાળની સ્થિરતા રાગ-દ્વેષમાં હતી. બરાબર છે? શું? પુણ્ય અને પાપ કષાયભાવમાં સ્થિરતા હતી. શ્રદ્ધા એ પણ હતી કે હું રાગ છું, જ્ઞાન પણ ત્યાં હતું, ટકવું પણ ત્યાં હતું. તો મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મિથ્યાચારિત્ર ત્રણે હતા. હવે જ્યાં દૃષ્ટિ આત્મા ઉપર આવી (કે) હું તો જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છું. એવી અંતરદૃષ્ટિ થઈ તો એનું જ્ઞાન પણ એ તરફનું થયું. તો એમાં રાગદ્વેષમાં સ્થિરતા હતી તે સ્થિરતા આ બાજુ થઈ. સ્વભાવમાં સ્થિરતાનો અંશ થયા વિના તેને સ્વરૂપાચરણ હોઈ શકે નહિ અને અનંતાનુબંધીનો અભાવ હોઈ શકે નહિ.

અથવા એ દ્રવ્યના જેટલા ગુણો છે, એમાં આવી ગયું ને? એ ન્યાય કાલે આપ્યો હતો. વસ્તુ અનંત અનંતગુણનો પિંડ છે. અનંતાઅનંત, સમજાણું કાંઈ? એવા અનંતા-અનંતગુણો, એનું એકરૂપ દ્રવ્ય વસ્તુ છે. હવે જ્યારે દ્રવ્ય વસ્તુમાં એકતા થઈ, દ્રવ્યદૃષ્ટિ થઈ, એકતા થઈ, એ બાજુ એકતા થઈ, ઉપયોગ એમાં એકાકાર થયો, ત્યારે જેટલા ગુણો છે તેનો અંશ વિકાસ ન હોય તો એ દ્રવ્યદૃષ્ટિ થતી નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા, ભગવાન કેવળીએ સર્વજ્ઞ પરમેશ્વરે વીતરાગદેવે એમ દેખ્યું છે. અનંતા ગુણો, એનું એકરૂપ તે દ્રવ્ય. એ તો આજ સવારે જરીક એમ લીધું હતું કે દ્રવ્ય એક, પ્રદેશ અંસખ્ય, રહેવું અનાદિ અનંત, સમયનો કાળ, ગુણ અનંતાઅનંત, પર્યાય અનંતાઅનંત. એક પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ અનંતાઅનંત. આવું દ્રવ્યનું સ્વરૂપ એ સર્વજ્ઞ સિવાય બીજે ત્રણકાળમાં હોય નહિ. આવું ન હોય તો વસ્તુ ન હોય. સમજાણું કાંઈ? વળગ્યા છે ને અત્યારે કે બધું આ. પેલો ઉપદેશ કરે છે એ આવો છે. 'સોનગઢ' જેવો ઉપદેશ છે એમ કેટલાક લગાડે છે. અરે..! ભગવાન! આ 'સોનગઢ'નો નથી, આ તો વસ્તુના સ્વરૂપનો છે.

વસ્તુ જ જ્યાં ભગવાનઆત્મા, દ્રવ્યથી એક, ક્ષેત્રથી અસંખ્યપ્રદેશી, કાળથી એક સમયની અવસ્થા કહો કે ત્રિકાળ રહો, થઈ રહ્યું. ત્રિકાળ રહેનાર, અનાદિ અનંત રહેનાર એવો આત્મા તેને દૃષ્ટિમાં પર્યાયમાં લેવાનો છે. પર્યાયને દૃષ્ટિમાં શું? પર્યાય તો પર્યાય છે. પર્યાયમાં ત્રિકાળ અનાદિઅનંત, એકરૂપ અસંખ્યપ્રદેશી, એના અનંતગુણનું એકરૂપ, એવી જ્યાં અંતરદૃષ્ટિ સમ્યક્ થઈ, તો જે અનંતગુણનો એક્કે અંશ વ્યક્તપણે નહોતો, શ્રદ્ધા જ્યાં વ્યક્તપણે સમ્યક્ નહોતી તો એક પણ ગુણ નહોતો, પણ શ્રદ્ધા જ્યાં સમ્યક્ શ્રદ્ધા નામનો ગુણ જે અંદર છે, એની જ્યાં સમ્યગ્દર્શનની વ્યક્ત પર્યાય થઈ તો અનંતાગુણોની એક્તાને લઈને બધા ગુણોની એક્તાનો અંશ નિર્મળ પ્રગટ થયો. સમજાણું કાંઈ? મૂળ તત્ત્વનું જ્ઞાન જ ઘટી ગયું આખું. દ્રવ્યાનુયોગનું. આ દ્રવ્યાનુયોગ, હોં! બીજી ભલે ધારણા.. વસ્તુ કોણ છે પણ આ વસ્તુ? હું કોણ અને કેટલો ક્ષેત્રે, કેટલો ગુણે અને કેટલો કાળે ? 'પોપટભાઈ'! આહાહા..!

હું એક વસ્તુ. કેટલું ક્ષેત્ર? અસંખ્યપ્રદેશી પહોળો. આહાહા..! કેટલા કાળનો? કે અનાદિ અનંતનો. કેટલા ગુણનો? કે અનાદિઅનંત સમય કરતા અનંતાઅનંતગુણનો. એવું હજી જ્ઞાનમાં પણ જીલવું એને કઠણ પડે, એને આવો આત્મા અંતરમાં દૃષ્ટિ કરીને, ઉપયોગ અંદરમાં વાળવો, મહા પુરુષાર્થ છે. ભાઈ! એ કાંઈ વાતું નથી. સમજાણું કાંઈ? અને તે નિઃશંક શ્રદ્ધાનો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અનુભવ થાય, ઓહો..હો..!

એક અંગુલના અસંખ્ય ભાગમાં આવો જે એક આત્મા કીધો, એવા અનંતઆત્મા છે અહીં. અહીં આ એટલા ક્ષેત્રમાં. પોતે રહ્યો છે ત્યાં. એક અંગુલના અસંખ્યભાગમાં આવો આત્મા જે કીધો. અસંખ્યપ્રદેશી, અનંતગુણવાળો, ત્રિકાળ રહેનાર, એવા અનંતઆત્મા તો આટલા અંગુલના અસંખ્યભાગમાં છે. એથી અનંતગુણા ત્યાં પરમાણુ છે. ત્રિકાળ રહેનારા બન્ને દ્રવ્ય છે. પર્યાય એક સમયની છે. આ વસ્તુ છે. એટલું તો જ્ઞાનની એક સમયની પર્યાયમાં કબુલાત આવે એવી એની શક્તિ છે. એવી શક્તિની જ્યાં છ દ્રવ્યની કબુલાત નથી, એને એક દ્રવ્ય આખું જે એક પર્યાય જેટલું દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? આ તો અવલોદરાની વાતું છે, ભાઈ! આહાહા..! પરમેશ્વરના ભેટા. આહાહા..! ગુલાંટ ખાય છે. પર્યાય આમ વળેલી છે એ આમ વળે છે. અનંતા અનંતાગુણની જ્યાં એકત્વતા થઈ, રાગની જે એકતા હતી, તે સ્વભાવ તરફની એકતા થઈ. અનંતાગુણો નિર્મળ અંશે પ્રગટ ન થાય તો એ સમ્યગ્દર્શન નથી, એ દ્રવ્યદૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– કોઈની સહાય..

ઉત્તર :– સહાય-બહાય કોઈની નથી. નિઃસહાય બધું. સહાય-ફહાય કોની છે? ભગવાન કોઈની સહાય લેતો હશે? પરમેશ્વર કોઈની સહાય લે? આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! આ તો ધીરજના ખેલ છે. આ કાંઈ બહારના ખેલ નથી કે લાડવો ખાઈ જવો કે આ કરી નાખવું. ઘણી ધીરજથી આવી કબુલાત કરીને એના ઉપયોગમાં અંતરમાં લેવો. કહે છે કે સંસાર છે જ નહિ. જે વસ્તુમાં સંસાર નથી, એવી દૃષ્ટિ થઈ ત્યાં એની સાથે અનંતા ગુણોનો અંશ (પ્રગટ થાય છે). શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, અતીન્દ્રિય આનંદનો સ્વાદ, બધા અનંતગુણ સાથે પ્રગટ થાય છે. એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. હજી ખબર પણ ન મળે કે સમ્યગ્દર્શન કોને કહેવું? 'સેઠી'! આ તમે બધા 'જયપુર'ના જૂના માણસ કહેવાઓ. એક તો 'જયપુર' જૂનું, એમાં વળી આ જૂના માણસ. હવે? આહાહા..! એ વાત બહુ ઓછી થઈ ગયેલી, ભાઈ! સમજાણું? ઓહો..હો..!

ભગવાન અનંતગુણની મહિમાવાળો પદાર્થ. જેના એક એક ગુણની મહિમાનો પાર ન મળે. પાર ન મળે. સ્વભાવને શું કહેવું! સ્વભાવના મહિમાનું શું કહેવું! એવા એવા અનંતગુણનો પ્રભુ! ભગવાન અનંતગુણ, એની એક સમયની દશામાં... અહીં તો પેલું સ્વરૂપાચરણ સિદ્ધ કરવું છે, હોં! આત્મામાં ચારિત્ર નામનો ગુણ છે, એ પણ અંશે પ્રગટ ન થાય તો અનંતગુણની દૃષ્ટિ થઈ જ નથી. અત્યારે મોટી તકરાર ચાલે છે. ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ન હોય, ફલાણું ન હોય. એવી મોટી પેલા ચોપાનિયામાં (તકરાર આવે છે). ભાન ન મળે કાંઈ, ભાઈ! કોને કહેવા? સમજાણું કાંઈ? મૂળ વાતની જ ખબર ન મળે એ શાસ્ત્રના અર્થો કરીને જગતને બતાવે. શું થાય ? સમજાણું?

www.vitragvani.com



પાત્રોના ભેદમાં આ. જુઓ! ત્રણ **'ગુણનો સંયોગ જેમાં હોય એવા પાત્ર, વ્રતરહિત સમ્યગ્દષ્ટિ...'** લ્યો ! એ સમ્યગ્દષ્ટિ છે. ભલે વ્રત નથી પણ એ જઘન્યપાત્ર છે. સમજાણું કાંઈ? **'विरताविरतः'** શ્રાવક મધ્યમપાત્ર છે. સમ્યગ્દષ્ટિ શ્રાવક, આત્મઅનુભવવાળો અને સ્વરૂપની શાંતિ અનંતા ગુણની પ્રગટી છે એ તો ચોથે પ્રગટી છે પણ પાંચમામાં તો ચોથા ગુણસ્થાનવાળો સર્વાર્થસિદ્ધનો જે દેવ છે, એના કરતાં શ્રાવક પાંચમા ગુણસ્થાનવાળાને તો અંદર ઘણી શાંતિ પ્રગટી છે. શાંતિ... બીજો કષાય ટળીને શાંતિ પ્રગટી છે. કહો, સમજાણું કાંઈ? એ મધ્યમપાત્ર છે.

**'सकलविरतः'** મહાવ્રતી મુનિ. મહા આત્મધ્યાની, જ્ઞાની શુદ્ધઉપયોગ રમણતામાં કોઈ મહાવ્રતનો શુભ વિકલ્પ આવ્યો છે છતાં એ ત્રણનો એને સંયોગ છે. એ ત્રણ ભેદરૂપ કહેલ છે. લ્યો.

**ટીકા :– ''मोक्षकारणगुणानां संयोगः'** પેલામાં શું હતું? **''मोक्षकारणगुणानां संयोगः'** એ પણ એમ હતું, હોં! **'संयोगः पात्रं त्रिभेदं उक्तं सकलविरतः च विरताविरतः च अविरतसम्यग्दृष्टिः च इति''** એમ લીધું, હોં! આમ એટલા શબ્દ ફેરવ્યા. પહેલા પેલા લીધા. ઉત્તમથી ઉપાડ્યું, સમજ્યા ને? આમાં પેલા પાઠ પ્રમાણે લીધું. આ તો જરા જાણવા માટે.

મુમુક્ષુ :– પહેલો પાઠ.

ઉત્તર :– પહેલો લીધો છે. ઉંચેથી. એમ મેળ ખાતો હશે? શબ્દાર્થ પાછળ.

મુમુક્ષુ :– ભાવનો...

ઉત્તર :– ભાવનો એમ કહો ને. નહિતર આ તો...

**''मोक्षकारणगुणानां संयोगः पात्रं त्रिभेदं उक्तं'** ત્યાં સુધી તો સરખું છે. અહીંથી ફેર પાડ્યો છે. **'सकलविरतः च विरताविरतः च अविरतसम्यग्दृष्टिः च'** આમ ભાવની ઉત્કૃષ્ટતા અપેક્ષાએ ફેર પાડ્યો છે. **'મોક્ષના કારણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન...'** જુઓ! અહીં તો એક જ પ્રકાર, હોં! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. પછી બે લેશે એ તો વિકલ્પથી.. **'ત્રણેનો સંયોગ જેમાં હોય...'** ત્રણની એક્તા. **'તેને પાત્ર કહે છે. ઉત્તમ, મધ્યમ અને જઘન્યપાત્રના ભેદથી તેના ત્રણ પ્રકાર છે.'**

**'સમ્યક્ત્વસહિત મુનિને ઉત્તમપાત્ર,...'** સમ્યગ્દષ્ટિ સહિત જે પંચમહાવ્રતધારી, સ્વરૂપની અનંત શાંતિવાળા (છે) એ ઉત્તમપાત્ર ગણવામાં આવે છે. **'સમ્યક્ત્વસહિત દેશવ્રત પાળનાર શ્રાવકને મધ્યમપાત્ર...'** આત્માના અનુભવના ભાનસહિત દેશવ્રતના સ્થિરતાવાળા અને દેશવ્રતવાળાને મધ્યમપાત્ર ગણવામાં આવે છે. **'અને વ્રતરહિત સમ્યક્ત્વસહિત શ્રાવકને જઘન્યપાત્ર કહે છે.'** વ્રત રહિત છે, સમકિત સહિત શ્રાવકને... જુઓ! એને પણ શ્રાવક તો કીધો, હોં! જુઓ! ભાષા લીધી છે. આમાં પાઠમાં તો કાંઈ છે નહિ. એણે ખૂલાસો કર્યો છે. ઠીક છે. એમ કહેવાય ને. કહો, આ તો શ્રાવક શબ્દ આવ્યોને એટલે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'જે જીવને સમ્યગ્દર્શન થઈ ગયું છે તે જ પાત્ર કહેવાવાને યોગ્ય છે.'** ખરેખર તો પાત્ર, જેને મોક્ષ થવાની તૈયારી છે, મોક્ષ જેને લેવાની તૈયારી છે એને જ પાત્ર કહેવામાં આવે છે. સમજાણું? **'સમ્યગ્દર્શનના અભાવમાં કોઈ પ્રકારની પાત્રતા હોઈ શકતી નથી.'** સમ્યગ્દર્શન જ્યાં નથી ત્યાં કોઈ પ્રકારની પાત્રતા છે નહિ. એ તો અનાદિનો (મિથ્યાદૃષ્ટિ છે). પછી વ્યવહાર સમકિત લેશે, હોં! **'તેથી દ્રવ્યલિંગી મુનિ પાત્ર નથી પણ ઉત્તમ કુપાત્ર છે,...'** પંચમહાવ્રત ચોખ્ખા પાળતો હોય, એને માટે કરેલા આહાર-પાણી લેતો ન હોય, ચોકા કરીને આહાર લેતો ન હોય, પણ હોય છે મિથ્યાદૃષ્ટિ. સમ્યગ્દૃષ્ટિ નથી, આત્માનું ભાન નથી પણ આવા નિર્દોષ આહાર-પાણી લે છે. આગમ પ્રમાણે પંચમહાવ્રત પાળે છે, પ્રાણ જાય તો પણ એને માટે કરેલો ચોકાનો આહાર મરી જાય તો પણ ન લે. એવા સાધુને, મિથ્યાદૃષ્ટિને દ્રવ્યલિંગી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભાન નથી. અગિયાર અંગ ભણ્યો પણ અંતરદૃષ્ટિ કરતો નથી. ઊંડે-ઊંડે એમ છે કે આ બધું મને મોક્ષનું સાધન છે. આ વ્રત પાળું છું એ મોક્ષનું સાધન છે, આ નિર્દોષ આહાર લઉં એ મોક્ષ સાધન છે. એ તો બધી રાગની ક્રિયા છે. રાગની ક્રિયાને મોક્ષનું કારણ માને છે માટે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પછી આહાર લેવા-દેવાની વિધિ ને વ્યવહાર નાખશે. કારણ કે આહાર લેવા-દેવાની વિધિ તો વ્યવહાર છે ને? બીજાને પરખવું હોય તો ન પરખી શકે.

મુમુક્ષુ :– મિથ્યાદૃષ્ટિ દોષ રહિત આચરણ પાળી શકે?

ઉત્તર :– આ નવમી ગ્રૈવેયક ગયો, તમે સાંભળ્યું નથી? અત્યાર સુધી આટલા વર્ષ શું ગાળ્યા? આ આટલા વર્ષથી શું સાંભળો છો? નવમી ગ્રૈવેયકે ગયો. પ્રાણ જાય તો એના માટે આહાર ન લે. બીજા દેવલોકની ઇન્દ્રાણી ચળાવે તો ચળે નહિ. તે વિના શુક્લલેશ્યા ક્યાંથી આવી? નવમી ગ્રૈવેયકે શી રીતે ગયો? નવમી ગ્રૈવેયક અનંતવાર (ગયો). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' આ સાંભળે પણ જરીએ વિચારની શક્તિ નથી. કહો, હજી કહે કે મુનિ આવું પાળી શકતા હશે? પેલો તો પ્રાણ જાય, શરીરને તોડીને ખાર છાંટે તો પણ ક્રોધ ન કરે એવું પાળે. હોય મિથ્યાદૃષ્ટિ. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્માનો અંતર અનુભવ, દૃષ્ટિ રાગથી ભિન્ન સ્વરૂપ છે, એનું ભાન કર્યું નહિ. એવી શુક્લલેશ્યા... એવી શુક્લલેશ્યા (કરી) કે આમ ચામડી કાઢીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. છતાં શુક્લલેશ્યાના ભાવ મિથ્યાદૃષ્ટિના છે. 'સેઠી'! આ તો ઠરી જાય એવું છે આ. આહાહા..! બહારની ક્રિયા એટલી બધી. શુક્લલેશ્યા વિના નવમી ગ્રૈવેયક જાય નહિ. શુક્લલેશ્યા, હોં! શુક્લધ્યાન નહિ. શુક્લધ્યાન તો સમકિતીને જ હોય. શુક્લલેશ્યા ભવિ, અભવિ મિથ્યાદૃષ્ટિ બન્નેને હોય. શુક્લલેશ્યા. શુભભાવ.. આહાહા..! બીજા

www.vitragvani.com



દેવલોકની ઇંદ્રાણી ચળાવે તો ચળે નહિ એવું વ્યવહાર બ્રહ્મચર્ય. નિશ્ચય આત્માનું ભાન ન મળે. સમજાણું કાંઈ?

ખરેખર તો મિથ્યાત્વ તે હિંસા. એમ એકવાર કહ્યું હતું ને? વિપરીત માન્યતા છે એ પુણ્યની ક્રિયા, વ્રતની ક્રિયા છે એ પુણ્ય છે. એ ધર્મનું કારણ છે એ મિથ્યાત્વ છે. એને એ મિથ્યા માનવું એ અસત્ય છે, એ ચોરી છે, એ મૈથુન છે, એ પરિગ્રહ છે. પાંચ છે. ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિથી વિરુદ્ધ માન્યતા, એ પુણ્યના, આસ્રવના, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એનાથી મારું કલ્યાણ થશે. એ પુણ્યથી કલ્યાણ માનનારો મિથ્યાત્વ મહાહિંસા છે. આત્માની હિંસા કરી રહ્યો છે. મહા આત્માને માટે સત્‌ને અસત્ કરી રહ્યો છે. મહાચોરી કરે છે. પોતાના સ્વરૂપના પ્રાણ ત્યાં લુંટાય જાય છે. રાગ સાથે મૈથુન છે. રાગ સાથે એકત્વબુદ્ધિ એ જ મૈથુન છે. અને એ જ મહા મિથ્યાત્વનો પરિગ્રહ છે. ચૌદ પરિગ્રહ છે કે નહિ? અભ્યંતર ચૌદ પરિગ્રહ. એ ચૌદ પરિગ્રહમાં મિથ્યાત્વ તે પહેલો પરિગ્રહ. હવે એ પહેલા પરિગ્રહની ખબર ન મળે અને બાહ્ય પરિગ્રહ છોડીને બેસે. ‘દીપચંદજી’! આ ઉતાવળા થઈ ગયા હતા ઝટ દઈને એકદમ. મુનિ થઈ જવું... મુનિ થઈ જવું... બસ, દિગંબર મુનિ થઈ જવું. જંગલમાં ઢોર ફરે એવું.

મુમુક્ષુ :– એ ... માટે કોઈ...

ઉત્તર :– એટલું પુણ્ય તો હોય ને. કાંઈક લઈને આવ્યા હોય તો હોય. એની સાથે પુણ્ય એ ક્યાં... આહાહા..! અહીં તો કહે છે, **‘દ્રવ્યલિંગી મુનિ પાત્ર નથી પણ ઉત્તમ કુપાત્ર છે,...’** સમજાણું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વ્રત આદિ છે ખરા ને. પંચમહાવ્રત પાળતો હોય, ચોખ્ખા પાળતો હોય, હોં! એને માટે આહાર-પાણી ચોકા કરીને લે તો મહાવ્રત વ્યવહારના પણ ઠેકાણા નથી. એ તો વ્યવહાર મહાવ્રતનો ભંગ ખંડ છે. એમાં હિંસા કરે, જૂઠું બોલે છે. પેલો કહે કે આહાર શુદ્ધ છે, અહીં આહાર અશુદ્ધ છે. જૂઠું બોલે એ તો ચાલે છે. એને મહાવ્રતના વ્યવહારના પણ ઠેકાણા નથી. આ તો મહામુનિ હોય, દિગંબર મુનિ, એને માટે પાણીનું જળનું બિંદુ હોય, એક આટલું આપે તો (લે) નહિ. સમજાણું? પાણી જીવ છે. અમારે માટે, પીવા માટે કે ધોવા માટે ન લઈએ, ન લઈએ. એક પાણીનું જળ, આટલું બિંદુ. આ તો પાંચ શેર પાંચ શેર, દસ દસ શેર પાણી ઊના કરીને આપે. એના માટે કરેલા હોય છે. બિલકુલ વીતરાગ માર્ગથી વિરુદ્ધ માર્ગ (છે), વ્યવહાર પણ વિરુદ્ધ છે. નિશ્ચયની દૃષ્ટિની તો ખબર નથી. આ તો વીતરાગમાર્ગ છે, આ કાંઈ પોપાબાઈનું રાજ નથી. આહાહા..! જેને ઇન્દ્રો માને છે, ગણધરો માને છે. ચાર જ્ઞાનના સંતો જેને સ્વીકારે છે. ત્રણ જ્ઞાનના ઇન્દ્રો જેને સ્વીકારે છે. આ તે કાંઈ માર્ગ પામર જેવો છે? આહાહા..! સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કહે છે, **'કેમ કે તેને સમ્યગ્દર્શન નથી. પણ અહીં વિચારવા જેવી વાત એ છે કે...'** જરી અર્થકાર (કહે છે) **'કે પાત્રના ભેદ વ્યવહારસમ્યગ્દર્શનની અપેક્ષાથી છે કે નિશ્ચયસ્મયગ્દર્શનની અપેક્ષાએ?'** બહારમાં તો ઓળખાણ વ્યવહારથી થાય ને એમ કહે છે. નિશ્ચયની ઓળખાણ તો કોઈ વખતે કોઈકને થાય. **'જો નિશ્ચયસમ્યગ્દર્શનની અપેક્ષાએ માનવામાં આવે તો તો ઉત્તમપાત્રની ઓળખાણ કરવી તે કુપાત્રની બુદ્ધિથી બહારની વાત છે...'** એ વળી બીજી ભાષા. લખાણમાં ફેર છે. ખબર છે. એ ભાષા એમ નથી. સાધારણ બુદ્ધિની બહારની વાત છે એમ લેવું. ઉત્તમપાત્રની.. લખાણ લખ્યા એ પ્રમાણે લખી નાખે. પાછા આ મેળ ક્યાં ખાય છે આ? **'ઉત્તમપાત્રની ઓળખાણ કરવી...'** સાધારણ, સામાન્ય મનુષ્યની બુદ્ધિની બહારની વાત છે. એટલું લેવું જોઈએ.

**'અને જો વ્યવહારસમ્યગ્દર્શનની અપેક્ષાએ માનવામાં આવે તો પહેલા ગુણસ્થાનવાળો જીવ પણ વ્યવહારસમ્યગ્દષ્ટિ હોઈ શકે છે.'** નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા. આગમની પાકી શ્રદ્ધા અને પંચમહાવ્રત અને અઠ્યાવીસમૂળગુણ પાકા. એને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય. નિશ્ચય વિનાનો વ્યવહાર. છે તો વ્યવહારાભાસ. નિશ્ચય વિના વ્યવહાર હોઈ શકે નહિ. પણ વ્યવહારનયથી, વ્યવહારના ઉપચારથી એને કહેવાય. દેવ-ગુરુ-શાસ્ત્રને શ્રદ્ધે છે, નવતત્ત્વને બરાબર માને છે પણ સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ ?

**'તો પહેલા ગુણસ્થાનવાળો જીવ પણ વ્યવહારસમ્યગ્દષ્ટિ હોઈ શકે છે અને તે ઉત્તમપાત્રની ગણનામાં આવી શકે છે.'** વ્યવહારની અપેક્ષાએ. પણ એના વ્યવહાર–શ્રદ્ધા ચોખ્ખી, હોં! જ્ઞાન ચોખ્ખું અને આચરણ ચોખ્ખું હોય એને અહીંયા વ્યવહાર ગણવામાં આવે છે. જેના વ્યવહાર-આચરણના ઠેકાણા નથી એને તો વ્યવહાર ક્યાંય ગણવામાં જ આવતો નથી. દ્રવ્યલિંગી પણ નહિ. કુલિંગી છે. વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માને એ કુલિંગી છે. અને વસ્ત્ર-પાત્ર છોડીને પણ એને માટે કરેલા આહાર-પાણી લે એ પણ કુલિંગી છે. સમજાણું કાંઈ?

**'તેથી દ્રવ્યલિંગી મુનિ પણ ઉત્તમપાત્ર હોઈ શકે છે...'** વ્યવહારની અપેક્ષાએ આમ કહેવાય. **'અને એ જ ઠીક લાગે છે.'** કહે છે. **'કારણ કે પાત્રની ઓળખાણ કરવી એ શ્રાવકનું કામ છે.'** શાસ્ત્રમાં તો ઓળખાણ કરવાની વિધિ ચાલી છે ત્યાં ઓળખાણ કરી શકે એવો 'ધવલ'માં પાઠ ચાલ્યો છે. પણ એકદમ ઓળખાણ ન કરે એટલે વ્યવહારથી વાત લેવી. એ તો 'અષ્ટપાહુડ'માં પણ આવે છે ને. વ્યવહાર એ વ્યવહારનું શરણ છે એટલે શું કે એક ગુણથી બીજા ગુણથી, દર્શન અને જ્ઞાનથી નિર્ણય કરવો. એ જાતનો વ્યવહાર છે. વ્યવહાર હોય છે.

**'શ્રાવક જે વાતની જેટલી પરીક્ષા કરી શકે છે તેટલી જ કરશે તેથી દ્રવ્યલિંગીને પણ (વ્યવહાર) પાત્રતા હોઈ શકે છે. માટે વ્યવહારસમ્યગ્દર્શનથી પાત્રોની પરીક્ષા કરીને યથાયોગ્ય**

www.vitragvani.com



**વિનય,...'** વ્યવહાર સમ્યગ્દર્શન સાચું હોય, નિશ્ચય ન હોય, એના જન્મ-મરણનો અંત એને નહિ આવે. પણ બહારમાં જેની દર્શનની, જ્ઞાનની, આચરણની વ્યવહારશુદ્ધિ સાચી હોય, તો એને **'વ્યવહારસમ્યગ્દર્શનથી પાત્રોની પરીક્ષા કરીને યથાયોગ્ય વિનય, આદરપૂર્વક દાન દેવું અને તે સિવાય દુઃખી પ્રાણીઓને ભક્તિભાવ વિના કરુણાથી દાન આપવું જોઈએ.'** ભક્તિભાવ વિના. એ બધું પુણ્યબંધનું કારણ છે. પુણ્યબંધ છે ને? સમજાણું કાંઈ? નિશ્ચય અંતર વસ્તુની ખબર પડી પણ વ્યવહારમાં ફેર ન હોય તો પણ સમ્યગ્દષ્ટિ સાચો નિશ્ચય સમકિતદષ્ટિ કે શ્રાવક એવા મિથ્યાદષ્ટિને પણ વ્યવહારમાં બરાબર શ્રદ્ધા-જ્ઞાન અને આચરણ સાચા હોય, તો વિનય કરે, ભક્તિ કરે અને સમજે કે પુણ્ય છે. એમાં કાંઈ ધર્મ તો છે નહિ. નિશ્ચય તો છે નહિ. નિશ્ચય તો સ્વઆશ્રય છે. સમજાણું? વિશેષ કહેશે હવે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૬૭ ગાથા–૧૭૧ થી ૧૭૫ ગુરુવાર, અષાઢ સુદ ૧૪, તા. ૨૦-૦૭-૬૭

---

'પુરુષાર્થ સિદ્ધ-ઉપાય' છે. એની ૧૭૨ની ગાથામાં છેલ્લો ભાગ છે થોડો. દાનનો અધિકાર છે ને? દાનનો. ક્યાં આવ્યું? 'સેઠી'! ત્યાં એ બાજુ નથી, આ બાજુ છે. કલાક થઈ ગયા ખરા ને. આ બાજુ છે. શું ચાલે છે આ? શ્રાવકનું અતિથિસંવિભાગવ્રત. સાધુને માટે. અતિથિ સાધુ છે ને? એને આહાર-પાણી નિર્દોષ આપે. સમજાણું? આહાર-પાણી વગેરે.

એ શ્રાવક પહેલા કેવા હોય? એની દૃષ્ટિ ચૈતન્ય શુદ્ધઆત્મા છે એવો અંતર અનુભવ થયો હોય. સમજાણું કાંઈ? ચૈતન્યસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ આત્મા. કોઈ રાગરૂપ કે વિકારરૂપ, પરરૂપ નહિ. હું તો એક જ્ઞાન-ચૈતન્ય-દર્શનસ્વરૂપ આત્મા છું એવો અંતર અનુભવ દૃષ્ટિમાં સમ્યગ્દર્શન થયું હોય. એ આત્મા એના રાગનો પણ કર્તા છું કે ક્રિયાનો કર્તા છું એમ ન હોય. એવા જીવને અંદર સ્થિરતા ન હોય ત્યારે... શ્રાવકને ઘણીવાર અંદરમાં સ્થિરતા ન હોય. પણ એના સ્વરૂપનું ભાન અને સ્વરૂપની સ્થિરતાનો ત્રિકાળ અંશ સદા હોય. એમાં ઉપયોગ સદાય ન લાગ્યો હોય. ત્યારે એને આવા અતિથિ આદિ મુનિઓને દાન દેવાનો વિકલ્પ ઊઠે છે. શુભરાગ-શુભરાગ. છે ઇ પુણ્ય, ધર્મ નહિ. સમજાણું કાંઈ? પણ એવો ભાવ આવ્યા વગર રહેતો નથી. દૃષ્ટિમાં તો એ રાગરહિત જ આત્મા છું એવું ભાન છે પણ સ્થિરતામાં સ્વરૂપમાં સ્થિર નથી એથી એને એવા બાર પ્રકારના વ્રત આદિ, સંલેખના આદિની વાત કરશે. એવા વિકલ્પો એને હોય છે.

મહામુનિ દિગંબર સંત, જેને આત્માના અંતર આનંદસ્વરૂપનું પ્રચુર સ્વસંવેદન આનંદનું વર્તે છે એને મુનિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવા મુનિ આદિ, ક્ષુલ્લક આદિ, એલક આદિ, એને પ્રેમથી, ભક્તિથી આહાર-પાણી દે, એવો એનો ભાવ શ્રાવકને હોય છે.

કહો, સમજાણું કાંઈ? એ સિવાય કોઈ દુઃખી પ્રાણી હોય એને અનુકંપાથી, ભાવ અનુકંપાથી આપે. ભક્તિથી નહિ. ધર્માત્માને ભક્તિથી આપે. ધર્માત્મા સિવાયના દુઃખી પ્રાણીને અનુકંપાથી આપે. એવો ભાવ શ્રાવકને હોય છે. ભાન હોય છે કે એ ભાવ શુભ છે, એ પુણ્ય છે, ધર્મ નથી. પણ ધર્મના સ્વરૂપમાં વીતરાગતા પ્રગટ થઈ નથી. એટલે આવો ભાવ આવ્યા વિના (રહે નહિ). અશુભથી બચવા એમ વ્યવહારથી કહેવાય. બાકી એ ક્ષણે, એક વખતે એને એવો ભાવ આવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે ધર્માત્માને દાન દેવાનો ભાવ હોય અને કાં દુઃખીને અનુકંપાથી હોય. પણ **'જે દુઃખી નથી,...'** એમ કહે છે હવે. કોને ન દેવું? છેને છેલ્લો પેરેગ્રાફ? **'પોતાની આજીવિકા કરવાને સમર્થ છે,...'** સામો પ્રાણી પોતાના શરીરનો નિર્વાહ કરવાને સમર્થ છે. **'વ્યસની અને વ્યભિચારી છે તેમને દાન ન આપવું જોઈએ.'** એવાઓને દાન દેવું ન જોઈએ. એટલે કે એ દાનનો વિધિનો એ ભાગ એને નથી.

મુમુક્ષુ :– બિમાર હોય એને આપે તો?

ઉત્તર :– એ તો અનુકંપા. કોણ, કોણ બિમાર? એ તો અનુકંપામાં ગયું. પણ એકલો વ્યસની છે, વ્યભિચારી છે, આજીવિકા કરવા સમર્થ છે. એમ કીધું ને? સમર્થ છે એમ કીધું ને? રોગી એ વખતે સમર્થ નથી. રોગી છે એ તો બિચારો અનુકંપાને પાત્ર છે. તેથી તો મૂક્યું છે ને? **'જે દુઃખી નથી, પોતાની આજીવિકા કરવાને સમર્થ છે, વ્યસની અને વ્યભિચારી છે...'** એમ મૂક્યું છે ને? બહુ સરસ વાત મૂકી છે.

મુમુક્ષુ :– ...કરુણાભાવ આવી જાય.

ઉત્તર :– એ ક્યાં કીધું? પણ એ તો રોગને કારણે કરુણા છે. આજીવિકા કરવાને સમર્થ છે એમાં અનુકંપા ક્યાંથી આવે? લઠ જેવું શરીર, ૨૫ વર્ષનું શરીર નીરોગ શરીર છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ કરે ક્યાંથી એવી? એ આજીવિકા કરે. પચ્ચીસ વર્ષનું યુવાન નીરોગ શરીર છે. એમ જણાય છે કે હમણા મજુરી કરે તો રૂપિયો, બે રૂપિયા લઈ આવે એવું છે. શરીર નીરોગ છે, કાંઈ છે નહિ. ભૂખ લાગી હોય અને ક્ષુધા હોય એવો કોઈ આવે, એ વળી જુદી વાત થઈ. એ વખતે આજીવિકા કરવા એ સમર્થ નથી. આમ તદ્દન નીરોગ છે છતાં વ્યભિચારી છે, વ્યસની છે. આઠ આના રૂપિયો કમાવો હોય તો તરત કમાઈ શકે છે. હવે એવાઓને આપવું એ તો પાપ છે. એમ કહે છે. એય..! 'પોપટભાઈ'! વિવેક તો કરવો પડશે કે નહિ?

મુમુક્ષુ :– ... દુઃખી નથી.

ઉત્તર :— દુઃખી નથી એમ કીધું છે. તે પાછો આજીવિકા કરવાને સમર્થ છે એમ કીધું છે ને? એ વખતે બિચારો દુઃખી હોય અને પછી ભલે કસાઈ હોય, પણ એ વખતે

www.vitragvani.com



દુઃખી હોય (તો) અનુકંપા આવે. એનો એવો અનુકંપાનો શુભ હોય એટલું. કાંઈ બિચારો બહુ દુઃખી છે, હમણાં મરશે, ક્ષુધા લાગી છે. એ શુભભાવ છે. પુણ્યની વાત છે. ધર્મ-બર્મ નહિ.

**'તેમને દાન આપવાથી અનેક પાપ ઉત્પન્ન થાય છે, માટે એવા જીવોને દાન નહિ આપવું જોઈએ. ઉત્તમપાત્રને દાન દેવાથી ઉત્તમ ભોગભૂમિ,...'** મળે. જુઓ! અહીં તો ફળ મળે કહે છે. અંદર આત્મા મળે નહિ. **'ઉત્તમપાત્રને દાન દેવાથી...'** શુભભાવ થવાથી, **'ઉત્તમ ભોગભૂમિ,...'** જમીનના અવતાર થાય. આ દેવકુરુ, ઉત્તરકુરુ. **'મધ્યમપાત્રને દાન દેવાથી મધ્યમ ભોગભૂમિ, અને જઘન્યપાત્રને દાન દેવાથી જઘન્ય ભોગભૂમિ તથા કુપાત્રને દાન દેવાથી કુભોગભૂમિ મળે છે.'** ૫૬ છે એક. અંતરદ્વિપ. **'અપાત્રને દાન આપવાથી નરકાદિ ગતિની પ્રાપ્તિ થાય છે.'** ચાર મૂક્યા છે. માંસ ખાનાર હોય, દારૂ પીનાર હોય, લંપટી હોય, નિરોગી હોય, દુઃખી ન હોય એવા ને આપવું, પૈસા આદિની મદદ કરવી (એને નરકગતિની પ્રાપ્તિ થાય છે).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, એનો વિચાર કરવો એમ કહે છે.

**'જેમ કે રયણસારમાં કહ્યું છે કે :–'** લ્યો! એ ગાથા આપી છે. એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આપી છે ને એ?

**सप्पुरिसाणं दाणं कप्पतरूणं फलाण सोहं वा।**
**लोहीणं दाणं जई विमाण सोहा सव्वस्स जाणेह।।**

**'સત્પુરુષોને દાન દેવાથી...'** સત્પુરુષ ધર્મદૃષ્ટિ છે. પછી ભલે સમ્યગ્દૃષ્ટિ હો, શ્રાવક હો, મુનિ હો, એલક હો, ક્ષુલ્લક હો. સમજાય છે કાંઈ? તેને યોગ્ય યથાપ્રકારે **'દાન દેવાથી કલ્પતરુની જેમ શોભા પણ થાય છે...'** દાન દેવાથી શોભા પણ થાય છે. કલ્પતરુનું વૃક્ષ આમ શોભે કેવું! **'મનવાંછિત ફળની પ્રાપ્તિ પણ થાય છે.'** શુભભાવ હોય છે એમાંથી મનવાંછિત એટલે શું કે, સ્વર્ગ આદિ મળે.

**'લોભી, પાપી પુરુષોને દાન આપવાથી મડદાની ઠાઠડીની જેમ શોભા તો થાય...'** શણગારે. ઠાઠડીને શણગારે છે ને? ચાર બાજુ ચાર નાળિયેર, નીચે લટકાવે, માથે અટલસનું કપડું ઢાંકે. અટલસ કહે ને? શું કહે છે તમારે? શાટિન. શાલ ઓઢાડે છે. એ જોયું હતું ને એક ફેરી. 'ખીમચંદભાઈ' ગુજરી ગયા. ફોટોગ્રાફી. અમે બહાર હતા. એટલી મોટી... (સંવત) ૧૯૮૯ની સાલ. 'ખીમચંદ' ફોટોગ્રાફી. અમે ત્યાં 'વનેચંદ'ના આરોગ્ય ભવનમાં નદીને કાંઠે હતા. મડદું આમ નદીને ઓલે કાંઠે નીકળ્યું. ઘણા માણસો, વાણિયા દશાશ્રીમાળી. સાંઈઠ હજારનું નવું મકાન કરાવ્યું અને વાસ્તુ કરવાની તૈયારી. ત્યાં વાસ્તુ થઈ ગયું બીજે ગામ. બીજે ગામ, ગામતરું થઈ ગયું. આમ છેટેથી દેખાતું હતું. મડદા ઉપર શાટિન નાખેલી. ચક..

www.vitragvani.com



ચક.. ચક... (થાય). આ કાંઠેથી પેલે કાઠે. 'રાજકોટ'નો નદીનો કાંઠો મોટો છે ને? આ શું? કોણ છે આ? કોઈ ગૃહસ્થ મરી ગયો છે કે શું થયું આ? માણસો પણ ઘણા. ત્યાં તો વળી 'ગુલાબચંદ' આવ્યા. 'ગુલાબચંદ પારેખ' છે ને? ત્યાં બાળતા હતા ત્યાં થોડો વખત આવ્યા. કહે 'ખીમચંદભાઈ' ગુજરી ગયા. ફોટોગ્રાફી. ૮૪ વર્ષનું આયુષ્ય ધાર્યું હતું. ૮૪ વર્ષે ગુજરી જઈશું. ત્યાં આંકડો ફરી ગયો. ૪૮ વર્ષે છૂટી ગયા. 'સેઠી'! ગામમાં ૧૯૮૯નું ચોમાસુ હતું, માણસ બહુ આવતું. ત્રણ-ત્રણ હજાર માણસ આવે. એ પણ બે-ત્રણ વાર આવેલા હશે. ૧૯૮૯માં સાંઈઠ હજારનું મકાન કરેલું. વાસ્તુ લઈએ. મહારાજનો જોગ છે, બધા કહે છે એ વાત સાચી છે. અને એક જ્યોતિષે કહ્યું છે કે મારે ૮૪ વર્ષનું આયુષ્ય છે. ત્યાં તો મકાનનો એનો કો'ક ઓળખીતો 'જૂનાગઢ'નો દિવાન. કહે એને બતાવો. ત્યાં એકદમ હાર્ટમાં દુઃખાવો આવ્યો. બસ સૂતા, ડોક્ટરને બોલાવા ગયા, પતી ગયું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એવું કાંઈક છે. પછી બહુ ખબર નહિ. થોડી-ઘણી ખબર પડી. એ મડદું ત્યાં નીકળ્યું હતું. લગભગ બપોરના. જુઓ! આ શોભા. ઘરના બાયડી-બૈરાનું શું થાતું હશે? માથે ઊંચી અટલસ નાખેલી. ગૃહસ્થ માણસ હતા ને પોતે. શોભા (લાગે). આહાહા..! ગરીબ લોકોને તો એમ થશે કે આહાહા..! આ શું? મડદા ઉપર આવું! પણ એના ઘરના ધણીને? જૂનામાં અર્થમાં પણ ફેર છે. ધણી જોઈએ. આપણે જૂનામાં લખ્યું છે કે ધનવાન. ધણી .. ધનવાન લખ્યું છે. નવામાં ધણી છે.

**'દાન આપવાથી મડદાની ઠાઠડીની જેમ શોભા તો થાય...'** ઉપર ફૂલ નાખશે, લ્યો ને નાખે છે ને? મડદા ઉપર ફૂલના હાર નાખે ને આમ શણગારીને... આહાહા..! પણ એની બાયડી અને છોકરા હોય એને શું થાય? ૪૦ વર્ષનો મરી ગયો હોય, માનીતો માણસ હોય. ઠાઠડી સરખાઈની શણગારે. ઘરના માણસોને દુઃખ થાય. **'જેમ કે મડદાની ઠાઠડી શણગારીને કાઢવાથી લોકમાં કીર્તિ થાય પણ ઘરના સ્વામીને દુઃખ આપનાર બને છે,...'** ઘરના ધણીને દુઃખ થાય.

**'એવી જ રીતે અપાત્ર વગેરેને દાન આપવાથી સંસારમાં લોકો તો વખાણ કરે છે..'** જોયું! પેલાનું કીધું ને? કીર્તિ થાય એવું. **'પણ તેનું ફળ ખરાબ જ થાય...'** દુનિયા એમ કહે ઓહો..હો..! પાપીને એવા વ્યસનીને, વ્યભિચારીઓને પોષણ આપવું એમાં કાંઈ લાભ છે નહિ.

www.vitragvani.com



## ગાથા–૧૭૨

દાન આપવાથી હિંસાનો ત્યાગ થાય છે :–

हिंसायाः पर्यायो लोभोऽत्र निरस्यते यतो दाने।
तस्मादतिथिवितरणं हिंसाव्युपरमणमेवेष्टम्।।१७२।।

અન્વયાર્થ :– [ यतः ] કારણ કે [ अत्र दाने ] અહીં દાનમાં [ हिंसायाः ] હિંસાના [ पर्यायः ] પર્યાય [ लोभः ] લોભનો [ निरस्यते ] નાશ કરવામાં આવે છે, [ तस्मात् ] તેથી [ अतिथिवितरणं ] અતિથિદાનને [ हिंसाव्युपरमणमेव ] હિંસાનો ત્યાગ જ [ इष्टम् ] કહ્યો છે.

ટીકા :– 'यतः अत्र दाने हिंसायाः पर्यायः लोभः निरस्यते तस्मात् अतिथि वितरणं हिंसाव्युपरमणं एव इष्टम्' - અર્થ :– આ દાનમાં હિંસાનો એક ભેદ જે લોભ છે તેનો ત્યાગ થાય છે તેથી અતિથિ પાત્રને દાન દેવું તે હિંસાનો જ ત્યાગ છે.

ભાવાર્થ :– ખરેખર જ્યારે આપણો અંતરંગ કષાય જે લોભ છે તેનો ત્યાગ થાય છે ત્યારે જ આપણા પરિણામ બાહ્ય વસ્તુમાં વિતરણ કરવાના થાય છે, તેથી લોભ કષાયનો ત્યાગ જ ખરું દાન છે અને લોભ કષાય ભાવહિંસાનો એક ભેદ છે, તેથી જે સત્પુરુષ દાન કરે છે તેઓ જ ખરી રીતે અહિંસાવ્રત પાળે છે. ૧૭૨.

---

'**દાન આપવાથી હિંસાનો ત્યાગ થાય છે :–**' સમ્યગ્દૃષ્ટિને... આ શ્રાવકની વાત ચાલે છે. શ્રાવકને પહેલું સમ્યગ્દર્શન રાગરહિત અહિંસક સ્વભાવ મારો પૂર્ણ શુદ્ધ જ્ઞાન છે. જ્ઞાન, આનંદ છે એટલે એ અહિંસકસ્વરૂપ જ છે, વીતરાગસ્વરૂપ જ છે. એવી દૃષ્ટિ થઈ છે. પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગતારૂપી અહિંસા દશા થઈ નથી, ત્યારે તેને આવો દાનાદિનો ભાવ દેવામાં આવે છે. એમાં લોભ ઘટે છે. લોભ ઘટે છે એટલી હિંસા ઘટે છે અને અહિંસા વધે છે. સમજાણું કાંઈ? કષાયભાવ તે હિંસા છે. અને સ્વભાવની દૃષ્ટિએ કષાયનો ઘટાડો (થાય) એ અહિંસા છે. અહિંસાની વ્યાખ્યા જ આખી પહેલેથી ઠેઠથી લીધી છે.

हिंसायाः पर्यायो लोभोऽत्र निरस्यते यतो दाने।
तस्मादतिथिवितरणं हिंसाव्युपरमणमेवेष्टम्।।१७२।।

અન્વયાર્થ :– '**કારણ કે અહીં દાનમાં હિંસાના પર્યાય લોભ...**' હિંસાના નામ. લોભ એ હિંસાનું નામ જ છે. ક્રોધ, માન, માયા, લોભ એ બધી હિંસાની જ પર્યાયો છે, હિંસાના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ ભાવ છે. સમજાણું કાંઈ? **'હિંસાના પર્યાય લોભનો નાશ કરવામાં આવે છે, તેથી અતિથિદાનને...'** અતિથિ મુનિ તો સંત છે. ક્યારે આવશે, અજાણ્યા આવે. નગ્ન મુનિ છે, દિગંબર સંત છે, વનવાસીમાં હોય છે, વનમાં રહેતા હોય છે. સમજાણું કાંઈ? ત્યારે સાચા સાધુ તો વનમાં રહેતા હતા. વીતરાગમાર્ગના સંત કેવળજ્ઞાનીએ કહેલા એવા સ્વીકારેલા જંગલમાં–વનમાં સંતો રહેતા હતા. મહા અવધુત દશા જેની. જોગદશા જેની. અંતરમાં જોગ ઘણો ઉગ્ર જોડ્યો છે. જંગલમાંથી કોઈ અકસ્માત્ ગામમાં ચડી આવે, એને તિથિ હોય નહિ. અતિથિ. તમારે અહીંયાં અતિથિનું નામ આપ્યું છે.

**''यतः अत्र दाने हिंसायाः पर्यायः लोभः निरस्यते तस्मात् अतिथि वितरणं हिंसाव्युपरमणं एव इष्टम्' - અર્થ :– આ દાનમાં હિંસાનો એક ભેદ જે લોભ છે...'** જુઓ ! હિંસાનો એક ભાગ છે–લોભ. **'તેનો ત્યાગ થાય છે.'** આત્માનું ભાન છે, હું જ્ઞાન છું, આનંદ છું એવું તો ભાન છે. નહિતર તો એ સમ્યગ્દૃષ્ટિ જ નથી. તો શ્રાવક હજી નથી. અંદર પેલો રાગ જે તીવ્ર હતો એને આવા સંતોને આહાર આદિ મુનિને દેવામાં રાગ ઘટે છે, એટલો અહિંસાભાવ પ્રગટ થાય છે. તેવો હિંસાનો ભાગ એવો લોભ ઘટે છે. કહો, સમજાણું આમાં? **'તેથી અતિથિ પાત્રને દાન દેવું તે હિંસાનો જ ત્યાગ છે.'** લ્યો. અહીં તો પહેલેથી જ એક વાત ઉપાડી છે. દાનમાં, અસ્થિરતામાંથી જેટલો રાગ ઘટે, એટલી એને અહિંસા છે.

**'ખરેખર જ્યારે આપણો અંતરંગ કષાય જે લોભ છે...'** જુઓ! **'તેનો ત્યાગ થાય છે...'** અંતરંગનો કષાય રાગની તીવ્રતાનો થાય, એમ કહે છે. **'ત્યારે જ આપણા પરિણામ બાહ્ય વસ્તુમાં વિતરણ કરવામાં થાય છે,...'** દેવામાં. **'તેથી લોભ કષાયનો ત્યાગ જ ખરું દાન છે...'** ખરું દાન તો એ છે એમ કહે છે. પેલી ક્રિયા તો શરીરની, પરમાણુની છે. પરમાણુની, આહારની થવાની હોય તે થાય. કહો, સમજાણું કાંઈ? કષાયનો ત્યાગ જ ખરું દાન છે. ખરેખર તો અંદર લોભ ઘટ્યો છે. નિર્લોભતા જેટલી સ્વભાવના આશ્રયે–લક્ષથી પ્રગટ થઈ છે એટલો તેને દાનભાગ કહેવામાં આવે છે. એ સંપ્રદાન છે.

સંપ્રદાન એટલે? પોતે પોતાની શુદ્ધતાની દશાનું દાન, પોતે પોતાને આપે છે. એય..! 'દેવાનુપ્રિયા'! શુદ્ધતાનું દાન. સંપ્રદાન આવે છે ને છ કારક? કર્તા, કર્મ, કરણ સમજ્યા ને? સંપ્રદાન, અપાદાન, અધિકરણ. સંપ્રદાન પોતાનો શુદ્ધ સ્વભાવ ભગવાન! આત્માનો મહિમાવંત સ્વભાવ, એવી જે દૃષ્ટિ થઈ છે, એમાં વિશેષ સ્વરૂપમાં શુદ્ધતામાં કષાય ઘટાડીને એકાગ્ર થાય છે એ શુદ્ધતાની પર્યાય પ્રગટ થઈ એ પોતે રાખી એનું નામ દાન છે.

મુમુક્ષુ :– એ વ્રત કેટલામું છે?

ઉત્તર :– એ વ્રત નિશ્ચયવ્રત અંતરનું (છે). સ્વરૂપમાં વિટાઈ ગયો એ વ્રત. વિકલ્પ ઊઠ્યો છે એટલો અશુભથી બચ્યો છે, એટલો શુભ (છે). સમજાણું કાંઈ? ખરેખર વ્રતનો અર્થ એ છે કે સ્વરૂપની દૃષ્ટિ થઈને સ્વરૂપમાં સ્થિરતા થવી તેનું નામ ખરા વ્રત કહેવામાં

www.vitragvani.com



આવે છે. જેટલો વિકલ્પ ઊઠે તેને વ્યવહારવ્રત, ઉપચારવ્રત, ભેદરૂપવ્રત તેને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા અંતર શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના અંતર ઉપયોગને અંતરમાં સમાડે અને એકાગ્ર કરે, બસ એ જ દાન છે અને એ જ માર્ગ છે અને એ જ નિવૃત્તિરૂપી પરિણતિ છે. સમજાણું કાંઈ? શુભ હોય છે. એ વાત તો કરે છે. એ વખતે આવો ભાવ હોય છે.

અહીં તો કહે છે **'લોભ કષાયનો ત્યાગ જ ખરું દાન છે...'** બહારની ક્રિયા એવી થાય પણ અંદર લોભ ન ઘટાડે, સંતોષતા ન હોય અને લોભ ઘટાડે નહિ તો દાન કેવું? એ તો બહારની ક્રિયા થઈ, એ તો જડની ક્રિયા. આહાર દેવા-લેવાની એ તો શરીરની ક્રિયા, જડની ક્રિયા છે, એ કાંઈ આત્માની નથી. આહાહા..!

**'અને લોભ કષાય ભાવહિંસાનો એક ભેદ છે,...'** લોભની વૃત્તિ છે એ ભાવહિંસાનો એક પ્રકાર છે. **'તેથી જે સત્પુરુષ દાન કરે છે તેઓ જ ખરી રીતે અહિંસાવ્રત પાળે છે.'** લ્યો ઠીક. ધર્માત્મા,.... આત્મા શુદ્ધસ્વરૂપ ચૈતન્ય છે. એ રાગરૂપ નથી, કર્મરૂપ નથી, શરીરરૂપ નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. એમ આ રૂપે નથી અને શુદ્ધ ચૈતન્યસ્વરૂપે છે. એવી બહુ જ ટૂંકામાં ટૂંકી અંતરદષ્ટિમાં અનુભવમાં લઈ, વિસ્તારનું જ્ઞાન વિશેષ ન હોય, સમજાણું? અનંતગુણો ને એવો વિશેષ ખ્યાલ ન હોય. પણ આ ચૈતન્યસ્વરૂપ જ તે આત્મા છે. જાણનાર-દેખનાર તે જ આત્મા છે એવો અભેદની દષ્ટિ કરીને અનુભવ કરે, એને સમ્યગ્દર્શન કહે છે. અને એ સમ્યગ્દર્શન વિના શ્રાવકપણું હોઈ શકે નહિ. આ સમ્યગ્દર્શન વિના મુનિપણું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કારણ કે શ્રાવકને મુનિપણું તો જે વસ્તુ શુદ્ધચૈતન્ય સ્વભાવ એવો જે દષ્ટિમાં અનુભવ્યો છે, એમાં ઠરવાના પ્રકારનો શ્રાવક ને મુનિપણાનો ભાગ છે. સમજાણું? કોઈ શરીરની ક્રિયા અને એ કાંઈ શ્રાવકપણું છે નહિ. વસ્તુ ભગવાનઆત્મા એકલો જ્ઞાયક સ્વભાવ, શુદ્ધ ચૈતન્ય સ્વભાવી વસ્તુ. સ્વભાવી વસ્તુ એટલે વસ્તુ જ એ અભેદ છે. એવું અંતરમાં જ્ઞાન (થયું કે) આ તો એકલો જ્ઞાનમૂર્તિ જ આત્મા છે. એવું ભાન કરીને પછી સ્વરૂપમાં અંતરમાં જેવું જાણ્યું હતું કે આ શુદ્ધચૈતન્ય છે. એમાં ઠરવાની ક્રિયા થાય એનું નામ વ્રત અને ખરા ચારિત્ર કહેવામાં આવે છે. આ વિના સાચા વ્રત અને સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? એ ૧૭૨ થઈ. અહિંસાવ્રત કીધું લ્યો એને. એ વૈયાવ્રતમાં મુનિને અતિથિવ્રતમાં પણ અહિંસા કાઢ્યું. હવે ૧૭૩ ગાથા.

## ગાથા–૧૭૩

गृहमागताय गुणिने मधुकरवृत्त्या परानपीडयते।
वितरति यो नातिथये स कथं न हि लोभवान् भवति।।१७३।।

અન્વયાર્થ :– [ यः ] જે ગૃહસ્થ [ गृहमागताय ] ઘેર આવેલા [ गुणिने ] સંયમાદિ ગુણવાન એવા અને [ मधुकरवृत्त्या ] ભ્રમર સમાન વૃત્તિથી [ परान् ] બીજાઓને [ अपीडयते ] પીડા ન દેવાવાળા [ अतिथये ] અતિથિ સાધુને [ न वितरति ] ભોજનાદિ દેતો નથી, [ सः ] તે [ लोभवान् ] લોભી [ कथं ] કેમ [ न हि भवति ] ન હોય?

ટીકા :– 'यः गृहमागताय गुणिने परान् अपीडयते अतिथये न वितरति सः लोभवान् कथं न भवति।' - અર્થ :– પોતાની મેળે-સ્વયમેવ ઘેર આવેલા તથા રત્નત્રયાદિ ગુણસહિત અને ભમરા જેવી વૃત્તિથી દાતાને તકલીફ ન આપનાર એવા અતિથિ મુનિ મહારાજ વગેરે છે, તેમને જે શ્રાવક ગૃહસ્થ દાન દેતો નથી તે શ્રાવક લોભ-હિંસા સહિત કેમ ન હોય ? અવશ્ય જ હોય છે.

ભાવાર્થ :– જેવી રીતે ભમરો બધાં ફૂલોની વાસ લે છે પણ કોઈ ફૂલને પીડા ઉપજાવતો નથી તેવી જ રીતે મુનિ મહારાજ વગેરે પણ કોઈ પણ શ્રાવક ગૃહસ્થને પીડા પહોંચાડતા નથી. તેમને એમ કહેતા નથી કે અમારે માટે ભોજન બનાવો અથવા આપો. પણ શ્રાવક પોતે જ્યારે આદરપૂર્વક બોલાવે છે ત્યારે તેઓ થોડો લૂખો સૂકો શુદ્ધ પ્રાસુક જેવો આહાર મળે છે તેવો જ ગ્રહણ કરી લે છે; તેથી જે શ્રાવક આવા સંતોષી વ્રતીને જો દાન ન આપે તો તે અવશ્ય હિંસાનો ભાગીદાર થાય છે. ૧૭૩.

---

गृहमागताय गुणिने मधुकरवृत्त्या परानपीडयते।
वितरति यो नातिथये स कथं न हि लोभवान् भवति।।१७३।।

**અન્વયાર્થ :– 'જે ગૃહસ્થ ઘેર આવેલા સંયમાદિ ગુણવાન એવા અને...'** સંયમાદિ એટલે દિગંબર મુનિ, સંત હોય કે શ્રાવક, ક્ષુલ્લક, એલક આદિ હો વગેરે, બ્રહ્મચારી આદિ સમકિતી. **'એવા અને ભ્રમર સમાન વૃત્તિથી...'** આદિ ગુણવાન કહ્યા ને? ભ્રમર સમાન વૃત્તિ મુખ્યપણે મુનિને છે. ભ્રમરો જેમ મધુકર લે છે ને? પુષ્પનો પરાગ. એમ મુનિ તો દિગંબર સંત જંગલમાંથી આવે છે, જ્યાં કોઈ નિર્દોષ આહાર મળે ત્યાં થોડો આહાર લઈ લે. એના માટે કરેલો હોય અને બનાવેલો આહાર સાધુ લે નહિ. લે તો એ સાધુ હોઈ શકે નહિ. કહો, મધુકર

www.vitragvani.com



વૃત્તિ, જુઓને! ભમરો કોઈને પીડા આપ્યા વિના ફૂલમાંથી સુગંધ લે. એમ મુનિ, સાચા સંત, આત્મજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ, ધર્માત્મા, વનવાસમાં વસતા જંગલમાંથી આહાર માટે ભીક્ષા અર્થે આવે. જ્યાં નિર્દોષ આહાર-પાણી હોય, એને સંકોચ પડે નહિ, એને નવું કરવું પડે નહિ, એવું હોય તો થોડો લઈ લે. કહો, સમજાણું કાંઈ? એય..! 'દીપચંદજી'! આ શું રીત છે?

અહીં તો એને માટે સવારમાં ચા, દૂધ, આહાર, પાણી બનાવે. આજે ફલાણે ઠેકાણે રસ કાઢ્યો છે, આ કાઢ્યું છે. એ તો વ્યવહાર શ્રદ્ધામાં પણ એના ઠેકાણા નથી. કારણ કે વ્યવહાર સાધુપણું જોઈએ એવું નથી અને સાધુપણું માને અને મનાવે છે એ તો ગૃહિત મિથ્યાત્વ છે. 'સેઠી'! આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. એ કંઈ કોઈ વ્યક્તિ માટે નથી, વસ્તુની સ્થિતિ જ એવી છે. સમજાણું કાંઈ?

**'ભ્રમર સમાન વૃત્તિથી...'** ભાષા કેવી લીધી! **'મધુકરવૃત્ત્યા'** ભમરો આમ ફરી ફરી થોડો થોડો રસ લે. **'બીજાઓને પીડા ન દેવાવાળા...'** બિલકુલ બીજાને સંકોચ ન થાય. પાછળ બનાવવું પડે, એને ઓછું ખાવું પડે એમ ન લે. જુઓ! સમજાણું? આ જાતનો તો અમારે બહુ અનુભવ છે. એ વખતે પડ્યા હતા ને એમાં? કોઈ માટે બનાવેલું હોય, એ થોડું એને થયું કે આ ત્રણ જણા છે, રોટલી તો પાછી બાર-તેર છે. હવે એ ત્રણ-ચાર આપે તો પાછું એને ઓછું પડશે. પેલા મહારાજ કહે અમે નહિ બનાવીએ, હોં! અમે બનાવશું નહિ. અમે રોડવી લેશું. પણ તમે એટલા ભૂખ્યા રહો છો એનું શું? એ માટે એ ન લેવાય. સમજાણું? પેલો કહે, અમે ચાર-ચાર રોટલી ખાઈએ છીએ. રોટલી તેર-ચૌદ છે, એમાંથી ચાર આપીએ. નહિ. તમારે સંકોચ થાય, તમારે પાછળથી (બનાવવું પડે). એને બદલે ગામનું કાંઈક ખાવાનું લઈ આવો, એ ન હોય. એવી વૃત્તિ હોય છે, જુઓ!

દિગંબર મુનિ, જંગલવાસી, સાચા સંત, આત્મધ્યાનમાં મસ્ત છે. આવે છે કહે છે. એને આહાર-પાણી તો એના માટે બનેલા હોય તો એને ખ્યાલ આવે કે આ તો મારા માટે બનેલા છે. એ પ્રાણ જાય તો પણ લે નહિ. આ તો અમારા માટે બનાવ્યું છે. કહો, 'દીપચંદજી'! તમે જો સાધુ થયા હોત તો તમે પણ આવા ને આવા જ ગોટા વાળત.

મુમુક્ષુ :– બચી ગયા.

ઉત્તર :– બચી ગયા. એ દિગંબર મુનિ થવાના હતા, લ્યો! દિગંબર. નગ્ન કપડા કાઢીને. મિથ્યાદૃષ્ટિ. વસ્તુની તો ખબર ન મળે. હજી આત્મા શું? ધર્મ શું? જ્ઞાન શું? રાગ શું ? પર શું? શું ક્રિયા કરતા ધર્મ થાય? શું ક્રિયાનું અભિમાન કરતા મિથ્યાત્વ થાય? એની કાંઈ ખબર ન મળે. એવા ને એવા અનંતવાર એવા ખોટા સાધુપણા લીધા છે. એમાં આત્માને નુકસાન થયું છે પણ લાભ થયો નથી.

અહીં તો કહે છે, **'અતિથિ સાધુ...'** જુઓ! એમ શબ્દ છે ને? તિથિની ખબર નથી. **'ભોજનાદિ દેતો નથી,...'** વિતરતો નથી. એને ન દે તો એ લોભી કેમ ન કહેવાય? પેલામાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લોભ ઘટાડો કીધો, આ લોભી કેમ (ન કહેવાય), એમ કહ્યું. પેલી કોર.

**''यः गृहमागताय गुणिने'** ગુણિને એમ શબ્દ છે, જોયું! **परान् अपीडयते अतिथये न वितरति सः लोभवान् कथं न भवति।'' 'પોતાની મેળે-સ્વયમેવ ઘેર આવેલા...'** એમ કહે મહારાજ! આજે અમારે ત્યાં પધારજો. એમ કહે ત્યાં જાય નહિ. સમજાણું કાંઈ? તેડવા ગયા હોય તો જાય નહિ.

મુમુક્ષુ :– લાભ દેવા આવો.

ઉત્તર :– હા. લાભ દેવા આવો, લાભ દેવા આવો. લાભ દેવા એટલે તમે આહાર-પાણીનો આહાર લઈ જાઓ. એમ એનો અર્થ. બધી ઉંધી લાઈન અને ઉંધું આચરણ છે. વીતરાગમાર્ગથી તદ્દન ઉલ્ટું છે.

**'પોતાની મેળે–સ્વયમેવ ઘેર આવેલા...'** જુઓ! મુનિ તો એની મેળાએ ઘરે આવે. વગર તેડ્યા, વગર જાણ્યા, વગર પૂછ્યા, કાળનું નક્કી કર્યા વિના. **'રત્નત્રયાદિ ગુણસહિત...'** છે ને પાછું **'गुणिने'**? **'गृहमागताय'** નો અર્થ કર્યો. **'गृहमागताय'** એ ઘરે આવ્યા છે. એમ કહ્યું ને પહેલું તો? સામા જઈને ઘરે લાવ્યા નથી. આહાહા..!

મુમુક્ષુ :– પડગાહન કરીને પછી...

ઉત્તર :– પછી પડગાહન શેનું કર્યું? એની મેળે આવે ત્યારે ત્યાંથી પડગાહન થાય. આવજો આજે. મહેમાન છે અને જોગ છે આજે. રસ, પૂરીનો જોગ છે અને બરાબર આ છે. મહારાજ! પધારજો. એ રસ, પૂરીનો જોગ એમ ન કહે એ. મહારાજ! આજે પધારજો. આહાર-પાણીનો લાભ આપજો, બસ. આહાહા..! પેલા નગ્ન મુનિને એમ છે ને. એની માટે સાથે ગાડા ફરે, માલ ફરે, કોલસા ફરે. માર્ગ એ નથી, ભાઈ! એમ કહે છે. એ માર્ગ સાધુનો નથી. દેનારને એવાઓને આપવું એ પણ માર્ગ નથી.

**'રત્નત્રયાદિ ગુણસહિત...'** છે. જોયું? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર રત્નત્રય. આદિ ક્ષમા આદિ ગુણસહિત છે. જેને આત્માનું દર્શન, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, વીતરાગતા પ્રગટી છે. એવા આદિ ગુણવાળા હોય એને **'ભમરા જેવી વૃત્તિથી દાતાને તકલીફ ન આપનાર..'** આ બધી વ્યાખ્યા કરી છે. **'ભમરા જેવી વૃત્તિથી...'** ભમરો જેમ કોઈને દુઃખ ન આપે. થોડો રસ લઈ લે. **'દાતાને તકલીફ ન આપનાર એવા અતિથિ મુનિ મહારાજ વગેરે છે,...'** વગેરેમાં પછી ક્ષુલ્લક, એલક, બ્રહ્મચારી આદિ લેવા. **'તેમને જે શ્રાવક ગૃહસ્થ દાન દેતો નથી તે શ્રાવક લોભ-હિંસા સહિત કેમ ન હોય? અવશ્ય જ હોય.'** એને. લોભની પર્યાય છે એટલી હિંસા છે એમ કહે છે.

**'જેવી રીતે ભમરો બધા ફૂલોની વાસ લે છે પણ કોઈ ફૂલને પીડા ઉપજાવતો નથી...'** એ તો પહેલા શ્લોકમાં જ આવે છે આ લોકોના 'દસ વૈકાલિક'માં. ણમો મંગલં.... ભમરો .. આવે છે ને? નય .... બીજી ગાથા એ આવે છે. જહા ... જેમ ઝાડના ફૂલમાં .. ભમરો

www.vitragvani.com



આવીને રસ લે છે. .... પુષ્પને .. આપતો નથી. એના ઉપર બેસે નહિ. આમ અધ્ધરથી ઉડી જાય. .... ... પોતાનું પીણું રસ પીવે છે એમ કહે છે. એવી રીતે સાધુની પહેલી પાંચ ગાથા છે ને? 'દસ વૈકાલિક'માં.

**'એવા અતિથિ મુનિ મહારાજ વગેરે પણ કોઈપણ શ્રાવક ગૃહસ્થને પીડા પહોંચાડતા નથી. એમને એમ કહેતા નથી કે અમારા માટે ભોજન બનાવો...'**

મુમુક્ષુ :- આપણી ફરજ છે.

ઉત્તર :- બનાવે. શ્રાવકની ફરજ શેની છે એ? ઘરને માટે હોય એમાંથી આપે. બસ, એક રોટલી હોય તો એક રોટલી, જે હોય એ આપે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ તો છે ને. સંસાર એમ જ ચાલે છે. આ તો વસ્તુ આમાં આવી છે, એ પ્રમાણે સ્પષ્ટ તો થવું જોઈએ ને? અથવા આપો એમ ન કહે. અમારા માટે ભોજન બનાવો અને અમને ભોજન આપો એમ પણ ન કહે. એ યાચના કરી કહેવાય. માગણ-ભીખારી થયો. અમને આહાર આપો. ભિખારી છે.

મુમુક્ષુ :- .. તો આપો.

ઉત્તર :- ... આપો એ ભિખારી છે. માગે મુનિ? માગે? મુનિ તો આમ આહાહા..! વીતરાગી સંત હોય છે. એલક, ક્ષુલ્લક હોય છે (એની પણ) મહા વીતરાગ દશા છે. સમજાણું? આહાહા..! એવા માગે નહિ.

**'પણ શ્રાવક પોતે જ્યારે આદરપૂર્વક બોલાવે છે...'** જોયું! આદરપૂર્વક બોલાવે. ત્યાં ગયા હોય ત્યારે. એ કહેશે. ... કીધું હતું ને પહેલું? ગૃહે આવ્યા હોય અને આદરપૂર્વક બોલાવે. ત્યાં આવ્યા હોય. એના ગૃહે આવ્યા હોય એમ કીધું. **'गृहमागताय'** એમ પાઠ આવી ગયો છે ને? ઘરે આવ્યા છે ત્યારે આદરથી બોલાવે, બસ એમ. કહો, સમજાણું? **'ત્યારે તેઓ થોડો લૂખો સૂકો શુદ્ધ પ્રાસૂક...'** આટલા વિશેષણ વાપર્યા છે. સમકિતી શ્રાવક, સમકિતી સંત મુનિ આદિને **'થોડો...'** બધું આપે તો પોતાને કરવું પડે. **'લુખો...'** એટલે બહુ રસપ્રદ નહિ એમ કહે છે, સમજ્યા ને? **'સૂકો શુદ્ધ પ્રાસુક...'** નિર્દોષ ભલે આવો હોય, એમ કહે છે. ભલે લુખો-સૂકો પણ જો નિર્દોષ હોય તો એ આપે એમ કહેવું. પાછું એ જ આપે એવું કાંઈ નહિ. અહીં તો શુદ્ધ પ્રાસુક આવો હોય તો પણ આવો આપે, એમ કહેવું છે. અને એવું ન હોય તો બીજો અપ્રાસુક કોઈ ચીજ આપે એમ નહિ, એમ કહેવું છે. એના માટે બનાવેલી સારી ચીજ હોય, એ ન લે. પોતાના માટે બનાવેલો ભલે આવો સાદો હોય, સાદો ખોરાક હોય એમ કહે છે. થોડું ભલે આપે. પાછા પોતે એમાંથી...

મુમુક્ષુ :- ...

ઉત્તર :— ... ભરાય છે પેટમાં. પેટમાં શું?

www.vitragvani.com



સુકો અને શુદ્ધ પ્રાસુક અહીં તો વજન ત્યાં છે. શુદ્ધ નિર્દોષ ભલે સુકો હોય, લુખો હોય અને થોડો હોય. એમ કહે છે. મૂળ તો એમ કહેવું છે. આ શબ્દ ત્યાં લગાડી દેવો.

**'જેવો આહાર મળે છે તેવો જ ગ્રહણ કરી લે છે;...'** પેલો આપે એવો અને પેલો પણ ગ્રહણ કરી લે. **'તેથી જે શ્રાવક આવા સંતોષી વ્રતીને જો દાન ન આપે...'** વ્રતીને. **'તો તે અવશ્ય હિંસાનો ભાગીદાર થાય છે.'** જુઓ! હવે આવ્યું જુઓ.

## ગાથા–૧૭૪

कृतमात्मार्थं मुनये ददाति भक्तमिति भावितस्त्यागः।
अरतिविषादविमुक्तः शिथिलितलोभो भवत्यहिंसैव।।१७४।।

**અન્વયાર્થ :–** [ आत्मार्थं ] પોતાને માટે [ कृतम् ] બનાવેલ [ भक्तम् ] ભોજન [ मुनये ] મુનિને [ ददाति ] આપે [ इति ] આ રીતે [ भावितः ] ભાવપૂર્વક [ अरतिविषादविमुक्तः ] અપ્રેમ અને વિષાદરહિત તથા [ शिथिलितलोभः ] લોભને શિથિલ કરનાર [ त्यागः ] દાન [ अहिंसा एव ] અહિંસા સ્વરૂપ જ [ भवति ] છે.

**ટીકા :–** 'आत्मार्थं कृतं भुक्तं मुनये ददाति भावितः त्यागः अरतिविषादविमुक्तः शिथिलितलोभः अहिंसैव भवति।' - **અર્થ :–** પોતાને માટે બનાવેલું ભોજન તે હું મુનિ મહારાજને આપું છું એમ ત્યાગભાવનો સ્વીકાર કરી તથા શોક અને વિષાદનો ત્યાગ કરી જેનો લોભ શિથિલ થયો છે એવા શ્રાવકને અવશ્ય અહિંસા હોય છે.

**ભાવાર્થ :–** આ અતિથિસંવિભાગ–વૈયાવૃત્ત શિક્ષાવ્રતમાં દ્રવ્ય-અહિંસા તો પ્રગટ જ છે કેમ કે દાન દેવાથી બીજાની ક્ષુધા–તૃષાની પીડા મટે છે તથા દાતા લોભનો ત્યાગ કરે છે તેથી ભાવ–અહિંસા પણ થાય છે અર્થાત્ દાન કરનાર પૂર્ણ અહિંસાવ્રતનું પાલન કરે છે. આ રીતે સાત શીલવ્રતોનું વર્ણન પૂરું થયું. ૧૭૪.

(અહીં સુધી શ્રાવકનાં બાર વ્રતોનું વર્ણન પૂરું થયું.)

---

कृतमात्मार्थं मुनये ददाति भक्तमिति भावितस्त्यागः।
अरतिविषादविमुक्तः शिथिलितलोभो भवत्यहिंसैव।।१७४।।

**'પોતાને માટે બનાવેલ...'** જોયું! આ આવ્યું. સાધુ માટે ઇશારાથી પણ થોડું વધારે નાખી આવશે તો એ નહિ. આપણે ચાર માણસ છીએ અને આ સાધુ આવ્યા છે, તો આપણે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થોડુંક વધારે રાંધીશું તો દઈ શકીશું, નહિતર નહિ દઈ શકીએ. અંદર થોડું પાણી નાખવું, થોડું આહાર નાખવો. એ નહિ. એ બધો દોષિત છે. એવું ગૃહસ્થ કરે નહિ અને મુનિ એ લે નહિ. **'પોતાને માટે બનાવેલ ભોજન...'** એટલે આહાર-પાણી. **'મુનિને આપે–આ રીતે ભાવપૂર્વક અપ્રેમ અને વિષાદરહિત...'** પાછું એમ કે અરે...! આ દેવું પડ્યું, એમ નહિ. સમજાણું? **'લોભને શિથિલ કરનાર...'** સંતોષી. લોભને મંદ કરનાર. સારામાં સારી ચીજ હોય, પણ આપે ત્યારે લોભ ન કરે કે ભાઈ! આમાંથી આટલો ઘટાડો કરો. સમજાણું? **'દાન અહિંસા સ્વરૂપ જ છે.'** લ્યો! તે ભગવાનઆત્મા અકષાય સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ અને પછી પર્યાયમાં જેટલો અકષાયભાવ પ્રગટ કર્યો. અકષાય લોભ રહિત, સંતોષ સહિતની શાંતિ આદિ પ્રગટ કરી એટલો તે અહિંસાભાવ છે. **'અહિંસા સ્વરૂપ જ છે.'** લ્યો. ઓહો..હો...! જ્યાં હોય ત્યા અહિંસા લગાવી છે.

આત્મા શુદ્ધચૈતન્યસ્વરૂપ, જ્ઞાનનીમૂર્તિ એ પોતે જ અહિંસક સ્વરૂપ ત્રિકાળ છે. એટલે કે એમાં રાગ અને વિકાર નથી. એવી અનુભવ દૃષ્ટિ થઈ છે, પછી અસ્થિરતાના જે રાગનો હિંસા ભાગ હતો, એને સ્વરૂપમાં લીન થઈને અંતર એકાગ (થઈ), જેટલો સંતોષ પ્રગટ કરે છે એને ખરેખર અહિંસા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો બધામાં અહિંસા કાઢી. અણુવ્રતમાં, ત્રણ ગુણવ્રતમાં, ચાર શિક્ષાવ્રતમાં.

**ટીકા :– 'પોતાને માટે બનાવેલું ભોજન તે મુનિ મહારાજને આપું છું એમ ત્યાગભાવનો સ્વીકાર કરી...'** ઠીક. લોભનો ત્યાગ. લોભના **'ત્યાગભાવનો સ્વીકાર કરી તથા શોક અને વિષાદનો ત્યાગ કરી...'** આ વધારે દેવું પડ્યું, અરે...! આ મારે આમ થયું. ફલાણું થયું. એમ નહિ. **'જેનો લોભ શિથિલ થયો છે એવા શ્રાવકને અવશ્ય અહિંસા હોય છે.'** આ જેટલો શુભરાગ રહ્યો, એટલી ભલે હિંસા, પણ એમાંથી અશુભરાગ ટળ્યો છે ને? એટલી સ્વભાવની સ્થિરતા થઈ છે. એટલી અહિંસા ખરેખર કહેવામાં આવે છે.

**'ભાવાર્થ :– આ અતિથિસંવિભાગ–વૈયાવૃત્ત શિક્ષાવ્રતમાં દ્રવ્ય-અહિંસા તો પ્રગટ જ છે...'** દ્રવ્ય હિંસા તો પ્રગટ છે. કારણ કે પરપ્રાણીની એમાં હિંસા થતી નથી. બારમાં વ્રતમાં, હોં! **'કેમ કે દાન દેવાથી બીજાની ક્ષુધા-તૃષાની પીડા મટે છે...'** મુનિ આદિની. **'તથા દાતા લોભનો ત્યાગ કરે છે....'** દાતા છે એ લોભનો અભાવ કરે છે. **'તેથી ભાવ-અહિંસા પણ થાય છે....'** પરને દ્રવ્ય હિંસા પણ ન થઈ અને દુઃખ ન થયું અને પોતાને પણ ભાવહિંસા ન થઈ. ભાવ-અહિંસા થઈ. **'દાન કરનાર પૂર્ણ અહિંસાવ્રતનું પાલન કરે છે. આ રીતે સાત શીલવ્રતોનું વર્ણન પૂરું થયું.'** લ્યો. અહીં સુધી શ્રાવકના બાર વ્રતનું વર્ણન પૂરું થયું.

હવે સંલેખના. સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે એ આત્માની ભાવના ભાવે છે. અહો..! મારું... પહેલેથી, હોં! એ જાતનું વ્રત એટલે નિર્ણય કરે છે. મૃત્યુ સમયે મારું સમાધિમરણ કેમ થાય? હું આનંદમાં આનંદમાં રહું ને દેહ છૂટે એવી ભાવના શ્રાવકને પહેલેથી હોય છે.

www.vitragvani.com



એને તો અહીં આગળ વ્રત કહેશે. શીલ શબ્દ છે ને? **'पालयेदिदं शीलम्'** ૧૭૬ ગાથામાં છે ને? **'शीलम्'** એનો અર્થ વ્રત કરશે. ઓહો..હો..!

દેહ, વાણી, કર્મથી ભિન્ન છું એમ જેને અંતરમાં ભાન થયું છે એને એક ક્ષેત્રમાં ભેગા રહ્યા કાળે પણ ભાન છે. હવે છૂટવાને કાળે એને વિશેષ સમાધિ જોઈએ એમ કહે છે. સમજાણું કાંઈ? મારો આત્મા દેહથી જુદો. તદ્દન જુદો છે. એ તો શ્રાવકને પહેલેથી ભાન હોય જ છે. નહિ તો એ શ્રાવક કહેવાય નહિ. શરીરથી જુદો, કર્મથી જુદો, આ પુણ્ય-પાપના ભાવથી જુદો. એ જુદો છે એવું દર્શન અને જ્ઞાન (થયું છે). એ જુદા પડવા કાળે.. કારણ કે એ સંધિ છે, બીજા ભવની. ભવની સંધિ છે એ ટાણે ભવના અભાવનો ભાવ જેટલો રાખે એટલી સમાધિ થાય. સમજાણું કાંઈ?

એક ભવ છૂટીને બીજા ભવ જવું. હજી તો શ્રાવક છે ને. મુક્તિ તો નથી. પણ એ ભવની સંધિ આ છૂટે અને બીજે જાય, એમાં એને ભવરહિત છું, ભવના ભાવ રહિત છું એવું તો ભાન છે પણ અસ્થિરતાનો ભાગ છે એમાં શાંતિ... શાંતિ (રાખે છે). શરીરમાં દુઃખ આવે, કફ આવે, શૂળ આવે, સમજાય છે ને? છૂટવા કાળે. એને પહેલેથી અભ્યાસ (છે). સ્વસન્મુખની દૃષ્ટિની સ્થિરતા દ્વારા દેહ છૂટે એવી ભાવના સમ્યગ્દષ્ટિની, જેમ બાર વ્રત છે એમ એ જાતનો આ એક નિયમ છે એમ કહે છે. શીલ કહેશે. શીલ. પહેલેથી, હોં! એ વખતે એમ નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વાંધો. કોને ખબર છે ક્ષણની? એ તો જ્ઞાની મુનિને પણ ક્ષણની ખબર ન હોય. એમાં શું છે? મુનિ મહા એકાવતારી થાય. ખબર ન હોય ક્યારે શરીર છૂટશે. પહેલેથી શરીર છૂટવાના કાળે મારું સમાધિમરણ થાય એવી પહેલેથી ભાવના હોય છે. આહાહા..! ત્યાંને ત્યાં આમ અસ્થિરતામાં ચોંટ્યો રહે, સ્થિરતા ન રહે તો કહે છે સમાધિમરણ ન થાય. સમજાણું? શાંતિ... શાંતિ... શાંતિ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## સલ્લેખનાધર્મ વ્યાખ્યાન

## ગાથા-૧૭૫

હવે સલ્લેખનાનું સ્વરૂપ કહે છે :-

इयमेकैव समर्था धर्मस्वं मे मया समं नेतुम्।
सततमिति भावनीया पश्चिमसल्लेखना भक्त्या।।१७५।।

અન્વયાર્થ :- [ इयम् ] આ [ एका ] એક [ पश्चिमसल्लेखना एव ] મરણના અંતે થવાવાળી સંલેખના જ [ मे ] મારા [ धर्मस्वं ] ધર્મરૂપી ધનને [ मया ] મારી [ समं ] સાથે [ नेतुम् ] લઈ જવાને [ समर्था ] સમર્થ છે. [ इति ] એ રીતે [ भक्त्या ] ભક્તિ સહિત [ सततम् ] નિરંતર [ भावनीया ] ભાવના કરવી જોઈએ.

ટીકા :- 'इयम् एकैव मे धर्मस्वं मया समं नेतुम् समर्था इति पश्चिमसल्लेखना भक्त्या सततं भावनीया।' - અર્થ :- આ માત્ર એકલી સંલેખના જ મારા ધર્મને મારી સાથે લઈ જવાને સમર્થ છે તે કારણે દરેક મનુષ્યે આ અંતિમ સંલેખના અથવા સમાધિમરણની ભક્તિથી સદા ભાવના કરવી જોઈએ.

ભાવાર્થ :- સંસારના કારણ ક્રોધાદિ કષાય છે અને તેમનાં કારણ આહાર વગેરે પરિગ્રહમાં ઇચ્છા છે. (સ્વસન્મુખતાના બળવડે) એ બધાંને ઘટાડવા તેને જ સંલેખના કહે છે. આ સંલેખના પણ બે પ્રકારની છે. એક ક્રમે ક્રમે ત્યાગ કરવો અને બીજી સર્વથા ત્યાગ કરવો. તેથી વિચાર કરીને શ્રાવકે પોતાના મરણના અંત સમયે જરૂર જ સંલેખના કરવી જોઈએ. મેં જે જીવનપર્યંત પુણ્યરૂપ કાર્ય કર્યું છે તથા ધર્મનું પાલન કર્યું છે તે ધર્મને મારી સાથે પહોંચાડવાને માટે આ એક સંલેખના જ સમર્થ છે-એવો વિચાર કરી શ્રાવકે અવશ્ય સમાધિમરણ કરવું. ૧૭૫.

---

સલ્લેખના ધર્મ. એ સત્ લેખના ધર્મ. નીચે અર્થ કર્યો છે. નીચે. નોટ. **'સત્ = સમ્યક્ પ્રકારે,...'** નીચે. **'લેખ = કષાયને ક્ષીણ-કૃશ કરવાને સલ્લેખના કહે છે.'** જોયું! આત્મદર્શન સહિત. સત્ છે ને સત્? સલ્લેખના સમ્યક્ પ્રકારે, લેખના એટલે કષાયને ક્ષીણ (કરવા). લોભ... લોભ... લોભ.. લોભ... લોભ... ઇચ્છા. આસક્તિની ઇચ્છાને કૃશ કરવાને સંલેખના કહે છે. સમજાણું કાંઈ? દેહ છૂટવાનો કાળ તો આવશે કે નહિ? આ તો શરીરની સાથે

www.vitragvani.com



રહેવાની મુદત છે. ભગવાનઆત્મા જુદો છે. તદ્દન જુદી ચીજ છે. આ તો અમુક મુદત છે. મુદત પૂરી થશે ત્યારે ફડાક દઈને છૂટી જશે. સમ્યગ્દૃષ્ટિ શ્રાવક એવા દેહના છૂટવા કાળ પહેલા, મારો દેહ સમાધિ શાંતિથી છૂટે એવા એને વારંવાર પ્રયત્ન, પ્રયોગ અને ભાવના હોય છે. કહો, સમજાણું કાંઈ? છે ને ત્યાં અંદર? જુઓ!

**'તે અભ્યંતર અને બાહ્ય બે ભેદરૂપ છે. કાયને કૃશ કરવાને બાહ્ય..'** કહેવાય. શરીર જીર્ણ થાય. **'આંતરિક ક્રોધાદિ કષાયોને કૃશ કરવાને અભ્યંતર સલ્લેખના કહે છે.'** મરણના ટાણા પહેલા એણે આત્માના ભાન સહિત લક્ષે રાગને ઘટાડવો, ઇચ્છાને મટાડવી. મારે હવે કાંઈ કામકાજ છે નહિ. સમજાણું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પહેલી ઇચ્છા હોય એમાં આમ કરવું, આમ કરવું પડશે, વાંચવું પડશે, વિચારવું પડશે, આમ કરવું પડશે એવું કાંઈ હવે નથી. એવી ભાવના પહેલેથી છે. કાંઈ ઇચ્છા નથી, કાંઈ કરવાનું નથી. એમ મારે કાંઈ ઇચ્છા પણ કરવાની નથી. એમ પહેલેથી ભાવના કરે તો મરણ ટાણે એને સમાધિ મૃત્યુ થાય, નહિતર આમ સલવાઈ જશે. આત્માના ભાન ન હોય અને ભાન હોય છતાં આવી સ્થિરતા પ્રગટ ન કરે,.. સમજાણું? કહો, દેહ છૂટવાનો વખત તો આવશે કે નહિ? કે આમ ને આમ રહેશે હવે? ૮૪ ગયા. ૮૫મું ચાલે છે ને? કેટલામું ચાલે છે? ૮૫. છાપામાં લખાઈ ગયું છે. કાલે પેલામાં વાંચ્યું હતું. આ ચોથીએ ઉદ્‌ઘાટન છે. પેલામાં હતું ક્યાંક. ગુજરાતીમાં ક્યાંક હતું. આત્મધર્મમાં હતું. મારી પાસે નહોતું આવ્યું. ત્યાં કોઈકનું પડ્યું હતું. ચોથ, આ ભાદરવા ચોથે આવ્યા છે ને? આ 'સુમનભાઈ' આવ્યા છે ને. બે વર્ષથી અમેરિકા ગયા હતા. પહેલા એ વખતે નહોતા. તમારે લઈને મોડું થયું છે બધું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ કહે કે 'મુંબઈ'થી તો આવશે. ઠીક. એ વળી પ્રશ્ન કેવો? પણ આ કેટલા વર્ષ ગયા? જુઓને કેટલા? 'ન્યાલભાઈ'! 'ન્યાલભાઈ'ને ૮૫ વર્ષ. જુઓ! એને ૮૫મું વર્ષ ચાલે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ વાત નથી અહીં. આ તો હવે બધો છેડો સારો આવ્યો. ગયું એને સંભારવું નહિ. હવે નવું કરવાનું. આહાહા..! અરે...! ક્યાં બાપુ?

હું કોણ છું ભાઈ? ક્યાં છું? હું તો મારા જ્ઞાન આનંદ સ્વરૂપમાં છું. એવો પહેલો એણે નિર્ણય કરવો જોઈએ. હું નથી રાગમાં, નથી શરીરમાં, નથી કામમાં, નથી બાયડી-છોકરા કે ઘરમાં. આહાહા..! એવી દૃષ્ટિ કરીને પછી શાંતિથી, શાંતિથી (દેહ છોડે). વિકલ્પ ભલે કદાચ રહે. સમજાય છે? નિર્વિકલ્પ ઉપયોગ ન થાય ત્યાં. છતાં કષાયને, લોભને કૃશ

www.vitragvani.com



કર્યો હોય છે ને તો શાંતિથી દેહ છૂટે. સમજાણું? એવી ભાવના (ભાવે છે). ઉંમર જેને થઈ, પણ જેને ઉંમર નથી થઈ એને ઉંમરની ખબર છે કે ક્યારે થશે? એય..! 'મલૂપચંદભાઈ'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જુઓ આ. ડોસા પહેલા જાય કે કોણ જાય એ કાંઈ ખબર છે? નક્કી કર્યું છે?

મુમુક્ષુ :– ઢાલ તો કહેવાય ને.

ઉત્તર :– કોની કેવી ઢાલ અને કેવા... આહાહા..! જુઓને! આ બિચારા મા-બાપ બેઠા હોય અને છોકરા ચાલ્યા જાય છે. ૨૦-૨૦ વર્ષના ચાલ્યા જાય છે. એને છૂટવું ન હોય, હોં! છૂટવું માન્યું નથી તો છૂટવું કેમ હોય? એ છૂટો ભગવાન, હું છૂટો છું. મારે અને દેહને શું? આ તો માટી છે. એના કારણે આ રજકણનો ઢગલો થયો છે. મારો નથી, એમાં હું નથી. હું તો જુદી ચીજ છું. એમ અભિપ્રાયને અંતરમાં લાવી અને જુદો પાડી અને જ્યારે દૃષ્ટિ અનુભવ કરે, ત્યારે મરવા ટાણે ભવની સંધિ... એવો એક શબ્દ ક્યાંક છે. ભવના સંધિને ટાળે આવા ભાવથી મરે એવો કાંઈક પત્ર એક ઠેકાણે છે. પાછળમાં હશે ક્યાંક. ભવના સંધિ કાળે એવું કાંઈક છે. જેવા ભવના અભાવના ભાવ રાખીને દેહ છોડે એને પછી ભવ એકાદ, બે હોય, વિશેષ હોઈ શકે નહિ. સમજાણું? કયે ઠેકાણે હોય એ શી ખબર પડે? આ બાજુ છે એક ઠેકાણે. બધું કાંઈ યાદ હોય છે? આ રહ્યો. ભવના અભાવ, ભવની સંધિ છે. આ ભવ અને પેલા ભવની સંધિ છે ને? એ વખતે જેનું સમાધિ શાંત મરણ જેનું થયું, એને પછી વિશેષ ભવ હોય નહિ. સમજાણું કાંઈ? એ આમાં થોડો થોડો ખુલાસો આવશે. એ પછી કરશે. શું કીધું?

સલ્લેખનાનું સ્વરૂપ. જુઓ! ૧૭૫.

**इयमेकैव समर्था धर्मस्वं मे मया समं नेतुम्।**
**सततमिति भावनीया पश्चिमसल्लेखना भक्त्या।।१७५।।**

**'पश्चिम'** એટલે અંતિમ–છેવટનું. **'पश्चिम'** એટલે મરણના અંતે. **'पश्चिम'** આથમી જાય છે, એમ. છેલ્લું. સમ્યગ્દૃષ્ટિ શ્રાવક મૃત્યુ માટે શું વિચારે છે? ઓ..હો..! **'આ એક...'** **'पश्चिमसल्लेखना'** **'મરણના અંતે થવાવાળી સંલેખના જ મારા...'** **'धर्मस्वं'** **'આ ધર્મરૂપી ધન..'** આ ધર્મરૂપી ધન છે. ધૂળમાં પણ ક્યાંય નથી અને શરીરમાં પણ નથી. બધું પર રહી ગયું. ધર્મી સમકિતદૃષ્ટિને તો પોતાનું ધર્મરૂપી ધન છે. આત્મા વીતરાગી સ્વરૂપ, એનો અંતર અનુભવ કર્યો, જ્ઞાન કર્યું અને ઠરે છે એ ધર્મરૂપી ધન છે. કહો, સમજાણું કાંઈ?

**'ધર્મરૂપી ધનને મારી સાથે લઈ જવાને...'** મારી સાથે લઈ જવાને. પેલી ધૂળ કાંઈ સાથે નથી આવવાની. પૈસા, બાયડી, છોકરા, આબરૂ, કીર્તિ બધા ધૂળધમાહા અહીં આથમી જશે. મારા આથમવાના કાળે એટલે દેહના છેડે કાળે. **'લઈ જવાને સમર્થ છે.'** અહો..! મારું ધર્મરૂપી ધન મારી સાથે આવશે. એ આત્મા રાગથી, પરથી ભિન્ન કરીને જાણ્યો, અનુભવ્યો

અને ઠરે, એટલું આત્માનું ધન સાથે આવવાનું છે. બાકી કાંઈ ધૂળ પણ સાથે નથી આવવાની. હેરાન થઈને મરી જઈશ. સમજાણું?

**'એ રીતે ભક્તિ સહિત..'** ભક્તિ એટલે બહુ પ્રેમ સહિત આવી ભાવના કરે, એમ કહે છે. **'નિરંતર ભાવના કરવી જોઈએ.'** જોયું! જેણે આત્મા જુદો જાણ્યો, માન્યો, અનુભવ્યો છે એને મરવા ટાળે તદ્દન છૂટો શાંતિથી દેહ છૂટે એવી નિરંતર ભક્તિ સહિત, પ્રેમ સહિત એમ કહે છે. એમ નહિ કે અરે..રે...! હવે મરણ આવશે ને આમ થશે. પ્રેમ સહિત જાણે અહો..! ખરા ટાણા આવ્યા છે. મરણ મહોત્સવ, મરણનો મહોત્સવ. સમજાણું કાંઈ? 'જગતને મરણ તણી બીક, મારે મન આનંદની લહેર.' એમ કરતો દેહ છૂટે. પેલાને અરે..! આ કેમ આવ્યું? આમ થશે. મરણ કોને કહે? આત્મા મરે નહિ, આત્મા જન્મે નહિ, આત્માને આયુષ્યનું જીવન નહિ.

આત્મા ભગવાન સ્વરૂપ છે, એની શુદ્ધતાનું ભાન, એને શુદ્ધતાના ભાન સહિત દેહ છૂટે એવી ભક્તિ સહિત હંમેશા ભાવના કરે. એ શ્રાવકનું જ હંમેશાનું એ જાતનું જેમ બાર વ્રત છે એવો એ જાતનો નિયમ છે, શીલ છે. આ જાતનો એક શીલ સ્વભાવ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૬૮ ગાથા–૧૭૫ – ૧૭૬ શનિવાર, અષાઢ વદ ૧, તા. ૨૨-૦૭-૧૯૬૭

---

આજે શ્રાવણ વદ ૧ છે. અષાઢ વદ ૧ એટલે શાસ્ત્રની શ્રાવણ વદ ૧ છે. આ પૂનમ છે. પૂનમ એટલે પૂર્ણ માસ. અમાસ એટલે અર્ધ માસ. આપણે અત્યારે એમ ચાલે કે અમાસે મહિનો પૂરો થાય. બાકી ખરેખર તો અમાસ એટલે અર્ધ માસ. પૂનમ એટલે પૂર્ણ. અષાઢ સુદ પૂનમે અષાઢ મહિનો પૂરો થયો. શ્રાવણ વદ ૧. આજે પહેલા મહિનાનો દિવસ. ચોમાસાનો દિવસ, ઋતુનો દિવસ. ભગવાનની વાણી આજે શ્રાવણ વદ ૧ મે છૂટી. ભગવાન મહાવીર પરમાત્મા એને વૈશાખ સુદ ૧૦. કેવળજ્ઞાન થયેલું. પણ ૬૬ દિવસ સુધી વાણી નીકળી નહિ. બે મહિના અને છ દિવસ. વિપુલાચલ પર્વત ઉપર ભગવાનની વાણી આજ શ્રાવણ વદ ૧, ગૌતમ ગણધરની હયાતીમાં. ગૌતમ આવ્યા અને ભગવાનની વાણી નીકળી, એ આજનો દિવ્યધ્વનિનો દિવસ છે. એમાંથી ગણધરદેવે આજે અંતર્મુહૂર્તની અંદર ચૌદપૂર્વ અને બારઅંગની રચના કરી.

ભગવાનની વાણી ૬૬ દિવસથી બંધ હતી, એ આજ વાણી નીકળતા ગણધરદેવની શક્તિ ઘણી અંદર. પહેલા તો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ હતા, પણ આ પાત્રજીવ આવ્યા અને એમાંથી એને ઘણી સમૃદ્ધિ પ્રગટી. ભગવાને ભાવશ્રુતનો ઉપદેશ આપ્યો અને ગણધરદેવે આજે દ્રવ્યશ્રુતની રચના કરી. સમજાણું કાંઈ?

www.vitragvani.com



મુમુક્ષુ :– આજે સાંભળ્યું અને આજે જ રચના કરી?

ઉત્તર :– આજ. સાંભળીને આજ રચના કરી. કાંઈ તમારી જેમ વાર લાગે એમ ન હોય ત્યાં. ફરીને કહો, ફરીને કહો, એમ ન હોય ત્યાં. 'સેઠી'! મહા તીર્થંકર જેવી એની વાણી અને ગણધર ગૌતમ જેવા પાત્ર. એમાં શું કહેવું!

મુમુક્ષુ :– અંતર્મુહૂર્તમાં?

ઉત્તર :– અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરી નાખી. ભગવાનની વાણી એક સાથે નીકળી. ૐ ધ્વનિ. આજે શ્રાવણ વદ એકમ. વિપુલાચલ પર્વત. પાંચ પર્વત છે ને? રાજગૃહી નગરીમાં પાંચ પર્વત (છે). ત્યાં પરમાત્મા કેવળજ્ઞાન તો પામેલા હતા, પણ એ પાત્ર વિના દિવ્યધ્વનિ નીકળી નહિ. એમ શાસ્ત્રમાં વ્યવહારે બોલાય. બાકી દિવ્યધ્વનિ નીકળવાનો કાળ જ આજે શ્રાવણ વદ ૧ હતો. ભાવશ્રુતનો ઉપદેશ. કેવળજ્ઞાન તો કાંઈ ઉપદેશ આપે? ભાવશ્રુતનો ઉપદેશ આપ્યો એમ કહેવામાં આવે છે.

ગણધરદેવે રચના કરી. એમાંથી ષટ્ખંડાગમ પરંપરાએ જે રહ્યા, ધરસેનાચાર્ય મહારાજ દિગંબર સંત મુનિ ગીરનારની ગુફામાં રહેતા હતા. દિગંબર મુનિ. એમણે ષટ્ખંડાગમની રચના કરી. એ ભગવાનની દિવ્યધ્વનિને અનુસરીને એ બધી વાણી છે. બારઅંગની રચના એની વાણી (છે). શ્વેતાંબરે રચ્યા છે એ તો પોતાની કલ્પનાથી રચ્યા, એ કાંઈ ભગવાનની વાણી નથી. સમજાણું કાંઈ? દિગંબરમાંથી શ્વેતાંબર નીકળ્યા બે હજાર (વર્ષ પહેલા). એ પોતાની કલ્પનાથી બધા બનાવ્યા છે. આ તો ભગવાનની વાણી જે ત્રિલોકનાથ પરમેશ્વર, એની વાણી નીકળી, એમાંથી બાર અંગ રચ્યા, એને અનુસારે બાકી જે થોડું રહ્યું, એ ધરસેનાચાર્ય અહીં સૌરાષ્ટ્રમાં 'ગીરનાર' ઉપર ચંદ્રગુફામાં રહેતા હતા અને એમણે આ બે સાધુઓને (શિક્ષા આપી). એ ધવલ આદિ ટીકા છે. કહો, એ ભગવાનની દિવ્યધ્વનિનો આજનો દિવસ છે. શાસનની ઉત્પત્તિનો. ગણધર પણ આજે જ ઉત્પન્ન અને બારઅંગની રચના પણ આજે જ થઈ. ભગવાનની વાણી પણ આજે જ નીકળી. બધી આજની ઉત્પત્તિનો દિવસ છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો ઘણું બધું આવે છે. ... નક્ષત્ર હતું, આ .. મુહૂર્ત હતું. એ વખતે વાણી નીકળી. એવું ધવલમાં આવે છે. ધવલ છે ને ધવલ?

સનાતન સત્ય વીતરાગના તત્ત્વોનું કથન વીતરાગે વાણી દ્વારા કહ્યું એ જ તત્ત્વો અત્યારે દિગંબર શાસ્ત્રોમાં એ જ વાણી ચાલી આવે છે. કહો, સમજાણું કાંઈ? સંતોએ, કુંદકુંદાચાર્ય મહારાજે પણ એ પરંપરાનું જે અધ્યાત્મ તત્ત્વ હતું, એ એમણે 'સમયસાર' આદિમાં રચ્યું. આ 'અમૃતચંદ્રાચાર્ય' નવસો વર્ષ પહેલા દિગંબર મુનિ, મહા સંત (થયા), જેણે 'કુંદકુંદાચાર્ય'ની ટીકાઓ કરી, એનું કરેલું આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' પુસ્તક છે.

મહામુનિ ધર્મના થાંભલા, ધર્મના ધોરી, કેવળજ્ઞાનને ટકાવનારા એ થાંભલા હતા. એવા દિગંબર સંતો... આહાહા..! જેણે અંતરના કામ કર્યા છે. ભાવલિંગ. જેને ગણધર નમસ્કાર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કરે એવી શક્તિ એમને પ્રગટ હતી. સમજાણું? એ આજનો દિવસ ભગવાનની દિવ્યધ્વનિનો છે. શ્વેતાંબરમાં તો એમ આવે છે કે આ વાણી નીકળી ખરી પણ ધર્મ પામ્યા નહિ. એમ હોઈ શકે નહિ, હોઈ શકે નહિ. વાણી નીકળે અને ધર્મ પામનારા ન હોય એમ બને નહિ. કેમ? પૂર્વે એવા જ વિકલ્પમાં તીર્થંકરગોત્ર બંધાઈ ગયું છે, કે કોઈપણ જીવ ધર્મ પામે અથવા હું પૂર્ણ થાઉં, એવા વિકલ્પમાં બંધાય એટલે વાણી નીકળે ત્યારે ધર્મ પામનારા હોય, હોય ને હોય જ. સમજાણું કાંઈ?

ગણધરને આજે ચાર જ્ઞાન, ચૌદ પૂર્વ અંતર્મુહૂર્તમાં પ્રગટ્યા. અંતર્મુહૂર્તમાં. અને અંતર્મુહૂર્તમાં બારઅંગની રચના. કહો, 'પોપટભાઈ'! કેટલી શક્તિ હશે? એ આત્માની શક્તિ છે કે નહિ? એ બધી આત્માની શક્તિ છે. એ કાંઈ નથી અને આવી એમ છે નહિ. આત્મામાં બધી શક્તિઓ પડી છે. પ્રગટ કરે ત્યારે તે પર્યાયરૂપે આવે છે. કહો, સમજાણું કાંઈ? હવે આપણે અહીં સમાધિમરણની વાત ચાલે છે. સમાધિમરણ. ૧૭૫ ગાથા. સંલેખનાનું સ્વરૂપ.

**इयमेकैव समर्था धर्मस्वं मे मया समं नेतुम्।**
**सततमिति भावनीया पश्चिमसल्लेखना भक्त्या।।१७५।।**

એની ટીકા. ટીકા લ્યો. અર્થ આવી ગયો હતો. **'આ માત્ર એકલી સંલેખના જ મારા ધર્મને મારી સાથે લઈ જવાને સમર્થ છે...'** શું કહે છે? એ ધર્મીજીવ (એટલે) જેને આત્માની અનંત લક્ષ્મી, આત્મામાં અનંતજ્ઞાન-દર્શન આદિ લક્ષ્મી પડી છે, એવું જેને ભાન થયું છે. આત્મામાં બેહદ આનંદ, બેહદ શાંતિ એટલે ચારિત્ર–વીતરાગતા. અનંતજ્ઞાન, અનંતવીર્ય, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવી વસ્તુમાં શક્તિ, એવું સત્ત્વ, એવો સ્વભાવ છે એવું અંતર્મુખ થઈને સમ્યગ્દર્શનમાં સ્વસન્મુખતામાં ભાન થયું છે, એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. શ્રાવક થવા પહેલા આ સમ્યગ્દર્શન હોય છે. કહો, સમજાણું કાંઈ?

મારી સંપદા–આનંદ અને શાંતિ મારી પાસે છે. બહારના વિકલ્પો કરવા એ તો બધો એકલો દુઃખનો રસ્તો છે. કહો, સમજાણું કાંઈ? જેટલા બહિર્મુખના શુભ-અશુભ રાગ થાય, એ બધા દુઃખના રસ્તા છે. ભગવાનઆત્મા, સમ્યગ્દૃષ્ટિને પ્રથમ ધર્મમાં આત્મા આનંદ છે, જ્ઞાનસ્વરૂપ છે, શાંત છે અને બેહદ શાંતિ અને બેહદ આનંદનો ભંડાર છે. એવી સ્વસંપત્તિની લક્ષ્મીનું જેને અંતરમાં ભાન (થયું છે) તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. એ સમ્યગ્દૃષ્ટિ પછી શ્રાવક થાય છે. એટલે કે સ્વરૂપમાં વિશેષ લીનતા કરે છે ત્યારે તેને બાર વ્રતના ભાવ હોય છે અને તેને આ સંલેખના કરવાનો ભાવ હોય છે. કહો, સમજાણું?

**'આ માત્ર એકલી સંલેખના...'** 'એકલી સંલેખના' એમ શબ્દ છે. આત્મામાં દેહ છૂટવાને કાળે... દેહ તો છૂટશે જ. એ તો પરવસ્તુ છે. એ ક્યાં આત્માની ચીજ છે? પણ છૂટવાને કાળે હું શાંતિથી... શાંતિથી મારા સ્વભાવની શાંતિ દ્વારા દેહ છૂટે, એવી ભાવના સમ્યગ્દૃષ્ટિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શ્રાવકને મૃત્યુ થવા પહેલા સંલેખનાની આવી ભાવના હોય છે. કહો, સમજાણું કાંઈ? આ પૈસો બાયડી, છોકરા, કુટુંબ તો ધૂળ, પર છે. એ કાંઈ સાથે આવવાનું નથી. એ તો ધૂળ, પર છે. એના ઉપર તો લક્ષ છે એ દુઃખ જ છે.

આત્મા આનંદસ્વરૂપ છે એની દૃષ્ટિ થઈ છે અને એ દૃષ્ટિનું ધ્યાન અને જ્ઞાન કર્યું છે અને અંદરથી લક્ષ્મી મેળવી છે. શાંતિની લક્ષ્મી આત્મામાંથી મેળવી છે. એ વિચારે છે કે હું આ શાંતિની લક્ષ્મીનું ધન, મારું ધન આ છે. એ મૃત્યુકાળે દેહ છોડું, સાથે લક્ષ્મી લઈને જાઉં. કહો, સમજાણું આમાં? અનાદિકાળથી મર્યો છે એ દુઃખના ભાવે આકુળતામાં ટળવળીને મર્યો છે. ટળવળ ટળવળ હાય.. હાય.. કારણ કે આત્માનું ભાન ન મળે. નિજ સ્વરૂપમાં સંપદા પડી છે તેની દૃષ્ટિ થઈ નહિ. એના નિધાન પડ્યા છે એની એને ખબર નહિ. એથી મરતા અનંતકાળમાં અનંતવાર ટળવળીને આકુળતામાં, અશાંતિમાં મર્યો છે. હવે ધર્મી શાંતિમાં દેહ છોડવા માગે છે. 'સેઠી'! આહાહા..! આ શાંતિ એટલે આત્માના સ્વરૂપના ભાન વિના... જુઓને!

'શ્રીમદે' 'આત્મસિદ્ધિ'માં પહેલી લીટીમાં કહ્યું ને?

**જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,**
**સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.**

'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત' મારું શુદ્ધ આનંદસ્વરૂપ, આત્મા સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપ, એના સમજ્યા વિના કોઈપણ ભવમાં એને જરાપણ શાંતિ મળી નથી. દુઃખ, દુઃખ અને દુઃખ. દુઃખ, દુઃખ અને દુઃખ. આહાહા..! સાધુ થયો, દિગંબર થયો પણ મિથ્યાદૃષ્ટિ. પુણ્યની ક્રિયા, દયા, દાનના ભાવ એ મારો ધર્મ છે, એ ધર્મ કરું છું. એવી મિથ્યાદૃષ્ટિમાં એના પણ મૃત્યુ દુઃખમાં, અશાંતિમાં થયા. સમજાણું કાંઈ?

ધર્મી શાંતિથી દેહ છોડવા માગે છે. પોતાનો શાંત સ્વભાવ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ભાન આવ્યું અને થોડો પ્રગટ થયો છે, એ શાંતિનો ધર્મ કષાયને કૃશ કરી, શરીર તો કૃશ થાય એને કારણે, મૃત્યુ વખતે સ્વસન્મુખતાના આત્મબળે શાંતિથી દેહ છોડું. એનું નામ સમાધિમરણ કહેવામાં આવે છે. કહો, 'સેઠી'!

**'આ માત્ર એકલી સંલેખના જ...'** મારા ધર્મને માટે. છે ને? **'ધર્મસ્વં'** લ્યો. મારા **'ધર્મસ્વં'** **'નેતુમ્'** **'લઈ જવાને...'** અહો...! મારો સ્વભાવ પુણ્ય-પાપના કષાય રહિત મારો સ્વભાવ (છે), એવી જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની મેં પ્રાપ્તિ કરી છે, એ લક્ષ્મી મૃત્યુના કાળે પણ સાથે લઈને જાઉં એવી ભાવના ધર્મીને મૃત્યુ પહેલા વારંવાર આવે છે. કહો, સમજાણું કાંઈ? **'એકલી સંલેખના જ...'** કષાયનો કૃશ કરવો, અકષાયને પ્રગટ કરવું એ એક જ સંલેખના **'મારા ધર્મને મારી સાથે લઈ જવાને...'** એ સંલેખના સમર્થ છે. સમજાણું કાંઈ ?

'જગતને મરણ તણી બીક છે, મારે મન આનંદની લહેર જો. જગતને મરણ તણી

www.vitragvani.com



બીક છે.' ધર્મી મૃત્યુકાળે.. મૃત્યુને દેખીને બીજા ભય પામે છે. દેહ છૂટશે... દેહ છૂટશે... ધર્મીને (એમ લાગે છે), મારા આનંદનો અવસર છે આ. આહાહા..! મારો મૃત્યુ મહોત્સવ છે. સમજાણું કાંઈ? જેણે આત્માની શાંતિના ભાવને પ્રગટ કર્યો છે, એ કહે છે કે મૃત્યુકાળ એ તો મારો મૃત્યુમહોત્સવ છે. એક શબ્દ 'શ્રીમદ્દે' નહોતો કર્યો થોડો? દેહ છૂટવા કાળે એક શબ્દ નીકળ્યો હતો. આમાં નીકળ્યો હતો? કેટલામાં? જુઓ!

'પરમયોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી. તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે તેનો સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ...' જ્યાં સુધી અહીં વર્તે ત્યાં (સુધીમાં) અસંગપણું, દેહથી ભિન્નપણું, નિર્મોહપણું કરી લઈ, 'અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી...' અબાધ્ય. જેને કોઈ બાધા નથી, વિઘ્ન નથી એવું ભગવાનઆત્માનું સ્વરૂપ, એને અનુભવસ્વરૂપ એવું નિજ સ્વરૂપ, એવું નિજ સ્વરૂપ 'જાણી, બીજા સર્વભાવપ્રત્યેથી વયાવૃત્ત થવું...' છૂટા થવું. 'કે જેથી ફરી જન્મમરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે...' તે દેહ છોડતી વખતે. છોડતી સમજો છો ને? 'જેટલા અંશે...' તે દેહ છોડતી વખતે, છૂટવા કાળે 'જેટલા અંશે અસંગપણું...' દેહ છોડવા ટાણે જેટલા અંશે અસંગપણું. પહેલેથી અસંગપણું સાધ્યું છે. 'દેહ છોડવા ટાણે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું,...' સ્વરૂપ સાવધાનીથી પરમાં મોહરહિતપણું 'યથાર્થ સમરસપણું રહે છે...' યથાર્થ સમરસ-વીતરાગતા, જ્ઞાતાદષ્ટાપણું રહે છે. 'તેટલું મોક્ષપદ નજીક છે.' 'સેઠી'! શું કહ્યું? જુઓ!

દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, પરથી ભિન્નપણું, નિર્મોહપણું, સ્વરૂપમાં સાવધાનપણું, પરમાં અસાવધાનપણું, યથાર્થ સમરસપણું. ઉપયોગમાં શાંતરસ... શાંતરસમાં ઉપયોગપણું રહે છે તેટલું મોક્ષપદ નજીક છે. એમ પરમજ્ઞાની પુરુષનો નિશ્ચય છે. ૩૦. ૩૦. 'પરમ ઉપકારી આત્માર્થી સરળતા આદિ ગુણસંપન્ન શ્રી સોભાગ્ય' એના ઉપર છે. 'સોભાગભાઈ' ઉપર છે. 'સાયલા'માં 'સોભાગભાઈ' હતા ને. એમના ઉપર બહુ પ્રેમ હતો. 'સોભાગભાઈ'ને એના ઉપર બહુ પ્રેમ. મા-બાપ જેવો પ્રેમ હતો. એમને આ લખ્યું છે.

(ઋષભાદિ તીર્થંકર જેવા પણ) તે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એવો એક વિશેષ છે કે જ્યાં સુધી દેહનો સંબંધ વર્તે, ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ, અબાધ્ય અનુભવસ્વરૂપ, નિજસ્વરૂપ જાણી લેવું. બીજા સર્વભાવ... જુઓ! અહીં જાણવું કીધું. બીજા સર્વભાવ પ્રત્યેથી છૂટવું-ખસી જવું. 'કે જેથી ફરી જન્મ-મરણનો ફેરો ન રહે.' આહાહા..! ચોરાશી લાખના અવતાર. નરકના, નિગોદના. કેવા કચ્ચરઘાણ. આ સડક ઉપર કાચીડા નીકળે છે ને. મોટરો નીકળે, મોટરો નીકળે તો ભૂક્કા. ભગવાનઆત્મા ચાલ્યો જાય છે. વસ્તુની તો ખબર નથી. સમજાણું કાંઈ?

મરવા ટાણે, દેહ છોડવા ટાણે, દેહ છૂટ્યા પહેલા જેણે પોતાનું અસંગસ્વરૂપ પરથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સંગરહિત છે, રાગનો સંગ નથી એવું એ તત્ત્વ છે. ભગવાનઆત્મા, એ પુણ્ય-પાપના રાગનો સંગ નથી એવું અસંગ તત્ત્વ છે. પર પ્રત્યે નિર્મોહપણું છે, સ્વમાં અસંગપણું છે. એવું અવ્યાબાધ અનુભવસ્વરૂપ નિજસ્વરૂપ જાણવું, પ્રતીત કરવી, અનુભવવું અને દેહ છોડવા ટાણે સમરસપણે દેહ છૂટે છે. તેટલો તેને મોક્ષ નજીક છે. આ ભવની સંધિ છે ને? આ ભવની સંધિ છે. સંધિ વખતે સમરસ જેટલો રહ્યો, એટલો મોક્ષ નજીક છે. સમજાણું કાંઈ? કહો, એક પણ પાઈ સાથે આવે એવું નથી. છોકરો સાથે આવશે? આ સાથે આવે મડદા? આ તો મડદું છે. જગતની માટી છે.

મુમુક્ષુ :– જન્મવા ટાઈમે ક્યાં...

ઉત્તર :– અત્યારે પણ ક્યાં ભેગું છે? એ તો જુદે જુદા છે. આહાહા..! આ બધી સમૃદ્ધિ-ઋદ્ધિ તો જડની છે. આત્માની છે? ધૂળમાં પણ નથી. આહાહા..! જેને જન્મ-મરણના ફેરા ટાળવા છે, એણે જન્મ-મરણ રહિત એવું ભગવાનઆત્માનું અસંગસ્વરૂપ, એને પ્રથમ જાણીને અનુભવવું જોઈએ. અને તે અનુભવનો ધર્મ, ભાવના ભાવતાં, દેહ છોડવા ટાણે પણ હું શાંતિથી દેહ છોડું. છૂટવા કાળે છૂટશે જ. એમાં કોઈ દેવ, ઇન્દ્ર આવે તો રોકી શકે એવું નથી. સમજાણું કાંઈ? એમ પરમજ્ઞાની પુરુષનો નિશ્ચય છે એમ કહ્યું છે. સમજાણું?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ૩૦માં વર્ષનો પત્ર છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' 'જેને કોઈપણ પ્રત્યે રાગદ્વેષ રહ્યા નથી તે મહાત્માને વારંવાર નમસ્કાર.' એમ કરીને પત્ર લખ્યો છે. સમજાણું?

મુમુક્ષુ :– પત્રનો નંબર શું છે?

ઉત્તર :– પત્રનો નંબર હશે. ૩૦માં વર્ષમાં છે. અહીં તો પરમ દિ' વાત એ હતી કે ભવની સંધિ ટાણે ભવનો ભવ બદલાય છે ને? એ ભવ બદલાય છે ત્યારે જેટલા ભવના ભાવ રહિત અસંગપણે સ્થિરતા કરી, એટલો એને ભવના અભાવ ને મોક્ષની નજીક છે એ. સમજાણું કાંઈ? નહિતર એ વખતે આમ...

એક જણો કહેતો હતો, એક પૂછતો હતો, દિગંબર આવ્યો હતો. મહારાજ! આ અત્યારના પંચમ આરાના મરણ આવા.... કારણ કે સમ્યગ્દર્શનનું ભાન નથી અને શ્રાવક થઈને બેઠા અને સાધુ થઈને બેઠા. મરતા ટાણે પછી હાય.. હાય.. આમ આકુળતા હોય. તરફડિયા મારતા હોય. કારણ કે વસ્તુની ખબર નથી, પુણ્ય-પાપના રાગથી મારી ચીજ ભિન્ન છે એવો અનુભવ દૃષ્ટિ કરી નથી. અને ક્રિયાકાંડમાં માન્યું હોય કે આ અમે ધર્મ કરીએ છીએ, એ મરવા ટાણે પછી આકુળતા. આહાહા..! એ પૂછતો હતો કે મહારાજ! આ પંચમકાળના આવા સમાધિમરણ હશે? અરે..! ભાઈ! એ સમાધિમરણ નહિ. કારણ કે શ્રાવકને, મુનિને ઘણાને મરતા જોયા હોય, દુઃખી થતા, ટળવળતા જોયા હોય. તડફડિયા મારે.

ધર્મીના મરણ, ધર્મીનું જીવન, જીવનકાળમાં જ મૃત્યુકાળની જે દશા થવાની છે એનું

www.vitragvani.com



સાધન પહેલેથી કર્યું છે. સમજાણું કાંઈ? દેહના જીવનકાળમાં, એમ અંદર આવ્યું ને? સંબંધ કાળમાં. સમજાણું કાંઈ? આ દેહના સંબંધ કાળમાં સંબંધ રહિતપણું સાધ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો જેને આત્માનું હિત કરવું હોય એની વાત છે. બાકી તો અનંતકાળમાં રખડ્યા કરે, ધૂળ-ધાણી. આહાહા..! રાજપાટ પણ અનંતવાર મળ્યા. અબજો રૂપિયા એક દિવસની પેદાશ થાય એવા રાજ અનંતવાર મળ્યા. શું? દુઃખી. શું? દુઃખી. દુઃખના ડુંગરે માથા ફોડતો હતો. આહાહા..!

મુમુક્ષુ :– એમાં શાંતિ અને આનંદ ક્યાં છે.

ઉત્તર :– શેની શાંતિ? જ્યાં શાંતિ છે એની તો દૃષ્ટિની ખબર નથી. શાંતિ તો આત્મામાં છે. અકષાયસ્વરૂપ. સમજાણું? સમજાણું કાંઈ? અહો..!

**इयमेकैव समर्था धर्मस्वं मे मया समं नेतुम्।**

બસ, આહાહા..! મારી શાંતિ. હું પુણ્ય-પાપના રાગ રહિત, એ ક્રિયાકાંડના, દયા-દાનના વિકલ્પ છે એ વિકાર આસ્રવ છે, એનાથી હું રહિત, અજીવથી રહિત, આનંદથી સહિત (છું). આહાહા..! એવા આત્માનું મારું ધન, એ મારું ધન. આ ધૂળનું ધન તો મરીને નરકમાં લઈ જવા માટે છે. સમજાણું કાંઈ? એય..! 'જયંતિભાઈ'! તમારે ક્યાં છે પણ હવે? છોકરા બોકરા...

મુમુક્ષુ :– એ તો પરધન છે.

ઉત્તર :– પરધન છે?

મુમુક્ષુ :– આપણા ઘરડાઓ માટે બરાબર છે. યુવાન માટે...

ઉત્તર :– યુવાન કોને કહેવો? શરીર હાડકા જડના છે એમાં આત્માને ક્યાં આવ્યું? યુવાની એટલે માંસ અને હાડકા કઠણ, એને યુવાન કહે. પણ આત્માને યુવાની ક્યાં આવી? આત્મા તો જે છે એ છે. અનાદિઅનંત છે. એ બાળક પણ નથી, યુવાન પણ નથી, વૃદ્ધ નથી, સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક પણ નથી. આહાહા..! એવો ભગવાનઆત્મા અંતર્મુખ ચૈતન્યને સંભાળીને, શોધીને, ગોતીને જે શાંતિ મેળવી છે, એવા ધર્મીને આ મારું ધન (છે). એ સંલેખના એક જ સાથે લઈ જવાને સાધન છે, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આ લક્ષ્મી તો.. કદાચિત કહે, મારી સાથે આપજો. કોણ લઈ જઈ શકે છે?

**'મારા ધર્મને મારી સાથે લઈ જવાને સમર્થ છે તે કારણે દરેક મનુષ્યે...'** જુઓ! **'આ અંતિમ સંલેખના...'** **'પશ્ચિમ'** છે ને? **'પશ્ચિમ'**. **'અથવા સમાધિમરણની ભક્તિથી...'** ભક્તિથી. **'સંલેખના અથવા સમાધિમરણની ભક્તિથી સદા ભાવના કરવી જોઈએ.'** સમજાણું?

**ભાવાર્થ :– 'સંસારનાં કારણ ક્રોધાદિ કષાય...'** છે. સંસારનાં કારણ મિથ્યાત્વ કષાય છે. મિથ્યાત્વ તો ટાળ્યો છે. હવે ક્રોધાદિ કષાય છે એ સંસારના કારણ છે, એમ કહેવું છે. **'તેમનાં કારણ આહાર વગેરે પરિગ્રહમાં ઇચ્છા છે.'** તેમનાં કારણ આહાર વગેરે પરિગ્રહમાં ઇચ્છા. આહાર, લક્ષ્મી, શરીર આ બધું બાયડી, છોકરા, મકાન.

**'(સ્વસન્મુખતાના બળવડે) એ બધાંને ઘટાડવાં...'** આત્માની અંતર શુદ્ધ સ્વરૂપની સન્મુખ થઈને એ કષાયને, રાગ-દ્વેષને ઘટાડવા એ ખરેખર ઘટાડ્યા કહેવાય છે. સ્વસન્મુખતા વિના રાગની મંદતા જે થાય તે ઘટ્યા જ નથી. દૃષ્ટિ ત્યાં મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના રાગ સન્મુખ બુદ્ધિ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય-પાપના રાગરહિત ભગવાનઆત્મા શુદ્ધસ્વરૂપે બિરાજમાન પ્રભુ પોતે (છે), એની અંતર સન્મુખ થઈને, સ્વભાવ સન્મુખ થઈને, સ્વભાવમાં એકાગ્ર થઈને એ કષાયોને ઘટાડવા **'તેને જ સંલેખના કહે છે.'** તેને સંલેખના કહે છે. સત્ લેખના કીધું ને? આવી ગયું હતું ને? નીચે આવી ગયું હતું એ. **'સત્ = સમ્યક્‌પ્રકારે, લેખના = કષાયને ક્ષીણ-કૃશ કરવાને સલ્લેખના કહે છે.'**

મુમુક્ષુ :– આહાર વગેરે

ઉત્તર :– એ મમતા. આહાર આદિ મમતાનું કારણ છે. મમતા ઘટાડવી એમ કહે છે.

મુમુક્ષુ :– વગેરે એટલે શું?

ઉત્તર :– આ શરીર, લક્ષ્મી, બાયડી, છોકરા, મહેન્દ્રભાઈ. નવું મકાન બનાવ્યું છે ને? લાખ રૂપિયાનું મકાન, કેટલું બનાવ્યું! બગીચા ને બગીચા આમ. કોઈ મારું નહિ... કોઈ મારું નહિ... મારું કોઈ નથી. 'સેઠી'એ ત્યાં 'જયપુર'માં નવા મકાન બનાવ્યા છે. એ 'જયપુર'ના 'સેઠી'! કહેવાયને એ. 'મહેન્દ્રભાઈ' તો એના છે ને. અમારા 'હરિચંદ' હતા, 'હરિચંદ્રભાઈ'. નહોતા આ તમારા ખસવાળા. 'હરિચંદભાઈ' છે ને? એકવાર એની બા બહુ વખાણ કરતા હતા. હું વ્હોરવા ગયો હતો. આ નવા મકાન કરાવ્યા હતા ને ? એની બા કહે, મારા 'હરિચંદ્રે' જુઓ! કાકાનાં દીકરાને પરણાવ્યો. આ નહિ 'શિવલાલ'નો દીકરો. 'શિવલાલ'નો ને? જુદા હતા એને પરણાવ્યો. એને આમ કરાવ્યું, ફલાણું, ઢીકણું, ભાઈ! 'હરિચંદ્ર'તો બહુ આવા. પછી 'હરિચંદ્ર' કહે, બા! તું કોની વાત કરે છે? હું પણ કોનો છું? હું તારો છું કે નહિ? એમ કહે છે લ્યો. આહાર વ્હોવરાવા વખતે (વાત થઈ હતી). એણે નવા મકાન કર્યા છે ને? ખસમાં. ત્યાં એમ કહે, આમ કર્યું, મારા 'હરિચંદ્રે' આમ કર્યું... આમ કર્યું... કાકાના દીકરાને પરણાવ્યા, ઠેકાણે પાડ્યું, મકાન (કરાવ્યા), ભાઈઓને આમ કર્યું. 'હરિચંદ્ર' કહે પણ બા 'હરિચંદ્ર' છે કોનો? હું તો તારો છું. એય..! 'સેઠી'!

મુમુક્ષુ :– એ મહેન્દ્રભાઈમાં લાગુ પાડવાનું ને?

ઉત્તર :– એમ લાગુ પાડ્યું. 'મહેન્દ્રભાઈ' કરે પણ 'મહેન્દ્રભાઈ' છે કોના? ઘણા વર્ષની વાત છે, હોં! (સંવત) ૧૯૯૯ ની સાલમાં તમે હતા ને? હા, બસ ૧૯૯૯-૯૯. ૧૯૯૯ની સાલમાં બોટાદથી ઉતરીને, નહિ પેલા ડેલામાં? કાગડો પાણી પીતો હતો એ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો રસ્તામાં હતું. થોડું.

અહીં કહે છે... આહાહા..! પણ આ જ્ઞાન અને આનંદ કોનો? એ આત્માનો, એમ

www.vitragvani.com



કહે છે અહીં. સમજાણું કાંઈ ? આહાહા..! કોના દીકરા અને કોના મા? કોનું શરીર અને કોની વાણી? જગતની ચીજો જડ છે. અહીં તો રાગ પણ આત્માનો નહિ અને રાગ મારો માને તે મૂઢ જીવ છે. એને અશાંતિના, અશાંતિના જીવન છે. શું? એ રાગ, પુણ્ય-પાપ મારા, પુણ્ય મારા એવી માન્યતાવાળાનું જીવન અશાંતિ છે એમ કહે છે. કારણ કે રાગ અશાંતિ છે અને એ મારા માન્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજી ચીજ તો ક્યાંય રહી ગઈ. પણ પુણ્ય-પાપના ભાવ જે આસ્રવ છે, એ મારા માન્યા છે તો આસ્રવ તો દુ:ખરૂપ અને અશાંતિ છે. અશાંતિને મારી માની તો અશાંતિમાં એ પડ્યો છે. આહાહા..! 'રાજમલજી'! બરાબર છે ? આહાહા..! સમજાણું કાંઈ?

જેણે દેહના સંબંધના જીવનમાં, જેણે પુણ્ય અને પાપના ભાવ રાગ, એ બધો રાગ છે, એને પોતાના માન્યા છે તે અશાંતિના જીવને જીવે છે. અને મરવા ટાણે એ અશાંતિથી દેહ છોડશે. સમજાણું કાંઈ? પણ દેહના સંબંધના જીવનકાળમાં જેણે પહેલેથી પુણ્ય-પાપના, આકુળતાના એ અશાંતિના ભાવ, એનાથી મારી ચીજ શાંતિથી ભરેલી જુદી છે, એવું જેણે પોતાના શાંત સ્વભાવમાંથી શાંતિ કરીને એ શાંતિ મારી છે, અશાંતિ મારી નથી, એવા જેણે જીવન કર્યા છે, એને મૃત્યુ ટાણે તે ધર્મધન, સંલેખના સાથે લઈ જવાનું સાધન છે. આહાહા..! અહીં બધા ટળવળીને ઉં..ઉં... કરીને પડ્યા રહેશે.

પૈસા હશે, બાયડી, છોકરા એં.એ.. ટકટક રોશે. આમ કરશે. એ રોશે પછી સામું જોશે તો એને પણ મમતા થશે. હાય.. હાય.. મારા મર્યા પછી આનું શું થશે? પણ તારું ભવિષ્યમાં શું થશે? એનું કાંઈ કર્યું? મરતા ટાણે છોકરાની સંભાળ કરે કે આને સંભાળજો. એય..! 'મલૂપચંદભાઈ'! હવે મારી તૈયારી થઈ ગઈ છે. આ છોકરાઓને સંભાળજો, આ છોડી નાની છે, એને આમ છે, તેમ છે. હવે પણ તારે ક્યાં જવું છે એનું તો કર હવે. મરીને અહીં હોળી સળગાવે છે. પણ ભારે પણ.

કહે છે કે અરે..! હું અત્યારે એકલો છું. એકલો છું કોનાથી? રાગ અને પરથી હું ભિન્ન એકલો છું. અત્યારે. એવા એકલાપણું જેણે બેકલાપણામાંથી છોડીને કર્યું છે એને મરવા ટાણે એકલાપણે શાંતિથી દેહ છૂટશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ સંથારો.

ઉત્તર :– આ સંથારો. સંથારો શું બીજો ક્યો હતો? આમ અપવાસ કરીને પડ્યો રહે એ સંથારો?

મુમુક્ષુ :– આ જે કહ્યું તે હિન્દીમાં કહો.

ઉત્તર :– શું કહે છે? એમ કહ્યું, પહેલા જેના જીવનમાં, પહેલા જીવનમાં–આયુષ્યના જીવનમાં શરીરથી હું ભિન્ન અને પુણ્ય-પાપના રાગથી હું ભિન્ન (છું) એવી શાંતિ જેણે પ્રગટી છે, એ મૃત્યુ ટાણે શાંતિ લઈને ચાલ્યો જશે. પણ જીવનમાં પુણ્ય-પાપનો રાગ એ

www.vitragvani.com



મારો છે, એમ માનીને જીવે છે એ અશાંતિમાં જીવે છે અને મૃત્યુ ટાણે અશાંતિ લઈને દુઃખમાં ચાલ્યો જશે. સમજાણું કાંઈ? જેણે મૃત્યુ પહેલા દેહમાં રહેવા છતાં હું રાગ નથી. રાગ તો દુઃખરૂપ છે, આસ્રવ છે. પુણ્ય-પાપનો ભાવ દુઃખરૂપ છે. એ હું નથી. એ હું છું એવી માન્યતા રાખીને દુઃખી છે. અને દુઃખી મૃત્યુકાળમાં દુઃખમાં આકુળતામાં દેહ છોડશે. જાય ચોરાશીના અવતારમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પચ્ચખાણ કરાવી દે, સંથારો.

ઉત્તર :– પચ્ચખાણ કરે એમાં શું થાય? પચ્ચખાણ કરો. પણ અહીં અંદરમાં રાગ મારો છે એવી માન્યતામાં એ પડ્યો છે, એ પચ્ચખાણ શું કરે? મિથ્યાત્વનું તો પચ્ચખાણ થયું નથી. સમજાણું કાંઈ? રાગ, પુણ્ય વિકલ્પ જે છે એ મારા છે એવી માન્યતા કરીને તો પડ્યો છે. તો એણે સમકિતનું પચ્ચખાણ કર્યું. મારે સમકિત પ્રગટ નથી કરવું, એમ કર્યું એણે તો. રાગ મારો નથી. ઓહો..હો..! દેહ, વાણી તો ક્યાંય રહ્યા. એ દયા, દાન અને પુણ્યનો વિકલ્પ ઊઠે છે એ રાગ મારો નથી. મારું માનનારનું અશાંતિના મિથ્યાત્વમાં મૃત્યુ થશે. આહાહા..! આ રાગ મારો નથી. શાંતિ અને શુદ્ધતા મારી વસ્તુ છે. એવી જેણે અંતર સ્વરૂપની સાધના કરી છે, એ સમ્યગ્દૃષ્ટિ મૃત્યુકાળમાં શાંતિ લઈને ચાલ્યો જશે. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

**'આ સંલેખના પણ બે પ્રકારની છે. એ ક્રમે ક્રમે ત્યાગ કરવો અને બીજી સર્વથા ત્યાગ કરવો. તેથી વિચાર કરીને શ્રાવકે પોતાના મરણના અંત સમયે જરૂર જ સંલેખના કરવી જોઈએ.'** સમજાણું? **'મેં જે જીવનપર્યંત પુણ્યરૂપ કાર્ય કર્યું છે...'** એમ પહેલા બે વાત લીધી. શુભભાવ. **'તથા ધર્મનું પાલન કર્યું છે...'** સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ તે ધર્મ. અને કોઈ દયા, દાનના પરિણામ તે પુણ્ય. ભાન સહિત. એ બે જે મેં કર્યું છે. મૃત્યુ ટાણે મારો ધર્મ મારી સાથે આવે, એમ વિચારીને સંલેખના કરે છે.

**'ધર્મનું પાલન કર્યું છે તે ધર્મને મારી સાથે પહોંચાડવા માટે...'** એ ધર્મને મારી સાથે પહોંચાડવા માટે **'આ એક સંલેખના જ સમર્થ છે–એવો વિચાર કરી શ્રાવકે અવશ્ય સમાધિમરણ કરવું.'**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

## ગાથા–૧૭૬

मरणान्तेऽवश्यमहं विधिनां [1]सल्लेखनां करिष्यामि।
इति भावनापरिणतोऽनागतमपि पालयेदिदं शीलम्।।१७६।।

અન્વયાર્થ :– [ अहं ] હું [ मरणान्ते ] મરણના સમયે [ अवश्यं ] અવશ્ય [ विधिना ] શાસ્ત્રોક્ત વિધિથી [ सल्लेखनां ] સમાધિમરણ [ करिष्यामि ] કરીશ [ इति ] એ રીતે [ भावना परिणतः ] ભાવનારૂપ પરિણતિ કરીને [ अनागतमपि ] મરણકાળ આવવા પહેલાં જ [ इदं ] આ [ शीलं ] સંલેખના વ્રત [ पालयेत् ] પાળવું અર્થાત્ અંગીકાર કરવું જોઈએ.

ટીકા :– 'अहं मरणान्ते अवश्यं विधिना सल्लेखनां करिष्यामि-इति भावना परिणतः अनागतं अपि शीलं पालयेत्' - અર્થ :– હું મરણ સમયે અવશ્ય જ વિધિપૂર્વક સમાધિમરણ કરીશ–એવી ભાવનાસહિત શ્રાવક જે પ્રાપ્ત થયેલ નથી તેવા શીલ (સ્વભાવ)ને પ્રાપ્ત કરી લે છે.

ભાવાર્થ :– શ્રાવકે આ વાતનો વિચાર સદૈવ કરવો જોઈએ કે હું મારા મરણ વખતે અવશ્ય જ સંલેખના કરીશ. કારણ કે મરણ વખતે પ્રાયઃ મનુષ્યોના પરિણામ બહુ દુઃખી થઈ જાય છે તથા કુટુંબીજનો અને ધનાદિથી મમત્વભાવ છૂટતો નથી. જેણે મમત્વભાવ છોડી દીધો તેણે સંલેખના કરી. મમત્વભાવ છૂટી જવાથી પાપનો બંધ થતો નથી તથા નરકાદિ ગતિનો બંધ થતો નથી, તેથી મરણ વખતે જરૂર જ સંલેખના કરવાના પરિણામ રાખવા જોઈએ. ૧૭૬.

---

मरणान्तेऽवश्यमहं विधिनां [1]सल्लेखनां करिष्यामि।
इति भावनापरिणतोऽनागतमपि पालयेदिदं शीलम्।।१७६।।

**અન્વયાર્થ :– 'હું મરણના સમયે...'** **'मरणान्ते'** દેહ છોડવાના કાળમાં **'અવશ્ય શાસ્ત્રોક્ત વિધિથી સમાધિમરણ કરીશ.'** જરૂર સમાધિમરણ કરીશ. આ સમ્યગ્દર્શન સહિતની વાત છે, હોં! સમ્યગ્દર્શન વિના સમાધિમરણ હોય નહિ.

'શ્રીમદ્'નો એક એવો પત્ર પણ છે. એમ કહે, ભાઈ! બહારનું સમાધિમરણ, બહારની ક્રિયા ભલે થાય, ન થાય પણ આત્માની સન્મુખની દૃષ્ટિ કરીને પ્રયત્ન કર અને સન્મુખ

---

૧. સત્ = સમ્યક્પ્રકારે, લેખના = કષાયને ક્ષીણ-કૃશ કરવાને સલ્લેખના કહે છે. તે અભ્યંતર અને બાહ્ય બે ભેદરૂપ છે. કાયને કૃશ કરવાને બાહ્ય અને આંતરિક ક્રોધાદિ કષાયોને કૃશ કરવાને અભ્યંતર સલ્લેખના કહે છે.

www.vitragvani.com



થઈને મર તો સમાધિ જ છે. એમ એક પત્રમાં આવે છે. એને તો ઘણા-ઘણા મળ્યા હતા ને. ક્રિયાકાંડી બહુ મળ્યા હતા. એક 'ભરૂચ'માં બહુ મોટો હતો. 'અનુપચંદ'. ક્રિયાકાંડ, આ કરું, આ કરું, પોષા, સામાયિક આ ને તે. વસ્તુ આત્મા શું એનું ભાન ન મળે. એને કહ્યું, ભાઈ! જે માર્ગમાં જ્ઞાનમાર્ગ નથી, જે સંપ્રદાયમાં જ્ઞાનમાર્ગ નથી તેની ક્રિયા બધી ફોગટ છે. એય..! 'ન્યાલચંદભાઈ'! એવો એક પત્ર છે. એણે તો બહુ-ઘણું કહ્યું છે. કેટલીક બહારની અમુક વાત લીધી, પણ લોકો ક્યાં એનો વિચાર કરે છે? નિશ્ચયનું શું તત્ત્વ કહ્યું છે અને શું છે? બહારથી બસ કરો ભક્તિ અને કરો આ.

મુમુક્ષુ :– ભક્તિ એક જ.

ઉત્તર :– ભક્તિ કરો. ભક્તિ કર્યે ધૂળેય વળે એવું નથી. ભક્તિ તો શુભરાગ છે.

મુમુક્ષુ :– મોટા માણસનો ઓથ લીધો કામનું શું?

ઉત્તર :– લીધા. મોટા માણસની ઓથ આપે એવું છે કોઈ? કોઈ આપે એવું છે?

મુમુક્ષુ :– મોટો માણસ જ આપે.

ઉત્તર :– મોટો જ આપે. પણ મોટો કોણ? પોતાનો આત્મા. આહાહા..!

દેહમાં એક જરીક કાંઈક રોગ થાય ત્યાં કેટલું એને થાય? હવે એમાં મૃત્યુના કાળ. એ પહેલા જ્યાં સુધી આત્માને જીવનના પૂરા અંત આવ્યા નથી, તે પહેલા એ સ્વરૂપની દૃષ્ટિ અને સાધન, શાંતિ નહિ કરી હોય, એ મરવા ટાણે શાંતિ શી રીતે લેશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જાજાને વખત તો થઈ ગયો છે.

ઉત્તર :– ઘણાને વખત થઈ ગયો છે. ૫૦-૫૦, ૬૦-૬૦ થયા એટલા તમે ક્યાં કાઢવાના છો? ક્યાં ગયા તમારા 'સુમનભાઈ', નથી? કહો, સમજાણું કાંઈ? ઉંમર ગઈ ક્યાં? એ તો દેહની અપેક્ષાની વાત છે. આત્મા તો અનાદિઅનંત છે. એની સ્થિતિ જ અનાદિઅનંત છે. આ તો દેહ જડની સ્થિતિ છે.

ભગવાનઆત્મા પરના સંબંધથી રહિત જ છે. રહિત જ છે એવું અસંગપણું જેણે પહેલેથી દૃષ્ટિમાં અસંગપણાનું સાધન કર્યું છે, પર પ્રત્યેના મોહના ભાવરહિત જેણે જીવન સાધ્યા છે, એનું ગૃહસ્થાશ્રમનું જીવન હો તો પણ મૃત્યુ કાળે એ શાંતિ લઈને દેહ છોડશે. પેલા ટળવળી આકુળતા લઈ લઈને જાય. આકુળતા અત્યારે દુઃખમાં અને ત્યાં દુઃખમાં પાછું. ચોરાશીના અવતાર દુઃખના દરિયામાં જાય. અનંત અવતારમાં ક્યાંય પત્તો ખાશે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષ :– સામાયિક, પડિકમણા કર્યા એ મફતમાં જશે.

ઉત્તર :– સામાયિક, પડિક્કમણા કોને કહેવા? આત્મા શું છે એનું ભાન નથી અને સામાયિક ક્યાંથી આવી? સામાયિક સમતાનો લાભ છે. તો સમતાસ્વરૂપ, રાગરહિત, પુણ્યરહિત, વિકલ્પ રહિત, વ્યવહારરહિત આત્મા કોણ છે? એના ભાન નથી એને સામાયિક આવી ક્યાંથી? સામાયિક તો પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાને હોય. હજી ચોથા ગુણસ્થાનના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઠેકાણા ન મળે ત્યાં સામાયિક ક્યાંથી આવી? પડિક્કમણા, સામાયિક અને પોષા ક્યાંથી આવ્યા? એય..!

મુમુક્ષુ :– બનાવટી હોય.

ઉત્તર :– બનાવટી માલ છે. આહાહા..! આ તો માલ પોતાનો છે, બાપા! આ કાંઈ કોઈ બહારથી આપી દે એવું છે? અને કોઈ સમજાવી દે કે ના કાંઈ વાંધો નહિ આવે. પણ વાંધો અંદર ઊભો છે અને વાંધો નહિ આવે શું? હજી રાગ ને પુણ્ય ને દેહ ને આત્મા બધું એક માનીને બેઠો, અને એવા શુભભાવનું જે આચરણ છે, એનાથી મારું કલ્યાણ થશે, એનો અર્થ કે શુભભાવ તે મારું સ્વરૂપ છે, એમ માનીને બેઠો તેને કે દિ' અશાંતિ ટળશે? આહાહા..! અશાંતિ હું છું એમ માન્યું હવે એને અશાંતિ ટાળવી ક્યાં રહી? સમજાણું કાંઈ? આહાહા..!

બીજી ચીજ તો ત્યાં રહી, ક્યાંય છેડે ને છૂટી (રહી), પણ અહીંયાં અબંધસ્વરૂપી ભગવાનઆત્મા, એમાં જે બંધ પરિણામ થાય એ પરિણામ અબંધસ્વભાવીના છે, એ માન્યતા જ અશાંતિરૂપ મિથ્યાત્વનું દુઃખ છે. સમજાણું કાંઈ? એ માન્યતા છેદી, ભગવાનઆત્મા રાગના, પુણ્યના પરિણામથી પણ જુદો, અશાંતિથી જુદો, રાગ એટલે અશાંતિ, એનાથી જુદો (છે) એવું સ્વભાવનું સાધન શ્રદ્ધા-જ્ઞાનથી કર્યું છે, એના વર્તમાન જીવનમાં પણ શાંતિ અને ઉગ્ર શાંતિ લેવા માટે સંલેખના વખતની ભાવના ભાવે છે.

મુમુક્ષુ :– અત્યારથી કરવું પડે?

ઉત્તર :– પહેલેથી કરવું. સોલ્જર સામે ઊભા રહેવું અને હાથમાં બંધુક કેમ લેવાની એ ખબર ન મળે. સોલ્જર, સોલ્જર હોય છે ને? સોલ્જર. કેમ મારું? આમ મારું કે આમ મારું ખબર ન મળે. ધ્રુજી જાય. એમ મૃત્યુ ટાણે ભાન ન મળે, હજી પહેલેથી કોણ છું, બાપા! એમાં મૃત્યુ. આમ આંતરડા તણાય, ત્રાસ થાય, શૂળ ચડ્યા, આ થયા, મુંઝારો, ડબલ ન્યુમોનિયા. હલોહલ. આડું સુવાય નહિ. આંખમાંથી આંસુ ચાલ્યા જશે. હાય.. હાય... પાટિયા ભીંસાશે એમ પહેલા કહેતા. પાટિયા ભીંસાશે. પણ એ પાટિયા અને રાગ હું નથી. હું ભાન વિના પાટિયા ભીંસાય જશે તને. 'પોપટભાઈ'! આ મોટી રાજની રમતું છે. આહાહા..!

શરીર જ હું નથી. હું એને સાચવતો નથી. સાચવ્યે તે રહે એવું નથી. આહાહા..! આ રાગ હું નથી, રાગને કરવું એ મારું સ્વરૂપ નથી. આહાહા..! અશાંતિને કરવું એ જીવનું સ્વરૂપ હોય? રાગ, પુણ્યનો વિકલ્પ, અશાંતિ. અશાંતિ કરવું એ શાંતિસ્વરૂપ ભગવાનઆત્માનું કર્તવ્ય છે? એવું જેણે રાગથી, અશાંતિથી, ભગવાનઆત્મા શાંતસ્વરૂપ, આનંદસ્વરૂપ એને ભેદ પાડીને જેણે શાંતિ મેળવી છે, એ મૃત્યુકાળે આ મારું ધન સાથે આવે, મારી સંલેખનાની ભાવના કરે છે. કહો, સમજાણું કાંઈ? ક્યાં આવ્યું?

**'હું મરણના સમયે અવશ્ય...' 'વિધિના' 'સમાધિમરણ કરીશ.'** જોયું? વજન અહીં છે. જરૂર કરીશ, જરૂર કરીશ એમ કહે છે.

www.vitragvani.com



મુમુક્ષુ :– મૃત્યુ વખતે મરવાની ભાવનાનો ફફડાટ.

ઉત્તર :– ફફડાટ.

મુમુક્ષુ :– હવે થઈ રહ્યું, હવે થઈ રહ્યું.

ઉત્તર :– હવે થઈ રહ્યું, શું પણ થઈ રહ્યું? છૂટશે જ તે. છૂટ્યા વિના લાખ તારા ઉપાય કર. લાખ ડોક્ટરોને બોલાવ, ઇન્દ્ર અને નરેન્દ્ર આવે, જે સમયે દેહ છૂટવાનો એને કોઈ રોકી શકે નહિ. લાખ તારા રૂપિયા, બુપિયા ઘસીને પી ન્યાં. સોનાના લાટા અને હીરા ભર્યા હોય, પી જા, અંદર નાખ. પીશ તો મરી જઈશ. હાય.. હાય.. હાય.. 'પોપટભાઈ'! એ કહેતા હતા ને કોઈકના છે ને? ૨૦ કરોડ રૂપિયા. ભાઈના મામા. 'દીપચંદજી'ના મામા. 'સરદાર શહેર'. ૨૦ કરોડ. એકલા હીરા અને માણેક જ ઘરમાં પડ્યા. જ્યાં જુઓ ત્યાં એ. ખર્ચવાનું હરામ. એ દસ કરોડ કહેતા હતા. અત્યારે તો વીસ કરોડથી વધ્યું. દસ કરોડ કે' દુના કહેતા હતા. એ કહેતા કે અત્યારે કિંમત શું? પૈસા એટલા બધા પડ્યા છે. જ્યાં એક બાજુ આમ જુઓ તો સોનાના લાટા, એક બાજુ જુઓ તો રૂપાના લાટા, એક બાજુ જુઓ તો હીરા, એક બાજુ જુઓ તો માણેક, એક બાજુ જુઓ તો મોતી. ઢગલા જ પડ્યા છે. એ વખતના દસ કરોડ એટલે! ઘણા વર્ષના. અત્યારે તો.. પણ એમને એમ પડ્યા છે એ. 'પોપટભાઈ'! આહાહા..! અરે..! તારી ધન-સંપદા સાગર અંદર પડ્યો છે. સમજાણું કાંઈ? એની સામું જોઈ, વિકારથી વિમુખતા થઈ અને વિકાર, અશાંતિથી વિમુખ થા તો શાંતિ મળશે. સમજાણું કાંઈ? એમ કહે છે. જરૂર હું મારી શાંતિને સમાધિમરણે બરાબર મરીશ. આહાહા..! લ્યો. ખાતરી. નક્કી ભવનો અભાવ મારે છે. હવે ભવ છે નહિ. જાજા ભવ છે જ નહિ. ભવ કેવા? આહાહા..! કહો, સમજાણું?

**'એ રીતે ભાવનારૂપ પરિણતિ કરીને...'** જોયું! ભાવનારૂપ પરિણતિ કરી. **'भावना परिणतः'** શબ્દ છે ને? પેલી ભાવના એટલે એકલી ભાવના... ભાવના... **'ભાવનારૂપ પરિણતિ કરીને મરણકાળ આવવા પહેલાં જ...'** એ મૃત્યુ આવવા પહેલા. **'આ સંલેખના વ્રત...'** જુઓ! શીલની વ્યાખ્યા કરી. એને વ્રત કહ્યું, વ્રત. બાર વ્રત ઉપરાંત સંલેખના વ્રત.

મુમુક્ષુ :– તેરમું વ્રત?

ઉત્તર :– તેરમું વ્રત. નિયમ છે ને? નિયમ. એવી ભાવના કરે છે, મારે આ રીતે દેહ છોડવો.

**'પાળવું અર્થાત્ અંગીકાર કરવું જોઈએ.'** કહો. સંલેખના વ્રત પાળવું જોઈએ.

**ટીકા :– 'હું મરણ સમયે અવશ્ય જ...'** જરૂર જ. સમજાણું? જ વધારે નાખ્યું. **'વિધિપૂર્વક સમાધિમરણ કરીશ–એવી ભાવનાસહિત શ્રાવક જે પ્રાપ્ત થયેલ નથી તેવા શીલસ્વભાવને પ્રાપ્ત કરી લે છે.'** પોતાનો શાંતસ્વભાવ. શીલ એટલે શાંતસ્વભાવ. પુણ્ય-પાપના રાગ રહિત પોતાનો ભગવાન સ્વભાવ, મહિમાવંત સ્વભાવ. ભગવાન સ્વભાવ, મહિમાવંત સ્વભાવ, તેવા

www.vitragvani.com



સ્વભાવને સમકિતી શ્રાવક પ્રાપ્ત કરી લે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ વસ્તુ યથાર્થ ચિઠ્ઠી છે આ. જાવ તમે પૈસા અમને આપો તો આ બંગલા મળશે. આટલા પૈસા અમને દાનમાં આપો તો તમને ત્યાં બંગલા મળશે. જાવ. બંગલા ને? રખડવાનું ને? તું પણ રખડનારો અને એ પણ રખડે. અહીં તો મળે નહિ બીજું કાંઈ અને શાંતિ મળે અપાર. એ સામગ્રી આત્માની છે. બાકી ધૂળમાં કાંઈ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જેની જેને પ્રીતિ તેની તેને ભાવના હોય. જેની જેને જરૂરિયાત તેમાં તેનો પુરુષાર્થ ગતિ કર્યા વિના રહે નહિ. જેની જેને રુચિ... રુચિ અનુયાયી વીર્ય. રાગ અને પુણ્યના રુચિ ભાવવાળો તો મિથ્યાદૃષ્ટિ (છે). એની રુચિ પ્રમાણે ત્યાં વિકારમાં વીર્ય ફોરવશે. સમજાણું કાંઈ? રાગ વિનાનો મારો સ્વભાવ (છે) એવી જેણે આત્માની વીતરાગ રુચિ કરી છે, એનું વીર્ય વીતરાગપણાનો વિસ્તાર પામે તે પ્રમાણે તે વીર્ય કામ કરશે. સમજાય છે કાંઈ?

**'શીલ (સ્વભાવ)ને પ્રાપ્ત કરી લે છે.'** એનું વિશેષ પછી ભાવાર્થમાં આવશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૬૯ ગાથા–૧૭૬ થી ૧૭૮ રવિવાર, અષાઢ વદ ૨, તા. ૨૩-૦૭-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. એની ૧૭૬મી ગાથા. એનો ભાવાર્થ. ૧૭૬. ત્યાં સુધી આવ્યું છે ને? ટીકા આવી ગઈ ટીકા. ભાવાર્થ.

શું અધિકાર ચાલે છે? કે જેણે આ દેહથી આત્મા જુદો છે એવો અંતરમાં અનુભવથી નિર્ણય કર્યો છે. આ આત્મતત્ત્વ જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે, એનો જેણે પહેલા શરીરથી, કર્મથી, વાણીથી કે પુણ્ય-પાપના ભાવથી જુદી ચીજ છે, એમ જેણે અંતર્મુખ થઈને, બહિર્મુખના ભાવને ભિન્ન કરીને, અનુભવમાં આત્મા સમ્યગ્દૃષ્ટિપણે જેણે ગ્રહણ કર્યો છે, એને મરણ ટાણે, દેહ છૂટવા ટાણે વિશેષ સ્થિરતાની ભાવના કરવી જોઈએ. કહો, સમજાય છે કાંઈ?

પહેલું ભિન્ન તો ભાસ્યું છે. આત્મા તદ્દન ચૈતન્યસ્વરૂપ આનંદકંદ છે. આત્મા સચ્ચિદાનંદ સત્ શાશ્વત, જ્ઞાન અને આનંદની શાંતિનું સ્વરૂપ જ આત્મા છે. એવું જેણે જેમ છે તેમ, શુભ-અશુભના વિકારભાવ અને પરથી અભાવ-સ્વભાવરૂપ વસ્તુ છે, એનો જેણે પ્રથમ અનુભવમાં નિર્ણય કર્યો છે, એને સમ્યગ્દૃષ્ટિ શ્રાવક કહેવામાં આવે છે. કહો, 'સેઠી'! આ કાંઈ સંપ્રદાયની ચીજ નથી, વસ્તુની ચીજ છે. 'શશીભાઈ'! આ આત્મા જ અંદર આ દેહના રજકણે રજકણથી જુદી ચીજ છે. આ તો માટી છે.

મુમુક્ષુ :– ક્યારની આપ વાત કરો છો?

ઉત્તર :– અત્યારની. ક્યારની ક્યાં વાત કરે છે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– મરણ વખતનું ચાલે છે.

ઉત્તર :– મરણનું તો પછી. સ્થિરતાની વાત વિશેષ છે. દેહના છૂટવા કાળમાં, ભવની સંધિમાં આત્માની વિશેષ શાંતિ રહે, એવી ભાવના ધર્મીજીવ જીવનમાં ભાવે છે. પણ કોણ? કે જેણે આત્માને શુભ-અશુભરાગ અને પરથી ભિન્ન જ્યાં જાણ્યો છે અને દેહના ભિન્ન પડવાના કાળમાં, મારું જીવન, વિશેષ શાંતિથી દેહ છૂટે, એમ જીવનકાળમાં ભાવના ભાવે છે. કહો, સમજાણું કાંઈ? દેહ તો છૂટશે. આ તો જડ, માટી, જડ છે. એ કાંઈ આત્મા નથી કે એની સાથે સદાય રહે. એટલે સંયોગે છે છતાં સંયોગથી ભિન્ન ભાસ્યું અને અંદર સ્વરૂપનો નિર્ણય કર્યો છે, કે આ આત્મા એટલે જ્ઞાન અને આનંદનું રૂપ અને અરૂપી સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છું. એવો જેણે અંતરમાં નિર્ણય અને જ્ઞાન કર્યું છે, એના મૃત્યુકાળમાં મને શાંતિથી, શરીરના છૂટવા કાળે રોગાદિની ભીંસ પડે, માટે મારા જીવનનો દેહ વિસર્ગ તે કાળે શાંતિથી થાય, દેહવિસર્ગ થાય, એવી ભાવના ધર્મીજીવ મૃત્યુકાળ પહેલા ભાવે છે. કહો, સમજાણું કાંઈ? છૂટશે એ કાળ નક્કી છે. ખરું? દેહ છૂટશે એ તો નક્કી છે કે નહિ? કે ભેગો રહેશે?

મુમુક્ષુ :– એક ક્ષણ પણ રહેતો નથી.

ઉત્તર :– ધૂળ પણ નથી. અહીં તો બીજું કહેવું છે. છૂટશે ક્ષેત્રથી દૂર થશે. અત્યારે એક ક્ષેત્રે રહેલું છે પણ એક ક્ષેત્રથી દૂર થશે એ નક્કી છે. ક્ષેત્ર એટલે કે આત્મા છે ત્યાં શરીર ભલે હો. પણ શરીર અને આત્મા જુદા, એક ક્ષેત્રમાં રહ્યાં છતાં તે આત્મા–તત્ત્વ તદ્દન જુદું છે. એ જ્ઞાનની જ્યોત આત્મા છે અને દેહાદિ તે જડ-માટી છે. એમ જેણે એક જગ્યાએ રહ્યા છતાં ભાવે ભિન્ન–ભાવમાં ભિન્ન જેણે જાણ્યું અને અનુભવ્યું છે, એને એક ક્ષેત્ર અવગાહનમાંથી શરીર છૂટવાનો કાળ જ્યારે ક્ષેત્રથી જુદું પડવાનો (આવશે)... એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીંયાં અત્યારે જુદો જ છે. પણ એક જગ્યાએ આમ નજીક છે. એ નજીકની જગ્યા જ્યારે છૂટવાનો કાળ આવે, ત્યારે તેને દેહનો વિસર્ગકાળ કહેવાય છે. એ દેહ છૂટે એ પહેલા પોતે જ એનાથી ભિન્ન છું એવી સ્થિરતા (કેળવે). દૃષ્ટિ તો છે પણ એ ટાણે શાંતિ... શાંતિ... શાંતિ... સ્વભાવના ઘોલનમાં હું જ્ઞાન છું, આનંદ છું, આવા શરીરો તો અનંતવાર આવ્યા અને ગયા. મારે ને એને કાંઈ સંબંધ નથી. એવી જેણે મૃત્યુકાળ પહેલા જીવનમાં આવી ભાવના ઘૂંટી છે, રગડી છે, કરી છે, એને મરણ કાળે શાંતિથી દેહ છૂટે એવો એને પ્રસંગ આવશે. કહો, 'નટુભાઈ' સાચું હશે આ? દેહ છૂટશે એ સાચું હશે?

મુમુક્ષુ :– બીજાને માટે સાચું લાગે છે.

ઉત્તર :– બીજા માટે સાચું લાગે છે. આને માટે આ દેહ રહેશે એની પાસે? અત્યારે એક ક્ષેત્રે ભેગો છે એમ કીધું. પણ આ તો ક્ષેત્રથી જુદું પડશે કે નહિ એ અત્યારે તો સવાલ છે.

મુમુક્ષુ :– એમાં કાંઈ શંકાનું કારણ નથી.

www.vitragvani.com



ઉત્તર :– એ એક સમય એનો નક્કી થઈ ગયેલ છે, હોં!

મુમુક્ષુ :– બને એટલા કામ તો કરી લેવા.

ઉત્તર :– કોણ કામ કરતું હતું? ધૂળ? પરના કામ કરે કોણ? ભાઈ! એને રાગ અને દ્વેષના ભાવ થાય. રાગ અને દ્વેષની કલ્પનાઓ કરે, બાકી આત્મા સિવાય પર પદાર્થની ક્રિયા કોણ કરી શકે?

મુમુક્ષુ :– એમ કહે છે, શરીરથી...

ઉત્તર :– શરીરથી શું કરે? શરીર જડ છે એનાથી શું થાય? શરીરનો સદ્ઉપયોગ કરવો એવો પ્રશ્ન એકવાર થયો હતો. 'સેઠી'! 'ઢેબરભાઈ' આવે છે ને? 'ઢેબરભાઈ'. એ કહે આ શરીરનો સદ્ઉપયોગ થાતો હશે. આવા ને આવા બધા જગતના પ્રાણી.

મુમુક્ષુ :– કેવા હશે?

ઉત્તર :– કહેવાય મોટા નેતા. 'સેઠી'! આ શરીરનો સદ્ઉપયોગ. શરીર માટી છે, ભાઈ! તને ખબર નથી? કાળાના ધોળા આવે છે, રોગ આવે છે, ફોલા પડે છે, શૂળ આવે છે એ તને લાવવાનો ભાવ છે? એ તો જડની દશા છે. જડને કાળે જડ એ રીતે જ થાય. સમજાણું? એનો સદ્ઉપયોગ કોણ કરે? એનો?

મુમુક્ષુ :– એનો માલિક હોય એ કરે.

ઉત્તર :– એનો માલિક તો પરમાણુ છે. આહાહા..!

ઉપયોગનો અર્થ એની પર્યાય. તો પરમાણુ આ છે એની પર્યાય પરમાણુથી થાય. આત્મા એને શું કરે? અરૂપી ભગવાનઆત્મા એમાં દેહથી ભિન્ન બિરાજમાન છે. એ ભિન્ન છે તે ભિન્નનું શું કરે? ભિન્ન છે તે ભિન્નનું કરે તો ભિન્ન રહી શકતો નથી. કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે છે, જુઓ! ભાવાર્થ આવ્યો છે ને? એનો અર્થ કેમ કર્યો ? '**શ્રાવકે...**' શબ્દ પહેલો પડ્યો છે. શ્રાવક એટલે શું? આ વાડામાં પડ્યા એમ નહિ.

મુમુક્ષુ :– વાડામાં પડ્યા એને શું કહેવાય?

ઉત્તર :– વાડામાં કહેવાય એ નામ કહે, ગમે તે નામ આપો એમાં. કોથળીમાં કરિયાતા ભર્યા હોય અને માથે સાકર એવું નામ આપે તો કાંઈ કરિયાતા મીઠા થઈ જાય? એમ અમે જૈન છીએ, ધર્મી છીએ એમ નામ આપે અને અંદર વસ્તુનું કાંઈ ભાન નથી. વાસ્તવિક આત્મા છે એની ખબર નથી. એને કોથળીમાં કરિયાતા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ગણતરી શું? ગણતરી ખરી, ખોટામાં.

અહીં તો '**શ્રાવકે આ વાતનો વિચાર સદૈવ કરવો જોઈએ...**' જુઓ! એ ભાષા છે ને? તો શ્રાવક એટલે કે જેણે આ ભગવાનઆત્માને શુદ્ધ સત્ શાશ્વત ચિદાનંદ જ્યોતિ આત્મા છે, એને જેણે પુણ્ય અને પાપના રાગથી અને પરથી ભિન્ન, જેમ છે તેમ તેને જાણીને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અનુભવ્યો છે, સમ્યગ્દર્શન થયું છે, સમ્યક્ નામ જેમ છે તેમ સત્ દર્શન અને પ્રતીત થઈ છે. સમજાણું કાંઈ? એણે **'આ વાતનો વિચાર સદૈવ કરવો જોઈએ.'** આ વાતનો વિચાર હંમેશા સદૈવ રાખવો જોઈએ **'કે હું મારા મરણ વખતે અવશ્ય જ સંલેખના કરીશ.'** મારા મરણ એટલે દેહના વિસર્ગ કાળે. છૂટવાનો સમય નક્કી છે, જબરદસ્તીથી લાવવો છે એમ નહિ. સમજાણું કાંઈ? જબરદસ્તીથી દેહને છૂટવાનો કાળ લાવવો (છે)? એ દેહને છૂટવાનો કાળ છે એમ ખ્યાલ થોડા વખત પહેલા આવી જાય કે હવે આ દેહ નહિ નભે. અસાધ્ય રોગ થયો છે, દવાના ઉપચાર કરવા છતાં મટતું નથી, નક્કી દેહનો છૂટવાનો સમય આવી ગયો છે. સમજાણું કાંઈ? છેલ્લા શબ્દો છે. એ ૧૩૫ પાને છેલ્લો પેરેગ્રાફ છે.

**'શરીર કોઈ અસાધ્ય રોગથી...'** ઘેરાઈ જાય. છેલ્લો પેરેગ્રાફ છે. ૧૩૫ પાનું. **'વૃદ્ધાવસ્થાથી અસમર્થ થઈ જાય,...'** શરીરની અવસ્થા વૃદ્ધાવસ્થા થાય, તો એની અવસ્થાનો પ્રસંગકાળ છે એ તો ધૂળનો એનો કાળ હોય છે. **'દેવમનુષ્યાદિકૃત કોઈ દુર્નિવાર ઉપસર્ગ આવી પડે,...'** મનુષ્યાદિ, ઢોર આદિ, વાઘ, સિંહ આદિ આવી પડ્યા. સમજાય છે? ગમે ત્યાં ચડતો હોય અને ક્યાંકથી આવી પડે. ગામમાં હોય આવી પડે. દીપડા, વાઘ જંગલમાંથી આવીને ઊભા રહે. હવે? બસ, દેહની છેલ્લી સ્થિતિ લાગે છે. આ હમણા ભક્ષણ કરશે. કે એવો કોઈ મનુષ્ય કે શત્રુ આવ્યો અને બરાબર સામી ગોળી તાકી. તને મારવા આવ્યો. બસ, દેહને છૂટવાનો પ્રસંગ. એ જબરદસ્તીથી લાવ્યો નથી. એનો છૂટવાનો સમય લાગે છે. એ ટાણે પોતે શાંતિથી કષાયને ઘટાડી અને પોતાની પર તરફની મમતાની અસ્થિરતા ઓછી કરી, સ્વભાવ સન્મુખની શાંતિનો આશ્રય કરી, દેહ છોડે. તો તે દેહ છોડ્યો એમ સમાધિમરણ (કહેવાય). સમાધિ એટલે શાંતિ.

આત્મામાં રાગ નથી, પર નથી એવી દૃષ્ટિ કરી હતી. પણ અત્યારે તો શાંતિ, રાગના અભાવથી શાંતિ... શાંતિ.. જ્ઞાતા-દૃષ્ટા રહી શાંતિના ભાવમાં દેહ છૂટે તેને શાંતિમરણ, સમાધિમરણ કહે છે. પછી એને એક-બે ભવ કરવાના રહે, એને અનંત ભવ હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? કોઈને એવી સ્થિતિમાં તરત જ સંથારામાં કેવળજ્ઞાન થઈ જાય. કોઈને એકાદ ભવ હોય. છે ને?

**'મહાદુષ્કાળથી ધાન્યાદિ ભોજ્ય પદાર્થો દુષ્પ્રાપ્ય થઈ જાય...'** અનાજ ન મળે. જુઓને! આ 'બિહાર'માં કેટલેક ઠેકાણે લાખો માણસો (ભુખ્યા રહે છે). એમાં ધર્મીજીવ હોય, અનાજ નહિ મળે. દેહ છૂટવાના પ્રસંગ છે. ત્રણ દિ', ચાર દિ' ખેંચાણા. હવે આ શરીર ટકશે નહિ. આહાર આવવાનો પ્રસંગ દેખાતો નથી. સમજાય છે? શાંતિથી દેહ છૂટવાનો પ્રસંગ જાણીને પરથી વૃત્તિ વાળી લે, ખેંચી લે. સ્વભાવ સન્મુખ કરે.

આ તો જેને આત્માનું હિત કરવું છે એની વાત છે. સમજાણું કાંઈ? અનાદિથી અહિત તો કરી રહ્યો છે. અનાદિથી અહિત–આત્માના આનંદને ન માનીને, પરમાં આનંદ છે, સુખ

www.vitragvani.com



છે, શાંતિ છે, પર સગવડતા એ મને ઠીક છે, અગવડતા મને નુકસાન (કરે), એવા મિથ્યાદષ્ટિપણે ઇષ્ટ-અનિષ્ટમાં રાગ-દ્વેષ કરતો, અનંતા જીવન એણે વિતાવ્યા છે. અનંત ભવમાં અનંત વિતાવ્યા. હવે જેણે આ ભવ, ભવના અભાવ માટે નક્કી કરેલો હોય, શું કીધું? 'શશીભાઈ'! આ ભવ મારા ભવના અભાવ માટેનો ભવ છે. કારણ કે હું ભવસ્વરૂપ નથી, ભવના કારણરૂપ રાગરૂપ નથી. સમજાણું કાંઈ? 'વલ્લભદાસભાઈ'! હવે સૌને ટાણા આવશે ને? પાંચ, દસ, વીસ વર્ષે. અહીં તો એ ટાણું પહેલેથી લઈ લે છે, વહોરી લે છે. સમજાણું કાંઈ? કારણ કે જે સમય સમય જાય છે તે મૃત્યુના સમીપમાં જાય છે. દેહની જે પ્રમાણે મુદત છે, એ મુદત કાંઈ ફરે એવી નથી. એના આયુષ્યના પ્રમાણમાં પર્યાય નક્કી થઈ ગયેલી અને પોતાને રહેવાની યોગ્યતાનું નક્કી થઈ ગયેલું હોય છે. એના યોગ્યતાના ભાવથી. સમજાણું કાંઈ ? એ તંબુ અહીંથી તુટવાના. અહીંથી નીકળી જવાનું. અહીં કાંઈ રહેવાનું નથી. એની સ્થિતિ છે એ પ્રમાણે રહેશે. એ સ્થિતિ પહેલા એણે એવી ભાવના કરવી જોઈએ. એ કહે છે, જુઓ!

**'હું મારા મરણ વખતે અવશ્ય જ સંલેખના કરીશ.'** દેહના છૂટવા ટાણે જરૂર મારી વૃત્તિને દેહથી પાછી વાળીશ અને કષાયને, રાગ-દ્વેષને ઓછા પાતળા કરીશ. **'કારણ કે મરણ વખતે પ્રાયઃ...'** ઘણું કરીને દેહના છૂટવા કાળે **'મનુષ્યોના પરિણામ બહુ દુઃખી થઈ જાય છે...'** શરીરને રોગ હોય, કે આમ કાંઈક અરે..! આ કામ આટલું છોકરાઓને સોંપ્યું હતું, હવે મારી હાજરી નહિ રહે. શું થશે? એ ચિંતા. હોળી સળગશે ત્યાં. 'પોપટભાઈ'! મરણ પહેલા એને એમ થઈ જાય, મારે આટલું કહેવાનું બાકી રહી ગયું, એય..! મોટાભાઈને બોલાવ. મોટાને બોલાવ.

મુમુક્ષુ :– આપ મિથ્યાદષ્ટિની વાત કરો છો, આ સમ્યગ્દષ્ટિની વાત ચાલે છે.

ઉત્તર :– આ તો સમકિતી હોય તો પણ એને અસ્થિરતા હોય છે, એમ કહે છે. એ અસ્થિરતા ટાળવાની વાત છે. સમજાણું કાંઈ? મમતા અસ્થિરતા થોડી રહી જાય, એમ કહે છે. એકલી પરથી માને એની વાત તો અહીં છે નહિ. પણ ભાન થયા છતાં અસ્થિરતાનો એવો પ્રસંગ રહે, એ વખતે જાળવીને વૃત્તિને ખેંચી લેજે. સમજાણું કાંઈ ? એમ અહીં તો સમ્યગ્દષ્ટિ સહિતની વાત ચાલે છે ને? આસક્તિ છે. દષ્ટિમાં આસક્તિનો આશ્રય નથી. પરમાં આસક્તિ છે પણ દષ્ટિમાં આસક્તિનો આશ્રય નથી. દષ્ટિ તો આત્માના આશ્રયે પડી છે. કહો, સમજાણું કાંઈ? પણ આસક્તિ છે એને ઘટાડવાનો પ્રસંગ જ્યારે મૃત્યુનો આવે છે, ખરેખર એ આસક્તિ ઘટાડવાનો એ પ્રસંગ છે એમ કહે છે. ભવસંધિ–એક ભવ અને બીજા ભવની સંધિ ગુલાંટ ખાય છે ભવ, એ વખતે ભવના અભાવનું જેટલું આરાધન રહ્યું એટલો મોક્ષ નજીક થઈ જાય. સમજાણું કાંઈ?

જેણે નક્કી કર્યું હોય કે અહીં તો મારે સદાય રહેવાનું જ છે, એ તો મિથ્યાદષ્ટિ છે. એની તો વાત છે જ નહિ. સમ્યગ્દષ્ટિને ખબર છે કે હું આ શરીર નથી, શરીર રહેશે

www.vitragvani.com



નહિ, કાળે છૂટ્યા વિના રહેશે નહિ. એને કહે છે કે તું તે ટાણા પહેલા એવી સ્થિરતાને રગડજે, એવી ભાવના કરજે કે મૃત્યુ કાળે મારું શાંત (સમાધિમરણ થાય). હવે મારે કંઈપણ કરવું છે જ નહિ. કાંઈ કરવાનું બાકી છે જ નહિ, કાંઈ કહેવાનું બાકી છે જ નહિ. કહેવાનું બાકી નથી, કરવાનું પરને માટે કાંઈ બાકી નથી. મારે કરવાનું છે એ પરથી ખસીને ઠરવાનું છે. એ બધા ટેં ટેં કરીને ઊભા રહેશે. સગા-વ્હાલા... ભાઈને હવે...

મુમુક્ષુ :– બીજું કરે શું?

ઉત્તર :– બોલે નહિ. એને મોંઢે ન કહે કે છેલ્લી સ્થિતિ છે એમ ન કહે. નહિતર દુઃખ થાય ને. હવે બસ જુઓ, શાંતિથી જુઓ, બધા જુઓ.

મુમુક્ષુ :– ડાહ્યા માણસો બધી સલાહ આપે.

ઉત્તર :– પહેલેથી કહેવું હતું ને. તું જોનારો છો. તું જોનારો રહેજે, અમારું કરીશ નહિ કાંઈ. એય..! 'નટુભાઈ'! પહેલા જીવતા તો કહે, અમારું કરજો, અમારું કરજો, અમારું કરજો. આ તો સમ્યગ્દષ્ટિ જાણે છે કે હું પરનું કરી શકતો નથી. પરથી મને શાંતિ નથી, પરને હું કરી શકતો નથી એવા સમ્યગ્દર્શનમાં પણ જે હજી પર પ્રત્યે આસક્તિ રહી જાય છે, એ આસક્તિને જીવનકાળમાં મૃત્યુકાળના પ્રસંગની આસક્તિ ઘણી ઓછી થઈ જાય અને શાંતિ રહે, એવી ભાવના જરૂર પહેલેથી કરે છે. કહો, સમજાણું કાંઈ?

**'બહુ દુઃખી થઈ જાય છે તથા કુટુંબીજનો અને ધનાદિથી મમત્વભાવ છૂટતો નથી.'** અસ્થિરતાની વાત છે, હોં! તદ્દન એકાકાર થાય એની વાત નથી. જરીક કુટુંબીજનોનો આસક્તભાવ છે ને પહેલો? **'ધનાદિથી મમત્વભાવ છૂટતો નથી. જેણે મમત્વભાવ છોડી દીધો તેણે સંલેખના કરી.'** એવી અસ્થિરતાનું મમત્વ જેણે છોડી દીધું, પોતાના આનંદ સ્વરૂપમાં આસન લગાવ્યું છે, હું આનંદ સ્વરૂપ છું. પોતાની દૃષ્ટિને અને સ્થિરતાને આનંદમાં વાળી છે. આનંદ વસ્તુ છું, આનંદ છું, સચ્ચિદાનંદ સ્વરૂપ જ છું, શાશ્વત આનંદની મૂર્તિ છું. એવો નિર્ણય કર્યો છે પછી આત્મામાં સ્થિરતા જન્મે છે. સમજાણું કાંઈ?

આ અભ્યાસ જેને નથી એને મરણ ટાણે એં...એં.. થઈ જશે. હાય.. હાય.. અરે..! આનું શું થાશે? આમ થાશે? સમજાણું? મિથ્યાદૃષ્ટિને તો હા..હા.. અંદરથી થઈ જશે. જેણે રાગ અને પરવસ્તુ મારી માની છે, એને તો અશાંતિ જ વેદાય છે. વિકારના ભાવ, પુણ્ય-પાપના રાગ છે, ભગવાનઆત્મા તેનાથી ભિન્ન શાંત આનંદકંદ છે. એવા આત્માને જેણે રાગવાળો અને આ પરવાળો માન્યો, એને છૂટવા કાળે એકત્વબુદ્ધિ રહેશે. એ વાળો માન્યો છે, એનાથી છૂટો માન્યો નથી. સમજાણું કાંઈ? કહે છે...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ શબ્દ રાખે. એકતાબુદ્ધિવાળાના લેવા અને અસ્થિરતાના બન્નેના લેવા.

**'મમત્વભાવ છૂટી જવાથી પાપનો બંધ થતો નથી...'** સમજાય છે? આ **'નરકાદિ ગતિનો**

www.vitragvani.com



**બંધ થતો નથી,...**' આદિ એટલે બીજી નીચી કોઈ ગતિનો પણ બંધ થતો નથી. '**તેથી મરણ વખતે જ (જરૂર) સંલેખના કરવાના પરિણામ રાખવા જોઈએ.**' પહેલેથી અભ્યાસ કર્યો હશે તો રહેશે. સોલ્જર સામે ઊભો રહેશે, હાથમાં બંધુક જાલતા પણ આવડી નહિ હોય, કેની કોર મારવી, ઘોડો કેની કોર વાળવો એની ખબર ન મળે. એ સોલ્જર સામે ઊભો રહેશે તો મરશે. એને પહેલેથી અભ્યાસ હોવો જોઈએ. અરે..! હું કોણ છું? ક્યાં છું? શું છું? મારી ચીજ તો શરીરના રજકણે રજકણથી અને રાગથી જુદી છે. તેને પરમેશ્વર આત્મા કહે છે તો હું એને આત્મામાં માનું છે કે નહિ? કે હું આ રાગવાળાને આત્મા માનું છું? સમજાણું કાંઈ?

એમ આત્માનો, શરીરનો એકક્ષેત્રાવગાહ હોવા છતાં, એક ક્ષેત્રમાં રહેવા છતાં ભાવે ભિન્નનું ભાન છે, તેને ક્ષેત્ર છૂટવા કાળે ભાવની સ્થિરતા દ્વારા દેહનો વ્યુતસર્ગ થાય એવી ભાવના હોય તેનું મૃત્યુ શાંતિથી થાય છે. કહો, સમજાણું કાંઈ? બધું ભૂલી જાય. રાગ આદિને ભૂલી જાય. બુદ્ધિપૂર્વક સ્વરૂપમાં શુદ્ધચૈતન્યસ્વરૂપમાં લીન થાય. દેહ છૂટો. છૂટવાના કાળે છૂટશે. એમાં ફેરફાર નથી. આવી ભાવનામાં દેહ છૂટે તેને પછી અનંતભવ કરવાના રહેતા નથી. એકાદ-બે ભવ થોડો ભાગ હોય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પહેલા છૂટે નહિ. જે સમયે છૂટવાનો હોય તે સમયે છૂટે. એ હમણાં કહેશે. હમણા નીચે કહેશે. જબરદસ્તીથી મરણ કરવું. ઇચ્છા એવી નથી કે હું જબરદસ્તીથી મરણ કરું. નીચે આવે છે. એ તો મરણનો સમય નક્કી છે એમ એને લાગે. નક્કી આ હવે દેહ છૂટવાનો છે, આમાં કોઈ ઉપાય છે નહિ. શરીર વૃદ્ધ થઈ ગયું, અસાધ્ય રોગ (થયો), દવા મહિનાથી ચાલે છે પણ કાંઈ ઉપચાર કામ કરતું નથી. નક્કી અસાધ્ય રોગ છે. આ રોગ દેહની છેલ્લી સ્થિતિ પૂરું કરવા આવ્યો છે.

મુમુક્ષુ :– રોગ કેમ મટે એવો ઉપાય ગોતે નહિ?

ઉત્તર :– પણ એ કહેશે ને, એ કહેશે. જુઓ! આ જબરદસ્તી અભિપ્રાય એવો છે .. લાગે ત્યારે મારા પરિણામ શુદ્ધ રહે. એ ભાષા બહુ સરસ કરી છે. ૧૭૭ના ભાવાર્થમાં જુઓ.

'**સંલેખના કરનાર પુરુષની ઇચ્છા એવી નથી કે હું જબરદસ્તીથી મરણ કરું, પણ એનો અભિપ્રાય એવો હોય છે કે જબરદસ્તીથી મરણ થવા લાગે...**' બરાબર આ મરણનો કાળ લાગે છે. નક્કી આ સિંહ હમણા કરડશે. સમજાય છે? અને કાં આ બેઠો અને એકદમ ઉપરથી આખું મકાન પડ્યું. થઈ રહ્યું. આમાંથી બચવાનો પ્રસંગ નથી. પાંચસો પાંચસો મણના મોટા પાસડા હમણા પડ્યા. સમજાણું કાંઈ? વૃદ્ધા અવસ્થા એટલી બધી જીર્ણ થઈ ગઈ હોય કે હાડકા ગળવા માંડે. શરીર તો મોળું પડી જાય પછી સો-સો વર્ષ થયા. જુઓને! 'લાલુભાઈ'ના બા હતા ને? બાપાની મા. 'લાલચંદભાઈ'ના બા. સો વર્ષ. આમ ને આમ. અમે ત્યાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હતા ને ગુજરી ગયા. 'લાલુભાઈ' અમારી સાથે આવ્યા, ત્યાં ગુજરી ગયા. સો વર્ષની ઉંમર. હાડકા ઓગળેલા. હાર્ટ બેસી ગયું. ક્યારે શ્વાસ બેસી જશે.. એક ક્ષયવાળાને એવું થાય. બહુ ક્ષય હોય છે, શરીર જીર્ણ થઈ ગયું હોય, એને એમ કે હજી હમણા વાંધો નથી. પણ શરીર મોળું પડી ગયું હોય ને.

જુઓને હમણાં થયા હતા. કોઈક હતો. મોઢ હતો. 'જીથરી'માં ગયા હતા ને. જુવાન છોકરાની વિધવા મા હતી. ગયા હતા આના માટે. 'મનસુખ' માટે ગયા હતા. ત્યાં છોકરો બેઠો હતો પણ એનું શરીર જીર્ણ થઈ ગયેલું. હવે એને મરવા વખતે આમ ને આમ બેઠો હતો, કાંઈ નહિ. કારણ કે શરીર નબળું પડી ગયેલું અને એકદમ પાધરો શ્વાસ ઉપડી ગયો. પછી કાંઈ કસ રહ્યો નહિ. દેહ છૂટી ગયો. કારણ કે આમ બધું સંકોચાઈ ગયું હોય, હવે આમાં તો કાંઈ કોઈ રીતે જળવાય એવું નથી. ખ્યાલ આવી જાય કે નહિ? નક્કી આ હવે હાથબહાર બાજી થઈ ગઈ. અને આમાં જો શ્વાસ ઉપડ્યો, શક્તિ હવે કાંઈ છે નહિ. આમ સંકોચાઈ ગયું છે. માંડ માંડ બેસી શકે. ખ્યાલ આવી જાય એને કે નક્કી આ થોડા વખતમાં જો આ શ્વાસ ઉપડ્યો હવે, એ હાથમાં..... છોડ.. છોડ. કહો, સમજાણું ?

દેહ તો તને છોડશે પણ દેહને તું છોડ એ બલિહારી છે, એમ કહે છે. દેહ તો તે સમયે છોડ્યા વિના રહેશે નહિ. પણ એ દેહે છોડ્યું છે, તેં છોડ્યું નથી. તારે તો એમાં રહેવાની આસક્તિનો પ્રેમ, રુચિ આદિ હતી એટલે તેં દેહ છોડ્યો નથી. દેહમાં હું છું જ નહિ. દેહ છૂટવા ટાણે મારી સ્થિતિ પરથી ભિન્ન છે. મારે આમાં રહેવું જ નથી અને એ રહેવા કાળનો હતો એ કાળે છૂટી જાય છે. હું પોતે જ વિદાય આપું છું. કહો, સમજાણું આમાં? આ તો શુરવીરના ખેલ છે. સૌને મરણટાણા આવશે કે નહિ? કે આમાં બધા અમરપાટા લઈને આવ્યા છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધૂળમાં પણ નથી. હવે ચિંતા છે આત્માની. અને ક્યારે અંદર ફરી જશે આમ.. આમ.. થતું થતું સડી જશે, ફલાણું થશે. આ ઠેકાણે સડ્યું, અહીં સડ્યું, અહીં સડ્યું. ત્યાં ક્યાં પાટાપીંડી કરવા જાતો હતો. મોટો ડોક્ટર હતો. 'પોપટભાઈ' મોટા ડોક્ટર, લ્યો. સંઘવી. 'લીમડી'. કેટલીય દવા કરેલી. અહીં પસ થઈ ગયેલો. અધ શેર, પાંચ શેર. એને ખબર પડી નહિ. હવે એ મોટો ડોક્ટર. કંઈકની (દવા) કરેલી. પોતાને ખબર ન પડી. ડોક્ટર પાસે ગયા. અહીં પસ થયો છે. થઈ રહ્યું. કાઢ્યું તો ખરું કાંઈક પણ બચ્યા નહિ. 'પોપટભાઈ' ડોક્ટર 'લીમડી'. અમારી પાસે 'રાણપુર' આવ્યા હતા ને. પહેલા 'રાજકોટ' આવ્યા હતા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એમના જમાનામાં પ્રખ્યાત હતા.

ઉત્તર :– પ્રખ્યાત. પ્રખ્યાત બહારમાં. પણ પોતાના ટાણા આવ્યા તો એં..એં.. થઈ ગયું. એ આપણે (સંવત) ૧૯૯૦ની સાલમાં 'રાણપુર' આવ્યા હતા. આ એનું જ .. હતું. રેલને ખોટી કરીને આવ્યા હતા. થોડીવાર રેલને ઊભી રાખો. મારે આમ જાવું છે. થોડીવાર

www.vitragvani.com



ઊભી રાખી હતી. ૧૯૯૦ની સાલની વાત છે. સમજાણું કાંઈ? બાપા! એ તો શરીરના... ડોક્ટરનું હોય કે વેપારીનું હોય, બાળકનું હોય કે યુવાનનું હોય કે વૃદ્ધનું હોય. જે ટાણે છૂટવાનો સમય ચોક્કસ નક્કી થઈ ગયેલો છે.

મુમુક્ષુ :– અકાળમરણ થઈ જાય.

ઉત્તર :– અકાળમરણ મરણ છે જ નહિ. જે સમયે છૂટવાનો તે સમયે છૂટવાનો છે. લોકોને ખ્યાલ ન હોય એટલે એને અકાળમરણ કહેવામાં આવે. અકસ્માત કાંઈ છે જ નહિ.

મુમુક્ષુ :– તો અકાળ શબ્દ કેમ આવ્યો?

ઉત્તર :– એ અકાળ નામ અંદર કર્મની પ્રકૃતિ, એકદમ ખેંચાઈને સ્થિતિ ઓછી થવાની હતી તે થઈ એ અપેક્ષાએ કહેવામાં આવ્યું, બીજું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? અને અહીંથી જઈને પાછા બીજે તંબુ તાણવા છે. એ કાંઈ મોક્ષ જાતો નથી. જ્યાં સુધી કૈવલ્ય પામે નહિ, આત્મામાં પૂર્ણ શાંતિની સ્થિરતા ન થાય ત્યાં સુધી એને દેહ તો કરવાનો હોય જ છે. પણ અહીંયાં તો આત્માનું ભાન છે, સમ્યગ્દર્શન છે. અરે..! મારી ચીજ તો પૂર્ણાનંદ અને શાંતિથી ભરેલી છે. હું જેટલો એમાં એકાગ્ર થાવ તેટલો મને આનંદ અને શાંતિ આવે એવી મારી ચીજ છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાન અને શાંતિનું સ્વરૂપ છે. આમ ભાષા એમ નહિ, વસ્તુ છે ઇ, હોં! કહેવામાત્ર નહિ, ભાવમાત્ર એ ચીજ છે. વસ્તુ છે એ શાંત એટલે સમરસ સ્વભાવસ્વરૂપ અને અતીન્દ્રિય આનંદરૂપ એની ચીજ છે. એમ ધર્મીને પહેલું ભાન થતાં એમાં જેટલો એકાગ્ર થઈશ એટલો મને આનંદ અને શાંતિ આવશે. અને જેટલો રાગ રહેશે એટલી મને અશાંતિ છે. સમજાણું કાંઈ? એવો જેણે પ્રથમ નિર્ણય કર્યો છે, એને મરણકાળ પહેલે મારું મરણ શાંતિથી... શાંતિથી (થાય એવી ભાવના હોય છે).

'જગતને મરણ તણી બીક, મારા મન આનંદની લહેર છે.' સમજાણું કાંઈ? કોને આવશે એ? કે જેણે પોતાના રાગરહિત આત્માના આનંદને શોધ્યો અને ગોત્યો છે. સમજાણું કાંઈ? એની શોધખોળમાં વધારે પડવા માટે, શાંતિ લેવા માટે આ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? આ (છલોછલ) થાય. દેહમાં ડબલ ન્યુમોનિયા, ડબલ ન્યુમોનિયા. આમ ફૂ આવતા હોય. શરીરને, હોં! આત્માને ક્યાં આવે છે? પણ જેણે શરીરથી આત્મા જુદા માન્યા નથી, એને તો એકત્વબુદ્ધિમાં ભીંસાઈ જવાનું છે. ઘાણીમાં જેમ તલ પિલાઈ (એમ) એમાં પિલાઈ જવાના છે. શરીર મારું છે, શરીરમાં ક્રિયા હું કરું છું અને શરીર ઠીક હોય તો મને ઠીક પડે છે, શરીરમાં સ્વચ્છતા, નીરોગતા હોય તો મને ઠીક પડે છે, એ એકત્વબુદ્ધિમાં ઘુંટાઈ જઈશ. મરણ ટાણે ભીંસાઈ જઈશ. ઘાણીમાં જેમ તલ પીલાઈ જાય છે એમ પીલાઈ જઈશ. એ કાંઈ મૃત્યુ કહેવાય? સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય સરસ વાત લે છે. અહો..! કહે છે, ૧૭૭ ગાથા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૧૭૭

मरणेऽवश्यं भाविनि कषायसल्लेखनातनूकरणमात्रे।
रागादिमन्तरेण व्याप्रियमाणस्य नात्मघातोऽस्ति ।।१७७।।

અન્વયાર્થ :– [ अवश्यं ] અવશ્ય [ भाविनि ] થવાવાળું [ मरणे `सति` ] મરણ થતાં [ कषायसल्लेखनातनूकरणमात्रे ] કષાય સલ્લેખનાના કૃશ કરવા માત્રના વ્યાપારમાં [ व्याप्रियमाणस्य ] પ્રવર્તમાન પુરુષને [ रागादिमन्तरेण ] રાગાદિભાવોના અભાવમાં [ आत्मघातः ] આત્મઘાત [ नास्ति ] નથી.

ટીકા :– 'अवश्यं भाविनि कषायसल्लेखनातनूकरणमात्रे मरणे रागादिमन्तरेण व्याप्रियमाणस्य आत्मघातः न अस्ति।' - અર્થ :– અવશ્ય જ થનાર જે મરણ છે તેમાં કષાયનો ત્યાગ કરતાં રાગદ્વેષ વિના પ્રાણત્યાગ કરનાર જે પુરુષ છે તેને આત્મઘાત થઈ શકતો નથી.

ભાવાર્થ :– સંલેખના કરનાર પુરુષની ઇચ્છા એવી નથી કે હું જબરજસ્તીથી મરણ કરું પણ એનો અભિપ્રાય એવો હોય છે કે જબરજસ્તીથી મરણ થવા લાગે ત્યારે મારા પરિણામ શુદ્ધ રહે અને હું સંસારના વિષય-ભોગોથી મમત્વનો ત્યાગ કરી દઉં. તેના મરણમાં જો રાગદ્વેષ થાય તો જ આત્મઘાત થાય. પણ જે મનુષ્ય રાગદ્વેષનો ત્યાગ કરી રહ્યો છે તેને આત્મઘાત થઈ શકતો નથી. ૧૭૭.

---

मरणेऽवश्यं भाविनि कषायसल्लेखनातनूकरणमात्रे।
रागादिमन्तरेण व्याप्रियमाणस्य नात्मघातोऽस्ति।।१७७।।

જુઓ! આ આવ્યું. જુઓ! 'સેઠી'! મરણ તો ભાવિનું એટલે નક્કી થયેલું જ છે એમ કહે છે. મરણ તો થવાનું જ છે. જરૂર એમ.

**'અવશ્ય થવાવાળું મરણ થતાં...'** જુઓ! અહીં વધારે વજન છે. **'અવશ્ય થવાવાળું મરણ થતાં...'** એટલે મરણનો સમય તો તે આવી પહોંચ્યો છે. એમ બાહ્યથી કેટલાક કારણે ખ્યાલમાં આવી ગયું. વૃદ્ધાવસ્થા ઘણી જીર્ણ થઈ ગઈ. પાણી પણ ચાલે નહિ. સમજાણું? કેન્સર એવા થઈ ગયા હોય. આહાહા..! અંદર ક્ષુધા ઘણી હોય, પાણી અડાડે તો રાડ નાખે. અહીં પાણી અડે (ત્યાં) રાડ નાખે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાઈ હતા ને? 'સાકરચંદભાઈ'. તમારે નહિ 'પાલિતાણા' ? 'સાકરચંદભાઈ' ગુજરી ગયા ને હમણા? પાણી અડાડે તો રાડ નાખતા હતા. બીજાને થપાટ મારે. અરે..! ભગવાન! આળું થઈ ગયું ને બહુ આળું. એટલે આ બધું સડી ગયેલું. હોઠ-બોઠ સડી ગયેલા. મેં ત્યાં જોયું હતું. બોલી શકતા નહોતા. પગે લાગ્યા. આ સારું હતું પણ આ બધું અંદર સડી ગયું હતું. 'સાકરચંદભાઈ'. જાણો છો? એ 'પાલિતાણા'માં દિગંબરના મુનિમ. એ ગુજરી ગયા, હમણાં ગુજરી ગયા, એની વાત ચાલે છે. કેવું શરીર હતું? બહુ સારું. સોનાની વીંટી અને સોનાના હાર લટકતા હતા. ઓય! પણ પાછા શરીર સડ્યા. આહાહા..! છેલ્લે કહ્યું હતું, મહારાજ! મારે દર્શન કરવા છે. એટલે અમારે તો એકવાર ત્યાં જાવું હતું, નીચે તળેટીમાં ભગવાનના દર્શન કરવા જાવું હતું. ત્યાં જઈ આવ્યા હતા. પછી આઠ દિવસમાં ગુજરી ગયા.

મુમુક્ષુ :– બે-ચાર મહિના થઈ ગયા.

ઉત્તર :– ના, ના હમણા. બે-ચાર નહિ. શનિવારે સવારે, શનિવારે સવારે. આ બધો તો ખ્યાલ છે ને? આમ અંદરથી ખ્યાલ આવી જાય. આમ યાદ ન રહે. પણ ગયા હતા પછી આઠ દિવસ હતા. શુક્ર-શુક્ર, શનિવારે સવારે પાંચ વાગે ગુજરી ગયા. કહો, 'સેઠી'! એ તમે જોયા હતા કે નહિ? કેવું શરીર હતું? રાતડીરાણ જેવું રૂપાળુ. ઘણું શરીર સારું હતું. પણ સડી ગયું શરીર, હોં! આ બધું ધોળું થઈ ગયું હતું. અંદર સડી ગયું. બોલાય નહિ. આમ આમ કરે. એકલો, કોઈ નથી. બધા છોકરા અને છોકરીઓ ઊભા હતા. શું કરે ત્યાં? આ અહીંયા કર્યા અને આ અહીંયાં ભોગવવા. ટાણે પણ તે દિ' સૂઝ્યું? આ પહેલેથી સૂઝ્યું નહિ? આહાહા..!

અહીં તો પહેલેથી જેણે પરથી ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યો છે. સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના, શુભ-અશુભ રાગ થાય છે, એનાથી જુદો એવો અભ્યાસ કર્યો છે. એને મરણને ટાણે વિશેષ ભેદજ્ઞાનનો અભ્યાસ કરીને શાંતિથી દેહ છૂટે એને સંલેખના શાંતિમરણ, સંન્યાસમરણ કહેવામાં આવે છે. સમજાણું? સંલેખના મરણ કહો કે સંન્યાસ એક જ છે. અંદર ૧૭૮ ગાથામાં અર્થ આવશે. સંલેખના કહો કે સંન્યાસ મરણ કહો. સંન્યાસ એટલે ત્યાગ. આહાહા..! આ પણ જ્યાં સુધી આ રહે ત્યાં સુધી તો મજા માણવા દ્યો.

મુમુક્ષુ :– મજા ક્યાં છે પણ એમાં?

ઉત્તર :– આ તો પહેલેથી અમારા આ ભાઈ કહે છે કે આવામાં મજા એમાં આ ચિંતા ખોસી પાછી. ધૂળમાં પણ મજા નથી, હોળી સાંભળને. પર તરફનું લક્ષ કરે ત્યાં રાગ થાય છે. રાગ તે આકુળતા છે. ત્યાં મજા કે દિ' હતી? ધૂળમાં ક્યાંય? શરીરમાં, પૈસામાં, આબરૂમાં, કીર્તીમાં, હોળી તારી બાયડીમાં. એ તો હાડકા અને ચામડા છે. તારું લક્ષ જાય છે કે આ. ત્યાં તો હોળી રાગ ઉત્પન્ન થાય છે. રાગ અને આકુળતા છે. મજા કે દિ' હતી? એય..! 'પોપટભાઈ'! આકરી વાત છે, ભાઈ!

www.vitragvani.com



મુમુક્ષુ :– ...

ઉત્તર :– મૂંઢ છે. વિષ્ટા ચાટીને મજા માને. પેલો છોકરો નાનો હોય ને, બહુ દૂધ પાયને છોકરાને, બહુ દૂધ પાય તો શેરણું થઈ જાય. ઉનાળામાં શેરણું હોય તો પછી જરી ચાટે આમ. ઠંડુ લાગે ને. એને ક્યાં ભાન છે કે આ વિષ્ટા છે. બીજાને એમ કે હમણા કાંઈક પીધું હશે એ નીકળ્યું લાગે છે. બાળક હોય ને એને જેઠ મહિનામાં બહુ વધારે દૂધ પાય. જાણે ઝટ પુષ્ટ થશે એમ કરીને એની મા ખૂબ પાય. અને જેઠ મહિનાનો વખત હોય. બહુ દૂધ પાય તો ઝટ પુષ્ટ થાય ને? પણ એને તાકાત ન હોય અંદરમાં. શેરણું થઈ જાય. ઝાડો-પાતળો. એ જાણે કે આ નીકળ્યું લાગે છે આ પીધું ઈં. આમ ચાટે. આ એવું સંસારનું સુખ છે. રાગ કાઢી અને રાગને ચાટે છે અને માને છે કે હું આ ભોગની મજા માણું છું. મૂંઢ છે. એ.. 'સુમનભાઈ'! આહાહા..!

ભગવાન! તારામાં તો શાંતિ પડી છે ને પ્રભુ! તું તો અતીન્દ્રિય આનંદનો સરોવર છો ને, નાથ! આહાહા..! ભાઈ! તને તારી પૂંજીની ખબર નથી. સમજાય છે કાંઈ ? કોઈકના મા-બાપ મરી જાય અને પછી બે-પાંચ કરોડની પૂંજી હોય, મોસાળને સોંપે ને? ટ્રસ્ટી તરીકે. એ છોકરાને ખબર ન હોય. એને મહિને સો-સવાસો રૂપિયા ગુંજાના વાપરવા આપતા હોય. એટલે એ સમજે કે મારા સો રૂપિયા છે. તો કહે ના ના આ ચાર કરોડ આપી ગયો છે તારો બાપ. આ તો ટ્રસ્ટીઓ છે. મૂડી ટ્રસ્ટીની નથી. તારી છે. હેં!

મુમુક્ષુ :– .. વકીલ બેને સોંપે..

ઉત્તર :– વકીલ ખરા ને એટલે એ.

અહીં તો કહે છે, ભગવાન પાસે ગયો, સંતો પાસે ગયો તો એને કહે છે કે મહારાજ ! મને ક્યાંય શાંતિ નથી. અરે...! શાંતિ તારામાં પડી છે. મફતનો શું કરવા હેરાન થાય છે ? સમજાણું કાંઈ? 'અનુભવ પ્રકાશ'માં માછલાનો દાખલો નથી આપ્યો? માછલાનો. મચ્છી. એક જણો કહે કે મને આત્મજ્ઞાન આપો, મને આત્માનું જ્ઞાન આપો. એક પાસે ગયો. બીજો કહે કે, ભાઈ! જુઓ! મારી પાસે નહિ બીજા પાસે જાવ. બીજા પાસે ગયો, ભાઈ ! આત્મજ્ઞાન આપો. બીજો કહે, જુઓ! મારી પાસે નહિ, મચ્છ પાસે જાવ. માછલું હતું ને દરિયામાં? એની પાસે જાવ. ઠીક, ભાઈ ચાલો. માછલી મને અહીં મોકલ્યો છે. શું છે ? કે મારે આત્માનું જ્ઞાન જોઈએ છે. ભાઈ સાહેબ! મોટા પુરુષ લાગો છો. મારે પાસે આવ્યા ત્યારે. પેલો મચ્છ કહે છે. કે શોધતા શોધતા અહીં સુધી આવ્યા. મને તૃષા લાગી છે તો તમે થોડું પાણી લઈ આવો. તો હું તમારું કામ કરી આપીશ. શું કહો છો પણ આમ ? નજર તો કરો નીચે. પાણીમાં તો તું પડ્યો છો. ત્યારે તું ક્યાં છો તને ભાન નથી? નજર તો કર અંદર. માછલાએ કહ્યું કે અંદર નજર તો કર. જ્ઞાનથી તો તું ભરેલો છો. જ્ઞાન માગવા ક્યાં મારી પાસે આવ્યો તું?

જ્ઞાનસ્વરૂપ, ચિદાનંદસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, સૂર્ય ચૈતન્યસૂર્ય છે એ. એની સામું તને જોતા આવડતું નથી અને કહે છે કે મને આત્મજ્ઞાન આપજો. ભાઈસાહેબ! મોટો પુરુષ લાગે છે તું, હોં! પાણી લઈ આવ થોડું. રાજા માણસ નથી કહેતા અત્યારે આપણે ? કહેને આ રાજા માણસ છે. એટલે મૂરખ ન કહેવું અને રાજા કહેવું એટલું. આપ તો રાજા માણસ છો, ભાઈ! એય..! પેલો જાણે કે મારા પૈસાના અને મોટપના વખાણ કરે છે. અને પેલો મૂરખ છો, એમ કહે. આહાહા..!

ભગવાનઆત્મા, જેની વાત કર્યે મજા પડે, એના અનુભવ કરે એની વાત શું થાય? કહે છે, એવો ભગવાનઆત્મા જેને અંતરમાં પહેલેથી રાગ અને પરથી ભેદજ્ઞાન કરીને અભ્યાસથી જેણે પ્રાપ્ત કર્યો છે, એણે મરણ ટાણે શાંતિથી મરવું છે. એની આ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? અહીં ઊંડા પાયા નાખીને લાવ્યો હોય અને નક્કી કરીને આવ્યો હોય કે આપણે હમણાં મરવું નથી, તો એની વાત છે નહિ. અને એ ન માને તો એને ઊંડા પાયા તો રહેવાના નથી

મુમુક્ષુ :– ઊંડા પાયા નાખે કઈ રીતે?

ઉત્તર :– એ નાખે કે આપણે બરાબર છે. આપણું શરીર સારું. બીજામાં ફેર છે. મેં તો ભસ્મ ખાધી છે.

મુમુક્ષુ :– ભસ્મનો બાપ ખાધો હોય તો ખાતા ખાતા મરી જાય.

ઉત્તર :– એ ઘણા કહે છે, હોં. ભસ્મ ખાધી છે. પાંચસો રૂપિયાની એક તોલો એવી ભસ્મ પાંચ વર્ષ ખાધી છે. મોતીની ભસ્મ, લોહાની ભસ્મ, ત્રાંબાની ભસ્મ, વસંત શું કહેવાય પેલી? વસંત માલતી, પેલી વસંતતિલકા થઈ જાય છે. વસંતતિલકા તો દેશી છે. વસંત માલતી ખાધી છે. હવે મરી જઈશ, તારો વસંત માલતી એટલે. સાંભળને હવે. ચક્રવર્તીને જેવાને એક-એક તોલો, એક એક તોલાની કરોડની કીંમત એવી ભસ્મ, જેને અનાજમાં નાખીને દરરોજ ખાતા. મરણ આવ્યું તો એં... એં.. થઈ ગયું.

'બ્રહ્મદત્ત ચક્રવર્તી' સાતસો વર્ષનું આયુષ્ય. ભોગ, ભોગ અને ભોગ. એવા ખોરાક એના, કે એ ખાય એનો એક રૂપિયાભાર ખોરાક છન્નુ કરોડ પાયદળ ન પચાવે. એવા ખોરાક ખાધા. મરણ ટાણે હીરાના ઢોલિયા, હીરાના ઢોલિયા–પલંગ. અરે..! મને કોઈ .... ક્યાં જાય ચાલ્યો. પાપ કરેલા, દેહના છૂટવાના ટાણા, કુરુમતિ! એની રાણી મુખ્ય હતી. બોલતો બોલતો મરીને સાતમી નરકે ગયો. અત્યારે સાતમી નરકને પાતાળે છે. હજી તો બહુ થોડા વર્ષ થયા. હજી તો અસંખ્ય અબજના થોકડાના થોકડા ત્યાં રહેવાના. આહાહા..!

મુમુક્ષુ :– સાતસો વર્ષમાં આટલું પાપ કર્યું?

ઉત્તર :– સાતસો વર્ષમાં કેટલું! એક મિનિટનું અહીં માનેલું સુખ. એની એક મિનિટને માથે અસંખ્ય અબજનું દુઃખ, અસંખ્ય અબજ વર્ષનું દુઃખ. સાતસો વર્ષની મિનિટો થાય એના

કરતા તેત્રીસ સાગરની સ્થિતિમાં ગયો તો અસંખ્ય અબજ વર્ષ. એક મિનિટ અને અસંખ્ય અબજ, એક મિનિટ અને અસંખ્ય અબજ.

ભગવાનઆત્મા એનો મહાન અનાદર અને જે વસ્તુમાં નથી તેનો આદર. તીવ્ર આળ આપ્યા ચૈતન્યને. સુખ પરમાં છે, મારામાં નથી. પરમાં મજા છે. આત્માનો મહા અભ્યાસ ... તું એ નહિ. અહીં છે. અહીં છે. એવા આળમાં પોતે જ ખોવાઈ ગયો. ખોવાઈ ગયો છે એ. હાથ ન આવે. હાય.. હાય.. સોળ હજાર દેવ સેવા કરતા હતા. ઊભા રહ્યા આમ મોઢા ફાડીને. આહાહા..! હીરાના ઢોલિયા, માથે તમારે શું કહેવાય? મચ્છરદાની. એ કેવી ! મણિરત્નના પેલા.. બહું ઊંચી હોય. સમજાણું? ભાઈ! ત્યાં 'ઇંદોર'માં ઢોલિયા કેવા છે જુઓને ? 'સર હુકમીચંદ'ને. આપણે ઉતર્યા હતા ત્યાં કેવા હતા? અંદર ઢોલિયા ઉપર સોનાના અક્ષર લખેલા. હવે આ તો એક સાધારણ માણસ કહેવાય. પેલા તો ચક્રવર્તી. સોળ હજાર તો દેવ સેવા કરે. બાપા! શરણ કોઈ નથી. મરતા હાય... હાય. સાતમી પાતાળ. પથરો જેમ પાણી ઉપર મૂકો અને નીચે તળીયે જાય, નીચે ગયો. છેક તળીયે ગયો, ફડાક દઈને. છેક તળિયે સાતમીએ. સમજાણું? અને જેણે શાંતિ રાખી... આહાહા..! એવા મરણ ટાણે...

જુઓ! પાંડવો આ શંત્રુજ્ય ઉપર પાંચ પાંડવ, મુનિ આત્મધ્યાનમાં મસ્ત હતા. ત્રણ જણા. ધર્મરાજા, ધર્મ, ભીમ, અર્જુન નગ્ન ધ્યાનમાં હતા. આહાહા..! દુર્યોધનનો ભાણેજ આવી અને ધગધગતા લોઢાના દાગીના પહેરાવ્યા. શાંત.. શાંત.. શાંત. આહાહા..! કર્મનો ઉદય હતો માટે આવ્યું, એ પણ નહિ.

મુમુક્ષુ :– એ વિકલ્પ છે.

ઉત્તર :– કોણ વિકલ્પ કરે? કરવાનું કામ શું છે? અહીં તો આનંદમાં ઢળ્યા છે આમ. આહાહા..! આમ હાથે લોઢાના દાગીના, માથે લોઢાના મુગટ, પગમાં લોઢાના ઊના ધગધગતા કડલા. શું કહેવાય? તોડા. તોડા કહેવાય. બાયુને કડલા કહેવાય. આને તોડા. છે તો બધી એકની એક વાત. આકારમાં ફેર જરી. આમ પહેરાવ્યા. ન્યાં શેત્રુંજયથી મોક્ષ પધાર્યા છે. ત્રણ તો મોક્ષ પધાર્યા છે. માથે બિરાજમાન છે. સિદ્ધપણે બિરાજમાન છે. જે સ્થાનમાંથી મોક્ષ પધાર્યા છે ત્યાં સાદિ અનંત અનંત સમાધિ સુખમાં બિરાજે છે. ત્રણ મોક્ષે ગયા. બે મુનિને જરીક વિકલ્પ આવી ગયો. સમકિતી મુનિ. જરી વિકલ્પ આવ્યો કે આ ત્રણ ભાઈઓને આ વેદનામાં શું થતું હશે? એવો વિકલ્પ આવ્યો તો શુભ–પુણ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધ. પેલો સાતમીએ ગયો અને પેલા બે સર્વાર્થિસિદ્ધમાં ગયા. બ્રહ્મદત્ત ગયો સાતમીએ. સાતમી નરક-નરક, હોં! એ હંબક નથી, બધું નીચે છે. આહાહા..! પેલા ગયા સર્વાર્થસિદ્ધ, પેલા ગયા મોક્ષ. જાવ. મરણ ટાણે જેણે જેટલા પ્રમાણમાં ભવના અભાવની ભાવના રાખી છે એટલા પ્રમાણમાં એનો મોક્ષ નજીક થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અવશ્ય થવાવાળું મરણ થતાં...'** જુઓ! એ ભાષા મૂકી છે. અવશ્ય એટલે? મરણ

www.vitragvani.com



તો થવાનો કાળ છે. જબરદસ્તીથી મરણ લાવવું છે એમ નથી. બસ, ટાઈમ આવી ગયો છે એવી સ્થિતિમાં. એવા બે-ચાર કારણોએ ખ્યાલ આવી ગયો. એ આગળ આવશે. એનો દાખલો આપે છે, જુઓ! પાકી ગયેલા પાન સમાન અથવા તેલ રહિત દિપક સમાન આપોઆપ વિનાશ સન્મુખ થઈ ગયો છે. પાકી ગયેલું પાન જ્યારે તૂટવાનું હોય, સડેલું પાન, અને તેલ વિનાનો દીવો. એમ શરીરમાં ખ્યાલ આવી જાય કે નક્કી હવે શરીર છૂટવાનું છે. બસ, પાકી ગયેલા પાનની જેમ છૂટી જાય. વૈદ્ય પણ ખાનગીમાં કહી જાય. હવે ઘડી, બે ઘડી છે, વધારે નથી. ધ્યાન રાખજો, ઊભા રહેજો. કોઈને કહેશો નહિ. પહોર, બે પહોરમાં તમારે સમાધાન થઈ જશે. આહાહા..! એવા કાળે એમ કહેવું છે અહીં.

**'અવશ્ય થવાવાળું મરણ થતાં...'** આ ઉપર વધારે વજન છે. **'કષાય સલ્લેખનાના કૃશ કરવા માત્રના વ્યાપારમાં પ્રવર્તમાન પુરુષને...'** જરૂર મરણ (થવાનું). દેહનું ટાણું છૂટવાનું આવી ગયું. એ પહેલા જેણે કષાય એટલે? લોભ અને રાગને ઓછો કર્યો છે. આસક્તિ ઘટાડી છે. સલ્લેખના = સત્ લેખના. કૃશ કરવું. **'માત્રના વ્યાપારમાં...'** એટલો જ જેનો વેપાર છે હવે તો બસ. બીજો કોઈ વેપાર નથી. એવા **'પ્રવર્તમાન પુરુષને રાગાદિભાવોના અભાવમાં આત્મઘાત નથી.'** એને આત્મઘાત નથી એમ સિદ્ધ કરવું છે. આત્મઘાત છે ને આ ? કહે ના. મરવાનું ટાણું છે. એ તો નક્કી જ થઈ જાય. હવે મારે શાંતિથી વીતરાગભાવે, સમભાવે દેહ છોડવો એ મારું પ્રત્યક્ષ છે. એ આત્મજાગૃતિ છે, આત્મઘાત નથી. સમજાણું ને? કેટલાક એમ કહે આ મરણ કરે છે, આત્મઘાત. પણ મરણ તો આવવાનું છે. એ તો નક્કી છે. સમય પણ જણાઈ ગયો છે કે નક્કી હવે આ હમણા ઘડી-બે ઘડીમાં કાં વાઘ ખાઈ જશે. કાં રોગ ઘેરાઈ ગયો છે. અહીં કફ આવી ચડ્યો છે. એ જરીક હવે શ્વાસ લેવાને આમ થાય પણ એ કફ અહીં ઘેરાણો તો શ્વાસ બંધ થઈ જશે. સમજાણું? ચારે કોર એવો કફ ઘેરાણો છે. થોડોક અહીં લેવાશે. એ શક્તિ જો ઓછી પડી તો એ અહીં ઘેરાઈ જશે. ખ્યાલ આવી જશે મૃત્યુ નજીક છે. સમજાણું કાંઈ? કહો, આ હરખજમણ થાય છે. આ જીવન ગાળ્યા છે હવે મરતા આનંદમાં ગાળવો, દેહ છોડવો એની આ વાત ચાલે છે. આહાહા..!

**ટીકા :– 'અવશ્ય જ થનાર જે મરણ છે...'** એના ઉપર આખું જોર છે. જરૂર મરણ થનાર. **'તેમાં કષાયનો ત્યાગ કરતાં...'** કષાય એટલે ક્રોધ, માન, માયા, લોભ ઘટાડતા અને આત્માની વીતરાગતા વધારતા. **'રાગદ્વેષ વિના પ્રાણત્યાગ કરનાર જે પુરુષ છે તેને આત્મઘાત થઈ શકતો નથી.'**

**ભાવાર્થ :– 'સંલેખના કરનાર પુરુષની ઇચ્છા એવી નથી કે હું જબરજસ્તીથી મરણ કરું...'** સમજ્યાને? પાણીમાં પડવું, અગ્નિમાં મરું, ઝટ મરું. એવું કાંઈ છે નહિ. મરણનો ટાઈમ તો નક્કી થઈ ગયો. **'એનો અભિપ્રાય એવો હોય છે કે જબરજસ્તીથી મરણ થવા લાગે ત્યારે મારા પરિણામ શુદ્ધ રહે...'** આમ વાત ગુંલાટ ખાય છે. આમ મરણ આવવાનું

www.vitragvani.com



નક્કી થઈ ગયું છે આ તો. જબરજસ્તીથી મરણ ખેંચતો નથી કે હવે તો કંટાળ્યો અને પડો પાણીમાં કાં તો અગ્નિમાં સળગો કાં તો વિષ–ઝેર પીએ. એ જબરજસ્તી કરે છે. જો કે એનો તો મરણનો કાળ એને હોય જ એ, પણ એ જબરજસ્તીથી કરે છે. અને આ તો જબરજસ્તીથી મરણ થવા લાગે, મરણ જબરજસ્તી થવા લાગે. **'ત્યારે મારા પરિણામ શુદ્ધ રહે...'** ભાષા જુઓને! .. ગોઠવી. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાતા... આનંદ... આનંદ... આનંદ...

**'અને હું સંસારના વિષય-ભોગોથી મમત્વનો ત્યાગ કરી દઉં.'** સંસારના વિષય ભોગની આસક્તિ ઘટાડી દઉં. **'તેના મરણમાં જો રાગદ્વેષ થાય તો જ આત્મઘાત થાય.'** રાગ-દ્વેષ હોય તો આત્મઘાત છે. પણ રાગ-દ્વેષમાં શાંતિથી વખત ગાળે છે. **'પણ જે મનુષ્ય રાગદ્વેષનો ત્યાગ કરી રહ્યો છે તેને આત્મઘાત થઈ શકતો નથી.'** તેને આત્મઘાત કહેવાતો નથી. આત્મજાગૃતિ છે. ઘાત ક્યાં છે? સમજાણું કાંઈ?

## ગાથા–૧૭૮

**આત્મઘાતી કોણ છે તે હવે બતાવે છે :–**

**यो हि कषायाविष्टः कुम्भकजलधूमकेतुविषशस्त्रैः।**
**व्यपरोपयति प्राणान् तस्य स्यात्सत्यमात्मवधः।।१७८।।**

**અન્વયાર્થ :– [ हि ] નિશ્ચયથી [ कषायाविष्टः ] ક્રોધાદિ કષાયોથી ઘેરાયેલો [ यः ] જે પુરુષ [ कुम्भकजलधूमकेतुविषशस्त्रैः ] શ્વાસનિરોધ, જળ, અગ્નિ વિષ, શસ્ત્રાદિથી પોતાના [ प्राणान् ] પ્રાણને [ व्यपरोपयति ] પૃથક્ કરે છે [ तस्य ] તેને [ आत्मवधः ] આત્મઘાત [ सत्यम् ] ખરેખર [ स्यात् ] થાય છે.**

**ટીકા :– 'हि यः (श्रावकः) कषायाविष्टः (सन्) कुम्भक-जल-धूमकेतु-विषशस्त्रैः प्राणान् व्यपरोपयति तस्य आत्मवधः सत्यं स्यात्।' - અર્થ :– જે જીવ ક્રોધાદિ કષાય સંયુક્ત થયો થકો શ્વાસ રોકીને, વા જળથી, અગ્નિથી, વિષથી કે હથિયાર વગેરેથી પોતાના પ્રાણનો વિયોગ કરે છે તેને સદા આપઘાતનો દોષ થાય છે.**

**ભાવાર્થ :– ક્રોધ-માન-માયા-લોભ ઇત્યાદિ કષાયોની તીવ્રતાથી જે પોતાના પ્રાણનો ઘાત કરવો તેને જ આપઘાત-મરણ કહે છે. ૧૭૮.**

**વિશેષ :– સલ્લેખના ધર્મ (સમાધિમરણ વિધિ) ગૃહસ્થ અને મુનિ બેઉને છે, સલ્લેખના અથવા સંન્યાસમરણનો એક જ અર્થ છે. માટે બાર વ્રતો પછી સલ્લેખનાનું વર્ણન કર્યું છે.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ સલ્લેખનાવ્રતની ઉત્કૃષ્ટ મર્યાદા બાર વર્ષ સુધીની છે; – એમ શ્રી વીરનંદિ આચાર્યકૃત યત્યાચારમાં કહ્યું છે.

જ્યારે શરીર કોઈ અસાધ્ય રોગથી અથવા વૃદ્ધાવસ્થાથી અસમર્થ થઈ જાય, દેવ-મનુષ્યાદિકૃત કોઈ દુર્નિવાર ઉપસર્ગ આવી પડે, કોઈ મહા દુષ્કાળથી ધાન્યાદિ ભોજ્ય પદાર્થો દુષ્પ્રાપ્ય થઈ જાય અથવા ધર્મનો નાથ કરવાવાળાં કોઈ વિશેષ કારણ આવી મળે ત્યારે પોતાના શરીરને પાકી ગયેલા પાન સમાન અથવા તેલરહિત દીપક સમાન આપોઆપ વિનાશસન્મુખ જાણી, સંન્યાસ ધારણ કરે. જો મરણમાં કોઈ પ્રકારે સંદેહ હોય તો મર્યાદાપૂર્વક એવી પ્રતિજ્ઞા કરે, કે જો આ ઉપસર્ગમાં મારું આયુ પૂર્ણ થઈ જશે તો (મૃત્યુ થઈ જશે તો) મારે આહારાદિનો સર્વથા ત્યાગ છે અને કદાચિત્ જીવન બાકી રહેશે તો આહારાદિકને ગ્રહણ કરીશ. આ સંન્યાસ ગ્રહણ કરવાનો ક્રમ છે.

રોગાદિક થતાં યથાશક્તિ ઔષધ કરે પણ જ્યારે અસાધ્ય રોગ થઈ જાય, કોઈ રીતે ઉપચારથી લાભ ન થાય ત્યારે આ શરીર, દુષ્ટ સમાન સર્વથા ત્યાગ કરવા યોગ્ય કહ્યું છે, અને ઇચ્છિત ફળદાતા ધર્મ વિશેષતાથી પાલન કરવા યોગ્ય કહેલ છે. શરીર મરણ બાદ બીજું પણ મળે છે પરંતુ ધર્મપાલન કરવાની યોગ્યતા પામવી અતિશય દુર્લભ છે. આથી વિધિપૂર્વક દેહના ત્યાગમાં દુઃખી ન થતાં સંયમપૂર્વક મન-વચન-કાયાનો ઉપયોગ આત્મામાં એકત્રિત કરવો જોઈએ અને "જન્મ, જરા તથા મૃત્યુ શરીર સંબંધી છે, મને નથી" — એવું ચિંતવન કરી નિર્મમત્વી થઈ, વિધિપૂર્વક આહાર ઘટાડી, પોતાના ત્રિકાળી અકષાય જ્ઞાતામાત્ર સ્વરૂપના લક્ષે કાયા કૃશ કરવી જોઈએ અને શાસ્ત્રામૃતના પાનથી કષાયોને પાતળા પાડવા જોઈએ, પછી [1]ચાર પ્રકારના સંઘની સાક્ષી વડે સમાધિમરણમાં સાવધાન-ઉધમવંત થવું.

અંતની આરાધનાથી ચિરકાળથી કરેલી સમ્યક્ વ્રત-નિયમરૂપ ધર્મ આરાધના સફળ થઈ જાય છે, કેમકે તેથી ક્ષણભરમાં ઘણા કાળથી સંચિત પાપનો નાશ થઈ જાય છે. અને જો અંત મરણ બગડી જાય અર્થાત્ અસંયમપૂર્વક યા દેહમાં એકતાબુદ્ધિપૂર્વક મૃત્યુ થઈ તો કરેલી ધર્મારાધના નિષ્ફળ થઈ જાય છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે, "જો અંત સમય સમાધિમરણ કરી લેવાથી ક્ષણમાત્રમાં પૂર્વ પાપોનો નાશ થઈ જાય છે તો પછી યુવાઅવસ્થામાં ધર્મ કરવાની શી જરૂર છે? અંત સમયે સંન્યાસ ધારણ કરી લેવાથી જ સર્વ મનોરથ સિદ્ધ થઈ જશે," તો તેનું સમાધાન – જે જીવ પોતાની પૂર્વઅવસ્થામાં ધર્મથી વિમુખ રહે છે અર્થાત્ જેમણે તત્ત્વજ્ઞાનપૂર્વક વ્રત-નિયમ આદિ ધર્મારાધના નથી કરી તે જીવ અંતકાળમાં ધર્મસન્મુખ અર્થાત્ સંન્યાસયુક્ત કદી થઈ શકતો નથી. કેમકે-ચંદ્રપ્રભચરિત્ર પ્રથમ સર્ગમાં

૧. ચાર પ્રકારના સંઘ = મુનિ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કહ્યું છે કે " चिरन्तनाभ्यासनिबन्धनेरितागुणेषु दोषेषु च जायते मतिः " અર્થાત્ ચિરકાળના અભ્યાસથી પ્રેરિત કરવામાં આવેલી બુદ્ધિ ગુણ અથવા દોષોમાં જાય છે. જે વસ્ત્ર પ્રથમથી જ ઉજળું કરેલું હોય છે તેની ઉપર મનપસંદ રંગ ચઢી શકે છે, પણ જે વસ્ત્ર પ્રથમથી મેલું છે તેની ઉપર કદીપણ રંગ ચઢાવી શકાતો નથી. માટે સમાધિમરણ તે જ ધારણ કરી શકે છે જે પ્રથમ અવસ્થાથી જ ધર્મની આરાધનામાં બરાબર સાવધાન રહેલો હોય. હાં કોઈ સ્થાને એવું પણ જોવામાં આવે છે કે જેણે આજીવન ધર્મસેવનમાં ચિત્ત લગાડયું નહોતું તે પણ અપૂર્વ વિવેકનું બળ પ્રાપ્ત કરી સમાધિમરણ એટલે સંન્યાસપૂર્વક મરણ કરીને સ્વર્ગાદિક સુખોને પામી ગયા પણ તે તો કાકતાલિય ન્યાયવત્ અતિ કઠિન છે. (તાડવૃક્ષથી ફળ તૂટવું ને ઊડતા કાગડાના મોઢામાં તેની પ્રાપ્તિ થઈ જવી જેમ કઠિન છે તેમ સંસ્કારહીન જીવન વડે સમાધિમરણ પામવું કઠણ છે.) માટે સર્વજ્ઞ વીતરાગનાં વચનો પ્રતિ શ્રધ્ધાવાન છે તેમણે ઉપર કહી શંકાને પોતાના ચિત્તમાં કદીપણ સ્થાન આપવું નહિ.

સમાધિમરણના ઇચ્છુક પુરુષો બને ત્યાંસુધી જિનેશ્વર ભગવાનની જન્માદિ તીર્થભૂમિનો આશ્રય ગ્રહણ કરે, જો તેમ ન બની શકે તો મંદિર અથવા સંયમીજનોના આશ્રયમાં રહે. સંન્યાસાર્થી તીર્થક્ષેત્રે જતી વખતે બધા સાથે ક્ષમા યાચના કરે અને પોતે પણ મન-વચન-કાયપૂર્વક સર્વને ક્ષમા કરે. અંત સમયે ક્ષમા કરવાવાળો સંસારનો પારગામી થાય છે, અને વૈર-વિરોધ રાખનારો અર્થાત્ ક્ષમા ન રાખનાર અનંત સંસારી થાય છે. સંન્યાસાર્થીએ પુત્ર, કલત્રાદિ કુટુંબીઓથી તથા સાંસારિક સર્વ સંપદાથી સર્વથા મોહ છોડી (નિર્મોહી નિજ આત્માને ભજવો જોઈએ.) ઉત્તમ સાધક ધર્માત્માઓની સહાય લેવી કેમકે સાધર્મી તથા આચાર્યોની સહાયથી અશુભકર્મ યથેષ્ટ બાધાનું કારણ બનતાં નથી. વ્રતના અતિચારો સાધર્મીઓ અથવા આચાર્ય સન્મુખ પ્રગટ કરીને નિઃશલ્ય થઈ પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત શાસ્ત્રમાં કહેલી વિધિઓથી શોધન કરવું જોઈએ.

નિર્મળભાવરૂપી અમૃતથી સિંચિત સમાધિમરણને માટે પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મસ્તક રાખે. જો શ્રાવક મહાવ્રતની યાચના કરે, તો નિર્ણાયક આચાર્યને ઉચિત છે કે તેને મહાવ્રત દે. મહાવ્રત ગ્રહણમાં નગ્ન થવું જોઈએ. આર્જિકાને પણ અંતકાળ ઉપસ્થિત થતાં એકાંત સ્થાનમાં વસ્ત્રોનો ત્યાગ કરવો ઉચિત કહેલ છે. સંથારા વખતે અનેક પ્રકારના યોગ્ય આહાર દેખાડી ભોજન કરાવે. અથવા જો તેને અજ્ઞાનતાવશ ભોજનમાં આસક્ત સમજે, તો પરમાર્થજ્ઞાતા આચાર્ય તેને ઉત્તમ પ્રભાવશાળી વ્યાખ્યાન દ્વારા એમ સમજાવે કે —

હે જિતેન્દ્રિય, તું ભોજન-શયનાદિરૂપ કલ્પિત પુદ્ગલોને હજી પણ ઉપકારી સમજે છે ! અને એમ માને છે કે આમાંથી કોઈ પુદ્ગલ એવાં પણ છે કે મેં ભોગવ્યા નથી. એ તો મહાન આશ્ચર્યની વાત છે! ભલા વિચાર તો કર કે આ મૂર્તિક પુદ્ગલ તારા અરૂપીમાં

www.vitragvani.com



કોઈ પ્રકારે મળી શકે તેમ છે? માત્ર ઇન્દ્રિયોના ગ્રહણપૂર્વક તેને અનુભવીને તેં એમ માની લીધું છે કે હું જ તેનો ભોગ કરું છું, તો હે... દૂરદર્શીઃ હવે આવી ભ્રાન્ત બુદ્ધિને સર્વથા છોડી દે અને નિર્મળજ્ઞાનાનંદરૂપ આત્મતત્ત્વમાં લવલીન થા. આ તે જ સમય છે કે જેમાં જ્ઞાની જીવ શુદ્ધતામાં સાવધાન રહે છે અને ભેદજ્ઞાનના બળથી ચિંતવન કરે છે કે હું અન્ય છું અને એ પુદ્ગલ દેહાદિ મારાથી સર્વથા ભિન્ન જુદા જ પદાર્થ છે. માટે હે મહાશય! પરદ્રવ્યોથી મોહ તુરત જ છોડ અને પોતાના આત્મામાં નિશ્ચલ-સ્થિર રહેવાનો પ્રયત્ન કર. જો કોઈ પુદ્ગલમાં આસક્ત રહીને મરણ પામીશ તો યાદ રાખજે કે તને હલકા-તુચ્છ જંતુ થઈ, આ પુદ્ગલોનું ભક્ષણ અનંતવાર કરવું પડશે. આ ભોજનથી તું શરીરનો ઉપકાર ચાહે છે તો કોઈ રીતે પણ યોગ્ય નથી. કેમકે શરીર એવું કૃતઘ્ની છે કે તે કોઈના કરેલા ઉપકારને માને નહિ, માટે ભોજનની ઇચ્છા છોડી, કેવળ આત્મહિતમાં ચિત્ત જોડવું તે જ બુદ્ધિમત્તા છે.

આ પ્રકારે હિતોપદેશરૂપી અમૃતધારા પડવાથી અન્નની તૃષ્ણા દૂર કરી કવલાહાર છોડાવે તથા દૂધ આદિ પીવાયોગ્ય વસ્તુ વધારે, પછી ક્રમે ક્રમે ગરમ જળ લેવા માત્રનો નિયમ કરાવે. જો ઉનાળો, મારવાડ જેવો દેશ તથા પિત્ત પ્રકૃતિના કારણે તૃષાની પીડા સહન કરવા અસમર્થ હોય તો માત્ર ઠંડું પાણી લેવાનું રાખે, અને શિક્ષા દે કે હે આરાધક! હે આર્ય ! પરમાગમમાં પ્રશંસનીય મરણાંતિક સલ્લેખના અત્યંત દુર્લભ વર્ણવી છે, માટે તારે વિચાર પૂર્વક અતિચાર આદિ દોષોથી તેની રક્ષા કરવી.

પછી અશક્તિની વૃદ્ધિ દેખીને, મરણકાળ નજીક છે એમ નિર્ણય થતાં આચાર્ય સમસ્ત સંઘની અનુમતિથી સંન્યાસમાં નિશ્ચલતા માટે પાણીનો પણ ત્યાગ કરાવે. આવા અનુક્રમથી ચારે પ્રકારના આહારનો ત્યાગ થતાં સમસ્ત સંઘથી ક્ષમા કરાવે અને નિર્વિઘ્ન સમાધિની સિદ્ધિને માટે કાયોત્સર્ગ કરે. ત્યાર પછી વચનામૃતનું સિંચન કરે અર્થાત્ સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન કરવાવાળા કારણોનો ઉક્ત આરાધકના કાનમાં, મંદ મંદ વાણીથી જપ કરે. શ્રેણિક, વારિષેણ, સુભગાદિનાં દષ્ટાંત સંભળાવે અને વ્યવહાર-આરાધનામાં સ્થિર થઈ, નિશ્ચય-આરાધનાની તત્પરતા માટે આમ ઉપદેશ કરે કે–

હે આરાધક! શ્રુતસ્કંધનું. ''एगो मे सासदा आदा'' ઇત્યાદિ વાક્ય ''णमो अरहंताणं'' ઇત્યાદિ પદ અને 'अर्हं' ઇત્યાદિ અક્ષર-એમાંથી જે તને રુચિકર લાગે, તેનો આશ્રય કરીને તારા ચિત્તને તન્મય કર! હે આર્ય! 'હું એક શાશ્વત આત્મા છું' એ શ્રુતજ્ઞાનથી પોતાના આત્માનો નિશ્ચય કર! સ્વસંવેદનથી આત્માની ભાવના કર! સમસ્ત ચિંતાઓથી પૃથક્ થઈને પ્રાણ વિસર્જન કર! અને જો તારું મન કોઈ ક્ષુધા પરીષહથી અથવા કોઈ ઉપસર્ગથી વિક્ષિપ્ત (વ્યગ્ર) થઈ ગયું હોય તો નરકાદિ વેદનાઓનું સ્મરણ કરીને જ્ઞાનામૃતરૂપ સરોવરમાં પ્રવેશ કર. કેમકે અજ્ઞાની જીવ શરીરમાં આત્મબુદ્ધિ અર્થાત્ ''હું દુઃખી છું હું સુખી છું – એવા

www.vitragvani.com



**સંકલ્પ કરીને દુઃખી થયા કરે છે, પરંતુ ભેદવિજ્ઞાની જીવ આત્મા અને દેહને ભિન્ન ભિન્ન માનીને દેહને કારણે સુખી દુઃખી થતો નથી, પણ વિચારે છે કે મને મરણ જ નથી તો પછી ભય કોનો? મને રોગ નથી પછી વેદના કેવી? હું બાળક, વૃદ્ધ યા તરુણ નથી તો પછી મનોવેદના કેવી? હે મહાભાગ્ય! આ જરાક જેટલા શારીરિક દુઃખથી કાયર થઈને પ્રતિજ્ઞાથી જરાપણ ચ્યુત ન થઈશ, દઢચિત્ત થઈને પરમ નિર્જરાની અભિલાષ કર. જો, જ્યાંસુધી તું આત્મચિંતવન કરતો થકો સંન્યાસ ગ્રહણ કરીને સંથારામાં બેઠો છો, ત્યાં સુધી ક્ષણે ક્ષણે તને પ્રચુર કર્મોનો વિનાશ થાય છે! શું તું ધીરવીર પાંડવોનું ચરિત્ર ભૂલી ગયો છે? જેમને લોઢાનાં ઘરેણાં અગ્નિથી તપાવીને શત્રુએ પહેરાવ્યાં હતાં તોપણ તપસ્યાથી કિંચિત્ પણ ચ્યુત ન થતાં આત્મધ્યાનથી મોક્ષને પામ્યા! શું તે મહાસુકુમાર સુકુમાલકુમારનું ચરિત્ર સાંભળ્યું નથી? જેનું શરીર શિયાળે થોડું થોડું કરડીને અતિશય કષ્ટ દેવા માટે ઘણા દિવસ (ત્રણ દિવસ) સુધી ભક્ષણ કર્યું હતું, પરંતુ કિંચિત્ પણ માર્ગચ્યુત ન થતાં જેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એવાં અસંખ્ય ઉદાહરણ શાસ્ત્રમાં છે જેમાં દુસ્સહ ઉપસર્ગો સહન કરીને અનેક સાધુઓએ સ્વાર્થસિદ્ધિ કરી છે. શું તારું આ કર્તવ્ય નથી કે તેમનું અનુકરણ કરીને જીવન-ધનાદિમાં નિર્વાંછક થઈ, અંતર્બાહ્ય પરિગ્રહના ત્યાગપૂર્વક સામ્યભાવથી નિરુપાધિમાં સ્થિર થઈ આનંદામૃતનું પાન કરવું! અને ઉપરોક્ત ઉપદેશથી સમ્યક્ પ્રકારે કષાયને પાતળા કરી – કૃશ કરી રત્નત્રયની ભાવનારૂપ પરિણમનથી પંચ નમસ્કારમંત્ર સ્મરણ પૂર્વક સમાધિમરણ કરવું જોઈએ. – આ સમાધિમરણની સંક્ષેપ વિધિ છે.**

---

**'આત્મઘાતી કોણ છે તે હવે બતાવે છે :–'**

**यो हि कषायविष्टः कुम्भकजलधूमकेतुविषशस्त्रैः।**
**व्यपरोपयति प्राणान् तस्य स्यात्सत्यमात्मवधः।।१७८।।**

'[ हि ]' **'નિશ્ચયથી ક્રોધાદિ કષાયોથી ઘેરાયેલો...'** મુંઝાય જાય આમ. ક્યાંય સૂઝ પડે નહિ. અત્યારે આ ઘણા મરે છે ને? ક્યાંક આબરૂ સારી દેખાતી હોય, ઘરમાં આઠ માણસ હોય, પોતે માંડ બસ્સો-ત્રણસો રૂપિયા લાવતો હોય, હજારનો ખર્ચ હોય, એમાં મુંઝાય. ક્યાંય પત્તો ખાય નહિ. મંગાય નહિ. સમજાણું? કોઈ પાસે મંગાય નહિ. કપડા-બપડા સારા પહેરેલા હોય, ટોપા-બોપા ઊંચા પહેર્યા હોય, લાકડી સાથે સારી રાખી હોય, ત્રણસોનો પગાર અને ઘરમાં ખર્ચ આઠસો રૂપિયાનો હોય. હવે એમાં કેટલાક માણસો મુંઝાય જાય. સમજાણું ? **'ક્રોધાદિ કષાયોથી ઘેરાયેલો...'** અંદર ઘેરાય જાય. એય...! 'નટુભાઈ'! એવું હોય છે. એમાં કેટલાક બિચારા મરી જાય છે.

અમારે ખાનગી કાગળ આવે ને. ખાનગી કાગળ ઘણા આવે. છેલ્લું હોય. મહારાજ! અમે બહુ દુઃખી છીએ. આબરૂ કહેવાય છે પણ પગાર દોઢસોનો. શું? અમલદાર. ઘરમાં

www.vitragvani.com



દેણું છે, દીકરીઓને વળાવાના ઠેકાણા નથી, મોટી-મોટી દીકરીઓ થઈ ગઈ છે. કાંઈક મદદ કરો તો પ્રાણને બચાવવાની તમને દયા (કરો). ઠીક. અહીં અમારી પાસે પૈસા હશે? પૈસા મોકલો એમ બહુ ખાનગી કાગળ આવે. અહીં પૈસાની આબરૂ બહુ વધી ગઈ છે. એય...! ક્યાં ગયા તમારા? એય...! 'અમદાવાદ' ગયા? ખાનગી કાગળ આવે, કાંઈક મોકલો. પાંચ હજાર મોકલો ઓછામાં ઓછા. પાંચ હજાર રૂપિયા. એક જણો કહે પચ્ચીસ હજાર મોકલો. કોણ જાણે શું છે? અહીં તો આત્માની વાત છે, બાપા! આત્માની લક્ષ્મીની વાત છે. પેલી ધૂળની લક્ષ્મીને તો અહીં ધોકા મારે છે.

**'કષાયથી ઘેરાયેલો જે પુરુષ...'** કુમ્ભક-કુમ્ભક છે ને? કુમ્ભક કરે. આમ શ્વાસને... મરી જાવું છે, એ તો આપઘાત છે. ક્રોધના આવેશમાં આવી ગયો હોય, આબરૂ રહેતી ન હોય, સમજાણું? આબરૂ બે લાખની કહેવાતી હોય પણ મૂડી... આમ બહારમાં કહેવાતી હોય પચ્ચીસ લાખની અને અંદર હોય માંડ બે લાખની મૂડી. સામે કરજ હોય. ચાલતું હોય બધું. ઘણા એવા વિચિત્ર છે. મુંઝાય જાય માણસ. એ તો આપઘાત છે. સમજાણું?

**'શ્વાસનિરોધ, જળ,...'** જળ જળ સમાધિ લે. એ પાણીમાં જઈને પડે. એ તો આપઘાત છે. જળસમાધિ નથી કહેતા કેટલાક? જળ. એ શસ્ત્ર પછી આપશે. આ તો જળમાં પડે છે ને? પાણીમાં, સરોવરમાં. એ **'અગ્નિ...'**માં પડે. અગ્નિ સળગાવે અને બળે. ઝેર પીવે. **'શસ્ત્રાદિથી...'** લ્યો, એ તલવાર કે આનાથી ઘાત કરે. **'પોતાના પ્રાણને પૃથક્ક કરે છે...'** પૃથક્ તો થવાના જ હતા પણ ભાવ આવો છે એમ કહે છે. **'તેને આત્મઘાત ખરેખર થાય છે.'** એ તો આત્મઘાત થયો. એણે આત્માની હિંસા કરી. એના સ્વરૂપની જાગૃતિ તો છે નહિ. આત્માને મારી નાખ્યો. અજ્ઞાનમાં આવા મરણમાં જાણે અહીંથી છૂટીને જઈશું. ક્યાં જશે? ત્યાં માસીબા બેઠી છે ક્યાંય? અહીંથી છૂટીને જાશું ક્યાંક. ક્યાં જઈશ પણ ? તું તો આત્મા નિત્ય છો. દુકાન બદલાવાથી કાંઈ દેણું પૂરું થઈ જશે? આવા ઘાત કરે એને આત્મઘાત કહે. પણ મરણટાણે આત્માના જ્ઞાન-ધ્યાન અને શાંથિથી દેહ છોડવાનું કરે તેને આત્મઘાત કહેવાય નહિ પણ એને સમાધિ અને શાંતિમરણ કહેવામાં આવે છે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૭૦ ગાથા–૧૭૮ સોમવાર, અષાઢ વદ ૩, તા. ૨૪-૦૭-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૧૭૮મી ગાથા. એનો ભાવાર્થ. સંલેખનાની વાત ચાલે છે. શું કહે છે? જુઓ! **'ક્રોધ-માન-માયા-લોભ ઇત્યાદિ કષાયોની તીવ્રતાથી જે પોતાના પ્રાણનો ઘાત કરવો તેને જ આપઘાત–મરણ કહે છે.'** એ વ્યાખ્યા કરી. એનું વિશેષ કહેશે. એના પ્રકાર છે કે આત્મા પોતાના શુદ્ધ સ્વભાવનો ઘાત કરી અને મિથ્યાત્વ અને અજ્ઞાનપણે મરે છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ પણ આપઘાત છે. સમજાણું કાંઈ? અને વર્તમાનમાં રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયાને વશે દેહ છૂટે એને પણ આપઘાત કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

**'વિશેષ :– ...'** તો કોઈ કહે, કે ભાઈ! આ શ્રેણિક રાજાએ મરણ કર્યું હતું ને? શ્રેણિક રાજાએ આપઘાત કર્યો હતો ને? પણ આત્માનું ભાન હતું, પણ ત્યાં ક્રોધ-માનને વશે થઈ અને એટલી અસ્થિરતા થઈ હતી. એ ચારિત્રની અપેક્ષાએ આપઘાત કહેવાય છે. 'સેઠી'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સમ્યગ્દર્શનમાં દોષ નથી. બાળમરણ કહેવામાં આવે છે એ રાગ-દ્વેષના કારણે. આત્માનું તો ક્ષાયિક સમ્યગ્દર્શન છે. આત્મા રાગરહિત શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ (છે) એનો અનુભવ દૃષ્ટિ તો છે, ફક્ત લોભના આવેશમાં આવી અને રાગમાં આવીને દેહ છોડ્યો એટલે એ આપઘાત કહેવાય એ ન્યાયે. પણ મૂળ આપઘાત આત્માનો અંદર ઘાત નથી. મરણ આપઘાત કહેવાય. બાળ મરણ છે એ. સમજાણું કાંઈ? એની વિશેષ વ્યાખ્યા કરે છે.

**'સલ્લેખના ધર્મ (સમાધિમરણ વિધિ)...'** સંલેખના એ **'ગૃહસ્થ અને મુનિ બેઉને છે,...'** સંલેખના એટલે સત્‌ને અંદર આત્માના સત્ ભાવને શોધવો. પહેલા આવી ગયું હતું ને? સમ્યક્ પ્રકારે કષાયને ક્ષીણ કરવો એમ આવ્યું હતું. સંલેખના–સત્ સમ્યક્ પ્રકારે કષાયને કૃશ કરવો. અહીં તો શોધવું અંદરમાં ગયું. વિશેષ આત્મામાં અંતરશોધનમાં રહીને સ્થિરતાથી દેહ છૂટે એને સમાધિમરણ, પંડિતમરણ, શાંતમરણ કહેવામાં આવે છે. સમજાણું?

**'ગૃહસ્થ અને મુનિ બેઉને છે,...'** બધો સરવાળો તો મરણ ટાણે લાવવાનો છે ને? જીંદગીમાં જે કાંઈ શાંતિ, દર્શનશુદ્ધિ આદિ પ્રગટ કર્યા હોય છે. એને દેહ છોડવાને કાળે, એ વખતે બધી અનુકૂળતાની પ્રતિકૂળતા થશે. બહારની અનુકૂળતા રહેશે નહિ. શરીર એકદમ પ્રતિકૂળ (થઈ જશે). રજકણોનો ફેરફાર, કંઠનો, છાતિનો, આંતરડાનો, ગળાનો આખું શરીર. એ વખતે રાગ અને દ્વેષને વશ ન થવું, પણ પોતાના સ્વભાવની શાંતિને વશ થઈને દેહ છોડે, એને સમાધિમરણ, સંલેખના મરણ કહે છે. સમજાણું કાંઈ?

એ **'સલ્લેખના અથવા સંન્યાસમરણનો એક જ અર્થ છે.'** બન્ને એક જ છે. સલ્લેખના મરણ કહો કે સન્યાંસ નામ ત્યાગ–દેહનો ત્યાગ કહો. **'માટે બાર વ્રતો પછી...'** બાર વ્રત છે ને સમકિતીના. ગૃહસ્થને આત્મદર્શનપૂર્વક, સમ્યગ્દર્શનપૂર્વક શ્રાવકને પાંચ અણુવ્રત છે, ત્રણ ગુણવ્રત તેની રક્ષા માટે છે અને ચાર શિક્ષાવ્રત પણ તેની અણુવ્રતની રક્ષા માટે છે. એ **'બાર વ્રત પછી સંલ્લેખનાનું વર્ણન કર્યું છે.'** જેને આત્મા સુધારવો છે. આ ભવમાં જ ભવનો અભાવ કરીને દેહ છોડવો છે. સમજાણું કાંઈ? એણે આ રીતે...

**'બાર વ્રતો પછી સલ્લેખનાનું વર્ણન કર્યું. આ સલ્લેખનાવ્રતની ઉત્કૃષ્ટ મર્યાદા બાર વર્ષ સુધીની છે;...'** બાર વર્ષની. પહેલેથી શરીર અને કષાય કૃશ કરવાનો અભ્યાસ કરે. એના બાર વ્રત ચાલે છે. સમજાણું? બાર વ્રત, જુઓ! **'એમ વીરનંદી આચાર્યકૃત યત્યાચારમાં**

**કહ્યું છે.**' શ્વેતાંબરમાં ઉત્તરાધ્યયનમાં છે. બાર વર્ષનો સંલેખના. એ અમારે મોટી ચર્ચા થઈ ગયેલી. બાર વર્ષની. 'મૂળચંદજી' એમ કહે કે આ બાર વર્ષનું છે એ તો તપસ્યા છે. મેં કીધું નહિ. આ તો ઘણા વર્ષ પહેલાની વાત છે. ૪૫ વર્ષ પહેલાની. એ શાસ્ત્રમાં છે બાર વર્ષનું આમાં. આપણે દિગંબર જોયેલું નહિ પણ બાર વર્ષનું (આવે છે). એ આત્માની મૃત્યુ વખતે શાંતિ પ્રગટ કરીને દેહ છોડવો, તેનો અભ્યાસ શ્રાવક પહેલેથી કરે છે. બાર વર્ષની વિધિથી કોઈ (કરે છે). 'સેઠી'! એવું બધું મોટું લખાણ છે આખું. ચાર વર્ષ આનું કરવું, ચાર વર્ષ આનું કરવું પછી ચાર વર્ષ આનું કરવું એ બધી વિધિ છે. સમજ્યા ને? અહીંયાં તે કહે છે. જુઓ!

**'વીરનંદી આચાર્યકૃત યત્યાચારમાં...'** યતિ આચારમાં એમ. બાર વર્ષની મર્યાદા, એનું લક્ષ ધ્યેય મરણ વખતે શાંતિ... શાંતિ... શાંતિ. સ્વભાવના વલણવાળું, વિભાવની ઉપેક્ષાવાળું મરણ થાય, એવી ભાવના ગૃહસ્થને (હોય છે). ત્યાં બાર વર્ષમાં મુખ્ય વાત તો મુનિની છે. સમજાણું કાંઈ? પહેલેથી શરીર અને કષાયને એવી રીતે કૃષ કરતો જાય કે જેને મૃત્યુ વખતે શાંતિથી દેહ છૂટે. કહો, સમજાણું કાંઈ? જેને શાંતિથી વેદન કરવું છે, દેહ છોડવો છે એની વાત છે. એમને એમ કરી લેશું, થાવું હશે તે થશે એમ નહિ. એ તો ખુલાસો કરશે. ભાઈ! કોઈકને એવું થઈ જાય છે ને? પહેલેથી ન કર્યું અને છેલ્લે પણ મૃત્યુ સુધરી જાય. હોય, કોઈને એવું પણ થાય. કો'કને. સમજ્યા? એ લેશે.

**'જ્યારે શરીર કોઈ અસાધ્ય રોગથી...'** ઘેરાઈ જાય. શરીરના ઉપાય કર્યા છતાં હલે નહિ. 'સેઠી'! સાંભળ્યું? 'ગોદિકાજી'ને હાર્ટ એટેક આવ્યો છે. કાલે સાંભળ્યું. 'મુંબઈ'થી 'રજનીભાઈ' આવ્યા છે ને? એણે કહ્યું. હોસ્પિટલમાં છે. કહો, એવી વાત છે. બીજી વાર અને ત્રીજી વાર એવો ધડાકો આવશે તો શરીર છૂટી જશે. સ્થિતિ જ એવી છે તો શું કરે? શરીર જ સંયોગી ચીજ છે. મુદત સુધી રહેવાનું છે. એમાં કાંઈ એના પ્રસંગથી કોઈ ધ્યાન રાખે, આમ કરે અને આમ કરે તો રહે એવું ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :– સાચવવાનો પ્રયત્ન તો કરે ને.

ઉત્તર :– ધૂળેય સાચવવાનો પ્રયત્ન કરે તો રહેતું નથી. આખો દિ' પ્રયત્ન કરીને મરી જાય બિચારા. સવારથી સાંજ ફલાણુ ખાવું, ઢીંકણું. એ છોડવા ટાણે છૂટ્યે છૂટકો. એની લાખ દવા આવે, વૈદો આવે, ડોક્ટરો આવે. કાંઈ નહિ આવે. પછી કહે હાય.. હાય... હવે? એ.. 'પોપટભાઈ'! આ છોકરા-બોકરા કાંઈ હાલ નહિ નાખે. પછી ચાર જણા ઉપાડશે.

મુમુક્ષુ :– એ માટે તો અહીં આવ્યા છીએ.

ઉત્તર :– ચાર જણ ઉપાડશે. એક મોઢા આગળ ચાલે અને એક પાછળ ચાલે. ક્યાં ગયા 'વાસુદેવભાઈ'? આ તમારી .... સાત જણા છે ને? ચાર ઉપાડવામાં કામ આવે અને એક મોઢા આગળ અગ્નિમાં કામ આવે. દોણી લઈને. અને (એક) પાછળ. એ સાંભળતા

www.vitragvani.com



નથી. કહો, સમજાણું? એનું લખશે ક્યાંક. બહુ ગુંથાય ગયેલા. એને આત્માની પડી નથી. સમજાણું કાંઈ? કહે છે, કે અસાધ્ય રોગ એવો આવી જાય. લાખ તારા ડોક્ટર, લાખ કરોડ ખર્ચશે પણ એ વખતે છૂટશે, ફડાક! હાય... હાય.. કાંઈ કામ કર્યું નહિ? અરે..! પેલાને તો ઇંજેક્શને કામ કર્યું હતું.

મુમુક્ષુ :– લોકો તો વખાણ કરે કે તમે બાપાની બહુ સેવા કરી.

ઉત્તર :– એમાં દાળિયા શું થયા? લોકો વખાણ કરે એમાં. બહુ કર્યું 'સુમનભાઈ' કહે છે, ઓ..હો..હો..! 'રામજીભાઈ'નું બહુ કર્યું. એ ક્યાં સામું જુએ છે? એ તો ત્યાં ચાલ્યો જાય છે. એય..! કેમ? 'સેઠી'! આહાહા..! બાપુ! એ રોગ એવો લાગુ પડશે કે તારા દવા-દારુ કાંઈ કામ નહિ આવે. અસાધ્ય. જુઓ! ભાષા લીધી. અસાધ્ય રોગ. થઈ રહ્યું. હવે દેહ છૂટયે જ છૂટકો. તારા લાખ, કરોડ ખર્ચ. કેટલા ખર્ચ્યા? નહોતો અહીંયા એક હમણા? પેલો કાંપમાં કોલસાવાળો નહોતો એક? કેટલા ખર્ચ્યા? ઘણા ખર્ચ્યા. કેટલા હજારો. મોટા મોટા ડોક્ટરો ઉતર્યા. કેટલા ખર્ચા. ૪૩ હજાર. જેમ જેમ ડોક્ટરો ઇંજેક્શન દે એમ રોગ વધતો ગયો. એમ ને એમ રોગ વધતો ગયો. એ તો વધવાનો હતો માટે વધ્યો. પેલો કોલસાવાળો હતો. એ તમારા સગા છે ને? આ ભાઈના. 'અમરશીભાઈ'ના 'નવનીતભાઈ'ના. એ અહીં કાંપમાં દેહ છોડ્યો. બહુ ડોક્ટરો ઉતાર્યા હતા અને ઘણો ખર્ચ કર્યો. એક-બે દિવસમાં ૪૩ હજાર રૂપિયા ઊડી ગયા. કહે કે શું થયું? જેમ જેમ ડોક્ટરો ઇંજેક્શન (દેતા ગયા) એમ એમ રોગ વધતો ગયો. એ કાંઈ એનાથી વધ્યો નથી. એ વધવાનો જ હતો. અસાધ્ય... અસાધ્ય.. અસાધ્ય. તારા લાખ-કરોડ રૂપિયા પડ્યા રહેશે. કબાટમાં લાખ, હજાર દવાઓ બધી રાખી હશે. આ વખતે આ લેવું અને આ વખતે આ લેવું. એ બધા થોથા તારા ત્યાં પડ્યા રહેશે.

આવો અસાધ્ય (રોગ) આવે એ વખતે તો સંભાળી લેજે. એમ કહે છે. સમજાય છે ? વૃત્તિને વાળી લે જે. બસ, હવે મારું સમાપ્ત. ભવના અંતમાં મારી શાંતિમાં (રહું). સહજાનંદસ્રૂર્તિ પ્રભુ! ધ્રુવ ભગવાન અંતર બિરાજે છે એની ઓથે ચાલ્યો ગયો. સત્... સત્... સત્ સ્વરૂપ ધ્રુવ આખુ પડ્યું છે એની ઓથે જા. બાકી કાંઈ શરણ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એ પહેલા અભ્યાસ કર્યા હશે એને એ વખતે આવશે. અભ્યાસ કર્યા નથી અને એક દિવસમાં આવી જશે એવું નથી. કોઈ જીવને, મહા પુરુષાર્થે થાય. કહેશે, હોં! એ કહેશે. ઓલીકોરના પાને કહે છે. કોઈક સ્થાને એવું પણ જોવામાં આવે છે, કે જેણે આજીવન ધર્મ-સેવનમાં લગાડ્યું ન હોય અને અપૂર્વ વિવેકનું બળ પ્રાપ્ત કરી જાય છે. કોઈકને થાય. પણ એથી કરીને એ આશરો લઈને બધા કરશે તો મરી જશે. ઓલી કોર છેલ્લે પાને છે. ૧૩૬ પાને. છેલ્લી લીટી. ૧૩૬ પાને છેલ્લી લીટી. કોઈ સ્થાને એવું પણ જોવામાં આવે છે, કે જેણે આજીવન ધર્મસેવનમાં ચિત્ત લગાડ્યું નહોતું, એ અપૂર્વ વિવેકનું બળ પ્રાપ્ત કરી સમાધિમરણ

એટલે સંન્યાસી મરણ કરીને સ્વર્ગાદિ સુખોને પામી ગયા. પણ તે કાકતાલિય ન્યાયવત્ છે. કાગડાને આવવું અને ઉપરથી તાડને પડવું અને મોઢામાં આવી જવું. એવું છે. એ ભરોસે બધાએ રહેવું નહિ. આહાહા..! સમજાણું?

**'વૃદ્ધાવસ્થાથી અસમર્થ થઈ જાય,...'** શરીર જીર્ણ થઈ જાય, એમાં મોંસબી પણ પચે નહિ. પાણી નાખે એની પણ ઊલટી થઈ જાય. હોજરી બગડી જાય, ફેફસા ઓલા થઈ જાય. એક ગૃહસ્થ માણસ હતો. અમદાવાદ મોટો ગૃહસ્થ, મોટી પેઢી. દેરાવાસી હતા. બોલાવવા આવ્યા હતા. મહારાજના દર્શન કરે. પાણીમાં કાંઈ રહેતું નથી. હમણાં એના ભત્રીજા આવ્યા હતા. કહે મારા કાકા મરી ગયા. કાંઈ રહે નહિ. શરીર જુઓ તો નીરોગ. કાંઈ રોગ ન મળે. પણ અંદર કાંઈક નાખે તો ફડાક ઊલટી. નાખે ને ઉલટી. સમજાણું? ત્યાં 'અમદાવાદ'માં 'ગુલાબચંદભાઈ' નહિ? તમારા બહેન. એ ક્યાંક મેડીએ રહેતા. એક મેડી ઉપર ગયા હતા. એણે કહ્યું. કે મહારાજને બોલાવવા ગયા છે. બિચારો બેઠો હતો. પૈસા મૂક્યા. ગૃહસ્થ વેપારી દેરાવાસી. કહે, પેટમાં કાંઈ રહેતું નથી. શરીર જુઓ તો નિરોગી. કાંઈ મળે નહિ. આવું ને આવું સરસ શરીર દેખાય. અંદર નાખો તો મિનિટ રહી નહિ. ફડાક ઊલટી. હવે એ વખતે એણે શું કરવું? છોડી દેને હવે એ હોળી. એ છૂટવાના કાળ છે. અંદરમાંથી શાંતિ લે ને. ભગવાન શાંતિનો પિંડ અંદર પડ્યો છે. આહાહા..!

ભગવાનઆત્મા... પણ અંદર નજરુંના જેણે અભ્યાસ કર્યા નથી, અંદર નજરના નિધાન ઉપર જોવાને કોઈ પ્રયત્ન કર્યો નથી. એ ક્યાંથી અંદર જશે? સમજાણું કાંઈ? ત્યાં પછી ટાંગા આમ ટળવળશે. આમ આમ થશે, બધું પુણ્ય ફરશે એટલે. હજી કાંઈ વાત દાબીને રાખવા માગશે તો ત્યાં કાંઈ નહિ રહે. હાય... હાય. એવી અવસ્થા થઈ જાય. છોડ. હવે ઉપચારનું વિચારવું બંધ કર, ઉપચાર કર આત્માના. કહો, સમજાણું કે નહિ? 'પોપટભાઈ'? કહો, કેવા સપના આવતા હતા મોટાભાઈ ને? તમારા છોકરાને સપના એવા આવતા હતા. હાય.. હાય... છોકરાને. ત્યાં હતા તે દિ' ને? (સંવત) ૨૦૨૦ની સાલ ને? મેં કીધું, શાંતિ રાખો. ઉતાવળે કાંઈ પાકે એવું છે? એવા સપના આવે હાય... હાય... આવા માઠા સપના? ક્યાં જશું? આ દેહ છૂટશે? જશે એમ થઈ જાય. ભાઈ! એ તો શરીરને છૂટવાના કાળ હોય, આયુષ્ય હોય તો રહી જાય નહિતર તો એ ટાણે ફટાક અંદર જાવ. ... આવતા ભવને બીજે. જ્યાં નથી તમારું આ શરીર, નથી ત્યાં આ ક્ષેત્ર, નથી ત્યાં આ કાળ, નથી ત્યાં આ ભવ, નથી ત્યાં આ ભાવ, નથી ત્યાં આ ઓળખીતા માણસ. હાય.. હાય... આહાહા..!

મુમુક્ષુ :– ... ઓળખીતા કરી દે છે.

ઉત્તર :– ધૂળમાં પણ ઓળખીતા કરે એવું નથી. નરકમાં જાય ત્યાં ક્યાં ઓળખીતો કરે એવું છે? ક્યાંય જાય. મગરમચ્છમાં સરોવરમાં ક્યાંક આટલું માછલું થઈને રખડે. હાય.. હાય.. આહાહા..! કોઈ સામું જોતું નથી.

www.vitragvani.com



**'દેવ મનુષ્યાદિકૃત કોઈ દુર્નિવાર ઉપસર્ગ આવી પડે,...'** જોયું! કોઈ દેવે ઉપસર્ગમાં મારી નાખવાની તૈયારી (કરી). દેવે ઉપાડ્યો. આ અગ્નિમાં નાખી દઉં, કૂવામાં નાખી દઉં, એ વખતે વૃત્તિને વાળી લે, પહેલેથી અભ્યાસ કરે, બાપુ! એ ટાણા આવશે, શાંતિ રાખજે. એ શાંતિ સ્વરૂપ મારામાં છે એવો જેને અંતર અનુભવ નિર્ણય થયો છે. એ શાંતિમાં વારંવાર ડોકિયા નાખે અને એ વખતે તો ભીંસ પડે ત્યારે અંદર ભગવાનને તું શાંતિને ભેટજે. ત્યારે તારું મરણ સાચું થશે. સમજાણું કાંઈ? **'મનુષ્યાદિકૃત...'** મનુષ્યનો કોઈક આકરો ઉપસર્ગ આવ્યો. મનુષ્ય સામે ગોળી લઈને ઊભો, હમણા મારી નાખું છું. કોઈ પશુ આદિ છે ને? સિંહ બહાર આવ્યો હોય, સામે દીપડો આવ્યો હોય. થઈ રહ્યું. આ હમણા પકડશે. હમણા ફાળ મારશે. જંગલમાં ચાલ્યા જતા હોય.

**'કોઈ દુર્નિવાર...'** વારી શકાય નહિ એવો ઉપસર્ગ આવ્યો હોય, તો તે વખતે સમાધિમરણ થાય, એવી પહેલેથી ભાવના કરજે. સમજાણું કાંઈ? **'કોઈ મહાદુષ્કાળથી ધાન્યાદિ ભોજ્ય પદાર્થો દુષ્પ્રાપ્ય થઈ જાય...'** એવો દુકાળ પડ્યો હોય કે અનાજ ન મળે. જુઓને આ બિહારમાં થયું હતું ને? અત્યારે સાધારણ છે. પહેલા લાખો માણસ મરી ગયા, લાખો માણસ. સમજાણું? મહામોટો દુષ્કાળ હોય. શું ફેરવો છો? એય.. 'સોગનચંદજી'? સાંભળો છો કે પાનાં ફેરવો છો? તમારું એટલું ઠેકાણું નથી અહીં સાંભળવાને ઠેકાણે. આમથી આમ પાનાં ફેરવે છે. અહીં સાંભળવું હોય એ ચાલ્યું જાય છે. આ અત્યારના એવા કોણ જાણે ત્યાગી અને બ્રહ્મચારી ઠેકાણા વિનાના. એને અભિમાન ચડી જાય, હોં! આપણે કાંઈક કરીએ છીએ. 'સેઠી'!

**'કોઈ મહાદુષ્કાળથી ધાન્યાદિ ભોજ્ય પદાર્થો...'** પાણી ન મળે. પાણી ન મળે, પાણી. છે ને? ધાન્યાદિ છે ને? ધાન્ય, પાણી, ભોજ્ય પદાર્થો ન થાય. સડી જાય. એક સાધુ બિચારો રસ્તામાં હતો. છ ગાવ ચાલ્યો. 'ભાવનગર'. અહીં છે ને? 'કમળેજ'. તડકાના નીકળેલ, કોઈ સાથે નહિ, કાંઈ સાથે નહિ. ઝાડ નીચે થોડીવાર બેઠો કોઈ નીકળે તો. થઈ રહ્યું, દેહ છૂટી ગયો. બહુ તૃષા... બહુ તૃષા લાગી. શાંતિ કરતા આવડે ત્યારે ને? કોઈ દિ' શાંતિ શું છે? આત્મા શું? એની દરકાર તો કરી નહિ. બહારમાં અમારી આબરૂ અને કીર્તિ, જગતમાં હોળી કર્યા કરી. 'શશીભાઈ'! આહાહા..!

એ આમ ઝાડ નીચે.. બસ સુકાઈ ગયો. એવો સોસ પડે. કોઈ નીકળ્યું નહિ. ઝાડ નીચે બેઠો કોઈક નીકળે તો કહું ક્યાંકથી પાણી લાવે તો. ખલાસ થઈ ગયો. મોટા છ ગાવનું ... 'કમળેજ' થી 'ચમારડી' એકલો.. છે ને 'ભગવાનભાઈ'! આ બાજુ દરિયો, ખાર. આ બાજુ 'ઘાંઘળી' આમ રહી ગઈ. વચમાં ફાંફો મોટો. અમે એ રસ્તે નીકળ્યા છીએ, હોં! એ જ રસ્તે નીકળ્યા હતા. છ ગાવ, હોં! 'કમળેજ'થી 'ચમારડી'. 'ભાવનગર'થી ત્રણ ગાવ 'કમળેજ'. ત્યાંથી છ ગાવ 'ચમારડી'.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોઈ કાંઈ ન મળે નહિ ને. એક ઝાડ નહિ, મકાન નહિ, ગામ નહિ, આમ જુઓ તો દરિયો, ખાર આઘો તરત જ. આમ જુઓ તો ઘાંઘળી આઘી રહી ગઈ. 'ઘાંઘળી' છે ને? બ્રાહ્મણનું ગામ છે. એ તો ક્યાંય આઘું રહી ગયું. અમે વચમાં નીકળ્યા હતા. પણ અમે શિયાળામાં નીકળ્યા હતા. (સંવત) ૧૯૭૭ની સાલ છે. 'ભાવનગર' આવ્યા પહેલા. ૧૯૭૭ની સાલમાં. શિયાળો હતો, ત્યારે શરીર ઠીક હતું. 'ચમારડી' પહોંચ્યા. હું અને 'જીવણલાલ' બે હતા. કોઈ માણસ નહિ. એમાં એ તૃષા લાગી હોય. હવે ચાલવાનું .. નહિ. આહાહા..!

શ્રીકૃષ્ણ વાસુદેવ ત્રણ ખંડના ધણી. જેના હકારે તો આમ સિંહના પેશાબ છૂટી જાય. એને તૃષા લાગી. કૌસંબી વનમાં. ભાઈ! હું પગલું નહિ ભરી શકું. કહો, 'સેઠી'! આહાહા..! તારી સગવડતા નહિ રહે કાંઈ. ત્રણ ખંડના ધણી, સોળ હજાર દેવ સેવા કરે. હાકલ નાખે ત્યાં આમ સિંહના અને મોટા રાજાના પેશાબ છૂટી જાય. સિંહનાદ કરે ત્યાં. એકલા વનમાં ટળવળે. સમજાણું? 'તરસે તરફડે ત્રિકમો' એ 'તરસે તરફડે ત્રિકમો, નહિ કોઈ પાણીનો પાનાર.' આહાહા..! ભાઈ! હું પગલું નહિ ભરી શકું. આહાહા..! બોલી નથી શકતા. ભાઈ! હું અહીંથી એક પગલું નહિ ભરી શકું. મને એવી તૃષા લાગી છે. ભાઈ! તમે અહીં સુવો, તમે અહીં સુવો. હું પાણી લઈને આવું છું. આહાહા..! એવી તૃષા! અંદર દૃષ્ટિ છે, હોં! આવતી ચોવીસીમાં તીર્થંકર થવાના છે. તેની સ્થિતિ પણ આ! આટલા પુણ્યવંત લઈને. કહો, 'જન્મતા કોઈ ન જાણ્યો, મરતા કોઈ ન રોનાર.' જન્મતા કોઈ જાણ્યો નહિ. 'ગોકુળ'માં જન્મ્યા. મર્યા તો પણ એકલા મર્યા. જુઓને એ કાળ તે કાળ. આ વાસુદેવની આવી સ્થિતિ. એવી બધી બહારની વાતું. ઠરી જશે તારા બધા સાધન કર્યા હશે ઇ. સમજાય છે?

**'મહાદુષ્કાળથી ધાન્યાદિ ભોજ્ય પદાર્થો દુષ્પ્રાપ્ય થઈ જાય...'** કોઈપણ પદાર્થ આમ તૃષાનો, ફલાણાનો. રાજા માનસિંગ, નહિ? આ બહાદુરસિંહનો બાપ. ત્યાં દક્ષિણમાં ગયેલ. મરવાની તૈયારી. ગોળનું પાણી જરીક જુએ. ગોળનું પાણી. રાજા.

મુમુક્ષુ :– પાલિતાણાના ઠાકોરને?

ઉત્તર :– હા ઠાકોર. માનસિંહજી. આ અત્યારે હતા એ કોણ? માનસિંહ નહિ એનો બાપ. સુરસિંહજી. આ બહાદુરસિંહ અને માનસિંહ. એને તો ઓળખું. ત્યાં 'ગારિયાધાર' આવતા ને. 'માનસિંહજી' ત્યાં (સંવત) ૧૯૫૭-૫૮૫૯માં 'ગારિયાધાર' આવતા. એનો બાપ 'સુરસિંહજી'. દક્ષિણમાં આમ મરવાની .. કોણ જાણે જંગલમાં શું થઈ ગયું, બસ. માણસો સાથે, ઘોડાગાડી સાથે, પોલીસો સાથે. શું કરવું? થોડું ગોળનું પાણી ક્યાંય મળે નહિ. પણ એક પડિયો હતો. પેલો કોશવાળો. એનો ગોળ જરા પડિયાના ચામડામાં થોડો ગોળ નાખેલો. જુઓ! આ રાજા. નહિ મળે ભોજ્ય પદાર્થ. તેં જે ધાર્યું હશે એમ એક્કે ચીજ નહિ મળે.

www.vitragvani.com



સમજાણું? દુષ્પ્રાપ્ય થઈ જશે. ધ્યાન રાખજે પહેલેથી. રજકણો આવવાના હોય તે આવે, તારે આધિન નથી. સમાધિ માટે શાંતિ લેજે, ભાઈ! એ ગોળનું પાણી લાવ્યા. થોડું પાણી નાખ્યું. મરી ગયા. જંગલમાં મરી ગયા રાજા. તો કહે છે કે ભાઈ! આ આત્માને સંભાળજે, સંભાળીને જીવજે, સંભાળીને જીવજે. આહાહા..! સમજાણું?

**'અથવા ધર્મનો નાશ કરવાવાળાં કોઈ વિશેષ કારણ આવી મળે...'** લ્યો. સમજાણું? પોતાનો ધર્મ છે એનો વિરોધ કરનારા કોઈ આવે. મારી નાખું, માંસ ખવરાવું, આમ કરું વગેરે. **'પોતાના શરીરને પાકી ગયેલા પાન સમાન...'** જાણવું. એ પાકી ગયેલું પાન હમણાં ખરશે, પડશે. આહાહા..! **'અથવા તેલરહિત દીપક સમાન આપોઆપ વિનાશસન્મુખ જાણી,...'** તેલ જ્યાં ન મળે એટલે નક્કી થઈ ગયું, હવે દીવો ઓલવાઈ જશે. એમ આ શરીરમાં કાંઈ હવે થતું નથી. હમણા ઊડી જશે. **'આપો આપ વિનાશસન્મુખ જાણી, સંન્યાસ ધારણ કરે.'** એ વખતે વૃત્તિને બહારથી વાળી લે. અંતરમાં શાંતિમાં સમાધાન છે. સહજાનંદ પ્રભુ આત્મા છું. મારા આનંદને કોઈ લુંટનાર, વિઘ્ન કરનાર નથી. મારી અંતર એકાગ્રતા જેટલી થાય એટલો મને આનંદ આવશે. એમ અંતરમાં સમાધિમરણે સાવધાન થાય એમ કહે છે.

**'જો મરણમાં કોઈ પ્રકારે સંદેહ હોય તો મર્યાદાપૂર્વક એવી પ્રતિજ્ઞા કરે,...'** એમ કહે છે. એમ જાણે કે કાળ છે, વાઘ આવ્યો, આ આવ્યો, પણ કદાચ એ ન મારે અને ચાલ્યો જાય તો? તો મુદ્દતની પ્રતિજ્ઞા કરે. **'જો આ ઉપસર્ગમાં મારું આયું પૂર્ણ થઈ જશે તો (મૃત્યુ થઈ જશે તો) મારે આહારાદિનો સર્વથા ત્યાગ છે અને કદાચિત્ જીવન બાકી રહેશે તો આહારાદિકને ગ્રહણ કરીશ. આ સંન્યાસ ગ્રહણ કરવાનો ક્રમ છે.'** જાવજીવનો કરે અને કા શંકા પડે તો મર્યાદિત કરે કે આ ઉપસર્ગમાંથી બચું તો આહાર લઈશ, નહિતર નહિ. સમજાણું કાંઈ? એવા ઉપસર્ગ આવે ને? એવા રોગાદિ આવે. ૧૩૬ પાને છે.

**'રોગાદિક થતાં યથાશક્તિ ઔષધ કરે પણ જ્યારે અસાધ્ય રોગ થઈ જાય, કોઈ રીતે ઉપચારથી લાભ ન થાય ત્યારે આ શરીર, દુષ્ટ સમાન સર્વથા ત્યાગ કરવા યોગ્ય કહ્યું છે,...'** પણ પહેલેથી જેની દૃષ્ટિ સુધરી છે, જેણે આત્માનું સાધન કર્યું છે એને આ પ્રસંગ આવશે. જેણે આત્માની દરકાર કરી નથી. બહારને બહાર એકલી માથાકૂટ અને બહારના ક્રિયાકાંડમાં ધર્મ માન્યા હોય, એમાં ને એમાં રોકાઈ ગયો હોય અને આત્માની દરકાર કરી ન હોય એને આ ટાણા નહિ આવે. એ ભીંસાઈને મરી જશે. 'દીપચંદજી'! આહાહા..! એક જણે કીધુંને ત્યાં? અમારે 'પોરબંદર'માં. બહુ પોહા અને પડિક્કમણા અને સામાયિક કરેલા. નામ ભૂલી ગયા. શું નામ એનું?

મુમુક્ષુ :– 'ગિરધરલાલ...'

ઉત્તર :– 'ગિરધરભાઈ'. બહુ પોષા, પડિક્કમણા અને સામાયિક સંપ્રદાયના (કરેલા). મરવા ટાણું આવ્યું તો એવી પીડા આવી. પૈસાવાળા માણસ. મોટા ઘરના મકાન કરેલા.

અને હવે અહીંથી નિરાંતે રહીશું. પૈસા રળીને લાવ્યા હતા. ઘણા લાખ. ત્યાં એકદમ ગોળો ઉપડ્યો. ગોળો ઉપડ્યો ગોળો. ગોળો સમજ્યા? પવન. સહન ન થાય, સહન ન થાય. ભાઈ! તમે ભગવાન(નું બોલો). બોલશો નહિ હમણાં. ભગવાનનું નામ હમણા નહિ હવે. આહાહા..! 'સેઠી'! 'ગિરધરભાઈ' નહિ? આ 'ગિરધરભાઈ'. બજારમાં જ મકાન છે. મોટા નવા મકાન કરેલા. એ (સંવત) ૧૯૮૨ની વાત છે. ૪૧ વર્ષ થયા. ઘણા લાખો પૈસાબૈસા પેદા કરેલા, નવા મકાન કરેલા, હવે આપણે દેશમાં રહેવું. સમજ્યા ને? માણસ બિચારો નરમ હતો. પણ કાંઈ કોઈ દિ' ધર્મ શું? સામાયિક ને પોષા ને પડિક્કમણા કરેલા. એ ક્યાં ધર્મ હતો હવે? એ તો રાગની કોઈ મંદતા કરી અને દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. 'ભગવાનભાઈ' હતા. 'ભગવાનજી' કચ્છી.

હું તો વિહાર કરીને ગયેલો. મહારાજ! મારાથી અત્યારે ધર્મનું કાંઈ (થતું નથી). પણ આ સામાયિક પોહા કર્યા એ ક્યાં ગયા? પણ એ કર્યા હતા જ કે દિ' આત્માના? બહારની ક્રિયાકાંડમાં સામાયિક અને પોહા કરીને બેઠા એમાં ધર્મ ક્યાં હતો? આત્માને રાગથી, પરથી ભિન્ન પાડીને અંતરનો અભ્યાસ કર્યો નથી. 'ન્યાલભાઈ'! તમે ઓળખતા? નહિ ઓળખતા હોય. 'પોરબંદર'માં હતા. ૧૯૮૨ની સાલમાં ગુજરી ગયા. 'ગિરધરભાઈ'. એ દેરાસરની સામે નહિ? એટલામાં આઘે મકાન છે. છે ને મકાન? ૧૯૮૨ની સાલથી જાણીએ છીએ. એ કોઈક આવ્યા હતા. કાંઈ યાદ નથી, મહારાજ! કાંઈ મને સ્મરણ નથી. એક આ ગોળા આડે... ગોળો સમજાય છે? 'સેઠી'! પેટમાં વાયુ (થાય). મારાથી કાંઈ (થતું નથી). આ આડે મને કાંઈ સૂઝતું નથી. પણ આ ગોળા ને ફોળા પર છે, મારી ચીજ ભિન્ન છે. આ હું નહિ. ગોળો એ તો જડની દશા છે. મારી ચીજ આત્મા છે, એ તો આનંદ છે, જ્ઞાન છે એવો કોઈ દિ' અંતર નિર્ણય કરીને અભ્યાસ કર્યો નથી. એટલે મરવા ટાણે એ સરખો ક્યાંથી મરશે? મરશે ન્યાં અંદરમાં હાય હાય કરીને. બહારમાં બોલી શકે નહિ એ જુદી વાત છે. સમજાણું કાંઈ? 'શશીભાઈ'! આહાહા..!

કીધું ને? પેલા કહેતા હતા ને? કે આ અત્યારે આ બધા શ્રાવક અને સાધુ મરે છે એ તરફડિયા મારીને મરે છે. આવું પંચમકાળનું મૃત્યુ હશે? એક જણો એમ પૂછતો હતો. તમારા શ્રાવક અને સાધુના સમાધિમરણ આવા હશે? કીધું, સાધુ, શ્રાવક હતો કે દિ' કોઈ? આહાહા..! બાપુ! શ્રાવક, સાધુના મરણ તો આમ આનંદ... આનંદ... આનંદ... અંતરમાં. સાચો છે ક્યાં? આ તો હજી શ્રદ્ધાની ખબર ન મળે. સમજાણું કાંઈ? દૃષ્ટિની ખબર ન મળે. દૃષ્ટિનો વિષય કેવડો અને ક્યાં વળવું એની ખબર ન મળે. એમ ને એમ ગાડા હાંક્યે જાય. ત્યાં ક્યાં મરણ હતું? પછી મરતા ટાંગા તરફડે. લોકો ...વાળા તો એમ કહે હવે એને સાધુપણું આપી દો, કપડા છોડાવો. હજી સમ્યગ્દર્શન શું છે એનું ભાન નથી ત્યાં કપડા છોડાવી દ્યો. નાગો કરી દ્યો. 'દીપચંદજી'!

www.vitragvani.com



જુઓ! **'દુષ્ટ સમાન સર્વથા ત્યાગ કરવા યોગ્ય કહ્યું છે, અને ઇચ્છિત ફળદાતા ધર્મ વિશેષતાથી પાલન કરવા યોગ્ય કહેલ છે.'** જોયું! ઇચ્છિત ફળદાતા આત્માનો ધર્મ દેહની ક્રિયા અને રાગની ક્રિયાથી ભિન્ન છે, એવી શ્રદ્ધા-જ્ઞાનનો ધર્મ ઇચ્છિત ફળદાતા છે. **'પાલન કરવા યોગ્ય કહેલ છે. શરીર મરણ બાદ બીજું પણ મળે છે.'** લ્યો. **'પરંતુ ધર્મપાલન કરવાની યોગ્યતા પામવી અતિશય દુર્લભ છે. આથી વિધિપૂર્વક દેહના ત્યાગમાં દુઃખી ન થતાં સંયમપૂર્વક મન-વચન-કાયાનો ઉપયોગ આત્મામાં એકત્રિત કરવો જોઈએ...'** મન તરફ, વાણી તરફ ન જતાં ઉપયોગને આત્મા તરફ એકત્ર કરવો જોઈએ. આ તે કાંઈ વાત હશે? એ ભાષાથી થાતું હશે? જેણે અંદર મન-વચન અને કાયા એનાથી મારું સ્વરૂપ જુદું જાણ્યું છે, એને એ વખતે મન-વચન-કાયા તરફથી ઉપયોગ એકત્ર કરીને સ્વભાવ તરફ વાળી શકશે. સમજાણું કાંઈ? અમને હજી થોડોક વાંધો નથી... વાંધો નથી... વાંધો નથી... કરો–કરો. દવા કરો, ફલાણું કરો. કર્યા જ કરશે. એમાં મરી જશે. સમજાણું?

**'જન્મ, જરા તથા મૃત્યુ શરીર સંબંધી છે, મને નથી'** –' એમ વિચાર કરો એમ કહે છે. જન્મવું, શરીરની જીર્ણતા અને મૃત્યુ એ શરીર સંબંધી છે, મને નથી. **'એવું ચિંતવન કરી નિર્મમત્વી થઈ, વિધિપૂર્વક આહાર ઘટાડી, પોતાના ત્રિકાળી અકષાય જ્ઞાતામાત્ર સ્વરૂપના લક્ષે...'** લ્યો, આવ્યું હવે. પોતાનો ત્રિકાળી ધ્રુવ. વસ્તુ... વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ. **'અકષાય જ્ઞાતામાત્ર...'** જુઓ! આત્મા અકષાય છે ને! ત્રિકાળી અકષાય એટલે વીતરાગ સ્વરૂપ. જ્ઞાતામાત્ર. એટલે જ્ઞાન અને વીતરાગ બે આવી ગયું. ત્રિકાળી સમરસ અને **'જ્ઞાતામાત્ર સ્વરૂપના લક્ષે કાયા કૃશ કરવી જોઈએ...'** એને લક્ષે કાયા કૃશ (કરે). **'અને શાસ્ત્રામૃતના પાનથી કષાયોને પાતળા પાડવા જોઈએ.'** લ્યો, બે વાત કરી. કાયા કૃશ આ રીતે, (સ્વરૂપના) લક્ષે. સ્વરૂપની સ્થિરતાએ આનું કૃશ થાય. **'શાસ્ત્રામૃતના પાનથી કષાયોને પાતળા પાડવા જોઈએ...'**

**'પછી ચાર પ્રકારના સંઘની સાક્ષી વડે...'** ચાર પ્રકારના સંઘ. સમજ્યા ને? **'મુનિ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા.'** **'સમાધિમરણમાં સાવધાન-ઉદ્યમવંત થવું.'** લ્યો. **'અંતની આરાધનાથી ચિરકાળથી કરેલી સમ્યક્ વ્રત-નિયમરૂપ ધર્મ આરાધના સફળ થઈ જાય છે,...'** આધાર આપશે છેલ્લો. ચિરંતન અભ્યાસ એનું આ બધું ચાલે છે. નીચે એક લીટી છે. **'અંતની આરાધનાથી...'** મૃત્યુ વખતે આત્માની સેવનાથી. આત્મા એટલે? કે આનંદ અને શુદ્ધ પુણ્ય-પાપ વિનાનો. એની અંતમાં સેવન કરવાથી, આરાધના કરવાથી **'ચિરકાળથી...'** ઘણા કાળથી કરેલા સમ્યગ્દર્શનપૂર્વક. સમ્યક્ વ્રત છે ને? તેથી સમ્યક્ મૂક્યું છે. **'વ્રત-નિયમરૂપી ધર્મ આરાધના સફળ થઈ જાય છે, કેમકે તેથી ક્ષણભરમાં ઘણા કાળથી સંચિત પાપનો નાશ થઈ જાય છે.'** સમજાણું? **'અને જો અંત મરણ બગડી જાય અર્થાત્ અસંયમપૂર્વક યા દેહમાં એક્તાબુદ્ધિપૂર્વક...'** બે વાત લીધી. **'તો કરેલી ધર્મારાધના નિષ્ફળ થઈ જાય છે.'** અંતે જેનું ફળ જે આવવું એ ન આવ્યું. નિષ્ફળ થાય.

www.vitragvani.com



**'અહીં કોઈ પ્રશ્ન કરે કે, 'જો અંત સમય સમાધિમરણ કરી લેવાથી ક્ષણમાત્રમાં પૂર્વ પાપોનો નાશ થઈ જાય છે તો પછી યુવાઅવસ્થામાં ધર્મ કરવાની શી જરૂર છે?'...'** જુઓ! એટલે મૃત્યુ પહેલા શું કરવું? એ તો એ વખતે ક્ષણમાત્રમાં એકદમ કરી લેશે. સમજાણું?**'અંત સમયે સંન્યાસ ધારણ કરી લેવાથી જ સર્વ મનોરથ સિદ્ધ થઈ જશે,...'** તમે કહો છો ને કે અંતે કરે બધું સફળ થઈ જશે.

**'તો તેનું સામાધાન-જે જીવ પોતાની પૂર્વઅવસ્થામાં ધર્મથી વિમુખ રહે છે અર્થાત્ જેમણે તત્ત્વજ્ઞાનપૂર્વક વ્રત-નિયમ આદિ ધર્મારાધના નથી કરી...'** આત્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના ભાન સહિત. **'વ્રત-નિયમ આદિ ધર્મારાધના નથી કરી તે જીવ અંતકાળમાં ધર્મસન્મુખ અર્થાત્ સંન્યાસયુક્ત કદી થઈ શકતો નથી.'** કહો, સમજાણું કાંઈ? **'કેમકે-ચંદ્રપ્રભચરિત્ર પ્રથમ સર્ગમાં કહ્યું કે...'** જુઓ! દાખલો આપ્યો. **'चीरन्तनाभ्यासनिबन्धनेरिता गुणेषु दोषेषु च जायते मतिः' 'અર્થાત્ ચિરકાળના અભ્યાસથી પ્રેરિત...' 'एरिता.. एरिता'** છે ને? **'एरिता'**. ઘણા કાળના અભ્યાસથી આત્મામાં પ્રેરિત કરેલી બુદ્ધિ **'ગુણ અથવા દોષમાં જાય છે.'** ઘણા કાળનો દોષનો અભ્યાસ હોય તો ત્યાં જશે, ઘણા કાળનો ગુણનો અભ્યાસ હશે ત્યાં જશે, એમ કહે છે. જેનો જેને અભ્યાસ, તેનું તેને ફળ આવીને ઊભું રહેશે. જોયું? ગુણ અથવા દોષ. વિકારની પ્રીતિ અને રુચિમાં પડ્યો છે, એનો જેને અભ્યાસ છે, એને એ મૃત્યુ વખતે હાજર થઈ જશે. જેને દોષરહિત આત્માના ગુણની શાંતિની અને શ્રદ્ધા, જ્ઞાન અને પ્રીતિ અને રુચિ છે, તેને એ રીતે અભ્યાસનું ફળ એને શાંતિનું આવશે. કહો, આહાહા..! કહો, આમાં કો'કને માટે ક્યાં કરવું છે અને... છે ક્યાં? સામું કોઈ જોવે એવું નથી ત્યાં. આટલું આટલું બીજાને કહ્યું, આ બધાને પાળ્યા-પોષ્યા. હવે કાંઈ મદદ કરશે. ધૂળેય કરે એમ નથી. પાળ્યા-પોષ્યા એમ એ માને છે ને? કે આ બધાનું કર્યું અને આ અમે કર્યું. ઘણાને અમે કર્યું, કોઈ સામું જોવા આવતા નથી. અમે આટલો આટલો ઉપકાર કર્યો એ કોઈ સામું જોવા આવતા નથી. વળી એમ થાશે એને. કોણે ઉપકાર કર્યો? સાંભળને.

મુમુક્ષુ :- બદલો લેવાની આશા હોય ને?

ઉત્તર :- આશા હોય ને એમ છે. બદલો લેવાની.

મુમુક્ષુ :- પહેલા કર્યું હતું કે નહિ એ તો નક્કી કરે, પછી બદલો.

ઉત્તર :- ઘણાને વેપારે ચડાવ્યા હોય, કોઈકને પેલા કરાવ્યા, ફલાણા કરાવ્યા. (અત્યારે) કોઈ સામું જોતું નથી. આ છ મહિનાથી એકલા ખાટલે સડીએ છીએ. એય.. 'પોપટભાઈ'! અને છોકરા પણ થોડીવાર આવીને ચાલ્યા જાય, પાછા થોડીવાર આવીને ચાલ્યા જાય. આ એવું જ થાય છે અને એમ જ છે. પણ મફતનો પેલો માને છે, ના ના, ના ના, આ તો મારા છે. કેવું કરે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :– છેલ્લે એક-બે દિ' આવે તો પણ ઘણું એમ કહે છે. કારણ કે પેલો ત્યાં રહે છે. 'ઇન્દોર', આ એનો બાપ રહે છે 'રાણપુર', અમે અહીં.

**'જે વસ્ત્ર પ્રથમથી જ ઉજળું કરેલું હોય છે તેની ઉપર મનપસંદ રંગ ચઢી શકે છે,...'** લ્યો. ઉજળું વસ્ત્ર કર્યું હોય તો રંગ ચડે. **'પણ જે વસ્ત્ર પ્રથમથી મેલું છે તેની ઉપર કદીપણ રંગ ચઢાવી શકાતો નથી. માટે સમાધિમરણ તે જ ધારણ કરી શકે છે કે જે પ્રથમ અવસ્થાથી જ ધર્મની આરાધનામાં બરાબર સાવધાન રહેલો હોય.'** પહેલેથી આત્મા. મારે કોઈનું કામ નથી. મારે તો મારા આત્માનું કામ છે. સમજાણું કાંઈ? એવી જેને આરાધનામાં ભાવના હશે એ કરી શકશે. અપવાદની થોડી વાત કરે છે. **'હા, કોઈ સ્થાને એવું પણ જોવામાં આવે છે કે જેણે આજીવન ધર્મસેવનમાં ચિત્ત લગાડ્યું નહોતું તે પણ અપૂર્વ વિવેકનું બળ...'** એ વખતે એકદમ જાગૃત થઈને, ઓરતો પશ્ચાતાપ થઈને એકદમ આત્માના શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ પ્રાપ્ત કરી **'સમાધિમરણ એટલે સંન્યાસપૂર્વક મરણ કરીને સ્વર્ગાદિક સુખોને પામી ગયા...'** લ્યો. આવે કોઈ જીવ એવો હોય. કોઈને ખાણમાંથી પૈસા નીકળે, એટલે પછી બધા વેપાર કરતા બંધ થઈ જાય છે? કાંઈ બધાને .. નીકળે? એ તો કોઈકને નીકળી જાય કોઈક દિવસ. **'કાકતાલીય વ્યાયવત્ અતિ કઠિન છે. (તાડવૃક્ષથી ફળ તૂટવું ને ઊડતા કાગડાના મોઢામાં તેની પ્રાપ્તિ થઈ જવી...'** લ્યો. ઉપરથી તાડ તૂટે અને કાગડો આમ નીકળ્યો અને બરાબર વચમાં આવી જાય. એ વાત છે કહે છે.

**'તેમ સંસ્કારહીન જીવન વડે સમાધિમરણ પામવું કઠણ છે.) માટે સર્વજ્ઞ વીતરાગના વચનો પ્રતિ શ્રદ્ધાવાન છે તેમણે ઉપર કહી શંકાને પોતાના ચિત્તમાં કદીપણ સ્થાન આપવું નહિ.'** યુવાવસ્થાએ હમણા કાંઈ નથી. પછી કરી લઈશું એ સ્થાન આપવું નહિ. વીતરાગ તો કહે છે કે બાર વર્ષથી પહેલેથી શરૂ કર. શાંતિમરણ માટે જુઓ! એમ કહ્યું. મુનિને માટે. પહેલેથી કર. ધ્યાન રાખ, ધ્યાન રાખ. દુનિયાની દરકાર છોડી દે. દુનિયા શું કહેશે. તારા અભ્યાસમાં આવી જા. સમજાણું કાંઈ? બધું છૂટેલું જ પડ્યું છે વળી શું? ક્ષેત્રાવગાહ થાશે, છૂટીને ચાલ્યા જશે. તેમણે આવી શંકા ન કરવી.

**'સમાધિમરણના ઇચ્છુક પુરુષો બને ત્યાં સુધી જિનેશ્વર ભગવાનની જન્માદિ તીર્થભૂમિનો આશ્રય ગ્રહણ કરે,...'** ભગવાનનો જન્મ હોય ત્યાં ક્ષેત્ર યાદ આવે એ સ્થાનમાં જાય એમ કહે છે. **'જો તેમ ન બની શકે તો મંદિર અથવા સંયમીજનોના આશ્રયમાં રહે.'** ધર્માત્મા જીવોની સાથે રહે. **'સંન્યાસાર્થી તીર્થક્ષેત્ર જતી વખતે બધા સાથે ક્ષમા યાચના કરે...'** બધા પાસે માફી માગે. **'અને પોતે પણ મન-વચન-કાયાપૂર્વક સર્વને ક્ષમા કરે.'** બધાને ક્ષમા કરે. **'અંત સમયે ક્ષમા કરવાવાળો સંસારનો પારગામી થાય છે,...'** લ્યો. બધાની સામે ક્ષમા માગે. મારે કાંઈ નથી, ભાઈ! કોઈ મારાથી કટુ શબ્દાદિ કહ્યો હોય તો ક્ષમા આપજો. તમારા તરફથી ... હું ક્ષમા આપુ છું. શાંતિથી હોં! અંદરથી. હવે વિદાય લઉં છું... વિદાય લઉં

છું. ભવના છોડવાની વિદાય છે મારે. આહાહા..!

કોઈ એક ગામથી બીજે ગામ જાય તો પણ કહે છે ને? ઠીક રહેજો. અહીં સમાચાર આપજો. એમ કહે છે ને? બોલ્યું ચાલ્યું માફ કરજો એમ બોલે. જતા ગાડું ચાલતું હોય તો. હવે અહીં રેલનું આવ્યું છે. બોલ્યુંચાલ્યું માફ કરજો. એવી બધી લાઈન પહેલેથી હતી. બાર-બાર ગાઉ જાય આમ. પાછા વળી બે-ચાર મહિને, આઠ મહિને, બાર મહિને બે વાર મળતા હોય. આ તો મળવાનું જ ન નહિ હવે. થઈ રહ્યું. આહાહા..! મને ક્ષમા આપજો. તમે કર્યું હોય તો અમે ક્ષમા આપીએ છીએ. અંતરના મારા સ્વભાવથી હું શાંતિથી જાઉં છું. આહાહા..! કોને આવશે એ? જેણે એવા અંદરના અભ્યાસ પરથી ભિન્ન પાડ્યા છે. મહાન પુરુષાર્થ કરીને સ્વરૂપનું સાધન-આરાધન કર્યું છે એને એ ટાણા આવશે. સમજાણું?

**'વૈર-વિરોધ રાખનારો અર્થાત્ ક્ષમા ન રાખનાર અનંત સંસારી થાય છે. સંન્યાસાર્થીએ...'** સમાધિમરણવાળાએ **'પુત્ર, કલત્રાદિ કુટુમ્બીઓથી તથા સાંસારિક સર્વ સંપદાથી સર્વથા મોહ છોડી (નિર્મોહી નિજ આત્માને ભજવો જોઈએ)'** નિર્મોહી. અહીં મોહ છોડી અને નિર્મોહી આત્માને ભજવો એમ કીધું છે. નિર્મોહી ભગવાનઆત્મા રાગરહિત એનું અંદર ધ્યાન, સાવધાન, ભજન, ઉપયોગ લગાડવો જોઈએ. આહાહા..! **'ઉત્તમ સાધક ધર્માત્માઓની સહાય લેવી કેમ કે સાધર્મી..'** ઉત્તમ સાધક છે. ધર્માત્માની સહાય લેવી. **'આચાર્યની સહાયથી અશુભકર્મ યથેષ્ટ બાધાનું કારણ બનતા નથી. વ્રતના અતિચારો સાધર્મીઓ અથવા આચાર્ય સન્મુખ પ્રગટ કરીને નિઃશલ્ય થઈ પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત શાસ્ત્રમાં કહેલી વિધિઓથી શોધન કરવું જોઈએ.'** લ્યો.

**'નિર્મળભાવરૂપી અમૃતથી સિંચિત સમાધિમરણને માટે...'** દેખો! નિર્મળભાવરૂપી અમૃત, અતીન્દ્રિય આનંદનું અમૃત. આહાહા..! એ આત્મામાં, અંતરમાં ઉપયોગ લગાવી, નિર્મળ આત્માનું અમૃત છે, એનાથી **'સિંચિત સમાધિમરણને માટે પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મસ્તક રાખે. જો શ્રાવક મહાવ્રતની યાચના કરે,...'** છેલ્લે કહે મને મહાવ્રત આપો. **'નિર્યાયક આચાર્યને ઉચિત છે કે તેને મહાવ્રત દે. મહાવ્રત ગ્રહણ કરવા નગ્ન થવું જોઈએ.'** આ વ્યવહારની વિધિ કરે છે ને? વસ્તુનું ભાન ન હોય, દૃષ્ટિની–તત્ત્વની ખબર ન પડે, બસ આ લુગડા છોડી દો ને બેસે. એને ક્યાં મરણ હતા? આ તો શ્રાવક તત્ત્વજ્ઞાન છે, શાંત થયો છે, ધીરો થયો છે, અંતરનું આરાધન કરે છે. સમજાણું?

**'અર્જિકાને પણ અંતકાળ ઉપસ્થિત થતાં એકાન્ત સ્થાનમાં વસ્ત્રોનો ત્યાગ કરવો ઉચિત કહેલ છે.'** પેલી બહારની વિધિ રહી ગઈ. પેલી અંદર ન મળે. ભાઈ! આ આત્મા રાગથી, વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ છે એનું સાધન કર્યું? સમજાણું કાંઈ? આત્મા રાગના વિકલ્પથી પણ તદ્દન જુદો, એવું તને અંતરમાં બેસે છે? એવું સાધન કાંઈ કર્યું? એ સાધન વિના બહારના ત્યાગની કાંઈ કીંમત નથી. એવું હોય એની આ વાત છે. **'સંથારા વખતે અનેક**

www.vitragvani.com



**પ્રકારના યોગ્ય આહાર દેખાડી ભોજન કરાવે.'** ભોજન દેખાડે. એમ. લ્યો. ખાઓ. ખાઓ. પહેલા. સમાધિમરણ પહેલા દેખાડે.

**'જો તેને અજ્ઞાનતાવશ ભોજનમાં આસક્ત સમજે, તો પરમાર્થજ્ઞાતા આચાર્ય તેને ઉત્તમ પ્રભાવશાળી વ્યાખ્યાન દ્વારા એમ સમજાવે કે–'** જુઓ! હવે. **'હે જિતેન્દ્રિય,...'** જુઓ! ભાષા તો એમ લીધી. **'તું ભોજન-શયનાદિરૂપ કલ્પિત પુદ્ગલોને હજી પણ ઉપકારી સમજે છે!'** અરે..! ધૂળના પુદ્ગલો હજી લેવા માગે છે આ? મને આ આપો.. મને આ આપો. શું છે પણ તને? **'અને એમ માને છે કે આમાંથી કોઈ પુદ્ગલ એવા પણ છે કે મેં ભોગવ્યા નથી.'** એની ધૂળ અનંતવાર તારી પાસે આવી ગઈ છે. મોસંબી, લાડવા, દાળ, ભાત, શાક બધા પરમાણુ તારી પાસે અનંતવાર આવી ગયા, નવું શું છે તને? સાંભળને. આહાહા..!

**'એ તો મહાન આશ્ચર્યની વાત છે! ભલા વિચાર તો કર કે આ મૂર્તિક પુદ્ગલ તારા અરૂપીમાં કોઈ પ્રકારે મળી શકે તેમ છે?'** અરૂપી ભગવાન, એનો આ મૂર્તિક પુદ્ગલ સાથે કાંઈ સંબંધ થાય એવો છે? **'માત્ર ઇન્દ્રિયોના ગ્રહણ પૂર્વક તેને અનુભવીને તેં એમ માની લીધું છે..'** લ્યો, ઇન્દ્રિયોના જ્ઞાનમાં જાણીને એનો અનુભવ રાગનો કરીને, **'એમ માની લીધું છે કે હું જ તેનો ભોગ કરું છું,...'** લ્યો. **'તો હે... દૂરદર્શીઃ હવે આવી ભ્રાન્ત બુદ્ધિને સર્વથા છોડી દે...'** છોડ.. છોડ.. કહે છે, આહાહા..!

**'નિર્મળ જ્ઞાનાનંદરૂપ આત્મતત્ત્વમાં લવલીન થા.'** ઉપદેશ કરે છે, સેઠી! આહાહા..! મૂકી દે હવે આ. મોસંબી મને આપો. ઢીંકણું આપો. શું છે પણ એ પુદ્ગલ? ના પાડે છે એ. મને આ આપો. મૂકને હોળી. શાંતિ કરને. અંદરમાં ભગવાનઆત્મા આનંદ પડ્યો છે. ક્યાંથી પણ કોઈ દિ' ધીરજ કરી નથી, કોઈ દિ' એ જાતની વાતની અંદર રુચિ નથી, સાધન કર્યા નથી. **'નિર્મળ જ્ઞાનાનંદરૂપ આત્મા...'** આત્મા કેવો કીધો? **'નિર્મળ જ્ઞાનાનંદરૂપ આત્મતત્ત્વમાં લવલીન થા.'** એમ કહે. હે આત્મા! તારા આનંદમાં લવલીન થા, ભાઈ! આ પુદ્ગલોથી તને કાંઈ લાભ નથી. એવા પુદ્ગલો તને અનંતવાર આવ્યા છે. આહાહા..!

**'આ તે જ સમય છે કે જેમાં જ્ઞાની જીવ શુદ્ધતામાં સાવધાન રહે છે...'** આ તારો કાળ છે. તારો સમય આવ્યો છે કે જે સમયે જ્ઞાની પોતામાં સાવધાન રહે. **'ભેદજ્ઞાનના બળથી ચિંતવન કરે છે...'** જોયું! **'કે હું અન્ય છું અને એ પુદ્ગલ દેહાદિ મારાથી સર્વથા ભિન્ન જુદા જ પદાર્થ છે.'** દેહ, વાણી, પુદ્ગલ એ બધા મારાથી સર્વથા ભિન્ન જુદા પદાર્થ છે. **'માટે હે મહાશય! પરદ્રવ્યોથી મોહ તરુત જ છોડ અને પોતાના આત્મામાં નિશ્ચલ-સ્થિર રહેવાનો પ્રયત્ન કર. જો કોઈ પુદ્ગલમાં આસક્ત રહીને મરણ પામીશ તો યાદ રાખજે કે તને હલકા-તુચ્છ જંતુ થઈ, આ પુદ્ગલોનું ભક્ષણ અનંતવાર કરવું પડશે.'** .. થઈશ, મચ્છર-બચ્છર એવા હલકા થઈ, ઢોર, સિંહાદિ થઈને, અનંતવાર આવા પુદ્ગલો પાછા ખાવા પડશે, તારે લેવા પડશે એમ કહે છે.

www.vitragvani.com



**'આ ભોજનથી તું શરીરનો ઉપકાર કરવા ચાહે છે તે કોઈ રીતે પણ યોગ્ય નથી. કેમકે શરીર એવું કૃતઘ્ની છે કે તે કોઈના કરેલા ઉપકારને માને નહિ,...'** એ નવરાવ્યું હશે, ધોવરાવ્યું હશે, સાબુએ આમ આમ કર્યું હશે. એ વખતે બધા એં.. એં. થઈ જશે. કાંઈ કામ નહિ કરે તારા. આહાહા..! અરે..! અહીં તો નાગરવેલના પાન ખવરાવ્યા હતા. ત્યાં વચમાં ઇયળ પડે છે. સમજાણું? એ કાળજે આમ કર્યા, અહીં સડે. શું કહેવાય? આ બધા તમારે? કેન્સર. અહીં છાતીમાં કેન્સર થાય, અંદરમાં, હોં! ગયો છે, ભાઈ! તું ગમે તેટલો ઉપકાર કરીશ પણ એ તો કૃતઘ્ની છે. કૃતઘ્ની એટલે એનો પર્યાયનો એવો સ્વભાવ છે કે તેં કર્યું માટે રાખે એવું છે તને? નહિ માને. **'માટે ભોજનની ઇચ્છા છોડી, કેવળ આત્મહિતમાં ચિત્ત જોડવું તે જ બુદ્ધિમતા છે.'** લ્યો.

**'આ પ્રકારે હિતોપદેશરૂપી અમૃતધારા પડવાથી...'** લ્યો. **'આ પ્રકારે હિતોપદેશરૂપી અમૃતધારા પડવાથી અન્નની તૃષ્ણા દૂર કરી કવલાહાર છોડાવે...'** પહેલો આહાર છોડાવે. હવે શરીર થઈ ગયું નબળું. હવે મૂકી દે, વૃત્તિ છોડી દ્યો. હવે પહેલો ભાવ... **'દૂધ આદિ પીવાયોગ્ય વસ્તુ વધારે,...'** તો દૂધ પાવું, થોડું વધારે પાવું. મોસંબીનું.. **'ક્રમે ક્રમે ગરમ જળ લેવા માત્રનો નિયમ કરાવે.'** લ્યો. છેલ્લી સ્થિતિએ પછી બહુ ન થાય તો એક પાણીની છૂટ આપે. **'જો ઉનાળો, મારવાડ જેવો દેશ તથા પિત્ત પ્રકૃતિના કારણે તૃષાની પીડા સહન કરવા અસમર્થ હોય તો માત્ર ઠંડુ પાણી લેવાનું રાખે, અને શિક્ષા દે કે હે આરાધક! હે આર્ય! પરમાગમમાં પ્રશંસનીય મરણાંતિક સલ્લેખના અત્યંત દુર્લભ વર્ણવી છે, માટે તારે વિચારપૂર્વક અતિચાર આદિ દોષોથી તેની રક્ષા કરવી.'** આહાહા..!

**'પછી અશક્તિની વૃદ્ધિ દેખીને,...'** હવે પાણી છોડાવે છે. અશક્તિ લાગે કે હવે અસર થઈ છે, હવે તો પડખું પણ ફેરવી શકે એવું નથી. બોલી શકે એવું નથી. હમણા થોડો કાળ છે હવે. **'મરણકાળ નજીક છે એમ નિર્ણય થતાં આચાર્ય સમસ્ત સંઘની અનુમતિથી...'** હવે પાણી છોડાવવું છે ને? પાણી જ્યાં સુધી છે ત્યાં સુધી થોડું.. થોડું... બધા સંઘની અનુમતી લે. જો ભાઈ! હવે આપણે આમને પાણી છોડાવીએ. હવે વાંધો નથી ને? કારણ કે છેલ્લું જળ છે હવે. જળ હોય ત્યાં સુધી થોડું થોડું પોષણ મળે. હવે પાણી છોડાવી દો. કેમ છે ભાઈ? એને પૂછે. હવે પાણી મૂક્યા પછી કાંઈ નહિ રહે. લાગે છે તરતમાં પણ કોઈ એક દિ' ચાલે, બે દિ' ચાલે તો? આહા..! ડાહ્યા માણસો હોય એ બધાને પૂછે. કોઈકને આવડતું હોય એવા. દેહની સ્થિતિવાળા જાણતા હોય ને કોઈક કે આવું થાય તો આવું થાય. અમારા આ 'પ્રેમચંદભાઈ' બહુ જાણે એવું બધું. ઠંડુ પડે તો આમ થાય, ઢીંકણું થાય, ફલાણું થાય. એવા ડાહ્યા માણસને પૂછે કે ભાઈ! કેમ છે હવે? જુઓ. આ પાણી છોડાવીએ છીએ. જુઓ! ઠંડું તો આવું થાય એવું તો ઘણી વાર કહે છે. આનું ઠંડુ પડી ગયું હવે નહિ રહે. પેલા પટેલને કહ્યું હતું, આ ઠંડુ પડી ગયું. કહો, સમજાણું ?

www.vitragvani.com



**'અનુમતિથી સંન્યાસમાં નિશ્ચલતા માટે પાણીનો પણ ત્યાગ કરાવે.'** આ છેલ્લી સ્થિતિ છે ને. ભાઈ! હવે પાણી છૂટવું છે તારે ટાણા થઈ ગયા છે, હોં! હવે. હવે પાણી નહિ પહોંચે, અંદર નહિ જાય. આ શ્વાસને રોકશે. માટે શાંતિથી હવે પાણી પણ છોડાવીએ. આહાહા..! આનંદના પાણી પીવો, ભાઈ! સુધારસના પાણી પીવો, ભાઈ!

**'આવા અનુક્રમથી ચારે પ્રકારના આહારનો ત્યાગ થતાં સમસ્ત સંઘની ક્ષમા કરાવે અને નિર્વિઘ્ન સમાધિની સિદ્ધિને માટે કાયોત્સર્ગ કરે.'** લ્યો. **'ત્યાર પછી વચનામૃતનું સિંચન કરે અર્થાત્ સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન કરવાવાળા કારણોનો ઉક્ત આરાધકના કાનમાં, મન્દ મન્દ વાણીથી જપ કરે.'** દાખલા આપે. **'શ્રેણિક, વારિષેણ, સુભગાદિ...'** કોણ છે એ? સુભગાદિ કોઈક હશે. **'દૃષ્ટાન્ત સંભળાવે અને વ્યવહાર-આરાધનામાં સ્થિર થઈ, નિશ્ચય-આરાધનાની તત્પરતા માટે આમ ઉપદેશ કરે કે–'** બરાબર પરિણામ સારા રાખ અને હવે આત્માનું નિશ્ચય આરાધન કરવા માટે કહેશે. શી રીતે ઇ પછી કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૭૧ ગાથા–૧૭૮ મંગળવાર, અષાઢ વદ ૪, તા. ૨૫-૦૭-૧૯૬૭

---

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. ૧૭૮ ગાથા. સમ્યગ્દૃષ્ટિ શ્રાવકે પાંચ અણુવ્રત પાળવાની વાત લીધી છે અને તેના રક્ષણ માટે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત. અને એને સરવાળે સંથારો સંલેખના કરવી. સમ્યક્ પ્રકારે કષાયોનું પાતળું પાડવું અને શાંતિથી દેહને વિસર્જન કરવો, એનું નામ સમાધિ અને સંલેખના મરણ કહે છે. સંથારામાં રહેલ પ્રાણીને નિશ્ચય આરાધનાનો ઉપદેશ કેમ કરવો, એની વ્યાખ્યા આપણે ચાલે છે. પાનું ૧૩૮.

**'હે આરાધક!'** જે આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, અનુભવપૂર્વક જેણે પાંચ અણુવ્રત આદિ ચાર શિક્ષાવ્રત પાળ્યા છે અને મરણ વખતે સ્વરૂપની આરાધના માટે કષાયને પાતળા પાડી સંથારો કર્યો છે. સમાધિમરણ પહેલી સ્થિતિ લીધી છે. એને એવા કોઈ વિકલ્પ આવે તો એને સમજાવે કહે છે. આરાધક જીવ એને આરાધકપણું થાય એને સમજાવે છે.

**'હે આરાધક!'** જુઓ! ત્યાંથી ઉપાડ્યું છે ને? **'શ્રુતસ્કંધનું.'** **'एगो मे सासदा आदा'** **'ઇત્યાદિ વાક્ય.'** આત્મા ધ્રુવ શાશ્વત સત્ ચિદાનંદ મૂર્તિ છે, એનું ધ્યાન કર, એનું તું અવલંબન લે. વાક્યની વાત તો વ્યવહારથી થઈ છે. પણ એ વાક્યમાં એવો હું એકલો આ શાશ્વત સત્ ધ્રુવ એકલો જાણક સ્વભાવ... જાણક સ્વભાવથી ભરેલો, જાણનાર એવો હું છું એવી અંતરમાં ચિંતવના કર. ઇત્યાદિ પદને તું વિચાર એમ કહે છે. તને રુચિકર લાગે એમાંથી એક શબ્દ લે. કાં **'अर्हं'** એ અક્ષર એમાંથી તને રુચિકર લાગે કાં **'णमो अरहंताणं'** એ પદ અને **'अर्हं'** **'ઇત્યાદિ અક્ષર– એમાંથી જે તને રુચિકર લાગે, તેનો આશ્રય**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**કરી...'** **'अर्हं'** પણ હું અર્હંત છું. એમ અંતરમાં વિચાર અને ધ્યાન કર. અને **'णमो अरहंताणं'** પૂર્ણ આનંદ જેને પ્રગટ્યો છે અને અજ્ઞાન ને રાગ-દ્વેષ નાશ કર્યા છે એવા પરમાત્મા તે હું છું એમ વિચાર અને ધ્યાન કર. સમજાણું કાંઈ?

**'તારા ચિત્તને તન્મય કર! હે આર્ય! 'હું એક શાશ્વત આત્મા છું''** પેલો અર્થ કર્યો. હું એક શાશ્વત સત્, એકલું ધ્રુવ સત્, નિત્ય ત્રિકાળ જ્ઞાયકભાવ, એકરૂપ સ્વભાવ એ હું છું એમ અંદર વિચાર કર, ધ્યાન કર. એ મરણ ટાણે શાંતિથી દેહ વિસર્જન કરવાનો કાળ છે. કહો, સમજાણું કાંઈ? **'એ શ્રુતજ્ઞાનથી પોતાના આત્માનો નિશ્ચય કર!'** એવા શ્રુતજ્ઞાન દ્વારા.. છે તો પર્યાય, પણ પર્યાય પૂર્ણ સ્વરૂપનો નિર્ણય કરે છે એમ કહે છે. રાગાદિ નહિ. વર્તમાન જ્ઞાનની અવસ્થા, ધ્રુવ સત્... ધ્રુવ સત્... તેના ઉપર દૃષ્ટિ રાખીને નિર્ણય કરે છે. ધ્રુવ સત્. એનો નિર્ણય કર. પોતાના આત્માનો. જોયું! બીજો આત્મા હવે અત્યારે એ નહિ. તું આ આત્મા છો.

**'સ્વસંવેદનથી આત્માની ભાવના કર!'** જોયું! આ ભાવના. વિકલ્પથી એમ નહિ. હવે દેહ છોડવાના કાળ છે, ભવની સંધિ છે હવે. તે કાળે અંતર આત્મા, અંતર જ્ઞાન અને જ્ઞાનનું વેદન, જ્ઞાન અને જ્ઞાનનું વેદન, જ્ઞાન દ્વારા આત્માનું અંતર અવલંબન લઈ વેદન કર. **'સ્વસંવેદનથી આત્માની ભાવના કર!'** એમ કહે છે. વિકલ્પથી એમ નહિ. શુદ્ધ ધ્રુવ સત્, એકલો જ્ઞાયક-સૂર્ય ... છે. મહા પરમ સત્ છે. એની ભાવના સ્વસંવેદનથી કર. જોયું! ભાવના (કહ્યું). વિકલ્પ ને એમ નહિ. સ્વસંવેદન. જ્ઞાનને જ્ઞાનસ્વભાવ ધ્રુવને, જ્ઞાનસ્વભાવ ધ્રુવને, વર્તમાન પર્યાયને અંતર વાળીને સ્વસંવેદનથી તેની ભાવના કર. સમજાય છે કાંઈ?

**'સમસ્ત ચિંતાઓથી પૃથક્ થઈને...'** નાસ્તિથી વાત કરે છે. સ્વસંવેદનની ભાવના કર એ અસ્તિથી કીધી. આ વિકલ્પની નાસ્તિ કરીને સમજાવે છે. **'પ્રાણ વિસર્જન કર!'** દેહને છોડવાનો આ સમય (છે), તેને છોડ. સમજાણું કાંઈ? જેટલો આત્મા ધ્રુવ સત્, તેને અવલંબીને નિશ્ચય, નિર્ણય, અનુભવ કર્યો છે, પાંચ અણુવ્રત દ્વારા વિશેષ સ્થિરતા પણ પ્રગટ કરી છે. અણુવ્રત વિકલ્પ છે પણ પાછળ સ્થિરતાનો અંશ પણ પ્રગટ કર્યો છે. હવે તો કહે છે કે આ મરણના કાળ છે ને, પ્રભુ! દેહ છોડવાનો કાળ છે તો પ્રભુ! સ્વરૂપ ચૈતન્યને અવલંબને હવે. એ શરણ છે, બીજું કોઈ શરણ નથી. આહાહા..!

ભગવાન પૂર્ણ આનંદની મૂર્તિ છે, સત્ છે, શાશ્વત છે, ધ્રુવ છે એનું વેદન કર, વેદન. એ દ્વારા બધી ચિંતા છોડી દઈને. આ દ્વારા પ્રાણ છોડ, પ્રાણ વિસર્જન કર. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ધન્ય પળ છે ને એ! દેહ છૂટવા ટાણે આમ આત્માના આનંદના વેદનની ભાવના કરીને છોડ એમ કહે છે. 'સેઠી'! બાયડી, છોકરા તો ક્યાંય પડ્યા રહ્યા, અણુવ્રતના વિકલ્પ પણ ક્યાંય પડ્યા રહ્યા. એક સમયની પર્યાયનો પણ વિચાર નહિ. વસ્તુ જે સત્ શુદ્ધ દળ ચૈતન્ય એક સ્વરૂપ એમ ને એમ.. એમ એનું વેદન કરીને દેહ છોડ. આ ધર્મ

www.vitragvani.com



કર્યાનું ફળ છે. જિંદગીમાં ધર્મ કર્યો હોય તો એનો સરવાળો આવો હોવો જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ શરણું છે. શરણ કોણ બીજું? આખો ભગવાન ધ્રુવ સત્ત્વ સત્ પડ્યું છે. ચાર શરણ એ છે. અરિહંતનું શરણ, અરિહંત તું. સિદ્ધનું શરણ, સિદ્ધ તું. આચાર્યનું શરણ, આચાર્ય તું. ઉપાધ્યાયનું શરણ, ઉપાધ્યાય તું, સાધુનું શરણ, તું સાધુ. પંચપદની શક્તિને ધરાવનાર તત્ત્વ તું આત્મા જ છો. એ શક્તિની બહાર કોઈ પાંચ પદ રહેતા નથી. આહાહા..! સમજાણું? તું અરિહંત થવાનો છો ને તું. એ અરિહંત થવાનો છે, એ કેવળજ્ઞાન પર્યાય ક્યાંથી આવશે? અત્યારે અરિહંત પદ દ્રવ્યમાં પડ્યું છે.

એક ફેરી એ વાત થઈ હતી. 'તત્ત્વાનુશાસન'. 'તત્ત્વાનુશાસન'માં એક ગાથા લીધી, કે અરિહંતનું ધ્યાન કરવું. અરિહંતનું. જૂઠું છે. અરિહંત તો છે નહિ, અરિહંતનું ધ્યાન તો જૂઠું ઠરે. ના ના, ભાઈ! એમ નથી. અરિહંતનું ધ્યાન, વર્તમાન અરિહંત હું છું એ પર્યાય પ્રગટ કરવાનું એ સત્ અરિહંતપદ અંતર પડ્યું છે. જો સત્‌રૂપે અરિહંત ન હોય તો સત્‌રૂપ પર્યાયમાં સત્‌રૂપ પ્રગટશે ક્યાંથી? માટે સત્‌નું ધ્યાન કરનાર હું અરિહંત છું એનું (ફળ) નિષ્ફળ નથી, એને ફળ શાંતિ મળે છે. સમજાણું કાંઈ? જો ફોગટ હોય તો શાંતિ ક્યાંથી મળે? અને ફોગટ નથી એનું કારણ, કે જે અરિહંતપદ પ્રગટ થવાનું છે, એ સત્‌રૂપે અહીં ન હોય તો નવી પર્યાય અસત્‌પણે પ્રગટે એવું તો બને નહિ. સમજાણું કાંઈ?

તને ખાતરી છે કે નહિ? કે હું તો અરિહંત જ થવાનો છું. આખરે સિદ્ધ થવાનો છું. (એવી) ખાતરી છે ને? એ ખાતરી ક્યાંથી આવી? વર્તમાન ખાતરીની સત્યતા કેમ આવી? સમજાણું કાંઈ? એ વર્તમાન સત્‌ની ખાતરીનું પ્રમાણ શું આવ્યું તને? અરિહંતપદ મારું સ્વરૂપ જ છે. ધ્રુવમાં અરિહંતપદ જ મારું પદ છે. વર્તમાન. સિદ્ધપદ જ મારું વર્તમાનપદ છે. શક્તિ સત્ત્વમાં, વસ્તુમાં, ધ્રુવમાં, શાશ્વત વસ્તુમાં. આચાર્યનું પદ જે વીતરાગ પર્યાય તે પદ પણ મારામાં પદરૂપે પડ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઉપાધ્યાયની જે પર્યાય થવાની હોય તો એ પર્યાય અંદર શક્તિ સત્‌રૂપે પડી છે. એ ન હોય અને પ્રગટે એવું ત્રણ કાળમાં બને નહિ. સાધુપદ. શ્રાવક છે આ તો. સાધુપદ, વીતરાગપદ, અકષાયપદ નથી ને? કહે છે, છે. વસ્તુમાં છે. સમજાણું કાંઈ? વસ્તુમાં વર્તમાન સાધુપદ વીતરાગ પર્યાય જે સત્‌રૂપે પ્રગટવાની છે એ સત્‌રૂપે અંદર શક્તિરૂપે પડી છે. આહાહા..! એ ભરોસે ભગવાનને લે. આવો ભગવાન હું છું. એકદમ વિકલ્પના આલંબન વિના નિરાલંબી પ્રભુ, એને નિરાલંબી ધ્યાનથી એનું ધ્યાન કર. આહાહા..! નિશ્ચય આરાધનાની વાત છે ને આ? સમજાણું કાંઈ?

**'પ્રાણવિસર્જન કર!'** વિસર્જન થવાનો તો સમય જ છે. સમજાય છે? પણ વિસર્જન કર એટલે? એ થવાને કાળે તું લક્ષ એનાથી છોડીને અહીં ધ્યાન આપ એટલે વિસર્જન તેં કર્યું એમ કહેવામાં આવે છે. નહિતર તો છૂટશે જ એ તો. એ તો તે સમયે પ્રાણ

www.vitragvani.com



છૂટવાના જ છે, એમાં કાંઈ ફેરફાર નથી. પણ તેં વિસર્જન કર્યું ક્યારે કહેવાય? સત્ ધ્રુવના અવલંબે સ્વસંવેદનના આનંદમાં રહેતાં દેહ છૂટે તો વિસર્જન કર્યું એમ કહેવામાં આવે. નહિતર એ શરીર તો છોડશે જ, શરીર ક્યાં રહેવાનું છે એનું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પ્રાણ-ફ્રાણ ક્યાં રહ્યા? પર્યાય સામે નહિ ને અહીં તો. આ વસ્તુ આખી ભગવાન સત્ સત્. શાશ્વત એકલું જાણું છું એ હું એમ પણ ક્યાં છે એમાં? જાણવાનો સ્વભાવ સ્વપરપ્રકાશનો પિંડ એ ભેદથી વાત છે. બાકી સ્વપરપ્રકાશનું એકરૂપ એવું સત્ત્વ, એનું સ્વપણું, એનું સ્વસંવેદન પ્રત્યક્ષપણે જ્ઞાનનું વેદન તેને સ્વસંવેદન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ સરવાળો ન આવે તો ધર્મ કર્યો શું? એમ કહે છે અહીં તો. મેં ઘણા ધર્મ કર્યા પણ મરવા ટાણે બગડી ગયું. એમ હોય નહિ. સમજાણું કાંઈ? સુધારાના સરવાળાનો સરવાળો બગાડ ન હોય. બગાડના સરવાળાનો બગાડ પરિણામ હોય. સમજાણું કાંઈ? ભાઈ! તારો દેહ તો છૂટશે જ એ સમયે, તે પરદ્રવ્ય છે. પણ સ્વદ્રવ્યના ધ્યાનથી છૂટે તેને વિસર્જન કર્યું કહેવામાં આવે છે. એણે દેહ છોડ્યો. નહિતર દેહ તો તને છોડશે જ. દેહ તો તને છોડશે જ. તું લાખ પ્રયત્ન કર અને ઇન્દ્રને ઉતાર તો પણ કાંઈ ચાલે એવું નથી. આહાહા..! એ તો આવી ગયું, જબરજસ્તીથી દેહ છોડશે. સમજાય છે?

ભગવાનઆત્મા એવી દૃઢ સ્થિરતા દ્વારા, એવી દૃઢ સ્થિરતા દ્વારા દૃઢ વસ્તુ જે વજ્રમય, ચૈતન્ય વજ્રમય ભગવાન, એનું એવી રીતે અવલંબન લે (કે જેથી) શાંતિના વેદનથી દેહ છૂટે. આહાહા..! સમજાણું કાંઈ? તને કોલકરાર થઈ જશે કે હવે આપણા સંસારના અંત આવ્યા. એક-બે ભવ આદિ કોઈ મંદતાને લઈને હો. થઈ રહ્યું. પૂરું થયું. કેવળ પામવાના... પામવાના અને પામવાના એમ થઈ જશે. સમજાણું કાંઈ?

અહીં તો શ્રાવકને પણ મોટી લક્ષ્મી લેશે, હોં! શ્રાવકને લેશે, હોં! છે ને અંદર? જુઓ! ૧૮૦માં. **'वरयति पतिंवरेव स्वयमेव तमुत्सुका शिवपदश्रीः'** ૧૮૦ માં છે જુઓ. મુક્તિ લક્ષ્મી સ્વયંવર માનીને બેઠી છે તને વરી જશે. આહાહા..! શ્રાવકને અહીં કહે છે, હોં! હજી શ્રાવક ધ્યાનમાં સમાધિમરણે છે એને કહે છે. શ્રાવકને મુક્તિ થતી હશે? સમજાણું કાંઈ? હા, હા. એને નક્કી થઈ ગયું કે હવે અલ્પકાળમાં મુક્તિ છે. મુક્તિ વરશે એને એમ કહે છે. સ્વયંવર કન્યા. ૧૮૦માં કહેશે, હોં! ભારે વાત! અલૌકિક વાત છે. આમાં ક્યાંય બહારનું કામ આવે એવું નથી એને. બહારના રાગ કે બહારનો સથવારો કે બહારનું ભણતર કે બહારની વ્યવહારુ શ્રદ્ધા કે વ્યવહારુ આચરણ એ કાંઈ ત્યાં મદદ કરનાર નથી. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ પરનું છોડે ત્યારે જ એને આરાધન થશે, નહિતર થશે જ નહિ એમ

www.vitragvani.com



કહે છે. સમજાણું કાંઈ? શું કહે છે આ? **'एगो मे सासदा आदा'** એમ છે કે આ બીજું પણ કાંઈ મારે ભેગું છે? એમ કહીને ન્યાય મૂક્યો છે. પેલા બધા એમ કહે ને કે બધા થઈને સર્વવ્યાપક એક આત્મા છે. એમ નથી. સમજાય છે કાંઈ? **'एगो मे सासदा आदा'** એમ છે ને? પહેલું પદ છે. 'નિયમસાર'નું છે. 'કુંદકુંદાચાર્ય મહારાજ'નું છે. વેદાંતની સાથે જરા પણ મેળ નથી. આ નિશ્ચયની વાતું લાગે એટલે મેળવે. જરીયે (મેળ) નથી. આ ભગવાન નિશ્ચય જે છે, એ નિશ્ચય પરમ સત્ય છે. એ અપેક્ષાએ એક ન્યાયે પર્યાયને અસત્ય કહી દીધી છે ને? ભાઈ! અભૂતાર્થ કીધી છે ને? અભૂતાર્થ. એ પર્યાયને અભૂતાર્થ કીધી છે, અસત્ કીધી છે. એટલે કો'કને એમ થઈ જાય કે આ તો વેદાંત જેવું થઈ ગયું! એમ નથી.

ચાર પર્યાયો–ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક છે. પણ ત્રિકાળી વસ્તુનું જેને અવલંબન લેવું છે એને માટે સત્ એ નથી. સત્ એ ત્રિકાળ છે. એ અપેક્ષાએ તેનામાં આશરો લઈને અને જે ક્ષાયિક આદિની પૂર્ણ પર્યાય પ્રગટવાની છે, એ બધી શક્તિમાં પડી છે, એવું એ ધ્રુવ છે. સમજાય છે કાંઈ? એવા શાશ્વત ધ્રુવ પદનું અવલંબન લે.

સ્વસંવેદન–પોતાનું ધ્રુવ (સ્વરૂપ) તેમાં એકાગ્ર થઈને પ્રત્યક્ષપણે રાગના અવલંબન વિના પર્યાયમાં દ્રવ્યનું વેદન. વેદન તો પર્યાયનું પર્યાયને છે. પણ દ્રવ્ય ઉપરની દૃષ્ટિએ વેદન (થાય) તેને સ્વસંવેદન પ્રત્યક્ષ મોક્ષના માર્ગનું ફળ, મૃત્યુકાળે, દેહ છૂટવાના પ્રસંગમાં ધર્મીને આવું હોય છે. આહાહા..! લગન કરે પછી છેલ્લે હરખજમણ હોય છે ને? 'ન્યાલભાઈ'! બધા શેઠિયાઓએ ત્યાં ઘરે કર્યા હોય. લગન ત્રણ દિવસ થાય પછી ચોથે દિવસે હરખજમણ કરે ને? આ મરણનું ટાણું હરખજમણનું છે. આહાહા..!

મોટો ચૈતન્યરસનો વજ્રસ્તંભ ભગવાન (છે). જેમાંથી એકલા આનંદ જ ઝરે. આહાહા..! એમાં હું જાણું છું કે હું જાણનાર છું એવો પણ જેમાં અવકાશ નથી. એવો બિંબ ભગવાનઆત્મા, એમાં લક્ષને નાખતા કાંઈ બાકી રહેતું નથી. એવા ભાવે એકવાર પ્રાણને છોડ, ભવને છોડ (તો) ભવનો અભાવ તને નક્કી થઈ જશે. ભવના અભાવકાળે આવા ભાવથી ભવ ટાળ, નક્કી થઈ ગયું. એકાદ-બે ભવે કેવળ લઈને આપણે તો મુક્તિ પામવાના... પામવાના.. ને પામવાના. એમ અંદર થઈ જાય. સમજાય છે કાંઈ? એ વાત છે, બાપુ! આ કાંઈ વાતની વાતું નથી. વાતે વડા પાકે એવા નથી. સમજાણું કાંઈ?

કેટલી એની સજ્જનતા જોઈએ, કેટલી એની સ્વભાવ તરફની દૃષ્ટિનું આરાધન જોઈએ. જેણે આખી દુનિયાની ઉપેક્ષા કરી દીધી. કાંઈ મળ્યું, ન મળ્યું કાંઈ નહિ, સર્વ ઉપેક્ષા. આહાહા..! સમજાણું કાંઈ? એક ભગવાનઆત્મા જેના પેટમાં અનંતા કેવળીઓ, તીર્થંકરો, સત્ આદિ સ્વરૂપ અંદર પડ્યું છે. આહાહા..! એવો ભગવાન ધ્રુવ શાશ્વત, **'एगो मे सासदा आदा'** એવો એક મેં શાશ્વત આત્મા. આહાહા..! કેટલા વચન છે! સમજાણું કાંઈ? એનું વેદન કરી દેહ છોડજે. દેહ છોડ એમ કહે છે. પેલો આરાધક પડ્યો છે એને કહે છે ને. કહો, 'ભીખાભાઈ'!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'અને જો તારું મન કોઈ ક્ષુધા પરીષહથી અથવા કોઈ ઉપસર્ગથી વિક્ષિપ્ત (વ્યગ્ર) થઈ ગયું હોય તો નરકાદિ વેદનાઓનું સ્મરણ કરીને...'** એ તો એક વધારે (વાત લીધી છે). આ વેદના શું છે, ભાઈ! મહાવેદના આત્માના આનંદની છે, અને આ વેદના આગળ નરકની વેદના, પ્રભુ! તેં અનંતવાર વેદી છે. ભાઈ! દુનિયાની અપેક્ષા રાખ્યા વિના, કોઈની સહાય લીધા વિના તેં ત્યાં દેવ ઊભા હોય અને તેં વેદના વેદી છે. પરમાધામી દેવ ઊભા હોય (અને તેં) મહા નરકની વેદના વેદી, બાપા! એ તારું હયાતીવાળું શાશ્વત તત્ત્વ આવા સ્થાનમાં પણ આવા વેદનમાં અનંતવાર વર્તી ગયું છે. કહો, સમજાણું કાંઈ?

એક આ બંગલો આવ્યો અને એક આ બાયડી આવી અને કાંઈક લુગડા સારા આવી ગયા, આ દેખ્યા કરે કે તેથી અનંતવાર દુઃખની પ્રતિકૂળતા (વેદી). ભાઈ! તેં નરકના વેદન બહુ વેદ્યા છે, ભાઈ! સમજાણું? સ્મરણ કરને, ભાઈ! એ યાદ કર તો આ વેદન તારું ઘટી જશે અને આનંદના વેદનમાં આવી જઈશ. આહાહા..!

નરક આદિ, હોં! પછી પશુ, જુઓને! પશુઓને આમ બાળે, શેકે, જીવતા ને જીવતા શેકે છે, ભાઈ! ભૂંડને. એક ફેરી 'નારણભાઈ' કહેતા હતા. જીવતા ભૂંડને (શેકતા હતા). જોડે કોઈ પારસી હતો. જીવતા ભૂંડને પગે વાળા બાંધી, પગને વાળા બાંધી, મોઢાને વાળા બાંધી, અગ્નિમાં નાખ્યું. શક્કરીયું જેમ શેકવા માંડે એમ જીવતું નાખ્યું. માથે અગ્નિનો ભઠ્ઠો. એ બફાઈને ખાય. આહાહા..! અરે..! તેં શું કર્યું છે પણ જોને! અને એ વેદનામાં તે કાળે કેટલી વેદના હશે? જેને શરીરની એકતાબુદ્ધિ (છે) એની આકુળતાના વેદનનું માપ શું? સમજાણું કાંઈ? એવા વેદનને યાદ કરને, ભાઈ! આ વેદન તને શું? અરે..! મને આમ થાય. થયા હવે. આત્મા આનંદ છે ત્યાં જાને. કહો, સમજાણું આમાં? કોઈ ધ્યાન રાખતું નથી. આ ચાર પહોરના જાગીએ છીએ, કોઈ જોડે બેસતું નથી. હવે તું બેસને અંદર.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ક્યાં સુધી બેસશે? આ મરવા પડે ત્યાં બેસી રહેશે ન્યાં ને ન્યાં? કહો, સમજાણું? આ તમારે એકવાર તૈયારી જેવું થઈ ગયું છે ને? નહિ? તૈયારી જેવુ હતુંને એવું. અહીં સાંભળતા હતા એવું, હોં. 'ભીખાભાઈ'ના સમાચાર થોડા વખતમાં આવશે એવું થઈ ગયું હતું. આહાહા..! પણ એ તો છે એમાં શું ન્યાં? નવા માંડવા નાખ્યા છે તો ઉપડવાના છે ને એકવાર. મોટા રાજા, મહારાજા, રાંક અને ભિખારી, કંથવો અને કથિર, મોટો હાથી. કુંથો અને કુંજર. એ બધાને મળ્યા. એ તો દેહ છૂટ્યે જ (છૂટકો). અંદર છૂટા જ પડ્યા છે. આ ક્ષેત્રાવગાહથી જરા આઘા પડે એને લોકો મરણ કહે છે. સમજાણું કાંઈ?

ભાઈ! તું વિશ્વાસ લાવ. આત્માનો વિશ્વાસ લાવ કે આત્માના આનંદના વેદનથી બધું ભૂલી જવાય એવો હું છું. સમજાય છે કાંઈ? વિશ્વાસ... વિશ્વાસ... વિશ્વાસ પોકાર કર. મારા આત્માના આનંદના વેદન આગળ દુનિયા આખી ભૂલી જાય એવી જાતનો હું છું. સમજાય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વિશ્વાસ. વસ્તુનો વિશ્વાસ જોઈએને? વસ્તુ જેમાં અનેક મહા શક્તિઓ વસેલી પડી છે. સત્... સત્. સત્... શક્તિઓ બધી અનંત શક્તિવાળું સત્, એનો વિશ્વાસ કર કે એ ચીજ એવી છે કે જેના શરણે જતાં દુનિયા આખી ભૂલી જવાય એવું એનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એને યાદ કરજે, ભાઈ! નરકના વેદનને યાદ કરજે. આહાહા..!

**'જ્ઞાનામૃતરૂપ સરોવરમાં પ્રવેશ કર.'** જોયું! બે વાત. અસ્તિ-નાસ્તિ. નરકના વેદનને યાદ કરજે, ભાઈ! આ તો તને જરી શૂળ છે, આ છે, ક્ષુધા છે. એ નરકની વેદના મનુષ્યની.. આહાહા..! 'લાઠી'ની એક બાઈએ કીધું નહોતું? બિચારી તાજેતર પરણેલી અને એમાં શીતળા નીકળ્યા, શીતળા. દાણે દાણે ઇયળું. જુવાન બાય, હોં! 'લાઠી'માં. ... દરવાજે. એ છોડીના બે વરસના પરણેતર. અહીં 'દામનગર' .... એમાં એ ઇયળમાં એને પીડા. પછી કહે આમ તળાઈયું નાખેલી. તળાઈમાં આમ કરે તો આ બાજુ હજારો ઇયળું, આમ ફરે તો આમ હજારો ઈયળું. એકલી ઈયળું નીકળે. બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. એમ કહેતી. ક્યાંય આમાં સહ્યું જતું નથી. શીતળાને દાણે દાણે ઈયળ. આમ ફરતા અહીં ઢગલો થાય ને આમ ફરતા આમ ઢગલો થાય. દશાશ્રીમાળીની દીકરી હતી. પરણેલી. મરવાની તૈયારી. જુવાન. એટલું બોલતી, બા! આવા પાપ મેં આ ભવમાં નથી કર્યા. શું આવ્યું આ? સમજાણું કાંઈ? હવે આ વેદના તો નરકને પહેલે પાસડાને અનંતમે ભાગે છે. નરકના દસ હજાર વર્ષની વેદનાનું વેદન એના કરતાં અનંતમે ભાગે છે. આહાહા..!

કહે છે, **'જ્ઞાનામૃતરૂપ સરોવરમાં પ્રવેશ કર.'** ભૂલને હવે વેદનને. અને ભૂલાય એવો તું છો. આહાહા..! અનંતા પરને ભૂલી, ભગવાન થઈને મોક્ષ પધાર્યા છે. તૈયાર થા, તૈયાર થા. સમજાણું કાંઈ? **'જ્ઞાનામૃતરૂપ સરોવર...'** આહાહા..! ભગવાનઆત્મા એકલા અમૃતનું સ્વરૂપ છે ને. અમૃતસ્વરૂપ ભગવાન છે. અમૃતસ્વરૂપ છે. મરે નહિ એવું અને અમૃત આનંદ આપે એવું. એવો અમૃત ભગવાનઆત્મા છે, એવા સરોવરમાં જા, પ્રવેશ, સ્નાન કર. એ શાંતિમાં આત્માને જબોળ. આહાહા..! કેટલી ધીરજ હોય! કેટલી બહારના વિકલ્પોની ઊપેક્ષા કરી નાખી હોય! દુનિયા ... શરીરની અવસ્થા તો હો એને કારણે, મારે કાંઈ નથી. એવા સમાધિમરણે કહે છે, ભાઈ! તું એકવાર તો શાંતિના સરોવરમાં જા. આહાહા..! ભગવાન તું અશાંતિ, પુણ્ય-પાપની આકુળતામાં ઘણી વાર રહ્યો. શુભ-અશુભ રાગ એવી આકુળતાના વેદન તો, પ્રભુ! તેં અનંતવાર કર્યા છે. પણ અમૃતરૂપી ભગવાન ચિદાનંદ સરોવરમાં, પ્રભુ! તેં પ્રવેશ કર્યો નથી. જ્યાં પ્રવેશ કર્યે ભવના અભાવ થાય એવું એ તત્ત્વ છે. આહાહા..! કેટલી હૃદયની પવિત્રતા જોઈએ! સમજાય છે? એટલો અંદરથી પરના પ્રત્યેનો અહંકાર છૂટી જવો જોઈએ. સમજાણું કાંઈ?

www.vitragvani.com



મુમુક્ષુ :– અંહકાર કયા...

ઉત્તર :– ઘણા પ્રકારના અહંકારના ભાવ છે. બીજાઓને એમ કહે કે અમે જો તમને માખણ નથી ચોપડતા, હોં. સાચું કહીએ છીએ. એમ કહીને એક અભિમાન કરે અમે આવા છીએ. અભિમાનની જાત બહુ છે, બાપા! સમજાણું કાંઈ? અહંપણાના સ્થાનો એટલા છે કે એને ભૂલીને આત્મામાં અહંપણું લાવવું એ મહા પ્રયત્નથી આવે છે. સમજાણું કાંઈ? જાણપણાના નામે પણ એમ હોય. ભાઈ! અમને તો એટલું આવડતું નથી. નથી આવડતું એ વાતનું પણ માન લેવા અભિમાન હોય. એ અભિમાને તો મારી નાખ્યા. એવી વાત છે એ. આહાહા..! અહીં કહે છે, કે ભાઈ! આહાહા..! શેના તને અભિમાન? આવા વેદનમાં અનંતવાર ગયો ને પ્રભુ! હવે અહીં આવને. હવે ઠરને, ઠરને. સમજાણું કાંઈ ?

**'સરોવરમાં પ્રવેશ કર. કેમકે અજ્ઞાની જીવ શરીરમાં આત્મબુદ્ધિ...'** જોયું! હું દુઃખી છું, હું સુખી છું એમ મિથ્યાદૃષ્ટિ સંકલ્પ કર્યા કરે છે. હું સુખી છું, હું દુઃખી છું, એવા સંકલ્પ કરીને દુઃખી થયા કરે છે. **'પરંતુ ભેદવિજ્ઞાની જીવ આત્મા અને દેહને ભિન્ન ભિન્ન માનીને દેહને કારણે સુખી દુઃખી થતો નથી,...'** પરના અનુકૂળ-પ્રતિકૂળતાને કારણે સુખ-દુઃખ એ માનતો જ નથી. સમજાય છે કાંઈ? **'ભેદવિજ્ઞાની જીવ...'** રાગથી પણ પર સ્વરૂપ અમારું પ્રધાનપદ ભિન્ન છે. એવા **'ભેદજ્ઞાની જીવ, આત્મા અને દેહને ભિન્ન ભિન્ન માનીને...'** દેહના કોઈપણ પ્રસંગના પર્યાય આદિમાં **'સુખી દુઃખી થતો નથી, પણ વિચારે છે કે મને મરણ જ નથી તો પછી મનોવેદના કેવી?'** (ભય કોનો?) એક વાત.

'જગતને મરણતણી બીક,...' મરણ ક્યાં? કોના મરણ? અમૃતસ્વરૂપ ભગવાન મરે ક્યાં? જન્મે ક્યાં? સમજાણું કાંઈ? ભગવાન પોતે અમૃતનું (ભાજન છે). અમૃત એટલે મોક્ષ કહેવાય છે. એવું આવ્યું હતું, નહિ? અમૃત નહોતું આવ્યું? પહેલા આવ્યું હતું. આહાહા..! મોક્ષ-મોક્ષ, અમૃત. આમાં ક્યાંક શબ્દ આવ્યો હતો. કોઈ ઠેકાણે હતો? કાઢો. મોક્ષ એટલે અમૃત. એય..! ગાથા ૭૮. આ ૧૭૮ (ચાલે) છે, એ એકલી ૭૮ છે, લ્યો. ૭૮ જુઓ!

**'अमृतत्वहेतुभूतं परमहिंसारसायनं लब्ध्वा ।'** જુઓ! આ તો અહિંસારૂપી મોક્ષનું કારણ અમૃત. અમૃતને મોક્ષનું કારણ (કહ્યું). જોયું! **'ઉત્કૃષ્ટ અહિંસારૂપી રસાયણ..'** બીજું પાનું. ૭૬ ગાથા. એ સારી સાંભળેલી છે. એ તો ધર્મ અહિંસારૂપ એટલું છે. મૂળ તો અહીં છે. અમૃત અમૃત. મોક્ષનું કારણભૂત અમૃત, એ ઉત્કૃષ્ટ અહિંસા રસાયણ છે. સ્વભાવ સ્વરૂપ એ પરમ રસાયણ છે. આ રસાયણ ખાઈને, ભસ્મ ખાઈને શરીરને પુષ્ટ નથી કરતા? આ રસાયણ ત્રાંબાની, લોઢાની ભસ્મ ખાય. આ અહિંસા ભસ્મ-રસાયણ. એ વિકલ્પનો અભાવ નિર્વિકલ્પદશા એને અહિંસા અમૃત કહે છે. શુભાશુભ રાગ રહિત ભગવાનના અવલંબે જે શાંતિ પ્રગટે, એને અહિંયા અહિંસા રસાયણ અમૃત કહે છે. આહાહા..!

**'મને મરણ જ નથી તો પછી ભય કોનો?'** શું વસ્તુ મરે? મરીને જાય ક્યાં? ધ્રુવ

www.vitragvani.com



વસ્તુ મરે? શાશ્વત સત્ છે એને મરણ ક્યાં? મરણ નથી તો ડર ક્યાં? **'મને રોગ નથી પછી વેદના કેવી?'** ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન અમૃતનો પિંડ, પ્રભુ! એને રોગ કેવો? રોગ નથી તો વેદના કોની? આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ મરણ મહોત્સવની મહાત મંડાણી છે. બધા બહારના ધૂળના મહોત્સવો તો બહુ કરે. લગનના ને ધૂળના બધા. આકુળતા... આકુળતા... આકુળતા. છોકરાના લગનમાં બેસે મોઢા આગળ બાપ થઈને ચાલે. પચ્ચીસ-પચાસ હજાર ખર્ચવા હોય અને કરિયાવર ને ઢીંકણું, બધા મોળિયા બાંધીને ભેગા કરે. મોળિયા અત્યારે નહિ હોય. ટોપી હોય. ભેગા થયા અને પછી જોવે તો આમ શું? ખાવાના દસ વાગે પાછા મેસુબ ઉડાડવાના હોય. જાંબુડા. શું કહેવાય પેલા? ગુલાબજાંબુ. આહાહા..! અને નિરોગ શરીર અને કાંઈ રૂપાળા શરીર ને એમાં કાંઈ પાચ-દસ લાખના મકાન હોય, પાંચ-પચાસ લાખની મૂડી હોય, જુઓ! પછી તમારે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન.

અરે...! ભગવાન! બાપુ! એ તો શું છે? ભાઈ! એ આકુળતાના મોટા ઊભરા છે. એ આકુળતાના ઊભરા, પ્રભુ! એ શાંતિ નહિ. સમજાણું કાંઈ? એ વિકારના ઊભરા આવ્યા, ભાઈ! એ તો દુઃખ આવ્યું છે. અહીં આનંદના ઊભરા આવે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? અરે...! ભગવાનને અવલંબે અને અહીં આનંદની પર્યાયમાં ખોટ રહે? એમ બને નહિ. સમજાણું કાંઈ?

સૌની પાસે ભગવાનઆત્માના શરણ છે ને, પ્રભુ! આહાહા..! સ્વયં સ્વસંવેદન સ્વરૂપ છે. કોઈની સામું જોવાની એને જરૂર નથી. એ ચીજ જ એવી છે. એ વાત થઈ ગઈ પહેલી. પરથી જણાય એવી એ ચીજ નથી અને પરમાં આને જણાવી (શકે) એવી પરમાં તાકાત નથી. રાગમાં તાકાત નથી કે આત્માને જણાવે અને આત્માની એવી તાકાત નથી કે રાગ વડે જણાય. આહાહા..! સમજાણું કાંઈ? એમ દેવ-ગુરુ-શાસ્ત્રની તાકાત નથી કે સામાને શરણ થાય. આત્માની એવી તાકાત નથી કે પરને લઈને અહીં શરણ થાય. એવી તાકાત અહીં નથી. એવું એ તત્ત્વ છે. એવા એ તત્ત્વને અંદર અનુભવમાં પ્રતીતમાં લઈ, વિશ્વાસે ચડી મરણને ટાણે શાંતિના ઝૂલે ઝૂલતો... હિંડોળે હિંચકે ને? સ્વસંવેદનના આનંદના ઝૂલે ઝૂલતો, છોડી દે એને. અનંતવાર આર્તધ્યાન કરીને (દેહ) છોડ્યા. હવે એક વખત તો કર આ. એક આંટે તારા અનંતા આંટા બંધ થઈ જશે. 'શ્રીમદ્ે' કહ્યું ને? ક્યાં? 'તોયે અરે..! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો.' એક ટળે એટલે બધા ટળ્યા એમ કહે છે. સમજાણું કાંઈ?

**'હું બાળક, વૃદ્ધ યા તરુણ નથી તો પછી મનોવેદના કેવી?'** શું કહે છે? હું બાળક જ નથી તો વળી બાળની લીલા એ મારામાં છે, એ નથી. હું યુવાન નથી તો વિકાર આદિ મારામાં નથી. વૃદ્ધ હોય તો અરે..રે..! વૃદ્ધ થઈ ગયો, એ અવસ્થા થઈ ગઈ. એ પણ હું નથી પછી એ જાતની વેદના મનમાં ક્યાંથી આવી? કહે છે. અરે..! હું બાળક છું માટે આમ. અરે..! હું યુવાન છું માટે આમ. પણ એ ત્રણ તું નથી. તું છો ત્યાં બાળ, વૃદ્ધ

www.vitragvani.com



અને યુવાન છે નહિ. આહાહા..! અનંતકાળથી મનને એ બગાડતો જ આવ્યો છે. સુધારવાના ટાણા આવ્યા હોય તો કહે, નહિ આમ નહિ, આમ નહિ આમ, આમ નહિ આમ. આહાહા..!

**'હું બાળક, વૃદ્ધ યા તરુણ નથી તો પછી મનો..'** એટલે મનમાં. અરે..! આ બાળક છું, આ વૃદ્ધ છું, તરુણ છું, એને લઈને જે મનમાં સંકલ્પ થાય એવું કાંઈ છે જ નહિ. હું એ નથી પછી મનમાં એ સંકલ્પનું કારણ જ ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા..! **'હે મહાભાગ્ય! આ જરાક જેટલા શારીરિક દુઃખથી કાયર થઈને પ્રતિજ્ઞાથી જરાપણ ચ્યુત ન થઈશ,...'** સમજાણું કાંઈ? કરવાનું આ છે. બાકી બધા મીંડા છે. આહાહા..! વ્રત આદિના વિકલ્પો (કરે) પણ એના સરવાળા જે અંદરની એકાગ્રતાથી આવા ન આવે, (તો) શું કર્યું તેં? એમ કહે છે. સરવાળો સારો આવે એના આંકડા સારા હોય ને? સાચા થયા વિના શી રીતે આવશે? આહાહા..!

**'દઢચિત્ત થઈને પરમ નિર્જરાની અભિલાષા કર.'** દઢ ચિત્ત થઈને, દઢ ચિત્ત થાય એવું કર. અરે..! ઊંડા નાખ્યા થાંભલા હલ્યા હલે નહિ. આ શાશ્વત ભગવાન હલ્યો હલે એ બને કઈ રીતે? માર ચિત્તને, વળગાડ એના ઉપર. ભગવાન ધ્રુવ ભગવાનઆત્મા હલે નહિ. પરિષહ અને ઉપસર્ગથી હલ્યો હલે નહિ. એવી એની તાકાત છે, હોં! એની તાકાત છે. આ તાકાત છે એને આમ પ્રગટ કર એમ કહેવા માગે છે.

**'જો, જ્યાં સુધી તું આત્મચિન્તવન કરતો થકો સંન્યાસ ગ્રહણ કરીને સંથારામાં બેઠો છો, ત્યાં સુધી ક્ષણે ક્ષણે તને પ્રચુર કર્મોનો વિનાશ થાય છે!'** સ્વભાવની સાવધાનીથી પડ્યો છો, બાપુ! તારી શુદ્ધતા વધતી જાય છે, અશુદ્ધતા ઘટતી જાય છે, કર્મ બળતું જાય છે. કર વિશ્વાસ, કર ધ્યાન, ચોંટ પ્રભુને. સમજાય છે કાંઈ?

**'શું તું ધીરવીર પાંડવોનું ચરિત્ર ભૂલી ગયો છે?'** પાંડવો આમ.. આહાહા..! રાજકુમારો. જેને આમ જોદ્ધા... સમજાય છે? એવા યોદ્ધાઓ. એકવાર સભા બેઠી હતી. જાધવોની સાથે ભગવાન નેમિનાથ બેઠા હતા. પાંડવો બધા યોદ્ધાઓ બેઠેલા. વાસુદેવ. વાત નીકળતા નીકળતા કોઈ કહે, પાંડવોની યોદ્ધાઈ ઘણી, ભાઈ! એવી વાત નીકળી. એટલી પ્રતીતિ! ત્યાં વળી એક કહે કે એમ નહિ. યોદ્ધા તો નેમિનાથ ભગવાન છે. એ બેઠા જુઓ નાના. એ પાંડવોના તું વખાણ કરે છે પણ ભગવાન જો શાંત બેઠા છે. મુગટ પહેરીને બેઠા છે. જુઓ ત્યાં. નેમિનાથ ભગવાન અને એનું યોદ્ધાપણું... (એમણે) લડાઈ કરી નથી ને? આ લોકોએ તો લડાઈ કરી હતી. લડાઈ કરીને જીત્યા અને બધું પ્રયોગ કરીને યોદ્ધાનું બતાવી દીધું છે. આ ભગવાને તો કાંઈ કર્યું નથી. સાંભળ સાંભળ! એ નેમિનાથ ભગવાનના યોદ્ધા જેવો કોઈ યોદ્ધો નથી. કહો, સમજાણું કાંઈ? પેલા કરેલા કામને એટલે લોકો વખાણે.

એ પાંડવોને પણ ટાણા જ્યારે આવ્યા, ત્યારે યોદ્ધા અંદરમાં ઉતર્યા એ. બહારના વીર્યની જે સ્ફૂરણા હતી, છોડ. એ વીર નહિ. એ તો કાયર જીવના કામ. કાયરોના કામ બીજાની

www.vitragvani.com



સાથે લડવું અને જીતપણું થાવું, એ તો કાયરના કામ છે. આહાહા..! બીજાને બિચારાને પાછા પાડવા, પોતાને અધિક થવું એ તો કાયરના કામ છે. પુરુષાર્થના કામ તો અંદર આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન કરીને ઠરવું એ પુરુષાર્થનું કામ છે.

વીર તો એને કહીએ કે જે સ્વરૂપની રચના કરે તેને વીર્ય કહીએ. કાંઈ રાગની રચના કરે એને વીર્ય કહેવાય? કહે છે કે હાલ.. હાલ... આહાહા..! એ વીર્ય નામનો તારો ગુણ જ એવો છે ને, ભગવાન! ભગવાને કહ્યું છે અને એ વીર્યનો એવો સ્વભાવ છે, બળનો એવો સ્વભાવ છે કે સ્વરૂપની શાંતિ, આનંદને રચે એવો એનો સ્વભાવ છે. તારા બળનો એવો સ્વભાવ છે કે આનંદને, શાંતિને રચે એવો તારો સ્વભાવ છે. રાગને રચે એવું તારું સ્વરૂપ છે જ નહિ. આહાહા..! એય..! 'ભીખાભાઈ'! એ કોઈ રચાવે નહિ, હોં! કહે છે. રચે એવો તારો સ્વભાવ છે, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ક્યાંથી જાય વિશ્વાસ? વિશ્વાસ ક્યાંથી આવે એને? હું એક આત્મા, મારું વીર્ય જે બળ છે, આત્મશક્તિ. એ શક્તિની શક્તિ એવી છે, એ શક્તિની શક્તિ એવી છે કે આનંદને જ રચે એવી એ શક્તિની શક્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ દુઃખને રચે અને પરના કાર્ય કરે, પરને મારે, હરાવે એ તો વસ્તુમાં છે જ નહિ. આહાહા..! આવો આત્મા છે એવો આત્મા માન્યા વિના એણે આત્મા માન્યો નથી. આહાહા..! આમ તો આત્મા-આત્મા કરે છે પણ એ આત્મા કેવો અને કેવડો? સમજાય છે કાંઈ?

**'પાંડવોનું ચરિત્ર ભૂલી ગયો છે?...'** અને અહીં તો આપણે પાંડવો નજીક હતા. શેત્રુંજય. આહાહા..! કોઈ વખતે નીકળીએ ત્યારે પાંડવો યાદ આવે. એની કોર જઈએ તો. રવિવાર કે એવું હોય ત્યારે. જુઓ! ભાઈ! આ પાંડવો અહીં મોક્ષ પધાર્યા છે. જુઓ! આ સ્થાન છે. વીર્યને બહારથી વીંટીને અંદરમાં લાવ્યા. શાંત.. શાંત.. અગ્નિના લોઢા પહેરાવ્યા, શીતળતાના અંદર શણગાર પહેર્યા. બહારમાં લોઢાની અગ્નિ. અંદર શીતળતા, શીતળતાના શણગારમાં અંતર અનુભવે છે. શાંત.. શાંત.. શાંત! બહારમાં અગ્નિ, અંદરમાં શીતળતા. બે વિરોધી તત્ત્વ છે ને? સમજાણું કાંઈ? હે ભાઈ! આ તો વિચાર કર, બાપુ! કહે છે. એ.. 'પોપટભાઈ'! 'રણે ચડ્યો રજપુત છૂપે નહિ.' કહે છે કે નહિ? એમ આત્મા મરણને ટાણે તારા વીર્યને પુરુષાર્થને ફોરવ. હવે ગોપવીશ નહિ. ટાણા આવ્યા, ટાણા એમ કહે છે. જાગ રે જાગ.

**'પાંડવોનું ચરિત્ર ભૂલી ગયો છે? જેમને લોઢાના ઘરેણાં અગ્નિથી તપાવી શત્રુએ પહેરાવ્યાં હતાં તોપણ તપસ્યાથી કિંચિત્ પણ ચ્યુત ન થતાં...'** તપસ્યા એટલે મુનિપણું શાંત અવિકારી પરિણામ, વીતરાગી મુનિપણું દશા. આહાહા..! એ અહીં શેત્રુંજય થયું છે. ત્રણ પાંડવો મોક્ષ ગયા અને બે પાંડવો સર્વાર્થસિદ્ધમાં ગયા. એમ પણ (વિકલ્પ ન) આવ્યો કે પણ આ અમે

www.vitragvani.com



આ મુનિ થયા છીએ, બાપુ! હવે શું કરવું છે તારે? હવે અમારે કોઈની સાથે વેર નથી. મુનિ થયા અને તું આ લોઢાના દાગીના (પહેરાવે છે). વિકલ્પ કોણ કરે એ? સમજાણું કાંઈ? આહાહા..! જાણે બરફની શીતળતાથી ઢંકાયેલું તત્ત્વ. શાંત.. શાંત... શાંત... ફટ ફાટીને કેવળજ્ઞાન! ત્રણ જણા ત્યાંથી સીધા મોક્ષ પધાર્યા અને બે જણા ત્યાંથી સર્વાર્થસિદ્ધ (ગયા). એકાવતારી થયા. વિકલ્પ રહી ગયો તો. આહાહા..! કહે છે, કે ભાઈ! એ તું ભૂલી ગયો?

**'શું તે મહાસુકુમાર સુકુમાલકુમારનું ચરિત્ર સાંભળ્યું નથી? જેનું શરીર શિયાળે થોડું થોડું કરડીને અતિશય કષ્ટ દેવા..'** માંડ્યું. એક સાથે ખાધું નહિ થોડું... થોડું... થોડું... બટકા ભરવા માંડ્યા. પોતે અંદરના આનંદના કંદમાં ઝૂલતો. શાંત.. શાંત.. શાંત... એ રીતે દેહ છોડ્યો. ભાઈ! તારા પહેલા ઘણા એવા અનંત કેડાયતો સિદ્ધને કેડે ચાલ્યા છે. સમજાય છે? તું પણ સિદ્ધનો કેડાયત છો. ભાઈ! એ કેડે ચાલનારો, તું પૂરું કર. આહાહા..! સમજાણું?

બીજું. **'કિંચિત્ પણ માર્ગચ્યુત ન થતાં જેમણે સર્વાર્થસિદ્ધ સ્વર્ગ પ્રાપ્ત કર્યું હતું. એવા અસંખ્ય ઉદાહરણ શાસ્ત્રમાં છે જેમાં દુસ્સહ ઉપસર્ગો સહન...'** દુઃસહ. સહન ન થાય તેવા ઉપસર્ગો. સાધારણ જનતાથી સહન ન થાય. **'અનેક સાધુઓએ સ્વાર્થસિદ્ધિ કરી છે.'** સ્વ+અર્થ સિદ્ધિ. પોતાના અર્થની સિદ્ધિ કરી. પોતાનો સ્વ અર્થ – પ્રયોજન આનંદનું શાંતિ... શાંતિ... શાંતિ... આરાધક સ્વઅર્થનું કર્યું, સિદ્ધિ કરી. સમજાણું? પેલા 'તારણસ્વામી' કહે, સર્વાર્થસિદ્ધ નહિ. એમ રહેવા દે કીધું, સવાર્થસિદ્ધ આમ રાખો અર્થ. ઊંધું પડશે કીધું. પછી બહુ મલાવા જાશો.... સર્વાર્થસિદ્ધિ ગયાનો અર્થ આમ રાખો. પોતાનો આરાધકપણાનો અર્થ સિદ્ધ કર્યો. સર્વાર્થસિદ્ધિ ગયા એમ રહેવા દો. પછી કહેતો હતો કે કાંઈક ફેરવશું. પણ વાડાના બંધન મારીને એકપણ ફેરવે તો ચાલવા ન દે.

**'શું તારું આ કર્તવ્ય નથી કે તેમનું અનુકરણ કરીને જીવ-ધનાદિમાં નિર્વાંછક થઈ,...'** આ જીવનમાં પણ વાંછા નહિ ને બહારની આબરૂ આદિમાં પણ નહિ. ધન એટલે આબરૂ આદિ. **'અંતર્-બાહ્ય પરિગ્રહના ત્યાગપૂર્વક સામ્યભાવથી નિરુપાધિમાં સ્થિર થઈ આનંદામૃતનું પાન કરવું? અને ઉપરોક્ત ઉપદેશથી સમ્યક્ પ્રકારે કષાયને પાતળા કરી-કૃશ કરી રત્નત્રયની ભાવનારૂપ પરિણમનથી...'** જોયું! ભાવનારૂપ પરિણમનથી એમ છે. ભાવના એમ નહિ (કે) વિકલ્પ. આ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ, એના **'પરિણમનથી પંચ નમસ્કારમંત્ર સ્મરણપૂર્વક સમાધિમરણ...'** પાંચ નમસ્કાર એવા જે આત્માનો સ્વભાવ, એનું અને બાહ્યમાં વિકલ્પ આવે તો સ્મરણ. **'સમાધિમરણ કરવું જોઈએ. – આ સમાધિમરણની સંક્ષેપ વિધિ છે.'**

**'સલ્લેખના પણ અહિંસા છે'** એ હવે કહેશે. એ સલ્લેખના પણ એક અહિંસા છે. આચાર્ય ત્યાંથી જ ઉપાડતા આવ્યા છે. અહિંસા... અહિંસા... અહિંસા. જેટલો રાગ ઘટીને સ્થિરતા થઈ તે અહિંસા. સલ્લેખના અહિંસા, ભગવાનના વીતરાગના માર્ગની. એની વ્યાખ્યા કરશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૧૭૯

સલ્લેખના પણ અહિંસા છે

नियन्तेऽत्र कषाया हिंसाया हेतवो यतस्तनुताम्।
सल्लेखनामपि ततः प्राहुरहिंसाप्रसिद्धयर्थम् ।।१७९।।

અન્વયાર્થ :– [ यतः ] કારણ કે [ अत्र ] આ સંન્યાસ મરણમાં [ हिंसायाः ] હિંસાના [ हेतवः ] હેતુભૂત [ कषायाः ] કષાય [ तनुताम् ] ક્ષીણતાને [ नीयन्ते ] પામે છે [ ततः ] તેથી [ सल्लेखनामपि ] સંન્યાસને પણ આચાર્યો [ अहिंसाप्रसिद्धयर्थं ] અહિંસાની સિદ્ધિ માટે [ प्राहुः ] કહે છે.

ટીકા :– 'यतः हिंसायाः हेतवः कषायाः अत्र (सल्लेखनायां) तनुतां नीयन्ते ततः सल्लेखनाम् अहिंसा प्रसिद्धयर्थम् प्राहुः।' - અર્થ :– હિંસાના કારણ કષાય છે, તે આ સંલેખનામાં ક્ષીણ થઈ જાય છે તેથી સંલેખનાને પણ અહિંસાની પૃષ્ટિ માટે કહી છે.

ભાવાર્થ :– આ સંન્યાસમાં કષાયો ઘટે છે અને કષાય જ હિંસાનું મૂળ કારણ છે, તેથી સંન્યાસનો સ્વીકાર કરવાથી અહિંસા વ્રતની જ સિદ્ધિ થાય છે. ૧૭૯.

---

**પ્રવચન નં. ૭૨ ગાથા–૧૭૯ થી ૧૮૨ બુધવાર, અષાઢ વદ ૫, તા. ૨૬-૦૭-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'. **'સલ્લેખના પણ અહિંસા છે.'** ૧૭૯ ગાથા.

સમકિતી જીવ આત્માની અંતર જ્ઞાન, ભાન અને અનુભવ કરીને પ્રતીત કરી છે, તે સમ્યગ્દર્શન પણ એક અહિંસા છે. સમજાણું? મિથ્યાદર્શન તે હિંસા છે. આત્માનો જેવો શુદ્ધ આનંદ, જ્ઞાન સ્વભાવ શુદ્ધ પૂર્ણ છે, એને ન માનવો, એને રાગવાળો, અલ્પજ્ઞ આદિ .. વાળો માનવો એ સ્વરૂપની મિથ્યાત્વપણાની હિંસા છે અને સમ્યગ્દર્શન તે અહિંસા છે. એમ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત એ પણ રાગનો અંદર અભાવ થાય છે, એ અપેક્ષાએ તે પણ અહિંસામાં ગણ્યા છે.

**'સલ્લેખના પણ અહિંસા છે'** એ ચાલે છે. સંથારો છેવટે કષાયને કૃશ કરી, અકષાયભાવની શાંતિભાવે શરીરનો,... શું કીધું અંદર? વિસર્જન, પ્રાણનું વિસર્જન કરવું, એ પણ એક અહિંસા છે. આત્માના જ્ઞાન-દર્શન-આનંદ પ્રાણ, શુદ્ધિપણાને પામે છે માટે એ પણ એક અહિંસા છે. અહીં આચાર્ય મહારાજે સમ્યગ્દર્શનથી માંડીને સલ્લેખના સુધી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહિંસાના બધા ભંગો વર્ણવ્યા છે. શું છે? 'સેઠી'! બરાબર સાંભળે છે. **'સલ્લેખના પણ અહિંસા છે'.**

**नियन्तेऽत्र कषाया हिंसाया हेतवो यतस्तनुताम्।**
**सल्लेखनामपि ततः प्राहुरहिंसाप्रसिद्धयर्थम् ।।१७९।।**

ઓલી કોર ટીકા. આ હિંસા કોની થાય છે? કોની અહિંસા? પોતાના આત્માની વાત છે અહીં. સમજાણું કાંઈ? પર પ્રાણી હિંસા કરે કે અહિંસા એની આ વાત છે નહિ. પોતાના જ્ઞાનપ્રાણ, આનંદપ્રાણ, વીતરાગ સમરસ, શાંતિરસ, સ્વભાવપ્રાણ, એની રક્ષા સમ્યગ્દર્શનથી થાય છે, અણુવ્રતથી થાય છે અને સાત શીલવ્રતથી અને સંલેખના પણ શીલવ્રતમાં કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? પોતાના શુદ્ધ પ્રાણની રક્ષા (કરવી) તેને અહીં અહિંસા કહે છે. અને શુદ્ધ પ્રાણની અરક્ષા એટલે જેટલો કષાય (થાય છે) તેટલી હિંસા કહે છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે, **'સલ્લેખના પણ અહિંસા છે.'** કેમ? **'હિંસાના કારણ કષાય છે, તે આ સંલેખનામાં ક્ષીણ થઈ જાય છે.'** **'नीयन्ते'** સમતાનું નામ ક્ષીણ કહીએ. થોડા થાય તો ન લઈએ પાતળા. **'तनुताम्'** અર્થ કર્યો ને? **'तनुताम्'** પાતળા થાય છે. પણ અહીં એ જાતના કૃશ થાય છે, ક્ષીણ થાય છે એમ લીધું છે. **'नीयन्ते'** આત્મામાં સમ્યગ્દર્શન સહિત સાત અને પાંચ અણુવ્રતને શીલવ્રત કહી, સંલેખનામાં પણ અહિંસાની પ્રાપ્તિ થાય છે, એટલે ત્યાં કષાય પાતળા પડે છે અથવા કષાય કૃશ થાય છે. કૃશ થાય એટલે એનો ક્ષય થયો એમ લીધું. પછી એણે બન્નેમાં ક્ષીણ કર્યું. **'તેથી સંલેખનાને પણ અહિંસાની પુષ્ટિ માટે કહી છે.'** લ્યો. મૃત્યુ કાળે એટલે દેહના છૂટવા કાળે સ્વભાવની સંભાળ રાખીને, પોતાના શુદ્ધ પ્રાણની શુદ્ધિની રક્ષા કરીને, દેહ છૂટે તે અહિંસા નામનું સંલેખના વ્રત અથવા શીલ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'આ સંન્યાસમાં કષાયો ઘટે છે...'** એનો અર્થ ત્યાં છે. **'અને કષાય જ હિંસાનું મૂળ કારણ છે,...'** જેટલે અંશે રાગની ઉત્પત્તિ થવી, કષાયની ઉત્પત્તિ (થવી તે હિંસા છે). એ પહેલો સિદ્ધાંત આવી ગયો છે. ચાહે તો શુભ-અશુભરાગની ઉત્પત્તિ થવી તે હિંસા અને શુભ-અશુભરાગની ઉત્પત્તિ ન થવી, તેને બદલે સમરસ, જ્ઞાતા-દૃષ્ટાના સમભાવના પરિણામની ઉત્પત્તિ થવી એને અહિંસા કહે છે. આ વીતરાગ માર્ગની અહિંસા, આ વીરની અહિંસા. સમજાય છે કાંઈ? વીર ભગવાનની આ અહિંસા (છે).

**'કષાય જ હિંસાનું મૂળ કારણ છે, તેથી સંન્યાસનો સ્વીકાર કરવાથી અહિંસા વ્રતની જ સિદ્ધિ થાય છે.'** લ્યો. બધા અહિંસાવ્રતની પુષ્ટી માટે છે. ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ અવિકારી સ્વરૂપ, સમરસ વીતરાગી સ્વરૂપ છે. એની વર્તમાન પર્યાયમાં જેટલો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સ્વનો આશ્રય લઈને શુદ્ધિ, શ્રદ્ધા સહિતની સ્થિરતા આદિની શુદ્ધિ થાય, તે બધી અહિંસાની જ પુષ્ટિ છે. એને ભગવાન અહિંસા પરમો ધર્મ કહે છે. કહો, સમજાણું કાંઈ? પર જીવની તો દયા પાળી શકતો નથી એટલે પર જીવની દયા તે પરમો ધર્મ એમ છે નહિ.

સંન્યાસનો સ્વીકાર. સંન્યાસ એટલે રાગના ત્યાગનો સ્વીકાર. પહેલી દશા છે એ કરતા સંન્યાસ વખતે રાગની મંદતા અને રાગનો ત્યાગ અને અરાગની ઉત્પત્તિ, એ જ અહિંસાવ્રતની સિદ્ધિ કરે છે. કહો, સમજાણું આમાં? આચાર્ય મહારાજે સમ્યગ્દર્શનથી માંડીને છેક સુધી અહિંસા લીધી. મિથ્યાત્વથી માંડીને કષાયનો એક અંશ, એ બધું હિંસામાં ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :– સંન્યાસ એટલે?

ઉત્તર :– સંન્યાસ એટલે ત્યાગ. સંન્યાસ એટલે ... શું? સંન્યાસ એટલે ત્યાગ. રાગનો ત્યાગ એ સંન્યાસ. સંન્યાસ તો અન્યમતમાં આવે એમ કહે છે. સંન્યાસ એટલે ત્યાગ, સાચો ત્યાગ અને સંન્યાસ એ જૈનમાર્ગમાં જ હોય છે. બીજે હોતો નથી. કેમકે જૈન પરમેશ્વરે કહેલું આત્મતત્ત્વ, એ તદ્દન અહિંસક સ્વરૂપ છે. પુણ્ય-પાપના રાગ વિનાનું તત્ત્વ આત્મા જ્ઞાયક છે અને ચારિત્ર એટલે સમરસસ્વરૂપ છે. એવું જે સ્વરૂપ છે તે અહિંસક સ્વરૂપ જ છે. એ જૈનમાં જ હોય, બીજે હોઈ શકે નહિ. એના વિરુદ્ધનો જેટલો મિથ્યાભાવ અને રાગ, તેનો અભાવ, તેને વર્તમાન પર્યાયમાં અહિંસા કહેવામાં આવે છે. વસ્તુ તો અહિંસાસ્વરૂપ આત્મા છે. સમજાણું કાંઈ? એને અંતરમાંથી શક્તિમાંથી એકાગ્ર થઈને જેટલી વ્યક્તતા પ્રગટ (થાય), સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. રાગના અભાવરૂપ સ્થિરતા, જે પ્રગટ કરી એ બધી રાગ અને મિથ્યાત્વ આદિનો ત્યાગ, તેને અહીંયાં અહિંસા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એ પૂરું થયું. સમ્યગ્દર્શન, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત અને સંલેખના. એવા ચૌદ બોલ પૂરા થયાં. શ્રાવકના ચૌદ બોલ.

## ગાથા–૧૮૦

**इति यो व्रतरक्षार्थं सततं पालयति सकलशीलानि।**
**वरयति पतिंवरेव स्वयमेव तमुत्सुका शिवपदश्रीः ।।१८०।।**

**અન્વયાર્થ :– [ यः ] જે [ इति ] આ રીતે [ व्रतरक्षार्थं ] પંચ અણુવ્રતોની રક્ષા માટે [ सकलशीलानि ] સમસ્ત શીલોને [ सततं ] નિરંતર [ पालयति ] પાળે છે [ तम् ] તે પુરુષને [ शिवपदश्रीः ] મોક્ષપદની લક્ષ્મી [ उत्सुका ] અતિશય ઉત્કંઠિત [ पतिंवरा**

www.vitragvani.com



**इव ] સ્વયંવરની કન્યાની જેમ [ स्वयमेव ] પોતે જ [ वरयति ] સ્વીકાર કરે છે, અર્થાત્ પ્રાપ્ત થાય છે.**

**ટીકા :– 'इति यः व्रतरक्षार्थं सकलशीलानि सततं पालयति तं उत्सुका शिवपदश्रीः पतिंवरा इव स्वयमेव वरयति।' - અર્થ :– આ રીતે જે પાંચે અણુવ્રતોની રક્ષા માટે સાત શીલવ્રત પાળે છે તેને મોક્ષરૂપી લક્ષ્મી ઉત્સુક થઈને સ્વયંવરમાં કન્યાની જેમ પોતે જ વરે છે.**

**ભાવાર્થ :– જેમ સ્વયંવરમાં કન્યા પોતાની મેળે ઓળખીને યોગ્ય પતિને વરે છે, તેમ મુક્તિરૂપી લક્ષ્મી વ્રતી અને સમાધિમરણ કરનાર શ્રાવકને પોતે જ પ્રાપ્ત થાય છે. ૧૮૦.**

**આ રીતે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત, એક સંલેખના અને એક સમ્યક્ત્વ – આ રીતે શ્રાવકની ચૌદ વાતોનું વર્ણન કર્યું.**

---

**इति यो व्रतरक्षार्थं सततं पालयति सकलशीलानि।**
**वरयति पतिंवरेव स्वयमेव तमुत्सुका शिवपदश्रीः ।।१८०।।**

**અન્વયાર્થ :– 'જે આ રીતે પંચ અણુવ્રતની રક્ષા માટે સમસ્ત શીલોને...'** એ શીલમાં સંથારો આવી જાય છે, સમાધિમરણ આવી જાય છે. **'નિરંતર પાળે છે...'** જોયું! એ મૃત્યુ પહેલા પણ એ પાંચ અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રતને (પાળે છે અને કષાયને) કૃશ કરવાની ભાવના (ભાવે છે). **'તે પુરુષને...'** જે સમ્યગ્દર્શન સહિત, પાંચ અણુવ્રત અને તેની રક્ષા માટે આ સાત શીલવ્રત અને સંથારો **'નિરંતર પાળે છે તે પુરુષને મોક્ષપદની લક્ષ્મી અતિશય ઉત્કંઠિત 'पतिंवरा इव' સ્વયંવરની કન્યાની જેમ...'** સ્વયંવર. રાજાઓ પહેલા કન્યાને પરણવા માટે ત્યાં સ્વયંવર મનાવતા. કન્યા પોતાની પસંદગીના રાજકુમારને વરતી. એમ અહીંયા સ્વયંવરમાં મોક્ષરૂપી લક્ષ્મી આવા ધર્માત્માને વરે છે નામ પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું? એટલે કે સમ્યગ્દર્શન સહિત આવા વ્રતાદિ જે પાળે છે, તે આગળ પૂર્ણ થઈને કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીને વરશે એમ અહીં કહેવા માગે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. બાર વ્રતની પાછળ સ્થિરતા (છે) એની વાત અહીં છે. જડ છે એ તો વિકલ્પ છે. વિકલ્પ છે એને વ્યવહારે મોક્ષનું કારણ કહેવાય છે. છે નહિ અને કહેવાય છે. પંચમહાવ્રતને મોક્ષનું કારણ વ્યવહાર રત્નત્રયમાં કહેવાય. પણ છે નહિ અને કહેવું. એવું હોય છે. ભાષા તો આગળ આવશે ને? બન્નેથી મોક્ષ થાય છે એમ કહે છે. નિશ્ચય અને રાગ બન્ને મોક્ષમાર્ગથી (મોક્ષ થાય એમ કહેશે). સમજાણું કાંઈ? છે ને પાછળ? કેટલામાં આવ્યું છે? ૧૦૯માં વિકલ્પ છે. ગૃહસ્થને વિકલ્પ છે. છેલ્લું છે ને ઇ? ૨૬ પાના છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**सम्यक्त्वबोधचारित्रलक्षणो मोक्षमार्ग इत्येषः।**
**मुख्योपचाररूपः प्रापयति परं पदं पुरुषम् ।।२२२।।**

નિશ્ચય અને વ્યવહાર બેથી મોક્ષપદને પામે છે. એમ લખાણ છે. મુખ્ય એટલે નિશ્ચય અને ઉપચાર એટલે વ્યવહાર. ૨૨૨ ગાથા. ૨૨૨ ગાથા હાથ નથી આવતી? ૨૨૨ ગાથા. સૂઝ પડતી નથી. હીરા-માણેકમાં ઝટ સૂઝ પડે એમને. ૨૨૨ ગાથા. હવે એમાં ક્યાં પ્રશ્ન રહ્યો? પાનું નહિ ને ફલાણું નહિ. છે ને? જુઓ! **'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણ સ્વરૂપ જ મોક્ષમાર્ગ છે. એ મોક્ષમાર્ગ નિશ્ચય-વ્યવહાર એમ બે પ્રકારનો જ આત્માને મોક્ષને પહોંચાડે છે.'** નિશ્ચય અને વ્યવહાર બેથી એને મુક્તિ થાય છે. એમ કથનમાં તો એમ જ આવે ને? એય..! 'દેવાનુપ્રિયા'! ઉત્તર એ આપ્યો. બાર વ્રત અને પાંચ મહાવ્રત. નિમિત્તથી એનું કથન કહેવાય. નિમિત્ત છે ને એ? ઉપાદાન શુદ્ધિ છે તે મોક્ષનું કારણ છે અને આ નિમિત્ત છે માટે મોક્ષનું કારણ એમાં આરોપ અપાય છે. એમ વાત છે.

મુમુક્ષુ :– વ્યવહારનું સ્થાન હશે ને?

ઉત્તર :– વ્યવહાર સ્થાન, વ્યવહાર વસ્તુ નથી? નિમિત્ત વસ્તુ નથી? છે. બસ. પણ એ કાંઈ કાર્ય કરનારી નથી. છતાં એણે કાર્યમાં કારણ કહેવું એ ઉપચાર છે. અનાદિકાળથી...

મુમુક્ષુ :– આગળ આવી ગયું છે.

ઉત્તર :– એ તો આવી ગયું છે ને. વ્યવહારથી .. અહીં બે પાઠ એક આવી ગયું. એકલો વ્યવહાર અભૂતાર્થ છે. વ્યવહાર એ અભૂતાર્થ છે. ભૂતાર્થ બોધ વિમુખ પ્રાયઃ સર્વસંસારઃ એ પહેલા આવી ગયું છે. સત્યના સ્વરૂપથી વિરુદ્ધ છે એ બધા મોક્ષના માર્ગે નથી. વિમુખ છે, વિમુખ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા એની વાતનું નિમિત્તનું નિમિત્તપણે જ્ઞાન કરાવે એમ. પ્રકરણ ચાલતું હોય એનું કાંઈક વજન દેવું ને. કહ્યું ને આ.

**'સ્વયંવર કન્યાની જેમ...'** જેમ રાજા કન્યાને પરણવા માટે સ્વયંવર રચે છે. સ્વયં એટલે પોતાની પસંદગીનો વર. એ માટે રાજાઓ એવું પહેલાં કરતાં. હજારો રાજાઓ આવે પોતે પસંદ પડે એને વરે. એમ મોક્ષરૂપી લક્ષ્મી, એવી કન્યા આવા વ્રતધારી સમ્યગ્દષ્ટિ જીવને સ્વયં વરે છે. એનો અર્થ કે એ ક્રમે કરીને મુનિ થવાનો જ છે. આવું જેણે આરાધકપણું પ્રગટ કર્યું, એ ક્રમે મુનિ થવાનો છે અને મુનિ થઈને સ્વયં લક્ષ્મી એને મળવાની છે. મોક્ષરૂપી લક્ષ્મી મળવાની જ છે એને. કહો, સમજાણું કાંઈ?

ટીકા :– ટીકા શબ્દ એમાં નથી મુક્યો. રહી ગયો હશે. **"इति यः व्रतरक्षार्थं सकलशीलानि सततं पालयति तं उत्सुका शिवपदश्रीः पतिंवरा इव स्वयमेव वरयति"**

www.vitragvani.com



**'આ રીતે જે પાંચે અણુવ્રતોની રક્ષા માટે સાત શીલવ્રત પાળે છે...'** એ શીલવ્રતમાં સંલેખના પણ આવી જાય. **'તેને મોક્ષરૂપી લક્ષ્મી ઉત્સુક થઈને...'** મોક્ષરૂપી લક્ષ્મી ઉત્સુક થઈને. ઉત્કંઠિત થઈને, હર્ષિત થઈને, **'સ્વયંવરમાં કન્યાની જેમ પોતે જ વરે છે.'** મોક્ષપ્રાપ્તિ થાય છે એમ કહે છે. એને કેવળજ્ઞાન લક્ષ્મીની સહજ પ્રાપ્તિ થાય છે. જુઓ! અહીં શ્રાવકને માટે મોક્ષલક્ષ્મી કીધી. સમજાણું કાંઈ? નહિતર તો અહીં શ્રાવકના વિકળરત્નત્રય છે. એ આગળ કહેશે. ૨૦૯ ગાથા. વિકળરત્નત્રય છે. પૂરા નથી. છે ને ૨૦૯ ગાથામાં? ૨૦૯ શું? ગાથા. હમણા નીકળી હતી એટલે યાદ છે, હોં! પહેલાની યાદ નહોતી કાંઈ. હમણાં નીકળી હતી ને.

**'મોક્ષાભિલાષીએ રત્નત્રયનું સેવન કરવું જોઈએ.'**

**इति रत्नत्रमेतत्प्रतिसमयं विकलमपि गृहस्थेन।**
**परिपालनीयमनिशं निरत्ययां मुक्तिमभिलषता ।।२०९।।**

શ્રાવકની વાત છે ને ત્યાં? **'એકદેશ પણ અવિનાશી મુક્તિને ચાહનાર..'** લ્યો. **'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય એકદેશ...'** વિકળ એટલે એકદેશ. વિકળ ઇન્દ્રિય આવે છે ને? વિકળઇન્દ્રિય (એટલે) પૂર્ણ ઇન્દ્રિય નહિ. એમ **'એકદેશ પણ અવિનાશી મુક્તિને ચાહનાર ગૃહસ્થે નિરંતર સમયે સમયે સેવવા યોગ્ય છે.'** લ્યો. ઠીક. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ આનંદ અને વીતરાગસ્વરૂપ છે. વસ્તુ જ વીતરાગસ્વરૂપ છે. વસ્તુ વીતરાગસ્વરૂપ ન હોય તો વીતરાગ પર્યાય બહારથી ક્યાંથી આવવાની છે? વીતરાગ એટલે ચારિત્ર. કારણ કે ચારિત્રગુણ ત્રિકાળી છે ને? જ્ઞાનગુણ ત્રિકાળી એમ ચારિત્રગુણ ત્રિકાળી છે. એટલે જ્ઞાયક અને વીતરાગતા, એવું જ એનું ત્રિકાળી સ્વરૂપ છે. એની અંતર એકાગ્ર થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ કરે છે એને અલ્પ કાળમાં પૂર્ણ મુક્તિ થાય છે. કહો, આવું જેને ભાન નથી અને એકલા વ્રતાદિ પાળે, એને તો સંસારના બંધનનું રખડવાનું પ્રાપ્ત થાય છે એમ કહે છે. સમ્યગ્દર્શનની ખબર નથી, સમ્યગ્જ્ઞાન શું એની ખબર નથી. કહો, સમજાણું કાંઈ ? અને વ્રત અને નિયમ અને પચ્ચખાણ બધા ખોટા ગ્રહણ કર્યા. એના ફળમાં તો ખોટો એવો સંસાર પ્રાપ્ત થાય છે, સાચી મુક્તિ પ્રાપ્ત થતી નથી. સમજાણું?

**ભાવાર્થ :– 'જેમ સ્વયંવરમાં કન્યા પોતાની મેળે ઓળખીને યોગ્ય પતિને વરે છે, તેમ મુક્તિરૂપી લક્ષ્મી વ્રતી અને સમાધિમરણ કરનાર...'** જુઓ! બધું આવી ગયું ને? સમ્યગ્દષ્ટિ અને **'વ્રતી અને સમાધિમરણ કરનાર શ્રાવકને પોતે જ પ્રાપ્ત થાય છે.'** સહજ પ્રાપ્ત થાય છે. પોતે એટલે? એને તો અલ્પકાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે. સહજ સ્વભાવ મુક્તિ થશે એમ કહે છે. જેણે આત્માના સ્વભાવનો આદર કરી અને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે અને સ્વભાવની સ્થિરતા દ્વારા શાંતિની રક્ષા કરી છે, એને મરણ ટાણે પણ શુદ્ધિની વૃદ્ધિ કરીને, રાગના ત્યાગથી સંન્યાસ મરણ કર્યું છે, તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન લક્ષ્મી (વરશે), એ

www.vitragvani.com



આગળ મુનિ થશે. અને પછી કેવળજ્ઞાનને પામશે. એમ કહે છે. એ મુનિ થશે. અને પછી કેવળજ્ઞાન લક્ષ્મી પામશે એમ સિદ્ધ કર્યું છે. કહો, સમજાણું કાંઈ?

**'આ રીતે પાંચ અણુવ્રત,...'** અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. **'ત્રણ ગુણવ્રત,...'** દિગ્વ્રત, દેશવ્રત આદિ. **'ચાર શિક્ષાવ્રત,...'** સામાયિક, ભોગ-ઉપભોગ પરિમાણ, પ્રૌષધ, અતિથિસંવિભાગ. **'એક સંલેખના અને એક સમ્યક્ત્વ–'** જુઓ! અતિચાર વર્ણવવા છે ને? **'આ રીતે શ્રાવકની ચૌદ વાતોનું વર્ણન કર્યું.'** એ શ્રાવકની ચૌદ વાતનું વર્ણન કર્યું.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ના ના આ તો પેલા અતિચાર કહેવા છે ને? એટલે એના કેટલાના અતિચાર કહેવા છે, કે આ કહ્યા એના અતિચાર કહેવા છે. ૭૦ આંકડો આવવાનો છે ને? ૧૪ x ૫ = ૭૦. ચૌદના સીત્તેર અતિચાર. સમ્યગ્દર્શનના પાંચ અતિચાર, બાર વ્રતના પાંચ એટલે સાંઈઠ અને સંલેખનાના પાંચ. (કુલ) સીત્તેર થયા. સમજાણું કાંઈ? એ ચૌદ વાતનું વર્ણન. ચૌદ વાતે શ્રાવકનુ પૂરું પડે છે. સમજાણું કાંઈ? પૈસાથી પૂરું પડે છે અને બહારના સાધનથી પૂરું પડે એમ અહીં નથી કહ્યું.

અહીં તો કહે છે... પણ અહીં તો બધું વર્ણન જાણવું તો જોઈએ એને કે સમ્યગ્દર્શન એટલે આત્મા અખંડાનંદ પૂર્ણ, રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન એવા સ્વરૂપની સ્વભાવ સન્મુખ થઈને, કેમ કે વિભાવ સન્મુખની પ્રતીતિ તો અનાદિની છે, એ વિભાવની પ્રતીતિ વિભાવ છે, એનું એ વાસ્તવિક તો જ્ઞાન નથી. કારણ કે વિભાવ સન્મુખ રહીને બધું જાણ્યું અને પ્રતીત કરી છે તો એનું જ્ઞાન યથાર્થ નથી. કાલે બપોરે આવ્યું હતું ને? જેને રાગનું, અનાત્માનું જ્ઞાન નથી, તેને આત્માનું જ્ઞાન નથી અને આત્માનું જ્ઞાન નથી તેને રાગ એવો અનાત્માનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

રાગ એવો પંચમહાવ્રત આદિ, એનું જેને જ્ઞાન નથી કે આ તો અનાત્મા છે, એ આત્મા નથી. આત્માના સ્વભાવમાં ખરેખર એ સાધન નથી. એવું જેણે સ્વસન્મુખ થઈને પોતાનું જ્ઞાન અને પૃથક્નું–રાગનું જ્ઞાન નથી, એને ભેદજ્ઞાન નથી તો એને ધર્મનો લાભ જરાપણ નથી. કહો, સમજાણું કાંઈ? જેણે વિભાવની વિમુખતા, એની અનાદિની જે સન્મુખતા હતી, દયા, દાન, વ્રત આદિ પાળ્યા, પણ એ તો એની સન્મુખતાના એટલે મિથ્યાદૃષ્ટિના હતા. એટલે ખરેખર એ વ્રત, નિયમ કહેવાણા નહિ. એ તો બાળવ્રત અને બાળતપ કહેવામાં આવ્યા. એ વિકલ્પની વિમુખ થઈ, ભગવાન જે વીતરાગ સ્વરૂપ ચિદાનંદ છે, એને પર્યાય અંદર સન્મુખ થઈ. સન્મુખ થનાર તો પર્યાય છે. સન્ + મુખ, સત્ + મુખ આખી વસ્તુ સત્ ત્રિકાળ છે તેની સન્મુખ. સમજાય છે કાંઈ? એને મુખ્ય કરીને તેમાં વળવું, એવું જે સમ્યગ્દર્શન જ્યાં નથી ત્યાં એને ક્યાંય શ્રાવક કે મુનિપણું કાંઈ સાચું છે નહિ. એ ખોટેખોટામાં રખડવાનું છે. સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એટલે કહે છે, કે શ્રાવકના ચૌદ બોલ. ત્યારે એ ખરો શ્રાવક થયો કહેવાય. હવે એને શુદ્ધિમાં અતિચારો ટાળવા, એથી શુદ્ધિ વધે છે. અતિચાર રહે તો એટલો મેલ છે. એમ બતાવવા શુદ્ધિની વૃદ્ધિ માટે અતિચારોને ટાળવાનું વ્યાખ્યાન કરે છે.

## ગાથા–૧૮૧

હવે તેના પાંચ પાંચ અતિચારોનું વર્ણન કરે છે :–

**अतिचाराः सम्यक्त्वे व्रतेषु शीलेषु पञ्च पञ्चेति।**
**सप्ततिरमी यथोदितशुद्धिप्रतिबन्धिनो हेयाः।।१८१।।**

**અન્વયાર્થ :– [ सम्यक्त्वे ] સમ્યક્ત્વમાં [ व्रतेषु ] વ્રતોમાં અને [ शीलेषु ] શીલોમાં [ पञ्च पञ्चेति ] પાંચ પાંચના ક્રમથી [ अमी ] આ [ सप्ततिः ] સિત્તેર [ यथोदितशुद्धि-प्रतिबन्धिनः ] યથાર્થ શુદ્ધિને રોકનાર [ अतिचारः ] અતિચાર [ हेयः ] છોડવા યોગ્ય છે.**

**ટીકા :– 'सम्यक्त्वे व्रतेषु (सल्लेखना पञ्च) पञ्च पञ्च अतिचाराः इति अमी सप्ततिः यथोदितशुद्धिप्रतिबन्धिनः हेयाः।' - અર્થ :– સમ્યગ્દર્શનમાં, પાંચ અણુવ્રતોમાં, ત્રણ ગુણવ્રતોમાં, ચાર શિક્ષાવ્રતોમાં અને સંલેખનામાં પ્રત્યેકના પાંચ પાંચ અતિચાર છે. આ રીતે એ સિત્તેર અતિચાર છે તે બધા વ્રતોની શુદ્ધિને દોષ લગાડનાર છે.**

**ભાવાર્થ :– વ્રતનો સર્વદેશ ભંગ કરવો તેને અનાચાર કહે છે અને એકદેશ ભંગ થવો તે અતિચાર કહેવાય છે. આ રીતે ઉપર કહેલી શ્રાવકની ચૌદ વાતોના સિત્તેર અતિચાર થાય છે. ૧૮૧.**

---

**'હવે તેના પાંચ પાંચ અતિચારોનું વર્ણન કરે છે.'**

મુમુક્ષુ :– ..

ઉત્તર :– શુદ્ધિ તો છે પણ એકદેશ ખંડ છે. અતિચારમાં છે ત્યાં. ત્યાં આવશે ને? એકદેશ ખંડ છે. અહીં આવે છે, જુઓ! **'વ્રતનો સર્વદેશ ભંગ કરવો તેને અનાચાર કહે છે અને એકદેશ ભંગ થવો તે અતિચાર કહેવાય છે.'** ૧૮૧મી ગાથાના ભાવાર્થમાં છે. ૧૮૧માં ભાવાર્થ. આમ તો અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર ચાર દોષ છે. પણ સ્થુળપણે એનું વર્ણન કરવું છે. નહિતર અતિક્રમ, વ્યતિક્રમ સૂક્ષ્મપણામાં જાય છે. એટલે સ્થુળપણે અતિચારનો દોષ વર્ણવી અને અનાચાર ન કરવો અને અતિચાર પણ પૂર્ણ નિર્મળ પાળવું, દેશખંડ પણ કરવો નહિ. એની અંદર અતિક્રમણ, વ્યતિક્રમણના દોષો પણ ટાળવામાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવી જાય છે. સમજાણું કાંઈ?

**अतिचाराः सम्यक्त्वे व्रतेषु शीलेषु पञ्च पञ्चेति।**
**सप्ततिरमी यथोदितशुद्धिप्रतिबन्धिनो हेयाः।।१८१।।**

જુઓ! ત્યાંથી લીધું છે. પહેલું તો પેલું સમજાવવા માટે કે સમકિત કેમ ..

એ શુદ્ધિને રોકનાર અતિચાર હોવાથી તે છોડવાલાયક છે. કહો, સમજાણું કાંઈ? એક તો વ્રત છોડવા લાયક પાછા એમાં વળી અતિચાર લાગે એ છોડવા લાયક. વ્રતનો વિકલ્પ છોડવાલાયક અને એમાં અતિચાર છોડવાલાયક કીધું એટલે વ્રત આદરવાલાયક થયું એમ કહ્યું, માન્યું. નિશ્ચય સ્થિરતા તે આદરવા લાયક છે. પણ એ ભૂમિકામાં આવા વ્રતના વિકલ્પ હોય છે, એ નિશ્ચયથી છોડવાલાયક પણ એ વ્રતમાં પણ ખંડ થાય, એવા અતિચારને છોડવા જોઈએ એમ કહે છે.

**ટીકા :–** ૧૮૧. ''**सम्यक्त्वे व्रतेषु** (**सल्लेखना पञ्च**)' કૌંસમાં ભેગું નાખ્યું છે. '**पञ्च पञ्च अतिचाराः इति अमी**' એટલે પાંચ-પાંચ દસ થઈ ગયા અને પેલા ૧૨ x ૫ = ૬૦. '**सप्ततिः यथोदितशुद्धिप्रतिबन्धिनः हेयाः।**' '**સમ્યગ્દર્શનમાં...**' પાંચ અતિચાર. સમ્યગ્દર્શનમાં પાંચ અતિચાર એકદેશ ખંડ કરનાર, તેને છોડવા જોઈએ. નહિતર સમ્યગ્દર્શન નિર્મળ નહિ થાય. નીચે કહેશે કે અતિચારોનો ત્યાગ થતો નથી ત્યાં નિશ્ચય સમ્યગ્દષ્ટિ થઈ શકતો નથી. નીચે ૧૮૨ ગાથામાં કહેશે. કહો, સમજાણું કાંઈ?

'**આ બધા વ્રતોની શુદ્ધિને દોષ લગાડનાર છે.**' '**સમ્યગ્દર્શનમાં, પાંચ અણુવ્રતોમાં, ત્રણ ગુણવ્રતોમાં, ચાર શિક્ષાવ્રતોમાં અને સંલેખનામાં પ્રત્યેકના પાંચ પાંચ અતિચાર છે.**' અતિચાર એટલે દોષ. '**આ રીતે એ સિત્તેર અતિચાર છે તે બધા વ્રતોની શુદ્ધિને દોષ લગાડનાર છે.**' આમાં શ્વેતાંબરમાં પણ સિત્તેર આવે છે. પડિક્કમણું કરે એમાં સિત્તેર અતિચાર આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નવ્વાણું આવે છે. એ બીજા ચૌદ લે છે ને એટલે. છે ને જ્ઞાનમાં? હા. પંદર. મૂળ તો સિત્તેર અતિચાર આવે છે. પણ પેલા ... કર્માદાન પંદર અને ચૌદ .... જ્ઞાનના દોષ. ૨૯ અને ૭૦ આ. એમાં ૯૯ આવે છે. મૂળ ૭૦ અતિચાર અને પછી પેલા બે નાખ્યા. ... સમકિત આવે છે. ... પડિક્કમણ કર્યું હતું? પાઠ ગડિયો કર્યો હતો. અર્ધવચનની ખબર ન મળે. ...... આવે છે ને? .... આવે છે ને? 'ભગવાનભાઈ'! એ પાંચમાં .. સૂત્રમાં એ આવે છે. તમે .. સૂત્ર કર્યાં છે? .. સૂત્ર કર્યાં નથી? તમે કોણ છો? દરિયાપરી?

મુમુક્ષુ :– દરિયાપરીમાં માનતા હતા.

ઉત્તર :– ઠીક. ત્યાં દરિયાપરીમાં ન હોય. ત્યાં ન હોય. દરિયાપરીમાં ન હોય. બીજામાં પાંચ અણુવ્રત આવે છે. શ્રમણસૂત્ર, એમાં પાંચમાં શ્રમણસૂત્રમાં આવે છે. એ અમે પહેલા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થ કરતા. ... મેં કીધું આ તમે શું આખો દિ' બોલો છો? સવાર, સાંજ. મિથ્યાત્વને છોડ્યું છે, સમકિતને... મિથ્યાત્વ અને સમકિત શું ખબર છે? કે આપણને (ખબર નહિ). ભગવાનની શ્રદ્ધા એ શ્રદ્ધા. સાંજ-સવાર જૂઠા બોલે. સાંજ-સવાર. ...... અસંયમનો ત્યાગ કર્યો અને... ધૂળમાં હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી અને સંયમ ક્યાંથી આવ્યું? સાંજ-સવાર જૂઠા બોલે. એ... 'હિરાભાઈ'! તમારા ભાઈ દાંત કાઢે છે કે ત્યાં આ બધું આવું ચાલે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– .... ભાન ન મળે, અબોધિ કોને કહેવી, બોધિ કોને કહેવી? ... અજ્ઞાનને છોડ્યું છે. પરિ સમસ્ત પ્રકારે છોડ્યું છે. પરિયાણે એટલે જાણવાની વાત છે. જાણવું એટલે એ છોડવું કહેવાય. સમજાય છે? અર્થની ખબર ન મળે. પછી બે-બે દિવસના પેલા હોય છે ને? ... પૂનમ અને એકમ. અષાઢ સુદ પૂનમ અને એકમ. કારતક સુદ પૂનમ અને એકમ. ... એ .. ના દિવસે શાસ્ત્રો ન વંચાય. એટલે પછી હું તો આ અર્થ કરતો, કે જુઓ! ભાઈ! આ શું છે? આ સવાર-સાંજ આખો દિ' બોલો છે. આમાં તો આ બધું લખ્યું છે. ... ઊભો થઈ જાય. ... ઊભા થવાની વાત નથી. અંદર હું સાવધાન થાવ છું, સ્વરૂપની આરાધના માટે. એની પણ ખબર ન મળે, એય..! 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– આવું હાંક્યું હતું.

ઉત્તર :– હાંક્યું હતું ને? એમાં 'પોપટભાઈ' ભેગા હતા ને. કેમ? 'ભગવાનભાઈ'! અમારે 'ભગવાનભાઈ' પણ ત્યાં જૂના માણસ છે ને? ... ત્યાં પેલો ઊભો થઈ જાય. અરે..! પણ ઊભો શું થાય છે? એણે એમ નથી કહ્યું. અર્થની ખબર ન મળે. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતામાં હું સાવધાન થાવ છું. એમ અંદર ભાન ન મળે અને સાવધાન ક્યાંથી થતો હતો? કહો, આહાહા..!

મુમુક્ષુ :– ૧૯૮૧માં રણછોડ ભાવસાર...

ઉત્તર :– હા, 'રણછોડ ભાવસાર' હાંકતો હતો ને કાંઈ ખબર ન મળે. અર્થ બોલે. અર્થના ભાવાર્થની કાંઈ ખબર નહિ. ... બોલી જાય. પણ શું મિથ્યાત્વ અને શું અવ્રત અને શું અજ્ઞાન? ... ઘણા બોલ આવે છે, હોં. અબ્રહ્મ છોડું છું. અબ્રહ્મ અને બ્રહ્મ કહેવું કોને? તમને ખબર છે? ભગવાન જાણે. બ્રહ્મ નામ આનંદસ્વરૂપ મારું છે એને અંગીકાર કરું. અબ્રહ્મ એટલે રાગાદિ બંધ છે એને છોડી દઉં છું. એવું છે. .... એમ છે, એમાં છેલ્લો શબ્દ એવો છે. આવે છે 'ભગવાનભાઈ'? જેના અક્ષય આચાર, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ અને સમ્યક્વીર્ય, પાંચ જેના અક્ષય અખંડ છે. .. અને ચારિત્ર અક્ષય. .. એટલે તેને હું શિરસાવંદ્ય વંદન કરું છું. આ તો સમ્યક્‌ના ઠેકાણા ન મળે, ન મળે જ્ઞાનના અને જય... સવાર-સાંજ જૂઠે-જૂઠા. 'ભીખાભાઈ'! ગોટાળો વાળ્યો છે. કહો, સમજાણું ?

**'એ રીતે એ સિત્તેર અતિચાર તે બધા વ્રતોની શુદ્ધિને દોષ લગાડનાર છે.'** કહો,

www.vitragvani.com



સમજાણું કાંઈ? બધા વ્રતો અને સમ્યગ્દર્શન વગેરે લઈ લેવું, હોં! બધા છે ને આમાં? બધા વ્રતોને અને સમ્યગ્દર્શનની શુદ્ધિને દોષ લગાડનાર છે એમ લઈ લેવું. સિત્તેર ક્યાં છે?

**ભાવાર્થ :– 'વ્રતનો સર્વદેશ ભંગ કરવો તે અનાચાર...'** આખા વ્રત જે છે સ્થિરતા એને તોડી નાખવી, એનું નામ અનાચાર. **'અને એકદેશ ભંગ થવો તે અતિચાર કહેવાય. આ રીતે ઉપર કહેલી શ્રાવકની ચૌદ વાતોનો સિત્તેર અતિચાર થાય છે.'** આ પંચ .... 'ન્યાલચંદભાઈ'! મોઢે કર્યું છે કે નહિ? પંચ ..... એક વચ્ચે લાકડું નાખ્યું છે. ... રયાણ એટલે ... રયણ.. અને પોતે પાત્રના ધરનાર. એ મુનિમાં હોય નહિ. પણ એ વચમાં પોતાની દૃષ્ટિએ નાખ્યું. પાંચમા શ્રમણ સૂત્રમાં એવું ગોઠવી દીધું. આવે છે કે નહિ? એય..! શું આવે છે ત્યાં? .... શું આવે છે? ભૂલી ગયા. .... અઢાઈ.... અઢી દ્વિપ સમૂહ ... દ્વિપ સમુદ્રને વિષે ... જે કોઈ શ્રાવક. ..... પણ ... અને રજોહરણ એ સાધુ ને હોય જ નહિ. અંદરમાં નાખ્યું. શ્વેતાંબર શાસ્ત્રમાં ચૌદ વસ્ત્ર ખપે છે એમ લખ્યું. એ ખોટી વાત છે. મુનિને વસ્ત્રનો તાણો પણ હોઈ શકે નહિ. નગ્ન મુનિ આત્માના આનંદમાં ... પણ શ્રમણ સૂત્રમાં નાખ્યું છે એટલે શ્રાવક કોઈ દિ' ભૂલે નહિ. રોજ બોલે. આમાં આવ્યું હતું ને? એય..! 'વજુભાઈ'!

હજી તો ખબર નથી મિથ્યાત્વ પરિણામની. સમકિત કોને કહેવું, મિથ્યાત્વ કોને કહેવું, વ્યવહાર સમકિત કોને કહેવું એની ખબર ન મળે. દેવ-ગુરુ-શાસ્ત્ર જે સાચા હોય એને માનવા, તે પણ નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો પેલા માનવા એને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. નિશ્ચય સમ્યગ્દર્શન સ્વનું નથી અને પરના ઉપચારનો પણ વ્યવહાર છે નહિ. એવી વાત ચાલી હતી. એય..! 'શાંતિભાઈ'! આ 'શાંતિભાઈ' જૂના માણસ છે ને? 'કલકત્તા'માં બધા પડિક્કમણા કરાવ્યા હશે ને? પડિક્કમણા. પાંચમા શ્રમણ સૂત્રમાં બધું આવે છે. આવે છે કે નહિ?

અર્થ કરતા, હોં! તે દિ' અર્થ કરતા. એ લોકોને આમાં આવે છે ને. .... અક્ષય આચાર્ય કોને કહેવો? દર્શન આચાર, જ્ઞાન આચાર, ચારિત્ર આચાર, તપ આચાર એ અક્ષય જોઈએ. .. અને ચારિત્ર જેનું અક્ષય જોઈએ, તેને વંદન કરે છે એમ કહે છે આમાં. અને આ તો ભાન વિના જ્યાં-ત્યાં મથે વંદામિ, મથે વંદામિ... જાવ. એમ આવે છે કે નહિ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :— .. થશે એ ખોટી વાત છે. એ આવે છે ને બધી ખબર છે. જાણી-અજાણી ... કર્મે હળવો થશે. .. વહેલો વહેલો મુક્તિએ જાશે. એ આવે છે. એ બધી ખબર છે. ... આવે છે ને? લડાઈમાં ગયા હતા ને લડાઈમાં. .. હતો એ તો સાચો શ્રાવક હતો. પણ એને જ્યારે બાણ વાગ્યું એટલે સંથારો કરવા તૈયાર થયા. પછી બીજો એક એનો મિત્ર હતો. એ મિથ્યાદૃષ્ટિ હતો એને કાંઈ ખબર નહિ. ... આ મારો મિત્ર જે કરે એ મને હજો. એ જે કરે એ મને હજો. 'ન્યાલચંદભાઈ'!

www.vitragvani.com



મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. પણ એણે બધું સાંભળ્યું હોય ને. જૂના માણસ છે. આ કરે એ મને હજો. એમ કરીને સ્વર્ગની ઇન્દ્રાણીઓ હતી તો એને વરી ગઈ. ગપ્પે-ગપ્પા. 'છોટાભાઈ'! આ 'છોટાભાઈ' ત્યાં સુધી ગળકા ખાતા હતા. ઊંડા ઉતર્યા હતા. પણ કેમ ફરી ગયા. કહો, સમજાણું આમાં? આહાહા..!

અહીં તો કહે છે, વ્રતનો અને સમકિતનો એકદેશ ભંગ કરવો તે અનાચાર. સર્વદેશ. **'અને એકદેશ ભંગ થવો તે અતિચાર કહેવાય છે. આ રીતે ઉપર કહેલી શ્રાવકના ચૌદ વાતોના સિત્તેર અતિચાર થાય છે.'**

## ગાથા–૧૮૨

**સમ્યગ્દર્શનના પાંચ અતિચાર**

**शङ्का तथैव काङ्क्षा विचिकित्सा संस्तवोऽन्यदृष्टीनाम्।**
**मनसा च तत्प्रशंसा सम्यग्दृष्टेरतीचारा:।।१८२।।**

**અન્વયાર્થ :– [ शङ्गा ] સંદેહ [ काङ्क्षा ] વાંછા [ विचिकित्सा ] ગ્લાનિ [ तथैव ] તેવી જ રીતે [ अन्यदृष्टीनाम् ] મિથ્યાદષ્ટિઓની [ संस्तवः ] સ્તુતિ [ च ] અને [ मनसा ] મનથી [ तत्प्रशंसा ] તે અન્ય મતવાળાઓની પ્રશંસા કરવી તે [ सम्यग्दृष्टेः ] સમ્યગ્દષ્ટિના [ अतीचाराः ] અતિચાર છે.**

**ટીકા :– 'शङ्गा तथैव काङ्क्षा विचिकित्सा अन्यदृष्टीनाम् संस्तवः च मनसा प्रशंसा सम्यग्दृष्टेः अतीचाराः भवन्ति' - અર્થ :– (૧) જિનવચનમાં શંકા કરવી, (૨) વ્રતો પાળીને સંસારનાં સુખોની ઇચ્છા કરવી. (૩) મુનિ વગેરેનું શરીર જોઈને ઘૃણા કરવી, (૪) મિથ્યાદષ્ટિઓની સ્તુતિ કરવી, અને (૫) તેમનાં કાર્યોની મનથી પ્રશંસા કરવી. – આ સમ્યગ્દર્શનના પાંચ અતિચાર છે.**

**ભાવાર્થ :– જ્યાં સુધી આ પાંચ અતિચારોનો ત્યાગ થતો નથી ત્યાં સુધી તે નિશ્ચયસમ્યગ્દષ્ટિ થઈ શકતો નથી. ૧૮૨.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હવે **'સમ્યગ્દર્શનના પાંચ અતિચાર.'**

**शङ्‌का तथैव काङ्‌क्षा विचिकित्सा संस्तवोऽन्यदृष्टीनाम्।**
**मनसा च तत्प्रशंसा सम्यग्दृष्टेरतीचाराः।।१८२।।**

સમજાણું? **'સંદેહ...'** આ એના અર્થ ... કીધું લ્યોને.

**ટીકા :— '(૧) જિનવચનમાં શંકા કરવી,...'** વીતરાગના વચનમાં શંકા ન હોય. ત્યારે ચૈતન્ય શુદ્ધ સ્વભાવ તે ટકી શકે છે. નહિતર સમ્યગ્દર્શનમાં શંકા દોષ છે. સમજાણું? **'વાંછા...'** ખરેખર તો અખંડ વસ્તુ પૂર્ણ શુદ્ધ અભેદ, વીતરાગ સમરસ તત્ત્વ આખું, એવા અભેદમાં શંકા નહિ કે આ કેમ છે. વાંછા એ અભેદ સિવાય બહારની કોઈપણ વિકલ્પ અને પર્યાયની પણ વાંછા નહિ. સમજાણું ?

**'ગ્લાનિ...'** એટલે કે ચાલતો શુદ્ધોપયોગનો અંતર જે વેપાર, એમાં ગ્લાનિ નહિ. આનું ફળ કેમ આવશે? શું આવશે? ફળ કોરું આવશે કે નહિ? એ ગ્લાનિ નથી. કહો, સમજાણું કાંઈ? બહારનો બીજો અર્થ કરશે, હોં! મૂળ તો અખંડ, અભેદ ચૈતન્ય વસ્તુ, તેની દૃષ્ટિ થઈ છે તેમાં શંકા નહિ, વસ્તુમાં શંકા નહિ. એકદેશ સંદેહ નહિ. અને વસ્તુ જે અખંડ-અભેદ ચૈતન્યદૃષ્ટિ થઈ છે, એનાથી વિરુદ્ધ કોઈપણ વિકલ્પ આદિની કાંક્ષા નહિ. રાગાદિની ઇચ્છા નહિ. આની શંકા નહિ, આની ઇચ્છા નહિ. અસ્તિ-નાસ્તિથી નિર્મળ પૂર્ણ થાય ત્યારે. સમજાણું કાંઈ? વ્યવહારમાં વીતરાગના વચનોમાં શંકા નહિ, અંતરમાં વીતરાગ ભાવમાં શંકા નહિ. વીતરાગ સ્વરૂપ જ આત્માનું છે, (એમાં) શંકા નહિ.

અહીં એમ છે કે **'વ્રતો પાળીને સંસારના સુખોની ઇચ્છા...'** ત્યાં આગળ કાંક્ષા એટલે વસ્તુના સ્વભાવથી બીજી કોઈપણ રાગાદિ કાંક્ષા એ સમકિતનો દોષ છે. **'સંસારના સુખોની ઇચ્છા...'** એ વ્યવહારની વાત થઈ, સમજાણું? આત્મામાં સુખ છે, અતીન્દ્રિય આનંદ સુખ છે. નિઃશંકતા છે, એમાં શંકા નહિ. અને બહારમાં ક્યાંય પણ સુખની કલ્પના અતિચારની આવે એ કરવી નહિ.

મુમુક્ષુ :– બેમાં...

ઉત્તર :– ત્રણ કાળમાં બન્નેમાં સુખ હોઈ શકે નહિ. એય..! ક્યાં છે? 'મલુપચંદભાઈ' નથી હમણા? પૈસામાં પણ સુખ માને અને અહીં સુખ માને, તો વાંધો શું છે? (એમ) કહે છે. ધૂળમાં પણ નથી. રાગ થાય એમાં પણ સુખ નથી. શુભરાગ થાય એમાં (સુખ નથી). અશુભરાગ થાય કે આ લક્ષ્મી મારી એ તો વળી મિથ્યાત્વ છે જો મારી લક્ષ્મી માને છે, પણ શુભરાગ થાય એમાં સુખ માને તો મિથ્યાદૃષ્ટિ છે. રાગમાં સુખ હોય? અતીન્દ્રિય સુખ તો આત્મામાં છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય સુખમાં શંકા નહિ, ઇન્દ્રિય સુખ અથવા સુખનું કારણ એમાં રાગ છે તેની કાંક્ષા નહિ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'**ગ્લાનિ...**' આટલું કરીએ છીએ અને ફળ ઝટ કેમ નથી આવતું? એવી ગ્લાનિ એને (ન હોય). ક્યાંક મારા કારણમાં અધુરાશ છે તેથી કાર્ય આવતું નથી. સમજાય છે કાંઈ? કહો, આ તો મૂળ રકમની વાત ચાલે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અહીંથી શરૂઆત થાય છે. પહેલા જેને સમ્યક્‌ના ઠેકાણા નથી એની વાત નથી, પણ સમ્યક્ હોવા છતાં તેને અતિચાર લાગે એ પણ નિર્મળ સમકિત છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન નથી એને અતિચાર પાળવા એ રહ્યું ક્યાં? કહો, સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શન સહિત વ્રત પણ નથી. વ્રતમાં દોષ લાગ્યો તો મિચ્છામી દુક્કડમ, પણ વ્રત હતા કે દિ' કે વ્રતમાં દોષ લાગે, મિચ્છામી દુક્કડમ (કહેવું પડે). કોઈ વ્રતમાં .. પણ વ્રત હતા, હોય એને દોષ લાગ્યો હોય. જેને સમકિત હોય એને સ્થિરતા આદિના વ્રત હોય. હવે એ વિના વ્રતમાં દોષ લાગ્યા, મિચ્છામી દુક્કડમ આવ્યું ક્યાંથી ? સમજાણું કાંઈ?

એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે. ભાઈ! સ્થાનકવાસીમાં.. એ બધું મૂક્યું છે. એકેએક વાત. તમારે સમકિતના ઠેકાણા નહિ, દેવ-ગુરુ-શાસ્ત્ર (સાચા નહિ) અને વ્રતમાં દોષ લાગ્યો હોય તો મિચ્છામી દુક્કડમ. અપવાસ કર્યો ન હોય, બે ટંક ખાધું હોય, સાંજે કહે અપવાસમાં દોષ લાગ્યો હોય તો મિચ્છામી દુક્કડમ. પણ અપવાસ હતો કે દિ'? બે ટંક તો ખાધું છે. પણ સાંજે કહે કે, આજ અપવાસમાં દોષ લાગ્યો હોય તો મિચ્છામી દુક્કડમ. કેટલાક અપવાસ કરીને બેઠા હોય એને દોષ લાગે તો આ કહે મને પણ દોષ છે. પણ તું તો હમણા ખાઈને ગળશીને આવ્યો છે. એય..! એમ સમ્યગ્દર્શનમાં દોષ છે. પણ સમ્યગ્દર્શનના જ ઠેકાણા નથી અને દોષ ક્યાંથી આવ્યો? વ્રતમાં દોષ લાગે, પણ વ્રત હતા જ નહિ ને દોષ ક્યાંથી આવ્યા? અહીં તો છે એને દોષની વાત છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– હા, એ પણ કોનું? કોને? કોને પડીક્કમણુ? જેને સમ્યક્ આત્માનું ભાન છે, સ્વરૂપમાં સ્થિરતા થઈ છે, એને કોઈ વિકલ્પાદિમાં દોષ લાગ્યો હોય તો એને પ્રતિક્રમણમાં આ શુભ-અશુભ પરિણામ મારા નથી. હું સ્વરૂપમાં ઠરું છું એને પ્રતિક્રમણ કહેવાય છે. સમજાણું કાંઈ? પણ હજી મિથ્યાત્વથી જ પાછો ફર્યો નથી. પ્રતિક્રમણ એટલે પાછું ફરવું. મિથ્યાત્વથી પાછો ફર્યો નથી, સ્વભાવ સન્મુખમાં આવ્યો નથી અને એ પ્રતિક્રમણ પાસેથી ખસવું. ક્યાંથી ખસવું? પણ ખસેલો જ પડ્યો છો. સમજાણું કાંઈ? આહાહા..! મૂળના પાયાના વાંધા. 'હીરાભાઈ'! આહાહા..!

'**ગ્લાનિ...**' મુનિઓને દેખીને ગ્લાનિ (ન કરે) અથવા અહીં પોતાના સ્વરૂપમાં આગળ વધી શકાય નહિ તો એમાં ગ્લાનિ ન કરવી. સમજાય છે? દ્વેષના અર્થમાં જાય છે. એ

www.vitragvani.com



કાંક્ષા રાગના અર્થમાં જાય છે, આ દ્વેષના અર્થમાં.

**'મિથ્યાદષ્ટિઓની સ્તુતિ...'** હવે વાણી આવી. સમજાણું? આ તો મગજમાં શું ચાલતું હતું? આ વાણી અને મન આવ્યું, એ પહેલા શરીર. શરીર એટલે ચૈતન્યશરીર ... એમાં આમ ન કરવું, આમ કરવું. એમ મગજમાં ચાલતું હતું. ભાઈ! શું કીધું સમજાણું? આ વાણી અને મન તો આવશે ને? એટલે પહેલા ચૈતન્ય શુદ્ધ જ્ઞાયક શરીર છે એમ ચાલતું હતું. એના અર્થ કર્યા. પોતાનું ચૈતન્ય જ્ઞાયક શુદ્ધ અભેદ શરીર છે. સમજાણું? શરીર વડે આમાં નથી આવ્યું, વાણી આવશે. એ શરીર. એમાં શંકા ન કરવી. એને મૂકીને બહારમાં બીજાની કાંક્ષા કરવી નહિ. એનું જે પરિણમન ચાલે તેમાં ઝટ પૂરું કેમ થતું નથી? એમ ગ્લાનિ-દ્વેષ ન કરવો. સમજાણું કાંઈ? એમ મગજમાં ચાલતું હતું. સમજાણું આમાં કાંઈ? આહાહા..! વીતરાગ માર્ગ એકલો ન્યાલ થવાનો રસ્તો છે. એ ન્યાલના રસ્તા અને વેપારનો ખ્યાલ આવે નહિ અને અદ્ધરથી કરે તેમાં ન્યાલ શી રીતે થાય? સમજાણું?

**'મિથ્યાદષ્ટિઓની સ્તુતિ...'** વાણી દ્વારા અંદર ભાવ તો ત્યાં આવ્યો હોય, ત્યારે વાણી આવે ને? પણ એ ભાવની પછી વાણી સ્તુતિ કરવા બહાર આવી ગઈ. અજ્ઞાનીની સ્તુતિ અતિચાર છે. એના શ્રદ્ધા, એના જ્ઞાન, એના આચરણમાં સ્તુતિ ન હોઈ શકે. વાસ્તવિક તત્ત્વ જે છે, એ સર્વજ્ઞે કહેલું અને પરિપૂર્ણ વસ્તુ, એના સિવાયના જે કોઈ એ દૃષ્ટિ વિનાના, જે કોઈ વ્રતાદિ પાળતા હોય, એની વાણીથી સ્તુતિ ન કરવી. એના એવા કામ કર્યા હોય તો બહુ સારા કર્યા એમ ન કહેવું. કારણ કે વસ્તુની એને ખબર નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ અતિચાર આવી જાય એને ન કરવો એની વાત છે ને અહીં તો? થવા ન દેવો. ક્યાંક એટલે ભાન હોય છે. છતાં જરીક પેલા.. ઓહો..! આ કામ ઠીક કર્યું. આવે છે ને? પુણ્ય-પાપનું નહિ? કુશીલનું? સંસર્ગ કરીશ નહિ. કુશીલોનો સંસર્ગ.. એય..! વાણી દ્વારા કરીશ નહિ. નથી આવતું? 'સમયસાર'માં પુણ્ય-પાપના અધિકારે. રાગનો સંસર્ગ કરીશ નહિ. વાણીમાં પ્રશંસીસ નહિ. 'જયસેનાચાર્ય'માં આવે છે. વાત આવી બરાબર છે. સમજાણું કાંઈ?

જે વસ્તુ પુણ્યના પરિણામને કુશીલપણું છે, કુશીલપણું છે, એને મનથી પણ પ્રશંસીસ નહિ. મનથી એનો સંસર્ગ કરીશ નહિ એમ કીધું ત્યાં. સમજાણું? અહીં કહેશે મનથી પ્રશંસા કરીશ નહિ, વાણીથી સ્તુતિ કરીશ નહિ. સમજાણું કાંઈ? ઓ..હો..! વીતરાગમાર્ગની રચના, પૂર્વાપર અવિરોધ અને એક જાત સત્ય અખંડ ઊભું થાય એવી ચારે કોરની વાત છે. કોઈ પડખેથી નજર નાખે તો ત્યાં એની વાત એ જ પ્રકારની ઊભી થશે. એટલો દોષ જરી શુભરાગ અને એકલો કરે અને એ સ્તુતિ કરવી, એની સ્તુતિ હોય નહિ એમ કહે છે.

મુમુક્ષુ :– ...

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :– હા. એ. ...વાણીથી. પેલા મૂળથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ લૌકિક કાર્યમાં જુદી. એ તો કહે લૌકિકમાં સાધારણ કરે છે. પણ ધર્મને ધર્મ તરીકેનો સ્વીકાર થઈને એમ કહે આ ધર્મી છે અને આ કર્તવ્ય સારા છે એ સ્વીકાર કરે તે દોષ છે. લૌકિકમાં તો એક આવે ત્યારે કહે, ભાઈ! આ તો સારું કામ કર્યું, હોં! મકાન બનાવ્યું, દીકરીઓના લગનમાં કામ કર્યું. એ જુદી વસ્તુ છે. એ તો લૌકિક વાત થઈ. સમજાણું કાંઈ? એમાં કાંઈ ગુરુ પ્રશંસા નથી, એ તો ફક્ત બહારની સાધારણ વાત છે. પણ ધાર્મિક જ્યાં વાત છે અને ધર્મના ધરનારા નામ ધરાવીને અમે કર્તવ્યવાળા છીએ એમ માને છે, એની વાણી દ્વારા સ્તુતિ હોઈ શકે નહિ. સમજાણું?

છોડવું. '**મનથી તે અન્યમતવાળાઓની પ્રશંસા કરવી...**' નહિ. લ્યો. અન્યમતવાળા એમ લખ્યું છે આમાં. છે? આમાં છે ને? કાર્યોની મનથી પ્રશંસા કરવી નહિ. અન્યમતિની વ્યાખ્યા તો બહુ લાંબી કરી છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં.

મુમુક્ષુ :– એમાં લાંબી આવી, આમાં ટૂંકી આવી.

ઉત્તર :– ટૂંકી કાંઈ આવી નથી. એ બધું એમાં જાય છે, કહે છે.

'**મિથ્યાદૃષ્ટિઓની સ્તુતિ અને મનથી તે અન્ય મતવાળાઓની પ્રસંશા કરવી...**' સમજ્યાને ? '**અન્યમતવાળાઓની પ્રશંસા કરવી...**' નહિ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જે અનાદિ પરંપરા માર્ગ 'કુંદકુંદાચાર્ય' આદિએ વર્ણવ્યો એ એક જ માર્ગ છે. એ સિવાયના બધા માર્ગ તે અન્યમતિના માર્ગ છે. સમજાણું કાંઈ? આ તો અન્યમત શબ્દ આવ્યો ને? '**સમ્યગ્દૃષ્ટિના અતિચાર છે.**' સમજાય છે? એ અતિચાર આત્માના ભાન સહિત જુએ, એ અતિચાર કરવા નહિ. એ દોષ છે. માટે પહેલા મૂળના દોષો એણે ટાળવા પછી બીજાની વાત લેશે.

---

**પ્રવચન નં. ૭૩ ગાથા–૧૮૨ થી ૧૮૬ ગુરૂવાર, અષાઢ વદ ૬, તા. ૨૭-૦૭-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૧૮૨ (ગાથા). એની ટીકા ફરીને લઈએ. સમ્યગ્દર્શનના પાંચ અતિચાર છે. એ ટાળવા જોઈએ. ટાળવા માટે બતાવે છે. સમજાણું કાંઈ? '**(૧) જિનવચનમાં શંકા કરવી,...**' વીતરાગના આગમમાં કોઈ એવા બોલ હોય અને કાંઈ શંકા થાય તો સમ્યગ્દર્શન હોવા છતાં એટલો દોષ છે. સમજાણું?

મુમુક્ષુ :– સમજવા માટે આવે છે ને?

ઉત્તર :– સમજવા માટેની વાત નથી. આ તો ખાસ કોઈ શંકા થઈ જાય કોઈ. સમજવા માટે એ તો આશંકા છે. આ તો કોઈ એવા વિશેષ બોલોમાં કંઈક અંદર કેમ હશે? એમ

www.vitragvani.com



થઈ જાય, એવી શંકા એ સમ્યગ્દર્શનનો અતિચાર છે.

મુમુક્ષુ :– અતિચારનો અર્થ?

ઉત્તર :– અતિચાર એટલે થોડો દોષ લાગે છે એટલું. કાલે કહ્યું હતું ને? સમ્યગ્દર્શનની અપેક્ષાએ, મિથ્યાશ્રદ્ધાની અપેક્ષાએ, ચારિત્ર દોષ તે પરિમિત છે. શ્રદ્ધાનો દોષ, મિથ્યાત્વનો એ અપરિમિત મહાદોષ છે. અને એની અપેક્ષાએ રાગ-દ્વેષ ચારિત્રદોષ એ પરિમિત મર્યાદિત દોષ છે. હવે એમાં શ્રદ્ધામાં પણ મૂળ સમ્યગ્દર્શનની શ્રદ્ધા ન જાય, સમજાય છે? અને કોઈ દોષ આવો ભંગ શંકાદિ થાય, તો એ દોષ થોડો પરિમિત છે. ખરેખર તો એ વસ્તુ એવી છે કે, એનું કાંઈ બંધન થતું નથી. એ છૂટી જાય છે. નિશ્ચય તો અંદર અનુભવ થયો છે, નિશ્ચય એના પછીની આ વાત છે. સમજાણું કાંઈ ? શુદ્ધ દ્રવ્ય, અભેદ, અખંડ, ચૈતન્યમૂર્તિ, જેવો સર્વજ્ઞએ જોયો, કહ્યો એવો અંતરમાં નિશ્ચયથી સ્વ આશ્રયે નિર્મળ સમ્યગ્દર્શન થયું છે. એમાં નિશ્ચય સમ્યગ્દર્શનમાં આવો કોઈ દોષ હોય તો તે એની... પાઠ એમ હતો ને અતિચારમાં? જુઓ! '**शुद्धिप्रतिबन्धिनः**' એમ છે ને માથે? ૧૮૧માં હતું. એ બધા અતિચારો શુદ્ધિનો પ્રતિબંધ કરનાર છે. જરી શુદ્ધિ વધતી નથી. ૧૮૧મી (ગાથામાં) અતિચારની વ્યાખ્યા હતી. એટલે કોઈ એવું સામાન્ય–વિશેષ આગમનું કોઈ વાક્ય હોય, એમાં કોઈ શંકા થઈ જાય, તો એ શંકા વીતરાગની વાણીમાં શંકા શું? સર્વજ્ઞે કહેલું, જોઈને કહેલું, જાણીને કહેલું, અનુભવીને કહ્યું એમાં શંકા હોય શકે નહિ. પણ કોઈ એવું આવી જાય તે દોષ છે એ ટાળવો જોઈએ એમ કહે છે.

'**વ્રતો પાળીને સંસારનાં સુખોની ઇચ્છા કરવી.**' આમ સુખ પરમાં છે એ માન્યતા તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આત્મા સિવાય ક્યાંય પરમાં સુખ છે, એ માન્યતા તો મિથ્યાત્વ છે. પણ જરી આસક્તિની એવી વાસના, જરી વ્રતો પાળીને કે આદિ સંસારના સુખની સહેજ ઇચ્છા થઈ જાય તો એ અતિચાર છે. સમજાય છે? આત્મામાં આનંદ છે. પુણ્ય-પાપના ભાવમાં, એના બંધનમાં કે એના ફળમાં ક્યાંય સુખ છે નહિ. એવો તો અનુભવ, નિર્ણય સમ્યક્‌માં થયો હોય, પણ છતાં જરી ક્યાંક થડક ખાઈ જાય તો એટલો સમ્યક્‌માં દોષ છે, અતિચાર છે. એટલો પણ કરવો જોઈએ નહિ. એ માટે કહે છે. બચાવ રાખવા માટે વાત નથી આ. પાછું એનાથી કાંઈ બંધ થતો નથી એટલે એ તો સ્વરૂપનું એવું સ્વરૂપ છે, કે જ્યાં નિશ્ચય શુદ્ધઆત્મા, રાગથી ભિન્ન પડીને આત્માનો અનુભવ અને નિશ્ચય સમ્યગ્દર્શન થયું, એને આ ભાવ હોવા ન જોઈએ. કારણ કે વિશેષ નિર્મળતાને અટકાવનારા છે. બસ, એટલી વાત છે. સમજાણું કાંઈ? પછી એ બહાને ગમે તે રીતે પરમાં સુખ માને અને એમ માને કે આ અતિચાર છે, એ વસ્તુ નથી. સમજાણું કાંઈ?

'**(૩) મુનિ વગેરેનું શરીર જોઈને ઘૃણા કરવી,...**' દુગંછા. એમ દુગંછા ન હોય. કારણ કે એ તો મુનિઓનો આચાર છે. ન્હાવું, સ્નાન કરવું આદિ હોય નહિ. નગ્ન મુનિ છે.

www.vitragvani.com



ભાવ આત્માના આનંદમાં ઝૂલતા હોય છે. એવાઓના શરીરને એવું દેખીને દુગંછા ન કરવી. એનો અર્થ દ્વેષ થઈ જાય છે.

'**(૪) મિથ્યાદૃષ્ટિઓની સ્તુતિ કરવી,...**' કંઈક એવી ક્રિયાઓ, જ્ઞાન કે વર્તન દેખીને એવી સ્તુતિ થઈ જાય એ દોષ છે, અતિચાર છે. સમકિતની ધારાને મેલી કરે છે. સમજાય છે? 'બનારસીદાસ'માં એ આવે છે. 'સમલ કર હી સમકિત કી ધારા' અતિચાર છે ને? 'સમલ કરહિ સમકિત કી ધારા' એવો શબ્દ આવે છે. 'બનારસીદાસ'માં છે. એ વળી સવારે યાદ આવી ગયું હતું. સમજાણું કાંઈ ?

પહેલેથી જ બચાવ કરવા માગે એની આ વાત નથી. સમજાણું? પહેલેથી તો એને નિશ્ચય સ્વ વસ્તુનો આશ્રય લઈ, અને શુદ્ધ દૃષ્ટિ નિર્મળ સમ્યક્ અનુભવ પ્રગટ્યો છે. સમજાય છે કાંઈ? પહેલામાં જ લાલા-પેથા કરે કે આમ છે, તેમ છે, ફલાણું. ત્યાં તો હજી બહારમાં અટક્યો તો એ અંતરમાં જઈ શકશે નહિ. આ તો અંતર સમ્યગ્દર્શન થયું અને એને આવા ભાવ થવા દેવા નહિ. એ દોષ છે, મેલ છે, મેલ છે. સકળ કાર્યકારી સિદ્ધ ન થઈ શકે. એટલો મેલ છે ને.

'**તેમના કાર્યોની મનથી પ્રશંસા કરવી.**' કોઈ મનમાં જરી કોઈનો વૈરાગ્ય બહાર આવી જતાં પ્રશંસા થાય તો એ દોષ છે. સમકિતનો અતિચાર છે. સમજાણું કાંઈ? એ 'બનારસીદાસ'માં છે. ગુણસ્થાનમાં હશે, ગુણસ્થાનમાં આવે છે ને? આ છદ્મસ્થના ચોથા ગુણસ્થાનની વાત (છે). જુઓ! એ આવ્યું. (નાટક સમયસાર, ચતુર્દશ ગુણસ્થાન અધિકાર–પદ-૩૯) 'અતિચાર એ પંચ પરકારા, સમલ કરહી સમકિતકી ધારા.' છે. ચતુર્થ ગુણસ્થાનની, ચોથા ગુણસ્થાનની વાત આવે છે ને? 'અતિચાર એ પંચ પરકારા, સમલ કરહિ સમકિતકી ધારા, દૂષન ભૂષન ગતિ અનુસરની, દશા આઠ સમકિત કી વરની.' 'બનારસીદાસે' બહુ (લખ્યું છે). ઘણું વર્ણન છે. દૂષ ને એવા ઘણા પ્રકારનું છે. આઠ મળ, પચ્ચીસ દોષ... એના પછી તો આ વાત છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'જ્યાં સુધી આ પાંચ અતિચારોનો ત્યાગ થતો નથી ત્યાં સુધી તે નિશ્ચયસમ્યગ્દર્શન થઈ શકતું નથી.**' એમ લેવું. એનો અર્થ નિર્મળ સમ્યગ્દર્શન રહેતું નથી એમ લેવું. સમજાણું કાંઈ? નિશ્ચયસમ્યગ્દર્શન થઈ શકતું નથી. એ તો પહેલેથી લેવું હોય તો લેવાય છે. એક થડક ખાધી છે. એ થઈ શકતું નથી એમ કહ્યું. થયા પછી આવો દોષ હોય તો એ મેલ છે. સમજ્યાને? પણ પહેલેથી જ આવું રાખે (તો એમ નહિ). થઈ શકતું નથી એવો શબ્દ મૂક્યો છે એટલે કદાચ... પહેલા શરૂઆતમાં એવું ન હોય. જેને નિશ્ચય સમ્યક્ કરવું છે, એને આવું હોય નહિ. અને સમ્યગ્દર્શન પછી જો આવું હોય, તો એ નિર્મળ સમ્યગ્દર્શન રહેતું નથી. જરીક મલિનતા થાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

www.vitragvani.com



વીતરાગનો માર્ગ, એકલા આત્માના શાંતિ ને સુખસ્વરૂપથી ભરેલું તત્ત્વ. અને તે પણ અનંતાગુણોનું પાછું સુખ. એ સુખનું સુખ. જ્ઞાનનું સુખ, દર્શનનું સુખ, ચારિત્રનું સુખ, બધાનું સુખ એવું. આખું જુઓ તો સુખનો પિંડલો આત્મા છે. બહારમાં ધૂળમાં પણ સુખ નથી એય..! 'પોપટભાઈ'! એ લાદીમાં, લાદીના પૈસામાં. છોકરા બોલાવે બાપુજી! બાપુજી! કરે, મોટા છોકરાના...

મુમુક્ષુ :– લાત પડે.

ઉત્તર :– એ તો લાત તો કાંઈ (નહિ), 'હીરાભાઈ' એમ કાંઈ લાત મારે નહિ. એ તો કો'ક એવા હોય તો આ સારો એમ માનવું દુઃખ છે એમ કહે છે. છોકરા એવા કો'ક હોય પણ અનુકૂળ હોય તો ક્યાં એની ચીજ છે ઇ?

મુમુક્ષુ :– અનુકૂળ...

ઉત્તર :– કહેવું કોને? પણ પર વસ્તુ જ્ઞેય (છે), એ તો જાણવાલાયક ચીજ છે. એમાં આ મારી ક્યાંથી આવી? જગતના જેમ પરમાણુ અને બીજા આત્માઓ જ્ઞેય છે એમ એ પણ જ્ઞેય છે. જ્ઞેયમાં આંતરો પાડ્યો કે આ મારું, એ ક્યાંથી? એ વસ્તુમાં જ્ઞેયમાં છે એમ? સમજાણું કાંઈ?

'શ્રીમદ્જી'એ દાખલો આપ્યો છે ને એક? આપ્યો છે. એક મકાનની શેરી હોય આખી, હવે એ શેરીને જુએ છે, એમાં જે એનું મકાન આ મારું. એ પણ આવ્યું ક્યાંથી? આ તારું ક્યાંથી આવ્યું? એ તો બધું આમ જોવા લાયક (છે). શેરી આખી જુએ છે, લ્યો. સમજાણું? એમ પચાસ છોકરા છે, જુએ છે કે છે. એમાં આ મારું એમ આવ્યું ક્યાંથી? 'સેઠી'! 'મહેન્દ્રભાઈ'ને ગલગલિયા બોલાવી દે. પિતાજી સાહેબ! પિતાજી સાહેબ ! કહો, સમજાણું? અહીં તો કહે છે, કોઈ કોઈનો બાપ નથી ને કોઈ કોઈનો દીકરો નથી.

મુમુક્ષુ :– અહીં નથી ને?

ઉત્તર :– અહીં એટલે આત્મામાં. અહીં એટલે વળી આ 'સોનગઢ'ની ક્યાં વાત છે? આત્મામાં. અહીં એટલે આત્મામાં. આહાહા..! તદ્દન જ્યાં નિરાળું તત્ત્વ. ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' પહેલું ન કહ્યું? ચૌદમાં શ્લોકમાં. કર્મથી આસ્રવ આદિથી રહિત આત્મા છે. એને સહિત, સંયુક્ત સહિત માનવો, બસ એ જ સંસારનું બીજ છે. એ તે દિ' નહિ હોય. એય...! 'સેઠી'! કાઢો ચૌદરુી ગાથા. ચૌદ ગાથા, ૧૯મા પાને. સંસારનું બીજ. મૂળ બીજ કહે છે, જુઓ! એ ઘણા પંડિતો વચ્ચે કહ્યું હતું ત્યાં 'આંકડિયા', 'જયપુર' બધે ઘણે ઠેકાણે. હાજર હતા ને. પણ એને યાદ ન રહે. શેઠિયાને કહે હાજર હતા ને. એમ બધું યાદ રહે? ૧૯મું પાનું, ૧૪મી ગાથા.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

www.vitragvani.com



**અર્થ :– 'એ રીતે આ આત્મા કર્મોના કરેલા રાગાદિ અથવા શરીરાદિ...'** પુત્રાદિ, બાયડી, છોકરા, મકાન આદિ. **'એમાં સંયુક્ત ન હોવા છતાં...'** એનાથી સહિત ન હોવા છતાં **'બાલિશાનાં' 'અજ્ઞાની જીવોને સંયુક્ત એ સહિત હું છું એવો પ્રતિભાસ છે. એ પ્રતિભાસ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.'** વાંચો, વાંચો. છે? 'જયપુર'માં સભા વચ્ચે કહ્યું હતું. પંડિતોમાં કહ્યું હતું. સમજાણું? 'હિંમતનગર' કહ્યું હતું. બે પંડિત હતા.

એ કર્મકૃત ભાવ છે. દુશ્મનકૃત ભાવ છે. સજ્જન સ્વરૂપ સત્ જન. સ્વભાવથી આત્મ ભરેલો એનું એ કાર્ય છે નહિ, એની એ પર્યાય છે જ નહિ. આત્માના શુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ જે કર્મ, એનાથી કરાયેલા પુણ્ય-પાપના ભાવ, એનાથી મળેલા બાયડી, છોકરા, કુટુંબ, એ બધું કર્મ દુશ્મનના બધા ફળો છે. એને પોતાના મિત્રમાં, સજ્જનમાં ખતવવા કે આ સહિત છું, રહિત છે અને સહિત છે એમ માનવું એનું નામ ભવનું બીજ છે. આહાહા..!

મુમુક્ષુ :– આ બીજનું કરવું શું?

ઉત્તર :– છોડી દેવું. માન્યતા છોડી દેવી. કહો, સમજાણું? આ 'સુમનભાઈ'નો ત્યાંથી આવડો મોટો લાંબો પત્ર આવે ને. બાપુજી! બાપુજી! અંદર સરખાઈનું કરે ને? મીઠો માણસ. સરખાઈનું લખે. આમ એવું લખે. એય..! 'હિંમતભાઈ'! તમારે પણ પેલો છે ને ત્યાંથી લખશે ને? 'નિરંજન'. એ પણ 'અમેરિકા' ભણવા ગયો છે ને? કેટલા ખર્ચાવીને મોકલ્યો છે. જુઓ! એણે વળી પહેલું આ કામ કર્યું. જોબાળિયામાં એટલા ખર્ચે નહિ કોઈ. એને ભણવા મોકલ્યો ૨૫-૩૦ હજાર ખર્ચીને. જોબાળિયામાં પહેલોવહેલો લાગે છે. પણ એમાં કોનો છે? ક્યાં છે? કોને મોકલ્યો? અહીં કહે છે. મારો છે જ નહિ પછી મોકલે કોણ? હવે એ ડાહ્યો થઈને આવે તો પણ એ મારો છે નહિ પછી આવ્યો કોણ અને લાવે કોણ? એય..! આહાહા..!

મુમુક્ષુ :– ધર્માદો બહુ કરે છે.

ઉત્તર :– કોનો ધર્માદો? ક્યાં હતો એ ધર્માદો? રાગમાં ધર્માદો આવતો હશે ? પૈસામાં આવતો હશે? મંદિરમાં (આવતો હશે)? સમજાય છે? 'ભીખાભાઈ'! આ તો 'રણે ચડ્યા રજપુત છૂપે નહિ', બાપુ! ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા, અનાકૂળ આનંદ ઉપર આરુઢમાં ચડ્યો, એ પર ચીજને પોતાની કેમ માને? રાગ દુઃખરૂપ, એના નિમિત્તો બધા દુઃખરૂપના. એને પોતાના કેમ માને? અસહિતને સહિત માનવું એ જ ભવનું બીજ છે. ભવનું બીજ અજ્ઞાનીઓને પ્રતિભાસે છે કે આ મારા. કહો, 'હીરાભાઈ'! 'હીરાભાઈ'નો એમાં બચાવ રહેતો નથી. આ સારો છોકરો છે માટે તમારો હશે, એવું અહીં નથી આવતું. કહો, 'પોપટભાઈ'! એકનો એક હોય એમાં વળી કહ્યાગરો હોય, સરખો હોય, બોલે બાપુજી! ભાઈ! ભાઈ! આહાહા..! ભાઈ! તમને સુખ થાય એમ કરો. અમે બધું કરશું. તમે ત્યાં જાવ. જોઈતું હોય એ મંગાવી લેજો, કાંઈ ચિંતા કરશો નહિ.

મુમુક્ષુ :– કંઈ પણ ફેર પડે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :– જુઓ! આવ્યું. કોને કહેવા? પરદ્રવ્યને ઇષ્ટ કહેવું (કેમ)? એ જ્ઞેય છે. એ જ્ઞેયમાં ઇષ્ટપણું છે? અંદર છાપ મારી છે? અને કોઈ જ્ઞેયમાં આ અનિષ્ટ છે એમ છાપ મારી છે? છે એ તો જ્ઞેય છે. પ્રમેય પ્રમાણનો વિષય છે. બસ ખલાસ થઈ ગયું. આત્મા પ્રમાણ જ્ઞાનસ્વરૂપમાં એ પ્રમેય જાણે કે આ પ્રમેય–જ્ઞેય છે એટલું. એમાં વચ્ચે આ લાકડું ક્યાંથી આવ્યું? કે આ મારા? બસ, એ જ ભવનું બીજ છે, કહે છે. સમજાણું કાંઈ? ઘરની વાત આમ કહે તો એને ઠીક પડે, એને ચોખ્ખી સમજાય. આહાહા..! આ તો એક દૃષ્ટાંત. બધાને ઘરે ઘરે એમ જ છે ને? 'પોપટભાઈ'! એને છ છોકરા પાછા. લોઢા જેવા મોટા હોંશિયાર. કોઈ ધૂળેય નથી. કહે છે એ તો બધું કર્મનું કાવતરું છે. આહાહા..! એ કર્મે કાવતરા ઊભા કરી અને તને લલચાવે છે કે આ મારા. ધૂળમાં પણ નથી. મરી જઈશ કહે છે. કહો, 'રાજમલજી'! લોજિકથી છે કે નહિ? ન્યાયથી. તમારે તો લોજિકવાળા છે ને એ તો. ... વકિલ. આહાહા..!

ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને, પ્રભુ! અને તારા સિવાય રાગાદિ બધું તારા જ્ઞાનમાં જ્ઞેયસ્વરૂપ છે. રાગથી માંડીને, હોં! જુઓને! વીતરાગની શૈલી તો જુઓ! ઓહો..હો..! વ્યવહારે જાણેલો જે પ્રયોજનવાન કીધો, એય..! વ્યવહાર જાણેલો. શું પણ શૈલી તે વીતરાગની કથન પદ્ધતિ, કોઈ મુનિઓની રીત અખંડ સત્ય ઊભું થાય એવી ... આહાહા..! એ રાગ પણ કહે છે કે જાણવાયોગ્ય છે. એને મારો માનવો એ રાગરહિત છે, એને રાગસહિત માનવો, એ કર્મના કાવતરાએ ઊભા થયેલા બાયડી, છોકરા બધું, એને પોતાના માનવા, એ બધી દુશ્મને જાળ ગોઠવી છે. આહાહા..! સમજાણું કાંઈ?

કર્મ આત્માના સ્વરૂપથી તદ્દન વિરુદ્ધ લક્ષણવાળું તત્ત્વ છે. એનાથી ઊભા થયેલા પુણ્ય-પાપ અને એનાથી ઊભા થયેલા આ બધા. અંદરમાં આ અને બહારમાં આ. વચમાં પડ્યું કર્મ. આહાહા..! એ રાગ, એ કર્મ અને આ બધા બહારના એનાથી ભગવાન તો અસંયુક્ત છે–સહિત નથી. ત્રણકાળે ત્રણકાળમાં સહિત નથી. એને સહિત માનવો એ ભવ ભવનું બીજ (છે). '**खलु**' શબ્દ છે ને? ખરેખર સંસારના બીજરૂપ છે. આહાહા..! એ ચૌદમી ગાથા (છે). એય..! 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એમાં ક્યાંય કોઈ ત્રણ કાળમાં પરને લઈને આમ થાય, ધૂળ થાય, કાંઈ થાય એવું નથી. એનો અર્થ શું? નિમિત્તનો અર્થ અહીં જ્ઞાન કરે એમાં જ્ઞાનમાં નિમિત્ત છે. ઉપાદાન અહીં છે, એનું જ્ઞાનમાં નિમિત્ત છે કે એક બીજી ચીજ છે, બસ એટલું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અનંતકાળથી ચાલ્યું. નિમિત્ત વિના ચાલ્યું. એ કીધું ને? કે અહીં જ્ઞાન થયું એમાં આ પર નિમિત્ત છે એમ અહીં જ્ઞાન થયું. એ જ્ઞાને નિમિત્તના આશ્રય વિના જ્ઞાન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કર્યું છે. નિમિત્ત છે માટે નિમિત્તનું જ્ઞાન થયું છે એમ નથી. આત્મા સ્વપરપ્રકાશક જ્ઞાયક છે માટે સ્વપરપ્રકાશનું જ્ઞાન થયું છે, માટે નિમિત્ત વિના સ્વપરપ્રકાશક જ્ઞાન થયું છે. કહો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વાત તો સાચી છે પણ..

ઉત્તર :– એ સાચી નહિ, સાચી અંદર રાખવી પડશે. સાચી છે પણ શું ? આ 'હીરાભાઈ'ના માખણ ચોપડે નહિ ચાલે કાંઈ. હા, બાપુજી! ભાઈ! ભાઈ! કરે. નહિ, કોઈ કોઈનું નથી. આ તો એના ઘરનો દાખલો આપ્યો. કહો, સમજાણું? આહાહા..!

કહે છે **'જ્યાં સુધી આ પાંચ અતિચારોનો ત્યાગ થતો નથી ત્યાં સુધી...'** નિશ્ચયસમ્યગ્દર્શન પહેલેથી થઈ શકે નહિ. જ્યાં સુધી આવા દોષ સેવતો હોય તેને નિશ્ચયસમ્યગ્દર્શન થાય નહિ. અને નિશ્ચય સમ્યગ્દર્શન હોય એમાં આવું થાય તો નિર્મળ થઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

## ગાથા–૧૮૩

**અહિંસા અણુવ્રતના પાંચ અતિચાર**

**छेदनताडनबन्धा भारस्यारोपणं समधिकस्य।**
**पानान्नयोश्च रोधः पञ्चाहिंसाव्रतस्येति।।१८३।।**

**અન્વયાર્થ :– [ अहिंसाव्रतस्य ] અહિંસા વ્રતના [ छेदनताडनबन्धाः ] છેદવું, તાડન કરવું, બાંધવું, [ समधिकस्य ] અતિશય વધારે [ भारस्य ] બોજો [ आरोपणं ] લાદવો, [ च ] અને [ पानान्नयोः ] અન્ન-પાણી [ रोधः ] રોકવા અર્થાત્ ન દેવા [ इति ] એ રીતે [ पञ्च ] પાંચ અતિચાર છે.**

**ટીકા :– 'छेदन ताडन बन्धाः समधिकस्य भारस्य आरोपणं पानान्नयोश्च रोधः इति पञ्च अहिंसाव्रतस्य अतीचाराः।' - અર્થ :– છેદના અર્થાત્ કાન, નાક, હાથ, વગેરે કાપવા, તાડન અર્થાત્ લાકડી, ચાબૂક, આર વગેરેથી મારવું, બંધ અર્થાત્ એક જગ્યાએ બાંધીને રોકી રાખવું, અધિક ભાર લાદવો તથા યોગ્ય સમયે ઘાસ, ચારો, પાણી વગેરે ન આપવાં- એ અહિંસા અણુવ્રતના પાંચ અતિચાર છે. ૧૮૩.**

www.vitragvani.com



હવે **'અહિંસા અણુવ્રતના પાંચ અતિચાર...'**

**छेदनताडनबन्धा भारस्यारोपणं समधिकस्य।**
**पानान्नयोश्च रोधः पञ्चाहिंसाव्रतस्येति।।१८३।।**

ટીકા :– **'છેદના અર્થાત્ કાન, નાક હાથ વગેરે કાપવા,...'** જુઓ! એ અહિંસાના અતિચાર છે. કોઈ કરે છે ને આ બકરાના કાન કાપે, લાંબા બકરાના કાન હોયને? આ અતિચાર છે, એ જ કહું છું. અહિંસાના અતિચાર છે, અહિંસાના અતિચાર છે. પેલા બકરાના લાંબા કાન હોય એના બે કટકા કરે. આ અહિંસાના અતિચાર છે, હોં! અહિંસાપણું રહે છે, પણ એમાં એનો અતિચાર આ દેશભંગ થાય છે. નિધ્વંસપણે મારવાના પરિણામ નથી. સમજાય છે? પણ આ જાતના એક પરિણામ છે. કાન કાપે.

**'નાક, હાથ, વગેરે કાપવા, તાડન અર્થાત્ લાકડી, ચાબૂક, આર વગેરેથી મારવું,...'** લાકડી, ચાબુક, આર. આર મારે છે ને આમ. બળદ ન ચાલે તો આર મારે છે. એ અતિચાર છે. પંચેન્દ્રિય પ્રાણીને (મારે તો) અહિંસામાં આ જાતનો દોષ છે. સમજાય છે? અને આ દોષનું તો એને બંધન થાય છે, હોં! આ દોષનું બંધન છે. કારણ કે આ તો ચારિત્ર છે. પેલું તો દર્શનમોહની વાત હતી. એમાં એ અતિચારોનું બંધન નથી. વર્તમાન નિર્મળ ધારા નથી, સમળ ધારા છે. એને એટલું છે એટલું જાણવું. કહો, સમજાણું?

**'ચાબૂક, આર વગેરેથી મારવું, બંધ અર્થાત્ એક જગ્યાએ બાંધીને રોકી રાખવું,..'** લ્યો. ખીલે બાંધીને રોકી રાખવું. મુંઝાય. ઢોરને તો પણ ખીલે ન બાંધે તો વયું જાય. તો પણ કહે છે કે ખરેખર 'તત્ત્વાર્થસાર'માં લખ્યું છે કે શ્રાવકે એ સંગ્રહ ન કરવો એમ લખ્યું છે. ઢોર આદિનો સંગ્રહ કરવો નહિ, ઘરે રાખવું નહિ. એવું લખ્યું છે, હોં! 'તત્ત્વાર્થસાર' છે ને? એમાં નીચે લખ્યું છે. આ બધા અર્થ આમાં ક્યાંક છે. નીચે લખ્યું છે. એમાં તો શું નીકળે છે? કે શ્વેતાબંરમાં એવું આવે છે કે ... ને કામદેવને દસ-દસ હજાર ગાયોના ગોકળ હતા.

મુમુક્ષુ :– આમાં નવ એમ લખ્યું છે.

ઉત્તર :– હા. એ મારું કહેવું છે. એવી બધી કેટલી ઉપાધિ. ઢોરોને ઘાસ, પાણી, બાંધવા. એ 'તત્ત્વાર્થસાર'માં નીચે છે. સમજાણું? કાઢો ને ભાઈ. એ તો આપણે યાદ આવે ત્યારે કરવું. એ સ્વાધ્યાય થઈ જાય ભેગી. કાઢજો, ક્યાંક છે. અહિંસાના અતિચારમાં હશે, જુઓ ! ફૂટનોટમાં છે. એ તો યાદ આવે ત્યારે આવી જાય. સમજાણું? શ્રાવકે એ ધંધો જ ન કરવો. એમ કહે છે. ઢોરોને રાખવા અને આ કરવા, એમ સમજાણું? પેલામાં તો એમ આવે છે કે, બે લાખ સત્તાવીસ હજાર ગાયો. રેવતી.

મુમુક્ષુ :– કેટલી બધી દયા પાળી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :– આ બધી લૌકિક વાતું. રેવતીનો કોણ શ્રાવક? મહાશતક. મહાશતક શ્રાવકને અઠ્યાવીસ ગોકુળ છે. દસ હજાર. દસ હજાર ગાયોનું એક ગોકુળ. એવા અઠ્યાવીસ. બે લાખ એંશી હજાર. એ છે, જુઓ! ..... બસ આ, જુઓ! કરેલું જ છે એણે.

**'ઉત્તમ નિશ્ચિત શ્રાવક કા યહ કામ હૈં કી ..આદિ દોષરહિત અહિંસાવ્રત પાલને કી ઇચ્છા સે ગાયાદિ પશુઓંકી...'** સમજ્યાને? **'રખે હી નહિ.'** બસ, આ, જુઓ! ચિહ્ન કર્યું છે પહેલેથી. કરેલું જ છે એમાં જુઓ. છે ને?

**'પરંતુ ઉતને હી રખને ચાહિયે, જિતને લોગોંકો .. ચલ જાયે. પરંતુ યહ મધ્યમશ્રાવક કી વૃત્તિ કહી જાતી હૈ. રખે તો યહ ચાહે જિસ કામ કે લિયે, પરંતુ વધ, બંધનાદિ સંભાલ કરે ઔર નિર્દયતા ઉનકો કામ ન લે. નિકૃષ્ટ પક્ષ હૈ.'** જોયું! **'ઐસા કરનેવાલા ભી ... સકતા હૈ. પરંતુ કૃત કારીત અનુમત દ્વારા પૂર્ણ રક્ષા નહિ કર સકતા. ઇસલિયે મન મલિન રહેગા ઔર ... અધમ રહેગા. પરંતુ અતિચાર તો .. યહ ધ્યાન રહે. અતિચારો કો અવશ્ય ટાલના ચાહિયે. ક્યોંકી .. કભી વાસ્તવિક ફ્લ નહીં દે સકતે.'** સમજાણું? જુઓ!

**'અતિચાર યદિ પાપોં મેં ગર્ભિત હૈ, તો પાપ કે ત્યાગ કો જો વ્રત કહતે હૈં ઉન વ્રતોં કો સંખ્યા નહિ હો સકતી. અતિચાર હિંસાદિક પાપોમેં ગર્ભિત નહિ હૈ તો ક્યોં છોડને ચાહિયે. વિશુદ્ધ અહિંસાદિ વ્રતોમેં વિચાર નહિ રખતે. ઇસલિયે છોડને યોગ્ય તો હૈ હી. નિરાલય હૈ. કિંતુ એકદેશ મૂલ પાપો સે ગર્ભિત હૈ. ઇસલિયે ઉનકે ત્યાગ સે ભી વ્રતો કી સંખ્યા બઢતી હૈ.'** આ શબ્દ છે, જુઓ! સંસ્કૃત અનગાર ધર્મામૃત, (પંડિત) 'આશાધર'. છે ને શ્લોક? બસ એ વાંચી ગયા. આ તો પાઠમાં નીકળે છે ને. એ અર્થ જ છે એ. ઉત્તમ નિશ્ચિત શ્રાવક હોય તો પણ ગાયો-ભેંસો રાખવી નહિ, એમ કહે છે. કારણ કે એમાં વધ, બંધનાદિના અતિચાર થયા વિના રહે નહિ. માટે એણે રાખવું નહિ. છતાં કોઈ થોડા રાખે છે તો અમુક મધ્યમ કોટીનો કહેવામાં આવશે, એમ કહ્યું છે. કહો, સમજાણું ? **'એક જગ્યાએ બાંધીને રોકી રાખવું,...'** એ ઉપરથી તો આ વાત બધી. છે ને આપણે આ અતિચાર અહિંસાવ્રતના.

**'અધિક ભાર લાદવો...'** માથે ખૂબ ભાર નાખવો. **'યોગ્ય સમયે ઘાસ, ચારો, પાણી વગેરે ન આપવાં–'** ટાણે ટાણે અન્ન ન આપે તો બિચારા ભૂખ્યા રહે. **'એ અહિંસા અણુવ્રતના પાંચ અતિચાર છે.'** એ અતિચાર એણે ટાળવા. ટાળવા માટે આ વાત છે. કહો, સમજાણું કાંઈ? વીતરાગ માર્ગનું સ્વરૂપદર્શન, એની અહિંસા, એના અતિચારો, એ બધી અલૌકિક વાતું છે. સમ્યગ્દષ્ટિને અણુવ્રત હોય, એમાં આવા અતિચાર એને લાગવા દેવા નહિ. એને માટે આ વાત ચાલે છે. સમજાણું કાંઈ?

www.vitragvani.com



## ગાથા–૧૮૪

સત્ય અણુવ્રતના પાંચ અતિચાર

मिथ्योपदेशदानं रहसोऽभ्याख्यानकूटलेखकृती।
न्यासापहारवचनं साकारमन्त्रभेदश्च।।१८४।।

અન્વયાર્થ :– [ मिथ्योपदेशदानं ] જૂઠો ઉપદેશ આપવો, [ रहसोऽभ्याख्यानकूटलेखकृती ] એકાન્તની ગુપ્ત વાતો પ્રગટ કરવી, જૂઠાં લખાણ કરવાં, [ न्यासापहारवचनं ] થાપણ ઓળવવાનું વચન કહેવું [ च ] અને [ साकारमन्त्रभेदः ] કાયાની ચેષ્ટાઓથી જાણીને બીજાનો અભિપ્રાય પ્રગટ કરવો–એ પાંચ સત્ય અણુવ્રતના અતિચાર છે.

ટીકા :– 'मिथ्योपदेशदानं रहसोऽभ्याख्यानं कूटलेखकृती न्यासापहारवचनं साकार मन्त्रभेदश्च इति सत्याणुव्रतस्य पञ्च अतिचाराः सन्ति।' - અર્થ :– ૧–જૂઠો ઉપદેશ આપવો કે જેથી જીવોનું અહિત થાય, ૨–કોઈ સ્ત્રી પુરુષની ગુપ્ત વાત પ્રગટ કરવી, ૩– જૂઠા લેખ લખવા તથા જૂઠી રસીદ વગેરે પોતે લખવી, ૪–કોઈની થાપણ પચાવી પાડવી, ૫–કોઈની આકૃતિ જોઈને તેનો અભિપ્રાય પ્રગટ કરી દેવો–એ પાંચ સત્ય અણુવ્રતના અતિચાર છે.

ભાવાર્થ :– એવો જૂઠો ઉપદેશ આપવો કે જેથી લોકો ધર્મ છોડીને અધર્મમાં લાગી જાય અને પોતાની પાસે કોઈ થાપણ મૂકી ગયું હોય અને તે ભૂલી ગયો તથા ઓછી વસ્તુ માગવા લાગ્યો ત્યારે તેને એમ કહેવું કે જેટલી હોય તેટલી લઈ જાવ, એને ન્યાસઅપહાર કહે છે. જૂઠી રસીદો લખી આવી અથવા પરાણે લખાવી લેવી કુટલેખ છે. ૧૮૪.

---

'સત્ય અણુવ્રતના પાંચ અતિચાર...'

मिथ्योपदेशदानं रहसोऽभ्याख्यानकूटलेखकृती।
न्यासापहारवचनं साकारमन्त्रभेदश्च।।१८४।।

**'જૂઠો ઉપદેશ આપવો કે જેથી જીવોનું અહિત થાય,...'** એટલે સાધારણ એવી કોઈ ધાર્મિક ક્રિયામાં ઉપેદસ જૂઠો આપે એવું ન હોય. સમજાણું? જેમાં જીવનું અહિત થાય એવી વાણી કાઢવી નહિ. વાણી તો વાણી છે પણ એવો ભાવ કરવો નહિ. **'જૂઠો ઉપદેશ..'** તદ્દન તત્ત્વથી વિરુદ્ધ એ વાત નથી, હોં! આ તો સાધારણ એકદેશવ્રતમાં એને દોષ લાગે એવો, ધાર્મિક સાધારણ વ્યવહારિક વાત હોય એમાં અહિત થાય એવી વાત એણે ન કહેવી જોઈએ.

www.vitragvani.com



**'કોઈ સ્ત્રી પુરુષની ગુપ્ત વાત પ્રગટ કરવી,...'** સ્ત્રી-પુરુષ ખાનગી ગુપ્ત વાત કરતા હોય, એને સાંભળીને બહાર પાડી દેવી એ અતિચાર છે. એમ હોય નહિ. સમજાણું કાંઈ? **'જૂઠા લેખ લખવા તથા જૂઠી રસીદ વગેરે પોતે લખવી,...'** આ તો લાગે જૂઠા જેવું જાણે. સમજાણું? પણ નિર્ધ્વંસ પરિણામ નથી. જરી અંદરમાં પોતાનું સત્યવ્રત રાખીને અતિચાર છે. થોડો થડક ખાઈ જાય છે એટલું. તદ્દન જૂઠા નિર્ધ્વંસ પરિણામે તદ્દન સર્વથા ધ્વંસ નહિ એ તો તદ્દન જૂઠામાં જાય છે. પણ આ જૂઠા લેખમાં સાધારણ થોડો ફેરફાર કરતો હોય, જૂઠી રસીદ વગેરે સાધારણમાં, જેમાં અતિચાર લાગે એવું. સમજાય છે? તદ્દન ખોટે ખોટા ઉઠાવે. લઈ ગયો ન હોય અને પાંચ હજારની રસીદ કરી દે અને પાંચ હજારનો માલ કરી દે. શું કહેવાય? લેખ. એ તો તદ્દન જૂઠું. આ તો જરી અતિચાર લાગે એવું સાધન કરવું નહિ.

**'કોઈની થાપણ પચાવી પાડવી,...'** આખી થાપણ તો નહિ, સમજાય છે? પણ થોડુંઘણું પેલો ભૂલી ગયો હોય, બે લાખ મૂકી ગયો, સવા લાખ મૂકી ગયો હોય. પછી આપજો. લઈ જા ભાઈ તારા. પછી પેલા પોણો લાખ પચાવી લે એ નહિ. આમ તો પોતે તો તદ્દન ચોખ્ખું ખોટું બોલે નહિ પણ પેલો પહેલા દસ હજાર મૂકી ગયો હોય, ભાઈ! મારા પાંચ હજાર મૂકી ગયો છું એ આપજો. લ્યો ભાઈ! લઈ જાવ તમારા પાંચ હજાર. પેલો પાંચ હજાર બોલ્યો અને પાંચ હજાર આપી દે. એટલે એટલી અનીતિ એણે સીધી નથી કરી, પણ પેલાએ કહ્યું અને આણે કર્યું એ અતિચાર છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ છે. સત્યવ્રત રાખ્યું છે, દૃષ્ટિ રાખી છે, વ્રત રાખ્યું છે અને એમાં જરીક થડક ખાઈ ગયો છે. તદ્દન નહિ, હોં! આખા ગોટા ઉઠાવે. એ મૂકી ગયો અને પેલો ભૂલી ગયો હોય, એક લાખ મેં આપ્યા છે એમ કહે. તો બોલે નહિ. બીજું શું? એ અતિચાર છે એમ કહે છે. તદ્દન ન આપે અને બિલકુલ નથી તો તે જૂઠું છે. સમજાણું કાંઈ? એવો અતિચાર. એ બધા છે જુઓને! ... પણ એ એની હદ છે. મર્યાદિત વાત છે. તદ્દન સત્યનો ધ્વંસ પરિણામ કરીને સર્વથા ... કંઈક અંદર પોતાનું સત્ રાખવા માગે છે અને થોડી થડક ખાઈ જાય છે. સમજાણું કાંઈ? ત્યારે તો અતિચાર કહેવાય ને. નહિતર તો અનાચાર થઈ જાય.

**'કોઈની આકૃતિ જોઈને તેનો અભિપ્રાય પ્રગટ કરી દેવો—'** કહો, આકૃતિ એટલે શું? કોઈ ચોરી કરીને આવ્યો હોય કે એવું ફલાણું હોય અને એને ખ્યાલ આવી જાય કે હં.. આ કાંઈક ઉતાવળો છે. આ કાંઈક વેંચવા માગે છે. એનો અભિપ્રાય ખૂલ્લો મૂકી દેવો, એ નહિ. **'એ પાંચ સત્ય અણુવ્રતના અતિચાર છે.'**

**'એવો જૂઠો ઉપદેશ આપવો કે જેથી લોકો ધર્મ છોડીને અધર્મમાં લાગી જાય...'** સાધારણ અધર્મ, હોં! મોટો અધર્મ એ વાત નથી.

www.vitragvani.com



મુમુક્ષુ :- ...

ઉત્તર :— એ આ સાધારણની વાત છે. કોઈ ધર્મની વ્યવહારુ ક્રિયા હોય, એમાંથી કોઈ સાધારણ ના પાડે તો લોકો એને છોડીને જરી પાપના પરિણામ થાય એવી વાત છે. અધર્મ સમ્યગ્દર્શનની વિરુદ્ધ અને વિકૃત એ વાત જ છે ક્યાં? એ તત્ત્વનો તદ્દન ઊંધો ઉપદેશ (આપે) એ તો મિથ્યાદૃષ્ટિ છે.

પહેલું વહેલું વંચાય છે આ. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' જેવું હોય તેવું બરાબર સમજવું પડશે કે નહિ? કહો, સમજાણું કાંઈ? પછી આ પૂરું થઈ ગયા પછી શું વાંચવું એ કાંઈ 'રામજીભાઈ'એ નક્કી કર્યું નથી. શું વાંચવું હવે? કહો, સમજાણું? આ 'કળશ ટીકા' ગુજરાતી નવી આવી એટલું છે. વિચાર કરજો. સમજાણું કાંઈ? એમ ન્યાયથી વાત છે.

**'પોતાની પાસે કોઈ થાપણ મૂકી ગયું હોય અને તે ભૂલી ગયો તથા ઓછી વસ્તુ માગવા લાગ્યો ત્યારે તેને એમ કહેવું જેટલી હોય તેટલી લઈ જાવ,...'** લ્યો. જેટલી હોય તેટલી લઈ જાવ. પેલો બિચારો ભૂલી ગયો હોય. સમજ્યા ને? કોઈ બાપથી, મા થી કોઈ ક્યાંકથી વસ્તુ લાવ્યો હોય એવી જાતની વસ્તુ. એને ખબર ન હોય. તો આ મારી વસ્તુ રાખજો. ત્યાંથી માંડ માંડ પેલો લઈ આવ્યો હોય, એમાં ભૂલી ગયો હોય પછી. (પેલો કહો), લાવો આટલું. લઈ જાવ ભાઈ તમારી. **'એને ન્યાસઅપહાર કહે છે.'** થાપણનો દોષ.

**'જૂઠી રસીદો લખી આપવી...'** તદ્દન જૂઠી નહિ, હોં! રસીદમાં જરા થોડોઘણો સત્ય રાખીને ફેર કરે. **'પરાણે લખાવી લેવી...'** લ્યો. કોઈ પાસે કૂટલેખ છે એવો દોષ ન કરવો. દોષ ન કરવા માટે વાત છે ને આ?

મુમુક્ષુ :- વ્રત જોડે પણ રહે ને પોતે...

ઉત્તર :- ના, એ બધું થાય નહિ. જે અતિચારને દોષ માનતો નથી એ તો દૃષ્ટિમાં ખૂબ જૂઠો છે. પહેલી વાત છે ઇ. અતિચાર છે એ દોષ છે. દોષને જે સ્વીકાર કરતો નથી તેની શ્રદ્ધામાં ફેર છે. પહેલી એ વાત. સમજાણું કાંઈ? આ તો કાંઈ ભાઈ! પોપાબાઈનું રાજ નથી ન્યાં. નિર્દોષને નિર્દોષ સ્વભાવને સમજે છે, દોષને દોષ માને છે અને વ્રતમાં પણ એ જાતનો દોષ લાગે છે એમ એને ખ્યાલ છે. સમજ્યા ને? સત્ય વ્રતનું અનાચારપણું થઈ જતું નથી. નિધ્વંસપણે તદ્દન જૂઠું બોલવાનો જ ભાવ નહિ, એવો ભાવ નથી. એ અપેક્ષાએ આને અતિચાર કહેવામાં આવ્યો છે. ભાઈ! માર્ગ એવો છે.

www.vitragvani.com



## ગાથા–૧૮૫

અચૌર્ય અણુવ્રતના પાંચ અતિચાર

प्रतिरूपव्यवहारः स्तेननियोगस्तदाहृतादानम्।।
राजविरोधातिक्रमहीनाधिकमानकरणे च।।१८५।।

અન્વયાર્થ :– [ प्रतिरूपव्यवहारः ] પ્રતિરૂપ વ્યવહાર એટલે સાચી વસ્તુમાં ખોટી વસ્તુ ભેળવીને વેચવી, [ स्तेननियोगः ] ચોરી કરનારાઓને મદદ કરવી, [ तदाहृतादानम् ] ચોરે લાવેલી વસ્તુઓ રાખવી, [ च ] અને [ राजविरोधातिक्रमहीनाधिकमानकरणे ] રાજાએ પ્રચલિત કરેલા નિયમોનું ઉલ્લંઘન કરવું, માપવાના કે તોળવાના ગજ, કાંટા, તોલા વગેરેના માપમાં હીનાધિક કરવું - [ एते पञ्चास्तेयव्रतस्य ] એ પાંચ અચૌર્યવ્રતના અતિચાર છે.

ટીકા :– 'प्रतिरूपव्यवहारः स्तेननियोगः तदाहृतादानम् राजविरोधातिक्रमः च हीनाधिकमानकरणे इति अचौर्याणुव्रतस्य पञ्च अतीचाराः सन्ति।' - અર્થ :– ૧. જૂઠી વસ્તુને (અશુદ્ધ વસ્તુને) ઠીક જેવી કરીને સાચી વસ્તુમાં ભેળવીને ચલાવવી, એનું નામ પ્રતિરૂપ વ્યવહાર છે, ૨. ચોરીની પ્રેરણા કરવી અથવા ચોરી કરવાનો ઉપાય બતાવવો એ બીજો સ્તેનપ્રયોગ અતિચાર છે, ૩. ચોરીની વસ્તુ ખરીદવી એ ત્રીજો અતિચાર છે, ૪. રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું અથવા રાજાનો કર ન આપવો એ ચોથો અતિચાર છે. ૫. અધિક મૂલ્યવાળી વસ્તુમાં ઓછા મૂલ્યવાળી વસ્તુ ભેળવવી, માપવા-તોળવાનાં વાસણ, ત્રાજવાં વગેરે ઓછાંવત્તાં રાખવાં એ પાંચમો અતિચાર છે. – આ પાંચ અચૌર્ય અણુવ્રતના અતિચાર છે. ૧૮૫.

---

'અચૌર્ય અણુવ્રતના પાંચ અતિચાર...'

प्रतिरूपव्यवहारः स्तेननियोगस्तदाहृतादानम्।।
राजविरोधातिक्रमहीनाधिकमानकरणे च।।१८५।।

... પહેલી ટીકા તો એની છે, હોં! આ વળી ટીકા કઈ? પહેલી ટીકા તો ભાઈની છે. 'ટોડરમલજી'ની. પહેલી ટીકા આવે છે એ 'ટોડરમલજી'ની. આ કોની?

**'૧. જૂઠી વસ્તુને (અશુદ્ધ વસ્તુને) ઠીક જેવી કરીને સાચી વસ્તુમાં ભેળવીને ચલાવવી,...'** ચોખામાં કણકી નાખવી, મરચમાં દાણા.. પેલા શું કહેવાય? એના બીયાં નાખવા. એવું ભેળસેળ કરી નાખવું. ઘઉંમાં કાંકરા, મગમાં કાળી ધૂળ નાખે. એ દોષ છે. ગંઠોડા સારા ઊંચા હોય,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એમાં થોડા બીજા હલકા નાખી દે. ગંઠોડા બહું ઊંચી જાતના આવે છે. એમાં થોડા બીજા ભેળવી દે. આ દૂધમાં પાણી થોડું નાખી દે. અત્યારે તો ભારે ચાલ્યું છે, ભાઈ! આહાહા..! આવું તો કાળાબજાર! બધે કાળાબજાર. ભાઈ! ચારેકોર. ઘીમાં આ નાખે, તેલમાં આ નાખે. એવી ચીજ નાખે.

મુમુક્ષુ :– એમાં તો શું દવામાં પણ એ નાખે.

ઉત્તર :– દવામાં પણ નાખે. ભલે એ દવાથી મરી ન જાય, પણ એ દવા ધોળી ધોળી લાગે. સોંઘી મળતી હોય, તો નાખી દે. કેટલાક તલહરાના લોટ નાખી દે. તલહરા હોય ને? તલહરા. તલના તલહરા. એની રાખ એવી સુંવાળી પાતળી હોય, કોઈકમાં ભેળવી દે ખબર ન પડે આ શું છે? તલહરા સમજો છો ને? એ તલ હોય છે. તેનું મોટું તણખલું, એની રાખ ઘણી પાતળી હોય છે. કઠણ લાકડું છે ને, એમાં .. ઓછા હોય છે. એટલે એની રાખ પાતળી બહુ થાય. એ ગમે એમાં કામ આવે નાખે તો. પાછી ધોળી હોય. સમજાણું?

જૂઠી વસ્તુને.. એમાં ભેળસેળ મતલબ પ્રત્યેક વ્યવહાર. જે ચીજ નથી એમાંથી બીજી નાખીને ભેળસેળ કરવું. સારી વસ્તુમાં થોડી નરસી નાખવી. મરચા ઊંચી જાતના હોય એમાં હલકી જાતના નાખી દે. મગમાં, મઠમાં, દાળમાં આ બધા ઘણા પ્રકાર થઈ જાય છે. અત્યારે તો શાકમાં પણ વાંધા. જરી સારું શાક પડ્યું હોય એમાં રાતનું સૂકું પડ્યું હોય એ પણ એમાં નાખી દે. બધું ચાલે ભેગું. બતાવે સારું-તાજું, ભેગું પેલું નાખે. કેરીમાં પણ સારો ઢગલો હોય એમાં સારી કેરી આ છે. તોળી દીધી મણ. ભેગી ખાટી હોય, મણ ભેગી. આ તો દાખલો છે, હોં! **'એનું નામ પ્રતિરૂપ વ્યવહાર છે,...'** પ્રતિરૂપ એટલે જેવો વ્યવહાર છે એનાથી વિરુદ્ધ છે.

**'ચોરીની પ્રેરણા કરવી અથવા ચોરી કરવાનો ઉપાય બતાવવો એ બીજો સ્તેનપ્રયોગ અતિચાર છે,...'** અતિચારની વાત છે, હોં! તદ્દન ચોરીની વાત નથી. પણ સહેજ કોઈ એવા સાધારણમાં કરે. તારા બાપ પાસે પૈસા છે, લ્યો થોડા ત્યાંથી લઈ આવે તો શું છે? એ અતિચાર છે. **'ચોરીની વસ્તુ...'** એ.. 'સેઠી'! ત્યાં ગલ્લામાં પડ્યા હોય, ઘણી વસ્તુ હોય એમાંથી એકાદ કટકો લઈ આવજે જા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઘરની વસ્તુ છે કે નહિ? એના બાપની છે.

**'ચોરીની વસ્તુ ખરીદવી એ ત્રીજો અતિચાર છે,...'** ખબર છે કે આ ચોરીને લાવ્યો લાગે છે અને લે તો એ અતિચાર છે. સોંઘી મળે અને લીધી એ જરી અતિચારનો દોષ છે. સોંઘી વસ્તુ આવે અને સારી વસ્તુ હોય અને પેલાને એકદમ વેંચીને પાછું વહ્યું જાવું હોય, પકડે નહિ એટલે. એ જે આપ્યું હોય એ લઈને ભાગે. એ જાણે ઠીક છે લાવો. એ લેવું નહિ. એ અતિચાર છે. **'રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું...'** જે રાજાએ આજ્ઞા કરી

www.vitragvani.com



એને ઓળંગવા નહિ. દાણચોરી ને કરે છે ને આ બધા. ન કરવું, એ શ્રાવકે ન કરવું જોઈએ. સમજાણું ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અતિચાર છે એટલે. એમ કર્યા કરે તે એનો અર્થ નહિ. એ અમારે (સંવત) ૧૯૮૩ની સાલમાં બહુ ચાલ્યું હતું. ૧૯૮૩ની સાલમાં બહુ ચર્ચા ચાલી હતી. અમારે શેઠ કહે પણ એમાં કોઈ એવો રાજા આવ્યો, પચાસ-સો ઘરનું ગામ હોય એમાં ચોરે પડ્યો પડ્યો .. પછી એ રાજા નથી, પછી કહે કે એની સામું અમારે ન પડવું? પણ પહેલેથી આવી ભાવના જ શું કરવા કરો છો? શું કરો છો તમે આ? સમજાય છે? એવા અતિચાર ન લગાડવા એમ ભગવાન કહે છે. એનાથી શ્રાવકે છૂટી જવું. એને ઠેકાણે તમે અત્યારે આવું ... એમાં કોઈ આવો ... આવ્યો હોય, પછી ગામમાં બે દિ', ચાર દિ' બેઠો હોય, એની સામે અમારે વિરોધ ન કરવો? એને મૂકવા દેવું? તમે આવી ભાવના ભાવો છો? કીધું, તમે શું કરો છો આ? રાજવિરોધ કરવાનો ભાવ આવી ગયો તો એ દોષ છે, એને ટાળવા માટે છે. પણ એ દોષનો બચાવ કરીને વાંધો શું છે? વાંધો શું છે? એમ કરીને તું તો દોષને ઉડાવી દેવા માગે છે. એ શ્રદ્ધામાં તારો ફેર છે. સમજાણું કાંઈ?

આ બધું તમારે રાજનું ચાલતું હતું ને? અસહકાર. એવી તો બહુ ચર્ચા ચાલતી. અમારી પાસે માણસો આવે ને. ન કરવું આ? સરકારે આવા કાયદા કર્યા. પણ શું છે? ભગવાન તો રાજા અતિક્રમ દોષનો અતિચાર કહે છે. જે કાંઈ મોટો રાજા હોય, એને બાંધેલા કાયદા તોડવા નહિ. એનું .. ન કરવું એમ ભગવાન કહે છે. ત્યારે કહે, શું વાંધો છે? એ દોષ કહે છે અને શું વાંધો એમ ઠરાવવું છે તમારે? તમારે શું ઠરાવવું છે? તમારી શ્રદ્ધાના ઠેકાણા નથી, વ્રતના ઠેકાણા નથી અને પાધરા આવા બચાવ કરવા માંડવા? અમારે તો બહુ આવતું ને. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ છે અને કોઈ એવો દોષ આવી જાય તો દોષ ટાળવા માટે છે. ભવિષ્યની ભાવના માટે કે ભવિષ્યમાં આમ થાય એટલે મારે કરવું જ પડશે. એમ નથી. વર્તમાનમાં ક્યાંક આવું થાય તો એણે કરવું નહિ એમ કહે છે. ભારે માર્ગ, બાપા! વીતરાગનો માર્ગ એવો છે.

ભવિષ્યની ભાવના કરે કે આવું થાશે. પછી અમારે કરવું, ફલાણું કરવું. પણ શું કરે છે તું આ? ભવિષ્યમાં હજી ભવ કરવો છે, હજી રખડવું છે, અને આવું થાય તો ક્રોધ કરવા છે સામે. શું છે આ? બધી રખડવાની વાતું છે. અહીં તો ટાળવાની વાતની વ્યાખ્યા છે, ભગવાનો તો ઇ કહે છે. આહાહા..! બચાવ કરવા માગે કે આ આમ છે, ફલાણું છે, ઢીકણું છે. ચોથા વ્રતના અતિચારમાં એ આવશે. કહો, સમજાણું?

**'રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું અથવા રાજાનો કર ન આપવો એ ચોથો અતિચાર છે.'** જુઓ! અતિચાર પણ આ દોષ છે ને? રાખવા જેવો છે? કરવા જેવો છે? જણાવે છે

www.vitragvani.com



કે આવું હોય તો કરવો નહિ. થઈ ગયો હોય તો એને દોષ જાણીને છોડવો. એમ છે. આ તો માર્ગ છે, ભાઈ! આત્માના સ્વભાવના શરણે ગયો છે, એમાં જરી આવું વ્રતનું ... એમાં આવું કંઈ (થાય તો) દોષ છે, એને ન કરવા માટે આ વાત બતાવે છે. કર તો વાંધો નથી એ માટે આ વાત છે? પણ એ પ્રશ્ન જ ન હોય. પહેલેથી બચાવ કરવા માગે,.. અહીં તો આવું ન કરવું એમ જ વાત એને પુષ્ટિમાં હોય. સમજાણું? છતાં એને આવું થઈ જાય તો એનું વ્રત જતું નથી, દર્શન જતું નથી. એટલી વાત. પણ એથી કરીને બચાવ ન કરે. વાત એમ છે. અહો..! સંસારમાંથી નીકળી જવું છે ને, ભાઈ! ઉદયભાવમાંથી નીકળવાનું છે. પારિણામિકભાવમાં પેસવાનું છે. ઉદયભાવ છે એ સંસાર છે. એનાથી જીવ રહિત છે ને એમ થયું ને? એ આમાં આવ્યું નહિ? ઉદયભાવથી રહિત છે એમ ૧૪મી ગાથામાં આવ્યું. એનો અર્થ જ એ છે. ઉદયભાવથી રહિત છે, સંયોગથી રહિત છે, એને ઉદયભાવ સહિત અને સંયોગ સહિત માનવું એ ભવનું બીજ છે. આહાહા..!

એમાં શું વાંધો છે? એમાં શું વાંધો છે? એ તો દોષને જ સ્વીકારતો નથી. સમજાણું? દોષને દોષ જ સ્વીકારતો નથી. શું વાંધો છે એમ કરી બચાવમાં પહેલેથી ઊભો રહે છે. હૃદય ખોટું છે તારું. એની વાત નથી આ તો સાચો .. છે. દર્શનશુદ્ધિ છે ત્યાં આવા ... વ્રત છે, એમાં કોઈ આવું થાય, એ ન થવા દેવા માટે આ વાત લીધી છે. થાય તો તો દોષ છે એમ એને જાણવું જોઈએ. સમજાણું કાંઈ?

**'અધિક મૂલ્યવાળી વસ્તુમાં ઓછા મૂલ્યવાળી વસ્તુ ભેળવવી,...'** લ્યો. એ તો પેલામાં આવી ગયું. .... એ તો પેલામાં આવ્યું. અધિક મૂલ્યવાળી આવ્યું. જાજી કીંમતની વસ્તુ હોય એમાં ઓછી કીંમતવાળી નાખી દેવી. **'માપવા-તોળવાનાં વાસણ, ત્રાજવાં વગેરે ઓછાંવત્તાં રાખવાં...'** લ્યો ઠીક. માપવાના આ માણા આદિ, તોળવાના આ કાંટા આદિ, ત્રાજવાં વગેરે ઓછાંવત્તા રાખવા. દેવાના કાંઈક, લેવાના કાંઈક. **'એ પાંચમો અતિચાર છે.–આ પાંચ અચૌર્ય અણુવ્રતના અતિચાર છે.'** શુદ્ધિને રોકનારા છે. માટે શુદ્ધિ કરનારે એ અતિચાર કરવા નહિ એમ વાત છે. આહાહા..!

## ગાથા–૧૮૬

**બ્રહ્મચર્ય અણુવ્રતના પાંચ અતિચાર બતાવે છે**

स्मरतीव्राभिनिवेशोऽनङ्गक्रीडान्यपरिणयनकरणम्।
अपरिगृहीतेतरयोर्गमने चेत्वरिकयोः पञ्च।।१८६।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અન્વયાર્થ :– [ स्मरतीव्राभिनिवेशः ] કામસેવનની અતિશય ઇચ્છા રાખવી, [ अनङ्गक्रीडा ] યોગ્ય અંગો સિવાય બીજાં અંગો સાથે કામક્રીડા કરવી, [ अन्यपरिणयनकरणम् ] બીજાના વિવાહ કરવા [ च ] અને [ अपरिगृहीतेतरयोः ] કુંવારી કે પરણેલી [ [1]इत्वरिकयोः ] વ્યભિચારિણી સ્ત્રીઓ પાસે [ गमने ] જવું, લેણદેણાદિનો વ્યવહાર રાખવો. [ एते ब्रह्मव्रतस्य ] એ બ્રહ્મચર્યવ્રતના [ पञ्च ] પાંચ અતિચાર છે.

ટીકા :– 'स्मरतीव्राभिनिवेशः अनङ्गक्रीडा अन्यपरिणयनकरणं इत्वरिकयोः अपरिगृहीता गमनं च इत्वरिका परिगृहिता गमनं च इति पञ्च अतीचाराः ब्रह्मचर्याणुव्रतस्य सन्ति।' અર્થ :– ૧. કામ–ભોગ–વિષય સેવન કરવાની બહુ લાલસા રાખવી. ૨. જે અંગ વિષય સેવન કરવાના નથી તેવાં મુખ, નાભિ, સ્તન વગેરે અનંગોમાં રમણ કરવું, ૩. બીજાના પુત્ર-પુત્રીઓના વિવાહ કરાવવા, ૪. વ્યભિચારિણી વેશ્યા તથા કન્યા વગેરે સાથે લેણદેણ આદિ વ્યવહાર રાખે, વાર્તા કરે, રૂપ-શૃંગાર દેખે, ૫. વ્યભિચારિણી બીજાની સ્ત્રી સાથે પણ એ પ્રમાણે કરવું – એ પાંચ બ્રહ્મચર્ય અણુવ્રતના અતિચાર છે. ૧૮૬.

---

'બ્રહ્મચર્ય અણુવ્રતના પાંચ અતિચારબતાવે છે :-'

स्मरतीव्राभिनिवेशोऽनङ्गक्रीडान्यपरिणयनकरणम्।
अपरिगृहीततेतरयोर्गमने चेत्वरिकयोः पञ्च।।१८६।।

**'કામ-ભોગ-વિષય સેવન કરવાની બહુ લાલસા રાખવી.'** એ ચોથા વ્રતનો અતિચાર છે. કામ-ભોગ-વિષય સેવનની બહુ અભિલાષા. સાધારણ અભિલાષા તો એને હોય છે. વ્રત જેટલું હોય છે, એનાથી જેટલું વધું હોય છે એ ... પણ બહુ રાખવી એ અતિચાર છે. **'જે અંગ વિષય સેવન કરવાના નથી તેવા મુખ,, નાભિ, સ્તન વગેરે અનંગોમાં રમણ કરવું,...'** એ અતિચાર છે. એને તોડવાનો ભાવ નથી એથી જરી એવી ચેષ્ટા થઈ જાય છે. એ છોડવા જેવી છે. આત્માર્થીએ આદરવા જેવી નથી. સમજાણું?

**'બીજાના પુત્ર-પુત્રીઓના વિવાહ કરાવવા,...'** વગર સ્વાર્થે સગા-વ્હાલા નથી, કોઈ લેવા-દેવા નથી એને પણ જોડી દે કો'ક કો'કના સગપણ. જાવ આ આની દીકરી અને આ આનો દીકરો. તારે પણ શું કામ છે? સમજાણું કાંઈ? એ બધા ચોથા વ્રતના અતિચાર છે. પાપ છે ને બધા? એ બધા પાપ છે. બીજાનાં એમ. પોતાને કાંઈ લાગતા-વળગતા નથી,

---

૧. રત્નકરંડ શ્રાવકાચાર ગા ૬૦માં ઇત્વરિકાગમનનો અર્થ - 'ઇત્વરિકા જે વ્યભિચારિણી સ્ત્રી તેને ઘરે જવું અથવા તેને પોતાના ઘેર બોલાવી (ધનાદિ) લેણદેણ રાખે, પરસ્પર વાર્તા કરે, શ્રૃંગાર દેખે તે ઇત્વરિકાગમન નામે અતિચાર છે.'

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સગા-વ્હાલા નથી, ઘરના નથી. અદ્ધરથી કોઈક આવ્યું અને વળગાડી દે કે જો આ કન્યા સારી છે અને સાથે ફલાણું કરજે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ સાધુ કેવો? સાધુ ભલામણ કરે કે આ શેઠની દીકરી સારી અને તમારો છોકરો ઠીક છે. મીઠાશ તો એની એ રહી ગઈ છે. બહારથી છોડ્યું પણ મીઠાશ તો અંદર એની એ રહી ગઈ છે. સમજાણું કાંઈ? અરે..! પણ આ ધંધા બતાવે, ફલાણા બતાવે એ કાંઈ સાધુના આચરણ છે? એનું આચરણ તો આગળ વિશેષ લેશે.

**'વ્યભિચારિણી વેશ્યા તથા કન્યા વગેરે સાથે લેણદેણ આદિ વ્યવહાર રાખે,..'** ઠીક. એ દોષ છે. વ્યવભિચારિણી વેશ્યા હોય કે વ્યવભિચારિણી કન્યા હોય. લગન કર્યા વિનાની કે લગન કરેલી હોય, પણ વ્યભિચારી હોય એની સાથે વાર્તાલાપ ન કરવો, લેણદેણના વ્યવહાર ન કરવા, એના ઘરે જાવું નહિ, આવ-જા કરવી નહિ. આવ-જા કરે તો અતિચાર છે. અંદર મીઠાશ છે એમ કહે છે. આહાહા..! સમજાણું? વાર્તા કરવી, લેણદેણનો વ્યવહાર રાખવો એ બહાને પણ એમ કે એની સાથે વાતચીત થાશે. એની સાથે લેણદેણ રાખો. પૂછે એને કહેશે. શું કામ હતું, ભાઈ? એનું લેણું હતું એ લેવા ગયો હતો. પણ વાત તો પેલી સાથે વાતચીત કરવાની મીઠાશ છે. એ ચોથા વ્રતનો અતિચાર છે. આહાહા..! વીતરાગનો માર્ગ. સમજાણું કાંઈ?

આમાં પણ અમારે (સંવત) ૧૯૮૩ મોટા વાંધા હતા. એક ઠેકાણે લેખ છે કે વેશ્યા આદિ હોય તો અતિચાર. મેં કીધું, એમ ન હોય. વેશ્યા રાખે અને અતિચાર? એ તો વેશ્યા અને એવી હોય, એના ઘરે જાવું-આવવું કરવું, ... આવે છે ને? ... એનો અર્થ કરતા. થોડીવાર ... કોઈકની હતી અને થોડીવાર રાખતા હશે. વિષય લે. એ અતિચાર છે. બિલકુલ નહિ. અમારે ત્યાં બહુ ચાલતું. શ્રદ્ધા સંબંધી ચાલતું અને આચરણ સંબંધી ચાલતું. એ બધું ગોટેગોટા. એવો અર્થ આવે છે. ...છે ને આમાં શબ્દ આવ્યો કે નહિ? **'इत्वरिकयोः'** આવ્યું ને ? જુઓ! **'इत्वरिकयोः વ્યભિચારિણી સ્ત્રીઓ પાસે'** જુઓ! પાઠ છે, નીચે છે.

૧૪૪ પાને નીચે કૌંસ છે. **'રત્નકરંડ શ્રાવકાચાર ગાથા ૬૦માં ઇત્વરિકાગમનનો અર્થ - 'ઇત્વરિકા જે વ્યભિચારિણી સ્ત્રી તેને ઘરે જવું અથવા તેને પોતાના ઘરે બોલાવવી (ધનાદિ) લેણદેણ રાખે, પરસ્પર વાર્તા કરે, શ્રૃંગાર દેખે તે ઈત્વરિકગમન નામે અતિચાર છે.''** બધા એમ કહે ઇતરિગમનમાં થોડો કાળ વેશ્યાને ઘરે રાખે, એ કાંઈ વાંધો નથી. એ અતિચાર કહેવાય. અરે..! હાલ.. હાલ.. પરસ્ત્રી લંપટ. હજી તો દશાના, શ્રદ્ધાના, જ્ઞાનના ઠેકાણા નથી ત્યાં આવા બચાવ કરવા. મરી જવાના. એમ હોય? સમજાણું? જવું, લેણદેણ આદિનો વ્યવહાર રાખવો એ ન કરવું. શ્રૃંગાર દેખવો. એના લુગડાં-બુગડા સારા પહેરેલા હોય ને? પગથી-માથે જોવું નહિ. ઓહો..હો..!

www.vitragvani.com



'લક્ષ્મણજી'ને કહ્યું, 'રામચંદ્રજી' સાથે 'લક્ષ્મણ'! 'સીતા'ને તમે ક્યાંય જોયા? ભ્રાત! 'સીતા'ને તો હું ઓળખતો નથી, એના કપડાને મેં જોયા નથી. આમ વનમાં ભેગા રહેતા મને ખબર નથી. એના પગમાં એક નૂપુર હતા ત્યાં મારી નજર ગઈ હતી. ત્રણ ખંડનો ધણી, વાસુદેવ લક્ષ્મણ. ભલે નરકમાં જવાના છે. પણ આટલી તો ભાઈની સાથે નીતિ એની, નૈતિક જીવન આટલું. બહુ આકરા ... છતાં. નરકમાં ગયા, .. ન હોય. આહાહા..! બાપુ! ભાઈ! મને એ કપડાં અને એ કોણ એ મને કાંઈ ખબર નથી. કપડાં કોઈ નાખી ગયો તેં જોયાં? પણ એ કપડા એના છે એ મેં જોયું નથી. પણ વનમાં બાર વર્ષ સાથે રહ્યા ને! મેં નજર કરી નથી, ભાઈ! મારે તો એ મા કહેવાય ને? ભાભી એટલે માતા. મેં જોયું નથી. આહાહા..! ત્રણ ખંડના ધણી, વાસુદેવ એ પણ જેના આવા.... 'સીતા'નું હરણ કરીને 'રાવણ' લઈ ગયા ને ? પછી 'લક્ષ્મણ'ને પૂછે છે, એ 'લક્ષ્મણ'! ક્યાંય 'સીતા'ને જોયા? ક્યાંય એના કપડા કે દાગીના. તાતજી! એના કપડા કેવા એ મેં જોયા નથી, ક્યાં પડ્યા એ મને ખબર નથી. આહાહા..! સમજાણું?

**'વ્યભિચારિણી બીજાની સ્ત્રી સાથે પણ એ પ્રમાણે કરવું–'** લ્યો, સમજાણું? વેશ્યા તથા કન્યા અને બીજી વ્યવભિચારિણી સાધારણ હોય, બીજી પરણેલી હોય. **'એ સાથે પણ એમ કરવું – એ પાંચ બ્રહ્મચર્ય અણુવ્રતના અતિચાર છે.'** બહુ સરસ વાત લીધી છે. એક-એક વાતનું કેટલું.. આવું જૈનદર્શનમાં એવી નિર્મળવાત! દર્શનની એના વ્રતની, એના અતિચાર ત્યાગવાની, ઓહો..હો..! એવી વાત વીતરાગમાર્ગ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એમાં દિગંબર સંતોએ વાત કરી છે. પેલામાં તો અર્થમાં કેટલાકે ઊંધુ માર્યું. ઇતરિગમનન. ટીકામાં નાખ્યું છે, હોં!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, છે ને. ખબર છે ને. એ ત્યારે પેલા કહેતા આમ ટીકામાં છે. ટીકામાં લખ્યું તે શું થઈ ગયું? એવી વાત કાંઈ માન્ય હોય? થોડા દિવસ વેશ્યાને ઘરે રાખે અને થોડા દિવસ ... રાખે તો એ પોતાને અતિચાર કહેવાય. નહિ, નહિ એ વાત હોય નહિ. આવું બધું ચાલતું હતું. અમારે તો કેટલા વર્ષ થયા? ૧૯૮૩. કેટલા વર્ષ થયા? ચાલીસ થયા. એની ટીકા વિશેષ લેવાશે. ટીકા થઈ ગઈ. પરિગ્રહપરિણામ લેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## પ્રવચન નં. ૭૪ ગાથા–૧૮૭ થી ૧૯૨ શુક્રવાર, અષાઢ વદ ૭, તા. ૨૮-૦૭-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. શ્રાવકના વ્રતના અતિચાર ટાળવા માટેનું વર્ણન છે. જેને આત્માના શક્તિનો અંતર્મુખ ઉપયોગ કરીને, શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતાનો અંશ જેને પ્રગટ્યો છે. સમજાણું કાંઈ? સ્વભાવ જે આત્માની શક્તિ, જ્ઞાન-આનંદ આદિ અપાર સ્વભાવ, એવું જે આત્મતત્ત્વ, એને અંતર્મુખ દૃષ્ટિથી દર્શન પ્રગટ્યું છે અને અંતર્મુખ સ્થિરતાથી ચારિત્રનો અંશ પણ પ્રગટ્યો છે. એને આ અણુવ્રત આદિ હોય, એને અતિચાર ટાળવા, એની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? પાંચમાં વ્રત. ચાર વ્રત સુધીનું આવી ગયું છે.

પરિગ્રહપરિમાણ વ્રત. જેટલા પૈસા આદિ બાહ્યના દસ બોલ લેશે, એનું પરિમાણ–મર્યાદા કરે એટલી મમતા ઘટે છે. પરિગ્રહનું પ્રમાણ, દૃષ્ટિમાંથી તો કોઈ વિકલ્પ આદિ પોતાનું નથી એવું ભાન થયું છે, પણ આસક્તિમાં પરિગ્રહ આદિની મર્યાદા કરતા રાગ ઘટે છે, એટલી અહિંસા વધે છે, એટલી હિંસા ઘટે છે. સમજાણું કાંઈ? એને આ અતિચાર એ પણ એક દોષ છે. એણે એને ટાળવા જોઈએ. એ વાત બતાવે છે.

## ગાથા–૧૮૭

**પરિગ્રહપરિમાણ વ્રતના પાંચ અતિચાર**

**वास्तुक्षेत्राष्टापदहिरण्यधनधान्यदासदासीनाम्।**
**कुप्यस्य भेदयोरपि परिमाणातिक्रियाः पञ्च।।१८७।।**

**અન્વયાર્થ :– [ वास्तुक्षेत्राष्टापदहिरण्यधनधान्यदासदासीनाम् ] ઘર, ભૂમિ, સોનું, ચાંદી, ધન, ધાન્ય, દાસ, દાસી, અને [ कुप्यस्य ] સુવર્ણાદિ ધાતુઓ સિવાય વસ્ત્રાદિના [ भेदयोः ] બબ્બે ભેદોનાં [ अपि ] પણ [ परिमाणातिक्रियाः ] પરિમાણનું ઉલ્લંઘન કરવું - [ एते अपरिग्रहव्रतस्य ] એ અપરિગ્રહવ્રતના [ पञ्च ] પાંચ અતિચાર છે.**

**ટીકા :– 'वास्तु क्षेत्र परिमाणातिक्रमः, अष्टापदहिरण्यपरिमाणातिक्रमः, धनधान्यपरिमाणातिक्रमः, दासदासीपरिमाणातिक्रमः, अपि कुप्यस्य भेदयोः परिमाणातिक्रमः इति पंच परिग्रहपरिमाणव्रतस्य अतीचाराः सन्ति।' - અર્થ :– ૧. ઘર અને ક્ષેત્રનું પરિમાણ વધારી દેવું, ૨-સોના-ચાંદીનું પરિમાણ વધારી દેવું, ૩-ગાય, ભેંસ, ઘોડા, ઘઉં, ચણા વગેરેનું**

**પરિમાણ વધારી દેવું, ૪-દાસ-દાસીનું પરિમાણ વધારી દેવું, ૫-કુપ્ય એટલે ગરમ અને સુતરાઉ- એ બન્ને પ્રકારનાં વસ્ત્રોનું પરિમાણ વધારી દેવું; - એ રીતે આ પાંચ પરિગ્રહ પરિમાણવ્રતના અતિચાર છે. ૧૮૭.**

---

'પરિગ્રહપરિમાણ વ્રતના પાંચ અતિચાર...'

वास्तुक्षेत्राष्टापदहिरण्यधनधान्यदासदासीनाम् ।
कुप्यस्य भेदयोरपि परिमाणातिक्रियाः पञ्च ।।१६९ ।।

ટીકા :– **'૧. ઘર અને ક્ષેત્રનું પરિમાણ વધારી દેવું,..'** બે ભેગાં. ચારના બે જોડલા કીધા છે. આઠના ચાર ભાગ પાડ્યા છે. ઘર અને ખેતર. ખેતર એટલે ઉઘાડી જમીન. ઘર એટલે બાંધેલા મકાન આદિ. તેનું પ્રમાણ થોડું કર્યું હોય, જમીનમાં ... જરૂર પડતી હોય તો થોડું વધારી દીધું હોય, બહાર ખુલ્લી જમીનમાં થોડું વધારે (હોય) એ અતિચાર છે. એ અતિચાર ટાળવો જોઈએ. **'સોના-ચાંદીનું...'** અષ્ટાપદને અહીં સોનું કહે છે. **'સોના-ચાંદીનું પરિમાણ વધારી દેવું,...'** જે પ્રમાણ કર્યું હોય, એને ઠેકાણે થોડાઘણાં સોના-ચાંદી વધારાવા એ અતિચાર છે.

**'ગાય, ભેંસ, ઘોડા, ઘઉં, ચણા વગેરેનું પરિમાણ વધારી દેવું,..'** ધન-ધાન્ય છે ને? ધન-ધાન્યની વ્યાખ્યા છે. અષ્ટાપદ અને હિરણ ગયું. વાસ્તુ અને ક્ષેત્ર, અષ્ટાપદ અને હિરણ, ધન અને ધાન્ય. છે ને બે બે? ધન-ધાન્ય એ તો આમાં આવે છે. **'ગાય, ભેંસ, ઘોડા, ઘઉં, ચણા વગેરેનું પરિમાણ વધારી દેવું...'** એકાદ ગાય, ફલાણું .. વગેરે. આ તો જેને આત્માના સ્વભાવ સન્મુખ સ્થિરતાનો પ્રયત્ન છે, એને આવા પરિમાણ જે કર્યા એમાં એને દોષ લગાડવા જોઈએ નહિ. એની વાત છે. મૂળ વસ્તુ. સમજાણું કાંઈ? જુઓ! આ શ્રાવકનું આચરણ શું છે એની વ્યાખ્યા છે.

**'દાસ-દાસીનું પરિમાણ વધારી દેવું,...'** એકાદ નોકર-ચાકર વધારી દેવા. પરિમાણ હોય એનાથી એકાદ, નાનો છોકરો હોય તો કાંઈ ન કહેવાય, ચાલો ભલે ભેગો રાખે, એમ કરીને વધારે એ પણ એક દોષ છે, અતિચાર છે. પાંચ નોકર હોય અને એક બાર વર્ષનો છોકરો-બોકરો હોય, એને ભેગો રાખો. એ પણ (દોષ છે).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એણે પ્રમાણ કર્યું હોય કે પાંચ માણસ સિવાય નહિ. અને પાંચ માણસમાં પેલો છોકરો ભેગો કામ કરતો હોય ઠીક, આપણને મદદ કરે. એ છોકરો કહેવાયને, આપણે ક્યાં વધારે છે? એમ કરીને રાખ્યો હોય તો એ અતિચાર છે એમ કહે છે. આ તો બધી વ્યાખ્યા ઘણી સ્પષ્ટ કરી છે, હોં! એ કાંઈ વાતું નથી. થોડોક જમીનનો ટૂકડો વધારી દે, આ બહારનું ખેતરનું થોડું આગળ-પાછળ વધારી દે.

www.vitragvani.com



મુમુક્ષુ :– ઘરનો ખૂણો સરખો ન હોય તો શું કરે?

ઉત્તર :– કોઈકનો ભેળવી દે. આ એને પ્રમાણ કર્યું હોય એની વાત છે. પ્રમાણ વિશેષ કર્યું હોય એ જુદી વાત છે. પણ પ્રમાણ કર્યું હોય એનાથી થોડું વધારી દે તો એ અતિચાર છે. આખું ટાળવું, આખો દોષ ટળે.... આખું કરી નાખે તો અનાચાર છે. પણ આટલો જરી અંશે... વસ્તુની સ્થિરતાની અંદરમાં આવા જે અણુવ્રતના વિકલ્પો ઊઠે છે, એમાં પણ આવા દોષ લાગે તેને ટાળવા. એમ કહેવામાં આવે છે. હવે પેલી બહારની વાત રહી ગઈ, મૂળ વાત પડી રહી. સમજાણું? કે આ ટાળવું અને આ કરવું. પણ મૂળ દર્શનશુદ્ધિ, કે ભગવાન અંતર્મુખે જે પ્રાપ્ત થાય... સમજાણું કાંઈ? એ બહિર્મુખની કોઈ ક્રિયાથી આત્મા પ્રાપ્ત થાય એવો નથી. કહો, સમજાણું કાંઈ?

વર્તે અંતર શોધ. 'શ્રીમદ્'માં આવે છે ને? 'તે જિજ્ઞાસુ જીવને થાય સદ્ગુરુ બોધ, તો પામે સમકિતને પણ વર્તે અંતર શોધ.' બહારના લક્ષે અંતરનું લક્ષ થઈ શકે નહિ એમ કહે છે. 'ન્યાલચંદભાઈ'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ પહેલું આવ્યું. 'વર્તે અંતરશોધ.' ત્યારે પેલો બોધ થયો એવું એને નિમિત્ત કહેવામાં આવે છે. બોધ આવ્યોને પહેલો? થાય સદ્ગુરુ બોધ. 'હીરાભાઈ'! પણ વર્તે અંતરશોધ. એ પહેલાવહેલા આમ જ છે કહે છે. અંતરમાં આત્મા શું છે એની શોધમાં જાય તો તે સમકિતને પામે. 'સેઠી'! આહાહા..!

મુમુક્ષુ :– બેયને થોડું થોડું આપવું.

ઉત્તર :– પણ બેયની દિશા જ ફેર (છે), એમાં વાત શું કરવી? કહો. એકની દિશા આમ અને દશા બાહ્ય, એકની દિશા અંદર અને સ્થિરતા આદિ, શ્રદ્ધા આદિ અંદરથી પ્રગટ થાય.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– કાર્યકારી નથી, હો! પરંતુ. પરંતુ એક અંદર આવ્યું પણ, હોં! આહાહા..!

જુઓને! આ તો વાત શું કહે છે કે, આવી વાત છે એ અંતર્મુખની દૃષ્ટિ થઈ છે અને અંતર્મુખ સ્થિરતા પણ થઈ છે. જ્ઞાયક ભગવાનનો શક્તિનો વિકાસ કર્યો છે. સમજાણું? એના આ જે કાંઈ મર્યાદિત પરિણામ કર્યાં હોય એમાં એને દોષ લાગવા જોઈએ નહિ. સમજાણું કાંઈ? દોષ ન લગાડવા માટે આ વાત છે. આ અતિચાર છે માટે વાંધો નથી એમ નહિ. સમજાણું? એકદેશ અંશે પણ... પણ મૂળ ચીજ સહિત. મૂળ ચીજ ન હોય તો એને વ્રત પણ નથી અને અતિચાર નથી અને કાંઈ નથી. એને બધી પાપની છૂટ છે. આહાહા..!

ભીંત ઊભી કરી હોય, પછી એમાં કાંકરી નીકળે તો એના લીંપણ માટે કહેવાય કે ભાઈ! આને ચાંદો. પણ ભીંત જ નથી ત્યાં... ભીંત સમજો છો? શું? દિવાલ. દિવાલ હોય,

www.vitragvani.com



તો કાંઈ કાકરી ક્યાંકથી નીકળી હોય તો, ભાઈ! ત્યાં કાંકરી દાબો કે ચૂનો નાખો, પણ વસ્તુ જ્યાં નથી ત્યાં ભીંત જ ન મળે ત્યાં અધ્ધર આકાશમાં નાખવો?

એમ આત્મા જ્ઞાનાનંદ ધ્રુવ ચૈતન્ય ભીંત જ જ્યાં દૃષ્ટિમાં પ્રગટી નથી. સમજાણું કાંઈ? એના વિના એને સ્થિરતા ન હોય, સ્થિરતા વિના આ છિદ્ર દોષ લાગે એને ટાળવા એ એને ક્યાંથી હોય? કહો, આહાહા..! એમ ઝટ દઈને મળી જાય એવું નથી, કહે છે. બહુ અંદર જાગૃતિનો પુરુષાર્થ જોઈએ છે. બહારના કોઈ ભણતરથી, ક્રિયાથી, રાગની મંદતાથી કોઈ રીતે તે આત્મા પ્રાપ્ત થાય એવો નથી. આહાહા..!

એવા અંતર્મુખની દૃષ્ટિ થઈ છે અને એમાં અંતર્મુખ સ્થિરતા પણ થોડી સ્થિર થઈ છે. ઘણી સ્થિરતા થાય તો મુનિપણું સર્વવિરતિ હોય. આ તો શ્રાવક. એ સર્વવિરતિનું આગળ આવશે. સર્વચારિત્ર, સકળચારિત્ર. એવા શ્રાવકને આવા પાંચ અતિચાર છોડવા જોઈએ. સમજાણું?

**'દાસ-દાસીનું પરિમાણ વધારી દેવું, કુપ્ય એટલે ગરમ અને સુતરાઉ–'** કાપડ. બેમાં બબ્બે લઈ લીધા. પહેલા ચારમાં બબ્બે લીધા આઠ અને આમાં કુપ્યમાં બે. ગરમ અને સુતરાઉ. **'भेदयो'** છે ને અંદર મૂળ તો. **'कुप्यस्य भेदयो'** એમ પાઠ છે ને ભેદ?

**'ગરમ અને સુતરાઉ-એ બન્ને પ્રકારનાં વસ્ત્રોનું પરિમાણ વધારી દેવું;...'** જુઓ! ગરમ કપડા ખપે છે. એમ તો સાવ... છે કે નહિ? **'આ રીતે આ પાંચ પરિગ્રહપરિમાણવ્રતના અતિચાર છે.'** એ અતિચાર વ્રતનો એકદેશ ભંગ છે. એને સર્વથા ભંગ હોય તો વ્રત જ ન રહે. પણ એકદેશ છે એટલે એની જાળવણી કરીને છોડી દેવા.

## ગાથા–૧૮૮

**દિગ્વ્રતના પાંચ અતિચાર બતાવે છે :–**

**ऊर्ध्वमधस्तात्तिर्यग्व्यतिक्रमाः क्षेत्रवृद्धिराधानम्।**
**स्मृत्यन्तरस्य गदिताः पञ्चेति प्रथमशीलस्य।।१८८।।**

**અન્વયાર્થ :– [ ऊर्ध्वमधस्तात्तिर्यग्व्यतिक्रमाः ] ઉપર, નીચે અને સમાન ભૂમિની કરેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવું અર્થાત્ જેટલું પ્રમાણ કર્યું હોય તેનાથી બહાર ચાલ્યા જવું, [ क्षेत्रवृद्धिः ] પરિમાણ કરેલા ક્ષેત્રની લોભાદિવશ વૃદ્ધિ કરવી અને [ स्मृत्यन्तरस्य ] સ્મૃતિ સિવાયના ક્ષેત્રની મર્યાદા [ आधानम् ] ધારણ કરવી અર્થાત્ યાદ ન રાખવી, [ इति ] એ [ पञ्च ] પાંચ અતિચાર [ प्रथमशीलस्य ] પ્રથમ શીલ અર્થાત્ દિગ્વ્રતનાં [ गदिताः ] કહેવામાં આવ્યા છે.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**ટીકા :– 'ऊर्ध्व व्यतिक्रमः अधस्तात् व्यतिक्रमः तिर्यक् व्यतिक्रमः क्षेत्रवृद्धिः, स्मृत्यन्तरस्य आधानम् इति पञ्च अतीचाराः प्रथमशीलस्य दिग्व्रतस्य सन्ति।' - અર્થ :– ૧. મર્યાદા કરેલી ઉપરની દિશાઓનું ઉલ્લંઘન કરવું, ૨. મર્યાદા કરેલી નીચેની દિશાઓનું ઉલ્લંઘન કરવું, ૩. મર્યાદા કરેલી તિર્યક્ દિશાઓનું ઉલ્લંઘન કરવું, ૪. મર્યાદા કરેલા ક્ષેત્રને વધારવું, ૫. પરિમાણ કરેલી મર્યાદાને ભૂલી જઈને હદ વધારી દેવી-એ પાંચ અતિચાર દિગ્વ્રતનાં છે. ૧૮૮.**

---

**'દિગ્વ્રતના પાંચ અતિચાર બતાવે છે :-'**

**ऊर्ध्वमधस्तात्तिर्यग्व्यतिक्रमाः क्षेत्रवृद्धिराधानम्।**
**स्मृत्यन्तरस्य गदिताः पञ्चेति प्रथमशीलस्य।।१८८।।**

પહેલું શીલ. પેલા પાંચ અણુવ્રત હતા. આ ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત, આઠ શીલવ્રત, એમાં સંથારો આવશે. એમાં આ પહેલું શીલવ્રત છે.

**ટીકા :– '૧. મર્યાદા કરેલી ઉપરની દિશાઓનું ઉલ્લંઘન કરવું,..'** ઉપર કર્યું હોય, .. પછી પાંચ માળ ઉપર છઠ્ઠો માળ કરવો નહિ. સમજાણું? અત્યારે તો 'અમેરિકા'માં ૫૦-૫૦ માળ થાય છે ને? નીચે પહોળી જગ્યા ન હોય પછી આમ ઊંચી કરે. કહે છે પણ એમાં મર્યાદા કરી હોય એથી વધારવા, થોડું પણ વધારી દે, ભાઈ! એક અગાસી જેટલો કટકો વધારી દ્યો માથે. સમજ્યા ને? તો એ દોષ છે, અતિચાર છે. જેટલું પરિમાણ કર્યું કે ભાઈ! પાંચ માળ જ બસ. એ ઉપર મારે નહિ. પણ એમાં થોડો ભાગ વળી ઉતારી દે. અગાસીનો ભાગ જરી. સમજ્યા ને? કે આપણે માળ નથી કરવો. પણ કડ-કડ પેલી કરો. માથે કામ આવશે. એવો અતિચાર ન કરવો. 'રાજમલજી'! આ તો બધા લેખા છે. આખી દુનિયાના લેખા આમાં છે. શું છે? કેમ છે? બધું એને ખ્યાલ છે. સમજાણું?

**'૧. મર્યાદા કરેલી ઉપરની દિશાઓનું ઉલ્લંખન કરવું, ૨. મર્યાદા કરેલી નીચેની દિશાઓનું ઉલ્લંખન કરવું,...'** ભોંયરું.. ભોંયરું. ભોંયરામાં રાખ્યું હોય કે મારે ૫૦-૬૦ (ફૂટ નીચે) લઈ જવું. એમાંથી વળી કાંઈક આઘું થોડું નીકળતા.. નીકળતા.. કોઈ થોડું આઘું ખોદી નાખે. ક્યાંકથી પૈસા-બૈસા નીકળી જાય.

મુમુક્ષુ :– એવું તો ન કરે.

ઉત્તર :– નીકળ્યા હોય. પછી કહે છે આ પેલી કોરની જમીનનું આપણું પરિમાણ નથી. આ બાજુ નીકળ્યું. આ તો છેડો લાંબો છે. આ તો ઘણા ત્રણ કાળની વાત છે ને? માપ કર્યું એમાંથી થોડું બહાર નીકળ્યું. પછી વધારે ખોદવા જાવ ત્યાં આખું નીકળશે. મર્યાદાથી આઘું જવું નહિ. એમ વાત છે અહીં. ઊંડા ભોંયરામાં. સમજાણું? ભોંયરા હોય છે ને ઘણા? પાણીના ઊંડા ટાંકા કરે. એમાં પણ એનું પ્રમાણ હોય એટલું જ લઈ જવું. વધારે ન કરવું.

www.vitragvani.com



નહિ તો અતિચાર છે. ભાઈ! આ તો જેમ જેમ બહારની મમતા વધારે છે એને ઘટાડવાની વાત છે. ખેતરમાં જવું, બહારમાં મકાન આદિ વિશેષ ક્ષેત્રો વધારવા. સમજ્યા ને? એ બધી મમતા છે, એ મમતા ઘટાડવાની વાત છે. વસ્તુમાં એ નથી પણ એવી દૃષ્ટિપૂર્વક એ મમતાને ઘટાડવી એમ વાત છે. સમજાણું?

**'મર્યાદા કરેલી તિર્યક્ દિશાઓનું ઉલ્લંઘન કરવું,...'** તીરછી દિશા તીરછી. આ મકાનો આદિ હોય એમાં થોડી વાડ, વેલો વધારી દેવો, એ દોષ છે. **'મર્યાદા કરેલા ક્ષેત્રને વધારવું,...'** પોતાનું ક્ષેત્ર. **'પરિમાણ કરેલી મર્યાદાને ભૂલી જઈને હદ વધારી દેવી–'** લ્યો. ભૂલી જાય. એમ એવો અતિચાર કહેવો છે ને? ભૂલી જાયને હાથ વધારી દે. **'એ પાંચ અતિચાર દિગ્વ્રતના છે.'** એ શ્રાવકે છોડવા જોઈએ.

## ગાથા–૧૮૯

### દેશવ્રતના પાંચ અતિચાર

प्रेष्यस्य संप्रयोजनमानयनं शब्दरूपविनिपातौ।
क्षेपोऽपि पुद्गलानां द्वितीयशीलस्य पञ्चेति।।१८९।।

**અન્વયાર્થ :– [ प्रेष्यस्य संप्रयोजनम् ] પ્રમાણ કરેલા ક્ષેત્રની બહાર બીજા મનુષ્યને મોકલવો, [ आनयनं ] ત્યાંથી કોઈ વસ્તુ મંગાવવી, [ शब्दरूपविनिपातौ ] શબ્દ સંભળાવવા, રૂપ બતાવીને ઇશારા કરવા અને [ पुद्गलानां ] કાંકરા વગેરે પુદ્ગલો [ क्षेत्रोऽपि ] પણ ફેંકવા-[ इति ] આ રીતે [ पञ्च ] પાંચ અતિચાર [ द्वितीयशीलस्य ] બીજા શીલના અર્થાત્ દેશવ્રતના કહેવામાં આવ્યા છે.**

**ટીકા :– 'प्रेष्यस्य संप्रयोजनम् आनयनं शब्दविनिपातौ रूपविनिपातौ पुद्‌गलानां क्षेपः इति पञ्च अतीचाराः द्वितीयशीलस्य सन्ति।' - અર્થ :– ૧. મર્યાદા બહાર નોકર ચાકરને મોકલવા, ૨. મર્યાદા બહારથી કોઈ વસ્તુ મંગાવવી, ૩. મર્યાદા બહાર શબ્દ કરીને-બોલીને પોતાનું કામ કરવું, ૪. મર્યાદાની બહાર પોતાનું રૂપ દેખાડીને સ્વાર્થ સાધવો, ૫. મર્યાદા બહાર કોઈ ચીજ વગેરે ફેંકીને પણ પોતાનું કાર્ય કરી લેવું-એ પાંચ દેશવ્રતના અતિચાર છે. ૧૮૯.**

---

'દેશવ્રતના પાંચ અતિચાર...'

प्रेष्यस्य संप्रयोजनमानयनं शब्दरूपविनिपातौ।
क्षेपोऽपि पुद्गलानां द्वितीयशीलस्य पञ्चेति।।१८९।।

www.vitragvani.com



**'ટીકા :– ૧. મર્યાદા બહાર નોકર ચાકરને મોકલવા,...'** જે મર્યાદા કરી હોય જમીનની કે આટલા બહાર નીકળવું નહિ. અને નોકર ચાકરને મોકલવા. કે ભાઈ! હું તો નહિ જાવ પણ નોકરને મોકલે. એ અતિચાર છે. નોકર કામ કરશે. મારે તો બહાર નીકળવાની મર્યાદા છે. નોકર ચાકરને મોકલે. 'મુંબઈ' બહાર જવાની મારે (મર્યાદા) છે. આઘે જરી લાભ થાય એવું છે. નોકરને મોકલે.

**'૨. મર્યાદા બહારથી કોઈ વસ્તુ મંગાવવી,...'** જેટલા ક્ષેત્રની મર્યાદા છે, ત્યાંથી વસ્તુને મંગાવવી. પેલાને મોકલવો અને આને મંગાવવી. આને અહીં મોકલવો અને પેલાને ત્યાંથી અહીં મંગાવવી. એ બધું પરિમાણ હોય એને ઓળંગવું નહિ.

**'૩. મર્યાદા બહાર શબ્દ કરીને-બોલીને પોતાનું કામ કરવું,...'** સમજાણું? દેશાવગાશિક કહેવાય છે ને? એ આ. પોતાનું કામ કરવું. બહાર ઊભો હોય. પોતાના ક્ષેત્રની મર્યાદા બહાર ઊભો હોય, સમજાણું? એણે **'શબ્દ કરીને-બોલીને પોતાનું કામ કરવું,...'** અહીં પોતાની મર્યાદાની જમીનમાં ઊભો રહે, પેલો ક્ષેત્રની મર્યાદા બહાર ઊભો હોય, એની સાથે વાત કરીને કામ કરવું, એ પણ અતિચાર છે. જુઓ! એક માર્ગ. કેટલી વિશાળતાનું કેટલું સ્વરૂપ છે!

મુમુક્ષુ :– કેટલી અંદરમાં સાવચેતી રાખવાની.

ઉત્તર :– હા. કેટલા પ્રકાર! અમુક મર્યાદા હોય પાંચ યોજન. હવે એ માણસ અહીં નથી તો જરા પેલીકોર જાય. હવે એની વાતચીત કરો, આડતિયો હોય કોઈ એવો, તો અહીં પોતાની મર્યાદામાં ઊભો હોય, પેલો મર્યાદા બહાર (ઉભો હોય એની) સાથે વાતચીત કરવી અને કામ લેવું.

મુમુક્ષુ :– હવે તો ટેલીફોન છે.

ઉત્તર :– એ પણ નહિ. ટેલિફોન પણ ન કરવા એમ અહીં કહે છે. મર્યાદા બહાર ટેલીફોન ન કરવો. જેટલી મર્યાદા કરી હોય એનાથી ટેલીફોન આઘો ન મૂકવો એમ કહે છે. જેને આત્માના સ્વભાવનું ભાન છે અને શાંતિ વધારવી છે, એને પરિમાણથી જે વસ્તુ કરી હોય, એને ઓળંગવી ન જોઈએ. દુનિયા તો અનાદિથી સ્વચ્છંદે ચાલી જાય છે. એ તો સંસાર છે એની વાત નથી અહીંયા. આ તો મોક્ષમાર્ગની વાત છે. સમજાણું કાંઈ?

**'મર્યાદા બહાર પોતાનું રૂપ દેખાડીને સ્વાર્થ સાધવો,...'** શરીરને દેખાડીને કાંઈક કામ કરવા માગે છે, કહેવા માગે છે. શરીરનું રૂપ દેખાડે. ઠીક, આ ભાઈ આવ્યા લાગે છે. કાલે કાંઈક કામ હતું એ આજ કાંઈક કરાવવા માંગે છે. એમ કરીને રૂપ દેખાડીને કામ સાધવું. જુઓ! કેટલા પ્રકાર આવે છે.

મુમુક્ષુ :– આખી દુનિયાની ખબર છે.

ઉત્તર :– આખી દુનિયાની ખબર છે. કહો, 'રાજમલજી'! કહો, વકીલાતમાં તમારે બધા કાયદા હશે. અહીં તો કેટલા બધા કાયદા છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

**'મર્યાદા બહાર કોઈ ચીજ વગેરે ફેંકીને પણ પોતાનું કાર્ય કરી લેવું-'** જોયું! બહાર ખેતર અહીં ને અહીં પોતાની મર્યાદામાં રહ્યું હોય પણ ચીઠ્ઠી નાખે, કાંકરી નાખે, પેલો સૂતો હોય એને જગાડીને કામ કરવું હોય, કાગળ લખીને નાખે આમ. વાંચી લે કરી લેજો. બોલે નહિ. કહો. મમતાના કેટલા પ્રકાર છે અને એ મમતામાંથી હઠવું એની વાત ચાલે છે. એમ વાત છે, ભાઈ અહીં તો. સમજાણું?

દૃષ્ટિમાંથી તો મમતાનો વિકલ્પ મારો નથી એનો ત્યાગી તો પહેલા જ મિથ્યાત્વના ત્યાગ વખતે થઈ ગયો છે. આ તો ચારિત્રમાં જે અસ્થિરતા છે તેને છોડવી એની વાત ચાલે છે. સમ્યગ્દર્શન થતાં, વિકલ્પમાત્રનો ત્યાગી છે. કોઈ મારી ચીજમાં રાગ નથી, શરીર નથી, કર્મ નથી, કોઈ ચીજ મારે છોડવા જેવી નથી, કોઈ ચીજ મારે ગ્રહવા જેવી નથી. એ વસ્તુ તો દૃષ્ટિમાં પહેલી થઈ ગઈ છે. પછી અસ્થિરતા જે છે એને ઘટાડવાની આ વાત ચાલે છે. આસક્તિને ઘટાડવાની વાત છે. દૃષ્ટિમાં તો બધો ત્યાગ જ છે પહેલો. સમજાણું? દૃષ્ટિમાં તો વિકલ્પ ખપતો નથી, એક સમયની પર્યાય ખપતી નથી. ત્રિકાળ દ્રવ્ય જ ખપે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ અસ્થિરતાના આસક્તિના જે દોષ છે, એ આ દૃષ્ટિ પછી સ્થિરતા કરીને, આવી અસ્થિરતા ટાળવી. અને એવામાં કોઈ અતિચાર દોષ આવવા લાગતા હોય તો એને ખ્યાલ કરાવે છે, સમજાવે છે. એને ખબર ન હોય તો સમજાવે છે કે આવા અતિચાર હોય એ તારે કરવા નહિ. અહો...! વીતરાગ શાસન કેટલું અંશે-અંશમાં નિર્દોષતાથી ભરેલું છે! નાનામાં નાનો દોષ પણ કેવો છે એનો એને ખ્યાલ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– .. તમામ મર્યાદા...

ઉત્તર :– બધી. વીતરાગમાર્ગ. એકદમ સંકેલીને પૂર્ણ અંદર જાવું છે. દૃષ્ટિ તો કરી પણ સ્થિરતા અંદરમાં પૂર્ણ કરવી છે. હવે પૂર્ણ ન થઈ શકે એને અંશે આમ કરવી એની મર્યાદાની જે સ્થિતિ છે એને ઓળંગવી નહિ. એવી વાત છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગમાં આવું હોય છે. બીજે ક્યાંય આવી સ્થિતિ હોતી નથી. પર્યાયમાં ભાન થયું અને હવે પર્યાયમાં આસક્તિ છે એને ઘટાડવાની રીત છે. જ્યાં પર્યાય માની નથી, પર્યાયનો સુધારો-વધારો, ઓછી-વત્તી થવી એમ માન્યું નથી. એને આ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેટલાક કહે ને આ વેદાંત અને નિશ્ચયનું (એક સરખું છે), બાપુ! કાંઈ મેળ નથી.

મુમુક્ષુ :– કેટલેક હદ સુધી તો હોય ને.

ઉત્તર :– જરાપણ મેળ નથી. અસર્વાંશમાં એણે સર્વાંશ માન્યું છે એટલે એનો અસર્વાંશ છે એ પણ ખોટો છે.

મુમુક્ષુ :– આ પણ આત્મા છે એમ માને છે, અને એ પણ આત્મા છે...

ઉત્તર :– ના ના બિલકુલ નહિ, બિલકુલ નહિ. છે એ અપેક્ષાએ બરાબર. જેવું સ્વરૂપ

www.vitragvani.com



છે એ અપેક્ષાએ બિલકુલ સાચું નથી. એક સમયનો ભગવાન પરિપૂર્ણ અનંતગુણોથી, જેની એકાગ્રતાથી... હવે જુઓ! એ પર્યાય આવી. એની પર્યાય ક્યાં સ્વીકારે છે? નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું? અહીં તો વસ્તુ અખંડ અભેદ (હોવા) છતાં એનો ભેદ, પર્યાયરૂપ ભેદ છે, પર્યાયરૂપ એનો એક અંશ ભેદ છે. સમજાણું? એની અંદરમાં નિર્મળતા પ્રગટી છે કેટલી એનો અહીં વિવેક કરીને એ નિર્મળતામાં અમુક મલિનતા ન થવા દેવી એની વાત છે. આહાહા..! બહુ ઝીણું! ત્યાં ક્યાં આ હતું? સમજાણું? વેદાંતની સાથે મળે છે. ફલાણું... કોઈ સાથે મળતું નથી, ભાઈ! તને ખબર નથી. એક એક અંગને કહે છે એ છે એ અપેક્ષાએ છે. લીધુંને 'સમયસાર નાટક'માં. કે નિશ્ચયનું અંગ આ વેદાંત કહે છે, ફલાણાનું વેદાંત કહે છે. પણ એ તો આખું પૂર્ણ માને છે ને? માટે એકાંત છે.

પર્યાયની શુદ્ધિના પણ અનેક પ્રકાર અને એમાં અશુદ્ધિના પણ અનેક પ્રકાર. ત્યારે અશુદ્ધતાને ટાળવાનો પ્રકાર, શુદ્ધિની વૃદ્ધિના આ બધા પ્રકારની વ્યાખ્યા ચાલે છે. જેને પર્યાય જ નથી, અવસ્થા નથી, હાલત જેણે માની નથી એને આ ભંગ ને આ છોડવું, ઉઠવું, થવું, વધારે મલિનતા થવી, વધારે શુદ્ધિ થવી, એ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? માટે વીતરાગમાર્ગની સાથે બીજો કોઈ માર્ગ જરાપણ મેળ ખાય એવો નથી. વેદાંત આમ કહે છે ને ફલાણું આમ કહે છે ને ઢીંકણું આમ કહે છે. 'જિનવરમાં સઘળા દર્શન છે, દર્શન એ જિનવર ...' એમ આવે છે. એ તો અપેક્ષિત કીધું. 'આનંદઘનજી'એ. 'જિનવરમાં સઘળા દર્શન છે.' બધા એકાંતો મત છે એ બધા આમાં સમાય જાય છે. અભેદ વસ્તુમાં એ કોઈ બાકી રહેતું નથી. પણ એમાં ભજના એટલે ત્યાં ક્યાં માર્ગ છે? એક અંશ માન્યું છે એમાં કાંઈ આખો માર્ગ નથી. વિપરીત છે.

**'એ પાંચ દેશવ્રતના અતિચાર છે.'** આહાહા..! બહાર ખેતરમાં પણ જે વૃત્તિ રહેવી એ મમતા છે. એને વિશેષ ક્ષેત્રમાં ન લાવતા, નજીકમાં ક્ષેત્ર-પ્રમાણ લાવવું, એટલી મમતા ઘટે છે. એટલો અંદરમાં વળે છે. એટલી હિંસા ટળે છે અને એટલી અહિંસા વધે છે. સમજાણું કાંઈ? આ અહિંસા પરમો ધર્મ વીતરાગનો છે.

## ગાથા-૧૯૦

**અનર્થદંડત્યાગ વ્રતના પાંચ અતિચાર**

**कन्दर्पः कौत्कुच्यं भोगानर्थक्यमपि च मौखर्यम्।**
**असमीक्षिताधिकरणं तृतीयशीलस्य पञ्चेति।।१९०।।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અન્વયાર્થ :– [ कन्दर्पः ] કામનાં વચન બોલવાં, [ कौत्कुच्यं ] ભાંડરૂપ અયોગ્ય કાયચેષ્ટા કરવી, [ भोगानर्थक्यम् ] ભોગ-ઉપભોગના પદાર્થોનું અનર્થક્ય, [ मौखर्यम् ] વાચાળપણું [ च ] અને [ असमीक्षिताधिकरणं ] વિચાર કર્યા વિના કાર્ય કરવું; [ इति ] એ રીતે [ तृतीयशीलस्य ] ત્રીજા શીલ અર્થાત્ અનર્થદંડવિરતિ વ્રતના [ अपि ] પણ [ पंच ] પાંચ અતિચાર છે.

ટીકા :– 'कन्दर्पः कौत्कुच्यं भोगानर्थक्यम् मौखर्यम् च असमीक्षिताधिकरणं इति तृतीयशीलस्य पञ्च अतीचाराः सन्ति।' - અર્થ :– ૧. હાસ્ય સહિત ભાંડ વચન બોલવાં, ૨- કાયાથી કુચેષ્ટા કરવી, ૩-પ્રયોજનથી અધિક ભોગના પદાર્થો ભેગા કરવા તથા નામ ગ્રહણ કરવું, ૪- લડાઈ-ઝગડા કરાવનાર વચનો બોલવાં, ૫- પ્રયોજન વિના મન, વચન, કાયાનો વ્યાપાર વધારતા જવું - એ જ પાંચ અનર્થદંડત્યાગવ્રતના અતિચાર છે. ૧૯૦.

---

'અનર્થદંડત્યાગના વ્રતના પાંચ અતિચાર...'

कन्दर्पः कौत्कुच्यं भोगानर्थक्यमपि च मौखर्यम्।
असमीक्षिताधिकरणं तृतीयशीलस्य पञ्चेति।।१९०।।

ટીકા :– '૧. હાસ્ય સહિત ભાંડ વચન બોલવાં,...' મશ્કરી સહિત વિષયના વચનો આદિ બોલવા. ભાંડ જેવા વચનો બોલવા. એ અતિચાર છે. મફતનો અનર્થદંડ. કેટલાકને એવી ટેવ હોય છે ને? વગર (કારણે) હાસ્ય કરતો જાય અને મશ્કરીમાં એવા વચનો બોલે કે સામાનાં મર્મ ખુલી જાય. એવા વચનો જ્ઞાનીને, વ્રતધારીને હોઈ શકે નહિ. જેને બહારથી ખેંચીને પૂર્ણ અંતરમાં ઠરવું છે, એવી તો જેની ભાવના છે. સમજાણું કાંઈ? મોક્ષની ભાવના છે ને? એનો અર્થ કે બહારથી ખેંચીને પૂર્ણ અંદરમાં ઠરવું છે એવી તો ભાવના છે. હવે એની મર્યાદા... આ તો મર્યાદા એટલું બધું કરી શકતો નથી એથી એની મર્યાદામાં આવા દોષ એને હોવા જોઈએ નહિ. એમ કહે છે.

'૨. કાયાથી કુચેષ્ટા કરવી,...' શરીરના અવયવો આદિ દેખાડીને કુચેષ્ટા કરવી, એવું હોય નહિ. એવું અનર્થ, વગર પ્રયોજનનું એ પાપ છે. એને આમાંથી છોડવું જોઈએ. '૩. પ્રયોજનથી અધિક ભોગના પદાર્થો ભેગા કરવા...'

મુમુક્ષુ :– એ તો શું થાય બીજું? પુણ્ય હોય તો...

ઉત્તર :– પુણ્ય હોય તો એમ હોય? મર્યાદા. પુણ્ય હોય તો શું? એની મર્યાદા કરે. આટલા નહિ. આટલા વધારે પદાર્થો, આટલા મકાન સિવાય, આટલી ફલાણું, આટલા ગાદલા-ગોદડા કે ઓઢવાના કપડા, કોટ એ બધાની મર્યાદા.

'પ્રયોજનથી અધિક ભોગના પદાર્થો ભેગા કરવા..' એ અતિચાર છે. 'मौखर्यम्' નામ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગ્રહણ એટલે **'मौखर्यम्'** જેમ તેમ વાચાળપણું કરવું. ભેગું નાખવું છે. ચોથા બોલમાં ભેગું. **'मौखर्यम्'** છે ને? એ ભોગ-ઉપભોગના માટે વાચાળપણું કરીને અતિચાર લગાડવો. છે ને? **'નામ ગ્રહણ...'** છે 'સેઠી'? ક્યાં? નામ ક્યાં છે, નામ? એમાં નામ આવ્યું. એ ન આવ્યું એટલે મેં પૂછ્યું. **'मौखर्यम्'** એટલે વાચાળપણું. બહું એવું વાચાળપણું કરીને દોષ લગાડે છે એ ન કરવા જોઈએ.

**'લડાઈ-ઝગડા કરાવનાર વચનો બોલવાં,...'** જુઓ! આ નારદ જેવા હોય છે ને? એવા વચનો બોલે કે પેલાના રૂવાંટા ઊભા કરે ને તકરાર કરે બે જણા, જાવ વઢો. **'લડાઈ-ઝગડા કરાવનાર વચનો બોલવાં,...'** એ અનર્થદંડ, વગર પ્રયોજનનું પાપ. વ્રતધારી શ્રાવક એવા કરે નહિ. **'પ્રયોજન વિના મન, વચન, કાયાનો વ્યાપાર વધારતા જવું...'** ઠીક. વગર પ્રયોજને મનના સંકલ્પ-વિકલ્પો, વગર પ્રયોજને વચન બોલવું, વગર પ્રયોજને હાલવાની ક્રિયા વધારવી, જોયું! કાંઈ પ્રયોજન નહિ. ચાલો, આમ કરો, આમ કરો. ત્રણે યોગમાં વગર પ્રયોજને.. પ્રયોજન હોય ત્યાં ઠીક, વગર પ્રયોજને એમને એમ ત્રણેનો વેપાર વધારતા જવું, **'એ જ પાંચ અનર્થદંડત્યાગવ્રતના અતિચાર છે.'** ઓહોહો..! સમજાણું કાંઈ?

કોઈ કહે કે, કર્મ અને કર્મના નિમિત્તે થતાં ભાવ વિનાનો આત્મા છે. બીજી રીતે કહે કે એની અસ્થિરતામાં એવા ભાવ હોય છે. એ તો વસ્તુ એવી છે એમ કીધી. પણ વસ્તુમાં સ્થિરતા-અસ્થિરતાના ભંગો અનેક પ્રકારના હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સ્થિરતામાં દખલગીરી કરે છે.

ઉત્તર :– અસ્થિરતા એ દખલગીરી છે, એમ કહે છે.

**'પાંચ અનર્થદંડત્યાગવ્રતના અતિચાર છે.'** એ છોડવા માટે કહે છે, હોં! આ. બચાવવા માટે નથી કહેતા કે ઠીક ત્યારે એ તો વાંધો નહિ આટલો અતિચાર છે. એમ હોય? એ તો એના બચાવ માટે નહિ, એને છોડવા માટે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અત્યારે કરીએ તો?

ઉત્તર :– ના, ના. સમ્યગ્દર્શન પછીની આ વાત છે. અત્યારે પહેલું હોય નહિ.

મુમુક્ષુ :– ઓછું કરીએ તો શું વાંધો?

ઉત્તર :– પણ ત્યાં હોય નહિ ને શું વાંધો. વસ્તુ શું છે એની નજર પડી નથી એમાં સ્થિરતા કરીએ તો? એમ વગર સમજે સ્થિરતા (કરીએ), પણ સ્થિરતા જ આવે ક્યાંથી? જ્યાં વસ્તુ શું છે એમાં સ્થિરતા તો ત્યાં કરવી છે. ત્યાં સ્થિરતામાં અસ્થિરતાના પ્રસંગ આવે એની આ વાત છે. મિથ્યાદૃષ્ટિને વ્રત આદિ બધા એ તો બાળવ્રત અને બાળ તપ છે. એને અતિચાર કેવા? બધું અનાચાર જ પડ્યું છે. વળી એને અતિચાર કેવા એને? મિથ્યાત્વનો જ અનાચાર પડ્યો છે, અવ્રતનો આખો અનાચાર પડ્યો છે. સમજાણું કાંઈ? પણ એણે બધું જાણવું તો જોઈએ ને? સમ્યગ્દર્શન સહિત સ્થિરતા આવી હોય, એમાં અસ્થિરતા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવી હોય નહિ. એ બધું જાણવું તો જોઈએને. સમજાણું કાંઈ? ચાર અનુયોગનું જ્ઞાન તો કરવું જોઈએને, એમ કહે છે. લ્યો.

## ગાથા–૧૯૧

**સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર**

**वचनमनःकायानां दुःप्रणिधानं त्वनादरश्चैव।**
**स्मृत्यनुपस्थानयुताः पञ्चेति चतुर्थशीलस्य।।१९१।।**

**અન્વયાર્થ :– [ स्मृत्यनुपस्थानयुताः ] સ્મૃતિઅનુપસ્થાન સહિત, [ वचनमनःकायानां ] વચન, મન અને કાયાની [ दुःप्रणिधानं ] ખોટી પ્રવૃત્તિ [ तु ] અને [ अनादरः ] અનાદર- [ इति ] એ રીતે [ चतुर्थशीलस्य ] ચોથા શીલ અર્થાત્ સામાયિકવ્રતના [ पञ्च ] પાંચ [ एव ] જ અતિચાર છે.**

**ટીકા :– 'वचनप्रणिधानं, मनःप्रणिधानं, कायप्रणिधानं तु अनादरः च स्मृत्यनुपस्थानयुताः इति पंच चतुर्थशीलस्य अतीचाराः सन्ति।' - અર્થ :– ૧. વચનનો દુરુપયોગ કરવો અર્થાત્ સામાયિક કરતી વખતે મંત્રનું ઉચ્ચારણ અથવા સામાયિક પાઠનું ઉચ્ચારણ બરાબર ન કરવું, ૨-મનનો દુરુપયોગ અર્થાત્ મનમાં ખરાબ ભાવના ઉત્પન્ન થવી, મનમાં અનેક સંકલ્પ-વિકલ્પ ઊઠવા, ૩-કાયાનો દુરુપયોગ અર્થાત્ સામાયિક કરતી વખતે હાથ-પગ હલાવવા, ૪-અનાદર અર્થાત્ સામાયિક આદરપૂર્વક ન કરતાં વેઠની જેમ પૂર્ણ કરવું, ૫-સ્મૃત્યનુપસ્થાન એટલે સામાયિકનો પાઠ ભૂલી જવો-એ સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર છે. સામાયિકમાં મન, વચન, કાયા એ ત્રણેની એકાગ્રતાની ઘણી જ આવશ્યકતા છે. એ ત્રણેને વશ કર્યા વિના સામાયિક થઈ શકતી જ નથી. માટે તેને અવશ્ય જ વશ કરવા જોઈએ. ૧૯૧.**

---

**'સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર...'** હવે સામાયિક. સામાયિક પણ હોય કોને? જેને શ્રાવકપણું અંદર વસ્તુ દૃષ્ટિમાં જ્ઞાનસ્વરૂપ, ચૈતન્ય આનંદ, હું આનંદ છું. આનંદસ્વરૂપ જ મારું છે. એ વિકલ્પ ઊઠે છે એ દુઃખ છે. આ આનંદ છે, એ દુઃખ છે. એવું જેને ભાન થયું છે. એને એ આનંદમાં રહેવાની દશાના નામને સામાયિક કહે છે. કહો, સમજાણું કાંઈ? સામાયિકમાં સમતાનો લાભ છે ને? સમતાનો લાભનો અર્થ કે વીતરાગતા. વીતરાગતાનો અર્થ કે આનંદ અને શાંતિનો સ્વાદ વધવો. એને સામાયિક કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**वचनमनः कायानां दुःप्रणिधानं त्वनादरश्चैव।**
**स्मृत्यनुपस्थानयुताः पञ्चेति चतुर्थशीलस्य।।१९१।।**

... દરેકના નામ લખ્યા છે, હોં! શીલ-શીલના નામ.

**ટીકા :–** ‘**वचनप्रणिधानं, मनःप्रणिधानं,** જુઓ! ટીકા એવી રીતે કરી. દરેકને લાગુ પાડ્યું છે. ‘**कायप्रणिधानं तु अनादरः च स्मृत्यनुपस्थानयुताः इति पंच चतुर्थशीलस्य अतीचाराः सन्ति।**’ લ્યો. સમજ્યા ને? ‘**सन्ति**’ મેળવ્યું છે. ‘**વચનનો દુરુપયોગ કરવો અર્થાત્ સામાયિક કરતી વખતે મન્ત્રનું ઉચ્ચારણ અથવા સામાયિક પાઠનું ઉચ્ચારણ બરાબર ન કરવું,...**’ એ એક અતિચાર છે. વચનનો દુરુપયોગ. જેમ તેમ વચન બોલવા તે સામાયિકમાં ન હોય અને સામાયિકમાં એ છે કે... અહીં એમ નથી કે છ કોટીની સામાયિક અને આઠ કોટીની સામાયિક, અહીં તો સામાયિક એટલે અંદરમાં મન-વચન-કાયાથી ... એનું નામ સામાયિક છે. છ કોટી અને આઠ કોટીની વાત જ ખોટી છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– પણ ત્રણે છે ને. આ પહેલો પાઠ આવ્યો ને? મન-વચન-કાયા આવ્યું ને. ‘**दुःप्रणिधानं**’ ત્રણેને છોડવા. વળી છ કોટીએ કરવું ને બે કોટીએ, ત્રણ કોટીએ છૂટ રાખવી, એય..! સામાયિક એવી હોય નહિ. એ સામાયિક ... છ કોટી આવે છે ને? ... સામાયિક તો મોઢે કરી હશે નહિ? પાઠ તો કર્યા હશે ને? પાઠ તો મોઢે કર્યા ને? પાઠનું કહું છું. ‘હીરાભાઈ’એ કરી હતી? દુવીણીં, તીવીણીં આવે છે ને? મન-વચન-કાયાએ કરવું અને કરાવવું નહિ. અનુમોદનની છૂટ. પણ સામાયિકમાં અનુમોદનની છૂટ આવી ક્યાંથી? એય..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, ના. સમતાભાવ રાખવો તો ત્રણેથી ખસીને રાખવો એ છે. નહિતર રહે શી રીતે? ન્યાયથી જુઓ. એ બધા વગર સમજેલા બધા ભંગ પાડેલા. એકદમ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ જે દૃષ્ટિમાં લીધો છે એમાં સ્થિરતા કરવી, એમાં વળી મનથી, કાયાથી છૂટ રાખવી છે. મન તો વિકલ્પ રાગ છે. એ બહાર તો બહાર છે. એ સામાયિકમાં આવ્યું ક્યાંથી? એય..! ‘...ભાઈ’! આ બધા છ કોટીના, આઠ કોટીના ઝઘડા. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– મૂળમાં ખોટા હતા તો ઉપરથી ખોટા હોય જ ને. મૂળમાં દૃષ્ટિમાં જ ખોટા. સમજ્યા વિના દેવ-ગુરુ-શાસ્ત્ર જ ખોટા છે. છ કોટી શેની પણ? સમતા કરું, આટલા કોટી સમતા રાખું, આટલા કોટી વિષમતા રાખું. અંદર જ્ઞાનસ્વરૂપમાં શુદ્ધ ચૈતન્યમાં જ્યાં એકાકાર થવું છે એમાં વળી અમુક છૂટ અને અમુક છૂટ એવા બે ભંગ હોઈ શકે કેમ ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વિકલ્પ એ રાગ છે. એ સમતા ક્યાં છે? સામાયિક ક્યાં છે? જેટલે અંશે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અંદર નિર્વિકલ્પતા સ્થિર થાય એટલે અંશે (સમતા છે). વિશેષ ન થાય એ જુદી વાત છે પણ થોડીક સમતાનો ભંગ રાખવો અને થોડી સમતા કરું, એમ છે કાંઈ એમાં? આહાહા..! જુઓ! આ આત્માનો માર્ગ. સમજાણું? આઠ કોટીવાળાને મનથી અનુમોદવું એ છૂટ, નહિ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– બસ. વચનથી, કાયાથી. મનથી અનુમોદે તો એ વિકલ્પ, રાગ થયો. ત્યાં સામાયિક ક્યાં આવી? એય..! એવું શીખ્યા હતા કે નહીં બન્ને? બન્ને પહેલા જતા. શું કરવા જતા?

મુમુક્ષુ :– પડિક્કમણું કરવા જતાં.

ઉત્તર :– પડિક્કમણું કરવા જતાં.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વસ્તુ જે વીતરાગ સ્વભાવ આત્માનો છે એમાં કોઈ કોટીએ ઓછો છે અને કોઈ કોટીએ વધારે એમ અંદર છે? એ તો ભગવાન જ્ઞાનની મૂર્તિ અરાગી વીતરાગ રસકંદ આત્મા છે. બસ, એની અંદરમાં જેટલો ત્રણ કોટીથી છૂટી, ત્રણેમાંથી નવ પ્રકારથી છૂટીને સ્થિરતાનો અંશ થાય એનું નામ સામાયિક છે. સમજાણું કાંઈ? એ પ્રશ્ન નીકળ્યો હતો (સંવત) ૧૯૭૨ની સાલમાં. 'સરવા'માં. જ્યારે પુરુષાર્થનો પ્રશ્ન ઉઠ્યો હતો ને? એમાં આ કાંઈક કોટિનું હતું. અંદર આવ્યું હતું. ભંગ-બંગ હોય નહિ. સમતાના પ્રકારમાં ભંગ-બંગ હોય નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પૂરું જ હોય. જેટલે અંશે છે એટલે અંશે. પેલાને નવ કોટી હોય તો પૂરું કહેવાય અને ઓછું હોય તો અધુરું કહેવાય એમ ... ઓછી સ્થિરતા છે પણ છે પૂરી. પૂરી એટલે કોઈ કોટીના પ્રસંગની છૂટવાળી નથી. એમ. ઓછીનો અર્થ એવો નથી કે બે કોટીએ છૂટ છે અને છ-આઠ થવાની કોટીએ બંધી છે. એમ અહીંયા ઓછાની વ્યાખ્યા નથી. આ ઓછાની વ્યાખ્યા સ્વરૂપમાં સ્થિરતાનો અંશ થોડો છે એમ ઓછાની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ?

વચનનો દુરુપયોગ. સામાયિક કરતી વખતે વચન આદિ પણ નહિ. મનનો દુરુપયોગ. મનમાં વિકલ્પ આદિની ખરાબ ભાવના ઉત્પન્ન થવી. **'મનમાં અનેક સંકલ્પ વિકલ્પ ઊઠવા,...'** સામાયિકનો દોષ છે. અંતરમાં જ્ઞાતા-દૃષ્ટામાં ઠરે છે એટલી સ્થિરતા છે. આહાહા..! એનું નામ ખરી સામાયિક છે. સામાયિક એ સંવર છે કે નહિ? તો સંવર તે રાગવાળો ભાગ હશે એને સંવર કહેવાય? ભારે માર્ગ, બાપા! કાયરના કાળજા કંપી ઊઠે એવો માર્ગ છે.

**'કાયાનો દુરુપયોગ અર્થાત્ સામાયિક કરતી વખતે હાથ-પગ હલાવવા,...'** પગ ઉપર પગ કરીને આમ હલાવે છે ને?

www.vitragvani.com



મુમુક્ષુ :– સદ્દુપયોગ અને દુરુપયોગ...

ઉત્તર :– દુરુપયોગ એટલે એ તો એવો ભાવ ન કરવો એમ. ભાવની વ્યાખ્યા. ભાષા તો એમ જ આવે ને. ભાવ એવો. અંદર કેટલાક પગ ઉપર પગ ચડાવીને બેસે છે ને? હલાવે છે ને આમ. ઊંચો પગ રાખીને હલાવે છે કે નહિ. આમ પગ કરીને પગને હલાવે. એ બધી કુચેષ્ટા છે. એવો ભાવ જ એ ખરાબ છે કહે છે. સમજાણું કાંઈ? એ હોંશિયારી માને. એવી રીતે પગ ઉપર પગ ચડાવીને બેસે અને પગ આમ આમ કરે તો એ હોંશિયાર કહેવાય. એ અહીં કહે છે કે પગ જ હલાવવાની વસ્તુનો ભાવ નથી. એ હલાવી શકે છે કે નહિ એ અત્યારે અહીં સિદ્ધ નથી કરવું.

મુમુક્ષુ :– .. સિદ્ધ થઈ જાય છે.

ઉત્તર :– ના, ના સિદ્ધ થતું નથી. એને એવો ભાવ ન આવવો જોઈએ એટલી વાત છે. હલાવવાની ક્યાં? આમ આમ થઈ જાય. અમસ્તુ પણ થઈ જાય. નથી થતું કોઈવાર? એનો ભાવ ન હોય તો આમ થઈ જાય. રગતરગ થઈ જાય. આમ થઈ જાય, ફડાક થઈ જાય. એ તો દેહની ક્રિયા છે. પણ પોતાના ભાવમાં ... આવે છે કે નહિ? ... વોસરે. આત્માને વોસરાવ્યો. અશુદ્ધ આત્માની જે પરિણતિ છે એને છોડું છું અને શુદ્ધ પરિણતિને કરું છું. એમ કહે છે એનો અર્થ. આ તો આખા આત્માને વોસરાવી દીધો, લ્યો. હવે રહ્યું તારે? કરનાર કોણ રહ્યો?

એ પણ 'શ્રીમદે' કહ્યું છે કે આખા આત્માના વોસરાવે છે. આવે છે ને 'શ્રીમદ્'માં? આવે છે. ... એવું આવે છે. .... માં આવે છે ને? કાંઈ ખબર ન મળે. આંધળે-આંધળા. ચાલે આંધળા. 'અંધો અંધ પલાય' દેખાડનારા આંધળા અને ચાલનારા આંધળા. એય..! ખાડીમાં પડશે. આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! કેવળજ્ઞાનની એક કળાથી ત્રણકાળ ત્રણલોક જણાણા. આહાહા..! એની મર્યાદા શું? એની હદ શું? એના સ્વભાવ શું? એવો બેહદ સ્વભાવ પોતાનો છે એવી અંતરમાં દૃષ્ટિ થઈ છે. અહીં પરિણામમાં મર્યાદા બાંધવા માટે મમતા ઘટાડવા, એટલી હિંસા ઘટાડવા (વાત કરે છે). એમાંથી આવા દોષ હોવા જોઈએ નહિ. કારણ કે એવા દોષ થવા સંભવ છે. એ સ્થાનમાં છદ્મસ્થ છે, રાગી છે તો દોષ થવા સંભવ છે. એટલે એવા દોષ થવા દેવા ન જોઈએ. સમજાણું?

'**૪- અનાદર અર્થાત્ સામાયિક આદરપૂર્વક ન કરતાં વેઠની જેમ પૂર્ણ કરવું,...**' પૂર્ણ કરી દેવું વેઠની જેમ. ફોજદાર લઈને જાય ને વેઠે. કણબીને વેઠે ગાડું લઈ જાય. વાડા હોય વેઠ... હવે એને .. ગામડામાં. વેઠે ગાડું લઈ જાય તો એ માંડ માંડ પૂરું કરવું હોય. એમ આને સામાયિક માંડ માંડ પૂરું કરવું હોય. પેલો તો અંદરમાંથી નીકળવું ગોઠે નહિ. કાલે ન આવ્યું? બપોરે આવ્યું હતું કે નહિ? અંતરના આત્માના આનંદનો સ્વાદમાં લેતા બહાર નીકળવું ગોઠે નહિ.

મુમુક્ષુ :– આ તો .. કેદમાં.

ઉત્તર :– એમ .... ચારથી કેદમાં. બે ઘડી, ચાર ઘડી કેદ થઈ ગઈ. આ એક કહેતો હતો. 'ઓઘડ નાનચંદ' હતો ને? 'ઓઘડ નાનચંદ'. ત્યાં 'પાળિયાદ' 'ઓઘડ નાનચંદ' નહોતો? એના છોકરા અહીં છે. એ કહેતા કે આ સામાયિક બાંધીને બેસે છે તો જાણે બંધનમાં બેઠા હોય. એના એ પથરણે મોપત્તી ઉતારીને બેસશે જાણે છૂટા છે. આ શું છે? મોપત્તી બાંધેને? સામાયિક જ્યાં છોડી પછી ભલે મોપત્તી એમ ને એમ છોડી ત્યાં છૂટા થાય. કાંઈ વસ્તુનું ભાન ન મળે. (સંવત) ૧૯૭૫ની સાલમાં કહેતા. 'ઓઘડ નાનચંદ' હતા, વિશાશ્રીમાળી. 'પાળિયાદ'. હુશિયાર કહેવાય. ગામમાં બે 'રાયચંદ ...' એ બે. કહે, આ શું છે? આ કરીએ છીએ ત્યારે આ બધું બંધન લાગે છે. છૂટા હોય ત્યારે એવું લાગે. કે જ્યાં સામાયિક પૂરી કરી અને પાળી. પાળી પછી બેઠા હોય તો છૂટા લાગે. આ શું? પહેલું અને છેલ્લું પણ હતું ક્યાં? સામાયિક જ ક્યાં હતી?

સામાયિક તો જેને આત્મા અંદર આનંદસ્વરૂપની સ્ફુરણા દૃષ્ટિમાં થઈ છે. આહાહા..! એનો વિશેષ આનંદ વધારવા એ પ્રયોગ છે. સામાયિકનો પ્રયોગ તો અંતરમાં આનંદ વધારવાનો એ સામાયિકનો પ્રયોગ છે. સામાયિકની અજમાઈશ છે, એ અજમાઈશ છે. કેટલી અંદરમાં સ્થિરતા રહી શકશે. પૂર્ણ સ્થિરતા કરવી છે તો મારે પણ સ્થિરતા વર્તમાનમાં કેટલી રહી શકે છે? સામાયિકનો સવાર, બપોર, સાંજ એ પ્રયોગ છે. સમજાણું કાંઈ? દિન દિન પ્રત્યેનો એ પ્રયોગ (છે). આઠ દિવસનો પ્રયોગ પછી પ્રૌષધમાં. આઠમ અને એ. આઠ દિવસનો પછી વધારે પ્રયોગ કરે છે. અંદર સ્થિર રહેવાની અજમાઈશ. મુનિપણું લેવું છે ને? અંતે તો મુનિપણું લેવું છે, ચારિત્ર. આ ચારિત્રના બધા ઉમેદવાર છે, ઉમેદવાર છે. સામાયિક અને પ્રોષધની ક્રિયા મુનિની ઉમેદવારી ક્રિયા છે. કહો, 'મહેન્દ્રભાઈ'! તમારી ઝવેરી દુકાને ... ઉમેદવાર પહેલા ... કેમ આ વેંચે છે અને શું છે? અને શું છે? ચાર-પાંચ દિવસ, ચાર-પાંચ વર્ષે જ્યારે ઉમેદવાર થાય, પછી વળી પૈસા ધરતા શીખે.

એમ ચારિત્રમોહનીયનો વીતરાગભાવ.. આહાહા..! પરમેશ્વરપદ. સમ્યગ્દૃષ્ટિને એ પરમેશ્વર ચારિત્રપદ લેવાની ભાવના છે પણ પુરુષાર્થની નબળાઈને લઈને કરી શકતો નથી. કર્મને કારણે નહિ, હોં! એટલે આવો સામાયિકનો પ્રયોગ મુનિપણાની ઉમેદવારીની હંમેશા બે ઘડી અખતરો પોતે અંદરમાં કરે છે. આહાહા..! કેટલો હું સ્થિર રહી શકું છું.

–'**સામાયિક આદરપૂર્વક ન કરતાં વેઠની જેમ પૂર્ણ કરવું, ૫-સ્મૃત્યનુપસ્થાન એટલે સામાયિકનો પાઠ ભૂલી જવો**–' આ પણ એટલા વર્ષમાં પહેલું અહીં ચાલે છે. આ ક્યાં વાંચ્યું હતું. વ્રતના, શ્રાવકના બધા દોષ. '**સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર છે.**' લ્યો. એ શ્રાવકે ટાળવા. '**સામાયિકમાં મન, વચન, કાયા એ ત્રણેની એકાગ્રતાની ઘણી જ આવશ્યક્તા છે.**' લ્યો. જોયું! ત્રણેમાં એકાગ્રતાની આવશ્યકતા છે. કાયા, મનમાં ન જાય પણ મનમાં

www.vitragvani.com



વિકલ્પ ગયો ત્યાં ક્યાં સમતા રહી? મૂળ તો એ સમતા કરવાની વાત છે.

મુમુક્ષુ :– મનની છૂટ થઈ ગઈ એટલે બધી છૂટ થઈ ગઈને? મન મોકળું પછી ...

ઉત્તર :– પણ વચન, કાયા તરફનો વિકલ્પ તો રોક્યો છે ને એમ કહે. એ ક્યાં વગર સમતામાં એ ભંગ હોય નહિ. એવી વાતો કરે. સમજાણું?

**'મન, વચન, કાયા એ ત્રણેની એકાગ્રતાની ઘણી જ આવશ્યક્તા છે.'** ચપળ જેના મન, વચન, કાયા તરફના ઉપયોગ છે એને અસ્થિરતા થવાનો ઘણો સંભવ છે. માટે ઘણી એની એકાગ્રતાની આવશ્યક્તા છે, જરૂરિયાત છે. **'એ ત્રણેને વશ કર્યા વિના સામાયિક થઈ શકતી જ નથી.'** લ્યો. ઠીક. ખુલાસો કર્યો. મનથી છૂટ રાખું, કાયાથી આમ, ઢીકણું આ. સામાયિકમાં એમ ન હોય. સમજ્યા? બીજા પચ્ચખાણમાં ઘણા પ્રકાર હોય. **'એ ત્રણેને વશ કર્યા વિના સામાયિક થઈ શકતી જ નથી. માટે તેને અવશ્ય જ વશ કરવા જોઈએ.'** જુઓ! આ સામાયિક. કહો. હવે હજી દેવ-ગુરુ-શાસ્ત્રની ખબર નથી, આત્મા શું છે એની ખબર નથી, કરો સામાયિક. આઠ આઠ વર્ષની છોકરી અને છોકરા સામાયિક કરે, લ્યો. પચરંગી એક પથરણે પાંચ. સવારથી બેસે. પાંચ થી દસ વાગ્યે. જાવ. પછી એને કાંઈક પૈસા આપે. સામાયિક કરી, બહુ સામાયિક કરી.

એક મિનિટની સામાયિક જન્મ-મરણના નાશ કરી દે એનું નામ સામાયિક છે. સામાયિકના પ્રકાર છે, એક સમ્યગ્દર્શન સામાયિક, એક સમ્યગ્જ્ઞાન સામાયિક, એક દેશસ્થિરતા સામાયિક, એક સર્વવિરતી સામાયિક. એ ચાર સામાયિક સંપ્રદાયમાં કહેતા, હોં!

મુમુક્ષુ :– કહેતા હતા પણ આવો ભેદ પાડીને ક્યાં કહેતા હતાં?

ઉત્તર :– પણ એ ક્યાં અંદર હતું એ? પણ સામાયિક એ પહેલી સમ્યગ્દર્શન સામાયિક છે એમ કહેતાં. પહેલું સમ્યગ્દર્સ વિના સામાયિક હોય નહિ. દેશવિરતી-ફીરતીને સામાયિક ન હોય. બીજી સમ્યગ્જ્ઞાન સામાયિક કહેતાં. આવે છે ને એવું થોડું. '...'માં આવે છે. એ કાંઈ કાઢતા નહોતા પણ અંદર આવતું હતું. સમ્યગ્જ્ઞાન એ પણ એક શુદ્ધ સ્વરૂપનું ભાન એ પણ સામાયિક છે અને સ્થિરતાનો અંશ છે એ દેશવિરતી સામાયિક છે. વિશેષ સ્થિરતા છે એ... કહો, સમજાણું ? જુઓને! અહીં તો ત્રણને વશ કરવા. ત્રણમાં એકની છૂટ નહિ. આ બધા ભંગ-બંગ પાડે છે એ વસ્તુને સમજતા નથી. સામાયિક કેવી હોય એને સમજતા નથી એમ કહે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૧૯૨

### પ્રોષધોપવાસ શિક્ષાવ્રતના પાંચ અતિચાર

**अनवेक्षिताप्रमार्जितमादानं संस्तरस्तथोत्सर्गः।**
**स्मृत्यनुपस्थानमनादरश्च पञ्चोपवासस्य।।१९२।।**

**અન્વયાર્થ :– [ अनवेक्षिताप्रमार्जितमादानं ] જોયા વિના કે શુદ્ધ કર્યા વિના ગ્રહણ કરવું, [ संस्तरः ] પથારી પાથરવી [ तथा ] તથા [ उत्सर्गः ] મળ-મૂત્રનો ત્યાગ કરવો, [ स्मृत्यनुपस्थानम् ] ઉપવાસની વિધિ ભૂલી જવી [ च ] અને [ अनादरः ] અનાદર- એ [ उपवासस्य ] ઉપવાસના [ पञ्च ] પાંચ અતિચાર છે.**

**ટીકા :– '१-अनवेक्षिताप्रमार्जितमादानं २-अनवेक्षिताप्रमार्जित संस्तरः ३-अनवेक्षिताप्रमार्जित उत्सर्गः ४-स्मृत्यनुपस्थानम् ५-अनादरश्च इति पञ्च अतीचाराः उपवासस्य सन्ति।' - અર્થ :– ૧- જોયા વિના તથા પોંછ્યા વિના કોઈ વસ્તુ ગ્રહણ કરવી, ૨-જોયા વિના સાફ કર્યા વિના પથારી પાથરવી, ૩-જોયા વિના સાફ કર્યા વિના મળ-મૂત્રનો ત્યાગ કરવો, ૪-ઉપવાસની વિધિ ભૂલી જવી અને ૫-તપ કે ઉપવાસની વિધિમાં અનાદર (ઉદાસીનતા) કરવો - એ પાંચ પ્રોષધઉપવાસવ્રતના અતિચાર છે. ૧૯૨.**

---

'**પ્રોષધોપવાસ શિક્ષાવ્રતના પાંચ અતિચાર...**' લ્યો. મહિનામાં આઠ-આઠ દિ' પ્રયોગ કરવો. આઠમ, ચૌદસે આઠ-આઠ દિ' આત્મામાં સ્થિરતાની અજમાઈશ. પેલી દિન-દિન પ્રત્યેની થોડી બે-બે ઘડી, ચાર-ચાર ઘડી હોય. આ તો આઠ-આઠ દિવસ એકદમ (અજમાઈશ કરે). ચારિત્ર લેવાની ભાવના છે ને! એટલે એ ચારિત્રની આઠ-આઠ દિ'એ તેનો પ્રયોગ અજમાઈશ કરી શકું.

**अनवेक्षिताप्रमार्जितमादानं संस्तरस्तथोत्सर्गः।**
**स्मृत्यनुपस्थानमनादरश्च पञ्चोपवासस्य।।१९२।।**

જોયું! પાંચ ઉપવાસના પાંચ લીધા. એ પાંચ ઉપવાસના. પ્રોષધ ઉપવાસ છે ને? પ્રોષધ ઉપવાસ એમ શબ્દ છે ને? એટલે એ ઉપવાસના પાંચ અતિચાર. આત્માને અંતર પોષવો. ચણાને જેમ પાણીમાં નાખીને ચણો પોષાયને, ચણો પોઢો થાય પોઢો. એમ આત્મા શુદ્ધ ચૈતન્યના અંતરમાં એકાગ્ર દ્વારા આત્માના શાંતિની પુષ્ટિ પ્રગટ કરવી એનું નામ પ્રોષધ કહેવામાં આવે છે. કહો, 'સેઠી'! આ સામાયિક ને પ્રોષધ ત્યાં 'જયપુર'માં સાંભળ્યા પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નહિ હોય. સૌથી મોટું 'જયપુર' કહેવાય. જૈનનું જૈનપુરી.

મુમુક્ષુ :– ...દિગંબરમાં છે?

ઉત્તર :– હા. છે. હંમેશા સામાયિક છે. એ તો લોકો .. સામાયિકનો પાઠ છે. હંમેશા કરવી.

મુમુક્ષુ :– પડિમાધારી કરે.

ઉત્તર :– ના. પણ આમ તો જે સાચા શ્રાવક હોય એ બધાને કરવી. એમ બધાની વાત છે. બધા તો કરે છે પણ પ્રતિજ્ઞાપૂર્વકની વાત છે. આને પ્રતિજ્ઞા વિના છે એ સામાયિક પણ એ લોકોએ પ્રથા નથી કરી. બે ઘડીની સામાયિક સ્થાનવાસી, દેરાવાસીમાં બહારનો ઢસરડો રહી ગયો.

**'જોયા વિના તથા પોંછ્યા વિના કોઈ વસ્તુ ગ્રહણ કરવી,...'** પ્રોષધમાં એ દોષ છે એમ કહે છે. સમજાણું? **'જોયા વિના તથા પોંછ્યા વિના કોઈ વસ્તુ ગ્રહણ કરવી,...'** એ પ્રોષધનો દોષ અંદરની શાંતિમાં એ જાતની અસ્થિરતા કેમ આવે છે? કહે છે, સમજાણું? **'જોયા વિના સાફ કર્યા વિના પથારી પાથરવી,...'** સૂવામાં. બેસવાની પથારીમાં બેઠો હોય ને. સમજાય છે? પેલું વસ્તુનું હતું. આ પથારીનું છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બેસવાનું હોય ને બેસવાનું તો થોડું હોય ને? પછી સૂવા વખતે થોડું સૂવાનું. પણ પથારીમાં બેસવું તો જોઈએને?

**'જોયા વિના સાફ કર્યા વિના મળ-મૂત્રનો ત્યાગ કરવો,...'** કહો, પેશાબ-ઝાડા છોડવામાં ધ્યાન રાખવું જોઈએ. જીવજંતુને,... સમતા છે ને સમતા છે. લાંબો કાળ છે ને એટલે. સામાયિકમાં તો એવો કાળ હોય નહિ. બે ઘડી નિવૃત્તિમાં બેઠો હોય, આ તો લાંબો કાળ છે એટલે શરીરને કોઈ ... એટલે. **'ઉપવાસની વિધિ ભૂલી જવી...'** પ્રોષધને ભૂલી જવું. **'તપ કે ઉપવાસની વિધિમાં અનાદર...'** તપ લીધું છે ને? એનો આદર નહિ, ઉદાસીનતા, બરાબર ઉલ્લાસિત ભાવ નહિ. **'એ પાંચ પ્રોષધઉપવાસવ્રતના અતિચાર છે.'** એ શ્રાવકે છોડવા જોઈએ. ભોગ-ઉપભોગના આવશે હવે લ્યો... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ગાથા–૧૯૩

ભોગ-ઉપભોગપરિમાણ શિક્ષાવ્રતના પાંચ અતિચાર

**आहारो हि सचितः सचित्तमिश्रः सचित्तसंबन्धः।**
**दुष्पक्वोऽभिषवोपि च पञ्चामी षष्ठशीलस्य।।१९३।।**

**અન્વયાર્થ :– [ हि ] નિશ્ચયથી [ सचितः आहारः ] સચિત્ત આહાર, [ सचित्तमिश्रः ] સચિત્ત મિશ્ર આહાર, [ सचित्तसम्बन्धः ] સચિત્તના સંબંધવાળો આહાર [ दुष्पक्वः ] દુષ્પક્વ આહાર [ च अपि ] અને [ अभिषवः ] [1]અભિષવ આહાર, [ अमी ] આ [ पञ्च ] પાંચ અતિચાર [ षष्ठशीलस्य ] છઠ્ઠા શીલ અર્થાત્ ભોગ-ઉપભોગ પરિમાણવ્રતના છે.**

**ટીકા :– 'हि सचित्तः आहारः सचित्तमिश्रः आहारः सचित्तसंबन्धः आहारः च दुःपक्वः आहारः अभिषवाहारः इति अमी पञ्च अतीचाराः षष्ठशीलस्य सन्ति।' - અર્થ :– ૧-જીવસહિત કાચી લીલી (લીલોતરી) વસ્તુનો આહાર લેવો, ૨-લીલોતરીના મિશ્રણવાળી વસ્તુનો આહાર લેવો, ૩-લીલોતરી ઢાંકી હોય તેવી વસ્તુનો આહાર લેવો, ૪-એવી વસ્તુનો આહાર કરવો જે સારી રીતે રંધાયેલી ન હોય, અતિ રંધાએલી વા અધકચરી રંધાયેલી હોય તથા ૫-ગરિષ્ઠ, કામોદ્દીપક વસ્તુનો આહાર કરવો. –એ પાંચ ભોગોપભોગપરિમાણવ્રતના અતિચાર છે.**

**ભાવાર્થ :– જો કે આ ભોગોપભોગપરિમાણ શિક્ષાવ્રત પાળનાર શ્રાવક હજી સચિત્તનો ત્યાગી નથી તોપણ સચિત્તત્યાગ પ્રતિમાના પાલનના અભ્યાસ માટે તથા ખાવાના પદાર્થોમાં અધિક લાલસા મટાડવા માટે જ તેણે આ અતિચાર ટાળવા જોઈએ. ૧૯૩.**

**પ્રવચન નં. ૭૫ ગાથા–૧૯૩ થી ૧૯૫ રવિવાર, અષાઢ વદ ૯, તા. ૩૦-૦૭-૧૯૬૭**

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. ૧૯૩મી ગાથા છે. શું ચાલે છે આ? જે આત્મા, આત્માના મોક્ષસ્વરૂપના સાધક જીવ, આત્માની પરમ શુદ્ધ પવિત્રદશા, એવો જે મોક્ષ, પૂર્ણ શુદ્ધતા અને પૂર્ણ આનંદદશા, એવી જે મોક્ષદશા, એને સાધનારો જીવ સમ્યગ્દષ્ટિ હોય છે. સમજાણું? અને જેની પર્યાયમાં પૂર્ણ પવિત્રતા, શુદ્ધતા, આનંદ આદિ પૂર્ણ દશા પ્રગટ થાય, એને મોક્ષ

૧. દુગ્ધ ઘૃતાદિક રસમિશ્રિત કામોત્પાદક આહાર.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કહે છે. અને એને સાધનારા (પુરુષ)... 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે ને? એને સાધકજીવ પહેલું પોતાના સ્વરૂપને અંતરદૃષ્ટિએ સાધે છે. આત્મા મોક્ષસ્વરૂપ છે એની પર્યાયમાં મોક્ષ માટે, વસ્તુના પૂર્ણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને, સ્વભાવ સન્મુખ થઈ, નિર્વિકલ્પ દૃષ્ટિ દ્વારા, સ્વરૂપનો નિર્ણય અને અનુભવ જેણે કર્યો છે, એ મોક્ષનો સાધક અને પાત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને એવા પાત્રમાં સ્વરૂપની સ્થિરતા આવે... ભગવાનઆત્મા જ્ઞાન અને દર્શનથી ભરેલો પદાર્થ છે એમાંથી પૂર્ણ પર્યાય પ્રગટ કરવી છે, તો પહેલી એની જ નિર્વિકલ્પ પ્રતીત કર્યા વિના, તેને પ્રગટ કરવાની સ્થિરતા પ્રગટ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

એટલે અહીંયાં કહે છે, કે જેણે આત્માને મોક્ષપર્યાય પ્રગટ કરવાની છે તે બધી શક્તિઓ દ્રવ્યમાં પડી છે, એવા દ્રવ્યની જેણે વિકલ્પ નામ રાગના અવલંબન વિના, એકલો નિર્વિકલ્પ ભગવાનઆત્મા, એને શરણે જઈને અંતર અનુભવમાં સ્વભાવની પ્રતીત, શ્રદ્ધા કરી છે એને સ્થિરતા કરવા માટે અણુવ્રતના ભાવ આદિ આવે છે. એ અણુવ્રત છે એ વિકલ્પ છે, એ કાંઈ સ્થિરતા કરાવતું નથી. પણ સ્વભાવના આશ્રયે અંદર સ્થિરતા પ્રગટી છે એને આવી ભૂમિકામાં બાર વ્રતાદિ હોય છે, એ જણાવે છે કે એને સ્થિરતા અંશે ભાન થઈ પ્રગટી છે. એવા સાધકજીવની આ વ્યાખ્યા ચાલે છે. 'શશીભાઈ'! બહુ જવાબદારી છે. કહો, 'સેઠી'! બરાબર ન આવ્યું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વ્રત વગેરે સમ્યગ્દર્શન પછી સ્વરૂપમાં સ્થિરતાનો અંશ પ્રગટ થયો હોય, ત્યાં વ્રતનો વિકલ્પ હોય છે. એ વાત ચાલે છે.

મુમુક્ષુ :– કેમકે એ સાધક છે...

ઉત્તર :– નહિ, કેમકે સાધક છે એમ નહિ. સાધક તો સાધક જ છે. સાધક તો ચોથા ગુણસ્થાને સાધક છે, પાંચમે ગુણસ્થાને સાધક છે, છઠ્ઠે ગુણસ્થાને સાધક છે, બારમે (ગુણસ્થાને) સાધક છે. પણ અહીંયા સ્વરૂપની દૃષ્ટિ થઈ છે પણ શ્રાવકને પૂર્ણ સ્થિરતા નથી. સ્વરૂપની શાંતિનો અંશ પ્રગટ થયો છે, તેને બાર વ્રતનો વિકલ્પ આવે છે. વ્યવહાર છે. વ્યવહાર બતાવે છે કે એના નિશ્ચયમાં એટલી સ્થિરતા થઈ છે. સમજાય છે કાંઈ? એને બાર વ્રતમાં આપણે અત્યારે અગિયારમું વ્રત ચાલે છે.

**'ભોગ-ઉપભોગપરિમાણ શિક્ષાવ્રતના પાંચ અતિચાર...'** બાહ્ય પદાર્થ એકવાર ભોગવાય, વારંવાર ભોગવાય એનું પરિમાણ–મર્યાદા કરી હોય છે. મર્યાદા. કારણ કે સર્વ પદાર્થથી તદ્દન છૂટીને સ્થિરતા કરી છે. એથી એને એકવાર ભોગવાય કે વારંવાર ભોગવાય એવા વ્રતની જે પરિમાણ–મર્યાદા કરી છે એમાં એને અતિચાર દોષ લગાડવા જોઈએ નહિ. એમ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન પછી શ્રાવકની ભૂમિકાની આ વાત ચાલે છે. કહો, સમજાણું કાંઈ? જેને સમ્યગ્દર્શન નથી, કેમ કે જે વસ્તુ સાધવી છે એ વસ્તુ શું છે એનો અનુભવ

www.vitragvani.com



જ નથી, પ્રતીત નથી. એ વસ્તુ ભગવાનઆત્મા જ્ઞાયકમૂર્તિ, પૂર્ણ પવિત્રતા કે અપૂર્ણ પવિત્રતા એ બધાનો પિંડ એ આત્મા છે. એવા આત્માની જેને અંતર્મુખ, સ્વભાવ સન્મુખ, અંતર્મુખ, સ્વભાવ સન્મુખ, પરથી વિમુખ થઈને અંતર આત્મદૃષ્ટિ થઈ નથી, એને સ્વરૂપની સ્થિરતા હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? એને સ્વરૂપની સ્થિરતા અંશે પ્રગટી છે. એને આવા વ્રતના ભાવ હોય છે એમાં એણે અતિચાર દોષ લગાડવા જોઈએ નહિ. એની વાત ચાલે છે.

**आहारो हि सचितः सचित्तमिश्रः सचित्तसंबन्धः।**
**दुष्पक्वोऽभिषवोपि च पञ्चामी षष्ठशीलस्य।।१९३।।**

**ટીકા :– '૧–જીવસહિત કાચી લીલી (લીલોતરી) વસ્તુનો આહાર લેવો,...'** ભાષા જુઓ ! પાઠમાં શું છે? '**सचितः**' એ વનસ્પતિને સચિત કીધી છે. લ્યો. જુઓ! આવ્યું કે નહિ? શરીરને સચિત કહ્યું, જુઓ! ચિત્ત જેમાં જીવ છે તેવા શરીરવાળી જીવ વનસ્પતિને '**सचितः**' કીધી છે. સ ચિત્ત. સમજાણું કાંઈ? નિમિત્તથી કથન તો એવા હોય ને. સચિત એમ શબ્દ કીધો. સચિત. વનસ્પતિનું શરીર છે, એમાં જીવ, ચિત્ત એટલે જીવ છે. એથી જીવસહિત શરીરને સચિત જીવ કહેવામાં આવે છે. શરીર કાંઈ સચિત થતું નથી. જીવ તો જીવ ચિત્ત છે. જ્ઞાનમૂર્તિ જે ચિત્ત છે એ આત્મા છે. પણ જેમાં એ આત્મા છે એવા શરીરને સચિતજીવ કહેવામાં આવે છે. સચિત વનસ્પતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એના પણ વાંધા. જીવસહિત. એણે અર્થ જ કરી નાખ્યો છે. પાઠમાં ઇ છે ને. સચિત્ત. મૂળ પાઠ સચિત્ત છે. સમજાણું? જુઓ! પાઠ છે કે નહિ? ટીકા :- '**हि सचित्तः आहारः..**' સચિત્ત આહાર એટલે? આહાર તો અજીવ છે. પણ એમાં જીવ રહેલો છે એથી એને સચિત્ત આહાર કહેવામાં આવે છે.

એ '**જીવસહિત કાચી લીલી (લીલોતરી) વસ્તુનો આહાર લેવો,..**' એ અતિચાર છે. કોને? ભોગ-ઉપભોગપરિમાણ કર્યું એને. જોકે એને જે સમયે, જે કાળે એને જેટલો ત્યાગ કર્યો છે એમાં એ દોષ લગાડવાની અપેક્ષાએ વાત છે કે એના દોષ લગાડવો નહિ. નહિતર ત્યાં સચિત્ત ખપે છે. સમજાણું? પણ એણે જે પરિમાણ કર્યું હોય કે અમુક વસ્તુ નહિ. એના પરિમાણમાંથી એ જરી આ આવે એ દોષ લગાડવો જોઈએ નહિ. એમ કહે છે. નહિતર તો સચિત્તનો સર્વથા ત્યાગ તો ઉપરની પડિમામાં હોય છે. એવો આહાર લેવાથી એને અતિચાર લાગે છે. જેમાં દોષનો ત્યાગ કર્યો છે, કે સચિત્ત આહાર જેની મર્યાદા કરી છે કે આ લેવો જોઈએ નહિ. સ્વરૂપમાં એકાગ્રતાને કારણે સ્થિરતા થઈ છે, એટલે એવી જ હદની મર્યાદાએ એને વિકલ્પ આવ્યો છે કે આવા સચેત આહારનો મારે ત્યાગ છે. એથી એને દોષ લગાડવો તે અતિચાર સચેત સંબંધી દોષ લગાડવો નહિ. ભાઈ! એ ચારિત્રની, વ્યવહારની વાતું એવી છે કે બહુ સમજવા જેવી ઝીણી છે.

www.vitragvani.com



**'લીલોતરીના મિશ્રણવાળી વસ્તુનો આહાર લેવો,...'** કાંઈક સચેત અને કાંઈક અચેત હોય છે ને? એવો. એવો પણ આહાર લેતા જેને આત્માના ભાનસહિત સચિતનો ત્યાગ કાંઈક અમુક મર્યાદાએ કર્યો છે, એ વસ્તુનો અંદર દોષ લાગે, એને અહીં સમજાવવામાં આવે છે કે એ દોષ લગાડવો જોઈએ નહિ. **'લીલોતરી ઢાંકી હોય તેવી વસ્તુનો આહાર લેવો,...'** ઉપર લીલોતરી, આ કેળના મોટા પાંદડાં ઢાંકે છે ને? એ પણ અતિચાર છે. **'એવી વસ્તુનો આહાર કરવો જે સારી રીતે રંધાયેલી ન હોય,...'** દુપક્વ. બહુ રંધાયેલી ન હોય એવો. અથવા બહુ રંધાયેલી હોય તો પણ નુક્સાન આદિ કરે ને એ પ્રકારે એમ છે.

**'અતિ રંધાયેલી...'** છે ને? બહુ રંધાઈ ગઈ હોય એ પણ નહિ. હવે ત્યાં તો એમાં સચેત નથી. સમજાણું? પણ ત્યાં આગળ એવી એ રંધાયેલીમાં ગૃદ્ધિનો ભાવ વિશેષ હોય છે એ એણે છોડવો જોઈએ એમ કહે છે. બધા આંકડે આંકડા લીધા છે. બહુ રંધાઈ ગયું હોય ને. **'અધકચરી રંધાયેલી હોય...'** લ્યો. ગુજરાતી ભાષા છે. અધકચરી એટલે થોડી રંધાયેલી અને થોડી કાચી હોય. એવો જેને એ જાતનો ત્યાગ છે, રાગનો એ ત્યાગ છે, સ્વરૂપની સ્થિરતામાં એટલી અહિંસા પ્રગટી છે એને આવો આહાર લેવો નહિ કે જેથી એમાં અતિચારના દોષ લાગે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :– થોડું વધારે રંધાઈ જાય તો પણ નહિ?

ઉત્તર :– નહિ. થોડું રંધાઈ જાય એવું પણ નહિ. અધકચરું રંધાય એવું પણ નહિ. ઘણું રંધાય જાય તો એમાં ગૃદ્ધિ થઈ જાય છે. એ ત્રણ વાત આવી ને? **'જે સારી રીતે રંધાયેલી ન હોય,..'** એક આવ્યું. **'અતિ રંધાયેલી..'** હોય. **'અધકચરી રંધાયેલી હોય તથા ૫–ગરિષ્ઠ, કામોદ્દીપક વસ્તુનો આહાર કરવો.'** જેમાં કામ અને વિષયની વાસનાનું નિમિત્ત થાય, એવી ગૃદ્ધિનો આહાર (ન લેવો). જેને આત્માનું સાધન કરવું છે, જેને વીતરાગતા વધારવી છે, આત્મા વીતરાગસ્વરૂપ છે તેની દૃષ્ટિ થઈ છે અને પર્યાયમાં વીતરાગતા વધારવી છે, એને તો આ પ્રકારના દોષોનો ત્યાગ કરવો જોઈએ. સમજાણું કાંઈ?

**'ગરિષ્ઠ, કામોદ્દીપક વસ્તુનો આહાર કરવો. – એ પાંચ ભોગઉપભોગપરિમાણવ્રતના અતિચાર છે.'** ગરિષ્ઠ મોટું. આકરી આ હોય છે ને આ ભસ્મનો આહાર. સમજ્યાને? જે આ કામને ઉત્પન્ન કરે. આ લોઢાની ભસ્મ, ત્રાંબાની ભસ્મ થાય છે ને? એવી બહુ ભસ્મોનો આહાર ન કરવો. **'કામોદ્દીપક વસ્તુનો આહાર કરવો..'** એ અતિચાર છે. સમજાણું કાંઈ? વિષયની વાસના વધે, ગરિષ્ઠ આહારથી ભાર વધે. જઠરને ભાર વધે, જઠરને ભાર વધતા પ્રમાદ થાય, નિંદ્રા થાય, ઠેકાણા રહે નહિ. માટે એ આહાર ન કરવો. જેને આત્માના સ્વભાવનું સાધન, શુદ્ધ ભગવાન ઉપર જેની દૃષ્ટિ છે અને એનામાં સ્થિરતા વધારવાનો જ્યાં પ્રયોગ અને અજમાઈશ છે, એને તો આવી બધી સાવધાની રાખવી જોઈએ. કહો, સમજાણું આમાં?

**ભાવાર્થ :– 'જો કે આ ભોગઉપભોગપરિમાણ શિક્ષાવ્રત પાળનાર શ્રાવક હજી સચિત્તનો**

www.vitragvani.com



**ત્યાગી નથી તોપણ સચિત્તત્યાગ પ્રતિમાના પાલનના અભ્યાસ માટે તથા ખાવાના પદાર્થોમાં અધિક લાલસા મટાડવા માટે...'** અથવા આમ લેવું જોઈએ કે જે વસ્તુનો અમુક મુદ્દત સુધી ત્યાગ કર્યો હોય ને, એમાં એને અતિચાર લગાડવો જોઈએ નહિ. એમ બધા પ્રકાર લેવા. સમજાણું કાંઈ? જુઓ! આવું બધું કર્યા વિના એનું સાધકપણું વધશે નહિ, હોં! વાતું કર્યે નહિ થાય એમ કહે છે. વસ્તુની દૃષ્ટિ સમ્યક્ અનુભવ થવા છતાં, એને સ્વરૂપમાં સ્થિરતાનો પ્રયોગ કરતાં, આવા આવા વચમાં દોષ આવે એને કરવા નહિ. એમ છે. એમ કાંઈ વાતું કર્યે કાંઈ મળી જાય એવું એ નથી. સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શન થયું માટે મુક્તિ થઈ જાય એમ નથી. સમ્યગ્દર્શનમાં તો પ્રતીતિ આવી છે, આ સ્વરૂપમાં ઠરીશ ત્યારે મારી મુક્તિ થશે. એ આવે છે કે નહિ?

'સમયસાર'ની ૧૭-૧૮ ગાથામાં આવ્યું છે. સ્વરૂપ શુદ્ધ ભગવાનઆત્મા જ્ઞાનાનંદની મૂર્તિ આનંદકંદ પ્રભુ ! એની દૃષ્ટિ થઈ, અનુભવ થયો, જ્ઞાન થયું ત્યારે એમ જાણ્યું, આ સ્વરૂપમાં ઠરતાં જ મારી મુક્તિ થશે. આમાં ઠરતાં, રમતાં, ચારિત્ર કરતાં મુક્તિ થશે. એવી તો પ્રતીત સમ્યગ્દર્શન થતાં થઈ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ તો બધો વ્યવહાર છે.

ઉત્તર :– આ ચારિત્ર વ્યવહાર છે. અંદર સ્થિર થવું ઇ. અંદર સ્થિર થવું એ કીધું પછી આવા વિકલ્પ આવે, એવી સ્થિરતાની ભૂમિકામાં પણ એવું નિમિત્તપણું તો હોય છે ને? સમજાણું કાંઈ? એવું નિમિત્તપણું (હોય છે). જ્યાં આગળ શુદ્ધ ઉપાદાન વધારે સ્થિરતાને પામ્યું એટલે એવા નિમિત્તો જ એ પ્રકારના એને અનુકૂળવાળા હોય. તીવ્ર રાગ અને તીવ્ર ગૃદ્ધિ એવા ભાવ હોય નહિ. એમ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યક્ આત્માનું શુદ્ધ સ્વરૂપ પવિત્ર ભગવાનઆત્મા એનું ભાન થયું, શ્રદ્ધા થઈ, જ્ઞાન થયું, છતાં એ શ્રદ્ધા-જ્ઞાને એમ સૂચવ્યું છે કે આ વસ્તુમાં ઠરવાથી મારી મુક્તિ થશે એમ આવ્યું છે એમાં. ઠરવાથી થશે. આ થઈ ગયું માટે નહિ, હવે આ ઠરવાથી થશે. સમજાણું કાંઈ? અંદર સ્વરૂપમાં ઠરવું, રમવું, જમવું, આનંદની ઉત્કૃષ્ટતા. આનંદ ઉત્કૃષ્ટપણે લેવો, એવી સ્થિરતા જામતા ચારિત્ર થશે અને પછી એની મુક્તિ થશે. એમ શ્રદ્ધામાં પહેલું આવી ગયું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આવા વિકલ્પો હોય એવું જોર...

ઉત્તર :– એવા જ હોય. જોર આપવાનું શું? એવા જ હોય એને. પાંચમું ગુણસ્થાન આત્માનું દર્શન અને આત્માની સ્થિરતા બીજો કષાય ટળીને થઈ છે, એને આવા જ બાર વ્રતના વિકલ્પો હોય અને આવા અતિચાર હોય, એવી જ એની ભૂમિકા હોય છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! વીતરાગ માર્ગની પર્યાયનું સાધન છે અહીંયાં તો વાત અત્યારે. વસ્તુ તો છે એ દૃષ્ટિમાં આવી, જ્ઞાન આવ્યું, ભાન (થયું) પણ પાછી પર્યાયમાં નિર્મળતા,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વીતરાગતા પ્રગટ કરવાની આ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

છ ખંડના ધણી, છન્નુ-છન્નુ હજાર સ્ત્રીઓ અને આમ જેના ખોરાકનો એક કોળિયો છન્નુ કરોડ પાયદળ પચાવી શકે નહિ, એ ચાલી નીકળ્યા. વનવાસમાં ચાલી નીકળ્યા. કોઈની સાથે વાત નહિ, ચિંત નહિ, ખબર નહિ. અમે અમારા આત્માના સાધનમાં જાઈએ છીએ. અમને બીજું હવે કાંઈ રુચતું નથી. આસક્તિપણે, હોં! દૃષ્ટિપણે તો પહેલેથી રુચતું નથી. દૃષ્ટિપણે તો રાગ રુચતો નથી, પરમાં સુખબુદ્ધિ છે નહિ, પણ હવે આસક્તિપણે પણ હવે અમને આ નથી (રુચતું). આહાહા..! જંગલમાં, વનમાં એકલા ચાલ્યા ગયા. વાઘ અને વરુની વચ્ચે ગયા. 'પોપટભાઈ'! એ વિના કાંઈ મળે એવું નથી. આહાહા..!

'એકાકી વિચરતો વળી સ્મશાનમાં.' 'શ્રીમદ્' કહે છે ને? જુઓને! ભાવના ભાવે છે કે નહિ?

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો.**
**અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.**
**પરમમિત્રનો જાણે પામ્યા યોગ જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.**

'પોપટભાઈ'! આવી માગણી કરે. આ બાયડી, છોકરાની સગડવતામાં રહેવું, પલંગમાં બેસવું-સૂવું. સવારે જુઓ તો ઊની ચા મળે અને બપોરે જુઓ તો ઊના ભજિયા ખાય, રોટલા વખતે આ ખાય, સાંજે કઢી, ખીચડી, પાપડ ને ... એ બધું છોડીને ચાલી નીકળ્યા. સ્થિરતા માટે, હોં! આહાહા..! એ સ્વરૂપમાં સ્થિરતાની રમત જામ્યા વિના મુક્તિ-બુક્તિ થતી નથી. અને એવી સ્થિરતા થાય ત્યાં મુનિને પંચમહાવ્રતના યોગ, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ જ એને હોય. બીજું હોય નહિ. એને વસ્ત્ર ને પાત્ર ને એના માટે કરેલા આહાર અને એવો ભાવ જ હોય નહિ. એવી દશા છે, સહજ દશા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જમ્યા પહેલા હાથ ધોઈ નાખે તો વાંધો શું?

ઉત્તર :– જમ્યા પહેલા હાથ ધોઈ નાખે એટલે? ખાધા વિના? ચારિત્ર પાળ્યા વિના અમને મુક્તિ થઈ જાય તો, એમ કહે છે. સમજાણું કાંઈ? પણ એ ચારિત્ર કેવું ? અંતર સ્વરૂપમાં રમણતા કરે એવું. આહાહા..! એને આવા વિકલ્પોનો ભાવ, વ્યવહાર આવે. એની ભૂમિકામાં એવો હોય. નિશ્ચયથી આદરણીય નથી. આત્માના સ્વભાવને સાધકમાં મદદ નથી. પણ નિમિત્ત કરીકે સહાયક છે એમ વ્યવહાર તરીકે કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? લ્યો.

**'ખાવાના પદાર્થોમાં અધિક લાલસા...'** આસક્તિ. અરે..! આત્માના અનુભવની લાલસા

www.vitragvani.com



હોય, અતીન્દ્રિય આનંદના અનુભવની ધર્મીને તે વિશેષ લાલસા હોય કે આવી લાલસા હોય? સમજાણું કાંઈ? ભગવાન અતીન્દ્રિય મૂર્તિ, પ્રભુ! અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ જ ભગવાનઆત્મા છે. એવા અતીન્દ્રિયના સ્વાદ લેવાની ભાવના વિશેષ હોય કે આ ધૂળના આસક્તિના રાગ વિશેષ હોય? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પોપાબાઈના રાજ નથી કે ત્યાં સમજ્યા વિના, પુરુષાર્થ કર્યા વિના એમને એમ માલ મળી જાય. ઓહો..હો..!

એ પંચમ ગુણસ્થાનની વીતરાગનો અંશ, મુનિની વીતરાગતાની અંશે વૃદ્ધિ અને ધ્યાનમાં ચડતાં તો શુક્લધ્યાન ફડાક કેવળજ્ઞાન! આહાહા..! એ વીતરાગતા વિના આત્માને કેવળજ્ઞાન છે નહિ. મુક્તિના 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'ની આ વાત ચાલે છે. સમજાણું? ચૈતન્યસ્વરૂપ એવો ભગવાનઆત્મા, એની સિદ્ધિ એટલે મુક્તિ, એનો ઉપાય આ છે. સમજાણું કાંઈ?

## ગાથા–૧૯૪

### વૈયાવૃત્ત અતિથિસંવિભાગના પાંચ અતિચાર

परदातृव्यपदेशः सचित्तनिक्षेपतत्पिधाने च।
कालस्यातिक्रमणं मात्सर्य्यं चेत्यतिथिदाने।।१९४।।

**અન્વયાર્થ :– [ परदातृव्यपदेशः ] પરદાતૃવ્યપદેશ, [ सचित्तनिक्षेपतत्पिधाने च ] સચિત્તનિક્ષેપ અને સચિત્તપિધાન, [ कालस्यातिक्रमणं ] કાળનો અતિક્રમ [ च ] અને [ मात्सर्य्यं ] માત્સર્ય– [ इति ] એ રીતે [ अतिथिदाने ] અતિથિસંવિભાગવ્રતના પાંચ અતિચાર છે.**

**ટીકા :– 'अतिथिदाने परदातृव्यपदेशः अतिथिदाने सचित्तनिक्षेपः अतिथिदाने सचित्तपिधानं अतिथिदाने कालस्य अतिक्रमणं च अतिथिदाने मात्सर्य्यं-इति पञ्च अतीचाराः वैयावृतस्य सन्ति।' - અર્થ :– ૧-ઘરનું કામ અધિક હોવાથી પોતાના હાથે દાન ન દેતાં બીજાના હાથે અપાવવું, ૨-આહારની વસ્તુને લીલા પાંદડામાં મૂકી રાખવી, ૩-આહારની વસ્તુઓ લીલા પાંદડાથી ઢાંકવી, ૪-મુનિ મહારાજને આવવાનો સમય હોય ત્યારે ઘરે ન મળવું અને ૫-પોતાને ઘેર મુનિ મહારાજને માટે આહારની વિધિ ન મળી શકવાને કારણે અથવા પોતાના ઘરે ન આવવાને કારણે જો બીજા શ્રાવકને ઘરે મુનિને આહારદાન થાય તો તે શ્રાવક પ્રત્યે દ્વેષ રાખવો - આ પાંચ અતિચાર અતિથિસંવિભાગ શિક્ષાવ્રતના છે. ૧૯૪.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'વૈયાવૃત્ત અતિથિસંવિભાગના પાંચ અતિચાર.'** મુનિને. ઓહો..હો..! ધન્ય મુનિઓ ચારિત્ર અંગીકાર કરી, આત્માના આનંદને સાધે છે. શુદ્ધોપયોગને સાધી રહ્યા છે. એવાઓને આહાર દેવાનું એક વ્રત હોય છે. જુઓ! શ્રાવકને. પોતે તો મુનિવ્રત લઈ શક્યા નથી. પણ ધન્ય પરમેશ્વર આત્માના આનંદને, જેને એકલો શુદ્ધોપયોગનો આદર છે. જેને શુભવિકલ્પ આવે છે એનો પણ આદર નથી. એવા સંતો આત્માના આનંદમાં ઝૂલતા. અરે..! એને મારે ઘરે આહાર ક્યારે હોય? એમ ગૃહસ્થ, મુનિ માટે આવી ભાવના કરે છે. હું મુનિપણું લઈ શકતો નથી, મારી નબળાઈ છે, પુરુષાર્થની મારી કમી છે. કર્મને કારણે નહિ, હોં! મારા પુરુષાર્થની કમી છે કે હું ઉગ્રપણે સ્થિર રહી શકતો નથી. સ્થિરતાનો પુરુષાર્થ મારો કાચો, ઘણો કાચો છે. સમજાણું? સમ્યગ્દષ્ટિ...

'સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા'માં તો એવું વર્ણવ્યું છે, અરે..! મારી પર્યાય તો તુચ્છ તરણા જેવી છે. પોતાને આમ તરણા જેવો માને છે. ક્યાં પરમાત્મા કેવળજ્ઞાન, ક્યાં સંતો અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા, જેને દુનિયાની કંઈ પરવાહ નથી, ઉપેક્ષા થઈ ગઈ છે. એવા સંતોનો પુરુષાર્થ અને મારો આ ક્યાં! સમજાણું? પોતાની વસ્તુને પ્રભુ તરીકે સ્વીકારે છે. પર્યાયમાં તરણા તુલ્ય (માને છે). અરે..! પુરુષાર્થ ઘણો ઓછો. એને એમ નથી થતું કે હું ઘણું કરી ગયો હવે. સમજાણું કાંઈ? એ 'સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા'માં છે.

**परदातृव्यपदेशः सचित्तनिक्षेपतत्पिधाने च।**
**कालस्यातिक्रमणं मात्सर्य्यं चेत्यतिथिदाने।।१९४।।**

**ટીકા :–** દરેકને જુદો પાડ્યો છે. **'अतिथिदाने परदातृव्यपदेशः'** જોયું! દરેકને શબ્દ જુદો પાડ્યો છે. **'ઘરનું કામ અધિક હોવાથી પોતાના હાથે દાન ન દેતાં બીજાના હાથે અપાવવું,...'** એ દોષ છે. અહો..! મુનિ ધર્માત્મા આનંદકંદના સાધનારા, ખબર છે કે હમણાં આવવાના છે, અહીંયાં ફરે છે. સમજાય છે? અને તે કાળે ઘર છોડીને બીજે જવું, એ દરકાર નથી એને. એ અતિચાર છે. આહાહા..! એક મહેમાન સારો આવે તો વાટ જોઈને બેસે છે કે નહિ? કેટલી તૈયારી કરે છે? મારે ઘરે રાજા આવવાના છે, દીવાન આવવાના છે. એ પહેલા તો ભૂખ-બુખ લાગી હોય તો ચા-બા ન પીવે. મકાનમાં આમ ગાદી બાદી પાથરે, અહો...! મહારાજ આવવાના છે. એય..! 'પોપટભાઈ'! રૂપિયાની પથારી કરી હતી. 'સયાજીરાવ' આવ્યા હતા ને? 'સયાજીરાવ' આ 'દામનગર' એનું હતું ને? 'જેઠાલાલ ત્રિભુવન' એકલા ચાંદીના રૂપિયા રોકડાની બેઠક કરી હતી. એના ઉપર સિંહાસને બેસાડ્યા હતા. માન... માન.. એને માન. ચાંદીના રોકડા રૂપિયા. તે દિ' તો રૂપિયા જ હતા ને. અત્યારે હવે આ થઈ ગયું. વાટ જોઈને બેસે કે આ કોણ આવ્યું? પહેલો માણસ આવ્યો. હવે એ તો બધા ભીખારા, જગતના રાંકા. એને પ્રેમ છે, એને આવાને આદર આપે છે. આ તો

મહામુનિ આત્માના આનંદના સાધનારા. આહાહા..! મુક્તિના બાદશાહ. મુક્તિરાજના બાદશાહ છે. જેણે મુક્તિનું સામ્રાજ્ય સાધ્યું છે, એવા મારે ઘરે ક્યારે પધારે? એમ ભાવના હોય છે એને. સમજાણું કાંઈ? અહીં કોઈક સારો અમલદાર આવે છે તો કેટલું કરે છે, લટપટ કરે છે કે નહિ? પાંચ હજારનો એક પગારદાર આવ્યો હોય તો કહે, પધારો.. પધારો.. પધારો... ઓહો..હો..! આપના દર્શનથી મારા આંગણા ઉજળા થયા. મારું ઘર પવિત્ર (થયું). ધૂળમાં પણ પવિત્ર નથી. હવે માંસ ખાઈને આવ્યો હોય. બહારમાં કહે છે કે નહિ? એય..! 'ન્યાલભાઈ'! તમારે ઘણું કરવું પડ્યું હશે, શેઠિયાઓની સાથે.

મુમુક્ષુ :– હમણા જ મિનિસ્ટરને બોલાવ્યા હતા.

ઉત્તર :– એ તો એના ભત્રીજાએ બોલાવ્યા તો શું કરે. વચ્ચે મોટા કરીને બેઠા હોય. આ બહારનું કરે છે કે નહિ? આ તો મહામુનિ! આહા..હા..હા..હા..! જેને આત્માના અતીન્દ્રિય આનંદ તો ઉછળી નીકળ્યા છે. સ્વસંવેદન દશા પ્રચુર થઈ ગઈ છે. જેને કોઈવાર આહાર આદિનો વિકલ્પ આવે છે, અશુભની તો ગંધ રહી નથી. એવી જેને અંતર વીતરાગતા પ્રગટી હોય છે. એ ગણધરને પણ નમસ્કાર કરવાને લાયક છે. એવા સંતોની ભાવના શ્રાવકને આહાર દેવાની હોય છે. કહો, સમજાણું કાંઈ? જુઓ!

**'ઘરનું કામ અધિક હોવાથી પોતાના હાથે દાન ન દેતા બીજાના હાથે અપાવવું,...'** જાવ દેજો. એ કાંઈ લક્ષણ કહેવાય? સમજાણું કાંઈ? એ બીજાને સોંપતા હશે? નાનું છોકરું હોય એને સોંપતા હશે કે આ દરબાર આવવાના છે તો સંભાળ કરજે. પહેલો મોઢા આગળ બેસે. સમજાણું? આ .. આવે તો પહેલો મોઢા આગળ બેસે. ... પહેલો બેસે. ખબર છે ને. 'પોપટભાઈ'! આપણે વાણિયામાં એ રિવાજ છે. આઠ વર્ષના નાના છોકરાને ન બેસાડે. ત્યાં બેસજે મને ઠીક નથી. બધા મહેમાન આવ્યા હોય તો ઘરડો બહાર જઈ, બારણા બહાર જઈને પહેલો માથે ઓઢીને રોવે. આ તો બધું ઘરનું જોયેલું છે. બધી જોયેલી વાત છે. સમજાણું?

અમારા મોટાભાઈ ગુજરી ગયા તો અમારા પિતાજીને એ મોટો મહા આધાર હતો એનો. બહુ દુઃખ લાગ્યું હતું, બહું દુઃખ લાગ્યું હતું. રૂપાળું શરીર, ખાનદાન... કામ કરેલા નહિ 'દીપચંદભાઈ' હોશિયાર હતા. ગુજરી ગયા પછી એવો આઘાત લાગ્યો. સગાવહાલા આવે. બહાર ખડકી હતી ને. હમણા મકાન કર્યાં. ખડકી બહાર જઈને બેસે, રોતા હતા. સમજાણું? (સંવત) ૧૯૫૯ સાલની વાત છે. એ બધું જોયેલું. એક-એક વાત નમુના, હોં! બધા સગાવહાલા સામે આવ્યા ને. બહાર જઈને બેસે. અમે છોકરાઓ તો અંદર ઊભા હોઈએ. એવો રિવાજ હતો. એય..! 'સેઠી'! શું કહ્યું? તમારે (એવું) નહિ હોય? પહેલા એવો રિવાજ હતો કે, ગામમાં પોતાનો દીકરો ગુજરી હોય તો કાણે આવે ને? કાણ શું કહે? બહારથી રોતા રોતા આવે તો ઘરનો જે અગ્રેસર માણસ હોય એને બહાર રોવા બેસવું

www.vitragvani.com



પડે. ત્યારે એનો આદર કર્યો કહેવાય. નહિતર તો આદર ન કહેવાય એમ લાગે. એવી જાતની એક પ્રથા.

આ તો હોંશની પ્રથા છે. ઓહો..! અમારે આંગણે મહામુનિ (પધાર્યા)! દેજે પેલાને, છોકરાને એમ કહેતો હશે? કહો, 'મહેન્દ્રભાઈ'! એ ડોસાને મોઢા આગળ બેસાડે. અહીં પોતે મોઢા આગળ થાય કે, અહો..! મારે ઘરે આહાહા..! આ કલ્પવૃક્ષ ઉગ્યા. જુઓને! ભરત ચક્રવર્તીની વાત શાસ્ત્રમાં આવે છે. એનો તો કેટલો મોટો બંગલો. ક્યાંથી ક્યાં મોટા દૈવી બંગલા. આહાર વખતે, આહાર ખાવા બેસે એટલે પાધરી ભાવના (થાય). અહો..! મારે (આંગણે) મુનિ (પધારે). બંગલાથી બહાર નીકળીને... એનો દરવાજો ક્યાંય હોય. ચાલીને દરવાજા બહાર ઊભા રહે. અરે..! કોઈ મુનિ, કોઈ મુનિ આવે. આવે છે ને?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. બહાર ઊભા રહે છે. ત્યાં ઉપરથી મુનિ આમ ચાલ્યા જાય. પધારો.. પધારો... મહારાજ! મારા આંગણા અને આહાર આજે ઉજળા થયા. પ્રમોદ હોય છે એમ કહે છે. એ અનાદર કરે નહિ. સમજાણું કાંઈ? વિરહ પડી ગયા.

**'ઘરનું કામ અધિક હોવાથી પોતાના હાથે દાન ન દેતાં બીજાના હાથે અપાવવું,...'** એ અતિચાર છે કહે છે. સમજાણું કાંઈ? પીરસવામાં એક માણસ હોય અને ઘરની બાય ખાસ હોય. ત્યાં ઘરનો આદરુી પીરસે. છોકરાને કાંઈ મૂકતા હશે પીરસવામાં? 'ભગવાનભાઈ'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. મોટી બૈરા હોય એ ખાસ. પહેલા તો એવો રિવાજ હતો ને કે નાનું મરણ હોય તો રોટલી ઘીમાં બોળીને આપતા. તપેલી ઘી હોય. એ વખતે ઘી બહું સોઘું હતું. રૂપિયાનું અઢી શેર, ત્રણ શેર. ખાલી થાળીમાં ઘી હોય એમાં ઊની રોટલી બોળે. અહીં સુખડી ખવાય નહિ. કારણ કે નાનું મરણ. સુખડી ખવાય નહિ. ઘી ખાઈને કાળો કેર કરી નાખે. 'ન્યાલભાઈ'! તમે તો બધું જોયું હશે. તમને નથી ખબર? નાની ઉંમર હતી પણ બધો ખ્યાલ હતો. એકે એક વાતનો ખ્યાલ હતો કે આ શું કરે છે. બોલીએ ઓછું, કારણ કે નાની ઉંમર. એમ આ મુનિ પધારે છે ... આહાહા..! તો બીજાને સોંપે નહિ.

**'આહારની વસ્તુને લીલા પાંદડામાં મૂકી રાખવી,...'** સચેતમાં રાખે અને મુનિ આવે તો પછી એ વસ્તુ તો વહોરાવાય નહિ. સમજાય છે? એણે પહેલેથી એવું સહેજે ન કરવું એમ કહે છે. લીલું પાન રાખી દેજો આની ઉપર. પાંદડું ઢાકી દેજો. આ કેળના મોટા પાંદડા હોય છે ને મોટા? મોટા પાંદડા હોય. મુનિને નિર્દોષ આહાર. સાધકજીવ છે, મહા વીતરાગતા સાધી રહ્યા છે. જેને આહારની દરકાર નથી. સંયમના હેતુથી ફક્ત એક આહારની વૃત્તિ થાય. આહા..! એને કહે છે કે આવી રીતે આહાર દેવાની વસ્તુ હોય એમાં લીલોતરી પાંદડે ઢાંકવી નહિ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'આહારની વસ્તુઓ લીલા પાંદડે ઢાંકવી,..'** સમજ્યાને? લીલા પાંદડા ઉપર મૂકવી અને આ ઢાંકવી. એ બન્ને દોષ છે. **'મુનિ મહારાજને આવવાનો સમય હોય ત્યારે ઘરે ન મળવું...'** ઘરે ન રહેવું. દુકાને ચાલ્યા જવું. એકે એક વાત છે અહીં તો. બધાની નાડી પકડી છે. સિદ્ધ... સિદ્ધ... સિદ્ધ... છે એ તો. મુનિ તો સિદ્ધ છે! આહાહા..! અમારે 'નારણભાઈ' એકવાર માંદા પડ્યા હતા ને. બહુ રોગ થઈ ગયો હતો. છેલ્લી સ્થિતિ હતી. ઓરડામાં પૂરી રાખ્યા હતા. અમે વહોરવા ગયા. ઓરડામાં પૂછ્યું. ભાન કાંઈ નહિ. આમ જ્યાં ઓરડામાં ગયા.. સિદ્ધ... સિદ્ધ.. સિદ્ધ... કાંઈ ખબર નહિ, હોં! પણ આમ થઈ ગયું. સિદ્ધ.. સિદ્ધ... 'નારણભાઈ' ત્યાં એને ઘરે હતા ને. ભાઈ ગુજરી ગયા નહિ? કાકાના દીકરા. 'વાડીભાઈ' એની સામે. વચ્ચે ઓરડો હતો એમાં પૂરી રાખ્યા હતા. મેં કીધું 'નારણભાઈ'ને જોવા તો દ્યો. મગજ અસ્થિર થઈ ગયેલું. આમ બારણું ઉઘાડ્યું સિદ્ધ.. સિદ્ધ... સિદ્ધને આ! કેમ 'પોપટભાઈ'!

અહીંયા કહે છે, પોતે વયું જાવું અને ઘરનો કાળ યાદ રાખવો નહિ. સાડા દસનો ટાઈમ થઈ ગયો, એ વખતે ઘરે મુનિ આવવાનો કાળ છે. આગળ-પાછળ કાળ કરી નાખે તો દોષ છે. કહો, સમજાણું કાંઈ? સારો અમલદાર આવે તો ટાઈમસર ઊભો રહે છે કે નહિ? સારો અધિકારી આવે, રાજા આવ્યો હોય તો આમ બરાબર પોલીસો-બોલીસો તૈયાર થઈને ઊભા હોય. અહીં અમારે 'ભાવનગર' દરબાર આવતા ને. હમણાં આવ્યા હતા. બધા પોલીસો-બોલીસો (સાથે હતા). વાર લાગી હોય, મોટર આવતા વાર લાગે તો પહેલા... થઈ જાય. તૈયાર થઈને. કર્યું હતું ને પેલા પણે. વ્યાખ્યાનનો હોલ નહિ? ત્યાં આવ્યા હતા. બધા ઉભા હતા, પહેલેથી આવીને ઊભા હતા.

આ તો મુનિ... આહાહા..! સિદ્ધ ભગવાન ચાલ્યા આવે છે, કહે છે. સમજાણું? સિદ્ધના ઉત્કૃષ્ટ સાધક. સંવર નિર્જરાના ઉત્કૃષ્ટ આરાધક. એ નવતત્ત્વમાં આવે છે ને? એમ કહે નવતત્ત્વની શ્રદ્ધામાં સંવર-નિર્જરાને ઉત્કૃષ્ટ સાધનારા એ ગુરુ છે. એ ગુરુની શ્રદ્ધા એમાં આવી જાય છે. એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નવમાં અધિકારમાં. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બહુ લખ્યું છે. એમ કહે પેલાને નામ નથી આવડતું ને? દેવ-ગુરુની શ્રદ્ધા નથી ને? કે એમાં આવી જાય છે. નવતત્ત્વની શ્રદ્ધા થતાં, મોક્ષની શ્રદ્ધા થઈને મોક્ષનું લક્ષણ એ સિદ્ધ છે. અરિહંત અને સિદ્ધ છે. મોક્ષની પ્રતીત થઈ ગઈ. એ સર્વ શુદ્ધતાને આરાધવામાં થયો છે. માટે એને મોક્ષની શ્રદ્ધા છે અને મોક્ષની શ્રદ્ધા છે એટલે એમાં દેવની શ્રદ્ધા આવી ગઈ. ગુરુની (આવી કે નહિ?) તો કહે છે, સંવર, નિર્જરાની ઉત્કૃષ્ટ શ્રદ્ધા છે કે નહિ? સંવર-નિર્જરાના ઉત્કૃષ્ટ સાધક સાધુ છે. એના ધારણ કરનારા. સંવર-નિર્જરા નિર્મળાનંદ ભગવાનઆત્મા. વિકલ્પ રહિતનું આરાધન કરનાર એ માટે સંવર-નિર્જરાની શ્રદ્ધામાં ગુરુની શ્રદ્ધા આવી ગઈ. ભારે મેળવ્યું છે આ તો! એય..! જુઓ! તમે આટલું બધું કરી શકો?

www.vitragvani.com



આ તો કેટલું કર્યું છે, નહિ? ના પાડે છે. બહુ મેળવ્યું છે. એકે એક હજારો બોલને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો હજારો બોલ. જુઓને! પંડિતને કેટલું માન આવી ગયું? કાલે ન કહ્યું? ભાઈ 'ફુલચંદજી'ને. પેલો અનાદર કરે. પ્રમાણ નથી, ઢીંકણું નથી, આ છે અને તે છે. ત્યાં બેઠા હતા ત્યાં.. આ ચર્ચામાં હું આવ્યો છું, હે ભગવાન! તમારું બળ છે, હોં! હું પામર શું કહું. એય..! 'મહેન્દ્રભાઈ'! આ તો 'મહેન્દ્રભાઈ'નું ગામ. તમારું પેલું મંદિર છે ને એ.

મુમુક્ષુ :– બડા મંદિર?

ઉત્તર :– બડા મંદિર, નહિ. જ્યાં વાંચતા હતા ત્યાં. 'ફૂલચંદજી' જઈ, ત્યાં જઈ 'ફૂલચંદજી'એ પહેલા ભગવાનના દર્શન કર્યા. આ ચર્ચા માટે .. હે ભગવાન! હે પ્રભુ! હે પંડિત! તમારું બળ છે. આમાં મારું તો કાંઈ (છે નહિ). સમજાણું? એણે છેલ્લે લખ્યું છે. જ્યાં પ્રસ્તાવના પૂરી કરી ત્યાં છેલ્લે એવું લખ્યું છે. છેલ્લે વાણીનું લખ્યું છે. જ્યાં પોતાનું લખાણ પૂરું કર્યું છે ત્યાં લખ્યું છે. જુઓ, લખ્યું. શું કહે છે?

**'અંતમેં ઇતના લિખકર કે ઇસમેં મેરા કુછ ભી કર્તવ્ય નહિ'** મુનિઓમાં આવે છે ને કે મારું કાંઈ કર્તવ્ય નથી એમ લખીને. **'અંતરમેં ઇતના લિખકર કે ઇસમેં મેરા કુછ ભી કર્તવ્ય નહિ. જો કુછ ભી હૈ વહ સબ ભગવત્‌વાણી કા પ્રસાદ હૈ. ઇસ વસ્તુ કો પૂરા કરતા હું.'** ભગવત્‌વાણી છે એ મૂક્યું. છેલ્લા શબ્દો. પ્રસ્તાવના પૂરી કરે છે. એમ તો એને ભક્તિ ઘણી છે. દેવ ઉપર, સાચા પેલા ઉપર બહુ ભક્તિ છે. સમજાણું કાંઈ?

જુઓ! અહીં કહે છે કે પોતાને તક ટાણે હાજરી ન રાખવી. મહારાજ આવે તો વહોરાવી લેજો. સમજાણું? એમ ન હોય. આહાહા..! **'ત્યારે ઘેર ન મળવું...'** આ ખાતો હોય, બેઠો હોય, ખાવાની તૈયારીએ અમથો બેઠો હોય, એમાં મહારાજ આવે. એ વહોરાવી લેજો. એમ ન કરે. જાતે ઊભા થઈ અને એને સામા જવું પડે. પેલા આવે પણ નહિ, પણ છતાં સામા જઈ બીજા ન આવ્યા હોય કે તમે જજો સામા. એમ ન હોય. પોતે જાય. તિષ્ઠ... તિષ્ઠ.. તિષ્ઠ... પ્રભુ! પધારો મહારાજ! આહાહા..! મારા ઘરે પરમેશ્વર આવ્યા છે. સમજાણું? જુઓને!

'ઋષભદેવ' ભગવાન પધાર્યા. આહાહા..! પેલા રાજકુમાર, હોં! રાજકુમાર. 'શ્રેયાંસ' રાજકુમાર મણિરત્નના પૂતળા. મહા અબજોપતિ મહારાજા મોટા. સુંદર શરીર, છેલ્લું શરીર– ચરમ શરીર. આમ જ્યાં આવ્યા.. આહાહા..! મહારાજ પધાર્યા. સામા ગયા. પધારો.. પધારો.. આહાર દેવાની ખબર ન પડે. કોઈ દિ' વિધિની ખબર નહિ. ટક ટક આમ જુએ છે. રાજકુમાર જુઓ તો ઘરે મોટી પદમણી જેવી રાણીઓ છે. મોટા મહેલો છે. આમ એકદમ જાતિસ્મરણ (થાય છે). એકદમ જાતિસ્મરણ આઠ ભવ પહેલાનું. આહાહા..! તાકાત છે ને એમાં શું છે? ઓ..હો..! હું પત્ની હતી અને આ ભગવાનનો જીવ આઠમે ભવે પતિ હતા. અમે મુનિ મહારાજને આ વિધિથી આહાર આપ્યા હતા. અહો..! એ યાદ આવ્યું. ઘરમાં આહારના શેરડીના રસના ઘડા હતા. ઉપાડીને (કહે છે), લ્યો મહારાજ! આત્માના આનંદના રસ..

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પ્રભુ! ચાખો. તમે થોડો આ રસ લ્યો. પોતાને રસ લેવો છે ને. કહો, સમજાણું?

**'પોતાને ઘેર મુનિ મહારાજને માટે આહારની વિધિ ન મળી શકવાને કારણે અથવા પોતાને ઘરે ન આવવાને કારણે જો બીજો શ્રાવકને ઘરે મુનિને આહારદાન થાય તો તે શ્રાવક પ્રત્યે દ્વેષ રાખવો–'** આને ઘરે મળી ગયું. સમજ્યાને? આ સાધારણ હતો એને ત્યાં મળી ગયું અને અમે મોટા શેઠિયા, અમને ન મળ્યું. અરે..! કોણ જાણે? આ તો સાધારણ માણસ છે. સાધારણ પણ દાનને પાત્ર છે. તારે શું કામ છે? અમે મોટા કરોડોપતિ છીએ અને આ તો સાધારણ માણસ છે બિચારો. સો-બસ્સોનો પગાર લાવે છે. એને ત્યાં આહારદાન ન હોય. પણ માનને, ખુશી થા ને. ઈર્ષ્યા શેનો કરે છે? સમજાણું કાંઈ ? ધન્યભાગ્ય ભાઈ તારા. મારે ઘરે મહારાજ મુનિ! આહાહા..! **'તે શ્રાવક પ્રત્યે દ્વેષ રાખવો-આ પાંચ અતિચાર અતિથિસંવિભાગ શિક્ષાવ્રતના છે.'**

## ગાથા–૧૯૫

**સલ્લેખનાના પાંચ અતિચાર**

**जीवितमरणाशंसे सुहृदनुरागः सुखानुबन्धश्च।**
**सनिदानः पञ्चैते भवन्ति सल्लेखनाकाले।।१९५।।**

**અન્વયાર્થ :– [ जीवितमरणाशंसे ] જીવનની આશંસા, મરણની આશંસા, [ सुहृदनुरागः] સુહૃદ અર્થાત્ મિત્ર પ્રતિ અનુરાગ, [ सुखानुबन्धः ] સુખનો અનુબન્ધ [ च ] અને [ सनिदानः ] નિદાન સહિત - [ एते ] આ [ पंच ] પાંચ અતિચાર [ सल्लेखनाकाले ] સમાધિમરણના સમયે [ भवन्ति ] હોય છે.**

**ટીકા :– 'जीविताशंसा मरणाशंसा सुहृदनुरागः सुखानुबन्धः च सनिदानः इति एते पंच सल्लेखनाकाले अतीचाराः सन्ति।' - અર્થ :– ૧. સલ્લેખના ધારણ કર્યા પછી જીવવાની ઇચ્છા કરવી, ૨. સલ્લેખના ધારણ કર્યા પછી જો કાંઈ વેદના થતી હોય તો એવી ઇચ્છા કરવી કે હું જલ્દી મરણ પામું, ૩. પૂર્વના મિત્રોનું સ્મરણ કરવું કે તે સારો મિત્ર હતો, હું તેની સાથે રમતો હતો વગેરે, ૪. પૂર્વે જે શાતાની સામગ્રી ભોગવી હતી તેને યાદ કરવી, તે ભોગ હવે ક્યારે મળશે એવું સ્મરણ કરવું, ૫. આગામી કાળમાં સારા સારા ભોગોની પ્રાપ્તિની ઇચ્છા કરવી. – આ પાંચ સલ્લેખનાના અતિચાર છે.**

**ભાવાર્થ :– આ રીતે ૧ સમ્યગ્દર્શન, ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત, અને ૧ સલ્લેખના – એ ચૌદના સિત્તેર અતિચારોનું વર્ણન કરી ચૂક્યા. તેથી નૈષ્ઠિક શ્રાવકે**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**આ બધાનું જ્યાં સુધી બની શકે ત્યાં સુધી યથાશક્તિ અતિચારરહિત પાલન કરવું, તો જ મનુષ્યભવ મળવો સાર્થક છે.**

**આ ઉપર બતાવેલા ચૌદ [1]વ્રત ત્રણે પ્રકારના શ્રાવક પાળે છે. ૧. પાક્ષિક શ્રાવક સમ્યગ્દર્શનનો ધારક હોય છે, તે સાત વ્યસનોનો ત્યાગી અને આઠ મૂળગુણોનો પાળનાર છે. ૨. નૈષ્ઠિક શ્રાવક ઉપરની વાતો સહિત બાર વ્રતોનું પાલન કરે છે. એ નૈષ્ઠિક અવસ્થા જીવનપર્યંત રહે છે. ૩. સાધક-શ્રાવક જ્યારે મરણનો સમય નિકટ આવી જાય છે ત્યારે તે નૈષ્ઠિક શ્રાવક સાધક અવસ્થાને પ્રાપ્ત થઈ શકે છે.**

**--આ રીતે જે મનુષ્ય આ ત્રણે અવસ્થાઓને પ્રાપ્ત કરે છે તે અવશ્ય સ્વર્ગને પામી શકે છે અને પરંપરાએ મોક્ષ પ્રાપ્ત કરી લે છે. એ જ મોક્ષપ્રાપ્તિનો ક્રમ છે. ૧૯૫.**

---

હવે **'સલ્લેખનાના પાંચ અતિચાર.'** સંથારો કરે, શ્રાવક સંથારો કરે. આહાહા..! મરણને ટાણે એ સન્મુખ આનંદની સન્મુખ જઈ, આ દેહને આમ વિસર્જન કરે. જેમ વિષ્ટાને વિસર્જન કરે છે. પાણી છોડે ત્યારે. વોસરે... વોસરે. આ પઠવા જાય ને? પઠરે ત્યારે વોસરે.. વોસરે બોલે. આ શ્વેતાંબરમાં એવું હોય. પેશાબ કરે ત્યારે વોસરે... વોસરે (બોલે. એમ શરીરને એ ટાણે વોસરાવે. 'ભગવાનભાઈ'! એ આવ્યું છે ને પોષામાં? બહાર પઠવા જતા ત્યારે નહોતા કરતા? કહો.

**जीवितमरणाशंसे सुहृदनुरागः सुखानुबन्धश्च।**
**सनिदानः पञ्चैते भवन्ति सल्लेखनाकाले।।१९५।।**

**ટીકા :– 'સલ્લેખના ધારણા કર્યા પછી...'** સત્ સમ્યક્ પ્રકારે કષાયને કૃશ કરીને પાતાળા પાડીને દેહ છોડવા. દેહના છોડવા કાળે આનંદમાં ઝૂલતા દેહને છોડવો. એનું નામ સલ્લેખના મરણ છે. જેણે આત્મદર્શન સહિત આવી ભાવના કરી હશે એને એ પ્રસંગ આવ્યા વિના રહેશે નહિ. એની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? ખરાબ આહાર હોય તો એને છોડી દે છે. ખાવાનું આમ નાખી દે છે ને? એ ટાણે તો હવે શરીર થઈ રહ્યું, બધું બગડ્યું. છોડ શરીર. વિસર્જન કરે છે. જાવ. હું મારે રસ્તે છું. મારા સ્વરૂપના આનંદને રસ્તે છું. છોડો શરીર, છૂટવાને કાળે છૂટે છે. છૂટવાને કાળે છૂટે છે, હોં! આઘું-પાછું નહિ. પણ સમતાથી

---

**૧. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક પ્રથમના બે કષાયની ચોકડીના અભાવરૂપ શુદ્ધભાવરૂપ (અંશે વીતરાગી સ્વાશ્રયરૂપ) નિશ્ચયવ્રતનું પાલન કરે છે તે જીવને સાચા અણુવ્રત હોય છે; નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય તો તેનાં વ્રત-તપને સર્વજ્ઞદેવે બાળવ્રત (અજ્ઞાનવ્રત) અને અજ્ઞાનતપ કહ્યા છે. એમ સર્વત્ર સમજવું.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છૂટે છે એ એની બલિહારી છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ બધા પ્રયોગો પહેલેથી કર્યા હશે એને એ ટાણા આવશે. પણ જેણે કોઈ દિ' સપના પણ સાધ્યા નથી કે આ દેહ છૂટે ત્યારે શું થશે? દેહ રહિત હું આત્મા શું છું. આ દેહરહિત મારું સ્વરૂપ છે. એ જ રીતે થવાનો પ્રસંગ આવશે ત્યારે મારે કેટલી શાંતિ જોવે, કેટલી સ્થિરતા જોવે? એવી ભાવના હશે એને આ પ્રસંગ આવશે. કહો, સમજાણું કાંઈ? એ મરણનું હરખજમણ છે. આખી જિંદગીના ધર્મ કર્યા છે ને? આત્માની દૃષ્ટિ અને સ્થિરતા આદિ કરી છે એને છેલ્લે મરણના હરખજમણ છે. આહા..!

એ શ્રાવકને **'ધારણ કર્યા પછી જીવવાની ઇચ્છા કરવી,..'** જુઓ! જીવવાની આશંસા. એણે એ ન કરવી. એમ ન કરવી એણે. ઠીક થોડું જીવું તો આ બધા માણસો બહુ આવે છે ને માન મળશે. થોડું જીવું તો ઠીક. એવી આશા ન હોય. જે સમય છે તે છે. એમાં કાંઈ વધવાનો નથી અને ઘટવાનો નથી. સમતાથી જ્ઞાતાદૃષ્ટાપણે આત્માને આરાધે. સમજાણું ?

**'સલ્લેખના ધારણ કર્યા પછી જો કાંઈ વેદના થતી હોય તો એવી ઇચ્છા કરવી કે હું જલદી મરણ પામું,..'** લ્યો. શરીર એવું હોય, શરીર જીર્ણ થયેલું હોય, હવે આ ઝટ છૂટે તો સારું. પણ ઝટ છૂટે એનો અર્થ કે તને એટલી પાછી મમતા થઈ. છૂટવા કાળે છૂટશે. વળી ઝટ છૂટે એનો અર્થ શું? કેટલી સમતા હોય, ભાઈ! આહાહા..! આમ શરીરમાં વેદના હોય, મુનિને તો નગ્ન શરીર હોય, શ્રાવકને પણ ઘણું છેલ્લી સ્થિતિએ એવી છેલ્લી સ્થિતિ છે. કહો, સમજાણું કાંઈ? એમાં એ આકરા પ્રસંગ આવી પડે. ઠંડીના, ટાઢના, તડકાના, ગરમીના. ઝટ છૂટે... ઝટ છૂટે. એનો અર્થ શું? જે સમયે છૂટવાનું તે છૂટવાનું એમાં કાંઈ ફેરફાર ન થાય. સમતા રાખે. સમજાણું? જલદી મરણ પામું, જલ્દી હું છૂટું, એવી ઇચ્છા ન કરવી. સમજાણું? આ ઉતાવળીયા હોય છે ને? જલ્દી ઝેર પી લ્યો. ઝટ મરીએ. પણ ત્યાં ક્યાં મા-બાપ બેઠા છે? તારી મા બેઠી છે? દુકાન ફેરવીશ તો હવે લેણદાર નહિ આવે? ત્યાં પણ બધા આવશે. અહીં દે ને, અહીં બેઠો ચુકવને. પરિષહ ઉપસર્ગ આવે, ધર્માત્મા મરણ ટાણે કેવી ભાવના હશે, ભાઈ! આમાં સમજાણું? 'પોપટભાઈ'! આહાહા..! નહિતર આમ અશાતા (હોય). હાય.. હાય... મનમાં (થાય), ભલે બહારથી બોલી શકે નહિ. આર્તધ્યાન આર્તધ્યાન. જેમ તલ ઘાણીમાં પિલાય તેમ એમ રાગ અને દ્વેષમાં પિલાતા દેહ છૂટે, એ તે કાંઈ મરણ કહેવાય? એવે મરણે તો અળસિયા ને કૂતરા, ગલુડિયા ઘણા મરે છે. આહાહા..! સમજાણું? જેના સમાધિમરણ, શાંત મરણે મરવું. જેમાં આવું દુઃખ આવે છતાં ઝટ છૂટે એવો વિકલ્પ ન લાવે. સમજાણું કાંઈ? દેહ છૂટે એવી વૃત્તિ ન આવવી. એ તો દૃષ્ટિમાં છૂટેલું જ છે. આ સંબંધ ક્ષેત્રાવગાહ છે એ નિમિત્ત જે સમયે છે તે છૂટશે. આરસ્વિરસ કરીશ તોપણ તે સમયે છૂટશે, શાંતિ રાખીશ તો પણ તે સમયે દેહ છૂટશે. એવા મરણના ટાણાની ભાવના સમ્યગ્દૃષ્ટિને હોય છે. સમજાણું? આહાહા..! એવી ભાવના કરે છે. આહા..!

www.vitragvani.com



**'પૂર્વના મિત્રોનું સ્મરણ કરવું...'** તેની સાથે રમતો... યાદ કરે ને? દુઃખ થતું હોયને, જરીક પ્રતિકૂળતા આવે તો યાદ કરે. અમે સાથે રમતા હતા ને. અરે..! અહીં શું બાપા! અહીં આત્મા સાથે રમને હવે, એ ક્યાં યાદ કરે છે? જુવાનીમાં જેની સાથે રમતા હોય ને, ગેલી દડા, ઢીકણું, પૂંછડું. એ અંદર યાદ આવી જાય. એ યાદ કરે કે અહીં ભગવાનઆત્માને યાદ કર ને. એ આનંદ સ્મરણમાં કોઈ વખતે એવો આનંદ આવીને કર્યો છે એને યાદ કરને. વિશેષ દશા આવી ગઈ. સમજાય છે? આને ક્યાં યાદ કરે છે? સમજાણું?

**'પૂર્વના મિત્રોનું સ્મરણ કરવું કે સારો મિત્ર હતો, હું તેની સાથે રમતો હતો વગેરે, ૪. પૂર્વે જે શાતાની સામગ્રી ભોગવી હતી તેને યાદ કરવી,...'** લ્યો. ક્યારે મળશું? સ્મરણ કરવું હોં! એમ. સુખાનુંબંધી છે ને એ. **'શાતાની સામગ્રી ભોગવી હતી તેને યાદ કરવી,...'** આવી ભોગવતા. હવે અહીં તારે શું કામ છે? આનંદનો અનુભવ કર, ભાઈ! અંદર જા.. અંદર જા.. પ્રવેશ કર. નહિતર વિકલ્પ દ્વારા પણ એને યાદ કર, એને સ્મરણ કર, આત્માનું સ્મરણ કર. સમજાણું? આહાહા..!

જેણે પહેલો આત્માને રાગથી ભિન્ન પાડ્યો હશે અને રાગથી વિશેષ આસક્તિ છોડવાની તૈયારી કરી હશે, એને આવા સમાધિમરણ થશે. મરણ તો થવાનું છે કે નહિ? એમાં કાંઈ ફરે એવું છે? જન્મ્યા એ મુદ્દતે પૂરા થશે. પાછા મુદતે પૂરા થશે. એમાં કાંઈ આઘી મુદ્દત છે? શાંતિથી મરે એના મરણ કહેવાય. સમજાણું? **'તે ભોગ હવે ક્યારે મળશે એવું સ્મરણ કરવું.'**

**'૫. આગામી કાળમાં સારા સારા ભોગની પ્રાપ્તિની ઇચ્છા કરવી.'** નિદાનની વાત કરી છે મૂળ તો. સમજ્યાને? સ્વનિદાન, નિદાન છે. ખરેખર નિદાન શ્રાવક સુધી થોડું હોય છે. આર્તધ્યાન અમુક હોય છે. છટ્ઠે મુનિને તો હોતું નથી. આર્તધ્યાનનો ભેદ છે ને? પણ એને પાંચમાં સુધી ન લાવવો. સમજાણું કાંઈ? રૌદ્રધ્યાન આવે છે ને? **'આ પાંચ સલ્લેખનાના અતિચાર છે.'**

**'આ રીતે ૧ સમ્યગ્દર્શન,...'** એના પાંચ અતિચાર વર્ણવ્યા. **'૫ અણુવ્રત,...'** એના પાંચ વર્ણવ્યા. **'૩ ગુણવ્રત,...'** એના એક-એકના વર્ણવ્યા. **'૪ શિક્ષાવ્રત, અને ૧ સલ્લેખના- એ ચૌદના સિત્તેર અતિચારોનું વર્ણન કરી ચૂક્યા. તેથી નૈષ્ઠિક શ્રાવકે આ બધાનું જ્યાં સુધી બની શકે ત્યાં સુધી યથાશક્તિ અતિચાર રહિત પાલન કરવું, તો જ મનુષ્યભવ મળવો સાર્થક છે.'** નહિતર મનુષ્યભવ મળ્યા.. મનુષ્યમાં શું છે હવે? દુનિયાએ માન્યું કે, દુનિયાએ ગણ્યું કે દુનિયામાં સારા ગણાણા પહેલી ખુરશી મળી એમાં આત્માને શું? ત્યાંથી ધબોનમઃ થઈ જશે. જાઈશ નીચે. સમજાણું?

**'આ ઉપર બતાવેલા...'** નીચે છે, જુઓ! **'બતાવેલા ચૌદ [1]વ્રત ત્રણે પ્રકારના શ્રાવક પાળે છે.'** એ ત્રણ પ્રકારની વ્યાખ્યા કરશે. વ્રતની નીચે એકડો કર્યો છે. **'નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક પ્રથમના બે કષાયની ચોકડીના અભાવરૂપ શુદ્ધભાવરૂપે (અંશે વીતરાગી સ્વાશ્રયરૂપ)**

www.vitragvani.com



**નિશ્ચયવ્રતનું પાલન કરે છે...'** નિશ્ચય તો આ છે એમ કહે છે. નિશ્ચય સાચું, સ્વતત્ત્વના આશ્રયે પ્રગટેલું નિશ્ચય સમ્યગ્દર્શન. સ્વ ભગવાનઆત્માના આશ્રયે પ્રગટેલું જ્ઞાન, એ પૂર્વક, પ્રથમના બે કષાયની ચોકડી અનંતાનુબંધી ને અપ્રત્યાખ્યાનાવરણી, એના અભાવરૂપ શુદ્ધભાવરૂપ. જુઓ! એનો અભાવ તે શુદ્ધભાવરૂપ પ્રગટ્યો અંદરમાં. એનું નામ શ્રાવક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'તે જીવને સાચાં અણુવ્રત હોય છે; નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય તો તેનાં વ્રત-તપને સર્વજ્ઞદેવે બાળવ્રત...'** કહ્યા છે. લ્યો. 'સમયસાર'માં. જેને આત્મા નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ નથી, નિર્વિકલ્પ આત્માનો સમ્યક્ અનુભવ નથી, એના કરેલા વ્રત અને નિયમ બધા બાળવ્રત છે. મૂર્ખાઈ ભરેલા વ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ. સમજાણું? **'એમ સર્વત્ર સમજવું.'** સર્વત્ર એટલે જ્યાં જ્યાં વ્રત અને અતિચારનું વર્ણન (કર્યું) પણ એને આ સાથે હોવું જોઈએ. આવ્યું ને? પાક્ષિક.

**'૧. પાક્ષિક શ્રાવક સમ્યગ્દર્શનનો ધારક હોય છે, તે સાત વ્યસનોનો ત્યાગી અને આઠ મૂળગુણોનો પાળનાર છે.'** લ્યો. પાક્ષિક શ્રાવક, જે આત્માના પક્ષમાં આવ્યો છે, સમ્યગ્દર્શન થયું છે, સાત વ્યસનનો ત્યાગી છે. એને સાત વ્યસન ન હોય. સમજાણું? વેશ્યા, પરસ્ત્રી, માંસ, દારૂ, શિકાર, જુગાર એ આદિ એને ન હોય. **'આઠ મૂળગુણોનો પાળનાર છે.'** એને આઠ મૂળગુણ હોય. પહેલો ભલે પાક્ષિક શ્રાવક નૈષ્ઠિક (હોય) તો પણ એને આઠ મૂળગુણ હોય. ત્રણ ઉંબર આદિ ફળ અથવા માંસ, દારૂ, મધ આદિ એને હોઈ શકે નહિ. સમજાણું? ઔષધમાં પણ મધ-બધ ન હોય એમ કહે છે. આહાહા..! મધમાં બહુ પાપ છે. એક બિંદુમાં સાત ગામ મારે એટલું પાપ છે. એવો ભાવ એને ન હોય. અહીં તો ભાવની વાત છે ને. વાત તો સંયોગથી થાય ને.

**'૨. નૈષ્ઠિક શ્રાવક ઉપરની વાતો સહિત બાર વ્રતોનું પાલન કરે છે. એ નૈષ્ઠિક અવસ્થા જીવનપર્યંત રહે છે.'** છેક સુધી. **'૩. સાધક-શ્રાવક જ્યારે મરણનો સમય નિકટ આવી જાય..'** ધર્મનો સાધકજીવ.. **'ત્યારે તે નૈષ્ઠિક શ્રાવક સાધક અવસ્થાને પ્રાપ્ત થઈ શકે છે.'** ત્યારે એ દશા પ્રાપ્ત કરશે. **'આ રીતે જે મનુષ્ય આ ત્રણે અવસ્થાઓને પ્રાપ્ત કરે છે તે અવશ્ય સ્વર્ગને પામી શકે છે અને પરંપરાએ મોક્ષ પ્રાપ્ત કરી લે છે. એ જ મોક્ષપ્રાપ્તિનો ક્રમ છે.'** પહેલા તો સ્વર્ગમાં જાય ને? પુણ્ય બાંધે છે એટલે. મુનિપણું ચારિત્ર ઉત્કૃષ્ટ થયા વિના કેવળજ્ઞાન હોય નહિ. આ તો હજી શ્રાવક છે. પંચમકાળના સાચા મુનિ હોય એ પણ કાંઈ મોક્ષ પામતા નથી. સાચા મુનિ 'કુંદકુંદાચાર્ય' જેવા પંચમકાળમાં છે, કેવળજ્ઞાન નથી. પહેલા તો સ્વર્ગમાં જાય. લોકાંતિક આદિમાં. સમજાણું? પછી ત્યાંથી નીકળીને મનુષ્ય થાય, ત્યાં આગળ ચારિત્ર ઉત્કૃષ્ટ થઈ, કેવળજ્ઞાન લઈ મુક્તિને પધારે. **'એ જ મોક્ષપ્રાપ્તિનો ક્રમ છે.'** લ્યો.

**'અતિચારનો ત્યાગ કરવાનું ફળ...'** કહેશે. આ અતિચાર છોડવાનું ફળ શું એની વાત કરશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## ગાથા–૧૯૬

અતિચારનો ત્યાગ કરવાનું ફળ

इत्येतानतिचारानपरानपि संप्रतर्क्य परिवर्ज्य।
सम्यक्त्वव्रतशीलैरमलैः पुरुषार्थसिद्धिमेत्यचिरात्।।१९६।।

અન્વયાર્થ :– [ इति ] એ પ્રકારે ગૃહસ્થ [ एतान् ] આ પૂર્વે કહેલા [ अतिचारान् ] અતિચાર અને [ अपरान् ] બીજા દોષ ઉત્પન્ન કરનાર અતિક્રમ, વ્યતિક્રમ આદિનો [ अपि ] પણ [ संप्रतर्क्यं ] વિચાર કરીને [ परिवर्ज्य ] છોડીને [ अमलैः ] નિર્મળ [ सम्यक्त्वव्रतशीलैः ] સમ્યકત્વ, વ્રત અને શીલ દ્વારા [ अचिरात् ] થોડા જ કાળમાં [ पुरुषार्थसिद्धिम् ] પુરુષના પ્રયોજનની સિદ્ધિ [ एति ] પામે છે.

ટીકા :– 'इति एतान् अतिचारान् अपि अपरान् सम्प्रतर्क्य च परिवर्ज्य अमलैः सम्यक्त्वव्रतशीलैः अचिरात् पुरुषार्थसिद्धिम् एति।' - અર્થ :– આ રીતે આ અતિચાર અને બીજા પણ જે દોષ છે તેને સારી રીતે વિચારીને છોડે છે અને નિર્દોષ સમ્યગ્દર્શન, ૫ અણુવ્રત, ૪ શિક્ષાવ્રત, ૩ ગુણવ્રત – એ બધા વ્રતોના પાલન દ્વારા જીવ શીઘ્ર જ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

ભાવાર્થ :– પુરુષ નામ આત્માનું છે અને અર્થ નામ મોક્ષનું છે. આ રીતે (સ્વાશ્રિત નિશ્ચયશુદ્ધિ સહિત) વ્રતોના પાલનથી સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થવાથી શીઘ્ર જ મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. [1]તપ વિના સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. ૧૯૬.

---

૧.સમ્યક્તપનો અર્થ શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અથવા નિજપરમાત્માના આશ્રયે નિશ્ચયસમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધિવડે શુભાશુભ ઇચ્છાઓના નિરોધપૂર્વક આત્મામાં નિર્મળ–નિરાકુળ જ્ઞાન-આનંદના અનુભવથી અખંડિત પ્રતાપવંત રહેવું; નિસ્તરંગ ચૈતન્યરૂપે શોભિત થવું તે તપ છે. આવું નિશ્ચયતપ ભૂમિકાનુસાર સાધકને હોય છે. ત્યાં બાહ્યમાં ૧૨ પ્રકારના તપમાંથી યથાયોગ્ય નિમિત્ત હોય છે, તેનું જ્ઞાન કરાવવા માટે તેનેવ્યવહારતપ કહેવાય છે. (વિશેષપણે સમજવા માટે જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક અ.૭, નિર્જરાતત્ત્વની શ્રદ્ધાની અયથાર્થતા).

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## પ્રવચન નં. ૭૬ ગાથા–૧૯૬ થી ૧૯૯ સોમવાર, અષાઢ વદ ૧૦, તા. ૩૧-૦૭-૬૭

'પુરુષાર્થ સિદ્ધિ-ઉપાય' ૧૯૬ ગાથા. સમ્યગ્દર્શનની વ્યાખ્યા થઈ ગઈ. બાર વ્રતની વ્યાખ્યા થઈ અને સંથારાની થઈ, એના અતિચારોની થઈ. જ્ઞાનના અતિચાર આમાં નથી નાખ્યા. દર્શનના લીધા છે. પાંચ અણુવ્રતના, ત્રણ ગુણવ્રતના, ચાર શિક્ષાવ્રતના અને સંથારાના. સિત્તેર. જ્ઞાનના આમાં લીધા નથી. આ લોકોમાં શ્વેતાંબરમાં જ્ઞાનના ચૌદ (અતિચાર) આવે. ..... આવે છે ને? ચૌદ આવે છે. આમાં આચારના આઠ આવે છે. કાળે ભણવું, વિનયે ભણવું, આવે છે ને? આઠ. એનાથી વિરુદ્ધ દોષ તેમ લેવા.

**'અતિચારનો ત્યાગ કરવાનું ફળ.'**

**इत्येतानतिचारानपरानपि संप्रतर्क्य परिवर्ज्य।**
**सम्यक्त्वव्रतशीलैरमलैः पुरुषार्थसिद्धिमेत्यचिरात्।।१९६।।**

**ટીકા :– 'આ રીતે આ અતિચાર...'** ટીકા છે ને ટીકા? **'અને બીજા પણ જે દોષ...'** એને લગતા, અતિક્રમ, વ્યતિક્રમ આદિ. સમ્યગ્દર્શનમાં વ્રતમાં સંથારાના આવી ગયા છે. **'તેને સારી રીતે વિચારીને...'** **'संप्रतर्क्य'** છે ને? **'સારી રીતે વિચારીને છોડે છે...'** એનું બરાબર જ્ઞાન કરીને કે આ દોષ છે એમ જાણીને છોડે છે. **'અને નિર્દોષ સમ્યગ્દર્શન, ૫ અણુવ્રત, ૪ શિક્ષાવ્રત, ૩ ગુણવ્રત-'** એમ લીધું છે. **'એ બધા વ્રતોના પાલન દ્વારા જીવ શીઘ્ર જ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.'** એનો ભાવાર્થ છે.

**ભાવાર્થ :– 'પુરુષ નામ આત્માનું છે અને અર્થ નામ મોક્ષનું છે.'** આત્માને મોક્ષ નામ પરમાનંદની પ્રાપ્તિ કેમ થાય? **'આ રીતે (સ્વાશ્રિત નિશ્ચયશુદ્ધિ સહિત)...'** એ આપણે કૌંસમાં નાખવું પડ્યું. અંદરમાં નથી. કારણે કે પાઠ આટલો છે ખરો ને. **'આ રીતે વ્રતોના પાલનથી સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે...'** એનો અર્થ ત્યાં મૂક્યો કે, ભાઈ! આ રીતે સ્વચૈતન્યમૂર્તિ જે આનંદસ્વરૂપ, એનો આશ્રય કરીને જે ચારિત્ર અને વ્રત થાય, એને લઈને મુક્તિ થાય છે. આત્મા આનંદ સ્વરૂપ શુદ્ધચૈતન્યવસ્તુ, એનો અંતરમાં આશ્રય કરી, અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય, ત્યારે એને અંદરમાં બાર વ્રતાદિના જે વિકલ્પો છે, એને નિમિત્ત તરીકે ગણીને એનાથી મુક્તિ થાય એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**'અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થવાથી...'** ભગવાનઆત્મા પોતાનો શુદ્ધ આનંદ, ત્રિકાળી આનંદ, ચારિત્ર સ્વભાવ કહો કે આનંદ સ્વભાવ. આનંદ એ સુખની પ્રધાનતા છે. ચારિત્ર સ્વભાવ, સમસ્વભાવ એ ચારિત્રની પ્રધાનતાથી કથન છે. આત્મામાં સમસ્વભાવ અને આનંદસ્વભાવ, એનો આશ્રય થઈને જે ચારિત્ર પ્રગટ થાય છે એ ચારિત્ર ખરેખર મુક્તિનું

www.vitragvani.com



કારણ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એમાં પછી વ્રત આવે ને. એ વ્રત નિમિત્તરૂપે બતાવે છે. એમાં એવા વ્યવહાર વ્રતો હોય છે એ બતાવે છે કે ત્યાં આટલી શુદ્ધિ એને હોય છે. એમ અંદર છે. એ તો મોક્ષમાર્ગ બે પ્રકારના કહે છે ને. એ એમના કહેવામાં આવે ને? કથન તો બે પ્રકારનું છે ને? નિશ્ચયવ્રત અને વ્યવહારવ્રત, એ બન્ને મોક્ષના કારણ છે એમ કહેવામાં આવે છે. પ્રરૂપણા એમ આવે. પણ ખરેખર તો નિશ્ચયવ્રત જ મોક્ષનું કારણ છે. આત્મા જ્ઞાયકસ્વરૂપ, એને આશ્રયે જેટલી સ્થિરતા થાય, એ જ મોક્ષનું કારણ છે. પણ એનું નિરૂપણ–કથન બે પ્રકારે છે. વ્યવહાર અને નિશ્ચય. આત્માનો જે શુદ્ધ સ્વભાવ એને આશ્રયે જે ચારિત્ર પ્રગટ્યું એ યથાર્થ નિશ્ચય છે અને બાર વ્રતાદિ છે એ વ્યવહારે, ઉપચારે વ્રત છે. એ બેથી મુક્તિ થાય એમ નિરૂપણ–કથન છે. કહો, સમજાણું કાંઈ? બાકી વાસ્તવિક વસ્તુ તો એક જ. ભગવાનઆત્મા પોતાને સ્વઆશ્રયથી દર્શન પ્રગટ કરે, સ્વઆશ્રયથી જ્ઞાન અને સ્વઆશ્રયથી ચારિત્ર. બસ, એ જ યથાર્થ મુક્તિનું કારણ છે. બીજું સાથમાં વ્યવહાર વ્રતથી મુક્તિ થાય એવું નિરૂપણ નિમિત્ત દેખીને કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

'**તપ વિના સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી.**' એ બોલ છે ને હવે? '**તપ વિના..**' તપ સાથે હોય છે. ચારિત્ર જ્યાં હોય ત્યાં નિશ્ચયતપ અને વ્યવહારતપ નિમિત્તરૂપે હોય છે. જ્યાં આત્મા પોતાના આનંદ શુદ્ધ સ્વરૂપનો આશ્રય કરી, દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કરે છે, એમાં નિશ્ચયતપ સાથે ચારિત્ર ભેગું હોય છે. અને વ્યવહારતપ પણ બાર પ્રકારના તપ પણ નિમિત્તરૂપે હોય છે. કહો, 'અમરચંદભાઈ'! કથન તો બે પ્રકારના છે, ભાઈ! વસ્તુ એક જ પ્રકારે છે. પણ નિરૂપણ બે પ્રકારે છે.

'ટોડરમલજી'નું વાક્ય. એ સર્વત્ર વ્યવહાર નિશ્ચયનું આ લક્ષણ જ્ઞાતવ્યમ–જાણવું. એ મહા સિદ્ધાંત છે. નિશ્ચય છે એ યથાર્થ છે, વ્યવહાર છે એ જોડે નિમિત્ત ઉપચાર દેખીને તેને વ્યવહાર કહેવામાં આવે છે. વ્યવહાર દેખીને ઉપચાર કરવામાં આવ્યો છે. પણ ખરેખર એ મોક્ષનો માર્ગ નથી. વ્યવહારવ્રત, વ્યવહારદર્શન, વ્યવહારજ્ઞાન એ ખરેખર મોક્ષનો માર્ગ નથી. શું થાય? જગતની શૈલી, તત્ત્વની કથન પદ્ધતિ એવી હોય, એને માની લે કે બે પ્રકારે મોક્ષ છે. શું થાય? મોક્ષસ્વરૂપ તો આત્મા છે. પૂર્ણાનંદનો નાથ, આનંદનું ધામ છે એ. એમાં અંતરમાં ઠરવાથી, દૃષ્ટિ, જ્ઞાન ઠરવાથી મુક્તિ થાય છે. બહારના વિકલ્પ જે થાય એનાથી બંધ થાય, છતાં એને નિમિત્ત તરીકે કથન ગણીને, વ્યવહારે અનુકૂળ નિમિત્ત છે એટલે એમ કરીને એનાથી મુક્તિ થાય એમ આરોપથી કથન છે. કહો, સમજાણું આમાં? હવે નિશ્ચયની વ્યાખ્યા છે. તપ શબ્દ પડ્યો છે ને? નીચે નોંધ.

'**સમ્યક્તપનો અર્થ...**' સાચું તપ એને કહેવામાં આવે છે કે, '**શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ...**'

www.vitragvani.com



શુદ્ધોપયોગરૂપ મુનિધર્મને સમ્યક્તપ કહેવામાં આવે છે. તપ કલ્યાણક કહેવામાં આવે છે ને? ભગવાનના ગર્ભ કલ્યાણક, જન્મ કલ્યાણક, તપ કલ્યાણક, કેવળ કલ્યાણક, મોક્ષ કલ્યાણક આવે છે ને? એ તપ કલ્યાણકનો અર્થ? મુનિપણું અને મુનિપણાનો અર્થ શુદ્ધોપયોગ. આહાહા..! પાંચકલ્યાણક આવે છે ને? તો એને તપકલ્યાણક કહે છે ને? ચારિત્ર લે છે તેને તપકલ્યાણક કહે છે. ચારિત્ર છે એ ખરેખર તપ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાના સ્વરૂપમાં ચરવું, રમવું, આનંદમાં જમવટ થઈ જવી, એ જ એક ચારિત્ર અને એ જ એની અંદરમાં ઇચ્છાનો ઉગ્રપણે અભાવ, એને તપ કહેવામાં આવે છે. બાહ્યતપ છે એ નિમિત્તરૂપે વ્યવહાર છે.

**'સમ્યક્તપનો અર્થ શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ...'** એક વાત. સાચા તપની વ્યાખ્યા, ચારિત્રવંત થવું તે. ચારિત્રવંત થવું એટલે? શુદ્ધોપયોગની પ્રાપ્તિ કરવી તે. એ... 'દીપચંદજી'! આ વાત છે, ભાઈ! આહાહા..! આત્મામાં શુભ અને અશુભ જે ઉપયોગ છે, એ અશુદ્ધ ઉપયોગ છે. એ તો બંધનું કારણ છે. શુભ અને અશુભ ઉપયોગ છે એ બધું બંધનું કારણ છે. એ તપ નથી તેમ યથાર્થ ચારિત્ર એટલે મુનિપણું નથી. યથાર્થ મુનિપણું તો મોક્ષનું કારણ છે. આ શુભભાવ તે બંધનું કારણ છે. ત્યારે યથાર્થ મુનિપણું એટલે શુદ્ધોપયોગરૂપ મુનિપણું. સમ્યક્તપની વ્યાખ્યા જ એ છે કે આણે ચારિત્ર અંગીકાર કર્યું એટલે કે સામ્યભાવ અંગીકાર કર્યો. એ 'પ્રવચનસાર'માં પહેલી ગાથાઓમાં આવે છે. ચારિત્ર અંગીકાર કરવાની ખરી વ્યાખ્યા જ આ છે. એણે સામ્યભાવ અંગીકાર કર્યો, વીતરાગભાવ અંગીકાર કર્યો, શુદ્ધોપયોગરૂપ ભાવ અંગીકાર કર્યો. કહો, સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર'ની પહેલી પાંચ ગાથામાં એ જ આવે છે. શુદ્ધોપયોગ. આચારનું વર્ણન કર્યું ત્યાં એ વર્ણવ્યું છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર શુદ્ધ ઉપયોગમાં.

'ટોડરમલજી'એ લીધું કે આ મુનિધર્મ કેવો? શુદ્ધઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી, સ્વભાવ સાધન દ્વારા, ચાર ઘાતિકર્મનો નાશ કરી, અરિહંતપદને પામે છે. આવે છે ને ઇ? બહુ સરસ વાત કરી છે. માણસને પોતાના ડહાપણ આડે બીજા પંડિતોનું બહુમાન થઈ જાય એ એને ગોઠતું નથી. સમજાણું? આ તો ગુજરાતીમાં છે. હિન્દીમાં પણ એમ જ લખ્યું છે. પહેલી જ વ્યાખ્યા એ 'પ્રવચનસાર'ની અપેક્ષાએ મૂકી દીધી. અરિહંતનું ફળ.

**'જે ગૃહસ્થપણું છોડી મુનિધર્મ અંગીકાર કરી...'** મુનિધર્મ એટલે શુદ્ધઉપયોગ. **'નિજસ્વભાવ સાધન વડે...'** જોયું? નિજસ્વભાવ, શુદ્ધસ્વભાવના સાધન વડે.. **'ચાર ઘાતીકર્મનો ક્ષય કરી, અનંત ચતુષ્ટયરૂપે બિરાજમાન થયા.'** એનું નામ અરિહંત. સિદ્ધમાં એમ લખ્યું છે, જુઓ! **'જે ગૃહસ્થા... ત્યજી મુનિધર્મ સાધન વડે...'** ત્યાં એમ લીધું. જોયું! જે નિજસ્વભાવ સાધન કહ્યો હતો ને? એને અને એને મુનિ(ધર્મ સાધન કહ્યું). મુનિધર્મ સાધન વડે ચાર ઘાતીનો નાશ કરી. પછી આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. **'જે વિરાગી બની...'** ગૃહસ્થપણું છોડીને એમ કહ્યું ને. વિરાગ્ય બની બરાબર પરથી ઉદાસીન થઈ, સમસ્ત પરિગ્રહ છોડી, શુદ્ધ

www.vitragvani.com



ઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એને કહેવામાં આવે છે. 'સેઠી'!

**'શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી...'** અઠ્યાવીસ મૂળગુણ એ તો વ્યવહાર વચ્ચે આવે એને કહેવાય. એ પછી આગળ કહેશે. એ પોતે જ કહેશે. અઠ્યાવીસ મૂળગુણ પાળે. અંગીકાર કર્યો છે, જે સામ્યભાવ 'પ્રવચનસાર'માં 'કુંદકુંદાચાર્ય' લીધું છે કે હું સામ્ય અંગીકાર કરું. વચ્ચે સંજ્વલનના ઉદયનો મંદ ભાગ આવી જાય છે એને ઓળંગીને હું શુદ્ધોપયોગરૂપ સામ્યભાવ અંગીકાર કરું છું. એનું નામ મુનિપણું છે. બાપા! મુનિપણું એટલે? જોયું? શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર છે. અંતરંગમાં તો એ શુદ્ધઉપયોગ વડે પોતે પોતાને અનુભવે છે. એને આચાર્ય અને ઉપાધ્યાય કહીએ. આ તમારા ગામમાં તો દસ હજાર, અગિયાર હજાર છપાવ્યા છે. તમારા ચિરંજીવીએ છપાવ્યા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– 'મીઠાલાલજી' છે ને? 'મીઠાભાઈ'. પહેલા હતી એ છાપી છે ને, નવું ક્યાં છે? વાત તો સાચી છે.

અંતરંગમાં એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે. પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી. પોતાના જ્ઞાનાદિ સ્વભાવને જ પોતાના માને છે. પરભાવમાં મમત્વ કરતા નથી. કેટલી સરસ વાત લીધી છે! આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક' આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એને કહેવા. સમજાણું?

એ અહીં કહ્યું જુઓ! **'સમ્યક્તપનો અર્થ શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ...'** આપણે એની વ્યાખ્યા અહીં (છે). સમજાણું કાંઈ? શુદ્ધોપયોગ એટલે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ શુભઉપયોગ છે. હિંસા, જૂઠું, ચોરી એ અશુભ ઉપયોગ છે. બન્ને મુનિપણું નથી. આહાહા..! એ આચાર્ય, ઉપાધ્યાયપદ પણ નથી. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદ ભગવાન એને કહે છે કે જ્યાં આગળ શુભ-અશુભ ઉપયોગ, અશુદ્ધઉપયોગથી ખસી, પોતાના આત્માના દર્શન-જ્ઞાનપૂર્વક, શુદ્ધોપયોગ નામ શુદ્ધ આચરણ, શુદ્ધ આચરણ, એની વીતરાગતાનું આચરણ, એને અહીંયાં મુનિપણું, આચાર્ય, ઉપાધ્યાય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એ સાચો મુનિધર્મ છે.

ઉત્તર :– એ વીતરાગમાર્ગનો સાચો મુનિધર્મ છે. અન્યમાં તો છે જ નહિ. પરમેશ્વર જૈન સિવાય (ક્યાંય નથી). સર્વજ્ઞ પરમેશ્વર, ત્રિલોકનાથ પરમાત્મા, વીતરાગમૂર્તિ પ્રભુ એની વાણીમાં આ આવ્યું છે. જિનની વાણી. એની વાણીમાં. વીતરાગમૂર્તિ બિંબ થઈ ગયેલા, વાણી નીકળી છે. સમજાણું?

**'અથવા...'** બે પ્રકાર પાડે છે. **'સમ્યક્તપનો અર્થ શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અથવા નિજપરમાત્માના આશ્રયે...'** ખરેખર તો એ શુદ્ધોપયોગની વ્યાખ્યા કહે છે. નવું નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'નિશ્ચયસમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધિ વડે શુભાશુભ ઉચ્છાઓના નિરોધપૂર્વક...'** અસ્તિ-નાસ્તિથી વાત કરી છે. આત્મામાં આ નિજ પરમાત્માના આશ્રયે,... કહો સમજાણું? નિજ શુદ્ધ પરમાત્મા, કારણપરમાત્મા પોતાનો ત્રિકાળ સ્વભાવ, એના આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન– સાચું સમ્યગ્દર્શન. નિશ્ચય એટલે સાચું સમ્યગ્દર્શન, વ્યવહાર એટલે ઔપચારિક સમ્યગ્દર્શન. નિશ્ચયજ્ઞાન. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે, એનું જ્ઞાનના વેદનથી જ્ઞાનનું પ્રગટવું, એ શુદ્ધ સ્વભાવને આશ્રયે (પ્રગટ્યું) એને સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે. અને સમ્યક્ચારિત્ર. નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન એ ત્રણને લાગુ પાડવું. નિશ્ચયચારિત્રરૂપ. નિશ્ચયચારિત્રરૂપ. સાચાચારિત્રરૂપ.

આત્માના શુદ્ધોપયોગરૂપ **'ચારિત્રરૂપ શુદ્ધિ વડે...'** એની નિર્મળતા દ્વારા. **'શુભાશુભ ઇચ્છાઓના નિરોધપૂર્વક...'** એ નાસ્તિથી વાત કરી. આવા ભાવથી એમાં શુભાશુભ ઇચ્છાનો નિરોધ થઈ જાય છે. એથી શું થાય છે? **'આત્મામાં નિર્મળ-નિરાકુળ...'** મળ વિનાનું, આકુળ વિનાનું, જ્ઞાન અને આનંદના અનુભવથી. ભગવાનઆત્માના જ્ઞાનનો અને આનંદનો જે અનુભવ, શુભાશુભભાવનું રોધન થતાં, સ્વભાવના જ્ઞાન અને આનંદનો જે અનુભવ, એ **'અખંડિત પ્રતાપવંત રહેવું;...'** અહીં તપ છે ને તપ? પ્રતપંતે ઇતિ તપ. એમાં **'અખંડિત પ્રતાપવંત રહેવું;...'** પોતાની અંતર આનંદની પ્રતાપવંત શોભાથી અંતરમાં સ્થિર અતીન્દ્રિય આનંદના અનુભવમાં રહેવું.

**'નિસ્તરંગ ચૈતન્યરૂપે શોભિત થવું...'** જેમાં વિકલ્પના તરંગ નથી, જેમાં ભેદ નથી. એકલો ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ, સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદના સ્વાદની ઉગ્રતામાં પડ્યો છે, એનાથી **'ચૈતન્યરૂપે શોભિત થવું...'** જોયું! ચૈતન્યરૂપે. રાગ-ફાગની શોભા એ નહિ. **'નિસ્તરંગ...'** તરંગ વિનાના, ભેદવિનાનું ચૈતન્યપણે **'શોભિત થવું તે તપ છે.'** આનું નામ તપની સાચી વ્યાખ્યા છે. ત્યારે પછી બાર પ્રકારના તપ, તેને નિમિત્ત અને વ્યવહારે કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'આવું નિશ્ચયતપ ભૂમિકા અનુસાર સાધકને હોય છે.'** આવું ખરું તપ ભૂમિકાનુસાર શ્રાવકને, મુનિને આદિ સાધકને હોય છે. **'ત્યાં બાહ્યમાં ૧૨ પ્રકારના તપમાંથી યથાયોગ્ય નિમિત્ત હોય છે.'** પછી ૧૨ પ્રકારના તપમાં વ્યવહાર પણ તપનો હોય. નિશ્ચય આવું હોય ત્યારે આવું નિમિત્ત એને હોય છે. **'તેનું જ્ઞાન કરાવવા માટે તેને વ્યવહારતપ કહેવાય છે.'** નિશ્ચયનું તપનું જ્ઞાન કરાવવા વિકલ્પાદિ જે ૧૨ પ્રકારનાં આવે, અનશન કરું કે વિકલ્પ આદિ, એનું નિશ્ચયતપનું જ્ઞાન કરાવવા વ્યવહારતપને વ્યવહાર કહેવામાં આવે છે. **'(વિશેષપણે સમજવા માટે જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક અ. ૭, નિર્જરાતત્ત્વની શ્રદ્ધાની અયથાર્થતા)'** સાતમાં અધ્યાયમાં બહું લીધું છે. ૧૯૬ (ગાથા પૂરી) થઈ.

www.vitragvani.com



# સકલચારિત્ર વ્યાખ્યાન

## ગાથા–૧૯૭

चारित्रान्तर्भावात् तपोपि मोक्षाङ्गमागमे गदितम्।
अनिगूहितनिजवीर्यैस्तदपि निषेव्यं समाहितस्वान्तैः।।१९७।।

અન્વયાર્થ :– [ आगमे ] જૈન આગમમાં [ चारित्रान्तर्भावात् ] ચારિત્રનું અન્તર્વર્તી હોવાથી [ तपः ] તપને [ अपि ] પણ [ मोक्षाङ्गम ] મોક્ષનું અંગ [ गदितम् ] કહેવામાં આવ્યું છે, તેથી [ अनिगूहितनिजवीर्यैः ] પોતાનું પરાક્રમ ન છુપાવનાર તથા [ समाहितस्वान्तैः ] સાવધાન ચિત્તવાળા પુરુષોએ [ तदपि ] તે તપનું પણ [ निषेव्यम् ] સેવન કરવા યોગ્ય છે.

ટીકા :– 'चिारित्रान्तर्भावात् तपः अपि आगमे मोक्षाङ्गम् गदितम् अतः एव अनिगूहितनिजवीर्यैः समाहितस्वान्तैः तदपि निषेव्यम्।' - અર્થ :– સમ્યક્ચારિત્રમાં સમાવેશ પામતું હોવાથી તપને પણ શાસ્ત્રોમાં મોક્ષનું કારણ કહ્યું છે, તેથી પોતાની શક્તિ છુપાવ્યા વિના પોતાનું મન વશ રાખી તે તપનું પણ આચરણ કરવું જોઈએ.

ભાવાર્થ :– તપ એક પ્રકારે વ્યવહારચારિત્ર છે. (ભૂતાર્થનો આશ્રય કરનારને) વ્યવહારચારિત્રથી નિશ્ચયચારિત્ર કે જે સમ્યક્ચારિત્ર છે તેની પ્રાપ્તિ થાય છે અર્થાત્ એ નિયમ છે કે તપશ્ચરણ વિના નિશ્ચય સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી જ નથી તેથી મોક્ષ ઇચ્છનાર પુરુષોએ અવશ્ય તપ ધારણ કરવું જોઈએ. ૧૯૭.

(નોંધ :– ચારિત્ર તો વીતરાગતા છે અને તે નિજ શુદ્ધાત્માના આશ્રયે જ પ્રગટે છે. પણ ત્યાં તે કાળે વ્યવહારચરણ કેવું હોય તે બતાવવા તેને વ્યવહારનયથી કારણ કહ્યું છે. રાગ છે તે બાધક જ છે પણ તે તે ભૂમિકાને યોગ્ય રાગ તે ગુણસ્થાનનો નાશક નથી એટલો મેળ બતાવવા માટે ઉપચાર-વ્યવહાર નિરૂપણની એ રીત છે, રાગ કરતાં કરતાં નિશ્ચયચારિત્ર થાય નહિ એમ પ્રથમથી જ નિઃસંદેહપણે પ્રતીતિ કરવી જોઈએ.)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

૧૯૭ ગાથા. સકલચારિત્ર વ્યાખ્યાન. આ પેટામાં હજી ગૃહસ્થોએ ચારિત્ર અંગીકાર કરવું એ અપેક્ષાએ વાત છે. સમજાણું? પાછી મુનિની વ્યાખ્યા પછી લેશે. મુનિપણાનું જુઓ! આગળ કહે છે. મુનિપણું અંગીકાર કરશે. કહે છે ને ઇ? મુનિવ્રત ધારણ કરવાનો ઉપદેશ. ત્યાંથી લેશે. આ શ્રાવકની સંધી કરતાં એણે ચારિત્ર લેવું, એમ વ્યાખ્યા છે. એટલે ચારિત્રમાં મુનિપણું એમ વ્યાખ્યા આવશે. પછી આવશે ને? મુનિવ્રત ધારણ કરવાનો ઉપદેશ. ૨૦૦ ગાથાથી લેશે. અર્થમાં પણ એમ છે. અર્થમાં એમ છે. ૧૯૯માં કહ્યું.

**'અહીં સુધી ગૃહસ્થના વ્રતોનું વર્ણન કર્યું.'** ૧૯૯ ગાથાના ભાવાર્થમાં એ છે. **'અહીં સુધી ગૃહસ્થના વ્રતોનું વર્ણન કર્યું. હવે ત્યાર પછી શ્રી અમૃતચન્દ્રસ્વામી મુનિઓના ચારિત્રનું વર્ણન કરે છે.'** ક્યાંથી? ૨૦૦ થી. લ્યો. સમજાણું કાંઈ? શ્રાવકે પણ મુનિપણું લેવાની ભાવના કરવી એમ કહેવા માગે છે. જેને લાભ દેખે એ વધારે લાભની ભાવના કેમ ન કરે? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાનથી લાભ છે, સમ્યક્‌ચારિત્રથી પણ મહાલાભ છે. સમજાણું કાંઈ? ગૃહસ્થે પણ આવી ભાવના યથાશક્તિ, યોગ હોય ત્યારે એણે પણ ચારિત્રભાવ લેવો. એમ કહેવા માટે આ અધિકાર લીધો છે. ૧૯૭ ગાથા.

**चारित्रान्तर्भावात् तपोपि मोक्षाङ्गमागमे गदितम्।**
**अनिगूहितनिजवीयस्तदपि निषेव्यं समाहितस्वान्तैः।।१९७।।**

**ટીકા :– 'સમ્યક્‌ચારિત્રમાં સમાવેશ પામતું હોવાથી તપને પણ શાસ્ત્રોમાં મોક્ષનું કારણ કહ્યું છે,...'** એમાં નિશ્ચયતપ લેવું અને વ્યવહારતપ બન્ને લેવું. અહીં નિશ્ચયથી વાત કરી. **'તેથી પોતાની શક્તિ છુપાવ્યા વિના...'** જોયું! શ્રાવકે. યથાશક્તિ, હોં! શક્તિ પ્રમાણે. સમજ્યા વિના, દર્શન વિના, જ્ઞાન વિના તો ચારિત્ર હોય નહિ. પણ દર્શન અને જ્ઞાન સહિતમાં શક્તિ, તપ ત્યાગ. આવે છે ને? શક્તિ પ્રમાણેનો વ્યવહાર અને નિશ્ચય ચારિત્ર લેવું. શક્તિ જોઈને, પરિણામને જોઈને. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પોતાનો નિર્વાહ થશે કે નહિ? એમ વિચારીને સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્ર ગ્રહણ કરવું. કહો, સમજાણું કાંઈ? આવી વાત આવે એટલે પેલા સમજ્યા વિના આવે એટલે ચાલો અંગીકાર ચારિત્ર લઈ લો.

મુમુક્ષુ :– ઉપરના ચારિત્રના...

ઉત્તર :– ઉપરના ચારિત્રના, નિશ્ચયદર્શનના ઠેકાણા નહિ અને ચારિત્ર લઈ લો, પાંચ મહાવ્રત લઈ લો. આહાહા..! આ તો શ્રાવકપણું પ્રગટ થયું છે અને તેને ચારિત્રની ભાવના હોવી જોઈએ. યથાશક્તિ ગ્રહણ કરવાની ભાવના હોય છે, એમ કહે છે. 'પોપટભાઈ'!

**'તેથી પોતાની શક્તિ છુપાવ્યા વિના...'** **'अनिगूहित'** છે ને? **'अनिगूहितनिजवीर्यैः'** પોતાના પુરુષાર્થને ગોપવ્યા વિના, પુરુષાર્થની ગતિ કામ કરે તો એણે ચારિત્ર અંગીકાર કરવું. **'પોતાનું મન વશ રાખી...'** પાછું મનને વશ રાખીને. ઇચ્છા નિરોધ કરીને. **'તે તપનું પણ આચરણ કરવું જોઈએ.'** **'તપ એક પ્રકારે વ્યવહારચારિત્ર છે.'** મુનિપણું કહ્યું ને મુનિપણું?

www.vitragvani.com



મુનિપણું વ્યવહારે વ્યવહાર ચારિત્ર છે. મુનિપણું નિશ્ચય શુદ્ધઉપયોગરૂપ ચારિત્ર છે. સમજાણું કાંઈ? મુનિપણું નિશ્ચય શુદ્ધોપયોગરૂપ ચારિત્ર છે અને મુનિપણું વ્યવહારે પંચમહાવ્રત આદિનું ચારિત્ર અને તપ છે. જ્યાં નિશ્ચય હોય ત્યારે આવો વ્યવહાર હોય છે એમ ગણીને અહીંયાં તપ વ્યવહાર ચારિત્ર (કહ્યું) છે.

'**(ભૂતાર્થનો આશ્રય કરનારને)...**' એ કૌંસમાં આપણે નાખ્યું છે. '**વ્યવહારચારિત્રથી નિશ્ચયચારિત્ર કે જે સમ્યક્ચારિત્ર છે...**' એ અંદર ભાવાર્થમાં છે. જ્યાં પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ હોય છે, ત્યાં અંતર પોતાને ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર હોય છે. એને હોય છે, એ બતાવવા આનાથી પ્રાપ્ત થાય એમ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? '**અર્થાત્ એ નિયમ છે કે તપશ્ચરણ વિના નિશ્ચય સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી જ નથી...**' સમજાણું? વ્યવહાર મુનિપણું અંગીકાર કર્યા વિના નિશ્ચય સ્વરૂપની સ્થિરતા થતી નથી. વિકલ્પ આદિથી પહેલો વ્યવહાર લે છે ને? પછી સ્વરૂપમાં રમે ત્યારે એને નિશ્ચયચારિત્ર થાય છે. કહો, સમજાણું કાંઈ? '**તેથી મોક્ષ ઇચ્છનાર પુરુષોએ અવશ્ય તપ ધારણ કરવું જોઈએ.**' મુનિપણું લેવું જોઈએ એમ કહેવું છે મૂળ તો.

'**નોંધ :–..**' એ એમાં નથી. આપણે નાખી છે. જેણે નાખી એણે નાખી છે, લ્યોને. 'હસુભાઈ'એ નાખી છે ને? '**ચારિત્ર તો વીતરાગતા છે અને તે નિજ શુદ્ધાત્માના આશ્રયે જ પ્રગટે છે. પણ ત્યાં તે કાળે વ્યવહારચરણ કેવું હોય તે બતાવવા તેને વ્યવહારનયથી કારણ કહ્યું છે. રાગ છે તે બાધક જ છે પણ તે તે ભૂમિકાને યોગ્ય રાગ તે ગુણસ્થાનનો નાશક નથી એટલો મેળ બતાવવા માટે ઉપચાર-વ્યવહાર નિરૂપણની એ રીત છે,...**' ઉપચાર કહો કે વ્યવહારની રીત છે. '**રાગ કરતાં કરતાં નિશ્ચયચારિત્ર થાય નહિ એમ પ્રથમથી જ નિઃસંદેહપણે પ્રતીતિ કરવી જોઈએ.**' પેલું લખ્યું છે ને, એનો જરી બચાવ લખ્યો છે. એમ કહેને સામા તો એમ કહે તમે બચાવ લખ્યો.

વાત તો એ છે કે પહેલો વિકલ્પ એ આવે. સમ્યગ્દર્શન હોય અને શ્રાવક હોય. પહેલો વિકલ્પ આવે કે હું ચારિત્ર લઉં. એ ગુણસ્થાનમાં ગુરુ પાસેથી વ્યવહારચારિત્ર અંગીકાર કરે. એ અંગીકાર (કરે), પણ એને ખરેખર વ્યવહાર ક્યારે કહેવાય? કે જ્યારે સ્વરૂપમાં ધ્યાનમાં થઈને અપ્રમત્તગુણસ્થાન આવે ત્યારે પેલા વ્યવહાર વિકલ્પને વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. આવી અટપટી વાતું છે. કહો, સમજાણું કાંઈ? ચોથે-પાંચમેગુણસ્થાને પહેલું કાંઈ સાતમુંગુણસ્થાન આવી જાય એમ ન હોય. અંગીકાર કરે ત્યારે તો વ્યવહાર અંગીકાર (કરે). સર્વ સાવધયોગનો ત્યાગ, અશુભયોગનો ત્યાગ એમ કરીને વ્રત અંગીકાર કરે. ગુરુ પણ એમ આપે. પણ પછી અંદર જ્યારે સ્થિર થાય, સ્વરૂપના ધ્યાનમાં સ્થિર થાય, ત્યારે તેને સપ્તમગુણસ્થાન પહેલું પ્રગટ થાય. ત્યારે તેને પેલું વ્યવહારચારિત્રને વ્યવહાર વિકલ્પને વ્યવહાર તરીકે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પછી વ્યવહારથી નિશ્ચય પામ્યો એમ પણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વ્યવહારનયથી કહેવામાં આવે. કહો.

ખરેખર તો અંદર શુદ્ધિની વૃદ્ધિ કરીને એકાગ્ર ધ્યાનમાં મુનિ લીન થાય છે. મુનિપણું તો સપ્તમ ગુણસ્થાન ધ્યાનમાં પહેલું આવે છે. સપ્તમ ગુણસ્થાન સમજાય છે? **'दुविहं पि मोक्खहेउं जाणे पाउणदि जं मुणी णियमा।'** ધ્યાનમાં. પછી જે વિકલ્પ બાકી રહે છે એને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. એવું સ્વરૂપ છે કે જગતને બહારથી લઈ લેવું છે અને અંતરની વસ્તુનો આશ્રય કરવો નથી.

મુમુક્ષુ :– એમ તો મળે એમ નથી.

ઉત્તર :– એ મળે એમ નથી. ક્યાંથી મળે? પણ જેમાં હોય એમાંથી મળે. કાંઈ રાગમાં ચારિત્ર છે? ભગવાનઆત્મામાં છે. આખો વીતરાગભાવ પડ્યો છે. સમરસભાવ એટલે? જ્ઞાનસ્વભાવ એમ ચારિત્રસ્વભાવ. ત્રિકાળ, હોં! ત્રિકાળ. ચારિત્ર સ્વભાવ એટલે સમરસ સ્વભાવ એ ત્રિકાળ પડ્યો છે. એમાંથી એનું અવલંબન કરે તો સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર થાય. અહીં તો શ્રાવકે પણ આવી ભાવના કરીને યથાશક્તિ મુનિપણું કરવું. ભાવના તો એમ જ (હોય ને). ઉત્કૃષ્ટ વાત કહે છે ને. સમજાય છે?

## ગાથા–૧૯૮

**બાહ્ય અને અંતરંગ એવા ભેદથી તપ બે પ્રકારનું છે. પહેલાં બાહ્ય તપના ભેદ બતાવે છે :–**

**अनशनमवमौदर्यं विविक्तशय्यासनं रसत्यागः।**
**कायक्लेशो वृत्तेः सङ्खया च निषेव्यमिति तपो बाह्यम्।।१९८।।**

**અન્વયાર્થ :– [ अनशनम् ] અનશન, [ अवमौदर्यं ] ઊણોદર, [ विविक्तशय्यासनं ] વિવિક્ત શય્યાસન, [ रसत्यागः ] રસ પરિત્યાગ [ कायक्लेशः ] કાયકલેશ [ च ] અને [ वृत्तेः संख्या ] વૃત્તિની સંખ્યા – [ इति ] એ રીતે [ बाह्यं तपः ] બાહ્યતપનું [ निषेव्यम् ] સેવન કરવા યોગ્ય છે.**

**ટીકા :– 'अनशनं अवमौदर्यं विविक्तशय्यासनं रसत्यागः कायक्लेशः च वृत्तेः संख्या बाह्यं तपः इति निषेव्यम्। ' - અર્થ :– ૧ અનશન તપ – અર્થાત્ ઉપવાસ દ્વારા ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો. ખાદ્ય, સ્વાદ્ય, લેહ્ય અને પેય એ – રીતે આહાર ચાર પ્રકારનો છે. ૨ – અવમૌદર્ય તપ – એટલે એકાશન કરવું, ભૂખથી ઓછું ખાવું, એ બેઉ પ્રકારના તપ દ્વારા કર્મોની નિર્જરા થાય છે અને ધ્યાનની પ્રાપ્તિ થાય છે. નિંદ્રા મટે છે, દોષ ઘટે છે, સંતોષ થાય છે, સ્વાધ્યાય કરવામાં મન લાગે છે. ૩ – વિવિક્ત શય્યાસન –**

**જ્યાં મનુષ્યોનું આવાગમન ન હોય એવા એકાંત સ્થાનમાં વાસ કરવો. ૪ – રસત્યાગ– દૂધ, દહીં, ઘી, સાકર અને તેલ – આ પાંચ રસનો ત્યાગ અને મીઠાનો તેમ જ લીલોતરીનો પણ ત્યાગ કરવો તેને રસત્યાગ કહે છે. જોકે રસ તો પાંચ જ છે તોપણ ઇન્દ્રિયસંયમની અપેક્ષાએ સાતેનો ત્યાગ કરવો જોઈએ. એના ત્યાગનો ક્રમ મીઠું, લીલોતરી, સાકર, ઘી, દૂધ, દહીં અને તેલ એ પ્રમાણે છે. અને તે રવિવારના દિવસથી શરૂ કરવું જોઈએ. ૫ – કાયક્લેશ શરીરને પરિષહ ઉપજાવીને પીડા સહન કરવી તેનું નામ કાયક્લેશ છે. આ કાયકલેશનો અભ્યાસ કરવાથી અનેક કઠોર ઉપસર્ગ સહન કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે, શરીર સાથેનો મમત્વભાવ ઘટે છે અને રાગનો અભાવ થાય છે. ૬ – વૃત્તિસંખ્યા– વૃત્તિની મર્યાદા કરી લેવી. જેમ કે આજે મને આવું ભોજન મળે તો હું આહાર કરીશ અથવા આટલાં ઘરે ભોજન માટે જઈશ વગેરે પ્રકારથી નિયમ કરી લેવો. આ રીતે છ પ્રકારનાં બાહ્ય તપનું નિરૂપણ કર્યું. ૧૯૮.**

---

**'બાહ્ય અને અંતરંગ એવા ભેદથી તપ બે પ્રકારનું છે. પહેલાં બાહ્ય તપના ભેદ બતાવે છે :–'** જુઓ! નિમિત્ત વ્યવહાર હોય છે ને? એની વ્યાખ્યા કરે છે.

**अनशनमवमौदर्यं विविक्तशय्यासनं रसत्यागः।**
**कायक्लेशो वृत्तेः सङ्खया च निषेव्यमिति तपो बाह्यम्।।१९८।।**

ટીકા :– **'અનશન તપ – અર્થાત્ ઉપવાસ દ્વારા ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો.'** સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન સહિત, આત્માના ભાન સહિત એણે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો. એને અનશન તપ કહેવામાં આવે છે. **'ખાદ્ય,...'** ખાવાયોગ્ય વસ્તુ. **'સ્વાદ્ય,...'** સ્વાદ કરવા લાયક. **'લેહ્ય અને પેય...'** પીવા લાયક. **'એ રીતે આહાર ચાર પ્રકારનો...'** ત્યાગ કરવો. ઇચ્છાનો ત્યાગ કરીને એનો ત્યાગ કરવો એને પરનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. આત્માના અમૃતના અનુભવ માટે એ ચાર પ્રકારની ઇચ્છાનો ત્યાગ (કરે), તેને ચાર આહારનો ત્યાગ એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પરનો ત્યાગ થઈ શકે નહિ એમ?

ઉત્તર :– પરનો ત્યાગ ક્યાં કરીશ? શું કરી શકે? એ હતો જ કે દિ' અંદરમાં? એ તો અહીં અડતો પણ નથી, લીધું નથી, છોડ્યું નથી. લે-દે કોણ બહારને? પણ એના નિમિત્તે જે ઇચ્છા થતી હતી, એ ઇચ્છાને સ્વરૂપની એકાગ્રતા દ્વારા છોડી છે, તો એણે ચાર આહાર છોડ્યા એમ વ્યવહારે–અસદ્ભૂત વ્યવહારનયથી એ કથન કરવામાં આવે છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ?

આત્મામાં ગ્રહણત્યાગ રહિત તો એનો સ્વભાવ છે. પર વસ્તુનું ગ્રહણ કે ત્યાગરહિત (સ્વભાવ છે). ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. ત્યાગ અને ઉપાદાન. પર વસ્તુનો ત્યાગ કરવો

કે પરવસ્તુને ગ્રહવી ઉપાદાન એટલે. ઉપાદાન એટલે ગ્રહવી. પર ગ્રહવું અને ત્યાગ એ આત્મામાં છે જ નહિ. ગ્રહણત્યાગ વિનાનો આત્મામાં ગુણ છે. ગ્રહણત્યાગનો ભાવ જીવમાં નથી. સમજાણું કાંઈ?

ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. પર રજકણોનો ત્યાગ અને રજકણોનું ગ્રહવું એનાથી શૂન્ય એવો આત્માનો એક સ્વભાવ છે. ગુણ એવો આત્માનો છે. પરને છોડવું કે ગ્રહવું એવો કોઈ ગુણ નથી. ગુણ નથી તો એની પર્યાય પણ એવી નથી. પણ પરના ત્યાગગ્રહણ રહિત એવો ગુણ છે, તો એ ગુણનો ધરનાર આત્મા, એનું અવલંબન કરવાથી પર્યાયમાં પરના ત્યાગગ્રહણ રહિતની નિર્મળ પર્યાય થાય, તેને ખરેખર પરનો ત્યાગ કર્યો એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! 'પોપટભાઈ'! આ બધી વાતું બહુ સમજવી પડશે, હોં!

મુમુક્ષુ :- સમજવા માટે તો આવ્યો છું.

ઉત્તર :- એમ ઠીક. રૂપિયાના લાભમાં એવું થઈ જાય. જાણે પાંચ પચ્ચીસ લાખ થાય, દસ લાખ થાય, વીસ લાખ થાય ત્યાં આહાહા..! ધૂળમાં પણ નથી. દુઃખ થયું છે, દુઃખ થયું છે. કારણ કે એના ઉપર લક્ષ જાય એટલું દુઃખ–આકુળતા છે. આ તો નિરાકુળતા ભગવાનઆત્મા છે. ભગવાનઆત્મા નિરાકુળ સ્વરૂપ છે. પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વરે એમ કહ્યું અને જોયું છે. કહ્યું અને જોયું એટલે કે એવો છે એવું કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! એમ અંતર જો. ભગવાન અનાકુળ સ્વરૂપ છે, પ્રભુ! આનંદ સ્વરૂપ છે. એમાં આકુળતાનો વિકલ્પ પણ નથી. તો પરના ગ્રહણત્યાગની વાત ક્યાં રહી? આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું ? એ અનશનનું આવ્યું.

બીજો ભેદ. **'અવમૌદર્ય તપ – એટલે એકાશન કરવું,...'** એક આસને બેસવું. **'ભૂખથી ઓછું ખાવું,...'** મૂળ તો અવમોદર્ય–ઉદરને ઓછું કરવું, ઉદરને ઓછું રાખવું. એ ઓછું રાખવું એ નિમિત્તનું કથન છે. એમાં એ જાતની ઇચ્છા ઘટાડી... ભાષા તો એવી આવે. વ્યવહારના કથન ચરણાનુયોગમાં શું આવે? ઉદર એટલે **'ભૂખથી ઓછું ખાવું,...'** લ્યો ઠીક. એ ખાઈ શકે છે ઈ? એનો અર્થ કે અંદર ખાવામાં જે રાગ હતો, એને ઓછું ખાવામાં રાગનો ઘટાડો કર્યો, એણે અવમૌદર્ય કર્યું, પેટને ઉણું રાખ્યું એમ કહેવામાં આવે છે. અરે..! કથની સમજે નહિ, શું થાય? સમજાણું?

**'ભૂખથી ઓછું ખાવું, એ બેઉ પ્રકારના તપ દ્વારા કર્મોની નિર્જરા થાય છે...'** જોયું! એ કર્મની નિર્જરા થાય છે. એટલે કે એ નિમિત્તથી વાત કરી. બાકી તો સ્વરૂપમાં આનંદમાં રહેતાં એ પ્રકારની ઇચ્છાનો નાશ થતાં એ પ્રકારની દશા થાય છે, એને નિમિત્તથી નિર્જરા થાય એમ કહેવામાં આવ્યું. ખરેખર તો પોતાના આશ્રયે જે સ્થિરતા થઈ એનાથી નિર્જરા થાય છે. તપસા ચ નિર્જરા, આવે છે ને? ભાષા બધી વ્યવહારની એવી હોય છે. કહો, સમજાણું?

**'એકાશન કરવું,...'** એક આસને ખાવું, **'ભૂખથી ઓછું ખાવું,, એ બેઉ પ્રકારના તપ દ્વારા કર્મોની નિર્જરા થાય છે અને ધ્યાનની પ્રાપ્તિ થાય છે.'** હવે લાભનું કારણ કહે છે. એવો આહાર ઓછો લેવાથી વૃત્તિની થોડી ઇચ્છા રોકાય છે, બહારમાં નિંદ્રા ઓછી આવે. સમજાણું? **'નિંદ્રા મટે છે,...'** ધ્યાનની પ્રાપ્તિ થાય છે. એટલે સ્વરૂપમાં સ્થિર થવાનું અનુકૂળ પડે છે. નિમિત્તથી વાત છે, હોં! એ. સમજાણું કાંઈ? આહાર ઓછો હોય તો અંદર એકાગ્ર થવાને, પ્રમાદ થવાની હરકત છૂટી જાય છે. અંદર એકાગ્ર થાય છે.

**'નિંદ્રા મટે છે,...'** પેટ બહુ ભરેલું હોય તો ઝોલા આવે. પેટ સારી રીતે અત્યારે સવારમાં ભરેલું હોય અને આ બધી ઠંડી હવા હોય, લ્યો, પછી સાંભળતા પણ ઝોલા આવે. જરી આંખો ભારે થઈ જાય. પણ ઓછું પેટ હોય, એ રાગની મંદતા કરવાને પેઠે વાત છે. સમજાણું કાંઈ? તો એને **'નિંદ્રા મટે છે, દોષ ઘટે છે,...'** એ જાતનો પ્રમાદનો દોષ ઘટે. અને **'સંતોષ થાય છે,...'** લ્યો. **'સ્વાધ્યાય કરવામાં મન લાગે છે.'**

મુમુક્ષુ :– ... લાગે ત્યારે પેલું નિમિત્ત કહેવાય.

ઉત્તર :– એ દલાલ છે એટલે બે ભાષા બોલે એવા છે એ. ખરેખર એટલે કે એને આત્માનું દર્શન, જ્ઞાન તો છે પણ આ પ્રમાણે રાગ મંદ કરવાથી, એમાં નિમિત્તમાં પ્રમાદ ન થાય, નિંદ્રા ન થાય, ધ્યાનમાં એકાગ્ર થવાનો એને પ્રસંગ છે. કહો, સમજાણું કાંઈ? એ તો વ્યવહારથી વાત છે કે નહિ? **'સ્વાધ્યાય કરવામાં મન લાગે છે.'** ઓછું પેટ હોય તો બરાબર મન ચોંટે. એ કરે ત્યારે પેલાને નિમિત્ત કહેવામાં આવે. શું છે? કહો, એવી વાત છે.

**'વિવિક્ત શય્યાસન – જ્યાં મનુષ્યોનું આવાગમન ન હોય એવા એકાંત સ્થાનમાં વાસ કરવો.'** પગરવ ન હોય પગરવ. માણસ આદિ ન હોય. શાંત. જેથી પોતાના અંદરમાં ચિત્ત લાગુ પડે, અંદરમાં એકાગ્ર થાય. સમજાણું? આ બધું સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત અને શ્રાવકના વ્રત લીધા છે, એ સહિત આવો ચારિત્રનો, તપનો, નિશ્ચયનો અને વ્યવહારનો ભાવ એણે પ્રગટ કરવો, એમ વાત કરવા માગે છે. સમજાણું?

**'૪–રસત્યાગ– દૂધ, દહીં, ઘી, સાકર અને તેલ–આ પાંચ રસનો ત્યાગ અને મીઠાનો તેમ જ લીલોતરીનો પણ ત્યાગ...'** મીઠું સમજ્યા ને? મીઠું એટલે? લવણ. તમારે લવણ કહે એ અહીં મીઠું. **'જોકે રસ તો પાંચ જ છે તોપણ ઇન્દ્રિયસંયમની અપેક્ષાએ સાતેનો ત્યાગ કરવો જોઈએ.'** મીઠું અને લીલોતરી બે ભેળવીને. નહિતર રસ પાંચ પ્રકારના છે. સમજાણું? **'એના ત્યાગનો ક્રમ,...'** થોડો વ્યવહાર નાખ્યો. **'મીઠું,...'** રવિવારે મીઠું છોડવું એમ કહે છે. એ વ્યવહારની રીતમાં આવે છે. સાત વાર છે ને? સાત. સાતના રસ રવિવારથી શરૂ કર્યું છે. સમજ્યા ને? લવણ-લવણ. આત્માના દર્શન અને જ્ઞાન, ભાનપૂર્વક, ઇચ્છાનિરોધપૂર્વક આ જાતનો ત્યાગ એને રવિવારે આમ (કરવો), એ વ્યવહારથી વાત તો એવી જ હોય

www.vitragvani.com



ને? રવિવારે મીઠું છોડવું, સોમવારે લીલોતરી, એમ આગળ (કરે). મંગળવારે સાકર, બુધવારે ઘી છોડવું, ગુરુવારે દૂધ, શુક્રવારે દહીં, શનિવારે તેલ. **'એ રવિવારના દિવસથી શરૂ કરવું જોઈએ.'** એ વ્યવહારથી વાત છે. સાત વાર છે ખરા ને? સાત ગ્રહ છે ને એ હિસાબે. ચંદ્ર, સૂર્ય આદિ આવે છે એ હિસાબે નિમિત્તથી વાત કરી છે. બાકી છોડવું હોય તો સાતે એક દિવસમાં, એમાં શું છે? પણ એ કદાચ સાતનો ત્યાગ ન કરી શકે એમ કહેવું. તો એક-એક રસ ક્રમે-ક્રમે રસનો રાગ છોડવો. એ જાતના રસનો રાગ છોડવો અને અરાગી પરિણામ પ્રગટ કરવા એમ વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ વળી ક્યાં આવ્યું? અહીં તો રાગ ઘટાડવા માટે વાત છે. આત્મામાં સ્થિર થવામાં નિમિત્તપણું થતાં આવું હોય છે એની વાત છે. છળકપટથી કરે એને એ વસ્તુ ક્યાં છે? મીઠું ખાય અને કેરીનો રસ ખૂબ ખાય. સમજ્યાને? કેરીનો રસ અને પૂરી પેટ ભરીને ઉડાવે. એની વાત કાંઈ (નહિ), એ તો કાંઈ આત્માર્થી છે? આ તો આત્માર્થીનો આત્માર્થ પ્રયોજન સિદ્ધ થવામાં આવા સાધન હોય છે. એમ વાત છે. સમજાણું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ રહી ગયું એકલું, પેલું મૂળ રહી ગયું. 'ન્યાલભાઈ'! અમારે ભાઈ! એક મહિનામાં એવો રિવાજ છે. આ ચાર મહિનામાં વરસાદ બહુ થાય ને? એક મહિનો લુખું ખાતા. સમજ્યાને? ઘી ન ખાય. એને ઠેકાણે આથણા લે. એને ઠેકાણે કેરીનું ટાણું છે તો કેરીનો રસ લે. સારી રીતે જ્યાં હોય ત્યાં. પણ આ તમે કરો છો એમાં તમારા રસનો ત્યાગ ક્યાં આવ્યો ?

મુમુક્ષુ :– એકના બદલે બીજું આવ્યું.

ઉત્તર :– આ તો અમારે તે દિ' ૩૫ વર્ષ પહેલા વીતેલી છે ને? આમાં શું તમે...? પછી અમારે હિરાજી મહારાજ બહુ ભદ્રિક હતા. 'કાનજી'! આપણે ઘી ન છોડવું. આપણે ઘી લેશું. પણ આપણે સ્વાધ્યાય બહુ કરવી, એમ કહેતા. બહુ ભદ્રિક હતા અને આમ પ્રેમ. 'હીરાજી મહારાજ'ને જોયા હતા કે નહિ? 'હીરાજી મહારાજ' (સંવત) ૧૯૭૦ માં 'વડાળ' આવ્યા હતા. 'જૂનાગઢ' જાવું હતું ને. હું તો નવદીક્ષિત ખરોને એટલે (કહ્યું) પેલા બે ભલે કરે. આપણે બે (ખાશું). એમ કે કાનજી એકલા નહિ ખાઈ શકે. આપણે બે ઘી લઈશું. આપણે ઘીની છૂટ રાખીએ. પણ આપણે સ્વાધ્યાય વધારે કરીશું. એ લોકો સ્વાધ્યાય નહિ કરે. બહુ મીઠા હતા. ભદ્રિક બિચારા. તત્ત્વની તો આ વાત હતી જ ક્યાં? આપણે એક મહિનો હજી બીજું કાંઈ ન લેવું. ઘી એક લેવું. પણ એના બદલે હંમેશા, હજાર પંદરસો, બે હજાર શ્લોકનો સ્વાધ્યાય કરશું. આ તો બધું ૩૫-૪૦ વર્ષ પહેલા વીતી ગયું છે. આ ૫૪મું વર્ષ ચાલે છે. 'પોપટભાઈ'! પણ એ બધું બહારથી માનેલું કે આ બધું તપ છે અને

આ બધી નિર્જરા છે. સમજાણું કાંઈ? એ ચીજની ખબર નહિ. અહીં તો આત્માના દર્શનપૂર્વક, જ્ઞાનપૂર્વક અણુવ્રતવાળો જીવ આવી ભાવના, આવા ત્યાગને માટે ભાવના કરે છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ વ્યવહારનું આવે ને તો કાંઈક..

**'૫–કાયક્લેશ– શરીરને પરિષહ ઉપજાવીને પીડા સહન કરવી તેનું નામ કાયક્લેશ છે.'** છે? **'શરીરને પરિષહ ઉપજાવી,...'** એનો અર્થ કે આહાર-પાણી ઘટાડી અને શરીરને ક્લેશ થાય, સમજ્યા ને? **'પીડા સહન કરવી...'** સમજાય છે? એટલે કે જે પ્રતિકૂળતા થાય એને સમતાભાવે સહન કરવી એનું નામ કાયક્લેશ. **'આ કાયક્લેશનો અભ્યાસ કરવાથી અનેક કઠોર ઉપસર્ગ સહન કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે,...'** પહેલેથી જ એ જાતનો અભ્યાસ હોય તો આગળ પરિષહ પ્રતિકૂળતા આવે એ વખતે સમતા રાખવાનો સ્વભાવ પ્રયોગ ઉત્પન્ન થાય. નહિતર તો અકસ્માત કોઈ આકરો ઉપસર્ગ આવ્યો તો એ વખતે અભ્યાસ નહિ હોય તો આકુળતા થઈ જશે. એમ કહે છે. આ તો પોતાને કરવાની વાત છે. આ તો કાંઈ છેતરવું છે, આ કરવું છે અને આ કરવું છે એની આ વાત છે નહિ. સમજાણું? **'શરીર સાથેનો મમત્વભાવ ઘટે છે અને રાગનો અભાવ થાય છે.'** જોયું! વાત એ છે. શરીરમાં પ્રતિકૂળતા આવતા મમતા, આસક્તિ ઓછી થાય. આસક્તિ ઓછી, હોં! દૃષ્ટિમાં તો છે નહિ, એનો બધો ત્યાગ જ છે. આસક્તિ ઓછી થાય.

**'૬–વૃત્તિસંખ્યા–વૃત્તિની મર્યાદા કરી લેવી. જેમ કે આજે મને આવું ભોજન મળે તો હું આહાર કરીશ...'** એમ. ફલાણાનું ઘઉંનું મળે તો જ (લઈશ). કહે નહિ કોઈને, હોં. **'અથવા આટલાં ઘરે ભોજન માટે જઈશ વગેરે પ્રકારથી નિયમ કરી લેવો. આ રીતે છ પ્રકારના બાહ્યતપનું નિરૂપણ કર્યું.'** લ્યો.

**'હવે અંતરંગ તપનું નિરૂપણ કરે છે :-..'**

## ગાથા–૧૯૯

**અંતરંગ તપના છ ભેદ**

**विनयो वैयावृत्त्यं प्रायश्चित्तं तथैव चोत्सर्गः।**
**स्वाध्यायोऽथ ध्यानं भवति निषेव्यं तपोऽन्तरङ्गमिति।।१९९।।**

**અન્વયાર્થ :– [ विनयः ] વિનય, [ वैयावृत्त्यं ] વૈયાવૃત્ત્ય [ प्रायश्चित्तं ] પ્રાયશ્ચિત**

www.vitragvani.com



[ तथैव च ] અને એવી જ રીતે [ उत्सर्गः ] ઉત્સર્ગ, [ स्वाध्यायः ] સ્વાધ્યાય [ अथ ] અને [ ध्यानं ] ધ્યાન- [ इति ] એ રીતે [ अन्तरङ्गम् ] અંતરંગ [ तपः ] તપ [ निषेव्यं ] સેવન કરવા યોગ્ય [ भवति ] છે.

ટીકા :– 'विनयः वैयावृत्त्यं प्रायश्चित्तं च उत्सर्गः तथैव स्वाध्यायः ध्यानं इति अन्तरंगतपः निषेव्यम्।' - અર્થ :– ૧- વિનય,-વિનય અંતરંગતપ ચાર પ્રકારનું છે. ૧. દર્શન વિનય, ૨. જ્ઞાન વિનય, ૩. ચારિત્ર વિનય અને ૪. ઉપચાર વિનય.

૧. સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ઉપાય કરવો, સમ્યગ્દર્શનના માહાત્મ્યનો પ્રચાર કરવો, સમ્યગ્દષ્ટિ જીવોની વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કરવા તથા પોતાનું સમ્યગ્દર્શન સદા નિર્દોષ રાખવું - એ દર્શન વિનય છે. ૨. જ્ઞાનની પ્રાપ્તિ કરવી, જ્ઞાનનો પ્રચાર કરવો, સ્વાધ્યાયશાળા, વિદ્યાલય ખોલાવવાં, શાસ્ત્રો વહેંચવા – એ બધો જ્ઞાનવિનય છે. ૩. ચારિત્ર પ્રાપ્ત કરવું, ચારિત્રનો ઉપદેશ દેવો વગેરે ચારિત્રવિનય છે. ૪. રત્નત્રયધારકોનો અને બીજા ધર્માત્મા ભાઈઓનો શારીરિક વિનય કરવો, તે આવે ત્યારે ઊભા થવું, નમસ્કાર કરવા, હાથ જોડવા, પગે પડવું વગેરે – એ બધો ઉપચારવિનય છે. તીર્થક્ષેત્રની વંદના કરવી એ પણ ઉપચારવિનય છે, પૂજા-ભક્તિ કરવી એ પણ ઉપચારવિનય છે. રત્નત્રયની પ્રાપ્તિ કરવી એ જ સાચો વિનય છે. આ રીતે વિનયતપનું વર્ણન પૂર્ણ કર્યું.

૨. વૈયાવૃત્ત્ય – પોતાના ગુરુ વગેરે આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા, ત્યાગી ઇત્યાદિ ધર્માત્મા સજ્જનોની સેવા-સુશ્રૂષા કરવી એને વૈયાવૃત્ત્ય કહે છે. કોઈવાર કોઈ વ્રતધારીને રોગ થઈ જતાં શુદ્ધ પ્રાસુક ઔષધથી તેમનો રોગ દૂર કરવો, જંગલોમાં વસતિકા, કુટી વગેરે બનાવવાં, એ બધું વૈયાવૃત્ત્ય જ છે.

૩. પ્રાયશ્ચિત્ત – પ્રમાદથી જે કાંઈ દોષ થઈ ગયો હોય તેને પોતાના ગુરુ સામે પ્રગટ કરવો, તેમના કહેવા પ્રમાણે તે દોષને દોષ માનીને તથા આગામી કાળમાં તે પ્રમાણે ન કરવાની પ્રતિજ્ઞા કરીને જે કાંઈ દંડ દે તે દંડનો સ્વીકાર કરવો તેને પ્રાયશ્ચિત અંતરંગ તપ કહે છે. એનાથી વ્રત-ચારિત્રની શુદ્ધિ થાય છે. ૧. આલોચન, ૨. પ્રતિક્રમણ, ૩. આલોચન પ્રતિક્રમણ, ૪. વિવેક, ૫. વ્યુત્સર્ગ, ૬. તપ, ૭. છેદ, ૮. પરિહાર અને ૯. ઉપસ્થાપના – એ રીતે પ્રાયશ્ચિત્તના નવ ભેદ છે.

૪. ઉત્સર્ગ – શરીરમાં મમત્વનો ત્યાગ કરવો તથા ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરવો અને સંસારની વસ્તુઓને પોતાની ન માનવી ઇત્યાદિ મમત્વ-અહંકારબુદ્ધિનો ત્યાગ કરવો તેને જ ઉત્સર્ગ નામનું અંતરંગ તપ કહે છે.

૫. સ્વાધ્યાય – પ્રથમાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ, એ ચારે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પ્રકારના શાસ્ત્રોની સ્વાધ્યાય કરવી, શીખવું, શીખવવું, વિચારવું, મનન કરવું. એ સ્વાધ્યાય કરવાથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અન્ય જીવોને સમ્યગ્જ્ઞાનનો બોધ થાય છે, પરિણામ સ્થિર રહે છે, સંસારથી વૈરાગ્ય થાય છે, ધર્મની વૃદ્ધિ થાય છે વગેરે અનેક ગુણ પ્રગટ થાય છે, તેથી સ્વાધ્યાય કરવી જોઈએ.

૬. ધ્યાન – એકાગ્રચિત્ત થઈને સમસ્ત આરંભ-પરિગ્રહથી મુક્ત થઈ પંચપરમેષ્ઠી અને આત્માનું ધ્યાન કરવું તેને જ ધ્યાન કહે છે. તે આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન – એ રીતે ચાર પ્રકારનું છે. તેમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સંસારનાં કારણ છે તથા ધર્મધ્યાન અને શુક્લધ્યાન મોક્ષનાં કારણ છે.

ધ્યાયના સામાન્ય રીતે ત્રણ ભેદ થઈ શકે છે – અશુભધ્યાન, શુભધ્યાન અને શુદ્ધધ્યાન. તેથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે અશુભધ્યાન છે, ધર્મધ્યાન શુભધ્યાન છે અને શુક્લધ્યાન શુદ્ધધ્યાન છે. માટે મોક્ષાર્થી જીવોએ ધર્મધ્યાન અને શુક્લધ્યાન અવશ્ય અપનાવવું જોઈએ. ધ્યાનના અવલંબનરૂપે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત - એ ચાર ભેદ છે. એનું વિશેષ વર્ણન પણ જ્ઞાનાર્ણવ ગ્રંથમાંથી જાણી લેવું. અહીં લખવાથી ઘણો વિસ્તાર થઈ જશે.

ભાવાર્થ :– અહીં એ વાત જાણી લેવી બહુ જરૂરી છે કે બાહ્યતપ અને અંતરંગ તપમાં શું તફાવત છે. બાહ્યતપમાં કેવળ બાહ્યપદાર્થ તથા શરીરની ક્રિયા જ પ્રધાન કારણ હોય છે અને અને અંતરંગ તપમાં આત્મીય ભાવ તથા મનનું અવલંબન જ પ્રધાન કારણ પડે છે. જેમ અગ્નિ સોનાને શુદ્ધ બનાવે છે તેમ આ બન્ને પ્રકારના તપ આત્માને શુદ્ધ બનાવે છે. કારણ કે તપ વિના ચારિત્ર હોતું નથી અને ચારિત્ર વિના કર્મોની નિર્જરા થતી નથી. માટે આ બન્ને પ્રકારના તપનું આચરણ અવશ્ય કરવું જોઈએ. અહીં સુધી ગૃહસ્થના વ્રતોનું વર્ણન કર્યું. હવે ત્યાર પછી શ્રી અમૃતચંદ્રસ્વામી મુનિઓના ચારિત્રનું વર્ણન કરે છે. મુનિપદ ધારણ કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ કદી થતી નથી માટે મોક્ષાર્થી ભવ્યાત્માઓએ જ્યાંસુધી બની શકે ત્યાં સુધી સમસ્ત આરંભ-પરિગ્રહનો ત્યાગ કરીને મુનિપદ ધારણ કરી, આઠ કર્મોનો ક્ષય કરી મોક્ષની પ્રાપ્તિ કરવી જોઈએ. ૧૯૯.

---

विनयो वैयावृत्त्यं प्रायश्चित्तं तथैव चोत्सर्गः।
स्वाध्यायोऽथ ध्यानं भवति निषेव्यं तपोऽन्तरङ्गमिति।।१९९।।

ટીકા :– 'વિનય–વિનય અંતરંગ તપ ચાર પ્રકારનું છે.' ટીકા છે ને ટીકા? 'વિનય અંતરંગ તપ એ ચાર પ્રકારનું છે. ૧. દર્શનનો વિનય,...' સમ્યગ્દર્શનનો વિનય. સમ્યક્ 'જ્ઞાનનો વિનય, ૩. ચારિત્રનો વિનય અને ૪. ઉપચાર વિનય.' જુઓ! અંતરગં પ્રકારના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

વિનયના ચાર પ્રકાર છે. જુઓ! આ વાત સમજવા જેવી (છે). સમ્યગ્દર્શનનો વિનય એટલે શું? **'સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ઉપાય કરવો,...'** આત્માના અંતર તરફ વળવાની દૃષ્ટિનો પ્રયત્ન કરવો એ સમ્યગ્દર્શનનો વિનય છે.

મુમુક્ષુ :– એને વિનય તો હોય છે.

ઉત્તર :– એને હોય છે પણ એને વિશેષ વિનય છે ને? વિશેષ વિનયની વાત છે ને? શરૂઆતથી એ વાત કરે, કરે તો બધી કરે ને. સમજાણું? સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, વિશેષ શુદ્ધિની પ્રાપ્તિનો વિનય કરવો. ક્ષયોપશમ હોય તો ક્ષાયિક માટેનો વિનય કરવો. જુઓ! આ સમ્યગ્દર્શનનો વિનય અંતરંગ તપ. આવી ભાવના ધર્મીને હોય છે. સમ્મુચય વાતમાં બધું આવે ને. શરૂઆતથી આવે.

**'સમ્યગ્દર્શનના મહાત્મ્યનો પ્રચાર કરવો,...'** લ્યો. સમ્યગ્દર્શનનું મહાત્મ્ય શું છે? એની અચિંત્યતા શું છે? એનું ફળ શું છે? એવો એનો પ્રચાર કરવો એ પણ એક સમ્યગ્દર્શનનો વિનય છે. કહો, સમજાણું આમાં? **'સમ્યગ્દૃષ્ટિ જીવોની વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કરવા...'** લ્યો. સમ્યગ્દૃષ્ટિ જીવોની વૃદ્ધિ થાય એવા પ્રયત્નો કરવા. ત્રણ થયું. બહુ સરસ વાત લીધી છે. એ લખનારે પોતે લીધી છે, હોં! **'તથા પોતાનું સમ્યગ્દર્શન સદા નિર્દોષ રાખવું-...'** લ્યો ઠીક. પોતાનું સમ્યગ્દર્શન શુદ્ધચૈતન્યની દર્શનવિશુદ્ધિ થઈ છે એને નિર્દોષ રાખવું. એ સમ્યગ્દર્શનનો તપ વિનય કહેવામાં આવે છે. કહો, આ પહેલાના ઠેકાણા નહિ પછી બીજાની જ્ઞાનની, ચારિત્ર, વ્રતની વાતું કરે, માટે પહેલું એ લીધું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો પહેલો વિનય. પ્રાપ્ત ન થયું હોય એણે પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો. પ્રાપ્ત થયું છે તેણે નિર્દોષ રાખવાનો પ્રયત્ન કરવો. કહો, સમજાણું કાંઈ?

એનો જ **'મહાત્મ્ય પ્રચાર કરવો,...'** સમ્યગ્દર્શન વિના જ્ઞાન હોય નહિ, સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોય નહિ. 'છ ઢાળા'માં આવે છે કે નહિ? જ્ઞાન, ચરિત્ર શું કીધું? ... એ બિન જ્ઞાન ચરિતા. સમ્યગ્દર્શન વિના જ્ઞાન-ચારિત્ર જૂઠાં છે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર અગિયાર અંગ ભણ્યો હોય, નવપૂર્વ ભણ્યો હોય તો જૂઠું. અને પંચમહાવ્રત ચોખ્ખા પાળતો હોય પણ સમ્યગ્દર્શન વિના જૂઠો અને જૂઠું. એ આત્મા પણ જૂઠો અને એ ચારિત્ર પણ જૂઠું. કહો. **'સદા નિર્દોષ રાખવું–એ દર્શન વિનય છે.'** નિરતિચાર. સમજાણું? સમ્યગ્દર્શનને નિરઅતિચાર ભાવવું. પાંચ અતિચાર કહ્યા હતા ને? એ છોડવા.

જ્ઞાનનો વિનય. **'જ્ઞાનની પ્રાપ્તિ કરવી,...'** સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ કરવી. **'જ્ઞાનનો પ્રચાર કરવો,...'** સમ્યગ્જ્ઞાનનો પ્રચાર. વિકલ્પ છે પણ એને એમાં પ્રેમ છે. અંતરના સ્વભાવ આશ્રયે પ્રચાર કરવો, અંતરનો. બહારમાં વિકલ્પથી વ્યવહારનો. અંતરના સ્વરૂપના આશ્રયે જ્ઞાનનો પ્રચાર કરવો એ નિશ્ચય છે. બહારનો પ્રચાર છે તે વ્યવહાર છે. નિશ્ચય હોય તો વ્યવહાર પ્રચાર કહ્યો કહેવાય. સમજાણું કાંઈ?

www.vitragvani.com



'**સ્વાધ્યાયશાળા,...**' લ્યો. 'મહેન્દ્રભાઈ'! લ્યો. '**સ્વાધ્યાયશાળા,...**' હમણાં બનાવીને? 'ટોડરમલ સ્મારક હોલ' તમે ત્યાં 'જયપુર' આવ્યા હતા ને? 'અમૃતચંદભાઈ'! પાછા વચ્ચે ગયા હતા, નહિ? '**સ્વાધ્યાયશાળા,..**' એવી સ્વાધ્યાયશાળા બનાવે જેથી સ્વાધ્યાય, સાચા તત્ત્વસૂત્રો વાંચે અને સ્વનો આશ્રય કરવાનું જેમાં કથન છે એવા શાસ્ત્રો જેને વાંચવાના સ્વાધ્યાય બનાવવી, ગોષ્ઠી કરવી જોઈએ. સમજાણું? '**વિદ્યાલય ખોલાવવાં,...**' શેના? ધર્મના વિદ્યાલય, હોં! યુનિવર્સિટી કરે છે ને? આ પણ એક એવી ધર્મસભા બનાવે કે જેમાં બધા આત્માઓ અધ્યાત્મનો જ્ઞાન પ્રચાર પામે, અધ્યાત્મ સાંભળે, વિચારે, મનન કરે એવા વિદ્યાલય ખોલવા. પણ એમાં દુનિયા આપે નહિ. પેલામાં માન આપે, લ્યો. યુનિવર્સિટીમાં પાંચ લાખ આપે તો ચારે કોર નામ બહાર નીકળે. ઘણા પાંચ-દસ લાખ આપવા હોય તો ખાનગી આપી દે. અધ્યાત્મનું આ થાય. એમાં નામ તો બહાર આવે નહિ.

જેને પોતાની આત્માના જ્ઞાનની અંતર સ્વઆશ્રય શુદ્ધિ વિશેષ કરવી છે, એને આવા વિકલ્પના ભાવ હોય છે એમ કહે છે. એકલા બહારની વાત નથી, હોં! એકલું બહારનું કરે એટલે તો સ્વઆશ્રયનું જ્ઞાન પ્રગટ કરવાની વિશેષ શુદ્ધિ કરે, ત્યારે એને આવા વિકલ્પના ભાવ નિમિત્તરૂપે વ્યવહારે હોય છે. આહાહા..! ત્યાં એકલો જ માની લે બહારમાંથી કે થઈ ગયો જ્ઞાનનો વિનય (તો એમ નથી). આહાહા..!

'**વિદ્યાલય ખોલાવવાં,...**' સમજ્યા ને? પેલો કહે, મારે યુનિવર્સિટી કરવી છે. મેં કીધું અહીં તો ભાઈ! અધ્યાત્મનું એક વિદ્યાલય થાય એ કહો. આ તમારી યુનિવર્સિટી શું કામની? 'સેઠી'! જેમાં અધ્યાત્મની વાત, તત્ત્વની વાત, સ્વઆશ્રય આવવો, પરાશ્રય છોડવો, એવી શ્રદ્ધા, એવું જ્ઞાન, એવું ચારિત્ર, એવું તપ, એનો સ્વાધ્યાય અને ખૂબ ધમાધમ. ગુચ્છાગુચ્છ. એવું શાસ્ત્રમાં આવ્યું છે. ગુચ્છ પડ્યા હોય ને એમ પાંચ-પચ્ચીસ માણસ ગુચ્છ થઈને ચર્ચા કરતા હોય, કોઈ અહીં કરતા હોય, કોઈ અહીં કરતા હોય એવું ચાલતું હોય છે. સમજાણું કાંઈ? સાચા જ્ઞાનની ધગશથી સ્વાધ્યાય,.. છે ને? કેવું?

'**વિદ્યાલય ખોલાવવાં, શાસ્ત્રો વહેંચવા–**' લ્યો. શાસ્ત્રો પણ ભાનપૂર્વકની વાત છે, હોં! એકલા શાસ્ત્ર વહેંચે અને એમાંથી પુણ્ય બાંધે. એય..! ભાઈ! અહીં આ તો વ્યવહારથી વાત છે. ત્યાં નિશ્ચય જ્ઞાનનું સ્વરૂપ આવું હોય છે. સ્વસંવેદનની વૃદ્ધિ કરે છે ત્યારે એને આવા વિકલ્પના ભાવ અંદર હોય છે, એ પ્રસિદ્ધ કરે છે કે અંદર જ્ઞાનની શુદ્ધિ છે. એ ન હોય એકલી પ્રસિદ્ધિ કરે છે એ કોને પ્રસિદ્ધ કરે? આત્મખ્યાતિ વસ્તુ જ જ્યાં નથી ત્યાં પ્રસિદ્ધિ કોની કરે? સમજાણું કાંઈ? એવી કથની ફેર છે ને, ભાઈ! આ કહે આવું હોય ને તો ઠીક પડે. ભાઈ! અહીં તો વાત તો બધી આવે. નિશ્ચય સહિતનો વિકલ્પ કેવો હોય, કેવું હોય એ બધું આવે. પણ ત્રણલોકના નાથ પરમાત્મા, લ્યો એનો આદર કરવો એ વ્યવહાર છે. લ્યો. આવે તો ખરો ને.

www.vitragvani.com



પરમાત્મા પરમેશ્વર આમ બિરાજમાન પરમાત્મા (છે). એ વ્યવહાર છે, લ્યો. વિનય કરવો. આવે છે ને. આવ્યા વિના રહે છે? અહો..! ભગવાન! આપની જિનવાણી. બધું આવે છે. વ્યવહાર આવે. નિશ્ચયથી આવે ત્યારે પરદ્રવ્યથી કાંઈ લાભ થાય નહિ. અરે..રે..! વાણીથી લાભ ન થાય. આ દિવ્યધ્વનિ તને શું કરે છે? આહાહા..! સમજાણું કાંઈ? 'પરમાત્મ પ્રકાશ'માં ન આવ્યું? દિવ્યધ્વનિ, મુનિઓની વાણી.. ત્યાં 'રાજકોટ'માં આવ્યું હતું, નહિ? કાંઈપણ આત્માને જ્ઞાન પ્રાપ્ત કરાવવામાં તાકાત છે નહિ. એવું આવે.

મુમુક્ષુ :– ૫૦ ટકા.

ઉત્તર :– ૫૦ ટકા ક્યાં? અને અહીં કહે કે શાસ્ત્રમાં બુદ્ધિ લગાડવી એ વ્યભિચારિણી છે એમ પણ શાસ્ત્રમાં આવે. કારણ કે એ બુદ્ધિ આત્માની છે અને શાસ્ત્રમાં રોકાય છે એ પુણ્ય બંધાય છે. કહો, સમજાણું? એમ જ્યારે નિશ્ચયનું યથાર્થ તત્ત્વ કહેવું હોય ત્યારે એમ આવે. વ્યવહારે વાત કરવી હોય ત્યારે (એમ કહે), ભાઈ! શાસ્ત્ર-સ્વાધ્યાય કરો, બહુમાન કરો. પણ એની મર્યાદા-હદ હોય છે. શું થાય? સમજાણું?

**'એ બધો જ્ઞાનવિનય છે.'** એ જ્ઞાનનો વિનય કીધો. હવે ચારિત્રની વ્યાખ્યા આગળ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૭૭ ગાથા–૧૯૯ થી ૨૦૧ મંગળવાર, અષાઢ વદ ૧૧, તા. ૧-૦૮-૬૭

વસ્તુ નિર્દોષ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે, એમ દૃષ્ટિમાં લઈને અંદરમાં રમવું, સ્થિર થવું. એનું નામ સાચી સામાયિક કહેવામાં આવે છે. અને બધા આત્માઓને પણ જ્ઞાયક શુદ્ધ સ્વરૂપે જ બિરાજમાન આત્મા છે. એવી દૃષ્ટિએ જોતા સમતા પ્રગટ થાય છે. એ 'પરમાત્મ પ્રકાશ'માં આવી ગયું છે. સમજાણું કાંઈ? 'યોગસાર' માં આવે છે. બધા જીવ જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યમૂર્તિ છે. એક સમયની વિકૃતદશાને પોતે ગૌણ કરી છે એટલે પોતે પોતાના સ્વભાવને જેમ દૃષ્ટિમાં લીધો છે એમ બીજા આત્માઓ પણ સમસ્વભાવી, શુદ્ધચૈતન્યમૂર્તિ વીતરાગ આનંદકંદ છે એના ઉપર દ્વેષ કે રાગ કરવાનો છે નહિ. કહો, 'સેઠી'! આહાહા..! કહો, 'અમરચંદભાઈ'! આનું નામ સામાયિક. એ પણ વીતરાગના કંદ ચિદાનંદ સ્વરૂપ પરમાત્મ સ્વરૂપ જ અંતર છે. એક સમયની ભૂલને જેમ તેં પર્યાયદૃષ્ટિએ છોડી છે અને વસ્તુદૃષ્ટિ છે એવી બધા વસ્તુ, ભગવાન (છે). કોઈ ઉપર કાંઈ દ્વેષ કરવાનું ત્યાં રહેતું નથી.

તેમ અનુકૂળ સર્વજ્ઞ પરમેશ્વર (છે) પણ એની પર્યાય દેખીને રાગ કરવા જેવું નથી રહેતું. આ કેવળજ્ઞાની છે, પરમેશ્વર છે એવી પર્યાયદૃષ્ટિથી એને દેખીને રાગ કરવાનું નથી રહેતું. અને આ અવગુણી છે, મિથ્યાદૃષ્ટિ છે એમ કરીને એના ઉપર દ્વેષ કરવાનું રહેતું નથી એમ કહેવું છે. પોતાની નબળાઈને લઈને રાગ આવે એ જુદી વાત છે પણ આ વસ્તુ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આવી છે માટે રાગ આવ્યો એમ છે નહિ. એવી સમતા ગૃહસ્થોએ અને મુનિઓએ હંમેશા જરૂરનું એ કામ એણે કરવું.

બીજું. સ્તવન. શ્રી ભગવાન અરિહંતદેવ તીર્થંકર ભગવાનના ગુણોનું કીર્તન કરવું. અર્થાત્ સ્તુતિ કરવી. એ સ્તવન પણ વ્યવહાર સ્તવન અને નિશ્ચય સ્તવન બે પ્રકારે છે. એ પણ નિશ્ચય આત્માના પૂર્ણાનંદ સ્વરૂપનું અંતર એકાગ્ર થવું એ નિશ્ચય સ્તવન છે.

૩૧મી ગાથામાં કેવળીની સ્તુતિ કીધી ને? કેવળજ્ઞાનીની સ્તુતિ કોને કહેવી? એવો શિષ્યએ 'સમયસાર'માં પ્રશ્ન કર્યો. 'અમરચંદભાઈ'! ૩૧ ગાથા. કેવળજ્ઞાનીનું સ્તવન કોને કહે છે? કોને કહેવું?

જવાબ એમ આપ્યો, એવો ઉત્તર આપ્યો... શ્રદ્ધા એવી આવે છે ભેગી કે આમાં ઠરવાથી મારી મુક્તિ થશે. એ વાત પહેલેથી કરી. સમજાય છે કાંઈ? એમાં લીન થવાથી મારી મુક્તિ થશે. એથી તેને પહેલા શ્રાવકના સ્થિરતાનો ભાવ આવતા, શ્રાવકના બાર વ્રતાદિ હોય છે અને એને ચારિત્ર લેવાની ભાવના (હોય છે). એ ચારિત્ર કેવું એની વ્યાખ્યા કરતાં ચારિત્રના અંતર્ગત તપ આ બાહ્ય મુનિપણું વ્યવહાર, એનું વર્ણન કરે છે. કહો, સમજાણું કાંઈ? એમાં નિમિત્તરૂપની છ બાહ્ય તપની વાત તો આવી ગઈ. અભ્યંતર એ પણ નિમિત્તરૂપ વિકલ્પ છે. પણ અંદરમાં સ્થિરતા...

શુદ્ધસ્વરૂપ છે તેની જ્યાં લગની લાગી છે. સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદ છે. એ આનંદને અનુભવવાની લગની જ્યાં લાગી છે, એનું નામ ચારિત્ર છે. સમજાય છે કાંઈ? સહજાનંદ પ્રભુ આત્મા આનંદની મૂર્તિ, અતીન્દ્રિયરસ વસ્તુ છે, સમરસ, એમાં સમતા એટલે આનંદથી એમાં ઠરવું એનું નામ ચારિત્ર છે. એ ચારિત્ર શ્રાવકને લેવાની ભાવના હોય છે એટલે ભેગું એણે આ પણ ગ્રહણ કરવું એમ ભેગું ચાલે છે. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં પાંચમે ગુણસ્થાને એમ ને એમ પડ્યો રહે અને મુક્તિ થાય, એમ નથી. માટે એના અંતરમાં આ વર્ણન કરે છે. મુનિની વ્યાખ્યા તો પછી લેશે. ૨૦૦ ગાથાથી. આ તો ૧૯૯ ચાલે છે ને?

'**૩. ચારિત્ર પ્રાપ્ત કરવું,...**' આત્મા... લ્યો, આ સવારમાં પ્રશ્ન ઉઠ્યો હતો. 'હીરાલાલ' સાથે હતાને? 'હીરાલાલજી'! મારવાડીમાં 'હીરાલાલજી' કહે ને? એક ઘોડો ચાલ્યો જતો હતો, ભાઈ! ઘોડો બહુ નહિ ખબ.. ખબ.. ખબ.. કરતો. ઘોડો હોય છે ને ઘોડો? ઘોડો શું? ઘોડો નથી સમજતા? અશ્વ. એક માણસ બેઠો હતો. ખબ-ખબ બહુ ચાલે. અંદર બોલે ને? અવાજ નીકળે. પવન-પવન. ભગવતીમાં એવું ચાલ્યું છે કે એક ઘોડો એવો નીકળ્યો અને અંદર અવાજ થાય છે, તો ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે, એય..! આ બધું સાંભળ્યું હશે. બધા ડોસા ઘણા વર્ષના જૂના છે ને. કે મહારાજ! આ ઘોડામાં અંદર ખબ.. ખબ.. થાય છે એ શું? તો ભગવાન કહે છે કે એક કુરકટ નામનો એક વાયુ ઉત્પન્ન થાય છે. કુરકટ નામનો

વાયુ. એવો પ્રશ્ન રસ્તામાં થયો. અહીં તો રસ્તામાં પણ બધું ચાલતું હોય ને? ઓલો ઘોડો ચાલતો હતો. આવું પૂછ્યું?

અહીં છઠ્ઠી ગાથામાં તો એવું પૂછવામાં આવે છે કે મહારાજ! શુદ્ધઆત્મા આપ કોને કહો છો કે જેને જાણવો જોઈએ? ભાઈ! 'સેઠી'! 'સમયસાર'ની છઠ્ઠી ગાથામાં પૂછ્યું છે ને? મહારાજ! આપ શુદ્ધાત્મા કહો છો એ કોણ છે? કે જેને જાણવો જોઈએ? એ શુદ્ધ કોને આપ કહો છો? જુઓ! આહાહા..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' ને એમ પૂછવામાં આવ્યું કે, મહારાજ! આ શુદ્ધાત્માને જાણવો અને એ જ મોક્ષનો ઉપાય છે, તો પ્રભુ! એ શુદ્ધાત્મા કોને કહેવો કે જેને અમારે જાણવો જોઈએ? એમ પ્રશ્ન છે ને? કેમ 'હીરાભાઈ'! કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- કંઈ સાર અમને સમજાવો ને.

ઉત્તર :- બાપુ! આ તો અલૌકિક વાત છે. પેલી તો વ્યવહારની વાતું, એમ કહ્યું હતું. ઓલી વ્યવહારની વાતું પૂછી છે. જાણે ભગવાનના ભક્તો હોઈએ ને બહુમાન એટલું કર્યું છે. પણ આત્માનું બહુમાન અને આત્મા શું છે એ વાત એમાં નથી. રસ્તામાં આ પ્રશ્ન હતો. ઓહો..હો..! મહારાજ! આ શુદ્ધાત્મા જાણવો જોઈએ તે શુદ્ધ કોને કહેવો?

પ્રભુ ગુરુ 'કુંદકુંદાચાર્ય' ઉત્તર આપે છે, કે ભાઈ! ભગવાનઆત્માને પરદ્રવ્યથી ભિન્ન પાડીને આત્માની સેવા કરવાથી તે આત્મા શુદ્ધ એવો કહેવામાં આવે છે. આહાહા..! એ ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનપિંડ, આનંદપિંડ વસ્તુ, એને શુદ્ધ કેમ કહ્યો? અને એને શુદ્ધ જાણવો, એવો શુદ્ધ જાણવાથી આત્માની મુક્તિ થાય છે. તો કહે છે, કે ભાઈ! અન્ય દ્રવ્યથી ભિન્ન ઉપાસવામાં આવતો એમ શુદ્ધ કહેવામાં આવે છે. આ ટીકાનો શબ્દ છે. એટલે? કે ભગવાનઆત્મા ચૈતન્યઘન વિજ્ઞાનનું ધામ–ખેતર, આનંદનું સ્થાન, એવો આત્મા પરના કર્મથી ભિન્ન સેવવામાં આવતો, કર્મથી ભિન્ન સેવવામાં આવતો, ઉપાસવામાં આવતો એવો પાઠ છે ને? એટલે પરનું લક્ષ છોડી, સ્વસ્વભાવના લક્ષે પર્યાયમાં દ્રવ્યની સેવના થવાથી એને શુદ્ધ કહેવામાં આવે છે. એટલે કે એના તરફ આશ્રય જતાં, પરનો આશ્રય છૂટતાં, જે પરથી લક્ષ છૂટીને સ્વ ઉપર ગયું, ત્યારે શુદ્ધતાની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ પ્રગટી, એના દ્વારા એમ જાણ્યું કે આ શુદ્ધ છે. સમજાણું કાંઈ? લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ મૂળ વાત. મૂળ વાત. આહા..! છઠ્ઠીના લેખ. છઠ્ઠી ગાથા છે ને? છઠ્ઠીના લેખ ન ફરે એવી વાત છે ઇ.

ભગવાનઆત્મા... કહે છે કે, ભાઈ! એને અમે શુદ્ધ કેમ કહીએ છીએ? એને શુદ્ધ કેમ કહીએ છીએ? અને એ શુદ્ધ ક્યાં કહીએ છીએ? અને શુદ્ધ કેવા પ્રકારે કહીએ છીએ? એ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન, જ્ઞાયકભાવ, એને પરવસ્તુના લક્ષથી ભિન્ન પાડતાં, આમ

www.vitragvani.com



ભિન્ન પાડતાં, આમ અભિન્ન એકાકારમાં તો કર્મની સેવા હતી એટલે રાગ-દ્વેષની સેવા હતી. પરના લક્ષે તો રાગ-દ્વેષની સેવા હતી. એ તો સંસાર છે. અશુદ્ધતાનું સેવન. એનું લક્ષ છોડીને ચૈતન્ય ભગવાન જ્ઞાયકમૂર્તિ તરફ દૃષ્ટિ આપતાં જે પર્યાયમાં સેવનથી શુદ્ધતા, શુદ્ધતા પ્રગટી, આત્માના સેવનથી શુદ્ધતા પ્રગટી, એ શુદ્ધતા પ્રગટી એ દ્વારા આ દ્રવ્ય શુદ્ધ છે એમ જાણવામાં આવે છે. પર્યાય શુદ્ધ નહિ વસ્તુ તો પેલી શુદ્ધ છે. સમજાણું કાંઈ? જુઓ તો ખરા.. આહાહા..! 'સેઠી'! જુઓ! એ પ્રશ્ન, કેવો એ ઉત્તર! આવું પરમાર્થ સ્વરૂપ સંતોએ, દિગંબર મુનિઓએ શાસ્ત્રોમાં વર્ણવ્યું છે. એવું વર્ણન બીજે છે નહિ. એવી વસ્તુ, એવી વસ્તુ. ઓહોહો..!

ભાવલિંગી સંત હતા, ભાવલિંગી સંત હતા. એમણે કહ્યું ને, અમે આ માર્ગના પ્રણેતા આ ઊભા! આહાહા..! અમે માર્ગ સાધુપણું કેવું એ અનુભવીએ છીએ. અને કઈ રીતે ત્યાં વ્યવહારના વિકલ્પ હોય અને અનુભવ દશાની સ્થિરતા કેટલી હોય એ બધી અમારા જ્ઞાનમાં વર્તે છે. એથી અમે તમને ચરણાનુયોગ કહીશું, એમ કહે છે. આહાહા..! ભગવાન કહે છે એમ કહેશું એમ નહિ. અમારા અનુભવમાં એ વર્તે છે કે ચારિત્ર આ છે, વીતરાગી દશા આ છે અને એની સાથે પંચમહાવ્રત આદિના વિકલ્પોની આવી જ જાત હોય એ અમારા અનુભવની ભૂમિકાથી અમે તમને ચરણાનુયોગ કહેશું. આહાહા..! પદ્ધતિ તે પદ્ધતિ પણ. સમજાણું કાંઈ? 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંતો, એની પદ્ધતિ કેવળજ્ઞાનને અડીને બધી વાતું છે.

અહીં કહે છે કે **'ચારિત્ર પ્રાપ્ત કરવું,...'** આપણે એની વ્યાખ્યા ચાલે છે ને? એ ચારિત્રનો વિનય એટલે શું? એ વસ્તુ સ્વરૂપ છે, ભગવાન! એમાં અંતર ઠરવું, એમાં ચરવું, રમવું, જમવું. વસ્તુ જે જ્ઞાયકમૂર્તિ ત્રિકાળ શુદ્ધ આનંદધામ ભગવાનઆત્મા એમાં લીન થવું, ચરવું. ચારિત્ર એટલે ચરવું. વીતરાગભાવે રમવું એનું નામ ચારિત્ર. એ ચારિત્ર પ્રાપ્ત કરવું એ જ ચારિત્રનો વિનય છે, કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'ચારિત્રનો ઉપદેશ દેવો...'** સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્ર કેવું હોય, સ્વરૂપમાં રમણતા, એને પંચમહાવ્રતના વિકલ્પો વ્યવહાર, એવું જે વર્ણન કરવું, એ પણ એક ચારિત્રનો વિનય છે. 'અમરચંદભાઈ'! આહાહા..! એના જ્ઞાનમાં પહેલા એ વાત આવવી તો જોઈએ ને. ચારિત્ર કોને કહેવા, દર્શન કોને કહેવા, જ્ઞાન કોને કહેવા એની ખબરું ન મળે. **'ચારિત્રનો ઉપદેશ દેવો... વગેરે ચારિત્ર વિનય છે.'** ચારિત્રની પ્રશંસા કરવી, ચારિત્રમાં પ્રમોદપણું જાહેર કરવું કે, અહો...! વીતરાગભાવ ચારિત્ર અલૌકિક વસ્તુ! જેનું કાર્ય મુક્તિ છે. ચારિત્રનું સાક્ષાત ફળ મુક્તિ છે. સમજાય છે કાંઈ? એવી ચારિત્રની અલૌકિક દશા, પરમેશ્વરપદમાં ભળે છે એ. ચારિત્રવંત તો પરમેશ્વરપદ. પંચપરમેષ્ઠીમાં ણમો લોએ સવ્વસાહુણં. અગિયાર પડિમાવાળો ક્ષુલ્લક પણ કાંઈ ણમો લોએ સવ્વસાહુણંમાં આવતો નથી. આહાહા..!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ત્રણ કષાયનો અભાવ અને આત્માના સ્વસંવેદનની પ્રચુરતા, આત્મામાં સ્વ વેદનના આનંદના વેદનની પ્રચુરતા, ઉગ્રતા, એને ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ ? શ્રાવકને આવી ચારિત્ર લેવાની ભાવના હોય છે. કહે છે કે ચારિત્ર લેવું એમ અહીં સ્થાપન કરે છે ને? સમજાણું કાંઈ? ન લઈ શકે તો શક્તિ નથી એમ જાહેર કરે. પણ આ લેવા જેવું છે એ તો એની પ્રતીતમાં આવવું જોઈએ. આહાહા..! સમજાણું ?

'**૪. રત્નત્રયધારકોનો...**' સમજાય છે? ઉપચાર વિનયની વાત કરે છે. રત્નત્રયધારક–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ધરનારાઓ '**અને બીજા ધર્માત્મા ભાઈઓનો શારીરિક વિનય કરવો,...**' શરીરથી. '**તે આવે ત્યારે ઊભા થવું, નમસ્કાર કરવા, હાથ જોડવા, પગે પડવું વગેરે–એ બધો ઉપચારવિનય છે.**' ઉપચારવિનય થયો ને, બહાર પરનો છે એટલે. સમજાણું કાંઈ? એવો વિનય શ્રાવકને ચારિત્રમાં, તપમાં એવો ભાવ આવ્યા વિના રહે નહિ. એમ કહે છે.

'**તીર્થક્ષેત્રની વંદના કરવી એ પણ ઉપચારવિનય છે,..**' જ્યાં જ્યાં પરમાત્મા મોક્ષ પધાર્યા છે, એવા તીર્થની વંદના કરવી. ઉપચાર–વ્યવહારવિનયની વાત ચાલે છે ને આ તો. પહેલી ત્રણ અંદરની વાત હતી. તીર્થક્ષેત્ર એટલે જ્યાં ભગવાન મોક્ષ પધાર્યા હોય, ત્યાં સ્મૃતિમાં કે (આવે કે) ભગવાન અહીં માથે બિરાજે છે. જ્યાંથી મોક્ષ ગયા ત્યાંથી સાદિઅનંત બિરાજે છે. ત્યાં નીચે જઈને એનું સ્મરણ કરવા માટે એ પણ એક તીર્થક્ષેત્ર વંદના છે. એ ઉપચાર વિનય છે. 'પોપટભાઈ'! ત્યાંથી મોક્ષ પધાર્યા ને! અહીં વાત નથી યાદ કરતા? મારા બાપ અહીં બેઠા હતા, મારા બાપ અહીં માળા ગણતા હતા. ભાઈ! એ કહું છું. પટેલ.

'ચંદુભાઈ પટેલ' આખા 'ગોંડલ' રાજના કેળવણી અધિકારી રહ્યા હતા. પોતે કેળવણીના અધિકારી અને એનો બાપ માસ્તર. પોતે આખા (ગોંડલના) કેળવણીના અધિકારી અને એનો બાપ માસ્તર. એના બાપનો બહુ વિનય કરે. 'ગોંડલ'. 'ચંદુભાઈ બેચરભાઈ' બન્ને અમારી પાસે આવ્યા હતા અહીંયાં. 'હીરાભાઈ'ના મકાનમાં બન્ને આવ્યા હતા. બધા ઘણી વાર આવી ગયા. 'ચંદુભાઈ' તો ઘણીવાર ત્યાં આગળ આવતા. એકવાર એને ઘરે વ્હોરવા ગયા. ત્યાં ઉતર્યા હતા પછી બધું બતાવ્યું હતું. અહીં મારા પિતાજી બેસતા હતા, અહીં માળા ગણતા હતા. પોતે આખા 'ગોંડલ'ના કેળવણી અધિકારી અને રાજનો એના ઉપર બહુ પ્રેમ. મકાન પણ એને આપ્યું હતું. બે લાખ, ત્રણ લાખનું મોટું મકાન દરબારે આપ્યું. થોડું પચ્ચીસ હજાર-દસ હજાર આપ્યા. રાજકુમાર પાછળથી ન લઈ લે માટે. ત્યાં મકાનમાં ઉતર્યા હતા. શું કહેવાય આપણે? જ્યારે વેદી પ્રતિષ્ઠા થઈ ત્યારે ત્યાં ઉતર્યા હતા, એના મકાનમાં ઉતર્યા હતા. એ વારંવાર કહેતા કે અહીં મારા પિતાજી બેસતા હતા, અહીં માળા ગણતા હતા. એ જાતનો પિતાજી પ્રત્યે બહુમાન.

એમ મારા ભગવાન અહીં મોક્ષ પધાર્યા છે. અહીં ભગવાન મોક્ષ પધાર્યા છે, અહીં

સંતો હતા. પાંડવો અહીં તીર્થક્ષેત્રમાં ધ્યાનમાં હતા, આનંદમાં હતા, આમ કર્યું ત્યાંથી મોક્ષ પધાર્યા. એવો ભાવ શુભ છે, એ વિકલ્પ પુણ્ય છે. પણ એ ભાવની પાછળ જેટલી સ્થિરતા ઉગ્ર હોય છે, એનું નામ નિર્જરા છે. અને આ ભાવ છે એટલું પુણ્ય છે. સમજાણું કાંઈ? જેટલી ઇચ્છા કપાઈને સ્થિરતા થાય છે એનું નામ ચારિત્ર કહો કે તપ કહો. અને જેટલી શુભ ઇચ્છા રહી એને પુણ્ય વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું?

**'પૂજા-ભક્તિ કરવી એ પણ ઉપચારવિનય છે.'** લ્યો. ભગવાનની પૂજા, ભક્તિ એ પણ ઉપચારવિનય છે ને? તીર્થંકરના વિરહે, તીર્થંકરની પ્રતિમા આદિની પૂજા, ભક્તિ ભાવ એ સમ્યગ્દષ્ટિને આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? ખરેખર તો સમ્યગ્દષ્ટિને જ એ નિક્ષેપ હોય છે, ભાઈ! એ ચર્ચા અમારે ઘણા વર્ષ પહેલા બહુ ચાલતી હતી. એમ કહે આ મિથ્યાદષ્ટિ આ નિક્ષેપ–મૂર્તિને માને. સમ્યગ્દષ્ટિ પછી ન માને. કીધું, સમ્યગ્દષ્ટિ પછી જ નિક્ષેપ હોય, પહેલો નિક્ષેપ હોય જ નહિ. એ સ્થાપનાનિક્ષેપ સમ્યગ્દષ્ટિ થયો, એટલે આત્માના આશ્રયે જ્ઞાન થયું એ પ્રમાણજ્ઞાનના બે ભાગ પડી ગયા. એક નિશ્ચય અને એક વ્યવહાર. વ્યવહારનય પછી આ નિક્ષેપના ચાર પ્રકાર છે એ જ્ઞેયના ભાગ છે. જ્ઞેયના ભાગનું જ્ઞાન અને નય આ ભગવાન છે એવો નિક્ષેપ એને જ વ્યવહાર લાગુ પડે છે. સમજાણું કાંઈ? અમારી સામે એવું પડ્યું હતું ને બધું, એ ખૂબ ચાલતું હતું. સમજાણું ને? કીધું, ખરેખર તો ત્યારે જ નિક્ષેપ હોય છે. મિથ્યાદષ્ટિને મૂર્તિ (હોય) અને સમકિત થયા પછી મૂર્તિ નથી એનો અર્થ શું? એ.. 'ન્યાલભાઈ'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના આ તો એમ કહે પછી નિક્ષેપપણું, શુભભાવનું યથાર્થપણે વ્યવહારનયનું નિક્ષેપ ત્યાં જ લાગુ પડે છે. જ્યાં નિશ્ચય હોય છે ત્યાં વ્યવહાર નિક્ષેપ લાગુ પડે. મિથ્યાદષ્ટિને ખરેખર લાગુ પડતું નથી. નયજ્ઞાન વિના નિક્ષેપ કેવો અને નિક્ષેપ વિના એનો જાણનારો નયવાળો કેવો? સમજાણું કાંઈ? ઝીણી વાતું ભારે, ભાઈ! 'સેઠી'! પૂજા, ભક્તિ એવો ભાવ સમકિતીને પાંચમા ગુણસ્થાનમાં આવ્યા વિના રહે નહિ. મુનિને પણ ભાવ આવે છે.

**'રત્નત્રયની પ્રાપ્તિ કરવી એ જ સાચો વિનય છે.'** લ્યો. ખરો નિશ્ચય વિનય તો આ. કે ભગવાનઆત્મા, એનું અંતર દર્શન, અંતર જ્ઞાન અને અંતર લીનતા એ ખરો નિશ્ચયવિનય એને કહેવામાં આવે છે. **'એ વિનયતપનું વર્ણન પૂર્ણ કર્યું.'** લ્યો. હવે વૈયાવૃત્ય છે.

**'પોતાના ગુરુ વગેરે આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા, ત્યાગી ઇત્યાદિ ધર્માત્મા સજ્જનોની સેવા-સુશ્રૂષા કરવી એને વૈયાવૃત્ય કહે છે.'** કહો, સમજાણું કાંઈ? જુઓને! 'ટોડરમલજી'એ પહેલા વિનયમાં લીધું છે ને, ભાઈ! પહેલેથી લીધું. બધાને લેતા.. લેતા... લેતા.. શ્રાવક, શ્રાવિકા, આ મારા સરખા હોય તે બધાનો યથાયોગ્ય હું વિનય કરું છું. મારાથી નાના હોય કે એવા હોય એને પણ યથાયોગ્ય વિનય કરું છું. ભારે! ઓહો..હો..!

www.vitragvani.com



કેટલી એની શૈલી લીધી! સમજાણું? બહુ પણ એકાગ્રતા. એક-એક વસ્તુને સ્થાપી છે. ગજબ કામ કર્યું છે. અંદરથી બધું પાછું યાદ રાખ્યું છે. સમજ્યા ને? વિનય લીધું છે ને? પહેલા તીર્થંકરનું બધું લીધું ને?

મુમુક્ષુ :– તીર્થક્ષેત્ર બધાને યાદ કર્યા.

ઉત્તર :– બધા. વંદન કર્યું છે ને. પાંચ-છ પાના, જુઓ! **'ચૈત્યાલય, આર્જિકા, ઉત્કૃષ્ટ શ્રાવક આદિ દ્રવ્ય, તીર્થક્ષેત્રાદિ ક્ષેત્ર, કલ્યાણ કાળાદિ કાળ, રત્નત્રય આદિ ભાવ, જે મારે નમસ્કાર કરવા યોગ્ય છે તેને નમસ્કાર. તથા એથી ન્યુન વિનય કરવા યોગ્ય છે તેમનો પણ યથાયોગ્ય વિનય કરું છું.'** પછી શરૂ કરે છે. સમજાણું? કેટલી વાત મૂકી છે! ઓહો..હો..! **'એ પ્રમાણે પોતાના ઇષ્ટનું સમ્માન કરી મંગળ કર્યું.'** હવે ઇષ્ટ કેમ કહેવાય એ તો પછી. સમજાણું? અહીંયાં પણ કહે છે... અમસ્તા પણ દસ પ્રકારનું વૈયાવૃત્ય આવે છે ને? ભાઈ! દસ પ્રકાર. એમાં છેલ્લો એક મનોજ્ઞ આવે છે. મનોજ્ઞ ગૃહસ્થાશ્રમમાં પણ સમકિતીને હોય છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– મૂળ છે ને એ તો આમાં શ્વેતાંબરમાં પણ છે. તે દિ' પણ હું કહેતો હતો. શ્વેતાંબરમાં દસમો બોલ છે. મનોજ્ઞ એટલે પુણ્યવંત છે, કુળમાં ઊંચો છે અને ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ છે એને પણ ત્યાં વૈયાવૃતમાં નાખ્યો છે. દસ બોલ છે ને એમાં નાખ્યો છે. જેને પુણ્યનો વિશેષ પ્રભાવ છે, કુળ ઊંચું છે, એમાં સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા છે એની પણ સેવાનું લખ્યું છે, જુઓ! શાસ્ત્રમાં. અહીં આવે છે ને જુઓને લખ્યું ને આ? બધા આવ્યા કે નહિ? **'શ્રાવક, શ્રાવિકા, ત્યાગી ઇત્યાદિ,...'** બ્રહ્મચારી, સમ્યગ્દૃષ્ટિ, **'ધર્માત્મા સજ્જનોની સેવા-સુશ્રુષા કરવી...'** સમજાણું? **'એને વૈયાવૃત્ત્ય કહે છે.'** સમજાણું?

જુઓને! ત્યાં પણ કહ્યું છે ને? 'રત્નકરંડ શ્રાવકાચાર'માં. દેવ. ચંડાળ દેવ છે, દેવ છે. સમ્યગ્દૃષ્ટિ દેવ છે.

મુમુક્ષુ :– ચક્રવર્તીને પણ ...

ઉત્તર :– અને આમાં તો ઢાળમાં આવ્યું. જજે. 'સૂરનાથ જજે હૈ' દેવો પણ જેને પૂજે છે. અહો..! સમ્યગ્દર્શન એટલે શું! અલૌકિક વાત!! સમજાય છે? દેવો પણ પૂજે છે. 'પદ્મનંદિ પંચવિંશતિઃ' માં આવે છે. શ્રાવકો મંદિર આદિ સમ્યગ્દૃષ્ટિ સહિત છે, મંદિર આદિ કરે એ કોને વંદ્ય ન હોય? 'પદ્મનંદિ પંચવિશતિ'માં વ્રતોદ્યોતન–ઉપાસક સંસ્કાર છે ને? એમાં આવે છે. આવે ને એ વસ્તુ. સમજાણું?

**'વૈયાવૃત્ત્ય કહે છે.'** લ્યો. પછી એનું જરીક બહારનો રોગનું કારણ કહે છે. **'કોઈવાર કોઈ વ્રતધારીને રોગ થઈ જતાં શુદ્ધ પ્રાસુક ઔષધથી તેમનો રોગ દૂર કરવો, જંગલોમાં વસતિકા, કુટી વગેરે બનાવવાં,...'** ગૃહસ્થ માટે, હોં! મુનિ માટે ન હોઈ શકે. **'બનાવવાં, એ બધું વૈયાવૃત્ય જ છે.'**

www.vitragvani.com



**'૩–પ્રાયશ્ચિત–પ્રમાદથી જે કાંઈ દોષ થઈ ગયો હોય તેને પોતાના ગુરુ સામે પ્રગટ કરવો, તેમના કહેવા પ્રમાણે તે દોષને દોષ માનીને તથા આગામી કાળમાં તે પ્રમાણે ન કરવાની પ્રતિજ્ઞા કરીને જે કાંઈ દંડ દે તે દંડનો સ્વીકાર કરવો તેને પ્રાયશ્ચિત અંતરંગતપ કહે છે.'** એ ભાવ હોય છે એમ કહે છે. **'એનાથી વ્રત–ચારિત્રની શુદ્ધિ થાય છે.'** પછી એના ૯ ભેદ છે.

**'૧. આલોચના, ૨. પ્રતિક્રમણ, ૩. આલોચન પ્રતિક્રમણ,..'** બોલવું અને મિચ્છામિ દુક્કડમ **'૪. વિવેક,..'** અમુક વસ્તુનો વિવેક કરવો. અંદર પરથી ભિન્ન પાડવું. **'૫. વ્યુત્સર્ગ,...'** છોડી દેવી, વસ્તુ મૂકી દેવી. **'૬. તપ,...'** પ્રાયશ્ચિત છે. **'૭. છેદ, ૮. પરિહાર અને ૯. ઉપસ્થાપના–એ રીતે પ્રાયશ્ચિતના નવ ભેદ છે.'**

**'૪. ઉત્સર્ગ–'** આ પણ તપ છે. **'શરીરમાં મમત્વનો ત્યાગ કરવો તથા ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરવો અને સંસારની વસ્તુઓને પોતાની ન માનવી ઇત્યાદિ મમત્વ-અહંકારબુદ્ધિનો ત્યાગ કરવો તેને જ ઉત્સર્ગ નામનું..'** કાયોત્સર્ગ. કાયોત્સર્ગ કહે છે ને? કાયોત્સર્ગ એટલે કાયા શબ્દ કાઢી નાખ્યો, ઉત્સર્ગ કહી દીધું. છોડી દેવું. કષાય અને કાયા છોડવી. અકષાય અને સ્થિરતા ગ્રહણ કરવી એનું નામ કાયોત્સર્ગ છે. આવે છે ને? ...... એ શરીર આમ આમ (કરવું) એમ નહિ. અંદરમાં આત્મા શુદ્ધ આનંદને ગ્રહણ કરવો, એમાં સ્થિર થવું, કષાય અને કાયાની મમતા છોડવી, તેને કાયોત્સર્ગ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? બે હાથ (જોડીને) આમ ને આમ ઊભો રહ્યો, કાયાને મંદ કરવી એ ખરેખર ઉત્સર્ગ નથી. અંદર સ્થિર ઊભો રહે. ચૈતન્યબિંબ, ચૈતન્યની પૂતળી! અંદર સ્થિર થઈ જાય. એને કષાયનો ત્યાગ, સ્વરૂપની સ્થિરતા, એનું નામ કાયોત્સર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાણું?

**'૫. સ્વાધ્યાય–...'** સ્વાધ્યાય કરવી. **'પ્રથમાનુયોગ,...'** કથાનુયોગનો સ્વાધ્યાય. **'ચરણાનુયોગ,...'** પુણ્ય-પાપનો અધિકાર, જ્યાં પુણ્ય ચારિત્ર વ્યવહાર. **'કરણાનુયોગ,...'** સૂક્ષ્મ પરિણામનો અધિકાર. **'દ્રવ્યાનુયોગ,...'** તત્ત્વનો જેમાં અધિકાર (છે). **'એ ચારે પ્રકારના શાસ્ત્રોની સ્વાધ્યાય કરવી,...'** કહો, સમજાણું કાંઈ? **'શીખવું, શીખવવું,..'** શીખવું અને શીખવવું. ચારે અનુયોગ ભગવાનના કહેલા છે એની સ્વાધ્યાય કરવી. **'મનન કરવું.'** પાછું એને મનન કરવું. શું કહેવું છે? આમાં! ક્યો અભિપ્રાય છે? કઈ નયનું આમાં કથન છે? ચરણાનુયોગમાં કઈ નયે કહ્યું છે? દ્રવ્યાનુયોગમાં કઈ નયે કહ્યું છે? એ નયનું મનન કરવું.

**'એ સ્વાધ્યાય કરવાથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અન્ય જીવોને સમ્યગ્જ્ઞાનનો બોધ થાય છે,...'** સ્વાધ્યાય કરવાથી બીજાને પણ (બોધ થાય છે). સ્વાધ્યાયમાં ઉપદેશ આવી જાય છે ને? સમજાણું? **'પરિણામ સ્થિર રહે છે,...'** સ્વાધ્યાય કરવાથી તેમાં પરિણામ સ્થિર રહે છે. અશુભ નથી થતાં, એમ. **'સંસારથી વૈરાગ્ય થાય છે, ધર્મની વૃદ્ધિ થાય છે વગેરે અનેક ગુણ પ્રગટ થાય છે,...'** સ્વાધ્યાયથી. જુઓ! આ સ્વાધ્યાય. નિશ્ચયસ્વાધ્યાય–સ્વ-

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્માનો અધ્યાય એકાગ્ર થવું તે. વ્યવહાર સ્વાધ્યાય ચાર અનુયોગમાં વિકલ્પથી સ્વાધ્યાય કરવી તે.

નિશ્ચય સ્વ-અધ્યાય. સ્વાધ્યાય. પોતાના જ્ઞાનસ્વરૂપ મૂર્તિમાં એકાકાર થવું એ નિશ્ચય સ્વાધ્યાય. સ્વ અધ્યાય એનો અધ્યાય લેવો અંદર એકાકારનો. વ્યવહાર સ્વાધ્યાય આ ચાર અનુયોગનો, વિકલ્પનો સ્વાધ્યાય કરવો તે. સમજાણું કાંઈ? સ્વાધ્યાયનો એવો ભાવ હોય છે. મુનિને હોય છે ને. મુનિને ધ્યાન અને સ્વાધ્યાય બે જ છે. બીજું કાંઈ હોતું નથી. કા અંદર ધ્યાનમાં અનુભવમાં હોય કાં વિકલ્પ આવે તો સ્વાધ્યાય કરે. બીજું તો કાંઈ છે નહિ એને. સમજાણું? છે વિકલ્પ પુણ્યનું કારણ, પણ પાછળ સ્વભાવની તે ક્ષણે વિશેષ એકાગ્રતા વર્તે છે ને! એ ખરી સ્વાધ્યાય કહેવામાં આવે છે. **'વગેરે અનેક ગુણ પ્રગટ થાય છે, તેથી સ્વાધ્યાય કરવી જોઈએ.'**

**'૬. ધ્યાન–એકાગ્રચિત્ત થઈને સમસ્ત આરંભ-પરિગ્રહથી મુક્ત થઈ...'** એકાગ્ર ચિત્ત થઈને અંદરમાં શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા, એમાં એકાગ્ર થઈને. સમસ્ત આરંભ-પરિગ્રહથી (મુક્ત થઈને) નાસ્તિથી (છે), અહીં મુક્ત થઈને, **'પંચપરમેષ્ઠી અને આત્માનું ધ્યાન..'** વ્યવહાર-નિશ્ચય બન્ને નાખ્યું. પંચપરમેષ્ઠીનું એ વ્યવહાર છે અને અંતરનું એ નિશ્ચયધ્યાન છે. સમ્યગ્દર્શન જ્ઞાન સહિત શ્રાવકની આ વાત ચાલે છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન નથી અને એકલી આ ક્રિયા હોય છે એની આ વાત નથી. સમજાણું કાંઈ?

અહીં તો વીતરાગદૃષ્ટિ થઈ છે અને એ વીતરાગ ભૂમિકાનો અંશ વિશેષ વધ્યો છે, એને આવા પ્રકારના વિકલ્પો હોય છે અને વીતરાગતાની શાંતિ પણ થોડી વિશેષ હોય છે એમ કહે છે. આખો મૂળ માર્ગ જે નિશ્ચય છે એ પડ્યો રહ્યો અને વ્યવહારની વાત એકલી રહી ગઈ. વ્યવહાર હોય છે, નથી હોતો એમ નહિ. સમજાય છે? જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન થાય ત્યાં સુધી દૃષ્ટિમાં દ્રવ્યનો આશ્રય હોવા છતાં, અસ્થિરતાના એવા શુભભાવો આવ્યા વિના રહે નહિ. હોય છે, પણ એને એ પુણ્યબંધ તરીકે જાણે છે. અને સ્વભાવ સન્મુખની જેટલી શુદ્ધતા, એકાગ્રતા (થઈ) તેને મોક્ષનો માર્ગ જાણે છે. પેલો બંધનો માર્ગ છે. પણ એ આવ્યા વિના રહેતો નથી. સમજાણું? જેના જેટલા દોકડા એટલા દોકડા આપે. દોકડા શું કહે છે? કીંમત. જેની જેટલી કીંમત હોય એટલી આપે, કાંઈ વધારે કિંમત આપે?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– થઈ રહ્યું ત્યારે. ખોટા આપે એને ભાન ક્યાં છે કાંઈ?

**'તે આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન–એ રીતે ચાર પ્રકારનું છે. તેમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સંસારના કારણ છે.'** પાપના કારણ છે. આ રળવું, ખાવું, પીવાના ભાવ, કમાવું એ બધું, ..., દુકાને બેસવું, બંગડીના વેપાર, એ બધા પાપ વેપાર છે એમ કહે છે. બંગડીનું છે તમારે? શેનું? દાગીના ખોટા. ખોટી ઝવેરાતના દાગીના. કહો, સમજાણું?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ બધામાં રોકાવું, વિચારમાં રોકાવું, વિકલ્પ એ બધું આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે.

**'ધર્મધ્યાન અને શુક્લધ્યાન મોક્ષનાં કારણ છે. ધ્યાનના સામાન્ય રીતે ત્રણ ભેદ થઈ શકે છે—અશુભધ્યાન, શુભધ્યાન અને શુદ્ધધ્યાન.'** હવે એનો ખુલાસો કરે છે પાછો. **'આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે અશુભધ્યાન છે,..'** પાપ. **'ધર્મધ્યાન શુભધ્યાન છે અને શુક્લધ્યાન શુદ્ધધ્યાન છે.'** શુભ. ધર્મધ્યાનમાં જરી શુભ વિકલ્પ હોય એને વ્યવહારે ધર્મધ્યાન કહે છે. ખરેખર તો અંદર શુદ્ધતાની એકાગ્રતા ઓછી તેને ધર્મધ્યાન કહે છે. વિશેષ શુદ્ધતા વધારે તેને શુક્લધ્યાન કહે છે. મૂળ તો એમ છે. આમાં જ મોટા વાંધા ઉઠાવ્યા છે ને. શુભભાવને ધર્મધ્યાન કહ્યું છે માટે એ નિર્જરા છે, સંવર છે. હોય છે એને વ્યવહાર ધર્મધ્યાન. આત્મામાં જે સ્વભાવ શુદ્ધ છે, એવો જે ધર્મ સ્વભાવ એની અંતરની એકાગ્રતા, એને ખરેખર ધર્મધ્યાન કહે છે. સ્વભાવનું ધ્યેય કરીને એકાગ્રતા થવી તેને ધર્મધ્યાન કહે છે. પણ એમાં એકાગ્રતા ઓછી છે, શુક્લધ્યાનમાં વિશેષ છે. એટલે અહીં જોડે શુભભાવ હોય એને પણ વ્યવહાર ધર્મધ્યાન કહેવામાં આવે છે. સમજાણું? પેલો શુભભાવ જ જાણે બધું થઈ પડ્યું.

મુમુક્ષુ :– ધણી જાણે થઈ ગયો.

ઉત્તર :– ધણી થઈ ગયો. સંવર, નિર્જરા, પરલક્ષી ભાવ એને સ્વલક્ષનો આશ્રય આપ્યા વિના એનાથી સંવર-નિર્જરા (થશે), જાવ. ઓહો..હો..! એ જ સ્થાપન કરે છે અત્યારે, જુઓને! પણ હવે આવું સ્પષ્ટ બહાર આવ્યું. સમજ્યાને? તે દિ' તો ભગવાન પણ હતા ને કરતા હતા, અમને શું? આવી વાત ને એમાં સીધી સટ બે ને બે ચાર જેવી વાત છે. એમાં ક્યાંય ત્રણકાળમાં ફરે નહિ.

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, એનો આશ્રય કરે તેટલી સંવર, નિર્જરા થાય. પરનો આશ્રય જેટલો કરે તેમાં પુણ્ય-પાપના ભાવ થાય. ધર્મધ્યાન આદિ હોય તો શુભ છે. આ બાયડી, છોકરાનો આશ્રય કરે તો પાપ છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર આદિનો આશ્રય કરે એ શુભભાવ છે. બાયડી, છોકરાનો આશ્રય અને વેપારનો આશ્રય એ પાપભાવ છે. પરના આશ્રયે તો પુણ્ય-પાપ ભાવ થાય. એમાં કાંઈ સંવર, નિર્જરા ન થાય. સમજાણું કાંઈ?

**'માટે મોક્ષાર્થી જીવોએ ધર્મધ્યાન અને શુક્લધ્યાન અવશ્ય અપનાવવું જોઈએ.'** અપનાવવું જોઈએ. એ ગુજરાતીમાં આવતું હશે? આ શબ્દ હિન્દી છે. ચાલે છે. અપનાવવું જોઈએ. ભાઈ! અમે તો આપણી ગુજરાતી ભાષા સાધારણ નહિ સમજતા હોય.

મુમુક્ષુ :– એ ગાંધીજીથી ચાલ્યું છે.

ઉત્તર :– ગાંધીજીથી ચાલતું હશે. પણ આપણે અપનાવવું જોઈએ એ શબ્દ સાધારણ છોકરાઓ સમજશે? અપનાવવું જોઈએ.

મુમુક્ષુ :– બનાવવું જોઈએ.

ઉત્તર :– અભ્યાસ થઈ ગયો એટલે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**'ધ્યાનના અવલંબનરૂપે...'** ધ્યાનના આધારરૂપે, નિમિત્તરૂપે **'પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત–એ ચાર ભેદ છે.'** એ જ્ઞાનાર્ણવમાં ભેદ છે. પિંડ એટલે આત્મામાં રહેલો ભગવાનઆત્મા એનું ધ્યાન, પદસ્થ - પાંચ પદો છે ને? અરિહંત. એનું ધ્યાન. **'રૂપસ્થ..'** રૂપસ્થ એટલે અરિહંતનું. **'રૂપાતીત...'** એટલે સિદ્ધનું. **'એનું વિશેષ વર્ણન પણ જ્ઞાનાર્ણવ ગ્રન્થમાંથી જાણી લેવું. અહીં લખવાથી ઘણો વિસ્તાર થઈ જશે.'**

**'અહીં એ વાત જાણી લેવી બહુ જરૂરી છે કે બાહ્યતપ અને અંતરંગ તપમાં શું તફાવત છે. બાહ્યતપમાં કેવળ બાહ્યપદાર્થ તથા શરીરની ક્રિયા જ પ્રધાન કારણ હોય છે અને અંતરંગ તપમાં આત્મીય ભાવ તથા મનનું અવલંબન જ પ્રધાન કારણ પડે છે.'** નિશ્ચય અને વિકલ્પ બે. **'જેમ અગ્નિ સોનાને શુદ્ધ બનાવે છે તેમ આ બન્ને પ્રકારના તપ આત્માને શુદ્ધ બનાવે છે.'** વ્યવહારતપ કહે ને? વ્યવહારતપ અને નિશ્ચયતપ એમ. **'કારણ કે તપ વિના ચારિત્ર હોતું નથી...'** મુનિપણું લીધા વિના ચારિત્ર અંગીકાર થતું નથી. **'ચારિત્ર વિના કર્મોની નિર્જરા થતી નથી, માટે આ બન્ને પ્રકારના તપનું આચરણ અવશ્ય કરવું જોઈએ. અહીં સુધી ગૃહસ્થના વ્રતોનું વર્ણન કર્યું.'** જોયું! એ ગૃહસ્થમાં આવ્યું. છે તો ચારિત્ર પણ ગૃહસ્થોએ આમ કરવું.

**'હવે ત્યાર પછી શ્રી અમૃતચન્દ્રસ્વામી મુનિઓના ચારિત્રનું વર્ણન કરે છે. મુનિપદ ધારણ કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ કદી થતી નથી.'** ત્રણકાળમાં ક્ષાયિક સમકિતી હોય તો પણ એને મુનિવ્રત ધારણ કરવા જોઈએ. સમજાણું કાંઈ? મુનિપણું (એટલે) અંદર સ્વરૂપમાં રમણતાનું ચારિત્ર અને વ્યવહારે અઠ્ઠાવીસ મૂળગુણના, પંચમહાવ્રતના વિકલ્પો હોય છે. એ વિના કોઈ દિ' મુક્તિ થઈ જાય, ઘરમાં ગૃહસ્થાશ્રમમાં રહેતાં રહેતાં.. સમજાણું? એમ ન થાય.

મુમુક્ષુ :– કોઈ અપવાદ તો હશે ને?

ઉત્તર :– કોઈ અપવાદ ન મળે. ભરત ચક્રવર્તીને અરિસાભવનમાં થઈ ગયું. શું અરિસાભવનમાં? અંદર ધ્યાન થયું હતું. બે ઘડી નગ્ન દિગંબર (થયા), પછી ધ્યાન થયું ત્યારે મુક્તિને પામ્યા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ બધી વાતું.

આત્માના અંતરમાં આનંદના ધ્યાન વિના અને નવ-નવ કોટીએ ત્યાગ વિના, કાયાનો ત્યાગ કરવું, કરાવવું અને અનુમોદવું, કાયાનો ત્યાગ ક્યારે થાય? કે વસ્ત્ર, પાત્ર આદિ બધું અંદરથી છૂટી જાય, ત્યારે કાયાનું કરવું, કરાવવું, અનુમોદવું ત્યાગ થાય. એના ત્યાગ વિના ચારિત્ર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– મુનિને પણ અપવાદ હોય ને?

ઉત્તર :– અપવાદ-બપવાદ હોય નહિ. અપવાદ તો દોષ કહેવાય છે. નથી કહેતા?

www.vitragvani.com



મન, વચન અને કાયા, કરણ, કરાવવું અને અનુમોદવું. નવ-નવ કોટીએ પરનો ત્યાગ થઈ જાય. ત્યારે તો કાયાથી પણ વસ્ત્ર રાખવું એ રહે નહિ. સમજાણું કાંઈ? એવી વાત છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. એ કંઈ કોઈના પક્ષની આ વાત નથી. સમજાણું કાંઈ? એવી દશા અંગીકાર કરવી. એ વિના મોક્ષ થતો નથી.

**'માટે મોક્ષાર્થી ભવ્યાત્માઓએ જ્યાં સુધી બની શકે ત્યાં સુધી સમસ્ત આરંભ-પરિગ્રહનો ત્યાગ કરીને મુનિપદ ધારણ કરી, આઠ કર્મોનો ક્ષય કરી મોક્ષની પ્રાપ્તિ કરવી જોઈએ.'** લ્યો. ૧૯૯ સુધી આવ્યું.

## ગાથા–૨૦૦

મુનિવ્રત ધારણ કરવાનો ઉપદેશ

जिनपुङ्गवप्रवचने मुनीश्वराणां यदुक्तमाचरणम्।
सुनिरूप्य निजां पदवीं शक्तिं च निषेव्यमेतदपि।।२००।।

અન્વયાર્થ :– [ जिनपुङ्गवप्रवचने ] જિનેશ્વરના સિદ્ધાંતમાં [ मुनीश्वराणां ] મુનીશ્વર અર્થાત્ સકલવ્રતધારીઓનું [ यत् ] જે [ आचरणम् ] આચરણ [ उक्तम् ] કહ્યું છે, [ एतत् ] એ [ अपि ] પણ ગૃહસ્થોએ [ निजां ] પોતાનાં [ पदवीं ] પદ [ च ] અને [ शक्ति ] શક્તિનો [ सुनिरूप्य ] સારી રીતે વિચાર કરીને [ निषेव्यम् ] સેવન કરવા યોગ્ય છે.

ટીકા :– 'जिनपुङ्गवप्रवचने मुनीश्वराणां यत् आचरणं उक्तम् एतत् अपि निजां पदवीं सुनिरूप्य शक्तिं च सुनिरूप्य निषेव्यम्' - અર્થ :– અર્હંત ભગવાન તથા ગણધરાદિએ કહેલાં જિનશાસ્ત્રોમાં જે મુનિ–મહાત્માઓનું સર્વદેશ ત્યાગરૂપ આચરણ કહ્યું છે તે આચરણ પોતાના પદની યોગ્યતા અને પોતાની શક્તિ જોઈને અવશ્ય આચરવું જોઈએ.

ભાવાર્થ :– જ્યાં સુધી બની શકે ત્યાં સુધી પ્રત્યેક આત્મકલ્યાણાર્થીએ મુનિપદનો સ્વીકાર કરીને પોતાના આત્માનું કલ્યાણ કરવું જોઈએ. જો તે કોઈ પણ રીતે સર્વદેશવ્રતનું પૂર્ણપણે પાલન ન કરી શકે તો પહેલાં અણુવ્રત પાળવાં જોઈએ અને પછી મહાવ્રત ધારણ કરવાં જોઈએ. ૨૦૦.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હવે **'મુનિવ્રત ધારણ કરવાનો ઉપદેશ.'**

**जिनपुङ्श्गप्रवचने मुनीश्वराणां यदुक्तमाचरणम्।**
**सुनिरूप्य निजां पदवीं शक्तिं च निषेव्यमेतदपि ।।२००।।**

એની ટીકા લ્યોને. **'અર્હંત ભગવાન તથા ગણધરાદિએ કહેલાં...'** **'जिनपुङ्गव'** છે ને? **'जिनपुङ्गव'** વીતરાગ પુરુષો. **'पुङ्गव'** એટલે પુરુષો. વીતરાગી પુરુષો. જેને **'અર્હંત ભગવાન તથા ગણધરાદિએ કહેલાં જિનશાસ્ત્રોમાં..'** કહેલાની વાત લેવી છે ને? અહીં કાંઈ સિદ્ધ નથી લેવા. અહીં તો **'जिनपुङ्गवप्रवचने'** એમ લેવું છે ને? સિદ્ધને પ્રવચન હોય નહિ. અરિહંત ભગવાન, પરમેશ્વર અને કાં ગણધરો ચાર જ્ઞાનના ધણી, મહા તીર્થંકરના વજીર, દિવાન, પ્રધાન. એ બન્ને. છે ને? **'जिनपुङ्गव'** ની વ્યાખ્યા કરી. **'કહેલાં જિનશાસ્ત્રોમાં...'** એમણે કહેલા જિનશાસ્ત્રો. કોઈ કલ્પિત પોતે બનાવ્યા હોય અને પછી ભગવાનનું નામ માથે નાખ્યું હોય, એ વાત નહિ. સમજાણું કાંઈ? **'जिनपुङ्गव'** વીતરાગમાં પ્રધાન. અરિહંત અને ગણધરો.

**'જે મુનિ-મહાત્માઓનું...'** એમણે મુનિ-મહાત્માઓનું **'સર્વદેશ ત્યાગરૂપ આચરણ કહ્યું છે...'** કહો, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર અને ગણધરોએ, જે મુનિનું આચરણ શાસ્ત્રોમાં કહ્યું છે, **'સર્વદેશ ત્યાગરૂપ આચરણ કહ્યું છે તે આચરણ પોતાના પદની યોગ્યતા અને પોતાની શક્તિ જોઈને અવશ્ય આચરવું જોઈએ.'** શક્તિ જોઈને અવશ્ય આચરવું જોઈએ. એમ ને એમ લઈ લેવું એમ નહિ, એમ કહે છે. શક્તિ ન હોય અને મુનિપણું લઈ લીધું. પછી એ... દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોવે નહિ. પોતાની શક્તિ કેટલી છે? સામર્થ્યતા કેટલી છે? સહનશીલતા કેટલી છે? જોવે નહિ. એમ નહિ. પોતાની શક્તિ કેટલી છે? સંયોગોમાં નિમિત્ત, નિર્દોષ આહાર-પાણી દેવાના સાધનો, ... શું સાધન છે? સમજાણું? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઈને યથાશક્તિપણે અવશ્ય ગ્રહણ કરે. સમજાય છે? ગ્રહણ કરવાની વાત છે ને?

**'જ્યાં સુધી બની શકે ત્યાં સુધી પ્રત્યેક આત્મકલ્યાણાર્થીએ મુનિપદનો સ્વીકાર...'** કરવો. પહેલો લ્યો. પહેલા પ્રરૂપણામાં આવી ગયું હતું ને? પહેલો મુનિનો ઉપદેશ દેવો. દર્શન-જ્ઞાન સહિત, હોં! એકલો મુનિનો (ઉપદેશ નહિ). દર્શન, જ્ઞાન સહિતમાં ચારિત્રનો. ચારિત્રમાં પહેલો મુનિનો ઉપદેશ લેવો, પહેલો શ્રાવકનો નહિ. ચારિત્રમાં પહેલા દર્શન-જ્ઞાનનો દેવો એ તો મૂળ વસ્તુ છે. પણ ચારિત્રમાં પહેલો મુનિપણાનો ઉપદેશ દેવો એમ વાત છે. સમજાણું? ચારિત્રમાં દર્શન-જ્ઞાન વિના ચારિત્ર એ તો વાત નહિ. એ તો ત્રણરત્નમાં પહેલું દર્શન જ પહેલું અને જ્ઞાન. પણ ચારિત્રના વર્ણનની અંદરમાં, ઉપદેશમાં પહેલું ચારિત્રનો ઉપદેશ કરવો, એમ. વાત તો એમ જ હોય ને. પછી એટલી શક્તિ ન હોય તો શ્રાવકનો કરવો.

જંગલવાસી અંતર કાંઈ દરકાર ન મળે, શરીરની પણ દરકાર ન મળે. એવા આનંદઘનમાં ઝૂલવું. આહાહા..! માથે વરસાદના ધોધ પડતા હોય, સુવાળા રાજકુમારના શરીર હોય, ફટ..

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ફટ.. ઉપરથી પડે ને? તડાકો બોલતો હોય. ધોધ પડતો હોય. શરદી હોય. આનંદ.. આનંદ... આનંદ.. એના અંતર આનંદમાં રમતા હોય એનું નામ ચારિત્ર છે. એકલું બહારથી સહન કરે અને નગ્ન છે એ કાંઈ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? એવા ચારિત્રની ભાવના સમ્યગ્દષ્ટિએ ભાવવી અને મુનિપણું અંગીકાર કરવું. એમ જ કહે ને? સમજાણું કાંઈ? આહાહા..!

**'જ્યાં સુધી બની શકે ત્યાં સુધી પ્રત્યેક આત્મકલ્યાણાર્થીએ મુનિપદનો સ્વીકાર કરીને પોતાના આત્માનું કલ્યાણ કરવું જોઈએ. જો તે કોઈપણ રીતે સર્વદેશવ્રતનું પૂર્ણપણે પાલન ન કરી શકે તો પહેલાં અણુવ્રત પાળવાં જોઈએ..'** એમ થાય કે મારાથી એ શક્તિ (અત્યારે નથી). કર્મને કારણે નહિ, હોં! ફલાણા કાળને કારણે નહિ, મારા પુરુષાર્થની કમી છે. મારામાં એટલી સહનશક્તિ નથી. પેલા વળી કહે કે કેમ નથી લેતા? કહે, કાળ પાક્યો નથી માટે. અરે..! ભગવાન! આવા ને આવા ઘરના ઘોડા દોડાવે. ભાઈ! પુરુષાર્થની પોતાની કમીને લઈને. પુરુષાર્થ એટલો તૈયાર છે નહિ, સહનશીલતા એવી નથી માટે શ્રાવક વ્રત પાળે. એમ નહિ કે આમાં કર્મનું આટલું અમારે જોર છે, કાળ એવો નથી માટે, ભગવાનના જ્ઞાનમાં ભાળ્યું નથી હમણા મુનિપણું લેવું માટે, એમ ન હોય. એ વળી એમ કહે છે. અરે..! ભગવાન ! શું કરે છે તું?

જીવ ઉલટો પડે તો શું ન કરે? અને સુલટો પડે તો શું ન કરે? આહાહા..! સુલટો પડ્યે અંતર્મુહૂર્તે મોક્ષ લે. ઉલટો પડ્યે અંતર્મુહૂર્તે નિગોદ લે. આહાહા..! એટલો પુરુષાર્થથી ભરેલો આખો છે ને? એકલું આત્મબળ... આત્મબળ... આત્મબળ... જ્ઞાનબળ. એ બળ દરેકમાં બળ છે. જ્ઞાનબળ, દર્શનબળ, ચારિત્રબળ. એવું અનંત બેહદ બળ છે. ઊંધો પડે તો આમ વાપરે, સવળો પડે તો આમ વાપરે. સમજાણું કાંઈ? એમાં કોઈનો બીજાનો દોષ નથી કે ભાઈ! કર્મનું બહુ જોર છે, હું લઈ શકતો નથી. જોર તો તું ઉંધો પુરુષાર્થ કરે છે તો કર્મનું નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ? કર્મ તને પુરુષાર્થ કરવા દેતું નથી એમ નથી કાંઈ. એ તો બિચારા જડ છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આવે છે કે નહિ? પૂજાના પાઠમાં આવે એનો અર્થ સમજે નહિ. એ બધા આવા શેઠિયાઓએ પણ આવો ને આવો વખત ગાળ્યો, 'સેઠી'!

મુમુક્ષુ :– કેવો ગાળ્યો?

ઉત્તર :– આ સમજ્યા વિનાનો એમ ને એમ. કહો, 'બાબુભાઈ'! શું આ?

મુમુક્ષુ :– એ તો પૈસા કમાય એનું નામ શેઠિયા.

ઉત્તર :– અરે..! પૈસા કમાય એ શેઠિયા. આ તો આમ શ્રેષ્ઠપણું. ધર્મમાં અગ્રેસર થાય, મોઢા આગળ થાય, મોઢા આગળ પડે. ભાઈ! ચાલો આપણે આમ કરીએ. આમાં એક અધિકાર આવે છે. કાલે નહોતી વાત કરી? ભગવતીમાં એક સંખ અને પોકળી શ્રાવકનો અધિકાર છે. સંખપોકળી. સંખપોકળીનું સાંભળ્યું છે કે નહિ? એય..! 'ન્યાલભાઈ'! સંખપોકળી

www.vitragvani.com



શ્રાવક. ભગવતીમાં આવે છે.

પછી બધા ભેગા થઈને એવો વિચાર કર્યો કે આજે આપણે સૌએ ભેગા જમવું. જમીને રાત્રે આપણે સૌએ ધર્મધ્યાનમાં એકઠા થવું. આખી રાત ધર્મધ્યાન કરવો. આખી રાત. એમાં એ શંખ અને પોકળી શ્રાવક. એ વાત છે. આ તો વિનય કહ્યો એ ઉપરથી યાદ આવ્યું. એ શંખ પછી જ્યાં ઘરે જાય છે, ત્યારે વિચાર ફરી જાય છે કે મારે તો આજ સવારથી પોષો કરવો છે, અત્યારથી તે કાલ સુધી. આજે આહાર કરીને બધા ભેગા થવું. હું કહી આવ્યો છું, કીધું છે ખરું. પણ હવે મારો વિચાર નથી. સવારથી પ્રૌષધ કરીને. બૈરાને પૂછી એકાંતમાં બેસીને... પોકળી આવે છે. સાંજના જમવાનું કરવાનું કીધું હતું ને? બધા આપણે ભેગા જમશું, પછી આપણે ચાર પહોર રાતે ધર્મધ્યાનમાં ગાળશું. ત્યાં પેલા આવ્યા. સાહેબ! આપે કહ્યું હતું ને? મને આ ભાવ થયો હતો. પેલો પોકળી શ્રાવક પહેલા એને પગે લાગે છે. એવું હોય છે. શંખની વહુ બાય છે, એને પૂછે છે કે ક્યાં ગયા? અમને કહી ગયા હતા અહીં આવજો. એણે તો પ્રૌષધ કર્યો છે. પછી બાય પણ પોકળીને પગે લાગે છે. શ્રાવિકા શ્રાવકને. એ શ્રાવક પાછા મોટા શ્રાવક સંખ છે એને પગે લાગે છે. પ્રૌષધમાં. એવું આવે છે. મને તો આજથી ચોવીસ કલાકનો પ્રોષધ કરવાનો ભાવ થઈ ગયો. મેં કહ્યું હતું ખરું પણ મને આ ભાવ છે. અરે..! પણ પહેલેથી અમને કેમ ન કહ્યું? ભાઈ! અત્યારે મારો ભાવ આ થયો. એ વખતે મેં કહ્યું હતું. પછી નિવૃત્તિનો ભાવ થઈ ગયો. 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– સારું એમાં શું છે? ચાર જણા ભેગા થઈને આહાર કરીને રાત્રે કરવું હતું. મને સવારથી નિવૃત્તિથી આખો ચોવીસ કલાક ગાળવાનો ભાવ થયો.

મુમુક્ષુ :– ...પોષા કરનારા વધી ગયા.

ઉત્તર :– પણ એ પોહા કેવા? સમ્યગ્દર્શન સહિત આત્માના પોષણમાં (રહે) એ પોહા. એનું નામ પોષા કહેવાય ને?

ભગવાનઆત્મામાં અનંત સ્વરૂપ જ્યાં અંતરમાં શાંતમૂર્તિ, પ્રભુ! એની અંતરદૃષ્ટિ થઈ છે અને એની શાંતિમાં વધારે રહેવા માટે કરવું એનું નામ પ્રૌષધ છે. સ્વરૂપની શાંતિ ને સામાયિક એ છે કે બે ઘડી શાંતિ રહે છે કે કેમ કેટલી? એ એનો પ્રયોગ, અજમાઈશ છે. બે ઘડીની સામાયિક અંતર શાંતિની જે દૃષ્ટિ થઈ છે, એ શાંતિમાં સ્થિર કેટલો રહી શકું છું, એનો પ્રયોગ સામાયિક છે. અને આઠ દિ'એ મહિનાના જે ચાર અપવાસ કહેવામાં આવે છે એ ચોવીસ કલાકમાં મારી સ્થિરતા કેમ વારંવાર કેટલી રહે છે, એ અજમાઈશનો આઠ દિ'નો એ પોહો પ્રયોગ છે. મુનિપણું સદાય લેવા માટે જેને જેની ભાવના છે. મુનિપણું તો ક્ષણે ક્ષણે આનંદ અને ક્ષણે ક્ષણે વિકલ્પ, એવી દશાનો જેને ભાવ છે, એને આ સામાયિકનો પ્રયોગ અને પ્રૌષધનો પ્રયોગ એ ખરેખર મુનિપણાને લેવાની પ્રાપ્તિનો એ પૂર્વરૂપ છે. સમજાણું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કાંઈ? આ તો વસ્તુની સ્થિતિ એમ છે. એ કાંઈ વાતું શાસ્ત્રએ નથી કરી. આહાહા..! સમજાણું? આ તે દિ' એમ કહેતા, હોં! આ. મૂળ વસ્તુની જુદી વાત છે. પણ સામાયિક એટલે? આ નિવૃત્તિનો પ્રયોગ છે. પ્રોષધ એ આઠ દિ'એ નિવૃત્તિનો પ્રયોગ છે. સમજાણું? બાકી કહેતા આ ... જેનો આત્મા સમીપમાં દૃષ્ટિમાં વર્તે છે, એને સામાયિક અને પ્રોષધ હોય છે. સેઠી! એ એનામાં આવે છે, હોં! અનુયોગ દ્વાર. .... સમજ્યાને? એવું આવે છે. પછી ભૂલી ગયા, પહેલા બધું મોઢે હતું.

જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિમાં આત્મા સમીપમાં વર્તે તેને શાંતિ ને ચારિત્ર ને પ્રૌષધ કહેવામાં આવે છે. જેની દૃષ્ટિમાં આત્મા દૂર વર્તે છે અને રાગ સમીપમાં વર્તે છે એને સામાયિક, પોષા અને પડિક્કમણા હોતા નથી. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં આત્મા વારંવાર તરવરે, એમ. જ્ઞાયકમૂર્તિ શુદ્ધ. એ સમીપમાં વર્તે તેને સામાયિક અને પ્રોષધ અને ચારિત્ર હોય છે. પણ જેની દૃષ્ટિમાં આત્મા જ વિરહમાં પડ્યો છે, ખ્યાલ જ નથી અને સમીપણું જેને રાગ, પુણ્ય અને સંયોગનું વર્તે છે, એને ક્યાં વસ્તુ (છે)? એ તો સંસાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

## ગાથા–૨૦૧

છ આવશ્યકનું વર્ણન

इदमावश्यकषट्कं समतास्तववन्दनाप्रतिक्रमणम्।
प्रत्याख्यानं वपुषो व्युत्सर्गश्चेति कर्त्तव्यम्।।२०१।।

**અન્વયાર્થ :–** [ समतास्तववन्दनाप्रतिक्रमणम् ] સમતા, સ્તવન, વંદના, પ્રતિક્રમણ [ प्रत्याख्यानं ] પ્રત્યાખ્યાન [ च ] અને [ वपुषो व्युत्सर्गः] કાયોત્સર્ગ- [ इति ] એ રીતે [ इदम् ] આ [ आवश्यकषट्कं ] છ આવશ્યક [ कर्त्तव्यम् ] કરવાં જોઈએ.

**ટીકા :–** 'समता स्तव वन्दना प्रतिक्रमणं प्रत्याख्यानं वपुषो व्युत्सर्गः इति इदं आवश्यक षट्कम्।' - अर्थ :–

૧. સમતા – સમસ્ત જીવો પર સમતાભાવ રાખવો અથવા સામાયિક કરવી.

૨. સ્તવન – શ્રી ભગવાન અર્હંતદેવ–તીર્થંકર ભગવાનના ગુણોનું કીર્તન કરવું અર્થાત્ સ્તુતિ કરવી. એ સ્તવ વ્યવહારસ્તવ અને નિશ્ચયસ્તવ – એમ બે પ્રકારે છે.

૩. વંદના – પાંચ પરમેષ્ઠીને પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે સાષ્ટાંગ નમસ્કાર કરવા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**૪. પ્રતિક્રમણ – પોતે કરેલા દોષોનો પશ્ચાતાપ કરવો. અર્થાત્ જ્યારે પોતાનાથી કોઈ દોષ કે ભૂલ થઈ જાય ત્યારે તે પોતાના ગુરુ સમક્ષ પ્રગટ કરી તે ભૂલ માની લેવી એ જ પ્રતિક્રમણ છે.**

**૫ પ્રત્યાખ્યાન – જે રત્નત્રયમાં વિઘ્ન ઉત્પન્ન કરનાર છે તેને મન, વચન અને કાયાથી રોકવા અને તેમનો ત્યાગ કરવો તેને જ પ્રત્યાખ્યાન કહે છે. આ પ્રત્યાખ્યાન ૧. અખંડિત, ૨. સાકાર, ૩. નિરાકાર, ૪. પરિમાન, ૫. ઇતરત, ૬. વર્તનીપાત, ૭. સહેતુક ઇત્યાદિ ભેદથી ૧૦ પ્રકારનું છે.**

**૬. વ્યુત્સર્ગ – શરીરનું મમત્વ છોડીને વિશેષ પ્રકારના આસનપૂર્વક ધ્યાન કરવું એ વ્યુત્સર્ગ નામનું છઠ્ઠું આવશ્યક છે.**

**ભાવાર્થ :– આ રીતે છ આવશ્યકોનું વર્ણન કર્યું કે જે મુનિઓએ અને શ્રાવકોએ પણ પાળવું જોઈએ. મુનિ અને શ્રાવકોએ તેમનું પાલન પ્રતિદિન જરૂર કરવું જોઈએ તેથી જ તેમનું નામ આવશ્યક છે. માટે મુનિઓએ તેનું પાલન સર્વદેશ કરવું જોઈએ અને શ્રાવકોએ પોતાની યોગ્યતા અનુસાર એકદેશ કરવું જોઈએ. ૨૦૧.**

---

હવે '**છ આવશ્યકનું વર્ણન.**' જોયું! સામાયિક આદિની વાત ચાલે છે ને?

**इदमावश्यकषट्कं समतास्तववन्दनाप्रतिक्रमणम्।**
**प्रत्याख्यानं विपुषो व्युत्सर्गश्चेति कर्त्तव्यम्।।२०१।।**

'**समता स्तव वन्दना प्रतिक्रमणं प्रत्याख्यानं वपुषो व्युत्सर्गः इति इदं आवश्यक षट्कम्।**' શરીરનો ત્યાગ. હવે એની વ્યાખ્યા.

'**૧. સમતા–સમસ્ત જીવો પર સમતાભાવ રાખવો અથવા સામાયિક કરવી.**' છ આવશ્યકના અવશ્ય કરવા યોગ્ય, સમકિતીને જરૂર કરવા લાયક આ છે. સંસારના ભાવ અને વેપાર, ધંધા એ કાંઈ આવશ્યક નથી. એ આવશ્યક નથી. અનર્થનું મફતનું અંદર પાપ આવે છે. એય..! 'મહેન્દ્રભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :– દુકાન લઈને બેઠા હોય એણે શું કરવું?

ઉત્તર :– કોણ દુકાન હતી અંદર? મફતના. શું આવ્યું પેલું નહિ? 'નિયમસાર' તેનો બોલ દર વખતે મૂકીએ છીએ ને. ... અમે તો ઘણીવાર કહીએ છીએ. નિયમથી કરવા લાયક હોય તો દર્શન, જ્ઞાન અને ચારિત્ર. નિશ્ચય, હોં! આહાહા..! ... એવો શબ્દ છે. 'કુંદકુંદચાર્યનો'. જો ધર્માત્માને નિશ્ચયથી કરવા લાયક હોય તો આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ જ કરવા લાયક છે. સમજાણું કાંઈ? મૂળ વાત પડી રહી અને ઉપરના પછી એકલા પાંદડા તૂટ્યા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહીં તો એ કહે છે કે સમતા. સમતા કોને પ્રગટે ? કે સમતાવંત સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે એને એમાં ઠરતાં સમતા પ્રગટે. સમજાય છે? જેને આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ શાંત અકષાય (સ્વરૂપ છે), (જેમાં) વિકલ્પ નથી, વાણી નથી. જેમાં વાણી નથી, વિકલ્પ નથી, એવો શુદ્ધ સ્વભાવ, જે અંતરદૃષ્ટિમાં આવ્યો છે તેમાં ઠરવાનો પ્રયત્ન છે એનું નામ સમતા. પુણ્ય-પાપમાં ઠરવું એ તો અસમતા–વિષમભાવ છે. સમજાણું કાંઈ? પોતાનું ઘર જેણે જોયું છે, એ ઘરમાં ઠરવું એને સામાયિક અને સમતા કહે છે. ઘર પોતે આત્મા, એનું નિજ ઘર, નિજ સંપદા, અવિકારી વીતરાગી સંપદારૂપ આત્મા છે. સમજાણું કાંઈ ? 'પોપટભાઈ'! કેટલીક સામાયિક તો કરી હશે. છ કોટી, આઠ કોટીની. આહાહા..!

સ્વરૂપની દૃષ્ટિ થઈ અને સ્વ-રૂપમાં સમતાપણે રહેવું, એને ભગવાન સામાયિક સમતાભાવ કહે છે. એ શ્રાવકને તો આ કર્તવ્ય છે. દિન-દિન પ્રત્યે આવી સામાયિક કરવી. એમ છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૭૮ ગાથા–૨૦૧ થી ૨૦૫ બુધવાર, અષાઢ વદ ૧૨, તા. ૨-૦૮-૧૯૬૭**

---

**'પ્રતિક્રમણ–પોતે કરેલા દોષોનો પશ્ચાતાપ કરવો. અર્થાત્ જ્યારે પોતાનાથી કોઈ દોષ કે ભૂલ થઈ જાય ત્યારે તે પોતાના ગુરુ સમક્ષ પ્રગટ કરી તે ભૂલ માની લેવી...'** એ ભૂલ માની લેવી. અભૂલને રસ્તે જાવું છે ને? નિર્દોષ ગુણને રસ્તે જાવું છે, એમાં કોઈ ભૂલ થઈ ગઈ હોય તો કબુલ કરતાં એ ભૂલનો નાશ થાય છે. ભૂલ થઈ. સમજાણું કાંઈ? એ પ્રતિક્રમણ. નિશ્ચય પ્રતિક્રમણ રાગાદિથી ખસીને સ્વરૂપમાં રમવું એ નિશ્ચય પ્રતિક્રમણ છે. અને કોઈ દોષાદિનો વિકલ્પ ઊઠે છે, એનાથી પ્રાયશ્ચિત આદિ લેવું એ વ્યવહાર પ્રતિક્રમણ કહેવામાં આવે છે. એ બન્ને વસ્તુ હોય છે.

**'૫. પ્રત્યાખ્યાન – જે રત્નત્રયમાં વિઘ્ન ઉત્પન્ન કરનાર છે તેને મન, વચન અને કાયાથી રોકવા...'** લ્યો. એનું નામ પ્રત્યાખ્યાન. એ શુભાશુભ પરિણામને ઉત્પન્ન થવા ન દેવા. ભવિષ્યમાં શુભાશુભભાવ ન થાય તેમ અંદરમાં એકાકાર થવું એને પ્રત્યાખ્યાન કહે છે. નિશ્ચય પ્રત્યાખ્યાન ભવિષ્યમાં શુભાશુભ પરિણામ જ થવા ન દેવા, એવી અંતરની વર્તમાન સ્થિરતા કરવી, એનું નામ પચ્ચખાણ અને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ બહારની રૂઢીગતની વાત નથી. આ તો નિશ્ચયથી વસ્તુ સાચી આ છે.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો એ ભંડાર છે. પ્રગટમાં જ્ઞાનનો અંશ છે પણ એ જ્ઞાનના અંશ દ્વારા અંતરમાં એકાકાર થતાં આનંદ આદિનું જે વેદન થાય,... સમજાય છે કાંઈ? એને ખરેખર પ્રત્યાખ્યાન અથવા રાગનો ત્યાગ કહેવામાં આવે છે. વ્યવહારે પ્રત્યાખ્યાન શુભ વિકલ્પ હોય છે એને કહે છે. સમજાણું કાંઈ?

www.vitragvani.com



એ પ્રત્યાખ્યાનના ભેદ લીધા છે. **'અખંડિત,...'** પ્રત્યાખ્યાન અને **'સાકાર,...'** છૂટવું. **'નિરાકાર,...'** એવું વગેરે વગેરે છે કાંઈક. **'પરિમાન,...'** કરવું થોડું. **'ઇતરત, વર્તનીપાત, સહેતુક ઇત્યાદિ ભેદથી ૧૦ પ્રકારનું છે.'**

**'૬. વ્યુત્સર્ગ– શરીરનું મમત્વ છોડીને...'** વ્યુત્સર્ગ. વિશેષે ઉત્સર્ગ. **'વિશેષ પ્રકારના આસનપૂર્વક ધ્યાન કરવું...'** આત્મામાં આનંદસ્વરૂપ ભગવાનઆત્મા શુદ્ધ પરમેશ્વર પોતે છે એની ઉપર દૃષ્ટિ લગાવીને સ્થિર થઈ જવું, એને રાગ અને શરીરને છોડ્યું એમ કહેવામાં આવે છે. એને કાયોત્સર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :– 'આ રીતે છ આવશ્યકોનું વર્ણન કર્યું કે જે મુનિઓએ અને શ્રાવકોએ પણ પાળવું જોઈએ.'** બન્નેએ. આગળ ૨૦૯ ગાથામાં કહેશે. જેટલો આ અધિકાર કહીએ છીએ તે વિકળ–થોડાપણે શ્રાવકને હોય અને પૂર્ણપણે મુનિને હોય. ૨૦૯ ગાથામાં પોતે પાઠ કહેશે. સમજાણું કાંઈ? **'મુનિ અને શ્રાવકોએ તેમનું પાલન પ્રતિદિન જરૂર કરવું જોઈએ...'** લ્યો. આમાં તો દરરોજનું આવ્યું. એ સામાયિકનો પ્રયોગ હંમેશ કરવો. સમજાણું કાંઈ? આ છએ આવશ્યકનો. છ આવશ્યક : સામાયિક, ચોવિસંતો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન. છએનો દિન દિન પ્રત્યે પ્રયોગ, અજમાઈશ અંતર ધ્યાન કરવું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– દરરોજ સામાયિક થતી હતી. કહો, 'ભગવાનભાઈ'! કહે છે, છ આવશ્યક દરરોજ થતા હતાં. આ વળી બીજી જાતના નીકળ્યા એમ કહે છે. એ બધી વિકલ્પની વાતું એ વસ્તુ નથી. આ તો આત્મા તદ્દન રાગ વિનાનો નિષ્ક્રિય સ્વરૂપ ભગવાનઆત્મા સમરસની મૂર્તિ, સમરસની મૂર્તિ પ્રભુ આત્મા છે. આ છોડ્યું કે આ મૂક્યું, આ લઉં એવો વિકલ્પનો જ્યાં અવકાશ નથી એવી એ ચીજ છે. એ ચીજમાં અંતરમાં એકાકાર થઈ અને આ છ આવશ્યક કરવા એમ કહેવામાં આવે છે. પછી ઠરી શકે નહિ તો વિકલ્પ આદિ હોય છે એ વ્યવહાર હોય છે. હોય છે વ્યવહાર. પેલા લોકો ઘણા વ્યવહારની વાત કરતા હોય, પણ હોય છે હવે એમાં શું સાંભળને હવે. કરવાનું તો આ છે. **'नियमेण कज्जम'** આ આવશ્યક નિયમથી તો અંતરમાં એકાકાર થવું એ નિશ્ચયરત્નત્રય તે આવશ્યક છે. સમજાણું કાંઈ? જેમાંથી શુદ્ધિ વધે, પવિત્રતા વધે અને પૂર્ણની સન્મુખ, પૂર્ણ પર્યાય પ્રગટ થવાની સન્મુખ થાય, એનું નામ છ આવશ્યકની ક્રિયા ખરેખર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– છિછરું પણ આ ઊંડું ક્યાં એ જ છે. ઊંડી કે સાચી એ જ છે. છિછરું એટલે? દરિયાના પાણીના છિછરા ખારામાં જાવું? પાણી જ્યાં ઠંડુ હોય ત્યાં એનું છિછરું લેવું કે નહિ? તો ત્યાં છિછરામાં પાણી હશે કે નહિ? ઠંડું પાણી મીઠું હશે કે નહિ? કે ખારું હશે? એમ છિછરામાં પણ પહેલી શરૂઆતમાં પણ એની દર્શનશુદ્ધિ આદિની સ્થિરતા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તો શરૂઆતમાં હોય જ. એ તો વાત કરે છે. સમજાણું કાંઈ?

**'તેથી જ તેમનું નામ આવશ્યક છે. માટે મુનિઓએ તેનું પાલન સર્વદેશ કરવું જોઈએ...'** મુનિ, વીતરાગી સંતો જંગલમાં વસનારા, આનંદ સ્વરૂપમાં (વસનારા), વનવાસી, વનના વાઘ, વીતરાગરૂપ. રાગ ઉપર તો ત્રાડ પાડીને અંદર વીતરાગતા પ્રગટ કરનારા. આહાહા..! જેના અસંખ્ય પ્રદેશે ઉપશમરસના ઝરણા ઝરી ગયા. આમ ઝરતા હોય. આહાહા..! સમજાય છે કાંઈ? ડુંગરમાંથી જેમ પાણી ઝરે, એમ ભગવાનઆત્મા શાંતિનું ઝરણું છે. આત્મા તો અકષાય વીતરાગ સ્વભાવનું જ એ ઝરણું છે. એવો ભગવાનઆત્મા એમાં અંદર ઠરવું. શ્રાવકોએ એકદેશે, મુનિઓએ સર્વદેશે (પાલન કરવું). કહો, સમજાણું કાંઈ? પણ ભાઈ! આત્માના ઘરની જેને ગરજ પડી હોય આ તો એની વાત છે.

## ગાથા–૨૦૨

ત્રણ ગુપ્તિઓનું વર્ણન

**सम्यग्दण्डो वपुषः सम्यग्दण्डस्तथा च वचनस्य।**
**मनसः सम्यग्दण्डो गुप्तीनां त्रितयमवगम्यम्।।२०२।।**

**અન્વયાર્થ :– [ वपुषः ] શરીરને [ सम्यग्दण्डः ] સારી રીતે શાસ્ત્રોક્ત વિધિથી વશ કરવું, [ तथा ] તથા [ वचनस्य ] વચનનું [ सम्यग्दण्डः ] સારી રીતે અવરોધન કરવું [ च ] અને [ मनसः ] મનનો [ सम्यग्दण्डः ] સમ્યક્પણે નિરોધ કરવો – આ રીતે [ गुप्तीनां त्रितयम् ] ત્રણ ગુપ્તિઓને [ अवगम्यम् ] જાણવી જોઈએ.**

**ટીકા :– 'वपुषः सम्यग्दण्डः तथा वचनस्य सम्यग्दण्डः च मनसः सम्यग्दण्डः इति गुप्तीनां त्रितयं समनुगम्यम्।' - અર્થ :– શરીરને વશ કરવું, વચનને વશ કરવાં અને મનને વશ કરવું – આ ત્રણે ગુપ્તિ જાણવી જોઈએ.**

**ભાવાર્થ :– ગુપ્તિ નામ ગોપવવાનું અથવા છુપાવવાનું છે. જેમ કે મનની ક્રિયા રોકવી એટલે મનની ચંચળતા રોકી એકાગ્રતા કરી લેવી તે મનગુપ્તિ છે તથા વચનને ન બોલવા તે વચનગુપ્તિ છે અને શરીરની ક્રિયા રોકવી અર્થાત્ સ્થિર થઈ જવું તે કાયગુપ્તિ છે. આ ત્રણે ગુપ્તિઓમાંથી મનોગુપ્તિનું પાલન જ ઘણું કઠિન છે. જે મુનિને મનગુપ્તિ હોય છે તેમને અવધિજ્ઞાન અવશ્ય નિયમથી હોય છે. જ્યારે ત્રણે ગુપ્તિ થઈ જાય છે ત્યારે આત્મધ્યાન હોય છે. ૨૦૨.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'ત્રણ ગુપ્તિઓનું વર્ણન...'

**सम्यग्दण्डो वपुषः सम्यग्दण्डस्तथा च वचनस्य।**
**मनसः सम्यग्दण्डो गुप्तीनां त्रितयमवगम्यम्।।२०२।।**

**ટીકા :– 'શરીરને વશ કરવું,...'** લ્યો. આવ્યું કે નહિ? જુઓ! '**वपुषः**' છે અહીં. છે ને? પણ એનો અર્થ? શરીરને વશ કરવાનો અર્થ કે એ પ્રત્યેનો વિકલ્પ કરવો નહિ, રાગ ન કરવો. એમ આ નિમિત્તથી કથન છે. સમજાણું? ત્યાં સામાવાળા વળી ઇ કહે, જુઓ ! શરીરથી આ થાય એવું લખ્યું છે. સમજાય છે? એવું લખ્યું છે. પહેલો ભાગ છે ને? ક્યો છે? શરીરથી બધું થાય, જુઓ! સમજાણું? એવું છે. જુઓ! **'જીવિત શરીર ઇષ્ટ સ્થાન પર જાતા હૈ, મૃતક શરીર ઇષ્ટ સ્થાન પર નહિ જાતા.'**

મુમુક્ષુ :– શરીરને વળી ઇષ્ટ સ્થાન કેવું?

ઉત્તર :– અરે..! શું કહે છે આમાં કાંઈ?

મુમુક્ષુ :– શરીરને વળી ઇષ્ટ શું અને અનિષ્ટ શું?

ઉત્તર :– ભગવાન પાસે જવું હોય એ શરીર જાય. આત્મા જઈ શકે? કહો, ભગવાન પાસે જાવું હોય, સમવસરણમાં સાંભળવું હોય. તમે પંડિત છો? લખ્યું-વાંચ્યું છે તમે? જુઓ! 'સેઠી'! આમ કહે છે, ભાઈ! **'જીવીત શરીર ઇષ્ટ સ્થાન પર જાતા હૈ, મૃતક શરીર ઇષ્ટ સ્થાન પર નહિ જાતા.'** ભાષા જુઓ! અરે..રે..! ભગવાન! શું કરે છે આ? **'દાંતો સે કાટના...'** જુઓ! આ ક્રિયા. સચેત શરીર આમ કરી શકે છે, કહે છે. શરીર સચેત આમ કરે છે. એય..! 'દેવાનુપ્રિયા'! તમે વાંચ્યું નહિ હોય, રાખી મૂક્યું હશે. **'મારના, પીટના, તલવાર, બંધુક, લાઠી ચલાકર દૂસરોં કા ઘાત કરના, પૂજા પ્રક્ષાલન કરના.'** એ શરીર કરે. જીવતું શરીર કરે. ભારે વાત! તમને કાલે સંભાર્યા હતા. તમે નહોતા. એય..! 'રાજમલજી'! કીધું અમારા 'રાજમલજી' એમ કહે કે આવા જીવિત શરીરથી ધર્મ થાય. આવા પ્રશ્નો! હવે એ પ્રશ્ન છે જુઓ, ભાઈ! આ લખાણ છે જુઓ! ગોષ્ઠીમાં. પહેલો પ્રશ્ન આવ્યો હતો ને? જીવીત શરીર ધર્મ કરે. 'રાજમલજી' કહે અર..ર..! આવા પ્રશ્ન? જૈનધર્મમાં આવા (પ્રશ્ન)? લજાવે છે. જુઓ? આ શબ્દ આવ્યો. તમારી સામે જોયું. હમણા વંચાઈ ગયું એટલે યાદ છે, હોં! સમજ્યાને?

**'ઘાત કરના, પૂજા પ્રક્ષાલન કરના, સત્પાત્રો કો દાન દેના, લીખના, કેશ લોચ કરના, દેખના, સુનના, સુંઘના, બોલના, પ્રશ્ન-ઉત્તર કરના, શરાબ પીના, માંસ ખાના આદિ ક્રિયા અજીવ તત્ત્વ કી હૈ, તો ઇન ક્રિયાઓ દ્વારા આત્મા કો સન્માન, અપમાન, દંડ, જેલ આદિ ક્યોં ભોગના પડતા હૈ?'** જો અજીવતત્ત્વ કહીએ તો. એમ કહે છે. એ સજીવતત્ત્વ (છે એમ એને કહેવું છે). એય..! આવો પ્રશ્ન છે. શંકા બીજી છે, લ્યો. સમજાણું? **'વળી અણુવ્રત,**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**મહાવ્રત, બહિરંગ, તપ, સમિતિ આદિ જીવિત શરીર સે હોતે હૈં. ભગવાન ઋષભદેવને એક હજાર વર્ષ તપસ્યા શરીર દ્વારા કી થી. અરિહંત ભગવાન કા વિહાર દિવ્યધ્વનિ શરીર દ્વારા હોતા થા.**' શાસ્ત્રમાં પણ કાયવંત, મન, કર્મયોગ કીધો છે. અજીવને અધિકરણનો આસ્રવ કીધો છે. લ્યો. આમાં શાસ્ત્ર બધા ભર્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

અરે...! ભાઈ! આત્મા એમાં જેટલો રાગરહિત થઈને સ્થિર થાય છે એ બધી ક્રિયા આત્માની છે. શરીરની ક્રિયા એ તો એમાં નિમિત્ત છે. એ તો જડની પર્યાય છે. જડની પર્યાયને લઈને નુકસાન છે અને જડની પર્યાયને લઈને લાભ છે કે જડની પર્યાયને લઈને શુભભાવ છે કે અશુભ છે કે શુદ્ધ છે, એમ છે નહિ. જીવિત શરીર હોય તો જઈ શકે. 'અમરચંદભાઈ'!

મુમુક્ષુ :– કાંઈ મડદા સમવસરણમાં જાય છે કોઈ દિ'?

ઉત્તર :– કાંઈ મડદા સમવસરણમાં જાય? ભગવાન પાસે ચાલતા જાય. જુઓ! અરે...! ભગવાન! સાંભળને ભાઈ! આ તું શું કરે છે? સચેતજીવ કીધો ને ? સચેત શરીર. સચેત શરીર. એ તો જીવના નિમિત્તથી બોલાવવામાં આવ્યું. સચેત શરીર હોય? શરીર તો અચેત જ છે. ઓહો..હો..! ભારે!

'ટોડરમલજી' કહે છે ને, અજીવનો અંશ પણ જીવમાં ન મેળવવો. જીવનો અંશ પણ અજીવમાં ન મેળવવો. જીવ-અજીવની ભૂલ કીધી છે ને ત્યાં. આહાહા..! શું થાય ? આ જડની પર્યાય આવે, જાય આ શરીર તો માટી છે. વાણી જડ છે. આત્મા તો અંદર જ્ઞાનમૂર્તિ ભિન્ન છે. એ રાગ-દ્વેષ કરે અને કાં વીતરાગતા કરે, બીજું કરે શું ઇ? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– આવે-જાય એ દેખાય છે ને, રાગ-દ્વેષ ક્યાં દેખાય છે?

ઉત્તર :– કોણ આવે જાય? શું દેખાય છે આવે જાય? શરીરની પર્યાય થાય એમાં આત્મા ભિન્ન છે એ પણ અંદર ભેગો નથી? એની ક્રિયા ભિન્ન છે, આની ક્રિયા ભિન્ન છે. બે તત્ત્વ છે તો બન્નેની સમય-સમયની ક્રિયા ભિન્ન છે. આહાહા..! જ્યારે 'અનુભવ પ્રકાશ'માં એમ લીધું કે આ ફલાણું ફલાણું એ બધું પુદ્ગલની ક્રિયા, ત્યારે આ કહે છે જીવની ક્રિયા. સામે સામે પડ્યા છે. 'અનુભવ પ્રકાશ'માં આવે છે ને? નહોતું કહ્યું? છે ને 'અનુભવપ્રકાશ'? ક્યાં ગયું ભાઈ? લાવોને જરી. આની સામે આ બોલ અને એની સામે એ બોલ. અરે..! ભગવાન! ગૃહસ્થ છે, 'દિપચંદજી' સાધર્મી. સમજાણું ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– એ ગૃહસ્થ છે પણ આ પંડિત છે. કેટલામે પાને? ૬૫ છે ને? ૬૫ છે. લખ્યું નથી. પાનું ૬૫ છે. જુઓ! '**દસ પ્રકારનો પરિગ્રહ–ક્ષેત્ર, બાગ, નગર, કૂપ, વાપી, તડાગ (તળાવ), નદિ આદિ બધુંય પુદ્ગલ, માતા, પિતા, કલત્ર, પુત્ર, પુત્રી, વધૂ, બંધુ, સ્વજન આદિ બધાય (કુટુંબીજનો), સર્પ, સિંહ, વ્યાઘ્ર, ગજ, મહિષ આદિ બધાય દુષ્ટો, અક્ષર, અનક્ષર**

www.vitragvani.com



**શબ્દાદિ ગાવું, બજાવવું, સ્નાન, ભોગ, સંયોગ-વિયોગની બધી ક્રિયા, પરિગ્રહનો મેલાપ તે મોટો, પરિગ્રહનો નાશ તે દરિદ્ર વગેરે બધી ક્રિયા, ચાલવું, બેસવું, હલવું, બોલવું, કંપવૂં, વગેરે બધી ક્રિયા, લડવું, બાથ ભીડવી, ચઢવું ઊતરવું, ગૂતવું, નાચવું, ખેલવું, ગાવું, બજાવવું વગેરે બધી ક્રિયા–એ સર્વ પુદ્‌ગલોનો ખેલ જાણ.'**

મુમુક્ષુ :– અહીં એમ કીધું શરીરનો ખેલ છે.

ઉત્તર :– પણ એ સચેત શરીર કરે છે એમ કહે છે એ. એ સચેત શરીર હોય તો કરે, અચેત શરીર કરે? એમ કહે છે ઇ. આવ્યું ને પહેલું? ઇષ્ટ સ્થાન ઉપર એ જઈ શકે, અનિષ્ટ સ્થાન ઉપર એ જઈ શકે. મડદું જઈ શકે? ભારે વાત, ભાઈ ! કહો, સમજાણું? સર્વ પુદ્‌ગલ નાટક (છે), જોયું?

**'નર, નારક, તિર્યંચ, દેવ, તેમના વૈભવ, ભોગકરણ, વિષયરૂપ ઇન્દ્રિયોની ક્રિયા આદિ સર્વ પુદ્‌ગલનું નાટક છે. દ્રવ્યકર્મ, નોકર્મ આદિ સર્વ પુદ્‌ગલનો અખાડો છે. તેમાં તું ચિદાનંદ રંજિત થઈ પોતાના જાણે છે.'** તારું ગજબ થયું, ભાઈ! એ તો જડની પુદ્‌ગલની ક્રિયા (છે), એમાં મારી થાય છે અને હું છું, ભૂલ્યો તું.

મુમુક્ષુ :– આનાથી ધર્મ થાય છે.

ઉત્તર :– એનાથી ધર્મ એ પછી પાછળ વળી કીધું છે કે એ નિમિત્ત હું કહું છું. નિમિત્ત એને છે કે નહિ? ભાઈ! નિમિત્ત છે એનો શું અર્થ? પણ તેં તો પૂછ્યું હતું કે એનાથી ધર્મ થાય કે નહિ? આહાહા..! ક્યાં શરીર? આ તો જડ છે. એની પર્યાય થાય એ બધી જડની પર્યાય છે. હાલવું, ચાલવું, બોલવું આદિ જડની પર્યાય છે. આ આત્મા કરે છે? આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. આહા..! જીવીત શરીરથી ઇષ્ટ સ્થાનમાં જવાય, અનિષ્ટ સ્થાનમાં જવાય. મડદું જાય? ભારે ભાઈ તર્કો! એય..! 'રાજમલજી'! આહાહા..!

અહીં તો આપણે આવ્યું ને? **'શરીરને વશ કરવું,...'** એનો અર્થ એ કે શરીરને અંદરમાં, શરીરને અજયત્ના ભાવે ન થવા દેવો. સમજાય છે ને? **'વચનને વશ કરવાં...'** એટલે વચનમાં પણ રાગનું થવું થવા દેવું નહિ. **'અને મનને વશ કરવું–'** મનમાં સંકલ્પ-વિકલ્પ થવા દેવા નહિ. એમ એણે વશ કર્યું એમ કહેવામાં આવે છે. **'આ ત્રણે ગુપ્તિ જાણવી જોઈએ.'**

**'ગુપ્તિ નામ ગોપવવાનું અથવા છુપાવવાનું છે. જેમ કે મનની ક્રિયા રોકવી એટલે મનની ચંચળતા રોકી એકાગ્ર કરી લેવી...'** જુઓ! **'એ મનગુપ્તિ છે.'** મનના સંકલ્પ-વિકલ્પને રોકીને આત્મામાં એકાગ્ર કરવું એનું નામ નિશ્ચય ગુપ્તિ. વ્યવહાર ગુપ્તિ–અશુભથી છૂટીને શુભમાં આવે એ વ્યવહારગુપ્તિ કહેવાય. **'શરીરની ક્રિયા રોકવી અર્થાત્ સ્થિર થઈ જવું તે કાયગુપ્તિ છે.'** સ્થિર થઈ જવાનો અર્થ? શરીર સ્થિર થાય ત્યારે પેલો રાગ હતો ને એના પ્રત્યેનો અસ્થિર કરવાનો, એ રાગ નથી, એથી શરીર સ્થિર થયું, એમાં રાગ ઘટાડ્યો છે એ વાત લેવાની છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– આમાં તો સીધું લખેલું છે.

ઉત્તર :– એ સીધું લખાણ પણ એનો અર્થ સમજવો જોઈએ ને? ઘીના ઘડા તો લખ્યા હોય. કહો, સમજાણું કાંઈ? ઘીના ઘડા થતા હશે ક્યાંય? ઘડા તો માટીના હોય.

**'એ ત્રણે ગુપ્તિમાંથી મનોગુપ્તિનું પાલન જ ઘણું કઠિન છે.'** જોયું! વાત તો રાગને ઘટાડીને સ્વરૂપમાં સ્થિર થવું એ જ ખરી ગુપ્તિ છે. પેલી તો નિમિત્તની વાત છે. **'જે મુનિને ગુપ્તિ હોય છે તેમને અવધિજ્ઞાન અવશ્ય નિયમથી હોય છે.'** ખરી મનોગુપ્તિ હોય. કોરી મનની ગુપ્તિ હોય એને અવધિજ્ઞાન થાય છે એવું નથી. સમજાણું કાંઈ? **'જ્યારે ત્રણે ગુપ્તિ થઈ જાય છે ત્યારે આત્મધ્યાન હોય છે.'** મન-વચન અને કાયા, ત્રણે તરફનું લક્ષ છૂટી, ભગવાનઆત્મા પોતાના આનંદ સ્વભાવમાં ઠરે, ત્યારે તેને ત્રણ ગુપ્તિ હોય છે. મૂળ ભગવાનઆત્મા પડ્યો રહ્યો. વર પડ્યો રહ્યો અને જાન જોડી દીધી. સમજાય છે? ભાષા આવડે છે? દુલ્હા. દુલ્હો પડ્યો રહ્યો. જાન જોડી. બસ્સો માણસ, ત્રણસો માણસ સાથે. પણ સાથે વર છે કે નહિ? એ ભૂલી ગયા. જાવ પાછા. ગાડા અને બસને સરખી શણગારી. માણસ બેઠા, એલા.. વર રહી ગયો પણ. હવે શું કરવું? અહીં પહોંચી ગયા ને.

એમ આત્મા જ્યાં ન મળે, એમાં આ બધી ક્રિયાકાંડના રાગ અને શરીરના માન એ તો બધી ખોટી જાન છે. ભગવાનઆત્મા ચિદાનંદ સ્વરૂપ, અનાકુળ શાંતરસનો કંદ, એને દૃષ્ટિમાં લઈને સ્થિર થવું, એનું નામ અહીં ગુપ્તિ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

## ગાથા–૨૦૩

### પાંચ સમિતિ

**सम्यग्गमनागमनं सम्यग्भाषा तथैषणा सम्यक्।**
**सम्यग्ग्रहनिक्षेपौ व्युत्सर्गः सम्यगिति समितिः।।२०३।।**

**અન્વયાર્થ :– [ सम्यग्गमनागमनं ] સાવધાનીથી સારી રીતે ગમન અને આગમન, [ सम्यग्भाषा ] ઉત્તમ હિતમિતરૂપ વચન, [ सम्यक् एषणा ] યોગ્ય આહારનું ગ્રહણ, [ सम्यग्ग्रहनिक्षेपौ ] પદાર્થનું યત્નપૂર્વક ગ્રહણ અને યત્નપૂર્વક ક્ષેપણ કરવું [ तथा ] અને [ सम्यग्व्युत्सर्गः ] પ્રાસુક ભૂમિ જોઈને મળ-મૂત્રાદિનો ત્યાગ કરવો - [ इति ] એ રીતે આ પાંચ [ समितिः ] સમિતિ છે.**

**ટીકા :– 'सम्यग्गमनागमनं सम्यग्भाषा तथा सम्यक् एषणा च सम्यग्ग्रहनिक्षेपः सम्यक् व्युत्सर्गः इति (पंच) समितिः।' - અર્થ :– ૧- ઈર્યાસમિતિ–બે ઘડી સૂર્ય ઊગ્યા પછી રસ્તો**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**પ્રાસુક થઈ ગયા પછી યત્નાચારપૂર્વક ચાર હાથ પ્રમાણ જમીન જોઈ સંભાળીને આવવું-જવું.**

**૨- ભાષાસમિતિ – હિતકારી અને થોડાં એવાં વચન બોલવાં કે જે સાંભળતાં કોઈ પણ પ્રાણીને દુઃખ ન થાય.**

**૩– એષણાસમિતિ – છેંતાળીસ દોષ, બત્રીસ અંતરાય ટાળીને ઉત્તમ કુલીન શ્રાવકને ઘેર આચારસહિત વિધિપૂર્વક શુદ્ધ પ્રાસુક આહાર એકવાર લેવો.**

**૪– આદાનનિક્ષેપણસમિતિ – યત્નાચારપૂર્વક જોઈ સંભાળીને પુસ્તક, પીંછી, કમંડળ વગેરે લેવું–મૂકવું.**

**૫. પ્રતિષ્ઠાપના સમિતિ – જોઈ સંભાળીને નિર્જીવ સ્થાનમાં કફ, મળ, મૂત્ર વગેરેનો ત્યાગ કરવો, લીલોતરી ઉપર અથવા ભીની જમીન પર મળત્યાગ ન કરવો. – આ રીતે સમિતિનું વર્ણન કર્યું. આ પાંચે સમિતિ ગુપ્તિના પાલનમાં સહાયક થાય છે અને જેવી રીતે સમિતિનું કથન કર્યું છે તે પ્રકારે પાલન તો મુનિમહારાજ જ કરે છે, તોપણ જેટલું બની શકે તેટલું શ્રાવકે પણ પાલન કરવું જોઈએ. જેમ કે શ્રાવકે જોઈ સંભાળીને ચાલવું જોઈએ, ઓછું અને હિતકારી વચન બોલવું જોઈએ, શુદ્ધ પ્રાસુક આહાર લેવો, બધી વસ્તુઓ જોઈ સંભાળીને લેવી-મૂકવી અને જોઈ સંભાળીને જીવરહિત સ્થાનમાં મળ-મૂત્ર વગેરેનું ક્ષેપણ કરવું. એ રીતે યથાશક્તિ શ્રાવકોએ પાલન કરવું જોઈએ. ૨૦૩.**

---

**'પાંચ સમિતિ.'**

**सम्यग्गमनागमनं सम्यग्भाषा तथैषणा सम्यक्।**
**सम्यग्ग्रहनिक्षेपौ व्युत्सर्गः सम्यगिति समितिः।।२०३।।**

ટીકા :– **'ઈર્યાસમિતિ–બે ઘડી સૂર્ય ઊગ્યા પછી રસ્તો પ્રાસુક ગયા પછી યત્નાચારપૂર્વક ચાર હાથ પ્રમાણ જમીન જોઈ સંભાળીને આવવું-જવું.'** લ્યો. ઇર્યાસમિતિ જોઈને. સૂર્ય ઊગ્યા પછી રસ્તો પ્રાસુક થઈ ગયા પછી, અચેત થઈ ગયા હોય અને માણસો ચાલે ને? **'યત્નાચારપૂર્વક ચાર હાથ પ્રમાણ જમીન જોઈ...'** એ આમ જોવું એ બહારનો વિકલ્પ છે. પણ અંદરમાં એકાકાર ઇર્યા, પોતાના સ્વરૂપમાં એકાકાર એ ખરો ઇર્યા છે. કારણ કે 'તત્ત્વાર્થસૂત્ર'માં પાંચ સમિતિને સંવરમાં નાખી છે ને? સંવર એટલે આમ જોઈને ચાલવું એ વિકલ્પ છે એ સંવર નથી. એની પાછળ સ્વભાવમાં સ્થિરતાની વીતરાગતા જેટલે અંશે છે એ સંવર છે. અને આ જોઈને આમ કરવું, એ વિકલ્પ છે એ તો પુણ્ય છે. કહો, સમજાણું? એટલે એ બધું એમાં નાખ્યું છે. જુઓ! આમાં આ આવે છે. જુઓ! આમાં સંવરના બે ભેદ આવે છે. જુઓ! દ્રવ્યસંગ્રહમાં વ્રતના ભેદ આવે છે. આવે છે ને? ભાવસંવરના ભેદ.

www.vitragvani.com



કથા, વ્રત, સમિતિ બધી આવે છે. છે ને એ તો કે' દિવસનો પ્રશ્ન (છે), (સંવત) ૧૯૯૨ની સાલનો. 'સોમચંદભાઈ'એ પહેલો કરેલો. 'સોમચંદ અમથાલાલ' ૧૯૯૨ની સાલમાં પહેલા આવ્યા હતા ને. 'રાજપાલજી' માંદા હતા ત્યારે. એ મકાનમાં. કે આ ગાથા? આમાં તો બધા સંવરના ભેદ લીધા છે. ૧૯૯૨ની સાલની વાત છે. ૩૧ વર્ષ થયા.

ખરેખર તો સ્વરૂપની સ્થિરતા છે, એ જ બધું વ્રત છે. પણ એના આવા વિકલ્પોનો ભેદ હોય છે એને ભેદથી વર્ણન કર્યું છે. શું થાય? વસ્તુ જ કોઈ એવી છે કે વચનથી વ્યવહાર કરીને વાત કરે ત્યાં ભેદ પડી જાય. ભેદથી વાત કરી લેવી. સમજાવવું અભેદ. વજન દેવું છે અભેદ ચિદાનંદ સ્વરૂપ આનંદ (ઉપર), બાકી ભેદથી તો વાત થાય. સમજાવવાનો બીજો ઉપાય શું હોય?

**'૨– ભાષાસમિતિ – હિતકારી અને થોડાં એવા વચન બોલવાં કે જે સાંભળતાં કોઈ પણ પ્રાણીને દુઃખ ન થાય.'** ભાષા તો અહીં શું કરવી? કે બોલવા. કાંઈ આત્મા બોલી શકે? બોલવામાં રાગની તીવ્રતા થવા ન દેવી. એ મંદરાગની ભાષાસમિતિ. અને બિલકુલ અંદરમાં જ્ઞાતાદષ્ટામાં રહેવું એનું નામ નિશ્ચય ભાષાસમિતિ. 'અમરચંદભાઈ'! બધું એવું છે. આ તો એક-એક વાત. જગતની સાથે આ બહારના વ્યવહારના કથનો તો એવા આવે. ભાષા શું છે? જુઓ લ્યો! બોલવાં **'હિતકારી અને થોડાં એવા વચન બોલવાં...'** એનો અર્થ કે હિતકારી ભાવ–ત્યાં રાગરહિત ભાવ રાખવો. બોલવાનું થાય તે તો વાણીની ક્રિયા છે. કહે ના. બીજો વળી એમ કહે કે વાણી છદ્મસ્થની ઇચ્છા સહિત જ નીકળે. ઇચ્છા ન હોય તો ન નીકળે. અરે..! ભગવાન! ભારે પણ ભાઈ! ઇચ્છા સહિત નીકળે એનો અર્થ કે એની ઇચ્છા હોય છે અને વાણી વાણીને કારણે નીકળે છે. ઇચ્છા થઈ માટે વાણી નીકળે છે? ઇચ્છા થઈ માટે વાણી નીકળે છે? બહુ વાત આકરી. એકલો ભગવાન રાગથી સમેટીને અંદરમાં સમાય એક વાત છે. એને પછી આ બધી વાતું વ્યવહારથી કરવામાં આવે છે. અનેક પ્રકારથી વ્યવહારનું વર્ણન હોયને બધું.

**'૩– એષણાસમિતિ - છેંતાળીસ દોષ, બત્રીસ અંતરાય ટાળીને ઉત્તમ કુલીન શ્રાવકને ઘેર આચારસહિત વિધિપૂર્વક શુદ્ધ પ્રાસુક આહાર એકવાર લેવો.'** લ્યો, ઠીક. મુનિએ. મુનિ એને કહીએ કે છેંતાળીસ દોષ રહિત, બત્રીસ અંતરાય રહિત. ક્રોધ, માન, માયા, લોભથી આહાર ન લેવો વગેરે. **'ઉત્તમ કુલીન શ્રાવકને ઘેર...'** તે પણ **'આચારસહિત વિધિપૂર્વક શુદ્ધ પ્રાસુક...'** કેટલા શબ્દો વાપર્યા છે. **'આહાર એકવાર લેવો.'** એકવાર મુનિએ આહાર લેવો. શ્રાવકનું કહેશે, હોં! શ્રાવકે પણ થોડુંક એમાં બધાને માટે કરવું. કહો, આહાર એકવાર લેવો એમ કહ્યું. આહાર લઈ શકાય? એ તો પણ નિમિત્તના કથનો ચરણાનુયોગના આવે એ શી રીતે કથન આવે? એને એકવાર આહાર હોય એવું જણાવવા આ કથન કર્યા છે. એ પણ નિર્દોષ આહાર. એને માટે કરેલો ન હોય. રાંધીને, ચૌકા કરીને, પાણી ઉના કરીને

આપે, એ બધું ઉદ્દેશિક આહાર (છે), એ મુનિને ખપે નહિ. સમજાણું કાંઈ?

**'૪–આદાનનિક્ષેપણસમિતિ – યત્નાચારપૂર્વક જોઈ સંભાળીને પુસ્તક, પીંછી, કમંડળ વગેરે લેવું-મૂકવું.'** લ્યો ઠીક. **'પુસ્તક, પીંછી, કમંડળ વગેરે લેવું-મૂકવું.'** એ આદાનસમિતિ. એ સમિતિ સંવર. આહાહા..! એ અમારે 'મૂળચંદજી' કહેતા, જુઓ ભાઈ! દસ બોલ આવે છે ઠાણાંગના. એક સૂચિ પુસ્તક જરી મેલ પણ જતનાથી મૂકે તો સંવર થાય, અજતનાથી મૂકે તો આસ્રવ થાય. પણ હવે ત્યારે પછી એમાં પુણ્ય ક્યાં રહ્યું? આ જતનાનો અંદર ભાવ હોય છે એ તો શુભવિકલ્પ છે, રાગ છે. એ સંવર નથી. આત્માની જે જતના રાગથી ભિન્ન પાડીને કરવી, એ આત્માના શુદ્ધ સ્વભાવને રાગથી રક્ષા કરવી. રાગ વિનાની એની રક્ષા કરવી. એનું નામ... સમજાણું કાંઈ? આદાનનિક્ષેપણસમિતિ. ખરેખર તો એ સમિતિ છે. સ્વરૂપને ગ્રહણ કરી, રાગનો અભાવ થવો એનું નામ ખરેખર સમિતિ છે. શું થાય? મૂળ નિશ્ચયની વાત બહુ થોડી આવે. વાતું વ્યવહારની ઘણી હોય. વ્યવહારથી ભેદ પાડીને સમજાવે છે. ત્યાં 'ધવલ'માં એમ આવ્યું છે કે, જુઓ! ગણધરદેવે પણ વ્યવહારને આ રીતે કહ્યું છે. એ ક્યાંક નાખ્યું હતું. છાપામાં ક્યાંક હતું. જુઓ! એમણે આમ કહ્યું છે કે વ્યવહાર રાખવો.

મુમુક્ષુ :– વ્યવહારથી લાભ થાય.

ઉત્તર :– હા. હમણા એનો અધિકાર નાખ્યો હતો. વળી કો'કે આ. જૈન ગેઝેટમાં એ નાખ્યું હતું. ધવલનું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એ કોટડીયાએ નાખી. જૈનશાસનમાં. જૈનશાસનમાં કોટડીયાનું છે એણે નાખ્યું છે. વ્યવહારથી લાભ થાય. અરે..! ભગવાન! વ્યવહાર તો નિશ્ચયને જણાવવા પૂરતી વાત છે. વ્યવહારને અનુસરવા લાયક નથી. એ તો પોતે બોલે છે. 'સમયસાર' ૮મી ગાથા. વ્યવહાર ભેદ, અભેદને જણાવે પણ ભેદને અનુસરવા લાયક નથી. વ્યવહાર કહેનાર અને સંભળાવનાર બન્નેને અંગીકાર કરવા લાયક નથી. અરે..! એના પોતાના સ્વરૂપનું એને મહાત્મ્ય આવતું નથી કે મારા સ્વરૂપ તરફ જાવું એ જ મારી વસ્તુ છે. સમજાણું? બહારમાં વિકલ્પ રહ્યા કરે એ બધું પુણ્યબંધનું કારણ છે. પુણ્યબંધ છે. અંતર ભગવાનને આશ્રયે અંતર સ્વાશ્રયે જવું એટલી શુદ્ધિ અને ધર્મ છે. આ સિદ્ધાંત અંતરમાં ન બેસે અને બીજી વાતું બેસાડે, અનાદિથી કરે છે. એ અનાદિથી છે. શું થાય? અનાદિની છે. અહીં જુઓને **'પીંછી, કમંડળ વગેરે લેવું-મૂકવું.'** કીધું લ્યો. એનો અર્થ શું? એ વખતે જતનાના ભાવ અને વિકલ્પ એવા હોય છે તો એને શુભ કહે છે અને પાછળ એ વખતે સ્વભાવની સાવધાનીની એકાગ્રતા છે એ નિશ્ચયસંવર કહેવામાં આવે છે. એમ છે, ભાઈ!

મુમુક્ષુ :– એક આ નક્કી થાય...

www.vitragvani.com



ઉત્તર :– એક નક્કી આ થાય સ્વભાવને શરણે જતાં જ લાભ છે. સ્વભાવના શરણે જવું. ભગવાન ચિદાનંદપ્રભુ, એની સામું જોઈને, સન્મુખ થઈને રહેવું એક જ વાત. દર્શન-જ્ઞાન-ચારિત્ર તે બધામાં એક જ વાત. પછી એની બધી વિસ્તારથી વાતું કરી છે. જેટલો સ્વભાવ સન્મુખથી પરમાં ગયો એટલો રાગ અને બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

**'૫–પ્રતિષ્ઠાપનસમિતિ :– જોઈ સંભાળીને નિર્જીવ સ્થાનમાં કફ, મળ, મૂત્ર વગેરેનો ત્યાગ કરવો,...'** લ્યો. એમ આવ્યું ને. ઠીક. કફ, મળ, મૂત્ર એ સમિતિ લ્યો, ઠીક. એમ જ બોલાયને. એને જતના ભાવ છે. **'લીલોતરી ઉપર અથવા ભીની જમીન પર મળત્યાગ ન કરવો.'** જંગલ જાવું હોય, પેશાબ જવું હોય ત્યાં ભીની એટલે લીલી જમીનમાં પાણીના જીવ હોય, લીલોતરીના જીવ હોય ત્યાં મળત્યાગ ન કરવો. **'આ રીતે સમિતિનું વર્ણન કર્યું. આ પાંચે સમિતિ ગુપ્તિના પાલનમાં સહાયક થાય છે અને જેવી રીતે સમિતિનું કથન કર્યું છે તે પ્રકારે પાલન તો મુનિમહારાજ જ કરે છે, તોપણ જેટલું બની શકે તેટલું શ્રાવકે પાલન કરવું જોઈએ. જેમ કે શ્રાવકે જોઈ સંભાળીને ચાલવું જોઈએ, ઓછું અને હિતકારી વચન બોલવું જોઈએ, શુદ્ધ પ્રાસુક આહાર લેવો, બધી વસ્તુઓ જોઈ સંભાળીને લેવી-મૂકવી...'** એમ **'જોઈ સંભાળીને જીવરહિત સ્થાનમાં મળમૂત્ર વગેરેનું ક્ષેપણ કરવું. એ રીતે યથાશક્તિ શ્રાવકોએ પાલન કરવું જોઈએ.'** લ્યો.

## ગાથા–૨૦૪

દસ ધર્મો

**धर्मः सेव्यः क्षान्तिर्मृदुत्वमृजुता च शौचमथ सत्यम्।**
**आकिञ्चन्यं ब्रह्म त्यागश्च तपश्च संयमश्चेति।।२०४।।**

**અન્વયાર્થ :– [ क्षान्तिः ] ક્ષમા, [ मृदुत्वम् ] માર્દવ, [ ऋजुता ] સરળપણું અર્થાત્ આર્જવ, [ शौचम् ] શૌચ, [ अथ ] પછી [ सत्यम् ] સત્ય, [ च ] તથા [ आकिञ्चन्यं ] આકિંચન, [ ब्रह्म ] બ્રહ્મચર્ય, [ च ] અને [ त्यागः ] ત્યાગ, [ च ] અને [ तपः ] તપ, [ च ] અને [ संयमः ] સંયમ [ इति ] એ રીતે [ धर्मः ] દસ પ્રકારનો ધર્મ [ सेव्यः ] સેવન કરવા યોગ્ય છે.**

**ટીકા :– 'क्षान्तिः मृदुत्वं ऋजुता च शौचम् अथ सत्यम् आकिञ्चन्यं ब्रह्म च त्यागः च तपः च संयमः इति धर्मः सेव्यः।' - અર્થ :– ૧– ક્રોધનો ત્યાગ કરી ક્ષમા ધારણ કરવી તે ઉત્તમક્ષમા પહેલો ધર્મ છે. ૨– માન કષાયનો ત્યાગ કરીને કોમળતા ધારણ કરવી**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે ઉત્તમ માર્દવ નામનો બીજો ધર્મ છે. ૩. માયાચાર (કપટ) નો ત્યાગ કરીને સરળતા ધારણ કરવી તે આર્જવ નામનો ત્રીજો ધર્મ છે. ૪– લોભનો ત્યાગ કરીને સંતોષ ધારણ કરવો તે શૌચ નામનો ચોથો ધર્મ છે. શૌચ નામ શુદ્ધિનું છે. આ શુદ્ધિ બે પ્રકારની છે. ૧. બાહ્ય શુદ્ધિ, ૨. અંતરંગશુદ્ધિ. સ્નાન વગેરેથી શરીરને પવિત્ર રાખવું એ બાહ્યશુદ્ધિ છે અને લોભકષાયનો ત્યાગ કરવો એ અંતરંગશુદ્ધિ છે. આ બન્ને પ્રકારની શુદ્ધિ કરવી એને જ શૌચધર્મ કહે છે. અહીંઆ એક વાત વિચારવા જેવી છે કે આ બન્ને શુદ્ધિ ગૃહસ્થ-શ્રાવકની અપેક્ષાએ જ છે, મુનિની અપેક્ષાએ નથી; કારણ કે મુનિમહારાજને તો અંતરંગશુદ્ધિની જ મુખ્યતા છે.

૫– બીજાને દુઃખ ઉત્પન્ન કરનાર, નિંદનીય કપટી વચનો ન બોલવાં તેને સત્ય કહે છે અને એ જ પાંચમો ઉત્તમ સત્યધર્મ છે. ૬– પાંચ ઇન્દ્રિયના વિષયોને તથા મનના વિષયને રોકવા અને છકાયના જીવોની હિંસા ન કરવી એને જ સંયમ કહે છે. વ્રતોનું ધ્યાન કરવાથી, સમિતિઓનું પાલન કરવાથી, કષાયોનો નિગ્રહ કરવાથી અને મન-વચન-કાયાને વશ રાખવાથી આ સંયમનું પાલન થાય છે. એ જ છઠ્ઠો સંયમ ધર્મ છે. ૭– જેવી રીતે સોનાનો મેલ દૂર કરવા માટે અગ્નિનો તાપ દેવામાં આવે છે તેવી જ રીતે આત્મા સાથે લાગેલાં કર્મો દૂર કરવાને માટે (સર્વજ્ઞ-વીતરાગ કથિત) તપ કરવામાં આવે છે. આ તપ બાર પ્રકારના છે. એ સાતમો તપધર્મ છે. ૮– લોકમાં આહાર, ઔષધ, અભય અને જ્ઞાનદાન આપવું તેને ત્યાગધર્મ કહે છે, પરંતુ એ ત્યાગ પણ સાચો ત્યાગ નથી. ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરવો તે જ સાચો ત્યાગ છે. માટે પ્રત્યક્ષપણે મુનિમહારાજ કાંઈ દાન કરતા નથી તોપણ વાસ્તવમાં કષાયનો ત્યાગ કરનાર તેઓ જ સાચા દાની છે અને જે વખતે જે જીવને લોભકષાયનો ત્યાગ થઈ ગયો તેને બાહ્ય પદાર્થોનો તો ત્યાગ થઈ જ ગયો, કેમકે લોભકષાય છોડ્યા વિના બાહ્ય વસ્તુનો ત્યાગ થતો નથી. તેથી એમ સિદ્ધ થયું કે (તત્ત્વજ્ઞાનના બળ વડે) લોભાદિ કષાયોનો ત્યાગ કરવો એ જ સાચો ત્યાગ છે, તે જ દાન છે.

૯-- મમત્વબુદ્ધિનો ત્યાગ કરવો તે આકિંચન્ય ધર્મ છે. ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહ અને દસ પ્રકારના બાહ્ય પરિગ્રહ – એ બન્ને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરી દેવો તે જ ઉત્તમ આકિંચન્ય ધર્મ છે. ૧૦– સંસારના સર્વ પદાર્થો પ્રત્યેથી મનની વૃત્તિ ખસેડીને કેવળ એક આત્મામાં જ રમણ કરી શકે તે બ્રહ્મચર્ય.

એ દશા તે વખતે થઈ શકે છે કે જ્યારે આત્મા પાંચે ઇન્દ્રિયોના વિષયોને રોકવા માટે સમર્થ હોય તથા ખાસ કરીને સ્પર્શેન્દ્રિયના વિષય અર્થાત્ કામવાસનાને જીતવા માટે સમર્થ થઈ જાય, અને તે કામવાસનાનો ત્યાગ ત્યારે જ થાય છે કે જ્યારે સ્ત્રી માત્રનો ત્યાગી થાય અર્થાત્ સંસારની સ્ત્રી માત્રને મન-વચન-કાયાથી ત્યાગે. પણ એવો ત્યાગ તો

www.vitragvani.com



**કેવળ એક મુનિમહારાજ જ કરી શકે છે; શ્રાવક તો એકદેશ ત્યાગ કરી શકે છે અર્થાત્ પોતાની સ્ત્રીમાં સંતોષ રાખીને પોતાની સ્ત્રી સિવાય બાકીની સંસારની સમસ્ત સ્ત્રીઓને માતા, બેન કે પુત્રી સમાન જ જાણે છે – એ જ એકદેશ બ્રહ્મચર્યનું પાલન છે.**

**ભાવાર્થ :– આ રીતે આ દસ ધર્મોનું વર્ણન કર્યું. તે ધર્મોનું પાલન કરવું એ પ્રત્યેક પ્રાણીનું મુખ્ય કર્તવ્ય છે, કારણ કે આ જ દસ ધર્મ મોક્ષમાર્ગનું સાધન કરવા માટે મુખ્ય કારણ છે. ૨૦૪.**

---

'**દસ ધર્મો.**' હવે દસ પ્રકારનો ધર્મ.

**धर्मः सेव्यः क्षान्तिर्मृदुत्वमृजुता च शौचमथ सत्यम्।**
**आकिञ्चन्यं ब्रह्म त्यागश्च तपश्च संयमश्चेति।।२०४।।**

'**૧–ક્રોધનો ત્યાગ કરી ક્ષમા ધારણ કરવી તે ઉત્તમક્ષમા પહેલો ધર્મ છે.**' ઉત્તમ ક્ષમા નામ જ્ઞાતા સહનશીલતાપણે ધ્યાન, જ્ઞાનમાં રહેવું, કોઈપણ પ્રતિકૂળતા વખતે ક્રોધ ન કરતાં જ્ઞાતા-શાંતિમાં રહેવું એનું નામ ઉત્તમક્ષમા નામનો ધર્મ છે. શાંતિ એટલે આત્માના લક્ષે શાંતિ. બહારનું સમાધાન કરીને રહે એ સમાધાન નથી. સમજાણું કાંઈ? એથી એને ઉત્તમ ક્ષમા કીધી છે ને? ઉત્તમક્ષમા. સમ્યગ્દર્શન સહિતની ક્ષમા. વસ્તુ ભગવાનઆત્મા જ્ઞાયકમૂર્તિ આનંદસ્વરૂપ એવો આત્મા દૃષ્ટિમાં છે, એને આવા પ્રતિકૂળ પ્રસંગમાં ક્રોધ ન થવા દેતાં તેમાં શાંતિના સમાધાનમાં રહેવું, એનું નામ ઉત્તમક્ષમા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આના પછી બે ભાગ પાડશે, શ્રાવકે એકદેશે કરવું. મુનિએ સર્વથા અને શ્રાવકે એકદેશે કરવું. આ જેટલી વ્યાખ્યા આવે છે એમાં. કહો, સમજાણું કાંઈ?

જ્યાં જાજી પેદાશ થતી હોય ત્યાં બીજો માણસ ભળે કે મારો ભાગ રાખજો. આમાં ચાર આના રાખજો. કારણ કે એમ જાણે કે આ તો મોટા-મોટા શેઠિયાઓ... થાય છે અને એમાં પાંચ-પચાસ કરોડ પેદા થાય એવું લાગે છે. ભાઈ! થોડોક મારો ભાગ રાખશો? હું પણ તમને પચાસ હજાર-લાખ આપીશ. પૈસા ભેગા કરતા હોય ને? સારા લાભનું દેખે ત્યાં બધા ભાગ લેવા જાય. મોટા-મોટા અને મોટું કામ કરે અને કાંઈ મોટો લાભ થવાનો લાગે છે. એમ જેમાં લાભ ચીજ હોય એમાં તો બધા ભાગ લેવા જાય. કહો, સમજાણું કાંઈ? આ તો વીતરાગભાવનો લાભ છે. એમાં કોણ લાભ લેવા ન જાય? એમ કહે છે. શ્રાવક છે, ગૃહસ્થાશ્રમમાં છે, વિકલ્પ હોય છે પણ એણે આ જાતની દૃષ્ટિ સહિત એને ક્ષમાદિનો ભાવ રાખવો જોઈએ. સમજાય છે? ગૃહસ્થાશ્રમ છૂટી ન શકે ત્યાં સુધી મુનિપણું ન લે પણ એના પ્રમાણમાં એણે કરવું જોઈએ.

'**૨-માન કષાયનો ત્યાગ કરીને કોમળતા ધારણ કરવી.**' કોમળતા. નરમાશ.. નરમાશ.. નરમાશ. એ સમ્યક્ ભાન સહિતની કોમળતા, હોં! એકલી પ્રકૃતિની સાધારણ કોમળતા હોય

www.vitragvani.com



એ અહીં ગણવી નથી. કેટલાકનો સ્વભાવ એવો સાધારણ, કોમળ, શાંત દેખાય, મૌન જેવું દેખાય. અંતરના જ્ઞાનના ચૈતન્યના ભાનપૂર્વક માર્દવતા, કોમળતા, નિર્માનતા કરવી, એનું નામ બીજો ઉત્તમમાર્દવધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'૩–માયાચાર (કપટ)નો ત્યાગ કરીને સરળતા ધારણ કરવી તે આર્જવ નામનો ત્રીજો ધર્મ છે.'** કપટ, કુટિલતા છોડવી. કહો, સમજાણું કાંઈ? નિષલ્યો વૃત્તિ. કપટ આદિ ન થવા દેવા. એ આર્જવ કહેવાય.

**'૪–લોભનો ત્યાગ કરી સંતોષ ધારણ કરવો તે શૌચ નામનો ચોથો ધર્મ છે. શૌચ નામ શુદ્ધિ. આ શુદ્ધિ બે પ્રકારની છે. ૧. બાહ્યશુદ્ધિ, ૨. અંતરંગશુદ્ધિ. સ્નાન વગેરેથી શરીરને પવિત્ર રાખવું તે બાહ્યશુદ્ધિ છે અને લોભકષાયનો ત્યાગ કરવો તે અંતરંગશુદ્ધિ છે. આ બન્ને પ્રકારની શુદ્ધિ કરવી એને જ શૌચધર્મ કહે છે.'** પેલું બહારનું નિમિત્ત લીધું છે ને? શરીરમાં એ તો શરીરનું... એ તો સ્વાધ્યાય આદિમાં એની અશુચિ ન થાય એ ખાતર બહારની નિમિત્તની અશુચિનો ત્યાગ કર્યો છે.

બાકી ધર્મીજીવને જ્યાં આમ જ્યાં દેહ છૂટવાના કાળ હોય, અનેક પ્રકારના, અનેક જાતના માણસ હોય, શરીરની કેવી કેવી ક્રિયા થતી હોય, મળ-મૂત્ર શરીરમાં રહી શકતા ન હોય. આંતરડા બંધકોષ છૂટી ગયા હોય. અનેક પ્રકારની પ્રકૃતિ એ જગતના જીવોની જાત છે ને? એક પ્રકારની છે ધર્મીની? એને એ વખતે સમતા રાખવી. શરીરનું ગમે તે હો, પોતાના સ્વરૂપમાં શાંતિના સાગરમાં અંદર જાવું. શાંતિ લેવા અંતરના સાગરમાં જાવું. બહારની દેહની સ્થિતિ હાડકાં છે, આ તો ચામડા છે. કેમ એની દશા થવી એ તો એને પરમાણુની પર્યાયને કાળે તે થાય. આત્માનો એમાં અધિકાર નથી. અને એ કાંઈ આત્માને નડતું પણ નથી. સમકિતી જીવને પણ અનેક પ્રકારના પ્રકૃતિવાળા અશાતાના ઉદય હોય છે ને. સમજાણું કાંઈ? તો એની દરકાર ન કરવી, આત્માની દરકાર કરવી. કહો, સમજાણું ?

**'અહીં આ એક વાત વિચારવા જેવી છે કે આ બન્ને શુદ્ધિ ગૃહસ્થ-શ્રાવકની અપેક્ષાએ જ છે,..'** પેલી વ્યવહાર કીધી ને? **'મુનિની અપેક્ષાએ નથી; કારણ કે મુનિમહારાજને તો અંતરંગશુદ્ધિની જ મુખ્યતા છે.'** એમ કીધું.

**'૫–બીજાને દુઃખ ઉત્પન્ન કરનાર, નિન્દનીય કપટી વચનો ન બોલવાં તેને સત્ય કહે છે.'** લ્યો. એ પાંચમો ધર્મ છે. **'બીજાને દુઃખ ઉત્પન્ન કરનાર, નિન્દનીય કપટી વચનો ન બોલવાં તેને સત્ય કહે છે અને એ જ પાંચમો ઉત્તમ સત્યધર્મ છે.**

**૬. પાંચ ઇન્દ્રિયના વિષયોને તથા મનના વિષયને રોકવા અને છ કાયના જીવોની હિંસા ન કરવી એને જ સંયમ કહે છે.'** બાર પ્રકારનું કીધું ને? પાંચ ઇન્દ્રિય, મન અને છ કાય. **'વ્રતોનું ધ્યાન કરવાથી, સમિતિઓનું પાલન કરવાથી,..'** વ્રતોનું ધ્યાન કરવાથી, સમિતિનું પાલન કરવાથી, **'કષાયોનો નિગ્રહ કરવાથી અને મન-વચન-કાયાને વશ કરવાથી**

www.vitragvani.com



**આ સંયમનું પાલન થાય છે. એ જ છઠ્ઠો સંયમ ધર્મ છે.**' લ્યો. બહુ સારી વાત લીધી.

'**૭–જેવી રીતે સોનાનો મેલ દૂર કરવા માટે અગ્નિનો તાપ દેવામાં આવે છે...**' સોનામાં મેલ હોય એને અગ્નિનો તાપ દેવામાં આવે. '**તેવી જ રીતે આત્મા સાથે લાગેલાં કર્મો દૂર કરવાને માટે (સર્વજ્ઞ-વીતરાગ કથિત) તપ કરવામાં આવે છે.**' વીતરાગ કથિત તપ કરવામાં આવે. વીતરાગે કહ્યું તે પ્રમાણે અંદર સ્થિરતા કરવામાં આવે.

મુમુક્ષુ :– વાત બરાબર બંધબેસતી છે.

ઉત્તર :– બંધબેસતી છે. અહીંયાં સોનામાં મેલ છે એ અપવાસ કરીને ટાળવા. એ તો નિમિત્તથી વાત છે. બાર પ્રકારના તપની નિમિત્તથી વાત છે. જુઓ! તપ બાર પ્રકારના છે એ સાતમું તપ છે. એ બહારના નિમિત્તનું કથન છે. અંતરમાં એ પ્રકારનો વિકલ્પ છૂટીને સ્થિરતા થઈ હતી એથી એને વીતરાગતાનું.... સમજાય છે? એ કાળે તેને ક્યા પ્રકારનો વિકલ્પ છૂટ્યો હતો એ બતાવવા આ વાત છે.

મુમુક્ષુ :– ધર્મનો કીટોડો નાશ કરવાનો છે..

ઉત્તર :– ધર્મનો કીટોડો નાશ કરવો છે. એને અશુદ્ધતા પણ નાશ નથી કરી. એ તો કથન છે. શુદ્ધતામાં એકાગ્ર થતાં અશુદ્ધતા ઉત્પન્ન ન થાય એ અશુદ્ધતા નાશ કરી એમ કહેવામાં આવે છે. અશુદ્ધતાના નાશનો કર્તા પણ પરમાર્થે આત્મા નથી, પણ કથન કેમ આવે? વ્યવહાર સમજાવવો શી રીતે? બધા પડખાઓ મુકાવવા એ બધા ભેદ પાડીને વ્યવહારથી સમજાવે છે. કહો, સમજાણું?

'**૮–લોકમાં આહાર, ઔષધ, અભય અને જ્ઞાનદાન આપવું તેને ત્યાગધર્મ કહે છે, પરંતુ એ ત્યાગ પણ સાચો ત્યાગ નથી. ક્રોધાદિ કષાયનો ત્યાગ કરવો તે જ સાચો ત્યાગ છે.**' એ ત્યાગ કહે ને? એ ત્યાગ નથી. ખરેખર તો અકષાયભાવમાં રહેવું અને કષાયનો થોડોક અભાવ (થવો) એને ત્યાગ-ધર્મ કહે છે. '**માટે પ્રત્યક્ષપણે...**' આવ્યું ને એ? '**મુનિમહારાજ કાંઈ દાન કરતા નથી તોપણ વાસ્તવમાં કષાયનો ત્યાગ કરનાર તેઓ જ સાચા દાની છે...**' લ્યો. મુનિ પોતાના આનંદમાં રમે છે–સંપ્રદાન. એ પોતાનું આનંદદાન પોતે કરે છે અને લે છે. સંપ્રદાન, ષટ્કારક આવે છે ને? આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધસ્વભાવના આનંદથી ભરેલો પદાર્થ (છે) એને અંતરમાં એકાગ્ર થઈ, દાન આનંદનું પ્રગટ કરવું અને એ આનંદને પોતામાં રાખવું, એનું નામ દાન છે. એ સાચું દાન આ છે. એ મુનિ પોતે પોતાને દાન આપે છે.

'**જે વખતે જે જીવને લોભકષાયનો ત્યાગ થઈ ગયો તેને બાહ્ય પદાર્થોનો તો ત્યાગ થઈ જ ગયો, કેમ કે લોભકષાય છોડ્યા વિના બાહ્ય વસ્તુનો ત્યાગ થતો નથી. તેથી એમ સિદ્ધ થયું...**' પાછું બાહ્ય ત્યાગ થયો એમાં લોભ છૂટ્યો એમ નહિ. અહીં તો લોભકષાય છૂટ્યો એટલે પેલું છૂટ્યું, એમ લેવું. '**(તત્ત્વજ્ઞાનના બળ વડે)...**' જોયું! '**(તત્ત્વજ્ઞાનના બળ**

www.vitragvani.com



**વડે) લોભાદિ કષાયોનો ત્યાગ કરવો...'** આત્મા રાગરહિત, વિકલ્પરહિત (છે) એમ નિર્વિકલ્પ સ્વરૂપના જ્ઞાનના બળ વડે રાગનો, ક્રોધાદિનો અભાવ કરવો. **'એ જ સાચો ત્યાગ છે, તે જ (સાચું) દાન છે.'** દાનમાંથી કાઢ્યું. સમજાણું?

**'૯–મમત્વબુદ્ધિનો ત્યાગ કરવો તે આકિંચન્ય ધર્મ છે. ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહ અને દસ પ્રકારના બાહ્ય પરિગ્રહ–એ બન્ને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરી દેવો તે જ ઉત્તમ આકિંચન્ય ધર્મ છે.'**

**'૧૦–સંસારના સર્વ પદાર્થો પ્રત્યેની મનની વૃત્તિ ખસેડીને કેવળ એક આત્મામાં જ રમણ કરી શકે તે બ્રહ્મચર્ય.'** બ્રહ્માનંદ ભગવાનઆત્મા, બ્રહ્મ એટલે આનંદસ્વરૂપ ભગવાનઆત્મા. એમ બ્રહ્મ એટલે આત્મા આનંદ સ્વરૂપમાં ચર નામ રમવું. એનું નામ બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કાયાથી, મનથી પાળે એ શુભ વિકલ્પ છે, એ પુણ્યરૂપ ભાવ છે. બ્રહ્માનંદ ભગવાનઆત્મા એ અતીન્દ્રિય આનંદમાં રમે. બ્રહ્મચર્ય–ચરે એનું નામ બ્રહ્મચર્ય કહેવાય છે. કહો, સમજાણું? એકદેશે શ્રાવક અને સર્વદેશે મુનિ.

**'એ દશા તે વખતે થઈ શકે છે કે જ્યારે આત્મા પાંચે ઇન્દ્રિયોના વિષયોને રોકવા માટે સમર્થ હોય તથા ખાસ કરીને સ્પર્શેન્દ્રિયના વિષય અર્થાત્ કામવાસનાને જીતવા માટે...'** આ બ્રહ્મચર્ય છે ને? સમર્થ થઈ જાય. **'અને તે કામવાસનાનો ત્યાગ ત્યારે જ થાય છે કે જ્યારે સ્ત્રી માત્રનો ત્યાગી થાય અર્થાત્ સંસારની સ્ત્રી માત્રને મન-વચન-કાયાથી ત્યાગે. પણ એવો ત્યાગ તો કેવળ એક મુનિમહારાજ કરી શકે છે; શ્રાવક તો એકદેશ ત્યાગ કરી શકે છે અર્થાત્ પોતાની સ્ત્રીમાં સંતોષ રાખીને પોતાની સ્ત્રી સિવાય બાકીની સંસારની સમસ્ત સ્ત્રીઓને માતા, બેન કે પુત્રી સમાન જ જાણે છે – એ જ એકદેશ બ્રહ્મચર્યનું પાલન છે.'**

**'ભાવાર્થ :– આ રીતે આ દસ ધર્મોનું વર્ણન કર્યું. તે ધર્મોનું પાલન કરવું એ પ્રત્યેક પ્રાણીનું મુખ્ય કર્તવ્ય છે,...'** કહો, સમજાણું? **'કારણ કે આ જ દસ ધર્મ મોક્ષમાર્ગનું સાધન કરવા માટે મુખ્ય કારણ છે.'**

## ગાથા–૨૦૫

બાર ભાવનાઓનું નિરૂપણ

**अध्रुवमशरणमेकत्वमन्यताऽशौचमास्त्रवो जन्म।**
**लोकवृषबोधिसंवरनिर्जराः सततमनुप्रेक्ष्याः।।२०५।।**

**અન્વયાર્થ :–** [ अध्रुवम् ] અધ્રુવ, [ अशरणम् ] અશરણ, [ एकत्वम् ] એકત્વ, [ अन्यता ] અન્યત્વ, [ अशौचम् ] અશુચિ, [ आस्त्रवः ] આસ્ત્રવ, [ जन्म ] સંસાર,

www.vitragvani.com



[ लोकवृषबोधिसंवरनिर्जराः ] લોક, ધર્મ, બોધિદુર્લભ, સંવર અને નિર્જરા [ एताद्वादशभावनाः ] એ બાર ભાવનાઓનું [ सततम् ] નિરંતર [ अनुप्रेक्ष्याः ] વાંરવાર ચિંતવન અને મનન કરવું જોઈએ.

ટીકા :– 'अध्रुवं अशरणं जन्म एकत्वं अन्यता अशौचं आस्त्रवः संवरः निर्जरा लोक बोधि वृषः इति द्वादश अनुप्रेक्ष्याः सततं भावनीयाः ।'

અર્થ :– ૧. અનિત્ય ભાવના – સંસારની સમસ્ત વસ્તુઓ શરીર, ભોગાદિ બધું નાશવાન છે, આત્મા નિત્ય છે, ધ્રુવ છે, માટે અધ્રુવ વસ્તુને છોડીને ધ્રુવ વસ્તુનું ચિત્ત લગાવવું એને જ અનિત્ય ભાવના કહે છે.

૨. અશરણ ભાવના – આ જગતમાં કોઈ કોઈને શરણ નથી, બધા પ્રાણી કાળને વશ છે, કાળથી બચાવનાર કોઈ નથી. વ્યવહારનયથી ચાર શરણ છે – અર્હંતનું શરણ, સિદ્ધનું શરણ, સાધુનું શરણ અને જૈનધર્મનું શરણ, અને વાસ્તવમાં નિશ્ચયનયથી કેવળ પોતાનો આત્મા જ શરણ છે, બીજું નહિ. એવો (સ્વસન્મુખતાસહિત) વિચાર કરવો તે આ બીજી અશરણ ભાવના છે.

૩. સંસાર ભાવના – સંસાર બહુ દુઃખરૂપ છે, ચારે ગતિમાં ક્યાંય પણ સુખ નથી. નરક ગતિમાં તો પ્રગટરૂપ તાડન, ભેદન-છેદન, ઇત્યાદિ ઘણાં દુઃખ છે, તિર્યંચ ગતિમાં ભૂખ, તરસ, ઘણો ભાર લાદવો વગેરે દુઃખ છે. મનુષ્ય ગતિમાં પણ અનેક ચિંતા, વ્યાકુળતા વગેરે ઘણાં દુઃખ છે, દેવગતિમાં પણ વિષય-વાસના છે અને નાના દેવો મોટા દેવોનો વૈભવ જોઈને દુઃખી થાય છે, દેવોનું આયુષ્ય લાંબું અને દેવાંગનાઓનું આયુષ્ય ટૂંકું હોવાથી વિયોગમાં અવશ્ય દુઃખ થાય છે. મરણના છ માસ અગાઉ જ્યારે માળા કરમાવા લાગે છે ત્યારે અત્યંત ખેદ અને દુઃખ થાય છે વગેરે પ્રકારે દેવગતિમાં પણ ઘણા દુઃખ છે. એક સુખમાત્ર પંચમગતિ અર્થાત્ મોક્ષમાં છે તેથી પ્રત્યેક પ્રાણીએ ચાર ગતિરૂપ સંસારથી ઉદાસીન થઈને પંચમગતિ પ્રાપ્ત કરવાનો ઉપાય કરવો જોઈએ. આવું હંમેશાં ચિંતન કરતા રહેવું તે ત્રીજી સંસાર ભાવના છે.

૪. એકત્વ ભાવના – આ આત્મા સદા એકલો જ છે. જન્મમાં તથા મરણમાં એકલો છે, તેનો કોઈ સંગી નથી. તે સુખ ભોગવવામાં એકલો, સંસારભ્રમણ કરવામાં એકલો, નિર્વાણ થવામાં પણ એકલો. સદા આત્મા એકલો જ રહે છે, તેનો સાથી કોઈ નથી એવું હંમેશાં વિચારવું તેને એકત્વ ભાવના કહે છે.

૫. અન્યત્વ ભાવના – સંસારના જેટલા પદાર્થો છે તે બધા જુદા જુદા છે, કોઈ પદાર્થ કોઈ પદાર્થમાં મળેલો નથી, મન, વચન, કાયા એ બધાં આત્માથી જુદાં છે, જ્યારે આ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

શરીર, મન અને વચન પણ આત્માથી જુદાં છે તો આ પ્રગટરૂપે જુદાં એવાં ઘર, મકાન વગેરે એક કેવી રીતે હોઈ શકે? આ જાતનું વારંવાર ચિંતવન કરવું તે અન્યત્વ ભાવના છે.

૬. અશુચિ ભાવના – આ શરીર સદૈવ નવદ્વારથી વહેતા મળ-મૂત્રનો ખજાનો મહા અશુચિરૂપ છે અને આત્મા જ્ઞાનમય મહા પવિત્ર છે, તો આત્માનો શરીરાદિથી સંબંધ કેવી રીતે હોઈ શકે? એમ વારંવાર ચિંતવન કરવું તે છઠ્ઠી અશુચિ ભાવના છે.

૭. આસ્રવ ભાવના – ૫ મિથ્યાત્વ, ૧૨ અવિરતિ, ૨૫ કષાય, ૧૫ યોગ – એ આસ્ત્રવના ૫૭ ભેદ છે. આ ભેદો વડે આ જીવ હંમેશાં કર્મોનો આસ્ત્રવ કર્યા કરે છે. જ્યાંસુધી (શુદ્ધભાવરૂપ સંવર વડે) તે આસ્ત્રવોનો ત્યાગ ન થાય ત્યાંસુધી આ જીવ સંસારમાંથી છૂટી શકતો નથી. અર્થાત્ જીવને આ આસ્ત્રવ જ દુઃખદાયક પદાર્થ છે – એમ વારંવાર ચિંતવન કરવું તેને જ આસ્ત્રવભાવના કહે છે.

૮. સંવર ભાવના – કર્મોના આગમનને રોકવું તેને જ સંવર કહે છે. આ સંવર જ સંસારથી છોડાવનાર અને મોક્ષમાં પહોંચાડનાર છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દસ ધર્મ, બાર ભાવના, બાવીસ પરિષહ, પાંચ પ્રકારના ચારિત્ર – એ બધાં સંવરનાં કારણ છે. બધા પ્રાણીઓએ આ બધાં કારણોને ધારણ કરી સંવરની પ્રાપ્તિ કરવી જોઈએ. – એવું વારંવાર ચિંતવન કરવું તેને જ સંવર ભાવના કહે છે.

૯. નિર્જરા ભાવના – કર્મોનો એકદેશ ક્ષય થવો તેને નિર્જરા કહે છે. આ નિર્જરા બે પ્રકારની છે. સવિપાક નિર્જરા અને અવિપાક નિર્જરા. સવિપાક નિર્જરા તો સંસારના સમસ્ત જીવોને સદૈવ થયા જ કરે છે પણ અવિપાક નિર્જરા તપ વગેરે કરવાથી જ થાય છે અને અવિપાક નિર્જરા વિના જીવ સંસારથી મુક્ત થઈ શકતો નથી. માટે મોક્ષાર્થી જીવોએ આ અવિપાક નિર્જરા અવશ્ય કરવી જોઈએ. – એવું વારંવાર ચિંતવન કરવું તેને જ નિર્જરા ભાવના કહે છે.

૧૦. લોક ભાવના – આ અનાદિનિધન લોક કોઈએ બનાવ્યો નથી, કોઈ એનો રક્ષક નથી કે કોઈ એનો નાશ કરનાર નથી. એ સ્વયંસિદ્ધ અવિનાશી - કદી પણ નાશ ન પામનાર છે. આ લોકના ત્રણ ભાગ છે. અધોલોક, મધ્યલોક, અને ઊર્ધ્વલોક. આ જીવ અનાદિકાળથી આ ત્રણે લોકમાં ભ્રમણ કરી રહ્યો છે. આ ત્રણે લોકમાં સુખનો અંશ પણ નથી, એ મહાન દુઃખની ખાણ છે. આ લોકનો નિવાસ ક્યારે ટૂટે એવો વારંવાર વિચાર કરવો એને જ લોકભાવના કહે છે.

૧૧. બોધિદુર્લભ ભાવના – સંસારમાં બધી જ વસ્તુઓ સુલભ છે અર્થાત્ શીઘ્ર જ બધાને પ્રાપ્ત થઈ શકે છે, પણ જો કાંઈ દુર્લભ અને કઠિન હોય તો તે એક કેવળજ્ઞાન

www.vitragvani.com



**છે. અને કેવળજ્ઞાન વિના આ જીવને મોક્ષ મળી શકતો નથી, માટે પ્રત્યેક પ્રાણીએ તે જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવામાં તત્પર અને પ્રયત્નશીલ થવું જોઈએ. જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ નહિ થાય ત્યાં સુધી આ આત્મા સંસારમાં ભ્રમણ કરતો જ રહેશે. તેથી હે આત્મા ! જો તારે વાસ્તવિક સુખની પ્રાપ્તિ કરવી હોય તો તું શીઘ્ર ચાર ઘાતિકર્મોનો નાશ કરી શીઘ્ર જ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર. – આ પ્રકારનું વારંવાર ચિંતવન કરતા રહેવું તેને જ બોધિદુર્લભ ભાવના કહે છે.**

**૧૨. ધર્મભાવના – વાસ્તવમાં જીવને સુખ આપનારી વસ્તુ એક ધર્મ છે, કેમકે ધર્મ નામ સ્વભાવનું છે. પ્રત્યેક વસ્તુનો જે સ્વભાવ છે તેને જ ધર્મ કહે છે. જ્યારે તે દ્રવ્ય પોતાના સ્વભાવમાં પરિણમન કરે છે ત્યારે તે સુખી અને શુદ્ધ કહેવાય છે. આ આત્માનો જે જ્ઞાનગુણ છે તે જ એનો ધર્મ છે. જ્યાં સુધી તે જ્ઞાન ધર્મનો અથવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણે ધર્મોનો પૂર્ણ વિકાસ નહિ થાય ત્યાં સુધી આ આત્મા સંસારના બંધનમાંથી છૂટી શકતો નથી.**

**ઉત્તમ ક્ષમા, માર્દવ, વગેરે પણ આત્માના જ ધર્મ છે તથા દયા કરવી એ પણ આત્માનો ધર્મ છે. જો કે આ ધર્મ પ્રત્યેક સંસારી આત્મામાં વિરાજમાન છે તોપણ જ્યાં સુધી એનો આત્મામાં વિકાસ ન થાય ત્યાં સુધી આ આત્મા સંસારરૂપી જેલમાંથી છૂટી શકતો નથી અર્થાત્ મોક્ષ પામી શકતો નથી, માટે આ પ્રમાણે વારંવાર ચિંતવન કરતા રહેવું એને જ ધર્મભાવના કહે છે. – આ રીતે બાર ભાવનાઓનું વર્ણન કર્યું કેમકે સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં એ પ્રધાન સહાયક છે. બાર ભાવનાઓનું ચિંતવન કરવાથી આ વૈરાગ્યની પુષ્ટિ થાય છે માટે એનું સદૈવ ચિંતવન કરવું જોઈએ. ૨૦૫.**

---

‘**બાર ભાવનાઓનું નિરૂપણ.**’ હવે બાર ભાવના. આખી બધી વાત એકે-એક લીધી. પછી બાવીસ પરિષહ લેશે.

**अध्रुवमशरणमेकत्वमन्यताऽशौचमास्त्रवो जन्म।**
**लोकवृषबोधिसंवरनिर्जराः सततमनुप्रेक्ष्याः ।।२०५।।**

જન્મ એટલે સંસાર. જન્મ એટલે સંસાર લીધો. સંસારભાવના જુઓને! અહીં જનમ સંસાર.

‘**૧. અનિત્યભાવના–**’ અધ્રુવ છે ને? અધ્રુવ કહો કે અનિત્ય કહો. ‘**સંસારની સમસ્ત વસ્તુઓ શરીર, ભોગાદિ બધું નાશવાન છે,...**’ એમ આત્માના લક્ષે ચિંતવન કરવું તે અનિત્ય ભાવના છે. નિત્યસ્વરૂપ ભગવાનઆત્મા ભાન સહિત અનિત્યની વિચારણા તેને અનિત્યભાવના કહે છે. નિત્ય ભગવાનઆત્મા એના ભાન વિના એકલા વિકલ્પ (કરે) એને કાંઈ અનિત્યભાવના

www.vitragvani.com



કહેતા નથી. સમજાણું કાંઈ? નિત્યાનંદ પ્રભુ આત્મા, ધ્રુવ વસ્તુ નિત્ય (છે) એની દૃષ્ટિપૂર્વક પર વસ્તુ નાશવાન છે, શરીર નાશવાન છે આદિ વિચાર, વિકલ્પો અથવા સ્થિરતા. સમજાણું? જુઓ! એ લખ્યું છે. **'આત્મા નિત્ય છે, ધ્રુવ છે,...'** જુઓ! આમાં એ જ આવ્યું. **'માટે અધ્રુવ વસ્તુને છોડીને ધ્રુવ વસ્તુમાં ચિત્ત લગાવવું...'** લ્યો. એ નાશવાનમાંથી ચિત્તને ખસેડી ધ્રુવ ભગવાનઆત્મામાં ચિત્તને જોડવું, એનું નામ અનિત્ય અને અધ્રુવ ભાવના કહેવામાં આવે છે.

**'૨. અશરણ ભાવના – આ જગતમાં કોઈ કોઈને શરણ નથી, બધા પ્રાણી...'** લ્યો. અનિત્યમાં. અનિત્યમાં આવે છે ને? 'તત્ત્વાર્થસાર'માં આવે છે. માતાએ બાળકને જન્મ આપ્યો. ગોદમાં લેવા પહેલા બાળકને અનિત્યે ગોદમાં લઈ લીધો છે. ખ્યાલ ન કરે કે શું તે આ જન્મ્યું. એમ ખ્યાલ કરવા પહેલાં જે શરીર જન્મ્યું છે, એને અનિત્યે ગોદમાં લઈ લીધો છે. અનિત્યની ગોદમાં શરીર છે. કહો, સમજાણું? એ સમયે તરત મરી પણ જાય. અનિત્ય... અનિત્ય... અનિત્ય. ભગવાનઆત્મા નિત્ય અને ધ્રુવ છે. સત્.. સત્ શાશ્વત પ્રભુ! આત્મા ધ્રુવ તેને લક્ષે આવું અનિત્યની ભાવના કરીને નિત્યમાં આવવું. આ અશરણની વાત છે.

**'આ જગતમાં કોઈ કોઈને શરણ નથી, બધા પ્રાણી કાળને વશ છે,...'** આહાહા..! મોટા ચક્રવર્તી અને વાસુદેવો, કાળ આવ્યો... હાથ પડી ગયા હેઠા. કહો, સમજાણું કાંઈ? લક્ષ્મણ સિહાંસને બેઠા હતા. દેવે પરીક્ષા કરી, (એમને કહ્યું), રામચંદ્રજી સ્વર્ગ પધાર્યા. એવી પરીક્ષા કરી. (એમ) નહોતું. રામ.. રામ... બોલવા માંડ્યા, દેહ છૂટી ગયો. કહો, યોદ્ધા. ત્રણ ખંડના ધણી. રામ અને લક્ષ્મણ, ઉત્તમ પુરુષો. રામચંદ્રજી પુરષોત્તમ પુરુષ છે. આ પણ બળદેવ વાસુદેવ છે ને? મોક્ષ જવાના છે. સિહાંસને બેઠા. રોગ કાંઈ નહોતો. અને વાસુદેવ. કેસરિયા લાડુ સિંહ ખાય. સિંહ કેસરિયા લાડુ. શું થયું એ લાડુનું? સિંહાસન ઉપર બેઠા હતા. દેવે આવીને પરીક્ષા કરી. બે ભાઈઓને પ્રેમ બહુ છે. લક્ષ્મણને રામ વિના ચાલે નહિ, ક્ષણમાં રામને લક્ષ્મણ વિના ચાલે નહિ. દેવ કહે કે પરીક્ષા કરીએ. આહાહા..! મોટા બંગલાઓ તો. દેવ હતા ને, મોટા રાજાઓ હતા ને. બંગલામાં કોલાહલ કરાવ્યો. રામચંદ્રજીના બંગલામાં એણે કોલાહલ સંભળાવ્યો. અને આવીને કહે કે રામચંદ્રજી સ્વર્ગ પધાર્યા. એટલું સાંભળતા... કાંઈ રોગ નહિ, હોં! કાંઈ ચિહ્ન નહિ, કાંઈ નહિ. રા.. રા.. એમ ન થયું. રામ ન થયું. દેહ છૂટી ગયો. સિંહાસનમાં દેહ છૂટી ગયો. જુઓ! અનિત્યતા. આહાહા..! ઊઠ્યા હશે ત્યારે તો કેટલું હશે? બીજાને કેમ કરશે અને આ શું થાશે? વાસુદેવ જેવા પુરુષ. મોક્ષગામી છે. છે ને? થોડા કાળમાં મુક્તિ. અત્યારે આ તો અનિત્યતાની વિચિત્રતા કેટલી! એમ બતાવે છે.

મુમુક્ષુ :– અનિત્યતા બતાવી નિત્યતા ઉપર લઈ જવું છે.

ઉત્તર :– એમ. આ કેટલી સ્થિતિ કે વાસુદેવ જેવો પુરુષ એનું શરીર કેવું હશે? સમજાય છે? વજ્રનારાચ સંઘયણ. આમ એક સિંહ નીકળ્યો હોય ને સિંહની પૂછડી પકડે ત્યાં પેશાબ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



નીકળી જાય. એટલી તો તાકાત એની. આમ દાબે ત્યાં પેશાબ છૂટી જાય. કાનબુટ્ટી પકડે ત્યાં આમ કરે ત્યાં પેલો આમ થઈ જાય. રા... નાશવાન.. ઓહો..હો..હો..હો..! એવી અનિત્ય વિચારણા કરી ને ધ્રુવ ઉપર આવવું. સમજાણું કાંઈ? આ શરણ. કોઈ કોઈને શરણ નથી. કાળથી બચાવનાર કોઈ નથી.

**'વ્યવહારનયથી ચાર શરણ છે – અર્હંતનું શરણ, સિદ્ધનું શરણ, સાધુનું શરણ અને જૈનધર્મનું શરણ, અને વાસ્તવમાં નિશ્ચયનયથી કેવળ પોતાનો આત્મા જ શરણ છે.'** કહો, અરિહંત ભગવાન ત્યાં ક્યાં શરણ દેવા આવે એવું છે. આત્મા અંદરમાં એના સ્વભાવની શાંતિ ઉપર જાય તો એને શરણ મળે એવું છે. બાકી બહારમાં ક્યાંય મળે એવું નથી. **'એવો (સ્વસન્મુખતા સહિત) વિચાર કરવો તે આ બીજી અશરણ ભાવના છે.'** આવી ભાવના મુનિએ ઘણી કરવી, શ્રાવકે પણ એકદેશે કરવી. એ બધા સંવરના પ્રકાર છે. વિશેષ આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૭૯ ગાથા–૨૦૫ ગુરૂવાર, અષાઢ વદ ૧૩, તા. ૦૩-૦૮-૧૯૬૭

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'. મુનિનો મુખ્યપણે અધિકાર છે. ગૌણપણે શ્રાવકનો પણ એમાં અધિકાર છે. ધર્માત્મા બાર ભાવના ભાવે છે એમ કહે છે. પરથી વૈરાગ્ય માટે, પરથી વૈરાગ્યની પુષ્ટિ માટે બાર ભાવના વારંવાર ભાવે છે, જેથી સ્વભાવના આશ્રયમાં અસ્તિમાં આશ્રય કરવાની અનુકૂળતા પડે. સમજાણું કાંઈ? આ બાર ભાવના ભાવતા સંસાર આદિથી વૈરાગ્ય થાય અને આત્માના અંતરના સ્વભાવના આશ્રયને અનુકૂળ પડે. સમજાણું કાંઈ? એને માટે ધર્માત્મા ભાવના ભાવે છે. બે ભાવના આવી ગઈ.

**'૩. સંસાર ભાવના — સંસાર બહુ દુઃખરૂપ છે,...'** જરીએ સુખ નથી. બહુ દુઃખરૂપ છે. ઘણું દુઃખ છે.

મુમુક્ષુ :– ઘણું એટલે થોડું સુખ છે અને થોડું દુઃખ..

ઉત્તર :– એ ક્યાં (કહ્યું)? ઘણું દુઃખરૂપ છે એમ કીધું પછી એમાં વળી ક્યાં આવ્યું? કહો, 'પોપટભાઈ'! ઘણું દુઃખ છે એમાં થોડું સુખ આવ્યું? ઘણું એટલે કે એનો અર્થ એકલું દુઃખરૂપ છે. ચારે ગતિ. આત્મા અનાકુળ આનંદ સ્વરૂપથી ઊલટી ચાર ગતિ છે. એ ચારે ગતિમાં આકુળતા છે. એની વાત કરે છે. એમ વારંવાર વિચાર કરે તો પર તરફથી વૈરાગ્ય થાય, સ્વ તરફના આશ્રયમાં જોડાય. સમજાણું કાંઈ?

**'ચારે ગતિમાં ક્યાંય પણ સુખ નથી.'** એક મોક્ષમાં સુખ છે અને એ સુખનો ઉપાય આત્માને આશ્રયે થાય છે એમ કહેવું છે. **'નરક ગતિમાં તો પ્રગટરૂપ...'** સંયોગથી વાત કરે છે ને? **'તાડન ભેદન-છેદન, ઇત્યાદિ ઘણાં દુઃખ છે,...'** નરકમાં આવા દુઃખ છે. સંયોગથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વાત કરે ને વાત કરે તો. છે તો ત્યાં આકુળતાનું દુઃખ. પણ એને આ તાડન, છેદન-ભેદન આદિ થાય છે, એમાં એને પોતાથી આકુળતા થાય છે. કહો, આવા નરકમાં અનંતવાર ગયો હતો એમ વિચાર કરે, કહે છે. અનાદિનો આત્મા છે. એવા ભવ અનંતા કર્યા છે. એકલું પ્રગટ દુઃખ.

**'તિર્યંચ ગતિમાં ભૂખ, તરસ, ઘણો ભાર લાદવો વગેરે દુઃખ છે.'** એમ વારંવાર ભાવના કરે તો ગતિમાંથી એને વૈરાગ્ય થાય. સમજાણું કાંઈ? **'મનુષ્ય ગતિમાં પણ અનેક ચિંતા...'** અનેક અનેક ચિંતા. રળવાની, ખાવાની, પીવાની, છોકરા સાચવવાની, આબરૂની, પૈસાની, મકાનની, પોતાની યોગ પ્રમાણે વ્યવસ્થાની. એય...! ચિંતા... ચિંતા.. ચિંતા... ચિંતા. બરાબર હશે? યોગ્યતા પ્રમાણે પાછી કન્યા ન મળે તો એની ચિંતા, યોગ્યતા પ્રમાણે છોકરો વરે નહિ તો ચિંતા, યોગ્યતા પ્રમાણે પોતાની કન્યા વરે નહિ તો ચિંતા, સાધારણ ઘર મળે તો ... એય...! ચિંતા... ચિંતા... ચિંતા. ઘણા દુઃખ છે. મનુષ્યમાં પણ ઘણા દુઃખ છે. સુખ જરાપણ નથી, હોં! મનુષ્યગતિમાં મનુષ્યગતિને કારણે જરા પણ સુખ નથી. એમ કહે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જરા પણ સુખ નથી. એમ હોય? કાંઈક ઠીક હોય, છોકરો અનુકૂળ, પૈસા અનુકૂળ.

મુમુક્ષુ :– એ વધતો જ રહે છે..

ઉત્તર :– ભાઈ! ધર્મ, અર્થ અને કામ ચારે મળ્યા કહે છે પછી? એ મીઠાશથી બોલે છે ને કેટલીવાર. ક્યાંય ધૂળમાં પણ નથી. મનુષ્યગતિ પોતે દુઃખરૂપ છે એમ સિદ્ધ કરવું છે અહીં તો. સમજાણું કાંઈ? પછી એના સાધનોમાં વિકલ્પો અને ચિંતા ઊઠે એ તો એકલી બળતરા છે. સમજાય છે?

મુમુક્ષુ :– .. મનુષ્યગતિની વાત જરા લંબાવો.

ઉત્તર :– તિર્યંચનું હજી આવે છે ને? આવી ગયું? આવી ગયું. તિર્યંચમાં તો નિગોદનું અનંતું દુઃખ. આહાહા..! એક શરીરમાં અનંતાજીવ અને અનંતમાં ભાગે જ્ઞાનનો ઊઘાડ રહી ગયો. અનંતાનુબંધી આદિ કષાયની આકુળતા. પ્રકાશનો પૂર પ્રભુ! એની પર્યાયમાં આવી આકુળતા. નિગોદના દુઃખો નરક કરતા અનંતગુણા છે. નરકના સંયોગથી લોકોને ભાસે છે. નિગોદમાં અંતરની, સ્વભાવની હિનતાનું પરિણમન (થયું છે) એ જ મહા દુઃખ અને આકુળતા છે. સમજાણું કાંઈ? એક શ્વાસમાં અઢાર ભવ. ઉપરા ઉપર.. ઉપરા ઉપર... ઉપરા ઉપર... મરે ને જન્મે, મરે ને જન્મે. અનંતાજીવ ક્યાં જાય? બહારમાં નીકળવાના તો અસંખ્ય સ્થાન છે, અસંખ્યજીવ છે. સમજાણું? એમાં ને એમાં અનંતા મરે અને જીવને એમાં ને એમાં સ્થળ છે. એમાંથી નીકળવાના તો અસંખ્યજીવ છે. અનાદિકાળથી નિત્યનિગોદમાં એવા અનંતા ભવ કર્યા. એ ભવમાં ક્યાંય સુખ છે નહિ. એમ વારંવાર એની ભાવના (ભાવવી).

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લીલોતરી નિગોદ જુઓને આ. વનસ્પતિ ચારેકોર પથરાઈ ગઈ છે અત્યારે. એક નિગોદના અનંતમાં ભાગનો એક અંશ થોડો ભાગ આવે તો આખા અઢી દ્વિપ પથરાઈ જાય. પ્રત્યેક વનસ્પતિથી અઢી દ્વિપ પથરાઈ જાય. કેટલા જીવો! સમજાણું કાંઈ? એમાં દુઃખ જ છે. નિગોદમાં બટાટા, શક્કરકંદ, એ આમ દેખાય કે તાજા પડ્યા છે પણ અંદરમાં, પર્યાયમાં હીણી દશાનું મહાદુઃખ છે. અવસ્થાનું હીણાપણું થયું છે ત્યાં મિથ્યાત્વ ને અનંતાનુબંધીના કષાયનો રસ ઘણો છે. સ્થિતિ ભલે થોડી છે. સમજાય છે? નિગોદમાં કર્મની સ્થિતિ થોડી. એક સાગરની સ્થિતિ. સ્થિતિ ઉપર વાત નથી, એનો રસ બહુ આકરો છે. સમજાણું કંઈ?

નિગોદના જીવને જાજામાં જાજી સ્થિતિ પડે તો એક સાગરોપમ. એક જ સાગર. મિથ્યાત્વની. સ્થિતિ ઉપર વાત નથી, પેલા રસ ઉપર છે. અહીં અનંતા ક્રોડાક્રોડીની સ્થિતિ પડે કે સીત્તેર ક્રોડાક્રોડીની, પણ છતાં સ્થિતિ લાંબી. પણ અહીંયા રસ થોડો છે. ત્યાં ઘણો રસ અનુભાગ તીખો. એટલી આકુળતા છે. એક શરીરમાં અનંતા. એ સંકડાશનું દુઃખ નથી, હોં! એની હીણી પરિણમન દશા અનંતગુણની, એ જ્ઞાનના અક્ષરમાં અનંતમો ભાગ ઉઘાડ રહી ગયો. આનંદનો તો બિલકુલ અભાવ. શ્રદ્ધા તદ્દન વિપરીત. એક જ શરીરનો સંયોગ. ફેરફાર ફેરફાર શરીર કરવાના. સમજાણું? જેમ રાજા હોય તો કેટલી એને ૨૦૦-૩૦૦ તો જોડાની જોડ હોય. જોડાની.

મુમુક્ષુ :– શું કરવા આટલા રાખે છે?

ઉત્તર :– શું કરવા એ? એને એકદમ મમતા છે કે આ બહાર ફરવા જાય તો અમુક પહેરે, અમુક ફરવા જાય તો અમુક પહેરે. એ સપાટ કહેવાય. એવી બધી ભાષા છે ને. એ બધી જુદી-જુદી જાતની. આ ભાવસિંહજી ગુજરી ગયા. ૩૦૦ જોડા નીકળ્યા. ૩૦૦ જોડાની જોડ. શું કરે? મમતા છે તો ફેરવ્યા ફેરવ, ફેરવ્યા ફેરવ. બાયડીયું ને જોયું છે? બાયું પાસે દસ-પંદર જાતના સાડલા હોય. ઘરમાં પહેરવાનો બીજો, બહાર બેસવાનો બીજો, આખો દિ' બેસવાનો બીજો, જંગલે જવાનો બીજો, મળવા જવાનો બીજો. એ બધા ટંકમાં જુદા જુદા સાડલા હોય. સાડલા સમજાય છે? સાડી. એટલી મમતા છે કે એને ફેરવ્યા ફેરવ.. ફેરવ્યા ફેરવ (કરે છે). તો પેલાને એટલી મમતા છે કે શરીર અંતરમાં ફર્યા ફર કરે છે. એને બીજું તો કાંઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

એવા નિગોદના, તિર્યંચના દુઃખ. આ પંચેન્દ્રિય (તિર્યંચને) કાપે, છેદે, મોળે, આ પાંજરામાં ઉંદરને પકડી અને ઊના-ઊના પાણી માથે નાખે, લ્યો. ધગધગતા ઊના પાણી. અમારે ત્યાં 'પાલેજ'માં નજરે જોયું છે. દુકાનની જોડે નરોતમની દુકાન. 'વડોદરા'વાળા. લોટિયાવાળા. એનો માણસ હતો તે ઉંદર પકડીને અને માથે પાણી ઊનું નાખે. અરે..! પણ આ શું કરે છે તું? આ તો ઘણા વખત(પહેલા)ની વાત ચાલે છે. (સંવત) ૧૯૬૨-૬૩ની. ધગધગતા પાણી નાખે. એ જરીક મડદા જેવું થાય ત્યાં અંદરથી ખેંચી લે. આહાહા..! કેટલી આકુળતા!

www.vitragvani.com



માણસ એમ માને છે કે એને (થાય છે). એમ નહિ, આ જીવને એવું અનંતવાર થઈ ગયું છે. એને આંખ મીંચીને કોઈ દિ' ઉઘાડી જ નથી. સમજાય છે? રાગની એક્તાબુદ્ધિમાં આંખ મીંચી દીધી છે. કહો, 'સેઠી'! આહાહા..!

આવો વૈરાગ ભાવે તો એ બહારથી ખસે અને અંતર સ્વરૂપ તરફની લીનતા થાય. એમ વાત છે. તીર્થંકરો પણ જ્યારે ગૃહસ્થાશ્રમમાં એ ભાવના ભાવે છે. છન્નુ-છન્નુ હજાર સ્ત્રી હોય, છતાં ભાવના અરે..! આ નહિ. આ નહિ. સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાની છે, ત્રણ જ્ઞાન લઈને આવ્યા છે. વારંવાર ભાવના ભાવે છે કે અરે..! આ શું? અમે આ ભવે મોક્ષ જનારા. આ સ્થિતિમાં શું છે? અરે..! આ રાગની સ્થિતિ, આ આકુળતા ક્યાં સુધી? એમ વૈરાગ્ય ભાવના ભાવે છે. સમજાણું કાંઈ? મનુષ્યપણામાં તો અનેક આકુળતા છે. દીકરો ન હોય તો ચિંતા, દીકરો હોય તો પાળવાની ચિંતા, સરખાયની ચિંતા, દીકરી ન હોય તો ચિંતા, હોય તો ચિંતા, સરખે લગનમાં પરણાવે તો ચિંતા, ન સરખું ચાલ્યું હોય તો ચિંતા.

મુમુક્ષુ :– ચિંતાનો વિષય નહિ પણ મજાનો વિષય...

ઉત્તર :– મજા ક્યાં હતી પણ? મજા હતી જ ક્યાં? ધૂળમાં? જેમાં એ કહે છે કે આ ઠીક (છે) એ પોતે ચિંતા છે.

મુમુક્ષુ :– ભાગ્યશાળી હોય એને તો વિકલ્પ પ્રમાણે થયા કરેને.

ઉત્તર :– ધૂળમાં પણ વિકલ્પ પ્રમાણે થતું નથી. થાય તો બહારનું થાય ને. આકુળતામાં ક્યાં વિકલ્પનો અભાવ છે? ચિંતા તો લાગેલી પડી છે. ચિંતા અગ્નિ. 'ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ, ગુણ, જ્ઞાન. ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.' આવે છે ને કાંઈક? ચિતા સમાન. અગ્નિ સમાન છે. 'સેઠી'! એ તો દુકાન ઉપર બેઠા હતા ત્યારે ઘણું બધું વાચ્યું હતું ને? સમજાણું કાંઈ?

**'દેવોનું આયુષ્ય લાંબુ...'** જુઓ! હવે દેવની વાર્તા કરે છે. સમજાય છે? **'દેવગતિમાં પણ વિષય-વાસના છે...'** વિષય વાસના છે, વિષયની ગંધ છે એ જ દુઃખ છે, એમ કહે છે. વિષયવાસના એ પોતે દુઃખ છે, આકુળતા છે. પ્રહાર છે. આત્માની શાંતિ ઉપર પ્રહાર પડે છે. સમજાણું કાંઈ? **'અને નાના દેવો મોટા દેવોનો વૈભવ જોઈને દુઃખી થાય છે,...'** મોટા વૈભવશાળી દેવ દેખી નાના સાધારણ દેવ.. અરે..રે..! અમને આ નહિ! એમ ચિંતામાં સળગ્યા જાય છે. સમજાણું કાંઈ? વિષયની અગ્નિના અંગારે શેકાય છે એ. લોકોને ખબર નથી. ચણો જેમ તાવડામાં શેકાય, તાવડામાં ચણો શેકાય એમ આકુળતામાં દેવો પણ શેકાય છે.

'કુંદકુંદાચાર્યે' એમ જ કહ્યું છે, અરે..! સમકિતીને જેટલો રાગ રહી ગયો એના પુણ્યબંધ થયા અને સ્વર્ગમાં ગયા એ વિષયવાસનાના અંગારાથી ત્યાં પણ દુઃખી છે. શેકાય છે. આહાહા..! જેને અનુકૂળતા કહે એના તરફનો વિકલ્પ અગ્નિ સમાન આકુળતા છે. આહાહા..! ભગવાન આનંદ સ્વરૂપમાંથી ખસવું, એ બધું દુઃખરૂપ વિકલ્પ છે. ચાહે તો શુભ હો કે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ચાહે તો અશુભ. સમજાણું કાંઈ? એમ ધર્માત્માએ વારંવાર સ્વભાવ સન્મુખ થવા માટે, પરથી વૈરાગ્યની પુષ્ટિ માટે ભાવના કરવી.

**'દેવોનું આયુષ્ય લાંબું અને દેવાંગનાઓનું આયુષ્ય ટૂંકું હોવાથી વિયોગમાં અવશ્ય દુઃખ થાય છે.'** લ્યો. દેવાંગના નાની ઉંમરની હોય છે. દેવો મોટી ઉંમરના અને એની ઉંમરની સ્થિતિમાં તો ઘણી દેવાંગનાઓ મરી જાય, વળી નવી આવે, મરી જાય. એના વિયોગ. પ્રેમ બાંધ્યા હોય. એ ચાલી જાય. આનું આયુષ્ય સાગરોપમનું હોય, ઓલાનું આયુષ્ય થોડું છે. બહુ મોટામાં મોટું હોય તો ૫૫ પલ્યોપમ. જાજું છે નહિ. દેવનું સાગરોપમ. એક સાગરોપમ એવા ૫૫ પલ્યોપમ એવા તો દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. સમજાણું કાંઈ? જે દેવાંગના સાથે અસંખ્ય વર્ષ પ્રેમ રહ્યા હોય (એની) આયુષ્ય સ્થિતિ પૂરી થાય. બેઠો હોય અને સ્થિતિ ચાલી જાય અને ખલાસ. હાય.. હાય.. ૫૫ પલ્ય. પણ એ તો કેટલું? બહુ થોડું. દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. આ તો મોટામાં મોટી વાત કરી, હોં! બાકી દેવાંગનાઓની નાની સ્થિતિ છે. પોતાની હાજરીમાં એવી કેટલીય દેવાંગનાઓ અનેક મરે અને જાય મરે અને જાય. એવું દુઃખ દેવને છે, ભાઈ! સંયોગ-વિયોગનું દુઃખ. સંયોગ હોય તો પણ આકુળતા અને વિયોગ હોય તો પણ આકુળતા.

**'મરણના છ માસ અગાઉ જ્યારે માળા કરમાવા લાગે...'** માળા પહેરી હોય એ કરમાય. આમ દેખે કે ઓ..હો..! આયુષ્ય પૂરું થવા આવ્યું. હવે છ માસમાં તો અહીંથી ઉપડવાનું. અને કેટલાક એવા મિથ્યાદષ્ટિ જીવ તો ગધેડામાં અવતરે. સમજાય છે? અને કેટલાક તો એવા જીવ હોય કે વનસ્પતિમાં ઊપજે, કોઈ પૃથ્વીમાં ઊપજે, કોઈ પાણીમાં ઊપજે. બસ ત્રણમાં. અગ્નિ, વાયુમાં નહિ. સમજાણું? દેવ મોટા મરીને પૃથ્વીમાં ઊપજે. મમતા કરી હોય ને ત્યાં, પૃથ્વીના સાધન બધા સારા સારા દેખીને. પાણી ઊંચા હોય નહાવાના. એવી ગૃદ્ધિ સેવે તો મરીને પાણીમાં જાય. દેવ મરીને પાણી. એકેન્દ્રિય. દેવ મરીને વનસ્પતિ. એ કો'ક છોકરા હમણા પૂછતા હતા કે આ લીમડામાં? કે લીમડામાં ન આવે. લીમડા મોટા થયા છે ને? દેવ મરે તો એમાં ન આવે. એ તો ઊંચા સુગંધી ફૂલ ગુલાબના એવામાં આવે. હલકી વનસ્પતિ, હલકી પૃથ્વી આદિમાં દેવ મરીને આવે તો કોઈ હીરા હોય, માણેક હોય એવામાં આવે. સાધારણમાં ન આવે. 'પોપટભાઈ'! પાણીમાં આપણે એવું સુગંધી પાણી આદિ હોય ત્યાં આવે. હલકા સાધારણ પાણીમાં ન આવે. વનસ્પતિમાં પણ સાધારણ વનસ્પતિ જે છે એમાં દેવ ન આવે. કોઈ સુગંધી ગુલાબના ફૂલ હોય તો એવા આવે છે ને? નાના નાના ફૂલ બહુ ઊંચા સુગંધી (થાય છે) એમાં દેવ આવીને અવતરે. ક્યાં એની બે સાગરની સ્થિતિ અને ક્યાં વનસ્પતિની (સ્થિતિ)? એવા અનંતા ભવ કર્યા. એક આત્માના સ્વઆશ્રય દષ્ટિ વિના પરાશ્રયમાં આવા આવા અનંતવાર દુઃખો સહન કર્યા છે, એમાં ક્યાંય સુખ છે નહિ. કહો, સમજાણું?

www.vitragvani.com



**'ખેદ અને દુઃખ થાય છે. વગેરે પ્રકારે દેવગતિમાં પણ ઘણાં દુઃખ છે. એક સુખ માત્ર પંચમગતિ અર્થાત્ મોક્ષમાં છે. તેથી પ્રત્યેક પ્રાણીએ ચાર ગતિરૂપ સંસારથી ઉદાસીન થઈને પંચમગતિ પ્રાપ્ત કરવાનો ઉપાય કરવો જોઈએ. આવું હંમેશા ચિંતવન કરતા રહેવું તે ત્રીજી સંસાર ભાવના છે.'**

**'૪. એકત્વ ભાવના – આ આત્મા સદા એકલો જ છે.'** સદા એકલો છે. ક્યાંય બેકલો છે? આ 'હીરાલાલ' છે કે નથી? અરે..! ભાઈ ભાઈ કરે તો ત્યાં તો આમ આમ થઈ જાય છે. ભાઈ! તમે હવે રોકાવો. તમારે હવે મારી કાંઈ ચિંતા ન કરવી. જાવ જાવ. એય..! 'પોપટભાઈ'! અરે..! ભારે ભાઈ! કહે છે કે એકલો જ છે. એમાં જે ભાઈ! ભાઈ! કરે એમાં જે આકુળતા આવે એ દુઃખ જ છે એમ કહે છે. આહાહા..! આ તો તમારો દાખલો આપીએ છીએ, હોં! બીજા બધાને. તમારે બધું અનુકૂળ છે ને? આત્મા એકલો જ છે. જન્મ અને મરણમાં એકલો જ છે. આહાહા..!

મુમુક્ષુ :– જન્મ અને મરણની વચમાં?

ઉત્તર :– વચમાં એકલો. આ તો પછી દેવ તો સાધારણ વાત કરી દીધી. સદાય પહેલી કરી દીધી. 'જન્મતા કોઈએ ન જાણીયો, મરતા કોઈ ન રોનાર રે..' ત્રણ ખંડનો ધણી 'શ્રીકૃષ્ણ' જન્મતા કોઈએ ન જાણ્યા. ગોકુળમાં જન્મ્યા. મરતા કોઈ રોનાર નહિ. જંગલમાં એકલા. 'તરસે તરફડે રે ત્રિકમો. નહિ કોઈ પાણીનો પાનાર રે. કોઈ ગર્વ ન કરશો રે ગાત્રનો.' એવી સજ્જાય આવે છે. સજ્જાય દુકાને બહુ બોલતા ત્યારે. ચારે સજ્જાયમાળા રાખી હતી. 'ન્યાલચંદભાઈ'! પહેલેથી સંસ્કાર હતા ને એટલે દુકાને આખો દિ' અને રાત્રે સુતા સુધી કર્યા છે. વેપાર તો અમુકકાળ 'જન્મતા કોઈએ ન જાણ્યો, મરતા કોઈ ન રોનાર રે. તરસે તરફડે રે ત્રિકમો. નહિ કોઈ પાણીનો પાનાર રે. ગર્વ ન કરશો રે ગાત્રનો. સહજાનંદી રે આતમા.' એમ છે. સજ્જાય એ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના એમ સજ્જાય આવે છે. એક સજ્જાય છે. 'સહજાનંદી રે આત્મા. શું સુતો નિશ્ચિંત રે. મોહતણા રે રણિયા ભમે.' આ બધી સજ્જાય છે. તે દિ' બહુ કરેલી. મોઢે વાંચીએ અને મોઢે થઈ ગયેલી. હવે ભૂલી ગયા બધી. સમજાણું કાંઈ? છે અહીં, બધું તૈયાર છે. સજ્જાય ચાર છે, અહીં બધી પડી છે. 'સહજાનંદી રે આત્મા. શું સુતો નિશ્ચિંત રે. મોહતણા રે રણિયા ભમે. જાગ જાગ મતિવંત રે, એ લુંટે જગતના જંત રે. નાખી વાંક અનંત રે.' શું કરવા પરણ્યા હતા? કરવું પડશે. શું કરવા છોકરું કર્યું? કરવું પડશે (એમ) વાંક નાખે. આ તો બધું પહેલેથી (જોયું છે). 'સેઠી'! 'નાખી વાંક અનંત રે. કોઈ વીરલા ઉગરંત રે.' એ બધું સજ્જાયમાં આવે છે, સજ્જાયમાળામાં છે, હોં! 'સહજાનંદી રે આત્મા.' એ... 'ન્યાલચંદભાઈ'! સજ્જાયમાળામાં ઇ આવે છે. અહીં સજ્જાયમાળા છે. કાઢોને!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :–

ઉત્તર :– ના ના, કોઈને લાગે કે આ તો સહજાનંદીનું મહારાજે ગોઠવ્યું લાગે છે. એ પહેલેથી આવે છે. આ તો બધી ઘણી સજ્જાયોમાં. કેટલીક વૈરાગ્યની તો મોઢે થઈ ગયેલી. જ્યાં સુધી સુઈએ ત્યાં સુધી ગાયા જ કરીએ, અમે વાંચ્યા જ કરતા, એ વખતે, હોં! નાની ઉંમરમાં. ત્યાં એક લખ્યું છે, જુઓ! મોઢા આગળ આંકડો લખ્યો છે. સમજાણું? ત્યાં વળી દુકાન ઉપર પણ અમારે સાધુ એવા હોય કે એવું હોય તો અમે દુકાન છોડીને ચાલ્યા જતા. આપણે તો એ રીતે કરતા, આ બધા કરો તો કરો. પછી કહે, ભગત આ કામ નહિ કરે. ભાઈ ! નહિ કામ કરીએ અમે, જાવ. સવારથી સાંજ અમારી દુકાન બંધ. એમાં ક્યાંક છે. એમાં લખેલું હતું. મોઢા આગળ છે ને? સહજાનંદી સજ્જાય લ્યો તરત આવ્યું. ૧૩૦ પાને. લ્યો. પાનું ૧૨૯ આવ્યું, જુઓ! બીજી અશરણ ભાવના ભાવી. અશરણ ભાવનાની આ સજ્જાય છે.

'સહજાનંદી રે આત્મા. સૂતો કાંઈ નિશ્ચિંત રે. મોહ તણા રે રણિયા ભમે. જાગ જાગ મતિવંત રે. એ લુંટે જગતના જંત રે.' આ દુનિયા તને લુંટે છે, સારો કહીને, આમ કરીને, મરી જઈશ. 'લુંટે જગતના જંત રે. નાખી વાંક અત્યંત રે.' વાંક નાખીને. આ તમે આમ ન કર્યું, ફલાણું ન કર્યું, શું કરવા ત્યાં પરણવા આવ્યા હતા? હવે છોડી દીધું. એક જણે લખેલું, તો વૃદ્ધને પરણવી હતી. જુવાનને શું કરવા પરણ્યા? એવા કાગળો (આવતા). અમારે બધું હોય ને? કેમ? 'શામજીભાઈ'! એવા કાગળો આવે. એને ખબર પણ નહિ હોય. કહો, સમજાણું?

'નરકાવાસ ઠરવંત રે. કોઈ વીરલા ઉગરંત રે.' જોયું આવ્યું. 'રાગદ્વેષ પરિણતિ ભજી, માયા કપટ કરાય રે, કાશ કુસુમ પરે જીવ.' કાશ એટલે આકાશ. આકાશના ફૂલડા. 'કાશ કુસુમ પરે જીવડો. ફોગટ જન્મ ગુમાયરે. માથે ભય જમરાય રે. સ્વમન ગર્વ કધાય રે. સૌ એક માર્ગ જાય રે. કોણ જગ અમર કહાય રે. સહજાનંદી રે આત્મા.' પહેલા વૈરાગ્યની સજ્જાય તો હતી ને લોકોને? કોની કરેલી? અંદર હશે. 'શુભવિજય'.

'રાવણ સરીખા રે રાજવી, નાગા ચાલ્યા વિણ ધાગ રે. રાવણ સરીખા રે રાજવી, નાગા ચાલ્યા વિણ ધાગ રે. દસ માથા રણ રડવડ્યા, ચાંચ દિયે શીર કાગ રે.' કાગડા ચાંચ દે. 'દેવ ગયા સવિ ભાગ રે.' દેવ ઘણા હતા. 'ન રહ્યા માનનો છાગ રે, હરિ હાથે હરિ નાગ રે.' લક્ષ્મણથી મરી ગયા. 'જોજો ભાયુંના રાગ રે.' જુઓ! પેલો વિભિષણ વયો ગયો હતો. એને વિભિષણની ખબર પડી. ભાઈ! આ રામ અને લક્ષ્મણ, વાસુદેવ, બળદેવ છે. બંધુ! નહિ પહોંચી શકો, ભાઈ! આગમમાં લખાણ છે કે વાસુદેવ પ્રતિવાસુદેવને મારે. ભાઈ! તમે પ્રતિવાસુદેવ છો. બહુ પ્રેમ હતો. બહુ કહ્યું. ભાઈ! એ રામ અને લક્ષ્મણ વાસુદેવ પાક્યા છે. બળદેવ પાક્યા છે. તમારું મૃત્યુ આવી ગયું. સીતાને મોકલો. ચાલ. વિભિષણ છોડીને

www.vitragvani.com



વયો ગયો. એવું બધું મોટું લાંબુ છે ઘણું. સમજાણું?

નારાયણપુરી દ્વારકા. જુઓ! 'નારાયણપુરી દ્વારકા બળતી મેલી નિરાશ રે. રોતા રણમાં એકલા.' કૃષ્ણ અને વાસુદેવ બહાર રોતા. અરે..! ભાઈ! આ પુણ્ય ક્યાં ગયા? આ દેવતાએ બનાવેલી નગરી, સોનાના ગઢ સળગે. આ પાણી નાખીએ એના તેલ થાય, ભાઈ! આ શું થયું? દરિયાના પાણી નાખે. મહા યોદ્ધા... મહા યોદ્ધા પાણી નાખે તો તેલ થાય. આ શું થયું? પ્રભુ! આ શું થયું? આહાહા..! આવું બધું નાશવાન છે અને અવિનાશી આત્મા છે એના શરણે જા, એમ કહે છે. જોયું!

'નારાયણપુરી રે દ્વારકા બળતી મેલી નિરાશ રે.. રોતા રણમાં તે એકલા. નાથા દેવ આકાશે...' દેવ વયા ગયા. 'ક્યાં તરુ છાયા વાસ રે.' ક્યાં તરું કૃષ્ણ જઈને ઝાડમાં સૂતા. 'ક્યાં તરું છાયા જળ જળી કરી ગયો શ્વાસ રે.' જળ જળ કરી ગયો શ્વાસ રે. પાણી.. પાણી... તૃષા. બળભદ્ર લેવા ગયા. 'બળભદ્ર સરોવર પાસ રે. સુણી પાંડવ શિવવાસ રે. સહજાનંદી રે આત્મા.' એવું છે. સમજ્યા ને? 'રાજી ગાજી રે બોલતા કરતા હુકમ હેરાન રે. પોઢ્યા અગ્નિમાં એકલા. કાયા રાખ સમાન રે. બ્રહ્મદત્ત નરક પ્રયાણ રે.' બ્રહ્મદત્ત જેવા નરકમાં પ્રયાણ રસ્તા લીધા એણે. એ તો માર્ગ ચાલ્યો જ આવે છે. 'કે મારગ વહેતો રે નિત્ય પ્રત્યે જોતા રે લગન હજાર રે.' લગન કર્યા તો માર્ગ તો ચાલ્યો જાય છે મરીને.

'જેવું પીપળ પાન રે એમ અધર જૂઠ ગુમાન રે. વાલેશ્વર વિના એક ઘડી નહિ સુહાતુ લગાર રે. તે જીણ જન્મારો એ ગયો...' કહો, 'મોહનભાઈ'! બાયડી વિના એક ક્ષણ નહિ ચાલે. તારા વિના શું કરીશ? એ ગઈ અને આ એમ ને એમ રહ્યું. મફતનો એમ કહે, બાઈ! તારા વિના મને નહિ ચાલે. પેલી મરતા મરતા કહે, હવે તમે શી રીતે કરશો? તમારી નાની ઉંમર તમારી છે. પરણજો એમ કહે છે. પણ આ ૪૫-૫૦ વર્ષ થયા. કોણ આપશે ? આ હોળી. આ બધું થયેલું છે. નામ-ઠામની બધી અમને ખબર છે. બધું જોયું છે. 'નહિ કાગળ સમાચાર રે.' કાગળ સમાચાર પણ ન મળે. 'નહિ કોઈ કોઈનો સંસાર.' એ સ્વાર્થીઓ. 'એ માતા મરુદેવી પહોંચ્યા મોક્ષ મોજાર.' મરુદેવી એક વખત ગયા હતા ને. શ્વેતાંબરમાં આવે છે. આ 'ૠષભદેવ ભગવાન' તો લહેર કરે છે. હું જાણે કે દુઃખી હશે. કહો, સમજાણું?

**'જન્મમાં તથા મરણમાં એકલો છે, તેનો કોઈ સંગી નથી.'** કોઈ સાથે નથી. **'તે સુખ ભોગવવામાં એકલો,...'** આ લૌકિક, હોં! **'સંસારભ્રમણ કરવામાં એકલો, નિર્વાણ થવામાં પણ એકલો. સદા આત્મા એકલો રહે છે, તેનો સાથી કોઈ નથી એવું હંમેશા વિચારવું તેને એકત્વ ભાવના કહે છે.'** લ્યો. બાર ભાવનામાંથી આમાં સજ્જાયમાં બહુ છે. પહેલાના વૈરાગી હોય ને એ લોકોની દૃષ્ટિ એવી હોય.

મુમુક્ષુ :– આપ સમજાવો છે અને વાંચવામાં બહુ ફેર પડી જાય છે. અમે વાંચીએ છીએ તો બધું અધ્ધરને અધ્ધર ચાલ્યું જાય છે અને આપ સમજાવો છો બરાબર સમજાય છે.

www.vitragvani.com



**'૫. અન્યત્વ ભાવના –સંસારના જેટલા પદાર્થ છે તે બધા જુદા જુદા છે,...'** લ્યો. અન્યત્વ. આત્મા જુદો, મન જુદું, વાણી જુદી, કાયા જુદી, કર્મ જુદા, શરીર જુદાં, બધું જુદું. આહાહા..! **'કોઈ પદાર્થ કોઈ પદાર્થમાં મળેલો નથી, મન, વચન, કાયા અને બધાં આત્માથી જુદાં છે,...'** આ મન, વચન અને કાયા જુદાં તો વળી બીજી ચીજને ક્યાં લેવું? કહે છે. તારી બાયડી, છોકરા તો ક્યાંય બહારમાં રહી ગયા. કહો, સમજાણું કાંઈ? **'જ્યારે આ શરીર, મન અને વચન પણ આત્માથી જુદાં છે તો આ પ્રગટરૂપે જુદાં એવા ઘર, મકાન વગેરે એક કેવી રીતે હોઈ શકે?'** એમ પરપદાર્થ ને મારું જુદાપણું છે એમ અન્યત્વની ભાવના ભાવતા પરથી વૈરાગ્ય થાય અને સ્વભાવ સન્મુખતા થાય એને માટે આ ભાવનાની વ્યાખ્યા છે. કહો, સમજાણું ? **'આ જાતનું વારંવાર ચિંતવન કરવું તે અન્યત્વ ભાવના છે.'**

**'૬. અશુચિ ભાવના - આ શરીર સદૈવ નવદ્વારથી વહેતા મળ-મૂત્રનો ખજાનો મહા અશુચિરૂપ છે...'** મળ-મૂત્રનો ખજાનો આ શરીર. આમાંથી પેશાબ-વિષ્ટા ઝરે છે. આમાંથી કોઈ કસ્તુરી નથી ઝરતી. કસ્તુરી ઝરે તો પણ જડ છે. મૃગલાને કસ્તુરી ઝરે. લ્યો ને કસ્તુરી આવે. તો એ જડ છે. આખો મળ-મૂત્રનો ખજાનો છે. આહાહા..! ભગવાન અમૃતનો પિંડ છે. આત્મા અમૃત આનંદનો પિંડ છે. આ વેદનાની મૂર્તિ, મળ-મૂત્રનો ખજાનો. પેશાબ -વિષ્ટા, હાડકા, ચરબી **'મહા અશુચિરૂપ છે. અને આત્મા જ્ઞાનમય મહાપવિત્ર છે,...'** જુઓ! એની સામે લીધું. ભગવાનઆત્મા અમૃતમય ચિદાનંદ પ્રભુ! ક્યાં પવિત્ર એ અને ક્યાં અવિત્ર એ! દ્વેષ નથી કરાવતા, હોં! અશુચિ ભાવના એ તો વૈરાગ્યની ભાવના છે. **'તો આત્માનો શરીરાદિથી સંબંધ કેવી રીતે હોઈ શકે? એમ વારંવાર ચિંતવન કરવું તે છઠ્ઠી અશુચિ ભાવના છે.'** વૈરાગ.. વૈરાગ... વૈરાગ. આહાહા..!

એ શૂન્ય વન, એ કૌશંબી વનમાં કૃષ્ણ એકલા જળવળ કરતાં કરતાં મરી ગયા. જુઓ તો ખરા! એ અશરણ. જ્યાં હુકમ કરે ત્યાં હજાર દેવ તૈયાર. અન્નદાતા! શું હુકમ છે? એને પાણી દેનાર ન મળે, ભાઈ! સંસાર તો એવો છે. સમજાણું કાંઈ? પાકા મકાન કરાવ્યા હશે, પાણીના ટાંકા ભર્યા હશે, દવાઓના કબાટ ભર્યા હશે એ કાંઈ શરણ નથી. કાંઈ નહિ આવે. એં... એં.. થઈ જશે. ભગવાનઆત્મા અમૃતનો પિંડ પ્રભુ છે. અરે..! ત્યાં જા ને, કહે છે. અહીં ક્યાં રોકાણો છે? એમ કહે છે. સમજાણું?

**'આત્માનો શરીરાદિથી સંબંધ કેવી રીતે હોઈ શકે?'** કારણ કે બે ચીજ જ જ્યાં જુદી છે. આ વિષ્ટા મળ-મૂત્રનો ખજાનો, ભગવાન અમૃતનો ખજાનો. બે ચીજ એક જગ્યાએ રહે છતાં બે નિરાળી એક કેમ થઈ શકશે? **'એમ વારંવાર ચિંતવન કરવું તે છઠ્ઠી અશુચિ ભાવના છે.'**

**'૭. આસ્રવ ભાવના - ૫ મિથ્યાત્વ,...'** એકાંત મિથ્યાત્વ (આદિ) પ્રકાર આવે છે ને? **'૧૨ અવિરતિ,...'** આસ્રવ. **'૨૫ કષાય, ૧૫ યોગ-એ આસ્રવના ૫૭ ભેદ છે. આ ભેદો**

www.vitragvani.com



**વડે આ જીવ હંમેશા કર્મોનો આસ્રવ કર્યા કરે છે.'** કહો, આ બધા ભેદો આસ્રવ દુઃખરૂપ છે. ૫૭ ભેદ બધા. શુભ, અશુભ, યોગ આસ્રવ એ દુઃખરૂપ છે એમ ભેગું આવી ગયું એમાં. ૧૫ યોગ આવી ગયા કે નહિ? ૨૫ કષાય, ૧૫ યોગ. સમજાણું? **'આ ભેદો વડે આ જીવ હંમેશા કર્મોનો આસ્રવ કર્યા કરે છે.'** શુભ-અશુભ જોગ વડે આસ્રવ કરે છે એનાથી દુઃખ છે, એનાથી કર્મ આવે છે. કહો, એવી ભાવના સમ્યગ્દૃષ્ટિ વારંવાર કરે છે.

**'જ્યાં સુધી (શુદ્ધભાવરૂપ સંવર વડે) તે આસ્રવોનો ત્યાગ ન થાય..'** લ્યો. જ્યાં સુધી શુદ્ધ ભગવાનઆત્મા, એનો આશ્રય લઈને સંવર અને નિર્જરા પ્રગટ ન કરે, **'ત્યાં સુધી આ જીવ સંસારમાંથી છૂટી શકતો નથી.'** એ ૧૫ યોગમાં. સમજ્યાને? એ ... ન હોય ભલે અમુક યોગ હોય છે ને ... સમજાણું? **'અર્થાત્ જીવને આ આસ્રવ જ દુઃખદાયક પદાર્થ છે–'** જુઓ! સંયોગપદાર્થ દુઃખદાયક નથી કહે છે. એ આસ્રવ જે મલિન પરિણામ શુભાશુભભાવ (છે) એ દુઃખદાયક છે. સમજાણું કાંઈ? **'એમ વારંવાર ચિંતવન કરવું...'** તે વૈરાગ્યનું કારણ હોવાથી **'આસ્રવભાવના કહે છે.'**

**'૮. સંવર ભાવના - કર્મોના આગમનને રોકવું તેને જ સંવર કહે છે. આ સંવર જ સંસારથી છોડાવનાર...'** લ્યો. એ દુઃખથી છોડાવનાર. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ! એનો આશ્રય થતાં જે સંવર-નિર્જરા થાય, એ સંસારથી છોડાવનાર છે. બીજો કોઈ ઉપાય નથી. **'મોક્ષમાં પહોંચાડનાર છે.'** એ સંવરની પૂર્ણ દશા તે મોક્ષનું કારણ થાય છે. **'પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દસ ધર્મ, બાર ભાવના, બાવીસ પરિષહ...'** એ બધું આવી ગયું ને? બાર ભાવના ચાલે છે. અને બાવીસ પરિષહ હવે આવશે. અને **'પાંચ પ્રકારના ચારિત્ર - એ બધાં સંવરના કારણ છે.'** સ્થિરતારૂપ તે કારણ યથાર્થ છે અને વિકલ્પરૂપ નિમિત્ત કારણ છે.

**'બધા પ્રાણીઓએ આ બધાં કારણોને ધારણ કરી સંવરની પ્રાપ્તિ કરવી જોઈએ. – એવું વારંવાર ચિંતવન કરવું...'** વારંવાર એની ભાવના કરવી જોઈએ. પાંચ-પચાસ લાખ પેદા થયા હોય તો એને કહેવાની કેવી હોંશ હોય છે? બીજાને જ્યાં ત્યાં ફૂંકે. આમ કર્યું તેમાંથી બે લાખનો બંગલો ઊભો કર્યો. આ દીકરીઓના ૫૦-૫૦ નાખ્યા હતા. સગામાં આમ કર્યું. ફલાણું આમ કર્યું, દીકરીના લગન કર્યા એમાં બે લાખ કરિયાવરમાં આપ્યા. જ્યાં હોય ત્યાં બધા પાસે ફૂંક્યા જ કરે. એ જાતની દુઃખની ભાવના છે. આ ભાવના... આ ભાવના કર, કહે છે જુઓ! સંવર ભાવના. સમજાણું કાંઈ? વારંવાર. સ્વભાવ સ્વરૂપનો આશ્રય, ચૈતન્ય ભગવાન પૂર્ણ શુદ્ધ, એનું અવલંબન, એનો આધાર, એનું શરણ એ સંવર છે. બીજું કોઈ સંવર નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જુના ચોપડા સાથે મેળ ખાય છે.

ઉત્તર :– ક્યાં જૂના સાથે મેળ ખાધો? ક્યાંય ખાધો નથી. કીધું ને, નિમિત્ત બે વાત લીધી. સ્થિરતારૂપ એ નિશ્ચયસંવર અને વિકલ્પરૂપ વ્યવહાર નિમિત્ત, બેય વાત કીધી. એ

www.vitragvani.com



બધામાં લીધી છે. દસ ધર્મ, ત્રણ ગુપ્તિ, બાર ભાવનામાં વિકલ્પ છે, બાવીસ પરિષહમાં વિકલ્પ છે એ જુદી વાત છે. એમાં કાંઈ ચાલે એવું નથી. એ તો જેવો માર્ગ છે એમ ચાલતો માર્ગ ધોખ માર્ગ ચાલ્યો જ આવે છે. જેમ મરણમાર્ગ કીધું ને હમણા? કે મરણનો માર્ગ ચાલતો છે. એમ આ મોક્ષનો માર્ગ ચાલતો જ છે. એ માર્ગે ચાલ્યા જ જાય છે. અનંતા અનંતા મોક્ષ ગયા. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'૯. નિર્જરા ભાવના – કર્મોનો એકદેશ ક્ષય થવો તેને નિર્જરા કહે છે.'** એકદેશે નાશ. સર્વદેશે નાશ એ મોક્ષ. **'આ નિર્જરા બે પ્રકારની છે : સવિપાક નિર્જરા અને અવિપાક નિર્જરા. સવિપાક નિર્જરા તો સંસારના સમસ્ત જીવોને સદૈવ થયા જ કરે છે...'** પૂર્વના કર્મનો ઉદય આવીને ખરી જવું એ સવિપાક. જેમ આ મનુષ્યપણું છે અને પૂર્વની બાંધેલી નરકગતિના રજકણો હોય, ગતિના હોં આયુષ્યના નહિ. ગતિના, એ ખરી જાય છે એ સવિપાક નિર્જરા છે. **'અવિપાક નિર્જરા તપ વગેરે કરવાથી જ થાય છે...'** અવિપાક નિર્જરા સ્વભાવના શરણથી થાય છે. **'અવિપાક નિર્જરા વિના જીવ સંસારથી મુક્ત થઈ શકતો નથી.'** પોતાના શુદ્ધ સ્વભાવનું શરણ લઈ અને અશુદ્ધતા અને કર્મ ટળે, એને અવિપાક નિર્જરા કહેવામાં આવે છે. **'માટે મોક્ષાર્થી જીવોએ આ અવિપાક નિર્જરા અવશ્ય કરવી જોઈએ. – એવું વારંવાર ચિંતવન...'** વારંવાર ભાવના, વારંવાર એની વિચારણા (કરવી).

**'૧૦. લોક ભાવના — આ અનાદિનિધન લોક...'** નિધન એટલે અનાદિઅનંત. **'કોઈએ બનાવ્યો નથી, કોઈ એનો રક્ષક નથી...'** છ દ્રવ્યથી આખો લોક અનાદિઅનંત (છે). **'કોઈએ બનાવ્યો નથી, કોઈ એનો રક્ષક નથી કે કોઈ એનો નાશ કરનાર નથી.'** લ્યો. ..**'એ સ્વયંસિદ્ધ અવિનાશી-કદી પણ નાશ ન પામનાર છે.'** છ દ્રવ્યથી લોક આવોને આવો ભર્યો છે. **'આ લોકના ત્રણ ભાગ છે. અધોલોક, મધ્યલોક, અને ઊર્ધ્વલોક. આ જીવ અનાદિકાળથી આ ત્રણે લોકમાં ભ્રમણ કરી રહ્યો છે.'** ત્રણે લોકમાં મિથ્યાદૃષ્ટિપણે સ્વરૂપની દૃષ્ટિ વિના, રાગાદિ મારા, પર આદિ મારા એવી દૃષ્ટિ કરી ત્રણલોકમાં રખડી રહ્યો છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! અધોલોકમાં નરકમાં રખડ્યો, ઉપર ઊર્ધ્વમાં રખડ્યો, મધ્યમાં મનુષ્ય અને તિર્યંચ આદિમાં રખડ્યો.

**'આ જીવ અનાદિકાળથી આ ત્રણે લોકમાં ભ્રમણ કરી રહ્યો છે.'** આ ત્રણે લોકમાં સુખનો અંશ પણ નથી. ત્રણ લોકની ગતિમાં સુખનો અંશ નથી. **'એ મહાન દુઃખની ખાણ છે. આ લોકનો નિવાસ ક્યારે ટૂટે...'** આ લોકનું રહેવું ચાર ગતિમાં રખવડું ક્યારે ટૂટે? **'એવો વારંવાર વિચાર કરવો એને જ લોકભાવના કહે છે.'** લ્યો. ચાર ગતિમાં રખડવું ક્યારે ટૂટે? અને આત્મામાં ઠરીને મોક્ષ ક્યારે પામવું એ વારંવાર ભાવના કરે. કહો, લક્ષ્મી ક્યારે વધે, આ થોડાની ઘણી, ક્યારે છોકરા વધે એવું આમાં નથી. દુઃખ.. દુઃખ, એ તો મોટા દુઃખના ઢગલા છે.

'**૧૧. બોધિદુર્લભ ભાવના –**' અર્થકારે કેવળજ્ઞાન લીધું છે. '**સંસારમાં બધી જ વસ્તુ સુલભ છે...**' અનંતવાર મળી છે. શરીર, કર્મ, આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, ગતિ, વૈભવ, આબરૂ, સુંદરતા, બહારની સભ્યતા, બહારના વૈભવના ઠાઠ બધા અનંતવાર મળ્યા છે. '**શીઘ્ર જ બધાને પ્રાપ્ત થઈ શકે છે.**' લ્યો. તરત જ એ મળે છે. ફટ દઈને એકદમ મોટો ચક્રવર્તી થઈ જાય કાં મોટો આ કરોડપતિ-અબજોપતિ અત્યારે દેખાય છે કે નહિ? ઘડીકમાં કાંઈ સાધારણ હોય, અને પંદર રૂપિયાનો પગાર અને એકદમ ઉદ્યોગપતિ. એવું અનંતવાર થાય છે. કોઈ પુણ્યનો યોગ હોય તો થાય. એમાં આત્માને શું? નુકસાન.. નુકસાન.. નુકસાન. તોટાના ધંધા છે. નફાનો એ ધંધો નથી એમ કહે છે. આ કહે, નફો મળ્યો, અહીં કહે તોટો થયો. એમ કહે છે. ખોટ ગઈ. કહો, સમજાણું?

'**જો કાંઈ દુર્લભ અને કઠિન હોય તો તે એક કેવળજ્ઞાન છે.**' અહીં એમ લીધું. બોધી કેવળજ્ઞાન. સમજાણું? એ કેવળજ્ઞાન અનંતકાળમાં કોઈ દિ' પ્રાપ્ત થયું નથી અને એનો ઉપાય પણ પ્રાપ્ત કર્યો નથી. અહીં તો ઉત્કૃષ્ટ વાત લેવી છે ને? '**કેવળજ્ઞાન વિના આ જીવને મોક્ષ મળી શકતો નથી, માટે પ્રત્યેક પ્રાણીએ તે જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવામાં તત્પર અને પ્રયત્નશીલ થવું જોઈએ. જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ નહિ થાય ત્યાં સુધી આ આત્મા સંસારમાં ભ્રમણ કરતો જ રહેશે.**' ક્ષાયિકભાવ પ્રગટ કર, ક્ષાયિકભાવ પ્રગટ (કર), એમ કહે છે. ક્ષયોપશમભાવનો પણ ભરોસો ન કર. આહાહા..!

'**તેથી હે આત્મા! જો તારે વાસ્તવિક સુખની પ્રાપ્તિ કરવી હોય તો તું શીઘ્ર ચાર ઘાતિકર્મોનો નાશ કરી શીઘ્ર જ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર. –..**' અને એ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉપાય દ્રવ્યનો આશ્રય લેવો તે. ભગવાન ખજાનો આનંદનો એનો આશ્રય લેવો તે પ્રાપ્તિનું કારણ છે. બીજું કોઈ કારણ નથી. '**આ પ્રકારનું વારંવાર ચિંતવન કરતા રહેવું તેને જ બોધિદુર્લભ ભાવના કહે છે.**'

'**૧૨. ધર્મભાવના – વાસ્તવમાં જીવને સુખ આપનારી વસ્તુ એક ધર્મ છે,..**' ખરેખર જીવને આનંદ આપનારો પદાર્થ તે ધર્મ છે. '**કેમ કે ધર્મ નામ સ્વભાવનું છે. પ્રત્યેક વસ્તુનો જે સ્વભાવ છે તેને જ ધર્મ કહે છે. જ્યારે તે દ્રવ્ય પોતાના સ્વભાવમાં પરિણમન કરે છે ત્યારે તે સુખી અને શુદ્ધ કહેવાય છે.**' આત્માનો સ્વભાવ જ્ઞાન અને આનંદ, એ વસ્તુનો સ્વભાવ, એ વસ્તુનો ધર્મ. એનું પરિણમન કરે ત્યારે એને ધર્મ થાય. '**તે સુખી અને શુદ્ધ કહેવાય છે. આ આત્માનો જે જ્ઞાનગુણ છે તે જ એનો ધર્મ છે.**' લ્યો. જ્ઞાન ધર્મ છે ને? જ્ઞાન–જાણવું. એ જાણવું જાણવાપણે પરિણમે, શ્રદ્ધાપણે પરિણમે, સ્થિરતાપણે પરિણમે, જ્ઞાનપણે પરિણમ્યું કહેવાય છે.

'**જ્યાં સુધી તે જ્ઞાન ધર્મનો અથવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણે ધર્મનો પૂર્ણ વિકાસ નહિ થાય ત્યાં સુધી આ આત્મા સંસારના બંધનમાંથી છૂટી શકતો**

www.vitragvani.com



**નથી.**' કહો, બધું સંકેલે છે. દસ ધર્મ આવી ગયા હતા ને? દસ ધર્મ ધર્મ છે એમ ત્રણ પ્રકાર આવે છે ને? દસ પ્રકારનો ધર્મ એ ધર્મ છે, દયા કરવી એ પણ આત્માનો ધર્મ છે. આત્માની અવિકારી દયા, હોં! પરની દયામાં શુભભાવ છે. **'જોકે આ ધર્મ પ્રત્યેક સંસારી આત્મામાં વિરાજમાન છે...'** વસ્તુ સ્વભાવ અંતરમાં બિરાજમાન છે. અકષાય કરુણા પણ આત્માનો સ્વભાવ, બિરાજમાન છે. વીતરાગ સ્વભાવ પ્રગટ થશે એ પણ આત્મામાં બિરાજમાન છે. કહો, સમજાણું કાંઈ? અરિહંતપદ જે પ્રગટશે એ અરિહંતપદ અંતરમાં બિરાજમાન છે.

'તત્ત્વાનુશાસન'માં આવી ગયું છે. મહારાજ! તમે અરિહંતનું ધ્યાન કરો છો તો અરિહંત તો નથી. તમે અરિહંતનું ધ્યાન કરો છો ને? પણ અરિહંત નથી. કોણ કહે છે કે નથી? અરિહંતની પર્યાય પ્રગટ કરવાની એ દ્રવ્યમાં પડી છે. એ અરિહંતનું ધ્યાન કરનારો સાચા અરિહંતનું ધ્યાન કરે છે. સમજાણું? નિષ્ફળ હોય તો કહે અરિહંતનું ધ્યાન કરવાથી શાંતિ આવી ક્યાંથી? ખોટા અરિહંત હોય તો. એ ભગવાન સાચો અરિહંત છે. 'અમરચંદભાઈ'! આત્મા અરિહંત છે એમ કહે છે. શિષ્યનો પ્રશ્ન થયો કે તમે અરિહંતનું ધ્યાન કરો છો. પણ અરિહંત તો ખોટા છે. અત્યારે અરિહંત ક્યાં છે? ખોટા ધ્યાન છે તો ખોટું ફળ આવશે. સાંભળને.

અરિહંતની જે પર્યાય કેવળજ્ઞાન, કેવળદર્શન છે, વીતરાગી પર્યાય બધી આત્મામાં બિરાજમાન છે. આત્મા અરિહંત થવાનો છે એ પર્યાય ક્યાંથી આવશે? અહીં વર્તમાનમાં અંદર છે. એ અરિહંતનું ધ્યાન કરે છે એને વાસ્તવિક શાંતિ મળે છે, એમ કહે છે. ભાષા છે ને એવી. જૂઠ-મૂઠનું કરે તો કાંઈ મળે નહિ. એવું કાંઈક હિન્દી છે. જૂઠ-મૂઠ. જૂઠ-મૂઠ શબ્દ છે. જૂઠ-મૂઠનું ધ્યાન કરે તો શાંતિ મળે? આત્મા સાચા અરિહંત છે. અત્યારે, હોં! આત્મામાં અરિહંતપદ શક્તિરૂપે, સત્ત્વરૂપે, ગુણરૂપે, ભાવપણે પડ્યું છે. ભાવમયી શક્તિ પડી છે ને? એનું ધ્યાન કરતાં, અરિહંતનું ધ્યાન કરતાં એ આત્માનું અને અરિહંતનું ધ્યાન છે. એનાથી એને સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિની પ્રાપ્તિ થાય છે. એનું ફળ કાંઈ જૂઠ-મૂઠ નથી. ફળ એનું સાચું છે. તો સાચા અરિહંત હોય તો સાચું ફળ આવે. સમજાણું કાંઈ ?

**'જો કે આ ધર્મ પ્રત્યેક સંસારી આત્મામાં વિરાજમાન છે...'** કહો, પાંચ પદની પર્યાય આત્મામાં બિરાજમાન છે. વીતરાગ ધર્મ, સમાધિ ધર્મ, શાંતિ આદિ ધર્મ, અવિકારી દયા આદિ ધર્મ, અવિકારી દયા એ બધું ભગવાનઆત્મામાં બિરાજમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? **'તોપણ જ્યાં સુધી એનો આત્મામાં વિકાસ ન થાય ત્યાં સુધી આ આત્મા સંસારરૂપી જેલમાંથી છૂટી શકતો નથી...'** સંસારરૂપી જેલ. 'એ દિવ્ય શક્તિમાન જેથી જંઝીરેથી નીકળે' 'શ્રીમદ્દે' ૧૬ વર્ષે કહ્યું. એ દિવ્ય શક્તિમાન ભગવાન આ સંસારથી જેલમાંથી નીકળે એ ઉપાય કર, ભાઈ! જેલ છે. અંદર રાગના તાળા માર્યા છે. સમજાણું?

પાંજરામાં પૂર્યો હોય, નાનું આટલું પાંજરું હોય, પગ ઊંચો કરવાની શક્તિ ન હોય,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એમાં પગની સાથે બે મણ બાંધ્યો હોય. આ 'મહુવા' પાસે ખસિયા કોળી હતી ને, બે ગામ. એની વહુને કાંઈક બોલવામાં ફેર પડ્યો હશે. બે ગામનો રાજા. કોળી. એ બાયુ સાથે ફેર પડ્યો હશે. એ મોટા .. ની દીકરી હતી. એને ભોંયરામાં ઉતારી, ત્યાં સુતાર પાસે આવડું પાંજરું કરાવ્યું. એમાં બેસાડી. અને પગમાં બાર મણિકા બાંધ્યા. એટલે પગ ઊંચો થાય નહિ. આમ ને આમ. બસ. આટલો રોટલો દરરોજ આપે અને પાણી આપે. રોટલો આપે અને પાણી આપે. સાડા ત્રણ વર્ષ ગયા. બાઈ કહે પણ તું મને મારી નાખ. મને મારી નાખ. મારવી નથી. આમ ને આમ કચરી કચરીને મરી જા. એય..! સાડા ત્રણ વર્ષ. પણ મરી નહિ. પછી એના બાપને ખબર પડી કે આ દીકરી ગઈ ક્યાં? થયું ક્યાં? થયું શું? કોઈએ મારી નાખી? ખૂન કર્યું? ગમે તેમ સંતાડી લાગે છે. પોલીસ ... 'ભાવનગર'માં 'પોપટલાલ' મોટા હતા. એને કહ્યું કે, મારી દીકરી છે. આ ગામમાં જ લાગે છે. ક્યાંય ગઈ નથી. મરી નથી. લાશ દેખાણી નથી. તપાસ બહુ કરી. પોલીસો લઈને આવ્યા. એનું ઘર કબજે કર્યું. ભોંયરામાં જુએ તો એ પાંજરું, અને પાંજરામાં બેઠી હતી. અઢાર રતલ તોલમાં રહી. સાડાત્રણ વર્ષથી. ૧૮ રતલ. છાપામાં આવ્યું હતું. અમે પાટીમાં ફોટો પણ જોયો હતો. તે દિ' પાટીમાં આવતા. અઢાર રતલ. પોલીસોએ બહાર કાઢી. ઘેરો ઘાલ્યો હતો. પોલીસ બહાર લઈને આવ્યા. આમ કરીને પછી હોસ્પિટલમાં લઈ ગયા. જીવતી હતી. પછી શું થયું કાંઈ ખબર નહિ. કહો, રાજાની બે ગામનો રાજા હતો. એની સ્ત્રી. એને સાડા ત્રણ વર્ષ સુધી (પુરી રાખી). આટલા પાંજરામાં. આમ ને આમ, હોં! ત્યાં ગાદી નહિ, તકિયો નહિ કાંઈ નહિ. પાછળ સરિયામાં આમ. પગ ઉંચા ન કરે એ માટે પગે બાર લટકતા મણિકા બાંધેલા.

મુમુક્ષુ :– પેશાબ પાણી...

ઉત્તર :– એ તો બધું એમાં ને એમાં ગંધાય. આટલો રોટલો, પોણો રોટલો આપે બસ. રોટલાનો ભાગ પોણો આપે, આખો નહિ, ઓછું નહિ. એટલો આપે. અને થોડું પાણી આપે. કહો, 'પોપટભાઈ'! એવું અનંતવાર થયું છે, હોં! એમાં કાંઈ એમ ન સમજવું કે આ એને જ થયું છે. આહાહા..! અનાદિ... અનાદિ... અવતારમાં... સમજાણું? તારો સ્વભાવ ભગવાન! જેમ અનાદિ એ છે એમ અનાદિનો તારામાં શુદ્ધ સ્વભાવ પણ પડેલો જ છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન ચિદાનંદસ્ફૂર્તિ, પ્રભુ! અમૃતના ખજાના ખોલ કહે છે. સમજાણું? એ રાગની એક્તા તોડ, ભગવાનને ખોલ. એ સિવાય તારે કોઈ શરણ છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? લાખ-લાખ, પચાસ હજાર રૂપિયા દિવસની પેદાશ થાય ત્યાં.. ઓહો..હો..! આપણે જાણે શું થઈ ગયું! હેરાન છો, દુઃખી છો, હવે શું થયું? તને શું થયું? સોજા ચડ્યા છે. છે? જેલમાં... જોયું?

www.vitragvani.com



**'માટે આ પ્રમાણે વારંવાર ચિંતવન કરતા રહેવું એને જ ધર્મભાવના કહે છે. – આ રીતે બાર ભાવનાઓનું વર્ણન કર્યું કેમ કે સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં એ પ્રધાન સહાયક છે.'** સમજાણું કાંઈ? એ અનુકૂળતાના ગંજમાં પણ પ્રતિકૂળતાનો વિચાર કરવો. અનુકૂળતાના સંયોગમાં એના વિયોગનો વિચાર કરવો. સંયોગ સાથે જ વિયોગ લઈને આવ્યું છે, એ કાંઈ તારી ચીજ નથી. જીવતા જેણે સંયોગમાં વિયોગપણાની ભાવના કરી છે તેને મરતાં વિયોગ કાળે ખેદ નહિ થાય. સમજાણું કાંઈ? જીવનની પળમાં સંયોગ ને વિયોગ બેને સાથે ભાવ્યા છે એને વિયોગકાળે કાંઈ નવું છે નહિ. એવી એણે વારંવાર ભાવના કરવી. એમ કહે છે, હોં! બધું આ તો. ટૂંકુ ટૂંકું થોડું... બહુ વર્ણવ્યું છે. બાર ભાવના. એ તો ...ક્ષયોપશમ, .. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ,...

**'બાર ભાવનાઓનું ચિંતવન કરવાથી આ વૈરાગ્યની પુષ્ટિ થાય છે...'** જુઓ! વૈરાગ્ય... વૈરાગ્ય... આહાહા..! આહાહા..! એ વનમાં કૃષ્ણનું મડદું પડ્યું હશે, એને જો નજરતળે વિચાર કરે, ત્યારે બળભદ્ર પાણી લઈને આવ્યા હશે. ભાઈ! ઊઠોને ભાઈ! હું પાણી લાવ્યો છું. આહાહા..! જેને પાણી લાવવાનું હોય, ચેષ્ટા જાણે તૃષા લાગી છે એને આમ પણ ન કરવું પડે, ત્યાં તો પેલો મોસંબી લઈને આવે. આહા..! એ જંગલ, વાઘ, વરુ, પંખીઓ માથે બેઠા હોય. બળજોધા બે. એક જોધો ગયો અને એક જોધો પાણી લઈને ઊભો. આહાહા..! સંસારની તો એવી સ્થિતિ છે, એ કાંઈ નવી નથી. એ બાર ભાવના વારંવાર ભાવવાથી સદૈવ વૈરાગ્યની પુષ્ટિ થાય છે. માટે બાર ભાવના ભાવવી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા–૨૦૬,૨૦૭,૨૦૮

બાવીસ પરિષહો

क्षुत्तृष्णा हिममुष्णं नग्नत्वं याचनारतिरलाभः।
दंशो मशकादीनामाक्रोशो व्याधिदुःखमङ्गमलम्।।२०६।।

स्पर्शश्च तृणादीनामज्ञानमदर्शनं तथा प्रज्ञा।
सत्कारपुरस्कारः शय्या चर्या वधो निषद्या स्त्री।।२०७।।

द्वाविंशतिरप्येते परिषोढव्याः परीषहाः सततम्।
संक्लेशमुक्तमनसा संक्लेशनिमित्तभीतेन।।२०८।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

અન્વયાર્થ :– [ संक्लेशमुक्तमनसा ] સંકલેશરહિત ચિત્તવાળા અને [ संक्लेशनिमित्तभीतेन ] સંકલેશના નિમિત્તથી અર્થાત્ સંસારથી ભયભીત સાધુએ [ सततम् ] નિરંતર [ क्षुत् ] ક્ષુધા, [ तृष्णा ] તૃષા, [ हिमम् ] શીત, [ उष्णं ] ઉષ્ણ, [ नग्नत्वं ] નગ્નપણું, [ याचना ] પ્રાર્થના, [ अरतिः ] અરતિ, [ अलाभः ] અલાભ, [ मशकादीनां दंशः ] મચ્છરાદિનું કરડવું, [ आक्रोशः ] કુવચન, [ व्याधिदुःखम् ] રોગનું દુઃખ, [ अङ्गमलम् ] શરીરનો મળ, [ तृणादीनां स्पर्शः ] તૃણાદિકનો સ્પર્શ, [ अज्ञानम् ] અજ્ઞાન, [ अदर्शनम् ] અદર્શન, [ तथा प्रज्ञा ] એ જ રીતે પ્રજ્ઞા, [ सत्कारपुरस्कारः ] સત્કારપુરસ્કાર, [ शय्या ] શયન, [ चर्य्या ] ગમન, [ वधः ] વધ, [ निषद्या ] બેસવું તે, [ च ] અને [ स्त्री ] સ્ત્રી – [ एते ] આ [ द्वाविंशतिः ] બાવીસ [ परीषहाः ] પરીષહ [ अपि ] પણ [ परिषोढव्याः ] સહન કરવા યોગ્ય છે.

ટીકા :– 'क्षुत् तृष्णा हिमं उष्णं नग्नत्वं याचना अरतिः अलाभः मशकादीनां दंशः आक्रोशः व्याधिदुःखं अङ्गमलं तृणादीनां स्पर्शः अज्ञानं अदर्शनं तथा प्रज्ञा सत्कारपुरस्कारः शय्या चर्या वधः निषद्या स्त्री एते द्वाविंशतिः अपि परीषहाः संक्लेशमुक्तमनसा संक्लेशनिमित्तभीतेन सततं परिषोढव्याः ।' - અર્થ :– ભૂખ, તરસ, ઠંડી, ગરમી, નગ્નપણું, યાચના, અરતિ, અલાભ, મચ્છર વગેરેના ડંશ, નિન્દા, રોગ, દુઃખ, શરીરનો મળ, કાંટા વગેરે લાગવા, અજ્ઞાન, અદર્શન, જ્ઞાન, આદરસત્કાર, શયન, ચાલવું, આસન અને સ્ત્રીના એ બાવીસ પરીષહોને મુનિઓ સંક્લેશ દૂર કરીને અને સંકલેશભાવથી ડરતા સદૈવ સહન કરે છે. હવે અહીં બાવીસ પરિષહોનું સંક્ષેપમાં વર્ણન કરે છે :–

૧. ક્ષુધા પરિષહ – બધા જીવો ભૂખના કારણે ઘણા દુઃખી થાય છે પણ મુનિમહારાજને જ્યારે ભૂખની પીડા હોય ત્યારે તેમણે એમ વિચારવું જોઈએ કે હે જીવ! તું અનાદિકાળથી સંસારમાં ભટકી રહ્યો છે, તેં અનેક પ્રકારની વસ્તુઓનું ભક્ષણ કર્યું છે પણ આજ સુધી તારી ભૂખ શાંત થઈ નથી તથા નરકગતિમાં પણ ખૂબ ભૂખ સહન કરી. હવે તું અત્યારે મોક્ષની પ્રાપ્તિ માટે તૈયાર થઈ રહ્યો છે, આ તારું શરીર અહીં જ રહી જશે તેથી (શાંત જ્ઞાનાનંદ સ્વરૂપમાં લીનતા વડે) ભૂખનો નાશ કરી દે કે જેથી શીઘ્ર જ મોક્ષની પ્રાપ્તિ થઈ જાય. આ પ્રકારનો વિચાર કરતાં મુનિ ભૂખને જીતે.

૨. તૃષા પરિષહ – બધા જીવો તરસથી ખૂબ દુઃખી થાય છે. જ્યારે મુનિમહારાજ ઉનાળાના વખતે પર્વતની ટોચ ઉપર બેઠા હોય છે અને તેમને તરસ લાગે છે તે વખતે તેમણે એમ વિચારવું જોઈએ કે હે જીવ! તેં સંસારમાં ભટકતાં આખા સંસારનું પાણી પીધું છે તો પણ આ તરસ છીપી નથી. નરકગતિ અને તિર્યંચગતિમાં તેં ઘણી તરસ સહન કરી છે અને ત્યાં થોડું પણ પાણી પીવા માટે મળ્યું નથી, તેથી હવે તું તરસ સહન કર

www.vitragvani.com



અને આત્મધ્યાનમાં મન લગાવ કે જેથી આ તરસ કાયમને માટે મટી જાય. આ રીતે ચિંતવન કરીને તરસની પીડા સહન કરવી – એને જ તૃષા પરિષહ કહે છે.

૩. શીત પરિષહ – ઠંડીથી સંસારના પ્રાણીઓ ખૂબ દુઃખી થાય છે. લીલાંછમ વૃક્ષો પણ બળી જાય છે એવી પોષ અને માહ મહિનાની ઠંડીમાં પણ મુનિમહારાજ સરોવર કે નદીને કિનારે બેસીને ધ્યાન કરે છે. તે વખતે જ્યારે ઠંડીની પીડા થાય છે તો તે મુનિમહારાજ એવો વિચાર કરે છે કે હે જીવ! તેં અનાદિકાળથી ઘણી ઠંડી સહન કરી છે અને તે ઠંડી દૂર કરવાને ઘણા ઉપાય પણ કર્યા પરંતુ આજ સુધી ઠંડી મટી નથી. હવે તેં મુનિવ્રત ધારણ કર્યાં છે, આ જ પદથી મોક્ષની પ્રાપ્તિ થશે, તેથી હે જીવ! તું આ ઠંડીની બાધા-પીડા સારી રીતે સહન કર. આમ ચિંતવન વિચાર કરીને આત્મધ્યાનમાં લીન થવું તેને જ શીત પરિષહ કહે છે.

૪. ઉષ્ણ પરિષહ – ઉનાળાની ઋતુમાં સૂર્ય ખૂબ તપી રહ્યો છે, આખી દુનિયાના પ્રાણીઓ ગરમીની પીડાથી વ્યાકુળ થઈ રહ્યા છે. નદી, સરોવરનું જળ સૂકાઈ ગયું છે એવા વખતે મુનિમહારાજ પથ્થરની શિલા પર બેસીને એમ વિચાર કરે છે કે હે આત્મા! તેં અગ્નિપર્યાય ધારણ કરીને ખૂબ ગરમી સહન કરી છે, નરકગતિમાં ખૂબ ગરમી સહન કરી છે, તો અત્યારે કઈ વધારે ગરમી છે? આ વખતે તો તેં મુનિવ્રત ધારણ કર્યાં છે, આટલી થોડીક ગરમીની બાધા આનંદથી સહન કર – આ ચિંતવન કરતાં ઉષ્ણ પરિષહને જીતે છે – એને ઉષ્ણ પરિષહ કહે છે.

૫. નગ્ન પરિષહ – મુનિરાજ સમસ્ત પ્રકારનાં વસ્ત્રોનો ત્યાગ કરીને નગ્ન દિગંબરપણે રહેતાં અખંડ બ્રહ્મચર્યનું પાલન કરીને પોતાના આત્મધ્યાનમાં લીન રહે છે. નગ્ન રહેવાથી રંચમાત્ર દુઃખ માનતા નથી પણ હંમેશાં પોતાના આત્મામાં લીન રહે છે – એને જ નગ્ન પરિષહ કહે છે.

૬. યાચના પરિષહ – મુનિરાજને ભલે મહિનાઓ સુધી આહાર ન મળે, વર્ષો સુધી પણ ન મળે છતાં તે મુનિરાજ કદી કોઈ શ્રાવક પાસે આહારની યાચના કરતા નથી, તેથી જ મુનિની વૃત્તિને સિંહવૃત્તિ કહી છે. – આ રીતે યાચના પરિષહને જીતે છે.

૭. અરતિ પરિષહ – જગતના જીવો ઇષ્ટ પદાર્થ મળતાં રતિ માને છે અને અનિષ્ટ પદાર્થ મળતા અરતિ-ખેદ માને છે, પણ તે પરમયોગી ભલે જંગલમાં રહે, કોઈ તેમને ભલા (સારા) કહે, કોઈ તેમને બૂરા (ખરાબ) કહે તોપણ કદી પોતાના ચિત્તમાં ખેદ કરતા નથી. આ રીતે અરતિ પરિષહને જીતે છે.

૮. અલાભ પરિષહ – જેમ આહાર વગેરે ન મળવાથી તેની યાચના કરતા નથી તેમ

www.vitragvani.com



મહિનાઓ સુધી આહારની પ્રાપ્તિ ન થવા છતાં પણ પોતાના મનમાં રંચમાત્ર પણ ખેદ લાવતા નથી. એ રીતે અલાભ પરિષહનો જય કરે છે.

૯. દંશમશક પરિષહ – ડાંસ, મચ્છર, કીડી, મકોડા વગેરેના ડંખની પીડા સંસારના પ્રાણીઓ સહન કરી શકતા નથી, યોગી પુરુષો તે બધાની બાધા-પીડા સહન કરે છે. કીડા વગેરે જંતુઓ નગ્ન શરીરને ખૂબ બાધા-પીડા ઉત્પન્ન કરે છે, પણ મુનિમહારાજ મનમાં ખેદ કરતા નથી. આ રીતે દંશમશક પરિષહને જીતે છે.

૧૦. આક્રોશ પરિષહ – જો કોઈ મુનિરાજની નિંદા કરે, કુવચન કહે, ગાળ વગેરે દે તો તેને સાંભળીને જરાપણ ખેદ કરતા નથી પણ ઉત્તમક્ષમા જ ધારણ કરે છે. એ રીતે યોગીઓ આક્રોશ પરિષહ જીતે છે.

૧૧. રોગ પરિષહ – પૂર્વના અશાતાવેદનીય કર્મના ઉદયથી જો શરીરમાં કોઈ પીડા થાય તો મુનિમહારાજ તે રોગથી દુઃખી થતા નથી પણ પોતાના પૂર્વકર્મનું ફળ જાણી આત્મધ્યાનમાં લીન રહે છે. એને રોગ પરિષહ કહે છે.

૧૨. મળ પરિષહ –મુનિમહારાજને સ્નાન વગેરે ન કરવાથી ધૂળ, પરસેવો આદિ આવવાના કારણે મેલ જેવું જામી જાય છે પણ તેના તરફ તેમનું ધ્યાન જતું નથી, કારણ કે પોતાના આત્મગુણોમાં જ લીન રહે છે. એને જ મળ પરિષહ કહે છે.

૧૩. તૃણસ્પર્શ પરિષહ – ચાલતી વખતે અથવા બેસતી વખતે જીવોની રક્ષા કરવામાં તત્પર તે મુનિમહારાજને જો કાંટા, કાંકરા વગેરે પેસી જાય તો તે પીડા દૂર કરવા માટે કાંઈ પણ ઉપાય કરતા નથી પરંતુ પોતાના આત્મધ્યાનમાં જ લીન રહે છે તેને તૃણસ્પર્શ પરિષહ કહે છે.

૧૪. અજ્ઞાન પરિષહ – સંસારના બધા પ્રાણીઓ અજ્ઞાનથી દુઃખી થઈ રહ્યા છે. તેવી જ રીતે જો કોઈ યોગીને પૂર્વ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થવાથી તથા ઘણું તપ કરવા છતાં પણ તથા પઠન-પાઠનનો ઉદ્યમ કરવા છતાં પણ જો જ્ઞાનની વૃદ્ધિ ન થઈ શકે તો પણ તે મુનિરાજ પોતાના મનમાં ખેદ ન કરે કે મને હજી સુધી જ્ઞાન ન થયું. એને અજ્ઞાન પરિષહ કહે છે.

૧૫. અદર્શન પરિષહ – જગતના જીવો સમસ્ત કાર્યો પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે કરે છે, ત્યાં જો પુરુષાર્થ કરવા છતાં પણ પ્રયોજનની સિદ્ધિ ન થાય તો કલેશ માને છે, પણ તે મુનિરાજ એવો વિચાર કરતા નથી કે હું ખૂબ તપ કરું છું, સ્વાધ્યાય કરું છું, સમસ્ત કષાયો ઉપર વિજય મેળવી ચૂક્યો છું, સંયમ પાળું છું, પણ આજ સુધીમાં મને કોઈ ઋદ્ધિ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પેદા થઈ નહિ, જ્ઞાનાતિશય થયો નહિ, તો શું આ તપ વગેરેનું કાંઈ ફળ હશે કે નહિ? – એ પ્રકારે તેમના મનમાં કદી સંશય થતો નથી એને અદર્શન પરિષહ કહે છે.

૧૬. પ્રજ્ઞા પરિષહ – સંસારના જીવોને જો થોડું પણ જ્ઞાન થઈ જાય તો તેનું અભિમાન કરવા લાગી જાય છે, પણ મુનિમહારાજને અવધિજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન પણ થઈ જાય તો પણ તેમને પોતાના જ્ઞાનનું અભિમાન-ઘમંડ થતું નથી, એને જ પ્રજ્ઞા પરિષહ કહે છે.

૧૭. સત્કારપુરસ્કાર પરિષહ – દેવ, મનુષ્ય, તિર્યંચ, સંસારના બધા જીવો આદરસત્કારથી હર્ષિત થાય છે, સત્કાર કરનાર પ્રત્યે મૈત્રી રાખે છે અને અનાદર કરનાર પ્રત્યે શત્રુતા રાખે છે. અજ્ઞાની જીવ અનેક કુગુરુઓ અને કુદેવોને પૂજ્યા કરે છે, પણ મુનિમહારાજના મનમાં એવી ભાવના ઉત્પન્ન થતી નથી કે કોઈ પૂજા કરતું નથી, અર્થાત્ તેઓ કોઈની પાસેથી આદર-સન્માન ઇચ્છતા નથી. આ રીતે સત્કાર પુરસ્કાર–પરિષહવિજયી કહેવાય છે.

૧૮. શય્યા પરિષહ – જગતના જીવ વિષયના અભિલાષી થઈને કોમળ શય્યા ઉપર શયન કરે છે અને મુનિમહારાજ વનવાસી બનીને કાંકરાવાળી જમીન ઉપર પાછલી રાતે એક પડખે થોડી નિંદ્રા લે છે. ક્ષીણ શરીરમાં જો કાંકરા કે પથ્થર વાગે તોપણ દુઃખ માનતા નથી, પરંતુ એવી ભાવના ભાવે છે કે હે આત્મા! તેં નરકમાં તીવ્ર વેદના સહન કરી છે, ત્યાંના જેવી બીજી કોઈ વિષભૂમિ નથી, એનો તું નકામો ખેદ કરે છે. તેં ત્રૈલોક્યપૂજ્ય જિનમુદ્રા ધારણ કરી છે, તું મોક્ષને ઇચ્છે છે તેથી મોહરૂપી નિંદ્રાને જીત, સદા જાગ્રત થા, પોતાના સ્વરૂપમાં મગ્ન થા. આ રીતે શય્યા પરિષહને જીતે છે.

૧૯. ચર્યા પરિષહ – ગમન કરતા સંસારના જીવો ઘોડા, હાથી, રથ, પાલખી વગેરે ઉપર બેસીને ગમન કરે છે તથા તિર્યંચ પણ ગમન કરવામાં દુઃખ માને છે, પણ મુનિમહારાજ સદૈવ માર્ગ જોઈને ચાલે છે. કાંકરા, પથ્થર, કાંટા વગેરે ખૂંચતાં જરાય ખેદ માનતા નથી. આ રીતે ચર્યા પરિષહને જીતે છે.

૨૦. વધ પરિષહ – ભવવાસી જીવ મારવા-પીટવાથી સદા ડરે છે, પણ મુનિમહારાજને જોઈ કોઈ મારે, પીટે, બાંધે, કોઈ કાંઈ પણ કરે, છતાં રંચમાત્ર પણ ખેદ પામતા નથી. તેઓ એવી ભાવના રાખે છે કે હે આત્મા! તું તો અવિનાશી ચિદાનંદરુાય છો, તને દુઃખ આપનાર કોણ છે? તને કોણ મારી શકે છે? કોણ પીટી શકે છે? આમ વધ પરિષહને જીતે છે.

૨૧. નિષદ્યા પરિષહ – સંસારના સમસ્ત જીવ ઉત્તમ મનોજ્ઞ સ્થાનમાં બેસીને સુખ

www.vitragvani.com



**માને છે, પણ મુનિમહારાજ સકળ પરિગ્રહનો ત્યાગ કરી નિર્જન વનમાં જ્યાં સિંહ વગેરે અનેક ક્રૂર જાનવરો વસે છે ત્યાં પર્વતની ગુફાઓમાં, શિખરો ઉપર અથવા સ્મશાન ભૂમિમાં નિવાસ કરે છે પરંતુ રંચમાત્ર પણ દુઃખ માનતા નથી. આ રીતે નિષદ્યા પરિષહને જીતે છે.**

**૨૨. સ્ત્રી પરિષહ – જગતના જીવ ઘણું કરીને બધી સ્ત્રીઓ દ્વારા પોતાને સુખી માને છે અને તેની સાથે હાસ્ય-કુતૂહલની વાતો કરીને આનંદ માને છે. પણ મુનિમહારાજ સારી સારી સુંદર સ્ત્રીઓનાં સુંદર વચનો સાંભળવા છતાં પણ હાવભાવ-વિલાસ-વિભ્રમ-કૌતુકની ક્રિયાઓ જોવા છતાં પણ જરાય વિચલિત થતા નથી પણ અખંડ બ્રહ્મચર્યનું પાલન કરી પોતાના આત્મધ્યાનમાં લીન રહે છે. આ રીતે સ્ત્રી પરિષહને જીતે છે. – આ રીતે બાવીસ પરિષહ નિરંતર સહન કરવા જોઈએ. જે મુનિ સંસાર પરિભ્રમણના દુઃખથી કંપાયમાન છે તે દઢ ચિત્તવાળા બનીને બાવીસ પરિષહો સહન કરે, કાયરતા ન કરે. જે મુનિરાજ પરિષહ સહન કરી શકતા નથી તેમનું ચિત્ત નિશ્ચલ થઈ શકતું નથી અને ચિત્તની નિશ્ચલતા વિના ધ્યાન થઈ શકતું નથી, ધ્યાન વિના કર્મોનો નાશ થઈ શકતો નથી અને કર્મોનો નાશ થયા વિના મોક્ષ થઈ શકતો નથી; તેથી મોક્ષના અભિલાષીએ અવશ્ય જ પરિષહ સહન કરવા જોઈએ. આ રીતે બાવીસ પરિષહોનું વર્ણન કર્યું. ૨૦૮.**

---

**પ્રવચન નં. ૮૦ ગાથા–૨૦૬-૨૦૭ શુક્રવાર, અષાઢ વદ ૧૪, તા. ૦૪-૦૮-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૨૦૬, ૨૦૭, ૨૦૮ ગાથા. મુનિધર્મની વ્યાખ્યા ચાલે છે. પેટામાં શ્રાવકને પણ એનો એકદેશ ભાગ બધો લાગુ પડે છે. મુનિને સર્વથા લાગુ પડે છે. ગૃહસ્થાશ્રમમાં શ્રાવકને એકદેશ ભાગ બધા જેટલા પ્રકાર કહે, દસ પ્રકારનો ધર્મ, બાર પ્રકારની ભાવના, બાવીસ પ્રકારના પરિષહ, બધું સહન કરવાનું એકદેશે શ્રાવકને પણ હોય છે.

મુમુક્ષુ :– સહન કરવું..

ઉત્તર :– સહન કરવું એટલે કે જ્ઞાતાદષ્ટાપણે શાંતિ રાખવી. પ્રતિકૂળતા આવે. આવે, સંસારમાં અનંતવાર આવી છે, ભાઈ! સમજાણું? સમતા રાખવી. અશાતાનો ઉદય કે બહાર પ્રતિકૂળ સંયોગ અનંતવાર રહ્યા છે એટલા કે વાત કરી જાય નહિ. એટલું એણે બહારથી પરવશે સહન કર્યું છે. પરવશે કર્યું છે. જેની વાત સાંભળતા રૂંવાટા ઊભા થાય એટલી વેદના પૂર્વે (ભોગવી છે). ભગવાન જાણે અને એણે એ વખતે વેદી. કહે છે, ભાઈ! હવે તને મનુષ્યપણું મળ્યું અને સમ્યગ્દર્શનના ભાનસહિત આત્મા શુદ્ધ આનંદ છે, એના ભાનસહિત આવી પ્રતિકૂળતામાં શાંતિ રાખવી, સમાધાન કરવું એ આત્માનું હિતનું કર્તવ્ય છે. સમજાણું?

**'બાવીસ પરિષહો.'**

**क्षुत्तृष्णा हिममुष्णं नग्नत्वं याचनारतिरलाभः।**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**दंशो मशकादीनामाक्रोशो व्याधिदुःखमङ्गमलम्।।२०६।।**

**स्पर्शश्च तृणादीनामज्ञानमदर्शनं तथा प्रज्ञा।**
**सत्कारपुरस्कारः शय्या चर्या वधो निषद्या स्त्री।।२०७।।**

**द्वाविंशतिरप्येते परिषोढव्याः परीषहाः सततम्।**
**संक्लेशमुक्तमनसा संक्लेशनिमित्तभीतेन।।२०८।।**

આ બે શબ્દ છેલ્લા. મનના સંકલેશ છોડીને, સંસારના સંક્લેશથી ડરીને ચોરાશી લાખમાં રખડવું, એનાથી ડરીને ધર્માત્માએ આ આવેલા બાવીસ પ્રકારના પરિષહો સહન કરવા. સમજાય છે કાંઈ?

**ટીકા :–** એના નામ આવી ગયા. નામ આવી ગયા. જુઓ! **'ભૂખ, તરસ, ઠંડી, ગરમી, નગ્નપણું, યાચના, અરતિ, અલાભ, મચ્છર વગેરેનાં ડંશ, નિન્દા, રોગ, દુઃખ, શરીરનો મળ, કાંટા વગેરે લાગવા, અજ્ઞાન, અદર્શન, જ્ઞાન, આદરસત્કાર, શયન, ચાલવું, આશન અને સ્ત્રીના એ બાવીસ પરીષહોને મુનિઓ સંકલેશ દૂર કરીને..'** મુનિઓ અને ગૃહસ્થો, એવા પ્રસંગમાં સંકલેશ, મલિનતાના ભાવને દૂર કરીને. **'સંકલેશભાવથી ડરતા...'** સંકલેશ નામ સંસારથી ડરતા. ચાર ગતિના ભયથી ડરતા જીવ **'સદૈવ સહન કરે છે.'** સમજાણું કાંઈ? **'હવે અહીં બાવીસ પરિષહોનું સંક્ષેપમાં વર્ણન કરે છે :–'**

**'૧. ક્ષુધા પરિષહ – બધા જીવો ભૂખના કારણે ઘણા દુઃખી થાય છે...'** ક્ષુધા. જુઓને! તિર્યંચોનો, મનુષ્યોને આ દુષ્કાળ પડે ત્યાં કેટલા માણસો અનાજ વિના મરી જાય છે. મરી ગયા ને? લાખો મરી ગયા છે. તિર્યંચો બિચારા જુઓને! આ ગાયો આદિ આમ પેટ મળી જાય. આહાર મળે નહિ, ઘાસ મળે નહિ. સમજાણું? આ છપ્પનિયાના બળદ જોયા હતા. છપ્પનિયાની ગાયું. છપ્પન.. છપન્ન.. દુકાળ. તે દિ' ઉંમર તો દસ વર્ષની હતી. પણ આમ જોયું હતું. ગાયોના ત્રાસ. પચાસ-પચાસ, સો-સો ગાયોના ટોળા. પેટમાં મળી ગયેલા. ઊભી ઊભી બોંકારે. ઘાસ મળે નહિ. એ ભરવાડ માથે જોયા છે, હોં! એ વખતે. માથે ધાબળો ગાયુ ઉપર નાખી રોવે, રોવે. એને તો ગાયો દિકરા જેવી છે ને? અરે..! અમે રોટલા ખાઈએ આને ઘાસ નથી.. ઘાસ નથી. એવા છપ્પનિયાની રાડ જોઈ હોય. સમજાણું? એ ગાયોની આંખમાંથી આંસુ ચાલ્યા જાય. કેટલા દિ' સુધી ઘાસ મળ્યા ન હોય. પેટમાં ક્ષુધા. ચાલવું શી રીતે? પાણી પીવું હોય ત્યાં જાવું શી રીતે? એવી શરીરની નબળાઈ. આમ ગાયની આંખમાંથી આંસુ ચાલ્યા જતા હોય અને ભરવાડ માથે ધાબળો નાખીને બિચારો ઊભો ઊભો રોતો જોયો છે અમે. લ્યો. 'છપ્પનિયા'માં. એવું તો અનંતવાર થયું છે. સમજાય છે?

**'બધા જીવો ભૂખના કારણે ઘણા દુઃખી થાય છે પણ મુનિમહારાજને જ્યારે ભૂખની પીડા હોય ત્યારે તેમણે એમ વિચારવું જોઈએ કે હે જીવ! તું અનાદિકાળથી સંસારમાં ભટકી**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**રહ્યો છે,...'** અહીં ગૃહસ્થાશ્રમમાં પણ જુઓને! શું કહેવાય આ? કેન્સર. અહીંયાં કેન્સર થાય. પેટમાં ભૂખનો પાર ન મળે. અને બધી સોએ ચીજ હોય. શું કરે? પાણી નાખે ત્યાં રાડ નાખે. 'પાલિતાણા' 'સાકરચંદભાઈ' હતા. જોયા હતા ને. ત્યાં ગયા હતા. એવું શરીર આમ સોનાની અડાયું હતું. સડી ગયું. મરી ગયા. 'સાકરચંદભાઈ' આ દિગંબરના મુનિમ હતા. કેન્સર થયું બધું સડી ગયું. છેલ્લે દર્શન કરવા ગયા હતા ત્યારે બોલી શકતા હતા. પેટમાં ભૂખ હોય, પણ પાણી અડે ત્યાં રાડ નાખે. પાણી અડે ત્યાં રાડ નાખે. એટલું સુંવાળું અંદર સડેલું. આ બધું ધોળું થઈ ગયું હતું. કહે છે, ભાઈ! એવી ક્ષુધાની વેદના અનંતવાર સહન કરી છે. ટાણા આવે ત્યારે શાંતિથી સહન કરજે, એમ કહે છે. સમજાણું? આહાર પણ પેટમાં ન જઈ શકે. મોઢું ખુલ્લું હોય. ગળે એવો સડો થયો હોય, એ પાણી અડે ત્યાં... આ... આહાહા..! આ કરતા એમ ને એમ રહું તો સારું.

મુનિમહારાજે અને ગૃહસ્થે એવી પીડા સહન કરી છે. એમ વિચારવું કે સંસારમાં ભટકતી વખતે અનેક પ્રકારની વસ્તુઓનું ભક્ષણ કર્યું. અનાદિથી અનેક વસ્તુ લીધી. **'પણ આજ સુધી તારી ભૂખ શાન્ત થઈ નથી તથા નરકગતિમાં પણ ખૂબ ભૂખ સહન કરી.'** કહો, નરકગતિમાં એટલી ભૂખ સહન કરી. આખી દુનિયાનું અનાજ આપે તો પણ કાંઈ તૃપ્તિ ન થાય. આખી દુનિયાનું પાણી આપે તો તૃષા ન મટે. એટલી તૃષા... એટલી તૃષા.. આહાહા..! **'હવે તું અત્યારે મોક્ષની પ્રાપ્તિ માટે તૈયાર થઈ રહ્યો છે, આ તારું શરીર અહીં જ રહી જશે...'** શરીર તો અહીં જ રહી જશે. **'(શાન્ત જ્ઞાનાનંદ સ્વરૂપમાં લીનતા વડે)...'** જોયું! અરે..! હું તો આત્મા છું. અવિકારી સ્વભાવ મારો છે. રાગરહિત આત્માનું સ્વરૂપ તો શાંત, અવિકારી વીતરાગી સ્વભાવ છે. એમાં શાંતમાં રહી અને સહન કરજે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ છે એ આનંદને શરણે જઈને સહન કરજે. એમ કહે છે. હઠથી સહન કર્યું એ સહન કર્યું કહેવાય નહિ. આહાહા..!

**'જેથી શીઘ્ર જ મોક્ષની પ્રાપ્તિ થઈ જાય. આ પ્રકારનો વિચાર કરતાં મુનિ ભૂખને જીતે.'** ભૂખને જીતે છે. એમ ગૃહસ્થાશ્રમમાં પણ ઘણા ઘણા એવા પ્રસંગ બને, છતાં નિરોગી શરીરે એક ક્ષુધા હોય, આ હોય. તૃષા લાગે. તૃષાનું હવે આવે છે. એનીમીયા થાય છે? શું કહેવાય છે? શરીર પીળું પડી જાય. આહાહા..! આમ ફિક્કુ-પીળું થઈ જાય. (સંવત) ૧૯૭૬ની સાલમાં 'ધાંગ્રધા'માં એકને જોયો હતો. 'ગોપાણી'ના યુવાન જમાઈ ચાપશીભાઈ હતા. એ પાણી... પાણી... કરે. ડોક્ટર કહે પાણી આપશો નહીં, હોં! પાણી આપશો નહિ. પાણી પીશે તો દેહ છૂટી જશે. યુવાન માણસ આમ. 'ધાંગ્રધા'માં દરવાજો પેલી કોર છે એની બહાર મકાન હતા. વીસાશ્રીમાળી (હતા). ૧૯૭૬ની સાલની વાત છે. ઘણા વર્ષ થઈ ગયા. ૨૪ + ૨૩ = ૪૭ વર્ષ થયા. છેવટે દિશાનું નામ લઈ, પાણી દિશા માટે માગ્યું. એ તો પાણી દેવું પડે. એ પાણી પીધું. એટલી તૃષા! આવું સહન અનંતવાર કર્યું છે ભાઈ!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ કાંઈ નવું નથી.

લોકોને મળેલી સામગ્રીમાં કાંઈ નીરોગતા અને કાંઈક દેખીને એમ જ જાણે કે આ બધું આમ ને આમ રહેશે. ભાઈ! એ તો શરીર છે, પર વસ્તુ છે, ભાઈ! સમજાણું? એમાં અનેક અવસ્થાઓ ભજે. શાંતિથી સહન કરજે, ભાઈ! સમજાણું કાંઈ? શાંતિ એટલે? ભગવાનઆત્મા અંતર શાંત સરોવર ભરેલો છે ને, પ્રભુ! આહાહા..! અકષાય સ્વભાવથી ભરચક્ક છલોછલ ભરેલો આત્મા છે. અરે..! એમાં ખજાને ક્યાં ખોટ છે? એને શરણે જા, ભાઈ! તને શાંતિ મળશે એમ કહે છે. એમ પરિષહ સહન કર્યો આમ શાંતિ (રાખીને). આમ હઠથી સહન કરે એ પરિષહ કહેવાતો નથી. સમજાણું કાંઈ?

**'૨. તૃષા પરિષહ - બધા જીવો તરસથી ખૂબ દુઃખી થાય છે. જ્યારે મુનિમહારાજ ઉનાળાના વખતે પર્વતની ટોચ ઉપર બેઠા હોય છે...'** આહાહા..! ૧૧૮ ડિગ્રી તડકો, પર્વતની ટોચ ઉપર આમ ખુલ્લા માથે. આમ માથામાં કિરણો આવતા હોય, ધમધમાટ નીચે પથ્થર તપતા હોય, ઉપર એ તપતું હોય. શાંત.. શાંત... શાંત... સમજાણું? **'તેમને તરસ લાગે તે વખતે તેમણે એમ વિચારવું જોઈએ કે હે જીવ! તેં સંસારમાં ભટકતાં આખા સંસારનું પાણી પીધું છે....'** બધા દરિયાના પાણી તે અનંતવાર પીધા, ભાઈ! તારી તૃષા તૂટી નહિ. **'તો પણ આ તરસ છીપી નથી. નરકગતિ અને તિર્યંચગતિમાં તેં ઘણી તરસ સહન કરી છે...'** કહો, નરકની શું વાત? સાંભળતા એને ત્રાસ થાય એવી. પાણીનું બિંદુ ન મળે, એ ૩૩-૩૩ સાગર કાઢવા, એ શૂળ આકરા આવે અને રાત્રે ઉંઘ ન આવે. શૂળ.. શૂળ. તે પણ મનુષ્ય ભવના શૂળ સાધારણ. રાત્રે ઉંઘ ન આવે. આની તૃષા ૩૩ સાગરની. અગ્નિનું કડાયું હોય અને એમાં એક પાણીનું બિંદુ નાખે અને ચૂસી જાય, એમ અસંખ્ય દરિયાના પાણી આપો તો એક ક્ષણમાં ખલાસ થઈ જાય. એવી તૃષા. 'પોપટભાઈ'! એમ નથી કે આ શરીર નીરોગી મળ્યું, આ બધું લાડવા ખાઈશ ને... એ આમ ને આમ નહિ રહે. આહાહા..!

કહે છે, **'ભટકતાં આખા સંસારનું પાણી પીધું છે તો પણ આ તરસ છીપી નથી. થોડું પણ પાણી પીવા માટે મળ્યું નથી, તેથી હવે તું તરસ સહન કર અને આત્મધ્યાનમાં મન લગાવ...'** આહાહા..! સમજાણું? ભગવાનઆત્મા શાંત સ્વરૂપ છે ને પ્રભુ! એની આસ્થા બેઠી છે એની અહીં વાત લીધી છે. આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ અકષાય સ્વભાવ સ્વરૂપ શાંત છે એમાં લીન થા, એમાં મનને લગાવ. ભાઈ! તને શાંતિ થશે. પરિષહનું દુઃખ થશે નહિ. **'આ તરસ કાયમને માટે મટી જાય.'** સમજાણું? **'આ રીતે ચિંતવન કરીને તરસની પીડા સહન કરવી–એને જ તૃષા પરિષહ કહે છે.'**

**'૩. શીત પરિષહ–ઠંડીથી સંસારના પ્રાણીઓ ખૂબ દુઃખી થાય છે. લીલાંછમ વૃક્ષો પણ બળી જાય છે..'** હીમ પડે છે ને હીમ? લીલાછમ વૃક્ષો બળી જાય, સુકાઈ જાય. સમજાણું? **'એવી પોષ અને મહા મહિનાની ઠંડીમાં પણ મુનિમહારાજ...'** આહાહા..! **'સરોવર કે નદીને**

**કિનારે બેસીને ધ્યાન કરે છે.'** આહાહા..! રાજકુમાર હોય છે. ચાર ગતિથી બીના છે. ચાર ગતિથી ડર લાગ્યો છે. ભાગ્યા છે ચારગતિથી. આહાહા..! આત્માના આનંદમાં લીન થવા ચાર ગતિથી ડરીને રાજકુમારો જંગલમાં ચાલ્યા ગયા છે. એ સરોવરના તીરે પાણી ભર્યા હોય એમાંથી ઠંડી હવા આમ ચાલી આવતી હોય, ઉઘાડે ડીલે કહે છે કે ઠંડી સહન કરે. એ આત્માની શાંતિને આશ્રયે. સમજાણું કાંઈ?

**'ઠંડીમાં પણ મુનિમહારાજ સરોવર કે નદીને કિનારે બેસીને ધ્યાન કરે છે. તે વખતે જ્યારે ઠંડીની પીડા થાય છે તો તે મુનિમહારાજ એવો વિચાર કરે છે કે હે જીવ! તેં અનાદિકાળથી ઘણી ઠંડી સહન કરી છે...'** અનંતવાર ભાઈ! તેં નરકમાં, ઢોરમાં સમજાણું? આમ ઉનાળામાં નજરે જોયું હતું. એક તડકો જરી આવ્યો. આ ઉધઈ થાય છે ને ઉધઈ? ઉધઈ નથી થાતી ઉધઈ? કીડા, દીમક થાય છે. આમ અમારે તો બપોરે દિશાએ જવાનું હોય ને બાર વાગે. અપવાસના પારણે. બહાર ધોમ તડકો હોય છે. 'પાળિયાદ'ની વાત છે, (સંવત) ૧૯૭૫. આમ જ્યાં બહાર નીકળે ત્યાં તડકો લાગે. જેમ ધાણી સસડે એમ સસડી જઈએ. નજરે જોયું છે આમ. ધાણી સમજો છો? ધાણી નથી હોતી? જુવાર. થૂલી કરે છે. એમ એ દિમક (ઉધઈ) હતી. બહાર નીકળી ને આમ માથે તડકો આવ્યો, ધોમ તડકો હતો. એ વખતે તો આઠમ, પાખીના અપવાસ કરીએ ને. બપોરે એક વાગે આહાર કરીને ધોમ તડકે જવું પડે. અમારે તો પછી અંદર સહનશક્તિ થઈ ગયેલી. એને જોઈને આમ સસડી ગઈ. પાછું શરીર પણ સસડી ગયું આમ ફડાક. એટલી અગ્નિ. તડકાની અગ્નિ. દિરુાક નથી આવતી? શું કહ્યું હતું? ઉધઈ ઉધઈ. એવી ઉધઇપણે થઈને એવા અનંતા દુઃખ તેં સહન કર્યા, ભાઈ! અત્યારે હવે ટાણા આવ્યા, મનુષ્યનો અવતાર છે, જૈનધર્મની પ્રાપ્તિ છે, તો હવે કહે છે કે આવા પ્રતિકૂળ વખતે શાંતિ રાખીને સહન કરજે. સમજાણું?

**'અનાદિકાળથી ઘણી ઠંડી સહન કરી છે અને તે ઠંડી દૂર કરવાને ઘણા ઉપાય કર્યા પરંતુ આજ સુધી ઠંડી મટી નથી. હવે તેં મુનિવ્રત ધારણ કર્યાં છે,..'** ભાઈ! તું સાધુ થયો છે. અહીં મુખ્ય તો સાધુને ઉદ્દેશીને વાત છે ને? પેટામાં ગૃહસ્થ છે. ભાઈ! તું મોક્ષમાર્ગી થયો છો. આહાહા..! તો સંસારમાર્ગી કરતા મોક્ષમાર્ગીના લક્ષણ કાંઈ ફરવા જોઈએ કે નહિ? એમ કહે છે. સંસારમાર્ગે રખડે છે ને ભાઈ! તું મોક્ષમાર્ગી થયો છો. તારે આ બધું શાંતિથી સહન કરવું એમ કહે છે. સમજાણું કાંઈ? **'આ જ પદથી મોક્ષની પ્રાપ્તિ થશે,...'** આત્માના ધ્યાનમાં મુનિવ્રત ધારણ કર્યા છે, ભાઈ! એ પદથી તને શાંતિ-મુક્તિ થશે. **'તેથી હે જીવ! તું આ ઠંડીની બાધા-પીડા સારી રીતે સહન કર. આમ ચિંતવન વિચાર કરીને આત્મધ્યાનમાં લીન થવું તેને જ શીત પરિષહ કહે છે.'**

**'૪. ઉષ્ણ પરિષહ – ઉનાળાની ઋતુમાં સૂર્ય ખૂબ તપી રહ્યો છે, આખી દુનિયાના પ્રાણીઓ ગરમીની પીડાથી વ્યાકુળ થઈ..'** ઘરમાં જઈ અને ફુવારામાંથી જ્યાં પાણી નીકળે

www.vitragvani.com



ત્યાં જઈને બેઠા હોય છે. **'નદી, સરોવરનું જળ સુકાઈ ગયું છે...'** ઉનાળામાં. **'એવા વખતે મુનિમહારાજ પથ્થરની શીલા પર બેસીને...'** દાઝે નગન શરીર, આવે છે ને? તપ તપે શૈલ શીખર પર. ભાઈ! એ તો વસ્તુનો સ્વભાવ જેણે જાણ્યો છે એ ઉગ્રપણે પુરુષાર્થ કરે છે, એને આવા પ્રતિકૂળ પરિષહ આવે તો સહન કરવા. સમજાય છે? નાના-મોટા પ્રસંગો તો અનેક જીવોને આવે છે. એમાં એણે આત્માની દૃષ્ટિ રાખીને સહન કરવું જોઈએ. કોઈની દુનિયાની એમાં પરવાહ કરવી નહિ.

**'હે આત્મા!'** આ એક વાત નવી છે. **'તેં અગ્નિપર્યાય ધારણ કરીને ખૂબ ગરમી સહન કરી છે,...'** એવું લીધું છે. એ તો એનું શરીર જ ગરમ છે. એમાં એક એવું લીધું છે. અગ્નિપર્યાય. અગ્નિ છે તેનું શરીર જ ઊનું હોય. એમ એટલું લેવું છે. શરીર ઊનું હોય. **'એમ વિચાર કરે છે કે હે આત્મા! તેં અગ્નિપર્યાય ધારણ કરીને ખૂબ ગરમી સહન કરી છે, નરકગતિમાં ખૂબ ગરમી સહન કરી છે,...'** પહેલી, બીજી, ત્રીજી નરકમાં અગ્નિ. લાખ મણનો લોઢાનો ગોળો એક ક્ષણમાં પાણી થઈ જાય, એવી ત્યાં ગરમી. પહેલી નરકમાં લાખ મણનો લોઢાનો ગોળો મૂકો તો એક ક્ષણમાં પાણી. એટલી ગરમી. ગરમીથી પાણી થઈ જાય. જેમાં ઠંડીમાં હીમ પડીને વન બળી જાય. એમાં ભાઈ! તેં ઘણા વર્ષ, ૩૩ સાગરોપમ, સાગરોપમમાં ત્યાં પહેલી નરકે રહ્યો. એવા અનંતા ભવ ત્યાં કર્યા છે. ભૂલી ગયો ભૂલી.

મુમુક્ષુ :– આવું વિચારવું પડે એટલી વાર તો ...

ઉત્તર :– નહિ. નહિ. વિચારવું એટલે સહન ન કર્યું એમ નહિ. વિચારે એ જ્ઞાનની ધારા વહે છે એમ કહે છે. વિકલ્પ છે, એ તો વિકલ્પ છે પણ અંદર એટલી સ્થિરતા છે, એમ કહે છે. એને સહન કરવાની ભાવના તો હોય ને? જ્યાં સુધી અસહન નથી થયું એમ નહિ. પરિષહનો અર્થ પ્રતિકૂળતા આવી ત્યાં આગળ આત્મામાં શાંતિથી સહન કરવું એમ વિચારની ધારા આવી કરવી એવો એનો અર્થ છે. વાત તો એમ છે ને? થોડી અસહનશીલતા થઈ ગઈ છે અને પછી આ, એમ નથી આ. અસહનશીલતા થઈ તો તો પરિષહથી જીતાઈ ગયો, એ જીત્યો નથી. સમજાણું? એ વ્યાખ્યા એકવાર થઈ હતી. ખબર છે? 'ફૂલચંદજી' હતા ને. એમ ખબર છે ને. (સંવત) ૨૦૦૩ ની સાલ. પરિષહ એટલે કે જરીક પ્રતિકૂળતા આવે.. બીજા કો'ક કહેતું હતું. પ્રતિકૂળતા આવે ત્યાં દુઃખ થાય, એને સહન કરવું એ પરિષહની વ્યાખ્યા જ નથી. દુઃખ થાય એને સહન કરવું.. આ ભાઈએ પ્રશ્ન કર્યો હતો. કે થોડું અસહનશીલતા આવે પછી સહન કરવું. એમ નહિ. પહેલેથી જ શરૂઆતથી સહનશીલતા છે. એનું નામ પરિષહ. પરિષહ સહન કરવા એટલે કે દુઃખ થયું એને સહન કરવા. એમ વ્યાખ્યા નથી. પરિષહ એટલે પ્રતિકૂળતા આવી છે તે જ ક્ષણે અહીં શાંતિ રાખે છે. 'અમરચંદભાઈ'!

એ જરી પ્રશ્ન ઉઠ્યો હતો તે દિ'. કો'કે કહ્યું હતું નહિ? કે આમ થાય. કોણે કહ્યું

www.vitragvani.com



હતું? પ્રશ્ન ખબર છે? ૨૦૦૩ ની સાલમાં થયો હતો, ખબર છે. પરિષહનું કો'ક કહેતું હતું કે થોડુંક દુઃખ થાય એને પરિષહ કહેવાય, એને જીતવો. એ પરિષહની વ્યાખ્યા જ નથી. સમજાણું? ૨૦૦૩ સાલમાં. વીસ વર્ષ થયા. અહીં તો ઘણા ઘણા પ્રશ્નો આવેલા ને? અરે..! ભાઈ! એમ ન હોય. પહેલું તો એમ કહે, અંદરમાં દુઃખ આવે. એવી વાત જ નહિ. દુઃખની વ્યાખ્યા તો પ્રતિકૂળતા બસ એટલી. નિમિત્તમાં.

મુમુક્ષુ :– તકલીફ વેદવી ...

ઉત્તર :– તકલીફ નહિ. તકલીફ-પકલીફ નહિ. તકલીફનો અર્થ શું? સંયોગ.

મુમુક્ષુ :– સમાધાન માટે વિચાર કરે છે.

ઉત્તર :– એ સમાધાન માટે તો પ્રશ્ન ચાલે છે. અમારા પંડિતજીએ એ માટે પ્રશ્ન કર્યો છે. અંદરમાં તકલીફ થઈ છે, તો સમાધાન (કરે છે) એમ નહિ. બહાર પ્રતિકૂળતાનું નિમિત્ત આવ્યું છે, તેમાં આવી વિચારધારાથી સહજ સ્વરૂપમાં લીનતામાં એ વિચારધારા ચાલે છે એવી વાત છે. અંદરમાં દુઃખમાં થાય તો ખલાસ થઈ ગયું. પરિષહથી જીતાઈ ગયો. જીતાઈ ગયો પછી જીતવો એ પ્રશ્ન જ ક્યાં છે? સમજાણું કાંઈ?

એને આમ છે ને, ભાઈ! પહેલો રાગ આવે, એ રાગનો ખ્યાલ આવ્યો, તો બીજે સમયે એને જીતવો. એમ હોય જ નહિ. એ વસ્તુનું સ્વરૂપ એમ નથી. સમજાણું કાંઈ? પહેલો રાગ આવ્યો. પહેલો રાગ આવ્યો ત્યાં થઈ રહ્યું, પછી દુઃખી-દુઃખી થઈ ગયો. પછી બીજે સમયે રાગને ટાળવો એમ હોય નહિ. બીજે સમયે એને શું ટાળે? વાત સૂક્ષ્મ છે, સમજાય છે? જે સમયે પ્રતિકૂળતાનું નિમિત્ત છે જ સમયે શાંતિનું પ્રગટપણું કરે એનું નામ પરિષહજય કહેવામાં આવે છે. પરિષહ... નથી આવતું? નિર્જરા હેતુ, માર્ગ ... એ હેતુ છે. દર્શન-જ્ઞાન-ચારિત્રથી જે ખસતો નથી, તે નિર્જરા હેતુએ પરિષ.. એનું નામ છે. સમજાણું કાંઈ?

આ તો વિચારમાં આ જાતનો જ્ઞાનમાં વિચાર કરે. અંદરમાં અસહનશીલતા થઈ ગઈ છે અને હવે સહન કરે છે, એમ નથી. નિમિત્તો પ્રતિકૂળ છે. ભાઈ! મોટી વાત છે, હોં! મોટો વાંધો તત્ત્વનો છે. નહિતર પરિષહમાં પહેલું દુઃખ થાય, પછી જીતે એ પરિષહનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ? એ 'શેઠી'! નિમિત્ત પ્રતિકૂળ છે કે અનુકૂળ. એ સ્ત્રી આદિના બધા પરિષહ છે કે નહિ? તે જ ક્ષણે અંદરમાં સ્વભાવ સન્મુખમાં શાંતિ રાખે છે, એનું નામ પરિષહજય કહેવાય છે. પહેલો પરિષહમાં જીતાય જાય પછી વળી જીતે એ વસ્તુસ્થિતિ ક્યાં છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના ના એ પરિષહજય નહિ. પહેલા દુઃખી થાય, પછી એને વિચારધારાથી ટાળું, એમ નહિ.

મુમુક્ષુ :– એ તો દુઃખી થઈ જ ગયો.

www.vitragvani.com



ઉત્તર :– થઈ ગયો. વાત ઇ છે. સમજાય છે? તો પછી એનો અર્થ કે જ્યારે જ્યારે પરિષહ સહન કરનારને પહેલું દુઃખ થાય પછી પરિષહ સહન કરે. એ વસ્તુનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ? એ તો એક પોતાના આત્માના શરણે જવા માટે એક આ વિચાર હોય, વિકલ્પ હોય પણ અંદર... કહો, 'પોપટભાઈ'! વાતે વાતમાં બહુ ફેર છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. ન્યાયથી એણે જોવું જોઈએ. પહેલા એ પ્રશ્ન હતો ને? કે પહેલો તો રાગનો ઉદય આવે એટલે રાગ થાય, એ જણાય ત્યારે રાગને જીતાય ને? એવી વાત જ હોય નહિ. એવું સ્વરૂપ જ નથી. સમજ તો ખરા. એમ કે ખ્યાલ આવ્યો કે રાગ થયો. અરે...! મને રાગ. હવે મારે જીતવો. કોને જીતીશ પણ? રાગ તો આવી ગયો અને જીતાઈ ગયો. હવે કોને જીતવો? એ રાગ તો બીજે સમયે નાશ જ થઈ જશે. તું ન જીત તો પણ નાશ થઈ જશે. એને ક્યાં જીતવો હતો. સમજાણું કાંઈ? 'શેઠી'! સૂક્ષ્મતા છે, ભગવાન! આહાહા..!

ભગવાનઆત્મા.. કહે છે કે તૈયાર જ છે. એમ કહે છે. જ્યારે જ્યારે પ્રતિકૂળતાનું નિમિત્ત છે તે ક્ષણે તૈયાર છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..! એવું જ એનું સ્વરૂપ છે, દૃષ્ટિમાં લીધું છે, અને જ્યારે જ્યારે એવું હોય છે ત્યારે એ સ્વભાવ સન્મુખની શાંતિમાં તૈયાર જ છે, એમ કહે છે. સમજાણું? 'શ્રીમદ્'માં એક વેદનાનો પત્ર છે. 'વનમાળીદાસભાઈ' કોઈક છે. વેદના વખતે ધર્મીને ઘણી શાંતિ હોય છે. એ વખતે નિર્જરાનો ઘણો હેતુ હોય છે. એ વખત. સમજાણું? એમના પત્રોમાં ઘણી સૂક્ષ્મતા છે, હોં! એમ ને એમ (વાત) નથી.

મુમુક્ષુ :– એ માટેની જાણકારી હોવી જોઈએ..

ઉત્તર :– એ જાણકારી શું? એ તો છે. એમાં લક્ષ જ ક્યાં છે. જાણે કે અહીં કાંઈક છે. પણ સહન તો સ્વભાવ સન્મુખ કરે છે. એના તરફ રાગ કરે છે અને પછી જીતે છે એમ નથી. એમ પ્રતિકૂળતા આવી અને દ્વેષ થયો, પછી જીતે, તો એ વસ્તુ ફરી જાય છે. સમજાણું કાંઈ? આવો વિચાર આવ્યો ખરો એટલે પ્રશ્ન ઉઠે કે પહેલું તો દુઃખ થતું હશે ને? પણ એ તો બહારનું પ્રતિકૂળ આવ્યું છે એ અપેક્ષાએ.

મુમુક્ષુ :– દુઃખ થાય તો જ પરિષહ સહન કર્યો કહેવાય.

ઉત્તર :– દુઃખ ક્યાં હતું? દુઃખ હતું તે થઈ ગયું તો થઈ ગયું. પણ જ્યારે જ્યારે પરિષહ સહન કરે ત્યારે પહેલું દુઃખ આવે એવો સિદ્ધાંત થઈ ગયો. સમજાણું? '...ભાઈ'. આહાહા..! રાજકુમારોના આમ માખણ જેવા કુણા શરીર હોય, એ આત્માના (આનંદમાં) પત્થર ઉપર બેઠા હોય. ઉપરથી અગ્નિ, ધોમ તડકો, ૧૧૮ ડિગ્રીનો તડકો વરસતો હોય, નીચે શીલા ઊની થઈ હોય. આનંદ... આનંદ... આનંદ. અરે..! ભગવાનના પુત્ર થયા એને,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભગવાનના ભેટા થયા હવે એને ખામી શું? એમ કહે છે.

મુમુક્ષુ :– લથડપથડ ન હોય.

ઉત્તર :– ન હોય એને. શાંત... શાંત.. શાંત.. સમજાણું?

**'અત્યારે કઈ વધારે ગરમી છે?...'** અત્યારે તો થોડી છે. એવી ગરમી તો શરીરમાં અનંતવાર થઈ ગયેલી છે. શરીરમાં ગરમી, આમ ધાણી ફૂટે એવી ગરમી શરીરમાં હોય. ધાણી સમજો છો? ધાણી નથી સમજતા? જુવાર આદિ ફુલાવે છે ને? ફુલાવે છે. અગ્નિમાં શેકે છે. પોચી પોચી થઈ જાય. એને અમારે ત્યાં ધાણી કહે છે. શેકાય જાય. સમજાય છે? એ વખતે પણ શાંત.. શાંત...

અમારે 'બોટાદ'માં એક વાણિયો હતો. પોહા કરે ને પોહા? એ તો દૃષ્ટિ ખોટી. આ તો એક બહારની (વાત છે). પોહા કરે તો તૃષા લાગે તો તડકે બેસે. એ 'ન્યાલભાઈ'! અમારે તો બધા નમુના થઈ ગયેલા ને. દીક્ષા પહેલા એ વાત સાંભળેલી. બહુ તૃષા લાગે. પોહા સમજો છો ને? પ્રોષધ કર્યો હોય. ઉપવાસ પ્રૌષધ. તૃષા ઘણી લાગે, ઉનાળાનો દિવસ હોય, પાણી પીવાય નહિ, જ્યાં તૃષા લાગે, ધોમ તડકો હોય ત્યાં જઈને બેસે. શું કરો છો ભાઈ? એ પોષાને પાણી પાઉ છું. હઠ હઠ. હઠથી (કરે). 'સેઠી'! એક હતો ત્યાં. છેવટે એણે સંથારો કરી નાખ્યો. યુવાન છોકરો હતો. પણ એ વેગી માણસ હતો. સગપણ કર્યું હતું, ત્યાં જઈને કાપડું દઈ આવ્યો. બહેન કરીને દાગીના પાછા આપ્યા. તું બહેન છો. એમ કે હવે મારે તો સંથારો કરવો છે. યુવાન બાવીસ વર્ષનો. અને જેઠ મહિનાનો તડકો. રોટલી અને રસ ખાધો. રસ અને રોટલી. ખાઈ અને પાણી પીધું. પાણી પીને જાવજીવનો ચોવિહાર. ચોવિહાર સમજો છો? આહાર-પાણીનો ત્યાગ. ચારે આહારનો જાવજીવ ત્યાગ. એય..! 'ન્યાલભાઈ'! પછી પીડા.. પીડા... બાર દિવસ રહ્યા. બાર દિવસ કાઢ્યા. ઉનાળાના દિવસ. પીડા તે પીડા. આમ તપે. લાવા નીકળે હાથમાં. ગરમી.. ગરમી... પણ હઠથી પૂરું કર્યું. પણ એ કાંઈ પરિષહ ન કહેવાય.

પરિષહ તો સમ્યગ્દર્શન થયા પછી, પ્રતિકૂળતાના નિમિત્ત કાળે સહન કરવાનો સ્વભાવનો આશ્રય અને સહન કરે એને પરિષહ કહેવામાં, જીતવામાં આવ્યો એમ કહેવામાં આવે. મિથ્યાદૃષ્ટિને પરિષહ હોય નહિ. પાંચમાં ગુણસ્થાન, છઠ્ઠા ગુણસ્થાનવાળાને પરિષહ લાગુ પડે. કારણ કે જ્યાં શાંતિનું ભાન થયું છે. એને શાંતિપણે સહનશીલતા આવે એને પરિષહ સહન કર્યા કહેવાય. મિથ્યાદૃષ્ટિને પરિષહ આવ્યા અને એણે જીત્યા એમ હોય જ નહિ એને. સમજાણું કાંઈ? ભાઈ! વાતું તો આ વીતરાગમાર્ગની એવી છે.

'મૂળી'માં એક જણે સંથારો કર્યો હતો. મોટી ઉંમરે સંથારો કર્યો હતો. બહુ ગરમી લાગી, બહુ ગરમી લાગી. એ જઈને વેળુમાં તડકે પડેલો. નદીનો.. 'મૂળી'માં ભોગવો (નદી છે ત્યાં) જઈને પડ્યો. એ વખતે ક્રિયાકાંડી હઠવાળા બહુ થતા. ક્રિયાકાંડના હઠ હોય. મૂળીમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ગૃહસ્થ હતા. એ પડ્યો અને પછી ભાઈ! તૃષા... ત્યાંથી ગામમાં ન આવું કહે. ત્યાં માથે ઢાંકીને થોડી ઝૂપડી કરી. અમે બધા ગયા પછી... છેલ્લે બોલી ગયો કે મેં તો પૂરું પાડ્યું છે પણ બીજાઓ આમ હઠ કરશો નહિ. હઠથી પૂરું કર્યું, પછી શું થાય? વેદનાનો પાર ન રહે.

અહીં તો શાંતિના સરોવરમાં પેસીને સહન કરવું છે એમ કહે છે. પરિષહ સમકિતીને જે આવે એમાં શ્રાવક થાય એને પરિષહ લાગુ પડે, ભાઈ! ચોથેથી પરિષહ લાગુ ન પડે એમ વાત છે. ચારિત્રનો અંશ પ્રગટ્યો છે ત્યારે એને ખરેખર તો પરિષહ લાગુ પડે છે. સમજાણું કાંઈ? પ્રભુનો માર્ગ એવો છે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ કલ્પિતથી ઊભું કરેલું નથી. વસ્તુની સ્થિતિ એવી છે.

ભગવાનઆત્મા રાગથી ભિન્ન સ્વરૂપનું જ્યાં ચૈતન્યનું ભાન છે, કહે છે કે એમાં જ્યારે વિશેષ સ્થિરતાનો અંશ આવ્યો છે અને પૂર્ણ સ્થિરતાનો અંશ મુનિને આવ્યો છે, એવા પ્રસંગે આવો પ્રસંગો ભજતા શાંતિ.. શાંતિ.. શાંતિ (રહે) એને નિર્જરા થાય છે, એને પરિષહજય કહેવામાં આવે છે. સ્વરૂપ તો આવું છે, ભાઈ! આહાહા..! હઠથી માની લે કે કલ્પનાથી માની લે એ કાંઈ વસ્તુસ્થિતિ છે? સમજાણું?

**'મુનિવ્રત ધારણ કર્યાં છે, આટલી થોડીક ગરમીની બાધા આનંદથી સહન કર–'** આનંદથી સહન કર. આહાહા..! પેલો તડકે જઈને હઠ કરતો. આ અંદરમાં જા એમ કહે છે. ભગવાન તને શાંતિનો ભેટો થશે, બાપા! શાંત થા. સ્વભાવનો ઉગ્ર આશ્રય લે. શાંતિ થશે. ત્યાં તારે હઠથી સહન કરવું નહિ પડે. શાંતિથી. એ જ્ઞેય તરીકે જાણ એમ કહે છે, સમજાણું ? **'આમ ચિંતવન કરતાં ઉષ્ણ પરિષહને જીતે છે–એને ઉષ્ણ પરિષહ કહે છે.'** લ્યો.

**'૫. નગ્ન પરિષહ — મુનિરાજ સમસ્ત પ્રકારનાં વસ્ત્રોનો ત્યાગ કરીને...'** મુનિને તો વસ્ત્રનો તાણો હોતો નથી. નગ્ન મુનિ... નગ્ન મુનિ. અંતરમાં આનંદના ભાન છે, બાહ્યમાં મુનિના નગ્ન શરીર હોય છે. મુનિને વસ્ત્ર-પાત્ર હોય નહિ, વસ્ત્ર-પાત્ર રાખે એ મુનિ નહિ. 'અમરચંદભાઈ'! આ બધા વસ્ત્ર-પાત્ર (રાખે) છે એ મુનિ મનાવે છે એ ગ્રહિત મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આકરી વાત છે, ભાઈ! માર્ગની રીત તો જેમ હોય એવું આવે કે નહિ?

**'સમસ્ત પ્રકારનાં વસ્ત્રોનો ત્યાગ કરીને નગ્નદિગંબરપણે રહેતાં અખંડ બ્રહ્મચર્યનું પાલન કરીને...'** આહાહા..! શરીરના બધા અવયવો ખુલ્લા. આત્માને પણ અંદર ખુલ્લો મૂકી દીધો છે. જેને આમ નગ્ન શરીર છે તો કાંઈ લાગતું નથી. બાળકની પેઠે હોય છે. આહાહા..! એવી આત્માની લગની લાગી છે એને. અંતરની એવી લગની લાગી કે જેને શરીર નગ્નપણું બાળ જેવું દેખાય છે. કાંઈ એનો વિકલ્પ છે નહિ. આહાહા..! સમજાણું? એ રાજકુમાર હોય આમ. ૨૫-૨૫ વર્ષના મણિરત્નની પુતળી જેવા ચાલી નીકળ્યા છે. એક મોર પીંછી, કમંડળ. અપવાદીક ઉપકરણ, અપવાદીક ઉપકરણ. આહાહા..!

www.vitragvani.com



કહે છે, સર્વ વસ્ત્રોનો ત્યાગ કરી, આ અનાદિનો માર્ગ આ છે, હોં! પક્ષની આ વાત નથી કે દિગંબરના સાધુ આવા હોય અને શ્વેતાંબરના સાધુ આવા હોય. આ વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે મુનિપણું અંતરમાં, આનંદમાં જ્યાં પ્રગટે,... ઓહો..હો..! ત્રણ કષાયનો અભાવ થઈને સ્વરૂપમાં જ્યાં વીતરાગતા પ્રગટી છે, પ્રચુર સંવેદન–સ્વસંવેદન જ્યાં અંદર જાગ્યા છે, એને વસ્ત્ર અને પાત્ર લેવાની વૃત્તિ ક્યાં છે? એને તો અંદરમાં ઠરી.. ઠરી.. ઠરીને કેવળજ્ઞાન લઉં, કેવળજ્ઞાન લઉં એટલે કે પૂર્ણ થાઉં, એમ, એવી જ્યાં જમવટ વાગી છે એને આ ક્યાં હોય. અંતે આ એકવાર કરવું પડશે. હોં! એના વિના કોઈને મુક્તિ થાય (એમ બનવાનું નથી). આહાહા..!

મુમુક્ષુ :– સાચા મુનિ આવા હોય છે.

ઉત્તર :– આવા હોય છે. આહાહા..!

જુઓ! **'અખંડ બ્રહ્મચર્ય...'** અંદર. આનંદ. બ્રહ્મ એટલે આનંદમાં ચરનાર. પોતાનો આનંદ ભગવાનઆત્મા, એમાં ચરીને બ્રહ્મચર્ય પાળનાર. આહાહા..! **'પોતાના આત્મધ્યાનમાં લીન રહે છે.'** નગ્નપણું છે એ શરીરનું છે. પોતે પરથી ભિન્ન છે. હું શરીરરૂપે છું કયાં? શરીરમાં છું ક્યાં? હું તો મારામાં છું. સમજાણું કાંઈ? મુનિઓનો વાસ આત્મામાં છે. શરીરમાં અને બહારના ક્ષેત્રમાં નથી. આહાહા..! એવું **'નગ્ન રહેવાથી રંચમાત્ર દુઃખ માનતા નથી...'** દુનિયાને તો આમ લજ્જા આવે, આ થાય. બાળકની પેઠે સરળ ભદ્રીક. સરળ હોય. ભદ્રીક એવા હોય. હોય મહાવિચિક્ષણ પણ ભદ્રીક હોય છે. કોમળ, સરળ... આહાહા..!

અરે..! વીતરાગના માર્ગી, મોક્ષમાર્ગી જીવો કેવા હોય? આહાહા..! જેણે કેવળજ્ઞાનના મંડપ નાખ્યા. કેવળજ્ઞાનને લેવા કે લઉં છું એવી દશા મુનિની હોય છે. એટલે કે પૂર્ણ થવું એમ. જામી જવું, આમાં જામી જવું. બહાર નીકળવું એને ગોઠતું નથી. આવે છે ને? સદાય આવળી.. નથી આવતું? આવળી સદાય રહી જવું. પાછળ પડીકમ્મણામાં (આવે છે). હવેના કાળની શ્રેણી બધી સ્વરૂપની સ્થિરતામાં જાજો. એવી મુનિની ભાવનામાં આ પરિષહ સહન થઈ શકે છે. સહન થઈ જાય છે એમ કહે છે.

**'હંમેશા પોતાના આત્મામાં લીન રહે છે-એને નગ્ન પરિષહ કહે છે.'** જુઓ! આ મુનિની દશાનું વસ્તુનું સ્વરૂપ. એવું એણે બરાબર નવ તત્ત્વમાં આવું સંવર-નિર્જરાનું સ્વરૂપ છે એ માનવું જોઈશે. મુનિપણું એટલે સંવર-નિર્જરાની ઉત્કૃષ્ટતા. દેવ એટલે, કેવળ એટલે મોક્ષ. સમજાણું કાંઈ?

**'૬. યાચના પરિષહ - મુનિરાજને ભલે મહિનાઓ સુધી આહાર ન મળે, વર્ષો સુધી પણ ન મળે છતાં તે મુનિરાજ કદી કોઈ શ્રાવક પાસે આહારની યાચના કરતા નથી,...'** તૃષા બહુ લાગી છે, ક્ષુધા બહુ લાગી છે. વિકલ્પ નથી. આહાહા..! યાચના નહિ... યાચના નહિ... મને આહાર આપો મુનિને એમ ન હોય. બધા કહેને યાચના પરિષહ છે ને? યાચના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ન કરવી એ પરિષહ છે. યાચના કરવી અને માનભંગ થવો એ પરિષહ નહિ. આહાહા..! મોટી વ્યાખ્યા કરી છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ધર્મ... એનો અર્થ એનો એ થયો, ભાઈ! માગ્યું કે મને આપો. મુનિરાજ તો આમ ચાલતા.. ચાલતા.. આનંદકંદમાં વિકલ્પ ઊઠ્યો છે. કોઈ કહે કે, મહારાજ! પધારોને મહારાજ! આહાહા..! ત્યાં આહાર લે છે, જુઓ! એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એવું નથી આવ્યું? એમ કહે એ આહાર લે છે ને? એ ક્યાં પણ વેપારી દુકાને બેઠો એને કોઈ આવે તો માલ લઈ જાવ. એ કાંઈ એને ઘરે નથી જતો, કે આવો.. આવો. એમ પોતાને આ જાતની આહાર લેવાની ક્ષુધા છે તો કોઈને એ જાતની યોગ્યતાથી આપો તો લે. નહિતર લેતા નથી. મોક્ષમાર્ગી જીવનના જીવન કેવા બાપા! આહાહા..! સમજાણું કાંઈ? જુઓ!

**'મહિનાઓ સુધી...'** યાચે નહિ, હોં! યાચના પરિષહ એમ લોકો એમ કહે છે. ભાઈ! માગવું એ પરિષહ. માગવું તો ભિખારી માગે છે, એ પરિષહ હોય? ત્યાં જઈને આહાર દ્યો, પાણી દ્યો, ફલાણું દ્યો.

મુમુક્ષુ :– માગ્યા પછી ન આપે તો દુઃખ ન થાવું એમ.

ઉત્તર :– ના એ નહિ. માગવું એ જ પરિષહ છે કહે છે. કેમ કે માન મૂકીને માગવું છે ને માટે એ યાચના પરિષહ છે, ઇ એમ કહે છે. એ ખોટી વાત છે. એમ અર્થ કરે છે. પેલું નહિ. યાચનામાં લજ્જા છોડીને માગે છે એ પરિષહ કહે છે. ના ના એ તો ભિખારી છે. યાચના કરવી નહિ એનું નામ પરિષહ છે. સમજાણું કાંઈ? અરે..! ભગવાન પાસે મોક્ષ યાચે છે ત્યાં વળી આ તે યાચના કેવી એને? આહાહા..! આત્મા પાસે કેવળજ્ઞાન માટે ઝુરી રહ્યો છે ને. સાધુ એટલે આત્મા પરમાત્મા થવા માટે ઝુરી રહ્યો છે. ઘણા વિકલ્પ ઊઠે, વળી અંદર ઠરે. વળી વિકલ્પ ઉઠે અને ઠરે. એ આનંદદશા.. આહાહા..! એને આવી દશા હોય છે એ યાચના કરતો નથી. સમજાણું કાંઈ? બે વચ્ચે મોટી ચર્ચા છે.

અરે..! ભાઈ! વીતરાગ માર્ગ છે એ એમ રહેશે. કોઈથી બદલ્યો ફરશે નહિ. બાપુ! એ તો અનાદિના માર્ગ છે. એ માર્ગે અનાદિ-અનંત સંતો ગયા છે. અનંત ગયા છે, ભાઈ! એ માર્ગ તો અનાદિનો છે. એને કોઈ કાળે ફેરવી નાખે તો કાંઈ માર્ગ ફરે એવો નથી. આહાહા..! અરે..! એની શ્રદ્ધા અને ભાવના તો કર તું. 'સેઠી'! બાહ્યાંતર. જુઓ! 'શ્રીમદ્'ને.

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો.**
**અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા. પરમમિત્રનો જાણે પામ્યા યોગ જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.**

ધર્મીની તો ભાવના એ હોય, ભાઈ! હું બહુ લક્ષ્મીવાળો થાઉં, રાજા થાઉં, માન મળે. અરે..! એમાં તો તું મરી ગયો, હવે સાંભળને. સમજાણું કાંઈ? અહો..! મને ક્યારે એવી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભાવનાથી આવો ભાવ આવે? સમજાણું કાંઈ? પુરુષાર્થથી આવે, હોં! કાંઈ એની મેળે આવી જાય એમ નહિ પાછું. એવી ભાવના કરે. સમજાણું? એના પણ અમારે (સંવત) ૧૯૭૭ની સાલમાં મોટા વાંધા ઉઠ્યા હતા. એવી ભાવના બોલે છે તો ક્યાં એને મુનિપણું લેવું હતું તો કોણ એને રોકતું હતું? આ 'વછરાજભાઈ' તે દિ' હતા. તમારો બીજો પેલો કોણ 'ધ્રોળ'વાળો? 'ઠાકરશી' એ હમણાં ત્યાં 'આફ્રિકા'માં છે. 'નાઈરોબી' છે. બેય જણા હતા. ૧૯૭૭-૭૭ની સાલ. આસો સુદ ૧૫. પોષા હતા. કે ભાદરવા સુદ ૧૫, એટલો મહિનાનો ફેર. ત્યાં હતાં અને આ બે જણ આવ્યા હતા. ત્યાં એમાં 'મૂળચંદજી' એવું બોલે, એવું બોલે. એને મુનિપણું લેવું હતું તો કોણ રોકતું હતું? ઢોંગ કરે છે. અરે..! ભાઈ! મુનિપણું એમ કે લ્યો આ લુગડા ફેરવીને બેસી ગયા એ મુનિપણું. એવા મુનિપણા તો દ્રવ્યલિંગ પણ નથી તારા, હવે સાંભળને.

દ્રવ્યલિંગ તો જેને અઠ્યાવીસ મૂળ નગ્ન દશા થાય, સમ્યગ્દર્શનનું ભલે ભાન ન હોય એને દ્રવ્યલિંગ કહીએ. વસ્ત્ર-પાત્ર સહિતને દ્રવ્યલિંગ પણ ન કહેવાય. આને કહે જુઓ! આવું લેતા નહોતું આવડ્યું? એય..! 'ન્યાલભાઈ'! 'શ્રીમદ્'ને એમ કહ્યું, ૧૯૭૭ની સાલમાં. કેટલા વર્ષ થયા? ૪૬ વર્ષ થયા. પૂનમનો દિવસ હતો. પોષા કરેલા. એમાં 'મૂળચંદજી' ભડક્યા બહુ. હું ઉપર હતો. .. એને મુનિપણું. બાપુ! નીચે ઉતરીને કહ્યું. એને નહિ. એને તો કહેવાય નહિ. એ તો બળે. એક 'ઉજમશીભાઈ' ત્યાં છે. એને કહ્યું, ભાઈ! ઠાણાંગમાં ત્રણ બોલ ચાલ્યા છે ને, ભાઈ! ભાઈ! ત્રણ બોલ ચાલ્યા છે. શ્રાવકને ક્યારે હું અલ્પ અને ઘણો પરિગ્રહ છોડીશ? ક્યારે હું મુનિપણું લઈશ? અને ક્યારે હું સંથારો કરીશ? બાપુ! કીધું ઠાણાંગને ત્રીજે ઠાણે આ મનોરથ ત્રણ ચાલ્યા છે ને? આ ૧૯૭૭ની વાત છે. ૪૬ વર્ષ પહેલાની વાત છે. ભાઈ! કીધું આ કરે છે આમ, ભગવાન ! આમ કહે છે ને. અને તેં મનોરથ ચિંતવે એ ઢોંગી હશે? મુનિપણું લે તો જ આવું થાય? તો મનોરથનો પ્રશ્ન ક્યાં છે? ભાઈ! એ 'ઉજમશી'ને કહ્યું હતું. પેલો તો તપી જાય. કષાય (એટલો કે) શાંતિથી સાંભળે પણ નહિ. આ તો કહ્યું, ભાઈ! કીધું શ્રાવકના ત્રણ મનોરથ છે ને? શ્રાવક સમકિતી છે, ગૃહસ્થાશ્રમમાં છે. 'શાંતિભાઈ'! છે ને? ત્રણ મનોરથ આવે છે. મુનિપણું લઈ લે તો જ એ મનોરથ સાચો કહેવાય ? મનોરથ અરે..! ક્યારે આવે? ક્યારે આવે?

મુમુક્ષુ :– પછી એમ બોલાય...

ઉત્તર :– બોલે શું? બોલે તો મૌન થઈ ગયા'તા. કહે છે તો સાચું. પણ પોતાનો હઠ. બાપુ! ગૃહસ્થાશ્રમમાં થોડોઘણો પરિગ્રહ ક્યારે છોડું? હું ક્યારે મુનિ થાઉં? અને ક્યારે મારો સંથારો થાય? શાંતિમરણે. એવી ભાવના શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં હોય છે. 'પોપટભાઈ'! આહાહા..! અરે..! મોક્ષના ભણકાર જેને વાગ્યા છે એને તે આ જાતની ભાવના કેવી હોય છે? નક્કી થઈ ગયું હોય છે કે અલ્પકાળમાં મારી મુક્તિ છે હવે. હવે આપણે સંસારથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છૂટ્યા. એને આવી મનોરથની ભાવના હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– મુનિપણું કોને કહેવું એની ખબર ન મળે. લુગડા છોડીને બેસે એમાં મુનિપણા ક્યાં હતા? એવાને મુનિપણા માનવા ગૃહિત મિથ્યાત્વનું પોષણ છે. ગૃહિત મિથ્યાત્વનું પોષણ છે. અનંતસંસાર ક્ષણે ક્ષણે વધારે છે. આકરી વાત, બાપા! આ તો માર્ગ છે આવો, હોં! કોઈ વ્યક્તિને માટે વાત નથી. સમજાણું?

**'વર્ષો સુધી પણ ન મળે છતાં તે મુનિરાજ કદી કોઈ શ્રાવક પાસે આહારની યાચના કરતા નથી, તેથી જ મુનિની વૃત્તિને સિંહવૃત્તિ કહી છે.'** જુઓ! સિંહ તે ત્યાં જઈને માગતો હશે? એ હરણ! આવજે મારી પાસે. મારે ખાવું છે. સિંહવૃત્તિ છે. સહેજે મળી જાય તો લે છે. યાચના કેવી? માગવું કેવું? ચેષ્ટા ન બતાવે. ક્ષુધા લાગી છે તો કાંઈક આપો. એમ નહિ. આહાહા..! અહીં તો સાધુ નામ ધરાવીને એને માટે કરે, કરાવે. કરતા હોય તો ઠીક માને. બરાબર છે. ટાણે આવ્યા ને મહારાજને આહાર આપવાથી મોટો લાભ થાય. રસ્તામાં વળી આહાર દેવાથી બહુ લાભ થાય. અરે..! ભગવાન! આ માર્ગમાં તારો આરો નહિ આવે, બાપા! સમજાણું કાંઈ? યાચના ન કરે. **'આ રીતે યાચના પરિષહને જીતે છે.'**

**'૭. અરતિ પરિષહ – જગતના જીવો ઇષ્ટ પદાર્થ મળતાં રતિ માને છે અને અનિષ્ટ પદાર્થ મળતા અરતિ-ખેદ માને છે, પણ તે પરમયોગી ભલે જંગલમાં રહે,..'** સંતો જંગલમાં રહેતા હોય છે. આહાહા..! **'કોઈ તેમને ભલા (સારા) કહે,..'** તોપણ શાંતિ છે. **'કોઈ તેમને બૂરા (ખરાબ) કહે...'** નાગા હાલી નીકળ્યા છે. જગતમાં ભૂખ્યા-તરસ્યા ભિખારી લાગે છે (એમ કહે) **'તોપણ કદી પોતાના ચિત્તમાં ખેદ કરતા નથી.'** 'ગોંડલ'માં એક કોઠારી હતો. મગજ ફરી ગયેલો. 'અમૃતલાલ'. રસ્તામાં ડેલો (હતો) એ ડેલામાં. સાધુ વ્હોરવા આવે તો કહે, એય..! એને આહાર દેજે.. આહાર. બિચારા ભૂખ્યા આવ્યા છે. મગજ અસ્થિર હતું. અપાસરાની ઓલી કોર. સ્વામિનારાયણનું મંદિર હતું એની આની કોર. એ બોલ્યો હતો એ અમને ખબર છે, હોં! એની વહુ બહુ બિચારી ખાનદાની. બૈરા બહુ ખાનદાન. મહારાજ! એને બોલવાની એને.. મગજ અસ્થિર છે, હોં! આપ ધ્યાન ન દેશો. મગજ અસ્થિર છે, એમ બોલે. 'ગોંડલ'માં. આ તો બધું અમારે ઘણું અનુભવાયેલુંને. બાઈ બિચારી ખાનદાન બાઈ. મહારાજ! એ બોલે એમાં ધ્યાન ન આપશો. એનું મગજ અસ્થિર છે. પધારો.. પધારો.. પધારો. પેલો એમ કહે કે એય..! આને આપજે આપજે બિચારા ભૂખ્યા હશે. મગજ અસ્થિર શું કરે? એમ આ ગાંડાઓ છે. સાચી વાત ન સમજે એનું મગજ અસ્થિર છે. આવું માની લે છે. વસ્ત્ર-પાત્રસહિત ને મુનિને યાચના... આહાહા..! પાગલ છે પાગલ કહે છે. ભાઈ! એ પાગલની સામું જોઈશ નહિ, ભાઈ! કહો, સમજાણું?

**'જંગલમાં રહે, કોઈ તેમને ભલા (સારા) કહે, કોઈ તેમને બૂરા (ખરાબ) કહે તોપણ**

www.vitragvani.com



**કદી પોતાના ચિત્તમાં ખેદ કરતા નથી.**' શાંતિ ઝરે. આહાહા..! વગર કારણે ચાલ્યા જતા હોય અને પથરો મારતા જાય. કહો, સમજાણું? સ્વતંત્ર છે એ પરમાણુ પર્યાય ભજવાની. અરે..! આવો સાધારણ માણસ મને આમ કરે! એમ ન વિચારે. એવો વિકલ્પ કરે નહિ. સંસાર એમ જ ચાલે છે. પોતે આત્માની શાંતિથી અરતિને થવા દે નહિ.

'**૮. અલાભ પરિષહ – જેમ આહાર વગેરે ન મળવાથી તેની યાચના કરતા નથી તેમ મહિનાઓ સુધી આહારની પ્રાપ્તિ ન થવા છતાં પણ પોતાના મનમાં રંચમાત્ર પણ ખેદ લાવતા નથી.**' સમજાણું કાંઈ? આહાહા..! '**આ રીતે અલાભ પરિષહનો જય કરે છે.**' જુઓ! ન મળે તો ખેદ નથી કરતા કે અરે..રે..! આ મજુર માણસો આ રોટલા પેટ ભરીને ખાય. અમને જરા પણ આહાર નહિ!

મુમુક્ષુ :– આજના શ્રાવકોને સાધુને કેમ વહોરાવું એ પણ આવડતું નથી.

ઉત્તર :– કેમ વહોરાવું અને કઈ વસ્તુ દેવી એની પણ ખબર નથી. હવે તારે શું કામ છે? અલાભથી શાંતિ રાખે છે. આહાહા..! સમજાણું? એ આ પાછું ગૃહસ્થાશ્રમમાં પણ આ બધું સમજવા જેવી વાત છે, હોં! આ એકલી મુનિની વાત નથી ચાલતી. બધાને આવું કરવું પડશે. એ કર્યા વિના એને ધર્મ–શાંતિ નહિ વળે.

એકદેશથી ગૃહસ્થાશ્રમમાં પણ ભાન સહિત સહન કરવું. સરળ મુનિ તો મહા અણગારે જાયા. જન્મ નવો થઈ ગયો એ તો. દશા વીતરાગ પ્રગટી એ જન્મ નવો થઈ ગયો. એવો પાઠ આવે છે. અણગારે જાયા. અણગારપણે જન્મ્યા–વીતરાગભાવે અંદરમાં જન્મ્યા. આખો ભવ બદલી ગયો, અવતાર બદલાઈ ગયો. અમે વાણિયા હતા ને આ ફલાણા રાજા હતા, બધું મટી ગયું. અમે પુરુષ છીએ અને આ સ્ત્રી, બધું મટી ગયું. અણગારે જાયા. વીતરાગદશાના પુત્ર થઈ ગયા. એનો જન્મ થઈ ગયો. આહાહા..! શ્વેતાંબરમાં એવો શબ્દ આવે છે. એ વખતે વાત કરતા, હોં! થોડું થોડું કરતા.

એ કહે છે. મહિના મહિનાનો આહાર ન મળે તો પણ શાંતિ રાખે. સમજાણું? સંસારમાં પણ અનેક પ્રકારે બને છે ને? આમ ચુરમાના લાડવા કર્યા હોય અને ૧૦૬ ડિગ્રીનો તાવ. ખાવા માટે કર્યો હોય. આઠ વાગે કીધું કે આ કરજો. ઘરમાં ૨૫ માણસ. આમ ચુરમુ, પતરવેલિયાના ભજીયા તળીને મૂક્યા હોય. આઠ વાગે ત્યાં સડસડતો ૧૦૬ તાવ. કાંઈ ખવાય નહિ. મુનિનો તો શાંતિથી દુનિયાના ઢગલા દેખે, એ મને નહિ? આહાર ન મળે છતાં એવી શાંતિ રાખે તેને અલાભ પરિષહ જીત્યો કહેવામાં આવે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



**પ્રવચન નં. ૮૧ ગાથા–૨૦૬ થી ૨૦૯ શનિવાર, અષાઢ વદ ૧૪, તા. ૫-૦૮-૧૯૬૭**

૨૦૬, ૨૦૭, ૨૦૮ ગાથા ચાલે છે. મુનિઓએ બાવીશ પરિષહ સહન કરવા. શ્રાવકે પણ એમાંથી ત્રણ રત્નો દેશથી પ્રગટ કરીને સહન કરવા. જેટલી આ મુનિની વાત ચાલે છે, એ બધી એકદેશે શ્રાવકને પણ લાગુ પડે છે. એ પછીની ગાથામાં આવશે. હવેની ગાથામાં એ આવશે. સમજાણું? જેને આત્માને સ્વતંત્ર કરીને મુક્તિ સાધવી છે અથવા જેને આત્મામાં સુખરૂપ થવું છે, એ સુખરૂપ થનારના બે પ્રકાર–એક શ્રાવક અને એક મુનિ. સમજાય છે કાંઈ? દુઃખને ટાળવું છે અને સુખરૂપે થવું છે. સુખરૂપે થનાર મુનિ ત્રણ રત્નત્રયને વિશેષ સુખરૂપે સાધન કરીને સાધે છે. શ્રાવક દેશરત્નત્રયને પ્રગટ કરી, દેશથી સુખના સાધનને સાધે છે. એમાં આવા પ્રકારની પ્રતિકૂળતા આવે એમાં સુખરૂપ રહેવું, શાંતિ રાખવી. ચારિત્રની અપેક્ષાએ વાત છે ને? સમજાય છે? એને પરિષહ જય કહેવામાં આવે છે. આઠ પરિષહ થઈ ગયા છે.

'**૯. દંશમશક પરિષહ –...**' મુનિરાજ જંગલમાં વનવાસમાં હોય છે. ત્યાં '**ડાંસ, મચ્છર, કીડી, મકોડા વગેરે...**' વીંછી, સર્પ વગેરે. '**ડંખની પીડા સંસારના પ્રાણીઓ સહન કરી શકતા નથી,...**' રાડ નાખે. જરી કીડી આમ ચટકો ભરે કીડી, ડાંસ ભરે જ્યાં ત્યાં ઉંઘ આવે નહિ. '**યોગી પુરુષો તે બધાની બાધા-પીડા સહન કરે છે.**' યોગી એટલે આત્માના સ્વરૂપમાં જોડાણ કરનાર. આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ શુદ્ધ છે, એમાં અંદર જોડવું, યોગ જોડવો, સ્વરૂપની એકાગ્રતા કરવી એને અહીં યોગી કહેવામાં આવે છે. એકદેશે યોગી શ્રાવક પણ છે, સર્વથા યોગી મુનિ છે. શ્રાવક પણ એકદેશ યોગી છે. જૈનમાં યોગી ક્યાંથી આવ્યા? બીજામાં હોય જ નહિ. અનાદિનું રાગ અને દ્વેષમાં જે જોડાણ કર્યું છે, એને આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપમાં અંતર જોડાણ.. અંતર જોડાણ.. અંતર જોડાણ કરવું, એનું નામ યોગી. સમજાય છે કાંઈ? મુનિ યોગી છે. શ્રાવક પણ દેશયોગી છે.

'**યોગી પુરુષો તે બધાની બાધા-પીડા સહન કરે છે.**' આહાહા..! જંગલમાં વીંછી કરડે અને લાખો કરોડો ડાંસ (હોય). અહીં મકાનમાં પડ્યા હોય અને ઓઢ્યું હોય એમાં ડાંસ જો અંદરથી મારે તો એને આમ થઈ જાય. આ તો ઉપરથી ડાંસ મારે. પાતળું કપડું મલમલનું ઓઢીને સૂતો હોય તો ઉપરથી ડાંસ મારે. અંદર ગરી ગયો હોય તો ત્યાં અંદર કરડ્યા કરે. લૂગડું ઓઢ્યું હોય તો. મુનિને કપડું (ન હોય). ધ્યાનમાં, આનંદમાં છે. નિત્યાનંદ ભોજી. આત્મા અમૃતસ્વરૂપ, સુખનો સાગર એનું (અવલંબન) ઉગ્રપણે મુનિને હોય છે. એવા આવા પ્રસંગમાં વીંછી કરડે તો રાડ નાખે. બોલાવો ડોક્ટરને, બોલાવો આ ઇંજેક્શન આપે. ત્યાં ક્યાં ડૉક્ટર ને ઇંજેક્શન હતું? શાંત છે. આહાહા..! એ ધીરજની કેટલી ઉત્કૃષ્ટતા! વીંછીના

ડંખ. કહો, એમાં કોઈ વખતે ધ્યાનમાં બેઠા હોય અને વીંછીની અનેક પ્રકારે હાર નીકળી હોય. વીંછીની હાર. એ બધી કરડે. મુનિ પોતાના સ્વરૂપમાં સાવધાન છે. એ સાવધાનમાં ક્ષમારૂપે જ્ઞાતાદૃષ્ટા રહીને સહન કરે, એમ છે. માર્ગ તો એવા છે. એ દુઃખરૂપ નથી, હોં! સુખરૂપ છે. એ પ્રતિકૂળ નિમિત્ત લાગ્યું છે એ એને દુઃખરૂપ નથી દેખાણું. અંતરમાં શાંતિમાં, આનંદમાં તે તરફ વિશેષ ઝૂકે છે. તેથી આનંદમાં રહે છે તેને પરિષહજય કહેવામાં આવે છે. દુઃખમાં રહે એ પરિષહજય કરે તો (દુઃખથી) જિતાય ગયો. સમજાણું કાંઈ?

તે દિ' એ પ્રશ્ન થયો હતો. 'ફુલચંદજી' સાથે. એટલે પહેલું દુઃખ થાય એમ નહિ? મેં કીધું નહિ. એમ ન હોય. (સંવત) ૨૦૦૩ ની સાલની વાત છે. પરિષહ તો એને કહીએ કે તે સમયે દુઃખ જરાપણ નહિ. તો તો વ્યાખ્યા એવી થઈ જાય કે કાંઈક પ્રતિકૂળતા આવે એટલે થોડું દુઃખ તો થાય. સમજાણું? 'નિર્જરા અધિકાર' માં આવ્યું છે એ જુદી વાત છે. આવ્યું છે ને? કે સુખ-દુઃખ વેદે એને થોડું તો જરી થાય છે. બીજી ગાથામાં આવે છે ને? દ્રવ્યકર્મની નિર્જરા એ છે પછી ભાવની નિર્જરામાં બીજી ગાથામાં આવ્યું ને? શાતા-અશાતાનો .. જરીક અશુદ્ધતા થોડી થાય છે. પણ ઠરી જાય છે એમ પછી કહેવું છે. ભાઈ! નિર્જરામાં આવે છે ને ? થોડું ત્યાં થાય. અહીં એમ નહિ. પાછું બે માં ફેર છે. સમજાણું? અહીંયાં તો આમ શાંત.. શાંત.. જે સમયે પ્રતિકૂળતાના નિમિત્ત છે, તે જ સમયે સ્વભાવ તરફની સાવધાની અને ઉગ્રતા છે. આહાહા..! સમજાણું?

કહે છે કે એમાં બાધા પીડા ઉત્પન્ન કરે એવાં... કારણ કે '**કીડા વગેરે જંતુઓ નગ્ન શરીરને ખૂબ બાધા-પીડા ઉત્પન્ન રકે છે,...**' કપડા-બપડાં હોય તો તો હજી કાંઈક થોડું... આ તો ખુલ્લું શરીર, ચારે કોર એને બટકા ભરે. '**પણ મુનિમહારાજ મનમાં ખેદ કરતા નથી. આ રીતે દંશમશક પરિષહને જીતે છે.**' ખેદ કરતા નથી એનું નામ પરિષહજય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ એની રમતે રમણે ચડી ગયો છે ને? આત્મા એની રમતે ચડી ગયો છે. એમ સમતા સમતા સમતા હોય છે. રાગની રમતું છોડી છે જેણે. સમજાણું કાંઈ?

'**૧૦. આક્રોશ પરિષહ – જો કોઈ મુનિરાજની નિંદા કરે, કુવચન કહે, ગાળ વગેરે દે તો તેને સાંભળીને જરા પણ ખેદ કરતા નથી...**' છેને? ખેદ કરતા નથી.. ખેદ કરતા નથી. જુઓ! બધે ચાલ્યું આવે છે, હોં! સમજાણું? '**ઉત્તમક્ષમા જ ધારણ કરે છે.**' આક્રોશ વચન વખતે જાણે ખરા કે આ શું છે. ક્રોધ થાય તો શાંતિથી સહન કરે. આવો માણસ કેમ? અમે એકાંતમાં બેઠા છીએ, નિરપરાધી છીએ. સમજાય છે? આમ કેમ? ભાઈ! નિરપરાધી એ વખતે જે છે એને સ્વભાવની શાંતિથી વેદ. શાંતિ પ્રગટ કર. ભગવાનમાં શાંતિ પૂરી પડી છે. સમજાણું?

'શ્રીકૃષ્ણ'માં આવે છે ને? વનમાં 'શ્રીકૃષ્ણ'ને જ્યારે પગમાં બાણ વાગ્યું ને? કૌશંબી

www.vitragvani.com



વનમાં એકલા. ઉત્તમ પુરુષ છે. પગ ઉપર પગ ચઢાવીને (સૂતા છે). પગમાં જાણે મણિ (એમ સમજીને) માર્યું પેલાએ. માર્યા ભેગો અવાજ કરે છે. કોણ છે વનમાં નિરપરાધીને મારનાર? એવો અવાજ કર્યો. અમે કોઈનો અપરાધ કર્યો નથી. કોણ છે? જાહેર થાવ. વનમાં આ પશુ કોણ છે? અમને નિરપરાધીને આ રીતે (મારે છે)? એમ મુનિને ન હોય. સમજાણું? અમે નિરપરાધી છીએ અને આ કોણ કરે છે? આ તો એમ જ ચાલે. 'શેઠી'! આહાહા..! **'ઉત્તમક્ષમા જ ધારણ કરે છે. એ રીતે યોગીઓ આક્રોશ પરિષહ જીતે છે.'**

**'૧૧. રોગ પરિષહ – પૂર્વના અશાતાવેદનીય કર્મના ઉદયથી જો શરીરમાં કોઈ પીડા થાય...'** સાતસો વર્ષનો ગળત કોઢ. સનતકુમાર ચક્રવર્તી મુનિ. જેને છન્નુ હજાર સ્ત્રી ગૃહસ્થાશ્રમમાં હતી અને સોળ હજાર દેવ સેવા (કરે). મુનિ થયા. સાતસો વર્ષનો, સાતસો વર્ષનો ગળત કોઢ, હોં! આ આંગળા ગળવા માંડ્યા. મુનિ, નગ્નમુનિ ધ્યાની. શાંતિ છે. દેવ આવ્યા કરી દઉં, આ મટાડી દઉં. સાંભળ ભાઈ! એની પાસે લબ્ધિ હતી. થૂંક અડાડે તો મટી જાય એવું. એ પૂર્વના કર્મ પડ્યા છે એ ખર્યા વિના, આ બાજુ શાંતિના સાધન કર્યા વિના એ કેમ ટળશે? રોગ ટાળવો નથી, રોગ ટાળવો નથી. હોય એની મેળે ખરી જાય. કહો, છ ખંડના ધણી ચક્રવર્તી. જેના પલંગમાં આ ગાંઠ વાળેલો દોરો હોય ને દોરો? એવો એને સૂવામાં ન હોય. ગાંઠ વાળેલો દોરો હોય તો ખૂંચે. આ ગાદલું સીવેલું હોય ને? ગાદલામાં એક વેંત દોરા નાખે છે ને? રૂ એકઠું ન થઈ જાય માટે. વચ્ચે નાખે એટલે વેંત વેંત નીચે સીવે. ત્યાં આમ ગાંઠ ન હોય. એમાં ઉપર ઓછાડ પાથરે, તો પણ ખૂંચે. એવા સુંવાળા શરીર. 'સેઠી'! આહાહા..! જેણે ગણ્યા નથી. કાંકરીયાળી જમીન, અંદર પડ્યા હોય આનંદમાં મસ્ત છે. સમજાણું? એ કહેશે.

**'પૂર્વના અશાતાવેદનીય કર્મના ઉદયથી જો શરીરમાં કોઈ પીડા થાય તો મુનિમહારાજ તે રોગથી દુઃખી થતા નથી...'** એ દુઃખી થતા નથી. પહેલા દુઃખી થાય અને પછી દુઃખી થતા નથી. **'પણ પોતાના પૂર્વકર્મનું ફળ જાણી...'** જાણે છે કે એ તો કર્મનો ઉદય છે તો શરીરમાં રોગ છે. કહો, મુનિદશા થઈ, છટ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલે, એને આટલી અશાતા રહી. ચક્રવર્તી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જ્યારે જે કાળે આવવું હોય ત્યારે આવે ને? કહો, સમજાણું ? **'પોતાના પૂર્વકર્મનું ફળ જાણી આત્મધ્યાનમાં લીન રહે છે. એને રોગ પરિષહ કહે છે.'**

**'૧૨. મળ પરિષહ :– મુનિમહારાજને સ્નાન વગેરે ન કરવાથી ધૂળ, પરસેવો આદિ આવવાના કારણે મેલ જેવું જામી જાય છે પણ તેના તરફ તેમનું ધ્યાન જતું નથી, કારણ કે પોતાના આત્મગુણોમાં જ લીન રહે છે.'** જેને વારંવાર શુદ્ધોપયોગ જ જામી ગયો છે. શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ. શુભ-અશુભ પણ નહિ. શુભ પણ નહિ. શુભ કોઈવાર આવે. શુદ્ધમાં..

www.vitragvani.com



શુદ્ધમાં. એવી જેની દશા, એને આ રોગાદિ હો, મળ આદિને એ ગણતા નથી.

'**૧૩. તૃણસ્પર્શ પરિષહ :– ચાલતી વખતે અથવા બેસતી વખતે જીવોની રક્ષા કરવામાં તત્પર...**' એટલે બીજાને ન મારવા. '**મુનિમહારાજને જો કાંટા, કાંકરા વગેરે પેસી જાય તો તે પીડા દૂર કરવા માટે કાંઈ પણ ઉપાય કરતા નથી...**' કહો, કાંકરા એવા અણીદાર હોય એ પગમાં પેસે. મોટા કાંટા હોય, ગોખરુ. આહાહા..! સમજાણું? '**પોતાના આત્મધ્યાનમાં જ લીન રહે છે...**' આનંદનો અનુભવ, આનંદનો ખોરાક લેતા, એ આનંદનું ભોજન કરતા શાંતિ રાખે છે એમ કહે છે. પગમાં કાંકરા ગરી જાય. સુંવાળા ... શિયાળ આમ ખાય છે. કટકા કરે છે. શાંત.. ત્રણ દિવસ સુધી. એ બાજુ નહિ, આ બાજુ. ક્યાં જુઓ છો તમે? કહો, સમજાણું કાંઈ? શાંત.. ત્રણ ત્રણ દિવસ સુધી કટકા.. કટકા... કટકા (કરીને ખાય છે). એ વધ પરિષહમાં આવશે. કહો, સમજાણું?

'**૧૪. અજ્ઞાન પરિષહ :– સંસારના બધા પ્રાણીઓ અજ્ઞાનથી દુઃખી થઈ રહ્યા છે. તેવી જ રીતે જો કોઈ યોગીને પૂર્વ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થવાથી તથા ઘણું તપ કરવા છતાં પણ તથા પઠન-પાઠનનો ઉદ્યમ કરવા છતાં પણ જો જ્ઞાનની વૃદ્ધિ ન થઈ...**' કદાચ ઉઘાડ વિશેષ ન થાય. એવું કાંઈ નથી કે મુનિ થયા એટલે જ્ઞાનનો ઉઘાડ વધારે જ હોય. અંતરની દૃષ્ટિ અને સ્વરૂપની સ્થિરતા એની ઉગ્રતા હોય. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીને કારણે... સમજાણું? કર્મનો ઉદય હોવાથી... અને ઘણી એટલી પોતાની કમજોરી છે એ જાતની. અહીં નિમિત્તથી કથન છે.

મુનિપણું પાળતાં પઠનપાઠનનો ઉદ્યમ કરવા છતાં જ્ઞાનની વૃદ્ધિ ન થાય એ ક્ષયોપશમ એ જાતનો ન થાય તો મુંઝાય નહિ. સમજાણું? કહે, અરે..! આ મુનિ થયા, ચારિત્રવંત થયા, આટલું આટલું ધ્યાન, આનંદ કરીએ છીએ, આ સાધારણ માણસને બહુ ઉઘાડ અને વિકાસ છે, મને કેમ નથી? એમ ન થાય. સમજાણું કાંઈ? જુઓ! આ અજ્ઞાન પરિષહ. જ્ઞાનનો વિકાસ વિશેષ ન હોય એમાં સમતા રાખવી. કહો, ચોથે ગુણસ્થાને કોઈને ત્રણ જ્ઞાન હોય. છઠ્ઠે ગુણસ્થાને મતિ અને શ્રુત બે જ હોય. કહો, સમજાણું? છઠ્ઠે ગુણસ્થાને કોઈને બારઅંગનો ઉઘાડ હોય. દેવને લ્યો. સર્વાર્થસિદ્ધના દેવને. આ છઠ્ઠે ગુણસ્થાને થોડો ઉઘાડ હોય. દૃષ્ટિ અને સ્થિરતા ઉપર વજન છે. સમજાણું કાંઈ? આત્મા નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપ એની દૃષ્ટિ થઈ છે, અને સ્વરૂપમાં સ્થિરતા વીતરાગતા જામી છે. બસ. એ જ મોક્ષનો માર્ગ છે. જ્ઞાનનો ઉઘાડ ઓછોવત્તો હોય એનો ખેદ કરતા નથી. કોઈને હોય, તેથી શું? છઠ્ઠે ગુણસ્થાને વિશેષ બોલતા પણ ન આવડે. 'શિવભૂતિ' મુનિ. માતુષ-મારૂષ એટલા શબ્દો પણ યાદ ન રહ્યા.

મુમુક્ષુ :– ચાર શબ્દ છે.

ઉત્તર :– ન રહ્યા. માતુષ, મારૂષ. છ અક્ષર છે. મારૂષ, માતુષ. ક્ષયોપશમ ન હોય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એ મુંજાય નહિ. કહો, સમજાણું કાંઈ? મારી દૃષ્ટિ ચૈતન્ય ઉપર છે અને સ્થિરતા શાંતિ છે, બસ. એ જ મારો માર્ગ છે. વધારે ઉઘાડ હોય, ન હોય એની સાથે કાંઈ સંબંધ નથી. જુઓ! આ અજ્ઞાન પરિષહ. સમજાણું કાંઈ? અરે..! ત્રણ ત્રણ કષાયના નાશ કર્યા, સ્વરૂપમાં ભિન્નતા જામી, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને હજારો વાર દિવસમાં આવીએ છીએ છતાં ઉઘાડ થતો નથી, એમ ખેદ થાય નહિ. સમજાણું કાંઈ? પ્રયોજન તો આત્માને પકડવું, આત્માની દૃષ્ટિ અને આત્માને જ્ઞાનથી પકડ્યો છે. બસ. અને સ્થિરતા કરી છે એ જ પ્રયોજન ત્રણ રત્નનું સાધન છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાનની વૃદ્ધિ ન થઈ શકે તોપણ તે મુનિરાજ પોતાના મનમાં ખેદ ન કરે કે મને હજી સુધી જ્ઞાન ન થયું.'** શું છે પણ? હમણા કેવળજ્ઞાન થશે. સ્વરૂપમાં દૃષ્ટિ છે અને સ્વરૂપમાં સ્થિરતા છે. હમણા કેવળ થશે. મુકને પડતી, કામ શું છે તારે? આહાહા..! સમજાણું કાંઈ? કહો, હજારો માણસ આમ બોલતા હોય, આમ જાણપણાની કેટલી કેટલી વાતું કરતા હોય અને આને એટલું યાદ રહેતું ન હોય. ખેદ ન કરવો એમ કહે છે. મૂળ પ્રયોજનની વાત પકડી છે, સ્વરૂપ શુદ્ધ નિર્વિકલ્પની દૃષ્ટિ છે અને વસ્તુમાં સ્થિરતા છે. બસ, થઈ ગયું તારે બધું કામ થઈ ગયું, જાવ. 'અમરચંદભાઈ'! આહાહા..! દુઃખી ન થાય. સમજાણું કાંઈ?

**'૧૫. અદર્શન પરિષહ – જગતના જીવો સમસ્ત કાર્યો પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે કરે છે, ત્યાં જો પુરુષાર્થ કરવા છતાં પણ પ્રયોજનની સિદ્ધિ ન થાય તો ક્લેશ માને છે,...'** દુનિયા દુઃખી થાય છે. અરે..! આટલું કર્યું પણ કાંઈ આવ્યું નહિ. **'પણ તે મુનિરાજ એવો વિચાર કરતા નથી કે હું ખૂબ તપ કરું છું,...'** આટલું ધ્યાન કરું છું, જંગલમાં રહું છું, આવા તપ કરતા લાખો વર્ષ થઈ ગયા. **'સ્વાધ્યાય કરું છું, સમસ્ત કષાયો ઉપર વિજય મેળવી ચૂક્યો છું,...'** જોયું! **'સંયમ પાળું છું,...'** સ્વરૂપમાં સ્થિર છું. **'પણ આજ સુધીમાં મને કોઈ ઋદ્ધિ પેદા થઈ નહિ,...'** એમ ન થાય. અદર્શનપરિષહ. અરે..! કાંઈ અવધિજ્ઞાન ન થયા, મનઃપર્યયજ્ઞાન ન થયા, કોઈ લબ્ધિ પ્રગટી નહિ. એવો ભાવ મુનિને આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

શ્રાવકને પણ એમ લેવું, હોં! ગૃહસ્થાશ્રમમાં આત્માનું ધ્યાન શ્રદ્ધા પ્રગટી છે, સ્થિરતા પ્રગટી છે, જ્ઞાનનો ઊઘાડ વિશેષ ન હોય. એથી શું છે? સાધન તારું ચાલે છે. સમજાણું? મોક્ષને સન્મુખ છો. હવે ત્યારે વચમાં બીજું શું કામ છે? ખેદ ન કરે. ઓછા જાણપણા માટે બીજાનું વિશેષ જાણપણું જોઈને ખેદ ન કરે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ અંતરમાં નિર્વિકલ્પ દૃષ્ટિએ ધ્યાનમાં લીધો છે. એ જ બધા કેવળજ્ઞાન પામવાના બીજડા તો એ છે. સમજાણું કાંઈ? હવે એને પકડીને બેઠો, હવે એને જ્ઞાન ઉઘાડ ઓછો-વધતો હોય એની સાથે કાંઈ સંબંધ નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

www.vitragvani.com



ઉત્તર :– આવે છે ને. એ તો સાધારણ વાત છે. એ અંદર છે. એ તો ગૃહસ્થ જરા મુંઝાય છે, માટે એની વાત કરે છે. અહીં તો અત્યારે અહીંની વાત છે. મુનિ અને શ્રાવક સાચા શ્રાવક છે. એને એક સમાધાન કર્યું હતું. એક ભાઈ મુંઝાણા હતા ને. અમને બધી ખબર છે. દર્શનપરિષહ.. બધી ખબર છે. બધી વ્યાખ્યાની ખબર છે. કહો, સમજાણું કાંઈ?

આ તો મુનિમહારાજ અને શ્રાવક પાંચમે ગુણસ્થાને વર્તે છે, મુનિ છઠ્ઠે સાતમે બિરાજમાન છે. એણે આટલી આટલી તપસ્યાઓ, ધ્યાન કરીએ છીએ, શાસ્ત્ર-સ્વાધ્યાય કરીએ છીએ, પઠન-પાઠન કરીએ છીએ, દિવસમાં કાંઈ ચૂકતા નથી અને આ જ્ઞાન ચડતું કેમ નથી? સમજાય છે? વધતું કેમ નથી? ચડતું નથી એ અજ્ઞાનમાં જાય. વધતું નથી કેમ? જ્ઞાન અતિશય કેમ થતો નથી? એ અતિશય જ છે. સાંભળને. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા એના સ્વરૂપના આરૂઢે ચડ્યો છે એને બધું છે. સમજાણું કાંઈ? ખેદ પામતું નથી. **'જ્ઞાનાતિશય થયો નહિ, તો શું તપ વગેરેનું કાંઈ ફળ હશે કે નહિ? - એ પ્રકારે તેમના મનમાં કદી સંશય થતો નથી...'** સમજાણું કાંઈ?

**'૧૬. પ્રજ્ઞા પરિષહ – સંસારના જીવોને જો થોડું પણ જ્ઞાન થઈ જાય તો તેનું અભિમાન કરવા લાગી જાય છે,...'** થોડું જાણપણું થાય, થોડી વાતો કરતા આવડે તો બસ, આપણને ઓહો..હો..! ખૂબ આવડ્યું. મૂળ વસ્તુની તો ખબર ન મળે. એય..! 'ન્યાલભાઈ'! સમજાણું કાંઈ? આમાં કેટલાક હોય છે ને? થોકડા-બોકડા બોલે ત્યાં ઓહો..હો..! જાણે ખૂબ થઈ ગયું. શું છે હવે થોકડા. પ્રશ્ન-ઉત્તર આવડે તો આહાહા..! શું વધી ગયું! અભિમાન થઈ જાય, અભિમાન.

(સંવત) ૧૯૭૫ની સાલમાં એક શબ્દ કહ્યો હતો. 'પ્રેમચંદભાઈ'ને યાદ છે ને? ઓછું જ્ઞાન તે અવગુણ નથી, અવળું જ્ઞાન તે અવગુણ છે, એમ કહ્યું હતું. 'વીંછીયા'માં ૧૯૭૫ની સાલમાં. સમજાણું કાંઈ? ઓછું જ્ઞાન એ અવગુણ નથી, પણ વિપરીત બુદ્ધિ છે એ મોટો અવગુણ છે. એ ખોટી દૃષ્ટિ, ઊંધી દૃષ્ટિ છે. 'અમરચંદભાઈ'! સવળું જ્ઞાન પણ ભલે થોડું હોય, અને વિશેષ ન હોય તો એ કંઈ અવગુણ નથી. સમજાય છે કાંઈ? જ્ઞાન વિપરીત છે. પોતાના સ્વરૂપ તરફનું સાધન કરતો નથી અને વાદવિવાદ, ઝઘડા આ હું મોટો થયો, તને આવડતું નથી, મને આવડે છે. એ જ્ઞાન તો અવગુણમાં ગયું. સમજાણું કાંઈ? અમારે તો એ ઘણું અંદર ચાલતું ને. ૨૫+૨૩=૪૮ વર્ષ થયા. એ સૂત્ર મૂકેલું છે. ઓછું જ્ઞાન તે અવગુણ નથી, વિપરીત જ્ઞાન તે મિથ્યાદૃષ્ટિનું અવગુણ છે.

**'સંસારના જીવોને જો થોડું પણ જ્ઞાન થઈ જોય તો તેનું અભિમાન કરવા લાગી જાય છે,...'** અમને આવડે છે, અમે જાણીએ છીએ, અમે પારંગત થઈ ગયા છીએ, અમે તો બધામાં ઉતરી ગયા છીએ. ભાઈ! એ બાપુ! એના અભિમાન ન હોય. ભગવાનઆત્મા જે કેવળજ્ઞાનની ખાણ છે એને પકડે એને પછી આવા ઉઘાડના અભિમાન હોય નહિ. સમજાણું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આ? લ્યો. **'મુનિમહારાજને અવધિજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન પણ થઈ જાય તો પણ તેમને પોતાના જ્ઞાનનું અભિમાન-ઘમંડ થતું નથી,...'** અરે...! અવધિ અને મનઃપર્યય થયું તો ખબર પડતી ન હોય. ઉપયોગ મૂકે ત્યારે ખબર પડે. ઓલું નથી આવતું? વિષ્ણુ મુનિ. મુનિ એક હતા. એને ખબર નહોતી. પણ તમને વિક્રિયલબ્ધિ પ્રગટી છે અને અત્યારે મુનિઓને આકરો પરિષહ છે. હસ્તિનાપુરમાં સાતસો મુનિની આસપાસ જમીન તપાવે છે. ... મુનિ એના ધ્યાનમાં છે. (બહારમાં) ઉપસર્ગમાં છે. આપને લબ્ધિ પ્રગટી છે માટે કાંઈક કરો. એને તો ખબર પણ નહિ. વિક્રિયલબ્ધિ પ્રગટી છે એ ખબર નહિ. આમ હાથ લાંબો કર્યો તો હાથ મોટો થઈ ગયો. ત્યારે જાણ્યું કે ઠીક છે. ચાલો ત્યાં હવે. કહો, સમજાણું કાંઈ? આ તો મૂડી થાય તો બહાર ફૂંકે. ઢંઢેરો પીટે. દસ લાખ આવે, પાંચ લાખ આવે.

મુમુક્ષુ :– પહેલાના ગંભીર માણસો હતા.

ઉત્તર :– અરે..! ખબર શું કીધું ને, જગડુશા હતો, જગડુશા. પૈસા કેટલા એની ખબર ન પડે. ખબર ન પડે કે કેટલા પૈસા હતા. અત્યારે તો મકાન કરાવે અને બધું કરે. બહાર દેખાવ વધારે કરે. પૈસા આપણી પાસે ૨૫ લાખ, ૫૦ લાખ પણ મકાન બે-પાંચ-દસના.. બહાર દેખાવ વિના શું? અને દીકરીના લગન આવ્યા તો સરખો એકવાર બહાર દેખાવ કરે તો કાંઈક કામ આવે. એનું એ કરે. પૂર્વે પૈસા વિના દીકરી પરણાવી, પૈસા વખતે દીકરી પરણે ને મૂડીનો દેખાવ ન કરે તો મૂડીને દેખે કોણ? કહો, સમજાણું કાંઈ? બધો સંસાર આવો છે. મુનિને શાંત.. શાંત. આહાહા..!

અવધિજ્ઞાન પ્રગટ્યું, મનઃપર્યયજ્ઞાન પ્રગટ્યા, વિક્રિયલબ્ધી પ્રગટી હોય, વચનસિદ્ધિ પ્રગટી હોય, એને અભિમાન હોતું નથી. એ શું? કેવળજ્ઞાનની વૃદ્ધિ પ્રગટે નહિ ત્યાં સુધી તો હું પામર છું. કેવળજ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી પામર છું. આ શેના અભિમાન? અવધિ અને મનઃપર્યય પણ કેવળજ્ઞાનને અનંતમે ભાગે છે. આહાહા..! અને એવા કેવળજ્ઞાનના અનંતા કેવળજ્ઞાનનો પીંડલો ધ્રુવ આત્મા છે. એનો જેણે આદર કર્યો એને કેવળજ્ઞાનનું પણ અધિકપણું નથી અને કેવળજ્ઞાન એ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. 'અમરચંદભાઈ'! આહાહા..! કારણ કે પ્રગટે છે એટલે વ્યવહારનો વિષય છે. ભગવાનઆત્મા ત્રિકાળ એકરૂપ રહે છે. શુદ્ધ ચિદાનંદ પરમાત્મા, એનો જ્યાં આશ્રય અને દૃષ્ટિ થઈ છે, એને આવા વિશેષ ઉઘાડ હોય એનું અભિમાન હોતું નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! વાતે વાતે શાસ્ત્રકાર તો કેટલું નાખે છે, જુઓ! **'જ્ઞાનનું અભિમાન-ઘમંડ થતું નથી, એને જ પ્રજ્ઞા પરિષહ કહે છે.'**

**'૧૭. સત્કારપુરસ્કાર પરિષહ – દેવ, મનુષ્ય, તિર્યંચ, સંસારના બધા જીવો આદરસત્કારથી હર્ષિત થાય છે,...'** નારકી તો બિચારા દુઃખી છે. એનો તો અહીં લેવા નથી. કુતરાને પણ આવ.. આવ.. આવ.. કરે તો ટું ટું કરતા રાજી થાય છે કે નહિ? દોટ મૂકે દોટ. ટું ટું કરે. ટું ટું કરે ને? શું કરે? કૂતરાને બોલાવે. રાજી થાય, પૂંછડી લટકાવે

www.vitragvani.com



આમ.. આમ કરે. સત્કાર કરે તો બધા ખુશી થાય. દેવ ખુશી, મનુષ્ય ખુશી, ઢોર ખુશી. **'સત્કાર કરનાર પ્રત્યે મૈત્રી રાખે...'** અનુકૂળ પ્રત્યે પ્રેમ રાખે. મને ઓળખી શક્યો. **'અનાદર કરનાર પ્રત્યે શત્રુતા રાખે છે.'** કહો, સમજાણું? **'અજ્ઞાની જીવ અનેક કુગુરુઓ અને કુદેવોને પૂજ્યા કરે છે, પણ મુનિમહારાજના મનમાં એવી ભાવના ઉત્પન્ન થતી નથી...'** શું કહે છે? આ કુદેવ, કુગુરુ આને માને અને મને માનતા નથી? મને આ સત્કાર કરતા નથી. હું તો મોક્ષમાર્ગી છું. મારો આત્મા મોક્ષને માટે તૈયાર છે. આ કુગુરુને આ રાજાઓ માને છે. એમ સત્કારપુરસ્કારનો એને ખેદ થતો નથી. સમજાણું કાંઈ? જુઓ!

**'અજ્ઞાની જીવ અનેક કુગુરુઓ અને કુદેવોને પૂજ્યા કરે છે,...'** લ્યો. કુદેવ, કુગુરુ એક નાગો થઈને બેઠો હોય, સાધારણ હોય. અન્યમતિનો બાવો માથે જટાબટા લઈને બેઠો હોય. એને કહે જય મહારાજ! આ લોકો આને પૂજે અને મને આદર કરતા નથી. એવો ખેદ થતો નથી. સમજાણું? **'એવી ભાવના ઉત્પન્ન થતી નથી કે કોઈ પૂજા કરતું નથી, અર્થાત્ તેઓ કોઈની પાસે આદર-સન્માન ઇચ્છતા નથી. આ રીતે સત્કાર પુરસ્કાર–'** સન્માન અને મોઢા આગળ કરવું. સમજ્યા ને? મોઢા આગળ કરવો. સમજ્યા ને? આ હું આટલું ભણ્યો છું તો મને મોઢા આગળ તો કરતા નથી અને પેલો સાધારણ ભણ્યો એને મોઢા આગળ કરીને બેસાડે છે. સમજાય છે? પુરસ્કાર છે ને? મોઢા આગળ કરીને બેસાડવું. અગ્રેસર કરીને બેસાડે. ઠોઠ નિશાળીયા જેવો સાધારણ હોય. અમને તો કોઈ પૂછતા નથી. શેઠીયાને બેસાડે. એવું સાધારણ ભણેલો હોય. અંગ્રેજી-બંગ્રેજી ભણ્યો હોય, બીજું તત્ત્વનું ભાન કાંઈ ન હોય. અગ્રેસર, સભાના સભાપતિ. 'સેઠી'! ત્યાં પેલા મુનિ હોય એને કહે ભાઈ! મને...

મુમુક્ષુ :– ...પેટ ભરાય જાય ને.

ઉત્તર :– પેટ ભરાય જાય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– 'ન્યાલભાઈ' તો ના પાડતા હતા કે આ બધી ઉપાધિ માથે ક્યાં લીધી? એને છોકરાને, ભત્રીજાને. પેલાએ રૂપિયા દીધા ત્યાં તમે હવે આમાં બંધાણા. બધું કરવું પડશે. નાખ્યું ડોકમાં. મફતની ઉપાધિ છે. ત્યાં ક્યાં માન અને સન્માનને. એ કાંઈ ઘરેણે મુકાય એવું છે. માન સન્માન બહુ મળે ઘરેણે.. ઘરેણે સમજ્યા? ગીરો મૂકાય એવું છે. કે ભાઈ! અમારે મરી જવું છે લ્યો ગીરો મૂકો તો દુર્ગતિએ જાતા અટકી જાય. એ આબરૂ-ફાબરૂ કાંઈ ગીરો ન મૂકાય. એ તો ત્યાં ને ત્યાં પડી રહે. **'કોઈ પૂજા કરતું નથી, અર્થાત્ તેઓ કોઈની પાસે આદર-સન્માન ઇચ્છતા નથી.'**

**'૧૮. શય્યા પરિષહ – જગતના જીવ વિષયના અભિલાષી થઈને કોમળ શય્યા ઉપર શયન કરે છે...'** માખણ જેવા આમ રેશમી ગાદલા ઉપર સૂતા હોય. એક નહિ બે-ત્રણ નાખે. **'મુનિમહારાજ વનવાસી બનીને કાંકરાવાળી જમીન ઉપર પાછલી રાતે...'** આહાહા..!

**'મુનિમહારાજ વનવાસી...'** પેલો મહેલમાં. સમજાય છે? **'કોમળ શૈયા ઉપર..'** ત્યારે પેલો **'કાંકરાવાળી જમીન ઉપર...'** વનવાસી જંગલ. મુનિઓ તો વનમાં વસે. આહાહા..! જેને ત્રણ કષાયનો અભાવ (થયો છે), વીતરાગભાવ (પ્રગટ થયો છે).

સવારમાં રસ્તામાં કાંઈક ચર્ચા નહોતી થઈ? રસ્તામાં કાંઈક વાત થઈ હતી. 'શાંતિભાઈ'! ગોચરીની. એ તો ગોચરીની થઈ'તી. ગો-ચર એટલે ગાયની જેમ. ઝાઝા ઘરે જાય એમ નહિ. ગો–ગાય જેમ ચરે ને? ઉપર-ઉપરથી ગાય ખાય. ગાયનો રિવાજ એવો, એ ઘાસ ખાસ તો ઉપરથી ખાય. મૂળ ન ખેંચે. અને ગધેડા ખાય એ મૂળિયા ખેંચે. એટલે ગાય ઉપરથી ખાય અને પાછું આટલું આટલું રહે. એ પાછું વધે. આ માટે એ લાઈન. ગાયો જુઓ! અહીં જોયું. મેં તો પાછું બધું ઉભા રહીને જોયેલું છે. એ ગાયો ઉપર ઉપરથી ખાય. એટલે મૂળિયા આમ ને આમ રહે. અને આટલો આટલો ભાગ રહે. એ પાછો વધે. અને ગધેડો આખું ખેચીને ખાય એટલે થઈ રહ્યું. ખલાસ થઈ ગયું. પાછું વધવાનું ન રહે.

એમ મુનિ ગોચરી ગાય. ઘણા ઘર નહિ, હોં! એનો એવો અર્થ નથી. કોઈ વખતે એવું હોય છે કે એક ઓસરીએ બે-ચાર ઘર હોય. એક ઓસરીએ, હોં! આમ સીધી. અને પોતે ભિક્ષા માટે બહાર ઊભા છે. અને કોઈ બીજા એક ઓંસરીએ હોય અને દેખાય છે ત્યાંથી લઈને આવે છે. પણ આડાઅવળા કોઈ બીજે ઘરે (જાય) એમ નહિ. પોતાનું ફળીયુ મૂકીને બીજા ફળીએથી કોઈ લઈને આવે તો (ત્યાં જાય) એમ નહિ. જુઓ તો ખરા વીતરાગનો માર્ગ. ઓહો..હો..! સમજાણું કાંઈ? આનંદના અંકુરા ચરવા નીકળ્યા છે ને એ. સમજાય છે? એને આમ એક ઘરે જઈને.. ... માન બહુ આપે. માન એટલે કાંઈ ભિખારીને પેઠે નથી અમારે લેવું. એમ. મહારાજ ! પધારો. ત્યારે ઊભા રહે, થોડું લે. ચાલી નીકળે. આહાહા..! એ મોક્ષમાર્ગીની દશા, ચારિત્રવંતની એવી દશા. વીતરાગમાર્ગમાં એમ આવે. વનવાસી ચાલ્યા જાય. સમજાણું કાંઈ?

**'કાંકરાવાળી જમીન ઉપર પાછલી રાતે...'** તે પણ મુનિ તો પાછલી રાતે. સાંજ પડી નવ વાગે સૂતા એમ મુનિને ન હોય. **'પાછલી રાતે એક પડખે...'** આમ સૂતા હોય તો આમ અને આમ સૂતા હોય તો આમ. કરવટ ફેરવે નહિ. આહાહા..! એ પણ **'થોડી નિંદ્રા...'** એક થોડી નિંદ્રા લે છે. એક પોણી સેકન્ડની અંદર થોડી નિંદ્રા આવે. વળી જાગી જાય. 'રામચંદ્રજી'! આવી વાત છે, ભગવાન! મુનિ કોને કહે? આહાહા..! એક છઠ્ઠું ગુણસ્થાન જરીક પ્રમત આવે, એટલામાં થોડી પોણી સેકન્ડની અંદર નિંદ્રા લે. તરત સાતમે આવી જાય. જંગલમાં કાંકરીમાં પડ્યા હોય ત્યાં આનંદ... આનંદ... આનંદ... અરે..! વીતરાગે કહેલું ચારિત્ર સુખદાતા છે. મોક્ષના માર્ગે ચાલ્યો છે ને.. અલ્પકાળમાં મુક્તિ. એમ શ્રાવકને પણ એ કરવું પડશે એમ કહે છે. આહાહા..! સમજાણું? એ ગાથા તરત આવે છે. ... ૨૦૯. આના પછી એમાં જ આવે છે.

**'ક્ષીણ શરીરમાં જો કાંકરા કે પથ્થર વાગે તોપણ દુઃખ માનતા નથી, પરંતુ એવી ભાવના**

www.vitragvani.com



**ભાવે છે કે હે આત્મા! તેં નરકમાં તીવ્ર વેદના સહન કરી છે, ત્યાંના જેવી બીજી કોઈ વિષભૂમિ નથી,...'** ઝેર ભૂમિ નરકમાં, ભાઈ! તેં ૩૩-૩૩ સાગર કાઢ્યા છે, બાપા! આ તો થોડો વખત છે. થોડા વખતમાં કેવળજ્ઞાન લેવાનું છે. સાધકને કેવળજ્ઞાન લેવા માટે અસંખ્ય સમય હોય છે. સમજાણું? **'એનો તું નકામો ખેદ કરે છે. તેં ત્રૈલોક્યપૂજ્ય જિનમુદ્રા ધારણ કરી છે,...'** આહાહા..! વીતરાગમુદ્રા. અંદર વીતરાગ છે, બાહ્ય નગ્નમુદ્રા છે, અંદર વીતરાગમુદ્રા છે. આવી ધારણા કરી છે હવે તને આ શું? **'તું મોક્ષને ઇચ્છે છે તેથી મોહરૂપી નિંદ્રાને જીત, સદા જાગ્રત થા, પોતાના સ્વરૂપમાં મગ્ન થા. આ રીતે શય્યા પરિષહને જીતે છે.'** આમ બે ઘડી-ચાર ઘડી સૂઈ રહે એમ ન હોય, એમ કહે છે. મુનિ કોને કહે? આહાહા..! મોક્ષમાર્ગની દશા આખી સંસારથી ફરી ગઈ છે ને. સમજાણું?

**'૧૯. ચર્યા પરિષહ – ગમન કરતા સંસારના જીવો ઘોડા, હાથી, રથ, પાલખી વગેરે ઉપર બેસીને ગમન કરે છે...'** તે દિ' મોટર નહોતી. એ રથ આવી ગયો. **'તથા તિર્યંચ પણ ગમન કરવામાં દુઃખ માને છે,...'** આ બળદને બહુ હાંકે તો દુઃખ થાય ને? બહુ ચાલવું પડે તો દુઃખ થાય. **'મુનિમહારાજ સદૈવ માર્ગ જોઈને ચાલે છે. કાંકરા, પથ્થર, કાંટા વગેરે ખૂંચતા જરાય ખેદ પામતા નથી.'** કાંકરા પગમાં ખૂંચે, સુંવાળા શરીર હોય. જુઓને ... નીકળ્યા હતા. લોહી.. લોહી.. સુકુમાલ મુનિ. ઉઘાડે પડે ચાલેલા નહિ. બહાર જ્યાં કાંટો વાગે તો લોહી નીકળે. કાંટો શું પથરો અમથો અડે, એવું શરીર, તો લોહી નીકળે. શાંત છે, જંગલમાં ધ્યાનમાં બેસી ગયા. આ શરીર લાંબુ નહિ ચાલે. ચાલી શકીશ નહી હું. ત્યાં જોઈ શિયાળણી. લઈ જાવ. આનંદમાં મસ્ત છે, હોં! દુઃખી નથી. કોઈને એમ લાગે કે અર..ર..! દુઃખી છે. તો એને મુનિની દશાની જ ખબર નથી. સમજાણું કાંઈ? એ આનંદમાં છે, આનંદમાં છે.

મુમુક્ષુ :– જાણે તો છે.

ઉત્તર :– હા, એ જુદી વાત છે. જાણે તો ખ્યાલ આવે છે કે આ કાંઈક થાય છે, કરે છે, એમ ખ્યાલ છે. ન જાણે એવું કાંઈ નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એ આવે છે. મુનિને પરિષહ પડે એ ન જાણે એમ નથી. એ તો ખ્યાલ હોય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. પરિષહની વ્યાખ્યા છે એમાં. એમણે તો બહુ લીધું છે. એકે એક બોલ લીધા છે. એક બોલ છે એનો. એને પરિષહ આવે અને એ ન જાણે એમ નથી. જાણે તો ખરો વિકલ્પ આવ્યો અને બહાર જાય. જાણે પણ એનો ખેદ કરે નહિ. આહાહા..! એ ચર્યા પરિષહ.

**'૨૦. વધ પરિષહ – ભવવાસી જીવ મારવા-પીટવાથી સદા ડરે છે, પણ મુનિમહારાજને જો કોઈ મારે, પીટે, બાંધે, કોઈ કાંઈ પણ કરે, છતાં રંચમાત્ર પણ ખેદ પામતા નથી.'** લીમડા સાથે બાંધે. પગથી માથા સુધી દોરડા ખેંચીને બાંધે. આ નાગો ચાલ્યો જાય છે. કોણ છે આ? ક્યાં જાય છે? ગામમાં ક્યાંય જાશો નહિ. એને પગથી માથા સુધી બાંધે. ચલાય નહિ.

ત્યાં ને ત્યાં શાંતિમાં દેહ છૂટી જાય. આનંદ... આનંદ.. આનંદ... બાપુ! મોક્ષના માર્ગ, વીતરાગના રસ્તા છે. દુઃખ નથી, હોં! એ. એકદમ અંદરમાં આનંદમાં જોર કરે છે. સમજાણું?

**'તેથી એવી ભાવના રાખે છે કે હે આત્મા! તું તો અવિનાશી ચિદાનન્દસ્રાય છો,...'** નાશ વિનાનો આનંદ જ્ઞાનમય (છો) તને અડે ક્યાં? વધ અડે છે ક્યાં? તને સ્પર્શતો પણ નથી. કોઈ મારે એનો સ્પર્શ નથી મને. હું ક્યાં ઇ છું? એ તો રૂપી, હું તો અરૂપી. **'તને દુઃખ આપનાર કોણ છે? તને કોણ મારી શકે છે? કોણ પીટી શકે છે? આમ વધ પરિષહને જીતે છે.'**

**'૨૧. નિષદ્યા પરિષહ – સંસારના સમસ્ત જીવ ઉત્તમ મનોજ્ઞ સ્થાનમાં બેસીને સુખ માને છે,...'** બેસવાનું સ્થાન સારું, આમ સુંવાળા ગાદલામાં બેસે. **'મુનિમહારાજ સકળ પરિગ્રહનો ત્યાગ કરી નિર્જન વનમાં...'** નિર્જન. જન જ્યાં નથી તેવા વનમાં, જંગલમાં બેઠા છે. **'જ્યાં સિંહ વગેરે અનેક ક્રૂર જાનવરો વસે છે...'** ચારે કોર દેખાય કે અહીં સિંહ છે, આ વાઘ છે. ભય નહિ, ત્રાસ નહિ. સમજાણું? **'ક્રૂર જાનવરો વસે છે ત્યાં પર્વતની ગુફાઓમાં, શિખરો ઉપર અથવા સ્મશાન ભૂમિમાં નિવાસ કરે છે....'** મડદા બળતા હોય, મડદા પડ્યા હોય ત્યાં ધ્યાન કરે. **'પરંતુ રંચમાત્ર પણ દુઃખ માનતા નથી.'**

**'૨૨. સ્ત્રી પરિષહ – જગતના જીવ ઘણું કરીને બધી સ્ત્રીઓ દ્વારા પોતાને સુખી માને છે અને તેની સાથે હાસ્ય-કુતૂહલની વાતો કરીને આનંદ માને છે.'** એટલે શું કહે છે? સ્ત્રીનો સંગ થતાં એની સાથે પ્રેમથી વાત કરવાના રસીયા જગતના જીવો હોય છે. સમજાણું? **'પણ મુનિમહારાજ સારી સારી સુંદર સ્ત્રીઓનાં સુંદર વચનો સાંભળવા છતાં પણ હાવભાવ–વિલાસ–વિભ્રમ–કૌતુકની ક્રિયાઓ જોવા છતાં પણ જરાય વિચલિત થતા નથી...'** એની સાથે વાત કરવાની મીઠાશ જ્ઞાનીને હોતી નથી. સમજાણું કાંઈ? હાવભાવ–વિલાસ–વિભ્રમ-કૌતુક ક્રિયા.

**'અખંડ બ્રહ્મચર્યનું પાલન કરી...'** આનંદ બ્રહ્માનંદ ભગવાનઆત્મા, નવ કોટીએ નવ વાડે અંતર બ્રહ્મચર્ય પાળે છે. સમજ્યા ને? **'પોતાના આત્મધ્યાનમાં લીન રહે છે. આ રીતે સ્ત્રી પરિષહને જીતે છે. – આ રીતે બાવીસ પરિષહ નિરંતર સહન કરવા જોઈએ. જે મુનિ સંસારપરિભ્રમણના દુઃખથી કંપાયમાન છે...'** આ આવ્યું. એ ચારે ગતિના દુઃખથી ડર્યો છે. ચાર ગતિના અવતાર જન્મ એ કલંક છે, જન્મવું એ કલંક છે. ભગવાનઆત્માને જન્મ, શરીરનો યોગ કલંક છે. આહાહા..! સમજાણું? એ દુઃખથી કંપાયમાન છે.

**'તે દઢ ચિત્તવાળા બનીને બાવીસ પરિષહો સહન કરે, કાયરતા ન કરે. જે મુનિરાજ પરિષહ સહન કરી શકતા નથી તેમનું ચિત્ત નિશ્ચલ થઈ શકતું નથી અને ચિત્તની નિશ્ચલતા વિના ધ્યાન થઈ શકતું નથી,...'** મને આમ થશે. એ આમ કરશે.. એ આમ કરશે... **'ધ્યાન વિના કર્મોનો નાશ થઈ શકતો નથી અને કર્મોનો નાશ થયા વિના મોક્ષ થઈ શકતો નથી; તેથી મોક્ષના અભિલાષીએ અવશ્ય જ પરિષહ સહન કરવા જોઈએ. આ રીતે બાવીસ પરિષહોનું વર્ણન કર્યું.'**

www.vitragvani.com



## ગાથા-૨૦૯

આગળ એમ બતાવે છે કે મોક્ષાભિલાષીએ રત્નત્રયનું સેવન કરવું જોઈએ.

इति रत्नत्रयमेतत्प्रतिसमयं विकलमपि गृहस्थेन।
परिपालनीयमनिशं निरत्ययां मुक्तिमभिलषता।।२०९।।

અન્વયાર્થ :– [ इति ] આ રીતે [ एतत् ] પૂર્વોક્ત [ रत्नत्रयम् ] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય [ विकलम् ] એકદેશ [ अपि ] પણ [ निरत्ययां ] અવિનાશી [ मुक्तिम् ] મુક્તિને [ अभिलषिता ] ચાહનાર [ गृहस्थेन ] ગૃહસ્થે [ अनिशं ] નિરંતર [ प्रतिसमयं ] સમયે સમયે [ परिपालनीयम् ] સેવવા યોગ્ય છે.

ટીકા :– 'इति एतत् रत्नत्रयं प्रतिसमयं विकलं अपि निरत्ययां मुक्तिं अभिलषिता गृहस्थेन अनिशं परिपालनीयम्।' - અર્થ :– આ રીતે આ રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું ગૃહસ્થ શ્રાવકે પણ એકદેશપણે સદૈવ મોક્ષને ઇચ્છતો થકો પાલન કરવું જોઈએ.

ભાવાર્થ :– મુનિને રત્નત્રય પૂર્ણરૂપે છે અને ગૃહસ્થ શ્રાવક સંપૂર્ણ રત્નત્રયનું પાલન કરી શકતો નથી તેથી તેણે એકદેશ પાલન કરવું જોઈએ પણ રત્નત્રયથી વિમુખ થવું ન જોઈએ, કેમકે રત્નત્રય જ મોક્ષનું કારણ છે. મુનિને રત્નત્રય મહાવ્રતના યોગથી સાક્ષાત્ મોક્ષનું કારણ છે અને શ્રાવકને અણુવ્રતના યોગથી પરંપરા મોક્ષનું કારણ છે, અર્થાત્ જે શ્રાવકને સમ્યગ્દર્શન થઈ જશે તેનું અલ્પજ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન અને અણુવ્રત પણ સમ્યક્ચારિત્ર કહેવાશે, તેથી રત્નત્રયનું ધારણ કરવું ઘણું જરૂરી છે.

સાત તત્ત્વોની શ્રદ્ધા કરવી તે વ્યવહારસમ્યગ્દર્શન અને નિજસ્વરૂપની શ્રદ્ધા અર્થાત્ સ્વાનુભવ થવો તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. જિનાગમથી આગમપૂર્વક જે સાતે પદાર્થોને જાણી લેવા તે વ્યવહારસમ્યગ્જ્ઞાન અને નિજસ્વરૂપનું ભાન અર્થાત્ આત્મજ્ઞાન થવું તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન છે. અશુભકાર્યોની નિવૃત્તિપૂર્વક શુભકાર્યોમાં પ્રવૃત્તિ કરવી તે વ્યવહારસમ્યક્ચારિત્ર અને શુભ પ્રવૃત્તિથી પણ નિવૃત્ત થઈને શુદ્ધોપયોગરૂપ નિજસ્વરૂપમાં સ્થિર થવું તે નિશ્ચયસમ્યક્ચારિત્ર છે. – આ રીતે સંક્ષેપથી રત્નત્રયનું શ્રાવકે એકદેશપણે અવશ્ય જ પાલન કરવું જોઈએ. રત્નત્રય વિના કોઈનું પણ કલ્યાણ નથી. ૨૦૯.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



૨૦૯ ગાથા.

**इति रत्नत्रयमेतत्प्रतिसमयं विकलमपि गृहस्थेन।**
**परिपालनीयमनिशं निरत्ययां मुक्तिमभिलषता।।२०९।।**

જુઓ! બધી વાત કરીને કેવું લીધું.

**ટીકા :- ''इति एतत् रत्नत्रयं प्रतिसमयं विकलं अपि निरत्ययां मुक्तिं अभिलषता गृहस्थेन अनिशं परिपालनीयम्।''** જોયું! **'આ રીતે આ રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું...'** શ્રાવકને પણ ત્રણે આવ્યા. કોઈ કહે કે મુનિને ત્રણ રત્ન હોય અને શ્રાવકને નહિ એમ નથી. જુઓ! અહીં ત્રણ આવ્યા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર અંશે પણ એને ત્રણ રત્ન કહ્યા છે. 'નિયમસાર'માં પણ પાંચમાં ગુણસ્થાને ત્રણ રત્ન કહ્યા છે. સમજાણું? પાત્રના અધિકારે આવ્યું, જઘન્યપાત્ર, મધ્યમપાત્ર.. એમ આવ્યું હતું. એ બધા રત્નત્રયના આરાધક છે. ચોથે ગુણસ્થાને એ અપેક્ષાએ રત્નત્રય ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

**'ગૃહસ્થ શ્રાવકે પણ એકદેશપણે...'** એકદેશપણે, એક અંશપણે, એક ભાગપણે, થોડાપણે પણ **'સદૈવ મોક્ષને ઇચ્છતો થકો પાલન કરવું જોઈએ.'** લ્યો. એ પાંચમાં ગુણસ્થાનમાં રહેલો શ્રાવક આત્મદૃષ્ટિ સંપન્ન, એણે સ્વભાવ તરફની સાવધાનીએ આ જાતના એકદેશે સ્થિરતા કરવી જોઈએ. સમજાણું કાંઈ? વિકળત્રય શબ્દ પડ્યો છે ને? વિકળ એટલે થોડું, એકેદેશ. વિકળેન્દ્રિય કહે છે ને? વિકળેન્દ્રિય–ઓછી ઇન્દ્રિય. એમ આ ઓછું રત્ન.

**'મુનિને રત્નત્રય પૂર્ણરૂપે છે....'** સાધુને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો પૂર્ણરૂપે છે. વીતરાગી દશા બહુ પ્રગટી છે. ઘણા પ્ર–વિશેષે સ્વસંવેદનની ઉગ્રતામાં એ રમે છે. **'ગૃહસ્થ શ્રાવક સમ્પૂર્ણ રત્નત્રયનું પાલન કરી શકતો નથી તેથી તેણે એકદેશ પાલન કરવું જોઈએ...'** કહો, સમજાણું? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સહિત એક અંશે તેણે સ્થિરતા પ્રગટ કરીને પાલન કરવું જોઈએ. **'પણ રત્નત્રયથી વિમુખ થવું ન જોઈએ,...'** સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રથી પણ એણે વિમુખ થવું ન જોઈએ. સમજાણું કાંઈ? આત્મામાં સ્વભાવની શ્રદ્ધા, સ્વભાવનું જ્ઞાન અને સ્વભાવ સન્મુખતાની સાવધાની રાખવી જોઈએ. વિમુખતા ન કરવી જોઈએ. સમજાણું? ગમે તેમ વર્તવું, ગમે તેમ થયું એમ ન હોય. સ્વભાવ સન્મુખ એની દૃષ્ટિથી એના સ્વભાવની સમીપમાં સાવધાનીપણે રહેવું, એકદેશપણે રહેવું. **'કેમકે રત્નત્રય જ મોક્ષનું કારણ છે.'** પરમ આનંદનું કારણ, મોક્ષ એટલે પરમ આનંદ, પરમસુખ દશા એનું નામ મોક્ષ. પરમસુખ દશા, આનંદદશા નામ મોક્ષ, એનું કારણ, રત્નત્રય ખરેખર કારણ છે. આ આત્મા આનંદસ્વરૂપની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ જ પૂર્ણ આનંદ અને પ્રાપ્તિનો ઉપાય છે. સમજાણું કાંઈ?

**'મુનિને રત્નત્રય મહાવ્રતના યોગથી સાક્ષાત્ મોક્ષનું કારણ છે...'** કહો, મુનિને અંદર નિશ્ચયવ્રત છે અને મહાવ્રતના વિકલ્પ પણ હોય છે. **'શ્રાવકને અણુવ્રતના યોગથી પરંપરા**

**મોક્ષનું કારણ છે,...'** અણુવ્રત છે ને થોડા? બાર વ્રતાદિ વિકલ્પ છે. સ્થિરતા દેશે છે. એને પરંપરાએ છૂટીને આગળ વધીને થાશે. **'અર્થાત્ જે શ્રાવકને સમ્યગ્દર્શન થઈ જશે તેનું અલ્પજ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન...'** જુઓ! જેને આત્મા શુદ્ધ ચૈતન્યની નિર્વિકલ્પ અનુભવ પ્રતીત થઈ છે, આત્મા રાગથી ભિન્ન અલ્પજ્ઞાન જેટલું અને પૂર્ણ વસ્તુ છે, એવું નિર્વિકલ્પ સ્વસંવેદન થયું છે, શ્રદ્ધા થઈ છે તેનું અલ્પજ્ઞાન હોય તે સમ્યગ્જ્ઞાન છે. થોડું જ્ઞાન હોય, વધારે ન હોય તો પણ એ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? રાજા પકડ્યો, રાજા. ભગવાનઆત્મા એની જ્યાં અંતર અનુભવ પ્રતીત થઈ, એનું ભલે થોડું જ્ઞાન હોય તો પણ લાભદાયી છે. સમ્યગ્જ્ઞાન છે, એમ.

**'અણુવ્રત પણ સમ્યક્ચારિત્ર કહેવાશે,...'** એના સમ્યગ્દૃષ્ટિ જીવના થોડા અણુવ્રત પણ તેને સમ્યક્ચારિત્ર કહેવામાં આવશે. **'તેથી રત્નત્રયનું ધારણ કરવું ઘણું જરૂરી છે.'** લ્યો. સમજાણું કાંઈ? **'સાત તત્ત્વોની શ્રદ્ધા કરવી તે વ્યવહારસમ્યગ્દર્શન...'** ભેદથી વાત કરે છે. **'નિજસ્વરૂપની શ્રદ્ધા અર્થાત્ સ્વાનુભવ થવો તે નિશ્ચયસમ્યગ્દર્શન છે.'** આત્માની અંતરસન્મુખ થઈને અનુભવમાં પ્રતીત કરવી એ નિશ્ચયસમ્યગ્દર્શન છે. સાથે સાત તત્ત્વોની વિકલ્પરૂપ શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગ્દર્શન. એ સાથે જ હોય છે. સમજાણું કાંઈ? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં લીધું ને વ્યવહાર સમ્યગ્દર્શનમાં નિશ્ચયસમ્યગ્દર્શન ગર્ભિત ગમનરૂપ હોય છે. જેને સાત તત્ત્વોની શ્રદ્ધાનો વિકલ્પ છે, એને અંતરમાં નિર્વિકલ્પ શ્રદ્ધા જો ગમનરૂપ હોય તો પેલાને વ્યવહાર શ્રદ્ધા કહેવામાં આવે. સમજાણું કાંઈ? ૧૧માં પાને આવી ગયું છે. આમાં લખ્યું છે. પાનું ૧૧ છે ને? જે જીવ પોતાના શુદ્ધ ચૈતન્યરૂપ આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને આચરણરૂપ મોક્ષનો માર્ગ ઓળખતો નથી તે જીવ વ્યવહાર દર્શન, જ્ઞાન ચારિત્ર સાધન કરી પોતાને મોક્ષનો અધિકારી માને એ નથી. એમ કહે છે. ૧૧ પાને છે.

ભાવાર્થ છે ને? **'જેમ બાળક સિંહને ઓળખતું નથી, બિલાડીને જ સિંહ માને છે તેમ અજ્ઞાની નિશ્ચયના સ્વરૂપને ઓળખતો નથી, વ્યવહારને જ નિશ્ચય માને છે. તે જ બતાવીએ છીએ. જે જીવ પોતાના શુદ્ધ ચૈતન્યરૂપ આત્માના શ્રદ્ધાન, જ્ઞાન, આચરણરૂપ મોક્ષમાર્ગને ઓળખતો નથી તે જીવ વ્યવહારદર્શન, જ્ઞાન, ચારિત્રનું સાધન કરી પોતાને મોક્ષનો અધિકારી માને છે. અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ, દયાધર્મનું શ્રદ્ધાન કરી પોતાને સમ્યગ્દૃષ્ટિ માને છે. અને કિંચિત્ જિનવાણીને જાણી પોતાને જ્ઞાની માને છે, મહાવ્રતાદિ ક્રિયાનું સાધન કરી પોતાને ચારિત્રવાન માને છે. આ રીતે શુભોપયોગમાં સંતુષ્ટ થઈ,...'** જુઓ! એ તો બધો શુભોપયોગ છે. વ્યવહાર દર્શન, જ્ઞાન એ તો શુભરાગ છે.

**'સંતુષ્ટ થઈ, શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગમાં પ્રમાદી છે તે કારણે કેવળ વ્યવહારનયના અવલંબી થયા છે એને ઉપદેશ આપીએ તો નિષ્ફળ છે.'** એકલા વ્યવહારના પક્ષમાં પડ્યા એને તો શું કરવું? એને નિશ્ચય તો સમજાતો નથી. ના ના અમે આ કરીએ.. અમે આ

www.vitragvani.com



કરીએ. શું કરે છે? પાનામાં છે, જુઓ! **'અહીં પ્રશ્ન ઉપજે છે કે આવા શ્રોતા પણ ઉપદેશ લાયક નથી.'** કહો, સમજાણું આમાં? એકલો વ્યવહાર જ માને, એમાં સમજે કે અમે કરીએ છીએ અને નિશ્ચયની વાત આવે તો કહે, ના ના એ અમારે કાંઈ નથી. સાંભળવાને લાયક નથી. જે કહેવું છે એ વાતને પકડતો નથી, સમજતો નથી. વિચાર આવે એને પકડીને બેઠો છે. એય..! કહો, સમજાણું કાંઈ? 'સેઠી'! વ્યવહારનું પકડીને બેઠો. એકલો દયા, દાન, વ્રત.. એમાં નિશ્ચયનું ભાન નથી. એને પકડીને બેઠો કહે ના ના અમે માર્ગમાં છીએ. ધૂળમાં પણ નથી. સાંભળને. નિશ્ચયના ભાન વિના વ્યવહાર કહેવાતો નથી. એમ સિદ્ધ કરે છે. સમજાણું?

**'સાત તત્ત્વોની શ્રદ્ધા કરવી તે વ્યવહારસમ્યગ્દર્શન અને નિજ સ્વરૂપની શ્રદ્ધા અર્થાત્ સ્વાનુભવ થવો તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. જિનાગમથી આગમપૂર્વક જે સાતે પદાર્થોને જાણી લેવા તે વ્યવહારસમ્યગ્જ્ઞાન...'** એ જિનાગમથી આગમપૂર્વક જે સાત તત્ત્વોને જાણે તે વ્યવહારસમ્યગ્જ્ઞાન છે. એ નિશ્ચયસમ્યગ્જ્ઞાન નહીં. **'નિજસ્વરૂપનું ભાન અર્થાત્ આત્મજ્ઞાન થવું તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન છે.'** સમજાણું કાંઈ? શાસ્ત્રોથી જ્ઞાન કર્યું એ જ્ઞાન નહિ. એ તો વ્યવહાર છે. એ પણ ક્યારે? કે નિશ્ચયથી કરે તો. તો એને વ્યવહાર કહેવામાં આવે છે.

**'જિનાગમથી આગમપૂર્વક જે સાતે પદાર્થોને જાણી લેવા તે વ્યવહારસમ્યગ્જ્ઞાન અને નિજસ્વરૂપનું ભાન અર્થાત્ આત્મજ્ઞાન થવું તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન છે. અશુભકાર્યોની નિવૃત્તિપૂર્વક શુભકાર્યોમાં પ્રવૃત્તિ કરવી તે વ્યવહારસમ્યક્ચારિત્ર...'** છે. પાપના પરિણામ છોડીને દયા, દાન, વ્રત આદિના શુભ પરિણામ તે વ્યવહારચારિત્ર. **'શુભપ્રવૃત્તિથી પણ નિવૃત્ત થઈને શુદ્ધોપયોગરૂપ નિજસ્વરૂપમાં સ્થિર થવું તે નિશ્ચયસમ્યક્ચારિત્ર છે.'** શુદ્ધોપયોગરૂપ નિજ સ્વરૂપમાં સ્થિર થવું તે નિશ્ચયચારિત્ર છે. **'આ રીતે સંક્ષેપથી રત્નત્રયનું શ્રાવકે એકદેશપણે અવશ્ય જ પાલન કરવું જોઈએ.'** સમજાણું કાંઈ? **'રત્નત્રય વિના કોઈનું પણ કલ્યાણ (ત્રણ કાળમાં) નથી.'** કારણ કે રસ્તો જ એ છે. પછી કલ્યાણ બીજે ક્યાંથી લે? તેથી શ્રાવકે પણ એકદેશે રત્નત્રયનું દર્શન-જ્ઞાનસહિત પાલન કરવું. સ્વરૂપનું દર્શન, સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપની સ્થિરતાના અંશ સહિત બાર વ્રતાદિનું પાલન કરવું. અને ગૃહસ્થોએ મુનિપણું લેવું એવી ભાવના....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



# ગાથા–૨૧૦

ગૃહસ્થોએ શીઘ્ર મુનિવ્રત ધારણ કરવું જોઈએ, એમ બતાવે છે :–

बद्धोद्यमेन नित्यं लब्ध्वा समयं च बोधिलाभस्य।
पदमवलम्ब्य मुनीनां कर्त्तव्यं सपदि परिपूर्णम्।।२१०।।

અન્વયાર્થ :– [ च ] અને આ વિકલરત્નત્રય [ नित्यं ] નિરંતર [ बद्धोद्यमेन ] ઉદ્યમ કરવામાં તત્પર એવા મોક્ષાભિલાષી ગૃહસ્થે [ बोधिलाभस्य ] રત્નત્રયના લાભનો [ समयं ] સમય [ लब्ध्वा ] પ્રાપ્ત કરીને તથા [ मुनिनां ] મુનિઓના [ पदम् ] ચરણનું [ अवलम्ब्य ] અવલંબન કરીને [ सपदि ] શીઘ્ર જ [ परिपूर्ण ] પરિપૂર્ણ [ कर्त्तव्यम् ] કરવા યોગ્ય છે.

ટીકા :– 'नित्यं बद्धोद्यमेन बोधिलाभस्य समयं लब्ध्वा च मुनिनां पदम् अवलम्ब्य सपदि परिपूर्ण कर्त्तव्यम्।' - અર્થ :– ગૃહસ્થે સદા ઉદ્યમશીલ થઈને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનો સમય મેળવી મુનિપદ ધારણ કરીને શીઘ્ર સર્વ દેશવ્રતો પાળવાં જોઈએ.

ભાવાર્થ :– વિવેકી પુરુષ ગૃહસ્થ દશામાં પણ સંસાર અને શરીરથી વિરક્ત થઈને સદાય મોક્ષમાર્ગમાં ઉદ્યમી રહે છે અને તેઓ સમય પામીને શીઘ્ર મુનિપદ ધારણ કરી, સકળ પરિગ્રહનો ત્યાગ કરી નિર્વિકલ્પ ધ્યાનમાં આરૂઢ થઈને, પૂર્ણ રત્નત્રયને પ્રાપ્ત કરી, સંસારભ્રમણનો નાશ કરી શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ કરે છે. એકદેશ રત્નત્રયને ધારણ કરી ઇન્દ્રાદિક ઉચ્ચપદ પામે તથા પરંપરાએ મોક્ષ પણ પામે. ૨૧૦.

---

**પ્રવચન નં. ૮૨ ગાથા–૨૧૦ થી ૨૧૧ રવિવાર, અષાઢ વદ ૧૫, તા. ૬-૦૮-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૨૧૦ ગાથા.

**'ગૃહસ્થોએ શીઘ્ર મુનિવ્રત ધારણ કરવું જોઈએ,...' 'मुनिनां पदम्'** અર્થમાં એ શબ્દ બરાબર છે? આણે અર્થ કર્યો છે કે મુનિપદ ધારણ કરવું. એમ લીધું. 'ટોડરમલજી'એ આ અર્થ કર્યો છે. મુનિના પદનું અવલંબન કરીને એટલે ચરણનું અવલંબન કરીને કે મુનિપદ ધારણ કરીને? સમજાણું? મુનિપદ ધારણ કરીને. એમ જોઈએ. મુનિના ચરણનું અહીં કાંઈ કામ નથી. આપણે પહેલા અન્વયાર્થથી અર્થ કરો.

बद्धोद्यमेन नित्यं लब्ध्वा समयं च बोधिलाभस्य।
पदमवलम्ब्य मुनीनां कर्त्तव्यं सपदि परिपूर्णम्।।२१०।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કહો, શું કહે છે? કે, ગૃહસ્થાશ્રમમાં રહેલા શ્રાવકે વિકળત્રય રત્નત્રય નિરંતર (આરાધવા). એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વિકળ એટલે એકદેશ (છે), મુનિને સંપૂર્ણ રીતે હોય છે, શ્રાવકને એકદેશ–એક ભાગ હોય છે. સમ્યગ્દર્શનનો એક ભાગ નહિ, હોં! સમ્યગ્દર્શન તો જે છે ઇ (છે), પણ એમાં જરી ચારિત્રની અપેક્ષાએ (મુનિ) પૂર્ણ છે ને? એટલે સમ્યગ્દર્શન, જ્ઞાનમાં ગૃહસ્થને અપૂર્ણતાના રત્નત્રય છે, પૂર્ણ છે નહિ. એ વિકળરત્નત્રય નિરંતર, **'बद्धोद्यमेन'** પ્રયત્નશીલવાન મોક્ષમાર્ગી જીવે... ઉદ્યમ કરવામાં તત્પર. એમ. પોતાનો આત્મા શુદ્ધ આનંદ છે એના પ્રયત્નમાં તત્પર છે. કહો, સમજાણું કાંઈ?

જુઓ! ધર્મી આ પ્રયત્નમાં તત્પર છે, એમ અહીં કહે છે. રળવામાં અને પેલામાં નહિ, જુઓ! પ્રયત્ન–પુરુષાર્થ નાખ્યો છે. ત્યારે પેલા કહે કે ક્રમબદ્ધમાં વળી પુરુષાર્થ કયો? આ તો પુરુષાર્થ આવ્યો. પણ ક્રમબદ્ધમાં જ પુરુષાર્થ આવ્યો. ક્રમબદ્ધ થાય છે એવો નિર્ણય સ્વભાવને આશ્રયે થાય છે. તે સ્વભાવનું અવલંબન લેતાં જ થાય છે. સમજાણું કાંઈ? ઉદ્યમ શબ્દ આવ્યો ને? આમાં તકરાર એ કરે છે. આમાં પુરુષાર્થ ક્યાં આવ્યો?

અહીં ક્રમબદ્ધનો અર્થ કે જ્યારે જે પર્યાય જેની યથાર્થપણે થવાની છે એ તો પર્યાયમાં થવાની છે. હવે એનો નિર્ણય ક્યારે થાય? કે પર્યાયના અંશ ઉપરથી લક્ષ છોડી અને દ્રવ્ય સ્વભાવ સર્વજ્ઞસ્વભાવ છે. આત્મા પરિપૂર્ણ સ્વભાવ છે. વસ્તુ પોતે છે ને? આત્મા વસ્તુ છે ને? વસ્તુ એક છે ને? અખંડ છે ને? તો એનો જ્ઞાનાદિ સ્વભાવ પણ એક અખંડ પરિપૂર્ણ છે. એવા સ્વભાવ ઉપર દૃષ્ટિ કર્યા વિના ક્રમબદ્ધનો નિર્ણય યથાર્થ હોઈ શકે નહિ. જ્યાં કરવું કરવું એમ છે ત્યાં ક્રમબદ્ધનો નિર્ણય ક્યાં આવ્યો? કરવું એ નથી પણ જ્ઞાયકસ્વરૂપ છું એમ નિર્ણય થયો, ત્યારે જ્ઞાતાદૃષ્ટા રહ્યો ત્યારે કરવું એમાં રહેતું નથી. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા કે દરેક પદાર્થ એમ નક્કી કરે કે પોતાની નિયત પર્યાય જે સમયે છે તે થવાની છે. એ પર્યાય થવાની પણ શેમાંથી? દ્રવ્યમાંથી. એ દ્રવ્ય શું છે ત્યારે? સમજાણું કાંઈ? એ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યનો નિર્ણય આવે છે. વસ્તુ પોતે છે, એક છે, અખંડ છે, અભેદ છે. એક. તો પછી એનો એક એક ગુણ અખંડ એક અભેદ છે અને પરિપૂર્ણ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા આ અંદર લક્ષમાં રાખીને સમજો તો થાય. એ વસ્તુ છે એ એક છે અને એક છે તે પરિપૂર્ણ છે. તો એનો જે જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવ, આનંદસ્વભાવ, શાંતસ્વભાવ, ચારિત્રસ્વભાવ એ બધા પણ એકરૂપે પરિપૂર્ણ છે. એ પરિપૂર્ણ છે એવું જે વસ્તુનું સ્વરૂપ એની દૃષ્ટિ દેવાથી એને પુરુષાર્થના અંતરના સાવધાનમાંથી પ્રયત્ન દ્વારા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય છે. સમજાણું કાંઈ?

માટે અહીં પહેલો શબ્દ લીધો છે. **'बद्धोद्यमेन'** પ્રયત્નશીલ બનનાર અથવા પ્રયત્નમાં તત્પર રહેલા મોક્ષ અભિલાષી ગૃહસ્થે. સમજાણું કાંઈ? જ્યારે જે સમયે જે થવાનું હોય તે થાય અને વળી પ્રયત્ન કરવો એ ક્યાં આવ્યું? એ એમાં જ આવ્યું. ક્યાં સમજે છે?

www.vitragvani.com



સમજાય છે?

અમારે ઘણા વર્ષ પહેલા, ૪૦ વર્ષ પહેલા ચર્ચા ચાલતી હતી. સર્વજ્ઞે તો બધું દીઠું છે. એ પુરુષાર્થ કરવાનું કહે કેમ? એમ ચાલતું અમારે ત્યાં. આ બીજા રૂપમાં આવ્યું. આ બધું એનું એ રૂપ છે. ૪૦ વર્ષ પહેલા ચર્ચા થઈ હતી. એ તો સર્વજ્ઞ હતા, ત્રણકાળનું જ્ઞાન છે. એ બીજાને એમ કેમ કહે કે પુરુષાર્થ કર. કારણ કે એ તો પુરુષાર્થ આ સમયે થાશે એમ જાણે છે, એને કર કેમ કહે? ત્યારે શું કહે? કે પ્રમાદ ન કરીશ એમ કહે. પણ એનો અર્થ શું થયો? કીધું. સમજાણું કાંઈ? એય.. વકીલ! એ તમારા કુટુંબના હતા. સમજાણું? 'દામનગર' એ કહે કે આમ કેમ? એમ નહિ.

સ્વભાવ તરફની સાવધાનીના પુરુષાર્થનું જ ભગવાન કહે છે. સમજાય છે? ભગવાને મોક્ષમાર્ગ કહ્યો, એ મોક્ષમાર્ગમાં છૂટવાનો માર્ગ છે. તો છૂટવાના માર્ગમાં સ્વભાવ છૂટેલો મુક્ત સ્વરૂપ છે એની સાવધાનીની વાત કરે છે. કહો, 'અમરચંદભાઈ'! આહાહા..! વસ્તુ આમ છે એમાં તું આડુઅવળું કરીશ તો કેમ ચાલશે? ભગવાનઆત્મા વસ્તુ એક તો એનું જ્ઞાન, એક એટલે પરિપૂર્ણ, એટલે સર્વજ્ઞ. આનંદ એક એટલે પરિપૂર્ણ એટલે પૂર્ણ અતીન્દ્રિય આનંદ. એવા એક એક ગુણની પરિપૂર્ણતા એવું પરિપૂર્ણ દ્રવ્ય છે. એ પરિપૂર્ણ દ્રવ્યની અંતરદૃષ્ટિ જતાં, જે સાવધાની થઈ તેને પ્રયત્ન કહે છે. એના ફળમાં એ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

એથી આ શબ્દ પહેલો આવ્યો. 'અમૃતચંદ્રાચાર્ય' 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે ને! **'નિરંતર ઉદ્યમ કરવામાં તત્પર..'** ધર્મીજીવ સ્વભાવ સન્મુખનો નિરંતર પ્રયત્નશીલવાળો. સમજાય છે? રાગ કરવાનો, નિમિત્ત જોડવાનો પ્રયત્નશીલ એમ અહીં નથી કહ્યું, ભાઈ! ક્યાંથી કહે? હોય એમ કહે ને. અહીં તો શબ્દ છે, આ ભગવાનઆત્મા વસ્તુ તરીકે જે શુદ્ધ એકરૂપ પરિપૂર્ણ વસ્તુ, વસ્તુ, એનો સ્વભાવ પરિપૂર્ણ, એના પ્રત્યેનું પ્રયત્નશીલપણું ગૃહસ્થને એકદેશ વિકલ્પ દેશવિકલત્રયમાં હોય છે. સમજાણું કાંઈ? સ્વભાવ સન્મુખમાં પ્રયત્નશીલપણું.

**'ઉદ્યમ કરવામાં તત્પર..'** કહો કે **'बद्धोद्यमेन'** કહો. એટલે ઉદ્યમ બરાબર બાંધેલો છે એમ કહે છે. પ્રયત્નશીલ તત્પર છે. એમ. એમાં બાંધેલો છે, આમ નહિ. આહાહા..! ભગવાનઆત્મા એનું પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપ. વસ્તુ શુદ્ધ હોય ને. વસ્તુ કોને કહે? સમજાય છે? એક છું. **'अहमेक्को खलु सुद्धो'** એ આવ્યું છે ને? પેલામાં પણ આવ્યું છે. એક શુદ્ધ સદા અરૂપી. એક વસ્તુસ્વરૂપ પોતે પરિપૂર્ણ, એના તરફનો જે પ્રયત્નથી બંધાયેલો પ્રયત્નશીલ છે. એ ક્રમબદ્ધમાં પણ સ્વભાવસન્મુખમાં પ્રયત્નશીલ છે. 'શશીભાઈ'! આહા..! એમ નહિ એને બનવાનું હોય એ બનશે, થવાનું હોય તે થશે. એટલો બોલ એમ નહિ. બનવાનું હોય એ બનશે એમાં કર્તાપણું ઊડી જાય છે અને જ્ઞાતાપણું રહે છે. એ જ્ઞાતાપણું ક્યારે રહે અને કર્તાપણું ક્યારે ઊડે? કે જ્ઞાયક સ્વભાવ પરિપૂર્ણ સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય,

www.vitragvani.com



કર્તાપણાનો પ્રયત્ન ન રહે, અકર્તાપણાનો જ સ્વભાવસન્મુખનો પ્રયત્ન ન રહે એમ અહીં કહે છે. કહો, 'સેઠી'! આહાહા..!

મુમુક્ષુ :- પુરુષાર્થ તો સ્વભાવ સન્મુખતો જોઈએ ને.

ઉત્તર :- પણ એનું નામ જ પ્રયત્ન છે. રાગાદિ પુરુષાર્થનું શું? એને કરવાનું હોય એ આવી જાય અને જાણનાર રહે છે અહીં તો. સિદ્ધ જવું છે ને અહીં તો.

ગૃહસ્થાશ્રમમાં શ્રાવકને વિકળત્રય નામ રત્નત્રય એકદેશ હોય છે. એ એકદેશ હોય છે એની અહીંયાં વાત કરે છે કે તેણે આ વિકળરત્નત્રય નિરંતર. જુઓ! નિરંતર છે ને? કોઈ સમયનું અંતર પડ્યા વિના, ઉદ્યમ કરવામાં તત્પર, પ્રયત્નશીલ. એનો અર્થ કે કોઈ સમય અંતર પડ્યા વિના એના સ્વભાવ સન્મુખનો પ્રયત્ન નિરંતર વહે છે. આહાહા..! જુઓ! આ બધી ગાથાઓ હવે બહુ સારી આવશે. પેલું વાંચન હતું ને થોડું. પરિષહનું, ફલાણાનું, ભાઈ! શાસ્ત્રમાં બધું આવે. બાર ભાવના, દસ લક્ષણ ધર્મ, બાવીસ પરિષહ આવ્યા ને? લખાણ તો બધું આવે.

અહીં તો કહે છે આ મુદ્દાની રકમ આવી, અહીંથી શરૂ થઈ છે. સમજાણું કાંઈ? ગૃહસ્થ ગૃહસ્થમાં રહ્યો છે. એટલે કે વિકળત્રયમાં રહ્યો છે. પરિપૂર્ણ રત્નત્રય નથી. તેમ મિથ્યાદૃષ્ટિ નથી. ભાઈ! ધ્યાન રાખો. સમજાય છે? પૂરા રત્નત્રય નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર પૂરા નથી તેમ બિલકુલ નથી એમ નથી. એથી એને કહ્યું કે, જે એકદેશ વિકળત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને સાધે છે, એ નિરંતર સ્વભાવસન્મુખનો પ્રયત્નશીલવાન જ છે. આહાહા..! એનો અર્થ થયો કે નિશ્ચય ઉપર મુખ્યતાની દૃષ્ટિમાં પ્રયત્ન સદા ચાલુ છે. આહાહા..! શું કહે છે, જુઓને? 'શશીભાઈ'! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પૂર્ણ આનંદનો નાથ પ્રભુ આત્મા, અતીન્દ્રિય આનંદથી ભરેલું તત્ત્વ (છે). કહે છે, કે જેને એની રુચિ થાય, એ એના તરફના પ્રયત્નશીલવાન જ હોય. સમજાણું કાંઈ? ભલે વચ્ચે રાગાદિ આવે, એમાં એનો પ્રયત્ન નથી. સમજાય છે? એનો પ્રયત્ન તો આમ છે. નિશ્ચયની મુખ્યતામાં છે એમ કહે છે અહીં. આહાહા..! દર્શન માટે, જ્ઞાન માટે અને ચારિત્ર માટે એ ત્રણે માટે અંતર્મુખમાં પ્રયત્નશીલવાન હોય છે. 'અમરચંદભાઈ'! આહાહા..! અરે..! ભગવાન! માર્ગ તો જો તું. સમજાણું?

**'મોક્ષાભિલાષી ગૃહસ્થે રત્નત્રયના લાભનો સમય પ્રાપ્ત કરીને...'** જોયું! એટલે કે દર્શન-જ્ઞાનસહિત ચારિત્રનો ત્રણનો પૂર્ણ કાળ જટ કેમ આવે, એમ પ્રાપ્ત કરીને **'મુનિઓના ચરણનું...'** એટલે મુનિપદનું અવલંબન કરીને. વધારે એ ઠીક છે. મુનિપદને અંગીકાર કરીને. સમજાણું ભાઈ? મુનિનું ચરણ વળી પરદ્રવ્યનું?

મુમુક્ષુ :- સુધાર્યું છે.

ઉત્તર :- હા. પણ એણે એવો અર્થ કર્યો છે. પણ અર્થમાં બરાબર લખ્યું છે. ટીકા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે એમાં, ટીકામાં બરાબર છે. સમજાણું? કારણ કે પાછું અહીં ચાલે છે સ્વભાવ તરફનું (પ્રયત્નશીલપણું), એણે વળી મુનિ છે એને ગોતવા જાવું ને એની પાસે રહેવું, એ વાત અત્યારે અહીં છે નહિ. આહાહા..! એને તો કહે છે, મુનિઓના પદનું અવલંબન કરીને, એટલે પૂર્ણ રત્નત્રયને પ્રગટ કરવા માટે, એમ કહે છે અહીં તો. જે અપૂર્ણ રત્નત્રય છે, એને ચારિત્રની પૂર્ણતા કરવા માટે પ્રયત્નશીલ થવું.

**'શીઘ્ર જ પરિપૂર્ણ કરવા યોગ્ય છે.'** જોયું! એ સ્વભાવ તરફની ચારિત્રની પરિપૂર્ણતા કરવા શીઘ્ર પ્રયત્નપૂર્વક થવું જોઈએ. સમજાણું કાંઈ આમાં? એ તો એના સમ્યગ્દર્શન-જ્ઞાન સ્વસન્મુખનું થયું એમાં સ્વરૂપમાં સ્થિરતા કરવી એ લાભદાયક છે. એ વાત તો એમાં આવી ગઈ છે. સ્થિરતા ઓછી કરી શકે છે, એવી સ્થિતિમાં ઊભેલો, વિશેષ સ્થિરતાના પરિપૂર્ણ પ્રયત્નને કેમ પામું? એવી એની ભાવના હોય છે. અને એ મુનિપદ અંગીકાર પણ કરે. એમ વાત લેવી છે ને અહીં તો. સમજાય છે?

**'શીઘ્ર પરિપૂર્ણ કરવા યોગ્ય છે.' 'सपदि'** આ તો ભાવના તો એ હોય ને. ક્યારે પરિપૂર્ણ થાઉં? ક્યારે ઠરું? ક્યારે ઠરું? ભગવાનઆત્મામાં એકાકાર થઈ, ઠરી ક્યારે જાઉં, એવી જ સમ્યગ્દૃષ્ટિ જીવને ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, વિકળત્રયમાં રહ્યા છતાં પરિપૂર્ણ કરવાના પ્રયત્નની ભાવના હોય છે. કહો, સમજાણું આમાં? એય..! 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અર્થમાં શું છે? ત્રણ રત્નત્રયની વાત છે. ત્રણ રત્નત્રય.

મુમુક્ષુ :– રત્નત્રય કહ્યું?

ઉત્તર :– હા ત્રણ રત્નત્રય. સમય તો તે જ સમયે, તે કાળે એમ. એ તો કાળ બતાવે છે. આવો લાભનો કાળ પામીને સ્વભાવ સન્મુખમાં પરિપૂર્ણતાનો શીઘ્ર પ્રયત્ન કરવો. એ તો સમયની વાત છે. અહીં તો કાળ (લેવો છે). સમજાણું? જુઓ! અહીંયાં છે. જુઓ છે ને. આ ટીકામાં અર્થ બહુ સારો છે. **'ગૃહસ્થે સદા ઉદ્યમશીલ થઈને...'** ભગવાનઆત્મા તરફ જેને (ઉદ્યમ વર્તે છે).

કેટલાક એમ કહે છે ને કે, કેવળજ્ઞાનીએ દીઠું એમ થાશે છે એવો નિર્ણય કરીને પછી પદભ્રષ્ટ થશે. સમજ્યા ને? નિયતવાદમાં આમ થશે, ફલાણું આ થશે. પણ જેને એ નિર્ણય થાય એ પદભ્રષ્ટ હોય જ નહિ. સમજ તો ખરો. જેણે કેવળજ્ઞાનની પર્યાયનો નિર્ણય કર્યો અને એણે દીઠું એમ થાશે, એવો જે નિર્ણય, એ સ્વભાવસન્મુખના પ્રયત્નમાં છે. એ પદભ્રષ્ટ થાય એનો અર્થ કે એણે કેવળજ્ઞાનીને માન્યા જ નથી તો. અહીં તો માનવાની વાત ચાલે છે, ને તું એમાંથી ન માનવાની વાત લઈ લ્યે? સમજાણું કાંઈ?

જેને એક સમયમાં કેવળજ્ઞાન છે અને એવું દીઠું એમ થશે, એમ જેની માન્યતામાં છે એ માન્યતાથી ભ્રષ્ટ થાય તો ભ્રષ્ટ થશે, પણ માન્યતા રાખીને ભ્રષ્ટ થાય એ ત્રણકાળમાં

www.vitragvani.com



બને નહિ. આહાહા..! સમજાણું કાંઈ આમાં? ‘શશીભાઈ’! ન્યાય સમજાય છે ન્યાય? આહાહા..! જેને આમ નિર્ણય થયો કે.. આહા..! ભગવાનનું કેવળજ્ઞાન એક સમયમાં જેમ દીઠું તેમ થાય છે, એવો જેને નિર્ણય છે, એને તો સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ છે. એ નિર્ણયવાળાને સ્વભાવસન્મુખનો પુરુષાર્થ ખસી જાય એમ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? માટે થવાનું હોય તે થાય એમ માનીને પછી ભ્રષ્ટ થઈ જશે, પછી આમ થશે, એ કરતા તો અમે પુરુષાર્થ કરનારા મોક્ષમાર્ગે જટ જઈશું. હવે સાંભળને તું. સમજાણું કે નહિ આમાં?

એનો અર્થ કે હું પણ એક જ્ઞાનસ્વરૂપ છું અને હું પણ એક જાણનાર, દેખનાર છું. તેવું જાણનાર–દેખનારનું જેણે નક્કી કર્યું કહો કે કેવળજ્ઞાનનું જેણે નક્કી કર્યું કહો, એ જાણનાર–દેખનારના પ્રયત્નમાં છે, એ પ્રયત્નથી ભ્રષ્ટ થાય, એ વાતને મેળ ક્યાં છે અહીંયાં? ભાઈ! સમજાય છે આમાં? તદ્દન વિરુદ્ધ વાત છે. તદ્દન ન્યાયથી, વસ્તુથી વિરુદ્ધ છે. સમજાણું? ‘શશીભાઈ’! એ લખ્યું છે, બહુ લખ્યું, ઘણું લખ્યું છે. હવે આ વાતું તો અમારે ઠેઠથી આવે છે. સાંભળને.

જેને ભગવાન પરમાત્મા... આહાહા..! એને પુરુષાર્થની જાગૃતિ ખસી જાય અને ભ્રષ્ટ થાય, બનવાનું હશે એમ બનીને પછી સ્વચ્છંદી થઈ જાય? પણ સ્વચ્છંદી થયા એણે ભગવાનને માન્યા જ નથી. સમજાણું? અહીં ચાલે ભગવાનને માની લીધાની વાત અને વળી સ્વચ્છંદી થાય, આ બે વાતને મેળ ક્યાં છે? આહાહા..! ‘પોપટભાઈ’ બાપુ! એમ છે. વસ્તુ તો વસ્તુ એમ છે. સમજાણું? ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની... આહાહા..! એ જેના જ્ઞાનમાં બેઠા, એને તો સ્વરૂપ તરફની સન્મુખતા જ ચાલે છે. એને ભ્રષ્ટ થવું એ પ્રશ્ન જ ક્યાં? એ તો કેવળજ્ઞાનીને માન્યા નહિ એની વાત એ તો ચાલે છે. ભાઈ! સમજાય છે? શું થાય? વસ્તુનું સ્વરૂપ જે રીતે છે એ રીતે ન સમજે અને એમ ને એમ ઉંધા–આડાઅવળા તર્ક કરે, એથી કાંઈ વસ્તુ પ્રાપ્ત થાય? બાપુ! આ ઉદ્યમ કરે, શું ઉંધો ઉદ્યમ કરે છે.

મુમુક્ષુ :– ઉદ્યમ કરવો શેનો?

ઉત્તર :– શેનો ઉદ્યમ? એના ઉપર તો અહીં વાત ચાલે છે. સ્વભાવસન્મુખનો પ્રયત્ન ચાલે છે. કેમ કે કેવળજ્ઞાનીએ દીઠું એવો નિર્ણય થયો છે એટલે કે જ્ઞાનમાં જે મને દેખાય, એનો હું જાણનાર છું, બીજો કરનાર-બરનાર નથી. એમ નિર્ણય થયો ત્યાં સ્વભાવસન્મુખનો પ્રયત્નશીલ વેપાર છે. એ ભ્રષ્ટ થાય, સ્વચ્છંદી થાય એ ત્રણકાળમાં બને નહિ. સમજાણું કાંઈ? એ શ્રદ્ધા અને જ્ઞાન અનુસાર એનું કર્તવ્ય હોય જ. શ્રદ્ધા-જ્ઞાન અનુસાર એનું કર્તવ્ય પ્રયત્નમાં જ હોય. આહા..! આ વસ્તુને કેવી રીતે મૂકે છે! સમજાણું કાંઈ? કાંઈ મગજમાં બેસવું જોઈએ કે નહિ? એમ ને એમ ધોકા મારે (કાંઈ) ચાલે? ‘સેઠી’! આહાહા..! જુઓને! આચાર્યે કેટલું કામ કર્યું છે!

કહે છે, **‘ગૃહસ્થે સદા ઉદ્યમશીલ થઈને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનો સમય મેળવી...’** જુઓ!

www.vitragvani.com



એમ લીધું છે. એટલે જ્ઞાન વધારીને. પછી **'મુનિપદ ધારણ કરીને...'** એમ. **'મુનિપદ ધારણ કરીને...'** એ વધારે બરાબર છે. એની સાથે મેળ ખાય છે. **'શીઘ્ર સર્વ દેશવ્રતો પાળવા જોઈએ.'** જોયું! સર્વ દેશવ્રતો એટલે? પૂર્ણવ્રત એમ. સર્વદેશવ્રતો એટલે સર્વ પૂર્ણ વ્રત, મહાવ્રત પાળવા જોઈએ. પેલા એકદેશ વ્રત હતા ને એટલે અહીંયાં સર્વદેશ વ્રત શબ્દ લાગુ પાડ્યો. નહિતર છે તો પૂર્ણ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એક આમ ગયું. પણ ચાલો ઠીક હવે જે લખ્યું એમાં કાંઈ... ઓછો દેશવ્રત છે એ પૂર્ણદેશ કરી નાખવા. કહો, સમજાણું કાંઈ? એમાં શબ્દમાં એનો ભાવ શું છે એને સમજવું જોઈએ. આ વસ્તુ ભગવાન જો ને, બાપુ! અને જ્યાં જેને કેવળજ્ઞાની બેઠા, જેને આત્મા બેઠો, જેને અકર્તૃત્વબુદ્ધિ થઈ, સમજાય છે? એ અકર્તૃત્વબુદ્ધિ થઈ ત્યાં જ્ઞાતા-દૃષ્ટિ બુદ્ધિ થઈ, ત્યાં જ્ઞાતા-દૃષ્ટાબુદ્ધિ થઈ, એમાં નિયત માન્યું માટે ભ્રષ્ટ થશે, એ વાત જ કોઈ ઉગમણી-આથમણા ફેરની આખી વાત છે. સમજાણું કાંઈ?

એ કહે છે, ગૃહસ્થાશ્રમમાં પણ જેણે આત્મા જ્ઞાયકભાવ છે, એવો જેને અંતરથી નિર્ણયનો પ્રયત્ન ચાલુ છે, એવા પ્રયત્નવાને કાળ મેળવીને મુનિપદ ધારણ કરવું જોઈએ. એટલે પુરુષાર્થ વધીને આગળ વધશે, ભાઈ! એમ કહેવું છે. એ પુરુષાર્થ ઘટીને ભ્રષ્ટ થશે એ ત્રણકાળમાં ન હોય. આહાહા..! સમજાણું કાંઈ? કેવળીના જેણે નિર્ણય કર્યા, પ્રતીતમાં આવ્યું, એ કેવળી થયા વિના છૂટકો ન મળે.

મુમુક્ષુ :– એ કેવળી ન થાય તો થાય શું બીજું?

ઉત્તર :– થાય શું? એને શું હવે સંસાર છે? સંસારને તો હેય કર્યો છે. ઉદયભાવને તો હેય કર્યો છે. એક પરમપારિણામિકભાવ જ ઉપાદેય કર્યો છે. આહાહા..! એમાંથી જ પ્રગટ થઈને કેવળજ્ઞાન પ્રગટે. એમાંથી શું રાગ પ્રગટ્યો અને રહેશે? કહો, સમજાણું?

**ભાવાર્થ :– 'વિવેકી પુરુષ ગૃહસ્થ દશામાં પણ...'** વિવેકી એટલે ભેદજ્ઞાની પુરુષ ગૃહસ્થાશ્રમમાં પણ, ભેદજ્ઞાની પુરુષ ગૃહસ્થાશ્રમમાં પણ **'સંસાર અને શરીરથી વિરક્ત થઈને...'** શરીર અને ઉદયભાવથી જુદો પડીને. જોયું! શરીર અને સંસાર ઉદયભાવથી જુદો પડીને **'સદાય મોક્ષમાર્ગમાં ઉદ્યમી રહે છે...'** જોયું! શરીર અને ઉદયથી ભિન્ન પડીને પુરુષાર્થ સ્વભાવ તરફમાં ઉદ્યમી રહે છે. આહાહા..! દિગંબર સંતોની કથની પણ કેવી! એવી કે ક્યાંય પૂર્વાપર વિરોધ ન આવે. આખું સત્ય ઊભું થાય એવી વાત છે. મેળવણી કરતાં... મેળવણી કરતાં એકલો મેળ જ ઊભો થાય. એવી વાત છે, એવી વાત છે. સમજાણું કાંઈ?

જુઓ! ભેદજ્ઞાની ગૃહસ્થે શરીર અને રાગથી ભિન્ન પડીને, **'સદાય મોક્ષમાર્ગમાં ઉદ્યમી રહે છે...'** પોતાના શુદ્ધ સ્વભાવ તરફમાં પ્રયત્નશીલ રહીને. પાછા ત્યારે કહે, અમારે વેપાર-ધંધો કે દિ' કરવો? પણ એ કે દિ' કરી શકે છે? એ રાગાદિ આવે એની પણ એને હેયબુદ્ધિ

છે. એ તો એના પ્રયત્નની વાત ન કરી, એ તો હેય છે. આમ સ્વભાવ તરફની સન્મુખતાની ઉપાદેયતા છે. ભલે ગૃહસ્થાશ્રમ હો. સમજાય છે? ભલે અપૂર્ણ રત્નત્રય હો. હોય તો શું છે? સમજાણું?

**'તેઓ સમય પામીને શીઘ્ર મુનિપદ ધારણ કરી,...'** પુરુષાર્થ કરીને અલ્પકાળમાં સાધુપદ ધારણ કરે છે. ભાવાર્થમાં છે ને? **'સકળ પરિગ્રહનો ત્યાગ કરી...'** મુનિ સકળ પરિગ્રહનો ત્યાગ કરી ગૃહસ્થાશ્રમમાં પહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંશે આરાધ્યા છે. એ આગળ વધીને... એને આગળ વધવાનો ભાવ હોય કે નહિ? પણ હઠથી વધે એમ નથી અહીં. પેલો કહે લઈ લો ત્યારે મુનિપણું. પણ કઈ રીતે? જેની પાસેથી લેવું છે એ તો દ્રવ્ય છે. હવે દ્રવ્યમાં ઉગ્ર પ્રયત્ન જામે ત્યારે ચારિત્ર થાય. અને પ્રયત્ન ઉગ્ર ન હોય અને હઠ કરીને લેવા જાય તેથી કાંઈ ચારિત્ર આવે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આકુળતા આવે.

ઉત્તર :– આકુળતા થાય. હઠ કરીને લ્યો.. લ્યો.. આપણે જટ મુનિપણું લઈ લો. પણ મુનિપણું લેવું ક્યાંથી? ક્યાંથી લેવું? ક્યાંથી આવે? ક્યાંથી પ્રગટે એ એને ખબર છે? મુનિપણું આવે એ તો વસ્તુમાંથી આવે છે. મુનિપણાની દશા સત્‌રૂપે તો અંદરમાં પડી છે. ચારિત્રનું જે સત્‌પણું પ્રગટ થાય છે એ કાંઈ અદ્ધરથી અસત્ પ્રગટતું નથી. સમજાણું કાંઈ? આત્મામાં એ દશા પડી છે, સત્‌રૂપે પડી છે. સત્‌માંથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે, કે જ્યાં એને આમ સત્‌માં જે દર્શન-જ્ઞાનનું જોર છે, એમાં સ્થિરતાનું વધારે જોર કરે તો એમાંથી ચારિત્ર પ્રગટ થાય છે. મેળવવું છે એમાંથી. કાંઈ બહારથી મેળવવું છે? વિકલ્પ કરીએ કે આ કર્યું. ત્યાંથી આવે એવું છે? આહાહા..! શું થાય? આવો સીધો સરળ માર્ગ નિર્મળાનંદ, પૂર્વાપર અવિરોધી, એક જ જાત, હેઠથી તે ઠેઠ સુધી. હેઠથી એટલે જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી. એવી માર્ગની રીત. ન ભૂતો ભવિષ્યે. વીતરાગમાર્ગ સિવાય.. એમાં પણ આ દિગંબરમાર્ગ એ વીતરાગમાર્ગ છે, હોં! એમાં આ બધું હોય, બાકી બીજે આવું હોતું નથી. આહાહા..! સમજાય છે? સંતોએ કામ કર્યા છે, ગજબ કામ કર્યા છે! દિગંબર મુનિઓ એ આભના થોભ. ધર્મના થાંભલા, કેવળજ્ઞાન અને કેવળજ્ઞાનના ઉપાય કઈ રીતે (પ્રગટે એ બતાવીને માર્ગને) થંભાવી દીધો છે. બીજેથી જતા રોકી દીધો છે. સમજાણું?

**'સકળ પરિગ્રહનો ત્યાગ કરી નિર્વિકલ્પ ધ્યાનમાં આરૂઢ થઈને,...'** જુઓ! અહીં ચારિત્ર લેવું છે ને? અહીંથી વિકલ્પ છોડી, આ બાજુ છોડી એ કથન છે. પણ આ બાજુ ઉગ્રપણે જાય છે તો વિકલ્પ છૂટી જાય છે. સ્વભાવ તરફના ઉગ્ર પ્રયત્નમાં વિકલ્પો છૂટી જાય છે. એ નિર્વિકલ્પ અંદરમાં ધ્યાનમાં ચારિત્રની પ્રાપ્તિ થાય છે. **'થઈને, પૂર્ણ રત્નત્રયને પ્રાપ્ત કરી,..'** જુઓ! આગળ વધ્યો. **'સંસારભ્રમણનો નાશ કરી શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ કરે છે.'** કહો, **'એકદેશ રત્નત્રયને ધારણ કરી ઇન્દ્રાદિક ઉચ્ચપદ પામે...'** વર્તમાનમાં કદાચ એ મુનિપણું,

ચારિત્ર એટલે સ્વરૂપની પૂર્ણ સાવધાની. અંતરમાં ચારિત્રગુણની શક્તિ પડી છે, સત્ પડ્યું છે. એ જે પ્રગટે એ સત્ તો અંદર પડ્યું છે. એની પૂર્ણતાની પ્રાપ્તિ ન થાય તો એકદેશે પાળીને ઇન્દ્રાદિમાં જાય. સમજાય છે? એનું પદ તો ઇન્દ્રાદિમાં આરાધક થઈને જાય. એ કાંઈ નરકાદિમાં ન જાય. કહો.

હમણા પેલો કો'ક કહેતો હતો. એક 'ધ્યાનચંદજી' કરીને છે. છે ને કોઈક ન્યાં દક્ષિણમાં. ભદ્ર. ત્રણ દિ' તો ધ્યાન કર્યું. ધ્યાનમાં શું? કે 'શ્રીમદ્ રાજચંદ્ર' કેવળજ્ઞાનપણે મહાવિદેહમાં વિચરે છે એવું ધ્યાનમાં આવ્યું. ઠીક. માર ગપ્પ. એ પણ ત્યાં ક્યાંથી આવ્યું? ધ્યાન આ બાજુ હોય અને એ ક્યાંથી આવ્યું? એ પાછું ગપ્પ માર્યું. મહાવિદેહમાં કેવળજ્ઞાની (તરીકે) વિચરે. હમણાની વાત છે, હમણા થોડા દિવસ પહેલાની વાત છે. દક્ષિણમાં છે ને.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એ. એ કો'ક કહેતું હતું. મહાનંદી. કો'ક કહેતું હોય એ સાંભળ્યું હોય. આપણે ક્યાં જોવા ગયા હતા. ત્યાં એમણે કીધું ધ્યાન થઈ ગયું. 'શ્રીમદ્ રાજચંદ્ર' કેવળજ્ઞાની. અરે..! પણ તું શું ઠરાવે છો આ? એ મિથ્યાદૃષ્ટિ થાય તો મહાવિદેહમાં જાય. મિથ્યાદૃષ્ટિ ઠરાવવા છે તારે? શું કરવું છે તારે? અહીં તો રત્નત્રયનું આરાધન થઈને, આગળ વધીને જો ન પૂર્ણ કરે તો સ્વર્ગમાં જાય. પછી પૂર્ણ કરે. એમ વસ્તુસ્થિતિ છે. એને અહીં કે મરીને મહાવિદેહમાં ગયા. એ તો મહાવિદેહમાં મહાદૃષ્ટિ જાય. એ.. 'અમરચંદભાઈ'! મનુષ્ય મરીને મનુષ્ય મિથ્યાદૃષ્ટિ થાય. એ જાણે કે હું વખાણ કરું છું. વસ્તુની ખબર નહીં. આમ ને આમ ખબર વિનાના માણસો. ક્યાંનું ક્યાં સલવી નાખે. સમજ્યા ને? અમે જાણે કેટલા વખાણ કરીએ છીએ! અરે..! તેં ગાળ દીધી. મિથ્યાત્વ થઈ ગયા. મરતા વખતે મિથ્યાદૃષ્ટિ થઈ ગયા એમ તેં કહ્યું. અહીં તો કહે કે એ વખતે શાંતિથી દેહ છોડ્યો એમ કહે છે. હું મારા સ્વરૂપમાં લીન થાઉં છું. 'મનસુખ'! બાને દિલગીર થવા દઈશ નહિ. બસ, આટલો વિકલ્પ આવ્યો. 'મનસુખ'! અંતરનું હતું, હોં! બાને દિલગીર થવા દઈશ નહિ. હું સ્વરૂપમાં લીન થાઉં છું. સમજાણું કાંઈ?

એ વખતે મિથ્યાદૃષ્ટિ થયા ત્યારે મનુષ્યમાં ગયા? મનુષ્ય મરીને મનુષ્ય થાય તો મિથ્યાદૃષ્ટિ થાય, ભગવાન એમ કહે છે. વખાણ કરતા પણ આવડતા નથી. વખાણમાં ગાળો દે. આહાહા..! એવું હોય? બાપુ! આ તો વિવેકનો માર્ગ છે, બાપા! પરમાત્મા ત્રણકાળનું જ્ઞાન, જેને ત્રણકાળના લોચન ઉઘડ્યા, અરે..! શું એને..! અનંત લોચન કીધા છે ને? સર્વલોચન કીધા. સર્વચક્ષુ. 'પ્રવચનસાર' અસંખ્યપ્રદેશે અનંતચક્ષુ ઉઘડ્યા છે ભગવાનને. એકલો જ્ઞાનનો દીવડો પૂર્ણ પ્રગટ સૂર્ય થઈ ગયો. પર્યાયમાં પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એની શું વાત કરવી! સમજાણું કાંઈ? એવા કેવળજ્ઞાનના માર્ગમાં, જેણે માર્ગનો વિચાર કર્યો, એ તો એમ ને એમ દશા લઈને અધુરી હોય તો સ્વર્ગમાં જાય. ત્યાંથી (નીકળીને) પછી મુક્તિને

પામે. જુઓ ! સમજાણું?

**'એકદેશ રત્નત્રયને ધારણ કરી ઇન્દ્રાદિક ઉચ્ચપદ પામે...'** સામાનિક દેવ થાય. આદિ શબ્દ છે ને? સામાનિક દેવ થાય છે. ઇન્દ્રની જોડે હજારો દેવો હોય છે ને. સામાનિક એટલે સરખા દેવ હોય છે. એવું થાય. અને સારા કાળમાં લોકાંતિકમાં પણ જાતા. 'કુંદકુંદાચાર્ય'. **'પરંપરાએ મોક્ષ પણ પામે.'** લ્યો. ત્યાંથી નીકળીને અધૂરું રહ્યું એ ત્યાં બીજા ભવે પૂર્ણ કરે. કહો, સમજાણું કાંઈ?

## ગાથા-૨૧૧

**असमग्रं भावयतो रत्नत्रयमस्ति कर्मबन्धो यः।**
**स विपक्षकृतोऽवश्यं मोक्षोपायो न बन्धनोपायः।।२११।।**

**અન્વયાર્થ :– [ असमग्रं ] અપૂર્ણ [ रत्नत्रयम् ] રત્નત્રયની [ भावयतः ] ભાવના કરનાર પુરુષને [ यः ] જે [ कर्मबंधः ] શુભ કર્મનો બંધ [ अस्ति ] થાય છે, [ सः ] તે બંધ [ विपक्षकृतः ] વિપક્ષકૃત અથવા રાગકૃત હોવાથી [ अवश्यं ] અવશ્ય જ [ बन्धनोपायः ] બંધનો ઉપાય છે, [ मोक्षोपायः न ] મોક્ષનો ઉપાય નથી.**

**ટીકા :– 'असमग्रं रत्नत्रयं भावयतः यः कर्मबंधः अस्तिः सः विपक्षकृंतः रत्नत्रयं तु मोक्षोपायः अस्ति न बन्धनोपायः।' - અર્થ :– એકદેશરૂપ રત્નત્રયનું પાલન કરનાર પુરુષને જે કર્મબંધ થાય છે તે રત્નત્રયથી નથી થતો, પણ રત્નત્રયનો વિપક્ષ જે રાગદ્વેષ છે તેનાથી થાય છે. તે રત્નત્રય તો વાસ્તવમાં મોક્ષનો ઉપાય છે, બંધનો ઉપાય નથી.**

**ભાવાર્થ :– સમ્યગ્દૃષ્ટિ જીવ જે એકદેશ રત્નત્રય ધારણ કરે છે તેને જે કર્મબંધ થાય છે તે રત્નત્રયથી નથી થતો પણ તેનો જે શુભકષાય છે તેનાથી જ થાય છે. આથી એમ સિદ્ધ થયું કે કર્મબંધ કરનાર શુભકષાય છે પણ રત્નત્રય નથી. ૨૧૧.**

---

હવે આ તકરારી ગાથા આવી. ૨૧૧. 'અમરચંદભાઈ'! આ ૨૧૧ની તકરારી. ઘણા ઉંધા અર્થ કર્યા છે. આમાં 'મખનલાલજી'એ ઉંધો અર્થ કર્યો છે. આણે પણ ઉંધો અર્થ કર્યો છે.

મુમુક્ષુ :– બંનેનું .. નથી એમાં.

ઉત્તર :– હા. મોક્ષ ઉપાય તે બંધનું કારણ નથી. પણ મોક્ષ ઉપાય તે બંધનું કારણ નથી. એમ છે. મોક્ષનો ઉપાય તે બંધનું કારણ નથી. પણ આ બંધ છે તે મોક્ષનો ઉપાય

www.vitragvani.com



છે અને બંધનું કારણ નથી. એમ ક્યાં લગાડી દીધું? ૨૧૧.

**असमग्रं भावयतो रत्नत्रयमस्ति कर्मबन्धो यः।**
**स विपक्षकृतोऽवश्यं मोक्षोपायो न बन्धनोपायः।।२११।।**

જુઓ! એણે '**असमग्रं**' શબ્દ વાપર્યો. પેલામાં વિકળત્રય વાપર્યો હતો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા એ તો અપેક્ષાથી જ્યાં મેળ ખાતો હોય એ.

'**असमग्रं**' એટલે '**અપૂર્ણ રત્નત્રયની ભાવના કરનાર પુરુષને...**' '**भावयतः**' નામ ભાવના એટલે વિકલ્પ (નહિ). જુઓ! અહીં ભાવનાનો અર્થ આવ્યો, ભાઈ! પેલા ભાવના-ભાવના કરે ને. ભાવના એટલે વિકલ્પ.. ભાવના એટલે વિકલ્પ.. એમ નહિ. રત્નત્રયની ભાવના કરનાર એટલે અંતર એકાગ્રતા કરનાર. સમજાણું? અત્યારે કોણ જાણે પોતાના પક્ષને સિદ્ધ કરવા ઘણા એવા અર્થ (કરે છે). બાપુ! એમ રહેવા દે, ભાઈ! સમ્યક્ એવા આત્માની પર્યાય, જે સ્વભાવને અવલંબે પ્રગટી, તેની ભાવના એટલે એકાગ્રતા. સ્વરૂપમાં એકાગ્રતા એને અહીં ભાવના કહે છે. એ વિકલ્પ કરવો એ ભાવના નહિ, એ તો રાગ છે. ભાવની ભાવના. ભાવમાં એકાગ્રતા તે ભાવની ભાવના. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય સ્વભાવરૂપ ભાવ, સ્વભાવ જ્ઞાયકભાવ એની ભાવના એટલે એકાગ્રતા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી દશા એને અહીં ભાવના કહે છે.

એવા '**પુરુષને જે શુભકર્મનો બંધ થાય છે,...**' કારણ કે જ્ઞાનીને પણ હજી ચોથે, પાંચમે ગુણસ્થાને, છઠ્ઠે ગુણસ્થાને '**બંધ થાય છે તે બંધ વિપક્ષકૃત...**' એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિપક્ષ. એના પક્ષથી વિરુદ્ધ જે રાગ. એનો અર્થ અહીં થયો, ભાઈ! કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે અરાગ પરિણામરૂપ છે. જુઓ! એમાં વ્યવહાર-ફ્યવહાર આવ્યો નહિ. રાગ તે સમ્યગ્દર્શન (આવ્યું નહિ). વિપક્ષકૃત. આત્મા, એની દૃષ્ટિ-જ્ઞાન અને એકાગ્રતા, તે અરાગ પરિણામ છે. એનાથી વિપક્ષકૃત એટલે રાગ છે.

મુમુક્ષુ :– આ રાગ અને પેલો અરાગ.

ઉત્તર :– આ અરાગ છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એ ત્રિકાળી ચારિત્ર છે એ પણ સમરસ છે એ પરિપૂર્ણ આત્મા છે. કારણ કે એક વસ્તુ આત્મા છે તો ચારિત્ર પણ એકરૂપ છે. એ પરિપૂર્ણ છે તો એ ચારિત્ર પરિપૂર્ણ છે. કાયમની વાત છે, હોં! એ ચારિત્ર પરિપૂર્ણ છે એટલે કે વીતરાગરૂપ છે. એટલે સમરસની પૂર્ણ અપાર શક્તિવાળું એટલું જ છે. ત્રિકાળ ચારિત્ર, હોં! એવા જેમ અસાધારણ કારણ જ્ઞાનને પકડીને કેવળજ્ઞાન લે છે, એમ આ અસાધારણ ગુણ જે સમરસ, તેને પકડીને એનો અર્થ કે દ્રવ્યને પકડીને... સમજાય છે કાંઈ? વીતરાગતા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આ બધા લોજિક તમારા એલ.એલ.બી.થી ઝીણા છે. આહાહા..!

www.vitragvani.com



ભગવાનઆત્મા વસ્તુ અને એનો ચારિત્રગુણ. ગુણ હોં! ત્રિકાળી. જેમ દર્શનગુણ, ચારિત્રગુણ, જ્ઞાનગુણ, આનંદગુણ. ચારિત્રગુણ ચરવું, રમવું એવો સમરસ. સમરસ એટલે વીતરાગ. એ પણ એક ગુણ. વસ્તુ એક તો એ ગુણ એક. વસ્તુ અખંડ તો ગુણ અખંડ. વસ્તુ પોતે પરિપૂર્ણ ગુણ છે. એ ગુણ પરિપૂર્ણ છે એનું અવલંબન લઈને ચારિત્રદશા પ્રગટ થાય છે. એના ગુણમાંથી આવે છે. કહો, સમજાણું કાંઈ? અસાધારણ જ્ઞાનને કારણપણે ગ્રહીને, એ શું કહે છે? જ્ઞાનમાં કેવળજ્ઞાનની પર્યાય જે બધી શક્તિ પડી છે. પછી દૃષ્ટિએ અસાધારણ જ્ઞાનને પકડ્યું ત્યાં એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ. પણ પકડ્યું, આ અસાધારણ જ્ઞાન. કેવળજ્ઞાન પ્રગટ કરવું છે ને? એમ.

અસાધારણ કેવળજ્ઞાનને કારણપણે ગ્રહીને (એમ) 'પ્રવચનસાર'માં પાઠ છે. અંતરમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન થાય છે. એ કારણમાંથી થાય છે. એમાંથી પેલા કહેતા હશે. જ્ઞાનગુણ કારણગુણ. પણ એ તો અપેક્ષાએ. જ્ઞાનગુણ કારણ પરમાત્મા અને ઓલી પર્યાય (કાર્યપરમાત્મા). અસાધારણ કારણ આવ્યું ને? એ તો ગુણને કારણ ગણીને આખા દ્રવ્યને કારણ ગણવું છે. એક ગુણ લક્ષમાં લે તો ગુણ જુદો રહે છે? દ્રવ્યનું લક્ષ જાય ત્યારે જ બધા ગુણનું એકરૂપ લક્ષ જાય છે. એક ગુણનું લક્ષ કરવા જાય તો ભેદ પડી જાય છે. એ તો રાગ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, ભગવાનઆત્મા, શ્રાવકને પણ અસમગ્રપણે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, એ પણ અરાગ પરિણામવાળા છે. સમ્યગ્દર્શન પણ અરાગી પર્યાય છે, સમ્યગ્જ્ઞાન પણ અરાગી પર્યાય છે અને સમ્યક્ચારિત્ર અંશ તે પણ અરાગી છે. તેથી તેના વિપક્ષકૃતને રાગ કહેવામાં આવે છે. કારણ કે એના શ્લોક જ હવે લેશે. ભાઈ! આના પછી ત્રણ શ્લોક આવે છે ને. આ લેવા માટે જ શ્લોક આવે છે. એની સંધીનો ન્યાય છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતે આત્મા અને આત્માના બધા ગુણો વીતરાગી સ્વરૂપે છે. સમજાય છે? એના ગુણો એ... સમ્યક્શ્રદ્ધા એ કાયમનો એ વીતરાગી સ્વભાવ છે, જ્ઞાન વીતરાગી સ્વભાવ છે. કાયમ હોં! ચારિત્ર વીતરાગી સ્વભાવ છે. એના અવલંબનથી જે દશા પ્રગટી, એ પણ વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે. ભલે અપૂર્ણ હોય તો પણ એટલી પર્યાય વીતરાગી છે. 'અમરચંદભાઈ'! આહાહા..!

સ્વઆશ્રય, સ્વઆશ્રય નિશ્ચય, પરાશ્રય વ્યવહાર. જુઓ! 'સમયસાર' શાસ્ત્રમાં વાક્ય છે ને? એમ આ કહે છે કે જેટલો પરાશ્રયભાવ રહી જાય છે એ બધો રાગ છે. સમજાણું? એ '**રાગકૃત હોવાથી અવશ્ય જ બંધનો ઉપાય છે,...**' જે રાગભાગ રહી ગયો એ બંધનું કારણ છે. ઉપાય કહો કે કારણ કહો. બંધનો ઉપાય છે એટલે બંધનું કારણ છે. આ મોક્ષનો ઉપાય છે, એ બંધનો ઉપાય છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાના શુદ્ધ પરિપૂર્ણ સ્વભાવનો આશ્રય લઈને જે દશા પ્રગટી છે, એટલો અરાગી પરિણામરૂપ મોક્ષનો ઉપાય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. એટલે મોક્ષનું કારણ છે. એનાથી વિપક્ષકૃત. આ અમૃત છે તો એનાથી વિપક્ષ રાગ છે. એ રાગ બંધનો ઉપાય છે. સીધી વાત છે. સમજાણું કાંઈ?

શ્રદ્ધામાં તો પહેલા નક્કી કરે. એની શ્રદ્ધાના ઠેકાણા નથી. પછી રાગથી આ થશે, ફલાણાથી આ થશે. સમજાણું કાંઈ? રાગના ભાવમાં ચારિત્ર પડ્યું છે. રાગભાવમાં સમ્યગ્દર્શન પડ્યું છે? રાગભાવમાં સમ્યગ્જ્ઞાન પડ્યું છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો આત્માની પર્યાયમાં પડ્યું છે, અંતરમાં પડ્યું છે. સમજાણું કાંઈ? વાસ્તવિક એ છે કે એ આત્મા અને આત્માના ગુણોનું જેને મહાત્મ્ય નથી એના શક્તિનું સત્ત્વ શું છે એને આમ ફાંફાં મારે છે. શાસ્ત્રમાંથી અર્થ ગોતી રાગથી થશે, પુણ્યથી થશે, આનાથી થશે. સમજાણું કાંઈ? એને આત્મા અને આત્માના ગુણોની શ્રદ્ધાની, વિશ્વાસની ખબર નથી. એને વિશ્વાસ નથી. ભગવાનઆત્મા પૂર્ણ...પૂર્ણ...પૂર્ણ... પ્રભુ! એ તો પૂર્ણ અને અપૂર્ણ બધી દશાનું કારણ તો એ છે. સમજાણું કાંઈ? એનાથી વિપરીત ભાવ, જેટલો દયા, દાન, વ્રત, વ્યવહારરત્નત્રયનો રાગ રહે, એ બંધનો ઉપાય છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'અવશ્ય બંધનો ઉપાય છે, મોક્ષનો ઉપાય નથી.'** લ્યો. આમાં હવે અર્થ ઉંધા કર્યા. પેલો રાગ છે તે મોક્ષનો ઉપાય છે, એ બંધનો ઉપાય નથી. લ્યો એવા અર્થ કર્યા છે. આ બેમાં અર્થ કર્યા છે. 'મખનલાલજી'માં કર્યા છે અને આણે આમ કર્યા છે. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય.' સમજાણું?

**'ટીકા :– 'असमग्रं रत्नत्रयं भावयतः यः कर्मबंधः अस्तिः सः विपक्षकृंतः रत्नत्रयं तु मोक्षोपायः अस्ति न बन्धनोपायः।''** રત્નત્રય તો **'मोक्षोपायः अस्ति न बन्धनोपायः 'એકદેશરૂપ રત્નત્રયનું પાલન કરનાર પુરુષને જે કર્મબંધ થાય છે તે રત્નત્રયથી નથી થતો,...'** કહો, બરાબર છે? **'એકદેશરૂપ રત્નત્રયનું...'** ભગવાનઆત્મામાં આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્માનું ચારિત્ર. એ સ્વઆશ્રય પ્રગટ્યું તે અરાગી છે. એને જે કાંઈ બંધનો ભાવ થાય છે, કર્મબંધ થાય છે **'તે રત્નત્રયથી નથી થતો, પણ રત્નત્રયનો વિપક્ષ જે રાગદ્વેષ છે તેનાથી થાય છે.'** લ્યો. રત્નત્રયના વિપક્ષ રાગ-દ્વેષ અને રાગ-દ્વેષનો વિપક્ષ રત્નત્રય. વિપક્ષ છે. નિશ્ચય અને વ્યવહાર વિપક્ષ છે એમ કીધું અહીં તો. સમજાણું કાંઈ?

**'પણ રત્નત્રયનો વિપક્ષ જે રાગદ્વેષ છે તેનાથી થાય છે. તે રત્નત્રય તો વાસ્તવમાં મોક્ષનો ઉપાય છે, બંધનો ઉપાય નથી.'** હવે આવા શાસ્ત્રના અર્થ કલ્પનાથી કરવા, અને પોતાને ઠીક પડે એમ લાગુ પાડે. બંધ ભાવ છે, એ મોક્ષનું કારણ છે. માટે મોક્ષનો ઉપાય છે, બંધનો ઉપાય નથી એવો અર્થ કર્યો છે. એમ છે નહિ. સમજાણું?

મુમુક્ષુ :–...

ઉત્તર :– હા પણ કરવું પડે. શું કરે?

**'ભાવાર્થ :– સમ્યગ્દષ્ટિ જીવ જે એકદેશ રત્નત્રય ધારણ કરે છે...'** ચાહે તો તિર્યંચ હો, મનુષ્ય હો. બન્ને શ્રાવક થઈ શકે છે. તિર્યંચ પણ શ્રાવક હોય છે. પાંચમાં ગુણસ્થાનવાળા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

પશુ પણ અસંખ્ય છે. પાંચમાં ગુણસ્થાનવાળા શ્રાવક અસંખ્યાતા છે. મનુષ્ય તો બહુ થોડા છે. અઢીથી બાર અસંખ્યાતા પાંચમાં ગુણસ્થાનવાળા શ્રાવક છે. પશુ, તિર્યંચ. ત્યાં તો નથી દેરાસર, નથી અપાસરો, ત્યાં નથી કાંઈ... અસંખ્યાતા પડ્યા છે. સ્વયંભૂરમણ સમુદ્ર. પાંચમાં ગુણસ્થાને આરાધક. સ્વર્ગમાં જશે. એ બધા પ્રશ્ન તે દિ' થયેલા. કાળ કરી ગયા ને, 'મગનલાલજી' કાળ કરી ગયા. (સંવત) ૧૯૭૯ની સાલ. પેલો મારવાડી આવ્યો હતો ને? ... ત્યાં તે દિ' હતા.

એક સમયમાં અસંખ્યાતા સમકિતી આરાધક છે. એક સમયમાં પાંચમાં ગુણસ્થાનવાળા સરખી સ્થિતિએ ઉપજે તો ક્યાં જાય? સરખી સ્થિતિએ ઊપજે તો ક્યાં જાય? એવો પ્રશ્ન હતો. તે દિ' ૧૯૭૯ની સાલમાં. એક સરખી સ્થિતિએ જાય નહિ. કારણ કે ત્યાંથી પાછુ મનુષ્યમાં આવવું છે ને? અસંખ્યાતા આરાધક જીવ છે, પણ અસંખ્યાતા મરીને સરખી સ્થિતિએ સ્વર્ગમાં ઊપજે એમ ન બને. એક સમયમાં સરખી સ્થિતિએ મરીને ઊપજે એમ ન બને. સમજાણું કાંઈ? ભાઈ! કારણ કે સરખી સ્થિતિએ ઊપજે તો ત્યાંથી બધાને અસંખ્યાતા એક સમયમાં પાછું મનુષ્યમાં આવવું જોઈએ. આ પ્રશ્ન ૧૯૭૯ની સાલમાં છે ને આપણે? અહીં પત્ર લખેલો છે. ૮૫ પ્રશ્નો લખ્યા હતા. તે દિ' ૧૯૭૯ની સાલમાં. કોઈ કાંઈ જવાબ આપે નહિ. પાંચમાં ગુણસ્થાનમાં અસંખ્યાતા શ્રાવક પડ્યા છે. વારાફરતી જાય. ઓછી અદકી સ્થિતિએ એક સમયે અસંખ્યાત ઊપજે. ઊપજે એવો પાઠ છે. આઠમાં દેવલોકમાં એક સાથે ઊપજે. દેવ તરીકે. પણ ઓછી અદકી સ્થિતિએ, સરખી સ્થિતિએ નહિ. સમજાણું? અસંખ્યાતા એક સમયમાં રહે અને આઠમાં દેવલોકમાં જાય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પછી માણસ થાવું જોઈએ. એવા જરાક ઓછા-વત્તા આયુષ્યવાળા હોય અને એક સમયે અસંખ્યાતા ઊપજે. એય..! 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ત્યાં એક સાથે મરે. પણ અહીં એકસરખી સ્થિતિવાળા ન ઊપજે. આગળ-પાછળની સ્થિતિવાળા પછી આગળપાછળ મરે. નહિતર અહીં ક્યાંથી આવે? એ બધા પ્રશ્ન તે દિ' થતાં. ૧૯૭૯માં. લખેલું પાનું પડ્યું છે. કોણ સામો જવાબ આપે?

મુમુક્ષુ :– થોડું હિન્દીમાં કહો.

ઉત્તર :– પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક છે તે સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય પડ્યા છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક (છે). મગરમચ્છ, માછલા, સિંહ અસંખ્ય પડ્યા છે. શાસ્ત્રમાં એ લેખ છે. અસંખ્ય, હોં! લાખ કરોડ, બે કરોડ એમ નહિ. અસંખ્યાતા. અને એવો પ્રશ્ન થયો કે જો અસંખ્ય શ્રાવક છે તે આરાધક થઈને. આરાધક છે ને પંચમ ગુણસ્થાન. તો એક સમયમાં એ અસંખ્યાતા સ્વર્ગમાં ઊપજે એવો શાસ્ત્રમાં પાઠ છે. સ્વર્ગમાં

આઠમાં દેવલોકમાં એક સમયમાં અસંખ્યાતા ઊપજે એવો પાઠ છે. ત્યારે મનુષ્ય મરીને એક સમયમાં અસંખ્ય ઊપજે એવું છે નહિ. તો એક સમયમાં અઢાર સાગરની સ્થિતિએ અસંખ્ય ઊપજે છે. એવો શાસ્ત્રમાં પાઠ છે. કોઈ વખતે. અઢાર સાગરની સ્થિતિ સમજો છો? આઠમાં દેવલોકની સ્થિતિ નથી સમજતા? આઠમાં દેવલોકની સ્થિતિ છે ને? તો એવી સ્થિતિએ એક સમયમાં અસંખ્ય ઊપજે એવો શાસ્ત્રમાં પાઠ છે. તો અસંખ્ય ઊપજે છે પણ સમકિતી, આરાધક સરખી સ્થિતિએ ન ઊપજે. સમકિતી તો કદાચિત્ એક સમયમાં ઊપજી શકે, પણ ત્યાં ઓછી-વત્તી સ્થિતિએ ઊપજે, સરખી સ્થિતિએ ઊપજે નહિ.

મુમુક્ષુ :–...

ઉત્તર :– સરખી સ્થિતિ હોય તો મરીને મનુષ્યમાં આવવાના છે તો અસંખ્યાત ક્યાંથી આવી શકે? સમજાણું કાંઈ? આ તો ઘણા પ્રકારના પ્રશ્નો મગજમાંથી ઉઠતા હોય ને. ઘોલન ખુબ ચાલતું હતું. ઘણા હોય. શું કહે છે આ? મંથનમાં આવે. ઘણા વિચારો આવતા. ૧૯૭૯ની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૪ વર્ષ થયા. ત્યારે તમારો જન્મ પણ નહિ હોય. સમજાણું? એક પાનું લખેલું પડ્યું છે. નવું હમણા સુધાર્યું છે ને? જૂનું થઈ ગયું હતું. ૧૯૭૯ના જેઠ વદમાં લખેલા પ્રશ્ન છે. ૧૯૭૯ના જેઠ વદ. ઘણા વર્ષ થઈ ગયા. ૪૪ ઉપર આ ૪૫ વર્ષ ચાલે છે.

અહીં શું કહે છે? કે, રત્નત્રયનો આરાધક શ્રાવક સમકિતી, અસંખ્યાતા... વિકળત્રયનું આવ્યું છે ને? એ પાંચમાં ગુણસ્થાનવાળા ત્યાં પણ અસંખ્ય છે. એ પણ સ્વર્ગમાં જાય. અહીં આવ્યું ને? ઇન્દ્રપદમાં જાય. સમજાણું કાંઈ? સ્વર્ગમાં જાય. પણ સરખી સ્થિતિએ ન જાય. આરાધક થઈને જાય. કોઈનું સરખું આયુષ્ય ન હોય. થોડોઘણો ફેરફાર પાંચ-પચાસ-સો-બસ્સો-પાંચસો-હજાર વર્ષનો ફેર હોય પછી મનુષ્યમાં કાળક્રમે ઊપજે. એટલા થોક પડ્યા છે, અસંખ્યાતા સમકિતી. કોઈવાર એક સમયમાં અસંખ્યાતા આરાધક થઈને સ્વર્ગમાં જાય છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? ત્યાંથી પછી મનુષ્ય થઈ, મોક્ષ જવાના. કહો, ... પાછા દેવલોકમાં જાય કીધું ને? દેવલોકમાંથી પછી મનુષ્ય થઈને મોક્ષે જશે. એવા અસંખ્ય તિર્યંચ પડ્યા છે. આરાધનારા પણ કેટલા પડ્યા છે. વિરાધક અનંત હોય છે. આરાધક અસંખ્ય હોય. આત્માના આરાધક અસંખ્ય હોય, વિરાધક અનંત હોય. સદાકાળ.

**ભાવાર્થ :– 'સમ્યગ્દૃષ્ટિ જીવ જે એકદેશ રત્નત્રય ધારણ કરે છે તેને જે કર્મબંધ થાય છે...'** કારણ કે ધર્મ થાય ને સ્વર્ગનું પુણ્ય બંધાય ત્યાં. **'તે રત્નત્રયથી નથી થતો પણ તેનો જે શુભકષાય છે...'** જુઓ! એય..! શુભકષાય છે એટલે શું? આ દયા, દાન, વ્રતના પરિણામ રહી ગયા ને? જરી શુભભાવ. એ શુભકષાય છે. **'તેનાથી થાય છે.'** સ્વર્ગનું બંધ લેવું છે અહીં તો? સાધારણ બંધની અહીં વાત લેવી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ત્યારે શુભકષાય હોય જ.

ઉત્તર :– હોય હોય જ. શુભકષાય હોય જ તે. પાંચમામાં શુભ કષાય ન હોય એવું

www.vitragvani.com



ન હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... શુભકષાય હોય ને. ન હોય તો તો વીતરાગ થઈ જાય. સમજાણું કાંઈ? આ સમજો, ઓળખો ત્યાં. વધારે સમજવા જેવું હવે. પ્રશ્ન કરતા થયા. એને શુભકષાય હોય છે. શુભકષાય વાંચેલું. અરે..! પણ એ શુભકષાય એ શુભ પ્રશસ્ત રાગ છે. ભક્તિનો, રાગનો, પૂજાનો, પ્રવચન કરવાનો, સાંભળવાનો બધો ભાવ એ શુભરાગ છે, શુભકષાય છે. એના ફળમાં સ્વર્ગ મળે. એના ફળમાં કાંઈ મુક્તિ, સંવર-નિર્જરા નથી. સમજાણું?

**'તેનાથી જ થાય છે. આથી એમ સિદ્ધ થયું કે કર્મબંધ કરનાર શુભકષાય છે પણ રત્નત્રય નથી.'** લ્યો. સમજાણું કાંઈ? આથી નક્કી થયું કે જે આત્મામાં મોક્ષનો માર્ગ છે તે બંધનો માર્ગ નથી. અને જે બંધન જે સમકિતીને પડે છે એ અંદરમાં શુભરાગ રહે છે એને લઈને બંધન પડે છે. એ બંધન છે બંધનનો ઉપાય છે, એ કાંઈ મોક્ષનો ઉપાય નથી. બે જુદા છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૧૨

ત્રણ ગુપ્તિઓનું વર્ણન

येनांशेन सुदृष्टिस्तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।२१२।।

येनांशेन ज्ञानं तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।२१३।।

येनांशेन चरित्रं तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।२१४।।

**અન્વયાર્થ :- [ अस्य ] આ આત્માને [ येनांशेन ] જે અંશથી [ सुदृष्टिः ] સમ્યગ્દર્શન છે, [ तेन ] તે [ अंशेन ] અંશથી [ बन्धनं ] બંધ [ नास्ति ] નથી, [ तु ] પણ [ येन ] જે [ अंशेन ] અંશથી [ अस्य ] એને [ रागः ] રાગ છે, [ तेन ] તે [ अंशेन ] અંશથી [ बन्धनं ] બંધ [ भवति ] થાય છે. [ येन ] જે [ अंशेन ] અંશથી [ अस्य ] એને [ ज्ञानं ] જ્ઞાન છે, [ तेन ] તે [ अंशेन ] અંશથી [ बन्धनं ] બંધ [ नास्ति ] નથી [ तु ] પણ [ येन ] જે [ अंशेन ] અંશથી [ रागः ] રાગ છે, [ तेन ] તે**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



[ अंशेन ] અંશથી [ अस्य ] એને [ बन्धनं ] બંધ [ भवति ] થાય છે. [ येन ] જે [ अंशेन ] અંશથી [ अस्य ] એને [ चरित्रं ] ચારિત્ર છે, [ तेन ] તે [ अंशेन ] અંશથી [ बन्धनं ] બંધ [ नास्ति ] નથી, [ तु ] પણ [ येन ] જે [ अंशेन ] અંશથી [ रागः ] રાગ છે, [ तेन ] તે [ अंशेन ] અંશથી [ अस्य ] એને [ बन्धनं ] બંધ [ भवति ] થાય છે.

ટીકા :– 'येन अंशेन सुदृष्टिः तेन अंशेन बन्धनं नास्ति किन्तु येन अंशेन रागः तेन अंशेन बन्धनं भवति।' - અર્થ :– જેટલા અંશે સમ્યગ્દર્શન છે એટલા અંશે કર્મબંધ નથી તથા જેટલા અંશે રાગભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ છે.

ભાવાર્થ :– જીવના ત્રણ ભેદ છે. – ૧. બહિરાત્મા, ૨. અંતરાત્મા, ૩. પરમાત્મા. આ ત્રણમાં બહિરાત્મા તો મિથ્યાદષ્ટિ છે કેમકે તેને સમ્યગ્દર્શન નથી, કેવળ રાગભાવ છે તેથી સર્વથા બંધ જ છે; અને પરમાત્મા ભગવાન જેમને પૂર્ણ સમ્યગ્દર્શન થઈ ગયું છે તેમને રાગભાવ રંચમાત્ર પણ નથી તેથી સર્વથા બંધ નથી, મોક્ષ જ છે. અંતરાત્મા સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનથી માંડીને બારમા ગુણસ્થાન સુધી છે, માટે આ અંતરાત્માને જેટલા અંશે સમ્યગ્દર્શન થઈ ગયું છે તેટલા અંશે કર્મનું બંધન નથી અને જેટલા અંશે રાગભાવ છે એટલા અંશે કર્મનો બંધ છે. જેમકે ચોથા ગુણસ્થાને અનંતાનુબંધી સંબંધી રાગભાવ નથી તો એટલો કર્મબંધ પણ નથી, બાકીના અપ્રત્યાખ્યાનાવરણનો બંધ છે. પાંચમાં ગુણસ્થાને અપ્રત્યાખ્યાનનો પણ રાગભાવ ન હોવાથી તેનો પણ બંધ નથી પરંતુ પ્રત્યાખ્યાનનો બંધ છે. એ જ પ્રમાણે આગળ જેટલા અંશે રાગભાવનો અભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ નથી તથા જેટલા અંશે રાગભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ છે. ૨૧૨.

જેટલા અંશે જે જીવને સમ્યગ્જ્ઞાન થઈ ગયું છે તેટલા જ અંશે રાગભાવ નહિ હોવાથી કર્મનો બંધ નથી. જેટલા અંશે રાગભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ છે.

ભાવાર્થ :– જેવી રીતે સમ્યગ્દર્શનનું કથન કર્યું છે તેવી રીતે સમ્યગ્જ્ઞાનનું પણ સમજવું, જેમ કે બહિરાત્માને સમ્યગ્જ્ઞાન નથી, મિથ્યાજ્ઞાન જ છે તેથી તેને પૂર્ણ રાગદ્વેષ હોવાથી અવશ્ય કર્મનો બંધ થાય છે. પરમાત્મા જે તેરમા ગુણસ્થાનવર્તી છે તેમને પૂર્ણ સમ્યગ્જ્ઞાન પ્રગટ થઈ ગયું છે, રાગભાવનો બિલકુલ અભાવ છે તેથી તેમને કર્મનો બંધ બિલકુલ નથી. અને અંતરાત્મા જે ચોથા ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાન સુધી છે તેમને જેટલા અંશે સમ્યગ્જ્ઞાન પ્રગટ થઈ ગયું છે તેટલા જ અંશે કર્મનો બંધ નથી તથા જેટલા અંશે રાગભાવ છે તેટલા જ અંશે કર્મબંધ છે. ૨૧૩.

જેટલાં અંશે સમ્યક્ચારિત્ર પ્રગટ થઈ ગયું છે તેટલા જ અંશે કર્મનો બંધ નથી અને

www.vitragvani.com



જેટલા અંશે રાગદ્વેષભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ છે. ઉપરની જેમ અહીં પણ સમજી લેવું. જેમકે બહિરાત્માને મિથ્યાચારિત્ર છે, સમ્યક્ચારિત્ર રંચમાત્ર પણ નથી તેથી એને રાગદ્વેષની પૂર્ણતા હોવાથી પૂર્ણ કર્મનો બંધ છે, અને પરમાત્માને પૂર્ણ સમ્યક્ચારિત્ર છે તેથી એને રંચમાત્ર પણ કર્મનો બંધ નથી. અંતરાત્માને જેટલા અંશે રાગદ્વેષ ભાવોનો અભાવ છે એટલા જ અંશે કર્મનો બંધ નથી.

ભાવાર્થ :– મોહનીય કર્મના બે ભેદ છે – ૧. દર્શનમોહ, ૨. ચારિત્રમોહ. દર્શનમોહના ઉદયથી મિથ્યાદર્શન થાય છે અને ચારિત્રમોહના ઉદયથી મિથ્યાચારિત્ર થાય છે. જેટલો તે કષાયોનો અભાવ થતો જાય છે તેટલો તેટલો તેને સમ્યગ્દર્શન અથવા સમ્યક્ચારિત્ર ગુણનો વિકાસ થતો જાય છે. જેમકે દર્શનમોહનીયનો અભાવ થવાથી સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે અને અનંતાનુબંધી ચોકડીનો અભાવ થવાથી સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ થાય છે. અપ્રત્યાખ્યાનાવરણીય ચોકડીનો અભાવ થવાથી દેશચારિત્ર પ્રગટ થાય છે. પ્રત્યાખ્યાનાવરણી ચોકડીનો અભાવ થવાથી સકલચારિત્ર પ્રગટ થાય છે. સંજ્વલન ચોકડી અને નવ નોકષાયનો અભાવ થવાથી યથાખ્યાતચારિત્ર પ્રગટ થાય છે. – આ રીતે આ મોહનીયકર્મની ૨૫ પ્રકૃતિ જ જીવને રાગદ્વેષ થવામાં નિમિત્ત કારણ છે.

એમાંથી અનંતાનુબંધી ક્રોધ અને માન, અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ અને માન, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ અને માન, સંજ્વલન ક્રોધ અને માન – એ આઠ અને અરતિ, શોક, ભય, જુગુપ્સા-કુલ એ બાર પ્રકૃતિ તો દ્વેષરૂપ પરિણમનમાં કારણ છે તથા બાકી રહેલી તેર પ્રકૃતિઓ રાગરૂપ પરિણમનમાં કારણ છે. આ રીતે આ જીવ અનાદિકાળથી પચીસ કષાયોને જ વશીભૂત થઈને નિત્ય અનેક દુષ્કર્મો કરતો થકો સંસારસાગરમાં ભ્રમણ કરી રહ્યો છે માટે આઠે કર્મોમાં આ મોહનીય કર્મને સર્વથી પહેલાં જીતવું જોઈએ. જ્યાં સુધી મોહનીય કર્મનો પરાજય ન થાય ત્યાં સુધી બાકીનાં કર્મોનો પરાજય થઈ શકતો નથી. તેથી સૌથી પહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને દર્શનમોહનો નાશ કરવો. સમ્યગ્જ્ઞાન વડે જ્ઞાનાવરણનો નાશ અને સમ્યક્ચારિત્ર વડે ચારિત્રમોહનીયનો નાશ કરી સમ્યક્રત્નત્રય પ્રાપ્ત કરવાં જોઈએ. જ્યારે કોઈ પણ જીવ આ ક્રમે કર્મોનો નાશ કરી આત્માના ગુણોનો વિકાસ કરશે ત્યારે જ તે પોતાના ધ્યેયને પ્રાપ્ત કરી શકે છે. ૨૧૪.

---

**પ્રવચન નં. ૮૩ ગાથા–૨૧૨ થી ૨૧૪ મંગળવાર, શ્રાવણ સુદ ૩, તા. ૮-૦૮-૧૯૬૭**

---

બે ભાગ. સમ્યગ્દર્શનનો ભાગ જેટલે અંશે.. એ આગળ કહેશે. ભગવાનને પૂર્ણ સમ્યગ્દર્શન થઈ ગયું છે. એ પૂર્ણનો અર્થ કે ત્યાં તો સમ્યગ્દર્શન છે જ. પણ બેનો અંશ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તેનો અર્થ એવો નથી કે સમ્યગ્દર્શનનો એક અંશ પ્રગટ્યો છે અને બીજો નથી. એમ નહિ. રાગ અંશની અપેક્ષાએ સમ્યગ્દર્શનનો અંશ–ભાગ બીજો જુદો છે. એમ. સમજાણું કાંઈ? જે અંશે, જેટલા અંશે સમ્યગ્દર્શન. આત્મા શુદ્ધચૈતન્ય વસ્તુ, એને આશ્રયે જે અંતર પ્રતીત–સમ્યગ્દર્શન થયું છે એ ભાગથી તો બિલકુલ બંધન નથી. કહો, સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન બંધનું કારણ નથી. 'સેઠી'!

જેટલા અંશે રાગભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ છે. જેટલો ભાગ અંદર રાગ રહે છે, પરાશ્રય વિકારભાવ રહે છે એ બંધનું કારણ છે. આ બે નિયમો અનાદિઅનંત સિદ્ધાંત છે. સમજાય છે કાંઈ? એમાં કોઈ ઘાલમેલ કરે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનું પણ કારણ અને બંધનું પણ કારણ, એમ બે છે નહિ. અંદર શુભાદિ રાગ થાય, એ કાંઈક બંધનું પણ કારણ અને એ કાંઈક સંવર-નિર્જરાનું કારણ, એમ છે નહિ. 'અમરચંદભાઈ'! અત્યારે તો બહારમાં બહુ ચાલે છે. 'દેવીલાલજી'!

મુમુક્ષુ :– અનેકાંતનો...

ઉત્તર :– અનેકાંતનો અર્થ જ આ કે જે સમ્યગ્દર્શન છે તે બંધનું કારણ નથી, બંધનું કારણ નથી, અબંધનું કારણ છે, મોક્ષનું કારણ છે. અસ્તિ-નાસ્તિથી લઈએ તો સમ્યગ્દર્શન છે તે મોક્ષનું કારણ એટલે અબંધ પરિણામ પોતે છે. એટલે અબંધનું કારણ છે, બંધનું કારણ નથી. એ અનેકાંત.

મુમુક્ષુ :– એકની એક વાત છે.

ઉત્તર :– એકની એક વાતમાં અનેકાંત હોય. એની એ વાતમાં બે વાત લાગુ પડે તેને અનેકાંત કહેવાય ને. કહો, સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધચૈતન્ય અનાકુળ આનંદ અને જ્ઞાનની મૂર્તિ, એવો જેણે સ્વદ્રવ્યનો આશ્રય કરી અને જે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે, તે સમ્યગ્દર્શન બિલકુલ બંધનું કારણ નથી અને મોક્ષનું કારણ છે. કહો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બિલકુલ નથી બાંધતા. એ આગળ આવશે હમણા. એ રાગ શુભ ઉપયોગનો અપરાધ છે એમ કહેશે. તીર્થંકર પ્રકૃતિ અને આહારક શરીર શુભ ઉપયોગનો અપરાધ છે. અપરાધ છે એ કહેશે, હમણા આવશે. કહો, સમજાણું? કેટલામું આવ્યું એ? ૨૨૦. ૨૨૦માં જુઓ! **'शुभोपयोगोऽयमपराधः'**

**रत्नत्रयमिह हेतुर्निर्वाणस्यैव भवति नान्यस्य।**
**आस्रवति यत्तु पुण्यं शुभोपयोगोऽयमपराधः।।२२०।।**

જે પુણ્ય આવે છે એ શુભઉપયોગનો અપરાધ છે.

www.vitragvani.com



મુમુક્ષુ :– એ તીર્થંકરપ્રકૃતિમાં આવ્યું ને..

ઉત્તર :– એ તીર્થંકર આવે છે. બધું પહેલું આવી ગયું. તીર્થંકરપ્રકૃતિ શું છે વળી? એ પહેલા આવે છે. ૨૧૮ ગાથામાં. ૨૧૮મી ગાથામાં આવશે. **'तीर्थकराहारबन्धकौ भवतः'** યોગકષાયને કારણે બંધ થાય છે. પાછળની બધી ગાથાઓ બહુ સરસ છે.

જે અંશે અંદરમાં રાગભાવ હોય, ભલે શુભ હો પણ એ અંશે એ ભાગથી તો બંધન જ છે. શુભોપયોગ બંધનું જ કારણ છે. શુભોપયોગ સંવર-નિર્જરાનું કિંચિત્ પણ કારણ નથી. અને સમ્યગ્દર્શન મુક્તિનો જ ઉપાય છે, અબંધ જ પરિણામ છે. એ બિલકુલ બંધનું કારણ નથી. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! આવા કેટલાની વ્યાખ્યા કરે છે, ભાઈ!

જીવના ત્રણ ભેદ છે. બહિર્આત્મા, અંતરઆત્મા, પરમાત્મા. આ ત્રણમાં બહિર્આત્મા તો મિથ્યાદૃષ્ટિ છે. બહિર્ એટલે જે આત્મસ્વભાવમાં નથી એવા પુણ્ય-પાપને અને શરીર, કર્મને પોતાના માને છે તે બહિર્આત્મા મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાય છે કાંઈ? જે જ્ઞાયકતત્ત્વ છે, શુદ્ધતત્ત્વ છે, પરમસ્વરૂપતત્ત્વ આત્મા છે એમાં પુણ્ય-પાપના ભાવ નથી, કર્મ, શરીર નથી, પરવસ્તુ નથી. પર નથી એને પર મારામાં છે, પુણ્ય પાપાદિ પરિણામ મારામાં છે એમ માન્યતા તે બહિર્આત્મા છે. કેમ કે આત્મામાં જે નથી તે બાહ્ય વસ્તુને આત્મામાં માનવી એનું નામ બહિર્આત્મા છે. કહો. બરાબર છે?

બહિર્આત્મા એટલે શું? આત્મા જે વસ્તુ છે, એમાં જે નથી એવું જે બહિર્પણું. પુણ્ય અને પાપ, દયા, દાન, રાગ-દ્વેષ, શરીર, વાણી, કર્મ. એ ચૌદરૂી ગાથામાં આવી ગયું છે. બધી ચીજો. એક આત્મા જ્ઞાયકમૂર્તિ શુદ્ધચૈતન્ય સિવાય જેટલો પુણ્ય-પાપનો વિકલ્પ, તીર્થંકરગોત્રનો ભાવ, પણ એ તો સમકિતીને હોય છતાં એ પોતે માને નહિ, પણ એ પહેલા કોઈપણ શુભ-અશુભભાવ, કર્મ, શરીરાદિ એ આત્મામાં નથી. આત્મામાં તો જ્ઞાન-દર્શન-આનંદ છે. નથી એમાં માનવું એનું નામ બહિર્આત્મા છે. બરાબર છે?

મુમુક્ષુ :– અત્યારે તો છે ને?

ઉત્તર :– ક્યાં છે? અત્યારે પણ નથી. તત્ત્વ કોને કહેવું? શરીર, વાણી, કર્મ એ અજીવતત્ત્વ છે, પુણ્ય-પાપ તે આસ્રવતત્ત્વ છે, આત્મા એ જ્ઞાયકતત્ત્વ છે. અત્યારે એમ છે. કહો, સમજાણું કાંઈ? એ ૧૪ મી ગાથામાં આપણે પહેલા આવી ગયું છે. બધા પંડિતોને પણ વચમાં કહ્યું હતું. જુઓ! ૧૪મી ગાથા જુઓ. 'જયપુર'માં કહ્યું હતું, 'આંકડિયા'માં કહ્યું હતું. તમારું ગામ કયું છે? ભાઈ! 'હિંમતનગર' કહ્યું હતું. આ ગાથા બધા પંડિતની વચમાં કહી હતી. ૧૪મી ગાથા.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

છે? અંદર ટીકા. **'આવી રીતે આ આત્મા કર્મ વડે કરેલા નાના પ્રકારના ભાવથી સંયુક્ત**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**નથી...**' પુણ્ય, પાપ, વિકલ્પ, શરીર, વાણીથી સહિત નથી. સહિત નથી પણ બે તત્ત્વ જુદા એ સહિત ક્યાંથી હોય પણ? આસ્રવતત્ત્વ આસ્રવ છે, જડતત્ત્વ જડ છે, આત્મા તે આત્મા છે. એ આત્મતત્ત્વ આસ્રવતત્ત્વ સહિત છે એમ ક્યાંથી આવ્યું? આસ્રવ આસ્રવ સહિત છે. પણ આત્મા આસ્રવ સહિત છે (એમ નથી). અજીવ અજીવ સહિત છે પણ અજીવ સહિત આત્મા છે એ મિથ્યાદૃષ્ટિ ભવનું બીજ છે. કહો, સમજાણું કાંઈ?

**'ભાવથી સંયુક્ત નથી તો પણ અજ્ઞાનીને પોતાના અજ્ઞાનથી...'** **'बालिशानां'** અજ્ઞાનીને પોતાના અજ્ઞાનથી પાછું એમ છે. કો'કે કરાવ્યું નથી. દર્શનમોહકર્મે અજ્ઞાન કરાવ્યું નથી. એમ કહે છે. પાઠ છે ને? **'प्रतिभाति बालिशानां प्रतिभासः'** અજ્ઞાનીઓનો અજ્ઞાનમાં પ્રતિભાસ છે. શું? કે **'આત્મા કર્મજનિત ભાવોથી સંયુક્ત જેવો પ્રતિભાસે છે.'** 'અમરચંદભાઈ'! આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત અને આનંદની મૂર્તિ આત્મા છે. એ પોતાના પવિત્ર શુદ્ધસ્વભાવ સહિત છે. પણ તે કર્મના નિમિત્તથી થયેલો પુણ્ય-પાપનો વિકાર અને કર્મના નિમિત્તથી થયેલી બાહ્ય સામગ્રી આ બાજુ. આ બાજુ સામગ્રી અઘાતીથી મળેલી, આ બાજુ ઘાતીના નિમિત્તે થયેલા પુણ્ય-પાપના વિકાર. એ રહિત તત્ત્વ છે છતાં સહિત માનવું એ ભવનું બીજ છે. બરાબર છે? 'મનસુખભાઈ'! કહો, સમજાણું આમાં? આમાં તો સાદી વાત છે. આમાં કાંઈ મોટા ચોપડા ભણવાના એવું નથી.

પ્રતિભાસ જુઓ! શું કીધું? અજ્ઞાની જીવોને તે સંયુક્ત ન હોવા છતાં **'प्रतिभाति'** પ્રતિભાસે છે, તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. એ જ મિથ્યાત્વભાવ પરિભ્રમણનું કારણ છે. 'દેવીલાલજી'! ન્યાયથી પણ આવ્યું કે નહિ? જુઓ! ભગવાનઆત્મા, વસ્તુઆત્મા જેને કહીએ એ તો જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવ સ્વરૂપ છે અને પુણ્ય-પાપના ભાવ કહીએ એ તો આસ્રવતત્ત્વ છે. શુભ અને અશુભભાવ એ આસ્રવતત્ત્વ છે અને કર્મ શરીર એ અજીવતત્ત્વ છે. હવે એ અજીવ, અજીવમાં છે, આસ્રવ, આસ્રવમાં છે, આત્મા, આત્મામાં છે. છતાં તે આત્માને તેનાથી રહિત હોવા છતાં સહિત માનવો એ જ મિથ્યાત્વ બહિરાત્મબુદ્ધિ સંસારનું બીજ છે. 'જેઠાલાલભાઈ'! વાત તો બરાબર છે કે નહિ? અરે..! ભગવાન! અરે...! એને વિચાર કરવો નથી, એને મંથન કરીને શું તત્ત્વ છે તે કાઢવું નથી. 'સેઠી'! એમ ને એમ કાળ અનાદિથી ગાળ્યો.

કહે છે કે બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા. (તેમાં) બહિરાત્મા તો મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે તેને સમ્યગ્દર્શન નથી. તે કેવળ રાગભાવ છે. એટલે એ તો એકલો વિકારીભાવ છે. હું એવો માને છે તો એ તો એને એકલો વિકાર જ છે. વાત સમજાય છે કાંઈ? બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ કેમ છે? કે જે આત્માના સ્વભાવમાં પુણ્ય-પાપ વિકાર નથી. તો અજીવ કર્મ આદિ આત્મામાં નથી. એને પોતાના માને છે તેથી મિથ્યાદૃષ્ટિને તો એકલા વિકાર જ છે. આત્મા તો છે જ નહિ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ આખો બહિરાત્મા. એ ખુલાસો કરાવે છે, હોં! આખો બહિરાત્મા. બહિરાત્માનો અર્થ શું? આપણે અત્યારે એટલો સિદ્ધાંત લેવો છે. એથી ઓલી ૧૪મી ગાથા લીધી. આત્મામાં છે શું? આત્મામાં છે શું? કે આત્મા જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણ શુદ્ધસ્વરૂપનો પિંડ આત્મા છે. એ આત્મામાં છે. આત્મામાં પુણ્ય અને પાપ હોય તો પુણ્ય-પાપ જુદા પડે નહિ. જુદા ન પડે તો, છૂટા ન પડે તો આત્મા રહે નહિ. તો આત્મામાં પુણ્ય-પાપ નથી. સ્વભાવમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આત્મામાં નથી. એ પરિણામ, પરિણામમાં છે. આત્મા આત્મામાં છે. કર્મ શરીર, કર્મ શરીર અજીવમાં છે. આત્મા આત્મામાં છે. એમ ન માનતા આત્મા પુણ્ય-પાપના ભાવવાળો અને કર્મ, શરીરવાળો એ પર તત્ત્વવાળો, સ્વતત્ત્વ પરતત્ત્વવાળો એવી માન્યતા એ મિથ્યાદૃષ્ટિ સંસારનું બીજ છે. કહો, સાદી વાત છે.

મુમુક્ષુ :– ન્યાયથી સાબિત થાય છે.

ઉત્તર :– ન્યાયથી સાબિત થાય છે. કહો, 'દેવીલાલજી'!

મુમુક્ષુ :– ગ્રહિત મિથ્યાત્વ તો ગયું છે ને.

ઉત્તર :– ગ્રહિત મિથ્યાત્વ જરીયે ગયું નથી. ગ્રહિત મિથ્યાત્વ એટલે શું પણ?

એ રસ મંદ-તીવ્ર એ કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ? એ તો અભવીને પણ અનંતાનુબંધી ને મિથ્યાત્વનો રસ મંદ પડે છે. એથી શું? મંદ પડ્યો એ અભાવ નથી. અભાવ વિના મિથ્યાત્વનો નાશ થતો નથી.

મુમુક્ષુ :– અભાવનું કારણ તો થાય.

ઉત્તર :– અભાવનું કારણ એટલે શું? અભાવનું કારણ પોતાનો આત્મા. જેનામાં સાધન પડ્યું છે, રાગના અભાવરૂપ સ્વભાવ સાધન છે, એ પોતે સાધન થાય છે. સમજાણું કાંઈ? એ આત્મા જ એવો છે કે પરના અભાવસ્વરૂપ છે. હવે અભાવસ્વરૂપ છે તો એના પરિણમનમાં અભાવ પોતાને જ કારણે અભાવરૂપે પરિણમે છે. રાગની મંદતાને કારણે અહીં સમ્યગ્દર્શનપણે પરિણમે છે એવું કાંઈ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

કેવળ રાગભાવ જ છે. એટલે શું કીધું? બહિરાત્માને પોતાનો આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એ તો દૃષ્ટિમાં છે નહિ. હું ચૈતન્ય શુદ્ધઆનંદ જ્ઞાયક છું. ભગવાને જોયેલો, લ્યો આપણે લ્યો. કેવળી પરમેશ્વરે તત્ત્વો જોયાં. તો શરીર અજીવને ભગવાને અજીવતત્ત્વ જોયું. પુણ્ય-પાપના ભાવને ભગવાને આસ્રવતત્ત્વ જોયું. અને એ વિનાનો આત્મા તે જ્ઞાન અને આનંદતત્ત્વ જોયું. ભગવાને એમ જોયું છે. બરાબર છે? ભગવાને એમ જોયું છે કે તત્ત્વ આમ છે. અજીવ અજીવરૂપે તત્ત્વ છે, આસ્રવ આસ્રવરૂપે તત્ત્વ છે, આત્મા આત્મારૂપે છે. હવે એવી રીતે આ ન માનતો એ આસ્રવસહિત આત્મા માને છે. એટલે કે આત્મા હું જ્ઞાયક છું. મારા શુદ્ધ આનંદસહિત છું, એમ ન માનતા રાગસહિત છું એવા બહિરાત્માને એનામાં નથી એને

www.vitragvani.com



પોતાનું માને છે. તો એવો મિથ્યાત્વનો રાગભાવ જ એની પાસે એકલો પડ્યો છે. કહો, બરાબર છે? લોજિકથી બરાબર છે? ભાઈ! અમારે વકીલ છે ને એ તો. હજી થશે વકીલ. પણ એનું શું કરશે ? કહો, સમજાણું કાંઈ? આ લોજીકથી તો ભાઈ! ન્યાયથી બેસે છે કે નહિ? આમાં કાંઈ બહુ ભણવું પડે એવું નથી.

જુઓ! '**બહિરાત્મા તો મિથ્યાદૃષ્ટિ છે.**' અસત્‌દૃષ્ટિ છે. મિથ્યા એટલે અસત્‌દૃષ્ટિ છે. અસત્‌દૃષ્ટિ કેમ? કે જે એનામાં નથી તેને માને માટે અસત્‌દૃષ્ટિ છે. એની સત્‌દૃષ્ટિ નથી. સમ્યગ્દૃષ્ટિ તે સત્‌દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ કહો કે સમ્યક્‌દૃષ્ટિ કહો કે સત્‌દૃષ્ટિ કહો, તો જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ છે તે તેની દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે. મારામાં રાગ નથી, આ નથી એનું નામ સત્‌દૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એ રાગ પુણ્ય-પાપવાળો નથી કેમ કે એક તત્ત્વ બીજા તત્ત્વવાળું કેમ હોય? તો બે તત્ત્વ જુદા રહેતા નથી. સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દર્શન નથી એટલે સાચી દૃષ્ટિ નથી. સાચી દૃષ્ટિ નથી એટલે કે શુદ્ધ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ હું છું, પુણ્ય-પાપ હું નહિ, કર્મ આદિ નહિ, મારામાં એની નાસ્તિ છે અને પૂર્ણ આનંદસ્વભાવની અસ્તિ છે. એવી જેને અંતર સત્યદૃષ્ટિ નથી તે સમ્યગ્દૃષ્ટિ નથી. કહો, સમજાણું આમાં?

'**કેવળ રાગભાવ છે...**' એટલે એકલો કષાયભાવ છે. એ કષાય શબ્દે મિથ્યાત્વ અને રાગ બધું એમાં આવી ગયું. મિથ્યાત્વ અને રાગ એ બધો એકલો કષાયભાવ છે. મિથ્યાત્વ પણ એ રાગ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા.. સાત તત્ત્વોને સિદ્ધ કરશો કે નહિ? સાત કઈ રીતે સિદ્ધ થશે? સાતની શ્રદ્ધા. સાતની શ્રદ્ધા એટલે શું? કે આત્મા જ્ઞાયકસ્વરૂપ છે તેને એ રીતે, રાગ રાગરૂપ છે તેને એ રીતે, અજીવ અજીવરૂપ છે તેને એ રીતે. અજીવથી રાગ નહિ, રાગથી આત્મા નહિ, આત્માથી રાગ નહિ અને આત્માથી અજીવ નહિ. સમજાણું કાંઈ? કર્મ આદિ અજીવ છે. એનાથી રાગ નહિ. રાગ આસ્રવતત્ત્વ છે. અજીવથી આસ્રવ નહિ. તેમ આત્માથી આસ્રવ નહિ. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ છે. અધ્ધર પર્યાયમાંથી અંદર મિથ્યાબુદ્ધિએ ઉત્પન્ન કરતો વિકાર તે આસ્રવતત્ત્વ છે, એ સ્વભાવમાં નથી, ત્રિકાળી ગુણમાં નથી. એને પોતાના માન્યા, એનું નામ બહિરાત્મા–મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. કહો, 'દીપચંદજી'! સમજાય છે કે નહિ? તેથી કેવળ કષાય જ છે.

'**તેથી સર્વથા બંધ જ છે;...**' અકષાયભાવ આત્મા એ તો કાંઈ દૃષ્ટિમાં આવ્યો નથી. એને જુદો પાડ્યો નથી અને મિથ્યાત્વ અને રાગસહિત ભેગો રાખ્યો. એકલો મિથ્યાત્વ અને રાગદ્વેષ જ બહિરાત્માને છે. કહો, સમજાણું કાંઈ? '**સર્વથા બંધ જ છે;...**' સર્વથા. વળી કોઈક કહે, ભાઈ! કથંચિત બંધને રાખો ને. અનેકાંત કહો ને. સર્વથા બંધ છે અને અબંધ જરાપણ નથી. એ અનેકાંત. સમજાણું કાંઈ? '**પરમાત્મા ભગવાન જેમને પૂર્ણ સમ્યગ્દર્શન થઈ ગયું**

www.vitragvani.com



**છે...**' એટલે કે એને કાંઈક હવે થોડો રાગ બાકી રહ્યો છે અને સમ્યગ્દર્શન છે એમ કાંઈ નથી. સમ્યગ્દર્શન રાગ વિનાનું પૂર્ણ થઈ ગયું છે. જેને રાગનો સાથ નથી એ રીતે સમ્યગ્દર્શન પૂર્ણ થઈ ગયું છે. સમજાણું?

**'તેમને રાગભાવ રંચમાત્ર પણ નથી...'** સમજાણું કાંઈ? જેને સમ્યગ્દર્શનમાં રાગની સાથે હતો, હતો ભિન્ન, એવો ભાગ પરમાત્માને રહ્યો નથી. પરમાત્માને તો રાગભાગ વિનાનું એકલું સમકિત છે. **'તેમને રાગભાવ રંચમાત્ર પણ નથી તેથી સર્વથા બંધ નથી,...'** પેલાને સર્વથા બંધ છે, આને સર્વથા બંધ નથી. બે વાત લીધી. હવે ત્રીજી. અંતરાત્માની લેશે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– .. વાત તો બહુ ટૂંકી કરી નાખી.

ઉત્તર :– આમાં ટૂંકી છે એટલે ટૂંકી. આ બહિરાત્માનો વિસ્તાર તો કર્યો નહિ?

વસ્તુ સ્વભાવથી જે વસ્તુ બાહ્ય છે તેને પોતામાં માનવી એવો જે મિથ્યાત્વ અને રાગ, કષાયભાવ એ સર્વથા એકલો વિકાર જ એની પાસે છે. માટે તે બહિરાત્માને એકલું બંધન છે, જરા પણ અબંધ પરિણામ નથી. પરમાત્માને રાગ સાથેનું સમકિત રહેલું નથી. એકલું સમકિત ચોખ્ખું થઈ ગયું છે. સમકિત તો ચોખ્ખું નીચે પણ છે. પણ રાગનો સાથ છે એવું પણ રહ્યું નથી. એકલું સમકિત રહ્યું છે અને રાગ બિલકુલ છે નહિ. માટે તેને બિલકુલ બંધન છે નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ કીધું ને? પેલો રાગ નથી માટે. એ પાછું કોઈ કહે કે સર્વથા પૂર્ણ સમ્યગ્દર્શન એટલે? એ. રાગનો સાથ જોડે છે એ નથી. સરાગ સમકિત ને એમ કહેવાયને જરી? સરાગ છે નહિ, હોં! સમકિત તો સમકિત જ છે. પણ પેલો સાથ હતો એ નથી. એકલું જ્ઞાન, એકલું સમકિત રહ્યું. એથી એને બંધન છે નહિ. કહો, સમજાણું?

**'અંતરાત્મા...'** હવે રહ્યો ત્રીજો. આ તો સમજાય એવું છે. **'અંતરાત્મા સમ્યગ્દષ્ટિ...'** અંતર આત્મા સમ્યગ્દષ્ટિ એટલે? અંતરાત્મા કે જે જ્ઞાન-આનંદ શુદ્ધસ્વરૂપ છે તે આત્મા. અંતર એવા આત્માને માનનારો તે અંતરાત્મા છે. સમજાણું? જેનામાં જે છે, ભગવાનઆત્મામાં અંતરમાં શું છે? શુદ્ધ જ્ઞાન-દર્શન-આનંદ. એવા આત્માને માનનાર, તેને અંતરાત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? પેલા બહિરાત્માથી વિરુદ્ધ. હું તો આનંદ અને જ્ઞાયકભાવ સહિત છું. રાગ રહિત છું, જ્ઞાયકભાવ સહિત છું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– રાગ હોવા છતાં રાગ રહિત?

ઉત્તર :– હા. રાગ રાગમાં છે. રાગ તે રાગ સહિત તે રાગ રાગમાં છે. આત્મામાં ક્યાં છે? કહો, 'ભીખાભાઈ'! તો હવે એમાં રાગથી લાભ થશે કે નહિ? આહાહા..!

**'અંતરાત્મા સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનથી માંડીને બારમા ગુણસ્થાન સુધી છે,...'**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમજાય છે? અંતરાત્મા તે બહિરાત્મા નથી, અંતરાત્મા તે પરમાત્મા નથી. બરાબર છે? બહિરાત્મા તે અંતરાત્મા નથી, બહિરાત્મા તે પરમાત્મા નથી. પરમાત્મા તે બહિરાત્મા નથી, પરમાત્મા તે અંતરાત્મા નથી. અંતરાત્મા તે પરમાત્મા નથી અને અંતરાત્મા તે બહિરાત્મા નથી. સમજાણું કાંઈ? હવે એ ત્રીજા નંબરના અંતરાત્મા તેની અહીં વ્યાખ્યા ચાલે છે. પેલી બે વાત તો વચ્ચે સમજાવી. ચાલે છે આ અંતરાત્માની વાત.

**'માટે અંતરાત્માને જેટલા અંશે સમ્યગ્દર્શન થઈ ગયું છે...'** જેટલા અંશે એટલે? જે ભાગથી સમ્યગ્દર્શન નિર્મળ થયું છે. તેટલા ભાગને તો કર્મનું બંધન છે નહિ. સમજાણું કાંઈ? પોતાનો શુદ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ, એની અંતરદૃષ્ટિ થઈ છે. સત્ય જેવું છે તેવી દૃષ્ટિ થઈ છે, રાગ અને અજીવ વિનાનું પૂર્ણ શુદ્ધ સ્વભાવ સહિત તત્ત્વ, એવી અંતર્મુખ દૃષ્ટિ થઈ છે, એને જે સમ્યગ્દર્શન છે, જે અંશે એટલે સમ્યગ્દર્શન એક ભાગે છે, એને એ સમ્યગ્દર્શનમાં જરા પણ બંધનું કારણ નથી. ચોથેથી બારમા સુધી સમ્યગ્દર્શન તે બંધનું કારણ નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ છે એમાં ક્યા ભાગમાં સમ્યગ્દર્શન છે?

ઉત્તર :– પર્યાય. સમ્યગ્દર્શન નિર્મળ પર્યાય (છે). સમ્યગ્દર્શન–આત્મા અને આત્માના પૂર્ણ ગુણ સહિત છે, એવી જે અનુભવમાં પ્રતીત તે પર્યાય (છે). શું કીધું? આત્મા અને ત્રિકાળી જ્ઞાન આનંદાદિ ગુણો. એ ગુણસહિત આત્મા છે એવી જે પ્રતીત, એવી જે પ્રતીત તે પર્યાય છે. તે સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન તે બિલકુલ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ?

**'કર્મનું બંધન નથી અને જેટલા અંશે રાગભાવ છે...'** કહો. જોકે બારમા ગુણસ્થાને રાગ નથી. પણ અહીં તો સમ્મુચય વાત કરવી છે ને? જ્યાં સુધી રાગ હોય ત્યાં સુધી. અંતરાત્મા ચોથેથી બાર લીધા. પણ કાંઈ બારમે રાગ છે કે અગિયારમે રાગ છે, એ અહીં સિદ્ધ નથી કરવું. ત્યાં તો અંતરાત્મા સિદ્ધ કર્યો કે અંતરાત્મા કોને કહેવો? બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ, પરમાત્મા તેરમાવાળા, અંતરાત્મા ચોથેથી બાર. હવે જ્યાં જેને રાગ છે તેવો આત્મા અહીં લેવો. અગિયાર-બારમાં કાંઈ રાગ છે નહિ.

**'જેટલા અંશે રાગભાવ છે...'** એ ચોથા ગુણસ્થાનથી બારમાં ગુણસ્થાન સુધી. સમજાણું કાંઈ? કેટલા ગુણસ્થાન નીકળી ગયા? છ નીકળી ગયા. આઠ રહ્યા. ચોથેથી બાર ગુણસ્થાનમાં આઠ ગુણસ્થાન રહ્યા. નવ. ચોથેથી બાર. નવ ને ત્રણ બાર. એક, બે, ત્રણ. તેર અને ચૌદ ગુણસ્થાન છે ને? પાછળના બે અને પહેલા ત્રણ. નવ રહ્યા. તો નવમાં અંતરાત્મા કહેવાય. હવે નવને રાગ છે એ અહીં પ્રશ્ન નથી. એમાંથી પાછા બે રાગવાળાને કાઢી નાખવા. અગિયાર અને બારમામાં બેમાં રાગ નથી. પેલા બે પરમાત્મામાં ગયા હતા, પેલા ત્રણ બહિરાત્મામાં ગયા હતા. આમાં રાગ વિનાના પાછા રાગ વિનાના બે કાઢી નાખવા. સમજાણું? એટલે સાત રહ્યા. ચોથે થી દસ ગુણસ્થાન. સમજાણું કાંઈ?

www.vitragvani.com



**'જેટલા અંશે રાગભાવ છે એટલા અંશે કર્મનો બંધ છે.'** ચોથેથી દસમા ગુણસ્થાન સુધી જેટલે અંશે રાગ પડ્યો છે શુભ, એટલા અંશે બંધન છે. રાગથી બિલકુલ સંવર-નિર્જરા નથી. હોય તો અત્યારે શુભભાવમાં સંવર-નિર્જરા અને શુદ્ધતા એમ બધું કહે છે અત્યારે.

મુમુક્ષુ :– એના કારણસહિત આવે ને એટલે.

ઉત્તર :– કારણસહિત ધૂળમાં પણ નથી કહેતા.

મુમુક્ષુ :– એમના માનેલા કારણ.

ઉત્તર :– માનેલા કારણ. બસ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– રાગનો ભાગ પણ પર્યાયમાં છે?

ઉત્તર :– પર્યાયમાં છે. રાગ એ પર્યાયમાં છે. એ ચારિત્રમાં પછી લેશું. અહીં આપણે અત્યારે કામ નથી. અહીં તો સમ્યગ્દર્શનની પર્યાય છે, તે બંધનું કારણ નથી. રાગ છે તે બંધનું કારણ છે. એથી સમ્યગ્દર્શનની પર્યાયનો ભાગ રાગ છે એમ નથી કાંઈ. એ તો ચારિત્રમાં આવશે. સમજાણું કાંઈ?

**'જેમકે ચોથા ગુણસ્થાને અનંતાનુબંધી સંબંધી રાગભાવ નથી...'** જુઓ! ચોથા ગુણસ્થાનમાં અનંતાનુબંધીનો રાગ નથી. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ. એમાં માયા અને લોભ તે રાગ. ક્રોધ અને માન તે દ્વેષ. એમાં ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન સહિતમાં રાગ, દ્વેષ અનંતાનુબંધી સંબંધીનો રાગ નથી. રાગ નથી એટલું અરાગ પરિણમન છે. એ નીચે ખુલાસો કરશે, એ નીચે ખુલાસો કરશે. સ્વરૂપ આચરણ. જેટલો રાગ નથી તેટલું અહીં આચરણ ચોથે ગુણસ્થાને પણ છે. રાગનું અને દ્વેષનું જે અનંતાનુબંધી છે ... ક્રોધ, માન, માયા અને લોભ. ક્રોધ, માન દ્વેષ છે અને માયા અને લોભ રાગ છે. તો ચોથે ગુણસ્થાને અનંતાનુબંધીના રાગ અને દ્વેષ નથી. તો તેટલા અંશે સ્વરૂપસ્થિરતા છે તેને સ્વરૂપાચરણ નીચે કહેવામાં આવશે. એ બંધનું કારણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**'રાગભાવ નથી તો એટલો કર્મબંધ પણ નથી, બાકીના અપ્રત્યાખ્યાનાવરણનો બંધ છે.'** બીજા કષાયનો રાગ છે ને? ચોથા ગુણસ્થાનમાં બીજા કષાયનો રાગ કર્મને લઈને છે એમ અહીંયાં પ્રશ્ન નથી. પણ કર્મના નિમિત્તના જોડાણથી પોતાને પાંચમાં ગુણસ્થાનમાં બીજા પ્રત્યાખ્યાન રાગ છે. એટલો દ્વેષ પણ છે. અહીં રાગ ઉપર લેવું છે ને વધારે? પ્રત્યાખ્યાનવરણીનો બંધ છે તો એને બીજી કષાયનો પણ બંધ પડે છે. એટલો રાગદ્વેષ છે એનો કષાય બંધ પડે. **'પાંચમાં ગુણસ્થાને અપ્રત્યાખ્યાનનો પણ રાગભાવ ન હોવાથી...'** લ્યો. શ્રાવકને, સાચા શ્રાવકને આત્માના સમ્યગ્દર્શન સહિતના બે કષાયના અભાવરૂપ ચારિત્રની પરિણતિ હોવાથી, પાંચમાં ગુણસ્થાને તે બીજા કષાયનો બંધ નથી. ચોથામાં બીજા કષાયનો બંધ હતો. પાંચમાં (ગુણસ્થાનમાં) નથી. કહો, સમજાય છે કાંઈ?

**'પરંતુ પ્રત્યાખ્યાનનો બંધ છે.'** પાંચમા ગુણસ્થાનમાં હજી ચારિત્રના પરિણામ નથી.

www.vitragvani.com



એથી તેને તે પ્રકારના રાગનું બંધન પાંચમે ગુણસ્થાને છે. બરાબર છે? **'એ જ પ્રમાણે આગળ જેટલા અંશે રાગભાવનો અભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ નથી...'** લ્યો. **'જેટલા અંશે રાગભાવ છે તેટલા અંશે કર્મનો બંધ છે.'** બરાબર છે? ચોથા ગુણસ્થાનમાં આત્માનું દર્શન પ્રતીત અને સ્વરૂપાચરણ છે. એટલું એને બંધનું કારણ નથી. એ સિવાય ત્રણ કષાયના રાગ છે તે તેને બંધનું કારણ છે. પાંચમે ગુણસ્થાને સ્વરૂપાચરણ ઉપરાંત અપ્રત્યાખ્યાનની બીજી ચોકડી ગઈ છે. સ્થિરતાનો અંશ વિશેષ વધ્યો છે એ બંધનું કારણ નથી. બે કષાયના રાગ રહ્યા તે બંધનું કારણ છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિને, સાચા સંતને ત્રણ કષાયના અભાવરૂપ સ્વરૂપ સ્થિરતા છે તે બંધનું કારણ નથી. જેટલો સંજ્વલનનો રાગ રહ્યો તે તેને બંધનું કારણ છે. કહો, સમજાણું? કહો, સમજાણું આમાં? હવે બીજો બોલ.

**'જેટલા અંશે જે જીવને સમ્યગ્જ્ઞાન થઈ ગયું છે...'** સમ્યગ્જ્ઞાન ઉપર વજન છે, હોં! પેલું ક્ષયોપશમજ્ઞાન જે અનાદિનું છે એ નહિ. સ્વરૂપને અવલંબે જેટલું સમ્યગ્જ્ઞાન થયું છે, સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન છે, તેટલા અંશે રાગભાવ નથી. **'તેટલા અંશે રાગભાવ નહિ હોવાથી કર્મનો બંધ નથી.'** ભગવાનઆત્મા પોતાના જ્ઞાન સ્વરૂપને, જ્ઞાનથી જે સ્વસંવેદન પ્રગટ કર્યું છે એ જ્ઞાનભાવ તે બંધનું કારણ નથી. કારણ કે એ સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? **'જેટલા અંશે રાગભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ છે.'** સમ્યગ્જ્ઞાનીને પણ જેટલો રાગ ચોથા ગુણસ્થાનમાં સ્વસંવેદનનો જ્ઞાનનો અંશ પ્રગટ્યો છે, એટલો બંધ નથી. જે રાગભાવ બાકી રહ્યો, એને બંધન છે. એમ પાંચમાં-છઠ્ઠે ક્રમે લઈ લેવું. એનો ખુલાસો કરે છે.

**'જેવી રીતે સમ્યગ્દર્શનનું કથન કર્યું છે તેવી રીતે સમ્યગ્જ્ઞાનનું પણ સમજવું, જેમ કે બહિરાત્માને સમ્યગ્જ્ઞાન નથી,...'** પહેલા બહિરાત્માને સમ્યગ્દર્શન નથી એમ કહ્યું હતું. **'બહિરાત્માને સમ્યગ્જ્ઞાન નથી, મિથ્યાજ્ઞાન જ છે...'** કેમ કે જે આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનનું વેદન નથી. શાસ્ત્રજ્ઞાન આદિ હોય એ બધું મિથ્યાજ્ઞાન છે. આહાહા..! **'બહિરાત્માને સમ્યગ્જ્ઞાન નથી,...'** કારણ કે સમ્યગ્જ્ઞાન જે છે એ તો સ્વને આશ્રયે વેદાતું જ્ઞાન તે જ્ઞાન કહેવામાં આવે છે. એ બહિરાત્માને નથી. અંતરનું સમ્યગ્જ્ઞાન–જ્ઞાન જ્ઞાનનું વેદન તે નથી. અંતર સ્વરૂપનું જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે, તેનું જ્ઞાન બહિરાત્માને નથી. તેને બહિરનું જ્ઞાન છે, અંતરનું નથી. કહો, સમજાણું કાંઈ?

**'જેમ કે બહિરાત્માને સમ્યગ્જ્ઞાન નથી, મિથ્યાજ્ઞાન જ છે તેથી તેને પૂર્ણ રાગદ્વેષ હોવાથી અવશ્ય કર્મનો બંધ થાય છે.'** ભગવાનઆત્મા એનું શુદ્ધ સ્વરૂપ, પવિત્રને આશ્રયે જેમ પ્રતીત પ્રગટ કરી, તે બંધનું કારણ નથી. એમ જેટલો આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિને સ્વસંવેદનથી પોતાના જ્ઞાનના વેદનથી જ્ઞાનને પ્રગટ કર્યું, તે અંશ બહિરાત્માને નથી. સમજાય છે? તેથી તેને મિથ્યાજ્ઞાન છે. આહાહા..! વાહ..! ... સ્વરૂપનું જ્ઞાન નથી. બહિરાત્માને સ્વરૂપનું જ્ઞાન નથી. સ્વરૂપની પ્રતીત નથી એટલે સ્વરૂપનું જ્ઞાન થયું નથી. તેથી મિથ્યાજ્ઞાન છે. આહાહા..! અગિયાર

www.vitragvani.com



અંગ અને નવપૂર્વ ભણેલો પણ બહિરાત્માને મિથ્યાજ્ઞાન છે. આહાહા..! કેમ કે એમાં સ્વઆશ્રયનું સ્વસંવેદન પ્રગટ્યું નથી. તેથી તેને સમ્યગ્જ્ઞાન હોતું નથી. આહાહા..!

**'તેથી તેને પૂર્ણ રાગદ્વેષ હોવાથી...'** જુઓ! એ અગિયાર અંગ ભણેલો હોય, નવપૂર્વ ભણેલો હોય તો એની પાસે રાગ-દ્વેષ પૂર્ણ જ છે. આહાહા..! સ્વને આશ્રયે સ્વસંવેદન જ્ઞાન નથી એટલે પૂર્ણ રાગ-દ્વેષ છે. અનંતાનુબંધીના રાગદ્વેષ સહિત તેને બધા રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને! એક માર્ગ તો જુઓ, માર્ગ! કેટલી ચોખ્ખી વાત છે! આહાહા..!

ભગવાનઆત્મા પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથે જોયો, એવો શુદ્ધ પ્રભુ, એના જ્ઞાનનું જ્ઞાન જેને નથી તે બહિરાત્મા છે. સમજાણું કાંઈ? તેથી તેને મિથ્યાજ્ઞાન છે. તેથી તેને બધા રાગદ્વેષ પૂરા છે. આહા..! તેથી તેને એકલો બંધનભાવ છે. તેથી તેને જરા પણ અબંધભાવ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! જુએ તો ખરા. પણ સ્વ શું, પર શું એની કાંઈ ખબર મળે નહિ. એકલા પરથી માંડીને બેસી ગયા. વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... એ તો પરાશ્રિત વ્યવહાર છે. એ તો રાગદ્વેષ છે. સમજાણું કાંઈ?

**'પૂર્ણ રાગદ્વેષ હોવાથી અવશ્ય કર્મનો બંધ થાય છે.'** ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ ચૈતન્યસૂર્ય એનું જ્ઞાન નહિ હોવાથી જે બધું જ્ઞાન છે, એ મિથ્યાજ્ઞાન હોવાથી તેને પૂરા રાગદ્વેષ છે, તેથી તેને પૂરો એકલો સર્વથા બંધ જ છે. **'અવશ્ય કર્મનો બંધ થાય છે.'** એક વાત લીધી. **'પરમાત્મા જે તેરમા ગુણસ્થાનવર્તી છે તેમને પૂર્ણ સમ્યગ્જ્ઞાન પ્રગટ થઈ ગયું છે,...'** લ્યો. પૂર્ણ. અહીં થોડું પણ એને પૂર્ણ. **'પૂર્ણ સમ્યગ્જ્ઞાન પ્રગટ થઈ ગયું છે, રાગભાવનો બિલકુલ અભાવ છે...'** રાગની સાથેનું જે જ્ઞાન છે એ પૂર્ણ નથી એમ કહેવું છે અને અહીં તો પૂર્ણ થઈ ગયું છે. **'રાગભાવનો બિલકુલ અભાવ છે તેથી તેમને કર્મનો બંધ બિલકુલ નથી.'** બે વાત રહી. હવે અહીં કહેવી છે ત્રીજાની વાત આમાં. અંતરાત્મા.

**'અંતરાત્મા જે ચોથા ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાન સુધી છે તેમને જેટલા અંશે સમ્યગ્જ્ઞાન પ્રગટ થઈ ગયું છે...'** ચોથેથી તે બારમા (ગુણસ્થાન સુધી) જેટલે અંશે સ્વસંવેદન, સ્વ આત્માને આશ્રયે, આત્માને આશ્રયે જ્ઞાન થયું છે તેટલું એને બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? **'તેટલા જ અંશે કર્મનો બંધ નથી તથા જેટલા અંશે રાગભાવ છે...'** પાછો ચોથેથી તે સમ્યગ્જ્ઞાનના અંશ સાથે જેટલો રાગ છે તે દસમા ગુણસ્થાન સુધી (છે). પછી અગિયાર, બાર ગુણસ્થાને રાગ નથી. પણ આ તો અંતરાત્માને ગણ્યા છે ને. સમજાણું કાંઈ? આ તો સ્વઆશ્રયની મહિમા અને પરાશ્રયનું બંધન એ બતાવે છે. સમજાણું કાંઈ? આહાહા..! જેટલા અંશે રાગભાવ તેટલા અંશે કર્મબંધ. દસમા ગુણસ્થાન સુધી.

**'જેટલા અંશે સમ્યક્ચારિત્ર...'** હવે સમ્યક્ચારિત્ર આવ્યું. ત્રીજું. હવે **'જેટલા અંશે સમ્યક્ચારિત્ર પ્રગટ થઈ ગયું છે...'** ચોથેથી, હોં!

મુમુક્ષુ :– ...

www.vitragvani.com



ઉત્તર :– **'તેટલા જ અંશે...'** જુઓને આમાં આવે છે કે નહિ? **'તેટલા જ અંશે કર્મનો બંધ નથી....' 'જેટલા અંશે સમ્યક્ચારિત્ર પ્રગટ થઈ ગયું છે તેટલા જ અંશે કર્મનો બંધ નથી અને જેટલા અંશે રાગદ્વેષભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ છે.'** આ એક મહાસિદ્ધાંત. **'ઉપરની જેમ અહીં પણ સમજી લેવું. જેમ કે બહિરાત્માને મિથ્યાચારિત્ર છે,...'** જે કાંઈ પુણ્ય અને પાપ મારા, શરીર મારું એવું માનનાર બહિરાત્મા (એને) તો એકલો મિથ્યાચારિત્ર છે. રાગદ્વેષનું એકલું ચારિત્ર મિથ્યાત્વ છે. સ્વરૂપનું અંશે પણ ત્યાં ચારિત્ર નથી.

**'સમ્યક્ચારિત્ર રંચમાત્ર પણ નથી...'** જુઓ! બહિરાત્માને પુણ્ય અને પાપથી લાભ માનનાર... એ લાભ માનનારનો અર્થ જ કે પુણ્ય-પાપ મારા છે. જેનાથી લાભ માને એ પોતાથી જુદા માને નહિ. અરે..! જૈન સંપ્રદાયમાં આવીને જૈનની સાચી વાત શું છે એ સાંભળવા મળે નહિ. એ કે દિ' સમજે? બિચારાને ક્યાં રખડવાનો અંત આવશે? આ તો જૈન છે. જૈન એટલે વીતરાગભાવ.

મુમુક્ષુ :– સ્વઆશ્રિત છે, આ પરાશ્રિત છે.

ઉત્તર :– જુઓ! જૈન એટલે વીતરાગભાવ અને વીતરાગભાવ એ સ્વઆશ્રયે થાય છે. ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ પવિત્ર એને આશ્રયે વીતરાગભાવ થાય છે. જેટલો સ્વઆશ્રયે વીતરાગભાવ તે સમ્યક્ચારિત્ર, તે મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો સીધી વાત છે. આમાં કાંઈ મોટા પલાંખા અને મોટા ભણે. 'પ્રમેયકમલમાર્તંડ' ને 'અષ્ટસહસ્ત્રી' ભણે તો જ સમજાય એવું કાંઈ નથી આમાં. આહાહા..! પ્રમેય પોતે આત્મા છે. એના કમળનું ખીલવું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પોતે પોતાનું ખીલવું, એનું નામ પ્રમેય કમળ માર્તંડ સૂર્ય.

મુમુક્ષુ :– 'પ્રમેયકમલમાર્તંડ'

ઉત્તર :– તો પણ આ પુસ્તકમાં બહુ આધાર આપ્યો છે, હોં! ઘણા 'હિંમતભાઈ'ને કહેતા કે, ભાઈ! આ પ્રમેય કમલ માર્તંડ અને અષ્ટસહસ્ત્રી વાંચો, છૂટા પડીને. પણ હવે એને. પણ આમાં ઘણું બધું આવી ગયું. આ પુસ્તકમાં ઘણા આધાર, ઘણા આધાર. પ્રમેય કમળ માર્તંડ, રાજવાર્તિક, 'શ્લોકવાર્તિક' બહુ આધાર (આપ્યા છે). 'ફૂલચંદજી'એ બહુ કામ કર્યું છે. 'ફૂલચંદજી'એ મહેનત કરી. અત્યારે એ ભલે ભણ્યા પણ એને સાર્થક કર્યું. એને ભણવું છે. બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. શાસ્ત્રથી, એમ પાછું આધાર આપીને. બહુ મહેનત કરી છે. એને એટલો કાળ... એવો એ એક નીકળ્યો. એને મોઢે કહ્યું હતું. તમે હિંમત ઘણી કરી. આ અત્યારે ચાલતો પંથ-વિપંથ, એમાં આ વાત બહાર હિંમત કરીને મૂકવી. દુનિયા શું કહેશે? બોલશે? મૂકને પડતું. હજારો બોલ પણ ઓહો..હો..! હજી તો પહેલા ભાગમાં કેટલું આવ્યું! બીજા ભાગના પોણા પાંચસો પાના છે. અહીં તો બધું વાંચેલું છે. પણ આ તો હવે બધું મેળ કરીને વંચાય છે ને. જરી એને ચિહ્ન કરીને. આહાહા..!

www.vitragvani.com



ઘણું જ્ઞાન છે. શાસ્ત્રમાં પંડિતપણે ભણીને એણે સ્વઆશ્રય અને પરઆશ્રય આ બોલને જે ટકાવી રાખ્યા. બહુ જબ્બર વાત છે. વસ્તુની સ્થિતિ જ એવી છે, હોં! અહીં તો વગર (ભણ્યે) પહેલેથી કહેતા. અહીં બહારનું ભણ્યા હતા કોણ? કહો, સમજાણું કાંઈ? શું આવ્યું?

**'પૂર્ણ સમ્યક્ચારિત્ર છે તેથી એને રંચમાત્ર પણ કર્મનો બંધ નથી. અંતરાત્માને જેટલા અંશે રાગદ્વેષ ભાવોનો અભાવ છે એટલા જ અંશે કર્મનો બંધ નથી.'**

**'ભાવાર્થ :- મોહનીય કર્મના બે ભેદ છે–'** જુઓ! હવે આવ્યું આમાં. **'૧. દર્શનમોહ, ૨. ચારિત્રમોહ. દર્શનમોહના ઉદયથી મિથ્યાદર્શન થાય છે અને ચારિત્રમોહના ઉદયથી મિથ્યાચારિત્ર થાય છે.'** જુઓ! બે બોલ. દર્શનમોહનું નિમિત્ત છે ત્યાં મિથ્યાદર્શન થાય છે. ચારિત્રમોહનું નિમિત્ત છે ત્યાં મિથ્યાચારિત્ર થાય છે. જુઓ! આમાંથી સ્વરૂપાચરણ ચારિત્ર કાઢશે. મોટી તકરાર છે ને? સ્વરૂપાચરણ ચારિત્ર ન હોય... ન હોય. અરે..! ભગવાન! શું કરે છે તું આ? અરે મૂળમાં નથી. મૂળમાં જેને અંદર આચરણ નથી આવ્યું એને ચોથુ ગુણસ્થાન. ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ? કારણ કે અનંતાનુબંધી પ્રકૃતિ ચારિત્રમોહની પ્રકૃતિ છે. હવે એ ગયા પછી કાંઈક અહીં ઠર્યું કે શું થયું અહીં? એ તો પેલા સંયમનું નામ ન અપાય એ અપેક્ષાએ બીજી વાત છે. એ તો પાંચમે-છઠ્ઠે. એ સંયમનું જ્યાં ત્યાં લખાણ તો ઘણા એ આવે. ચોથે સંયમ નથી, ચોથે અસંયમ છે. એ બીજી વાત છે. પણ આ ચારિત્ર જે અનંતાનુબંધીની પ્રકૃતિનો અભાવ (થયો) એટલી સ્વરૂપ સ્થિરતા ન હોય તો અનંતાનુબંધીના અભાવે કર્યું શું? આહાહા..! 'જેઠાલાલભાઈ'! તમારામાં તો આ સ્વરૂપાચરણની વાત છે જ નહિ. આ તો જેમાં છે એની તકરારમાં.

મુમુક્ષુ :– છે એમાંથી ના પાડે.

ઉત્તર :– છે તો ના પાડે. આ તો દાખલો, હોં! જેનામાં છે. પાઠમાં છે એ ના પાડે કે નહિ.. નહિ... નહિ... એને પોતાને નથી (એટલે) નથી.. નથી (કહે છે). બાપુ! સાંભળ તો ખરો, ભાઈ! સમજાણું?

**'જેટલો તે કષાયનો અભાવ થતો જાય છે તેટલો તેટલો તેને સમ્યગ્દર્શન અથવા સમ્યક્ચારિત્ર ગુણનો વિકાસ થતો જાય છે.'** બે સાથે લીધું. દર્શનમોહનો અભાવ થઈ અને સમ્યગ્દર્શન થયું. એ અહીં નાસ્તિથી લીધું. આમ સ્વરૂપની પ્રતીત થઈને સમ્યગ્દર્શન થયું એ અસ્તિથી છે. આમ અનંતાનુબંધી ગયો, ચારિત્રમોહ ગયો અને અહીં થયું એ નાસ્તિ છે. સ્વરૂપનો આશ્રય કરીને સ્થિરતા થઈ તે અસ્તિથી છે. એ તો કથનની પદ્ધતિ છે એમાં. કહો, એ તો નિમિત્તનું લખાણ છે ને શાસ્ત્રમાં. કહો, અહીં શું કહેવું છે હજી?

**'જેટલો તે કષાયનો અભાવ થતો જાય છે..'** એમ શબ્દ છે. **'તેટલો તેટલો તેને સમ્યગ્દર્શન અથવા સમ્યક્ચારિત્ર ગુણનો વિકાસ થતો જાય છે.'** એટલે કષાય એટલે મિથ્યાત્વ ગયું અને સમ્યગ્દર્શન થયું. અને અનંતાનુબંધી ગયો અને સ્વરૂપસ્થિરતા થઈ. **'જેમ કે**

www.vitragvani.com



**દર્શનમોહનીયનો અભાવ થવાથી સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે...'** છે પર્યાય એને ગુણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ગુણ પર્યાય પ્રગટ. ગુણ તો પ્રગટ ક્યાં થાય? ગુણ તો ગુણ છે. પર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ? સમ્યક્શ્રદ્ધા નામના ગુણની પર્યાય પ્રગટ થાય છે.

**'અને...'** હવે જુઓ! વજન અહીં છે. **'અનંતાનુબંધી ચોકડીનો અભાવ થવાથી સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે.'**

મુમુક્ષુ :– પેલી કોરથી અભાવ થાય ત્યારે અહીં પ્રગટ થાય.

ઉત્તર :– એ અભાવ થાય ત્યારે નાસ્તિથી કથન અને સ્થિરતા થાય ત્યારે અસ્તિથી કથન. બન્ને એક જ વાત છે. આઠ કર્મના ક્ષયથી મુક્તિ થાય તે નિમિત્તથી કથન, વ્યવહારનું કથન. પોતાના પૂર્ણ શુદ્ધની પ્રાપ્તિ કરે તો મુક્તિ થાય એ અસ્તિનું કથન. એ કથન સમજાવવાની શૈલી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ કથનપદ્ધતિ છે...

ઉત્તર :– કથન પણ બે વસ્તુ છે ખરીને? વસ્તુ તો જે છે એ છે. આહાહા..! મોહક્ષયા એમ કહે. મોહથી ક્ષય થયો. અહીંથી તો સ્વરૂપની સ્થિરતા કરી માટે યથાખ્યાત પ્રગટ્યું. આહાહા..! આવી ચીજ છે. અરે..! આવે કાળે માંડ મનુષ્યદેહ મળ્યો, બાપુ! ચાલ્યો જશે, હોં! આ તો એક સપનું છે. સપનું પણ કાંઈક મોટું છે. આ તો બહુ અનંતકાળને હિસાબે માણસનું ૫૦-૬૦-૭૦-૭૫ (વર્ષનું આયુષ્ય રહ્યું) તે ગણતરી શી? થોડો કાળ છે, ભાઈ! એમાં કરી લે, બાપા! આગ્રહ છોડી દે અને સત્ય હોય એનું શરણ લે. આહાહા..! પાછા આવા સમય નહિ મળે. જગતના ઝઘડા આડે મફતનો અટકીશ નહિ ત્યાં. આહાહા..!

જુઓને! કહે છે, ભગવાન! દર્શનમોહનો અભાવ અને સ્વરૂપની પ્રતીતિ, એથી સમ્યક્ થયું. અનંતાનુબંધીનો અભાવ અને સ્વરૂપમાં સ્થિરતા થઈ એનું નામ સ્વરૂપાચરણ ચારિત્ર. સમજાય છે? અને હવે આમાં લાંબા શાસ્ત્રના આધાર દઈને કામ પણ શું હતું પણ? આત્મા જે રાગદ્વેષમાં અટકીને પ્રતીત વિરુદ્ધમાં હતો, એ પ્રતીત સમ્યક્ તરફ થઈને કાંઈક ઠર્યો, ત્યારે દર્શન અને અનંતાનુબંધીનો ભાવ થયો ત્યારે અહીં સમ્યગ્દર્શન સહિત સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ્યું. સંયમરૂપ ચારિત્ર નહિ. સ્વરૂપનું આચરણ, એમ સ્વરૂપનું આચરણ. સ્વરૂપ છે તેનું આચરણ પ્રગટ્યું. સ્વરૂપથી વિરુદ્ધ જે રાગદ્વેષનું એકલું અનંતાનુબંધીનું આચરણ હતું એ ગયું. કહો, આવું સ્વરૂપાચરણ હતું તમારે ક્યાંય આટલું ભણ્યા હતા એમાં? એનામાં એ બહુ ભણ્યા હતા.

મુમુક્ષુ :– શુદ્ધભાવની વાત જ નહોતી. શુભ ને અશુભ અને શુભ કરતા કરતા કલ્યાણ.

ઉત્તર :– કલ્યાણ થઈ ગયું. જાવ. આહાહા..! આપણે પહેલા આવી ગયું હતું. ૯૮માં પાને. પહેલા આમાં આવી ગયું છે. પાનું ૯૮. એમાં એ આવી ગયું છે.

સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણરૂપ ચારિત્રનો ઘાત કરે છે. જુઓ! મિથ્યાત્વ અને અનંતાનુબંધીના ચાર કષાય છે. તે સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણ ચારિત્રનો ઘાત કરે છે.

www.vitragvani.com



જુઓ! ૯૮ પાને વચમાં છે. ભાવાર્થની પાંચમી લીટી. છે? તેમાંથી ચોથી લીટીનો છેલ્લો ભાગ. તેમાંથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચાર કષાય તે સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણનો ઘાત કરે છે. ૯૮ પાને ભાવાર્થમાં ત્રીજી લીટી પછી. વાંચતા વાર લાગે ને, ભાઈ! કહો, સમજાણું?

સમ્યગ્દર્શનમાં આત્માની જ્યાં સમ્યક્–સત્ય પ્રતીતિ સ્વરૂપની થઈ, એ સ્વરૂપની પ્રતીતિની સાથે એ કષાય ગયો, એટલી પ્રતીતિ સાથે સ્વરૂપની પ્રતીતિ, સ્વરૂપનું આચરણ (થયું). લ્યો. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધચૈતન્યમૂર્તિ જ્ઞાયક. એ પુણ્ય-પાપના રાગ, શુભાશુભરાગ રહિત (છે). એવા આત્માની અનંતજ્ઞાન આદિ સહિત. એવા જ્ઞાયકભાવવાળો. એમ કીધું શાસ્ત્રમાં. ત્યાં એક ભાવ કીધો. મૂળ તો ભાવવાન વસ્તુ અને જ્ઞાયકભાવ. એકલો ભાવ. એ ભાવ એ આત્મા, એમ અંતરમાં પ્રતીત થતાં સમ્યગ્દર્શન થયું. એ સ્વરૂપ પ્રતીતિ થઈ. સ્વરૂપ પ્રતીતિ. એની સાથે જરીક સ્થિરતાનો અંશ થયો એ સ્વરૂપાચરણ થયું. પેલી સ્વરૂપપ્રતીતિ આ સ્વરૂપાચરણ. સમજાણું કાંઈ? આહાહા..! ત્રણ ભેગા આવી ગયા.

શુદ્ધસ્વરૂપ પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો, નિર્વિકલ્પ ભગવાન એનું ભાન કરીને પ્રતીતિ (થઈ) તે સ્વરૂપ પ્રતીતિ. એનું જ્ઞાન તે સ્વરૂપજ્ઞાન. એમાં અંશે સ્થિરતા તે સ્વરૂપાચરણ. ત્રણે અંશ ચોથે ગુણસ્થાને હોય છે. કહો, બરાબર છે? આહાહા..!

મુમુક્ષુ :– પહેલા અનંતાનુબંધીકષાય જાય ને સ્વરૂપાચરણ થાય તેમ.

ઉત્તર :– એ વળી પહેલા ... હતો. વ્યય અને ઉત્પાદનો સમય એક જ છે. કહો, સમજાણું કાંઈ? ઉત્પાદ અને વ્યયના બે સમય હશે? પહેલે સમયે વ્યય અને બીજે સમયે ઉત્પાદ. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. અચારિત્રનો વ્યય, ચારિત્રનો ઉત્પાદ, ધ્રુવપણે કાયમ. ત્રણેનો એક જ સમય છે. આહાહા..! અરેરે..! કહો, સમજાણું? એને સ્વરૂપાચરણ ચારિત્ર અસ્તિથી અહીં લીધું. છે ને? ત્યાં નાસ્તિથી લીધું. આ જાય તો આમ થાય.

**'અપ્રત્યાખ્યાનાવરણી ચોકડીનો અભાવ થવાથી દેશચારિત્ર પ્રગટ થાય છે.'** શ્રાવકને. સ્વરૂપાચરણ ઉપરાંત શાંતિ સ્થિરતા વિશેષ છે. જે ચોથા ગુણસ્થાનમાં સર્વાર્થસિદ્ધને નથી એથી એ પાંચમા ગુણસ્થાનમાં એને અંદર શાંતિ વિશેષ છે. **'અપ્રત્યાખ્યાનાવરણી ચોકડીનો અભાવ થવાથી દેશચારિત્ર પ્રગટ થાય છે. પ્રત્યાખ્યાનાવરણી ચોકડીનો અભાવ થવાથી સકલચારિત્ર પ્રગટ થાય છે. સંજ્વલન ચોકડી અને નવ નોકષાયનો અભાવ થવાથી યથાખ્યાતચારિત્ર પ્રગટ થાય છે. – આ રીતે આ મોહનીયકર્મની ૨૫ પ્રકૃતિ જ...'** જોયું ! રાગદ્વેષ થવામાં નિમિત્ત કારણ છે. એ ૨૫ પ્રકૃતિ રાગદ્વેષ થવામાં નિમિત્ત કારણ છે. પ્રકૃતિનો અભાવ તે અરાગ પરિણામ થવામાં અભાવ નિમિત્ત છે. સમજાણું કાંઈ? ૨૫ પ્રકૃતિ રાગદ્વેષ થવામાં નિમિત્ત અને એ પ્રકૃતિનો અભાવ અહીંયાં અભાવ થવામાં નિમિત્ત. અભાવ નિમિત્ત. એમાંથી ચોથે અનંતાનુબંધી ન હોય તેટલું તેને સિદ્ધ કરીને એટલો તેને બંધ છે નહીં. જેટલો રાગ છે તેટલો બંધ છે. વિશેષ કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

## પ્રવચન નં. ૮૪ ગાથા–૨૧૨ થી ૨૧૫ બુધવાર, શ્રાવણ સુદ ૪, તા. ૦૯-૦૮-૧૯૬૭

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ૨૧૨, ૨૧૩, ૨૧૪ ગાથા. એનો ભાવાર્થ ચાલે છે. થોડો બાકી છે. એમાં શું આવ્યું? ત્રણ ગાથાઓમાં. એનો આ તો થોડો ભાવાર્થ વર્ણવે છે. આત્મા જે છે આત્મા, એમાં જે સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન એટલે? આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ આનંદસ્વરૂપ, એની સન્મુખ થઈને અંતરમાં પ્રતીતિ થવી, તેને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન બંધનું કારણ નથી. એ મોક્ષનું કારણ છે માટે બંધનું કારણ નથી. સમજાય છે કાંઈ? ત્રણ ગાથામાં (કહે છે). જે અંશે સમ્યગ્દર્શન છે. તે અંશે બંધ નથી. એટલે જેટલે અંશે અંદર રાગ છે, રાગદ્વેષના પરિણામ જેટલા વર્તે તે બંધનું કારણ છે. એટલે કે મોક્ષનું કારણ નથી એટલે બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

એમ આત્મામાં જ્ઞાન સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ છે. એનું સ્વસંવેદન–આત્માનું જ્ઞાન. આત્માનું આત્માને જ્ઞાન. અંતર જ્ઞાનસ્વરૂપમાં સન્મુખ થઈને, અંતરના જ્ઞાનનું ભાન (થવું), એને અહીંયાં સમ્યગ્જ્ઞાન કહે છે. એ સમ્યગ્જ્ઞાન બંધનું કારણ નથી. એ સમ્યગ્જ્ઞાન અબંધ પરિણામ હોવાથી મોક્ષનું કારણ છે, બંધનું કારણ નથી. કહો, સમજાય છે કાંઈ?

ત્રીજો બોલ. આત્મામાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં જેટલી સ્થિરતા, સ્થિરતા, રમણતા. આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં જેટલી એકાગ્રતા ને સ્થિરતા (થાય), એનું નામ ચારિત્ર. એ ચારિત્ર છે એ બંધનું કારણ નથી. એ મોક્ષના માર્ગરૂપે અબંધ પરિણામ છે. પણ એમાં જેટલો રાગ બાકી રહે છે, એ બંધનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ? હવે અહીંયાં છેલ્લું આ આવ્યું છે, જુઓ!

**'આ મોહનીયકર્મની ૨૫ પ્રકૃતિ જ જીવને રાગદ્વેષ થવામાં નિમિત્તકારણ છે.'** ૧૭૨ પાને. પહેલી લીટી. એ બધું આવી ગયું છે. ત્યાં સુધી આવી ગયું છે. હવેનું બાકી છે. કહે છે કે, આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનમૂર્તિ હોવા છતાં, તેના પરિણમનમાં જે અસ્થિરતા થાય છે એ અસ્થિરતા રાગ, દ્વેષના ભાવરૂપ છે અને એ રાગદ્વેષના ભાવને કર્મની ૨૫ પ્રકૃતિ નિમિત્તરૂપે છે. કહો, સમજાણું કાંઈ? કેમ કે દર્શનમોહનીય એ આત્માના સ્વરૂપની સન્મુખ દૃષ્ટિ કરતો નથી, એને પરસન્મુખ દૃષ્ટિ થવામાં દર્શનમોહનીય પ્રકૃતિ નિમિત્ત છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા આનંદસ્ફૂર્તિ, પ્રભુ! એની અંતર્મુખ દૃષ્ટિ ન કરતાં રાગ, પુણ્યાદિ મારા એવી દૃષ્ટિ કરનારને એ મિથ્યાત્વ પરિણામમાં દર્શનમોહનીય પ્રકૃતિ નિમિત્તરૂપે કહેવાય છે. અને સ્વરૂપમાં સ્થિરતા કરતો નથી, પોતે પોતાના સ્વરૂપમાં સ્વરૂપાચરણની સ્થિરતા કરતો નથી અને અસ્થિરતા કરે છે એમાં ૨૫ પ્રકૃતિ નિમિત્તકારણ છે.

મુમુક્ષુ :– અસ્થિરતામાં દર્શનમોહનીય અને કર્મ...

www.vitragvani.com



ઉત્તર :– નહિ. નહિ. એ શ્રદ્ધામાં.

મુમુક્ષુ :– તો ૨૪ થઈ.

ઉત્તર :– ૨૪ ક્યાં રહી? ત્રણ થઈને. દર્શનમોહનીય ત્રણ છે. એમાં એક જ નિમિત્ત છે. પેલી બે નિમિત્ત નથી. એક જ છે. સમજાણું કાંઈ? અહીં તો આપણે રાગદ્વેષની વ્યાખ્યા આવી છે છેલ્લી, એ ઉપર લેવું છે.

**'મોહનીયકર્મની ૨૫ પ્રકૃતિ..'** છે. અનંતાનુબંધી આદિના ૧૬ અને ૯ નોકષાય. એ ૨૫ પ્રકૃતિ જીવને રાગદ્વેષ થવામાં નિમિત્ત કારણ છે. જીવ પોતે રાગદ્વેષ કરે અને સ્વરૂપમાં સ્થિર ન થાય, ત્યારે તે રાગદ્વેષમાં એ ૨૫ પ્રકૃતિ નિમિત્તરૂપે છે. અને એ રાગદ્વેષ જેટલો ન કરે અને સ્વરૂપમાં સ્થિર થાય, ત્યારે તે પ્રકૃતિના નિમિત્તનો અભાવ થાય છે. તો એનો અર્થ એ થયો કે જ્યારે આત્મા પોતાના શુદ્ધ શ્રદ્ધાજ્ઞાનમાં આવે છે અને પોતાના સ્વરૂપમાં અંશે સ્થિર કરે છે, તે સ્વરૂપાચરણમાં અને સમ્યગ્દર્શનમાં દર્શનમોહ અને અનંતાનુબંધીનું નિમિત્ત હવે રહ્યું નથી. સમજાણું કાંઈ?

**'એમાંથી અનંતાનુબંધી ક્રોધ અને માન,...'** હવે અહીં તો રાગદ્વેષમાં ૨૫ પ્રકૃતિને સમાડે છે. ૨૫ પ્રકૃતિ રાગદ્વેષમાં સમાઈ જાય છે. ૧૨ પ્રકૃતિ છે એ દ્વેષમાં સમાય છે અને ૧૩ પ્રકૃતિ છે તે રાગમાં સમાય છે. ૨૫ પ્રકૃતિમાં બધું રાગદ્વેષમાં જ બધું સમાઈ જાય છે. **'અનંતાનુબંધી ક્રોધ અને માન, અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ અને માન, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ અને માન, સંજ્વલન ક્રોધ અને માન–એ આઠ અને અરતિ, શોક, ભય, જુગુપ્સા-કુલ એ બાર પ્રકૃતિ તો દ્વેષરૂપ પરિણમનમાં કારણ છે...'** એટલે શું કહે છે? આત્મા પોતાના સ્વરૂપમાં જ્ઞાતાદૃષ્ટા ન રહીને દ્વેષરૂપે પરિણમે છે, ત્યારે આ બાર પ્રકૃતિ તે દ્વેષમાં નિમિત્તરૂપે હોય છે. કહો, સમજાણું કાંઈ?

**'તથા બાકી રહેલી તેર પ્રકૃતિઓ રાગરૂપ પરિણમનમાં કારણ છે.'** આત્મા પોતાના સ્વરૂપની સ્થિરતા ન કરતા, અસ્થિરતાના રાગના પરિણામ કરે છે, ત્યારે તે તેર પ્રકૃતિ એને રાગમાં નિમિત્ત છે. કહો, સમજાણું કાંઈ? **'આ રીતે આ જીવ...'** જુઓ! એમાં એ આવી ગયું, કે અનંતાનુબંધી એ ચાર પ્રકૃતિ રાગદ્વેષમાં સમાય છે. અનંતાનુબંધીના ક્રોધમાં અને દ્વેષમાં અને માયા ને લોભ રાગમાં. તો જેટલો એ ગયો એટલો અહીંયાં રાગદ્વેષ ગયો. ભાઈ! સમજાણું કાંઈ? અને જેટલો રાગદ્વેષ ગયો એટલી સ્વરૂપની સ્થિરતા થઈ. એનું નામ સ્વરૂપાચરણ નામનું ચારિત્ર ચોથે ગુણસ્થાને હોય છે. કહો, 'જેઠાલાલભાઈ'! બધી તકરાર કરે છે.

મુમુક્ષુ :– ૨૫ માંથી ચાર ગઈ એટલે એકવીસ...

ઉત્તર :– ચાર ગઈ. એકવીસનું કાંઈ નહિ. આપણે ચાર ગઈ એનું અહીં શું થયું? એ ચારમાં રાગદ્વેષ છે, રાગદ્વેષ છે. અનંતાનુબંધી ક્રોધ માન દ્વેષ છે અને માયા-લોભ રાગ

છે. તો રાગદ્વેષ બે ગયા ત્યારે અહીંયાં થયું શું? આત્મામાં શુદ્ધ શ્રદ્ધા અને એની સાથે વીતરાગતાનું સ્વરૂપાચરણરૂપ ચારિત્ર થયું. કેમ વાર લાગી? મોડું કેમ થાય? અહીં પછી દસ મિનિટ થઈ ગઈ. શાતાશિળીયા.... લ્યો ઠીક બચાવ કરે છે. એ તમારા ભાઈ આવીને આઘે ખૂણામાં બેસી ગયા. શું કરે પણ બધા મોડા આવે તો ક્યાં બેસે? કહો, સમજાણું કાંઈ? ડહોળાય અંદર. બે મિનિટ મફતમાં જાય એ. અહીં તો પાંચ મિનિટ પહેલા આવવું. જેથી કામ સરખું ચાલે. કાલે તો પછી ત્યાં વ્યાખ્યાનમાં જવાનું છે. આ બધા સંકડાશ ન થાય અને ત્યાં છૂટથી બેસે. કહો, સમજાણું કાંઈ?

આ આત્મા, આત્મા છે એ સત્ શાશ્વત, જ્ઞાન અને આનંદનું એનું સ્વરૂપ છે. એટલે કે વીતરાગસ્વરૂપ છે. આનંદસ્વરૂપ છે એટલે એમાં રાગદ્વેષ ક્યાં આવ્યો? ભગવાનઆત્માનું મૂળ સ્વરૂપ તો વીતરાગ નિર્દોષ આનંદસ્વરૂપ છે. આ વીતરાગ આનંદસ્વરૂપ છે એમ કીધું. ચારિત્રસ્વરૂપ અને વીતરાગ એટલે વીતરાગ પછી અંદર દર્શન-સમ્યક્ સ્વરૂપ અંદર આવી ગયું. એવો આત્માનો સ્વભાવ, જેણે દૃષ્ટિમાં લીધો નથી અને રાગદ્વેષના પરિણામ કરીને એ મારા માને છે, એને મિથ્યાત્વ પણ છે અને એને સ્વરૂપનું અણઆચરણ પણ છે. એટલે આચરણ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

અને જેને આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ આનંદ વીતરાગસ્વરૂપ છે, એવી સ્વસન્મુખની દૃષ્ટિ કરી અને સ્વરૂપમાં સ્થિરતારૂપ અંશ પ્રગટ કર્યો, એને સમ્યગ્દર્શન છે અને સ્વરૂપાચરણ ચારિત્ર છે, કે જે મોક્ષનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? અને બાકી રહેલા રાગદ્વેષના ભાવ, ચોથે ગુણસ્થાને પણ બંધનું કારણ છે. પાંચમે જતાં આગળ સ્વરૂપની શાંતિની... શાંતિની સ્થિરતા અંશે વધતા, એને બીજા કષાયના અભાવ, જે નિમિત્ત હતું એનો અભાવ થયો. અહીં સ્વરૂપમાં એટલી સ્થિરતા થઈ એટલી શાંતિ થઈ એ મોક્ષનું કારણ છે. અને જેટલો અંદર રાગભાવ બાકી રહ્યો, એ બંધનું કારણ છે.

મુનિને સ્વરૂપની અંતરદૃષ્ટિ થઈ, એ ઉપરાંત સ્વરૂપમાં સ્થિરતા, અકષાયભાવની વીતરાગતા વિશેષ ઉગ્રપણે થઈ છે, તે ચારિત્ર તે મુક્તિનું કારણ છે. બાકી સંજ્વલન, પંચમહાવ્રતાદિનો વિકલ્પ રહી ગયો તે બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? એ ત્રણે વાત આવી ગઈ. એમાં જેટલો રાગ રહ્યો એ બંધનું કારણ છે. એમ અહીં કહે છે.

એ રીતે આ જીવ રાગદ્વેષના પરિણામ.. **'અનાદિકાળથી પચીસ કષાયોને જ વશીભૂત થઈને...'** અનાદિકાળથી ક્રોધ, માન, રાગ, દ્વેષના કષાયના તાબે થઈ **'નિત્ય અને દુષ્કર્મો કરતો થકો...'** હંમેશા દુષ્કર્મ, ભૂંડા રાગદ્વેષના પરિણામ કરતો થકો **'સંસારસાગરમાં ભ્રમણ કરી રહ્યો છે...'** અહો..! સંસાર ચોરાશીના અવતાર, દરિયો એમાં પરિભ્રમણ, ગોથા ખાઈ રહ્યો છે. ક્યાંય એનો પત્તો નથી. ચોરાશીના અવતાર, અનંત-અનંત અવતાર. એ આત્મા રાગદ્વેષને વશ થઈ અને ચોરાશીમાં પરિભ્રમણ કરી રહ્યો છે. **'માટે આઠે કર્મોમાં આ મોહનીય**

www.vitragvani.com



**કર્મને સર્વથી પહેલાં જીતવું જોઈએ.**' બરાબર છે? જીતવું જોઈએ. હવે એની વ્યાખ્યા કરે છે.

**'જ્યાં સુધી મોહનીય કર્મનો પરાજય ન થાય ત્યાં સુધી બાકીનાં કર્મોનો પરાજય થઈ શકતો નથી.**' મોહનીય ટળ્યા વિના બીજા કર્મો ટળતા નથી. **'તેથી સૌથી પહેલાં...**' હવે આવ્યું. મુદ્દાની રકમ. **'સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને...**' પહેલામાં પહેલા ભગવાનઆત્મા શુદ્ધ આનંદ સ્વરૂપ છે, એની સન્મુખ દૃષ્ટિમાં પ્રતીતને પ્રગટ કરીને, **'દર્શનમોહનો નાશ કરવો.**' દર્શનમોહનો નાશ થાય તો અહીં થાય એમ નથી લીધું, ભાઈ! આહાહા..! ભગવાનઆત્મા અનંત સ્વભાવ શાંત વીતરાગ આનંદ સ્વભાવ સામર્થ્ય છે. એવા સ્વભાવની અંતર્મુખ થઈને, એની શ્રદ્ધા, પ્રતીત, રુચિ પ્રગટ કરતા દર્શનમોહનો નાશ થાય છે. કહો. પહેલું આ કરવાનું છે.

મુમુક્ષુ :– પહેલું?

ઉત્તર :– પહેલા જ. કીધું ને એમાં શું કીધું? જુઓ! પહેલા. **'સૌથી પહેલાં..**' છે એમાં? સૌથી પહેલાં એ. પહેલું દર્શન પ્રગટ કરવું. સમ્યગ્દર્શન. એટલે કે આત્મા પૂર્ણાનંદ શુદ્ધ છે તેની સન્મુખ થઈને તેની પ્રતીત કરવી, એનું નામ સમ્યગ્દર્શન છે. એ પહેલામાં પહેલી ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. આહાહા..! કહો, સમજાય છે? એ પહેલા રાગ ઘટાડવા અને રાગ કરો, વ્રત કરો એ ધૂળ પણ એને ન હોય. સમ્યગ્દર્શન વિનાના વ્રત પણ ન હોય, તપ પણ ન હોય, ચારિત્ર પણ ન હોય અને સાચું જ્ઞાન પણ ન હોય. કહો, સમજાણું કાંઈ?

**'સૌથી પહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને...**' એટલે કે આત્મા પવિત્ર પૂર્ણ આનંદધામ, તેના પ્રત્યેની સન્મુખતાની પ્રતીત કરીને, સમ્યગ્દર્શન પહેલું પ્રાપ્ત કરવું. જે વિમુખપણે, સ્વભાવથી વિમુખપણે વર્તી રહ્યો છે એ મિથ્યાદર્શન છે. ભગવાનઆત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાયકની મૂર્તિ પરમેશ્વર કેવળજ્ઞાનીએ એવો જોયો અને છે. એવો જે ભગવાનઆત્મા, એનાથી વિમુખ દૃષ્ટિ થવી એને મિથ્યાદૃષ્ટિ કહે છે. અને એની સન્મુખ દૃષ્ટિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું કાંઈ આમાં? અનાદિની સ્વભાવથી વિમુખતા છે તેને સ્વભાવથી સન્મુખતા પહેલી કરવી. કહો, આ સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :– ઘણો સહેલો ઉપાય બતાવ્યો છે.

ઉત્તર :– સહેલો ઉપાય તો સહેલો જ હોય છે ને.

ભગવાનઆત્મા વસ્તુપણે સમસ્વભાવી સમ્યક્ ચૈતન્ય સ્વભાવ સહિત બિરાજમાન છે. ભગવાનઆત્મા એનું સ્વરૂપ મોક્ષસ્વરૂપ જ છે. પર્યાય નહિ. વસ્તુ. મુક્તસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ, સ્વભાવસ્વરૂપ. વીતરાગ પરમઆનંદના સામર્થ્ય સ્વરૂપ. એવો આત્મા, એનાથી અનાદિનો વિમુખ થઈને, સ્વભાવથી વિમુખ થઈને, વિપરીત થઈને, પુણ્ય-પાપના રાગને આચરણ કરીને હું ખરું આચરણ કરું છું, એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણને સેવે છે. કહો, બરાબર છે? ત્યારે એણે પહેલામાં પહેલું કરવાયોગ્ય હોય તો, એવો એ

www.vitragvani.com



વસ્તુનો સ્વભાવ સર્વજ્ઞે કહેલો, હોં! સર્વજ્ઞ પરમેશ્વરે એક સેકન્ડના અસંખ્યભાગમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એમાં આત્મા કેવો છે? એ ભગવાને જે આત્મા જોયો, એવો આત્મા પહેલો જ્ઞાનમાં લક્ષમાં કરી, સ્વસન્મુખ થવું અને પ્રતીત કરવી, એનું નામ સમ્યગ્દર્શન પહેલામાં પહેલી ધર્મની કડી છે. પહેલી કડી એ છે. પછી બીજી કડી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અનાદિકાળથી આવું નથી કર્યું.

ઉત્તર :– નથી કર્યું. યથાર્થપણે કદિ સાંભળ્યું જ નથી. ગપ્પેગપ માર્યા છે. સમજાણું કાંઈ? દૃષ્ટિ વિમુખ અને પછી રાગ મંદ કરવાની ક્રિયા કરે તો ભગવાનથી વિરુદ્ધ દૃષ્ટિ છે. હવે વિરુદ્ધ દૃષ્ટિના આચરણમાં રાગની મંદતા કરે તો તને શું કામ કરશે? કહો, સમજાય છે કાંઈ? પહેલી દૃષ્ટિ ફેરવ.

ભગવાનઆત્મા એક સમયમાં... આહાહા..! એની એક સમયની એક ગુણની પર્યાયની તાકાત, ત્રણકાળ, ત્રણલોકને જાણવાની એની તાકાત છે. ભલે મતિશ્રુતની પર્યાય હોય પણ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણવાની તાકાત છે. પણ એમાં સ્વસન્મુખ ન આવે ત્યાં સુધી એ પર્યાયની તાકાત આટલી માની ત્યારે તો એણે પર્યાયને માની કહેવાય. સમજાણું કાંઈ?

એક સમયની એની પર્યાયને ક્યારે માની કહેવાય? કે છ દ્રવ્ય લોકાલોક જે છે તેને જાણવાની તાકાત છે એટલી પર્યાયને માને ત્યારે એણે પર્યાયને માની કહેવાય. (આમ ન માને) ત્યાં સુધી તો હજી મિથ્યાદૃષ્ટિ (છે). આટલી પર્યાયને માને ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. એ પર્યાયદૃષ્ટિ છે એમ કહેવું છે. 'સેઠી'! આહાહા..! એને ભગવાનઆત્મા એવી અનંતી... અનંતી.. પર્યાયનો એક ગુણ અને અનંતાગુણનું એકરૂપ વસ્તુ, એવા ભગવાનઆત્મા સન્મુખ, સ્વભાવ સન્મુખ, પરથી વિમુખ એમ થઈને અંતરમાં દૃષ્ટિનો અનુભવ કરવો, એ પહેલામાં પહેલું સમ્યગ્દર્શન એ સ્વભાવના મોક્ષ સાધનની પહેલી કડી અને પહેલી કળા છે. કહો, સમજાય છે કાંઈ?

**'સમ્યગ્જ્ઞાન વડે જ્ઞાનાવરણનો નાશ...'** સમ્યગ્જ્ઞાન દ્વારા જ્ઞાનાવરણીયનો નાશ. અને **'સમ્યક્ચારિત્ર વડે ચારિત્રમોહનીયનો નાશ...'** જુઓ! સ્વરૂપની સ્થિરતા દ્વારા ચારિત્રમોહનો નાશ થાય છે. ચારિત્રમોહ નાશ થાય તો અહીં કરે છે એમ નહિ. ભગવાનઆત્મા પોતામાં જેટલો આનંદમાં ચરે, રમે અને લીન થાય, એવા ચારિત્રથી ચારિત્રમોહનો નાશ થાય છે. કહો, સમજાય છે કાંઈ? **'સમ્યક્રત્નત્રય પ્રાપ્ત કરવાં જોઈએ.'** લ્યો. ત્રણે. ત્રણ ગાથા હતી ને? **'જ્યારે કોઈ પણ જીવ આ ક્રમે કર્મોનો નાશ કરી આત્માના ગુણોનો વિકાસ કરશે...'** ગુણ એટલે પર્યાય. **'ત્યારે તે પોતાના ધ્યેયને પ્રાપ્ત કરી શકે છે.'** લ્યો. હવે ૨૧૫.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

## ગાથા-૨૧૫

આત્મા સાથે કર્મોનો બંધ કરાવનાર કોણ છે એ વાત હવે બતાવે છેઃ-

योगात्प्रदेशबन्धः स्थितिबन्धो भवति तु कषायात्।
दर्शनबोधचरित्रं न योगरूपं कषायरूपं च ।।२१५।।

અન્વયાર્થ :- [ प्रदेशबन्धः ] પ્રદેશબંધ [ योगात् ] મન, વચન, કાયાના વ્યાપારથી [ तु ] અને [ स्थितिबन्धः ] સ્થિતિબંધ [ कषायात् ] ક્રોધાદિ કષાયોથી [ भवति ] થાય છે, પરંતુ [ दर्शनबोधचरित्रं ] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય [ न ] ન તો [ योगरूपं ] યોગરૂપ છે [ च ] અને ન [ कषायरूपं ] કષાયરૂપ પણ છે.

ટીકા :- 'योगात् प्रदेशबन्धः भवति तु कषायात् स्थितिबन्धः भवति यतः दर्शनबोधचरित्रं योगरूपं च कषायरूपं न भवति।' - અર્થ :- મન, વચન, કાયાના ત્રણ યોગથી પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ થાય છે તથા ક્રોધાદિ કષાયોથી સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે. અહીં શ્લોકમાં જોકે પ્રકૃતિબંધ અને અનુભાગબંધ ગણાવ્યા નથી તો પણ ઉપલક્ષણથી ગ્રહણ થઈ જાય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણે ન તો યોગરૂપ છે અને ન કષાયરૂપ પણ છે. તેથી રત્નત્રય કર્મબંધનું કારણ થઈ શકતા નથી.

ભાવાર્થ :- બંધ ચાર પ્રકારના છે - પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ. આમાંથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી થાય છે અને સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયોથી થાય છે. હવે આ ચારે બંધોનું સ્વરૂપ કહે છે. ૧. પ્રકૃતિબંધ - પ્રકૃતિ નામ સ્વભાવનું છે કર્મોની મૂળ-પ્રકૃતિ આઠ અને ઉત્તર-પ્રકૃતિ એકસો અડતાલીસ છે, જેમ કે જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ પડદા સમાન છે. જે વસ્તુ ઉપર પડદો ઢંકાયો હોય તે પડદો તે વસ્તુનું જ્ઞાન ન થવામાં કારણ છે, તેવી જ રીતે જ્યાં સુધી આત્માની સાથે જ્ઞાનાવરણીય કર્મરૂપી પડદો હોય ત્યાં સુધી તે આત્માને પદાર્થોનું સમ્યગ્જ્ઞાન ન થવામાં કારણ છે.

દર્શનાવરણીય કર્મનો સ્વભાવ દરબારી જેવો છે. જેમ દરબારી રાજાનું દર્શન થવા દેતો નથી તેમ દર્શનાવરણીય કર્મ આત્માને સ્વ-પર પદાર્થોનું દર્શન થવા દેતું નથી.

વેદનીય કર્મનો સ્વભાવ મધ ચોપડેલી તલવાર જેવો છે. જેમ તે તલવાર ચાટવાથી મીઠી લાગે છે પણ તે જીભને કાપી નાખે છે; તેમ વેદનીય કર્મ પણ પહેલાં થોડા સમય સુધી સુખરૂપ લાગે છે, પછી તે જ દુઃખ આપનાર બની જાય છે.

www.vitragvani.com



મોહનીય કર્મનો સ્વભાવ મદિરા જેવો છે. જેમ મદિરા પીવાથી મનુષ્યને પોતાના મનુષ્યપણાનું ભાન રહેતું નથી તેવી જ રીતે મોહનીય કર્મમાં જોડાવાથી આત્મા પોતાનું સ્વરૂપ ભૂલી પર પદાર્થોમાં પોતાપણું, કર્તા-ભોક્તા,, સ્વામીપણું માને છે.

આયુકર્મનો સ્વભાવ હેડબેડી સહિત જેલ સમાન છે. જેમ જે માણસ જ્યાં સુધી જેલમાં છે ત્યાં સુધી તે માણસ ત્યાંથી ક્યાંય પણ જઈ શકતો નથી તેવી જ રીતે જે જીવે જે આયુકર્મનો બંધ કર્યો છે તે આયુ જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને તે જ ગતિમાં રહેવું પડે છે.

નામકર્મનો સ્વભાવ ચિત્રકાર સમાન છે. જેમ ચિત્રકાર જુદી જુદી જાતના અર્થાત્ કોઈવાર મનુષ્યનું, કોઈવાર ઘોડાનું, કોઈવાર હાથીનું ચિત્ર બનાવે છે, તેવી જ રીતે નામકર્મ પણ આ જીવને કોઈવાર માણસ બનાવે છે, કોઈવાર ઘોડો બનાવે છે, કોઈવાર કાણો, કોઈવાર બહેરો, કોઈવાર લૂલો ઇત્યાદિ પ્રકારે અનેકરૂપ બનાવે છે.

ગોત્રકર્મનો સ્વભાવ કુંભાર જેવો છે, જેમ કુંભાર કોઈવાર નાનું વાસણ બનાવે છે અને કોઈવાર મોટું વાસણ બનાવે છે, તેમ ગોત્રકર્મ પણ આ જીવને કોઈવાર ઉચ્ચ કુળમાં અને કોઈવાર નીચ કુળમાં પેદા કરે છે.

અંતરાયકર્મનો સ્વભાવ ભંડારી જેવો છે. જેમ રાજા કોઈને કાંઈક ઇનામ વગેરે આપતા હોય અને ભંડારી તેને આપવા દેતો નથી, તેવી જ રીતે અંતરાય કર્મ પણ આત્માને પ્રાપ્ત થનાર પદાર્થોમાં અનેક પ્રકારનાં વિઘ્ન નાખીને તે પદાર્થ પ્રાપ્ત થવા દેતું નથી. – આ રીતે આ આઠે કર્મોનો સ્વભાવ છે. એ પોતપોતાના સ્વભાવ સહિત જીવ સાથે સંબંધ કરે છે.

હવે પ્રદેશબંધનું વર્ણન કરે છે. આત્માના અસંખ્યાત પ્રદેશોમાંથી એક એક પ્રદેશ સાથે કર્મનાં અનંતાનંત પરમાણુ બંધાય અર્થાત્ જીવના પ્રદેશ અને કર્મનાં પરમાણુ - બન્ને એકક્ષેત્રાવગાહ થઈને રહે તેને પ્રદેશબંધ કહે છે.

હવે સ્થિતિબંધનું વર્ણન કરે છે. જે કર્મ (જીવની સાથે રહેવાની) પોતાની સ્થિતિસહિત બંધાય તેને સ્થિતિબંધ કહે છે. જેમ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય – આ ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ક્રોડાક્રોડી સાગરની છે અને મોહનીય કર્મમાંથી દર્શનમોહનીયની ૭૦ ક્રોડાક્રોડીની અને ચારિત્રમોહનીયની ૪૦ ક્રોડાક્રોડી સાગરની છે. નામ અને ગોત્રકર્મની સ્થિતિ ૨૦ ક્રોડાક્રોડી સાગરની છે. આયુકર્મની સ્થિતિ ૩૩ સાગરની છે. આ બધાની ઉત્કૃષ્ટ સ્થિતિ થઈ. જઘન્ય સ્થિતિ નામ-ગોત્રની આઠ મુહૂર્ત, વેદનીયની બાર મુહૂર્ત, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય અને આયુ એ પાંચ કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે. મધ્યમસ્થિતિના અનંત ભેદ છે. આ પ્રકારે સ્થિતિબંધનું નિરૂપણ કર્યું.

www.vitragvani.com



**હવે અનુભાગબંધનું વર્ણન કરે છે. કર્મોમાં જે ફળ દેવાની શક્તિ હોય છે તેને જ અનુભાગબંધ કહે છે. આ અનુભાગબંધ ઘાતીકર્મોનો તો કેવળ અશુભરૂપ જ હોય છે અને અઘાતીકર્મોનો શુભરૂપ અને અશુભરૂપ બન્ને પ્રકારનો હોય છે. જેમ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય - એ ચાર કર્મોનો લતા-લાકડું-હાડકાં અને પથ્થરરૂપ ક્રમથી વધતો વધતો બંધ થાય છે અને નામ, ગોત્ર, વેદનીય, આયુ - આ ચાર કર્મોનો જો શુભરૂપ હોય તો ગોળ, ખાંડ, સાકર અને અમૃત સમાન શુભફળ આપે છે અને જો અશુભરૂપ હોય તો લીંબડો, કાંજી, વિષ અને હળાહળ સમાન અશુભ ફળ આપે છે. – આ રીતે આ બધાં કર્મોનો વિપાક થયા કરે છે. આ રીતે ચારે પ્રકારના બંધનું વર્ણન કર્યું. ૨૧૫.**

---

**'આત્મા સાથે કર્મોનો બંધ કરાવનાર કોણ છે એ વાત હવે બતાવે છે :-'** આત્માને ક્યા પરિણામથી બંધન થાય તે શું? એની વાત કરે છે. એક જ બોલ છે.

**योगात्प्रदेशबन्धः स्थितिबन्धो भवति तु कषायात्।**
**दर्शनबोधचरित्रं न योगरूपं कषायरूपं च ।।२१५।।**

**ટીકા :– 'મન, વચન, કાયાના ત્રણ યોગથી પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ થાય છે...'** ટીકા. પાઠમાં એકલો પ્રદેશબંધ લીધો છે પણ એની સાથે ભેગો પ્રકૃતિબંધ પણ લઈ લેવો. એ આત્મા પોતાના યોગકંપન દ્વારા.. સમજાણું? પરમાણુઓ જે નવા આવે તેમાં પ્રકૃતિ સ્વભાવરૂપ થાય અને પ્રદેશની સંખ્યારૂપ થાય. એમાં એનું નિમિત્ત યોગનું છે. પ્રકૃતિબંધ એટલે સ્વભાવ અને પ્રદેશ એટલે પરમાણુની, નવા રજકણોની સંખ્યા. એના બંધનમાં યોગ, કંપન, આત્માના પ્રદેશનું કંપન્ન તે નિમિત્ત છે. સમજાણું કાંઈ?

**'તથા ક્રોધાદિ કષાયોથી સ્થિતિબંધ...'** પાઠમાં એકલી સ્થિતિ લીધી છે. પણ બન્ને લેવું. **'અને અનુભાગબંધ થાય છે.'** જેટલા પ્રમાણમાં એ કષાય કરે છે, મિથ્યાત્વ આદિ બધો કષાય, હોં! મિથ્યા અભિપ્રાય કરે કે મિથ્યા ચારિત્ર કરે, એનાથી કર્મમાં સ્થિતિ અને અનુભાગ પડે છે. એમાં કર્મની મુદત પડે છે અને કર્મમાં ફળ દેવાની શક્તિ પડે છે. એ આત્મા જેટલા પ્રમાણમાં મિથ્યાશ્રદ્ધા અને રાગદ્વેષના આચરણના પરિણામ કરે, એના પ્રમાણમાં કર્મમાં મુદ્દત અને રસ, ફળ દેવાની શક્તિ પડે છે. સમજાણું કાંઈ?

**'અહીં શ્લોકમાં જોકે પ્રકૃતિબંધ અને અનુભાગબંધ ગણાવ્યા નથી તો પણ ઉપલક્ષણથી ગ્રહણ થઈ જાય છે.'** બે આવી ગયું. **'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણે ન તો યોગરૂપ છે...'** શું કહે છે? આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ! એની જે સમ્યક્ પ્રતીતિ–સમ્યગ્દર્શન, એનું જે સમ્યગ્જ્ઞાન, એ શુદ્ધ ભગવાનઆત્મામાં ઠરવાની ચારિત્રદશા, એ ત્રણે યોગરૂપ પણ નથી, કષાયરૂપ પણ નથી. સમજાણું કાંઈ? માટે તે ત્રણ બંધના કારણ નથી. સમજાણું કાંઈ?

www.vitragvani.com



માણસોને મૂળ વાતની ખબર ન મળે એટલે ઉપરટપકેથી એમ ને એમ આઘો ચાલ્યો જાય છે. આ આચરણ કરીએ, દયા પાળીએ, વ્રત પાળીએ, ભક્તિ (કરીએ)... ધૂળમાં પણ નથી. વસ્તુની ખબર વિના. કહો, 'હિંમતભાઈ'! ખબર નહિ. દરકાર પણ ક્યાં છે? આ દુનિયામાં પણ બહારની આબરૂમાં રોકાય, થઈ રહ્યું, જાવ. ધર્મમાં બહારની ક્રિયાકાંડમાં રોકાય એટલે મૂળ તત્ત્વ રહી ગયું.

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેના કેવળજ્ઞાનમાં એમ આવ્યું છે અને એમ છે. છે એમ આવ્યું છે. સમજાણું? નહિતર પેલા કહે છે ને કે લ્યો, ભગવાને દીઠું એમ નિયત થાય. પણ પદાર્થમાં નિયત છે તેમ ભગવાન દેખે છે. જગતના પદાર્થો નિયમસર, ક્રમસર પરિણમી રહ્યા છે, એ પોતાને કારણે પરિણમી રહ્યા છે એને ભગવાન દેખે છે. ભગવાન દેખે છે માટે ત્યાં પરિણમી રહ્યા છે એમ નથી. સમજાય છે કાંઈ? એ પદાર્થનો જ સ્વભાવ ક્રમસર, નિયમસર પરિણમન થવું, એક પછી એક, એક પછી એક જે પર્યાય થવાની તે થાય તેવો જે વ્યવસ્થિત નિયમ છે, નિયમ કહો, કે નિયત કહો કે વ્યવસ્થિત કહો, તે તે દ્રવ્યમાં થાય છે તેને ભગવાન કેવળજ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? આવો જેણે નિર્ણય કર્યો, એને તો કેવળજ્ઞાનનો નિર્ણય એટલે આત્માના દર્શનનો નિર્ણય થયો.

ભગવાનઆત્મા સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે. તો સર્વજ્ઞપર્યાય સર્વજ્ઞને પ્રગટી છે. તો એ સર્વજ્ઞપર્યાય પ્રગટી તે પ્રમાણે ત્યાં નિયત થાય તેને ભગવાન જાણે એમ હું પણ સર્વજ્ઞશક્તિવાળું તત્ત્વ છું. કેમ કે ભગવાનને પર્યાય એમાંથી પ્રગટી. તો હું પણ એવો છું. એવી સર્વજ્ઞ શક્તિ ઉપર દૃષ્ટિ પડતાં એને સર્વજ્ઞ એટલે કેવળજ્ઞાની આત્મા છે એમ એને પ્રતીતમાં થાય છે. સમજાણું કાંઈ? અને એ સ્વરૂપમાં સ્થિરતા થતાં, વીતરાગતા થતાં કેવળજ્ઞાન થાય છે.

દર્શન થતાં પ્રતીત થાય છે અને સ્વરૂપની પૂર્ણ સ્થિરતા થતાં કેવળજ્ઞાન થાય છે. એ કેવળજ્ઞાન થવાને માટે જે આત્મા શુદ્ધ ભગવાનઆત્મા, એનું જે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર, એ ત્રણ મોક્ષનો માર્ગ છે, એ મોક્ષનો માર્ગ તે યોગ, કષાયરૂપ નથી. કે જે યોગ અને કષાય બંધના કારણ છે એ રૂપે દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ નથી યોગરૂપે, નથી કષાયરૂપે અને યોગ અને કષાય છે તે નથી સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપે. સમજાણું કાંઈ? એ વાત કરે છે ને? જેટલે અંશે એમાંથી આ ખુલાસો લઈને આગળ ચાલે છે. આહાહા..!

મુમુક્ષુ :– કંપન છે ને.

ઉત્તર :– યોગ કંપન છે. એ કંપન છે. કંપનનું પરિણમન. પેલા શુભ-અશુભ પરિણામ એ નહિ. શુભ-અશુભ પરિણામ કષાયમાં જાય છે. શુભ-અશુભભાવ એ કષાયમાં જાય છે. પણ તે વખતે કંપન થવું તે યોગમાં જાય છે. જે જાતના નિમિત્તનું અવલંબન છે એ જાતનું એને કંપન કહેવામાં આવે છે. મનના પરમાણુનું અવલંબન હોય તો મનયોગ કહેવાય, વચનનું

અવલંબન હોય તો વચનયોગ કહેવાય. કંપન છે. એ કંપનથી પ્રદેશ અને પ્રકૃતિ પરમાણુમાં થાય, પરમાણુના સ્વભાવને લઈને, એમાં આ યોગ ફક્ત નિમિત્ત છે. કર્મમાં પ્રકૃતિ એટલે સ્વભાવ, જ્ઞાનાવરણીય આદિ સ્વભાવ, પ્રદેશ એટલે પરમાણુની સંખ્યા. એ પરમાણુની પોતાની પર્યાયની લાયકાતે થાય, એમાં જીવના પ્રદેશનું કંપન નિમિત્ત છે. સમજાણું કાંઈ? અને જે ચારિત્ર થાય, ચારિત્રમોહનીય બંધથી. એ પોતાની પ્રકૃતિ અને યોગ પરમાણુની પર્યાયથી ચારિત્ર–ચારિત્રમોહનીય થાય. એમાં જીવના રાગદ્વેષના પરિણામ તે નિમિત્ત છે. સમજાણું?

એટલે કહ્યું **'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણે...'** આત્માનો મોક્ષનો માર્ગ, બંધનથી છૂટવાનો ઉપાય, ભગવાન પૂર્ણાનંદ પ્રભુ! એની અંતર્મુખની પ્રતીત જ્ઞાન અને લીનતા, એ ત્રણ મોક્ષનો માર્ગ છે. આનંદનો પંથ છે એ આનંદના પંથે જાય છે. પૂર્ણાનંદના પંથે પૂર્ણાનંદ તે મોક્ષ, એના પંથે જવાની દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ આનંદ છે. સમજાણું કાંઈ?

પૂર્ણ આત્માની મોક્ષદશા એ પૂર્ણાનંદ છે અને એની મોક્ષમાર્ગની દશા એ અપૂર્ણ આનંદ છે. એ સ્વભાવ આનંદસ્ફૂર્તિ છે, એની પ્રતીતમાં આનંદ આવે છે, એના જ્ઞાનમાં આનંદ અને શાંતિમાં આનંદ. એ આનંદ જે મોક્ષનો માર્ગ છે. એ યોગ અને કષાયરૂપે નથી. કારણ કે યોગ અને કષાય તે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! કેવું સ્પષ્ટ નાખ્યું છે! મોક્ષમાર્ગ છે એ યોગ નથી. એ તો યોગના કંપનરહિત આત્મા સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ જે આનંદમાર્ગ છે તે યોગરૂપ નથી. યોગરૂપ છે તે બંધમાર્ગ છે, એ દુઃખમાર્ગ છે. આ આનંદમાર્ગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સુખમાર્ગ પણ હોય, દુઃખમાર્ગ પણ હોય.

ઉત્તર :– બે માર્ગ હોય. થોડું દુઃખ પણ હોય. કીધું ને. જેટલે અંશે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સુખમાર્ગ છે અને જેટલે અંશે કંપન અને કષાય છે એ દુઃખમાર્ગ છે. ભગવાન એક જ પૂર્ણ આનંદ રહી ગયો. અજ્ઞાનીને એક જ રહી ગયું પૂર્ણ દુઃખ. સાધકને બે (છે). એય..! 'અમરચંદભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ?

**'તેથી રત્નત્રય કર્મબંધનું કારણ થઈ શકતા નથી.'** એમ કહે છે. છે ને? કેમ કે તે યોગ અને કષાયરૂપ નથી. હવે એની વ્યાખ્યા કરે છે. **'બંધ ચાર પ્રકારના છે –'** કર્મબંધન પડે ને? કર્મબંધન, એમાં નિમિત્ત, યોગ અને કષાય છે. આત્માનો દોષ જ નિમિત્ત છે. પણ એ દોષના નિમિત્તમાં જે કર્મમાં થાય, શું થાય છે કહે છે. **'પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ. આમાંથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી થાય છે..'** કંપનથી. **'તથા સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયોથી થાય છે. હવે આ ચારે બંધોનું સ્વરૂપ કહે છે. ૧ પ્રકૃતિબંધ પ્રકૃતિ નામ સ્વભાવનું છે. કર્મોની મૂળ પ્રકૃતિ આઠ...'** છે. જ્ઞાનાવરણીય આદિ. **'અને ઉત્તર-પ્રકૃતિ એકસો અડતાલીસ છે, જેમ કે જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ પડદા સમાન છે.'** હવે સ્વભાવની વ્યાખ્યા કરે છે. **'જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ પડદા સમાન છે.'** જુઓ! પોતે જોતો નથી એનું

www.vitragvani.com



પરિણમન હીણું કરે છે એમાં જ્ઞાનાવરણીયનો પડદો નિમિત્ત છે. સમજાણું કાંઈ? પોતે જ્ઞાનની હીણી દશારૂપે જીવ પરિણમે છે, ત્યારે તેમાં જ્ઞાનાવરણીયનો પડદો નિમિત્તરૂપે કહેવાય છે.

મુમુક્ષુ :– .. કર્મ ..

ઉત્તર :– કર્મ શું કરે છે? કર્મ તો નિમિત્ત છે. સમજાય છે કાંઈ? આ તો કહે કે કર્મને લઈને જ્ઞાનાવરણીયનો પડદો છે માટે આત્મા જોઈ શકતો નથી એમ કહે છે. જડનો પડદો, એને જડ નડતું હશે? ઘાતિકર્મ કહ્યું છે ને એને? એ પોતે પોતાના જ્ઞાનની અવસ્થાને હીણીરૂપે પરિણમે છે, સ્વભાવનો આશ્રય જેટલો નથી એટલી હીણી દશા છે, એવી દશામાં જ્ઞાનાવરણીયનો પડદો નિમિત્તરૂપે કહેવાય છે. સમજાણું કાંઈ?

**'જે વસ્તુ ઉપર પડદો ઢંકાયો હોય તે પડદો તે વસ્તુનું જ્ઞાન ન થવામાં કારણ છે,...'** નિમિત્ત કારણ છે. એમ. તે વસ્તુનું.. અહીં જુઓ! આવા સીધા અર્થ કરે કે એ જ્ઞાનાવરણીય પડદો છે. આત્માને ઢાંકી દીધો. એ તો જડ છે. જડ ચૈતન્યને ઢાંકે શી રીતે? અર્થમાં મોટા ફેર.

મુમુક્ષુ :– દૃષ્ટાંતમાં તો સ્પષ્ટ વાત છે કે...

ઉત્તર :– દૃષ્ટાંતમાં સ્પષ્ટ વાત છે કે દૃષ્ટાંત તરીકે કહે છે એ નિમિત્ત તરીકેની વ્યાખ્યા છે. એમ સ્પષ્ટ છે. પડદો આડો આવે છે એ સ્પષ્ટ છે, એમ કહે છે ઇ. દૃષ્ટાંત સ્પષ્ટ છે કે જ્ઞાનાવરણીય કર્મ કોને કહેવું? એ જડની અવસ્થાના પ્રકૃતિ સ્વભાવને એનો પ્રકૃતિ એનો સ્વભાવ, કે અહીં પોતાના સ્વભાવથી હીણી દશાને જે પરિણમે છે, એમાં એ પડદારૂપે નિમિત્ત જ્ઞાનાવરણીય કહેવામાં આવે છે. 'દિપચંદભાઈ'!

**'તેવી જ રીતે જ્યાં સુધી આત્માની સાથે જ્ઞાનાવરણીય કર્મરૂપી પડદો હોય...'** નિમિત્તરૂપે. **'ત્યાં સુધી તે આત્માને પદાર્થોનું સમ્યગ્જ્ઞાન...'** ન થવામાં કારણ છે. ન થવામાં નિમિત્ત કારણ છે. ન થવામાં નિમિત્ત કારણ છે. કારણ છે ને? કારણ કહ્યું છે ને? પરવસ્તુ છે ને? ઉપાદાન કારણ પોતાનું છે.

મુમુક્ષુ :– કર્મનો સ્વભાવ..

ઉત્તર :– કર્મનો સ્વભાવ નહિ પણ ન થવામાં કારણ એટલે એ કારણ ક્યું? પર. પર એટલે નિમિત્ત, વ્યવહાર કારણ થયું. સમજાણું કે નહિ? ભલે કારણ લખ્યું છે. પરવસ્તુ કારણ કીધી છે ને? પરવસ્તુ કારણ તો વ્યવહારકારણ હોય છે. પરવસ્તુ નિશ્ચયકારણ હોય? સમજાણું કે નહિ? આહાહા..! ભગવાનની સ્વતંત્રતા લૂંટે પોતે અને કહે અમારી કર્મે લૂંટે. ભાઈ! કર્મને લઈને અમારે આ બધું રખડવું પડે. પણ તું તારા ઉંધા ભાવથી રખડે ત્યારે કર્મ તો નિમિત્ત કહેવાય છે. કહો, 'જેઠાલાલભાઈ'!

મુમુક્ષુ :– કર્મ એને ઉંધું કરાવતો નથી, પોતે ઉંધુ કરે છે.

ઉત્તર :– આ બધી વાત (સંવત) ૨૦૦૬ ની સાલમાં ત્યાં 'પાલિતાણા' ચાલી હતી. ત્રણલોકના નાથ પરમોપકારી તીર્થંકરો કહે છે કે આઠ કર્મને લઈને રખડ્યો. અને તમે

www.vitragvani.com



કહો છો કે અમારા વિકારથી રખડ્યો. ૨૦૦૬ ની સાલ. ત્યાં '...જી' હતા ને? આ નહિ માનો ત્યાં સુધી નહિ. ઠીક. કર્મને લઈને રખડો છો એમ માનો પછી મારી સાથે વાત ચાલે. ઠીક. ૨૦૦૬ ની સાલમાં મોટી ચર્ચા થઈ. સત્તર વર્ષ થયા. અષાઢ મહિનો હતો. બે અષાઢ હતા. ત્યાં 'આણંદજી કલ્યાણજી'ની પેઢીમાં જ હતો. શું કહેવાય એ? મંડપ હતો. ત્યાં જ હતો. એમાં 'ઠાકરશીભાઈ' લુહાણા હતા. 'જામનગર'ના. એ વ્યાખ્યાનમાં આવતા. એ કહે કે નહિ. આ લોકો કહે છે કે વિકારથી રખડે છે. ભગવાન કહે છે કે કર્મથી રખડે છે. 'સેઠી'! આવું ને આવું ચાલે છે. (સંવત) ૧૯૭૧ની સાલથી આવું ચાલે છે. પણ મારી સાથે અથડામણ. ૧૯૭૧થી કીધું. વિકાર આત્મા કરે તો થાય અને ન કરે તો ન થાય. અને વિકાર ટાળે તો આત્મા શાંતિ ઉત્પન્ન કરે, બીજો કોઈ કરાવનાર નથી. પેલા કહે, નહિ, નહિ. પછી પેલા બોલી શકતા નહોતા. પાઠ છે ને? ભગવતીના પહેલા શતકના ત્રીજા ઉપદેશમાં પાઠ છે. કે કર્મ પોતે જ નિમિત્ત... એટલે વિકાર પોતે જ પોતાના પુરુષાર્થથી થયો. એવો પાઠ છે એટલે કાંઈ બોલી શકે નહિ. .... બધું વાંચ્યું હતું ને પહેલુંવહેલું.

... છે છતો પુરુષાર્થ. એવો પાઠ થતો. છઈ એટલે છતો. છતો પુરુષાર્થ છે એ પુરુષાર્થ વડે આત્મા વિકાર કરે છે. અને બીજી વાત એ કે છતો પુરુષાર્થ છે કે આત્મા કર્મને ટાળીને ઉપશમભાવ પોતાના પુરુષાર્થથી કરે છે. એવો પાઠ છે. એ વખતે બધા ન બોલે. મૂર્તિની વિરુદ્ધ ખરા. પણ મોઢા આગળ પાઠ આવે ને. બોલે નહિ. બીજા બહુ બોલે. 'દામોદર' શેઠ કહે, એમ નહિ. તમે પુરુષાર્થની વાતની બહુ વાત રાખતા હોય તો એકાવન દોકડા પુરુષાર્થના, ઓગણપચાસ દોકડા કર્મના, એમ રાખો. કીધું કે એક પણ દોકડો આત્માના પુરુષાર્થના કર્મનો બિલકુલ નહિ. કર્મનો દોકડો કર્મમાં અને આત્માનો દોકડો આત્મામાં. આપણે તે દિ' આવું તો દોકડા-બોકડા આમ બોલ્યા હતા. ઓગણપચાણ અને એકાવન રાખો. કીધું, એ કાંઈ નહિ, જરીયે નહિ. આ વળી પચાસ (કહે છે). દિગંબરના વળી પંડિત 'જીવણધરજી' કહે ૫૦-૫૦ ટકા રાખો. ઉપાદાનનો અપરાધ ૫૦ ટકા, નિમિત્તનો અપરાધ ઉપાદાન અપરાધમાં ૫૦ ટકા. આના અપરાધમાં. સોળે સોળ આના નિમિત્તમાં અને ઉપાદાન ઉપાદાનમાં સોળ આના. આહાહા..! અપરાધ કરે (પોતે) અને નાખે કોઈક ઉપર. હવે એ અપરાધ ટળે કે દિ'? એ અપરાધ ટાળવાનો અવસર ક્યાં મળ્યો એને? કારણ કે નિમિત્ત છે એ અપરાધ કરાવ્યા જ કરે. કર્મને લઈને દોષ થાય એટલે નિમિત્ત દોષ કરાવ્યા કરે. હવે દોષ ટાળવાનો અવસર રહેતો નથી.

મુમુક્ષુ :– કરે નહિ અને કરાવે.

ઉત્તર :– હા, એ પરાણે કરાવે. લખે છે ને. ક્યાંય સુધી લખે છે. નિમિત્ત આવીને દ્રવ્યમાં શક્તિ અનેક હોવા છતાં જેવું નિમિત્ત મળે તેવી પર્યાય પરિણમે એવો સ્વભાવ ભગવાને કીધો. તમે આ શું કરો છો? આ ઉંધુ પડશે. આઠ પાને આવ્યું. કહે છે, અરે..!

www.vitragvani.com



તમે આવા અર્થ કરો છો. **'અન્યથા ઇસતરહ કી પ્રવૃત્તિ કા પરિણામ જૈનસંસ્કૃતિ કે લિયે આગે ચલકર બડા ભયાનક હોગા. જિસકે લિયે યદિ જીવિત રહે તો હમ ઔર આપ સભી પછતાયેંગે.'** આહાહા..! એમ કે તમે નિમિત્તને લઈને થતું નથી, પ્રત્યક્ષ દેખાય છે, આગમ કહે છે, તર્ક બેસે છે અને આ તમે શું કરો છો? પરદ્રવ્યને લઈને પરદ્રવ્યમાં થાય. તો તો જગતનો ઈશ્વરકર્તા કહે છે. આ એમ કહે કે પરદ્રવ્યથી મારામાં થાય, હું પરનું કરું. બે કર્તા એક જ જાતના થઈ ગયા. કોણ જાણે શું છે, કાંઈ વિચાર જ કરતા નથી. સમજાણું કાંઈ? શું કરે પણ? શું કરે? પણ જુઓ આમાં નાખ્યું છે. આ મારે અને આપણે બન્નેને પસતાવું પડશે, હોં! પણ જીવતા હશું તો. નહિતર બીજા પસતાશે.

નિમિત્ત અનુસારે આત્મામાં વિકાર થાય. કુંભારને અનુસારે એના ઘડાની પર્યાય થાય. તમે કહો કે પૂર્વની પર્યાય અને ઉપાદાન અને પછીની ઉપાદેય. એમ નહિ. એ ઉપાદેય કેવી થાય? કે જેવું નિમિત્ત આવે તે પ્રમાણે થાય. કેમ પ્રત્યક્ષ દેખાય છે નહિ? ઘડો થતાં થતાં કોઈ ફોડી નાખે તો? તમે કહો કે પૂર્વની ઉત્તર પર્યાય, પૂર્વની પર્યાય તે ઉત્તરની પર્યાયનું કારણ. પણ પેલી પર્યાય થવા પહેલા તોડી નાખે, ફોડી નાખે તો?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એ પ્રશ્ન જ ક્યાં? ફોડી નાખે પછી ઘટ થવાનો જે કાળ હતો એ કાળ અહીં નથી. આ તો બીજો કાળ છે. આ ભણ્યા-ભણ્યા પણ મોટા... સમજ્યાને? એ કહે છે ને શું કહે છે? સમજાણું? એ તો વળી પેલું છોકરાનું યાદ આવી ગયું હતું. ઓછું પાત્ર અને અદકું ભણ્યો. એક કહેવત આવે છે ને? નથી આવતું? 'ઓછું પાત્ર અને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો.' એવું આવે છે. એક તો એની મા વઢકણી હોય, વળી એને છોકરો એવો હોય. ઓછું પાત્ર અને અદકું ભણ્યો. પાત્ર થોડું અને વધારે ભણી ગયો. વઢકણી વહુએ દીકરો જણ્યો. વઢકણી એટલે ક્લેશ કરનારી બાયે છોકરો જણ્યો. એટલે છોકરો કજિયાળો એમાં પાછી આ પુષ્ટિ આપનારી. એવી આત્માની વાત તત્ત્વની દૃષ્ટિ વિના આવા ઉંધા ભણતર એ મહા નુકસાન કરનારા છે. સમાજમાં ક્લેશ ઉત્પન્ન કરનાર છે. પણ એની ખબર નથી. સમજાણું?

પહેલા જ્ઞાનાવરણીયની વાત થઈ. નિમિત્તરૂપે છે. **'દર્શનાવરણીય કર્મનો સ્વભાવ દરબારી જેવો છે.'** દરબારી માણસ હોય ને મોઢા આગળ? શું કહેવાય એને? પ્રતીહારી. **'જેમ દરબારી રાજાનું દર્શન થવા દેતો નથી તેમ દર્શનાવરણીય કર્મ આત્માને સ્વ-પર પદાર્થોનું દર્શન થવા દેતું નથી.'** એ નિમિત્ત. બધે નિમિત્ત લેવું. પરપદાર્થ તે વ્યવહારની વાત, સ્વપદાર્થ તે નિશ્ચયની વાત. સ્વઆશ્રય એ નિશ્ચય અને પરાશ્રય એ વ્યહાર. આ સિદ્ધાંત રાખીને વાત કરવી. આ કથન પરાશ્રિતની વાત છે તો એમાં વ્યવહારનયની વ્યાખ્યા છે.

મુમુક્ષુ :– ...

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :– હા એ તો કથન કીધું ને. કે પરાશ્રયની વાત છે ને આ? એ નિમિત્તની વાત એટલે વ્યવહારની વાત છે.

**'વેદનીય કર્મનો સ્વભાવ મધ ચોપડેલી તલવાર જેવો છે.'** તલવાર-તલવાર હોય ને તલવાર? મધ ચોપડેલી. મીઠું લાગે પણ જીભને કાપે. **'તલવાર ચાટવાથી મીઠી લાગે છે પણ તે જીભને કાપી નાખે છે; તેમ વેદનીય કર્મ પણ પહેલા થોડા સમય સુધી સુખરૂપ લાગે છે,...'** લાગે હોં લાગે. જાણે આ પૈસા, બાયડી, છોકરા અમને ઠીક-ઠીક એવો રાગ લાગે પણ રાગ અંતર આત્માની શાંતિને કાપી નાખે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના ના સુખ કે દિ' હતું? મધ વખતે જ તલવાર કપાય છે. એ દાખલો 'સમ્યક્જ્ઞાન દીપિકા'માં આપ્યો છે. જૂનીમાં આપ્યો છે. એ વખતે મીઠાશ વખતે જ કપાય છે. એ રાગ છે એ દુઃખ છે એમ કહે છે. તારી શાંતિને કાપી નાખે છે. વેદનમાં સામગ્રી અનુકૂળ હોય તો .... છોકરો અનુકૂળ. 'હીરાભાઈ' છોકરો આમ બાપા-બાપા કરે, ભાઈ-ભાઈ કરે... આહાહા..! કોઈ બે બોલ બોલે તો એ બોલે નહિ. હા, બાપુ-બાપુ... કહે છે એ બધી સામગ્રીમાં જે મીઠાશ વેદાય છે એમાં રાગ થાય છે એમાં જીવની શાંતિ કપાય છે. આહાહા..! આમ કહે, બૈરા સારા, પૈસા સારા, મકાન સારા, આબરૂ સારી એમ જ્યાં લક્ષ કરે છે તો રાગ થાય છે. પણ એ રાગ તો આત્માની શાંતિને ઘાતે છે.

મુમુક્ષુ :– જાળવી જાળવીને ચાટે તો?

ઉત્તર :– જાળવી જાળવીને ચાટે તો પણ અરે..! ધાર એવી ઝીણી હોય છે કે કાપી નાખે તો એને ખબર પણ ન પડે. એવી રીતે કપાય. આ લોઢાના હથિયાર થાય છે ને હમણા. એ લોઢાના હથિયાર બહુ થાય છે. જુઓને હમણા નથી થતાં? ધોળા... 'નવરંગભાઈ'ને ત્યાં જોયા હતા. એવા ધોળા. ખબર ન પડે પણ કપાઈ ગયું હોય. ફડાક કપાઈ ગયું હોય. પછી બળતરા (થાય). આ ઉંચા હોય છે ને? આ ઓપરેશન કરે છે. મોટી કિંમતના હોય છે. હજારો-હજારોના, પાંચ-પાંચ હજારના એક-એક હથિયાર. લોઢાના ધોળા થાય ને. 'નવરંગભાઈ'ને ત્યાં જોયા હતા એક વખત. બહુ ઊંચા. એ પણ લોઢાના છે ને? ઝીણી ધાર આમ મધને અડે...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... આવે નહિ. મારી નાખે. કે શાતા વેદનીનો ઉદયમાં રાગ કરે, અશાતામાં દ્વેષ તને થાય (તેમાં) દુઃખ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો. મોટા લોધા જેવા છ છોકરા હોય. પાંચ-પાંચ હાથના ઊંચા, બળવાન અને નીરોગી. અને કેવું? એક તો જાણે રૂપાળા હોય, એમાં નીરોગી હોય, બુદ્ધિવાળા હોય સમજાય છે? વળી એમાં પૈસા હોય, પેદાશ હોય. થઈ રહ્યું. ... ભગવાન ઘરે એકકોર પડ્યા રહ્યા. પૈસા હોય, પેદાશ હોય. પાછી પૈસા હોય અને પેદાશ ન હોય તો પાછું .. અને પેદાશ હોય પણ મૂડી ન હોય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

તો... આ તો પૈસા, પેદાશ, નીરોગતા, શરીર રૂપાળા, શરીર જુવાન, સારા અને બુદ્ધિવાળા. હવે આમાં મારે હવે શું જોઈએ? એની પાસે બધી કષાયની હોળી છે. કહો, 'પ્રભુભાઈ'! આહાહા..! આમાં ભગવાનને ક્યાં સંભારે?

ભાઈ! એ સામગ્રી તરફ લક્ષ જાય એમાં રાગ થાય છે, કહે છે. ભાઈ! એ રાગનું વેદન, બાપા! એ આત્માની શાંતિને ઘાત કરે છે. તને એમ લાગે છે કે હું સુખ ભોગવું છું. સુખ નથી. તલવારની ધાર ઉપર મધને ચાટવા જેવું છે. આહાહા..! કહો, સમજાણું? ઇન્દ્રને ઇન્દ્રાણી હોય. કરોડો અપ્સરાઓ, મહાસુંદર. આ અત્યારના તો ધાનના ઢીંગલા. બે ઘડી ન ખાય તો શરીર આમ થઈ જાય. રોગ એક બે ઘડી આવે, તાવ એકવાર આવે ત્યાં એં.. એં.. થઈ જાય. પેલાને ધાન-બાન ન મળે. વૈક્રિયક શરીર (છે). સમજાય છે? એ ઇન્દ્રો પણ એની સાથે રાગ કરે તો આત્માની શાંતિ હણાય જાય છે. દુનિયા કહે કે સુખી છે, ભગવાન કહે છે કે દુઃખી છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એમાં શું? એ તો પછી પોતાની મેળે માને છે કે આમાં વળી કેટલાક સંતોષ માને એમ મેળ કરશે. ... વળી કો'કની પળોજણ લે. પોતાને દીકરો ન હોય તો કો'કનો લે. ખોળે બેસાડે. આ કરે. શું છે પણ? આહાહા..! રાગના ચાળા, રાગના ખેલ છે બધા. એ વેદનીય તો કહે છે કે મધને ચાટે એવી તલવાર જેવી છે.

**'મોહનીય કર્મનો સ્વભાવ મદિરા જેવો છે.'** મદિરા-દારૂ. **'જેમ મદિરા પીવાથી મનુષ્યને પોતાના મનુષ્યપણાનું ભાન રહેતું નથી...'** મનુષ્યપણાનું ભાન રહેતું નથી. રાજા દારૂ પીવે તો થઈ રહ્યું. આહાહા..! વિષ્ટા હોય ત્યાં પડે, પેશાબ કર્યા હોય ત્યાં પડે. આહાહા..! કોઈવાર માણસ-બાણસ સાથે હોય તો, ઉઠો-ઉઠો સાહેબ ચાલો અહીં નહિ. લઈ જાય... કરીને લઈ જાય. એકલો હોય તો ત્યાં પડે. એમાં કૂતરો આવીને મોઢામાં પેશાબ કરે તો એને સારું લાગે. દારૂનું ઘેન છે ને? એમ મદિરા મોહની મદિરા પીધી છે. બીજા હેરાન કરે, નુકસાનમાં નિમિત્ત થાય તો કહે, આહાહા..! બહુ સારા, હોં! તમે બહુ સારા. સમજાણું કાંઈ? એ મોહની ઘેલછાઈ છે.

**'મનુષ્યને પોતાના મનુષ્યપણાનું ભાન રહેતુ નથી તેવી જ રીતે મોહનીય કર્મમાં જોડાવાથી આત્મા પોતાનું સ્વરૂપ ભૂલી પર..'** જુઓ! પેલો મનુષ્ય છે એની ખબર રહેતી નથી કે હું રાજા છું. મારે આ ન હોય. એમ ભગવાનઆત્મા શુદ્ધ આનંદનો નાથ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ છે. મિથ્યાત્વના ભાવને લઈને, મોહને લઈને એનું ભાન રહેતું નથી. હું કોણ છું? ક્યાં છું? કહો, સમજાણું?

**'પોતાનું સ્વરૂપ ભૂલી પર પદાર્થોમાં પોતાપણું,...'** એક વાત. મિથ્યાત્વ પરિણામને લઈને ભગવાનઆત્મા પોતાના આનંદ અને શુદ્ધ સ્વભાવને ભૂલી, પુણ્ય અને પાપના મેલા પરિણામ

www.vitragvani.com



અને તેના નિમિત્તો બહારના એને પોતાપણે માની, કર્તા ભોક્તા થઈ હું એનો કર્તા છું. આ પૈસા મેં ઉપજાવ્યા. મારા બાપા પાસે કાંઈ નહોતું. કાંઈ મૂકીને નહોતા ગયા. અને મેં આ બધું મારા બાહુબળે ઉપજાવ્યું છે. એ મૂંઢ પરનો કર્તા થાય. મિથ્યાદષ્ટિએ દારૂ પીધો છે, એમ કહે છે. કહો, 'મોહનભાઈ'! 'વાલજીભાઈ' એટલું બધું મૂકીને નહોતા ગયા. પાછળથી બે ભાઈઓએ બધું ભેગું કર્યું. પેલો કહે મને કાંઈ રહ્યું નહિ. આ કહે મને કાંઈ રહ્યું નહિ. મફતની કલ્પનાઓ છે.

મુમુક્ષુ :– મળ્યા પછી...

ઉત્તર :– એ માન્યું છે ને કે એની પાસે નહોતું અને અમારી પાસે આટલું થયું. કહો, સમજાણું કાંઈ? 'મનસુખભાઈ'! એના બાપ તો મૂકી ગયા છે. આનો બાપ ક્યાં મૂકી ગયા હતા? 'કુંવરજીભાઈ'ના બાપ કાંઈ નહોતા મૂકી ગયા. એટલે એને એમ હતું કે મેં આ બધું કર્યું. ધૂળેય કર્યું નથી કાંઈ. એ તો ...

મુમુક્ષુ :– મહેનત કરી..

ઉત્તર :– મહેનત કરી રાગદ્વેષના મોહની. વિકાર-વિકાર. બેકાર, આત્માને માટે નુકસાન. એય..!

અહીં કહે છે, જુઓને! **'પોતાનું સ્વરૂપ ભૂલી...'** ભગવાન આહાહા..! ચિદાનંદ સ્વરૂપ જેને આનંદ છે, શાંતિ છે. સંતોષ સમાધાન સ્વરૂપ ભગવાનઆત્મા છે. એને મિથ્યાભ્રમથી ભૂલી જેમાં પોતાપણું નથી એને પોતાપણું માને છે. અને પોતે જે સ્વરૂપ છે એને ભૂલી (ગયો). બે વાત કરી ને? પોતાના સ્વરૂપને ભૂલી એટલે એને ભૂલ્યો. અને પરપદાર્થમાં પોતાપણું માન્યું. બન્ને અસ્તિ-નાસ્તિ થઈ ગઈ. કર્તા-ભોક્તા થયો. આ પરનો હું કર્તા, મેં આ બધું કર્યું, મેં આ ભેગું કર્યું, મેં આ કર્યું. કહો. કાંઈ ધૂળેય કર્યું નથી. તેં રાગ કર્યો છે. ભોક્તા. ભાઈ! ભગવાને આપ્યું એ તો અમે ભોગવીએ ને. ધૂળમાં પણ ભગવાને આપ્યું નથી. સાંભળને હવે. તને ક્યાં આપ્યું? એ તો બહારની ચીજ છે. શરીરાદિનો ભોક્તા માને છે તે મૂંઢ છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આ સ્ત્રીનો, દાળ-ભાતનો, રોટલાનો, પૈસાનો, મકાનનો ભોક્તા માને એ પોતાના સ્વરૂપને ભૂલીને ભોક્તા માને છે. પોતાનું ભોગ્ય અનુભવ ભૂલી જાય છે. કહો, સમજાણું આમાં?

**'સ્વામીપણું માને છે.'** હું એનો સ્વામી છું. મારા હાથતળે બધા ઊભા થયા છે. પછી બધા મોટા થયા. નહિતર ભિખારી, શકોરુ માગીને માગે તો પણ પૂરું ન થાત. એમ બધા કહે, એય..! 'પોપટભાઈ'! એ તો હવે નથી. નહિતર છોકરાને એવું કહે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, એમ કહે. બરાબર. ધ્યાન રાખજો. શકોરુ માંગીને ભીખ માગશો તો પણ નહિ પૂરું પડે. એવું સરખું એવું કહે. ...અંદર ખાનગી. જાણે આ અમે કરી દઈએ

www.vitragvani.com



છીએ અને આ અમે આપી દઈએ છીએ. પરનો સ્વામી થઈને હેરાન થાય છે. સમજાણું કાંઈ? આ નેતાઓ જુઓને બિચારા હેરાન-હેરાન થઈ જાય. અમે આનું કરી દઈએ.. આનું કરી દઈએ. ધૂળમાં પણ કરતો નથી, સાંભળને હવે તું. તું રાગદ્વેષ કરે છે. બીજાનું શું કરી દે? પછી ધાર્યું ન થાય તો અમે ઘણું સારું કરવા માગ્યું પણ કાંઈ થતું નથી. એ તારે લઈને કે દિ' થતું હતું?

મુમુક્ષુ :– ભૂલ થઈ હતી?

ઉત્તર :– પરને કરું છું એમ માનવાની એની ભૂલ થઈ હતી. અમે નિમિત્ત થઈએ. કોને નિમિત્ત થઈએ? 'ઢેબરભાઈ' એમ કહે. અમે નિમિત્ત તો થઈએ. કોને પણ નિમિત્ત થાવ તમે? થતા હોય કાર્ય એમાં નિમિત્ત થાવું. તમે એનું શું કર્યું? એય..! 'મગનભાઈ'! આવું સ્વરૂપ છે કે મફતનો માને. પર પદાર્થ સ્વતંત્ર છે. એની અવસ્થા થવી એ એને આધીન છે. એને એમ કહે હું આનો સ્વામી. પત્નીનો પતિ સ્વામી, નરનો નરેન્દ્ર સ્વામી. નર-પતિ. આવે છે કે નહિ? ધૂળમાં પણ પતિ નથી. સાંભળને. સમજાણું કાંઈ?

**'પરપદાર્થોમાં પોતાપણું, કર્તા-ભોક્તા, સ્વામીપણું માને છે.'** એ મહા મૂઢતા અને મોહકર્મ છે. એવા ભાવ કરનારને મોહકર્મ નિમિત્ત છે. એટલે મોહથી થાય છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

**'આયુકર્મનો સ્વભાવ હેડબેડી સહિત...'** બેડી હોય ને બેડી? એમાં લાકડું નાખ્યું હોય એમાં પગ નાખ્યો હોય તો ચાલી શકે નહિ. 'વીંછીયા'માં મોઢા આગળ છે, નહિ? દરવાજામાં મોઢા આગળ બેડી છે. **'જેમ જે માણસ જ્યાં સુધી જેલમાં છે ત્યાં સુધી તે માણસ ત્યાંથી ક્યાંય પણ જઈ શકતો નથી તેવી જ રીતે જે જીવે જે આયુકર્મનો બંધ કર્યો...'** એ આયુ તો નિમિત્ત છે. ત્યાં સુધી રહેવાની પોતાની યોગ્યતા હતી એમાં આયુકર્મ નિમિત્ત છે. એ આયુકર્મને લઈને અહીં રહે છે એ બધું વ્યવહારનું કથન છે.

મુમુક્ષુ :– આયુકર્મ સિદ્ધ કરવું છે.

ઉત્તર :– આયુકર્મ સિદ્ધ એટલે એ નિમિત્તથી સિદ્ધ. આયુકર્મ એટલે પર. પરે આને રોક્યો એ વ્યવહારનયનું વચન છે. પણ આયુકર્મ સિદ્ધમાં એમ છે. આયુષ્ય પરદ્રવ્ય છે ને? એ આત્માને રોકી શકે એવું હોઈ શકે નહિ. પોતે ત્યાં રહેવાને લાયક એટલી મુદત હોય તેમાં આયુકર્મ નિમિત્ત કહેવાય છે. એથી એને રોકે છે એમ કહેવામાં આવે છે. એટલું એને રહેવું જ પડે. કહો, સમજાણું?

**'આયુકર્મનો બંધ કર્યો છે તે આયુ જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી...'** શરીરમાં રહેવું જ પડે. એ પરાધીન દશા છે. માટે સ્વાધીન દશા કરનાર કર્મને ભૂલી, દોષને ભૂલી અને સ્વભાવનું સાધન કરે છે. તેને પરાધીન દશાનો નાશ થાય. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



**પ્રવચન નં. ૮૫ ગાથા–૨૧૫ થી ૨૧૬ ગુરુવાર, શ્રાવણ સુદ ૫, તા. ૧૦-૦૮-૧૯૬૭**

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ચાલે છે. તેની ૨૧૫ મી ગાથા. ૨૧૫. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'નો અર્થ શું છે? પુરુષ એટલે આત્મા. તેનો જે જ્ઞાન-દર્શન-ચૈતન્ય સ્વભાવ છે તેની પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ થવી તેનું નામ પુરુષાર્થસિદ્ધિ-ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? પુરુષ એટલે આ આત્મા, એનો ચૈતન્ય સ્વભાવ છે. જાણવું, દેખવું, આનંદ એનો સ્વભાવ છે. એ સ્વભાવનો અર્થ–પ્રયોજન સિદ્ધિ થવી, પૂર્ણ મુક્તિ થવી, પૂર્ણ શુદ્ધિ થવી, તેનું નામ પુરુષાર્થસિદ્ધિ-ઉપાય કહેવામાં આવે છે. તેનો ઉપાય શું એ અહીં કહે છે. કહો, 'ફુલચંદજી' આજે તો હિન્દી ચાલશે.

પુરુષ એટલે ભગવાનઆત્મા, તેની પ્રયોજનસિદ્ધિ. પ્રયોજનસિદ્ધિનો અર્થ, શુદ્ધ આત્માની પ્રાપ્તિ, શુદ્ધઆત્માની પ્રાપ્તિ. તેનો ઉપાય શું? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શું? એ વાત તો ૨૧૫ માં ચાલી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બંધનું કારણ નથી. બંધનું કારણ તો સાથે યોગ અને કષાયભાવ છે એ બંધનું કારણ છે એમ ૨૧૫ ગાથામાં કહે છે. તો બંધનું કારણ કેમ નથી? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માનો સ્વભાવ, તેનાથી શક્તિની વ્યક્તિ પ્રગટ થાય છે, તો તો જેવો શક્તિ સ્વભાવ છે, એવી અંદર સમ્યગ્દર્શન પ્રતીત, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર લીનતા, અનાકુળ આનંદનું વેદન (થવા), એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. તો જેવો સ્વભાવ છે એવી વ્યક્તતા થઈ. સમજાણું કાંઈ? એ કોઈ બહારની વસ્તુ નથી.

ભગવાનઆત્મા જ્ઞાન-દર્શન-આનંદ સ્વભાવ છે. એની અંતરદૃષ્ટિ કરીને જે સમ્યગ્દર્શન થયું, એ સ્વભાવ જ થયો. સ્વભાવ શક્તિરૂપ હતો એ પ્રગટરૂપ થયો. સમ્યગ્જ્ઞાન થયું તે જ્ઞાન શક્તિરૂપ હતું તે પ્રગટરૂપ થયું. સ્વસંવેદનજ્ઞાન. અને ચારિત્ર પણ જે શક્તિરૂપ હતું, તેની સ્થિરતા કરીને અનાકુળ શાંતિ ઉત્પન્ન થવી એ પણ શક્તિની વ્યક્તતા થઈ. એ કોઈ બીજો કષાયયોગ નથી. સમજાણું કાંઈ?

આત્મા જે શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેની અનુભવમાં પ્રતીત, જ્ઞાન, રમણતા એ ત્રણ જે મોક્ષનો માર્ગ છે, એ મોક્ષનો માર્ગ છે અર્થાત્ તે બંધનો માર્ગ નથી. કેમ નથી? કારણ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માના શક્તિ સ્વભાવમાંથી પ્રગટ થયા, વ્યક્ત દશા પ્રગટ થઈ એ ભાવ છે. એ યોગ અને કષાયરૂપ નથી. એ ૨૧૫ ગાથામાં ચાલ્યું. સમજાણું કાંઈ?

યોગ એટલે પ્રદેશનું કંપન અને કષાય એટલે શુભ-અશુભ વિકારભાવ. તો જે યોગ–પ્રદેશનું કંપન છે એ નવા કર્મ આવવામાં પ્રકૃતિ અને પ્રદેશ–કર્મનો સ્વભાવ અને તેના પ્રદેશની સંખ્યા એ આવે છે પોતાના કારણે પણ તેમાં આત્માનું પ્રદેશ કંપન નિમિત્ત પડે છે. સમ્યગ્દર્શન-

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જ્ઞાન-ચારિત્ર યોગ નથી. સમજાણું કાંઈ? અને જે નવા કર્મ આવે છે એમાં સ્થિતિ અને રસ પડે છે, એ કષાયથી છે, શુભાશુભ પરિણામથી પડે છે, તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કષાયરૂપ નથી. સમજાણું કાંઈ? એ ૨૧૫ ગાથામાં છે. ગાથા ચાલીને? જુઓ!

**योगात्प्रदेशबन्धः स्थितिबन्धो भवति तु कषायात्।**
**दर्शनबोधचरित्रं न योगरूपं कषायरूपं च ।।२१५।।**

કહો, સમજાણું? ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ વસ્તુ છે. પુણ્ય-પાપનો જે ભાવ થાય છે એ તો આસ્રવતત્ત્વ, મલિનતત્ત્વ છે અને કર્મ-શરીર એ તો અજીવતત્ત્વ છે. તો અજીવતત્ત્વની રુચિ છોડીને, અજીવ હું છું એવી રુચિ છોડીને, અજીવ-અજીવતત્ત્વની શ્રદ્ધા છે, એ તો જીવ સ્વભાવમાં નથી એવી શ્રદ્ધા છે. અને પુણ્ય-પાપની શ્રદ્ધા પુણ્ય-પાપરૂપથી છે પણ પુણ્ય-પાપ હું છું એવી શ્રદ્ધા નથી. પુણ્ય-પાપ મારા સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ ? આજે 'ફૂલચંદજી'ને હિન્દી (પ્રવચન) ઠીક પડશે. પહેલા બધું ગુજરાતી ચાલતું હતું. કહો, સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાનાનંદની મૂર્તિ શક્તિ સ્વભાવ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ (છે). એ યોગરૂપ અને કંપન કષાયરૂપ સ્વભાવ નથી. અને એ સ્વભાવની શક્તિની વ્યક્તતા થઈ એ પણ યોગ અને કષાયરૂપ નથી. સમજાણું કાંઈ? વસ્તુ જે વસ્તુ આત્મા છે, આત્મા એ યોગ કષાયરૂપ નથી. સમજાણું કાંઈ? યોગ, કષાયરૂપ નથી, અજીવરૂપ નથી. હવે અહીં તો આપણે યોગ કષાયની વાત ચાલે છે. તો આત્મા જે જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે એ અજીવરૂપ નથી એની અહીં વાત નથી કરવી. હવે યોગ અને કષાયરૂપ ભાવ છે, કંપન અને પુણ્યપાપના ભાવ, એ રૂપ આત્મા નથી. એવા આત્માની અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન અને અનાકુળ આનંદની રમણતા કરવાથી, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ વસ્તુમાં યોગ અને કષાય નથી. વસ્તુમાં યોગ ને કષાય નથી તો વસ્તુમાં છે શું? એમાં જ્ઞાન અને આનંદ, શ્રદ્ધા અને શાંતિ આદિ સ્વભાવ છે. તેની અંતર સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કરીને, સમ્યગ્દર્શન પ્રગટ થયું, એ સ્વભાવમાંથી થયું તો શક્તિની વ્યક્તતા થઈ. સમજાણું કાંઈ? અને સમ્યગ્જ્ઞાન થયું તે જ્ઞાન છે, તે શક્તિરૂપે છે. તેની એકાગ્રતા થઈ તો સમ્યક્જ્ઞાન થયું તો તે પણ શક્તિની વ્યક્તતા થઈ, શક્તિની પ્રગટતા થઈ. સમજાણું કાંઈ? અને આત્મામાં શાંતિ છે. શાંતિ અને આનંદ છે તેની એકાગ્રતા કરવાથી ચારિત્રમાં શાંતિ અને આનંદ પ્રગટ થયા એ શક્તિની વ્યક્તતા થઈ. સમજાણું કાંઈ? 'રાજેન્દ્રજી'! સમજાય છે કે નહિ? થોડું થોડું. એય..! 'શેઠી'! એવું કેમ છે? પરિચયમાં નથી.

ભગવાનઆત્મા અહીં તો શક્તિ–સ્વભાવ, એની વ્યક્તતા (થઈ) એ પણ સ્વભાવ (છે), ભાઈ! એ પ્રગટ (થયા એમ) કહેવું છે. તો ભગવાનઆત્મા... એનો ખુલાસો ૨૧૬ ગાથામાં કરશે. આત્માની સિદ્ધિ, મુક્તિ, તેનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તો સમ્યગ્દર્શન-

www.vitragvani.com



જ્ઞાન-ચારિત્ર ચીજ શું છે? કે એ યોગ અને કષાયરૂપ નથી. સમજાણું કાંઈ? કેમ કે યોગ છે એ કંપનરૂપ છે અને કષાય મલિન પરિણામરૂપ છે. તો એ આત્મા એવો નથી, તો એની શ્રદ્ધા-જ્ઞાનશક્તિ જે વ્યક્ત થઈ એ પણ એવી નથી. 'દેવીલાલજી'! સમજાણું કાંઈ?

જે આત્માની શ્રદ્ધા કરી કે આત્મા એ કંપનરૂપ નથી, કષાયરૂપ નથી, અજીવરૂપ નથી. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ આનંદ આદિ સ્વભાવ સંપન્ન છે. 'ફૂલચંદજી'! તમને સવારમાં કહ્યું હતું કે સ્વભાવ અભિન્ન છે અને પરથી (ભિન્ન છે). એમાંથી એક શબ્દ પકડી લીધો. પરથી ભિન્ન. તો પર શું? જે કંપન થાય છે અને કષાયભાવ છે, અજીવ છે એનાથી ભિન્ન છે અને પોતાના આનંદ આદિ જ્ઞાન સ્વભાવથી અભિન્ન છે. આવા અભિન્ન સ્વભાવની અંતર સન્મુખ થઈને સમ્યગ્દર્સ-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય ઉત્પન્ન થયો એ તો સ્વભાવ જ ઉત્પન્ન થયો. એ તો સ્વભાવ જ ઉત્પન્ન થયો. શક્તિ હતી એ પ્રગટ થઈ. તેમાં યોગ, કષાય નથી. આ તો બહુ સાદી ભાષા છે. 'રાજેન્દ્રજી'! અભ્યાસ નથી? તમારે તો કોઈ બાલ-બચ્ચા નથી. તો એટલા રોકાવ છો શા માટે?

કહે છે, ભગવાનઆત્મા એ સ્વભાવસ્વરૂપ છે, વિભાવરૂપ નથી. કંપનરૂપ નથી. એ યોગ વિભાવ છે. એવો સ્વભાવ જે ભગવાન એનું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મુક્તિનો માર્ગ, પૂર્ણ શુદ્ધિનો માર્ગ છે, એ બંધનું કારણ નથી. કેમ કે એ યોગ અને કષાયરૂપ નથી. કહો, 'ધન્નાલાલજી'! હવે યોગ-કષાયથી શું થાય છે એનો ખુલાસો ચાલે છે. આત્મામાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ તો મોક્ષનું કારણ થયું. એ તો છૂટવાનો ઉપાય થયો. સાથે યોગ, કષાય છે એ શું છે? સમજાણું કાંઈ?

યોગ જે કંપન છે, એ નવી પ્રકૃતિ-પરમાણુ જે આવે છે એનો સ્વભાવ અને એની પ્રદેશ સંખ્યા, એમાં એ નિમિત્ત થાય છે. મોક્ષમાં નિમિત્ત નથી થતાં. બંધનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? અને જે રાગાદિ કષાય થયા એ શેમાં નિમિત્ત થાય છે? એ મોક્ષનું તો કારણ નથી. મોક્ષનું કારણ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તો એ કષાય શેમાં નિમિત્ત થાય છે? કે બંધમાં. કેવા બંધમાં? કે જે પ્રકૃતિ પ્રદેશ પરમાણુમાં આવ્યા, એમાં સ્થિતિ અને અનુભાગનું નિમિત્ત કષાય છે. સમજાણું કાંઈ? બંધનમાં નિમિત્ત આ પ્રકારે યોગ અને કષાય છે. મોક્ષનું કારણ, એ નિમિત્ત કહો કે કારણ કહો, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. સમજાણું કાંઈ? વળી વચમાં નિમિત્ત આવ્યું.

મોક્ષના માર્ગમાં એને મોક્ષનું નિમિત્ત કીધું. એ વળી અંદરથી આવી ગયું. કેમ નિમિત્ત છે? કે મોક્ષની પર્યાય, મોક્ષનો માર્ગ છે એ વ્યય થઈને મોક્ષ થાય છે. તો ખરેખર તો એ મોક્ષનું નિમિત્ત થયું. મોક્ષનું ખરું કારણ તો દ્રવ્ય સ્વભાવ થયો. સમજાણું કાંઈ? ભાઈ! એ નિમિત્ત કીધું. વ્યવહાર કીધો ને? વ્યવહાર છે ઇ. પર્યાય થઈ, પર્યાય એ મોક્ષનું કારણ છે તો વ્યવહાર છે. વ્યવહાર એટલે નિમિત્ત થયું. ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ છે એ નિશ્ચયથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

મોક્ષનું ઉપાદાન કારણ છે. સમજાણું કાંઈ? આ આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો મોક્ષનું નિમિત્ત કારણ છે. ત્યારે યોગ અને કષાય નવા બંધમાં નિમિત્ત છે. સમજાય છે કાંઈ? ભાવ તો હિન્દીમાં આવ્યા. ભાવ તો જે હશે એ જ આવશે ને. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, આઠ કર્મની પ્રકૃતિ જે છે. પ્રકૃતિ એટલે સ્વભાવ. જે જ્ઞાનાવરણીય જ્ઞાનમાં, પર્યાયમાં રોકાવાનું નિમિત્ત એવો સ્વભાવ. એ સ્વભાવમાં નિમિત્ત કોણ છે? કે યોગ. આઠ કર્મની પ્રકૃતિ એટલે સ્વભાવમાં નિમિત્ત કોણ છે? કે યોગ. આઠે પ્રકૃતિના પરમાણુની સંખ્યામાં નિમિત્ત કોણ છે? કે યોગ. હવે આઠે પ્રકૃતિની સ્થિતિ, રસમાં નિમિત્ત કોણ છે? કે કષાય. તો એ નામકર્મની વાત છે. સ્વભાવની વાત ચાલી. પછી પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ બાકી છે. જુઓ!

**'નામકર્મનો સ્વભાવ...'** છે? **'નામકર્મનો સ્વભાવ...'** હોં! આમ ભગવાનઆત્માનો સ્વભાવ. (મોક્ષમાર્ગની) પર્યાયનું એ કારણ સ્વભાવ. આ પ્રકૃતિનો સ્વભાવ ઉપાદાન, તેમાં યોગ નિમિત્ત છે, યોગ નિમિત્ત છે. આત્માનો મોક્ષમાર્ગ સ્વભાવ એમાં એ નિમિત્ત નથી. સમજાય છે કાંઈ? સ્વભાવની વાત... કાલે આયુષ્ય સુધી લઈ ગયા. **'નામકર્મનો સ્વભાવ ચિત્રકાર સમાન છે.'** ચિત્રકાર ચિત્ર કરે છે ને? **'જેમ ચિત્રકાર જુદી જુદી જાતના અર્થાત્ કોઈવાર મનુષ્યનું, કોઈવાર ઘોડાનું, કોઈવાર હાથીનું ચિત્ર બનાવે છે, તેવી જ રીતે નામકર્મ પણ આ જીવને કોઈવાર માણસ બનાવે છે,..'** શરીરના રજકણ બનવામાં નામકર્મ નિમિત્ત છે એમ કહેવું છે. નામકર્મ બનાવે છે એનો અર્થ છે કે રજકણના પુદ્ગલની જે આકૃતિ હોય છે એમાં નામકર્મના પરમાણુ નિમિત્ત પડે છે. સમજાણું કાંઈ? એમાં આત્માનો સ્વભાવ નિમિત્ત નથી પડતો. તેમાં કષાય, યોગ નિમિત્ત પડે છે એ વાત કહેવી છે. યોગ ભિન્ન છે, આત્મસ્વભાવ ભિન્ન છે. અથવા યોગ ભિન્ન છે, મોક્ષમાર્ગની પર્યાય ભિન્ન છે. 'પોપટભાઈ'! આ બધું સમજવું પડશે, હોં! થોડે-થોડે નહિ ચાલે.

**'કોઈવાર ઘોડો બનાવે છે, કોઈવાર કાણો,...'** કાણો બનાવે છે ને? એ નામકર્મની રચના છે ને આ? **'કોઈવાર બહેરો, કોઈવાર લૂલો ઇત્યાદિ પ્રકારે અનેકરૂપ બનાવે છે.'** એ નામકર્મનો સ્વભાવ છે, નામકર્મનો સ્વભાવ છે. એ સ્વભાવમાં યોગ નિમિત્ત પડે છે, બસ એટલું. આત્માનો સ્વભાવ નિમિત્ત નથી અને આત્માનો મોક્ષમાર્ગ એમાં નિમિત્ત નથી. સમજાણું કાંઈ?

**'ગોત્રકર્મનો સ્વભાવ કુંભાર જેવો છે, જેમ કુંભાર કોઈવાર નાનું વાસણ બનાવે છે...'** વાસણ. **'નાનું વાસણ બનાવે છે અને કોઈવાર મોટું વાસણ બનાવે છે, તેમ ગોત્રકર્મ પણ આ જીવને કોઈવાર ઉચ્ચ કુળમાં અને કોઈવાર નીચ કુળમાં પેદા કરે છે.'** નાના-મોટા કરે છે.

**'અન્તરાયકર્મનો સ્વભાવ...'** કર્મમાં સ્વભાવ પડે છે એ તો એની પર્યાયનો સ્વભાવ છે, હોં! યોગ તો નિમિત્ત છે. એ પરમાણુમાં એ સમયમાં એવા સ્વભાવ પડવાની પર્યાયની યોગ્યતાથી થાય છે. જે પરમાણુમાં કર્મની સ્વભાવની શક્તિ છે એ જ કર્મરૂપે પરિણમે

www.vitragvani.com



છે. એ યોગથી થયું છે એમ નથી. સમજાણું કાંઈ? એ તો ઉપાદાન એનું છે તો એનાથી થયું છે. યોગ તો માત્ર નિમિત્ત છે. મોક્ષમાર્ગ છે એ નિમિત્ત નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? ભગવાનઆત્માની અંતર્મુખ દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા એ તો મુક્તિનું જ કારણ છે. અને યોગ અને કષાય સાથે રહ્યા છે એ બંધનું કારણ છે. બસ, આ બે વાત ભેદથી કહી છે. બંધનું કારણ છે એ મોક્ષનું કારણ નથી, મોક્ષનું કારણ છે એ બંધનું કારણ નથી.

**'અન્તરાયકર્મનો સ્વભાવ ભંડારી જેવો છે. જેમ રાજા કોઈને કાંઈક ઈનામ વગેરે આપતા હો અને ભંડારી તેને આપવા દેતો નથી, તેવી જ રીતે અંતરાય કર્મ પણ આત્માને પ્રાપ્ત થનાર પદાર્થોમાં અને પ્રકારનાં વિઘ્ન નાખીને...'** નિમિત્ત હોય છે. પદાર્થ આવે છે તો એમાં નિમિત્ત થાય છે, એટલો એનો સ્વભાવ છે. **'તે પદાર્થ પ્રાપ્ત થવા દેતું નથી. - આ રીતે આઠે કર્મોનો સ્વભાવ છે. એ પોતપોતાના સ્વભાવ સહિત જીવ સાથે સંબંધ કરે છે.'**

આ જગતને બહુ કઠણ પડે છે. ... સમજાણું? એ પ્રશ્ન ઉઠ્યો હતો. તે દિ' (સંવત) ૧૯૯૨માં પેલા 'ત્રિલોકચંદજી'. આ કઈ રીતે હોઈ શકે? ઈશ્વરની શ્રદ્ધા. સાધુ થઈ ગયો, સાધુ. આજે સવારે રસ્તામાં વાત કરી હતી. એ સ્થાનકવાસી સાધુ થઈ ગયા. પાંચ વર્ષથી પંડિત થઈ ગયો. પણ એને આ શ્રદ્ધા. પહેલો પ્રશ્ન એ કહ્યો હતો. એને કેવળજ્ઞાન ઉડાડવું હતું કે કેવળજ્ઞાનીએ દીઠું એમ થાય તો પુરુષાર્થ ક્યાં રહ્યો? એમ પ્રશ્ન કર્યો. સાધુ હતો, છોડીને બેઠો હતો. પછી ૧૯૯૨માં આપણે 'હીરાભાઈ'ના મકાનમાં 'દ્રવ્યસંગ્રહ' ચાલતું હતું. ત્યાં કહ્યું કેવળજ્ઞાન હોય તો કેવળજ્ઞાનીએ દીઠું એમ થાય. ૧૯૯૨ની સાલની વાત છે. પુરુષાર્થ ન રહ્યો.

મેં કીધું, કેવળજ્ઞાનને માનો છો? કેવળજ્ઞાનને માનો છો? પહેલા તમારો પ્રશ્ન એમ થયો કે કેવળજ્ઞાનીએ દીઠું એમ થાય તો પુરુષાર્થ ક્યાં રહ્યો? તો પહેલો પ્રશ્ન, કેવળજ્ઞાની છે એમ તો તમે નક્કી કર્યું. તો તમે કેવળજ્ઞાનને માનો છો? સમજાણું કાંઈ? તો કહ્યું, એ કાંઈ મારો પ્રશ્ન નથી. પણ પ્રશ્ન જ તારો આ છે. કેવળજ્ઞાની છે, એણે દીઠું છે એમ થશે, તો અમારો પુરુષાર્થ ક્યાં રહ્યો? તેનો અર્થ એ કે તમે કેવળજ્ઞાની માનતા નથી તો કેવળજ્ઞાન થઈ શકે કે નહિ, એ પ્રશ્ન કરો. કેવળજ્ઞાની છે ને થઈ શકશે કે નહીં? કેવળજ્ઞાની છે અને એમણે જોયું છે, તો પુરુષાર્થ ક્યાં રહ્યો? પાધરો એવો પ્રશ્ન કરો છો? તમારે કેવળજ્ઞાનને ઉડાડવું છે. સમજાણું કાંઈ ? 'જેઠાભાઈ'! ભારે કુંચી ગડબડવાળી.

ત્યાર પછી બીજો પ્રશ્ન કર્યો કે, પણ આ કર્મનો ઉદય આવે, અશાતાનો ઉદય આવે છે અને બહાર બળદ નીકળે અને એના શીંગડા વાગી જાય. શીંગડા કહે ને? સીંગ, સીંગ. એ શીંગડા વાગે અને અશાતાને ઉદયને કઈ રીતે ખબર પડી કે આમ શીંગડા લાવવા અને શીંગડાને કઈ રીતે ખબર પડી કે અશાતાનો ઉદય આવે છે તો મારે જવું? 'સેઠી'!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ન્યાંથી શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ગઈ. જૈનની શ્રદ્ધા રહી નહિ. આ બેમાં મેળ કરાવનાર કોઈ ઇશ્વર હોવો જોઈએ.

અહીં કહે છે એ એમ નથી. પદાર્થમાં એવો જ કોઈ નિમિત્ત-નિમિત્ત સ્વભાવ છે કે જ્યારે અહીંયા શરીરમાં એ જાતની રચના થવાની હોય ત્યારે એને નામકર્મનું નિમિત્ત હોય છે. સમજાણું કાંઈ? નિમિત્ત હોય છે. નિમિત્તને ખબર નથી કે આવું અહીં રચાય. પરમાણુને ખબર નથી કે આ હું રચું, આ નિમિત્ત આવ્યું માટે. 'સેઠી'! એમ અશાતાનો ઉદય આવવાનો હોય તો એને કાંઈ ખબર નથી કે આ શીંગડું આવશે. પણ ત્યાં આ શીંગડાનો અને આનો મેળ ખાય જાય. આ નિમિત્ત છે ને પેલું નૈમિત્તિક છે, બસ. એ વસ્તુનો નિમિત્ત-નૈમિત્તિક સ્વભાવ જ એવો છે. એમ આ કર્મનો સ્વભાવ થતાં જ આત્માનું પ્રકૃતિ, પ્રદેશમાં યોગનું નિમિત્ત પડે છે. એવો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ યોગથી એમાં પડે છે, એમ નથી. સમજાય છે કાંઈ? સ્વતંત્ર છે. પોતપોતાની ઉત્પાદ-વ્યય પર્યાયથી સ્વતંત્ર છે કે નહિ?

હવે એને કહે છે, પ્રદેશબંધની વ્યાખ્યા છે. પરમાણુમાં પ્રદેશ પડે છે. કેટલી સંખ્યામાં? અનંત. આટલામાં પણ અનંતગુણો ફેર હોય. એમાં યોગ નિમિત્ત છે. યોગને ખબર નથી કે અહીં આટલા પ્રદેશ આવે તો ઠીક અને આટલા પ્રદેશ આવે છે એને યોગની ખબર નથી. પણ એવો જ નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. સમજાણું કાંઈ? આ બધી હમણા ગડબડ છે ને? નહિ, એને નિમિત્ત એવું આવ્યું તો થયું, નિમિત્ત આવ્યું તો એમ થયું. એમ છે જ નહિ. નિમિત્ત તો ત્યારે કહેવાય કે જ્યારે નૈમિત્તિક પર્યાય છે તો નિમિત્ત કહેવામાં આવે છે. તો નિમિત્તથી થયું એ આવ્યું ક્યાંથી?

પ્રદેશબંધ વર્ણન. જુઓ! અહીં શું કહેવું છે? પરમાણુનું જેટલી સંખ્યામાં આવવું થાય છે એ પોતાની યોગ્યતાથી આવે છે. એમાં યોગ, કંપન નિમિત્ત પડે છે. યોગને ખબર નથી કે આટલા પ્રદેશ આવે તો ઠીક. છે? અને પ્રદેશ આવે છે એને ખબર નથી કે આ યોગ છે માટે મારે આટલા પ્રદેશમાં આવવું. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? **'આત્માના અસંખ્યાત પ્રદેશોમાંથી એક એક પ્રદેશ સાથે કર્મના અનંતાનંત પરમાણુ બંધાય...'** છે. આત્માનો એક પ્રદેશ. અસંખ્ય પ્રદેશી આત્મા છે. એક એક પ્રદેશ ઉપર અનંત કર્મની વર્ગણા પડી છે. છે ભિન્ન તત્ત્વ, છે ભિન્ન તત્ત્વ. આત્મા ભિન્ન તત્ત્વ, એ પરમાણુ ભિન્ન તત્ત્વ. પણ ઉપર છે. અનંતાનંત **'કર્મના પરમાણુ, બન્ને એકક્ષેત્રાવગાહ થઈને રહે તેને પ્રદેશબંધ કહે છે.'** કહો, સમજાય છે કાંઈ? એ વાત થઈ યોગના નિમિત્તની. 'જેઠાલાલભાઈ'! યોગનું નિમિત્ત કેવું છે, તો નિમિત્ત કેવું આવવું, એને કાંઈ ખબર નથી. યોગ એ અજ્ઞાન છે. અજ્ઞાન સમજ્યા? યોગમાં જ્ઞાન નથી. યોગ કંપન છે એમાં જ્ઞાન નથી અને પરમાણુ પ્રદેશરૂપ અને સ્વભાવરૂપ આવે છે તેને પણ જ્ઞાન નથી, એ પણ અજ્ઞાન છે. 'પવનકુમારજી'! સમજાણું? જ્ઞાનસ્વરૂપ તો ભગવાન છે, પેલા બન્ને અજ્ઞાન છે. તો આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કઈ

www.vitragvani.com



રીતે થયો? એ સ્વતઃ સ્વભાવ છે. સમજાય છે કાંઈ? હવે આવ્યું કષાય. હવે કષાય જે આત્મામાં થાય છે, આત્મા...

મુમુક્ષુ :–

ઉત્તર :— બધા સ્વતંત્ર જ છે. બધા સ્વતંત્ર છે, કોઈ કોઈને પરાધીન નથી અને પરને આધીન આત્મા થાય છે એ પણ પોતાની સ્વતંત્રતાથી થાય છે. પર આધીન કરે છે એમ નથી. સમજાય છે કાંઈ? હવે અહીં તો સ્થિતિબંધનું વર્ણન કરે છે.

કર્મમાં જે મુદ્દત પડે છે ને? મુદ્દત. એ તો પોતાની પર્યાયની યોગ્યતાથી પડે છે સમજાય છે કાંઈ? કષાયને કારણે નહિ. કષાય તો નિમિત્ત છે. નિમિત્તને કારણે એમાં સ્થિતિ પડે છે? કેમ? એમ કહે છે ને કે જેવો કષાય હોય એવી સ્થિતિ અને રસ પડે. સ્થિતિ અને રસ તો એની પર્યાય એનામાં છે. આ નિમિત્તને કારણે એમાં પડે છે? એ પરમાણુ જે આવવાવાળા છે એમાં સ્થિતિના યોગવાળા જેટલા પરમાણુ અમુક સ્થિતિના છે તે આવે છે. એમાં કષાયને નિમિત્ત કહેવામાં આવે છે. કષાયને ખબર નથી કે આવી સ્થિતિમાં એમાં પડશે અને પરમાણુની સ્થિતિને ખબર નથી કે આવો કષાય સાથે છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

એક ભગવાન જ્ઞાનસ્વરૂપ સિવાય કષાય અજ્ઞાન છે, કષાય અજ્ઞાન છે, અજ્ઞાન એટલે જ્ઞાન નથી. પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાન નથી, અજ્ઞાન છે, અચેતન છે. અને જે પરમાણુ આવે છે, સ્થિતિરૂપ પડે છે તે પણ અચેતન અજ્ઞાન જડ છે. પણ એ પર્યાયનો એવો કોઈ સ્વભાવ છે કે એ સ્થિતિમાં પડવાવાળા પરમાણુ ત્યાં આવે છે. એ સ્થિતિ જેટલી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયની પ્રકૃતિમાં પડવાની છે એવા જ પરમાણુ ત્યાં પોતાની યોગ્યતાથી તે સમયે આવે છે. સમજાય છે કાંઈ? આહા..!

**'જે કર્મ (જીવની સાથે રહેવાની) પોતાની સ્થિતિસહિત બંધાય...'** લ્યો. કર્મ જે આવે છે તે પોતાની મુદ્દત રાખીને બંધાય છે. **'તેને સ્થિતિબંધ કહે છે. જેમ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય–આ ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ક્રોડાક્રોડી સાગરની છે...'** શું કહે છે? ચાર કર્મની મુદ્દત પડે છે તો ૩૦ ક્રોડા ક્રોડીની ઉત્કૃષ્ટ સ્થિતિ (પડે). ૩૦ ક્રોડાક્રોડી કોને કહે? ૩૦ ક્રોડાક્રોડી. એક ક્રોડાક્રોડી નહિ, ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ. એક સાગરોપમ એવા ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમ. એ સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એમ જે જ્ઞાનાવરણીય, દર્શનવારણીય જે કર્મ છે તે તેની ઉત્કૃષ્ટ સ્થિતિમાં આવવાના છે તે જ પરમાણુ ત્યાં આવે છે. આહાહા..! એય..! મોટી સંખ્યા થઈ ગઈ. અનંતકાળની સામે આ મોટી સંખ્યા ક્યાં રહી? ૩૦ ક્રોડાક્રોડી સ્થિતિ ચાર કર્મની પડે છે. ઉત્કૃષ્ટ ક્રોડાક્રોડી સાગર, જુઓ તો ખરા.

**'મોહનીય કર્મમાંથી દર્શનમોહનીયની ૭૦ ક્રોડાક્રોડીની...'** ૭૦ ક્રોડાક્રોડી. સત્તર, તમારી

www.vitragvani.com



ભાષામાં. સાત ચોવીશી. **'ચારિત્રમોહનીયની ૪૦ ક્રોડાક્રોડી...'** એટલે ચાર ચોવીશી. એ ચારિત્રમોહનીયની પ્રકૃતિની જે સ્થિતિ થવાને યોગ્ય પરમાણુ છે તે જ ત્યાં આવે છે. અને દર્શનમોહનીયમાં જે પરમાણુ સીત્તેર ક્રોડાક્રોડીની સ્થિતિની યોગ્યતાવાળા છે તે જ પરમાણુ ત્યાં આવે છે. આ કષાયને કારણે ત્યાં સ્થિતિ પડી એમ નથી. અરે.. અરે..! કષાયભાવ તો પોતામાં છે અને સ્થિતિ પડી છે તે કર્મમાં સ્થિતિ પડી છે. કર્મની સ્થિતિમાં તો નિમિત્ત છે. નિમિત્તે એમાં સ્થિતિ પાડી એમ નથી. આહા..હા...! કર્મની વાતના પણ ઠેકાણા નહિ. કષાય થયો તો કર્મ આવે છે, કષાય થયો તો સ્થિતિ પડી. શાસ્ત્રમાં એમ ભાષા આવે, લ્યો. કષાય એટલે સ્થિતિ, રસ. પણ એ તો એવું નિમિત્ત અહીં છે તો એવું નૈમિત્તિક એને કારણે હોય છે. સ્વતંત્ર સ્વભાવનો ઢંઢેરો પીટ્યો છે. કહો, સમજાય છે?

મુમુક્ષુ :– કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર પરિણમે છે?

ઉત્તર :– કથંચિત્ પરતંત્ર જરીયે નહિ. સ્વતંત્ર છે અને પરતંત્ર નથી, એનું નામ અનેકાંત છે. કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર, એ તો ફૂદડીવાદ થયો. સ્વતંત્ર છે અને પરતંત્ર નથી, એનું નામ અનેકાંત. ક્રમબદ્ધ છે અને એથી વિરૂદ્ધ અક્રમ નથી, એનું નામ (અનેકાંત છે). પર્યાય (ક્રમસર છે), હોં! ગુણ અક્રમ છે.

**'નામ અને ગોત્રકર્મની સ્થિતિ ૨૦ ક્રોડાક્રોડી સાગરની છે.'** જુઓ! નામ અને ગોત્રની ૨૦ ક્રોડાક્રોડી (સ્થિતિ) એમાં કોણ પાડે છે? માણસ એમ કહે, આ કષાય થયો એટલે પડી. કષાય તો નિમિત્ત છે. એ પરમાણુ જે ગોત્રકર્મ થવા લાયક છે તેમાં વીસ ક્રોડાક્રોડી સ્થિતિ પડે એવી એ પરમાણુની વર્તમાન પર્યાયની લાયકાત છે. કષાય તો નિમિત્ત છે. આહાહા...! ભારે ઝીણું, ભાઈ!

મુમુક્ષુ :– કષાયથી પડતી હોત તો બધાની સરખી પડવી જોઈતી હતી, બધામાં જુદી પડે છે..

ઉત્તર :– હા, એ કહેશે, એ કહેશે.

**'આયુકર્મની સ્થિતિ ૩૩ સાગરની છે. આ બધાની ઉત્કૃષ્ટ સ્થિતિ થઈ.'** આયુકર્મની ૩૩ સાગર. સ્વર્ગ અને નરક. એ આયુષ્યની સ્થિતિ પડવાને લાયક જે પરમાણુ છે તે પોતાને કારણે સ્થિતિ પડે છે. એમાં કષાય નિમિત્ત થાય છે. એમાં મોક્ષનો માર્ગ નિમિત્ત થતો નથી, એ સિદ્ધ કરવું છે. મોક્ષનો માર્ગ તો અબંધ પરિણામ ભગવાનઆત્મા... એ કહેશે, પોતાની શ્રદ્ધા, પોતાના સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપનો અનાકુળ આનંદ, એ પર્યાય બંધમાં નિમિત્ત નથી. એ પર્યાય તો મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ?

(હવે) જઘન્ય સ્થિતિનું વર્ણન કરે છે. સમજ્યા? **'જઘન્ય સ્થિતિ નામ-ગોત્રની આઠ મુહૂર્ત,...'** કહો, એ કોણ પાડે છે? નામ, ગોત્રની થોડામાં થોડી સ્થિતિ આઠ મુહૂર્તની. પરિણામ તો એ જાતના છે. દસમા ગુણસ્થાનમાં લોભનો એક પરિણામ એક ભાગનો છે અને છ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કર્મ બંધમાં પડે છે. એમાં નામ, ગોત્રની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્તની પડે છે. પરિણામ તો એક જ છે. લોભના પરિણામ, દસમે ગુણસ્થાને લોભના પરિણામ એક સરખા છે. છતાં નામ અને ગોત્રમાં આઠ મુહૂર્તની, **'વેદનીયની બાર મુહૂર્ત, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય અને આયુ એ પાંચ કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે.'** કોણ પાડે છે? પરિણામ તો એક જ છે, લોભ. દસમા ગુણસ્થાને સંજ્વલનનો લોભ એક છે. અને આ ચાર, નામ અને ગોત્રની આઠ મુહૂર્તની, વેદનીયની બાર મુહૂર્તની, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાયની અંતર્મુહૂર્તની. મોહનીયની તો છે નહિ. નીચે નવમે મોહનીય છે એ અંતર્મુહૂર્તની. નવમા ગુણસ્થાનમાં મોહનીયની સ્થિતિ અંતર્મુહૂર્તની, દસમે મોહનીય છે નહિ. સમજાણું કાંઈ? વસ્તુ એવી છે કે એને સ્વતંત્ર પર્યાયપણે નક્કી કરે ત્યાં સુધી એની વ્યવસ્થા આત્માની દૃષ્ટિમાં સાચી આવશે નહિ. સાચી નહિ આવે, વિપરીત થશે. જેવું છે તેવું ન માન્યું તો દૃષ્ટિ વિપરીત છે. વિપરીત દૃષ્ટિ અસત્‌દૃષ્ટિ છે. અસત્ દૃષ્ટિ તો મહા બંધનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ?

**'મધ્યમસ્થિતિના અનંત ભેદ છે.'** એમ લીધું છે. અસંખ્ય ભેદ છે. અનુભાગની અપેક્ષાએ અનંત, સ્થિતિની અપેક્ષાએ અસંખ્ય છે. **'આ પ્રકારે સ્થિતિબંધનું નિરૂપણ કર્યું.'** હવે છેલ્લો અનુભાગ બંધ. રસ પડે ને? રસ.

**'કર્મોમાં જ ફળ દેવાની શક્તિ...'** શબ્દ જુઓ! જ્ઞાનાવરણીય આદિમાં અનુભાગ ફળ દેવાની શક્તિ. કોને ફળ આપે છે? કર્મ જે સત્તારૂપ છે એ પાકરૂપ થયા તે પોતાની પર્યાયમાં ફળ, રસ આવ્યો એને ફળ દેવાની શક્તિ કહે છે. શું આત્માને ફળ આપે છે? 'અમરચંદભાઈ'! ભાષા શું કરે શાસ્ત્રની? **'કર્મોમાં જે ફળ દેવાની શક્તિ હોય છે તેને જ અનુભાગબંધ કહે છે. આ અનુભાગબંધ ઘાતીકર્મોનો તો કેવળ અશુભરૂપ જ હોય છે...'** ચાર ઘાતિકર્મ છે ને? એકલા પાપનો બંધ છે. અહીં તો સિદ્ધ કરવું છે કે એ પાપના બંધમાં કષાયનો બંધ પડે છે. જેટલો કષાય છે તેટલો ઘાતિકર્મમાં અશુભ બંધ પડવામાં નિમિત્ત છે. આત્માનો મોક્ષમાર્ગ નિમિત્ત નથી, બસ, આ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? ઓહો..!

**'અઘાતીકર્મોનો શુભરૂપ અને અશુભરૂપ બન્ને પ્રકારનો હોય છે. જેમ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય - એ ચાર કર્મોનો લતા-લાકડું-હાડકાં અને પથ્થરરૂપ ક્રમથી વધતો વધતો બંધ થાય છે...'** એ રસનો ભાગ છે. થોડો રસ, વધારે રસ, વધારે વધારે. એમ. **'નામ, ગોત્ર, વેદનીય, આયુ - આ ચાર કર્મોનો જો શુભરૂપ હોય તો ગોળ, ખાંડ, સાકર અને અમૃત...'** એમાં એની યોગ્યતા, હોં! કર્મની ફળ દેવાની શક્તિનું રસ દેવાનું પરિણમન પોતાને કારણે થયું છે. કષાય તો નિમિત્તમાત્ર છે. શુભ-અશુભભાવ નિમિત્તમાત્ર છે. કહો, સમજાય છે કાંઈ? **'અને જો અશુભરૂપ હોય તો લીંબડો, કાંજી,...'** કાળીજીરી કહે છે ને? કાળીજીરી. **'વિષ...'** ઝેર **'અને હળાહળ...'** એ રસ પડે છે. **'આ**

**રીતે આ બધાં કર્મોનો વિપાક થયા કરે છે. આ રીતે ચારે પ્રકારના બંધનું વર્ણન કર્યું.'** અહીંયા તો ૨૧૫ ગાથામાં એમ કહ્યું કે, યોગ, પ્રદેશ, કષાય, સ્થિતિ. એવા બે શબ્દ આવ્યા. મૂળપાઠમાં બે છે. પણ પ્રદેશની સાથે,.. સમજ્યા? પ્રકૃતિમાં પ્રદેશ લઈ લેવા અને સ્થિતિ સાથે અનુભાગ લઈ લેવા.

આત્મા ભગવાન, પોતાના સ્વભાવની શક્તિની વ્યક્તતા અંતર્મુખ થઈને પ્રગટ થઈ એ સ્વભાવ જ છે, સ્વભાવ બંધનું કારણ થતું નથી. જેટલું વિભાવરૂપ પરિણમન સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પણ છે, કંપન અને કષાય છે, એ પ્રકૃતિ પ્રદેશમાં યોગ નિમિત્ત છે, સ્થિતિ, રસમાં કષાય નિમિત્ત છે. એ પણ નિમિત્ત છે. પોતાને કારણે સ્વતંત્ર એ આવે છે. ઓહોહો..! આ કષાય તો એમાં એટલો અનુભાગ પડ્યો. ... તે વિના રસ કેમ ન પડ્યો? અહીંયા કષાય મંદ કર્યો તો મંદ સ્થિતિ, તીવ્ર થયો તો તીવ્ર સ્થિતિ. એમ કેમ થયું? એમ નથી થતું? મંદ કષાય તો સ્થિતિ મંદ થોડી પડે છે, તીવ્ર કષાય હોય તો (તીવ્ર સ્થિતિ પડે). એ સ્વતંત્ર છે. એવી સ્થિતિ પડવા લાયક પરમાણુ પોતાને કારણે આવે છે અને કષાય પોતાને કારણે વિકાર થાય છે. આહાહા..! આવી સ્થિતિની સ્વતંત્રતાની ખબર નહિ..

મુમુક્ષુ :–

ઉત્તર :– એવો રસ પડવાની એની પર્યાયની લાયકાત, એવા કષાયનું અહીં નિમિત્ત છે. કષાય પણ એ પ્રકારનો હોય છે ને? એ જ પ્રકારનો.

## ગાથા–૨૧૬

**રત્નત્રયથી બંધ કેમ થતો નથી એ વાત હવે બતાવે છે :–**

**दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः।**
**स्थितिरात्मनि चारित्रं कुत एतेभ्यो भवति बन्धः।।२१६।।**

**અન્વયાર્થ :– [ आत्मविनिश्चितिः ] પોતાના આત્માનો વિનિશ્ચય [ दर्शनम् ] સમ્યગ્દર્શન, [ आत्मपरिज्ञानम् ] આત્માનું વિશેષ જ્ઞાન [ बोधः ] સમ્યગ્જ્ઞાન અને [ आत्मनि ] આત્મામાં [ स्थितिः ] સ્થિરતા [ चारित्रं ] સમ્યક્ચારિત્ર [ इष्यते ] કહેવાય છે તો પછી [ एतेभ्यः 'त्रिभ्यः' ] આ ત્રણથી [ कुतः ] કેવી રીતે [ बन्धः ] બંધ [ भवति ] થાય?**

**ટીકા :– 'आत्मविनिश्चितः दर्शनं, आत्मपरिज्ञानं बोधः आत्मनि स्थितिः चारित्रं इष्यते एतेभ्यः बंधः कुतः भवति।' - અર્થ :– આત્માના સ્વરૂપનો નિશ્ચય થવો તે સમ્યગ્દર્શન છે, આત્માના સ્વરૂપનું પરિજ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે અને આત્મસ્વરૂપમાં લીન થવું તે**

**સમ્યક્ચારિત્ર છે. આ ત્રણે આત્મસ્વરૂપ જ છે. જ્યારે આ ત્રણે ગુણ આત્મસ્વરૂપ છે તો એનાથી કર્મોનો બંધ કેવી રીતે થઈ શકે? અર્થાત્ થઈ શકતો નથી.**

**ભાવાર્થ :– રત્નત્રય બે પ્રકારના છે. ૧. વ્યવહારરત્નત્રય અને ૨. નિશ્ચયરત્નત્રય. દેવ-શાસ્ત્ર-ગુરુનું તથા સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરવું તે વ્યવહારસમ્યગ્દર્શન છે, તત્ત્વોના સ્વરૂપને જાણી લેવું તે વ્યવહારસમ્યગ્જ્ઞાન છે, અશુભ ક્રિયાઓથી પ્રવૃત્તિ હટાવીને શુભક્રિયામાં પ્રવૃત્તિ કરવી તે વ્યવહારસમ્યક્ચારિત્ર છે. – આ વ્યવહારરત્નત્રય થયાં. આત્મસ્વરૂપનું શ્રદ્ધાન તે નિશ્ચયસમ્યગ્દર્શન, આત્મજ્ઞાન થવું તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન અને આત્મસ્વરૂપમાં પરિણમન તે નિશ્ચયસમ્યક્ચારિત્ર. તે આ જીવને કર્મોથી છોડાવવાનું કારણ છે, પણ કર્મોના બંધનું કારણ નથી. ૨૧૬.**

---

**'રત્નત્રયથી બંધ કેમ થતો નથી એ વાત હવે બતાવે છે :–'**

**दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः ।**
**स्थितिरात्मनि चारित्रं कुत एतेभ्यो भवति बन्धः ।।२१६ ।।**

થોડો અભ્યાસ કરજો, 'રાજેન્દ્રજી'! તમારે તો કોઈ છે નહિ, દીકરો છે એ હજી મુંગો છે, બે જણા શું કરો છો? આ અભ્યાસ તો કરો. કોઈ ભાઈ-બાઈ કાંઈ આપી નહિ દે. એ.. 'પોપટભાઈ'! શું કહે છે? જુઓ! એ જરી શબ્દમાં ફેર પડી જાય છે.... **'આત્માના સ્વરૂપનો નિશ્ચય થવો તે સમ્યગ્દર્શન છે,...'** લો, પહેલો શબ્દ. જુઓ! આમાં સમ્યગ્દર્શનમાં વ્યવહાર ને ફલાણા ને એવો ભેદ પાડ્યો નથી. નિશ્ચય સમ્યગ્દર્શન એ જ સમ્યગ્દર્શન છે એમ કહેવાય છે. સમજાય છે કાંઈ?

આત્માના સ્વરૂપનો નિશ્ચય થવો. હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ, જ્ઞાયકભાવ પરમાનંદ પૂર્ણ સ્વરૂપ છું, એમ અંતરમાં રાગ, પુણ્ય-પાપના વિકલ્પથી હટી, અજીવથી હટી, સ્વભાવ સન્મુખ થઈ જે નિશ્ચય થયો, એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. જે મોક્ષનો પહેલો અવયવ એટલે માર્ગ છે. સમજાય છે કાંઈ? આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી. અર્થમાં વ્યવહારની કરશે. અર્થમાં કરશે. સમ્યગ્દર્શન એક જ પ્રકારનું છે, બે પ્રકારના સમ્યગ્દર્શન છે જ નહિ. કોઈ કહે છે કે નિશ્ચય સમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન ને વ્યવહાર જ્ઞાન, એમ બે છે જ નહિ. બે પ્રકારના કથન છે. મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. કથનમાં આવ્યું છે, વસ્તુ એક જ છે. આહાહા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક' 'ટોડરમલજી'. છે ને 'ટોડરમલજી'માં? મોક્ષમાર્ગ બે નથી. સમજાણું? હિન્દી છે? જુઓ! એમાં પહેલા લીધું છે ને?

મોક્ષમાર્ગ બે નથી પણ મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે છે. એ વાત અહીંયા કહી છે, જુઓ! આ શ્લોક મુક્યો છે ને? ભાઈ! આગળ મુક્યો છે. આ શ્લોક મુક્યો છે, આ

www.vitragvani.com



'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નો શ્લોક મુક્યો છે. **'आत्मविनिश्चितः सम्यग्दर्शनं,'**. આત્માનો વિશેષ પ્રકારે નિશ્ચય–નિર્ણય પર્યાયમાં શુદ્ધ સ્વભાવની સન્મુખ થઈ, નિર્વિકલ્પ પ્રતીતિનું થવું એ જ એક સમ્યગ્દર્શન ભગવાનના માર્ગમાં કહ્યું છે. દેવ-ગુરુની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા, એને વિકલ્પરૂપ વ્યવહાર સમ્યગ્દર્શન આરોપ કરીને કહ્યું છે. એ સમ્યગ્દર્શન નથી. કહો, સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ બે નથી. જુઓ! સમજાણું? મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. એક સાચો મોક્ષમાર્ગ અને સહચારી છે તે ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ છીએ. સાચું નિરૂપણ તે નિશ્ચય, ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. કથનની અપેક્ષાએ બે મોક્ષમાર્ગ જાણવા. પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ, એક વ્યવહાર મોક્ષમાર્ગ, એમ બે મોક્ષમાર્ગ માનવા એ મિથ્યા છે. આટલું તો સ્પષ્ટ કર્યું છે.

અહીંયા 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજે એ જ લીધું છે, જુઓ! **'दर्शनमात्मविनिश्चिति'**. સમજાણું કાંઈ? આત્માના સ્વરૂપનો વિશેષ નિશ્ચય થવો એ સમ્યગ્દર્શન છે. જુઓ! મોક્ષનો માર્ગ, સમ્યગ્દર્શન મોક્ષનો એક અવયવ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ થઈને મોક્ષમાર્ગ છે. એમાં પહેલું દર્શન છે, જે અનંતકાળમાં એણે સમ્યગ્દર્શન કદી પ્રગટ કર્યું નથી. એ સમ્યગ્દર્શન વિના ક્રિયાકાંડ, વ્રત, નિયમ આદિ લે, બધું એકડા વિનાના મીંડા છે. સમજાય છે કાંઈ? કોરે કાગળે એક ન લખે ને શૂન્ય લખે, શૂન્ય, કરોડ શૂન્ય, અંક નહિ, એની કોઈ કિંમત નથી. એમ સમ્યગ્દર્શન વિના ચાહે તો એ વ્રત, તપ, અજ્ઞાનથી ચાહે તો પૂજા, ભક્તિ, વ્રત આદિ કરે એ સંસારમાં રખડવાનું કારણ છે, એમાં મોક્ષનો માર્ગ નથી. સમજાય છે કાંઈ?

પહેલા **'आत्मविनिश्चितः'** **'આત્માના સ્વરૂપનો નિશ્ચય થવો તે સમ્યગ્દર્શન છે,...'** જુઓ! એક જ વાત કરી છે. 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં પહેલું આ લીધું છે. **'આત્માના સ્વરૂપનું પરિજ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે,...'** શાસ્ત્રનું જ્ઞાન કરવું કે અગિયાર અંગ ભણ્યો કે બાર અંગ ભણ્યો એ વાત અહીંયા નથી લીધી. ભગવાનઆત્મા.. સમજાય છે કાંઈ? ભાષા તો **'आत्मनि'** છે. **'आत्मनि आत्मान'** કરીને. પછી એમાંથી સ્વરૂપ કહ્યું. પછી આ સ્વરૂપ લે છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થવું. અંતર્મુખ થઈને તેનું જ્ઞાન થવું, આત્મ સ્વરૂપનું જ્ઞાન થવું. **'આત્માના સ્વરૂપનું પરિજ્ઞાન થવું,...'** જુઓ! સમસ્ત પ્રકારે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિનું, શાસ્ત્રનું જ્ઞાન અને રાગથી ભિન્ન પડીને, પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થવું તેનું નામ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..! સમજાય છે કાંઈ? પછી શાસ્ત્રનું જ્ઞાન અલ્પ હો, વિશેષ હો, એની સાથે કોઈ સંબંધ નથી.

વસ્તુ ભગવાનઆત્મા, ચિદ્‌ઘન જ્યોતિ તરફની સન્મુખમાં એનું જ્ઞાન, એનું ભાન, એના વેદનમાં સ્વરૂપ સ્વસંવેદન થવું એનું નામ ભગવાન મોક્ષમાર્ગનો બીજો અવયવ સમ્યગ્જ્ઞાન કહે છે. એમ નથી કહ્યું કે, આવું ભણ્યો છે, આટલું ભણ્યો છે, અગિયાર અંગ ભણ્યો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

છે, નવપૂર્વ ભણ્યો છે કે આટલું ભણ્યો છે માટે સમ્યગ્જ્ઞાન છે, એમ નથી કહ્યું. સમજાય છે કાંઈ? 'રામચંદ્રજી'! જુઓ! આહાહા...! જુઓ! આ 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ, દિગંબર સંત, વનવાસી જંગલમાં રહેતા હતા. ૯૦૦ વર્ષ પહેલા. 'કુંદકુંદાચાર્ય'ના 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય'ની ટીકા કરનારા. એમનો આ ગ્રંથ છે. પેલી ટીકા કરી, આ એમનો ગ્રંથ છે.

'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ સંત જંગલમાં તાડપત્ર ઉપર લખતા હતા. એ અહીંયા આવ્યું છે. અરે..! ભાઈ! ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત વસ્તુ, એનું સ્વરૂપ જે જ્ઞાન, આનંદ એનું જ્ઞાન, સ્વરૂપનું જ્ઞાન. રાગ પુણ્ય-પાપ, પરનું જ્ઞાન, એ વાત નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ! **'आत्मपरिज्ञानमिष्यते बोधः'** એનું નામ બોધ છે. આહાહા..! છે કે નહિ? સામે પાઠ છે કે નહિ?

મુમુક્ષુ :- ગૃહસ્થીને પણ...

ઉત્તર :- ગૃહસ્થીને થાય છે. ચોથે ગુણસ્થાને થાય છે, એ વાત ચાલે છે. આત્મા ગૃહસ્થી છે જ નહિ. ગૃહસ્થી ને મુનિ એ તો પર્યાયનું લક્ષણ છે. એ ભેદ વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આત્મા પોતાના સ્વરૂપનું પરિજ્ઞાન થવું એ સમ્યગ્જ્ઞાન છે. ઓહોહો..! આત્મા શુદ્ધચૈતન્ય સ્વભાવ અસ્તિ, અસ્તિ–સત્તા, હોવાવાળો પદાર્થ છે, જેમાં અનંત અનંતજ્ઞાન, અનંત દર્શન આદિ સ્વભાવ પડ્યો છે. એક એક જ્ઞાનમાં અનંત સામર્થ્ય, એક એક દર્શનમાં અનંત સામર્થ્ય, એવું જે સ્વરૂપ એ આત્મા, એનું અંતરમાં જ્ઞાન થવું એનું નામ ભગવાન સમ્યગ્જ્ઞાન કહે છે. એ જ્ઞાન મોક્ષનો માર્ગ છે. એ જ્ઞાન બંધનું કારણ બિલકુલ નથી. સમજાય છે કાંઈ? નિશ્ચયના ઠેકાણા નથી, વાસ્તવિકતા શું છે એનો બોધ નથી, અને માને કે અમે ધર્મી થઈ ગયા. કોણ ના પાડે? સમજાય છે કાંઈ? ઓહોહો..!

જુઓને! વ્યવહારનું કેટલું વર્ણન કર્યું! વ્રત ને અતિચાર ને આ ને આ... પછી છેલ્લે આ મુક્યું. સમજાય છે કાંઈ? પહેલા પણ આ મુક્યું હતું, પછી પણ આ મુક્યું, વચ્ચે વ્યવહારનો અધિકાર લીધો. જ્યારે નિશ્ચય આવો હોય ત્યારે તેને વ્યવહાર વ્રત આદિના વિકલ્પ હોય છે. શ્રાવકને બાર અણુવ્રતના, મુનિને પંચમહાવ્રતના વિકલ્પ હોય પણ એ વિકલ્પ બંધનું કારણ છે. એ કષાય છે અને કષાય બંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

**'અને આત્મસ્વરૂપમાં લીન થવું...'** જુઓ! આટલું પાળવું ને વ્રત પાળવા ને ફલાણું પાળવું એને અહીંયા ચારિત્ર નથી કહેતા. ભગવાનઆત્મા, શુદ્ધ વીતરાગમૂર્તિ આત્મા છે. વસ્તુ સ્વરૂપે અકષાય અંતર્મુખરસ સ્વભાવ, એમાં લીનતા. અનાકુળ આનંદનું થવું, અનાકુળ આનંદમાં લીન થવું, એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. કહો, સમજાય છે કાંઈ? છે, પુસ્તક સાથે છે કે નહિ? અહીંયા ગુજરાતી ઘણા છે. હિન્દી પણ થોડા છે. સમજાય છે કાંઈ?

**'આત્મસ્વરૂપમાં લીન...'** એનો અર્થ એ થયો કે ભગવાન જે ચારિત્ર વીતરાગ સંપન્ન

www.vitragvani.com



આત્મા છે, એમાં એકાગ્ર થઈને જે શક્તિ પડી છે તેની પ્રગટતા, શાંતિનું, આનંદનું, સ્થિરતાનું, સ્થિતિનું થવું એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. સમજાય છે કાંઈ? એ ચારિત્ર સમ્યગ્દર્શન, જ્ઞાન વિના હોતું નથી. સમજાય છે કાંઈ? આવું ચારિત્ર સમ્યગ્દર્શન, જ્ઞાન વિના હોતું નથી. ચારિત્ર વિના સમ્યગ્દર્શન, જ્ઞાન હોય છે, પણ ચારિત્ર છે તે સમ્યગ્દર્શન, જ્ઞાન વિના હોતું નથી. સમજાય છે કાંઈ?

**'આ ત્રણે ગુણ...'** ગુણ શબ્દે પર્યાય. પણ અહીંયા ગુણ કહે છે. ગુણમાંથી પ્રગટ થયું છે ને? રાગમાંથી પ્રગટ નથી થયા. શું કહ્યું? એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અંતર શ્રદ્ધાગુણ, જ્ઞાનગુણ અને ચારિત્રગુણ એમાંથી શક્તિમાંથી પ્રગટ થયાં છે. 'ધન્નાલાલજી'! ગુણમાંથી પ્રગટ થયા છે તો એને ગુણ કહે છે. છે તો પર્યાય. એ કોઈ રાગ ને પુણ્ય અવગુણ છે એમાંથી ઉત્પન્ન નથી થયા.

મુમુક્ષુ :– શ્રાવક અને મુનિ વચ્ચે કાંઈક ફરક તો હોવો જોઈએ.

ઉત્તર :– ફરક છે ને. શ્રાવકને સ્થિરતા ઓછી છે અને મુનિને ઘણી સ્થિરતા છે. વ્યવહારમાં પણ ફેર છે. શ્રાવકને બાર વ્રતનો વિકલ્પ છે, મુનિને પંચમહાવ્રતનો વિકલ્પ છે. દૃષ્ટિ અને જ્ઞાનમાં ફેર નથી. જેવી શ્રાવકની નિશ્ચય દૃષ્ટિ, જ્ઞાન છે તેવી જ મુનિની દૃષ્ટિ અને જ્ઞાન છે. દર્શન, જ્ઞાનમાં ફેર નથી. સ્થિરતામાં ફેર છે.

મુમુક્ષુ :– જાતિફેર છે.

ઉત્તર :– જાતિફેર નથી. જે સ્થિરતા પંચમગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને હોય છે તે જ સ્થિરતા છઠ્ઠે ગુણસ્થાને વિશેષ હોય છે. જાતિભેદ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ત્રણે ગુણ આત્મસ્વરૂપ છે...'** જુઓ! એ આત્મસ્વરૂપ જ છે. જુઓ! ભાષા. સમજાણું? કેમ? ભગવાનઆત્માનું સ્વરૂપ જ એવું છે. આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર એનો ત્રિકાળી સ્વભાવ છે. એ સ્વરૂપ ત્રિકાળી જે છે એ તરફની એકાગ્રતા થઈને એ શક્તિ, જે સ્વભાવ છે એ જ પ્રગટ થયો છે. સમજાય છે કાંઈ? અહીં તો એ પણ કહેવું છે કે સાથે જે શુભરાગ છે, એનાથી પ્રગટ નથી થયા. એ શક્તિ સ્વરૂપ છે એમાંથી પ્રગટ થયા છે. સમજાય છે કાંઈ? વ્યવહાર રાગની મંદતા છે તો આ પ્રગટ થયા છે એમ વસ્તુમાં નથી, એમ અહીંયા તો કહે છે.

કોઈ કહે છે ને કે પહેલા વ્યવહાર પછી નિશ્ચય. પણ એમ છે ક્યાં? વ્યવહાર પહેલા એટલે રાગ, નિશ્ચય સ્વરૂપ સ્વભાવ એનો અર્થ શું? આત્મામાં જે સ્વભાવ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર એટલે ત્રિકાળ સમભાવ પડ્યા છે, એનો આશ્રય લીધો તો શક્તિની વ્યક્તતા થઈ, એમાં રાગમાંથી આવ્યા એ વાત નથી. તો વ્યવહારથી નિશ્ચય થાય છે એ વાત જ સાચી નથી. કથન એવા આવે છે, વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. એ તો નિમિત્ત-નિમિત્ત સંબંધનું જ્ઞાન કરાવવાની વાત છે. સમજાય છે કાંઈ? બહુ ગડબડ. આહાહા...! ભગવાનઆત્મા, એનું

www.vitragvani.com



જે સ્વરૂપ સ્વ-રૂપ, કાયમી સ્વરૂપ શુદ્ધ જ્ઞાન, દર્શન ને આનંદ, ચારિત્ર એવું જે સ્વરૂપ, એમાંથી પ્રગટેલું સ્વરૂપ–શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એ કાંઈ રાગથી નથી પ્રગટ્યા. રાગમાં એ શક્તિ નહોતી કે રાગમાંથી દર્શન, જ્ઞાન, ચારિત્ર આવે. એ તો આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્રની શક્તિ હતી. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? આમાં તો સાદી વાત છે, એવી બહુ ઝીણી નથી.

આત્મા છે કે નહિ? આત્મા વસ્તુ છે કે નહિ? વસ્તુ છે કે નહિ? તો એનો કોઈ સ્વભાવ હોવો જોઈએ કે નહિ? એનો સ્વભાવ છે કે નહિ? સાકર છે, તો સાકર તો વસ્તુ થઈ. તો એનું કોઈ સ્વરૂપ છે કે નહિ? સ્વભાવ છે કે નહિ? મીઠાશ, સફેદાઈ એ સ્વભાવ છે કે નહિ? એમ આત્મા વસ્તુ. આત્મા વસ્તુ થઈ. વસ્તુ છે તો એનો કોઈ સ્વભાવ છે કે નહિ? એ તો ગુણી થઈ, તો કોઈ ગુણ છે કે નહિ? એનો ગુણ શું? શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, સમરસ, આનંદ એ એના ત્રિકાળી ગુણ છે. એ ગુણમાં એકાકાર થઈને ગુણમાંથી પર્યાય આવે છે. શ્રદ્ધામાંથી સમ્યગ્દર્શન પર્યાય આવી. શ્રદ્ધાગુણ ત્રિકાળમાંથી (આવી). જ્ઞાનગુણમાંથી સમ્યગ્જ્ઞાન પર્યાય આવી. ચારિત્રગુણમાંથી સમરસ, આનંદ અને શાંતિ આવ્યા. આનંદમાંથી આનંદ આવ્યો. ચારિત્રમાંથી શાંતિ આવી. સમજાય છે કાંઈ? એ આવી એ પર્યાય છે, પણ એ ગુણમાંથી આવી તો એને ગુણ કહ્યું. એ ગુણ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ગુણ છે. અવગુણ નથી. રાગાદિ અવગુણ છે તે ગુણ નથી. અવગુણ છે તે બંધનું કારણ છે, ગુણ બંધનું કારણ નથી. સમજાય છે કાંઈ?

**'આ ત્રણે ગુણ આત્મસ્વરૂપ જ છે...'** જુઓ! **'આ ત્રણે ગુણ આત્મસ્વરૂપ જ છે. જ્યારે આ ત્રણે ગુણ આત્મસ્વરૂપ છે તો એનાથી કર્મોનો બંધ કેવી રીતે થઈ શકે?'** છે? છે એમાં છે? પહેલા વ્યાખ્યાનમાં આવ્યું, દર્શન, જ્ઞાન અને ચારિત્ર. **'જ્યારે આ ત્રણે ગુણ આત્મસ્વરૂપ છે તો એનાથી કર્મોનો બંધ કેવી રીતે થઈ શકે? અર્થાત્ થઈ શકતો નથી.'** મોક્ષમાર્ગથી બિલકુલ બંધ થતો નથી. મોક્ષમાર્ગ કહેવું અને બંધનું કારણ કહેવું, એ બે વાત છે ક્યાં? બન્ને વસ્તુ ભિન્ન ભિન્ન છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૮૬ ગાથા–૨૧૬, ૨૧૭ શુક્રવાર, શ્રાવણ સુદ ૬, તા. ૧૧-૦૮-૧૯૬૭

---

આ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' છે. ૨૧૬ ગાથા. શું કહે છે? રત્નત્રયથી બંધ કેમ થતો નથી, એની ગાથા છે. આત્માનો જે મોક્ષમાર્ગ છે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, એ શું છે એ કહેશે, એનાથી બંધ થતો નથી. એ તો મોક્ષનો માર્ગ છે. કેમ મોક્ષનો માર્ગ છે? અને બંધ કેમ નથી? એ ખુલાસો કરે છે, જુઓ!

**दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः।**

www.vitragvani.com



**स्थितिरात्मनि चारित्रं कुत एतेभ्यो भवति बन्धः।।२१६।।**

પાઠ તો એટલો છે કે આત્માનો નિશ્ચય તે સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? તો આત્મા શું? કેવા આત્માનો નિશ્ચય? દ્રવ્યનો, ગુણનો કે પર્યાયનો? અહીંયા તો આત્મા શબ્દ આવ્યો. સમજાય છે કાંઈ? શબ્દ તો એટલો આવ્યો છે–'**आत्मविनिश्चितः दर्शनं**'. તો અહીંયા આત્મા કોને કહે છે? અહીંયા, હોં! આત્મા કહેતા અસ્તિ લીધી છે, જુઓ! '**આત્માના સ્વરૂપનો નિશ્ચય થવો તે સમ્યગ્દર્શન છે,...**' એમ લીધું. '**आत्मविनिश्चितः**' આત્મા તો દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે થઈને થાય છે.

મુમુક્ષુ :– એકલા દ્રવ્ય સ્વભાવને લીધો છે.

ઉત્તર :– પણ નિર્ણય કરવો છે, એમ છે ને? તો નિર્ણય કરનારી તો પર્યાય છે. નિર્ણય કોનો કરવો? કે આત્માના સ્વરૂપનો. ત્રિકાળ સ્વભાવનો. પર્યાયનો નહિ. પર્યાય તો નિશ્ચય કરે છે. સમજાય છે કાંઈ? 'દેવીલાલજી'! રાત્રે મગજમાં એ પ્રશ્ન ઉઠ્યો હતો. ચાર વાગે ઉઠ્યા (ત્યારે). અહીંયા કોઈક દ્રવ્ય, ગુણ, પર્યાય ભેગા નાખી દે તો? એય...! પાઠ તો આમ છે કે '**दर्शनमात्मविनिश्चिति**'. આત્માનો નિશ્ચય એટલે સાચું નિશ્ચય સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એનો અર્થ 'ટોડરમલજી'એ લીધો. અને ન્યાયથી છે ને? હમણા અમારા પંડિતજીએ કહ્યું. '**स्थितिरात्मनि चारित्रं**' કહ્યું ને? મેં કહ્યું હતું, આત્માની સ્થિતિ એ ચારિત્ર. જો આત્માની સ્થિતિ એ ચારિત્ર તો શેમાં સ્થિતિ કરવી? પર્યાયમાં સ્થિતિ કરવી છે?

મુમુક્ષુ :– બધામાં આવી ગયું.

ઉત્તર :— બધામાં આવી ગયું. સમજાય છે કાંઈ? આ તો પાઠમાં એમ છે ને? '**आत्मविनिश्चितः सम्यग्दर्शनं**' પહેલામાં પહેલો ધર્મનો અંશ સમ્યગ્દર્શન એ આત્માનો નિશ્ચય. આત્માના નિશ્ચયનો અર્થ શું? કે આત્માનું કાયમી અસલી ધ્રુવ સ્વરૂપ છે તેનો નિશ્ચય. 'અમરચંદભાઈ'! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા.. એક સમયના ઉત્પાદ-વ્યય છે એ ન લેવા. એનું સ્વરૂપ જે ત્રિકાળી છે, ત્રિકાળી, જ્ઞાયકભાવ શુદ્ધભાવ ધ્રુવભાવ અચળભાવ નિત્યભાવ.. સમજાય છે કાંઈ? એ ભાવ છે એ એનું સ્વરૂપ છે. એ સ્વરૂપનો નિશ્ચય કરવો એનું નામ સમ્યગ્દર્શન, સાચો ધર્મ અને સાચો મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કહે છે કે '**આત્માના સ્વરૂપનો નિશ્ચય થવો તે સમ્યગ્દર્શન...**' જુઓ! અર્થ પણ એમ લીધો છે. આ નિશ્ચય સમ્યગ્દર્શન, સત્યદર્શનની વાત છે. વ્યવહારની વાત કરશે પણ એ વ્યવહાર સમ્યગ્દર્શન કથનમાત્ર છે. ખરેખર વ્યવહાર સમ્યગ્દર્શન વસ્તુ નથી. એ હમણા કહેશે. પછી એવો શબ્દ લીધો છે ને?

'**आत्मपरिज्ञानमिष्यते बोधः**' આત્માનું જ્ઞાન તે બોધ. આત્મા જે ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ શુદ્ધ ધ્રુવ છે એનું જ્ઞાન થવું, એનું જ્ઞાન થવું, પર્યાયનું એમ નહિ, પણ જ્ઞાન કરનારી પર્યાય

www.vitragvani.com



છે, પણ નિશ્ચય કરવો છે કોનો? જ્ઞાન કરવું છે કોનું? આત્મા ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ છે એનું. સમજાય છે કાંઈ? વસ્તુ ભગવાન એક સમયમાં પૂર્ણ શુદ્ધચૈતન્ય ધ્રુવ છે. તેનું જ્ઞાન, તેના સ્વરૂપનું જ્ઞાન. વસ્તુ છે તેનું સ્વરૂપ જે ત્રિકાળી છે તેનું જ્ઞાન કરવું તેનું નામ સમ્યગ્જ્ઞાન–બોધ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? બીજા અનેક શાસ્ત્રનો બોધ આદિ હો એ સમ્યગ્જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? બે શબ્દ લીધા છે ને? પહેલામાં '**दर्शनम्**' લીધું. આ '**आत्मपरिज्ञानमिष्यते बोधः**' (લીધું). મૂળ વાત છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય', લ્યો આ ચરણાનુયોગ છે. વસ્તુ તો જેવી છે એવી આવે છે કે નહિ? પહેલા પણ બારમી ગાથામાં કહી ગયા, જીવાદિ શ્રદ્ધાન આત્મરૂપ. પહેલા પણ કહી ગયા. બારમી. મોક્ષમાર્ગમાં બન્ને લીધી છે. બારમી અને છેલ્લી. આત્મનિશ્ચય પણ લીધી છે. બારમી છે કે નહિ? કેટલામી છે? જીવાદિ. બાવીસમી છે, જુઓ! એ પહેલા આવી ગયું છે, હોં! પહેલા શરૂઆતમાં એ વાત લીધી છે, પાછી આ વાત લીધી. '**तत्रादौ सम्यक्त्वं**' એકવીસમાં છે ને? એ સમ્યક્ત્વ કોને કહે છે, એ બાવીસમાં છે.

**जीवाजीवादीनां तत्त्वार्थानां सदैव कर्त्तव्यम्।**
**श्रद्धानं विपरीताभिनिवेशविविक्तमात्मरूपं तत्।।२२।।**

જુઓ! એ આત્મરૂપ કહ્યું. કોને આત્મરૂપ કહ્યું? અહીંયા આત્મરૂપ બીજું, ત્યાં આત્મરૂપ બીજું. અહીંયા તો આત્મા આદિ નવતત્ત્વમાં નવતત્ત્વ ભલે લીધું છે, પણ એ જ્ઞાયક સ્વભાવ સ્વરૂપ ધ્રુવ છે એની શ્રદ્ધા એ આત્મરૂપ છે. એ શ્રદ્ધા આત્મરૂપ છે, આત્મસ્વરૂપ છે. શ્રદ્ધા, હોં! પર્યાય. ત્યાં એ લીધું છે. સમજાય છે કાંઈ? આત્મરૂપમ. ભગવાનઆત્મા શુદ્ધચૈતન્ય જ્ઞાયકભાવ, એની શ્રદ્ધા એ આત્મરૂપ છે. કેમકે જેવું આત્માનું સ્વરૂપ છે એવી શ્રદ્ધા થઈ તો એ આત્મરૂપ જ થઈ. સમજાય છે કાંઈ? અને એ આત્માનું જ્ઞાન, આત્મા જે શુદ્ધચૈતન્ય છે, એનું જ્ઞાન થયું એ પણ આત્મરૂપ જ છે. સમજાય છે કાંઈ? અહીં તો શ્રદ્ધા લીધી છે ને? પછી તો ત્રણેમાં લે છે. વાત ત્રણેની આવી ગઈ છે. પેલામાં આપણે લખ્યું છે. ત્રણેમાં આવી ગઈ. નથી ખબર? આમાં આવી ગયું છે ને પહેલું? ક્યાં ગયું? આ ગુજરાતી છે ને? શું છે આ? ગુજરાતી નથી આવ્યું. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં આત્મરૂપની ત્રણે ગાથા કીધી હતી. એ પુસ્તક મુકયું નથી. એને ઠેકાણે આ મુક્યું છે. મુકનારે ધ્યાન રાખવું જોઈએ. ત્રણ ગાથાઓ મુકી હતી, નહિ? ત્રણ આપી નહોતી. શું છે ઇ? મેં તો પેલામાં લખ્યું હતું. ૨૨, ૩૫ અને ૩૯. જુઓ! આત્મરૂપમ સમ્યગ્દર્શન. પછી ૩૫. એમાં લખ્યું છે, તે દિ' બતાવ્યું હતું. ૩૫ જુઓ! '**संशयविपर्ययानध्यवसायविविक्तमात्मरूपं**' ૩૫ ગાથા સમ્યગ્જ્ઞાન માટે છે, ૨૨ મી સમ્યગ્દર્શન માટે છે અને ૩૯ મી સમ્યક્ચારિત્ર માટે છે. ત્યાં આપણે ચાલી ગયું છે ને? '**विशदमुदासीनमात्मरूपं**' ૩૯. ૩૯ સમજો છો? ચાલીસમાં એક ઓછું.

www.vitragvani.com



શું કહ્યું?

પહેલા ૨૨, ૩૫ અને ૩૯ માં શું આવ્યું? કે ભગવાનઆત્મા શુદ્ધચૈતન્યમૂર્તિ જે સ્વરૂપ એનું ખરેખર તો ત્રિકાળી એ જ એનું સ્વરૂપ છે. જ્ઞાયકભાવ શુદ્ધભાવ ધ્રુવભાવ એ ત્રિકાળી સ્વરૂપ છે. એનું જે નિશ્ચય દર્શન છે, એ આત્મરૂપ છે. કેમકે આત્માના સ્વરૂપની પર્યાય આત્મારૂપ જ છે. સમજાય છે કે નહિ? અને એ આત્મા શુદ્ધચૈતન્ય વસ્તુ છે, એનું જ્ઞાન. શાસ્ત્ર જ્ઞાનની અહીંયા વાત નથી. એ વસ્તુ શુદ્ધચૈતન્ય ભગવાનનું જ્ઞાન, જેને અહીંયા બોધ કહ્યું, એ આત્મરૂપ છે. આત્માની જે શક્તિ છે તે જ વ્યક્તરૂપ પર્યાય થઈ તો તેને આત્મરૂપ જ કહ્યું છે. એ રાગરૂપ કે વિકલ્પરૂપ નથી. તેથી કહ્યું છે. સમજાય છે કાંઈ? વ્યવહાર સમ્યગ્દર્શન એ વિકલ્પરૂપ છે, વ્યવહાર જ્ઞાન વિકલ્પરૂપ છે, વ્યવહાર ચારિત્ર વિકલ્પરૂપ છે, રાગરૂપ છે. એ આ નહિ. સમજાય છે કાંઈ? સમ્યગ્જ્ઞાન ભગવાનઆત્મા શુદ્ધચૈતન્યમૂર્તિ પ્રભુ, એનું જ્ઞાન આત્મરૂપમ, આત્મસ્વરૂપમ. સ્વરૂપ જે ત્રિકાળ છે તેનું રૂપ એ પર્યાય છે, તેથી તેને આત્મરૂપ કહ્યું. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યરૂપ છે તેમાં સ્થિરતા કરવી, રમણતા કરવી એ જ આત્મરૂપ છે. કેમકે આત્માની જે નિર્મળ પર્યાય જેવું સ્વરૂપ છે તેમાંથી પ્રગટ થાય છે. અત્યારે પુસ્તક-બુસ્તક લેવાનું બંધ કરો. પહેલેથી લેવું હોય એ લઈ લ્યે, નહિતર પછી નહિ. સમજાણું કાંઈ? આ તો વાર્તા નથી. જરી ઝીણી વાત છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે, ત્યાં લીધું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મરૂપ. અહીં લીધું, આત્મસ્વરૂપનો નિશ્ચય સમ્યગ્દર્શન. આ ત્રિકાળની વાત છે. ત્યાં પર્યાયની વાત છે. સમજાય છે કાંઈ? ત્યાં તો ભગવાનઆત્મા, રાગ નહિ, નિમિત્ત નહિ, એ તો એમાં નથી તો એની શ્રદ્ધા આ છે, એમાં શ્રદ્ધા આવી ગઈ કે આ (રાગાદિ) એમાં નથી. સમજાય છે કાંઈ? જીવાદિ શ્રદ્ધાન આવે છે ને? એ પ્રશ્ન થયો હતો ને? જીવાદિ શ્રદ્ધાન, આવે છે ને? પુણ્ય-પાપ અધિકાર, 'સમયસાર'. કેટલામી ગાથા છે, યાદ નથી. આવે છે ને? એ પ્રશ્ન 'વિદ્યાનંદજી'એ ત્યાં પૂછ્યો હતો ને? 'દિલ્હી'માં સાધુ છે ને? શું કહ્યું? પુણ્ય-પાપ છે ને? કેટલામી ગાથા છે? **'जीवादीसद्दहणं'** લ્યો, એ આવ્યું. ૧૫૫ ગાથા.

**'जीवादीसद्दहणं'** જીવાદિ શબ્દ છે તો જીવાદિનો અર્થ એમ નથી કે જીવાદિ નવતત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. પણ જીવ... એ પ્રશ્ન થયો હતો. એ પ્રશ્ન થયો હતો. 'વિદ્યાનંદજી' છે ને? એને કહ્યું, આ શું? કીધું, એમ છે કે જ્ઞાયક સ્વરૂપ ભગવાનનો નિર્ણય–નિશ્ચય થાય, જ્ઞાયકનો નિર્વિકલ્પ નિર્ણય થયો એનું નામ **'जीवादीसद्दहणं'** સમ્યગ્દર્શન. એ જ્ઞાનનું પરિણમન છે. જ્ઞાન એટલે સ્વભાવનું પરિણમન છે. એ રાગનું પરિણમન નથી. સમજાય છે કાંઈ? અહીંયા દિલ્હીમાં હતા ને? મોટા વ્યાખ્યાતા છે. વીસ-વીસ હજાર માણસ, પચીસ-પચીસ હજાર. એવી વ્યાખ્યાનની શૈલી. સત્ય વાત (કેટલી) એ જુદી વાત છે. આ તો માર્ગ તો જેમ હોય એમ હોય. એણે બિચારાએ નમ્રતાથી ખાનગીમાં પૂછ્યું હતું. બધા શેઠિયાઓને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બહાર મોકલી દઈ ખાનગીમાં પૂછ્યું કે આનો અર્થ શું? મેં કીધું, આનો અર્થ આ છે. જીવાદિ નવતત્ત્વની શ્રદ્ધા તે સમકિત, એમ નહિ. સમજાય છે કાંઈ?

આત્મા અંતરમાંથી ભેદ કાઢીને, અભેદ ચૈતન્યમૂર્તિનું જે સ્વરૂપ ત્રિકાળ છે એનું જ્ઞાનરૂપ પરિણમન થવું. જ્ઞાનરૂપ પરિણમન સમ્યગ્દર્શન કેમ કહ્યું? જ્ઞાન તો બીજી પર્યાય છે, જ્ઞાનનો અર્થ રાગરૂપ પરિણમન નહિ, એમ જ્ઞાનરૂપ પરિણમનનો અર્થ આત્મ સ્વભાવરૂપ પરિણમન. દર્શન. એને અહીંયા સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. મૂળ વાતમાં બધો ફેર અને બહારથી માની લે કે આ સમ્યગ્દર્શન. મૂળમાં ફેર (હોય). પછી લાખ, કરોડ વાત જાણે ને ભણે એમાં બધા મીંડા છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, ભગવાનઆત્મા એનું દર્શન. એવો પાઠ લીધો છે. ખુલાસો કરી દીધો છે કે આત્મ સ્વરૂપ જે ત્રિકાળ છે, ધ્રુવ, ચૈતન્યબિંબ ભગવાન, એનું સ્વરૂપ જે છે એ સ્વરૂપનો નિશ્ચય તે સમ્યગ્દર્શન. સ્વરૂપનો નિશ્ચય એ નિશ્ચય સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ રાગ રહિત વીતરાગ દર્શન છે. એનાથી બંધ કેમ થાય? એમ કહે છે. સમજાય છે કાંઈ? એનાથી બંધન થતું નથી.

**'આત્માના સ્વરૂપનું પરિજ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે...'** બોધ છે અથવા સમ્યગ્જ્ઞાન છે. ભગવાનઆત્માનું જ્ઞાન થવું. પરિજ્ઞાન–સમસ્ત પ્રકારે આખું ચૈતન્યબિંબ ભગવાન.. સમજાય છે કાંઈ? એ તરફના ઝુકાવથી શુદ્ધસ્વભાવના ઝુકાવથી જે જ્ઞાન થયું એનું નામ બોધ એટલે સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એ સમ્યગ્જ્ઞાનથી બંધન કેમ થાય? એનાથી બંધન થાય તો બંધન છૂટવાનો કોઈ રસ્તો નથી. સમજાય છે કાંઈ?

**'અને આત્મસ્વરૂપમાં લીન થવું...'** એ એટલો અર્થ કર્યો છે, આગળ વિશેષ કરશે. આગળ કહેશે કે આત્મામાં પરિણમન થવું, એમ કહેશે. એમાં ને એમાં. **'આત્મસ્વરૂપમાં લીન થવું...'** આત્મા શુદ્ધ આનંદના દર્શન થયા, જ્ઞાન થયું એમાં લીન.. લીન, વીતરાગભાવે લીન થવું. વીતરાગસ્વરૂપી આત્મા છે એમાં વીતરાગભાવથી લીન થવું એનું નામ ચારિત્ર છે. વર્તમાનમાં આ વાંધા (ચાલે છે). અણુવ્રતને, મહાવ્રતને ચારિત્ર કહેતા નથી ને હેય કહે છે. 'અજીતકુમાર'નો મોટો લેખ આવ્યો છે. શું કહેવાય આ? જૈન ગજેટ. આ નવો પંથ કાઢે છે. ભગવાન! નવો નથી, ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ.. 'જેઠાલાલભાઈ'! એમણે ચર્ચાનો સાર લખ્યો છે. આ બે પુસ્તક બહાર પડી ગયા, લોકો વાંચશે. એમાંથી કાઢશે, ઘણો પક્ષ તો અહીંની જ વાત છે. 'ફૂલચંદજી' અહીંની બધી વાતને સિદ્ધ કરી છે. આવું બહાર આવશે તો પહેલેથી લખો કે ખાણિયામાં થઈ એ ચર્ચાનો સાર એ છે કે ઋષભદેવ ભગવાનથી અત્યાર સુધી અણુવ્રત અને મહાવ્રતને ચારિત્ર ગણીને લોકો પાળતા આવે છે. એને આ કહે છે કે આ અણુવ્રત અને મહાવ્રત હેય છે. એવો નવો પંથ કાઢ્યો એ ચર્ચાનો સાર છે. અરે..! ભગવાન! બે પુસ્તક બહાર નીકળ્યા તો લોકોમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

એની કિંમત કદાચિત્ થઈ જાય. એ ઘટાડવા માટે ટૂંકો એકદમ ભડકાવીને (સાર લખી દીધો).

ભાઈ! અણુવ્રત અને મહાવ્રત તો આત્માના સમ્યગ્દર્શન અનુભવમાં અને સમ્યગ્જ્ઞાનમાં અને સ્વરૂપ સ્થિરતામાં જ્યારે આત્મા આવે છે ત્યારે એમાં જે વિકલ્પ આવે છે, પંચમ ગુણસ્થાન યોગ્ય સ્થિરતા, દર્શન થયા, જ્ઞાન થયું, અનુભવ થયો, અંશે સ્થિરતા થઈ એમાં જે બાર વ્રતના વિકલ્પ વ્યવહાર ઉઠે છે તેને વ્યવહાર અણુવ્રત કહે છે. તે બંધનું કારણ છે. એ તો અહીંયા બતાવવું છે. સમજાય છે કાંઈ? અને મુનિને પણ જે નિશ્ચય સમ્યગ્દર્શન છે, પોતાના સ્વરૂપનો નિશ્ચય, એનું જ્ઞાન અને લીનતા એ ત્રણે મોક્ષનો માર્ગ છે. બંધનો માર્ગ બિલકુલ નથી. સાથે વ્રત છે. પંચમહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણનો જે વિકલ્પ ઉઠે છે એ બંધનું કારણ છે, એ આત્મરૂપ નથી, આત્મ સ્વરૂપ નથી. આત્મરૂપ નથી એ પહેલા ગાથામાં આવ્યું, અને અહીંયા આત્મસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? શું થાય?

લોકોને બહારની ક્રિયાકાંડમાં વ્રત-ફ્તમાં ધર્મ મનાવી દેવો છે. અનંતકાળમાં ત્રણકાળમાં અભવિએ પણ એવું તો અનંતવાર કર્યું. અભવિનો દાખલો કાલે આપ્યો હતો ને? શું કહ્યું હતું? આ પંડિત, નહિ? દાખલો કાંઈક હતો. અજ્ઞ ન સમજે અને જ્ઞાની સમજે છે એ અભવિને માટે લીધું છે. અજ્ઞ આવે છે ને? ભારે દાખલા, ભાઈ! ન્યાં તો કહે છે કે નિશ્ચય અજ્ઞાની છે, પોતાથી અજ્ઞાની છે તે પરથી કઈ રીતે સમજે? અને જ્ઞાની છે તે પરથી કેમ સમજે? એ તો પોતાથી સમજે છે. પરથી સમજાતું નથી એ વાત ત્યાં સિદ્ધ કરવી છે. પોતાનો ગુરુ આત્મા છે, એમ ત્યાં 'ઇષ્ટોપદેશ'માં સિદ્ધ કરવું છે. 'જેઠાલાલભાઈ'! શું થાય? એ તો એની સ્થિતિની યોગ્યતા પ્રમાણે અનાદિકાળનું પરિણમન ઉલટું કરતો આવે છે ને. એને પોતાને ઘણું એમ હોય કે હું તો કાંઈક હિત કરું છું. અહિત કરવાનું તો ન હોય મગજમાં, પણ વસ્તુની ખબર ન મળે એટલે અહિત થઈ જાય. અહિત થાય અને માને કે હિત કરીએ છીએ. એ ભગવાન છે, ભાઈ! સમજાય છે કાંઈ? ભૂલ્યો તો પણ ભગવાન છે. પર્યાયમાં ભૂલ્યો છે. સમજાણું કાંઈ? વસ્તુનું સ્વરૂપ તો ભગવાન જ છે. ત્રિકાળ દ્રવ્ય, ગુણ સ્વરૂપ તો ભગવાન છે. પર્યાયમાં ભૂલ છે એનું નામ સંસાર છે. એ ભૂલ કોઈએ કરાવી નથી. કર્મે-બર્મે કરાવી નથી. પોતે ભૂલ કરે ને રખડે. એ ભૂલ ભાંગે અને ભગવાન થાય. આહાહા..!

કહે છે, **'આત્મસ્વરૂપમાં લીન...'** સ્થિતિ છે ને પાઠમાં તો? **'स्थितिरात्मनि चारित्रं'** ભગવાનઆત્મા.. સ્થિતિનો અર્થ પર્યાય છે. શેમાં સ્થિતિ કરવી? કે આત્મસ્વરૂપમાં. જ્ઞાનાનંદ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય છે એમાં સ્થિરતા થવી, રાગ રહિત, વિકલ્પ રહિત, પંચમહાવ્રતાદિના વિકલ્પ રહિત સ્વરૂપમાં સ્થિરતા કરવી એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. જુઓને! 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ ૯૦૦ વર્ષ પહેલા દિગંબર સંત મુનિ જંગલવાસી વનવાસી પોકાર કરીને આ લખે છે. સમજાય છે કાંઈ?

**'જ્યારે આ ત્રણે ગુણ આત્મસ્વરૂપ છે...'** જ્યારે આ ત્રણે ગુણ આત્મસ્વરૂપ જ છે..

એમ આવ્યું ને? ન્યાં આત્મરૂપ કહ્યું હતું ને? અહીં આત્મસ્વરૂપ જ છે. કેમકે આત્મા સ્વરૂપ જે શુદ્ધચૈતન્ય શક્તિ છે તેની પ્રતીત, જ્ઞાન, રમણતા થઈ એ શક્તિની વ્યક્તતા થઈ છે, સ્વભાવની પ્રગટતા થઈ છે તો સ્વભાવ જ છે. 'ધન્નાલાલજી'! ભગવાનઆત્મા આમ આનંદ સ્વરૂપ શુદ્ધચૈતન્ય શક્તિરૂપ સત્ત્વ આખું, એમાંથી શક્તિમાંથી જ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થયા છે તો શક્તિ સ્વભાવની વ્યક્તતા થઈ, પ્રગટતા થઈ તો એ આત્મરૂપ જ છે. આત્મરૂપ છે. જેમ આત્મદ્રવ્ય, ગુણ બંધનું કારણ નથી એમ શુદ્ધપર્યાય પણ બંધનું કારણ નથી. આહાહા..! અરે..! ભગવાન! સમજાય છે કાંઈ? એય..! આ તમારો પ્રશ્ન રાત્રે ઉઠ્યો હતો. લક્ષમાં નહોતા આવ્યા પણ આ '**दर्शनमात्मविनिश्चिति**'. ક્યાં ગયા 'માણેકલાલ'? રસ્તામાં કહ્યું હતું કે નહિ? કોઈ એમ નાખી દે કે આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયની શ્રદ્ધા. ત્રણે એમાં આવ્યા. અખંડ આવ્યું આમાં, એક દ્રવ્ય અખંડ આવ્યું. પર્યાય અખંડ ક્યાં આવી? ... પછી હળવે હળવે બેસી ગયા. કહો, સમજાણું કાંઈ? એ માટે તો સવારે ચાર વાગે ઉઠ્યા અને મગજમાં આવી ગયું. કે આત્મવિનિશ્ચય કહ્યું ને પ્રશ્ન કેમ કોઈએ કર્યો નહિ? કોઈ પ્રશ્ન કેમ ન કર્યો? આત્મનિશ્ચય પણ ક્યો આત્મા? કેવો?

મુમુક્ષુ :– ખુલાસા ઘણા થાય છે.

ઉત્તર :– એટલે ન કર્યો, એમ કહે છે. પણ અહીં તો આત્મા આવ્યો ને? આત્માનો નિશ્ચય. તો કોઈને એમ થાય કે આત્મા એટલે શું? ક્યો આત્મા? કેવડો આત્મા? કઈ જાતનું કેવડું સ્વરૂપ એ? એમ પ્રશ્ન ઉઠે ને? એનો અર્થ, ખુલાસો કરી નાખ્યો. આત્મા એટલે આત્માનું સ્વરૂપ. એનું સ્વરૂપ જે ત્રિકાળી એનો નિશ્ચય, જ્ઞાન ને રમણતા એ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ?

કહે છે કે '**આત્મસ્વરૂપ જ છે. જ્યારે આ ત્રણે ગુણ...**' ગુણ કહ્યું ને? ગુણમાંથી આવી માટે ગુણ કહ્યું. '**આત્મસ્વરૂપ છે તો એનાથી કર્મોનો બંધ કેવી રીતે થઈ શકે?**' આ ત્રણ દશાથી પર્યાયથી કર્મોનો બંધ કઈ રીતે થઈ શકે? કહો, સમજાય છે કાંઈ? ભારે કઠણ જગતને.

**ભાવાર્થ :– 'રત્નત્રય બે પ્રકારના છે.'** આ તો સમજાવે છે, હોં! અહીંયા તો એક જ પ્રકારનો કહ્યો છે, પાઠમાં તો એક જ પ્રકારનો કહ્યો છે પણ બીજા પ્રકારનું કથન નિરૂપણ છે તો સાથે ખુલાસો કર્યો છે. '**૧. વ્યવહારરત્નત્રય અને ૨. નિશ્ચયરત્નત્રય.**' સમજ્યા? રત્નત્રય બે પ્રકારના. વ્યવહાર, નિશ્ચય.

'**દેવ-શાસ્ત્ર-ગુરુનું...**' શ્રદ્ધાન કરવું. જુઓ! દેવ-શાસ્ત્ર-ગુરુ. સાચા દેવ અરિહંત ભગવાન. સમજાય છે કાંઈ? અને ગુરુ નિર્ગ્રંથ સંત મુનિ. ભાવલિંગી ચારિત્રવંત. અને શાસ્ત્ર. ભગવાનના મુખેથી નીકળેલું અનેકાંત. આત્મા સ્વપણે છે, પરપણે નથી એવી જે અનેકાંતમય શાસ્ત્રની વાણી, એનું શ્રદ્ધાન કરવું એ વ્યવહાર સમ્યગ્દર્શન છે. વ્યવહાર સમ્યગ્દર્શન એ કંઈ સમ્યગ્દર્શનની પર્યાય નથી. સમજાય છે કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શન જે છે એ આત્માના

www.vitragvani.com



શ્રદ્ધાગુણની નિશ્ચય પર્યાય છે. આ તો રાગ છે. રાગને આરોપ કરીને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. છે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? કહે છે કે એ દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન કરવું એ રાગ છે, વિકલ્પ છે, મિથ્યાત્વ નહિ. વિકારી રાગની પર્યાયને શ્રદ્ધામાં મળેલી જોઈને નિશ્ચય સ્વભાવનું સમ્યગ્દર્શન થયું એમાં નિમિત્ત સહચર જોઈ, એને વ્યવહાર સમ્યગ્દર્શન આરોપથી, ઉપચારથી કહેવામાં આવ્યું છે. એ વાસ્તવિક સમ્યગ્દર્શન નથી પણ નિરૂપણ કથનમાં બે પ્રકાર આવ્યા છે તો એમાં વ્યવહાર કહેવામાં આવ્યો. સમજાય છે કાંઈ?

**'સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરવું...'** લ્યો. જીવ, અજીવ આદિ સાતેનું ભેદરૂપ શ્રદ્ધાન છે એ પણ વિકલ્પ છે, રાગ છે. એકરૂપ જ્ઞાયકની શ્રદ્ધા ચિદાનંદ નિર્મળાનંદ ધ્રુવની સમ્યક્ અંતરદૃષ્ટિ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. અને જેવા ભગવાને કહ્યા એવા સાતતત્ત્વ.. સમજાય છે કાંઈ? અનંત આત્માઓ, અનંત પરમાણુઓ અજીવમાં.. સમજાય છે કાંઈ? અને પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એવા ભેદ સહિત સાતતત્ત્વની શ્રદ્ધા થવી એ વ્યવહાર સમ્યગ્દર્શન છે. એમાં જ્ઞાનનો એટલો ખ્યાલ ક્ષયોપશમ છે કે આ આ આમ છે અને સાથે વિકલ્પ પણ છે. સમજાય છે કાંઈ? એને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. કે જે વ્યવહાર સમ્યગ્દર્શન નિશ્ચયથી વિરૂદ્ધ છે, નિશ્ચય સમ્યગ્દર્શન સ્વના આશ્રયે ઉત્પન્ન થનારું, સ્વની દશાથી ઉત્પન્ન થનારું નિર્મળ દશાવંત છે અને વ્યવહાર સમ્યગ્દર્શન પરના લક્ષે ઉત્પન્ન થયું એ રાગ ભાગ છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાય નથી, શ્રદ્ધાગુણની પર્યાય નથી. શ્રદ્ધા નામનો જે ગુણ ત્રિકાળ છે એના સ્વરૂપની શ્રદ્ધા કરવાથી તો સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય થાય છે. અને મિથ્યાદર્શનની પર્યાય છે તે પણ શ્રદ્ધાગુણની વિપરીત પર્યાય છે. બે પર્યાય તો આવી ગઈ. વળી ત્રીજી પર્યાય ક્યાંથી આવી? વ્યવહાર સમ્યગ્દર્શન સમ્યગ્દર્શનની પર્યાય છે. સમજાય છે કાંઈ? શું કહ્યું સમજાણું?

ભગવાનઆત્મા.. આ મૂળ વસ્તુ છે. અહીંયા કરણાનુયોગમાં પણ એ લીધું, ભગવાનઆત્માનું શુદ્ધસ્વરૂપ એ સમ્યગ્દર્શન. એ તો શ્રદ્ધાગુણની પર્યાય છે. ત્રિકાળ જે શ્રદ્ધાગુણ છે એની પર્યાય છે. મિથ્યાત્વ છે એ શ્રદ્ધાગુણની વિપરીત પર્યાય છે. બન્ને આવી ગયા. હવે ત્રીજી વસ્તુ ક્યાં રહી? વ્યવહાર સમ્યગ્દર્શન ક્યાં રહ્યું? સમજાય છે કાંઈ? વ્યવહાર સમ્યગ્દર્શન છે તો એ પ્રકારનો પરલક્ષી ક્ષયોપશમમાં ખ્યાલ આવ્યો અને એમાં વિકલ્પ છે એ રાગની પર્યાય છે. એ ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. શ્રદ્ધાગુણની બે પર્યાયમાં કોઈ ત્રીજી પર્યાય તો છે નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– મિશ્ર પર્યાય છે.

ઉત્તર :– મિશ્ર-બિશ્ર નથી. એ ત્રીજે ગુણસ્થાને અંતર્મુહૂર્ત મિશ્ર હોય. એની અહીં ક્યાં વાત છે? આહાહા..! વાત તો એમ છે, ભાઈ! નિશ્ચય અને વ્યવહાર બેનું પ્રરૂપણ

www.vitragvani.com



છે. 'ટોડરમલજી'એ કહ્યું ને? મોક્ષમાર્ગ બે નથી, મોક્ષમાર્ગ તો એક જ છે, પણ નિશ્ચય મોક્ષમાર્ગ, જે સ્વ આશ્રિત દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા... નિશ્ચય નામ સ્વઆશ્રિત, વ્યવહાર નામ પરઆશ્રિત. એમાં જેટલો રાગ બાકી છે, પૂર્ણ વીતરાગ નથી તો એવી શ્રદ્ધા નિમિત્તરૂપે અનુકૂળ વ્યવહાર છે એ ગણીને એને સમ્યગ્દર્શનનો આરોપ કર્યો છે. છે નહિ. એ તો રાગ છે. સમજાય છે કાંઈ? આહા..! હવે આ કહે કે, ચોથેથી એકલા વ્યવહાર સમ્યગ્દર્શન હોય, નિશ્ચય ન હોય. ભગવાન! ભારે ભાઈ તેં કર્યું. તેં તને ઉડાડી દીધો આખો. તને ઉડાડીને વાત? 'ધન્નાલાલજી'!

અત્યારે એમ કહે છે, શુભજોગ.. એમાં થોડી શુદ્ધતા છે એ સમ્યગ્દર્શન, રાગ છે એ બંધનું કારણ છે. ચોથે ગુણસ્થાને શુભઉપયોગ જ હોય. નિશ્ચય ન હોય. આહાહા..! અહીં તો કહે છે કે ભાઈ! આત્માનું નિશ્ચય સ્વરૂપ એ શુભરાગ છે? એ તો ખરેખર શુદ્ધઉપયોગ છે. પછી ઉપયોગ ખસી જાય પછી શુદ્ધપરિણતિ છે. સમજાય છે કાંઈ? શુદ્ધપરિણતિ છે. આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન એ શુદ્ધપરિણતિ છે, શુદ્ધ પર્યાય છે અને વ્યવહાર સમ્યગ્દર્શન એ અશુદ્ધપરિણતિ રાગ છે. ભારે.. એવી વાતને પલટાવી નાખે છે ને. શબ્દે શબ્દે આખી વસ્તુ જ ગુમ થઈ ગઈ. અને માર્ગ જૈનદર્શન (કહે). વીતરાગભાવે જૈનદર્શન હોય કે રાગભાવે જૈનદર્શન હોય?

મુમુક્ષુ :- જૈન સંસ્કૃતિ...

ઉત્તર :— જૈન સંસ્કૃતિ રાગવાળી હોય કે જૈન સંસ્કૃતિ વીતરાગવાળી હોય? જૈન સંસ્કૃતિ, જૈન એટલે શું? એ કંઈ સંપ્રદાય છે? જૈન એટલે વસ્તુનો વીતરાગ સ્વભાવ છે તેની સંસ્કૃતિ– પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન પ્રગટ થવા એ જૈન સંસ્કૃતિ છે. બીજી જૈન સંસ્કૃતિ કઈ? રાગ આવે એ જૈન સંસ્કૃતિ છે? બિલકુલ ના પાડી છે. ૧૫ મી ગાથા. **'जो पस्सदि अप्पाणं'** જેણે પોતાનો આત્મા અબદ્ધસ્પૃષ્ટ જોયો, કર્મથી રાગથી અબદ્ધ છે, અસ્પૃષ્ટ છે, અનન્ય, એકરૂપ છે, અભેદ છે, વિશેષ નથી સામાન્ય છે, એવી જેને દૃષ્ટિ થઈ, અનુભવ થયો એણે આખા શાસનને જોયું. **'पस्सदि जिण सासणं सव्वं'** ત્યાં તો વ્યવહાર જોયો એને શાસન જોયું એમ નથી કહ્યું. સમજાય છે કાંઈ? વ્યવહાર કંઈ જૈનશાસન નથી. ૧૫ મી ગાથામાં આવે છે કે નહિ?

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની આ ગાથા છે, એનો 'અમૃતચંદ્રાચાર્યે' અર્થ કર્યો છે. ભગવાન આત્મા કર્મ ને રાગની સાથે એનો સંબંધ જ નથી. એવી વસ્તુ પ્રભુ એની પ્રતીતિ થવી, એનું ભાવશ્રુતજ્ઞાનમાં જ્ઞાન થવું, સામાન્યનું જ્ઞાન થવું, ભેદરહિત એકરૂપનું જ્ઞાન થવું એનું

www.vitragvani.com



નામ જૈનશાસન ભગવાન કહે છે. એ જૈનશાસન તો વીતરાગભાવ થયો. ભાવશ્રુતજ્ઞાનનું પરિણમન શ્રદ્ધા અને સ્થિરતા સહિત થાય એને જિનશાસન કહેવામાં આવે છે. શું કરે? ત્યાં વ્યવહાર તો નાખ્યો જ નહિ કે વ્યવહાર એ જૈનશાસન છે. 'અમરચંદભાઈ'!

મુમુક્ષુ :– કેમ ન નાખ્યો?

ઉત્તર :– કેમકે રાગ છે. રાગ એ જૈનશાસન કઈ રીતે હોય? વીતરાગતા એ જૈનશાસન છે. સમજાય છે કાંઈ? શ્રદ્ધામાં ઠેકાણા ન મળે, જ્ઞાનના ઠેકાણા ન મળે અને વ્રત ને નિયમ (લઈ લ્યો). ક્યાંથી વ્રત અને નિયમ આવ્યા? સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા નિર્વિકલ્પ સહજાનંદની મૂર્તિ વીતરાગ સ્વરૂપ છે. કેમકે ચારિત્રગુણ એનો છે. જેમ જ્ઞાનગુણ છે તો જ્ઞાયક છે એમ ચારિત્રગુણ છે તો ત્રિકાળ વીતરાગભાવ છે. એની અંદર સ્વરૂપમાં પ્રતીત, જ્ઞાન અને રમણતા સ્વ આશ્રય કરવો એ એક જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. શું કરે? આખી વાત ફરી જાય છે. આ એમ કાંઈ બાપુ! બહારથી મળી જાય એવું નથી. બહારથી તો અનંતકાળમાં ઘણું બધું કર્યું છે. સમજાણું? શુક્લલેશ્યા. નવમી ગ્રૈવેયક ગયો, શુક્લલેશ્યા. શુક્લલેશ્યા એવી કે ચામડા ઉતરડીને ખાર છાંટે તો પણ ક્રોધ ન કરે એવી તો ક્ષમા કરી. એમાં શું આવ્યું? પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન થયા નહિ. એનાથી પુણ્યબંધ થયો અને સ્વર્ગમાં ગયો. પછી પડ્યો. 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો, ફીર પીછો પટક્યો' કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ત્રણે ગુણ આત્મસ્વરૂપ છે. **'સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરવું તે વ્યવહારસમ્યગ્દર્શન છે,...'** વ્યવહાર સમ્યગ્દર્શનનો અર્થ શું? કે આત્માના શુદ્ધ સ્વભાવના આશ્રયે નિર્વિકલ્પ વીતરાગ પ્રતીત થઈ, વીતરાગરૂપ પર્યાય પ્રગટ થઈ. દર્શનરૂપ, હોં! એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન, સાચું સમ્યગ્દર્શન, યથાર્થ સમ્યગ્દર્શન, વાસ્તવિક સમ્યગ્દર્શન છે. એની સાથે સાત તત્ત્વની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ શુભરાગ છે. નિમિત્ત અનુકૂળ વ્યવહારથી જોઈ, વ્યવહારથી, હોં! નિશ્ચયથી પ્રતિકૂળ છે. કેમકે એ સમયે સર્વજ્ઞની શ્રદ્ધા, દેવ-ગુરુની શ્રદ્ધા અનુકૂળ નિમિત્ત છે ને? સર્વજ્ઞ સ્વભાવ પ્રગટ થયો, અંદર શક્તિરૂપ પ્રતીતિ થઈ. જેને પ્રગટ થયું એની પ્રતીત છે. એ વિકલ્પ નિશ્ચય સમ્યગ્દર્શનમાં વ્યવહાર તરીકે અનુકૂળ ગણીને વ્યવહાર સમકિત કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– હા, ઇ સાધન કહો. સાધન કહો કે વ્યવહાર કહો, બન્ને એક જ છે. વ્યવહારથી ભિન્ન સાધન-સાધ્ય છે. વ્યવહારથી, યથાર્થમાં નથી. આહાહા..! ... 'પંચાસ્તિકાય'.

મુમુક્ષુ :–

ઉત્તર :– અણવરને કન્યા ન આપે, ભાઈ કહે છે, 'બાબુભાઈ'! વરરાજા સાથે અણવર જાય, ખાય ભલે ભેગો, અણવરને કન્યા ન આપે. આપણે તો એવો દાખલો સાંભળ્યો હતો.

www.vitragvani.com



સમજાણું કાંઈ? વર અને અણવર બે જાય ને? અણવર કહે છે? શું કહે છે? વિનાયક. ભારે ભલે નામ આપે અણવર કહેવાય, પણ કાંઈ કન્યા એને આપતા હશે? ચાલ્યો જા. એમ વ્યવહાર આદિ હોય એને કાંઈ એનાથી મોક્ષ મળે? એય...! 'ન્યાલભાઈ'! કહો, સમજાણું કાંઈ? વળી આ અણવરનો દાખલો આપ્યો. કહો, સમજાણું કે નહિ? વર હોય ત્યાં અણવર કહેવાય. અણવરનો અર્થ ખરેખર એ વર નથી. નો-વર, અણ-વર. એનો અર્થ ઇ છે. અણ– નહિ વર. તમારે શું કીધું? વિનાયક કેમ કહેતા હશે? વિ-નાયક. પેલો નાયક મૂળ છે અને આ વિનાયક.

હું પણ અમારે 'ફાવાભાઈ' ના (લગ્નમાં) અણવર થયો હતો ને. સંવત ૧૯૬૪ ની સાલમાં. મેં કીધું, આપણે તો ભગત કહેવાઈએ. આપણે એ લૌકિકની વાત બહુ ઊંડી જાણીએ નહિ. 'ફાવાભાઈ'ના લગન હતા ને? 'ફાવાભાઈ' ગુજરી ગયા. પછી બેઠા. ગામમાં ને ગામમાં લગન હતા. બહાર ગાડું આવ્યું. ગાડું સમજ્યા? મેં કીધું, ઉપાડો. ઉપાડો નહિ કહેવાતું હોય, આપણને કાંઈ ખબર નહિ. 'ન્યાલભાઈ'! વરને ઉપાડો ન કહેવાય. તીડો કહેવાય. કારણ કે ઉપાડો તે પેલા મડદાંને કહેવાય. 'બાબુભાઈ'! આ તો અમારે બનેલું. એની ઉંમર ચૌદ વર્ષની ને મારી હતી અઢારની. ૧૯૬૪ ની સાલની વાત છે. સંવત ૧૯૬૪. કાંઈ ન થયું. પછી તો બધા લોકો સમજી ગયા. એ તો ભગત છે. એનો કાંઈ વાંધો નહિ, એ ગમે તેવું બોલે એનો વાંધો નહિ. સમજાણું? લોકોમાં તમે એનું ખરાબ ન માનશો, ભગત છે. પછી સંવત ૧૯૯૬ની મારી પાસે બાધા લીધી. હજી પોર ગુજરી ગયા. ઉપાડો કીધું તો કંઈ અપશુકન નથી થઈ ગયું. પરણીને કંઈક મરી ગયા એના પહેલા. પછીના પરણીને મરી ગયા. એ તો આયુષ્ય (પ્રમાણે થાય). એની સાથે ઉપાડો, ન ઉપાડોનો શબ્દ શું છે? સમજાય છે? લોકોએ કાઢી નાખ્યો. પછી હું સમજી ગયો કે આ બોલાતું નહિ હોય. આપણને ખબર નથી, ઉપાડો નહિ કહેવાતું હોય. ઠીક, કાંઈ નહિ. 'જેઠાલાલભાઈ'! વરને ઉપાડો કહે ને? તીડો કહે. તમારે હિન્દીમાં શું કહે છે? તીડો. એવી અમારે ત્યાં ભાષા છે. ઉપાડો ન કહેવાય. ઉપાડો તો ઠાઠડીમાં મડદું ઉપાડવું હોય ત્યારે ઉપાડો કહેવાય. અરે..! આવા ને આવા ભાષાવાળા. ભાષાના વજન ઉપર તોળ. એ તો અમારે પ્રત્યક્ષ દાખલો થયો. કીધું, જુઓને! પછી અમારી પાસે બાધા લીધી. બત્રીસ વર્ષના લગનમાં. ૧૯૬૪માં લગ્ન અને ૧૯૯૬માં બાધા લીધી. પોર ગુજરી ગયા. કેટલા વર્ષ થયા? સમજાણું? ૨૬.

મુમુક્ષુ :–

ઉત્તર :– કાંઈ થાતું નથી, ધૂળેય થતું નથી, .. શું થાય?

અહીં કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ શુભરાગ છે, મિથ્યાત્વ નથી. એ રાગને ધર્મ પરમાર્થે માને, નિશ્ચય ધર્મ માને તો મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, એ ત્રણની શ્રદ્ધા, સાતતત્ત્વ અને દેવ-ગુરુ-શાસ્ત્ર. હવે (કહે છે), **'તત્ત્વોના**

www.vitragvani.com



**સ્વરૂપને જાણી લેવું તે વ્યવહારસમ્યગ્જ્ઞાન છે,...'** ભેદરૂપ. આત્માનું સ્વરૂપ તે સમ્યગ્દર્શન. ત્રિકાળી જ્ઞાન. અહીં તત્ત્વોનું સ્વરૂપ એમ ભાષા લીધી ને? જીવ, અજીવ આદિ અનંત તત્ત્વ. જીવ છે, અનંત પરમાણુ છે એનું જ્ઞાન કરવું. એ ઉઘાડ વિકાસ છે પણ પરલક્ષી ઉઘાડ છે, સાથે રાગ છે એ પણ શુભરાગ જ છે. સમજાય છે કાંઈ? જાણવું થાય છે એ તો જ્ઞાનનો ક્ષયોપશમ છે પણ એ ક્ષયોપશમ પરલક્ષી છે તો સાથે રાગ છે. એ રાગને અહીંયા સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. અથવા પરલક્ષી વિકાસને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. ખરેખર પરલક્ષી જ્ઞાન બંધનું જ કારણ છે. આહાહા..! એય..!

મુમુક્ષુ :– જ્ઞાન બંધનું કારણ?

ઉત્તર :– હા, પરલક્ષી જ્ઞાન છે એ બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી.

મુમુક્ષુ :– જ્ઞાન બંધનું કારણ હોય જ નહિ એમ કહો છો ને આપ.

ઉત્તર :– એ બીજી અપેક્ષાથી વાત છે. વિપરીતપણું હોય, એકલું પરપ્રકાશમાં જ્ઞાન ગયું, સ્વમાં આવ્યું નહિ. એ અપેક્ષાએ વિપરીતપણું ગણીને બંધનું કારણ છે, બાકી ઉઘાડ અંશ છે એ કાંઈ બંધનું કારણ નથી. સમજાય છે કાંઈ? મિથ્યાજ્ઞાન બંધનું કારણ, ત્રણ સામે લીધા છે. 'શ્લોકવાર્તિક'માં. જેમ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર મોક્ષનો માર્ગ છે એમ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર બંધનો માર્ગ છે. ત્રણે લઈ લીધા છે. સમજાય છે કાંઈ? 'તત્ત્વાર્થ શ્લોકવાર્તિક'માં ઘણું સ્પષ્ટ કર્યું છે. વાત તો ચોખ્ખી સ્પષ્ટ દીવા જેવી છે. સંતોએ માર્ગ સરળ કરી દીધો છે. દિગંબર મુનિઓ, સંતોએ તો માર્ગ સનાતન સત્ય આત્માનો (માર્ગ) એવો સ્પષ્ટ કરી દીધો છે કે ક્યાંય એમાં ગડબડ છે જ નહિ. કહો, સમજાણું કાંઈ?

**'તત્ત્વોના સ્વરૂપને જાણી લેવું તે વ્યવહારસમ્યગ્જ્ઞાન છે,...'** જુઓ! વ્યવહાર, હોં! પરાશ્રિત છે. વ્યવહાર છે એટલો પરાશ્રિત છે. તત્ત્વોના સ્વરૂપનું જ્ઞાન એ પરાશ્રિત થયું, સ્વાશ્રિત નથી. સ્વાશ્રિત છે તે મોક્ષનો માર્ગ છે, પરાશ્રિત છે તે ખરેખર માર્ગ નથી પણ નિમિત્તને જોઈને વ્યવહારથી સમ્યગ્જ્ઞાન કહેવામાં આવ્યું છે.

હવે ત્રીજું, **'અશુભ ક્રિયાઓથી પ્રવૃત્તિ હટાવીને...'** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનીની વાત ચાલે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પોતાના સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન થયા તેમાં આગળ જઈ અશુભપરિણતિથી રોકાઈને શુભપરિણતિમાં પ્રવૃત્તિ (થવી). અશુભભાવનો ત્યાગ અને શુભભાવની પ્રવૃત્તિ. સમજાય છે કાંઈ? **'હટાવીને શુભક્રિયામાં પ્રવૃત્તિ કરવી તે વ્યવહારસમ્યક્ચારિત્ર છે.'** શુભપ્રવૃત્તિને વ્યવહાર ચારિત્ર કહ્યું. સ્વરૂપમાં રમણતાને નિશ્ચયચારિત્ર કહ્યું. વ્યવહાર નિમિત્ત જોઈને કહ્યું છે. વ્યવહારચારિત્ર પરાશ્રિત બંધનું કારણ છે. વ્યવહાર અણુવ્રત અને મહાવ્રત.. નિશ્ચય અણુવ્રત, મહાવ્રત તો સ્વરૂપમાં લીનતા છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, આત્માના ભાન અને પ્રતીત સહિત, સ્વરૂપમાં શાંતિનું હોવું અને સ્થિરતા થવી એ નિશ્ચય

www.vitragvani.com



અણુવ્રત અને મહાવ્રત છે. અને સાથે જે બારઅણુવ્રતનો વિકલ્પ ઉઠે છે અને મુનિને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ ઉઠે છે એ વ્યવહાર વ્રત છે. એ પરાશ્રિત છે, બંધનું કારણ છે.

મુમુક્ષુ :– .. મહાવ્રત કહેવાય?

ઉત્તર :– હા, નિશ્ચય મહાવ્રત સ્વરૂપમાં સ્થિરતા એ મહાવ્રત છે. બધું આવ્યું છે, ત્યાં આવ્યું છે. 'દ્રવ્ય સંગ્રહ'માં ખુલાસો કર્યો છે. ભેદ નથી લીધા? સંવરના ભેદ લીધા છે ને ત્યાં? ટીકામાં બધું ચોખ્ખું લીધું છે. 'સોમચંદભાઈ'એ પહેલો પ્રશ્ન એ જ કર્યો હતો ને? (સંવત) ૧૯૯૩માં. આ (મહાવ્રત)? તો શું છે? કીધું. સ્થિરતા હોય ત્યાં ભેદ હોય એને વ્યવહાર કહ્યો છે. અંદરમાં જે સ્થિરતા જામી જાય, સ્વરૂપમાં રમણતા એ જ શાંતિ અને એ જ વીતરાગતા ને મોક્ષમાર્ગ છે, વીતરાગમાર્ગ છે. વચ્ચે અણુવ્રત, મહાવ્રત આવે છે, કહ્યું ને? પંચમગુણસ્થાનમાં બારઅણુવ્રતના વિકલ્પ નિમિત્ત છે, પણ એને શાસન નથી કહ્યું. જુઓ! પંદરમી ગાથામાં એને શાસન નથી કહ્યું. કેમકે રાગ છે. 'ધન્નાલાલજી'! સમજાય છે કાંઈ? જૈનશાસન તો વીતરાગી દૃષ્ટિ ને વીતરાગનું જ્ઞાન ને વીતરાગ ઉપયોગથી સ્થિર થવું એ શાસન. આહાહા..! એમાં રાગ આવે છે એને વ્યવહારથી જૈનશાસન કહો. વ્યવહારથી એટલે ઉપચારથી, પરાશ્રિતથી. વસ્તુ (ખરેખર) નથી. આહાહા..! એ રાડ નાખે છે. અરે...! સોનગઢમાં તો અણુવ્રત ને મહાવ્રતનો ત્યાગ કરે છે. પણ એ તો વિકલ્પ છે, ભગવાન! તને ખબર નથી, બાપુ! તને નુકસાનકારક છે. એનો ત્યાગ શ્રદ્ધામાં ન હોય તો તને સમ્યગ્દર્શન થશે નહિ. એ માટે વાત છે. સમજાય છે? 'કુંદકુંદાચાર્યે' અઠ્યાવીસ મૂળગુણ કેમ પાળ્યા? એ વ્રત જો ત્યાજ્ય હોય તો (કેમ પાળ્યા)? પાળ્યા એટલે વચ્ચે આવે છે. એનો આદર નથી. ઓળંગીને સ્વરૂપમાં જાય છે એને ચારિત્ર કહે છે.

મુમુક્ષુ :– વચ્ચે આવે છે એને પાળે છે એમ કહેવાય?

ઉત્તર :— પાળે છે એમ કહેવાય. વ્યવહારનયે પાળે છે એમ કહેવાય. અશુભ નથી, અશુભ છૂટ્યું છે એટલે શુભ વ્યવહારનયથી પાળે છે એમ કહેવાય છે. નિશ્ચયનયમાં એ તો એનો જાણનાર જ છે. વ્યવહાર આદિના વિકલ્પો હોય છે, નથી હોતા એમ નહિ. સમજાય છે? એ એવી જાતના જ હોય, ભગવાને કહ્યા એવા. મુનિને આત્મદર્શન, જ્ઞાન, ચારિત્ર અંદરનું નિશ્ચય થયું હોય તો એને અઠ્યાવીસ મૂળગુણના જ વિકલ્પ હોય. એને વસ્ત્ર લેવાનો, પાત્ર લેવાનો, એને માટે કરેલો આહાર લેવાનો વિકલ્પ હોય જ નહિ. એ તો ભૂમિકાની દશા જ એવી છે. એ સહજ વસ્તુનો સ્વભાવ છે, એ કંઈ કૃત્રિમ નથી. ભગવાને કીધું કે આમ.. એમ નહિ, એમાં એમ જ હોય. સમજાણું કાંઈ?

કહે છે, **'આ વ્યવહારરત્નત્રય થયાં. આત્મસ્વરૂપનું શ્રદ્ધાન તે નિશ્ચયસમ્યગ્દર્શન,...'** વિશેષ ખુલાસો છે. **'આત્મજ્ઞાન થવું તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન...'** હવે જુઓ ત્રીજો અર્થ કર્યો. **'આત્મસ્વરૂપમાં પરિણમન તે નિશ્ચયસમ્યક્ચારિત્ર.'** પેલામાં સ્થિતિ કીધી હતી. પરિણમન,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તો પરિણમન પર્યાય આવી. દ્રવ્ય સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાં દર્શન, જ્ઞાન સહિત પરિણમન કરવું, સ્થિરતા કરવી, આનંદમાં લીન થવું તેનું નામ ભગવાન સાચું ચારિત્ર કહે છે. **'આત્મસ્વરૂપમાં પરિણમન તે નિશ્ચયસમ્યક્ચારિત્ર.'** છે. કહો, સમજાય છે કાંઈ? આ છઠ્ઠા ગુણસ્થાને ત્રણે શરૂ થાય છે અને ચોથે ગુણસ્થાને પણ અંશે શરૂ થાય છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અનુભવમાં ત્રણે આવી જાય છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. સ્વરૂપાચરણ દશા ચોથેથી ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનપૂર્વક સ્વરૂપાચરણ સ્થિરતા, અનંતાનુબંધીના અભાવ પૂરતી. એટલી દશાનો અંશ તો ચોથે ગુણસ્થાને શરૂ થાય છે. એને જ ત્યાંથી મોક્ષમાર્ગ કહ્યો છે. ચારિત્ર પૂર્ણ નથી એ અપેક્ષાએ એને ઉપચાર મોક્ષમાર્ગ કહ્યો છે. ઉપચારનો અર્થ મોક્ષમાર્ગ નથી એમ નહિ. પણ એ ચારિત્ર ભેગું પૂર્ણ નથી, ચારિત્ર સાથે નથી તો એને ઉપચાર કહેવામાં આવ્યું છે. ઉપચાર એટલે ખોટું છે એમ નહિ, ભાઈ!

પેલા કહે, 'ટોડરમલે' ચોથે ઉપચાર મોક્ષમાર્ગ કહ્યો છે. શું કરવું છે તારે? આહા..! પોતાનો ભગવાન છે એનો તો આશ્રય લેવાની તને મહિમા જ ન મળે. અને પરનો આશ્રય– ઓથ લઈ અમે આગળ વધીએ છીએ, મરી જઈશ પણ આમાં. કહો, સમજાય છે કાંઈ? ભગવાન આખો ચિદાનંદ ભગવાન બિરાજે છે, પરમાત્મસ્વરૂપ જ છે. એના આશ્રયથી તને લાભ માનવું ગોઠતું નથી અને પરના આશ્રય આવે ત્યાં કહે, હા. આનો અર્થ શું થાય છે? પરને તાબે થઈને ભાવ થાય એ તને મુક્તિનો માર્ગ થાય? સમજાણું? જ્ઞાન ઘટી ગયા, ઓળખાણ ઘટી ગઈ, વાસ્તવિક તત્ત્વનું શું સ્વરૂપ છે એ બધું ((ઘટી ગયું). એટલે આ લોકોને ગડબડ થઈ ગઈ. માંડ જ્યાં આવ્યું ત્યાં (કહેવા લાગ્યા), આ નિશ્ચય છે, એ લોપ થઈ જશે. ભાઈ! નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે ઉપચાર. ઉપચારનો વિષય નથી એમ નહિ. પણ જે વસ્તુ કહે છે કે આ વ્યવહાર સમ્યગ્દર્શન એ નહિ, એ ઉપચાર છે. ત્યારે કંઈ છે કે નહિ? છે ને. રાગ છે. વ્યવહારનયનો વિષય નથી એમ નથી. નય છે તો નયજ્ઞાન છે. તો જ્ઞાનનો વિષય જ્ઞેય ન હોય? પણ જે જ્ઞેય વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે તે જ્ઞેય તેવું નથી. સમ્યગ્દર્શન કહે છે તે સમ્યગ્દર્શન નથી, વ્યવહાર, રાગ છે. આમ વસ્તુનું સ્વરૂપ છે. 'પોપટભાઈ'! ભણ્યા એને મોટો વાંધો આવે છે. શાસ્ત્રે વાદ ભયં, ગુણે ... ભયં. શાસ્ત્ર ભણ્યા હોય એને વાદ આવે. ભગવાન! આમાં વાદ નથી, ભાઈ! આહા..! તારી ચીજ છે ને અંદર. તને તારો ભરોંસો કરવા માટે તને કહીએ તો (તું કહે છે), ના, ના એ નહિ, એ નહિ. આનાથી થશે, આનાથી થશે. કો'કને ભરોંસે મારો ભરોંસો આવશે. એ તને ગોઠે છે કેમ?

માંડ આવું મનુષ્યપણું અનંતકાળે (મળ્યું). એમાં પણ આ જૈનદર્શન ને એમાં સત્ય વાણી સાંભળવાનો યોગ આવી ગયો, ન્યાંથી જો પાછો ખસ્યો તો ક્યાંય પત્તો નહિ ખાય. સમજાણું કાંઈ? આહા..! જુઓને! આ લીલોતરી નીકળી છે. લીલના ઢગલા પડ્યા છે. એક

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

નિગોદના ... તો આખું અઢી દ્વિપ ભરાઈ જાય. એ બધા ન્યાં મરે, ન્યાં ઉપજે, ન્યાં મરે, ન્યાં ઉપજે. અરે...! ભાઈ! તારી સ્થિતિ મિથ્યાદર્શનને લઈને, મિથ્યાશ્રદ્ધાને લઈનેસ્વરૂપના ભાન વિના કઈ કઈ દશાઓ તને થઈ અને કઈ કઈ દશાએ શ્રદ્ધા સાચી નહિ કર તો થશે, બાપા! એના પત્તા નહિ ખાય. સમજાય છે? આ બધા કેટલા ઢગલા પડ્યા છે ને? છોકરાને કહે, બાપા! આમાં હું અવતર્યો હોઈશ કે નહિ? હા, અનંતવાર અવતર્યો, ભાઈ! એમાં અનંતવાર ગયો છે. સમજાણું કાંઈ? કેમકે વસ્તુના સ્વરૂપનું એને માહાત્મ્ય આવ્યું નથી. પરના માહાત્મ્યમાં તો પર વસ્તુનો સંયોગ મળશે. સંયોગીનું માહાત્મ્ય તે સંયોગ આપશે. સ્વભાવનું માહાત્મ્ય તે સંયોગના અભાવ સ્વભાવને આપશે. સમજાણું કાંઈ? આવી વસ્તુ સ્થિતિ છે. પ્રત્યક્ષ છે. એમાં ક્યાંય... ઓહો..!

કહે છે, **'આત્મસ્વરૂપમાં પરિણમન તે નિશ્ચયસમ્યક્ચારિત્ર.'** એ મહાવ્રત આદિ તો વ્યવહારચારિત્ર છે. એટલે ખરેખર ચારિત્ર નથી. એને છે ખરું, આવે છે, નથી આવતું એમ નહિ. છઠ્ઠેગુણસ્થાને, પાંચમેગુણસ્થાને બારવ્રતનો વિકલ્પ આવે છે પણ છે એ બંધનું કારણ છે. પણ મોક્ષમાર્ગ ખરો નથી માટે બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. કહેવાય મોક્ષનું કારણ, છે બંધનું કારણ. વ્યવહારે મોક્ષનું કારણ એ નિશ્ચયથી બંધનું કારણ. આહાહા..!

**'તે આ જીવને કર્મોથી છોડાવવાનું કારણ છે,...'** કહો, સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા અંતર શુદ્ધ ચૈતન્યપ્રભુના આશ્રયથી દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય એ તો કર્મોથી છૂટવાનું કારણ છે. **'પણ કર્મોના બંધનું કારણ નથી.'**

## ગાથા-૨૧૭

**રત્નત્રય તીર્થંકરાદિ પ્રકૃતિઓનો પણ બંધ કરનાર નથી, એ વાત હવે બતાવે છે :–**

**सम्यक्त्वचरित्राभ्यां तीर्थंकराहारकर्म्मणो बन्धः।**
**योऽप्युपदिष्ट समये न नयविदां सोऽपि दोषाय।।२१७।।**

**અન્વયાર્થ :– [ अपि ] અને [ तीर्थंकराहारकर्मणाः ] તીર્થંકરપ્રકૃતિ અને આહાર પ્રકૃતિનો [ यः ] જે [ बन्धः ] બંધ [ सम्यक्त्वचरित्राभ्यां ] સમ્યક્ત્વ અને ચારિત્રથી [ समये ] આગમમાં, [ उपदिष्टः ] કહ્યો છે, [ सः ] તે [ अपि ] પણ [ नयविदां ] નયના જાણનારાઓના [ दोषाय ] દોષનું કારણ [ न ] નથી.**

www.vitragvani.com



**ટીકા :– 'सम्यक्त्व चरित्राभ्यां तीर्थंकराहार कर्मणः बन्धः (भवति) यः अपि समयं उपदिष्टः सः अपि नयविदां दोषाय न भवति।।' - અર્થ :– સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રથી તીર્થંકર-પ્રકૃતિ અને આહારક-પ્રકૃતિનો બંધ થાય છે, એવો જે શાસ્ત્રોમાં ઉપદેશ છે તેમાં પણ નયવિવક્ષા જાણનારને દોષ અર્થાત્ વિરોધ જણાતો નથી.**

**ભાવાર્થ :– જો કોઈ એમ શંકા કરે કે સમ્યગ્દર્શન થયા પછી જ તીર્થંકર-પ્રકૃતિનો બંધ થાય છે અને સમ્યક્ચારિત્ર થયા પછી જ આહારક-પ્રકૃતિનો બંધ થાય છે તો ઉપર જે આ કહેવામાં આવ્યું છે કે રત્નત્રય કર્મનો બંધ કરનાર નથી એ કેવી રીતે? તેનો ખુલાસો કરે છે.**

---

**'રત્નત્રય તીર્થંકરાદિ પ્રકૃતિઓનો પણ બંધ કરનાર નથી, એ વાત હવે બતાવે છે :'** કોઈ કહે છે કે સમ્યગ્દર્શન થયા પછી જ તીર્થંકર ગોત્રની પ્રકૃતિનો બંધ પડે છે, મિથ્યાત્વમાં નહિ. શું કહે છે? તીર્થંકર પ્રકૃતિનો બંધ મિથ્યાદૃષ્ટિને થતો નથી. જ્યારે સમ્યગ્દર્શન આત્માનું ભાન થયા પછી કોઈને તીર્થંકર પ્રકૃતિના પરિણામ આવે છે તો પ્રકૃતિનો બંધ પડે છે. મુનિ થયા પછી કોઈ આહારક શરીર બંધાવાના પરિણામ થાય છે. આહારક શરીરનો બંધ પડે છે. આહારક શરીરનો બંધ મિથ્યાત્વમાં પડતો નથી, ચોથે પણ નથી પડતો. સમજાય છે કાંઈ? કહે છે કે જ્યારે સમ્યગ્દર્શન પછી તીર્થંકર ગોત્રનો બંધ થાય છે તો એ બંધમાં સમ્યગ્દર્શન કારણ છે કે નહિ? અને મુનિ થયા, જ્યાં આત્મદર્શન, જ્ઞાન અને ચારિત્રમાં લીનતા છે, તેને અહીંયા આહારક શરીરનો બંધ થાય છે એનું ચારિત્ર આહારક બંધનું કારણ છે કે નહિ? સમજાણું કાંઈ? પહેલા તો બંધ પડતો નથી. સમ્યગ્દર્શન વિના મિથ્યાત્વમાં તીર્થંકર પ્રકૃતિ બંધાતી નથી, ચારિત્ર વિના આહારક શરીરનું બંધન નથી. તો પછી એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કારણ છે કે નહિ? કે નહિ. સમજાય છે કાંઈ? ઇ સિદ્ધ કરે છે.

**सम्यक्त्वचरित्राभ्यां तीर्थंकराहारकर्म्मणो बन्धः।**
**योऽप्युपदिष्ट समये न नयविदां सोऽपि दोषाय।।२१७।।**

**ટીકા :– ''सम्यक्त्व चरित्राभ्यां तीर्थंकराहारकर्मणः बन्धः (भवति) यः अपि समये उपदिष्टः सः अपि नयविदां दोषाय न भवति।।' - અર્થ :– સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રથી...'** બે લીધા. સમ્યગ્દર્શનથી તીર્થંકર પ્રકૃતિ. અને સમ્યક્ચારિત્રથી **'આહારક પ્રકૃતિનો બંધ થાય છે એવો જે શાસ્ત્રમાં ઉપદેશ છે...'** જુઓ! શું (કહ્યું)? સમ્યગ્દર્શનથી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. 'શ્રેણિક' રાજા. સાંભળ્યું છે કે નહિ? 'શ્રેણિક' રાજા. પહેલા તો સાતમી નરકનું આયુષ્ય બંધાય ગયું હતું પછી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું. સ્થિતિ ઘટી ગઈ. તેંત્રીસ સાગરમાંથી ચોરાશી હજારની રહી ગઈ. પહેલી નરકમાં છે. પછી તીર્થંકરગોત્ર બાંધ્યું. સમ્યગ્દર્શન પછી તીર્થંકર ગોત્ર બાંધ્યું. તો સમ્યગ્દર્શન બંધમાં કારણ છે કે નહિ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમજાય છે કાંઈ? 'ફૂલચંદજી'! સમજાય છે કે નહિ? થોડું થોડું.

મુમુક્ષુ :– ગરમ ઘી..

ઉત્તર :– નહિ, ગરમ તો આગ છે. આહારક પ્રકૃતિનો બંધ પડે છે એમ શાસ્ત્રમાં ઉપદેશ છે.

**'તેમાં પણ નયવિવક્ષા જાણનારને દોષ અર્થાત્ વિરોધ જણાતો નથી.'** એ વ્યવહારનયથી કહ્યું છે. સમ્યગ્દર્શન બંધનું કારણ કદી ત્રણકાળમાં નથી. આહાહા..! એ તો પહેલા આવી ગયું ને? યોગ અને કષાય બંધના કારણ છે અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, યોગ અને કષાયરૂપ નથી. બરાબર છે? ભગવાનઆત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્વિકારી પર્યાય છે, એ પર્યાય છે, એ યોગ અને કષાય વિકારીરૂપ નથી. અને બંધનું કારણ તો યોગ અને કષાય છે. આહા..! બન્ને વસ્તુ ભિન્ન છે.

સરાગ સમકિત કહે છે. સરાગ સમકિતનો અર્થ શું? શું સમકિત સરાગ છે? સમકિત તો નીરાગી, અરાગી છે. રાગ જોઈને સમકિતને સરાગ, રાગ ચારિત્ર જોઈને કહ્યું છે. છે નહિ. સમ્યગ્દર્શન તો વીતરાગી સમ્યગ્દર્શન છે. એમ અહીંયા તીર્થંકર પ્રકૃતિ સમકિતી બાંધે છે. શાસ્ત્રમાં શું આવે છે? સમકિતી તીર્થંકર ગોત્ર બાંધે છે. 'શ્રેણિક' રાજાએ બાંધી. અત્યારે પહેલી નરકમાં છે. ત્યાંથી નીકળીને આગામી ચોવીશીમાં તીર્થંકર થશે. સમજાય છે કાંઈ? ચારિત્ર નહોતું, પંચમગુણસ્થાન નહોતું, છઠ્ઠુંગુણસ્થાન નહોતું. ચોથાગુણસ્થાને તીર્થંકર ગોત્ર બંધાયું. શું સમકિતથી બંધાયું છે? નહિ. સમકિત તો સંવર, નિર્જરાનું જ કારણ છે. સમ્યગ્દર્શન તો સંવર, નિર્જરાનું જ કારણ છે. સાથે યોગ અને કષાય એનાથી તીર્થંકર ગોત્ર બંધાઈ ગયું. બંધાઈ ગયું તો શું? એ તો જ્ઞેય છે. સમ્યગ્દષ્ટિને પણ તીર્થંકર ગોત્રના પરિણામ થાય છે એને પોતાપણે સ્વીકારતા નથી. સમજાણું કાંઈ? એ રાગ છે. ષોડશકારણ ભાવના આવે છે નહિ? ષોડશકારણ ભાવના ભાય.. શું આવે છે બીજું? તીર્થંકર પદ પાય.. પરમ ગુરુ હોય. રાજી રાજી થઈ જાય. આહાહા...! આપણને તીર્થંકર ગોત્ર આવી જશે. ભાઈ!

મુમુક્ષુ :– જે માંગે તેને ન આવે.

ઉત્તર :– માંગે.. પણ થાય ક્યાંથી? સમ્યગ્દર્શન વિના એવો વિકલ્પ આવતો જ નથી. સમ્યગ્દર્શન આત્માના અનુભવ વિના એવો વિકલ્પ આવતો નથી. એ દ્રવ્ય જ અનાદિનું એ જાતનું હોય છે. એને આ વિકલ્પ આવે છે. લાવે છે? આવે છે કે હું આવો વિકલ્પ લાવું. એ દ્રવ્યની લાયકાત (એવી છે). ચારિત્રગુણની પર્યાયમાં એ સમયે એવા જ પરિણામ થવાને લાયક છે, પણ છે હેયબુદ્ધિ.

મુમુક્ષુ :– બધા દ્રવ્યને કાંઈ એવી લાયકાત હોય નહિ.

ઉત્તર :– હોય નહિ. સમજાય છે કાંઈ?

કહે છે, સમ્યગ્દર્શનથી તીર્થંકર ગોત્ર બંધાય છે એ નયવિવક્ષાથી કહ્યું. એ ભૂમિકામાં

www.vitragvani.com



બંધાણું તો કહ્યું, યથાર્થમાં બંધનું કારણ છે. ચારિત્રને પણ કહ્યું, આહારક શરીરના બંધનું કારણ છે. વ્યવહારથી કહ્યું છે, પરમાર્થથી નથી. વિશેષ વાત કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પ્રવચન નં. ૮૭ ગાથા–૨૧૮, ૨૧૯, ૨૨૦ શનિવાર, શ્રાવણ સુદ ૭, તા. ૧૨-૦૮-૧૯૬૭**

---

## ગાથા–૨૧૮

**सति सम्यक्त्वचरित्रे तीर्थकराहारबन्धकौ भवतः।**
**योगकषायौ नासति तत्पुनरस्मिन्नुदासीनम्।।२१८।।**

**અન્વયાર્થ :– [ यस्मिन् ] જેમાં [ सम्यक्त्वचरित्रे सति ] સમ્યકત્વ અને ચારિત્ર હોવા છતાં [ तीर्थंकराहारबन्धकौ ] તીર્થંકર અને આહારક પ્રકૃતિનો બંધ કરનાર [ योगकषायौ ] યોગ અને કષાય [ भवतः ] થાય છે [ पुनः ] અને [ असतिः न ] નહોતા, થતા નથી અર્થાત્ સમ્યક્ત્વ અને ચારિત્ર વિના બંધના કર્તા યોગ અને કષાય થતા નથી [ तत् ] તે સમ્યક્ત્વ અને ચારિત્ર [ अस्मिन् ] આ બંધમાં [ उदासीनम् ] ઉદાસીન છે.**

**ટીકા :– 'सम्यक्त्व चरित्रे सति योगकषायौ तीर्थकराहार बंधकौ भवतः तस्मात् तत्पुनः अस्मिन्: उदासीनम्।' - અર્થ :– સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર હોય ત્યારે જ યોગ અને કષાય તીર્થંકર તથા આહારકનો બંધ કરનાર થાય છે, તેથી રત્નત્રય તો પ્રકૃતિઓનો બંધ કરવામાં ઉદાસીન છે.**

**ભાવાર્થ :– જ્યારે આત્મામાં સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રગુણ પ્રગટ હોતા નથી ત્યારે પણ આત્માની સાથે કર્મોનો બંધ થાય છે અને જ્યારે એકદેશ સમ્યક્ચારિત્ર પ્રગટ થાય ત્યારે પણ આત્માની સાથે કર્મનો બંધ થાય છે, તેથી જણાય છે કે કર્મોનો બંધ કરવામાં કારણ યોગ-કષાયોનું થવું અને કર્મોના અબંધમાં કારણ યોગ-કષાયોનું ન થવું જ છે. ૨૧૮.**

---

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' એમાં ૨૧૭ ગાથા ચાલી. ૨૧૮. શું ચાલે છે? જુઓ! પ્રશ્ન એમ છે કે. આ આત્મા.. પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે ને? પુરુષાર્થ–પુરુષ એટલે આત્મા, એની સિદ્ધિ–મુક્તિ, એનો ઉપાય. આત્માની (સિદ્ધિનો) ઉપાય શું? કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર શું છે? કે પોતાનું શુદ્ધસ્વરૂપ પવિત્ર સન્મુખ પોતાની દૃષ્ટિનું થવું અને સ્વભાવ સન્મુખનું આત્માનું જ્ઞાન થવું અને આત્માના આશ્રયે સ્વરૂપ સ્થિરતા થવી એ જ ત્રણ રત્નત્રય મોક્ષનો ઉપાય છે. ત્યારે પ્રશ્ન થયો કે રત્નત્રય જો મોક્ષનું કારણ છે તો આ બંધનું કારણ કોણ છે? રત્નત્રય કર્મનો બંધ કરનાર નથી, એનો ખુલાસો (કરે છે). કેમકે જ્યારે સમ્યગ્દર્શન થયા પછી જ તીર્થંકર ગોત્ર બંધાય છે અને સમ્યક્ચારિત્ર થયા પછી જ આહારક પ્રકૃતિ બંધાય છે. તો એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો ભાગ એમાં આવ્યો. એ વિના બંધ પડતો નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન અને ચારિત્ર વિના તો તીર્થંકર ગોત્ર અને આહારક શરીરનો બંધ થતો નથી. તો એ કારણ થયું. પહેલા કેમ ન બંધાણું? સમ્યક્ આત્માનું ભાન થયું અને સ્વરૂપમાં સ્થિરતા થઈ તે સમયે જ તીર્થંકર પ્રકૃતિનો અને આહારક શરીરનો બંધ થાય છે તો એનું શું કારણ છે? એ કહે છે.

**सति सम्यक्त्वचरित्रे तीर्थकराहारबन्धकौ भवतः।**
**योगकषायौ नासति तत्पुनरस्मिन्नुदासीनम्।।२१८।।**

**'સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર હોય ત્યારે જ...'** આત્મામાં સમ્યગ્દર્શન–આત્મદૃષ્ટિ, અનુભવ સમ્યકનો થયા પછી જ તીર્થંકર પ્રકૃતિનો બંધ પડે છે પણ એ સમ્યગ્દર્શનથી નહિ. સમજાય છે કાંઈ? અત્યારે કેટલાક કહે છે કે મોક્ષમાર્ગ છે એ અનેકાંત છે. મોક્ષમાર્ગ છે એ કથંચિત્ બંધમાર્ગ છે અને શુભઉપયોગ છે એ કથંચિત્ અબંધમાર્ગ પણ છે, તો અનેકાંત થાય છે, નહિતર અનેકાંત થતું નથી. સમજાય છે કાંઈ? એમ ચાલ્યું છે, ઘણી વાર વાત થઈ ગઈ છે. કેમ? 'દેવીલાલજી'! કહે છે કે, અનેકાંત ક્યારે થશે? કે જે મોક્ષનો માર્ગ આત્માના દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે તેનાથી પણ કથંચિત્ બંધ શાસ્ત્રમાં કહ્યો છે. .... બન્ને પાઠ આવ્યા છે. અને શુભયોગમાં પણ થોડી સંવર, નિર્જરા અને શુદ્ધતા હોય છે. એમ કહે છે એ વાતનો અહીં નિષેધ કરે છે કે એમ નથી.

એક ક્ષણમાં જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી જ્ઞાનધારા અને રાગધારા એક સમયમાં બન્ને સાથે રહે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનધારાનો અર્થ કે આત્મા ચૈતન્યપ્રભુ, પોતાના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, એ જ્ઞાનધારા છે. જ્ઞાનધારાનો અર્થ એમાં રાગ નથી. અને જ્યાં સુધી જ્ઞાનધારા પૂર્ણ ન થાય ત્યાં સુધી રાગભાગ સાથે હોય છે. રાગભાગ છે એ જ બંધનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિનો શુભઉપયોગ બંધનું કારણ છે એમ અહીંયા સિદ્ધ કરવું છે. આત્માની દૃષ્ટિ થઈ, આત્માનું જ્ઞાન થયું અને સ્થિરતા થઈ એ તો મુક્તિ નામ સંવર, નિર્જરાનું જ કારણ છે પણ સાથે શુભઉપયોગ રહે છે એ કોઈ કહે છે કે શુભઉપયોગમાં કંઈક સંવર, નિર્જરા છે.

મુમુક્ષુ :– કેટલો...?

ઉત્તર :– એકાંત થઈ જાય છે, એમ કહે છે. એય...! 'ધન્નાલાલજી'!

મુમુક્ષુ :– ... સાથે સમ્યગ્દર્શન છે.

ઉત્તર :— સાથે છે એ જુદી વાત છે. તો શું છે? દૃષ્ટાંત આપશે.

કહે છે, **'યોગ તથા કષાય તીર્થંકર તથા આહારકનો બંધ કરનાર થાય છે,...'** જુઓ! ભગવાનઆત્મા પોતાનો નિજ આશ્રયથી જેટલા જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રગટ કર્યા છે એ તો સંવર, નિર્જરા જ છે અથવા સંવર, નિર્જરા કહો કે મોક્ષનું કારણ કહો, માર્ગ કહો. સાથે યોગ, કષાય એ શબ્દ લીધો છે. છેલ્લે શુભઉપયોગ કહેશે. અંદર કંપન છે તેની સાથે શુભ પ્રવૃત્તિ છે. સમજાય છે કાંઈ? દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા, અપવાસ આદિના જે વિકલ્પ ઉઠે છે તે પ્રવૃત્તિ છે. સમજાય છે કાંઈ? એ પ્રવૃત્તિ યોગ કષાયરૂપ છે. એનાથી સંવર, નિર્જરા નથી થતી. કહો, સમજાય છે કાંઈ?

**'યોગ તથા કષાય તીર્થંકર તથા આહારકનો બંધ કરનાર થાય છે, તેથી રત્નત્રય તો પ્રકૃતિઓનો બંધ કરવામાં ઉદાસીન છે.'** જુઓ! ઉદાસીન છે. પોતાનો શુદ્ધ ભગવાનઆત્મા, તેના દર્શન, જ્ઞાન, ચારિત્ર જે રત્નત્રય છે એ બંધ કરવામાં ઉદાસીન છે. સમજાય છે કાંઈ? એ બંધનો કર્તા નથી.

**ભાવાર્થ :– 'જ્યારે આત્મામાં સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર ગુણ પ્રગટ હોતા નથી...'** હવે સિદ્ધાંત કહે છે **'ત્યારે પણ આત્માની સાથે કર્મોનો બંધ થાય છે...'** જ્યારે આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષનો માર્ગ પ્રગટ નથી હોતો ત્યારે પણ બંધ તો થાય છે. તો બંધનું કારણ શું? સમજાણું કાંઈ? **'અને જ્યારે એકદેશ સમ્યક્ચારિત્ર પ્રગટ થઈ જાય છે...'** જુઓ! એકદેશ કહ્યું. આત્મામાં સંપૂર્ણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થઈ જાય તો પછી રાગ સાથે રહેતો નથી. એકદેશ લીધું છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો એકદેશ ભાગ. સમ્યગ્દર્શન તો પૂર્ણ હોય છે. સમ્યગ્જ્ઞાન પણ અપૂર્ણ હોય છે અને ચારિત્ર પણ અપૂર્ણ હોય છે. જ્યાં સુધી છઠ્ઠે, સાતમે ચારિત્રની મંદતા છે, ચારિત્રનો એક અંશ શુદ્ધ છે, એકદેશ ભાગ શુદ્ધ છે, સમજાય છે કાંઈ? કેટલાક કહે છે ને કે સમકિતીનો શુભઉપયોગ મોક્ષનું કારણ છે. મિથ્યાદૃષ્ટિનો શુભજોગ બંધનું કારણ છે. એનો ખુલાસો કરે છે. મોટા મોટા પંડિત ભણ્યા પણ આ વાતું કરે છે. સમજાય છે કાંઈ?

કહે છે કે **'આત્માની સાથે કર્મનો બંધ થાય છે, તેથી જણાય છે કે કર્મોનો બંધ કરવામાં કારણ યોગ-કષાયોનું થવું અને કર્મોના અબંધમાં કારણ યોગ-કષાયોનું ન થવું જ છે.'** આત્મામાં જેટલા કંપન અને શુભ-અશુભ પરિણામ થાય છે એ જ બંધનું કારણ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિના શુભભાવ બંધનું જ કારણ છે.

મુમુક્ષુ :— સાતિશય પુણ્ય છે.

ઉત્તર :— સાતિશય પુણ્યનો શું અર્થ?

www.vitragvani.com



મુમુક્ષુ :– લઈ જાય મોક્ષમાં.

ઉત્તર :– પુણ્ય મોક્ષમાં લઈ જતું હશે? સાતિશયનો અર્થ એ શુદ્ધતામાં ચડે છે ત્યાં શુભભાવ હોય છે તેને સાતિશય કહે છે પણ એ તો પોતાના શુદ્ધને કારણે ચડે છે તેમાં એ નિમિત્ત છે, એ છૂટી જશે, શુભભાવ છૂટી જશે. અજ્ઞાનીને એકલા પુણ્ય બંધાય છે એ છૂટશે નહિ. એ અપેક્ષાએ સાતિશય પુણ્ય કહેવામાં આવ્યું છે. કહો, 'ધન્નાલાલજી'! જ્યાં હોય ત્યાં કંઈક વળગાડે. કંઈક પુણ્ય.. પુણ્ય. તેથી તો આ ખુલાસો કરે છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય–આત્માની મુક્તિનો ઉપાય એ બંધનું કારણ નથી. અને જે યોગ, કષાય બંધનું કારણ છે એમાં કિંચિત્ સંવર, નિર્જરાનું કારણ નથી. વાત આવી સ્પષ્ટ છે. 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ, જેણે 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય'ની ટીકા કરી છે. આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' એમણે બનાવ્યું. 'તત્ત્વાર્થ સાર' પણ એમણે બનાવ્યું. સ્પષ્ટ કહે છે.

જ્યારે જ્ઞાનધારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એની અંતરદૃષ્ટિ, જ્ઞાન અને જેટલી લીનતા સ્વઆશ્રયમાં થાય એ તો છૂટવાનો રસ્તો છે, મોક્ષનો માર્ગ છે અને સાથે જેટલી પ્રવૃત્તિના પરિણામ છે, દયા, દાન, વ્રત, શીલ, સંયમ, તપ, પૂજા, ભક્તિ, જાત્રા એવા જે ભાવ છે એ બંધનું જ કારણ છે, પુણ્યબંધનું કારણ છે. એમાં કિંચિત્ પણ સંવર, નિર્જરા થતી નથી. કહો, 'જેઠાલાલભાઈ'! છે ને એમાં? જુઓ!

**'તેથી જણાય છે કે કર્મોનો બંધ કરવામાં કારણ યોગ-કષાયોનું થવું અને કર્મોના અબંધમાં કારણ યોગ-કષાયોનું ન થવું જ છે.'** સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એ યોગ, કષાયના અભાવરૂપ છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે છે, પવિત્ર આત્માનું દર્શન, જ્ઞાન છે એ તો યોગ, કષાયનો અભાવ છે. યોગ, કષાયના અભાવરૂપ બંધનું કારણ નથી. યોગ, કષાય બંધનું કારણ છે.

મુમુક્ષુ :– સમ્યગ્દૃષ્ટિને શુદ્ધપરિણતિ તો હોય છે.

ઉત્તર :– હોય છે, શુદ્ધપરિણતિ કીધી ને? આ શું કહેવાય છે? શુદ્ધપરિણતિ છે તે સંવર, નિર્જરાનું કારણ છે. એ વાત તો ચાલે છે. શું કહ્યું? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહો કે શુદ્ધપરિણતિ કહો, સમજાય છે કાંઈ? સાથે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ શુભપરિણતિ, શુભઉપયોગ, શુભરાગ છે.

મુમુક્ષુ :– શુભ છે ને.

ઉત્તર :– શુભ એટલે ભલા-ફલાની વાત ક્યાં છે? સમજાય છે કાંઈ? વ્યવહારથી કહે, અશુભની અપેક્ષાએ. બંધનું કારણ છે એ આત્માને લાભનું કારણ કિંચિત્ નથી. બંધનું કારણ છે એ સ્વઆશ્રયમાં બિલકુલ લાભદાયક નથી. પરાશ્રયનો ભાવ એ બિલકુલ બંધનું કારણ છે. ચાહે તો સમ્યગ્દૃષ્ટિને હોય કે ચાહે તો મિથ્યાદૃષ્ટિને હોય, સમજાય છે કાંઈ? કોઈમાં અપવાદ નથી કે સમ્યગ્દૃષ્ટિના યોગ, કષાયથી સંવર, નિર્જરા છે. એ છે જ નહિ. શુદ્ધ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરિણતિ, પોતાના આત્માના અવલંબનથી જે શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ રમણતા અરાગ, સ્વભાવ આશ્રયે જે પ્રગટ્યા છે તે જ પરિણતિ સંવર, નિર્જરારૂપ છે. એ જ પરિણતિ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાય છે કાંઈ?

## ગાથા–૨૧૯

**શંકા :- જો આમ છે તો સમ્યક્ત્વને દેવાયુના બંધનું કારણ કેમ કહ્યું છે?**

**ननु कथमेवं सिद्धयति देवायुप्रभृतिसत्प्रकृतिबन्धः।**
**सकलजनसुप्रसिद्धो रत्नत्रयधारिणां मुनिवराणाम्।।२१९।।**

**અન્વયાર્થ :– [ ननु ] શંકા-કોઈ પુરુષ શંકા કરે છે કે [ रत्नत्रयधारिणां ] રત્નત્રયના ધારક [ मुनिवराणां ] શ્રેષ્ઠ મુનિઓને [ सकलजनसुप्रसिद्धः ] સર્વજનોમાં સારી રીતે પ્રસિદ્ધ [ देवायुप्रभृतिसत्प्रकृतिबन्धः ] દેવાયુ આદિ ઉત્તમ પ્રકૃતિઓનો બંધ [ एवं ] પૂર્વોક્ત પ્રકારે [ कथम् ] કેવી રીતે [ सिद्धयति ] સિદ્ધ થશે?**

**ટીકા :– 'ननु रत्नत्रयधारिणां मुनिवराणां सकलजनसुप्रसिद्धः देवायुप्रभृतिसत्प्रकृतिबन्धः एवं कथं सिद्धयति।' - અર્થ :– અહીં કોઈ શંકા કરે કે રત્નત્રયના ધારક મુનિઓને દેવાયુ વગેરે શુભ પ્રકૃતિઓનો બંધ થાય છે એવું જે શાસ્ત્રોમાં કથન છે તે કેવી રીતે સિદ્ધ થશે? ૨૧૯.**

---

'**શંકા :- જો આમ છે તો સમ્યક્ત્વને દેવાયુના બંધનું કારણ કેમ કહ્યું છે?**' 'તત્ત્વાર્થ સૂત્ર'માં કહ્યું છે સરાગ સંજમ દેવઆયુના બંધનું કારણ છે. કહો, આવે છે ને? તત્ત્વાર્થ સૂત્રમાં આવે છે. સમજાણું કાંઈ? માટે બે લીધા છે. એ અને તીર્થંકર ગોત્ર લીધું, અને સમકિત, ચાર બોલ લેશે. સમ્યક્તમ આવે છે ને? સમકિત પણ આયુષ્યના બંધનું કારણ આવે છે. ઘણા દાખલો પણ એ જ આપે છે, જુઓ! સમકિતને પણ બંધનું કારણ કહ્યું છે. માટે કથંચિત્ મોક્ષમાર્ગ બંધનું કારણ છે, કથંચિત્ નિર્જરાનું કારણ છે અને શુભરાગ કથંચિત્ બંધનું કારણ છે. શુભઉપયોગ સમકિતીનો, હોં! કથંચિત્ સંવર, નિર્જરાનું કારણ છે. સમજાય છે કાંઈ? મોટી ગડબડી અત્યારે (ચાલે છે). એવી તો અનાદિની છે પણ અત્યારે જરી સ્પષ્ટ અહીંનું આવ્યું એટલે વધારે સામે ઊંધું પડ્યું. 'અમરચંદભાઈ'! એમ કહે છે, હોં! અત્યારે બહાર છાપામાં બહુ આવે છે. શાસ્ત્રમાં પણ દેવાયુના બંધનું કારણ તો ચારિત્રને

www.vitragvani.com



કહ્યું છે. સરાગ સંજમ. કહો, સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને જ દેવઆયુનો બંધ પડે છે. તો સમ્યગ્દૃષ્ટિ વિના ભલે પડે પણ શાસ્ત્રમાં એમ લીધું છે કે સમકિતીને વૈમાનિક આયુષ્યનો જ બંધ છે. સમકિતીને નરકનું આયુષ્ય બંધાય નહિ, પશુનું બંધાય નહિ, સ્ત્રી યોનિમાં ન જાય. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં ન જાય. એ પ્રશ્ન કરતા હતા ને? સમજાય છે કાંઈ?

આત્મદર્શન થયા પછી સ્ત્રીનો બંધ નથી પડતો, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષનો પણ બંધ નથી પડતો, નરકનો, પશુનો આયુષ્યનો બંધ નથી. સમજાય છે કાંઈ? એટલી સમ્યગ્દર્શનની મહત્તા છે. લડાઈ પણ કરતા હો, વિષય વાસનામાં હોય, ત્યારે આયુષ્યનો બંધ નહિ પડે. શું કહ્યું? લડાઈના અશુભ પરિણામમાં હોય, વિષય વાસનાના અશુભ પરિણામમાં સમ્યગ્દૃષ્ટિ હોય તે વખતે આયુષ્યનો બંધ નહિ પડે. એ વખતે આયુષ્યનો બંધ નહિ પડે. જ્યારે આયુષ્યનો બંધ પડશે ત્યારે શુભભાવ હશે ત્યારે બંધ પડશે. એટલું સમ્યગ્દર્શનનું જોર છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ... એવો દ્વેષભાવ થાય છે.

ઉત્તર :– એ પ્રશ્ન જ નથી. સમ્યક્ પછી નરકનું આયુષ્ય બંધાય જ નહિ. એ વાત થઈ ગઈ ને. અહીં તો કઈ ભૂમિકામાં બંધ થાય એ વાત છે. સમ્યગ્દર્શનમાં.. અહીં સમ્યગ્દર્શનમાં.. સમ્યગ્દર્શન છે, લડાઈમાં છે. અશુભભાવ છે તો પણ આયુષ્ય બંધાય નહિ એવી સમ્યગ્દર્શનની મહિમા છે. ઇ વાત કરે છે. સમજાય છે કાંઈ? એ કાળે આયુષ્યનો બંધ પડતો જ નથી. કેમકે એને સમ્યગ્દર્શન છે તો જ્યારે શુભભાવ આવશે ત્યારે જ આયુષ્યનો બંધ પડશે, તે પહેલા આયુષ્યનો બંધ નહિ પડે. સમજાય છે કાંઈ? પોતાના સ્વભાવનો આશ્રય શુદ્ધચૈતન્ય છે, હું શુદ્ધ આનંદ જ્ઞાયક છું એવી દૃષ્ટિ થઈ, એવા દૃષ્ટિવંત ચાહે તો છન્નુ હજાર સ્ત્રીના વૃંદના ભોગમાં અશુભભાવમાં દેખાય અને કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પણ એને આવી જાય, લડાઈમાં પણ આમ મારફાડ કરતાં તીવ્ર ભાવમાં દેખાય. એ વખતે આયુષ્યનો બંધ નહિ પડે. સમજાય છે કાંઈ? અશુભભાવમાં એને આયુષ્યનો બંધ જ નથી. એને જ્યારે અશુભભાવ ન હોય, અને જ્યારે શુભભાવ આવશે ત્યારે કોઈ વખતે બંધ પડી જશે. કોઈ વખતે. સમજાય છે કાંઈ?

એમ પંચમગુણસ્થાનમાં આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અંશે સ્થિરતા છે. શ્રાવક છે એ ભોગવાસનામાં પડ્યો હોય એ વખતે આયુષ્ય નહિ બંધાય. સમજાય છે કાંઈ? કેમકે એમાં હેયબુદ્ધિ છે. રાગ આવે છે તો હેયબુદ્ધિ છે. હેયબુદ્ધિ છે તો અશુભ વખતે આયુષ્યનો બંધ કદી પડતો જ નથી. સમજાય છે કાંઈ? જ્યારે આયુષ્યનો બંધાવાનો કાળ હશે ત્યારે શુભભાવ હશે. ત્યારે આયુષ્ય બંધાશે, નહિતર આયુષ્ય નહિ બંધાય. એવી વસ્તુ છે. આત્માના સ્વભાવનું શરણ લીધું એમાં થોડો ભાગ બાકી છે તોપણ એને સ્વર્ગની ગતિનો જ બંધ

પડશે અને કોઈ નારકી કે દેવ હોય તો મનુષ્ય થશે. એ પણ શુભભાવ હશે ત્યારે. ભાઈ! નારકી અને દેવ હોય એ પણ શુભભાવ આવશે ત્યારે બંધ પડશે. દેવ પણ વિષય વાસનામાં પડ્યો છે.. સમજ્યા? ત્યારે આયુષ્ય નહિ બંધાય, કારણ કે મનુષ્યનું આયુ બંધાવાનું છે. સમ્યગ્દષ્ટિને તો મનુષ્યનું આયુ બંધાવાનું છે તો જ્યારે અશુભભાવ છે ત્યારે આયુષ્ય નહિ બંધાય. એટલી એની તાકાત છે. આત્માના સ્વભાવની પ્રતીતિ અને ભાન છે તો હલકી ગતિનો બંધ પડે એવો ભાવ જ એની પાસે નથી. અશુભભાવ છે તો પણ અશુભભાવમાં બંધ નહિ પડે. કોઈ એમ કહે કે નરકનું આયુષ્ય છે તો એટલો શુભભાવ નથી. એની વાત અહીંયા છે જ નહિ. સમજાય છે કાંઈ? એને યોગ્ય જે અશુભભાવ છે ત્યારે પણ આયુષ્યનો બંધ નહિ પડે. ગતિ નહિ બંધાય. સમજાય છે કાંઈ?

મુનિ લ્યોને. કોઈ વખતે એવો આર્તધ્યાનનો ભાવ આવી જાય. આત્માનું ભાન છે હું ચૈતન્ય છું, જ્ઞાન છું, આનંદ છું. આર્તધ્યાન આવી જાય. આર્તધ્યાનમાં આયુષ્યનો બંધ નહિ પડે. સમજાય છે કાંઈ? જ્યારે શુભભાવ આવશે તો વૈમાનિકનો બંધ પડશે. એ રાગના કારણે બંધ છે, પણ અહીંયા અશુભના કારણે બંધ નહિ પડે એમ કહેવું છે. બીજી ગતિ આદિનો બંધ ભલે પડે પણ આયુષ્યનો બંધ નહિ પડે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા જ્યાં દષ્ટિમાં, આશ્રયમાં અને અંતર આત્માના પડખે ચડ્યો છે એને ગતિ હલકી નથી થતી, એમ કહે છે. સમજાય છે કાંઈ? ૨૧૯.

**ननु कथमेवं सिद्धयति देवायुप्रभृतिसत्प्रकृतिबन्धः।**
**सकलजनसुप्रसिद्धो रत्नत्रयधारिणां मुनिवरणाम्।।२१९।।**

કહે છે, મહારાજ! જગતમાં પ્રસિદ્ધ છે ને કે મુનિવરો તો દેવનું જ આયુષ્ય બાંધે છે. આ કહ્યું ને? મુનિ તો દેવનું જ આયુષ્ય બાંધે છે એ તો પ્રસિદ્ધ છે. મુનિવરને દર્શન, જ્ઞાન, ચારિત્ર છે તો દેવનું આયુષ્ય શેમાં બંધાણું? સમજાણું? **'અહીં કોઈ શંકા કરે કે રત્નત્રયના ધારક મુનિઓને દેવાયુ વગેરે...'** દેવાયુ વગેરે એને યોગ હોય છે ને? **'શુભ પ્રકૃતિઓનો બંધ થાય છે એવું જે શાસ્ત્રોમાં કથન છે તે કેવી રીતે સિદ્ધ થશે?'** સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં તો મુનિવરોને સ્વર્ગનો જ બંધ છે એવો પાઠ છે. બંધ પડે તો. કેવળજ્ઞાન થઈ જાય એ બીજી વાત. રત્નત્રયની ભૂમિકામાં છે તો દેવાયુનો બંધ મુનિને કહ્યો છે, તો દેવાયુના બંધનું શું કારણ છે એ દુનિયામાં પ્રસિદ્ધ છે. મુનિ સ્વર્ગમાં જાય. એમાં પંચમ આરામાં મુનિ, સાચા મુનિ હોય એ તો સ્વર્ગમાં જ જાય. 'કુંદકુંદાચાર્ય' જેવા સંત હોય તો પણ વર્તમાનમાં કેવળજ્ઞાન નથી. સમજાય છે કાંઈ? કહે છે કે એ પણ લોકાંતિકમાં જાય. પોતાનો રાગ બાકી છે. પુણ્યબંધથી લોકાંતિકમાં જાય છે. ત્યાંથી નીકળીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મનુષ્ય થઈને મોક્ષમાં જશે. પણ એકવાર તો એમને સ્વર્ગમાં જ જવાનું છે. વર્તમાનમાં ચાહે

www.vitragvani.com



જેટલા મુનિ હોય, ‘કુંદકુંદાચાર્ય’ જેવા હોય તો પણ સ્વર્ગમાં જવું પડશે. એટલો રાગ બાકી છે તો રાગથી આયુષ્ય બંધ પડે છે. કહો, સમજાય છે કાંઈ? રાગ જ બંધનું કારણ, અરાગ બંધનું કારણ નહિ, વીતરાગ માર્ગ એમ કહે છે. ભગવાનઆત્મા વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા છે, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા જેટલા વીતરાગભાવે થયા એ તો તદ્દન શુદ્ધનું જ કારણ છે, બંધનું કારણ નથી. એમને દેવાયુનું કારણ કહ્યું.. એ કહે છે, જુઓ! **‘દેવાયુ વગેરે શુભ પ્રકૃતિઓનો બંધ થાય છે એવું જે શાસ્ત્રોમાં કથન છે તે કેવી રીતે સિદ્ધ થશે?’**

## ગાથા-૨૨૦

તેનો ઉત્તરઃ-

**रत्नत्रयमिह हेतुर्निर्वाणस्यैव भवति नान्यस्य।**
**आस्त्रवति यत्तु पुण्यं शुभोपयोगोऽयमपराधः।।२२०।।**

**અન્વયાર્થ :-** [ इह ] આ લોકમાં [ रत्नत्रयं ] રત્નત્રયરૂપ ધર્મ [ निर्वाणस्य एव ] નિર્વાણનું જ [ हेतु ] કારણ [ भवति ] થાય છે, [ अन्यस्य ] અન્ય ગતિનું [ न ] નહીં, [ तु ] અને [ यत् ] જે રત્નત્રયમાં [ पुण्यं आस्त्रवति ] પુણ્યનો આસ્રવ થાય છે. તે [ अयम् ] આ [ अपराधः ] અપરાધ [ शुभोपयोगः ] શુભોપયોગનો છે.

**ટીકા :-** ‘इह रत्नत्रयं निर्वाणस्य एव हेतुः भवति अन्यस्य न तु यत् पुण्यं आस्त्रवति अयं अपराधः शुभोपयोगः।’ - **અર્થ :-** **આ લોકમાં રત્નત્રય મોક્ષનું જ કારણ છે, બીજી ગતિનું કારણ નથી. વળી રત્નત્રયના સદ્‌ભાવમાં જે શુભ પ્રકૃતિઓનો આસ્રવ થાય છે તે બધો શુભકષાય અને શુભયોગથી જ થાય છે, અર્થાત્ તે શુભોપયોગનો જ અપરાધ છે પણ રત્નત્રયનો નથી. ભિન્ન ભિન્ન કારણોથી ભિન્ન ભિન્ન કાર્ય થાય છે તોપણ વ્યવહારથી એકબીજાનું પણ કાર્ય કહી દેવામાં આવે છે. ૨૨૦.**

---

**रत्नत्रयमिह हेतुर्निर्वाणस्यैव भवति नान्यस्य।**
**आस्त्रवति यत्तु पुण्यं शुभोपयोगोऽयमपराधः।।२२०।।**

જુઓ! અનેકાંત કરે છે. મુનિને પણ શુભઉપયોગનો અપરાધ છે. માટે તે સ્વર્ગનું આયુષ્ય બાંધે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ધર્માત્મા આત્માની શાંતિમાં આનંદકંદમાં બિરાજમાન છે. એક બાજુ એમ કહે કે સમ્યગ્દૃષ્ટિને બંધ નથી. એ દૃષ્ટિના જોરની અપેક્ષાએ છે. અહીંયા મુનિવરોને પણ બંધ થાય છે એવી વાત કરે છે. સમજાય છે કાંઈ? બપોરે તો એ ચાલે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે, નિર્જરા.. નિર્જરા. 'ધન્નાલાલજી'! સમ્યગ્દષ્ટિને શુભ-અશુભભાવ વખતે પણ નિર્જરા થાય છે. એ દૃષ્ટિના સ્વભાવના આશ્રયથી અને વસ્તુ અબંધ છે તેના પરિણામ અબંધ થયા તો બંધના પરિણામ ગણવામાં આવ્યા જ નહિ. અહીં તો થોડું ચારિત્ર થયું છે, થોડો રાગ પણ બાકી છે તો મુનિને પણ સ્વર્ગનો બંધ પડે છે, અબંધ નથી. જુઓ! શું શૈલી કીધી! જુઓ!

એક બાજુ (કહે), સમ્યગ્દષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ છે, એક કોર કહે કે ચારિત્રવંતને પણ શુભભાવ થાય એ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? એક બાજુ નિર્જરા અધિકારમાં એમ કહે કે ઇન્દ્રિય અને અતીન્દ્રિય આદિ સચેત-અચેતથી ભોગ ભોગવનાર સમ્યગ્દષ્ટિને નિર્જરા જ થાય છે. એ કંઈ ભોગથી નિર્જરા નથી. ભોગ તો રાગ છે, પાપ છે. પણ દૃષ્ટિનું જોર છે, હું અબંધ સ્વભાવ છું. મને એ અબંધ સ્વભાવનો આદર છે. આનંદસ્ફૂર્તિ હું છું, એવો આદર છે એ કારણે થોડો રાગનો બંધ છે એ અલ્પ બંધને નહિ ગણીને નથી થતો એમ કહેવામાં આવ્યું છે. અહીંયા તો મુનિને પણ શુભભાવનો બંધ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં બંધ નથી, અહીં છઠ્ઠે-સાતમે ચારિત્રમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ મોક્ષમાર્ગ, ત્રણે પૂરા થયા છે.

અહીં કહે છે, **'આ લોકમાં રત્નત્રય મોક્ષનું જ કારણ છે,...'** જુઓ! મોક્ષનું જ કારણ છે. છે ને? **'रत्नत्रयमिह हेतुर्निर्वाणस्यैव'** એમ નથી લીધું કે રત્નત્રય કથંચિત્ બંધનું પણ કારણ છે. ઘણા પત્રો આવે છે. માસિક.. માસિક શું કહેવાય એ બધા? અખબાર. એમાં બહુ આવે છે. સમકિત બંધનું જ કારણ છે. અનેકાંત છે. ભગવાનનો માર્ગ અનેકાંત છે, મોક્ષમાર્ગ પણ કથંચિત્ બંધનું કારણ અને શુભઉપયોગ બંધનું કારણ એ કથંચિત્ નિર્જરાનું કારણ. અરે..! ભગવાન! આવું અનેકાંત ક્યાંથી કાઢ્યું? સમજાય છે કાંઈ? ફુદડીવાદ છે.

અહીં કહે છે, જુઓને! **'આ લોકમાં રત્નત્રય મોક્ષનું જ,...'** **'एव'** શબ્દ પડ્યો છે ને? **'निर्वाणस्यैव'**. પંથ કહો, માર્ગ કહો, ઉપાય કહો, કારણ કહો. મોક્ષનું–પૂર્ણ શુદ્ધિ પૂર્ણ શુદ્ધિનું કારણ પોતાના અવલંબનથી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ ઉત્પન્ન થયા હોય એ નિશ્ચયથી એક જ મોક્ષનું કારણ છે. કિંચિત્ અપવાદ નથી કે એનાથી બંધ થાય છે. સમજાય છે કાંઈ? અનેકાંતની એવી વ્યાખ્યા કરે છે કે અનેકાંત આમ હોવું જોઈએ. નિયત અનિયતમાં કહે છે ને? નિયત પણ હોય અને અનિયત પણ હોય તો અનેકાંત છે. એમ છે જ નહિ. સાંભળ તો ખરો. આ શું કહે છે? રત્નત્રય મોક્ષનું કારણ છે, બિલકુલ બંધનું કારણ નથી. મોક્ષનું જ કારણ છે. જ, એકાંત આવે છે. આ એકાંત બંધનું કારણ નથી એમ આવે છે. સમ્યક્ એકાંત છે. નિર્ધાર ન હોય તો આમ આમ થાય.

ભગવાનઆત્મા પરિપૂર્ણ આનંદસ્વરૂપ છે, એમ દૃષ્ટિ–શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ થયા તો કહે છે, બિલકુલ મોક્ષનું જ કારણ છે, પાકું મોક્ષનું જ કારણ એક જ છે. બીજી

www.vitragvani.com



ગતિનું કારણ નથી. આ મોક્ષ ગતિનું કારણ છે, બીજી ગતિનું કારણ નથી. રત્નત્રય કોઈ મનુષ્યગતિનું પણ કારણ નથી. ચક્રવર્તીપદ મળે, તીર્થંકરપદ મળે, ગતિ મળે એ કંઈ રત્નત્રયનું ફળ નથી. અન્યગતિનું એ કારણ છે જ નહિ. એકલી મોક્ષગતિનું જ કારણ આત્માનો મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ?

**'વળી રત્નત્રયના સદ્ભાવમાં જે શુભ પ્રકૃતિઓનો આસ્રવ થાય છે...'** રત્નત્રય ભગવાનઆત્માના. જુઓ! રત્નત્રય. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયને રત્નત્રય કહ્યું, રત્ન કહ્યું. સમજાય છે કાંઈ? એનું ફળ કેવળજ્ઞાન મહારત્ન. અને એ કેવળજ્ઞાન જ્ઞાનગુણમાં અનંત પડ્યું છે. એ મહારત્નનું રત્ન છે. અને એવો અનંતગુણનો પિંડ ભગવાન તો મહા.. મહા.. મહારત્ન છે!!! આહાહા..! સમજાય છે કાંઈ? આવી વસ્તુ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, જેમાં અનંતું કેવળજ્ઞાન, અનંતઆનંદ, જે રત્નત્રયના ફળરૂપે પ્રગટે એવી પર્યાયો પણ જેના એક એક ગુણમાં અનંતી અનંતી પડી છે, એવો ભગવાન પૂર્ણાનંદ ચૈતન્ય રત્નાકર, તેનો જેણે અંતરમાં આશ્રય લીધો એ તો એકલું મોક્ષનું કારણ છે. કેમકે આત્મા જ અબંધસ્વરૂપ છે તો જે પરિણામ પ્રગટ્યા એ અબંધસ્વરૂપ જ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

**'બીજી ગતિનું કારણ નથી.'** રત્નત્રય તો મનુષ્યગતિનું પણ કારણ નથી, દેવગતિનું કારણ નથી, નરક ને પશુનું કારણ તો છે જ નહિ. સમજાય છે કાંઈ? આત્માનો મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન. એ સમ્યગ્દર્શન પણ અનેરી ગતિનું કારણ નથી. સમજાય છે કાંઈ? મોક્ષનું જ કારણ છે. **'વળી રત્નત્રયના સદ્ભાવમાં જે શુભ પ્રકૃતિઓનો આસ્રવ થાય છે...'** એ પાઠમાં છે ને? સમજ્યા ને? પેલામાં હતું ને? **'सत्प्रकृति'** ૨૧૯. **'सत्प्रकृतिबन्धः'** સત્ સત્ એટલે શુભ. ૨૧૯ માં પાઠ છે. સત્.. સત્. સત્ એટલે શુભ, શુભ પ્રકૃતિ. સત્ એટલે ત્યાં શુભ. ૨૧૯ પાઠમાં છે. **'देवायुप्रभृतिसत्प्रकृतिबन्धः'** છે કે નહિ? 'જેઠાલાલભાઈ'! શેમાં છે. સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને પણ સત્ પ્રકૃતિનો બંધ પડે છે. સત્ પ્રકૃતિ એટલે શુભ પ્રકૃતિ. જુઓ! અહીં સત્ પ્રકૃતિનો અર્થ શુભ પ્રકૃતિ. સમજાય છે કાંઈ?

**'તે બધો શુભકષાય...'** ભાષા જુઓ! **'વળી રત્નત્રયના સદ્ભાવમાં જે શુભ પ્રકૃતિઓનો આસ્રવ થાય છે...'** આ ષોડશકારણ ભાવનાથી જે તીર્થંકર પ્રકૃતિ બંધાય છે એ પણ શુભ પ્રકૃતિ છે, એ આસ્રવ છે. જે તીર્થંકર ગોત્રનો ભાવ છે તે આસ્રવ છે. સંવર, નિર્જરા કિંચિત્ નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ષોડશકારણ ભાવના ભાય, પછી આ થઈ જાય. એ તો રાગ છે. એ સમ્યગ્દર્શન, ચારિત્ર નથી. સમ્યગ્દર્શન, ચારિત્રથી બંધ થતો જ નથી. સમ્યગ્દર્શનથી વિરૂદ્ધ યોગ, કષાયથી બંધ થાય છે. તીર્થંકર પ્રકૃતિનો બંધ ભાવ છે તે યોગ, કષાયરૂપ છે, મોક્ષમાર્ગરૂપ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– રત્નત્રયને આરોપિત શુભભાવ કહેવાય કે નહિ?

ઉત્તર :– એ શુભભાવ જ ભિન્ન છે. રત્નત્રય ભિન્ન છે, શુભભાવ ભિન્ન છે. રત્નત્રયરૂપ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શુભભાવ નથી અને શુભભાવરૂપ રત્નત્રય નથી. બન્ને વસ્તુ ભિન્ન છે. એક ઝેર છે અને એક અમૃત છે. સમજાય છે કાંઈ? જે પરિણામથી તીર્થંકર પ્રકૃતિ બંધાય એ યોગ, કષાયરૂપ છે અને કષાય ઝેરરૂપ છે. 'રમણીકભાઈ'! થોડી વાત એવી છે. સમજાય છે કાંઈ?

(સંવત) ૧૯૮૫ માં સંપ્રદાયમાં હતા ને? પોષ મહિનો હતો. 'બોટાદ'માં ઘણા માણસો, બહુ માન હતું ને લોકોને. વ્યાખ્યાન ચાલતું હતું. હજારો માણસો ખીચોખીચ ભર્યા હતા. પોષ મહિનો. ૧૯૮૫ની વાત છે. કેટલા વર્ષ થયા? ૩૮. વ્યાખ્યાન ચાલ્યું. કોઈ સાધુ એવા વિરોધ કરનાર નહોતા. ઘણું માણસ. લોકોને અમારા ઉપર પ્રેમ હતો ને! અમે તો પુસ્તક હાથમાં લઈને બેસીએ તો માણસ કીડી-મકોડાની જેમ ઉભરાય. એવો પ્રશ્ન થયો કે જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મ નહિ કહો કે અધર્મ કહો. અને ભડક્યા લોકો. આહાહા...! એય..! 'ન્યાલચંદભાઈ'! સમજાય છે કાંઈ? ભડક્યા. પણ શું કરવા ભડકો છો? જે ભાવે બંધ પડે એ ધર્મ છે? ધર્મભાવથી બંધ પડે? અને ધર્મભાવથી બંધ પડે તો મુક્તિ ક્યાંથી થાય? 'સેઠી'! ૧૯૮૫ ના પોષ મહિનાની વાત છે. સંપ્રદાયમાં. અહીં તો સંપ્રદાયમાં કેટલીક સત્ય વાત તો કહેતા હતા. કેટલીક ગુપ્ત રાખતા હતા. દ્વેષ ન થાય ને એટલે.

મુમુક્ષુ :– અધર્મ કહેવાય?

ઉત્તર :– અધર્મ એટલે ધર્મનો સ્વભાવ નહિ. શું છે? યોગ, કષાયરૂપ. યોગ કષાય ધર્મથી વિરુદ્ધ. એય..! એક સાધુ બેઠા હતા એ કહે, વોસરે.. વોસરે.. વોસરે એમ કહીને ભાગી ગયા. અર..ર..ર..! સભા કોઈને ગણે નહિ. વ્યાખ્યાન ચાલતું હતું. બધા ગયા પછી કહ્યું, બેસવું હતું ને, તમને કોણ ગણતું હતું ન્યાં? વોસરે વોસરે એટલે સમજાય છે? આ ન હજો, એ વોસરે કહેવાય. આ છોડીએ છીએ, આ છોડીએ છીએ, આ શ્રદ્ધા નહિ.. નહિ.. નહિ. સભામાં તમારું કોણ સાંભળતું હતું? સભા તો એમ ને એમ બેઠી સાંભળતી હતી. ૧૯૮૫ની વાત છે. પોષ માસ. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ધર્મ ભાવ નહિ. અને ધર્મ ભાવ હોય એનાથી તીર્થંકર ગોત્ર બંધાય નહિ. 'વજુભાઈ'! અમારે તો બધું એમ ને એમ ચાલ્યું જ આવે છે.

પંચમહાવ્રત પરિણામ બંધનું કારણ છે, કીધું. બે વાત કરી હતી, ભાઈ! પંચમહાવ્રત આસ્રવનું કારણ છે. એ તકરાર ત્યારની ચાલી આવે છે. અહીં કહે, નહિ. પંચમહાવ્રત અને અણુવ્રત તો 'કુંદકુંદાચાર્યે' પાળ્ય હતા. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! નિશ્ચય પંચમહાવ્રત તો ભગવાનઆત્મામાં અંતર એકાકાર થઈ જવું. શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક સ્વરૂપમાં લીનતા થઈ જવી તે નિશ્ચયમહાવ્રત છે. અને વ્યવહાર પંચમહાવ્રત જે અઠ્યાવીસ મૂળગુણ આદિ કહેવામાં આવે છે એ તો પુણ્યબંધનું કારણ છે. એ શુભઉપયોગ છે. આ શું કહે છે? સમજાય છે કાંઈ? આ ઇ તો ચાલે છે. એ શુભઉપયોગનો અપરાધ છે.

મુમુક્ષુ :–

www.vitragvani.com



ઉત્તર :– મિથ્યાદૃષ્ટિ છે. એને છે ક્યાં? વસ્તુ કયાં છે? કહો, 'જેઠાલાલભાઈ'!

મુમુક્ષુ :— આસ્રવને ..

ઉત્તર :– પણ જેનાથી બંધ પડે, સંવરથી બંધ પડે? સીધી વાત છે. આસ્રવ છે તો બંધ પડે. પછી પ્રશ્ન ક્યાં છે? બરાબર છે? 'મગનભાઈ'! આ બધું તમારાથી વિરૂદ્ધ છે. તમારે ત્યાં તો ખળભળાટ થઈ ગયો. વોસરે.. વોસરે કરીને ભાગ્યા. ઉઠ્યા, સભા વચ્ચેથી ભાગી ગયા. લોકોને શું છે? મેં કીધું, તમારે બેસવું હતું. ન ગોઠે તો બેસી રહેવું હતું. પણ એને 'મૂળચંદજી'ને કહેવા થાય કે જુઓ! એ વખતે ઉંધું આવ્યું તો મેં વોસરે.. વોસરે કહ્યું. વોસરે એટલે છોડવું. આ શ્રદ્ધા છોડી દઉં છું, આ શ્રદ્ધા છોડી દઉં છું. એવું આવે છે. અરે..! ભગવાન! ભાઈ! તારી વસ્તુ શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એનો જેટલો આશ્રય લઈને પવિત્રતા થઈ એ પવિત્રતા બિલકુલ બંધનું કારણ નથી. કેમકે એ પવિત્રતા યોગ, કષાયરૂપ નથી. યોગ, કષાયરૂપ પવિત્રતા નથી. એ પહેલા આવી ગયું છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર યોગ, કષાયરૂપ નથી. અને યોગ, કષાય છે તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ નથી. સમજાય છે કાંઈ?

અહીં તો આચાર્ય ચોખ્ખો ખુલાસો કરે છે. આ શુભઉપયોગ કોની વાત છે? સમ્યગ્દૃષ્ટિના. મિથ્યાદૃષ્ટિની અહીંયા વાત નથી. સમજાય છે કાંઈ? કેટલાક કહે છે સમ્યગ્દૃષ્ટિનો શુભઉપયોગ મોક્ષનું કારણ છે. પરંપરા મોક્ષનું કારણ છે. એ છે જ નહિ. સાંભળ તો ખરો. શાસ્ત્રમાં લખ્યું છે ને? વ્યવહાર રત્નત્રય પરંપરા (કારણ છે). એ તો છોડીને સ્થિર થશે એ અપેક્ષાએ વાત કરી છે. સમજાય છે કાંઈ? આ આચાર્યનું કથન છે. જુઓ! ત્રણ શબ્દ વાપર્યા છે. **'રત્નત્રયના સદ્ભાવમાં જે શુભ પ્રકૃતિઓનો આસ્રવ થાય છે...'** ઘણી શુભપ્રકૃતિ એમાં આવે છે ને? **'તે બધો શુભકષાય અને શુભયોગ...'** પાઠમાં શુભઉપયોગ છે. કોઈ એવો અર્થ કરે છે, શુભઉપયોગ આને કહેવાય અને શુભજોગ આને કહેવાય, ફલાણા.. ફલાણા એમ બહુ ચર્ચા ચાલે છે. અહીં તો શુભઉપયોગ ને શુભજોગ ને શુભકષાય કહ્યું છે. એક જ વાત છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય વાસના એ અશુભભાવ છે. અને પંચમહાવ્રતના પરિણામ, બારવ્રતના પરિણામ વિકલ્પ જે વ્યવહાર વ્રત છે એ શુભઉપયોગરૂપ છે. શુભ આસ્રવરૂપ છે. શુભ આસ્રવથી બંધ થાય છે. સંવર, નિર્જરા કિંચિત્ થતી નથી. સમ્યગ્દૃષ્ટિને એ શુભપરિણામ દૃષ્ટિમાં હેય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– શુભઉપયોગમાં મોક્ષની ભાવના? ઝેરમાંથી અમૃતની ભાવના? સમજાય છે કાંઈ? ભાવનાનો અર્થ શુદ્ધતામાં છે તે મોક્ષની ભાવના છે. શુભરાગ છે, શુભરાગ છે. ચાહે તો તીર્થંકર પ્રકૃતિના બંધનું કારણ હોય. મુનિની વાત કરે છે.

મુમુક્ષુ :– મોક્ષની ભાવનાની ભૂમિકાના વાત કરે છે.

ઉત્તર :– એની તો વાત કરે છે. ચારિત્રવંત મુનિને આહારક શરીરનો બંધ પડે એ

શુભઉપયોગનો અપરાધ છે, એમ કહે છે. શુદ્ધઉપયોગ જેને પ્રાપ્ત થયો છે, મુનિ, શુદ્ધ ઉપયોગ જ મુનિપણું છે. 'પ્રવચનસાર'માં સામ્યભાવ કહ્યું ને? સામ્ય. શુદ્ધઉપયોગ. વચ્ચે કષાય આવે છે તેને ઓળંગી જઈને સામ્યભાવમાં આવે છે. તેને પણ શુભભાવ આવ્યો એ અપરાધ, બંધના કારણમાં એ જ અપરાધ છે. આહાહા..! શુભઉપયોગ અપરાધ છે. પાઠ છે? શું પાઠ છે? જુઓ! '**शुभोपयोगोऽयमपराधः**' કોણ જાણે એને સાચી સમજણ કરવામાં એટલી તકલીફ પડે છે. સ્વઆશ્રયમાંથી કંઈક બંધ થઈ જાય અને પરઆશ્રયમાંથી કંઈક લાભ થઈ જાય. પણ પરઆશ્રય તો અનાદિકાળથી કર્યો છે. સમજાય છે કાંઈ? નવમી ગ્રૈવેયક જાય એવો શુભભાવ મિથ્યાદૃષ્ટિનો થયો, શુક્લલેશ્યા, ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એવો તો શુભઉપયોગ હતો. સમજાય છે કાંઈ? એકલો બંધનું કારણ છે. તો કહે, એ તો મિથ્યાદૃષ્ટિનો શુભઉપયોગ. સમ્યગ્દૃષ્ટિનો? અહીંયા સમ્યગ્દૃષ્ટિ અને મુનિની તો વાત કરે છે. એમને પણ જેટલો શુભઉપયોગ રહે છે, શુભઉપયોગ કહીને યોગ અને કષાય સાથે જોડી દીધા. સમજાય છે કાંઈ? પહેલા કહી ગયા ને? યોગ અને કષાય બંધનું કારણ છે. આ શુભઉપયોગ બંધનું કારણ કહી દીધું. સમજાય છે કાંઈ?

સમ્યગ્દર્શનની ભૂમિકામાં આત્મદર્શન થયું, આત્મપ્રતીતિ થઈ, તીર્થંકર ગોત્ર બંધાય છે ને? એ શુભઉપયોગ અપરાધ છે. તીર્થંકર પ્રકૃતિ બાંધે ને અપરાધ છે? શું કહે છે આ? તીર્થંકર ગોત્ર જે ભાવે બંધાય એ અપરાધ છે. શુભઉપયોગ એ અપરાધ છે. છે કે નહિ પુસ્તક હાથમાં? 'ધન્નાલાલજી'!

મુમુક્ષુ :–

ઉત્તર :– હા, અહીંયા બંધનું કારણ કહ્યું, ન્યાં ઝેર કહ્યું. 'સમયસાર' મોક્ષ અધિકારમાં શુભઉપયોગને ઝેર કહ્યું છે. વિષ્ટા કીધું ત્યાં તો ભડકી ગયા. શુભઉપયોગ વિષ્ટા છે એમ કહ્યું તો ભડકી ગયા. સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં તો એમ કહ્યું નહિ? 'ચક્રવર્તીના ભોગ ઇન્દ્ર સરીખી સંપદા, ચક્રવર્તીકા ભોગ કાગવિટ સમ માનત હૈ, સમ્યગ્દૃષ્ટિ લોક.' સમજાય છે કાંઈ? આવે છે કે નહિ? 'ઇન્દોર'માં પણ છે. 'ઇન્દોર'માં કાચનું મંદિર છે ને? એ કાચનું મંદિર છે ને? 'ઇન્દોર'. કેમ 'પૂનમચંદજી' છે ને ત્યાં? લખ્યું છે. 'ઇન્દ્ર સરખી સંપદા ઔર ચક્રવતી કા ભોગ,' કેટલા પુણ્યનો ભોગ છે. એ પુણ્યની વાત છે કે નહિ? 'કાગવિટ સમ માનત હૈ.' કાગડો, કાગડો. કાગડાની વિષ્ટા સમાન સમ્યગ્દૃષ્ટિ એ ભોગને માને છે. આહાહા..!

મુમુક્ષુ :– એ બન્ને સમ્યગ્દૃષ્ટિના જ પુણ્ય છે.

ઉત્તર :– એના સિવાય બીજાને હોય ક્યાંથી? ચક્રવર્તીનું પુણ્ય પણ સમ્યગ્દૃષ્ટિને હોય, ઇન્દ્રનું પદ પણ સમ્યગ્દૃષ્ટિને હોય. બે ધારા જ જુદી છે. સમજ્યા? આગ્રામાં ચાલી હતી. ક્યાં ગયા 'પદરુચંદજી'? આગ્રામાં ચાલ્યું હતું ને? કર્મધારા અને જ્ઞાનધારા. 'પદરુચંદજી' ક્યાં ગયા? આપણે ચર્ચા ચાલી હતી ને? એ ગાથા ચાલી હતી. જ્ઞાનધારા અને કર્મધારા.

www.vitragvani.com



કળશ.. કળશ. એમાં કહ્યું.. એક પંડિત હતો.. કોણ? 'રામપ્રસાદ' થોડા લાંબા પંડિત હતા. એ કહેતા હતા. વ્યાખ્યાન સાંભળ્યું પછી કહ્યું, આનંદની ઘણી વાત આવી પણ કરવું, ધરવું કાંઈ નહિ. મેં કહ્યું, પંડિતજી! શું છે? કરવું-ધરવું તો વિકલ્પ છે. કાંઈક કરવું, મુકું, પરનું કરવું ને એમાંથી કાંઈક લાભ થાય. ધૂળેય નહિ થાય. શું કરે? પર પદાર્થનું કાંઈ કરી શકે કે છોડી શકે છે આત્મા? કરવું, ધરવું કાંઈ નહિ ને ઘણો આનંદ. 'ધન્નાલાલજી'! આહાહા..! કળશ ચાલતો હતો. આવે છે ને? જ્ઞાનધારા, કર્મધારા કળશ આવે છે ને? પુણ્ય અધિકારમાં આવે છે. બન્ને અધિકાર ભિન્ન છે.

ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય કરીને જેટલી દર્શન, જ્ઞાનની શુદ્ધિ કરી છે તેનાથી તો સંવર, નિર્જરા જ છે અને સાથે રાગ (છે), ત્યાં તો સમ્યગ્દષ્ટિનો રાગ લીધો છે, એમાં તો ખુલાસો કર્યો છે, હોં! સમ્યગ્દષ્ટિને... કળશ છે ને? લ્યો, પાનું જ ઇ નીકળ્યું. 'યતિપણું ક્રિયારૂપ છે, બંધનું કારણ છે. સમ્યગ્દષ્ટિનું જે છે યતિપણું શુભક્રિયારૂપ મોક્ષનું કારણ છે. કારણ કે અનુભવજ્ઞાન અને દયા, વ્રત, તપ ક્રિયા બન્ને મળીને કર્મનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે. ત્યાં સમાધાન આમ છે કે શુભ-અશુભ ક્રિયા બહિર્જલ્પ, વિકલ્પજલ્પ, અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ, શુદ્ધ સ્વરૂપનો વિચાર ઇત્યાદિ સમસ્ત કર્મબંધનનું કારણ છે.' સમજાય છે કાંઈ? 'એવો સમ્યગ્દષ્ટિ મિથ્યાદષ્ટિનો ભેદ નથી. એવી કરતૂતી બંધ છે. શુદ્ધસ્વરૂપ પરિણમનમાત્રથી મોક્ષ છે. જોકે એક જ કાળમાં સમ્યગ્દષ્ટિને શ્રુતજ્ઞાનની ક્રિયારૂપ પરિણામ હો, પણ ક્રિયારૂપ પરિણામથી તો એકલો બંધ થાય છે.' સમજાય છે કાંઈ? આ ગુજરાતી છે. ૧૧૦ કળશ, પુણ્ય-પાપ અધિકાર. સળંગ–૧૧૦, પુણ્ય-પાપનો–૧૧. **'यावत्पाकमुपैति'**. પાનું પણ તરત જ સામે આવ્યું. એ જ પાનું સામું આવ્યું. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિનું બધું એક જ છે. કહે છે ને? સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિનો એવો ભેદ તો કોઈ છે જ નહિ. પુણ્ય પરિણામ એકાંત બંધનું કારણ છે. એકલો બંધ થાય છે. કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી એવું વસ્તુનું સ્વરૂપ છે, સહારો કોનો? તે કાળે શુદ્ધસ્વરૂપ અનુભવજ્ઞાન પણ તે કાળે જ્ઞાનથી કર્મક્ષય થાય છે. એક અંશ પણ બંધ થતો નથી. મોક્ષમાર્ગથી એક અંશમાત્ર બંધ થતો નથી. જુઓ! સર્વથા થતો નથી એમ લીધું છે. સમજાય છે કાંઈ? વસ્તુનું એવું સ્વરૂપ છે એમાં સહારો કોનો? બહુ લીધું છે.

**'કેટલાક કાળ સુધી બન્ને હોય છે, પોતપોતાના સ્વરૂપે છે, વિરોધ તો કરતાં નથી. આત્માના મિથ્યાત્વરૂપ વિભાવ પરિણામ મટ્યા છે, આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે, તેને પૂર્વોક્ત ક્રિયાનો ત્યાગ બરાબર પરિપક્વતાને પામતો નથી અર્થાત્ ક્રિયાનો મૂળથી વિનાશ થયો નથી. ભાવાર્થ આમ છે કે–જ્યાં સુધી અશુદ્ધ પરિણમન છે...'** જ્યાં સુધી શુદ્ધ પરિણમન પૂરું ન થાય ત્યાં સુધી અશુદ્ધ પરિણામ છે. એ અશુદ્ધ પરિણામ કહો કે શુભ પરિણામ કહો.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમજાય છે કાંઈ? એ શુભ પરિણામ સમ્યગ્દષ્ટિના એકાંત બંધનું કારણ છે. કથંચિત્ લાભનું કારણ અને કથંચિત્ બંધનું કારણ એમ નથી. કહો, સમજાય છે કાંઈ? પછી ન બોલ્યો. કરવું ધરવું છે? કંઈ કરવું છે? કોઈનું ભલું કરવું, ભૂંડું કરવું. કોઈનું ભલું કરી દઈએ. ધૂળેય નથી કરી શકતો. તારામાં પર્યાયમાં શુભપ્રવૃત્તિરૂપ વિકલ્પ આવે છે એ બંધનું કારણ છે. સમ્યગ્દષ્ટિ હો કે મિથ્યાદષ્ટિ, બન્નેના શુભભાવ બંધનું જ કારણ છે. 'રામચંદ્રજી'! આ બધું નક્કી કરવું પડશે. એમ ને એમ ગપ નહિ ચાલે. બરાબર છે?

કહે છે, કેટલો ખુલાસો કર્યો, જુઓ! **'यत्तु पुण्यं शुभोपयोगोऽयमपराधः'** આહાહા..! આચાર્ય, દિગંબર આચાર્ય દાંડી પીટીને પ્રસિદ્ધ કરે છે. પોતાની વાત કરે છે કે અમને જે દેવઆયુનો બંધ પડશે એ અમારા શુભઉપયોગનો અપરાધ છે. સમજાય છે કાંઈ? પંચમ કાળના મુનિ છે તો સ્વર્ગમાં જશે. 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' બધા સ્વર્ગમાં છે. વૈમાનિકમાં છે. કહે છે કે અમારો અપરાધ છે. આહાહા...! એટલો અમારો શુભઉપયોગરૂપી અપરાધથી સ્વર્ગનો બંધ પડશે. નિરપરાધી ભગવાનઆત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર તો બંધમાં ઉદાસ છે. સમજાય છે કાંઈ? શ્રદ્ધામાં એટલી બધી ગડબડ કરી નાખી, હજી તો વ્યવહારશ્રદ્ધામાં ઠેકાણા નહિ. નિશ્ચયશ્રદ્ધા તો સ્વઆશ્રિત બીજી રહી, બહારમાં ભગવાનના દર્શનથી નિદ્ધત નિકાચીત કર્મ છૂટી જાય છે. ઠીક! ભગવાનના દર્શન કરવાથી નિદ્ધત નિકાચીત (કર્મનો નાશ થાય છે). અરે..! પણ ભગવાનના દર્શનમાં તો શુભભાવ છે. શુભભાવ તો અપરાધ છે, બંધનું કારણ છે. ન્યાંથી નિદ્ધત નિકાચીત કર્મ કઈ રીતે છૂટશે? પાઠમાં આવે છે ને? પાઠમાં આવે છે એ તો વ્યવહારનયનું કથન છે. જિનબિંબ આવું છે એમ જોઈને પોતાના જિનબિંબમાં દૃષ્ટિ થઈ. પોતાનું જિનબિંબ અક્રિય જ્ઞાયકમૂર્તિ છું. બસ, મિથ્યાત્વના ટૂકડા થઈ જાય છે. સમજાય છે કાંઈ? 'જેઠાલાલભાઈ'! આ તો જિનબિંબ ભગવાનની મૂર્તિથી થઈ જશે. આ લોકો કહે છે ને? પેલા આગમ અને મૂર્તિ બે આપણે આધાર છે હવે. આગમ અને મૂર્તિ બન્ને પરાશ્રય છે. સમજાય છે કાંઈ? આગમ પણ પર છે, મૂર્તિ પણ પર છે અને દેવ પણ પર છે. અહીં તો શુભઉપયોગને અપરાધ કીધો, લ્યો.

(સંવત) ૨૦૧૦ની સાલનો પ્રશ્ન હતો. દેવ, ગુરુ, શાસ્ત્ર? શુદ્ધ દેવ, ગુરુ, શાસ્ત્ર પર કહેવાય? એકે પ્રશ્ન કર્યો. (સંવત) ૨૦૧૦ની સાલ. દેવ કેવળી શુદ્ધ એ પર કહેવાય? ગુરુ મહામુનિ પર કહેવાય? શુદ્ધ પર કહેવાય? લાખ વાર પર કહેવાય. આત્મા સિવાય એ વસ્તુ પર છે. અને જેટલું પરમાં લક્ષ જશે એટલો શુભભાવ થશે. દેવ, ગુરુ, શાસ્ત્રમાં, હોં! સ્ત્રી, કુટુંબમાં જશે તો અશુભભાવ થશે. સમજાય છે કાંઈ? કેટલો ખુલાસો કરે છે, જુઓ!

**'જે શુભ પ્રકૃતિઓનો આસ્રવ થાય છે તે બધો શુભકષાય...'** જુઓ! શુભઉપયોગને શુભકષાય કહ્યું. શુભઉપયોગ એ શુભકષાય છે. તીર્થંકર ગોત્ર જે ભાવે બંધાય એ પણ શુભકષાય છે. સંવર, નિર્જરા નહિ. આહાહા..! રાજી રાજી થઈ જાય. તીર્થંકર ગોત્ર બાંધે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

એ ભાવ અપરાધ? અપરાધ છે. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે અપરાધ છે. કહો. 'ભીખાભાઈ'!

મુમુક્ષુ :– શુભઉપયોગ કષાય છે.

ઉત્તર :– શુભઉપયોગ છે, શુભકષાય છે અને શુભયોગ છે, ત્રણ નામ છે. કહો, સમજાણું? મૂળ પાઠ છે એની તો વાત ચાલે છે. **'आस्त्रवति यत्तु पुण्यं'** શું? પુણ્ય જે આસ્રવે છે, નવા તીર્થંકર ગોત્રના, આહારક શરીરના રજકણો આવે છે એનું કારણ કોણ છે? પુણ્ય છે. પુણ્ય આસ્રવે છે. એનું કારણ શુભ અપરાધ છે. **'आस्त्रवति यत्तु पुण्यं'**. તીર્થંકરપણાની પ્રકૃતિ આવે છે, આહારક શરીર બંધાય છે, દેવનું આયુષ્ય આવે છે એ બધું પુણ્ય આસ્રવ છે. શુભઉપયોગનો અપરાધ છે. સમજાણું કાંઈ? માણસને યથાર્થ તત્ત્વની રુચિમાં વિપરીતતા દૂર થવી મહા પુરુષાર્થ માગે છે. મૂળ એ ચીજ છે. આસ્રવતત્ત્વને સંવર, નિર્જરા માનવું અને સંવર, નિર્જરા તત્ત્વને બંધનું કારણ માનવું એ બધી તત્ત્વની ભૂલ છે. સમજાય છે કાંઈ? તત્ત્વનો વિપરીત અભિનિવેશ છે. આહાહા..! જુઓ! ભાષા કેવી આવી? પુણ્ય તો ઇ લીધું, નવું આવે છે ને? નવું પુણ્ય જે આવે છે એનું કારણ કોણ? તીર્થંકરપણાનું પુણ્ય બાંધે છે એ પુણ્યના રજકણો આવે છે ને? એનું કારણ કોણ? શુભઉપયોગ અપરાધ.

મુમુક્ષુ :– મોક્ષનો નિર્ણય થઈ જાય છે.

ઉત્તર :– નિર્ણય થઈ જાય છે? એ પુણ્યના પરિણામ શુભના થયા એનાથી નિર્ણય થઈ જાય છે? એને અલ્પકાળમાં મુક્ત જ છે. પણ મુક્તિ એ પરિણામને કારણે છે? પ્રકૃતિબંધને કારણે છે? પોતાની શુદ્ધિના જોરને કારણે છે. સમજાય છે કાંઈ? એ આવ્યું ને? 'ટોડરમલજી'માં. સમ્યગ્દર્શનને કારણે સંસારને ઇચ્છતા નથી, રાગને ઇચ્છતા નથી. આવે છે કે નહિ? સમ્યગ્દર્શનને કારણે શુભરાગની ઇચ્છા નથી. આહાહા..! પણ જ્યાં સુધી વીતરાગતા ન થાય તો એવો શુભભાવ સમ્યગ્દષ્ટિને દેવ, ગુરુ દર્શન, ભક્તિ, પૂજાનો ભાવ આવ્યા વિના રહેતો નથી, પણ છે અપરાધ. એ.. 'રાજમલજી'! શું છે આ? લોકો રાડ પાડે છે.

પંચમગુણસ્થાનમાં બાર અણુવ્રતના વિકલ્પ હોય છે પણ છે શુભ અપરાધ. મુનિને, સાચા સંતને આત્મદર્શન, જ્ઞાનપૂર્વક જે નગ્ન દિગંબર છે અને અંતરમાં ત્રણ કષાયનો અભાવ છે. એ પણ પંચમહાવ્રત, વ્યવહાર પંચમહાવ્રતના વિકલ્પ, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ આવે છે, પણ છે શુભઉપયોગરૂપી અપરાધ.

મુમુક્ષુ :– એ અપરાધને કારણે સ્વર્ગમાં ગયા?

ઉત્તર :– એ અપરાધને કારણે સ્વર્ગમાં ગયા છે. મોક્ષમાર્ગને કારણે સ્વર્ગમાં ગયા છે? અપરાધનું ફળ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– ધર્મ કોને કહેવા ખબર ન મળે. વાડામાં પડ્યા ને આ શુભની ક્રિયા કરે તો ધર્મ થઈ ગયો? ધર્મ તો કોઈ અપૂર્વ ચીજ છે. અનંતકાળમાં એને એ વાત રુચિ નથી.

આત્મા નિર્લેપ નિર્વિકલ્પ નિષ્ક્રિય રાગ વિનાની આખી ચીજ છે. એવી અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન થયા વિના ધર્મ ક્યાંથી થાય? કહો, 'પોપટભાઈ'! થોડા પૈસા આપે, દાન આપે તો દાનમાં શુભભાવ છે. એમાં અશુભભાવ ઘટ્યો એટલો તો નિર્જરાનો લાભ છે કે નહિ? નિર્જરા ધૂળેય નથી, સાંભળને! પાંચ લાખ, પચીસ લાખ, પોણો લાખ ખર્ચ્યા. એમાં શું છે? રાગ મંદ કર્યો તો શુભભાવ છે. સંવર, નિર્જરા બિલકુલ નથી. કહો, સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં થોડા પૈસા ખર્ચે, પાંચ રૂપિયાની કિંમત હોય અને બે રૂપિયા કરે, પૈસા આપો, લાખ, બે લાખ, પાંચ લાખ. સમજ્યા? શું છે? શાસ્ત્રદાનમાં ખર્ચે એ સંવર, નિર્જરા છે. શાસ્ત્રદાન છે ને? શાસ્ત્ર છે એ તો પર છે, એને લેવા–દેવામાં શુભ વિકલ્પ છે. 'ધન્નાલાલજી'! શાસ્ત્રદાન દેવાથી નિર્જરા થાય છે. શું દાન? પોતાના આત્મામાં જ્ઞાનદાન દેવું. જ્ઞાનમાં એકાગ્ર થઈને જ્ઞાનશુદ્ધિ પ્રગટ કરવી એ નિર્જરા છે. સમજાય છે કાંઈ? કોઈ એમ કહે છે કે, શુદ્ધ પ્રરૂપણા કરતાં કરતાં કોઈ ધર્મ પામી જાય તો તેને નિર્જરા થાય. ધૂળમાં પણ નથી. એ તો શુભ વિકલ્પ છે. ઉપદેશનો શુભભાવ એ અપરાધ છે. 'ધન્નાલાલજી'! ભારે વાત, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– એક કોર એને–આચાર્ય, ઉપાધ્યાય ને સાધુને પરમેશ્વર કહેવા, અને એક બાજુ અપરાધી કહેવા. જે મુનિ છે એ તો શુદ્ધ ઉપયોગ ને નિરપરાધી છે. રાગ છે એ તો મુનિપણું છે જ નહિ. એ બીજી વસ્તુ છે. પણ એને અપરાધી કહેવા? એ તો નિરપરાધી છે. જુઓ!

શુભકષાય, **'તે બધો શુભકષાય...'** સમજાય છે કાંઈ? આહાહા..! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ શુભકષાય છે. આહાહા..! એ તીર્થંકર કહે અને તીર્થંકરનો માર્ગ એમ કહે. બીજા તો એમ કહે, અરે...! તીર્થંકર પ્રકૃતિ બંધાય એને શુભકષાય કહો. અશુભકષાય એ પાપ, આ શુભકષાય એ પુણ્ય. પુણ્યનો આસ્રવ થશે. સમજાય છે કાંઈ? અને તે પ્રકૃતિનું ફળ તો તેરમે ગુણસ્થાને આવે છે. જે ભાવે રાગથી બંધ પડ્યો એ રાગને છોડીને વીતરાગ થયા, કેવળજ્ઞાન થયું ત્યારે એ તીર્થંકર પ્રકૃતિનો વિપાક તેરમે આવશે. તેરમે ગુણસ્થાને એનો પાક છે, નીચે નથી. તો એણે લાભ શું કર્યો? સમજાય છે કાંઈ? પછી કેવળજ્ઞાન થયું તો સમવસરણ થયું. એમાં આત્માને શું થયું? એ.. 'સેઠી'! વાત બહુ કઠણ જગતને. એ **'શુભકષાય અને શુભયોગથી જ થાય છે,...'** જુઓ! યોગથી જ થાય છે. **'અર્થાત્ તે શુભોપયોગનો જ અપરાધ છે પણ રત્નત્રયનો નથી. ભિન્ન ભિન્ન કારણોથી ભિન્ન ભિન્ન કાર્ય થાય છે તોપણ વ્યવહારથી એકબીજાનું પણ કાર્ય કહી દેવામાં આવે છે.'** વ્યવહારથી કહેવામાં આવે છે કે સમ્યગ્દર્શનથી દેવઆયુષ્યનો બંધ થાય છે, સમ્યગ્દૃષ્ટિને તીર્થંકર ગોત્ર બંધાય છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. બાકી ભિન્ન ભિન્ન કાર્ય છે. કોઈનું કાર્ય કોઈમાં ભળતું નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## ગાથા–૨૨૧

एकस्मिन् समवायादत्यन्तविरुद्धकार्ययोरपि हि।
इह दहति घृतमिति यथा व्यवहारस्तादृशोऽपि रूढिमितः।।२२१।।

અન્વયાર્થ :– [ हि ] નિશ્ચયથી [ एकस्मिन् ] એક વસ્તુમાં [ अत्यंतविरुद्धकार्ययोः ] અત્યંત વિરોધી બે કાર્યોના [ अपि ] પણ [ समवायात् ] મેળથી [ तादृशः अपि ] તેવો જ [ व्यवहारः ] વ્યવહાર [ रूढिम ] રૂઢિને [ इतः ] પ્રાપ્ત છે, [ यथा ] જેમ [ इह ] આ લોકમાં " [ घृतम् ] ઘી [ दहति ] બાળે છે" [ इति ] એ પ્રકારની કહેવત છે.

ટીકા :– 'हि एकस्मिन् अत्यंतविरुद्धकार्ययोः अपि समवायात् तथा घृतं दहति इति व्यवहारः अपि तादृशः व्यवहारः रूढिं इतः।' - અર્થ :– નિશ્ચયથી એક અધિકરણમાં પરસ્પર વિરુદ્ધ બે કાર્યોનો બંધ થવાથી 'જેમ ઘી બાળે છે' એવો એકનો બીજામાં વ્યવહાર થઈ જાય છે, તેવી જ રીતે અહીં પણ વ્યવહાર પ્રસિદ્ધ થઈ ગયો છે કે સમ્યક્ત્વથી શુભ પ્રકૃતિઓનો બંધ થાય છે.

ભાવાર્થ :– જોકે ઘી બાળતું નથી તોપણ અગ્નિના સંબંધથી જ્યારે ઘી ગરમ થઈ જાય છે ત્યારે એવું જાણવામાં આવે છે કે ઘી બાળે છે. તેવી જ રીતે સમ્યક્ત્વનું કામ કર્મબંધ કરવાનું નથી તોપણ જ્યારે આત્મામાં સમ્યક્ત્વ અને રાગભાવ બન્ને મળી જાય છે ત્યારે એમ જ કહેવામાં આવે છે કે સમ્યક્ત્વથી કર્મનો બંધ થાય છે. તેથી જ લોકમાં વ્યવહાર પણ એવું થાય છે કે સમ્યક્ત્વથી શુભકર્મોનો બંધ થાય છે, રત્નત્રયથી મોક્ષનો લાભ થાય છે. ૨૨૧.

---

**પ્રવચન નં. ૮૮ ગાથા–૨૨૧-૨૨૩ રવિવાર, શ્રાવણ સુદ ૮, તા. ૧૩-૦૮-૧૯૬૭**

---

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. એમાં મોક્ષનો માર્ગ શું છે? અથવા પરમાનંદરૂપી મોક્ષદશાનો ઉપાય કયા પ્રકારે થાય છે એનું સ્વરૂપ છે. મોક્ષ અર્થાત્ આત્માની શક્તિમાં જે શુદ્ધતા અને આનંદ ભરેલો છે, તેની વ્યક્તતા, પૂર્ણ શુદ્ધતા અને પૂર્ણ આનંદની થઈ જવી, તેને મોક્ષ કહેવામાં આવે છે. તેનું કારણ પણ સ્વભાવિક ચીજ છે. જેમ મોક્ષની પર્યાય સ્વભાવથી પ્રગટ થઈ છે, એમ મોક્ષનો માર્ગ સ્વભાવના આશ્રયથી અથવા સ્વભાવમાંથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભગવાનઆત્મા જ્ઞાન, આનંદ સ્વરૂપ, તેની સન્મુખ જે દૃષ્ટિ કરીને, દૃષ્ટિ-જ્ઞાનમાં અને લીનતા પ્રગટ થાય છે એ જ ખરેખર શક્તિની અંશે વ્યક્તતાને કારણે મોક્ષનો ઉપાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને એ શક્તિની પૂર્ણ વ્યક્તતા, પૂર્ણ આનંદ આદિની પ્રગટતાને મોક્ષ કહે છે. સમજાણું કાંઈ? તો કહે છે કે પર્યાયને બંધનું કારણ કેમ કહ્યું? એમ કહે છે. ૨૨૧ ગાથા. પહેલા ચાલીને? કે આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ, એની અંતર સન્મુખની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા એ તો મોક્ષનો માર્ગ છે. અને સાથે શુભોપયોગ છે એ અપરાધિક નવું પુણ્યનું કારણ છે. સમજાણું કાંઈ?

નિશ્ચય મોક્ષમાર્ગ એટલે શક્તિની સ્વભાવની પરિપૂર્ણતા અંદર છે, એમાંથી શક્તિની વ્યક્તતા અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી સ્વભાવ પ્રગટ થયો એ તો ખરેખર મોક્ષનું કારણ છે. સાથે શુભોપયોગ બાકી રહે છે એ નવા પુણ્યનો આસ્રવ કરવાનું કારણ છે. એ બંધનું કારણ શુભોપયોગ અપરાધથી થાય છે. ત્રણ દશા તો નિરપરાધી છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા તેનું શુદ્ધ પવિત્ર સ્વરૂપ, તેની સન્મુખતાથી જે દૃષ્ટિ-જ્ઞાન પ્રગટ થયા એ તો નિરપરાધી દશા છે. નિરપરાધી દશાનું બંધમાં કારણ હોતું નથી. અને સાથે જે દયા, દાન, વ્રત આદિ... જુઓ! ખુબી કહેશે, હોં? ૨૨૧ પછી ૨૨૨મી ગાથામાં લેશે, કે બન્ને મોક્ષના માર્ગ છે. એમ કહેશે. સમજાણું?

કહે છે કે આત્મામાં સાથે શુભોપયોગ છે. એ જ નવા તીર્થંકરગોત્ર, આહારક શરીરના પુણ્યનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માનો મોક્ષમાર્ગ એ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? અને એટલું પણ સિદ્ધ કર્યું કે શુદ્ધોપયોગ જે આત્માની દશા છે એ મોક્ષનું કારણ છે. અને શુભઉપયોગ છે એ અપરાધ છે. સમજાણું કાંઈ? કેમ? કે શુદ્ધોપયોગનો આશ્રય દ્રવ્ય છે, એનું ફળ મોક્ષ છે. શુભોપયોગનો આશ્રય પર છે, એનું ફળ બંધ છે. બન્નેનું કાર્ય ભિન્ન છે, બન્નેનું કારણ પણ ભિન્ન છે. છતાં એકબીજાનું કાર્ય કહેવું એ વ્યવહાર છે, એ વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં એટલા બધા લખાણ આવે છે. લોકોએ આ કહ્યું, આ કહ્યું, આ કહ્યું શાસ્ત્રમાં. તો કહે છે, જુઓ !

**एकस्मिन् समवायादत्यन्तविरुद्धकार्ययोरपि हि।**
**इह दहति घृतमिति यथा व्यवहारस्तादृशोऽपि रूढिमितः।।२२१।।**

અહીં વધારે વજન છે. આહાહા..! **'નિશ્ચયથી એક અધિકરણમાં પરસ્પર વિરુદ્ધ બે કાર્યોનો બંધ થવાથી...'** એક જ પ્રસંગમાં, એક જ આધારમાં બે કાર્ય પ્રગટ થવાથી. પહેલા નામ લે છે. **'એક અધિકરણમાં પરસ્પર વિરુદ્ધ બે કાર્યોના બંધ થવાથી 'જેમ ઘી બાળે છે' એવો એકનો બીજામાં વ્યવહાર થઈ જાય છે,...'** શીતળતાનો આધાર ઘી છે. ઘી ખરેખર શીતળાનું કારણ છે. પણ અગ્નિ સાથે સંબંધ થાય છે તો અગ્નિ ઉષ્ણતાનું કારણ છે.

પણ ઘી ઉષ્ણ થાય છે તો ઘી પણ બાળે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઘી બાળતું નથી. ઘીનું સ્વરૂપ તો ઠંડું-શીતળ છે. નારાયણ સ્વરૂપ કહે છે ને એ? નારાયણ એટલે શીતળસ્વરૂપ છે. સમજાણું કાંઈ? અગ્નિનો સંયોગ થવાથી.. અગ્નિ તો ઉષ્ણ છે. એ ઉષ્ણતા બાળે છે પણ ઘીનો સંબંધ હોવાથી ઘી બાળે છે એમ કહેવામાં આવે છે. ધ્યાન રાખજો, હોં! આ ગાથા ૨૨૨માં પાછી આવશે. એમાં વ્યવહાર મોક્ષનું કારણ છે એમ લીધું છે. બન્નેથી મોક્ષ મળશે. આ ગાથા પછી એ ગાથા લીધી છે. સમજાણું કાંઈ?

**'એવો એકનો બીજામાં વ્યવહાર થઈ જાય છે, તેવી જ રીતે...'** સમજાણું કાંઈ? આ તકરાર છે. ભાષાની તકરાર છે ને, ભાઈ! એમ કહે છે, આ કેવળજ્ઞાન કારણ છે, દિવ્યધ્વનિ કાર્ય છે. એવો શબ્દ શાસ્ત્રમાં આવે છે. કેવળજ્ઞાનનું ભાષા કાર્ય છે એમ આવે છે. લ્યો. એ તકરાર. એ તો સાથે નિમિત્ત-નિમિત્ત સંબંધ જોઈને વ્યવહારથી કહ્યું કે આવું કેવળજ્ઞાન હોય ત્યાં આવી દિવ્યધ્વનિ હોય છે. નીચે આવી દિવ્યધ્વનિ નથી હોતી. એ બતાવવા જ્ઞાનનું કાર્ય દિવ્યધ્વનિ છે એમ કહ્યું. ખરેખર દિવ્યધ્વનિ જ્ઞાનનું કાર્ય જ નથી. સમજાણું કાંઈ? ભાષા તો ભાષા છે. એ તો પૂર્વ ભાષાવર્ગણાની પર્યાય એ જ શબ્દરૂપે પરિણમી છે. કાંઈ ભગવાન પરિણમ્યા છે? દિવ્યધ્વનિરૂપે ભગવાન પરિણમ્યા છે? અને દિવ્યધ્વનિના કર્તા ભગવાન છે? સમજાણું કાંઈ?

પહેલા ચર્ચામાં એ પ્રશ્ન ઉઠ્યા હતા. જે તમે અમને પૂછો છો અને અમારાથી તમને લાભ નથી થતો તો પૂછો છો શું કામ? સમજાણું કાંઈ? અમને પૂછો છો શું કામ? તમે તો કહો છો કે નિમિત્તથી લાભ નથી તો અમને પૂછો છો શું કામ? અમે નહિ બોલીએ. અમે મૌન રહીશું. ઠીક. મૌન રહેવું અને બોલવું એ શું જ્ઞાનનું કાર્ય છે? એમ પ્રશ્ન થયો. સમજાણું કાંઈ? શું જ્ઞાન કર્તા છે અને ભાષા કાર્ય છે? સમજાણું કાંઈ? 'દેવીલાલજી'!

મુમુક્ષુ :– એવું હોય તો પછી ભગવાન...

ઉત્તર :– પણ એ વળી બીજી વાત છે. પણ અહીંયાં જ્ઞાન કર્તા અને ભાષા કાર્ય એમ છે? જડની પર્યાયનો કર્તા જ્ઞાન? શું મૌન રહે? તમે તો નિમિત્તથી લાભ નથી માનતા. નિમિત્તથી લાભ નથી માનતા તો પૂછો છો શું કામ? અમે તમારા નિમિત્ત છીએ, તો અમારાથી તમને કાંઈ લાભ થાય છે ત્યારે તમે પૂછો છો કે નહિ? એય..! 'રાજમલજી'! આ જુઓ! વકીલાત છે. સમજાણું કાંઈ?

અમને પૂછો છો શું કામ? પણ ભગવાન! ઇચ્છા થાય અને જ્ઞાનની એવી યોગ્યતા હોય તો ભાષા એના કારણે નીકળે છે. પોતાના કારણે સમજે છે તો ભાષાને નિમિત્ત કહેવામાં આવે છે. ભાષા કરે કોણ? આહા..હા..! ભારે ભ્રમ! સમજાણું કાંઈ? જડ ભાષાવર્ગણા છે. એ વર્ગણા જ ઉપાદાનપણે શબ્દ થવાની લાયકાત એમાં છે. કે આત્મામાં લાયકાત છે? ભાષા નીકળે છે તો શું એ આત્માની લાયકાતથી નીકળે છે? સમજાણું કાંઈ? જેની બહિર્દૃષ્ટિ

www.vitragvani.com



છે કે આ મારું કાર્ય છે, એ અંતરદૃષ્ટિ જવાને લાયક નથી એમ કહે છે. સમજાણું કાંઈ? મારું કાર્ય ભાષાનું છે, મારું કાર્ય પરનું છે. એની દૃષ્ટિ પર ઉપર જાય છે એને સ્વમાં આવવાની લાયકાત જ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? મારું કાર્ય પરમાં છે જ નહિ. મારું કાર્ય મારામાં છે, પરનું કાર્ય પરમાં છે. તો તેને સ્વસન્મુખ થવાનો અવકાશ મળે છે. પરનું કાર્ય કરનારા અને પરથી મારામાં થાય છે એ બહિરાત્મદૃષ્ટિ છે, એ બહિરદૃષ્ટિ ખેંચી અંતરમાં જઈ શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અસત્‌માંથી સત્ કાર્ય ન થાય.

ઉત્તર :– ક્યાંથી થાય? એ તો સત્ વસ્તુ છે. ખરેખર તો ભાષાવર્ગણામાં ભાષા શબ્દપર્યાય થવાની શક્તિ છે. એમાં પર્યાયમાં છે. ભાઈ! શું કહ્યું સમજાણું? એ શબ્દવર્ગણામાં એ શબ્દની પર્યાય થવાની શક્તિ પડી છે. સત્ છે તો પ્રગટ થાય છે. ન હોય તો ક્યાંથી થાય? શું આત્મામાં સત્ પડ્યું છે? ભાષાની પર્યાય થવાનું સત્ આત્મામાં છે? સમજાય છે કાંઈ? ભાષા બોલે છે, સમજાવે છે તો જ્ઞાન ભાષામાં આવે છે કે નહિ? ના. સમજાય છે કાંઈ? ભાષા આત્માનું કાર્ય છે; જેમ ઘી બાળે છે એમ કહેવું એ વ્યવહાર છે, યથાર્થ નથી, પણ એક સાથે અધિકરણ જોઈને ઘી બાળે છે, બાળે છે તો અગ્નિ, પણ ઘી બાળે છે એમ કહેવામાં આવે છે. એમ એકસાથે આત્માની પર્યાય કામ કરે છે અને ભાષાની પર્યાયનો સંબંધ જોઈને આત્માનું કાર્ય ભાષા છે એમ વ્યવહાર રૂઢીથી કહેવામાં આવે છે. પરંતુ એમ છે નહિ. સમજાય છે કાંઈ? ન્યાય સમજાય છે? આહાહા..!

**'તેવી જ રીતે અહીં પણ વ્યવહાર પ્રસિદ્ધ થઈ ગયો છે...'** જુઓ! ભાષા એમ છે ને? **'तादृशोऽपि रूढिमितः'** **'रूढिमितः'** એટલે? **'मितः'** એટલે શું? મર્યાદા થઈ ગઈ, રૂઢીની મર્યાદા થઈ ગઈ. આ તો અમારે સંસ્કૃત વ્યાકરણવાળા શું અર્થ કરે છે? અમે તો કહી દઈએ સરખાઈનું નથી. રૂઢીનું મિત એટલે રૂઢીની મર્યાદા થઈ ગઈ. એમ. એટલે રૂઢીની હદ થઈ ગઈ. આત્મામાં કાંઈ છે નહિ. એ તો પરનું કામ કરે એ તો રૂઢીની હદ થઈ ગઈ. યથાર્થની મર્યાદા નથી. યથાર્થની મર્યાદા છે જ નહિ, રૂઢીની મર્યાદા છે, રૂઢી અનાદિથી.

મુમુક્ષુ :– રૂઢી સાચી છે ને?

ઉત્તર :– ના, ના સાચી નથી, એમ કહે છે. સાચી શેના કહે? સમજાય છે કાંઈ?

**'વ્યવહાર થઈ જાય છે, તેવી જ રીતે અહીં પણ વ્યવહાર પ્રસિદ્ધ થઈ ગયો છે કે સમ્યક્ત્વથી શુભ પ્રકૃતિઓનો બંધ થાય છે.'** શાસ્ત્રમાં આવે છે. સમ્યક્ત્વથી દેવ આયુષ્યનો બંધ થાય છે. સમજાય છે કાંઈ? સમકિતી જ તીર્થંકર ગોત્ર બાંધે છે. એ વ્યવહારની ભાષા છે. સમકિતી ... સમકિતી જીવ .. પર્યાયમાં છે, પણ સમ્યગ્દર્શન બંધના કારણમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

**ભાવાર્થ :– 'જોકે ઘી બાળતું નથી તોપણ અગ્નિના સંબંધથી...'** જુઓ! **'અગ્નિના**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**સંબંધથી ઘી ગરમ થઈ જાય છે ત્યારે એવું જાણવામાં આવે છે...'** ત્યારે એવું જાણવામાં આવે છે કે **'ઘી બાળે છે. તેવી જ રીતે સમ્યક્ત્વનું કામ કર્મબંધ કરવાનું નથી...'** સમજાય છે કાંઈ? સમકિત કોઈ બંધનું કારણ નથી. **'તોપણ જ્યારે આત્મામાં સમ્યક્ત્વ અને રાગભાવ બન્ને મળી જાય છે...'** મળી જાય છે નામ એકસાથે હોય છે. મળી જાય છે એનો અર્થ શું? પેલું ઘી અગ્નિ મળી જાય ને? એમ. સમ્યગ્દર્શન–આત્માના શુદ્ધસ્વભાવની પ્રતીત, એ સ્વભાવ તો એકલો સંવર, નિર્જરારૂપ જ છે. એમાં બંધ કિંચિત્ નથી. રાગભાવ બન્ને એકસાથે હોય છે ત્યારે **'એમ જ કહેવામાં આવે છે કે સમ્યક્ત્વથી કર્મનો બંધ થાય છે.'** સમકિતથી કર્મનો બંધ થાય છે એમ બેનો મેળ જોઈને વ્યવહારથી રૂઢીથી કહેવામાં આવે છે. એ આવ્યું ને પેલામાં? ૮૪ માં. અનાદિરૂઢ. 'સમયસાર'. એ અનાદિરૂઢ અજ્ઞાનીનો વ્યવહાર કે કર્મનો કર્તા આત્મા છે. સમજાય છે કાંઈ? ૮૪ ગાથા 'સમયસાર'માં આવે છે. અનાદિરૂઢ. અનાદિના અજ્ઞાનીનો આવો વ્યવહાર છે. રૂઢ વ્યવહાર છે. ૮૪માં આવે છે. સમજાય છે કાંઈ? પરથી પરનું કાર્ય થાય છે એવો રૂઢિગત અનાદિના અજ્ઞાનીનો વ્યવહાર છે, જ્ઞાનીનો એ વ્યવહાર નથી. અહીં વ્યવહારથી એમ કહેવામાં આવે છે એનું જ્ઞાન કરવાની વાત છે. સમજાય છે કાંઈ?

**'લોકમાં વ્યવહાર પણ એવો થાય છે કે સમ્યક્ત્વથી શુભકર્મોનો બંધ થાય છે, (બસ, એટલી વાત.) રત્નત્રયથી મોક્ષનો લાભ થાય છે.'** હવે જુઓ! આ મોટી તકરાર છે. ચોખ્ખી આ ગાથા મુકે બધે ઠેકાણે. આ ગાથા પછી આ ગાથા મુકી છે.

## ગાથા–૨૨૨

**सम्यक्त्वबोधचारित्रलक्षणो मोक्षमार्ग इत्येषः।**
**मुख्योपचाररूपः प्रापयति परं पदं पुरुषम्।।२२२।।**

**અન્વયાર્થ :– [ इति ] આ રીતે [ एषः ] આ પૂર્વકથિત [ मुख्योपचाररूपः ] નિશ્ચય અને વ્યવહારરૂપ [ सम्यक्त्वबोधचारित्रलक्षणः ] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર લક્ષણવાળો [ मोक्षमार्गः ] મોક્ષનો માર્ગ [ पुरुषम् ] આત્માને [ परं पदं ] પરમાત્માનું પદ [ प्रापयति ] પ્રાપ્ત કરાવે છે.**

ટીકા :– **'सम्यक्त्वबोधचारित्रलक्षणः इति एषः मोक्षमार्गः मुख्योपचाररूपः पुरुषं परं पदं प्रापयति।' - અર્થ :– સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણ સ્વરૂપ જ મોક્ષમાર્ગ છે. એ મોક્ષમાર્ગ નિશ્ચય-વ્યવહાર એમ બે પ્રકારનો જ આત્માને મોક્ષ પહોંચાડે છે.**

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**ભાવાર્થ :– નિશ્ચયમોક્ષમાર્ગ સાક્ષાત્ મોક્ષમાર્ગનો સાધક છે તથા વ્યવહારમોક્ષમાર્ગ પરંપરાએ મોક્ષમાર્ગનો સાધક છે અર્થાત્ વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચયમોક્ષમાર્ગનું કારણ છે. ૨૨૨.**

---

**सम्यक्त्वबोधचारित्रलक्षणो मोक्षमार्ग इत्येषः।**
**मुख्योपचाररूपः प्रापयति परं पदं पुरुषम्।।२२२।।**

**'पुरुषम्'** પુરુષ નામ ભગવાનઆત્મા. એને.. જુઓ! **'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણ સ્વરૂપ જ મોક્ષમાર્ગ છે.'** મોક્ષમાર્ગ ત્રણ નથી. મોક્ષમાર્ગ એક જ છે. ભગવાનઆત્મા, એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એની લીનતા એ એક જ મોક્ષમાર્ગ છે. તેના ત્રણ ભાગ પાડવા એ ભેદ છે. નિશ્ચયથી તો અભેદ એક જ મોક્ષમાર્ગ છે. કહે છે, એ ત્રણસ્વરૂપ મોક્ષમાર્ગ છે. ત્રણસ્વરૂપ એક મોક્ષમાર્ગ છે.

**'એ મોક્ષમાર્ગ નિશ્ચય-વ્યવહાર એમ બે પ્રકારનો જ આત્માને મોક્ષ પહોંચાડે છે.'** જુઓ ભાષા! પાઠ છે કે નહિ એમાં? **'मुख्योपचाररूपः प्रापयति परं पदं पुरुषम्'** મુખ્ય એટલે નિશ્ચય. ઉપચાર એટલે વ્યવહાર, આરોપિત મોક્ષમાર્ગ. એ પણ પુરુષને–આત્માને **'प्रापयति परं पदं'** પરમપદમાં પહોંચાડી દે છે. આવ્યું?

મુમુક્ષુ :–

ઉત્તર :– એ જ કહ્યું ને પહેલું કે ઘી અગ્નિના સંબંધથી ઘી બાળે છે એમ કહેવામાં આવે છે. એમ નિશ્ચય વ્યવહારનો સંબંધ છે તો કહેવાય છે કે વ્યવહાર એ મોક્ષનું કારણ છે, એમ લીધું છે. અહીં તો સંધિ ગાથા લીધી છે. સમજાય છે કાંઈ? ગાથાની સાથે સંબંધ .... શું કારણ છે? બધા એમ કહે છે, જુઓ! નિશ્ચય અને વ્યવહાર બન્ને મોક્ષના માર્ગ છે. ઉપચાર એટલે વ્યવહાર, હોં! ઉપચાર એટલે વ્યવહાર. ઉપચાર શબ્દ આવ્યો ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. યથાર્થ એટલે નિશ્ચય અને વ્યવહાર એટલે ઉપચાર. ઉપચાર મોક્ષમાર્ગમાં આખો સાતમો અધ્યાય શરૂ કર્યો છે. સાતમો અધ્યાય. જૈન દિગંબરમાં રહેવા છતાં મિથ્યાદૃષ્ટિ કેમ રહે છે તેનો ખુલાસો સાતમા અધ્યાયમાં કર્યો છે. સમજાય છે કાંઈ? અને એ સિવાય બીજા છે એ તો ગૃહીત મિથ્યાત્વમાં જાય છે. યથાર્થ વીતરાગ દર્શન, દિગંબર દર્શન યથાર્થ જૈનદર્શન છે. એ સિવાય જેટલા માર્ગ છે એ બધા ગૃહીત મિથ્યાદૃષ્ટિના માર્ગ છે. એ.. 'મગનભાઈ'! સાચું હશે? પણ એ દિગંબરમાં જન્મ લઈને પણ મિથ્યાત્વ રહી જાય છે. યથાર્થનું નામ નિશ્ચય અને ઉપચારનું નામ વ્યવહાર છે, એમ કહીને આખો અધ્યાય શરૂ કર્યો છે. એ અહીંયા લીધું. મુખ્ય. મુખ્ય કહો કે નિશ્ચય કહો, ઉપચાર કહો કે વ્યવહાર કહો. બે મોક્ષમાર્ગ જ નથી. મોક્ષમાર્ગની કથની બે છે.

www.vitragvani.com



મુમુક્ષુ :– ..

ઉત્તર :– અહીં રૂઢીગતમાં આવ્યું ને. ઉપર રૂઢી કહ્યું ને? અગ્નિ બાળે છે તેને ઘી બાળે છે એમ રૂઢીનો વ્યવહાર ચાલ્યો છે, યથાર્થમાં એમ નથી. એમ ભગવાનઆત્માને પોતાના શુદ્ધ સ્વભાવની સન્મુખના દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા એ જ મોક્ષનું કારણ છે અને સાથે વ્યવહાર મોક્ષમાર્ગ જે છે એ શુભઉપયોગ રાગરૂપ છે, વિકલ્પરૂપ છે. સાથે છે તો નિશ્ચયની સાથે જોઈને એ પણ મોક્ષનો માર્ગ છે એવો રૂઢીનો વ્યવહાર થઈ ગયો છે. 'દેવીલાલજી'! આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– વાસ્તવિક નથી.

ઉત્તર :– વાસ્તવિક છે જ નહિ. બંધનું કારણ (છે). ઘી શીતળ છે. શીતળ ઘીને ઊનું કહેવું એ રૂઢીગત વ્યવહાર શાસ્ત્રમાં છે એ. એમ શુભ બંધમાર્ગ છે, મોક્ષમાર્ગ નથી. પણ નિશ્ચય મોક્ષમાર્ગની સાથે છે તો રૂઢીગત થઈને વ્યવહારથી કહેવામાં આવે છે કે એ પણ મોક્ષનો માર્ગ છે. 'ટોડરમલે' મોક્ષમાર્ગ બરાબર લીધો છે. સમજાય છે કાંઈ? 'ટોડરમલજી'એ ઘણો ખુલાસો કર્યો છે. બે મોક્ષમાર્ગ નથી. બન્ને મોક્ષમાર્ગને ઉપાદેય માનવું એ ભ્રમ છે. સમજાય છે કાંઈ? કારણ કે નિશ્ચય મોક્ષમાર્ગ સ્વઆશ્રય છે, વ્યવહાર પરાશ્રય છે. નિશ્ચય મોક્ષમાર્ગ નિર્મળ છે, વ્યવહાર મોક્ષમાર્ગ પર્યાય રાગ છે. નિશ્ચય મોક્ષમાર્ગનું ફળ મોક્ષ છે, વ્યવહારનું ફળ બંધ છે. બેની દિશાફેર છે, બેની દશાફેર છે, બેની દિશાફેર છે, બેની દશાફેર છે. સમજાય છે કાંઈ?

નિશ્ચયની દશા નિર્મળ છે, એની દિશા દ્રવ્ય છે. લક્ષ દ્રવ્ય ઉપર છે. અને વ્યવહાર મલિન છે એની દશા, એની દિશા પર ઉપર જાય છે. સમજાય છે કાંઈ? વ્યવહારનું ફળ બંધ છે, નિશ્ચયનું ફળ મોક્ષ છે. બન્ને તદ્દન ભિન્ન છે. 'દેવીલાલજી'! અત્યારે મોટી તકરાર છે. પહેલા તો વ્યવહાર મોક્ષમાર્ગ છે, વ્યવહાર મોક્ષમાર્ગ છે એમ કહે છે. અરે..! ભગવાન! જુઓને! આ રૂઢીગત શબ્દ કહીને કેવો પાઠ લખ્યો છે. સમજાણું? પહેલા સંધિ કરી છે. જુઓ! **'मोक्षमार्ग इत्येषः। मुख्योपचाररूपः प्रापयति परं पदं पुरुषम्।'** પેલા કહે, જુઓ! બન્નેથી મોક્ષ થાય છે. બન્નેથી મોક્ષમાર્ગ છે. બન્નેથી મોક્ષમાર્ગ નથી, પણ રૂઢીથી પોતાનું શુદ્ધ સ્વરૂપ... અહીંયા જેમ શુભઉપયોગ અપરાધ છે એમ નિશ્ચય નિરપરાધ દશા છે, વ્યવહાર અપરાધ દશા છે. પણ નિરપરાધની સાથે અપરાધને જોઈને એને પણ નિરપરાધ એમ કહી દીધું છે. નિરપરાધ કહો કે મોક્ષનો માર્ગ કહો. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– સાથે જોગાનુયોગમાં ચાલે તો થઈ જાય.

ઉત્તર :– વર ભેગો અણવર હોય તો અણવર વર થઈ જતો હશે? અણવરને કન્યા મળતી હશે? પરણાવી દેતા હશે? કપડા-બપડા બહુ પહેર્યા હોય, વર બે લાખનો આસામી હોય, અણવર કરોડપતિ હોય તો એને કન્યા આપતા હશે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એમ આત્મા નિશ્ચયને મોક્ષ-કન્યા મળે છે. સમજાય છે કાંઈ? આહાહા..! શિવરમણી. મોક્ષદશા ભગવાનઆત્માની, પૂર્ણ આનંદ દશા. એ દશા તો ભગવાનઆત્મા પોતાના નિજ સ્વરૂપની અંતર સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન, લીનતા, જે શક્તિની વ્યક્તતા છે તેને મોક્ષ વરે છે. એનું ફળ મોક્ષ છે. રાગ વચ્ચે આવ્યો એનું ફળ મોક્ષ કહેવું એ તો ઉપચાર રૂઢીગતથી કહેવામાં આવ્યું છે. વાસ્તવિક નથી. કહો, 'અમરચંદભાઈ'! આ ગાથામાં મોટી તકરાર છે. જુઓ! બે મોક્ષમાર્ગ કહ્યા છે. **'प्रापयति परं पदं'** જુઓ! લીધું છે. **'प्रापयति परं पदं पुरुषम्'** આત્માને બન્ને મોક્ષમાર્ગ મોક્ષ પ્રાપ્ત કરાવે છે, એવો પાઠ છે. આ શબ્દોને તો બરાબર કરવા જોઈએ કે નહિ? આ ગાથા છે. કહે છે ને? પહેલા કહી ગયા ને? ઘી બાળે છે એ વ્યવહાર રૂઢી છે, એ વ્યવહાર મોક્ષમાર્ગ છે, એ વ્યવહાર રૂઢીગતની વાત છે. (યથાર્થ) નથી. બંધના માર્ગને મોક્ષમાર્ગની નજીક જોઈને તેને મોક્ષનો માર્ગ કહેવો એ રૂઢીગત વ્યવહાર છે. સમજાય છે કાંઈ? 'શશીભાઈ'! આ 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' છે. પણ એને કોણ જાણે એમ થાય છે કે .. એ પ્રશ્ન ચાલ્યો છે.

મુમુક્ષુ :– એવો રૂઢીગત વ્યવહાર કેમ કહ્યો છે?

ઉત્તર :– રૂઢીગત વ્યવહાર એવો ચાલે છે. સાથે છે કે નહિ? તેથી ચાલ્યો છે. નિશ્ચયની સાથે છે કે નહિ? તેથી કહ્યું. ભાઈએ કહ્યું ને? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એ આવ્યું ને? કે વ્યવહાર સમ્યગ્દર્શનમાં નિશ્ચય સમ્યગ્દર્શન અંતર ગમનરૂપ, સાથરૂપ, પરિણમનરૂપ છે. સમજાય છે કાંઈ? એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં છે ને? વ્યવહાર. વ્યવહાર સમ્યગ્દર્શનમાં.. સમજ્યા? પુસ્તક છે કે નહિ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' છે? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' છે ને?

**'સમ્યક્ત્વી થાય છે. માટે સ્વ-પરના શ્રદ્ધાનમાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ ગર્ભિત છે. વળી જો સ્વ-પરનું શ્રદ્ધાન નથી અને જૈનમતમાં કહેલા દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેને માને છે તથા સાતતત્ત્વોને માને છે, અન્યમતમાં કહેલાં દેવાદિ વા તત્ત્વાદિને માનતો નથી તો એવા કેવળ વ્યવહારસમ્યક્ત્વવડે તે સમ્યક્ત્વી નામને પામે નહિ, માટે સ્વ-પર ભેદવિજ્ઞાનપૂર્વક જે તત્ત્વાર્થશ્રદ્ધાન હોય તે સમ્યક્ત્વ જાણવું.'** પછી આગળ છે. નિશ્ચય સમ્યગ્દર્શનનું નિરંતર પરિણમન હોય ત્યાં વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. વ્યવહાર સમ્યગ્દર્શન છે ત્યાં નિશ્ચય સમ્યગ્દર્શન ગતિરૂપ હોય તો વ્યવહાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**'વળી તમે નિશ્ચય સમ્યક્ત્વનું અને વ્યવહાર સમ્યક્ત્વનું સ્વરૂપ લખ્યું તે સત્ય છે. પરંતુ એટલું જાણવું કે સમ્યક્ત્વીને વ્યવહારસમ્યક્ત્વમાં વા અન્યકાળમાં...'** બન્ને લીધું છે ને પાછું? વ્યવહાર ન હોય ત્યારે નિશ્ચય સમ્યગ્દર્શન છે. સમકિતી એટલો શબ્દ આમાં વધારે નાખ્યો છે, પહેલામાં નહોતો. ખબર છે. મૂળ ચિઠ્ઠીમાં નહોતો. વધારે સ્પષ્ટ થાય માટે. **'સમ્યક્ત્વીને વ્યવહારસમ્યક્ત્વમાં વા અન્યકાળમાં...'** વ્યવહાર ન હોય ત્યારે પણ

www.vitragvani.com



**'અંતરંગ નિશ્ચયસમ્યક્ત્વ ગર્ભિત છે, નિરંતર ગમન (પરિણમન) રૂપ રહે છે.'** સાથે લીધું છે. વ્યવહાર સમ્યગ્દર્શન ચોથે, પાંચમે અને નિશ્ચય પછી આઠમેં, એમ છે જ નહિ. સમજાય છે કાંઈ?

ઘી બાળે છે એ તો ઘીના કાળમાં જ બાળે છે એમ કહેવાય છે. સમજાય છે કાંઈ? ઘી બાળે છે એ ઘીના કાળમાં ઉષ્ણ થયું માટે કહેવામાં આવે છે. એમ નિશ્ચય મોક્ષમાર્ગ છે એ પોતાના સ્વભાવને આશ્રયે નિશ્ચયશ્રદ્ધા પરિણમનરૂપ છે. એની સાથે વ્યવહાર છે તેને કહે છે કે એ પણ મોક્ષનો માર્ગ છે. નિશ્ચયના સંબંધથી રૂઢીગતને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવ્યું છે. ખરેખર બંધમાર્ગને મોક્ષમાર્ગ કહેવો એ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? બહુ ગડબડ ચાલે છે. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને તો વ્યવહાર રત્નત્રય હોય. પછી આઠમાથી નિશ્ચય, સાતમાથી નિશ્ચય, કોઈ વળી આઠમાથી કહે છે, કોઈ વળી તેરમાથી કહે છે. જેને ઠીક પડે એમ કહે. કહો, સમજાણું?

**'એ મોક્ષમાર્ગ નિશ્ચય-વ્યવહાર એમ બે પ્રકારનો જ આત્માને મોક્ષ પહોંચાડે છે.'** અહીંયા એ જોર આપે. પહેલા દૃષ્ટાંત આપ્યું ને? ઘી બાળે છે. એમ વ્યવહાર મોક્ષમાર્ગ મોક્ષને પ્રાપ્ત કરાવે છે. એમ બેની સાથે સંબંધ લઈ લેવો.

મુમુક્ષુ :–

ઉત્તર :– બેડો પાર છે. વ્યવહારવાળાને કહે છે. દાખલો આપે છે. માસિકમાં આવે છે. શું કહેવાય? અખબારમાં આ આવે છે. જુઓ! આ ગાથા કહી છે. 'અમૃતચંદ્રાચાર્યે' કહી છે. પણ વાક્ય તો સાંભળ. એકને મુખ્ય અને એકને ઉપચાર (કહ્યું તો) બે જુદા પડ્યા કેમ? ભાઈ! એકને મુખ્ય કહ્યું, ને એકને ઉપચાર કહ્યું તો બે નામ પડ્યા કેમ? જો બે સરખા હોય તો બે નામ પડ્યા કેમ? એક નામ મુખ્ય એટલે ખરેખર નિશ્ચય છે. ઉપચાર એટલે વ્યવહાર રૂઢીગત છે. બે શબ્દ આવ્યા છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– સત્યાર્થ નથી? બે સત્યાર્થ, બે ઉપાદેય, બે મોક્ષમાર્ગ? ભ્રમમાં પડ્યો છે એ તો. સમજાય છે કાંઈ? હજી શ્રદ્ધાના ઠેકાણા નહિ એને અનુભવ થાય ક્યાંથી? અને અનુભવ વિના ચારિત્ર કદી હોતું નથી. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :–** 'નિશ્ચયમોક્ષમાર્ગ સાક્ષાત્ મોક્ષમાર્ગનો સાધક છે તથા વ્યવહારમોક્ષમાર્ગ પરંપરાએ મોક્ષમાર્ગનો સાધક છે.' એનો અર્થ કે સાથે છે અને પછી છૂટી જશે અને પૂર્ણ નિશ્ચય થઈ જશે તેથી વ્યવહારને પરંપરા મોક્ષનું કારણ કહેવામાં આવે છે. વ્યવહાર મોક્ષમાર્ગ શુભઉપયોગ છે, શુભરાગ છે. એ પહેલા કહી ગયા છે. અપરાધ છે તેને મોક્ષનું કારણ કહેવું અથવા સમકિતી બંધ કરે છે એમ કહેવું એ રૂઢી છે. સમકિતી તીર્થંકર ગોત્ર બાંધે છે એ રૂઢીનો વ્યવહાર છે. એમ જ્ઞાનનું કાર્ય ભાષા છે, એ રૂઢીનો વ્યવહાર છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એમ છે નહિ. આહાહા..! એમ લીધું ને?

જુઓ! આત્મામાં રાગ થાય છે કે નહિ? 'ધન્નાલાલજી'! તો રાગ બંધનું કારણ છે કે બંધરૂપ છે? અહીં તો બંધનું કારણ કહ્યું. રાગ થાય છે એ બંધનું કારણ છે, બંધરૂપ નથી. અરે..! ભાવબંધરૂપ છે. સમજ તો ખરો. ભાવબંધ વિના દ્રવ્યબંધનું કારણ કોણ થઈ શકે? સમજાય છે કાંઈ? એ તો અહીંયા કહે છે કે શુભઉપયોગ ભાવબંધ છે. સમજાય છે કાંઈ? ભાવબંધ ન હોય તો દ્રવ્યબંધમાં કારણ નિમિત્તરૂપ કોને કહેવાય? એ ભાવબંધ છે, રાગ ભાવબંધ છે. ત્યારે પેલા કહે છે કે, નહિ, રાગ બંધનું કારણ છે, બંધરૂપ નથી. ભગવાન કહે છે કે બંધરૂપ છે. ખરેખર બંધરૂપ એ જ છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– એ તો કારણનો ઉપચાર થયો. પરનું કારણ એ તો નિમિત્ત વ્યવહારની વાત થઈ. ખરેખર રાગ અપરાધ કર્યો છે એ જ ભાવબંધ છે. મોક્ષમાર્ગ છે એ સ્વભાવ આશ્રય થયો તે ખરેખર મોક્ષમાર્ગ યથાર્થ છે અને રાગ ખરેખર ભાવબંધ છે. વ્યવહારમોક્ષમાર્ગ ભાવબંધ છે. આહાહા..! એય..! દ્રવ્યબંધનું કારણ છે, અહીં આવ્યું ને? કે તીર્થંકરગોત્ર અને આહારકનું બંધનું કારણ છે, એ પુણ્યનું કારણ છે. એ પુણ્ય છે ને? પુણ્યનું કારણ શુભભાવ છે, શુભભાવ ભાવબંધ છે, ભાવબંધ દ્રવ્યબંધનું કારણ છે, મોક્ષનો માર્ગ બંધનું કારણ નથી. સમજે નહિ કંઈ અને એમને એમ પ્રશ્ન કરે. સમજાય છે કાંઈ? 'સેઠી' પાછળ બેઠા છે. મોડા આવ્યા ને. કહો, સમજાય છે કાંઈ?

વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય મોક્ષમાર્ગનું કારણ છે. આવે છે ને? નિમિત્તનું. વ્યવહાર કારણ કહેવાય છે ને? વ્યવહાર કારણ કહેવાય. ખરેખર કારણ નથી એને રૂઢીગતે કારણ કહેવું એનું નામ કારણ છે. એ બધામાં અનાદિરૂઢ લાગુ પાડી દેવું. સમજાય છે કાંઈ? એ અનાદિરૂઢ પણ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે ને, ભાઈ! એ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે. પાઠમાં નથી, પાઠમાં તો સમુચ્ચય વાત છે. અનાદિરૂઢ છે. 'અમૃતચંદ્રાચાર્યે' પોતે ૮૪ માં અનાદિરૂઢ કીધો છે. અજ્ઞાનીનો અનાદિરૂઢ વ્યવહાર છે, કર્મનું કારણ આત્મા છે. સમજ્યા? બંધનું કારણ આત્મા છે. નહિ. કર્મ કર્મને કારણે બંધાય છે, આત્મા આત્માને કારણે ભાવબંધ કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :—

ઉત્તર :– અસદ્ભુત છે. નથી તેને કહેવું એનું નામ વ્યવહાર છે. આ બંધનું કારણ છે તેને મોક્ષનું કારણ કહેવું એ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? અને ખરેખર તો આત્મા જે શુદ્ધચૈતન્ય સ્વભાવ છે તેની દૃષ્ટિ, જ્ઞાન થયા એ સ્વભાવ અપેક્ષાએ તો જે રાગભાવ છે તે સ્વભાવનું બીજું રૂપ છે. ભાઈ! 'પ્રવચનસાર'માં આવ્યું ને? દ્વિરૂપ. એય..! બંધની વ્યાખ્યા છે ને? બંધની વ્યાખ્યા. બંધની વ્યાખ્યા શું છે? અનેક પદાર્થોમાં એકપણાના સંબંધને..

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

શું ભાષા છે? ગમનવિશેષને બંધ કહે છે. તો ભાવબંધને પણ એ લાગુ પડે છે. ભગવાનઆત્મા... એ પાઠ છે, હોં! 'પ્રવચનસાર'માં. દ્વિતિય બંધ એવો પાઠ છે. તો આ કહે, બંધ નથી. ભગવાન! તને ખબર નથી. ખરેખર બંધ તો એ જ છે. ભગવાન ચૈતન્ય શુદ્ધસ્વરૂપ પરમાનંદ જેટલો રાગમાં રોકાય છે, એ રોકાણો એ જ ભાવબંધ છે. એનો અભાવ થાય છે તો ભાવમોક્ષ થાય છે. સમજાય છે કાંઈ? રાગનો અભાવ–ભાવબંધ છે તેનો અભાવ થાય છે તો મોક્ષ થાય છે. કહો, સમજાણું? ઘણે ઠેકાણે એ તો આવે છે ને?

સ્ફટિક જેમ છે, સ્ફટિક. એ સ્ફટિકની સ્વચ્છતામાં જે કાળી, લીલી ઝાંય દેખાય છે એ સ્ફટિકનું દ્વિરૂપતા, બીજું રૂપ છે. મૂળ રૂપ નથી. સ્ફટિકમાં દ્વિતિય લીધું છે. સ્ફટિકમાં જે સ્વચ્છતા છે, 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે... તેમ વીર જિનેશ્વર ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે..' ભગવાનઆત્મા શુદ્ધચૈતન્ય અકષાયસ્વરૂપ છે તેની દૃષ્ટિ, જ્ઞાન, રમણતા એ અકષાયભાવ છે. એ અકષાયભાવ મોક્ષનું કારણ છે. પણ તેની સાથે જે છે, એ સ્ફટિકની સ્વચ્છતામાં લાલપ દેખાય છે એ સ્વચ્છતાનું બીજું રૂપ છે. બીજું એટલે સ્વચ્છતાનું નહિ, પણ સ્વચ્છતાની સાથે (બીજું રૂપ છે).

નિશ્ચય-વ્યવહારના ગોટા એટલા, વ્યવહાર કથન નિમિત્ત આધીન હોય છે. ઉપચારથી કથન આવે. ઉપચારથી કહ્યું ને? જુઓને! મોક્ષમાર્ગમાં પણ લીધું છે. નિશ્ચય યથાર્થ, અહીં નિશ્ચયને મુખ્ય કહ્યું છે. મુખ્ય કહેવાનું કારણ એ મુખ્ય વસ્તુ છે તે કારણ છે. સમજાય છે કાંઈ? મોક્ષનો માર્ગ નિશ્ચય સમ્યગ્દર્શન એ મુખ્ય છે, પ્રધાન છે, પ્રધાન છે. પેલો ઉપચાર નામ પામે છે. સમજાય છે કાંઈ? ભારે વાત. હજી તો સમજવામાં, શ્રદ્ધવામાં ગોટા.

મુમુક્ષુ :–

ઉત્તર :– વસ્તુ નથી એમ નથી. પણ એ સમ્યગ્દર્શન એને કહે છે, મોક્ષમાર્ગ કહે છે એ જૂઠું છે. સમજાય છે કાંઈ? વસ્તુ છે એ ખોટી નથી. પેલા કહે કે વસ્તુ નથી? વ્યવહારનય છે તો વ્યવહારનયનો વિષય નથી? વ્યવહારનયનો વિષય નથી એની કોણ ના પાડે છે? પણ એ કહે છે કે એ મોક્ષમાર્ગ છે એ જૂઠું છે. એમ વાત છે. પણ બંધમાર્ગ તરીકે સાચું છે. છે. વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? ભારે ગડબડ બધી. હજી તો સત્ય સમજવાની ગડબડ. પછી સમજ્યા પછી અંદરમાં ઉતરવું, અંદર જવું ત્યારે સ્વસન્મુખ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય. આ હજી તો અંદરમાં જવામાં આ બહારના કારણોમાં આ હું છું અને એને લઈને આમ થાય, એ બહારમાં બહિરબુદ્ધિમાં અટક્યો એ અંદરમાં જાય શી રીતે? જાય શી રીતે, સમજ્યા? થોડી ગુજરાતી આવી જાય છે. અંદર કઈ રીતે જઈ શકે? કિસ પ્રકારસે. બહાર પરનું કાર્ય હું કરી શકું છું, રાગ મને મોક્ષનું કારણ છે, તો દૃષ્ટિ તો પર ઉપર છે. પરદશા તરફનો રાગ એનું લક્ષ પરદિશા તરફ જાય છે. તો એની દૃષ્ટિ તો ત્યાં પડી છે. એનાથી લાભ માનનારો છે તો ત્યાંથી દૃષ્ટિ ઉઠાવી અંદર લઈ જવી તે

www.vitragvani.com



તેનાથી થઈ શકે નહિ. સમજાય છે કાંઈ? કેમ સમજાય છે કે નહિ? થોડી સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ :– પ્રયાસ કરું છું.

ઉત્તર :– પ્રયાસ કરો છો? સારું પ્રયાસ તો કરે છે. એમ કે ઝીણું પડે છે.

બે માર્ગ સાથે છે. આત્મા છે ને? શુદ્ધચૈતન્યસ્વરૂપ આનંદકંદ છે, એની અંતરદષ્ટિ સ્વભાવ સન્મુખની સમ્યગ્દર્શન કહે છે અને અંતર સ્વભાવનું આત્માનું જ્ઞાન થવું એને જ્ઞાન કહે છે. અને આત્મામાં લીનતા, સ્થિરતા, રમણતા અંતરમાં થાય છે તેનું નામ ચારિત્ર છે. તે મોક્ષનો માર્ગ છે. પણ સાથે શુભઉપયોગ વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રનો બોધ અને પંચમહાવ્રત આદિના પરિણામ, એ નિશ્ચયની સાથે નિમિત્ત જોઈને, સહચર જોઈને ઉપચારથી એને વ્યવહાર કહેવામાં આવ્યું છે. ચાર બોલ વાપર્યા, ભાઈ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. 'ટોડરમલજી'એ શાસ્ત્રનો નિચોડ કર્યો છે. પણ અભિમાનમાં માણસને (એમ થઈ જાય કે) અમે બહુ જાણીએ છીએ, એનું જાણીએ, બધાનું જાણીએ, અમે બધા આચાર્યનું જાણીએ છીએ. અમે તો બધાને જાણનાર છીએ, તમે તો એકને જાણનાર છો. અરે..! ભગવાન! અહીં તો અગિયાર અંગ જાણે, નવ પૂર્વ જાણે તો બધું તારું ફોગટ છે, સાંભળને! એમાં કાઢવો છે તો વીતરાગભાવ. વીતરાગભાવ ક્યારે નીકળશે? કે પરની અપેક્ષા છોડીને સ્વની અપેક્ષા કરે તો વીતરાગભાવ નીકળશે. સમજાય છે કાંઈ? એમ શાસ્ત્રમાંથી કાઢે નહિ તો શાસ્ત્રના અર્થની પણ તેને ખબર નથી. સમજાય છે કાંઈ?

મોક્ષમાર્ગ નિશ્ચય એનો હેતુ વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. હેતુ, નિશ્ચયનો હેતુ. કારણ પણ કહેવાય છે, હેતુ પણ કહેવાય છે, સાધક પણ કહેવાય છે. સમજાય છે કાંઈ? એનાથી મોક્ષમાર્ગ થાય, વ્યવહારથી મોક્ષ થાય એમ પણ કહેવામાં આવે છે. એ રૂઢીગત વ્યવહાર છે. જેમ ઘી બાળે છે એમ વ્યવહાર મોક્ષ કરાવે છે, એ રૂઢિગત વ્યવહાર છે. સમજાય છે કાંઈ? એના પછી તો આ ગાથા લીધી છે. ૨૨૨ થઈ ગઈ. હવે એનું ફળ. ભગવાન મોક્ષ થાય છે ને? લ્યો, હવે તો છેલ્લી ગાથાઓ છે ને.

આવો નિશ્ચય સ્વભાવ, ભગવાનઆત્મા પોતાના પવિત્ર સ્વભાવને પકડીને જે લીનતા, દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિની થઈ એનું પૂર્ણ ફળ મોક્ષ છે. સમજાય છે કાંઈ? ખરેખર તો ચૌદમા ગુણસ્થાનને અંતે રત્નત્રયની પરિપૂર્ણતા ત્યાં થાય છે. સમજાય છે કાંઈ? કેમકે તરત જ, પૂર્વ ઉપાદાનની પર્યાય એ ઉત્તરી ભવનનું કાર્ય થાય છે. શાસ્ત્રના શબ્દ છે તો ત્યાં પણ લાગુ પાડવા જોઈએ ને. મોક્ષરૂપી કાર્ય છે એ પહેલા, મોક્ષ થયા પહેલા, પૂર્વ અવસ્થામાં જે અંદર સ્વરૂપાચરણ સ્થિરતા પૂરી થઈ, ચારિત્ર ભલે બારમે થઈ ગયું, કેવળજ્ઞાન તેરમે થઈ ગયું, ક્ષાયિક સમકિત ચોથે થયું. ક્ષાયિક સમકિત ચોથે થયું, જ્ઞાન તેરમે થયું, ક્ષાયિક ચારિત્ર બારમે થઈ ગયું. છતાં હજી આત્માની પૂર્ણ આચરણતા બાકી છે. એકલો આત્મા સ્વરૂપઆચરણની સ્થિરતામાં હજી તેરમે પણ બાકી છે. ચૌદશે અસ્થિરતાના અંતમાં

www.vitragvani.com



મોક્ષ થયા પહેલાની દશા, મોક્ષ થયા પહેલાની પર્યાય, એ પર્યાયને જ ખરેખર મોક્ષનું કારણ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! મોક્ષ કાર્ય છે કે નહિ? તો કાર્યનું કારણ ક્યાં રહે છે? એ કાર્યની પૂર્વ પર્યાયમાં રહે કે આગળમાં રહે છે? સમજાય છે કાંઈ? અહીં તો પૂર્ણ સ્વરૂપની વાત છે, આખાની વાત છે. છેલ્લી વાત કહી દીધી. નિશ્ચય પૂર્ણ થાય છે ત્યારે ઉત્તર પર્યાય મોક્ષની થાય છે. સમજાય છે કાંઈ?

જે સમયે આત્મામાં ચારિત્ર તેરમામાં પણ હજી સ્વરૂપ સ્થિરતામાં પણ કમી છે એ ચૌદમામાં પૂરી થાય છે. યોગનું કંપન છે એટલો દોષ છે. એ દોષ છૂટી જાય છે અને સર્વ કર્તા, કર્મ આદિની ક્રિયા શુદ્ધ થઈ જાય છે. પૂર્ણ પર્યાય જે નિર્મળ એ સમયે થઈ એ મોક્ષનું કારણ છે. એ પર્યાયનું કાર્ય મોક્ષ છે. સમજાય છે કાંઈ? એ પહેલા વ્યવહાર મોક્ષનું કારણ કહે તે ઉપચારથી કહે છે. એમ કહે છે, લ્યો! આહાહા..! સમજાય છે કાંઈ? શું કહે છે? આ તો એનું ફળ બતાવે છે. શું કહે છે?

નિશ્ચય આત્માના આશ્રયે જે સ્વસન્મુખની દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર થયા એ પણ જ્યારે પૂર્ણતા ક્યારે થાય છે? મોક્ષ થાય છે એ પહેલા નિર્મળ પર્યાય પૂર્ણ થાય છે. વ્યવહાર તો ક્યાંય રહી ગયો. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા... 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.' 'શ્રીમદ્'નું વાક્ય છે. બહુ ટૂંકા વાક્યમાં એણે (રચના કરી છે). 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' પોતાની પૂર્ણ શુદ્ધતાનું નામ ભગવાન મોક્ષ કહે છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ' મોક્ષની કાર્યદશાને જે પામે તેનું નામ પંથ એટલે કારણ કહેવામાં આવે છે. એ કારણ તો નિર્મળ પર્યાય છે. સમજાય છે કાંઈ?

છેલ્લી પર્યાયમાં વ્યવહાર ક્યાં રહ્યો? એય...! આ તો વળી મગજમાં એ આવી ગયું કે જે મોક્ષનું કાર્ય થાય છે એની પૂર્વ પર્યાયમાં શું હોય છે? શું વ્યવહાર હોય છે? સમજાય છે કાંઈ? ચારિત્ર પૂર્ણ થઈ ગયું, કેવળજ્ઞાન પૂર્ણ થઈ ગયું, ક્ષાયિક સમકિત પૂર્ણ થઈ ગયું છે છતાં સ્વરૂપમાં એકાગ્રતા જેટલી શુદ્ધ પરિણતિ જોઈએ, એટલી બાકી છે તો શુદ્ધ પરિણતિ જે છે એ જ મોક્ષની પૂર્વ પર્યાય કારણ છે. સમજાય છે કાંઈ? પૂર્વની પર્યાય છે તે જ કારણ છે. બીજું કારણ-ફારણ નથી. આહાહા...! પહેલાની નિશ્ચય મોક્ષમાર્ગ પર્યાય પણ મોક્ષનું કારણ નથી તો વ્યવહાર તો ક્યાંથી હોય? એમ કહે છે. એ.. ભાઈ! 'હિંમતભાઈ'! સમજાય છે કાંઈ? આહાહા..! કેટલો માર્ગ પ્રભુનો આમ... કેટલી સીધી વાત કરે છે! દિગંબર સંતોએ માર્ગને થંભાવી રાખ્યો છે. જે સનાતન માર્ગ હતો, સર્વજ્ઞએ કહેલો પંથ ટકાવી રાખ્યો છે. નિશ્ચય શું? પર્યાય શું? વ્યવહાર શું? બધું યથાર્થ. આવી વાત બીજે ક્યાંય નથી. સમજાય છે કાંઈ?

'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિઓ, સંતોએ કેવળજ્ઞાનીનો અનાદિનો પંથ ટકાવી રાખ્યો છે પણ એ સમજવાની લાયકાત ન હોય તો લોકોમાં ગડબડ થઈ જાય છે. સમજાય છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કાંઈ? આહાહા...! 'કુંદકુંદાચાર્ય' ચારિત્ર અધિકારમાં, ચરણાનુયોગમાં કહે છે ને? મોક્ષમાર્ગના પ્રણેતા અમે આ ઉભા. આહાહા..! સમજાય છે કાંઈ? અમે પોતે મોક્ષમાર્ગમાં છીએ. અને કેવો નિશ્ચય મોક્ષમાર્ગ છે.. અહીં તો નિશ્ચય-વ્યવહાર આવ્યું ને? ચરણાનુયોગમાં પણ એ આવ્યું છે ને? 'પ્રવચનસાર'માં ચરણાનુયોગમાં એમ આવ્યું છે કે કેવો નિશ્ચય છે અને સાથે વિકલ્પની જાત કેવી હોય છે, બન્નેનો અનુભવ કરનારા અમે જ્ઞાતા, એવા મોક્ષમાર્ગના પ્રણેતા અમે ઉભા છીએ. આહાહા..! સમજાય છે કાંઈ? 'ધન્નાલાલજી'! આહાહા..! 'કુંદકુંદાચાર્ય' નું અનુકરણ બધા મુનિઓએ, કોઈ પણ સંત હોય, 'પૂજ્યપાદસ્વામી' હો, 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' હો, 'સમંતભદ્ર' હો, બધાની એક જ ધારા છે. કોઈની વાતમાં ફેર નથી. કથનની પદ્ધતિમાં ફેર હોય એના તાત્પર્યમાં ક્યાંય ફેર નથી. સમજાય છે કાંઈ? અહીં તો શું આવ્યું?

મોક્ષના બે માર્ગ જે કહ્યા, એ તો નિશ્ચય મોક્ષમાર્ગની સાથે જોઈને.. સમજાય છે કાંઈ? અગ્નિને ઘીની સાથે જોઈને ઘી બાળે છે એમ કહે છે. એમ નિશ્ચય મોક્ષમાર્ગની સાથે વ્યવહાર જોઈને વ્યવહાર મોક્ષનોમાર્ગ છે એમ વ્યવહાર રૂઢીગત રીતે કહેવામાં આવે છે. 'અમરચંદભાઈ'! અને ખરેખર એ નિશ્ચયથી મોક્ષમાર્ગ કેવળજ્ઞાનમાં પણ જે થયો છે એ પણ ખરેખર મોક્ષની જે છેલ્લી પર્યાય કારણ થાય છે એ પર્યાય ત્યાં નથી. સમજાય છે કાંઈ? એનો અર્થ એ થયો કે છેલ્લી એક જ શુદ્ધ નિર્મળ અભેદપર્યાય એ જ મોક્ષનું કારણ છે. વ્યવહાર તો નીકળી ગયો પણ નીચલી દશા પણ ખરેખર કોઈ સાક્ષાત્ મોક્ષનું કારણ નથી. આહાહા..! અને તે પણ ખરેખર પૂર્વની મોક્ષમાર્ગની પર્યાયનું કાર્ય છે એ પણ ખરેખર વ્યવહાર છે. કેમકે જે પૂર્વ પર્યાય છે તેનો વ્યય થઈને કાર્ય થાય છે. એ કાર્યનો ઉત્પાદ એ વ્યય નથી, પણ એ વ્યયને કહેવું એ છેલ્લી પર્યાય હતી તેથી કહેવામાં આવ્યું. છેલ્લી પૂર્ણ શુદ્ધ પર્યાય તો દ્રવ્યમાંથી આવે છે. કારણપરમાત્મામાંથી કાર્ય આવે છે. આહાહા..! જુઓ તો ખરા માર્ગ પ્રભુનો! ઇ કહે છે, જુઓ! સમજાય છે કાંઈ?

એવો જે મોક્ષમાર્ગ થયો તો એને મોક્ષ થાય જ છે. મોક્ષ થાય છે એનું સ્વરૂપ શું? બસ, હવે એ કહે છે. છેલ્લી ગાથા છે ને? મોક્ષનો માર્ગ તો બતાવી દીધો. હવે મોક્ષમાર્ગની પર્યાય જ્યાં પૂર્ણ થઈ અને બીજે સમયે મોક્ષ થઈ ગયો. મોક્ષમાં છે શું? પરમાત્માનું સ્વરૂપ કેવું છે? એની વાત કરે છે.

www.vitragvani.com



## ગાથા–૨૨૩

नित्यमपि निरुपलेपः स्वरूपसमवस्थितो निरुपघातः।
गगनमिव परमपुरुषः परमपदे स्फुरति विशदतमः।।२२३।।

અન્વયાર્થ :– [ नित्यमपि ] હંમેશાં [ निरुपलेपः ] કર્મરૂપી રજના લેપ રહિત [ स्वरूपसमवस्थितः ] પોતાના અનંતદર્શન-જ્ઞાન સ્વરૂપમાં સારી રીતે ઠરેલો [ निरुपघातः ] ઉપઘાત રહિત અને [ विशदतमः ] અત્યંત નિર્મળ [ परमपुरुषः ] પરમાત્મા [ गगनम् इव ] આકાશની જેમ [ परमपदे ] લોકશિખરસ્થિત મોક્ષસ્થાનમાં [ स्फुरति ] પ્રકાશમાન થાય છે.

ટીકા :– 'नित्यम् अपि निरुपलेपः स्वरूपसमवस्थितः निरुपघातः विशदतमः परमपुरुषः गगनम् इव परमपदे स्फुरति।' - અર્થ :– સદાકાળ કર્મમળ રહિત, પોતાના સ્વરૂપમાં સ્થિત, કોઈના પણ ઘાતરહિત, અત્યંત નિર્મળ એવા જે પરમાત્મા સિદ્ધ ભગવાન છે તે મોક્ષમાં આકાશ સમાન દેદીપ્યમાન રહે છે.

ભાવાર્થ :– પુરુષ નામ જીવનું છે અને પરમ પુરુષ નામ પરમાત્મા સિદ્ધ ભગવાનનું છે. જીવ તો નર-નારકાદિ ચારે ગતિઓમાં પોતાના આયુષ્ય પ્રમાણે થોડા કાળ સુધી જ રહે છે અને સિદ્ધભગવાન મોક્ષમાં સદા અનંતકાળ સુધી રહે છે. સંસારી જીવ કર્મરૂપી મેલથી મલિન છે, સિદ્ધ ભગવાન કર્મમળથી રહિત છે. સંસારી જીવ પુણ્ય-પાપરૂપી લેપથી લિપ્ત છે, સિદ્ધ ભગવાન આકાશ સમાન નિર્લેપ છે. સંસારી જીવ વિભાવ પરિણતિના યોગથી સદા દેહાદિરૂપે થઈ રહ્યો છે, સિદ્ધ ભગવાન સદા નિજસ્વરૂપમાં જ વિરાજમાન રહે છે. સંસારના જીવ બીજા જીવોનો ઘાત કરે છે અને બીજાઓ દ્વારા હણાય છે પણ સિદ્ધ ભગવાન કોઈ જીવને હણતા નથી કે કોઈ જીવો વડે હણાતા નથી. આવા સિદ્ધ ભગવાન અખંડ, અવિનાશી, નિર્મળ, પોતાના સ્વરૂપમાં સ્થિત સદાકાળ મોક્ષમાં જ બિરાજમાન રહે છે. ૨૨૩.

---

नित्यमपि निरुपलेपः स्वरूपसमवस्थितो निरुपघातः।
गगनमिव परमपुरुषः परमपदे स्फुरति विशदतमः।।२२३।।

આહાહા..! સિદ્ધનું સ્વરૂપ વર્ણવે છે. ઉપાયનું વર્ણન થઈ ગયું, હવે મોક્ષનું. મોક્ષ કોને કહે છે? અહીંયા કહ્યું, 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' એ તો સામાન્ય એક શબ્દમાં કહી દીધું. અહીં બધાની વ્યાખ્યા કરે છે.

અર્થ :– **'સદાકાળ કર્મમળ રહિત,...'** નિત્ય શબ્દનો અર્થ. સિદ્ધ ભગવાન જે મોક્ષ છે, જે અંતરના નિશ્ચય મોક્ષમાર્ગનું કાર્યરૂપ ફળ છે તે મોક્ષ. એની કાર્યરૂપ દશા કેવી છે? નિત્ય મળરહિત છે. સંસારદશા મળસહિત છે. નીચે પણ હજી.. સમજાય છે કાંઈ? તેરમે ગુણસ્થાને પણ થોડી અશુદ્ધતા છે, અશુદ્ધતા છે. સમજાય છે કાંઈ? ઉદયભાવ છે ને? ચૌદમા ગુણસ્થાન સુધી ઉદયભાવ છે. ઉદયભાવ છે ત્યાં સુધી અસિદ્ધભાવ છે. ચૌદસો. એનો અભાવ થઈને પૂર્ણ દશા થઈ ગઈ તો સદાકાળ કર્મમળથી રહિત છે. મલિનતાના અંશથી રહિત, નિમિત્તથી રહિત, મલિનતાના અંશથી પણ રહિત. આહાહા..! સમજાય છે કાંઈ? પૂર્ણાનંદ સ્વરૂપ 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં' ભગવાન જ્યારથી મોક્ષપર્યાય પ્રાપ્ત થઈ ત્યારથી સાદિ અનંત અનંત કાળ એવી ને એવી શાંતિ, આનંદ, અનંતજ્ઞાન, દર્શન, નિર્મળ મળ રહિત હોય છે. અપૂર્ણતા નહિ, મળ નહિ.

**'સદાકાળ કર્મમળ રહિત, પોતાના સ્વરૂપમાં સ્થિત,...'** નાસ્તિ. પહેલા મળથી રહિત નાસ્તિ કીધું, અસ્તિના સ્વરૂપથી પૂર્ણ. પોતાના સ્વરૂપમાં નિર્મળ અને પરિપૂર્ણ છે. સિદ્ધ ભગવાન એ પર્યાય છે. સિદ્ધ ભગવાન એ ગુણ નથી, દ્રવ્ય નથી. સંસાર પણ એક વિકારી પર્યાય છે, મોક્ષમાર્ગ પણ નિર્વિકારી અપૂર્ણ પર્યાય છે. મોક્ષ નિર્વિકારી પૂર્ણ પર્યાય છે. સમજાય છે કાંઈ? દ્રવ્ય, ગુણ તો ત્રિકાળી છે. દ્રવ્ય પણ ત્રિકાળી, ગુણ પણ ત્રિકાળી. પણ અહીં તો હવે પર્યાયને નિત્ય કહેવી છે. આહાહા..! કેમ? કે એવી નિર્મળ દશા એવી ને એવી કાયમ રહેશે એ અપેક્ષાએ એને નિત્ય કહેવામાં આવી છે. છે તો પર્યાય. સમજાય છે કાંઈ? છે તો દ્રવ્ય, ગુણ નિત્ય પણ આ પર્યાય થઈ એ એવી ને એવી સદશ સાદિઅનંત રહેશે. એ સદશની અપેક્ષાએ એને 'પંચાસ્તિકાય'માં કેવળજ્ઞાનને કૂટસ્થ કહ્યું છે ને? કૂટસ્થ નથી, કેવળજ્ઞાન પણ પરિણમે છે. કેવળજ્ઞાન પર્યાય છે, ગુણ નથી. પણ એકરૂપ સદશ, સદશ, સદશ રહે છે તો નિત્ય કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આ નિત્ય શબ્દ તેથી વાપર્યો છે. મોક્ષ માટે નિત્ય છે, હોં! દ્રવ્ય-ગુણ માટે નહિ પર્યાય માટે. આહાહા..!

ભગવાનઆત્મા પોતે જેમ નિત્ય છે, શુદ્ધ, ધ્રુવ, એકરૂપ પવિત્ર નિજ સ્વભાવ હતો, એવી શક્તિમાંથી એકરૂપ પૂર્ણ સ્વભાવ પ્રગટ થઈ ગયો તો કહે છે કે એ નિત્ય મળરહિત, પોતામાં સ્વરૂપમાં સ્થિત છે. મળરહિત નાસ્તિ કીધી, આ અસ્તિ કીધી. સમજાય છે કાંઈ? **'नित्यमपि निरुपलेपः स्वरूप'** એમ કહ્યું ને? **'પોતાના સ્વરૂપમાં સ્થિત,...'** સંસારી પ્રાણી મળવાળા છે, અનિત્ય છે અને સ્વરૂપમાં સ્થિત સંસારી નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? સંસારથી આ વિપરીત છે. સ્વરૂપમાં પૂર્ણ સ્થિત કોઈ નથી. આહાહા..! અહીં તો અસિદ્ધભાવ જ્યાં સુધી છે ત્યાં સુધી સ્થિરતા નથી, ત્યાં સુધી સંસાર કહ્યો છે ને? આહાહા..! સમજાય છે કાંઈ? સ્વરૂપ સ્થિત. જ્યાં સુધી અસિદ્ધ ભાવ છે ત્યાં સુધી પૂર્ણ સ્થિરતા નથી. ભગવાનને પૂર્ણ સિદ્ધ દશા એક સમયમાં પૂર્ણ દશા થઈ ગઈ. એનું નામ મોક્ષ છે. સમજાય

www.vitragvani.com



છે કાંઈ?

**'પોતાના સ્વરૂપમાં સ્થિત, કોઈના પણ ઘાતરહિત,..'** એ ત્રીજો શબ્દ છે. **'निरुपघातः'** એનો અર્થ છે. સંસારી પ્રાણીમાં તો રાગથી નુકસાન થાય છે, નિમિત્તથી પણ બહારમાં ઘાત નૈમિત્તિકમાં થાય છે. સિદ્ધ **'निरुपघातः'** છે. કોઈ પદાર્થથી એમાં ઘાત થઈને હાનિ થાય એમ બનતું નથી. જુઓ! આ મોક્ષનું સ્વરૂપ, સિદ્ધનું સ્વરૂપ વર્ણવે છે. એનાથી વિરુદ્ધ કોઈ કહે તો એવું મોક્ષનું સ્વરૂપ નથી. પહેલા લેપવાળા હતા તો નિર્લેપ થયા. પહેલા અસ્થિરતા હતી તો સ્થિર થઈ ગયા. પહેલા ઘાતવાળા હતા, હવે નિરૂપઘાત થઈ ગયા. એવી દશા બતાવે છે. આહાહા...!

**'गगनम् इव'** નિર્મળ. જુઓ! **'અત્યંત નિર્મળ એવા જે પરમાત્મા સિદ્ધ ભગવાન છે તે મોક્ષમાં આકાશ સમાન દૈદીપ્યમાન રહે છે.'** અત્યંત નિર્મળ એવા.. **'गगनमिव परमपुरुषः परमपदे' 'विशदतमः' 'विशदतमः'**. આહાહા..! **'विशदतमः'** તદ્દન સ્પષ્ટ નિર્મળતા.

---

## પ્રવચન નં. ૮૯ ગાથા–૨૨૩ થી ૨૨૬ મંગળવાર, શ્રાવણ સુદ ૧૦, તા. ૧૫-૦૮-૬૭

---

૨૨૩ ગાથાનો અર્થ થઈ ગયો. એમાં શું કહે છે? જેણે પોતાના શુદ્ધસ્વરૂપ આનંદ જ્ઞાયક સ્વરૂપનો અનુભવ કરીને... આ છેલ્લો સાર બતાવે છે ને? મોક્ષમાર્ગનું ફળ. અત્યાર સુધી તો મોક્ષમાર્ગ વિષે કહ્યું. મોક્ષમાર્ગ જે પોતાનું શુદ્ધ ચૈતન્ય આનંદ છે એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રગટ થયા છે એ જ મોક્ષમાર્ગ છે. તેનાથી મુક્તિ મળે છે એની વાત ચાલે છે. મુક્તિમાં પરમાત્મપદનું સ્વરૂપ કેવું છે એ કહે છે. સમજાણું કાંઈ?

પહેલા ૨૨૨ ગાથામાં મુખ્ય ઉપચાર મોક્ષમાર્ગ આવી ગયો ને? નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગથી પરમપદની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? એ પહેલા ૨૨૨ ગાથામાં આવી ગયું. ખરેખર તો પોતાનું શુદ્ધસ્વરૂપના આશ્રયથી મુક્તિ થાય છે. પણ વચ્ચે પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે વ્યવહાર વિકલ્પ એવો આવે છે, તે કારણથી પરમપદ મળે છે એવું આરોપથી કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? કોઈ તો એમ પણ કહે છે, ભાઈ! કે વ્યવહાર છે એ જેમ હેય છે તો પછી મોક્ષમાર્ગની પર્યાય પણ સમયે-સમયે હેય વૃદ્ધિવાળી થાય છે. શું કહ્યું?

મુમુક્ષુ :– છેલ્લે તો બધું હેય જ છે. ... કરવા માટે ક્યા હેય છે?

ઉત્તર :– એ એમ કહે છે કે જેમ... આ મુખ્ય અને ઉપચાર બે માર્ગ કહ્યાને? મુખ્ય તે નિશ્ચય છે અને ઉપચાર તે વ્યવહાર છે. વ્યવહાર તે હેય છે એમ કહો તો અમે તો એમ પણ કહીએ છીએ કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સ્વભાવ આશ્રયે ઉત્પન્ન થયા તે સમય-સમયની શુદ્ધિ હેય થઈ જાય છે. નવી નવી પ્રગટ થાય છે. અને છેલ્લી પર્યાય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જે છે, મોક્ષની પર્યાયનો અંત જે છે, તેના પૂર્વ સમયમાં જે આત્માની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયાત્મક પરિણતિ છે, મોક્ષની પર્યાય ઉત્પન્ન થયા પહેલા, જે રત્નત્રયની પૂર્ણતા થાય છે એ જ મોક્ષનું કારણ છે.

મુમુક્ષુ :– એ જ મોક્ષનું કારણ છે?

ઉત્તર :– એ પણ છે. પણ પહેલા જે છઠ્ઠા ગુણસ્થાનથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ થયું તે ખરેખર મોક્ષનું કારણ ન થયું. સમજાણું કાંઈ? છેલ્લી પર્યાય મોક્ષના કાર્યનું કારણ થયું. શું કીધું સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કારણ-કાર્ય તો એ જ રહેશે.

ઉત્તર :– શું આવ્યું? કે મોક્ષની પૂર્ણ પર્યાય જ્યારે થઈ, કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમ આનંદ, એ દશારૂપી કાર્ય એનું કારણ તો પૂર્વ સમયમાં હોય છે. પૂર્વ સમયની પહેલી પર્યાય, ત્યાં એ કારણ હોય છે, તો એ કારણથી મોક્ષ પર્યાય થઈ. એ પહેલા જે નિશ્ચયપર્યાય છે એ પણ હેય થતી જાય છે. એમ કહે છે.

મુમુક્ષુ :– અભાવ થઈ ગયો..

ઉત્તર :– અભાવ થયો તો વ્યવહારનો પણ અભાવ થઈ ચાલ્યો જાય છે અને આ પણ અભાવ થઈ ચાલી જાય છે. તો એકને હેય કહો છો અને એકને ઉપાદેય કેમ કહો છો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– થોડી વાર રહે છે...

ઉત્તર :– એ ચાલી જાય છે એ બીજી વાત છે. એનો અભાવ થઈને. અભાવ એટલે રાગનું લક્ષ છોડીને. અહીં પણ પોતાના આશ્રયથી જે નિશ્ચય મોક્ષમાર્ગ થયો એનો પણ સમયે-સમયે વ્યય થાય છે અને શુદ્ધિની વૃદ્ધિની પર્યાયનો ઉત્પાદ થાય છે. એ અપેક્ષાથી તો પૂર્વની પર્યાય કારણ અને પછીની પર્યાય કાર્ય. સમજાણું કાંઈ? 'દેવીલાલજી'! સમજાણું કે નહિ?

ફરીને, આ તો શાસ્ત્રના અર્થમાં કેટલી ગડબડ કરે છે. આ પાઠમાં પણ એમ જ છે ને? કે મુખ્ય છે એ નિશ્ચય મોક્ષમાર્ગ છે અને ઉપચાર વ્યવહાર મોક્ષમાર્ગ છે. તો વ્યવહાર મોક્ષમાર્ગ ખરેખર છે જ નહિ અને તમે હેય કહો છો, તો પહેલી જે નિશ્ચયની પર્યાય થઈ એ પણ પછીની પર્યાયની અપેક્ષાએ તો એ પર્યાય પણ હેય થઈ ગઈ.

મુમુક્ષુ :– એને કારણ કેમ કહો છો?

ઉત્તર :– એને કારણ કેમ કહો છો? આનું કારણ છોડી દ્યો અને એનું કારણ કહો છો તો એનું પણ કારણ કહો. જરીક સમજાણું? ભાઈ! એ રાગ વ્યવહાર છે એ તો વિકલ્પ છે. એ કાંઈ કારણ નથી. એનો તો અભાવ થઈને સ્વભાવના આશ્રયે જેટલી શુદ્ધિ થાય છે, અભાવ થઈને સ્વભાવના આશ્રયે શુદ્ધિ થાય છે એ જ મોક્ષનો માર્ગ છે. અને પ્રગટ

કરવા લાયક તો શુદ્ધપર્યાય જ પ્રગટ કરવા લાયક છે. રાગ પ્રગટ કરવા લાયક છે જ નહિ. સમજાણું કાંઈ? રાગ તો વચ્ચે આવી જાય છે. સમજાણું કાંઈ? નિશ્ચયમાં વચ્ચે વ્યવહાર આવી જાય છે. 'મોક્ષ અધિકાર'માં આવે છે ને? ભાઈ! 'જયચંદ પંડિત'. એકલો વ્યવહાર નહિ. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર વચ્ચે આવે છે. 'જયચંદપંડિત' ના 'મોક્ષઅધિકાર'માં છે ને. ક્યારે? નિશ્ચય હોય ત્યારે વ્યવહાર આવે છે. પણ એ બેમાં ફેર છે. નિશ્ચય આત્મા જે છે એ શુદ્ધ ચિદાનંદમૂર્તિ, એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ એ તો પ્રગટ કરવાને યોગ્ય હતી. રાગ વચ્ચે આવે છે એ પ્રગટ કરવાને લાયક નથી પણ આવે છે. સમજાણું કાંઈ ?

હવે આગળ વધીને ભગવાનઆત્મા પોતાનો ઉગ્ર આશ્રય કરીને જે છેલ્લી શુદ્ધ પર્યાય પ્રગટ થઈ, જે મોક્ષની પર્યાય ઉત્પન્ન થયા પહેલા, મોક્ષનું કાર્ય થયું, એના પહેલાની જે ચૌદમા ગુણસ્થાનના અંત સમયની પર્યાય જે છે, ખરેખર તો એ જ કારણ છે. એ જ રત્નત્રય કારણ છે અને મોક્ષ કાર્ય છે. પણ એ પહેલાની પર્યાયને કારણ કહ્યું પણ એ યથાર્થ કારણ છે. શુદ્ધ છે. શું થાય પણ ઝઘડા એવા ચાલે ને. કે તમે જ્યારે વ્યવહારને હેય કહો, તો અમે તો કહીએ છીએ, નિશ્ચય પણ હેય છે. હેયની અપેક્ષાએ તો બંને હેય છે. હેય છે માટે એમાં લાભ નથી એમ નહિ. ભાઈ ! 'અમરચંદભાઈ'! એમ કહે કે વ્યવહાર હેય કહો તો એનાથી લાભ નથી એમ નથી, લાભ છે. લાભ છે જ નહિ. આ હેયમાં બીજી વાત છે, પેલા હેયમાં બીજી વાત છે. ભાઈ ! આહા..હા..! શું થાય? જગતને...

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ, એનો આશ્રય કરીને જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ તો સંવર-નિર્જરારૂપ આનંદરૂપ છે. એ પર્યાય પછી બીજી પર્યાય જે થાય એનું એ કારણ ભલે હોય. વિશેષ શુદ્ધિ કાર્ય જે થાય એની પહેલી શુદ્ધ પર્યાય કારણ ભલે હોય, પણ એ કારણનો નાશ થઈને કાર્ય થાય છે. પણ એ કારણ હિતકર છે.

મુમુક્ષુ :– માટે કારણ કહ્યું?

ઉત્તર :– માટે ખરેખર કારણ છે. એટલે રાગ હિતકર નથી. શું થાય? સમજાણું કાંઈ? સમજાય છે? થોડું સૂક્ષ્મ છે પણ અહીં તો... આહા..હા..! એય..! 'પોપટભાઈ'! બહુ ઝીણું મગજ કરવું પડશે.

મુમુક્ષુ :– મુદ્દાની વાત...

ઉત્તર :– આ કહે છે, મુદ્દાની...

ભગવાનઆત્મા આનંદ અને શાંતિના રસનો પિંડ પ્રભુ છે. એનો આશ્રય કરવો એ મુદ્દાની રકમ છે. પણ આશ્રય કરવામાં પણ પ્રથમ આશ્રય થોડો છે, પછી આશ્રય વિશેષ છે, પછી આશ્રય વિશેષ છે, એમ સમયે સમયે આશ્રય વધે છે તો શુદ્ધિ વધે છે. તો પહેલાની જે શુદ્ધિ છે એનો વ્યય થઈને બીજી શુદ્ધિ વિશેષ થાય છે. તો પૂર્વની પર્યાય

www.vitragvani.com



કારણ અને ઉત્તરની પર્યાય કાર્ય. એમ યથાર્થમાં તો આવે છે. પણ એ મોક્ષનું સીધું કારણ ન રહ્યું.

મુમુક્ષુ :– પરંપરા રહ્યું.

ઉત્તર :– એમ જ્યારે તેને પરંપરા કહો છો તો અમે વ્યવહારને પણ પરંપરા કહીએ છીએ. 'અમરચંદભાઈ'!

મુમુક્ષુ :– પહેલા બેનો ફેર છે. એક નિશ્ચય પરંપરા છે અને એક વ્યવહાર પરંપરા છે.

ઉત્તર :– એમાં ફેર છે, ભાઈ! એ વ્યવહાર પરંપરા આવી જાય છે. એ પ્રગટ કરવા લાયક નથી. ફેર છે. આ તો અંતર આશ્રય કરીને ઉગ્રપણે પ્રગટ કરવા લાયક છે. અને જે શક્તિ છે, શક્તિમાં જે મોક્ષ સ્વભાવ છે એ શક્તિની વ્યક્તતા એ સ્વભાવની વ્યક્તતા થાય છે. એ શક્તિમાંથી રાગ પ્રગટ થાય એ શક્તિમાં નથી. આહા..હા..! મૂળ વાંધા આ. મૂળ સૂક્ષ્મ વાંધામાં એટલી તકરાર કે જ્યાં મૂળ ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ. ... જ્ઞાનમય એ આનંદથી. ૨૨૪ ગાથામાં. જ્ઞાન અને આનંદ બે જ કારણ છે અહીંયાં. જ્ઞાન અને આનંદ. જ્ઞાનની પરિપૂર્ણતા અને આનંદની પરિપૂર્ણતા. બસ, એનું નામ મોક્ષ. સમજાણું કાંઈ? તો એનું કારણ જે શક્તિરૂપ સ્વભાવ ભગવાનઆત્માનો છે એ શક્તિની અંતરમાંથી વ્યક્ત પ્રવાહ આવે છે એ અંતરમાંથી વ્યક્ત આવે છે, ખરેખર એ જ મોક્ષનું કારણ છે. આગળની પૂર્વ પર્યાય ભલે મોક્ષનું કારણ હોય, પણ આ બધી પર્યાયો શક્તિમાંથી આવે છે. સમજાણું કાંઈ? એ ભિન્ન ચીજ છે. ભાઈ!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ વ્યવહાર તો પર ચીજ છે. અંતરમાંથી નથી આવ્યો. એ તો નિમિત્તનું લક્ષ કરીને પરાધિનપણે પર્યાયમાં રાગ આવ્યો છે. એને કારણ કહેવું એ તો, ભાઈ! સિદ્ધાંત શું કહેવો છે એ સમજાણું કાંઈ? કે બેના સ્વરૂપમાં, બેના ફળમાં, બેની દિશામાં ફેર છે. એથી ભગવાનઆત્મા પોતાનો શુદ્ધ ભગવાનસ્વરૂપ પરમાનંદમૂર્તિ પૂર્ણ ધ્રુવ સ્વરૂપ.

સ્વભાવ છે ને સ્વભાવ? એકલો સ્વભાવ, એકલો સ્વભાવ. સ્વભાવની મહિમા શું? સ્વભાવની અપરિપૂર્ણતા શું? અને સ્વભાવમાં વિપરીતતા ક્યાં છે? અને સ્વભાવની હદ શું? એવો જે જ્ઞાન-દર્શન-આનંદ આદિ જે સ્વભાવ છે એમાંથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? સ્વભાવના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયા એ તો સ્વભાવની જાત છે. સ્વભાવની જાતને મોક્ષનું કારણ કહેવું એ યથાર્થ છે. સમજાણું કાંઈ? એને છેલ્લી પર્યાયની અપેક્ષાએ ભલે એને પરંપરા કારણ કહો.

મુમુક્ષુ :– સાક્ષાત અને પરંપરા બે લાગુ પડે.

ઉત્તર :– ત્યાં લાગું પડે. કારણ કે એની જાતની છે માટે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! જગતને તો પોતાનો આશ્રય લેવો, એને તો એવું લાગે જાણે કાંઈ છે જ નહિ.

www.vitragvani.com



ક્યાંક બહારથી મળી જાય, રાગની ક્રિયાથી અને પરના આશ્રયથી થાય એ વસ્તુ એવી છે જ નહિ. સમજાણું કાંઈ? 'રતિભાઈ'!

ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં પૂર્ણાનંદ, પ્રભુ! એમાં જે નિર્મળ પર્યાયો છે એ અંદરમાં પડી છે. સમજાણું કાંઈ? એ પ્રગટ થાય છે તો છે એમાંથી પ્રગટ થાય છે. એમાં રાગ અંદર નથી પડ્યો. પૂંજીમાં એ માલ નથી. પૂંજીમાં આ માલ છે. સિદ્ધની, અરિહંતની, આચાર્ય, સાધુની જે પાંચપદની વીતરાગી પર્યાય છે, એ બધી વીતરાગી પર્યાય અંદર પડી છે. દ્રવ્યમાં છે તો સત્ છે તો પ્રગટ થશે. અંદર સત્ ન હોય અને પ્રગટ થાય એમ છે નહિ. રાગ છે ત્યાં સત્ અંદર નથી. સમજાણું કાંઈ? ભાઈ! વાંધા ભારે, ભાઈ! શાસ્ત્રે વાદ ભયં. ... અરે..! ભગવાન! આ તો અંતરના માર્ગ છે, પ્રભુ! એમાં વાદવિવાદ હોય નહિ. 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' એ 'બનારસીદાસ'માં આવે છે. 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.'

ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે ને, ભાઈ! તને વિશ્વાસ નથી. તને વિશ્વાસ નથી. તું વિશ્વાસ લાવ તો અંદર બધી શક્તિ પડી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પર્યાય છે એ ક્યાંથી થાય છે? અસત્ ઉત્પન્ન થાય છે? પર્યાય અપેક્ષાએ અસત્ પણ વસ્તુમાં છે ત્યારે ઉત્પન્ન થાય કે નહિ? 'ફૂલચંદજી'! સમજાય છે? થોડી થોડી મહેનત કરે છે. પ્રયાસ કરે છે. વેપારી માણસ છે. માંડ માંડ ન્યાયનો વિષય ચાલ્યો. વેપારમાં આ યુક્તિની કાંઈ ખબર ન પડે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે અરે..! ભગવાનઆત્મામાં બધું સમજવાની શક્તિ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જેટલી પર્યાય છે એ બહારથી નથી આવતી. એ તો બધી અંદરમાં પડી છે. માટે એને પ્રગટ કરવાની તાકાત છે. સમજાણું કાંઈ? એ કાંઈ નવી વાત નથી.. આહા..હા..! ભક્તિમાં ન આવ્યું કાંઈક? 'નયી નયી બાત નહિ' એય..! ક્યાં ગયા? અમે તમે સરખા છીએ નવી વાત નથી. એમ ભજનમાં આવ્યું હતું ને? કાંઈક આવ્યું હતું એ શબ્દ યાદ રહી ગયો. આ તો ભક્તિમાં, નહિ? અમે અને તમે એક છીએ, સિદ્ધ થવું એ કાંઈ નવી વાત નથી. એ ભક્તિમાં આવ્યું હતું. અહીં કાંઈ બધું યાદ રહે છે? એક શબ્દ આવ્યો હતો. 'બહેન'નો આવ્યો હતો નહિ?

મુમુક્ષુ :– 'જો તું હૈ..'

ઉત્તર :– શું કીધું? 'જો તું હૈ સો હું હમ હૈ ઉસમે કોઈ નયી બાત નહિ.' એ કાંઈ નવી વાત નથી. ભગવાન! જેવા તમે છો, એવા અમે છીએ. એ કાંઈ નવી વાત નથી. 'ધન્નાલાલજી'! એ ભક્તિમાં આવે છે. વાંચતા વાંચતા ભક્તિમાં પણ પાછા વિચાર ચાલતા હોય ને. આ તો આ કહે છે. અંદર હું છું. આખો અંદર ભર્યો પડ્યો છું.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચય પર્યાય છે, એ તો સ્વભાવ શક્તિમાં છે એ ..

www.vitragvani.com



વ્યવહાર વિકલ્પ છે, વ્યવહારની દશા પરાશ્રિત છે અને નિશ્ચયની દશા સ્વાશ્રિત છે. તો સ્વઆશ્રિત છે એનું કારણ? કે સ્વઆશ્રિતમાં બધું પડ્યું છે, ભાઈ ! સમજાણું કાંઈ? ભાઈ! બરાબર છે? ભાઈ નથી આવ્યા? તાવ આવે છે. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ!

ભગવાનઆત્મા જે કાંઈ પંચપરમેષ્ઠીની પર્યાય કહે છે ને? 'કુંદકુંદાચાર્ય' કહે છે કે એ પર્યાય કાંઈ નવી નથી. એ બધી આત્મામાં છે. એ પાંચે પદની વીતરાગી પર્યાય આત્મામાં છે. સમજાણું કાંઈ? તો આ પણ સિદ્ધનો મોક્ષનો માર્ગ, મોક્ષમાર્ગ પણ આત્મામાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ આત્મામાં નથી. કારણ કે વ્યવહાર પરાશ્રય છે અને આ સ્વઆશ્રય છે. બેમાં ફેર છે. સ્વઆશ્રયમાં પણ જ્યાં સુધી સંપૂર્ણ ન હોય ત્યાં સુધી પહેલાની પર્યાયનો વ્યય થાય છે. પાછલી–ઉત્તર પર્યાય કાર્ય થાય છે. પણ એ તો સ્વભાવના પ્રવાહમાંથી આવે છે અને કારણ-કાર્ય શરૂ થાય છે. સમજાણું કાંઈ? અને આ પરાશ્રય રાગ. સ્વઆશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર એનો અર્થ શું? ન્યાયથી કરવો જોઈએ.

પરની દિશા તરફનો રાગ છે એ કાંઈ અંતરની દિશાનું કારણ થતો નથી. ભાઈ! અંતરના કારણમાં પડ્યું છે તો કારણ થાય છે. રાગમાં શું પડ્યું છે? રાગ તો નવો નવો પર દિશાએ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? એને વ્યવહાર કહ્યો એ તો આરોપિત વ્યવહાર છે. 'ધન્નાલાલજી'! આહાહા..! અસદ્ભૂત છે. વ્યવહારરત્નત્રય અસદ્ભૂત છે. આ તો પ્રગટ થાય છે એ સદ્ભૂત પર્યાય છે. સ્વઆશ્રિત કહો તો નિશ્ચય છે અને ભેદ પડે એ અપેક્ષાએ સદ્ભૂત વ્યવહાર છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા... આહા..હા..! પોતાના સ્વરૂપમાં પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ ઇંદરૂ ધ્રુવ, એકલો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એની હદ નહિ, માપ નહિ, પ્રમાણ નહિ. એટલી વસ્તુ. એમાં બધી શક્તિઓ પડી છે. અંતર આશ્રય કરવાથી... સમજાય છે? અકારણકાર્ય યાદ આવી ગયું, જુઓ! રાગ કારણ અને આ પર્યાય કાર્ય એવું નથી, એમાં ગુણ નથી. સમજાણું કાંઈ? વ્યવહાર કારણ રાગ અને આત્માની પર્યાય કાર્ય એવો ગુણ નથી. ભાવગુણ તો છે. પોતાનો સ્વભાવ કારણ અને વીતરાગી પર્યાય કાર્ય એવો ગુણ છે. કર્તા-કર્મ એ ષટ્કારકમાં આવે છે ને? એ તો પોતામાં છે. પણ રાગ કારણ અને આત્માની પર્યાય કાર્ય એમ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? થોડી ઝીણી વાત આવી ગઈ. માથે મુખ્ય ઉપચારમાં છે ને? એનું ફળ અહીં બતાવે છે. ફળ બતાવે છે એમાં પેલો વ્યવહાર તો છે જ નહિ ખરેખર. આ છઠ્ઠા-સાતમાથી નિશ્ચય મોક્ષમાર્ગ જ્યારથી શરૂ થયો, ચોથેથી શરૂ થયો, તો પૂર્વની પર્યાયનો વ્યય થાય છે અને નવી નવી પર્યાય ઉત્પન્ન થાય છે. તો પૂર્વની પર્યાય કારણ અને ઉત્તરની પર્યાય કાર્ય. ઉત્તર સમજ્યા? પછીની. પછીની પર્યાય કાર્ય અને પહેલાની પર્યાય કારણ. એમાં રાગ કારણ અને કાર્ય કહેવું એ તો તદ્દન આરોપિત કથન છે. કારણ કે વસ્તુમાં એવો ભાવ છે જ નહિ. સમજાણું કાંઈ?

www.vitragvani.com



આ તો વસ્તુ એવી છે. આ કોઈએ બનીબનાવેલી છે? બનાવી છે? કોઈ ભગવાને બનાવી છે? ભગવાને તો જેવું હતું એવું કહ્યું, જાણ્યું અને અનુભવ્યું. ભગવાન કહે છે, આમ છે, ભાઈ! અમે કાંઈ કર્તા નથી. તમારે કાંઈ કરવાનું નથી. દ્રવ્ય અને ગુણનું તમારે કરવાનું છે? એવું જ છે. બસ, અંદરમાં આશ્રય કરીને જે નિર્મળ પ્રગટ પર્યાય થાય. એની પર્યાય ભલે અપૂર્ણ હોય અને વ્યય થઈ જાય છે એ અપેક્ષાએ હેય પણ કહેવામાં આવે છે. પણ હેય છે એ બીજી વાત છે. એ તો અંતરમાંથી બીજી વિશેષ આવે છે તો વ્યય થાય છે. રાગના કારણથી અંદરમાં કોઈ કાર્ય ઉત્પન્ન થાય છે એમ નથી. હવે એવી પર્યાયનું ફળ શું છે? જુઓ!

૨૨૩ ગાથા.

**नित्यमपि निरुपलेपः स्वरूपसमवस्थितो निरुपघातः।**
**गगनमिव परमपुरुषः परमपदे स्फुरति विशदतमः।।२२३।।**

સિદ્ધ ભગવાન નિત્ય છે. સંસાર અનિત્ય છે. કહો, સમજાણું કાંઈ? ૨૨૩ મૂળ શ્લોક. ભગવાન પરમાત્મદશા નિત્ય રહે છે. છે પર્યાય. સિદ્ધની છે પર્યાય, પણ '**नित्यम**'. એવી ને એવી પર્યાય કાયમ રહે છે. પહેલા મોક્ષમાર્ગની પર્યાય ફરતી હતી. અપૂર્ણથી પૂર્ણ (થવા માટે ફરતી હતી). આ એવી ને એવી પર્યાય (કાયમ રહે છે), ભાઈ! તેથી નિત્ય શબ્દ પહેલો વાપર્યો. વ્યવહાર તો છેલ્લે રહ્યો, પણ મોક્ષમાર્ગની પર્યાય ઓછી હતી એ વધારવાની હતી. અહીં વધારવાનું રહ્યું નહિ, સદૃશ રહી ગઈ.

સિદ્ધ ભગવાનમાં મોક્ષમાર્ગના કારણનું કાર્ય સદૃશ રહી ગયું. એવી ને એવી સાદિઅનંત. સમજાણું કાંઈ? સંસારમાં એવી દશા હતી નહિ એવી પર્યાય દશાની વાત છે. એવી પર્યાય સિદ્ધમાં ઉત્પન્ન થઈ, તેને નિત્ય કહ્યું. '**निरुपलेपः**' સંસાર લેપવાળો છે. ભગવાન! હજી ચૌદમાં ગુણસ્થાને ઉદયભાવ છે. સિદ્ધ '**निरुपलेपः**' છે. કોઈ લેપ નથી. '**स्वरूपसमवस्थितः**' સંસારમાં હજી પૂર્ણ સ્વરૂપ સમઅવસ્થિત નથી. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન પૂર્ણસ્વરૂપ સમઅવસ્થિત છે. આપણે હવે સીધા શબ્દાર્થ કરીએ છીએ. ભાઈ! સીધા શબ્દાર્થમાં. પેલું લાંબુ.. લાંબુ.. લાંબો લાંબો ભાવ છે. કહો, સમજાણું કાંઈ?

'**स्वरूपसमवस्थितः**' દશા પૂર્ણ સમઅવસ્થિત થઈ ગઈ. પરમાત્મદશા સમઅવસ્થિત-એવી ને એવી (રહે છે). '**निरुपघातः**' નીચે તો ઘાત થતો હતો, પરનો ઘાત કરે, પરથી પોતામાં વ્યવહાર નિમિત્તથી ઘાત થઈ જાય, એવું ત્યાં રહેતું નથી. '**निरुपघातः**' કોઈનો ઘાત કરતા નથી. કોઈ એનો ઘાત કરતા નથી. એવા સિદ્ધ ભગવાન મોક્ષમાર્ગનું ફળ આવી ગયું. '**विशदतमः परमपुरुषः**' જીવને પુરુષ કહે છે, સિદ્ધને પરમપુરુષ કહે છે. સમજાણું કાંઈ? સાધારણ જીવને પુરુષ કહે છે. અંદર અર્થમાં છે. આ તો ઉપરથી લઈએ છીએ.

www.vitragvani.com



**'परमपुरुषः'** સિદ્ધ ભગવાન પરમપુરુષ છે. લ્યો. પુરુષ હશે એ? પરમપુરુષ છે. પૂર્ણ દશા પ્રગટ થઈ. **'परमपदे स्फुरति'** પરમપદમાં રહેનારા છે, પરમ આનંદપદમાં રહેનારા છે. **'विशदतमः'** નિર્મળ છે. **'विशदतमः'** નિર્મળ.. નિર્મળ... નિર્મળ. એકલા સ્ફટિક જેવા સિદ્ધ ભગવાન છે. એ ૨૨૩ ગાથા થઈ. હવે ૨૨૪ ગાથા.

## ગાથા–૨૨૪

પરમાત્માનું સ્વરૂપ

**कृतकृत्यः परमपदे परमात्मा सकलविषयविषयात्मा।**
**परमानन्दनिमग्नो ज्ञानमयो नन्दति सदैव।।२२४।।**

અન્વયાર્થ :– [ कृतकृत्यः ] કૃતકૃત્ય [ सकलविषयविषयात्मा ] સમસ્ત પદાર્થો જેમના વિષય છે એવા અર્થાત્ સર્વ પદાર્થોના જ્ઞાતા [ परमानन्दनिमग्नः ] વિષયાનંદથી રહિત જ્ઞાનાનંદમાં અતિશય મગ્ન [ ज्ञानमयः ] જ્ઞાનમય જ્યોતિરૂપ [ परमात्मा ] મુક્તાત્મા [ परमपदे ] સૌથી ઉપર મોક્ષપદમાં [ सदैव ] નિરંતર જ [ नन्दति ] આનંદરૂપે સ્થિત છે.

ટીકા :– 'परमात्मा कृतकृत्यः सकलविषयविषयात्मा (विरतात्मा) वा परमानन्दनिमग्नः ज्ञानमयः परमपदे सदैव नन्दति।' - અર્થ :– સિદ્ધ ભગવાનને કાંઈ કામ કરવાનું બાકી રહ્યું નથી, સકલ પદાર્થોને પોતાના જ્ઞાનમાં વિષય કરનાર અથવા સકળ પદાર્થોથી વિરક્ત, પરમ સુખમાં નિમગ્ન અને કેવળજ્ઞાનસહિત મોક્ષમાં નિરંતર આનંદ કરે છે.

ભાવાર્થ :– સંસારના જીવોને અનેક કાર્ય કરવાની અભિલાષા છે તેથી કૃતકૃત્ય નથી, સિદ્ધ ભગવાનને કાંઈ કામ કરવાનું બાકી રહ્યું નથી તેથી કૃતકૃત્ય છે. જગતના જીવ મોક્ષથી વિમુખ છે અને સિદ્ધ ભગવાન મોક્ષમાં બિરાજમાન છે. સંસારના જીવો વિષય વિકાર સહિત છે, સિદ્ધ ભગવાન વિષય વિકાર રહિત છે. સંસારના જીવ અનેક શરીરો ધારણ કરીને દુઃખી થઈ રહ્યા છે, સિદ્ધ ભગવાન મન, વચન, કાયાથી રહિત છે. ઇત્યાદિ અનંતગુણો સહિત સિદ્ધ ભગવાન છે. ૨૨૪.

---

**कृतकृत्यः परमपदे परमात्मा सकलविषयविषयात्मा।**
**परमानन्दनिमग्नो ज्ञानमयो नन्दति सदैव।।२२४।।**

એ મોક્ષમાર્ગનું ફળ મોક્ષ આવ્યું. ભગવાન મોક્ષ કેવો છે? કૃત્યકૃત્ય. પૂર્ણ કાર્ય થઈ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગયું. બાકી રહ્યું નહિ. હજી તેરમા ગુણસ્થાને પણ હજી નિર્મળ શુદ્ધનું કાર્ય બાકી હતું. સમજાણું? આ કૃત્યકૃત્ય થઈ ગયા. **'परमपदे'** પરમપદમાં ભગવાન સ્થિત થઈ ગયા. નીચે તો અપરમપદ અસિદ્ધ દશા હતી. ચૌદમાં ગુણસ્થાન સુધી તો અસિદ્ધ દશા હતી. આ સિદ્ધદશા. ભગવાન પરમપદમાં સિદ્ધ થઈ ગયા. **'सकलविषयविषयात्मा'** લોકાલોક જેમનો વિષય થઈ ગયો. વિષય તો કેવળજ્ઞાનમાં પણ થઈ ગયો છે. આ તો વિશેષ કહે છે. **''सकलविषयविषयात्मा''** અને **'सकल विरतात्मा'** બે શબ્દ લીધા છે, ભાઈ! સકળથી વિરક્ત થઈ ગયા છે. પરમાત્મા સિદ્ધ ભગવાન સકળથી વિરક્ત થઈ ગયા છે. એ સકળનો વિષય કરે છે. સકળથી વિરક્ત થયા છે અને સકળને વિષય કરે છે. રાગાદિ બધાથી વિરક્ત થઈ ગયા છે, ઉદયભાવથી વિરક્ત થઈ ગયા છે અને સકળ વિષયને કરે છે. લોકાલોકને જાણે છે. સમજાણું કાંઈ?

**'परमानन्दनिमग्नः'** પરમાત્મા પરમાનંદમાં નિમગ્ન છે. સમજાણું કાંઈ? સિદ્ધ ત્યાં શું કરે છે? પરમાનંદમાં નિમગ્ન છે. એ કરે છે. સંસારમાં શું કરે છે? રાગદ્વેષમાં મગ્ન છે. સંસારમાં શું કરે છે? રાગદ્વેષમાં મગ્ન છે. એ દુઃખને કરે છે. આ પરમાનંદમાં નિમગ્ન છે. પૂર્ણાનંદ મોક્ષમાર્ગથી જે ફળ થયું (એમાં મગ્ન છે). **'परमानन्दनिमग्नः ज्ञानमयः परमपदे सदैव नन्दति'** જેના જ્ઞાન અને આનંદ પરિપૂર્ણ થઈ ગયા છે એવા સદૈવ સાદિઅનંત રહે છે. હવે ૨૨૫ ગાથા.

## ગાથા–૨૨૫

### જૈન નીતિ અથવા નય-વિવક્ષા

**एकेनाकर्षन्ती श्लथयन्ती वस्तुतत्त्वमितरेण।**
**अन्तेन जयति जैनी नीतिर्मन्थाननेत्रमिव गोपी।।२२५।।**

**અન્વયાર્થ :– [ मन्थाननेत्रम् ] રવઇ-વલોણને ખેંચનાર [ गोपी इव ] ગોવાલણની જેમ [ जैनी नीतिः ] જિનેન્દ્રદેવની સ્યાદ્વાદનીતિ અથવા નિશ્ચય-વ્યવહારરૂપ નીતિ [ वस्तुतत्त्वम् ] વસ્તુના સ્વરૂપને [ एकेन ] એક સમ્યગ્દર્શનથી [ आकर्षन्ती ] પોતા તરફ ખેંચે છે, [ इतरेण ] બીજાથી અર્થાત્ સમ્યગ્જ્ઞાનથી [ श्लथयन्ती ] શિથિલ કરે છે અને [ अन्तेन ] અન્તિમ અર્થાત્ સમ્યક્ચારિત્રથી સિદ્ધરૂપ કાર્યને ઉત્પન્ન કરવાથી [ जयति ] સર્વની ઉપર વર્તે છે. (અથવા બીજો અન્વયાર્થ)**

**અન્વયાર્થ :– [ मन्थाननेत्रम् ] રવઇ ખેંચનાર [ गोपी इव ] ગોવાલણની જેમ જે [ वस्तुतत्त्वम् ] વસ્તુના સ્વરૂપની [ एकेन अन्तेन ] એક અંતથી અર્થાત્ દ્રવ્યાર્થિકનયથી**

www.vitragvani.com



[ आकर्षन्ती ] આકર્ષણ કરે છે-ખેંચે છે, અને વળી [ इतरेण ] બીજા પર્યાયાર્થિકનયથી [ श्लथयन्ती ] શિથિલ કરે છે, તે [ जैनीनीतिः ] જૈનમતની ન્યાયપદ્ધતિ [ जयति ] જયવંતી છે.

ટીકા :– 'मन्थाननेत्रं गोपी इव जैनी नीतिः वस्तुतत्त्वं एकेन आकर्षन्ती इतरेण श्लथयन्ती अन्तेन जयति।' - અર્થ :– વલોણામાં રવઇ ખેંચનાર ગોવાલણની જેમ જિનેન્દ્ર ભગવાનની જે નીતિ અર્થાત્ વિવક્ષા છે તે વસ્તુરૂપને એક નય-વિવક્ષાથી ખેંચતી, બીજી નય-વિવક્ષાથી ઢીલી મૂકતી અંતે અર્થાત્ બન્ને વિવક્ષાઓથી જયવંત રહે.

ભાવાર્થ :– ભગવાનની વાણી સ્યાદ્વાદરૂપ અનેકાંતાત્મક છે. વસ્તુનું સ્વરૂપ પ્રધાન તથા ગૌણનયની વિવક્ષાથી કરવામાં આવે છે. જેમ કે જીવદ્રવ્ય નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. દ્રવ્યાર્થિકનયની વિવક્ષાથી નિત્ય છે અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે, એ જ નય-વિવક્ષા છે. ૨૨૫.

[નોંધ :– આ શ્લોકમાં એમ બતાવ્યું છે કે શાસ્ત્રમાં કોઈ ઠેકાણે નિશ્ચયનયની મુખ્યતાથી કથન છે અને કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાથી કથન છે, પણ તેનો અર્થ એમ નથી કે સાચો ધર્મ કોઈ વખતે વ્યવહારનય (અભૂતાર્થનય)ના આશ્રયથી થાય અને કોઈવાર નિશ્ચયનય અર્થાત્ (ભૂતાર્થનય)ના આશ્રયથી થાય છે; ધર્મ તો સદાય નિશ્ચયનય અર્થાત્ ભૂતાર્થનયના વિષયના આશ્રયથી જ થાય છે. મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે થાય છે પણ મોક્ષમાર્ગ બે નથી. સરાગતાથી પણ મોક્ષમાર્ગ તથા વીતરાગતાથી પણ મોક્ષમાર્ગ – એમ પરસ્પર વિરુદ્ધતાથી તથા સંશયરૂપ મોક્ષમાર્ગ નથી. ]

---

**'જૈન નીતિ અથવા નય-વિવક્ષા.'** આમાં જરી ગોટો છે. અહીં તો કાંઈ ગોટો જ નથી.

**एकेनाकर्षन्ती श्लथयन्ती वस्तुतत्त्वमितरेण।**
**अन्तेन जयति जैनी नीतिर्मन्थाननेत्रमिव गोपी।।२२५।।**

**'मन्थानेत्रं गोपी इव जैनी नीतिः वस्तुतत्त्वं एकेन आकर्षन्ती इतरेण श्लथयन्ती अन्तेन जयति।'** શું કહે છે? જુઓ! **'વલોણામાં રવઈ ખેંચનાર ગોવાલણ...'** ગોવાલણ હોય છે ને? ઇ ખેંચે છે ને? શું કહેવાય એને? રવૈયો. એ રવૈયામાં દોરી હોય છે. દોરી એક છે. એને છેડા બે છે. છેડા કહે છે? શું કહે છે? દોરી બે નથી. દોરી તો એક જ છે. એ તમારી ભાષા આવડે નહિ. અહીં તો બે છેડા (કહે છે). સમજાણું કાંઈ? આમ ખેંચે ત્યારે આ ઢીલી મૂકે, આમ ખેંચે ત્યારે ઢીલી મૂકે. એમ દોરી તો એક જ છે. એમ જ્ઞાન તો એક જ પ્રકારનું છે, પણ જ્ઞાનના બે નય છે. આ શ્રદ્ધાની અપેક્ષાએ અહીં વાત નથી. સમજાણું

કાંઈ? નિશ્ચયમાં કોઈ વખતે મુખ્ય કરે અને કોઈ વખતે વ્યવહાર મુખ્ય કરે, એમ એમાં લે છે. એમ છે જ નહિ. એ વાત અહીંયા છે નહિ. કેમ? કે શ્રદ્ધા છે એ નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ એક નિર્વિકલ્પ વસ્તુનો વિષય કરે છે. એમાં બે પ્રકાર નથી. સમજાણું કાંઈ? વ્યવહાર શ્રદ્ધા કરે છે એ આવે છે. નિશ્ચયનયની પર્યાય નવ તત્ત્વની શ્રદ્ધા કરે એ બીજી વાત છે. એનો વિષય તો એક અભેદ જ છે. સમજાણું કાંઈ? અને આ તો જ્ઞાનની વાત ચાલે છે. 'ધન્નાલાલજી'! એમાંથી કાઢે છે કે જો તમે એકદમ નિશ્ચય-નિશ્ચયને મુખ્ય કરો છો તો અહીં કહે છે કે કોઈવાર વ્યવહારને મુખ્ય કરે, કોઈવાર નિશ્ચયને મુખ્ય કરે. એવી વાત છે. શ્રદ્ધા, સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગની અપેક્ષાએ વાત નથી. મોક્ષમાર્ગ છે એ તો મુખ્યને નિશ્ચય કરીને ચાલે છે. વ્યવહાર કદી મુખ્ય થતો નથી. વ્યવહાર જો મુખ્ય થઈ જાય તો દૃષ્ટિ મિથ્યાત્વ થઈ જાય છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાના પૂર્ણાનંદ સ્વરૂપનો નાથ, એનો આશ્રય મુખ્ય છે. નિશ્ચયને મુખ્ય નથી કહ્યો. મુખ્યને નિશ્ચય કહ્યો છે. નહિતર નિશ્ચય તો પોતાના દ્રવ્ય, પોતાના ગુણ, પોતાની પર્યાય ત્રણેને સ્વઅપેક્ષાએ નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ? નહિતર તો સ્વમાં પણ અભેદની વાત છે. મૂળ તો સ્વઆશ્રય નિશ્ચય છે ને, ભાઈ? સ્વઆશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર એમાં પણ સ્વઅપેક્ષાએ તો અભેદ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નાખ્યું છે ને ત્યાં? અભેદનું નાખ્યું છે ને? સ્વઆશ્રય નિશ્ચય અને પરઆશ્રય (વ્યવહાર). ૨૭૨માં. મૂળ તો અભેદનું નાખ્યું છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો (પ્રાપ્તિ કરે નિર્વાણની)'. સ્વનો આશ્રય ત્યાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે નથી લીધા. સ્વઆશ્રય નિશ્ચય અભેદ લીધું છે. સમજાય છે કાંઈ? 'બંધ અધિકાર' ની ૨૭૨ ગાથા. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાનઆત્મા, જે સ્વઆશ્રય. મુખ્ય જે ત્રિકાળ વસ્તુ છે, એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને ચારિત્ર એ જ મુખ્ય નિશ્ચય છે. એ સાધકને વ્યવહારનો વિકલ્પ અને પર્યાય કદી મુખ્ય થતાં નથી. સમજાણું કાંઈ? પર્યાય અને રાગ ગૌણ રહે છે. અભાવ નહિ, અભાવ નહિ. વર્તમાન પર્યાય છે એને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. અભાવ કરીને વ્યવહાર નથી કીધો. અભાવ નથી. તો તો પર્યાયનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં પણ મુખ્ય-ગૌણ કરીને વાત કરી છે. ભાઈએ 'જયચંદ પંડિતે' ઘણો ખુલાસો કર્યો છે. મુખ્ય વાત છે. ગૌણ કરીને વાત કરી છે તો એકાંત ન લઈ જવું. ભૂતાર્થ દ્રવ્ય છે અને પર્યાય વસ્તુ છે જ નહિ (એમ ન લઈ જવું). સમજાણું કાંઈ? એ તો મુખ્ય ગૌણ કરીને આત્મામાં જવા અને સ્વ આશ્રય લેવા માટે વાત કરી છે. એની મુખ્યતા ધર્મીને કદી છૂટતી નથી. સમજાણું કાંઈ? અને વ્યવહારની મુખ્યતા સમ્યગ્દૃષ્ટિને કદી થતી નથી. પણ વ્યવહાર હોય છે ખરો. આહા..હા..! ન હોય તો તો વીતરાગ થઈ જાય અથવા મિથ્યાદૃષ્ટિ થઈ જાય. વ્યવહાર છે ખરો.

www.vitragvani.com



દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ ભાવ, પંચમહાવ્રતનો ભાવ વગેરે વિકલ્પ હોય. પર્યાયનો ભેદ એ સદ્‌ભૂત વ્યવહાર છે. પેલો અસદ્‌ભૂત વ્યવહાર છે. વ્યવહાર છે. બારમી ગાથામાં તો બે લીધું છે ને? સદ્‌ભૂત પેલી પર્યાયની શુદ્ધિ વધે એ અને અશુદ્ધતા બે વ્યવહારનયનો વિષય છે. જાણેલો બન્ને પ્રયોજનવાન એમ કીધું છે. બારમી ગાથામાં બન્ને પ્રયોજનવાન એમ કીધું છે. શુદ્ધતાનો અંશ જે વધે છે એ પણ ખ્યાલમાં રાખવો અને અશુદ્ધતા ટળીને અશુદ્ધતા બાકી રહી, એનો પણ ખ્યાલ રાખવો. એનું નામ ત્યાં વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવ્યો છે. ભારે વાત, ભાઈ! ઝઘડા.. ઝઘડા. પ્રભુ! આહા..હા..! સીધો માર્ગ, સરળ માર્ગ, સત્ માર્ગ. ભગવાનઆત્મા, ત્યાં દૃષ્ટિ લગાવ અને ત્યાં જ્ઞાનને લગાવ અને ત્યાં સ્થિરતા લગાવ એટલી વાત છે. એ મુખ્યપણે કદી વ્યવહાર મુખ્ય થતો નથી. અહીં બીજી વાત છે.

અહીં તો જ્ઞાનપ્રધાનનું કથન છે. અર્થમાં એ લેશે. ભાઈએ બીજું થોડું લીધું. જુઓ! **'વલોણામાં રવઈ ખેંચનાર ગોવાલણની જેમ જિનેન્દ્ર ભગવાનની જે નીતિ...'** જુઓ! નીતિ શબ્દ છે ને? ભાઈ! **'નીતિ અર્થાત્ વિવક્ષા છે તે વસ્તુરૂપને એક નય-વિવક્ષાથી ખેંચતી,...'** નિશ્ચયથી વાત નિત્ય આત્મા છે... નિત્ય આત્મા છે... શુદ્ધ આત્મા છે. ત્યારે નિશ્ચયની મુખ્યતાથી કથન કરે છે. સમજાણું કાંઈ? પર્યાયમાં અશુદ્ધતા છે. એ પર્યાય અનિત્ય છે, ક્ષણિક છે. તો વ્યવહારનયની વાત કરે છે. વ્યવહારનયથી મુખ્યતા થાય છે. જાણવામાં, જાણવામાં. સમજાણું કાંઈ?

**'એક નય વિવક્ષાથી ખેંચતી, બીજી નય-વિવક્ષાથી ઢીલી મૂકતી...'** નિશ્ચયને ઢીલો કરવો અને વ્યવહારને ખેંચવો એ અહીં વાત નથી. 'અમરચંદભાઈ'! અહીં તો નિત્ય જે વસ્તુ છે, દ્રવ્ય શુદ્ધ છે, પર્યાય અશુદ્ધ છે. દ્રવ્ય નિત્ય છે, પર્યાય અનિત્ય છે. દ્રવ્ય એક છે, પર્યાય અનેક છે. એમાંથી એક વાત કરતાં મુખ્યને ખેંચે છે અને બીજાને ઢીલી કરે છે. અને પર્યાયની વાત અનેક અવસ્થાની વાત કરે છે તો એને મુખ્ય કરે છે અને આને ઢીલી કરે છે. એય..! 'ધન્નાલાલજી'!

મુમુક્ષુ :– જ્ઞાનમાં મુખ્ય-ગૌણ થાય છે.

ઉત્તર :– જ્ઞાનમાં જાણવામાં મુખ્ય-ગૌણ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જ્ઞાનમાં નિશ્ચયનયને ગૌણ કરવાનો શું અર્થ?

ઉત્તર :– નિત્યને લક્ષમાં જાણવાની વાત અહીં છે. જ્યારે પર્યાયનું જ્ઞાન કરવું છે તો નિત્યને લક્ષમાં ન લેવું, નિત્યને ગૌણ રાખવું. એમ વાત છે. જાણપણાની વાત છે ને. શ્રદ્ધાની વાત અહીં નથી. વસ્તુની સિદ્ધિમાં જ્ઞાન કરવાનું પ્રયોજન આ છે. જાણપણું એટલું. સમ્યગ્જ્ઞાન એ શ્રદ્ધાનો આશ્રય અને જ્ઞાન છે. એ વાત અત્યારે નથી. દ્રવ્ય વસ્તુ નિત્ય છે. એકાંત નિત્ય છે એમ નથી. અનિત્યને લક્ષમાં ગૌણ કરીને મુખ્યને નિત્યનો નિશ્ચય કરે છે. અને અનિત્યનું મુખ્ય લક્ષ કરે છે ત્યારે લક્ષમાં નિત્યને ગૌણ કરી દે છે. જાણવામાં.

મુમુક્ષુ :– આ જ્ઞાનપ્રધાનમાં છે. સમ્યગ્દર્શનના વિષયમાં ખેંચતાણ નથી.

ઉત્તર :– નથી. એ વાત છે જ નહિ. એ વાત અહીં કહેવામાં આવતી જ નથી. એ તો પહેલા કહી ગયા ને. પહેલા ૧૪મી ગાથામાં કહી ગયા. આવી હતી ને? જુઓ! એમાં છે ને ૧૪મી ગાથા. ક્યાં છે? જુઓ!

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

૧૪મી ગાથા. '**एवं अयं कर्मकृतैर्भावैः**' કર્મના નિમિત્તથી થયેલા પુણ્ય-પાપના વિકલ્પ જે છે, અને કર્મ છે અને કર્મની સામગ્રી છે. બે બાજુ લઈ લેવી. ઘાતિકર્મ છે એના સંબંધથી રાગાદિ થયા, અઘાતિ કર્મ છે એ સંબંધથી આ થયા. ત્રણે ચીજ. તેનાથી '**असमाहितो**' ભગવાનઆત્મા એનાથી રહિત છે, રહિત છે. રાગથી, આસ્રવથી, અજીવથી, કર્મથી, શરીરથી, બાહ્યની સામગ્રીથી. '**असमाहितो युक्तः इव प्रतिभाति**' પણ સહિત હું છું એવો પ્રતિભાસ છે. '**बालिशानां**' અજ્ઞાનીને જે ભાસ છે એ '**स खलु भवबीजं**' એ ભવનું બીજ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– નથી એવો ભાસ ન થયો?

ઉત્તર :– હા. નથી એમાં છેનો ભાસ થયો. છે નથી. રાગાદિ '**असमाहितो**' રાગાદિ અને પરથી રહિત છે. સહિત ભાસે એ મિથ્યાદૃષ્ટિ છે. '**भवबीजं**' સમજાણું કાંઈ? કારણ કે આસ્રવતત્ત્વ, અજીવતત્ત્વ અને જ્ઞાયકતત્ત્વ ત્રણે તો ભિન્ન છે. તો જ્ઞાયકતત્ત્વ, આસ્રવ અને અજીવતત્ત્વ સહિત છે જ નહિ. છે જ નહિ એને સહિત માનવું એ '**बालिशानां**' અજ્ઞાન ભવનું બીજ છે. ચાર ગતિમાં રખડવાનું બીજ છે. વ્યવહારરત્નત્રય રાગ છે. રાગ સહિત આત્માને જાણવો, સમજાણું કાંઈ? એ મિથ્યાદૃષ્ટિ છે. ભારે વાત, ભાઈ! વીતરાગ માર્ગ...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બુદ્ધિ .. સાળા જેટલી છે. એમ કહે છે. પેલા સાળાની વાત હતી ને. બે વર લઈ આવ્યો, એમ કહે છે. બે વરની વાત આવે છે. એ વાત નથી સાંભળી? એક હતા સાળા-બનેવી. પછી એની બેન કહે પણ મારા ભાઈને તમે કાંઈ કામ સોંપતા નથી. ભાઈ! એ બરાબર સોંપવા લાયક નથી. પણ સોંપો તો ખરા. કે ભાઈ ત્યારે આપણી કન્યાનું સગપણ કરી આવો જાવ. એકના બે સગપણ કરી આવ્યો. વીસ વર્ષનો ગોતજે. તો દસ-દસ વર્ષના બે ગોતીને લઈ આવ્યો. સમજાણું કાંઈ? આ વાતો મેં સંસારમાં સાંભળેલી. અહીં તો બધી ઘણી સાંભળેલી છે ને? ૬૦ વર્ષ પહેલા, ૬૫ વર્ષ પહેલા વાત સાંભળી છે. કે ભાઈ! આમ એક વાત સંસારમાં ચાલે છે. એ 'ગારિયાધાર' સાંભળેલી. 'ગારિયાધાર' છે ને અહીંયા? ત્યાં. સાળાને કામ સોંપ્યું. એની બહેનને બહુ ભાવ થયો કે તમે મારા ભાઈને

www.vitragvani.com



કાંઈ કામ સોંપતા નથી અને તમે એકકોર ઠોઠ નિશાળિયાની જેમ બેસાડી રાખ્યો છે. અરે..! એ તારા ભાઈને રહેવા દે ને સરખું એમ ને એમ. પણ કાંઈક સોંપો તો ખરા. કાંઈ કામ કરશે. એનું શરીર બહુ સારું છે. કહે જાવ ત્યારે આપણી ભાણીનું સગપણ કરી આવો ક્યાંક. સરખો મુરતિયો વીસ વર્ષનો યુવાન ગોતજો. આ ચૌદ વર્ષની છે. પછી ત્યાં જઈને દસ-દસ વર્ષનો બે ગોતી આવ્યો. આવી વાત તે દિ' સાંભળેલી.

મુમુક્ષુ :– માંદો પડ્યો તો વૈદને બોલાવાનું કીધું, એ તો કફન જોડે લઈને આવ્યો.

ઉત્તર :– હા બે કામ કરી આવ્યો. એ મૂર્ખ. કહો, સમજાણું કાંઈ? એમ નહિ, ભાઈ! અહીં તો જેવું સ્વરૂપ છે એ રીતે એને સમજવું જોઈએ. ખંડખંડ કરી નાખવું નહિ. પેલા વીસના ખંડ કરીને અહીં બે કરી નાખ્યા. સંસારમાં બધું ચાલે.

અહીં કહે છે, '**एकेन आकर्षन्ती इतरेण श्लथयन्ती**' ઢીલી કરે. '**वस्तुतत्त्वं एकेन**' જુઓ! અંતે એટલે એક ધર્મ. આત્માને દ્રવ્યાર્થિકનયથી સિદ્ધ કરવો હોય તો દ્રવ્ય છે, નિત્ય છે એમ સિદ્ધ કરે છે. અને પર્યાયથી સિદ્ધ કરવો હોય તો ઉત્પાદ-વ્યય, સમય-સમયની પર્યાયને સિદ્ધ કરે છે. તો ઉત્પાદ-વ્યયને સિદ્ધ કરવામાં પર્યાયની મુખ્યતા કરીને દ્રવ્યને ગૌણ કરે છે. એક સાથે બેનું જ્ઞાન થતું નથી એ કારણે. અને દ્રવ્ય જ્યારે નિત્ય છે એમ જ્ઞાન કરાવે છે તો પર્યાયને ગૌણ કરી દે છે, શિથિલ કરી દે છે. એક બાજું ખેંચે તો બીજી બાજુ ઢીલું. એ ગોવાલણ માખણ કાઢે છે. સમજાણું કાંઈ?

**'જિનેન્દ્ર ભગવાનની જે નીતિ અર્થાત્ વિવક્ષા છે તે વસ્તુરૂપને એક નય-વિવક્ષાથી ખેંચતી, બીજી નય-વિવક્ષાથી ઢીલી મૂકતી અંતે અર્થાત્ બન્ને વિવક્ષાઓથી જયવંત રહે.'** અથવા એક એક ધર્મથી જે નય વાત કહેવાવાળી છે એ જયવંત રહો. નિત્ય દ્રવ્યથી નિત્ય કહે છે એ પણ જયવંત રહો, પર્યાયથી અનિત્ય કહે છે એ પણ જયવંત રહો. એક-એક ધર્મને બતાવનાર નય છે એ જયવંત રહો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પર્યાયનું સ્થાન ફરી જાય ને?

ઉત્તર :– પર્યાયનું સ્થાન નથી ફરતું. છે એમ ખ્યાલ રહી જાય છે. છે એમ સ્થાન હોય છે. આશ્રય કરવાલાયક છે એ તો પ્રશ્ન છે જ નહિ. અહીં તો જ્ઞાનની વાત છે. દુનિયા એકાંત માને છે. વેદાંત એકાંત આત્માને કૂટસ્થ માને છે. એ જૂઠ છે. અને બૌદ્ધ એકાંત ક્ષણિક માને છે એ જૂઠું છે. તેથી અહીં વાત કરી છે. સ્વભાવ નિત્ય સિદ્ધ કરવામાં પર્યાયને ગૌણ કરવી, પર્યાયને સિદ્ધ કરવામાં જ્ઞાનીને એકસાથે લક્ષ નથી જતું. દ્રવ્યને ગૌણ કરીને પર્યાયને મુખ્ય કરવી. કોઈને છોડવા નહિ. સમજાણું કાંઈ? એ લખે છે, જુઓ!

**'ભગવાનની વાણી સ્યાદ્વાદરૂપ અનેકાન્તાત્મક છે. વસ્તુનું સ્વરૂપ પ્રધાન તથા ગૌણનયની વિવક્ષાથી...'** જુઓ! પ્રધાન કહો કે મુખ્ય કહો. **'ગૌણનયની વિવક્ષાથી કરવામાં આવે છે.'** પણ આ રીતે, હોં! જાણવામાં. નિત્ય અનિત્ય, એક અનેક, શુદ્ધ અશુદ્ધ, ભેદ અભેદ એમ

www.vitragvani.com



જ્ઞાન કરવું. **'જેમ કે જીવદ્રવ્ય નિત્ય પણ છે અને અનિત્ય પણ છે.'** જુઓ ! **'દ્રવ્યાર્થિકનયની વિવક્ષાથી નિત્ય છે અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે, એ જ નય-વિવક્ષા છે.'**

## ગાથા-૨૨૬

**ગ્રંથ પૂર્ણ કરતાં આચાર્ય મહારાજ પોતાની લઘુતા બતાવે છે :–**

**वर्णैः कृतानि चित्रैः पदानि तु पदैः कृतानि वाक्यानि।**
**वाक्यैः कृतं पवित्रं शास्त्रमिदं न पुनरस्माभिः।।२२६।।**

**અન્વયાર્થ :– [ चित्रैः ] અનેક પ્રકારના [ वर्णैः ] અક્ષરો વડે [ कृतानि ] રચાયેલા [ पदानि ] પદ, [ पदैः ] પદોથી [ कृतानि ] બનાવેલા [ वाक्यानि ] વાક્યો છે, [ तु ] અને [ वाक्यैः ] તે વાક્યોથી [ पुनः ] પછી [ इदं ] આ [ पवित्रं ] પવિત્ર-પૂજ્ય [ शास्त्रम् ] શાસ્ત્ર [ कृतं ] બનાવવામાં આવ્યું છે, [ अस्माभिः ] અમારાથી [ न किमपि कृतम् ] કાંઈ પણ કરાયું નથી.**

**ટીકા :– 'चित्रैः वर्णै पदानि कृतानि तु पदैः वाक्यानि कृतानि वाक्यैः पवित्रं शास्त्रं कृतं पुनः अस्माभिः न।' - અર્થ :– સ્વામી અમૃતચંદ્ર મહારાજ ગ્રંથ પૂર્ણ કરતાં પોતાની લઘુતા બતાવે છે અને કહે છે કે આ ગ્રંથ મેં બનાવ્યો નથી. તો પછી કોણે બનાવ્યો છે? – તો કહે છે કે અનેક પ્રકારના સ્વર, વ્યંજન, વર્ણ અનાદિકાળના છે, તે વર્ણોથી પદ અનાદિનાં છે, તથા પદોથી વાક્ય બને છે અને તે વાકયોએ આ પવિત્ર શાસ્ત્ર બનાવ્યું છે, અમે કાંઈ પણ બનાવ્યું નથી.**

---

**'ગ્રંથ પૂર્ણ કરતાં આચાર્ય મહારાજ પોતાની લઘુતા બતાવે છે.'** ખરેખર તો એ કર્તા નથી એમ બતાવે છે. લઘુતા તો ... સમજાણું કાંઈ? આ ગ્રંથના શબ્દો મેં નથી બનાવ્યા. આહાહા..! એ પાછા એમ અર્થ કરે છે, લઘુતા બતાવે છે એનો શું અર્થ કરે છે? કે અહંકાર ન કરવો, કરી શકે છે. એ માટે... એ આમાંથી લઘુતામાંથી કાઢે છે. પેલામાં લઘુતા લખ્યું છે ને? 'કળશટીકા'માં 'રાજમલજી' એ લઘુતા નાખ્યું છે. લઘુતા એટલે પોતાનું નિર્માનપણું રાખવું, અભિમાન ન કરવું. એમ પરને મારી શકે છે, જીવાડી શકે છે, સુખી-દુઃખી કરી શકે છે એવો અહંકાર ન કરવો. અહીં કહે છે કે એ તારી વાત જ ખોટી છે. પરને મારી શકતો નથી, બચાવી શકતો નથી, સુખી-દુઃખી કરી શકતો નથી. હું સુખી કરું છું એ જ મિથ્યાત્વનો અહંકાર છે. સમજાણું કાંઈ? અહીં કહે છે.

**वर्णैः कृतानि चित्रैः पदानि तु पदैः कृतानि वाक्यानि।**
**वाक्यैः कृतं पवित्रं शास्त्रमिदं न पुनरस्माभिः।।२२६।।**

આહા..હા..! જુઓ! શબ્દે આ પવિત્ર શાસ્ત્ર કર્યું છે, મેં નહિ. આહા..હા..!

**'સ્વામી અમૃતચન્દ્ર મહારાજ ગ્રંથ પૂર્ણ કરતાં પોતાની લઘુતા બતાવે છે અને કહે છે કે આ ગ્રંથ મેં બનાવ્યો નથી. તો પછી કોણે બનાવ્યો છે? — તો કહે છે કે અનેક પ્રકારના સ્વર, વ્યંજન, વર્ણ અનાદિ કાળના છે,...'** સિદ્ધો વર્ણમ સમામનાય. એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો પહેલો બોલ છે. પહેલો બોલ છે ને? એમ કહે છે, શબ્દો તો એ છે પણ જેમ મોતી તો એવા ને એવા છે. પણ કોઈ મોતી અહીં મૂકે, અહીં મૂકે. મૂકેનો અર્થ કે કોઈ ક્યાંક ગોઠવવામાં નિમિત્ત હોય, કોઈ ક્યાંક ગોઠવવામાં નિમિત્ત એમ. એમ કે આ પદો તો છે પણ આ પદમાં કોઈ આચાર્ય એકસાથે ગોઠવે, અમુક શૈલીમાં ગોઠવવામાં નિમિત્ત છું એમ. એ કાંઈ આત્મા ગોઠવી શકે છે એમ પણ નથી.

વર્ણની આમન્યા અનાદિથી છે. કેવી ભાષા બોલાય છે, એ ભાષા પર્યાયમાં થવું એ અનાદિથી છે. આત્મા નવું કરી શકતો નથી. આહાહા..! પહેલા કહ્યું હતું ને? પહેલા જ્યારે અમે નિશાળમાં ગયા હતા. (સંવત) ૧૯૫૨-૫૩ની સાલ હશે. સંવત્ ૧૯૫૨-૫૩. ત્યારે અમને ખબર છે. પહેલા માસ્તરે અમને એમ શીખવ્યું. શીખો. શું? સિદ્ધો વર્ણમ સમામનાય. મેં કીધું આ શું કરે છે? આપણને એકડો પણ આવડતો ન હોય. એય..! તમારે હતું કે નહિ તે દિ'? ખબર નહિ? અહીં તો બરાબર ખબર છે. એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. ગ્રંથની પ્રમાણતા. જુઓ! સિદ્ધો વર્ણમ સમામનાય. **'વર્ણનો ઉચ્ચારનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે.'** અક્ષરની ધ્વનિનો પર્યાય ઉઠવો એ સ્વયંસિદ્ધ છે. આત્મા કર્તા-હર્તા નથી. આહાહા..!

મુમુક્ષુ :— શરૂઆતથી જ એવું હાથમાં આવ્યું?

ઉત્તર :– પહેલો શબ્દ આવ્યો. બરાબર મને યાદ છે. જ્યારે યાદ આવે ત્યારે પહેલો આવ્યો હતો. એ અંદર યાદ આવે છે. બરાબર ખ્યાલ છે. બહુ નાની ઉંમર લગભગ છ વર્ષની હશે. પણ બરાબર જ્યારે મેં યાદ કર્યું ત્યારે અ..હો..!

મુમુક્ષુ :– માસ્તરને તો ખબર હશે ને?

ઉત્તર :– એણે શીખવ્યું હતું, ભાઈ! 'નથુ' માસ્તર હતા બિચારા. ગરીબ માણસ હતા. 'નથુ' માસ્તર. એને એક દીકરો 'મણિલાલ' હતો. વાંઢો. અમે આ લઈ જઈએ. સીધુ કે લોટ દઈએ, એ ખાય. એને કાંઈ પગાર-બગાર ન હોય. લોટ લઈ જાય. અને કોઈ લગન હોય, મૃત્યુ હોય તો સીધું આપીએ. બસ, પહેલા એટલા ઉપર જ નભાવ હતો, ભાઈ! 'ન્યાલભાઈ'! ગામડાના માસ્તરનો નભાવ એ ઉપર હતો. પૈસા-બૈસાનું કાંઈ ન હતું.

મુમુક્ષુ :– ખાનગી માણસોની, ત્યારે સરકારી સ્કૂલ નહિ.

ઉત્તર :– ના ના, આ તો ધૂળી નિશાળ. આ તો ધુળી નિશાળની વાત છે. તદ્દન

www.vitragvani.com



ધૂળી નિશાળ. પહેલા ધૂળમાં લખાવે. ધૂળમાં લખાણ લખે. એકડો લખાવે. આમ ઘૂંટે તો આવડો જાડો થાય. આ બધી ખબર છે. હાથનો વળાંક ન વળે તો માસ્તર હાથ જાલી.. (આમ કરાવે). એ બધી ખબર છે, હોં! આવડો જાડો. જુઓ! આમ લખ્યું.

'વર્ણ ઉચ્ચારોનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે. વળી **અક્ષરોથી નીપજેલા સત્ય અર્થના પ્રકાશક પદોના સમૂહનું નામ શ્રુત છે,...**' મળ્યું? અક્ષરોથી નીપજેલાં સત્ય અર્થના પ્રકાશક. ખરેખર તો એમ છે કે જ્યારે જે ભાષાપર્યાય થવાની હોય, શબ્દ પર્યાય.. પૂર્વની પર્યાય ભાષામાં ઉપાદાનતા એવી છે. શબ્દવર્ગણામાં પહેલી પર્યાયમાં એવી ઉપાદાનતા છે કે પછી એનું ઉત્તરીભવન... ઉત્તરીભવનમ એ ભાષાની પર્યાયમાં ઉપાદાન છે એ પલટીને શબ્દપર્યાય થઈ જાય છે. એ આત્મા કારણ-ફારણ નથી. સમજાણું કાંઈ? ભાષાવર્ગણમાં, આ જે ભાષાવર્ગણા અંદર છે, એ ભાષાવર્ગણામાં શબ્દ થવાની પર્યાય પહેલા એમાં ઉપાદાનતા એવી છે. એ ઉપાદાન પર્યાય પલટીને ભાષા થઈ જાય. આત્માથી નહિ.

મુમુક્ષુ :– પણ આત્મા સંગમાં ન હોય તો કેમ ન થાય?

ઉત્તર :– એ આત્મા સંગમાં છે જ નહિ.

મુમુક્ષુ :– પરપદાર્થ સંગમાં ક્યાંથી આવ્યો?

ઉત્તર :– ભાષાને સ્પર્શ કર્યો છે? આત્મા ભાષાને સ્પર્શે છે? એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતો જ નથી.

મુમુક્ષુ :– સ્પર્શતો નથી પણ સાથે તો રહે છે ને?

ઉત્તર :– સાથે રહે છે એનો અર્થ શું? સાથે તો છએ દ્રવ્ય છે. એક આકાશના પ્રદેશમાં છએ દ્રવ્યો છે. એક આકાશ પ્રદેશ છે ને અહીં? જીવના અનંત પ્રદેશ છે. પરમાણુના અનંત પ્રદેશ છે. ધર્માસ્તિકાયનો એક છે, અધર્માસ્તિકાયનો એક છે, કાળનો એક છે. સમજાણું? છે તો શું થયું? કોઈને સ્પર્શતો નથી. 'સમયસાર'ની ત્રીજી ગાથામાં આવ્યું ને? **'एयत्तणिच्छयगदो'** કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને ક્યારે પણ સ્પર્શતા નથી. પ્રત્યેક પદાર્થ પોતાના ગુણધર્મને સ્પર્શે છે. પરસ્પર પોતાના ગુણધર્મને સ્પર્શે છે. પણ પરસ્પર એક દ્રવ્યને ક્યારેય સ્પર્શતા નથી. આહા..હા..! જુઓ! સમજાણું કાંઈ? **'સત્ય અર્થના પ્રકાશક પદોના સમૂહનું નામ શ્રુત છે,...'** બાકી મોતીનો દાખલો આપ્યો છે. એમાં પણ આ ન્યાય છે, મોતી છે પણ મારા નિમિત્તમાં જે કાંઈ મોતી આમ ગોઠવાવાના છે ને ભાઈ! એ રીતે આ નિમિત્ત આવ્યું. કોઈના બીજી રીતે ગોઠવાવાના હોય. એ હેતુ જરી ફેર પાડે છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે, મેં તો કાંઈ કર્યું નથી. અર્થાત્ આત્મામાં સ્વપરપ્રકાશક શક્તિ છે. પોતાને જાણે, રાગને જાણે, થતી ક્રિયાને જાણે. શબ્દમાં સ્વપર સ્વરૂપ કહેવાની તાકાત છે. સમજાણું કાંઈ? મોટી ગડબડી. અમે બોલીએ છીએ, અમે શબ્દ બનાવ્યા. અરે..! મિથ્યાત્વ છે, ભાઈ!

મુમુક્ષુ :– મોક્ષમાર્ગ પ્રકાશકમાં સ્પષ્ટ લખ્યું.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

ઉત્તર :– સમજાય છે કાંઈ? પણ અહીં તો આ શબ્દ ચોખ્ખા છે ને? હું બોલ્યો, હું બોલું છું, હું બરાબર ધારાવાહી ઉપદેશ દઈ શકું છું. ભગવાન! એ તારી ચીજ નહિ. 'જુગરાજજી'!

મુમુક્ષુ :– એ તો વર્ણની સમામનાય છે.

ઉત્તર :– એ તો એની આમન્યા છે, ભાઈ! ભગવાન! એક પરમાણુ, એવા અનંત પરમાણુ મળીને સ્કંધ બને છે અને સ્કંધમાંથી શબ્દપર્યાય ઉત્પન્ન થાય છે. એ કાંઈ આત્મામાં છે? આત્મા એનો કર્તા છે? આહા..હા..! ક્ષણે ક્ષણે હું બોલું એમ બોલાય. ભાઈ! એમ નથી, પ્રભુ! એ ભાષાની પર્યાય ભાઈ! એને કારણે થાય છે, આત્માને કારણે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? લઘુતા નહિ પણ યથાર્થતા બતાવે છે. મેં કાંઈ નથી કર્યું.

**'કહે છે કે આ ગ્રંથ મેં બનાવ્યો નથી.'** ભાષા વર્ગણા. ૨૩ પ્રકારની વર્ગણા છે ને? પરમાણુના સમૂહ ૨૩ પ્રકારના છે. એમાં જે ભાષાવર્ગણા છે એમાં જ શબ્દો બનવાની પૂર્વપર્યાયમાં ઉપાદાનતા છે. મન વર્ગણામાં નહિ, શ્વાસ વર્ગણામાં નહિ, આહારક વર્ગણામાં નહિ. આત્મામાં તો ક્યાંથી હોય? સમજાણું કાંઈ? આ હોઠ છે ને હોઠ? એ પણ એની પૂર્વપર્યાયથી ભાષા ઉત્પન્ન થાય છે એમ નથી. આ જે છે તેની પૂર્વપર્યાયથી એની ઉત્તર પર્યાય થાય છે. ભાષાની પર્યાય આ કારણે ઉત્પન્ન થાય છે એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! આત્માથી ભાષા થાય છે? કેટલા અભિમાન?

હું ઉપદેશક છું, હું આવો ઉપદેશ કરું છું. ભગવાન! ઉપદેશની ભાષા તો જડની છે ને, પ્રભુ! તું ક્યાં એનો ધણી થઈ ગયો? જડનો ધણી થયો. ભાઈ! એ રીતે વસ્તુ નથી. આહાહા..! 'રામચંદ્રજી'! સમજાણું કાંઈ? ભાષા આત્મા કરી શકતો નથી એમ કહે છે. આ શરીરથી આમ થાય છે એ (આત્માથી) નહિ. એ શરીરથી આમ થાય છે એ એની પૂર્વપર્યાય ઉપાદાનથી થાય છે, આત્માથી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે મેં તો 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' બનાવ્યું નથી. આહા..હા..! અરે..! 'પોપટભાઈ'! અહીં તો થોડું કામ કરે તો કહે મેં બનાવ્યું, મેં બનાવ્યું, હું ત્યાં હાજર હતો એટલે કામ થયું.

મુમુક્ષુ :– દેખરેખ તો રાખે ને.

ઉત્તર :– દેખરેખ એની પર્યાયમાં રહી. ત્યાં બહારમાં દેખરેખ ક્યાં રહે છે? બહારની પર્યાય તો જે થવાની છે એ તો પૂર્વપર્યાયના ઉપાદાનથી (થાય છે). નિશ્ચયથી તો એ પર્યાય પર્યાયને કારણે થાય છે. મોક્ષમાં પણ જે કહ્યું કે પૂર્વની પર્યાયથી મોક્ષ છે એ પણ એક વ્યવહારની વાત છે. અને મોક્ષની પર્યાયથી તો નહિ પણ દ્રવ્યને કારણે થઈ એ પણ અપેક્ષિત ભાવ છે. વર્તમાન મોક્ષની પર્યાય પોતાથી થઈ છે. એય..! અરે...! વીતરાગનો માર્ગ તો જુઓ!

કહે છે કે એ ભાષાવર્ગણામાં અમારું કામ બિલકુલ નથી. 'પ્રવચનસાર'માં લીધું છે

www.vitragvani.com



ને, હે જનો! શબ્દવર્ગણા ભાષાપણે પરિણમે છે ને? મેં બનાવ્યું નથી. એમાં ઘણું વિશેષ સ્પષ્ટ કર્યું છે. 'પ્રવચનસાર'માં છે ને. ખરેખર પુદ્ગલો સ્વયં શબ્દરૂપે પરિણમે છે. આત્મા તેને પરિણમાવી શકતો નથી. આહાહા..! આત્મા આ હોઠ હલાવી શકે છે, હાથ હલાવી શકે છે એવું ત્રણકાળમાં નથી. તત્ત્વની ખબર નથી કે શું તત્ત્વ છે? તેમ ખરેખર સર્વ પદાર્થ તો સ્વયં જ્ઞેયપણે પરિણમે છે. પોતાની પર્યાયપણે. શબ્દો તેમને જ્ઞેય બનાવી સમજાવી શકતા નથી. આ શબ્દની પર્યાયથી તેમાં જ્ઞાન થતું નથી. શબ્દને સાંભળનારને (શબ્દથી) જ્ઞાન નથી થતું એમ કહે છે. એના જ્ઞાનની પર્યાયથી જ્ઞાન થાય છે. આહાહા..! શબ્દથી નહિ. શબ્દને આત્મા કરી શકતો નથી. શબ્દ જ્ઞેયની પર્યાયને કરી શકતો નથી. આહાહા..!

**'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે, એમ મોહથી જનો ન નાચો.'** મેં કરી નથી, ભગવાન! એ વાણી મારી નથી. એ તો અનાદિ શબ્દની પરિણતિ છે એનાથી બને છે. મારું કાંઈ કાર્ય નથી. **'સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (–પરમાનંદપરિણામે પરિણમો).'** અવ્યાકૂળપણે પરિણમો. હું જ્ઞાતાદૃષ્ટા છું. સમજાણું કાંઈ? હું તો રાગનો પણ કર્તા નથી અને વાણીનો પણ કર્તા નથી. ભગવાન! એવો નિર્ણય કરીને જ્ઞાનરૂપ પરિણમી જાવ. પરના પરિણમનનું અભિમાન ન કરો. મિથ્યાત્વ છોડી દે. નહિતર તને ઘણું નુકસાન થશે. ભાષા તો ભાષાની રીતે પરિણમે છે પણ મેં પરિણમાવ્યું, મેં કર્યું, મેં આમ કર્યું. એમ બોલે છે ને કેટલાક? મેં એને આમ સમજાવ્યું, આમ સમજાવ્યું. પણ તું સમજાવવાવાળો કોણ? આટલું બધું અભિમાન! મેં આમ સમજાવ્યું એટલે બરાબર છે. મેં આમ કર્યું. મેં.. મેં.. જ્યાં ત્યાં ભાષાના અભિમાન છે. સમજાણું કાંઈ? કહે છે કે મેં બનાવ્યું નથી.

**'સ્વર, વ્યંજન, વર્ણ અનાદિ કાળના છે, તે વર્ણોથી પદ અનાદિનાં છે, તથા પદોથી વાક્યો બને છે અને તે વાક્યોએ આ પવિત્ર શાસ્ત્ર બનાવ્યું છે, અમે કાંઈ પણ બનાવ્યું નથી.'** આહા..હા..! સમજાણું કાંઈ? એવું વસ્તુનું સ્વરૂપ છે, પ્રભુ! એક એક પરમાણુની પર્યાય પોતાથી થાય છે તો અનંત પરમાણુની ભાષાવર્ગણાની પર્યાય આત્મા કઈ રીતે કરી શકે? ઈશ્વરકર્તા કહેનારા એમ કહે કે ઈશ્વર પરને કરે છે. જૈન એમ કહે કે અમે વાણીના કર્તા છીએ. બન્ને મિથ્યાદૃષ્ટિ સરખા છે. બન્ને એક વર્ગમાં બેસનારા છે. માટે એમ કહે છે કે આ શાસ્ત્ર મેં નથી બનાવ્યું. વાણીથી બન્યું છે. એમ સમજો, સમજવાથી તમને લાભ થશે અમને કાંઈ નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



# વાચકોની નોંધ માટે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



# વાચકોની નોંધ માટે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.




પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦,

વી.એલ. મહેતા માર્ગ, વિલે પાર્લે (વેસ્ટ)

મુંબઈ-૪૦૦ ૦૫૬

ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦/૨૬૧૦૪૯૧૨

email : info@vitragvani.com

website : www.vitragvani.com